Received
11/9/2000
४९७३
श्री कैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## બુદ્ધિનું સાચું ફલ

बुद्धेः फलं तत्त्व विचारणं च,
देहस्य सारं व्रतधारणं च ।

अर्थस्य सारं किल पात्र दानं,
वाचः फलं प्रीतिकरं नराणाम् ॥

બુદ્ધિનું સાચું ફલ પરમાર્થભૂત તત્ત્વોની વિચારણા કરવી તે છે, દેહનું - શરીરનો સાર (યૌવનવયમાં પણ) વ્રતોને ધારણ કરવા તે છે, ધનનું ફળ સુપાત્રમાં દાન દેવું તે છે અને વાણીનું ફલ હિત - મિત અને સત્ય પથ્ય વાણી બોલી લોકોને આનંદિત કરવા તે છે.

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૩
અંક ૧/૨

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
(અઠવાડિક)



વર્ષ : ૧૩) સંવત ૨૦૫૬ શ્રાવણ વદ ૦)) મંગળવાર તા. ૨૯-૮-૨૦૦૦ (અંક ૧/૨

વાર્ષિક રૂ. ૫૦ આજીવન રૂ. ૫૦૦ પરદેશ રૂ. ૩૦૦ આજીવન રૂ. ૬,૦૦૦

ભગવાન મહાવીરનાં ૨૬૦૦મા જન્મ કલ્યાણકની રાષ્ટ્રીય કક્ષાએ ઉજવણી કરવાના આયોજનના મુદ્દા પર

## જૈન સંઘોમાં વિવાદનો વંટોળ જાગે તેવા સર્જાઈ રહેલા સંજોગો

### ભગવાન મહાવીર ૨૬૦૦મા જન્મ કલ્યાણક મહોત્સવ મહાસમિતિનાં પરિપત્રનાં પ્રત્યાઘાત

ભારતભરના જૈન સંઘોમાં ફરી એક વાર વિવાદનો વંટોળ ચડે એવા સંજોગો આકાર લઈ રહ્યાં છે. સિત્તેરનાં દાયકામાં ભગવાન મહાવીરની ૨૫૦૦મી જન્મ જયંતી રાષ્ટ્રીય કક્ષાએ ઉજવવાની જે હિલચાલ થઈ હતી અને જૈન શાસનનાં મોટા ભાગનાં ધુરંધર સંતો - મહાત્માઓએ જેને શાસ્ત્ર આજ્ઞા અને જિનાજ્ઞા વિરૂદ્ધની ગણાવીને જબ્બર વિરોધ કર્યો હતો તેવો જ જોરદાર વિરોધ વંટોળ જાગે એવા અમંગળ એંધાણ હવામાં દેખાઈ રહ્યાં છે.

આ વખતે પણ ભારતમાં પોતાને જૈન ધર્મનાં અગ્રણી તરીકે ઓળખાવતા કેટલાંક મહાનુભાવોએ ભગવાન મહાવીરનાં ૨૬૦૦મા જન્મ કલ્યાણકની ઉજવણી કરવા એક મહાસમિતિની રચના કરી છે. આ સમિતિનું આખું નામ છે : **'ભગવાન મહાવીર ૨૬૦૦મા જન્મ કલ્યાણક મહોત્સવ મહાસમિતિ'**

આ સમિતિ તરફથી તાજેતરમાં એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે.

**રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય**

આ પરિપત્રમાં જણાવ્યા મુજબ ભગવાન મહાવીરનું ૨૬૦૦મું જન્મ કલ્યાણક આગામી તા. ૬ઠી એપ્રિલ ૨૦૦૧નાં રોજ આવી રહ્યું છે. (વિ.સં. ૨૦૫૭, ચૈત્ર સુદ ૧૩)

આ જન્મ કલ્યાણકની ઉજવણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આથી મહાસમિતિ નામનું કેન્દ્રીય સંગઠન રચવામાં આવ્યું છે.

**પ્રધાનમંત્રી**

રાષ્ટ્રીય સ્તર પર પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીની અધ્યક્ષતામાં એક રાષ્ટ્રીય કક્ષાની સમિતિ ટુંક સમયમાં રચવામાં આવશે. ભારતનાં તમામ રાજ્યોમાં જે તે રાજ્યનાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાની સમિતિ રચવામાં આવશે. આ દિશામાં પહેલ તરીકે મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી શ્રી દિગ્વિજયસિંહની અધ્યક્ષપદે એક સમિતિ રચના થઈ પણ ચૂકી છે.

આ ઉપરાંત જૈન સમાજ દ્વારા સ્થાનિક રાજ્ય કક્ષાની સમિતિઓ પણ રચવાની યોજના છે. આ સમિતિ રાજ્ય કક્ષાના કાર્યક્રમોનું સંયોજન અને સંચાલન કરશે એમ મહાસમિતિનાં પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે.

**પુરા એક વર્ષ સુધી**

તા. ૬ઠી એપ્રિલથી શરૂ થનાર આ મહોત્સવને આખું વર્ષ ચલાવવાની મહાસમિતિની યોજના છે. આ શુભ અવસર પર ભગવાન મહાવીરનાં જીવન અને ઉપદેશોનાં પ્રચાર અને પ્રસાર અર્થે વ્યાપક કાર્યક્રમો ઘડવાનો મહાસમિતિનો આશય છે. કેવા પ્રકારનાં

કાર્યક્રમો આ મહાસમિતિ યોજવા માગે છે તેની એક સૂચી પણ પરિપત્ર સાથે જોડવામાં આવી છે.

**રૂપરેખા**

મહોત્સવનાં આ કાર્યક્રમ વિષે મહાસમિતિએ આપેલી રૂપરેખા નીચે મુજબ છે.

જેમાં સરકારને એવી વિનંતી કરવામાં આવશે કે, ટપાલ - ટિકિટો અને ફર્સ્ટ ડે કવર, સીક્કા બહાર પાડવા, સંયુક્ત ઉજવણી' માટે 'યુનેસ્કો'ને લખવું. પસંદગીનાં ધોરણે જેલનાં કેદીઓની મુક્તિ, તીર્થયાત્રા માટે ખાસ ટ્રેઈનો દોડાવવી. ભગવાન મહાવીરનાં જીવન વિષે, અહિંસા અને શાકાહાર વિષે, અહિંસક જીવનનાં લાભો દર્શાવતા, રેલ વાહનોમાં હરતા - ફરતા પ્રદર્શનો યોજવા અને મુખ્ય શહેરોમાં ફેરવવા, જૈનત્વના અભ્યાસ માટે રાષ્ટ્રીય કાઉન્સીલની સ્થાપનાં કરવી. એક યુનિવર્સિટીને ભગવાન મહાવીરનું નામ આપવું અથવા નવી યુનિ. સ્થાપવી.

* ભગવાન મહાવીરનાં નામનાં પાર્ક - રસ્તા રચવાં.

* પાઠ્ય પુસ્તકોમાં ભગવાન મહાવીર અને જૈનત્વ વિષેના સાચા પાઠ દાખલ કરવા. જૈનત્વ વિષે દેશી - વિદેશી સ્કોલરોનું આદાન - પ્રદાન કરવું.

**પુસ્તક - પ્રકાશન**

આ સિવાય ભગવાન મહાવીર વિષે હિન્દી - અંગ્રેજી ભાષામાં પુસ્તકોનું પ્રકાશન, જૈન કળા અને શિલ્પ સ્થાપત્ય, ઓછામાં ઓછા એક જૈન આગમનું અંગ્રેજીમાં ભાષાંતર કરવું.

* જૈન ધર્મને અનુલક્ષીને વિશ્વ - ધર્મોની આંતરરાષ્ટ્રીય પરિષદ યોજવી.

* માસ - મટનની નિકાસ બંધ કરાવવી.

* જૈન તીર્થોનાં વિકાસ કરવા અને અમુકને પવિત્ર સ્થાન તરીકે જાહેર કરવા.

* હોટેલ, એરલાઈન્સ વગેરે સ્થળોએ શાકાહાર-માંસાહાર માટેનાં રસોડા અલગ - અલગ કરાવવા.

**પ્રચાર - પ્રસાર**

પ્રચાર - પ્રસારનાં ક્ષેત્રે ટીવી તથા રેડિયો પર વિશેષ કાર્યક્રમો, અખબાર-સામયિકોની વિશેષ પૂર્તિઓ, સોવેનિયર, ઘડીયાલો, પેન, ડાયરી, કેલેન્ડર્સ વગેરે મહાવીરનાં ઉપદેશથી અંકિત હોર્ડિંગ - શિલાલેખ વગેરે.

જનતા અને વિદ્યાર્થીઓને રસ પડે તેવા પ્રવચન - સેમીનાર, પ્રશ્નોત્તરી સ્પર્ધા, ચિત્ર પ્રદર્શન, કેસેટ વગેરે.

**પુનરાવર્તન**

ભગવાન મહાવીરનાં જન્મ કલ્યાણકની ઉજવણી રાષ્ટ્રીય કક્ષાએ કરવાની આ હિલચાલ ૭૦ના દાયકામાં ૨૫મી શતાબ્દીની ઉજવણી વખતે થયેલા વિરોધ વંટોળનું પુનરાવર્તન કરશે એવી પુરી સંભાવના છે કારણ કે, તે વખતે જૈન શાસનમાં મોટો સમુદાય ધરાવતા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના વરિષ્ઠ આચાર્ય - સુરિજી મહારાજશ્રીઓએ આ સમગ્ર ઉજવણીને 'અશાસ્ત્રીય' ગણાવીને તેનો વિરોધ કર્યો હતો.

તે વખતે પૂ. પંન્યાસજી શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજે યુવાશકિતને સંગઠિત કરી અને વિવિધ જૈન સંઘોનાં અગ્રણીઓને પ્રેરણા આપી. આ પ્રકારની ઉજવણીનો જોરદાર વિરોધ કર્યો હતો અને એ વખતે રચાયેલી આવી સમિતિને વીખેરી નાખવાની માગણી કરી હતી.

નાદુરસ્ત તબિયત હોવા છતાં પૂ. પંન્યાસજીશ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજને ૨૬૦૦ના જન્મ કલ્યાણકની ઉજવણી રાષ્ટ્રીય કક્ષાએ કરવાની હિલચાલ પુનઃ ચાલી રહી છે તેની ગંધ આવી જતાં ગયા વર્ષે જ તેઓએ આ હિલચાલનો પ્રબળ વિરોધ કરવા યુવાનોને આહ્વાન કર્યું હતું.

**કોણ કોણ છે ?**

ભગવાન મહાવીર ૨૬૦૦માં જન્મ કલ્યાણક મહોત્સવ મહાસમિતિનાં પ્રમુખ શ્રી દીપચંદ ગાર્ડી છે. કાર્યવાહક પ્રમુખ શ્રીમતી ઈન્દુ જૈન છે. ઉપપ્રમુખ એમ. સી. શાહ અને એમ. એલ. શેઠીયા છે. જનરલ સેક્રેટરી શાહુ રમેશચંદ્ર અને એલ. એલ. અચ્છા છે. ખજાનચી રાજકુમાર જૈન છે.

**દિગમ્બરો - તેરાપંથી**

આ હોદેદારોનાં નામ વાંચતા એવું સમજાય છે કે, આમાં એક શ્રી દીપચંદ ગાર્ડી જ શ્વેતામ્બર મૂ. સંઘ સાથે સંકળાયેલા છે. બાકીનાં દિગમ્બર અને તેરાપંથી સંઘના હોય એમ લાગે છે.

આ મહાસમિતિનું મુખ્ય મથક નવી દિલ્હીમાં છે. એનું સરનામું આ પ્રમાણે છે. અનુસંધાન પેઈજ-૯

# પ્રવચન - તેતાલીશમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા
૨૦૪૩, શ્રાવણ વદિ- પ્ર.૧૧, બુધવાર તા. ૧૯-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬.

(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે ક્ષમાપના.-અ. વ.)

सप्पे दिट्ठे नासइ, लोओ न य कोवि किं पि अक्खेइ ।
जो व(च)यइ कुगुरु सप्पं, हा मूढा भणइ तं दुट्ठं ॥१॥

सप्पो इक्कं मरणं, कुगुरु अणंताइ देइ मरणाइं ।
तो वरि सप्पं गहिउं, मा कुगुरु सेवणं भद्दं ॥२॥

**અ**નંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસુરીશ્વરજી મહારાજા એક વાત ભારપૂર્વક કહી રહ્યા છે કે- શ્રી જૈનશાસનને અને ભગવાનના ધર્મને પામેલો જીવ સંસારનો અર્થી હોય જ નહિ પણ મોક્ષનો જ અર્થી હોય. એટલે તે જીવ મોક્ષને માટે જ ધર્મ કરે અને શાસ્ત્ર કૉલ આપે છે કે- મોક્ષ માટે કરેલો ધર્મ મોક્ષ તો આપે પણ મોક્ષ ન થાય ત્યાં સુધી મોક્ષ સાધક ધર્મની આરાધના માટે જરૂરી બધી જ ચીજ આપે છે અને છેક મોક્ષે મૂકી આવે છે. આ વાત નક્કી હોવા છતાં ય સંસારના રસિયા ગાંડા જીવો ધર્મથી મને આ આ દુનિયાની ચીજો મળો તેવી જ ઈચ્છા કરે છે અને સાધુ થઈને પણ તેની ઈચ્છાઓનું જે પોષણ કરે છે તેને કુગુરૂ તરીકે શાસ્ત્ર ઓળખાવે છે. ભગવાનનો સાધુ જગતના જીવોને મોક્ષનો જ ઉપદેશ આપે. મોક્ષ માટે જ ધર્મ કરવાનું કહે પણ સંસાર માટે ધર્મ કરવાનું ન કહે. સંસારની ચીજો મેળવવા માટે ધર્મનો ઉપદેશ અપાય જ નહિ. સમ્યગ્જ્ઞાન, અપ્રમત્તસંયમ અને સમ્યક્તપ એ ત્રણે ભેગા થાય તો મોક્ષ મળે તે વાત આપણે જોઈ આવ્યા છીએ. ભણવાનું પણ મોક્ષ માટે જ છે.

ભણવાનું પણ શા માટે છે તે ખબર છે ? સાચું - ખોટું સમજી શકાય માટે. સાચું - ખોટું સમજેલો આદમી મરી જાય તો પણ ખોટું કરે નહિ અને સારું લાગે તે શકિત હોય તો કર્યા વિના રહે નહિ. આજે તો આ ભણવાનો હેતુ મરી ગયો છે. 'ભણશે નહિ તો ખાશે શું ?' આવા સંસ્કાર આપે છે. પણ સાચું - ખોટું નહિ સમજે તો સદ્ગતિ નહિ મળે તેમ કદી કહ્યું છે ખરુ ? જૈનજાતિ અને જૈનકુળમાં જનમવું તે ય મહાપુણ્યોદય છે પણ શા માટે તે પણ કહ્યું છે ?

શાસ્ત્રે તો કહ્યું છે કે- સાધુ અને શ્રાવક તો મહાપુણ્યશાલી છે. ઈન્દ્રપણું મળવું સહેલું છે પણ મનુષ્યપણામાં શ્રાવકકુળમાં જન્મ મળવો તે દુર્લભ છે. આટલો જૈનકુળાદિનો મહિમા હોવા છતાં પણ તે કુળમાં ય મોક્ષની વાત જ ન હોય, સંસારની જ વાત હોય, પૈસા-ટકાદિ માટે જ ભણાવાતું હોય તો તે કોનો પ્રતાપ કહેવાય ? શાસ્ત્ર તો કહે છે કે - તે મહામિથ્યાત્વનો જ પ્રભાવ છે. તે એવું છે કે, જીવને સાચું સમજવા દે જ નહિ. સાચાને ખોટું અને ખોટાને સાચું સમજાવે. તેથી જ ગમે તેટલું ભણેલો પણ મિથ્યાદ્રષ્ટિ જીવ અજ્ઞાની જ કહેવાય. માટે જ સમકિત નહિ પામેલા નવપૂર્વીને પણ અજ્ઞાની કહેતા શાસ્ત્રકારો જરાય ખચકાયા નથી.

જે જીવ ભગવાનના શાસનનું જ્ઞાન પામે તેને આ સંસાર ગમે નહિ, મોક્ષ જ ગમે. તે માટે સાધુ થવું ગમે. જેના ઘરનું નાનું બચ્ચું પણ સમજણું થાય ત્યારથી એમ જ કહે કે- 'મારે જવું છે મોક્ષમાં અને થવું છે સાધુ જ' તો સમજવું કે તેના ઘરમાં જૈનકુળના સંસ્કાર જીવંત છે. જે એમ કહે કે- 'મારે સાધુ તો થવું નથી અને મોક્ષ પણ કોને જોયો છે ?' તો સમજવું કે તેના મા-બાપનું પણ ઠેકાણું નથી. તેના ઘરમાં જૈનકુળના સંસ્કાર જીવંત નથી.

આજે ઘણાં મા-બાપ સંસારનાં જ ભુખ્યાં છે અને આવી અવસ્થા આવી માટે કુગુરુઓ મળેથી જીવે છે. શ્રાવકો જો ખરેખર શ્રાવક બની જાય તો આ શ્રી મહાવીર પરમાત્માની પાટ ઉપરથી 'સંસાર માટે પણ ધર્મ કરાય' તેવું પ્રતિપાદન કોઈ કરે નહિ. કોઈ કરે તો શ્રાવક ઊભો થઈને ચાલવા માંડે. અને તેવું કહેનાર સાધુમાં થોડીય લાયકાત હોય તો તે ય માર્ગે આવી જાય.

કુગુરુ માટે બહુ જ કડક શબ્દોમાં લખ્યું છે સર્પ કરતાં પણ ભયંકર તરીકે કુગુરુને ઓળખાવ્યા છે. લોક સર્પને જુવે કે સાંભળે તો તરત જ ભાગે છે. તમને કદી સર્પ કરડયો છે ? અનુભવ્યો પણ છે ? પણ હૈયામાં છે કે- સાપ કરડે તો મરી જવાય. તેથી તેનું નામ સાંભળતાં જ ભાગે છે અને ઘરમાંથી પણ બહાર નીકળી જાય છે. જેટલો સાપનો ભય છે તેટલો પાપનો ભય છે ? સાપનો ભય વધારે જોઈએ કે પાપનો ભય વધારે જોઈએ ? આ સંસાર આખો પાપ છે. સંસાર પાપમાં આવે કે પુણ્યમાં આવે ? સંસારમાં સારો

સામગ્રી મળે તે પુણ્યથી, પણ ઉપાદેય લાગે તે પાપથી. સંસારમાં બધાં જ સુખ મળે પુણ્યથી પણ તે મેળવવાનું મન થાય તે પાપનો ઉદય હોય તો. ધર્મીને પણ જો આ વાતની ખબર ન હોય તો તે ધર્મ કરી કરીને પણ ડૂબે. ધર્મ કરીને સંસારમાં ભટકે. તે ધર્મથી ધાર્યું સુખ મળે પણ તે સંસારનું સુખ પામ્યા પછી તે ગાંડો બન્યા વિના ન રહે આના માટે આખું જગત દ્રષ્ટાન્તભૂત છે. બીજું દ્રષ્ટાન્ત શોધવું પડે તેમ નથી.

આજે જેટલા સુખી જીવો છે તેમનાં તમને અહીં દર્શન થાય છે ખરાં ? તેની પાસે મંદિર હોય તો પણ તેમને મંદિરમાં જવાનું મન થાય ? જૈન સંઘમાં સુખી જીવો ઓછા નથી. સારી સંખ્યામાં છે પણ તેમને હૈયે ધર્મ વસ્યો નથી. તેઓ ધર્મ પામ્યા હોત તો તેમની આજુબાજુ વસનારા દુઃખી હોત નહિ. તે તો અભયદાન દેનારા જીવ છે. જૈનસંઘના મોટા સુખી ધર્મી હોત અને તેમને અભયદાનનું મન હોત તો આ હિન્દુસ્તાનમાં એકપણ કતલખાનાને એકપણ જીવ કાપવા ન મલત ! આટલાં ભયંકર કતલખાના ચાલે છે તેનું કેટલા જૈનોને દુઃખ છે ? આ હિન્દુસ્તાનમાં શાકાહારી પ્રજા તેને ય અને પરદેશને માસ પૂરું પાડે છે તે પણ હુંડિયામણ કમાવામાં તમારા ભલા માટે કરે છે. આવું આજની સરકાર કરે છે તો તે સરકાર 'અહિંસાવાદી' કહેવાય ?

શાસ્ત્ર કહે છે કે- જૈનકુળમાં જન્મ બહુ પુણ્ય હોય તો મળે પણ ખરી વાત એ છે કે- આજે જૈનકુળો મોટેભાગે જૈન રહ્યા નથી. મોટે ભાગે મા-બાપ પણ જૈન રહ્યાં નથી. પછી છોકરાઓ તો જૈન થાય કયાંથી ? આજના જૈનકુળો લગભગ નામના થઈ ગયાં છે. માત્ર કો'ક કુળ સાચું રહ્યું હશે, બાકી બધાં બનાવટી છે. તેના ઘરમાં મોક્ષની કે સંયમની વાત જ થતી નથી, સંસારની જ વાતો ચાલે છે, તેથી છોકરા પણ સંસારમાં જ તૈયાર થાય છે. તમે બધાં સંતાનોને મોટાં શા માટે કરો છો ? લગ્ન કરીને લહાવો લેવાની ભાવના જૈન મા-બાપની હોય ? જૈન માબાપ સંતાનોને સાધુ બનાવવાની ભાવનાવાળાં હોય કે છોકરાને સારા વેપારી આદિ અને છોકરીને સારા સુખી ઘેર મોકલવાની ભાવનાવાળાં હોય ? સારું ઘર એટલે ધર્મી ઘર કે શ્રીમંત ઘર ? છોકરો પણ સારો એટલે ધર્મી કે સંસારમાં હોંશિયાર ?

આપણે ત્યાં જિનદાસ શ્રાવકની કથા આવે છે. તેની એક દીકરી ઉંમરલાયક મોટી થઈ ગઈ છે. દરરોજ તે પોતાની સખીઓ અને પરિવાર સાથે પૂજા કરવા જાય છે. એક બૌધ્ધ મતના અનુયાયી યુવકે તેણીને જોઈ અને તેના ઉપર મોહિત થયો. એટલે કોઈને પૂછયું કે- આ કોની કન્યા છે ? એટલે કહ્યું કે - શ્રી જિનદાસ શેઠની કન્યા છે. હજી સુધી તેનું લગ્ન કેમ થયું નથી ? તો કહે કે- છોકરી જેવી ધર્માત્મા છે તેવો ધર્માત્મા છોકરો હજી મળ્યો નથી માટે. મા-બાપ સંતાનોને કેવા બનાવે ? ધર્મનું જ વધારે ભણાવે ને ? પછી તે યુવક જૈન સાધુના પરિચયમાં રહી તત્ત્વજ્ઞાન ભણી - ગણીને હોશિયાર બનીને તે જ શ્રી જિનદાસ શ્રાવકને ત્યાં મહેમાન તરીકે ઉતર્યો. તેના શ્રાવકપણાના આચાર- વિચાર જોઈ શ્રી જિનદાસ શ્રાવક ખુશ થયો કે જેવો ધર્માત્મા જોઈએ તેવો મળ્યો અને મારી કન્યાને માટે લાયક લાગે છે. તેની કન્યા પણ તેને જોઈને ખુશ થઈ. તે બેનાં લગ્ન થયાં પછી કન્યાને પરણીને અને લઈને તે યુવક પોતાના ઘરે જાય છે. તે ઘરમાં પગ મૂકતાં જ તેની સ્ત્રીને લાગે છે કે- આ જૈનનું ઘર નથી. આના ઉપરથી ય તમને સમજાય છે કે- આ જૈનનું ઘર છે અને આ ઈતરનું ઘર છે તે જોતાં જ ઓળખાઈ જાય, તેવા જૈનના આચાર હોય. તેને થાય કે મને પ્રપંચ કરીને આ પરણી લાવ્યો છે. તે ઘરમાં તો રાત્રિભોજન પણ થતું. તેથી તે કન્યા કહે કે હું રાત્રે ખાઉં નહિ અને રાંધીને બીજાને ખવરાવું પણ નહિ. છોકરાના મા-બાપ કહે કે- આવી સ્ત્રી કયાંથી લઈ આવ્યો ? જા પાછી મૂકી આવ. તેણી કહે એમ હું પાછી જાઉં નહિ. જાઉં તો મારો ધર્મ નિંદાય તમે બધા મૂકવા આવો પછી વાત.

આજે આવા સંસ્કારવાળા જૈન કુટુંબ કેટલા મળે ? જૈન ઘરમાં રાત્રીભોજન ન હોય, અભક્ષ્યનું ભક્ષણ ન હોય, સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, વ્યાખ્યાન શ્રવણ અને ધર્મનો અભ્યાસ ચાલું હોય. આજે તમારા ઘરોમાં આ બધું છે ? મારી ઈચ્છા તમને બધાને એક નિયમ આપવાની છે કે- તમારો ભણી ગણીને તૈયાર થયેલો છોકરો અર્થ સહિત પાંચ પ્રતિક્રમણ, જીવવિચાર અને નવતત્ત્વ ન ભણે ત્યાં સુધી તેનું કમાયેલું ખાવું નહિ અને છોકરી પણ તેટલું ન ભણે ત્યાં સુધી પારકે ઘેર મોકલવી નહિ. આ નિયમ જો બધા જ જૈનઘરો કરી લે તો દશ વર્ષમાં તમે બધાં જૈનઘરો સાચાં જૈન થઈ જાય. આજે જૈન ઘરો જૈન નથી. હું રાત્રે જમું છું તે ખોટું કરું છું તેમ પણ લાગતું નથી. અધર્મી માણસ ધર્મ કરીને ધર્મને વગોવે છે. જ્યારે ધર્મી માણસજ ધર્મ કરીને ધર્મને દીપાવે છે. અહીં ધર્મ કરનારો ઘર-પેઢી ઉપર અધર્મ કરે તો શું આબરૂ થાય ? ચાંલાવાળાનો વિશ્વાસ પણ ન કરવો આટલી હદ સુધી વાત આવી ગઈ છે તે છતાં નફફટોને શરમ પણ આવતી નથી. આજે ઘણા કહે છે કે- જૈનો રાતે મઝેથી ખાય છે, કંદમૂળ આદિ ખાવા હોટલોમાં જાય છે. એક કાળે જૈન કોઈ અજૈનને ત્યા મહેમાન થાય તો તેને ત્યાં પણ રાત્રિભોજન, અભક્ષ્ય ભોજન, કંદમૂળ આદિ બંધ થતું હતું. આજે આખી સ્થિતિ ફરી ગઈ છે.

ક્રમશઃ

# મહાભારતના પ્રસંગો

પ્રકરણ - ૭૩     - શ્રી રાજુભાઈ પંડીત

## દ્વારિકા દાહ

પાંડવો પાંડુમથુરા નગરી વસાવીને રહ્યા તો ખરા પણ તેમને ભગવાન શ્રી નેમિનાથની વાણી સતત યાદ આવ્યા કરે કે ''દ્વારકા જેવી દૈવી નગરીને દ્વૈપાયન દાહ દેશે. જરાકુમારથી જ શ્રીકૃષ્ણનો વધ થશે. યદુકુળનો વિનાશ મદિરાપાનથી થશે.'' પ્રભુના કાનોકાન સાંભળેલા આ વચનો માતા કુંતી તથા પાંડુ રાજાને સતત પડઘાતા રહ્યા. પાંડવોને પણ આ વાકયોએ સંસારની અસારતા દેખાડી દીધી.

આમેય કુંતી તથા પાંડુને જન્મભૂમિ હસ્તીનાપુર છોડ્યા પછી પાંડુમથુરામાં ચેન ન હતું અને વધુમાં પ્રભુ-વચનો વારંવાર કાને ટકરાયા કરતા હતા. આખરે કુંતી - પાંડુને અસાર સંસાર તરફ વૈરાગ્ય થયો. તેમના મનને જાણીને પ્રભુ શ્રી નેમિનાથ પાંડુમથુરા તરફ પધાર્યા. પાંડવોની અનુમતિપૂર્વક માતા-પિતાએ સંયમ ગ્રહણ કર્યું.

બીજી તરફ દ્રૌપદિએ એક પુત્રને જન્મ આપતાં તેનું નામ પાંડુસેન રાખ્યું. તેને યુવરાજપદે સ્થાપન કરવામાં આવ્યા.

એક વખત યુધિષ્ઠિર બંધુઓ સાથે રાજસભામાં બેઠા હતા ત્યારે એકાએક એક હાથમાં કૌસ્તુભ મણિ કે જે વિષ્ણુ જ ધારણ કરતા હોય છે તે મણિને લઈ જરાકુમાર આવી ચડયા.

કૌસ્તુભ મણિ જોતાં જ શ્રીકૃષ્ણ વાસુદેવના આયુષ્ય અંગે શંકાશીલ બનેલા પાંડવોએ જે કંઈ સમાચાર હોય તે જલ્દી કહેવા કહ્યું ત્યારે જરાકુમારે કહ્યું કે-

હું તો ભગવાનની વાણી સાંભળી ત્યારથી શ્રીકૃષ્ણની રક્ષા ખાતર રાજપાટ વૈભવ પરિવાર છોડીને શ્રીકૃષ્ણથી દૂર દૂર જંગલમાં ચાલ્યો ગયો. શિકાર કરીને જીવન ગુજારો કરતો હતો.

એક દિવસ એક બાણ મેં મૃગ તરફ ફેંકયું. ... જતાં મેં વૃક્ષ પાછળ રહેલા નિરપરાધી ... કોણે બાણ માર્યું હું નામ - ગોત્ર નહિ ... તરફ બાણ ચલાવતો નથી તો મને બાણ મારનાર તરત તેનું નામ અને ગોત્ર કહે.'' આવા શબ્દો સાંભળતા જરા દૂરથી મેં મારા નામ અને ગોત્ર કહેતા શ્રીકૃષ્ણ મને તરત બોલાવ્યો કે- ભાઈ ! આવ જલ્દી આવ. તેં મને બચાવવા કરેલો તારો વનવાસ નકકામો ગયો ભાઈ ! નજીક જઈને શ્રીકૃષ્ણને જોતાં હું મૂર્ચ્છા ખાઈને ઢળી પડયો. ચૈતન્ય પ્રાપ્ત થતાં મેં પૂછયુ- 'વાસુદેવ ! દ્વૈપાયન તો જંગલમાં ચાલ્યો ગયો હતો તો દ્વારકાનો દાહ શી રીતે થયો ?'

જવાબમાં શ્રીકૃષ્ણે મને કહ્યું કે- ભગવાનના વચનો સાંભળ્યા પછી નગરજનોએ મદ્યપાન તજી દેતા છ માસ તો સુખેથી પસાર થયા. પરંતુ કોઈક મિત્ર સાંબને જ્યાં મદ્ય ઢાલવી દીધુ હતું તે પુષ્પ આદિથી અતિમધુર બની ગયુ હતું તે મદ્ય ભેટ કરીને પીવડાવતા મદોન્મત્ત બનેલા સાંબે યથેચ્છા મુજબ મદ્યપાન કર્યુ. અને તે કદમ્બવનમાં ભમતા સાંબે પાપકર્મનો ક્ષય કરી રહેલા દ્વારકા નગરીના રક્ષણ માટે જ જંગલમાં ચાલ્યા ગયેલા તે દ્વૈપાયન ઋષિને જોયા. આથી સાંબે કહ્યું - 'મિત્રો ! આ એજ દ્વૈપાયન છે કે જે આપણી દ્વારિકાને સળગાવી નાંખવાનો છે. તો આ દુષ્ટ પાંખંડીને હમણા જ હણી નાંખો કે જેથી તે દ્વારીકાને બાળી જ ના શકે.'

આ રીતે સાંબની વાણીથી લોકોએ દ્વૈપાયન મુનિને મુઠી- થપાટો - લાતો અને લાકડીઓથી મારી મારીને અધમૂઓ કરી નાખ્યો. મારને સહન કરી નહિ શકવાથી તે મૂર્ચ્છા ખાઈને ઢળી પડયો. આથી તેને મરી ગયેલો જાણીને સાંબ આદિ રાજભવન પાછા ફર્યા. દૂત દ્વારા મને જાણવા મલ્યું કે- 'મૂર્ચ્છા દૂર થતાં દ્વૈપાયન રોષાયમાન થઈ ઉઠયો છે' આથી તરત જ કંઈ અનર્થ થાય તે પહેલા બળદેવને સાથે લઈ જઈને મેં તે દ્વૈપાયન મુનિને બાળકોના અપરાધની ક્ષમા કરી દેવા વિનવ્યા. પણ તેણે કહ્યું - વાસુદેવ ! હવે ક્ષમાપના વડે સર્યુ. ક્રોધાંધ બનેલા મેં નિયાણુ કરી લીધુ છે કે- 'આ તપસ્યાના પ્રભાવથી હું દ્વારકા તથા યદુકુળનો સંહાર કરનારો થાઉં.' આથી હે વિષ્ણુ ! હવે તમારા બે વિના સર્વનો પ્રલય-સંહાર થઈને જ રહેશે.''

આથી ફરી પ્રસન્ન થવા હું મુનિને કહેવા જતો હતો ત્યાંજ બલરામે મને અટકાવી દીધો અને કહ્યું- બંધુ ! વાંકા પગ - નાક - અને હાથવાળાઓ, જાડા હોઠ પેટ અને

નાકવાળાઓ, હીન અંગવાળાઓ કે વિષમ અંગવાળાઓ ક્યારેય શાંતિ પામતા નથી. ક્ષમા કરતા નથી. આવાને મનાવવાથી સર્યુ. હવે તો જે થવાનું છે તે જ થશે.'

ત્યાંથી ખિન્ન મનથી અમે પાછા ફર્યા. દ્વૈપાયનનું નિયાણુ આખી નગરીને કહ્યું- આથી સ્વાભાવથી, મારા આદેશથી તથા પ્રભુના વચનથી સર્વ લોકો ધર્મકર્મમાં તલ્લીન બન્યા.

સમયજ્ઞ કૃપાળુ ભગવાને આવીને પોતાના માતપિતા - પ્રદ્યુમ્નાદિ કુમારોને તથા રૂકિમણી આદિ મારી પત્નીઓને તથા અનેક નગરજનોને દીક્ષા આપી. ફરી મેં પૂછતાં પ્રભુએ કહ્યું- બારમાં વર્ષે દ્વારકાનો ક્ષય નિશ્ચિત છે. પ્રભુ અન્યત્ર વિચરી ગયા.

નગરજનો સતત ઉપવાસ - છઠ આદિમાં જોડાયેલા રહેતા ૧૧ વર્ષ તો સુખેથી વીત્યાં બારમું વર્ષ પણ થોડું વીતી જતાં નગરજનો માની બેઠા કે અમારા ધર્મ તથા તપથી દ્વૈપાયન દેવ ભાગી ગયો છે. અને ફરી સ્વચ્છંદ રીતે મદ્યપાન શરૂ થયા. ખરે ભવિતવ્યતા દુર્લંધ્ય છે.

અને... એકાએક... ધરતી આંચકા લેવા માંડી. વીજળી પડવા લાગી. ગ્રહોમાંથી ધૂમાડા નીકળવા લાગ્યા. સૂર્યમાંથી અગ્નિના ભડકા નીકળતા રહ્યા. પૂતળીઓ હસવા લાગી. સૂર્યચંદ્ર અકાળે રાહુથી ગ્રસાયા. લોકોને ભયાનક સ્વપના દેખાવા લાગ્યા. મારા ચક્રાદિ રત્નો ક્યાં ય ચાલ્યા ગયા. અને સંવર્તક વાયુ વાયો દૂર દૂરથી ઉખડેલા વૃક્ષો નગરમાં પડવા લાગ્યા. મેં મારી નજરે જોયું કે- નગરીના ૭૨ અને બહારના ૬૦ યદુકુળની કોટિને એકત્રીત કરીને કોઈ કે મારા અને બલરામના દેખતા જલ્દીથી આગ ચાંપી. લાકડા ભરેલી દ્વારિકા ભડકે સળગી ઊઠી. મારા શોકનો પાર ન રહ્યો. પ્રચંડ આગના લબકારા મારતી દ્વારકા નગરીમાંથી મેં અને બલરામે વસુદેવ - દેવકી તથા રોહીણી માતાને રથમાં બેસાડીને ખેંચવા માંડયા પણ ઘોડા કે બળદો આગળ ચાલી જ ના શકયા. છેવટે મેં અને બલરામે રથ ખેંચ્યા તો નગરના દ્વાર સુધી તો રથ આવ્યો. પણ મારી નજર સામે જ કોઈકે નગર દ્વાર બંધ કર્યુ. બલરામે લાત મારીને દ્વાર ઉઘાડી નાંખ્યુ તો અમે રથ જમીનમાં ખૂંપી ગયેલો ખેંચી ના શકયા. આથી વિષાદ પામેલા અમને એક દેવે કહ્યું- હે વાસુદેવ ! શા માટે ફોગટ મહેનત કરો છો ? ૧૧ - ૧૧ વર્ષ સુધી તમારા ધર્મ - તપ કર્મે મને અવકાશ મળવા દીધો ન હતો. બારમે વર્ષે પ્રમાદી બનેલા નગરજનોને જોતા જ મેં દાહ લગાવ્યો છે. હું તે જ દ્વૈપાયન મુનિ મરીને અગ્નિકુમારદેવ થયો છું. તમારા માત-પિતા આ અગ્નિદાહમાં જ મૃત્યુ પામવાના છે. માત્ર તમે બે જ બચી શકશો. આટલું સાંભળ્યા છતા જો માતા પિતાને બહાર કાઢવા પ્રયત્ન કર્યો પણ રથ આગળ ન ચાલતાં માતા પિતાએ જ કહ્યું- પુત્રો ! તમે તમારાથી બનતો બધોજ પ્રયાસ કર્યો પણ ભાવિ અન્યથા નથી. નહિ બનવાનું નથી જ બનતુ અને બનવાનું બન્યા વગર નથી રહેતું. માટે પુત્રો ! તમે હવે જાવ. તમારો માર્ગ કલ્યાણકારી રહો. તમે સદા વિજયી બનો. અમને નેમિનાથ ભગવાનનું શરણ છે. આમ કહી પ્રભુનું શરણ સ્વીકારેલ તે માતા પિતાને ભાઈ ! શું કહું અમારી સગી આંખો સામે બાળી નાંખતા અગ્નિ લાચાર નજરે અમે જોતા રહ્યા. અને પાછું ફરી ફરીને જોઈ રહેલા અમે કેમે કરીને આગળ વધ્યા.

લોકો પોકારી રહ્યા હતા કે- જરાસંધના વધ કરી જાણનારા હે કૃષ્ણ ! તારી નજર સામે અમે સળગી રહ્યા છીએ અમને બચાવો અમને બચાવો નગરીના સળગતા લોકોના આ પ્રલાપોએ અમારા હૈયા વિંધિ નાંખ્યા પણ શું કરીએ ?

અમારી નજરે સામે ભસ્મસાત્ થતી તે નગરીને જોઈને અમે દુ:ખી દુ:ખી થઈ ગયા. ત્રણે ત્રણે ખંડને વશ કરનારો મારો હાથ નગરના દાહને નાથી ના શકયો. ગમગીન હૈયે દ્વારકા બળતી રહી અને અમે જીર્ણ ઉપવનમાં ચાલ્યા ગયા. હવે રાજ્યકો શત્રુ બન્યા હતા. ભાગ્ય રૂઠયું હતુ જઈએ તો કયાં જઈએ ?

આવી મારી વિષાદ દશામાં બલરામે મને કહ્યું- કૃષ્ણ ! ખેદ ના કરીશ. પ્રભુએ કહેલો સંસાર આજે નજરે જોવા મલ્યો છે. કર્મ સૂત્રધાર બનીને આવા નાટકો કરાવી રહ્યો છે. હવે તો આપણે પાંડવોની તે નગરી તરફ જ જઈએ તેઓ આપણા અપરાધને ભૂલી જઈને આપણને સારી રીતે આવકારશે.

બલદેવના વચનથી અમે પાંડવોની પાંડુ મથુરા તરફ ચાલ્યા. રસ્તામાં થાકયા. ભુખ - તરસથી પીડાતા મને જોઈને બલરામે ભોજન પાન માટે નગર તરફ પ્રયાણ કર્યુ. ત્યારે મેં કહ્યું - આ હસ્તિકલ્પ નગર છે. અહીં ધૃતરાષ્ટ્રનો એક બાકી રહી ગયેલો અચ્છદન્ત પુત્ર રાજા છે. આપણો શત્રુ છે કદાચ પરાભવ પમાડે તો સિંહનાદ કરજો. જેથી હું આવી જઈશ.

અને થો ીવારે સિંહનાદ થતાં ક્રોધથી ધમધમતા મેં લાત મારીને • ગરદ્વાર ખોલી નાંખી પ્રવેશીને જોયુ તો અચ્છદંત યુદ્ધ કરવા તૈયાર થયો હતો અને બલરામ નગરની ચતુરંગ। સેનાને ભાંગી રહ્યા હતા. મેં ઉગામેલા પરિઘને જોઈને ફફડી ગયેલા અચ્છદંતે મારી શરણાગતિ સ્વીકારતા તેને જીવતો છોડી મૂકયો. અહીં ઓળખાઈ ગયેલા અમને આહાર મેળવવો મુશ્કેલ લાગ્યો ત્યારે બલરામ હાથન કડા વેચી કંદોઈને ત્યાંથી મિષ્ટાન લઈને આવતો હતો ત્યાં ફરી અચ્છંત ભીષ્ણ રૂપ ધરી યુદ્ધ કરવા આવતા શત્રુદળને સ્તંભ વડે દળી નાંખીને અમે શાંતિથી આહાર કરી અ ગળ ચાલ્યા.

આગળ જતાં કૌશામ્બ વનમાં મને સખત તરસ લાગતાં બલરા ૧ પાણી લેવા જતા મને કહીને ગયા છે કે- આ ભયાનક જંગલ છે બંધુ ! સાવધાન રહેજે. અને પગ ઉપર પગ ચડા ીને થડના ટેકે મસ્તક રાખીને રેશમી વસ્ત્ર ઓઢીને હું સૂત ! હતો ત્યાં જ કોઈકનું તીર મારા પગમાં વાગ્યુ.

ધર્મપુત્ર ! શ્રીકૃષ્ણના મુખેથી આટલું સાંભળતા હું કરૂણ કલ્પાંત કરવા લાગ્યો પણ તેમણે મને તરત અટકાવતાં કહ્યું- જરાકુમાર બંધુ ! હવે તું આ કૌસ્તુભ મણિ લઈને જલ્દી પાંડવો પાસે જા. હું હવે પછીના મુહૂર્તમાં જ પ્રાણ છોડી દઈશ. શ્રી નેમિનાથ પ્રભુના પદકજને હું યાદ કરીશ. અને તું થોડે સુધી અવળા પગલે જજે. જેથી તારા પગલાની પાછળ પાછળ આવીને બલરામ તને હણી નાંખે નહિ.

હે ધર્મરાજ ! અત્યારે તે શ્રીકૃષ્ણના પગમાંથી તીર ખેંચી કાઢીને અને તેમણે આપેલા કૌસ્તુભ મણિને હાથમાં લઈને તમારી પાસે આવ્યો છું.

દ્વારકાનગરીની કરૂણ - કહાની જરાકુમાર પાસેથી સાંભળતા પાંચે પાંડવો અત્યંત શોક પામ્યા. આ સંસારની અસારતાએ તેમના હૈયામાં કારમો અજંપો પેદા કર્યો. ભગવાન શ્રી નેમિનાથ પ્રભુના ચરણો અત્યારે કયાં પડતા હશે જાણતા નથી. પણ તે ચરણો આ તરફ વળે તો ઘણુ સારૂ એવી ભાવના સાથે પ્રભુના આગમનની ઈચ્છા રાખતા પાંડવો માર્ગને નિહાળતા રહ્યા.

ક્રમશ

# મનન મોતી

**સંગ્રાહક : અ.સૌ. અનિતા આર. શાહ-માલેગાંવ**

**સા**તમી નરકના અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં ૫,૬૮,૯૯,૫૮૪, (પાંચ ક્રોડ, અડસઠ લાખ, નવાણું હજાર, પાંચસોને ચોર્યાશી) આટલા ગો હોય છે.

- અસંતોષ સુખની અતિભૂખ, દુઃખથી બચવાની ઈચ્છા બ ાં અકાર્યોની જનની છે.
- દરિદ્રી દરિદ્રતાને દૂર કરવા મથે તેમ ધર્મી સંસાર કરાવનાર કર્મને કાઢવા પ્રબલ પુરૂષાર્થ કરે.
- ક્રોધ એ ભસતા કૂતરા જેવો છે. માન - માયા - લોભ એ કડકાયા કૂતરા જેવા છે.
- ચોખાના દાણા કંકુ સાથે ભળે તો ભલભલાના મસ્તક ન માવે અને તે જ ચોખાના દાણા મગ સાથે ભળે તો પોતાનું સ્વરૂપ ગુમાવી લોકમાં 'ખીચડી' તરીકે બદનામ થાય છે. અર્થાત્ આપણે આપણા મૂળ સ્વરૂપમાં રહેવું પણ ભેળસેળિયા કે દહીં-દૂધિયા ન બનવું
- ત્યાગનું મહત્ત્વ સમજાય તો જીવન વહેણ સન્માર્ગગામી બનાવવા વાસનાથી ઉપાસના, રાગથી વિરાગ, ચિંતાથી ચિંતન અને સંસારથી મોક્ષ તરફ વિચારોનું પરિવર્તન થયા વિના ન રહે.
- જે આત્મા ભોંય પર પડેલા પુષ્પને જાણવા છતાં ભગવાન પર ચઢાવે તો તે અન્ય જન્મમાં મોટે ભાગે નીચગોત્ર કર્મ બાંધે છે.
- ધર્માત્માને અવિરતિ ડાકણ લાગે, વિરતિ દેવી લાગે. ડાકણને કાઢવા અને દેવીને મેળવવા પ્રયત્ન ચાલુ જ હોય.
- **ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે,** જ્ઞાનનું મૂળ ભક્તિ છે. ભક્તિનું મૂળ ભગવાન છે.
- સ્વાર્થમાં ક્ષુદ્રતા છે. સ્વાર્થી માત્ર પોતાને જ જુએ, પોતાનો જ વિચાર કરે.
- પ્રભુત્વ કે પશુત્વ, અમૃત કે વિષ માનવના મનમાં રહેલા છે. શું મેળવવું કે નહિ તે પોતાના હાથની વાત છે.



શ્રી કૈલાસ... મંદિર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

# જૈન શાસનની જીવદયા

-પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

(૨૬-૧૦-૫૨ના જૈન પ્રવચન માંથી સાભાર)

*(આજના આ પ્રવચનને અન્તે, એક **વિશેષ બનાવ** બન્યો હતો. 'અર્જુન ભગત'ના નામે ઓળખાતા **એક** ભાઈએ, ગૌવધ બંધ કરાવવાની પોતાની **પ્રવૃત્તિની** બાબતમાં, બોલવાની રજા માગી હતી અને પૂ. **પ્રવચનકાર** મહાત્માએ એ ભાઈને પાંચ મીનીટનો સમય આપ્યો **હતો.** બોલવાનો સમય આપવા બદલ પૂ. **પ્રવચનકાર** મહાત્માશ્રીનો આભાર માન્યા બાદ, હાલની **પ્રજાકીય** સરકાર પાસે કાયદાથી ગૌવધ અટકાવવાને **માટે પોતે** પહેલાં જે ઉપવાસો કરેલા, તેનું તેમણે વર્ણન કર્યું હતું અને જણાવ્યું હતું કે પોતે કોંગ્રેસીઓ અને મહાજનોના સમજાવવાથી ઉપવાસને તજી દીધા હતા, પરન્તુ **પાછળથી** તે લોકોએ આપેલી બાંહેધરીને નહિ પાળતાં, **વિરૂદ્ધમાં** સહી કરીને ફટકો મારવા જેવું કાર્ય કર્યું હતું. **આ પછીથી,** પોતે ફરીથી આ જ હેતુસર આસો મહિનામાં **ઉપવાસ ઉપર** ઉતરનાર છે- એમ જણાવીને, તે વખતે **સર્વ ભાઈ-બેનોને** સહકાર આપવાની તેમણે વિનંતિ કરી હતી. **તેમણે પોતાનું** વક્તવ્ય પૂરું કર્યા બાદ, પૂ. પ્રવચનકાર **મહાત્માશ્રીએ એ** બાબતમાં સ્પષ્ટીકરણ કરતાં જે **જણાવ્યું હતું, તેનો** સારભાગ નીચે મુજબનો છે. -અ૦)*

**આ** ભાઈએ હમણાં જે વાત **રજુ કરી છે, તેનો** ખુલાસો કરવાની જરૂર છે અને આ એક **ધર્મસંકટ જેવી** સ્થિતિ છે. તમને કદાચ ખબર હશે કે- અમુક **જીવોનું કે** અમુક પ્રકારના જીવોનું રક્ષણ એટલું **જ અમારૂં લક્ષ્ય નથી,** પરન્તુ સર્વજીવરક્ષણ એ અમારૂં લક્ષ્ય છે જીવ **તરીકે** અમે જગતના નાનામાં નાના પણ જીવને, **જીવ માત્રને અમારા** જીવ જેવા જીવ તરીકે માનીએ છીએ. એટલે કે- **મૂળભૂત** સ્વરૂપે તો સર્વ જીવો સમાન જ છે, **એવું અમારૂં માનવું છે** જગતમાં જીવોમાં જે ફેરફાર દેખાય છે, **તે કર્મોના યોગને** અંગે છે. પુણ્યના યોગે જીવ સારા **સ્થાને જન્મને પામે છે** અને પાપના યોગે જીવ નરસા **સ્થાને જન્મને પામે છે. સારા** સ્થાને કે નરસા સ્થાને, સુખના સ્થાને **કે દુઃખના સ્થાને,** જીવ પોતપોતાના પુણ્ય - પાપાનુસાર **જન્મે છે, જીવે છે** અને મરે છે. આથી જ, જ્ઞાનિઓએ કોઈ **પણ જીવની** હિંસાથી બચતા રહેવાનું અને સર્વ જીવોના **રક્ષણ માટે** પ્રયત્નશીલ રહેવાનું ઉપદેશ્યું છે. એ ધર્મને **અમે અમારાથી** **શક્ય એટલે** અંશે જીવનમાં જીવીએ છીએ અને જે કોઈ **અમારા પરિચયમાં** આવી જવા પામે, **તેને** પણ એ જ રસ્તે **ચાલવાની શક્ય** પ્રેરણાદિ કરીએ છીએ. ગાયના રક્ષણની **વાત પણ એમાં** આવી જ જાય છે ને ? એ વાત સાચી છે કે- **જ્યારે આ દેશના** લોકો રાજકર્તા બન્યા હોય ત્યારે **જીવદયા, કે જેને** લોકો મોટો ધર્મ **માને છે,** તેનું પાલન વધે **એવી આશા રાખે.** આવા **સમયે સત્તાથી** પણ અમુક અમુક **પ્રકારની** હિંસાઓને બંધ કરાવવાની ભાવના જાગે, એ **સ્વાભાવિક છે.** છતાં પણ રાજકારણ એ બહુ ભયંકર ચીજ છે. **એટલા માટે** રાજકારણનો રંગ લાગે નહિ, તેની કાળજી **રાખવા જેવી છે.** સાચી અને હિતકારી વાત કહેવામાં **અમને રાજસત્તાનો** ભય લાગે છે એ **માટે** આ વાત છે એવું **નથી, પણ** રાજકારણ પોતે **એવી ચીજ છે** અને તેમાં પણ **આજનું રાજકારણ** તો બહુ ખરડાએલું **છે.** હું બેઠો છું અને **આ વાત અહીં** કહેવાઈ, માટે મારે આ ખૂલાસા કરવો પડે છે. **સૌથી પહેલી** વાત તો એ છે કે- આ ભાઈ જેવી ભાવના **ધરાવે છે, તેવી** ભાવના **સત્તાના સ્થાને** બેઠેલા લોકો **ધરાવતા નથી.** મહાજનો વિગેરે પણ એટલાં સબળ નથી કે - **સારી વાતમાં** સાથ દેતાં ગમે તેવી આપત્તિ આવી લાગે, તો તેને ય સહવાને તૈયાર હોય. વધુમાં, અમે મુખ્યત્વે ઉપદેશમાં માનનારા છીએ. ઉપદેશથી શક્ય તેટલું સારૂં કરાવવું, એ અમારૂં પ્રધાન લક્ષ્ય છે. પણ અત્યારના સંયોગોમાં ઉપદેશ દેવો કોને ? રાજસત્તાના સ્થાને બેઠેલાઓને સાધુની ગરજ નથી. સાધુઓ શું કહે છે અને શા માટે કહે છે, તે સાંભળવાની તાલાવેલ નથી. એ સાંભળવાને આવી શકે તેમ ન હોય, પણ એમને સાંભળવાની ઈચ્છા હોય તો એમને ઘેર જઈને ય સંભળાવતાં અમને શરમ કે સંકોચ આવે તેમ નથી; પરન્તુ **અમે જો એમને** ઘેર જઈને સંભળાવવા માગીએ તો ય તે **બરાબર નહિ** સાંભળે એવું અમને લાગે છે. બીજી મુશ્કેલી **એ પણ છે કે-** આજે કોને જઈને સમજાવીએ ! રાજેન્દ્ર **બાબુને ? એ કહેશે કે-** હું તો **સરકારનો** બંધારણીય વડો છું. **એ કાગળીયું કરી લાવે** તેના ઉપર સહી કરવાની મારે ! **ત્યારે** વડા પ્રધાન જવાહરલાલજીને ? એ કહેશે કે - આ મારૂં રાજ્ય નથી. કેબીનેટ મળીને વ્યવસ્થા કરે છે.

કેબીનેટને કહીએ, તો કેબીનેટ કહેશે કે- પાર્લામેન્ટનો મત જાણવો જ ઈએ. એટલે આ દેશમાં રાજ્યવ્યવસ્થાને અંગે ધર્મોપદેશ દેવો પણ હોય, તો તે કોને દેવો ? આવા રાજ્યમાં અમુક અમુક તો ન જ જોઈએ અને અમુક અમુક પ્રકારની વ્યવસ્થા તો હોવી જ જોઈએ, એવી કોઈ વાત આપણે કાંવી પણ હોય, તોય આપણી વાત કોને કહેવી ? એક માણસમાં અમુક હિંસાને અટકાવવાની વૃત્તિ જાગે છે અને એ માટે એ ભૂખે મરવાને પણ તૈયાર થઈ જાય છે, એ વૃત્તિ અવગણી કાઢવા જેવી છે જ નહિ, પણ આ તો કાગળીયાં પ ઘોડાનો જમાનો છે. એ કયારે કયાં પહોંચે તે કહેવાય નહે આજના છાપાં પણ કોની વાતને મહત્ત્વ આપે અને કોની વાતને મહત્ત્વ આપે નહિ-એ કહેવાય નહિ. વળી અમુ માણસો ઉપવાસ ઉપર ઉતરે, ત્યાં તો થોડા જ સમયમાં ાટે તોલાવા માંડે, એની મોટી જાહેરાતો થાય. જ્યારે અમુકની વાતને ગણકારે નહિ એમેય બને. ઉપવાસ ઉપર ઉતર્યા પછીથી ધારો કે ધાર્યું બન્યું નહિ, એવા વખતે અન્તિમ ક્ષણ સુધી સમાધિ રહેવી, કશો પણ વિકલ્પ ઉઠવો નહિ અને દુર્ધ્યાન જરા પણ આવે નહિ; માત્ર એમ થયા કરે કે- સારા હેતુએ મારા જીવનનો હું ભોગ દઈ રહ્યો છું; કોઈ પ્રત્યે દુર્ભાવ જાગે નહિ; આવું બધું જો શકય હોય તો એક તો શું પણ લાખ માણસો આવું કરતા હોય તોય નિષેધ કરીએ નહિ; પણ એ બને એવું નથી. ઉપવાસ કરવાથી જે હેતુ માટે ઉપવાસ કરવાની વાત છે તે હેતુ સરે, એ પણ આજનું રાજકારણ જોતાં શકય લાગતું નથી. અમારો ધંધો ધર્મપાલનનો અને ધર્મોપદેશનો છે, પણ વાત નીકળી છે તો કહી દઉં કે- વર્ત્તમાન પદ્ધતિનું સ્વરાજ્ય અને પ્રજાસત્તાક લોકના હિતમાં છે એવું અમારૂં માનવું નથી. આજે અમુક અપવાદ સિવાય, લાંચ - રૂશ્વત કેટલી વધી ગઈ છે ? આજે ટંડન - જવાહર ન્યાય તોળાવા ઉભો છે, આવી પ્રજા કોને કયારે ઉંચકીને ફેંકી દેશે તે કહેવાય નહિ. એટલે આજના પ્રજામતના નામે પણ બહુ ભરોસો રાખવા જેવું લાગતું નથી. આમ છતાં પણ અમને જ્યારે પરિણામ આવશે એમ જણાશે ત્યારે અમે જરૂર બોલીશું. આ ભાઈએ જે જેમની સાક્ષી હતી તેમણે બોલ્યું લખ્યું ફેરવ્યું એવી વાત કરી, તે સંબંધી તો જાણ્યા વિના કાંઈ કહેવાય નહિ. બાકી આજે તો હૈયે જાદું અને હોઠે જાદું એમાં મુત્સદ્દીગીરી મનાય છે. આટલા ઉપરથી હું શું કહેવાને ઈચ્છું છું તે તમે સમજી શકયા હશો. સારા કામમાં સૌએ સાથ આપવાનું કહેવાય, પણ જે રીતિએ આ ભાઈ કરવા માગે છે તે રીતિ બરાબર લાગતી નથી, માટે એવી કોઈ ધાંધલમાં અમારી સમંતિ નથી. વ્યાજબી વાતનો પણ દુરુપયોગ ન થાય, એ માટે આટલી વિગતથી વાત કરી. પરોપકાર ખાતર પણ પોતાના આત્માનું અકલ્યાણ થાય એવું પગલું ભરવું તે વ્યાજબી નથી.

■ ■ ■

મહાવીર જન્મ કલ્યાણક પાનાનં. ૨થી ચાલુ

**ભગવાન મહાવીર કેન્દ્ર**

સાઉથ કેમ્પસ પાસે, દિલ્હી યુનિવર્સિટી, બેનીટો ઝુઆરેઝ રોડ, નવી દિલ્હી - ૧૧૦૦૨૧.

**ગુજરાતમાં પ્રભાવ નથી**

જૈન ધર્મનાં અગ્રગણ્ય મહાત્માઓએ, ભગવાન મહાવીરની ૨૫૦૦મા જન્મ કલ્યાણકની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીનો શાસ્ત્રના આધારે જે વિરોધ કર્યો હતો તેનો સાર એ હતો કે, જૈન ધર્મ એ કોઈ પ્રચારનો ધર્મ નથી પણ આચારનો ધર્મ છે. ભગવાન મહાવીરનાં જન્મ કલ્યાણકની ઉજવણી તેઓશ્રીએ પ્રબોધેલા ઉપદેશ મુજબ જપ-તપની આરાધના દ્વારા અને જૈન - આચરણ દ્વારા જ થઈ શકે.

ટપાલ - ટીકીટો બહાર પાડવાની દરખાસ્ત, પ્રદર્શન, ફોટા - ચિત્રો, ટીવી વગેરે કાર્યક્રમો 'જિનાજ્ઞા' સાથે સુસંગત નથી બલકે વિપરિત છે. આ બધા કાર્યક્રમો ભગવાન મહાવીરની ભગવાન તરીકેની મહત્તાનું 'અવમૂલ્યન' કરવા બરાબર છે કારણ કે, દેશનેતાઓ માટે થાય એવા કાર્યક્રમોનું આયોજન ભગવાન મહાવીર માટે કરવામાં ભગવાન જેવા ભગવાનને સામાન્ય દેશનેતાઓની પંગતમાં બેસાડી દેવાની ચેષ્ટા બરાબર છે.

આ મહાસમિતિનાં આગેવાનોનો પ્રભાવ ગુજરાત કે મુંબઈમાં ખાસ નથી. આથી ગુજરાતમાં આ મહાસમિતિનાં આયોજનને કોઈ સાનુકૂળ પ્રતિસાદ મળે એવી સંભાવના કમ છે. આમ છતાં દિલ્હી, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર જેવા રાજ્યોમાં પ્રર્વતમાન મર્યાદિત અસરના કારણે થોડી ઘણી સફળતા મળે એવો સંભવ છે.

(આજકાલ - તા. ૯-૮-૨૦૦૦)

# આત્મ શુદ્ધિનું અનુપમ પર્વ

**- પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ.**

સંસાર અને કષાય એક બીજાના પ્રાણપૂરક છે. કષાયની કાલીમાથી સોહામણો દેખાતો સંસાર પણ ખરડાય છે. કષાયને પરવશ બનેલો આત્મા 'હું શું કરી રહ્યો છું' તેનું પણ ભાન તેને રહેતું નથી. કષાયના કટુ-કઠોર ફળો નજરે જોવા છતાં પણ અવસરે કષાયને આધીન બની જઈએ છીએ તે એક મોટામાં મોટી નબળાઈ છે. કષાયની આ નબળાઈ હૈયાથી લાગે તો તે આત્મા કષાયથી મુકત થવા જરૂર પ્રયત્ન કરે.

કષાય મુકિતનું મનોહર પર્વાધિરાજશ્રી પર્યુષણા મહાપર્વ છે. હૃદયશુદ્ધિ અને પ્રશમ ભાવનું જનક આ પર્વ છે. કષાયના કારણે વૈર-વિરોધ વધે છે. તેથી આત્મા સદૈવ અશાન્તિ અને અસમાધિની આગમાં બળ્યા કરે છે, બીજાને પણ બાળે છે.

વૈર-ઝેરના ભાવોનું વમન કરાવનાર, કષાયોની તીવ્ર કાલીમાનું ઉપશમ કરાવનાર, આત્માને ઉજ્જવલ આરાધનાનો આદર્શ આપનાર આવું પર્વ પામ્યા પછી તેને સફળ કરવા પ્રયત્ન કરવો ખૂબ જ જરૂરી છે. માત્ર મોટી મોટી વાતો કરવાથી કે મોંઢાથી ક્ષમા આપવાથી કામ ન સરે.

વૈર-ઝેરના ભાવોને દૂર કરવાથી જ સાચી ક્ષમાપના થાય. ઝેર કરતાં પણ વેર વધારે કાતીલ છે. વિષ તો માત્ર એક ભવને મારે, વેર તો અનેક ભવો સુધી મારે. ઝેર તો ખાનારને મારે, વેર તો તેની છાયામાં આવનારનો પણ ભોગ લે. દુનિયામાં કહેવાય કે 'ઝેરના પારખા ન હોય.' તેમ જ્ઞાનિઓ કહે છે કે 'વેરની વસુલાત ના હોય.' 'વેર વેરથી શમતું નથી પણ સાચા ભાવે પરસ્પર હૈયાપૂર્વક ક્ષમા પ્રદાનથી શમે છે.

આરાધનાના આ અણમોલા અવસરે આત્મામાંથી વેર - ઝેરના બીજને જડમૂળમાંથી ઉખેડી નાખવા જોઈએ તો જ સાચા આરાધક બનાય. **તે માટે જરૂર છે આત્મનિરીક્ષણની.** સૌ પોત-પોતાના દોષો-ભૂલોને જોઈ-વિચારી તેનાથી પાછા ફરે તો ક્ષમા રૂપી અમીપાનથી અમર બની જાય. ભૂલ્યા ત્યાંથી પાછા ફરી, સાચી સમજને કેળવી, અહં અને મમને ઓગાળી, સદ્‌ભાવનાની રંગોળી પૂરી, દિલમાં ક્ષમાધર્મના દીવા પ્રગટાવી આતમને અજવાળીએ તો જ કલ્યાણ થશે.

અનંત જ્ઞાનિઓ આપણને વિશ્વાસ આપે છે કે સાચા ભાવે ક્ષમાપના કરનારો આત્મા, શલ્યરહિત બને છે, વિનયને આરાધનારો બને છે, સન્માર્ગે ગમન કરે છે, કર્મોના ભારથી હલકો થાય છે, નિઃસંગપણ - એકત્વ અવસ્થાનું અનુભવન કરે છે અને નિષ્કષાયી બને છે. તો કોણ એવો પંડિત મૂર્ખ હોય જે છતે ગુણ વૈભવે કંગાળનો કંગાળ રહે !!

વૈર-વિરોધે જગતમાં જે ઉલ્કાપાત મચાવ્યો છે જેનું વર્ણન શબ્દાતીત્ છે. પરમતારક શાસનની છાયાને નહિ પામેલો કષાયના તાપથી ભલે બળો પણ જિન વચન રૂપી અમૃતનું પાન કરનારો આત્મા કષાયના તાપથી બળે, આકુલ-વ્યાકુલ થાય, અનેકને સંતાપ રૂપ બને તે તો જગતનું અદ્વિતીય આશ્ચર્ય - અજાયબી જ માનવી પડે !

આપણી આરાધનાને શુદ્ધ કરવા સરળ-નિખાલસ બની, કષાયથી મુકત બની સાચા ઉપશમ ભાવને પામી, ક્ષમાધર્મના પરમોચ્ચ ફળને પામનારા બનીએ તે જ હાર્દિક મંગલ મનોકામના.

ક્ષમાનું મહત્ત્વ એક કવિના શબ્દોમાં જોઈ વિરમું છું.

*''દુનિયા મહીં વાતો ઘણી ભૂલી જવી મુશ્કેલ છે,*
*લાગ્યો હૃદયમાં ડંખ તે, વીસરી જવો મુશ્કેલ છે.*
*ભૂલી જવો મુશ્કેલ છે, અન્યના અપરાધને,*
*ભૂલી જવું મુશ્કેલ છે, આપણા અપમાનને.*
*ભૂલી જવા મુશ્કેલ છે, વચન કડવા ઝેરને,*
*ભૂલી જવા મુશ્કેલ છે, વિરોધીઓનાં વેરને.*
*ચાહો જો તમે દુનિયા મહીં શાંતિ અને સુખને,*
*ચાહો તમારા જીવનમાં શાંતિ અને આનંદને.*
*દુનિયા મહીં આ બધું ભૂલી જવામાં માલ છે,*
*તે ભૂલી જતાં શીખવું એ એક આશીર્વાદ છે.''*

# મનુષ્ય જન્મરૂપી વૃક્ષાના ફળો

- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

**પ**ર્વાધિરાજ પર્યુષણા મહાપર્વની આરાધના શા માટે- કઈ રીતના કરવી તે સૌને સુવિદિત છે. પરન્તુ પૂ. આ. શ્રી ઉદયસોમસૂરિ કૃત શ્રી પર્યુષણા અષ્ટાહ્નિકા વ્યાખ્યાનમાં મનુષ્ય જન્મને સફળ - સાર્થક કરવા જે ગુણોની વાત કરી છે. અને મનુષ્ય જન્મરૂપી વૃક્ષના જે સુંદર ફળો વર્ણવ્યા છે તેનો આજે થોડો વિચાર કરવો છે.

''જિનેન્દ્રપૂજા - ગુરુપર્યુપાસ્તિ, સત્ત્વાનુકમ્પા શુભપાત્ર દાનમ્ ।
ગુણાનુરાગ શ્રુતિરાગમસ્ય, નૃજન્મવૃક્ષસ્ય ફલાન્યમુનિ ॥''

મનુષ્ય જન્મરૂપી વૃક્ષના શ્રી જિનેશ્વર દેવોની પૂજા, ગુરૂની સેવા-ભક્તિ, પ્રાણીઓની દયા, સુપાત્રમાં દાન, ગુણાનુરાગ અને આગમ શ્રવણ એ છ ફલો કહ્યાં છે.

ફલ ઉપરથી વૃક્ષની સાર્થકતા નીકળે છે. જેના ફળ મીઠાં - મધુર તે વૃક્ષ સુંદર - સારું જેના ફળ કટુ તે વૃક્ષ પણ ખરાબ. આ પર્વ તે નૃજન્મરૂપી વૃક્ષને પવિત્ર બનાવવા છે. મધુર પરિણામને માટે મૂલ પણ મધુર હોવું જરૂરી છે. તેની મધુરતાને જણાવવા આ કહેવાતા કર્તવ્યોને આદરપૂર્વક કરવા જોઈએ.

પહેલું કર્તવ્ય છે પરમતારક શ્રી જિનેશ્વર દેવની સ્વદ્રવ્યથી દ્રવ્ય - ભાવ પૂર્વક પૂજા કરવી. દ્રવ્ય પૂજા એ લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારવા માટે છે. જેના ઉપર હૈયાની પ્રીતિ હોય છે તેને માટે દ્રવ્યનો વ્યય તે સહજ બને છે. તેમ શ્રી જિન પર સાચી પ્રીતિ જન્મે તો તેમની ભક્તિ માટે જેટલું દ્રવ્ય વાપરું તે ઓછું જ લાગે. ભગવાનની પૂજા - ભક્તિ દુઃખ - વિપત્તિ આવે તેને દૂર કરવા કરવાના નથી પણ દુઃખ વિપત્તિ - આપત્તિને વેઠવાનું નૈતિક બળ મળે માટે કરવાના છે.

માટે જ 'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું, પૂજા અખંડિત એહ.'' પૂજાનું ફળ ચિત્તની પ્રસન્નતા કહ્યું. ભગવાનની પરમતારક આજ્ઞાનું પાલન કરવું તેને જ સાચી પૂજા કહી છે. સંસારમાં ગમે તેવી વિપરીત પરિસ્થિતિ પેદા થાય તો પણ ચિત્ત પ્રસન્ન બની રહે અને અનુકૂળ પરિસ્થિતિમાં ઉદાસીન ભાવે રહે. આમ સમાધિ અને વિરાગ ગુણની પ્રાપ્તિ તે જ પૂજાનું સાચું ફળ છે.

બીજું કર્તવ્ય છે સદ્ગુરૂની સેવા - ભક્તિ ઉપાસના. ગુરૂ તે જ છે જે સ્વયં સમ્યગ્જ્ઞાનની જ્યોતિર્મય છે અને તેમની પાસે જનારા સંસારના ત્રિવિધ તાપોથી સંતપ્ત જીવને પણ પરમ શાન્તિનો અનુભવ કરાવે છે. સદ્ગુરૂ એ તો સંસાર રૂપી કુવામાં પડતા જીવોને બંધના આલંબન સમાન છે. સંસારની વાસના મટાવી મોક્ષની મંજીલ બતાવે તે જ સદ્ગુરૂ છે. જેમની સાચા ભાવની સેવા - ભક્તિ પણ આત્માના ગુરૂપદને પેદા કરનારી છે. સંસારની વ્યથા અને ભવતાપને મિટાવવાની ઈચ્છા નહિ હોય તો સદ્ગુરૂનો યોગ પણ સફળ નહિ બને. સદ્ગુરૂ પાસેથી પણ દુન્યવી સ્વાર્થની આશા રાખે તો શું થાય?

ત્રીજું કર્ત્તવ્ય છે જીવમાત્ર પર અનુકંપા. જેને પોતાના આત્માની સાચી અનુકંપા પેદા થાય તેને જ જીવમાત્ર પર અનુકંપા આવે. 'મારો આત્મા ક્યારે આ દુઃખરૂપ, દુઃખફલક, દુઃખાનુબંધી સંસારથી પાર પામે' આ ભાવના જ સાચી અનુકંપારૂપ છે. દુઃખીના દુઃખને દૂર કરવાની ઈચ્છા તે દ્રવ્ય અનુકંપા છે. અને સંસાર દુઃખથી બચાવવાના ઈચ્છા તે ભાવ અનુકંપા છે. દરેક ઉપાસક વર્ગ પોત - પોતાની મર્યાદા પ્રમાણે અનુકંપાનું આચરણ કરે તો જ કલ્યાણ થાય આ માટે સદ્ગુરૂની સેવા - ભક્તિ - ઉપાસના ખૂબ જ જરૂરી છે. જેઓ બીજાું વિવેક લોચન આપી આત્મા ઉપર સાચો અનુગ્રહ કરે છે.

ચોથું કર્ત્તવ્ય છે શુભ પાત્રમાં દાન. અન્યત્ર સુપાત્ર દાન પણ કહેવાય છે. સારી રીતે પાપથી બચાવે તેનું નામ સુપાત્ર છે. સુપાત્રમાં દાન તેમના પર 'બિચારા' 'અનુગ્રહની બુદ્ધિથી કરવાનું નથી પણ ભક્તિપૂર્વક કરવાનું છે. હું તેમના પર ઉપકાર કરું તે ભાવનાથી નહિ પણ તેઓ મારી પાસેથી લઈ મારી પર ઉપકાર કરે છે. અને હું પણ ક્યારે સુપાત્ર બનું - આ ભાવનાથી જો સુપાત્ર દાન અપાય તો જ સાચું કલ્યાણ થાય અભયદાન અને સુપાત્ર દાનને મોક્ષનાં કારણ કહ્યા છે. ચિત્ત - આપવાનું મન, વિત્ત - આપવા યોગ નિર્દોષ ચીજ - વસ્તુ અને પાત્ર આ ત્રણના યોગને સોનામાં સુગંધ જેવો કહ્યો છે. જીવદય -

અનુકંપાદિમાં દાન આપતો જ હોય. દીન - દુઃખી, ગરીબ - ગુરબાને પણ મદદરૂપ બનતો જ હોય. આજે વિવેક નાશ પામવાથી દાનનું ફળ જે લક્ષ્મીની મૂર્છા ઉતારવાનું કહ્યું તે લગભગ દેખાતું નથી દાન તો વૈરીને વશ કરે છે, શત્રુને પણ મિત્ર બનાવે છે. સમજીને વિવેક પૂર્વક દાન અપાય તો તે દાન શાસન પ્રભાવનાનું અંગ બને.

ગુણાનુરાગિતા તે પાંચમું કર્તવ્ય છે. બધે ગુણ દર્શન કરવા જોઈએ, ખરાબમાં પણ સારું જોવાની વૃત્તિ હોય તો આ ગુણ આવે. કર્મવશ જીવોમાં વધતી - ઓછી ખરાબી, તેમ સારાપણું પણ રહેવાનું ગુણાનુરાગિતા તે સદ્‌ગુણોને પામવાનું અવંધ્ય બીજ છે. ગુણોની સાચા ભાવે અનુમોદના કરવાથી ગુણ પ્રાપ્તિ સહજ - સરલ બને છે. સમાધિ - સમતા આદિ સુંદર ભાવોની સિદ્ધિ ત્યારે જ શકય બને છે કે દુશ્મનમાં પણ ગુણને જુએ. ગુણ પામવા, ટકાવા અને વિકસિત કરવા આ ગુણાનુરાગિતા કેળવવી ખૂબ જ જરૂરી છે. જેનો આજે ચારે પ્રકારના શ્રી સંઘમાં જે અભાવ દેખાય છે. તે દુઃખદ વાત છે.

છઠ્ઠું કર્તવ્ય છે આગમ શ્રવણ - ઉપલક્ષણથી રોજ સદ્‌ગુરૂ મુખે શ્રી જિનવાણી શ્રવણ કરવું તે છે. આ મહાપર્વમાં મુખ્યતઃ શ્રી કલ્પસૂત્રનું શ્રવણ કરવું તે છે. જિનવાણી શ્રવણ એ તો શ્રાવકનો મુખ્યગુણ કહ્યો છે. કહ્યું પણ છે કે-

''જિનવાણી શ્રવણાદિ કે, તત્ત્વ વિચારે જેહ,
પરમાથ ધન વાપરે, શ્રાવક જાણો તેહ.''

શ્રવણથી શ્રદ્ધા નિર્મલ થાય, સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય, પરિણામે આશ્રવથી બચી, સંવરનું સેવન કરી આત્મા મોક્ષ સુખનો ભાગી થાય છે.

આ છ કર્તવ્યોને અદા કરનાર શ્રાવકનું જીવન એવું સુંદર હોય જેનું વર્ણન ન થાય. તે આત્મા શ્રી પર્યુષણા મહાપર્વનો સાર - પ્રાણ ક્ષમા ધર્મનું આ સેવન કરવામાં ઉજમાળ હોય ક્ષમાધર્મ તો એવો આત્માસાત્ કરે કે અપરાધીને પણ ક્ષમા આપવામાં નાનમ ન અનુભવે. ક્ષમા તો ગુણરત્નોની પેટી જેવી છે. ક્ષમા તો આત્મગુણોદ્યાનને સદૈવ લીલોછમ રાખનાર પાણીની નીક સમાન છે.

આ જગતમાં કોઈ જ મારો શત્રુ નથી. મારાં શત્રુ હોય તો મારાં જ કર્મો છે. બીજા તો નિમિત્ત માત્ર છે. બીજાના દોષો - ભૂલો જોવાથી બીજા પ્રત્યે દુર્ભાવ - દ્વેષ જન્મે છે. પણ હવે હું દોષ મારા અને ગુણ બીજાના જોઈ ક્ષમાધર્મનો આશ્રય કરીશ. ક્ષમા રૂપી સમતા મૃતનું પાન કરી, ક્ષમામાં સ્થિર બનીશ. જે ક્ષમાને આપે છે, કષાયોને ઉપશાન્ત કરે છે તે જ આરાધક છે. તો હું મારા આરાધકભાવોને તો જરૂર પેદા કરીશ. ગમે તેવા સંયોગો પેદા થાય, ગમે તેવી પરિસ્થિતિ પેદા થાય, ઉભી થાય તો ય ક્ષમા ભાવને ગુમાવીશ નહિ. ક્ષમા તો મારા આત્માનો અમૂલ્ય ખજાનો છે તેનું હું જતનથી સંવર્ધન અને સંરક્ષણ કરીશ.

આ રીતના આ પર્વની આરાધના કરી - કરાવી સૌ પુણ્યાત્માઓ આત્માની અક્ષયસ્થિતિ અને અનંતીગુણ લક્ષ્મીના સ્વામી બની પરમપદને પામનારા બનો તે જ મંગલભાવના.

● ● ●

## છે જ્ઞાન માર્ગ બહુ સારો

સીધો સ્હેલો પ્હોંચે વ્હેલો, કઠિન નિયમથી ન્યારો;
વાંકુ ચુંકુ વિણ નિષ્કંટકને, સંતોને બહુ પ્યારો.

આવ જાવ સંતોની થાતા, સાફ સદા રહેનારો;
સર્વ કાલમાં સહુ જગજનને સાચું સુખ દે'નારો.

મહાપાપ બળે, ત્રય તાપ ટળે, બતાવે મોક્ષના દ્વારો;
''जिनेन्द्र'' જગમાં જ્ઞાન માર્ગ વિણ, મુકિતનો કયાં આરો ?.

**કવિ નૃસિંહપ્રસાદ નારાયણ ભટ્ટ જામનગરી**

મહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯



# પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વનો પવિત્ર સંદેશ

- પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજ

દેવદુર્લભ માનવભવ એ ધર્મની આરાધના માટેનો સુઅવસર છે. ધર્મ એજ માનવજીવનનો પ્રાણ છે. જીવનની મહત્તા, ઉપયોગિતા એ ખરેખર સુંદર કોટિના આચાર-વિચારોને જીવનમાં જીવી જવા માટે છે. એમાં એ પર્વદિવસો એ તો ધર્મને દરરોજ નહિ આરાધી શકનારા આત્માઓ માટે વાસ્તવિક રીતે અમૂલ્ય ધન્ય ઘડી - પળો છે. પર્વ દિવસો અનેક છે. તેમાં વિશેષપણે ધર્મને જીવી જવાનો અણમોલ સંયોગ પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધનામાં રહેલો છે.

દુષ્કર્મના મર્મને ભેદનારૂં, આત્માને પવિત્ર બનાવનારૂં આના જેવું એકેય પર્વ નથી, આ માટે પર્વોનો શિરતાજ પર્વ મુકુટમણિ આ પર્વ છે. બાર મહિનાની ઉત્તમ જીવન ચર્યાનો કસોટીકાળ એ આ પર્યુષણ પર્વ છે. અમારિ પ્રવર્તન, સાધર્મિક વાત્સલ્ય, ક્ષમાપના, અઠ્ઠમનો તપ તથા ચૈત્યપરિપાટી - આ પાંચ કર્તવ્યો પર્વાધિરાજની આરાધના માટેના આવશ્યક કર્તવ્યો છે.

આંગણે આવેલા મોંઘેરા મહેમાનની જેમ પર્વાધિરાજનું સુંદર સ્વાગત કરવાને માટે આપણે સજાગ રહેવું જોઈએ, ધર્મની આરાધના કરવાને માટે આવો સુંદર યોગ વારંવાર મળવો અતિશય દુર્લભ છે. આજના સંસારમાં મ્હોટેભાગે આપણી આજુબાજુની પુણ્યાઈ પોકળ હોવાના કારણે દરેકે દરેક સંયોગ ક્ષણિક અસાર તથા પરિણામ કટુ સ્હેજે જણાઈ રહ્યા છે. આ સ્થિતિમાં વિવેકી આત્માઓએ ખૂબજ સાવધ બની પ્રાપ્ત સામગ્રીઓનો સદુપયોગ કરવાની જરૂર છે. એમાંજ જીવનની સફલતા રહેલી છે.

લક્ષ્મી - સંપત્તિ ચલ છે. શરીર એથી વધુ ચંચલ છે. અને સંસારના સ્નેહ સંબંધો કાચા સુતરના તાતણાં જેવા ક્ષુદ્ર છે.

સમજુ તથા કુશળ આત્માએ આ પરિસ્થિતિમાં સારી રીતે પોતપોતાના કર્તવ્યોના માર્ગે સંગિન પ્રવૃત્તિ પ્રગતિ આદરવી જોઈએ. પર્વદિવસોમાં આથીજ બની શકે તે રીતે સંપત્તિનો સદુપયોગ કરવા માટે સભાન રહેવું જોઈએ, અનેક પ્રકારના પાપાચરણોને મન વચન કાયાથી ત્યજી દેવાનો અભ્યાસ આ મહાપર્વના દિવસોમાં પ્રત્યેક ધર્માત્માએ અવશ્ય રાખવો જોઈએ.

આમ આડા દિવસોમાં કદાચ સાધર્મિક-ભક્તિ સાધર્મિક - વાત્સલ્ય જેઓ આચરી શકતા નથી, તેઓએ આ દિવસોમાં પોતાના જૈન ભાઈઓની ભક્તિ કરવા માટે દરેક રીતે ઉત્સુક રહેવું જોઈએ. જૈનકુળમાં જન્મ એ પૂર્વની મહાન પુણ્યાઈના યોગે પ્રાપ્ત થયેલ ઉત્તમ સામગ્રી છે. જૈનકુળમાં જન્મેલા કે જૈનધર્મની આરાધનાને પામેલો દરિદ્ર - નિર્ધન પણ આપણો સગો ભાઈ છે. સંસારમાં આ આત્માએ અનંત ભૂતકાળમાં અનંત સંબંધો કર્યા છે, પણ સાધર્મિકભાઈનો સંબંધ એણે મેળવો નથી. જગતમાં સાચુ સગપણ સાધર્મિકભાઈનું છે. ચક્રવર્તી, રાજા કે મહારાજા, શેઠ યા શ્રીમંત, આ બધાય કરતાંયે મહત્વનો સંબંધ સાધર્મિકભાઈ સાથેનો હોવો જોઈએ, ધન, પ્રતિષ્ઠા કે મોટાઈથી સામાને માપનારા ખરેખર આત્માઓ જગતમાં ઘણા મળી જશે પણ ગુણથી ધર્મથી સામાને માપનારા ખરેખર વિરલ આત્માઓ છે. એ વિરલની ગણનામાં ધર્માત્મા જરૂર હોવો જોઈએ, એને મન પોતાના સમાનધર્મી આત્મા પ્રત્યે અંતરમાં અનન્ય બહુમાનભાવ ભક્તિ તથા પ્રેમ ભારોભાર હોવા જોઈએ.

આજે પ્રત્યેક સાધનસંપન્ન ધર્માત્માની પહેલી ફરજ છે કે પોતાના જૈન ભાઈઓને જે મુશ્કેલીઓનો આજે સામનો કરવાને છે, તેમાં તેઓના ભાર હળવો કરવા તેઓને ધર્મની આરાધનામાં અનુકૂળતા રહે, સંસારમાં તેઓ સમાધિપૂર્વક જીવન જીવી શકે તે રીતે પોતાની સંપત્તિનો સદ્વ્યય કરવા ખૂબ ખૂબ કર્તવ્યશીલ બનવું પડશે જ્યાં સુધી એક પણ જૈન ભૂખ્યો હોય ત્યાં સુધી સાધનસંપન્ન શ્રીમંત જૈનને ભાણા પર બેસીને જમણા હાથે કોળીયો મોઢામાં મૂકવાનું દિલ કેમ થાય?

આજે દરેક રીતે વિવેકી સાધનસંપન્નોએ સાધર્મિક વાત્સલ્ય માટે પોત પોતાની ફરજને - કર્તવ્ય પાલનને અદા કરવા બનતું સઘળું કરવું જોઈશે તેજ રીતે ક્ષમાપના જેવા કર્તવ્યનું આરાધન કરવા પર્વાધિરાજના દિવસોમાં ધર્મશીલ આત્માઓએ જાગ્રત રહેવું જોઈએ. પોતાના અશુભ કે - દુષ્કર્મના ઉદયે કોઈપણ તરફથી કાંઈપણ ખરાબ થયું હોય તો પણ જૈન દર્શનના કર્મવાહનાં તત્વજ્ઞાનને શ્રદ્ધાપૂર્વક સ્વીકારનાર ધર્મશીલને કોઈના પ્રત્યે રોષ હૃદયનો ડંખ કે દ્વેષ નજ હોવો જોઈએ, સારૂં થાય છે તે ધર્મના પ્રભાવે અને

ખરાબ થાય છે તે અશુભના ઉદયથી, આ સ્થિતિમાં વિવેકી આત્માએ કોઈ પ્રત્યે વૈરવૃત્તિ રાખવાની હોયજ શાની ? ને કદાચ કોઈપણ સંયોગવશાત કોઈપણ પ્રત્યે દ્વેષ, રોષ કે ક્રોધ થઈ ગયો હોય તો પણ પર્વાધિરાજના દિવસોમાં એ કષાયના આમળાને દૂર કરી નિઃશલ્ય બનવું જોઈએ. ક્ષમાએ તો ધર્મનો સાર છે. હૃદયની સરળતાથી અંતરની પવિત્ર ભાવનાથી નિઃશલ્ય બનીને જગતના સર્વ જીવોને ખમાવી જાતને નિષ્પાપ બનાવવી એ આરાધનાની સાચી ચાવી છે. આ રીતે અઠ્ઠમનો તપ પર્વાધિરાજની આરાધના માટે કર્મના મલને ટાળીને તૃષ્ણાને પ્રાપ્ત કરવા કરવા માટે જરૂરી છે. તપ એ ખરેખર જીવનમાં સંયમ તથા સાદાઈનો પાઠ આપી જાય છે. સહનશીલ બનવાની આત્માને પ્રેરણા આપનાર તપ ધર્મની આજે આવશ્યકતા છે. દરરોજ નાનામાં નાનો તપનો અભ્યાસ હોવો જીવનને સંયમી બનાવવા માટે જરૂરી છે. આજના ખોટા ખર્ચાઓ ઉડાઉપણું તથા બેકારીને ઉગતા ડામવા માટે તપધર્મનો સદાચાર જીવનમાં ઉતારવાની જરૂર છે. બાર મહિનામાં દુષ્કર્મોના કચરાને ભસ્મીભૂત કરવા માટે આ તપની આરાધના કરવી અતિ આવશ્યક છે. 'ચૈત્ય પરિપાટી'' પણ પર્વાધિરાજની આરાધના નું મહત્વનું અંગ છે. શ્રી જિનમંદિરોના દર્શન, વંદન આદિથી દર્શનાચાર ગુણની નિર્મલતા પ્રાપ્ત થાય છે. સાથે સાથે શ્રી જિનમંદિરોના કે ધર્મની આરાધનાના આવશ્યક આલંબનોની પવિત્રતા જળવાઈ રહે તે માટે તન - મન ધનથી પર્વાધિરાજની આરાધના કરનારે જાગ્રત રહેવું આવશ્યક છે. બાર મહિને એક વખત આવતા જતા આ મહાપર્વના પવિત્રતમ દિવસો આપણા આત્માને નિર્મલ બનાવવાને આંગણે આવનારી ગંગામૈયા છે. તેના આરાધનારૂપ નિર્મલ શિતળ સ્વાદુજળમાં સ્નાન કરીને આત્માનામલને ખાળવા સૌ કોઈ ધર્મશીલ સહૃદય આત્માઓ અવશ્ય તત્પર બનશે અને પર્વાધિરાજના આ પવિત્ર સંદેશને જીવનમાં જીવી જશે.

એજ...

શુભ અભિલાષા.....

■ ■ ■

# પર્યુષણાનો પ્રાણ : કષાય મુકિત - હૃદય શુદ્ધિ.

- અ. સૌ. અનિતા આર. શાહ

**આ** મનુષ્યભવ એ ધર્મની આરાધના કરવા માટે છે. કર્મસંયોગે જે પુણ્યાત્માઓ રોજ ધર્મની આરાધના કરી શકતા નથી તેમના માટે મહાપુરૂષોએ પર્વની વ્યવસ્થા કરી છે. રોજ ધર્મની આરાધના નહિ કરી શકનારો પર્વ દિવસોમાં તો સારી - સાચી આરાધના કરી આત્મ કલ્યાણનો ભાગ બની શકે છે. દરેકે દરેક પર્વમાં શ્રી પર્યુષણા મહાપર્વ જેવું ઉત્તમ બીજું એક પણ પર્વ નથી. આ પર્વ એ અધ્યાત્મનું પવિત્રતમ અનુષ્ઠાન છે. પોતાના આત્માને પાવન બનાવનારી પુનીત ગંગા છે. આ પર્વ કે જૈન ધર્મનું કોઈપણ પર્વ મોજ - મજાનું સાધન નથી પણ તપ અને ત્યાગનું શરણાઈ વાદન છે. ક્ષમા પ્રદાનનો અપૂર્વ સુવર્ણ અવસર છે. એક બીજા પ્રતિ સમર્પિત થવાની સુંદર પ્રક્રિયા છે. જયાં વૃદ્ધ પણ બાલકની પ્રત્યે વિનમ્ર બની સાચા ભાવે સહૃદયતાથી ક્ષમાયાચના - ક્ષમા પ્રદાન કરે છે. કોઈને ભેટવું, ગળે લગાડવું કે પ્રેમ આપવો તે સરલ છે. પણ અજાણતા પણ થયેલી ભૂલોની સાચા ભાવે ક્ષમા માગવી - આપવી તે જ કઠીનમાં કઠીન કામ છે. જે વિનમ્ર બન્યા વિના શકય નથી.

ક્ષમાની અનેરી લિજ્જત મૌનથી આવે છે. મૌન રહેવાથી કોઈની પણ સાથે રાગ-દ્વેષાદિના કટુ પ્રસંગો પેદા થતા નથી. રાગ-દ્વેષાદિનું કારણ વાણી પણ છે. બે બોલે તેને ચાર ન સંભળાવે તો શાંતિ જ ન વળે તેના રાગ-દ્વેષ જોરમાં છે તેમાં નવાઈ છે ! બોલે જ નહિ તો કટુતાનો પ્રસંગ કયાંથી ઉભો થાય મૂળથી જ જડ નાશ કરાય તો ઉત્પત્તિ કયાંથી થાય ! પર્યુષણાના આઠ દિવસ મૌન રહેવાથી ઘણો જ આત્મિક આનંદ અનુભવાશે. રોજ પણ ઓછામાં ઓછું એક કલાક મૌન રહેવાથી આત્મિક બળ વધશે. મૌનને મુનિપણાનું કારણ પણ કહ્યું છે. આ મહાપર્વનો આજ સંદેશ છે કે મનની બધી વૃત્તિઓને મૌન કરી દો તો મનને જે અપૂર્વ સુખ - શાંતિ - સમાધિનો અનુભવ થશે તે વચનાતીત હશે.

**કષાય મુકિત અને હૃદય શુદ્ધિ તે જ આ પર્વનો પ્રાણ છે.** આ પ્રાણને જીવંત બનાવવા હોય તો જેની પણ સાથે '' કોઈ પણ કારણે વૈરની ગાંઠ બંધાઈ હોય તેને નિર્મૂળ કરી નાખવી. લૌકિક તહેવાર જેવો આ તહેવાર નથી પણ આ તો જીવન શુદ્ધિનું વિધાન છે. તપ-ત્યાગની આરાધના કરવામાં આવે પણ મનમાંથી કષાય ન નીકળ્યા, કષાયથી મુકત ન થયા તો જીવનમાં સાચી સવાર નહિ ઉગે. મનને છલ - પ્રપંચ કષાયથી મુકત કરીશું તો જ સાચી ક્ષમાપના થશે. બધાની સાથે સરળ - નિખાલસ ભાવે વૈરભાવથી મુકત થઈ સાચા ભાવે આ પર્વની આરાધના કરી-કરાવી સૌ પુણ્યાત્મા આત્માના સંવેગ - સમકિત ગુણને પામી, આત્મગુણોમાં રંજન કરનારા બની પ્રશાન્ત ભાવને પામી, ક્ષમાનું પરમફળ પરમપદને પામનારા બનો તે જ હૈયાની મંગલ કામના.

# વેરથી વિનાશ, વાત્સલ્યથી વિકાસ

-પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂ. મ. -ભાભર

**સં**સારના આ સાગરમાં કદીક વાત્સલ્યનો વાયુ વહેતો હોય છે, તો કયારેક વેરના વેગીલા વાવાઝોડા પણ ફુંકાતા હોય છે. વેરના પ્રચંડ વાવાઝોડા વચ્ચે એની સામે મક્કમ મુકાબલો કરી લઈને કાળજાના કોડિયે ઝગમગતી ક્ષમા-જ્યોતનું જે જતન કરી જાણે છે, એ કેવો વિકાસ સાધી શકે છે, અને આ વાવાઝોડાને વશ થઈ જઈને જે પોતાની 'ક્ષમા-જ્યોત'ને બૂઝાઈ જવા દે છે, એ વિનાશની કેવી ખતરનાક ખીણમાં ફેંકાઈ જાય છે. એનું હૂબહૂ ચિત્ર આપણે સમરાદિત્ય-કથા દ્વારા જોઈ શકીએ છીએ.

૧૪૪૪ ગ્રંથોના સર્જક યાકિની મહત્તરા સૂનુ પૂ. આચાર્ય ભગવન્ત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનું જૈન જગતમાં જેવું આરાધ્ય સ્થાન - માન છે, એવું જ સ્થાન-માન એઓશ્રીએ રચેલ સમરાઈચ્ચ મહા-કથાનું પણ છે. આ મહાકથાના સર્જન પાછળ એક વ્યથા સમાયેલી છે. આ વ્યથાની કથાથી તો લગભગ સહુ સુપરિચિત જ હશે ! પોતાના પ્રિય શિષ્યો હંસ-પરમહંસના મૃત્યુ-દુઃખની વેરની વસૂલાત લેવા શ્રી હરિભદ્રસૂરિજીએ જ્યારે સુરપાળ રાજાની સભાને પડકારી, વાદ-વિવાદ શરૂ થયો, પરાજિત જાહેર થયેલા છ છ બૌદ્ધ ભિખ્ખુઓ શરત મુજબ ઊકળતા તેલ કુંડમાં હોમાઈ ગયા, છતાંય ધગધગતી રહેલી વેરની એ વેદીએ વધુ બલિદાન માટે રાડ નાખી, ત્યારે એક સંદેશો વાદળ બનીને વરસી ગયો, જેથી વેરની એ વેદી બુઝાઈ ગઈ અને વેરનાં એ વેરાનમાં વાત્સલ્યની વનરાજી ખીલી નીકળી. આ સંદેશો એટલે જ સમરાદિત્ય કથા !

વેરના પનારે પડીને અગ્નિશર્માએ નોતરેલા દુઃખોની દર્દીલી દુનિયા અને વાત્સલ્યની વાટે વાટે આગે બઢીને ગુણસેન રાજાએ સર કરેલી સુખોની સોહામણી સૃષ્ટીઓનું સ્મરણ થતાં જ શ્રી હરિભદ્રસુરિજીનું અંતર પશ્ચાતાપની તીવ્ર વ્યથાથી વલોવાઈ ગયું અને ૧૪૪૪ ગ્રંથ સર્જનનાં શ્રી ગણેશ એઓશ્રીએ સમરાદિત્ય કથાથી માંડયા.

આત્મ-વિકાસના ક્રમમાં વેર-વિસર્જનનું મહત્વ ખૂબ જ અગત્યનું છે. ધર્મબીજનાં વાવેતર માટે કાળજાની ધરતી કોમળ હોવી આવશ્યક છે. કાળજાને કઠોર બનાવતું તત્ત્વ ક્રોધ છે. ક્રોધના ધોધમાંથી જ વિરોધની વીજળી પેદા થાય છે. વિરોધની આ વીજળીને નાથવામાં ન આવે, તો એ બોધબીજને બાળી નાખે છે અને બોધબીજ બળી જતાં પછી વિકાસનું વૃક્ષ તો ધરાશાયી બની જ જાય, એ દેખીતી વાત છે. આમ ધર્મબીજનો વિનાશક ક્રોધ છે. તો ધર્મ બીજનો સર્વતોમુખી વિકાસ ક્ષમાને આભારી છે.

ચાર કષાય-સ્વરૂપ પાપનું પહેલું પગથિયું ક્રોધ છે, તો દશ પ્રકારના સંયમ ધર્મ - સ્વરૂપ પુણ્યનો પ્રારંભ ક્ષમાથી થાય છે.

કષાયો કાબૂમાં રહે, એ માટે આપણી આસપાસ કિલ્લેબંધી ઊભી કરવાના કીમિયા, આપણે માટે શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે. દેવસી, રાઈ, પક્ખી, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણઃ આ પાંચ કિલ્લાઓ વચ્ચે આપણે રહીએ, તોય આપણું સંરક્ષણ થઈ જાય ! વેરના વાવંટોળ વચ્ચે ય માનસિક સમતુલા બરાબર જાળવી રાખે, એ વિભૂતિ તો ધન્ય છે ! પણ અનાદિની અવળી ચાલે ચાલવાને ટેવાયેલા સામાન્ય સંસારી માટે ક્રોધની ક્ષણોમાં જીભને અને જિગરને સમતોલ રાખવા અઘરાં છે, અશકય તો નથી જ ! ક્રોધને જીતવાને બદલે જે ક્રોધથી જિતાઈ જાય, એના માટે તો આ કિલ્લેબંધીની અનિવાર્ય આવશ્યકતા છે. બને તો ક્રોધની ક્ષણમાં જ 'મિચ્છા મિ દુક્કડં'નું કવચ પહેરી લઈને કિલ્લામાં સુરક્ષિત થઈ જવું જોઈએ, તદુપરાંત સાંજ-સવારના પ્રતિક્રમણ દ્વારા ક્રોધને કાબૂમાં લેવો જોઈએ. એય ન બની શકે તો પાક્ષિક પ્રતિક્રમણ દ્વારા શુદ્ધ બનવું જોઈએ. પખવાડિયે પણ જે શુદ્ધ ન થયો, એણે ચોમાસી પ્રતિક્રમણ દ્વારા વેરવિસર્જન કરી લેવું રહ્યું. આ તકને પણ જે વધાવી ન શકે, એણે સંવત્સરી પ્રતિક્રમણ દ્વારા તો ક્રોધનો ત્યાગ કરી દેવો જ રહ્યો. રે ! છેવટે મૃત્યુ ટાણે તો એણે પોતાના તમામ વેર - વિરોધ વીસરી જઈને **'મિત્તી મે સવ્વભૂએસુ'** નો કોલ પ્રાણી માત્રને આપવો જ જોઈએ !

આ શાસ્ત્રીય કિલ્લેબંધીમાં રહીને જે ક્રોધજયની તાલીમ લે, એ એક દાહડો અવશ્ય વીર બનીને 'કષાય-વિજેતા' બની શકે. ક્રોધને જે કાબૂમાં લઈ શકે, એના માટે પછી માનને મારવું, માયાને મહાત કરવી અને લોભને લપડાક મારીને કષાય-મુક્તિ મેળવવી આસાન વાત બની જાય છે.

કહેવું હોય તો કહી શકાય કે, કષાય-મુક્તિ એ જૈન દર્શનની તમામ ક્રિયાઓ અને પ્રક્રિયાઓનું પરમ અને ચરમ ધ્યેય છે. માટે જ એવી એક આર્ષવાણી છે કે, **કષાય મુક્તિ : કિલ મુક્તિરેવ !** પર્વાધિરાજ શ્રી પર્યુષણનો પ્રભાવ કોઈ પણ જૈનની આગળ કહેવા બેસીએ, તો એ મા આગળ મોસાળની મહત્તા વર્ણવવા જેવું હાસ્યાસ્પદ ગણાય. આવા પર્વાધિરાજના પાયામાં પણ વેરનું વિસર્જન અને ધર્મ-સ્નેહનું સર્જન : આ જ બે મુખ્ય ઉદ્દેશો ધરબાયા નથી શું ?

વામનમાંથી વિરાટ બનેલી વિરલ વિભૂતિઓથી ભરીભરી ઈતિહાસની ઈમારતમાં પ્રવેશ કરીશું તોય એ જણાયા વિના નહિ રહે કે, વિનાશની અંધાર-ઘેરી ખીણમાંથી વિકાસના પ્રકાશભર્યા શિખરે પહોંચવામાં આ વિભૂતિઓને 'ક્રોધ-જયે' કંઈ ઓછી મદદ કરી નહોતી ! ત્રિલોકગુરૂ ભગવાનશ્રી મહાવીરદેવના ચરણે ઝેર ભર્યો ડંખ દેનારા ચંડકૌશિક નાગને, દેવલોકની દુનિયામાં પ્રવેશ કરાવનાર આ ક્રોધ-જય જ હતો. મહાસાધ્વી મૃગાવતીજીને 'કેવળજ્ઞાન' આપનાર કોણ હતું ? ખૂની દ્રઢપ્રહારીને મુનિ-જીવનની સફળતા કોણે બક્ષી ? ચામડી ચીરનાર જલ્લાદોને, મિત્રભાવે નિહાળનારી નજર ખંધકમુનિને કોણે આપી ?

ક્રોધ-જયની આવશ્યકતા અંગે આટલી ભૂમિકા બાંધ્યા પછી હવે આપણે સમરાદિત્ય-કથાનાં મુખ્ય બે પાત્રો ગુણસેન અને અગ્નિશર્માના જીવનમાં ડોકિયું કરીએ:

જાણતાં - અજાણતાં વેરના વાવેતર થઈ જાય, એક તરફથી મિચ્છા મિ દુક્કડં દ્વારા વેરનું વિસર્જન પણ થઈ જાય, છતાં સામો પક્ષ વેર વિસર્જવા તૈયાર ન થાય, તો આવું એક પખું વેર પણ ક્ષમાના સાધકની સાધનામાં કેટકેટલા ખતરાભર્યા ખડકો અને અવરોધો ઊભા કરે છે, એ આપણે સમરાદિત્ય-કથામાંથી જોઈ જાણી શકીએ છીએ.

રાજકુમાર ગુણસેનમાં રહેલી કુતૂહલવૃત્તિ અગ્નિશર્માના પ્રથમ દર્શને નાચી ઊઠી. આ પછી રાજકુમાર રમતે ને ગમતે ચડતો જ ગયો, એમ અગ્નિશર્માના અંતરમાં વેરનું વવાયેલું બીજ પણ પાંગરતું જ ગયું. ગુણસેનના દિલમાં શત્રુતા નહોતી, કુતૂહલ હતું, પણ અગ્નિશર્માએ તો ગુણસેનને પોતાનો કટ્ટર-શત્રુ માન્યો અને એક દહાડો દેશત્યાગ કરીને એ ચાલતો થયો. એણે ભગવા ધર્યા અને મહિના-મહિનાના ઉપવાસ કરતો એ મહા-તપસ્વી તરીકે વિખ્યાત બન્યો.

વર્ષો પછી રાજકુમાર ગુણસેન રાજા બન્યો. એક દહાડો એ બીજા રાજ્યમાં ફરવા નીકળ્યો. અગ્નિશર્માના તપથી આકર્ષાઈને એ વંદના માટે ગયો, ને ઉપવાસનો મહિનો પૂરો થાય, પછી પારણા માટે આમંત્રણ આપી આવ્યો, પણ અણધાર્યું વિઘ્ન આવતાં પારણું નિષ્ફળ ગયું ને તપસ્વી અગ્નિશર્મા શાંતભાવે પાછો ફર્યો. આવું બે વખત બન્યું, ત્યાં સુધી તો અગ્નિશર્મા પોતાની ક્ષમા-જ્યોતને જાળવી શક્યો, પરંતુ પછીના મહિનાનુંય પારણું જ્યારે નિષ્ફળ ગયું, ત્યારે તપસ્વીને ગુણસેનનું રાજકુમાર તરીકેનું પેલું જીવન અને પોતાના પર વીતેલી વ્યથાભરી વાતો સાંભરી આવી. આ બધું યાદ આવતાં જ વેરનું બીજ વડલા તરીકે વિસ્તરી ગયું અને અંતે ક્ષમા યાચતા ગુણસેનને ખમાવ્યા વિના જ અગ્નિશર્મા વેરની વણઝાર લઈને મૃત્યુ પામ્યો.

એકપખા વેર-વિરોધના યુદ્ધ અંગામ હવે આરંભાયા. આ પછી વેરના વાવાઝોડા વચ્ચે પણ પોતાની ક્ષમા-જ્યોતને જાળવતા અને એને વધુ ને વધુ ઝળકાવતા મહામના ગુણસેન સમરાદિત્ય તરીકેનો છેલ્લો જન્મ પામ્યા, ત્યાં સુધી મનુષ્ય તરીકેના ભવોમાં અગ્નિશર્મા એમની સામે મોતનો મોરચો માંડીને, વેરની વસૂલાત લેતો જ રહ્યો, એકે વેર વાળવામાં કમીના ન રાખી, તો બીજાએ સહિષ્ણુ બનીને વાત્સલ્ય વરસાવવામાં આગળ પાછળનો વિચાર ન કર્યો ગુણસેન ક્ષમાના સથવારે સથવારે અનેકવાર સ્વર્ગીય સુખો પામીને અંતે સમરાદિત્ય કેવળી બન્યા, જ્યારે અગ્નિશર્મા વેરના પનારે પડીને નરકના અગણિત દુઃખો સહતો અનંત સંસારમાં રઝળપાટ નક્કી કરી ગયો. ગુણસેનથી માંડીને સમરાદિત્ય તરીકેના

અનુસંધાન પાના નં ૨૦ ઉપર

# જ્ઞાનગુણગંગા

-પ્રજ્ઞાંગ

**શ્રી જૈન શાસ્ત્ર પ્રમાણે સંખ્યાત - અસંખ્યાત - અનંતનું માપ :**
('દ્રવ્ય લોક પ્રકાશ'ના આધારે)

**અં**ગુલનું માપ : ત્રણ પ્રકારનાં અંગુલ કહ્યા છે. (૧) ઉત્સેધાંગુલ, (૨) પ્રમાણાંગુલ અને (૩) આત્માંગુલ.

**(૧) ઉત્સેધાંગુલ : ક્રમે કરીને વૃદ્ધિ પામે તે ઉત્સેધાંગુલ.** સુક્ષ્મ અને વ્યવહારિક એમ બે પ્રકારનાં પરમાણું છે.

વ્યવહારનયથી - અનન્ત સૂક્ષ્મ પરમાણુઓનો એક વ્યવહારિક પરમાણું બને. આ પણ એટલો સૂક્ષ્મ હોય છે કે તીવ્ર શસ્ત્ર વડે પણ એનાં બે ટુકડા થઈ શકતા નથી.

નિશ્ચયનયથી - વ્યવહારનયથી જે એક પરમાણું કહેવાય તે જ નિશ્ચયનયનો સ્કંધ કહેવાય છે. અનંત અણુઓનો બનેલો હોવાથી અને અત્યંત સૂક્ષ્મ હોવાથી.

| | | |
|---|---|---|
| અનંત વ્યવહારિક પરમાણુઓ | = | ૧ ઉશ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય. |
| ૮ ઉચ્છ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા | = | ૧ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા. |

(આ શ્રી ભગવતીજી સૂત્ર આદિનો અભિપ્રાય છે.)
*(જીવસમાસમાં અનંત ઉચ્છ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા = ૧ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા કહી છે. તત્ત્વ કેવલિગમ્ય છે.)*

| | | |
|---|---|---|
| ૮ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા | = | ૧ ઉર્ધ્વ રેણુ |
| ૮ ઉર્ધ્વ રેણુ | = | ૧ ત્રસ રેણુ |
| ૮ ત્રસ રેણુ | = | ૧ રથ રેણુ |
| ૮ રથ રેણુ | = | કુરુક્ષેત્રના યુગ્મિનો ૧ વાલાગ્ર. |
| ૮ કુરુક્ષેત્રના યુગ્મિના વાલાગ્ર | = | હરિવર્ષ - રમ્યક્ક્ષેત્રના યુગ્મિનો ૧ વાલાગ્ર. |
| ૮ હરિવર્ષ - રમ્યક્ક્ષેત્રના યુગ્મિના વાલાગ્ર | = | હૈમવત અને હરિણ્યવત ક્ષેત્રના યુગ્મિનો ૧ વાલાગ્ર. |
| ૮ હૈમવત અને હિરણ્યવત | = | પૂર્વાપર મહાવિદેહના |
| ૮ પૂર્વાપર મહાવિદેહના મનુષ્યનાં વાલાગ્ર | = | ભરત-ઐરાવત ક્ષેત્રના મનુષ્યનો વાલાગ્ર. |
| ૮ ભરત-ઐરાવત ક્ષેત્રના મનુષ્યના વાલાગ્ર | = | ૧ લીખ. |

(આ અભિપ્રાય 'સંગ્રહણી બૃહદ્વૃત્તિ' અને 'પ્રવચન સારોદ્ધાર' વૃત્તિનો છે. 'જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ સૂત્ર'ની વૃત્તિના અભિપ્રાયે તો પૂર્વ - પશ્ચિમવિદેહના મનુષ્યના ૯ વાલાગ્ર = ૧ લીખમાન કહ્યું છે.)

| | | |
|---|---|---|
| ૮ લીખ | = | ૧ યૂકા (જૂ). |
| ૮ યુકા | = | ૧ યવ. |
| ૮ યવ | = | ૧ ઉત્સેધ અંગુલ. |

**(૨) પ્રમાણ અંગુલ** - (i) ઉત્સેધાંગુલથી ચારસો (૪૦૦) ગણો લાંબો અને અઢી (૨।।) ગણો જાડો (પહોળો) એક **પ્રમાણાંગુલ** થાય

ઉત્સેધાંગુલથી ૫૦૦ ધનુષ્યની ઊંચાઈ વાળા પ્રથમ તીર્થપતિ શ્રી યુગાદિદેવ કે ભરતચક્રીના જે આત્માંગુલ તે જ એક પ્રમાણાંગુલ કહેવાય.

યુગાદિ દેવ ઉત્સેધાંગુલે ૫૦૦ ધનુષ્ય ઊંચા હતા અને આત્માંગુલે ૧૨૦ આંગળા ઊંચા હતા.

| | | |
|---|---|---|
| ૧ ધનુષ્ય | = | ૯૬ ઉત્સેધાંગુલ |
| ૫૦૦ ધનુષ્ય | = | ૪૮૦૦૦ ઉત્સેધાંગુલ (૫૦૦ × ૯૬) |
| ૪૦૦ ઉત્સેધાંગુલ | = | ૧ પ્રમાણાંગુલ. |
| ૪૮૦૦૦ ઉત્સેધાંગુલ | = | ૧૨૦ પ્રમાણાંગુલ (૪૮૦૦૦ ÷ ૧૨૦ = ૪૦૦) |

૧૨૦ પ્રમાણાંગુલ એટલા ૫૦૦ ધનુષ્યની ઊંચાઈવાળા શ્રી યુગાદિ દેવના આત્માંગુલ થાય.

(ii) કેટલાક સ્થળે એમ કહ્યું છે કે ઉત્સેધાંગુલથી એક હજાર ગણો (૧૦૦૦) હોય તે પ્રમાણાંગુલ. તે એક આંગળની પહોળાઈવાળી દીર્ઘ શ્રેણિની વિવક્ષાએ કહેલ છે.

૪૦૦ આંગળ લાંબી અને અઢી (૨।।) આંગળ પહોળી શ્રેણી હોય એની એક આંગળ પહોળાઈવાળી લંબાઈ એક હજાર આંગળ થાય.

જેમ ચાર આંગળ લાંબો અને અઢી આંગળ પહોળો (૪×૨।। = ૧૦) પટ હોય તેના એક એક આંગળ પહોળા લીરા કરીએ તો દશ આંગળ લંબાઈમાં થાય.

**(૩) આત્માંગુલ :** જે કાળમાં જે પુરૂષનાં પોતાના આત્માંગુલથી ૧૦૮ અંગુલની ઊંચાઈ હોય તે તેનું આત્માંગુલ ગણાય.

પરંતુ ૧૦૮ અંગુલથી ન્યુનાધિક હોય તો તે 'આત્માંગુલાભાસ' ગણાય. આ પ્રમાણે 'પ્રવચન સારોદ્ધાર' અને પ્રજ્ઞાપના'નો અભિપ્રાય છે.

મતાંતરે

| | | |
|---|---|---|
| ૧ યોજન ઉત્સેધાંગુલ | = | ૪૦૦ યોજન પ્રમાણાંગુલ. |
| ૧ યોજન ઉત્સેધાંગુલ | = | ૧૦૦૦ યોજન પ્રમાણાંગુલ |
| ૧ યોજન ઉત્સેધાંગુલ | = | ૧૦ કોશ પ્રમાણાંગુલ |

(શ્રી અનુયોગ દ્વારની ચૂર્ણિમાં આ ત્રીજો મત સ્વીકાર્યો છે.)

આ ત્રણે અંગુલોનું પ્રયોજન :

ઉત્સેધાંગુલથી સર્વપ્રાણીઓના શરીર મપાય.

પ્રમાણાંગુલથી પર્વત - પૃથ્વી આદિ શાશ્વતપદાર્થો છે તે મપાય.

આત્માંગુલથી વાવ - કુવા - તળાવ, નગર - કિલ્લા - ઘર, વસ્ત્ર - પાત્ર - આભૂષણ, શય્યા, શસ્ત્ર વગેરે કૃત્રિમ પદાર્થો અને બધી ઈન્દ્રીયોના વિષયો મપાય.

આ ઉત્સેધાંગુલ, પ્રમાણાંગુલ અને આત્માંગુલના દરેકના પણ ત્રણ પ્રકાર છે. (૧) સૂચી અંગુલ, (૨) પ્રતરાંગુલ અને (૩) ઘનાંગુલ.

**(૧) સૂચી અંગુલ** - એક પ્રદેશ જાડી - પહોળી તથા એક આંગળ લાંબી એવી 'આકાશ પ્રદેશની શ્રેણી' ને સૂચી અંગુલ કહે છે. વાસ્તવમાં તો એના અસંખ્ય પ્રદેશ હોય છે. પણ સમજવા માટે તેના ત્રણ પ્રદેશ માનીએ.

**(૨) પ્રતરાંગુલ** - સૂચી અંગુલ ને સૂચી અંગુલ વડે ગુણવાથી 'પ્રતરાંગુલ' થાય. તેના સમાન લંબાઈ, પહોળાઈ વાળા નવ પ્રદેશ થાય. ૩×૩ = ૯.

**(૩) ઘનાંગુલ** - પ્રતરાંગુલને સૂચી અંગુલથી ગુણવાથી 'ઘનાંગુલ' થાય. જેમ કે ૯ × ૩ = ૨૭ એમની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ એક સરખી જ હોય.

આ પ્રાસંગિક વાત થઈ, હવે પાછા મૂળ બાબત જોઈએ.

| | | |
|---|---|---|
| ૬ ઉત્સેધાંગુલ | = | ૧ પાદ. |
| ૨ પાદ | = | ૧ વેંત. |
| ૨ વેંત | = | ૧ હાથ. |
| ૨ હાથ | = | ૧ કુક્ષિ. |
| ૨ કુક્ષિ | = | ૧ દંડ, ૧ ધનુષ્ય, ૧યુગ, રથની ધૂસરી. ૧-મુસલ- સાંબેલું. ૧ નાલિકા. (કમળનો દંડ) |

અથવા

૯૬ અંગુલ = ૧ દંડ, ૧ ધનુષ્ય, ૧ યુગ, ૧ મુસલ, ૧ નાલિકા. (૨×૨×૨×૨×૬=૯૬)

| | | |
|---|---|---|
| ૪ હાથ | = | ૧ ધનુષ્ય. |
| ૨૦૦૦ ધનુષ્ય | = | ૧ કોસ. |
| ૪ કોસ | = | ૧ યોજન. |

આ યોજન પણ ઉત્સેધ, પ્રમાણ, આત્માંગુલ પ્રમાણે જાણવો. પાદ આદિ તે પ્રમાણે યોગ્ય રીતે જોડવા.

'પ્રમાણાંગુલ'ને માપે જે યોજન થાય એવા અસંખ્યાત કોટા કોટિ યોજનોનો એક રજ્જૂ એટલે એક રાજ લોક થાય.

'સ્વયંભૂરમણ' સમુદ્રની પૂર્વ અને પશ્ચિમ (બે) વેદિકાઓ વચ્ચે જે અંતર છે તેટલું એક રજ્જા - રાજનું માપ થાય છે.

---

લોકમાં જે માપ ગણાય છે તે આ છે.

| | | |
|---|---|---|
| ૮ યવ | = | ૧ આંગળ. |
| ૨૪ આંગળ | = | ૧ હાથ. |
| ૪ હાથ | = | ૧ દંડ. |
| ૨૦૦૦ દંડ | = | ૧ કોશ. |
| ૪ કોશ | = | ૧ યોજન. |
| ૧૦ હાથ | = | ૧ વાંસ. |
| ૨૦ વાંસ | = | ૨૦૦ હાથ=૧ નિવર્તન. |
| ૪ હાથ+૧નિવર્તન (૨૦૪ હાથ) | = | ૧ ક્ષેત્ર |

---

**સંખ્યા** - એકમ - દશક - શતક - સહસ્ર - દશ સહસ્ર - લાખ - દશ લાખ - ક્રોડ - દશક્રોડ - અબજ - દશ અબજ - ખર્વ - નિખર્વ - મહાપદ્મ - શંકુ - જલધિ - અન્ત્ય - મધ્ય અને પરાર્ધ્ય.

આ સર્વ સંજ્ઞા ઉત્તરોત્તર દશ ગણી સમજવી.

## સમયાદિનું માપ

| | | |
|---|---|---|
| નિર્વિભાજ્યકાલ પ્રમાણ | = | ૧ સમય. |
| ૯ સમય | = | ૧ જઘન્ય અન્તમુહૂર્ત. |
| જઘન્ય યુકત અસંખ્ય સમય | = | ૧ આવલી. |
| ૨૫૬ આવલી | = | ૧ ક્ષુલ્લકભવ |
| ૨૨૨૩ $\frac{૧૨૨૯}{૩૭૭૩}$ આવલી | = | ૧ ઉચ્છ્વાસ કે નિઃશ્વાસ. |

૪૪૪૬ ૨૪૫૮/૩૭૭૩ આવલી = ૧ પ્રાણ કે શ્વાસોચ્છ્વાસ.
સાધિક ૧૭।। ક્ષુલ્લકભવ

૭ પ્રાણ = ૧ સ્તોક.
૭ સ્તોક = ૧ લવ.
૩૮।। લવ = ૧ ઘડી.
૨ ઘડી કે ૭૭ લવ અથવા = ૧ મુહૂર્ત.
૬૫૫૩૬ ક્ષુલ્લકભવ
સમયોન ૨ ઘડી = ૧ ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત.
૩૦ મુહૂર્ત = ૧ દિવસ.
૧૫ દિવસ = ૧ પક્ષ.
૨ પક્ષ - ૩૦ દિવસ = ૧ માસ.
૨ માસ = ૧ ઋતુ.
૩ ઋતુ-૬ માસ(૧૮૩દિવસ)= ૧ અયન.
૧૨ માસ - ૨ અયન = ૧ વર્ષ.
૫ વર્ષ = ૧ યુગ.
૨૦ યુગ = ૧૦૦ વર્ષ.
દશ સો વર્ષ = ૧૦૦૦ વર્ષ.
સો હજાર વર્ષ = ૧૦૦,૦૦૦-એક લાખ વર્ષ.

આ સંખ્યા પછી **શીર્ષ પ્રહેલિકા** સુધી જે અંકોની સંખ્યા આવે તે અનુક્રમે ૮૪ લાખ આંકડાથી ગુણવો.

તે આ પ્રમાણે -

૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ.
૮૪ લાખ પૂર્વાંગ = ૧ પૂર્વ.
(૭૦ ક્રોડ ૫૦ લાખ ક્રોડ ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષ = ૧ પૂર્વ)
૮૪ લાખ પૂર્વ = ૧ ત્રુટિતાંગ.
૮૪ લાખ ત્રુટિતાંગ = ૧ ત્રુટિત.
૮૪ લાખ ત્રુટિત = ૧ અડ ડાંગ.
૮૪ લાખ અડ ડાંગ = ૧ અડડ
૮૪ લાખ અડડ = ૧ અવવાંગ.
૮૪ લાખ અવવાંગ = ૧ અવવ.
૮૪ લાખ અવવ = ૧ હૂહૂકાંગ.
૮૪ લાખ હૂહૂકાંગ = ૧ હૂહૂક.
૮૪ લાખ હૂહૂક. = ૧ ઉત્પલાંગ.
૮૪ લાખ ઉત્પલાંગ = ૧ઉત્પલ.
૮૪ લાખ ઉત્પલ = ૧ પદ્માંગ.
૮૪ લાખ પદ્માંગ = ૧ પદ્મ.
૮૪ લાખ પદ્મ = ૧નલિનાંગ.
૮૪ લાખ નલિનાંગ = ૧ નલિન.
૮૪ લાખ નલિન = ૧ અર્થનિપૂરાંગ.
૮૪ લાખ અર્થનિપૂરાંગ = ૧અર્થનિપૂર.
૮૪ લાખ અર્થનિપૂર = ૧ અયુતાંગ.
૮૪ લાખ અયુતાંગ = ૧ અયુત.
૮૪ લાખ અયુત = ૧ નયુતાંગ.
૮૪ લાખ નયુતાંગ = ૧ નયુત.
૮૪ લાખ નયુત = પ્રયુતાંગ.
૮૪ લાખ પ્રયુતાંગ = ૧ પ્રયુત ચૂલિકાંગ.
૮૪ લાખ પ્રયુત ચૂલિકાંગ = ૧ ચૂલિકા.
૮૪ લાખ ચૂલિકા = ૧ શીર્ષ પ્રહેલિકાંગ.
૮૪ લાખ શીર્ષ પ્રહેલિકાંગ = ૧ શીર્ષ પ્રહેલિકા.

ગણિતના વિષયની સંખ્યા સમયથી માંડીને શીર્ષ પ્રહેલિકા સુધી જાણવી. ત્યાર પછી ઉપમા વડે પલ્યોપમાદિનું ગણિત સમજવું. શીર્ષપ્રહેલિકાના અંકો ૧૯૪ થાય છે. તે પ્રમાણે છે ૫૪ અંક અને ૧૪૦ શૂન્ય

૭૫૮૨૬૩૨૫૩૦૭૩૦૧૦૨૪૧૧૫૭૯૭૩૫૬૯-૯૭૫૬૯૬૪૦૬૨૧૩૯૬૬૮૪૮૦૮૦૧૮૩૨૯૬ અને એના ઉપર ૧૪૦ મીંડા.

આ અંકની નામાવલી માથુરી વાચનાને અનુસરીને કહી છે. શ્રી ભગવતી સૂત્ર, શ્રી અનુયોગ દ્વાર સૂત્ર અને શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં પણ આ જ પ્રમાણે અંકનો ક્રમ કહેલ છે.

વલ્લભી વાચનાનો ક્રમ આ પ્રમાણે છે. તેમાં સંખ્યાના નામોમાં ફેરફાર છે. પણ અંકો તો ૮૪ લાખ ગણા કરવાથી આવે છે. તે આ રીતે.

૮૪ લાખ પૂર્વ = ૧ લતાંગ.
૮૪ લાખ લતાંગ = ૧ લતા.
૮૪ લાખ લતા = ૧ મહાલતાંગ.
૮૪ લાખ મહાલતાંગ = ૧ મહાલતા.
૮૪ લાખ મહાલતા = ૧ નલિનાંગ.
૮૪ લાખ નલિનાંગ = ૧ નલિન.
૮૪ લાખ નલિન = ૧ મહાનલિનાંગ.
૮૪ લાખ મહાનલિનાંગ = ૧મહાનલિન.

શ્રી જૈન શાસન (અઠવાડિક) ● વર્ષ ૧૩ ● અંક ૧/૨ ● તા. ૨૯-[illegible]-૨૦૦૦

| | | |
|---|---|---|
| ૮૪ લાખ મહાનલિન | = | **૧ પદ્માંગ.** |
| ૮૪ લાખ પદ્માંગ | = | **૧ પદ્મ.** |
| ૮૪ લાખ પદ્મ | = | **૧ મહાપદ્માંગ.** |
| ૮૪ લાખ મહાપદ્માંગ | = | **૧ મહાપદ્મ.** |
| ૮૪ લાખ મહાપદ્મ | = | **૧ કમલાંગ.** |
| ૮૪ લાખ કમલાંગ | = | **૧ કમલ.** |
| ૮૪ લાખ કમલ | = | **૧ મહાકમલાંગ.** |
| ૮૪ લાખ મહાકમલાંગ | = | **૧ મહાકમલ.** |
| ૮૪ લાખ મહાકમલ | = | **૧ કુમુદાંગ.** |
| ૮૪ લાખ કુમુદાંગ | = | **૧ કુમુદ.** |
| ૮૪ લાખ કુમુદ | = | **૧ મહાકુમુદાંગ.** |
| ૮૪ લાખ મહાકુમુદાંગ | = | **૧ મહાકુમુદ.** |
| ૮૪ લાખ મહાકુમુદ | = | **૧ ત્રુટિતાંગ.** |
| ૮૪ લાખ ત્રુટિતાંગ | = | **૧ ત્રુટિત.** |
| ૮૪ લાખ ત્રુટિત | = | **૧ મહાત્રુટિતાંગ.** |
| ૮૪ લાખ મહાત્રુટિતાંગ | = | **૧ મહાત્રુટિત.** |
| ૮૪ લાખ મહાત્રુટિત | = | **૧ અડડાંગ.** |
| ૮૪ લાખ અડડાંગ | = | **૧ અડડ.** |
| ૮૪ લાખ અડડ | = | **૧ મહા અડડાંગ.** |
| ૮૪ લાખ મહા અડડાંગ | = | **૧ મહા અડડ.** |
| ૮૪ લાખ મહા અડડ | = | **૧ ઊહાંગ.** |
| ૮૪ લાખ ઊહાંગ | = | **૧ ઊહ.** |
| ૮૪ લાખ ઊહ | = | **૧ મહા ઊહાંગ.** |
| ૮૪ લાખ મહાઊહાંગ | = | **૧ મહાઊહ.** |
| ૮૪ લાખ મહાઊહ | = | **૧ શીર્ષ પ્રહેલિકાંગ.** |
| ૮૪ લાખ શીર્ષ પ્રહેલિકાંગ | = | **૧ શીર્ષ પ્રહેલિકા.** |

શીર્ષ પ્રહેલિકાની આ પ્રમાણે સંખ્યા કરતાં તેમાં અંક સંખ્યા ૨૫૦ ની થાય છે. તેમાં ૭૦ અંક અને ૧૮૦ શૂન્ય આવે છે. તે અંકો આ પ્રમાણે છે- ૧૮૭૯૫૫૧૭૯૫૫૦-૧૧૨૫૯૫૪૧૯૦૦૯૬૯૯૮૧૩૪૩૦૭૭૦૭૯૭૪૬૫-૪૯૪૨૬૧૯૭૭૭૪૭૬૫૭૨૫૭૩૪૫૭૧૮૬૮૧૬ પછી ૧૮૦ શૂન્ય. (ક્રમશઃ)

વેરથી વિનાશ : પાના નં. ૧૬ થી ચાલુ

સંસાર-ભ્રમણમાં અગ્નિશર્મા એમની સામે અનેકવાર લોહીના સગપણે પણ જોડાયો, પરંતુ ત્યારેય એણે સંહારની સમશેર જ ઉગામી.

એક-પખા વેરના પણ અંજામ તો જુઓ ! ગુણસેન-અગ્નિશર્મા બીજા ભવે સિંહ આનંદ તરીકે પિતા-પુત્ર થયા, ત્યારે આનંદ પિતૃહત્યારો બન્યો, (૩જા ભવે) શિખીકુમાર જાલિની તરીકે દીકરા-મા બન્યા, ત્યારે માએ પુત્રના પ્રાણ લીધા. (૪થા ભવે) ધન-ધનશ્રીના રૂપમાં પતિપત્ની બન્યા, ત્યારે પત્નીએ પતિનું કાસળ કાઢી નાખ્યું (૫મા ભવે) જય-વિજય નામે સગા ભાઈ થયા, ત્યારેય નાનાભાઈએ મોટાભાઈને મૃત્યુના ખપ્પરમાં હોમી દીધો. રે ! એક-પખા વેર ! [illegible] અંજામ આટલો બધો દર્દીલો કે, લોહીના સંબંધો પણ એ વેરને શાંત-પ્રશાંત ન કરી શક્યા !

વાત્સલ્યથી વિકાસ અને વેરથી વિનાશ આ [illegible] સમરાદિત્ય-કથામાંથી સચોટ મળી રહે [illegible] પાત્રોની મુલાકાત લેતા આવડતી હશે, તો [illegible] ખૂણેથી સદૈવ ગુંજતો રહેતો સાવધાનીભર્યો [illegible] શકાશે કે,

ભલા સંસારી ! હસતા હસતા પણ કરમ ન બંધાઈ જાય, એ માટે જાગૃત રહેજે, નહિ તો રોતા નવિ છૂટે પ્રાણિયા રે ! મજા એ સજા ન બની રહે, એ માટે વારંવાર ધરમની ધજા તરફ જોતો રહેજે. ગાળ જેમ ગાળ આપવાથી વધતી જાય, એમ વેર વેર રાખવાથી વધતું જાય ! અમારા જીવનમાં વાત્સલ્યની સામે વેરે, કરૂણાની સામે ક્રૂરતાએ, ક્ષમાની સામે ક્ષાત્રવટે મચાવેલા ધિંગાણા, જગાવેલાં સંગ્રામ અને ખેલેલાં યુદ્ધો તો જો. એકપક્ષીય વેર પણ વાત્સલ્યના વાતાવરણમાં આટલી બધી રૂકાવટ કરી શકે, તો પછી સામસામા વેરથી સર્જાતા વિનાશની તો વાત જ શી થાય ? માટે ચેતીને ચાલજે, બૂઝીને બોલજે, અને સમજીને સંચરજે ! વાત્સલ્યથી વિકાસ છે, તો વેરથી વિનાશ છે, વાત્સલ્યથી નિર્વાણ છે, તો વેરથી નરક છે,

દીન હીનતાથી ભરી ભરી આ દુનિયામાં દિવ્ય દર્શન કરવું હોય, રંગરાગના અંધકારથી ભીષણ ભાસતા ભીતરમાં, વિરાગના ચિરાગ પેટાવવા હોય, તો સમરાદિત્યની કથામાં ઝબૂકતી ત્યાગજ્યોતનો એકવાર પણ સ્પર્શ પામવો જ રહ્યો. પછી ભીષણ ભાસતા ભીતરમાં ભવ્યતાનું દિવ્ય-દર્શન લાધતાં વાર નહિ લાગે !

# સમાચાર સાર

### તકતીના લેખો મોકલવા વિનંતી

શ્રી શંખેશ્વર હાલારી ધર્મશાળામાં નવી ધર્મશાળા ભોજનશાળા અને જલધારા તથા ૨૭।। ફૂટના પ્રતિમાજી સહિત મંદિર સ્મૃતિ મંદિર બની રહ્યા છે.

તેમાં જેનણે જેમણે રૂમ, હોલ, તેમજ ટાઈટલ તથા દાન આપ્યા છે. સ્મૃતિ મંદિરમાં જે લાભ લીધો છે. તેમણે પર્યુસણ સુધીમાં તકતી અને મૂર્તિમાં લખવાના લેખો મોકલી આપવા વિનંતી છે.

**શ્રી ઓ. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા**
C/o. શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર - ૩૬૧ ૦૦૫.

### નાંદીયામાં દીક્ષા અને વડીદીક્ષા

પ. પૂ. શાસન પ્રભાવક આ. દે. શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા. અને પૂ. આ. દે. શ્રીમદ્ વિજય અજિતરાજ સૂરિશ્વરજી મ. સા. ની શુભ નિશ્રામાં નાંદિયા (નંદવર્ધનપુર) તીર્થે (રાજસ્થાન) જિલ્લા - સિરોહી માં લક્ષ્મીબેન સંતોકચંદજીની ભાગવતી દીક્ષા અષાઢ સુદ ૬ તા.૭-૭-૨૦૦૦ને થયેલ. તેમનું નામ સાધ્વીજી લબ્ધિપ્રજ્ઞાશ્રીજી અને ગુરૂણીનું નામ સાધ્વીજી હર્ષિતપ્રજ્ઞાશ્રીજી રાખેલ. અને આજે મુનિરાજશ્રી દીપકર વિજયજી, સાધ્વીજી ગિરીશપ્રજ્ઞાશ્રીજી, સાધ્વીજી વિનીતપ્રજ્ઞાશ્રીજીની વડીદીક્ષા થયેલ. પૂજ્યશ્રીને ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૯ તા. ૧૦-૭-૨૦૦૦ને સિરોહીમાં થયેલ. વીરવાડા, ઝાડોલી, સિરોહી, પીંડવાડા આદિથી સેંકડો ભાઈઓ પધારેલ. શ્રી વીરચંદભાઈએ બોલી બોલી ગુરૂપૂજન કરેલ. તથા બિપીન સંતોકચંદજીએ સંઘપૂજન તથા કામલી વહોરવેલ અને સાધ્વીજી લબ્ધિપ્રજ્ઞાશ્રીજીની વડીદીક્ષા પીંડવાડા રાખવા વિનંતી કરેલ.

**ગાંધીનગર - બેંગ્લોર** - અત્રે પૂ. આ. શ્રી વિજય સ્થૂલભદ્ર સૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી કલ્પયશ વિજયજી મ., પૂ. મુ. શ્રી અમીતયશ વિજયજી મ. નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૩ ના ઠાઠથી થયો. સ્વાગત તથા પ્રવચન અને પૂજાનો કાર્યક્રમ સુંદર થયો.

**જામનગર** - ઓસવાળ કોલોનીમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. પ્ર. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિનો પ્રવેશ અષાડ સુદ ૭ ના ઠાઠથી થયો. ૩૦ - ૩૦ રૂા. નું સંઘપૂજન થયું. પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિજયજી મ. ના ૧૦૮ અઠ્ઠમ નિમિત્તે સામુદાયિક ૧૪૫ અઠ્ઠમ થયા. સુદ ૧૨ ના સંઘ તરફથી અઠ્ઠમના અત્તરવાયણા થયા. અષાડ સુદ ૧૩ શાહ જીવરાજ હંશરાજ ભાડલાવાળા રાજકોટ તરફથી પંચકલ્યાણક પૂજા થઈ. સુદ ૧૫ શાહ લીલાધર રામજી બીડવાળા તરફથી ઠાઠથી સિદ્ધચક્રપૂજન ભણાયું. જીવદયાની ટીપ સારી થઈ. વિધિ માટે શ્રી નવિનભાઈ શાહ તથા વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ પધારેલ. વદ ૧ ના તપસ્વીઓના પારણા શ્રીમતી પ્રમીલાબેન સુરેશચંદ્ર રાયચંદ વોરા તરફથી ખૂબ સારી રીતે થયા. તપસ્વી પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. આદિ તથા પૂ. મુ. શ્રી મુકિતધન વિ. મ. આદિ પધારેલ હતા.

**વડોદરા** - પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્યો પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ. અને પૂ. મુ. શ્રી તત્ત્વદર્શન વિજયજી મ. ની શુભ નિશ્રામાં લક્ષ્મીવર્ધક જૈન સંઘ અમદાવાદમાં ગઈ સાલની વિક્રમસર્જક ચૈત્રીઓળીના પગલે આ સાલે શ્રી કેશરીચંદ શનીલાલ શાહે પોતાના ધર્મપત્નીના એકાંતરા ૫૦૦ આયંબિલની અનુમોદનાર્થે ચૈત્રી ઓળી ઉલ્લાસ પૂર્વક આયોજી હતી.

પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિજયજી મ. ના દીક્ષા જીવનના સત્તર વર્ષની પૂર્ણાહુતિ પ્રસંગે વૈ. વ. ૫ મંગળવારે ઉપરોકત પૂજ્યો અને પૂ. સા. શ્રી હેમલતાશ્રીની નિશ્રામાં વડોદરા - અલ્કાપુરી જૈન સંઘના ઉપક્રમે સવારે ૬-૦૦ થી ૮-૧૫ સુધી મનમોહક શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુ સમક્ષ આયોજિત ''સંગન સ્તુતિની, રંગત ભકિતની'' નામના ભવ્ય કાર્યક્રમમાં ચતુર્વિધ શ્રી સંઘે સંગીતકાર શ્રી કણિક શાહ સાથે મન ભરીને ભક્તિની મહેફીલને માણી હતી. બરાબર એક વર્ષ પછી દીક્ષા તિથિના જ પાવન પ્રસંગે આજ કાર્યક્રમ પુનઃ યોજાયો હતો અને પુનઃ સૌએ અનહદ આનંદ માણ્યો હતો ! ''સંયમ રંગ લાગ્યો'' વિષય પર પ્રવચન અને સત્તર કલાકના અખંડ નવકાર જાપથી આખો દિવસ ભક્તિમય બની રહ્યો. કુલ ૨૦ રૂા. અને શ્રીફળની પ્રભાવના થઈ.

ઉપરોકત પૂજ્યો તથા પૂ.સા. શ્રી કૈવલ્યરત્નાશ્રીજીની શુભ નિશ્રામાં વડોદરા - હરણી રોડ મધ્યે પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના ઉપદેશથી નિર્મિત ''કસ્તુરબેન વેલજી દેપાર હરણિયા શ્રાવિકા ઉપાશ્રય'' ના ઉદ્‌ઘાટનનો પ્રસંગ યોજાયો હતો. સામૈયું, ઉદ્‌ઘાટન, પ્રવચન અને સધાર્મિક ભકિતથી પ્રસંગ ભવ્ય રહ્યો.

વડોદરાથી વિહરીને પૂજ્યો ખંભાત પધારતાં ઐતિહાસિક ચાતુર્માસની સ્મૃતિ કરાવતા દ્રશ્યો પુનઃ સરજાયા હતા. બોર્ડ ઉપર સામૈયાની જાહેરાત આગલે દિવસે બપોરે ૧૨-૦૦ વાગ્યે થઈ હોવા છતાં ૧૦૫૦ ની સંખ્યાથી જૈન શાળાનો હોલ ભરાઈ ગયો હતો. પૂજ્યોની ૧૧ દિવસની સ્થિરતા દરમિયાન દરરોજ ૧, ૨, ૫ રૂા. ના સંઘ પૂજનો થતા રહ્યા. સ્થિરતા લંબાવવાની હૃદય દ્રાવક વિનંતીઓ થતી રહી. છેલ્લે પૂજ્યોને વળાવવા આખો સંઘ ઉમટી પડયો હતો. **''એક બે ત્રણ ચાર - ફરી પધારો ચાતુર્માસ''** ના ગગન ભેદી ઉદ્‌ઘોષથી ખંભાત શહેરના રાજમાર્ગો ગુંજી ઉઠયા હતા.

પૂજ્ય ગચ્છાધિપતિશ્રીજીની આજ્ઞા અનુસાર બંને મુનિવરોનો આણંદ નગરે ચાતુર્માસ પ્રવેશ અ. સુ. ૬ તા. ૭-૭-૨૦૦૦ ઉત્સાહ પૂર્વક થયો. ઉપાશ્રયના વિશાળ હોલમાં ઉપસ્થિત માનવમેદની સમક્ષ મંગલ પ્રવચન બાદ ૨૩ રૂા. નું સંઘ પૂજન અને શ્રીફળની પ્રભાવના થઈ. રવિવારીય પ્રવચન શ્રેણીની જાહેરાત થઈ.

**તપોવન નવસારી** - અત્રે પૂ. મુ. શ્રી જિતરક્ષીત વિજયજી મ. આદિઠાણા -૪નો અષાડ સુદ ૯ ના ઉત્સાહથી પ્રવેશ થયો. સામુદાયિક આયંબિલ મંગલ પ્રવચન થયા હતા.

**ધુલીયા** - પૂ. આ. શ્રી વિજય વિદ્યાનંદ સૂરીશ્વરજી મ. આદિ અત્રે ચાતુર્માસ પધારતા નંદરબાર, વવાસાણ તીર્થ નેર વિ. માં સારી શાસન પ્રભાવના કરી.

**પુના નગરમાં શાસન પ્રભાવના**

પ. પૂજ્ય કર્ણાટક કેસરી આ. ભદ્રંકર સૂ.મ. સા. ના પટ્ટધર પૂજ્યપાદ ૐકારતીર્થમાર્ગદર્શક મહાવીરલબ્ધિધામ સ્થાપક આચાર્ય શ્રી પુણ્યાનંદસૂરિજી મ. પ્રવચનકાર પૂ. પં. શ્રી મહાસેન વિજય પૂ. ગણિવર વિક્રમસેનવિ. મ. આદિ ઠા. ૬ની પાવન નિશ્રામાં ચાતુર્માસ આરાધના શ્રી ગોટીવાલા ધડા ભવનમાં ચોમાસી ચૌદશની આરાધના અનુપમ થઈ અ. વ. ૨ થી ગ્રંથ વાંચન પ્રારંભ થયો. પ્રવેશના દિને ૧૬૦૦ ભાવિકો હતા. ૧૫ રૂા. સંઘપૂજન - નારીયેળની પ્રભાવના થયેલ, સુદ ૧૧ ના પૂ. કર્ણાટક કેસરીશ્રીની દીક્ષાદિન નિમિત્તે ગુણાનુવાદ - સંઘપૂજન તથા શંખેશ્વર દેરાસર ભવાનીપેઠ સાલગિરિ નિમિત્તે ઉવસગ્ગહરં મહાપૂજન - સંઘજમણ આદિ ઠાઠથી થયેલ. સુદ ૧૨ થી ૪૫ આગમ તપની સમૂહ આરાધના પ્રારંભ થયેલ. ૧૯૦ ભાવિકો જોડાયેલ છે. તપના એકાસણા ભાગ્યશાળીઓ તરફથી શ્રી સંઘમાં થાય છે. દર રવિવારે જાહેર પ્રવચન તથા સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ બાલક બાલિકા સામાયિકનો પ્રારંભ થઈ ગયો છે. ૩૫૦ સંખ્યા તથા મુનિ શ્રી સિદ્ધસેન વિ. મ. સમજાવે છે. તથા શંખેશ્વર મંદિર ભવાનીપેઠ મધ્યે સવારે રોજ ઉપદેશ પ્રાસાદ ગ્રંથ પર પ્રવચનો અને દર રવિવારે બપોરે બાલકોની પાઠશાળા પણ ચાલુ છે. ૪૫ આગમની રચના મોરની કલામાં કરવામાં આવી છે. ઘણ જ દર્શનીય આગમ મંદિરની રચના છે. શ્રા. સુદ ૪ થી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના અઠ્ઠમ તથા પૂ. કવિકુલ કેરીટ આ. લબ્ધિસૂરિજી મ. સા. ની પુણ્યતિથિ નિમિત્ત મહોત્સવ આદિ કાર્યક્રમોની તૈયારીઓ ચાલે છે. પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય શાતાપૂર્વક છે. પૂજ્યશ્રીને વંદનાર્થે ભિવંડી- કોલ્હાપુર - ઈસ્લામપુર - વિટા - તાસગાંવ - છાણી - પાર્લા - મુલુંડ આદિ નગરોથી ભાવિકો પધારે છે. સાધર્મિક ભકિત અપૂર્વ થાય છે.

**મુંબઈ - મલાડ (ઈસ્ટ) રત્નપુરીના આંગણે ચાતુર્માસ પ્રવેશ :**

ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાનુસાર સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રભાવક પટ્ટાલંકાર સુપ્રસિદ્ધ વકતા સ્વ. પૂ. આ. શ્રી વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય - શિષ્ય પર્યાય સ્થવિર પૂ. મુ. શ્રી શાંતિભદ્રવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી યશકીર્તિવિજયજી મ. તેમજ પૂ. સાધ્વીજી શ્રી દર્શન - કીર્તિપ્રભા - હેમપ્રભા જયરેખાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી પુણ્યરેખાશ્રીજી મ. આદિ ઠાણા ૪ નો મલાડ - રત્નપુરીના આંગણે અષાડ સુદ ૧૧ ના મંગળમય ચાતુર્માસ પ્રવેશ થયો છે. એ દિવસે ખૂબ જ વરસાદ હોવા છતાં પૂજ્યશ્રી નો પ્રવેશ વિજયમુહૂર્તમાં થયો. શ્રીફળ અને ૨ રૂા. ની પ્રભાવના થઈ. તેમજ પ્રવેશ નિમિત્તે અષાડ સુદ ૧૪ ના વ્યાખ્યાન બાદ શ્રીફળ અને ૧૦ રૂા. નું સંઘ પૂજન થયેલ. રામલીલા મેદાનના વિશાળ હોલમાં રોજ પૂજ્યશ્રી પ્રવચન ફરમાવે છે. ભાવિકો સારી સંખ્યામાં લાભ લે છે અ. વ. ૫ થી શ્રી વીર ગણધર તપ ૧૧ છઠ્ઠ અને ૧૧ બિયાસણા

સાથેનો શરૂ થયેલ છે. સાંજનું બિયાસણું સામુહિક થાય છે. તેના અત્તરવાયણા પણ અ. વ. ૪ ના દિવસે થયેલ. અ. વ. ૬ થી શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તેમજ શ્રી સુકૃત સાગર ગ્રંથ વ્યાખ્યાનમાં શરૂ કરેલ છે. સાંકળી અઠ્ઠમ આદિ તપશ્ચર્યા ચાલુ છે. ગચ્છાધિપતિ સ્વ. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ. ની નવમી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે અ. વ. ૧૧ થી ત્રણ દિવસનો ઉત્સવ શાંતિસ્નાત્ર સહ ઉજવયો.

**જામનગર** : શાંતિ ભુવનમાં પ. પૂ. પરમશાસન પ્રભાવક આ. ભ. શ્રીમદ્ વિ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા ની ૯ મી સ્વર્ગારોહણ પુણ્ય તિથિ નિમિત્તે પૂ. મુ. મુકિતધન વિ. મ., વિ. મ. પૂ. મુ. પુન્યધન વિ. મ. ની નિશ્રામાં ત્રણ દિવસ ભવ્ય મહોત્સવનું આયોજન થયેલ. તેમાં અષાડ વદ ૧૩ના બપોરે શ્રી નવપદજીની પૂજા શ્રી પાર્શ્વજિન મહિલા મંડળ તરફથી ભણાવામાં આવેલ. પ્રભુજીને અંગરચના સુંદર થઈ હતી

અષાડ વદ ૧૪ ના સવારે ૮-૪૫ કલાકે પૂ. શ્રીજીની ગુરૂમુર્તિ સમક્ષ ગુરૂ ગુણ સ્તવના, બાદ ઉપર હોલમાં ગુણાનુવાદનું આયોજન થયેલ ૨ કલાક ગુણાનુવાદ ચાલ્યા બાદ પૂ. શ્રીજીના ગુણોને અનુરૂપ ગીત મધુભાઈએ ગાઈને બધાને તરબોળ કરી દીધા હતા. ત્યાર બાદ પૂ. શ્રીજીની મૂર્તિને નવ અંગે ગુરૂ પૂ. નું ઘી બોલાવામાં આવેલ અને ૮ હજાર મણ ઘી બોલીને અનંતરાયભાઈએ લાભ લીધો હતો. અને ત્યાર બાદ ગુરૂ પૂ. અને સંઘ પૂ. ૧૧) રૂા. નું કરવામાં આવેલ અને સામુદાયિક આયંબિલ કરાવામાં આવેલ. ૩૦૫ની સંખ્યામાં આયંબિલ થયા હતા. આયંબિલ કરાવાનો લાભ મુંબઈ કાંતિલાલ સાકળચંદજીએ લીધો હતો. ૧૬ રૂા. ની પ્રભાવના કરવામાં આવેલ. પ્રભુજીને તથા ગુરૂ મૂર્તિને ભવ્ય અંગ રચના કરવામાં આવેલ અષાડ વદ ૦)) + ૧ નાં પૂ. શ્રીજીનો અગ્નિ સંસ્કારના દિવસે સવારે ૯ કલાકે શ્રી વિસ સ્થાનક મહાપૂજન રાખવામાં આવેલ. તેમનો પણ લાભ મુંબઈ નિવાસી કાંતિલાલ સાકળચંદજીએ લીધો હતો. પ્રભુજીને ભવ્ય અંગરચના કરવામાં આવેલ. પૂજન નિમિત્તે ઓસવાળ કોલોનીમાંથી સાહિત્ય શ્રુતોદ્ધારક પૂ. આ. ભ. જિનેન્દ્ર સૂરીશ્વજી મહારાજ આદિ તથા કામદાર કોલોનીથી શ્રી પૂ. મુ. શ્રી દિવ્યાનંદવિ. મ. પધાર્યા હતા. પૂજન ભણાવવા સુશ્રાવક નવિનભાઈ બાબુલાલ શાહ પોતાની મંડળી સાથે આવ્યા હતા. ત્રણે દિવસની ઉજવણી એક યાદગાર પ્રસંગ રૂપે થઈ છે.

## પૂ. આ. ભગવંત પ્રભાકરસૂરિ મહારાજનું અમદાવાદમાં આગમન ઠેર ઠેર સામૈયા

સાબરકાંઠાથી વિહાર કરી પૂજ્યશ્રી અમદાવાદ કૃષ્ણનગર ૨૬મી વર્ષગાંઠ દેરાસરની ઉજવણી નિમિત્તે પધારતા પૂ. શ્રીનું ભવ્ય સામૈયું થયેલ પૂજ્યશ્રીની ત્રણ દિવસ સ્થિરતા દરમ્યાન સુંદર જાગૃતિ આવેલ. પં જિનયશ વિજય તથા મુકિત યશવિજયએ બાળકોને સુંદર પ્રેરણા કરી. પાઠશાળામાં ઉત્સાહી કરેલ. અને પાઠશાળાનો ઈનામી મેળાવડો થયેલ. તેમજ સાલગીરી નિમિત્તે મંદરસો ઘરમાં મિઠાઈના બોક્ષ વહેચ્યાં ત્યાંથી મહાસુમનગર વ્યાખ્યાન, પ્રભાવના આદિ થઈ ત્યાં ઓઢવ ચંદ્રપ્રભુસ્વામી દેરાસરમાં સામૈયુ તથા શંખપૂજન થયું. આદિનાથ સોસાયટી પધાર્યા ત્યાં સામૈયું શંખપૂજન તથા વ્યાખ્યાન આદિ કર્યુ ત્યાંથી બાપુનગરમાં પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું તથા વ્યાખ્યાન દરમ્યાન અનેક સંઘપૂજન થયા.

પૂ. આ. ભ. પ્રેમસુરી મહારાજની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે દશાપોરવાડ આયંબિલ ખાનાના ઉપાશ્રયમાં પધાર્યા ત્યાં આ. ભ. પ્રેમસુરી મહારાજના ગુણાનુવાદ પૂ. આ. ભ. મિત્રાનંદસૂરી મહારાજ તથા પૂ. આ. ભ. પ્રભાવક સૂરી મહારાજ તથા પૂ. હિતરુચિવિજય મ. એ સુંદર ગુણાનુવાદ કર્યો સંઘપૂજન દસ રૂપિયાથી થયેલ. દેરાસરની અંદર ભવ્ય અંગ રચના થઈ ત્યાંથી પૂ. આ. ભ. નવરંગપુરા થઈ ઉસ્માનપુરા પધારેલ ત્યાંના સંઘમાં સંઘપૂજન આદિ થયેલ. ત્યાંથી સાબરમતીમાં પુનરાજજી જૈન આરાધના ભુવન પધારેલ ત્યાં ત્રણ દિવસ વ્યાખ્યાન, સંઘપૂજન આદિ થયેલ. અને પૂ. મુનિરાજ વિમલ રક્ષીતવિજયજી મ.ની ૭૯મી વર્ધમાન તપની ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે તેમના સંસારી ઘરે બેન્ડ - વાજાં સહિત પૂ. આચાર્ય ભગવંત પધારેલ. ત્યાં સંઘપૂજન આદિ થયેલ અને ત્યાંથી આ. ભ. રામચન્દ્ર સૂરિમહારાજની સ્મૃતિ મંદિર સમાધિમાં પૂ. આ. દેવ બેન્ડ વાજાં સહિત પધારેલ અને ત્યાં ગુણાનુવાદ તથા સંઘપૂજન તેમજ સૌનું સ્વામી વાત્સલ્ય થયું.

રાંધેજામાં જેઠ સુદ છઠ્ઠ ના દેરાસરની સાલગિરી નિમિત્તે આ. ભ. સામૈયા સહિત પધારેલ પૂજા, સ્વામી વાત્સલ્ય થયેલ અને તેમના ગુરુભગવંત શ્રી મુકિતચંદ્ર સૂરી. મ. સા.ની ગુરુમંદિરના દર્શન કરેલ ત્યાંથી પાનસર શેરીસા થી પૂ. આચાર્ય ભગવંત શ્રી રાજતિલક સૂરિ મ. સા. ની

સમાધિ સ્થાને પધાર્યા ત્યાંથી ગોતા સ્થિરતા કરી, દર્શન કરી પાવન બન્યાં.

ચાંદલોડિયા નૂતન મંદિર બનવાનું છે તેનું માર્ગદર્શન આપી મધુવૃંદ સોસાયટીમાં પધારેલ વ્યાખ્યાન સંઘપૂજન આદિ થયેલ.

પૂ. હિતરુચિવિજય્ મ. સા. ના શિષ્યની પાંચસો આયંબિલની તપસ્યા નિમિત્તે દશાપોરવાડ પધારેલ પૂજા, આંગી સુંદર થયેલ ત્યાંથી શાહપુર બહાઈ સેન્ટર પધારેલ ત્યાં વ્યાખ્યાન સંઘપૂજન આદિ થયેલ ત્યાંથી નંદનવન સોસાયટી રશ્મીકાંતભાઈનાં ઘરે વ્યાખ્યાન, સંઘપૂજન આદિ થયેલ.

પૂ. મુ. શ્રી વિશ્વકીર્તિ વિજયજીના કાળધર્મ નિમિત્તે પાદશાહની પોળ આરાધના ભવનમાં પધારેલ અને સૌ સાધુ સાથે દેવવંદન આદિ કરેલ પૂ. શ્રીની નિશ્રામાં પૂ. મુ. શ્રી વિશ્વકીર્તિ વિજયજી મ. ની સંયમ જીવનની અનુમોદનાર્થે ગુણાનુવાદ સભા થઈ તેમજ દશ રૂપિયાનું સંઘપૂજન થયેલ. હોલ ભરચક હતો અને ઓચ્છવની ટીપ સારી થઈ.

ત્યાંથી મણિનગર કૈલાસભાઈના ઘરેથી સામૈયું થયેલ સામૈયા પહેલા જે કોઈ આવેલા તેની સાધર્મિક ભક્તિ થઈ વ્યાખ્યાન થયાં બાદ દશરૂપિયાનુ સંઘપૂજન થયેલ બે દિવસ સ્થિરતા કરી સમ્રાટનગર (ઈસનપુર) થઈ લક્ષ્મીવર્ધક પધાર્યા પહેલા દિવસે વ્યાખ્યાનમાં બે રૂપિયાની પ્રભાવના થઈ આમ ત્રણ દિવસે બે રૂપિયાની પ્રભાવના થઈ તેમજ વિપુલ સંખ્યાની સંખ્યામાં વ્યાખ્યાન થયું.

અમદાવાદ રંગસાગરમાં પૂ. પંન્યાસ ધર્મદાસ વિજયજી મ.ના ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે પૂ. આ. ભ. લક્ષ્મીવર્ધકથી સામૈયા સહિત રંગસાગર પધાર્યા. વ્યાખ્યામાં પાંચ રૂપિયાનું સંઘપૂજન થયું. સામુહિક આયંબિલ કરનારને શ્રીફળ તેમજ પાંચ રૂપિયાની પ્રભાવના કરી.

**ચાતુર્માસ પ્રવેશ**

ત્યાંથી મંગલમૂર્તિ થઈ અષાડ સુદ ૬ ના દિવસે અંકુરમાં સીમંધર સ્વામીના ઉપાશ્રય સામૈયા સહિત મંગલ પ્રવેશ થયો વ્યાખ્યાન તેમજ દશ રૂપિયાની પ્રભાવના થઈ. તેમજ અત્રે સંઘે બુફે રાખેલ હતું. પણ તે પૂ. શ્રીના ઉપદેશથી બેઠા સ્વામી વાત્સલ્ય થયું. તેમાં છસ્સો શ્રાવક-શ્રાવિકાઓએ લાભ આપેલ પૂ. શ્રીના મંગલ ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે મંગલ મૂર્તિમાં સામુહિક આયંબિલ થઈ તેઓને ૫૧ રૂા. ની પ્રભાવના કરી.

અંકુર ઉપાશ્રયમાં પૂ. શ્રીનું પ્રતિક્રમણ સૂત્ર પર તથા રવિવાર જૈન રામાયણ ઉપર વ્યાખ્યાન સુંદર શૈલીમાં ચાલી રહ્યું છે. દરરોજ વિપુલ સંખ્યામાં આનો લાભ લઈ રહ્યા છે. અને અત્રે દશયતિ ધર્મની સુંદર સામુહિક આરાધના થયેલ છે. જેની અંદર ૧૩૪ની સંખ્યા છે. સંઘના ઉપાશ્રયમાં એક ટાઈમનું (સાંજનું) બિયાસણું ચાલે છે. અષાઢ વદ પાંચમથી અત્રે આયંબિલ શાળાની શરૂઆત ચાતુર્માસ સુધી થઈ છે. ચાતુર્માસ માટે બપોરના દર રવિવારે બાળકો માટે જ્ઞાન સત્ર ચાલુ છે. અલ્પાહાર બાળકોને અપાય છે. માગસર સુદ પાંચમનું ચાંદલોડિયા તથા મંગલમૂર્તિમાં ભવ્ય પ્રતિષ્ઠા થવાની સંભાવના છે.

રંગસાગરમાં પંન્યાસ ધર્મદાસ વિજયજીની નિશ્રામાં દશ યતિ ધર્મ તથા વિવિધ તપો ચાલુ છે. સામુહિક અઠ્ઠમ સારી સંખ્યામાં થયા છે. અંકુરનાં પૂ. આચાર્ય ભગવંત રામચન્દ્રસૂરિ મ. સા. ના સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવાયો.

આમ પૂજ્યશ્રીના પગલે સુંદર ધર્મ પ્રભાવના ચાલુ છે.

પયુર્ષણ પર્વમાં ૬૪ પહોરી પૌષધ માટે અનેક સંઘમાં આમંત્રણ પાઠવેલ છે.

પૂજ્યશ્રીના ઉપદેશથી બે રોટલી લુખી અને આંબિલ એક નાની વાટકી દાળ વાપરતા અનેક લોકો અમદાવાદમાં થઈ ગયા છે.

**અમલનેર** - પરમશાસન પ્રભાવક સ્વ. પ. પૂ. આ. **શ્રી વિ. રામચંદ્ર સુરીશ્વરજી** મહારાજાની નવમી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી તેમના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ. મ. ની નિશ્રામાં થઈ. સવારના વિરહ ગીત - ગુણાનુવાદ - ૧૨ રૂા. સંઘ પૂજન - શ્રીફળની પ્રભાવના થઈ. સામુદાયિક આયંબિલ પણ કરાયેલ. બપોરના સ્વ. પ્રભાવતીબેન બાબુલાલ તરફથી અંતરાયકર્મ નિવારણ પૂજા સ્થાનિક મંડળે ભણાવી. પ્રભુજીને સુંદર અંગરચના. રાત્રિના ભાવના ભણાવાયેલ.

પ્રતિક્રમણમાં ભરતભાઈ વાસણવાળા તરફથી ૧૦ - ૧૦ રૂા. ની પ્રભાવના થઈ. બેનોમાં આરાધના સ્વ. પૂ. જયાશ્રીજી મ. ના શિષ્યા પરમતપસ્વી પૂ. સા. શ્રી પૂર્ણપ્રભાશ્રીજી મ. કરાવે છે.

વ્યાખ્યાનમાં પૂ. મુનિશ્રી 'શ્રાદ્ધવિધિ' ગ્રંથને અનુલક્ષી વાંચે છે.

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

# પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

● જે કોઈને નિર્વાણપદ ન જોઈતું હોય, મુક્તિ ન જોઈતી હોય તે બધા જે કાંઈ ધર્મ કરે તે વાસ્તવમાં ધર્મ નથી. પછી સાધુ પણ આ ઈચ્છા વગરના હોય તો આ ધર્મનો આસ્વાદ તે સાધુને પણ ન આવે. ધર્મનો સ્વાદ મોક્ષના અર્થીને જ આવે સંસારના સુખમાં મજા કરનારને અને દુઃખથી ગભરાવનારાને ધર્મનો સ્વાદ કદી આવે નહિ.

● ધન અને ભોગ જેને ભૂંડા લાગ્યા પછી તેને સંસાર અટવી કહો સંસાર સાગર કહો કે પછી સંસાર રાક્ષસ કહો તે બધું જ મંજુર હોય ને ?

● સમ્યગદર્શન ન હોય તો ગમે તેટલું ભણે પણ આંધળા જ રહેવાના. ગમે તેટલું ભણેલો સમ્યગદર્શન વગર આંધળો જ ને ?

● અર્થ - કામ ભૂંડા છે. પછી મોક્ષને પુરૂષાર્થ કહ્યો છે. ભગવાન પણ કહી ગયા છે કે ધર્મ પણ પુરૂષાર્થ છે જો મોક્ષનું કારણ હોય તો જ બાકી તે ધર્મ પણ અધર્મ.

● શાસ્ત્રે કહ્યું છે કે- સાધુ જ જીવજીવન જીવે, કેમકે તેને જડની અપેક્ષા રહી નથી. જે જડની અપેક્ષા પણ છે તે જડના સંયોગથી છુટવા માટે છે. સાધુને આહાર પાણી વસ્ત્ર પાત્રાદિનો ઉપયોગ કરવો પડે તે પણ આ જડના સંયોગથી છુટવા માટે કરે. જેથી નવાં કર્મ પેસે નહિ. જુના કર્મ નીકળી જાય તે માટે જડનો સંયોગ કરવો પડે અને કરે માટે સાધુનું જીવન જીવજીવન છે. જગતમાં જગજીવન તરીકે જીવતો હોય તો વીતરાગનો સાધુ જ. આવા જગજીવનનો જેને ખપ લાગે તે બધા શ્રાવક-શ્રાવિકા.

● 'સુખ મારૂં ભૂંડું કરનાર છે. આજ સુધી તેને મારી ભયંકર પાયમાલી કરી છે.' આવું જેને લાગે તેને સુખમાં વિરાગ આવે અને 'દુઃખ મારા ભલા માટે આવ્યું છે' આવું જેને લાગે તેને દુઃખમાં સમાધિ રહે.

● ફરજ તો જેના બાપ-ધણી, કાકા-મામા બન્યા તે બધાને સદ્ગતિમાં મોકલવાની છે. મારે ઘેર જન્મેલો, મારા પરિચયમાં આવેલો દુર્ગતિમાં ન જાય તેવો વિચાર ન કરે તે ફરજ સમજ્યો છે ? તમે તો છોકરાઓને ઝેર પાઈને દુર્ગતિમાં મોકલનારા છો ? 'દિકરો ભણશે નહિ ખાશે શું' - આ ઝેર કહેવાય કે અમૃત કહેવાય ?

● જેને ખરેખર સંસાર જ ગમે છે, સંસારની પ્રવૃત્તિ ગમે છે, તે જ કરવા યોગ્ય માને તેને ભગવાનની વાત હૈયામાં પેસે જ નહિ. જેને થાય કે આ તો કર્મનો હુકમ. તેથી અનંતા પુદ્ગલ પરાવર્ત્ત ભટકયો, હવે નથી ભટકવું-તો તેને જ ભગવાનની વાત ગમે, હૈયામાં પેસે.

● જે પોતાની બધી શક્તિ સંસારમાં ખર્ચે તેવા સારા માણસો અહીં આવી જાય તો પણ તમારે સાધુ જ થવું ન હતું ને ? તમારે ય સાધુ થવું નથી અને તમારા ઘરના સાધુ થાય તેવી ઈચ્છા પણ નથી અમે પૂજ્ય અને અમે લીધેલ સાધુપણું પૂજ્ય નહિ. અમે સાધુપણાને લઈ પૂજ્ય બન્યા. તમારે સાધુપણાની જરૂર નથી. તો અમને માનો તો શા માટે ?

● તમને બધાને ધનને બદલે દાનનો લોભ થઈ જાય તો સૌનૈયા વરસે તેવું છે. સાતે સાત ક્ષેત્રો તરતા થઈ જાય. પછી કોઈની દેન નથી કે જૈન સંઘની સામે જોઈ શકે ! જૈન સંઘની વિરૂદ્ધ કામ મોટા સત્તાધીશો પણ ન કરી શકે !

● આત્માની દયા આવી એટલે માણસ સુધર્યો આત્માની દયા ગઈ એટલે તે સારી વાત પણ ખરાબ વાતની પુષ્ટિ માટે કરે. તેની સારી વાત પણ બીજાને ખરાબ કરવા માટે.

● જેના પર કરૂણા આવે તેને સુધારવા માટે જે જે કરવું તે બધું કરાય. પડે તે છતાં પણ ન જ સુધરે તો ઉપેક્ષા પણ પોતાની જાત માટે તો ઉપેક્ષા કરે જ નહિ.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

## અઠવાડિક

વર્ષ ૧૩ | અંક ૩/૪


**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005


7413002

## તો મુકિત મળે!

भवारण्यं मुकत्वा यदि
जिगमिषुर्मुक्तिनगरीं, तदानीं मा
कार्षी विषय विषवृक्षेषु वसतिम् ।
यतश्छायाप्येषां प्रथयति
महामोहमचिरादयं जन्तुर्यस्मात्पदमपि
न गन्तुं प्रभवति ॥

(શ્રી સિન્દુર પ્રકરણ ગા. ૯૮)

જો ભવરૂપી અટવીને છોડીને મુકિત નગરીમાં જવાની ઈચ્છાવાળો હોય તો વિષયરૂપી વિષવૃક્ષોને વિષે રહેઠાણ ન કર, કારણ કે એઓની છાયા પણ મહામોહને જલ્દી ફેલાવે છે, કે જેમાંથી આ જીવ એક પગલું પણ જવાને સમર્થ નથી.

જિન શાસનના જ્યોતિર્ધારી, સિધ્ધાંતોના ધનુર્ધારી

જ્યપાદ સ્વ. આ. ભ. શ્રીમદ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના પાવન ચરણોમાં

# શ્રધ્ધાભીની ગીતાંજલી

**સાખી :**

લિયુગની અંધારી નિશીથે    સંયમના દિપીકા પ્રગટી..
ર્શનથી જસ ભવ્ય હૃદયમાં    આનંદની છોળો ઉમટી..
ામ કામ અભિરામ રામ જસ શકિત ભકિત અવિરામ મહાન..
ંયમની ભિક્ષા હું યાચું    દેજોને હે ગુરૂ ભગવાન..    મારા..

## ■ ગીત ■

તર્જ (અય્ મેરે વતન કે લોગો..)

ાસુના પૂર ધસમસતા    આંખેથી મુજ ઉભરાતા...
રિરામ ! કદીક સ્વર્ગેથી    આવોને ઓ ગુરૂમાતા...    આંસુના.. ૧

રજના તેજ હટાવે    એવી પ્રતિભા પ્રવચનની...
નમના ચંદ્ર મીટાવે    સમતા અદ્‌ભૂત તુજમનની..
કતોની હે જગજનની !    મિથ્યામતિ હરજન - મનની...    આંસુના.. ૨

રમનના કટકો ઉમટયાં    દુષ્ટો સામે ઝઝુમ્યો જ્યાં...
કતોના સંઘ રચાયા    અનુકંપાથી વિહર્યો જ્યાં...
રિરામ વસે હૃદયે જ્યાં    જિનશાસન જયવન્તુ ત્યાં...    આંસુના.. ૩

ઈ આંધીઓ આફતની    ઝીંકાઈ તુજ જીવનમાં...
ાત્રાઓ તુજ સ્વાગતની    ઝળકીતી હા જગભરમાં...
મનની વજ્ર ભૂમિમાં    કોકમ્પ ન ભુત - ભાવિમાં...    આંસુના.. ૪

ાણી તુજ જિહવાગ્રે    આશીષના ધોધ વહાવે...
ઓજ તુજ પાદાગ્રે    આવીને સ્થાન જમાવે...
વનભર શાસન માટે    ઝઝુમ્યો તું શિરને સાટે...    આંસુના.. ૫

ભ મંડલ પર સંયમની    શત-શત જ્યોતિ ઝળહળતી...
ન્તરમાં તિમ કરૂણાની    સરિતાઓ નિત ખળખળતી...
જનશાસનનો તું સુકાની !    કાયાની કોદી કુરબાની...    આંસુના.. ૬

ાસનની રક્ષા માટે    રગ - રગમાં પ્રગટી દાઝો...
ત્યોની ભક્તિ કાજે    પ્રગટ્યો તું અવનીમાં જો...
ત્યોના રાહે ઝૂઝશે    જીવનભર તુજ સન્તાનો...    આંસુના.. ૭

મીપાનની મધુર પળોમાં    ઉન્મત બન્યો ન જીવનમાં...
પપાનની કટુ ક્ષણોમાં    ભભૂકયો નહી તોયે મનમાં...
લીદાન દઈ સર્વસ્‌નું    રક્ષ્યું શાસન કલિયુગમાં...    આંસુના.. ૮

યથી નિશ્રા જીવનની    આશિષ બની આપદ્‌ની...
ચ્છા હતી બસ ! મુક્તિની    સીમા નહિ તુજ શકિતની...
જ મનમા આવો ! પધારો !    અરજી બસ ! એ અન્તરની...    આંસુના.. ૯

વી સાત્વિક જીવનને    અતિશાન્ત સમાધિ લહીને...
રધામ સીધાંવ્યા સૂરિજી    ભક્તોને રડતાં મૂકીને..
યાના દુઃખ સિબકારા    સુણજોને તારણહારા !...    આંસુના.. ૧૦

સં. ૨૦૫૬ અ. વ. ૧૪ તા. ૩૦-૭-૨૦૦૦ ■ 'સૂરિરામ સમાધિ પર્વ' અલકાપુરી - વાપી. ■ રચયિતા : પૂ. મુ. હિતવર્ધન વિ. મ. સા.

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડિક)

તંત્રીઓ:
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (જામનગર)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૬ ભાદરવા વદ ૬ મંગળવાર તા. ૧૯-૯-૨૦૦૦ (અંક : ૩/૪

વાર્ષિક રૂ. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

# ભગવાન મહાવીર ૨૬૦૦મા જન્મ કલ્યાણક રાષ્ટ્રીય ઉજવણી બીજો ભ્રમ

ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળીને ભાવિક બનેલાઓનો ભગવાને શ્રી સંઘ સ્થાપ્યો. એ સંઘમાં દરેક વર્ણના ભાવિકો જોડાયા હતા પરંતુ તેમને ભગવાન મહાવીર માન્ય હતા. તેમનો ધર્મ માન્ય હતો. તેમની આજ્ઞા માન્ય હતી.

એવા જ ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ સંવત્સરીની રાષ્ટ્રીય ઉજવણીનો ભગવાન મહાવીરના સિદ્ધાંત વિરૂદ્ધના કાર્યો ભગવાન મહાવીરને નહિ માનનારાઓના હાથમાં સત્તા, ભગવાન મહાવીરને માનનારા કહેવાતા લોકો જે માન પ્રચાર અને જાહેરાતના પ્રેમી હતા તે તેમાં જોડાયા અને જૈન ધર્મની વિધિ વિચારો અને વર્તન બાબતમાં ઘણા ભ્રમો પેદા થયા એ એક ભ્રમ હતો.

શ્રી સંઘમાં શાસન સમર્પિત ભાવિકોએ તેમાં ન જોડાઈને અને ભગવાન મહાવીરને નામે ઉજવણી કરવી તે વિકૃતિ ફેલાવનારી છે. તેમ માનીને વિરોધ કર્યો.

પરંતુ દિગંબર આદિએ તેમાં સરકારને ખેંચીને અને શ્વેતાંબરના કેટલાકોને અનેક કારણોસર જોડી દઈએ એક તમાસો કર્યો. વિરોધ થતાં તે તમાસો તમાસો રહ્યો અને નિર્વાણ સંવત્સરીને નામે ભેગા થઈને જે નુસ્કા કર્યા તેમાં એકે દેખાતો નથી રાષ્ટ્રીય પ્રતિકને કેટલાક ચોંટયા, દિગંબરો પંચરંગી ધ્વજને વળગ્યા બાકી તો ભગવાન મહાવીરના વિચારો, ઉપદેશ આજ્ઞાનો કોઈ પ્રકાશ પાથરી શકયા નહિ.

૨૫૦૦મી નિર્વાણ સંવત્સરી વખતે પૂ. આ. શ્રી વિજય માણેક સાગર સૂરીશ્વરજી મ. ની સહીથી હાઈકોર્ટમાં રીટ થઈ. ગગરાટ એન્ડ કું. શ્રી ભદ્ર વિ. દ્વારા તે થયું અને ભારત સરકારના કાયદા પ્રધાન શ્રી અશોક સેન વકીલ રહ્યા અને કોર્ટ ધણધણાવી દીધી.

પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાએ આ વિકૃતિને અટકાવવા અથાગ પ્રયત્ન કર્યા. ભારતભરના પૂ. આચાર્યદેવો આદિ તથા શ્રી સંઘોએ વિરોધમાં સૂર પૂરાવ્યો.

પૂ. આ. શ્રી વિજય માણેક સાગર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. પં શ્રી ચંદ્રશેખર વિજયજી મ. આદિ મુખ્ય હતા. પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા એ પોતાની નીચે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ને રાખીને જબ્બર ઝૂંબેસ ચલાવી હતી.

પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા ડહેલાના ઉપાશ્રયવાળા તથા પૂ. નેમિસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના આ. શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વજી મ. આદિ મોટા ગના

સ...દાયોના વિરોધના સૂર પ્રસિદ્ધ બન્યા હતા હજારો મ...ાત્માઓએ પોતાની સહીથી વિરોધ કર્યો હતો. લા...ો પોસ્ટકાર્ડ લખીને વિરોધ શ્રાવકવર્ગમાંથી થયો હ...

હવે એક બીજો ભ્રમ પણ તૈયાર થયો છે.

આજે ૨૬૦૦મી જન્મ કલ્યાણક ઉજવણીમાં સર...ારને જરા પણ રસ નથી. રાષ્ટ્રીય સમિતિની રચ...ા પણ થઈ નથી. કહેવાતા કે દેખાવ કરતા આ...વાનો શ્રી વાજપાઈજીને સમિતિ નીમી અધ્યક્ષ બ...ા અને ઉજવણી કરવા વિનવે છે. પણ તેમને રસ કે ...રસદ નથી વિનંતી કરનારાઓને જે માધ્યમ મળે તે મા...મે ઠંડા શબ્દોમાં પ્રચાર કરવાનું મન થાય છે. પણ ક...જામતું નથી.

સમિતિની રચના થયા પહેલાં ૨૫૦૦મી નિ...ાણ રાષ્ટ્રીય મહોત્સવના કાર્યક્રમને છાપીને પ્રચાર ...ા લાગ્યા છે. ૨૫૦૦મી નિર્વાણ સમિતિની કોપીને ૨...૦૦મી જન્મ કલ્યાણક રાષ્ટ્રીય ઉજવણીનું નામ ...ાને જાહેર કરે છે અને સરકારને સમિતિ નીમી ...કોમાં પણ ઉજવણીમાં જોડાય તેમ વડાપ્રધાનને વિ...તિ કરે છે.

આ એક જૈન ધર્મના સિદ્ધાંતોનો પ્રેમ નહિ પણ ત...દ્ધાંતોને નામે જાતને આગળ લાવવાનો પ્રયત્ન ...છે.

જૈન સંઘના તેમાં ય દિગંબરો સિવાય કોઈને રસ ન... અને શ્વે. મૂ. સંઘમાં તો મોટો કહેવાતા શ્રી ને જો...ય તો ઠીક નહિ તેમ કેટલાક જોડાય છે અને સિ...તો અપલાપ થાય તે જોવાને બદલે આપણે નહિ જો...ઈએ તો દિગંબરો આગ આવી જશે આવી વજૂદ વગ...ની દલીલો કરે છે. તેઓ દિગંબરો દ્વારા થાતા શ્વે. તીર્થો ઉપરના આક્રમણ માટે દિગંબરો સાથે વાત ક...ી અટકાવી શકતા નથી પરંતુ પોતાની નબળાઈ ઢાંક...ા આવા શ્વેતાંબર ધર્મને હીન બનાવવાના નુસ્કા કરે ...

પાકીસ્તાન આંતકવાદ છોડે નહી ત્યાં સુધી ...ા નથી એમ ભારત સરકાર અને વડાપ્રધાન કહી શકે છે. જ્યારે આપણા તીર્થો અને સિદ્ધાંતો નેવે મૂકીને દિગંબર સાથે રાષ્ટ્રીય ઉજવણીમાં ભળવાની વાત કરનારા જૈન તીર્થો અને જૈન સિદ્ધાંતોને રેઢા મૂકીને નાશ કરવાના જ ઉપાયો કરી રહ્યા છે.

શ્રી શ્વેતાંબર મૂ. સંઘના આચાર્યોને આગેવાન શ્રાવકોની પાછળ ચાલવાની વાત કરે તે તો શ્રમણ સંઘની મહત્તાને ટાળી દેવાની અને મા. શ્રી સંઘને તીર્થસ્થાનો સિદ્ધાંતો અને મહાન આચારો અને વિચારોથી વિચલિત કરીને ધર્મને મૃતક બનાવવાની ચેષ્ટા છે.

શ્રી શ્વે. મૂ. સંઘની આવી દશા થાય તો જૈન શાસન રસાતાળ જશે. ઉજવણીમાં ભળવાની વાતો શ્રી સંઘ સંઘોમાંથી થાય તો તેમણે સં. ૨૫૦૦ અને વિક્રમ સં. ૨૦૩૦ માં જે બોલ્યા લખ્યુ અને પ્રવચનો કર્યા તે પાણીમાં ગયા કહેવાય તે વડીલો જતા રહ્યા હોય અને તેમના પરિવારમાં આવી નબળી વાતો કરે તો તે તેમના વડિલોને અજ્ઞાન સાબીત કરશે.

નિવેદનો પ્રવચનો અને હજારો સાધુ સાધ્વીજી સહીઓ ૨૫૦૦મી રાષ્ટ્રીય ઉજવણીના વિરોધની માહિતી આજે પણ પ્રગટ છે. શ્રી શ્વે. મૂ. સંઘ આ બાબતમાં સાવધ બને અને શાસન તેના સત્યો અને આચારોને અખંડ રાખવા પ્રયત્ન કરે એજ અભિલાષા.

૨૬૦૦મી જન્મ કલ્યાણક રાષ્ટ્રીય ઉજવણીના કાર્યક્રમો અને જૈન ધર્મના વિઘાતક લખાણોનો અવસરે વિરોધ કરવા અને તે અસત્યોનો પર્દાફાસ કરવા શ્રી સંઘમાં સૌ પ્રયત્ન કરે તે અભિલાષા છે.

જો શ્વે. મૂ. સંઘમાં આ કહેવાતી ઉજવણીની તરફેણ કરાશે તો તે ઉજવણીના વિકૃત કાર્યક્રમો અને અનર્થોને સ્પષ્ટ કરવાનો સમિતિ નીમીને પ્રચંડ પુરુષાર્થ કરવાનો થશે.

શાસ્ત્રીય વિચારો ધરાવનારા આ અનર્થોના વિચારોનો પ્રતિકાર કરવાનું લખે પ્રચારે અને તે માટેના લખાણો શાસ્ત્રીય પદ્ધતિથી અકાટ્ય સિદ્ધાંતો તથા વિધાનો સાથે લખી મોકલશે તો શ્રી જૈન શાસન અઠવાડિકમાં સ્થાન અપાશે તે નિઃશંક છે.

# પ્રવચન - તેતાલીશમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા
૨૦૪૩, શ્રાવણ વદિ- પ્ર.૧૧, બુધવાર તા. ૧૯-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬

ગતાંકથી ચાલુ

તે વહુને તેના ઘેર મૂકવા મો બધાં જાય છે. વચમાં એક ગામ આવ્યું છે અને રાત્રિના એક સંબંધીને ત્યાં રહ્યાં છે. તે બધાને જમવા માટે કહે છે ત્યારે કહે કે- વહુ જમે નહિ તો અમારાથી શી રીતે જમાય. બધા સમજાવે છતાં પણ તે પોતાના ધર્મમાં મક્કમ રહે છે. બીજા બધાં તો ભૂખ્યાં થયેલાં એટલે જમવા બેઠાં. બન્યું એવું કે તે જ દિવસે રસોઈમાં ઝેર આવી ગયેલું. તેથી જેટલા જમ્યા તે બધા સૂતા. તેથી તેણી વિચારે કે - આ તો મારા માથે ધર્મના માથે કલંક આવે. તેથી કાઉસ્સગ્ગ ધ્યાને રહીને અભિગ્રહ કર્યો કે, આ બધા જાગે નહિ - ઊઠે નહિ ત્યાં સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ. શાસનદેવી સહાય કરવા આવી અને બધાને ઊઠાડયા. આખું કુટુંબ સમજી ગયું કે- આ વહુએ અમને જીવતાં બનાવ્યાં. બધા પાકા જૈન થઈ ગયા. વહુને મૂકવા જવાને બદલે પાછા લઈ ગયા.

તમે બધા દેવ - દેવી આગળ દોઢ કલાક દોઢ પગે ઊભા રહો છો તે શા માટે ? તમે બધા ભગવાનના ભકત છો કે દેવ - દેવીના ભકત છો ? તમે બધા પૈસા - ટકાદિના ભુખ્યા છો કે મોક્ષના ભુખ્યા છો ? તમારે મોક્ષ અને મોક્ષસાધક ધર્મ જોઈએ કે પૈસા અને સંસાર જોઈએ છે ? જે ધર્મ મોક્ષનું સાધન છે તે નિંદાય નહિ તેની કાળજી રાખો છો ? આવા સારા ધર્મ પ્રત્યે અભાવ થાય તો લોક તરે કયાંથી ?

જૈનના હૈયામાં મોક્ષ પણ ન હોય તેવી કલ્પના કરાય ખરી ? મોક્ષના અર્થી ન હોય તે જૈન હોઈ શકે ખરો ? પણ આજે આ બન્યું છે. જૈનોને આટલું કડક કહેવા છતાં ય શરમ નથી આવતી. જૈનો આવા હોય તેમ કહેવા છતાંય મઝેથી હસે છે. રાતે ખાય તે જૈન ન કહેવાય તેમ કહેવા છતાં ય હસે છે. આજના જૈનો તો મઝેથી રાતે ખાય છે અને ઉપરથી કહે છે કે- 'રાતે ન ખાઈએ તો ભુખ્યા સૂઈ જઈએ ?' આગળના વેપારી પણ કહેતા કે, વેપારી જૂઠ ન બોલે, ખોટું ન કરે. જ્યારે આજના વેપારી કહે કે - ચોપડો તો ખોટો હોવો જોઈએ. અનીતિ આદિ ન કરીએ તો ભુખ્યા મરી જઈએ. આ વાત સાચી છે ? જૈનો હોય તે આવું બોલે ? આવું બોલે - માને તેને જૈન કહેવાય કે મિથ્યાદ્રષ્ટિ કહેવાય ? આ કાળમાં સારા સારા માણસો પણ અમને કહી જાય છે કે - 'આ કાળમાં નીતિ - અનીતિની વાત ન કરો. નીતિ કરીએ તો જીવાય જ નહિ.' મેં તેને કહ્યું કે - 'હું તમારી આ વાત સમજી જાઉં અને હા પાડું તો મારે ઓઘો મૂકી દેવો પડે.' જે ઓઘાને બેવફા હોય તે આવા લોકોની વાત માને.

જૈન સાધુ તો એક જ વાત કહે કે- ધર્મ મોક્ષ માટે જ કરાય. સંસાર માટે ધર્મ કરવાનું કહે તેને જ્ઞાનિઓ કુગુરુ કહે છે. તમારો વેપાર કેમ ચાલે છે એમ જે સાધુ પૂછે તો સાચા શ્રાવકને આ ભગવાનના સાધુ છે કે નહિ તેમાં શંકા પડે ! તે તો વિચારે કે - અમારો ધર્મ કેમ ચાલે છે તેમ પૂછવાને બદલે આવું પૂછે માટે કાંઈક ખામી લાગે છે. ખૂબ પૈસા કમાતા હો છતાં પણ વેપાર સારો કહેવાય કે ખોટો કહેવાય ? મોટો વેપાર એટલે મોટો આરંભ. શાસ્ત્રે તેને નરકનું કારણ કહ્યું છે. ખૂબ પૈસા મળે તે મહાપરિગ્રહ કહેવાય. મહારંભ અને મહાપરિગ્રહ મળે તે ગમે અને તેમાં જ મઝા આવે તો તે બે ય પકડી પકડીને નરકમાં લઈ જાય. આજના મોટા પરિગ્રહવાળાને મંદિર - ઉપાશ્રયાદિ ધર્મસ્થાનો નથી ગમતાં. મંદિરાદિ બંધાવવામાં ખરચાતા પૈસા તે નકામા ખર્ચા લાગે છે, આ બધાની શી જરૂર છે તેમ કહે છે. પૈસા વધે તો નાનાં મકાન મોટાં બનાવે, નાની પેઢી મોટી બનાવે, બધા મોજ - મઝાના સાધનો વસાવે પણ મંદિરાદિના ખર્ચા તે નકામા લાગે તે બધા મરી મરીને કયાં જાય ?

પણ આજે કમનશીબે સાધુઓ પણ એવા પાકયા છે જે 'સંસારના સુખ માટે પણ ધર્મ કરાય' તેમ કહે છે. તેવાની વાતો તમને બહુ ગમે છે. શ્રાવકો પણ વેપારાદિ સારી રીતે મઝેથી ચાલે માટે વાસક્ષેપ નંખાવવા આવે છે. એવાઓ ઉપર જે પ્રેમથી વાસક્ષેપ નાખે અને જેના ઉપર વાસક્ષેપ નાખે તે ખુશ થાય તો કેવા કહેવાય ? આવા બધા ભગવાનના ધર્મના ભંજક કહેવાયને ? જૈન તરીકે તમે ઘર રહેવા જેવું માનો છો કે છોડવા જેવું માનો છો ? કર્મયોગે ઘરમાં રહેવું પડે તો રહે પણ ઘર રહેવા જેવું ન માને પણ છોડવા જેવું માને' આ વાત મન વચ... ન ઠસાવીએ, આશા રાખીએ તો અમારા... તમારા પૈસા - ટકા, બંગલા - જમીન... કરે તેનું પાપ સાધુને પણ લાગે... તેની ય દુર્ગતિ થાય. 'લિંગ ... નરકે જાય' તેનો અર્થ સમજો છો ?

શ્રાવક શ્રાવક હોય તો પોતાના વેપારને પણ વખાણે નહિ. તે તો કહે કે- 'મહાપાપનો ઉદય છે. ભયંકર લોભ સતાવે છે માટે છોડી શકતો નથી.' મોટો વેપારી પણ માથું ઊંચું રાખીને ફરતો ન હોય. આવી મનોદશા તમારી હોવી જોઈએ. આવી મનોદશા પેદા કરવી તે અમારી ફરજ છે. અમે આ પેદા ન કરીએ અને તમે જેમ કરો તેમાં ટેકો આપીએ તો અમારો નંબર પણ કુગુરુમાં આવે.

અમે તમારા ધર્મની અને આત્માની ખબર રાખનારા ખરા પણ તમારા શરીરની નહિ. તમારા પરિગ્રહથી ખુશ થઈએ તો અમારામાં સાધુપણું આવ્યું નથી. સાધુ પરિગ્રહ રાખે નહિ, બીજા પાસે રખાવે નહિ અને રાખતાને સારા માને નહિ. તમને અમે સારા કહીએ તે શાથી ? તમે ઘર - પેઢી આદિને ખોટાં માનો છો માટે. તમે કહો કે - 'હજી અમે પાપી છીએ. વેપારાદિ મીઠા સાકર જેવા લાગે છે. વગર કારણે વેપારાદિ વધારવાની ઈચ્છા થાય છે તેને પણ પાપ માનતા નથી. તેથી હજી ભગવાનનો ધર્મ પામ્યા નથી. માટે અમને શ્રાવક ન કહો. અમને સાચો ધર્મ પમાડો.' તમારે અમને આમ કહેવું જોઈએ.

સાધુ પણ પતિત હોય તો કોઈના વંદન લે નહિં. પણ વંદન કરનારને ના પાડે અને કહે કે- હજી સાધુપણું મારામાં આવ્યું નથી. જેનામાં સાધુપણું નથી, સાધુપણું નથી તેનું દુઃખ પણ નથી અને મેળવવાની ઈચ્છા પણ નથી તે બધાનાં વંદન-ભક્તિ મઝેથી લે છે તેને બધાની મજૂરી કરીને દેવું ચૂકવવું પડશે. તમે બધા સાધુને કેમ વહોરાવો છો ? સંયમી છે માટે, સંયમ નહિ હોય તો ગધેડા થઈને દેવું ચૂકવવું પડશે. તેવો જીવ બધાનો દેવાદાર બને છે. ભગવાને કોઈને છોડયા નથી. સાધુ કે શ્રાવક કહેવરાવવાથી કલ્યાણ નહિ થાય. તે માટે તો સાધુ કે શ્રાવક બનવું પડે.

સંસારીને સુખી જોઈને સાધુ ખુશી થાય ? સાધુને સારા સુખીને જોઈને દયા આવે કે પ્રેમ થાય ? મોટો સુખી આવે તો તેને પૂછી શકીએ કે- વેપાર કેમ કરો છો ? મોટા મોટા કારખાનાવાળાને પૂછીએ કે- 'આ મહાપાપ કરતાં મરશો તો કયાં જશો ?' તો તે કહે છે કે અમે સુખી છીએ તે ય મહારાજને ખટકે છે ! દુનિયાના સુખમાં મસ્ત હોય તે શ્રાવકને જોઈએ અમને ય દયા ન આવે તો અમારામાં સાધુપણું નથી. માટે શાસ્ત્રકાર મહર્ષિ સમજાવી રહ્યા છે કે સર્પને જુએ તો લોક ભાગાભાગ કરે છે, કેમકે સર્પ કરડે તો મરી જવાય તે ખબર છે. તેવા પણ જીવો કુગુરુ પાસે મઝેથી જાય છે.

તમારે સાધુ કેવા જોઈએ ? સંસાર છોડાવે તેવા કે સંસારમાં સારી રીતે રહો તેમ કહે તેવા ? પરિગ્રહ પાછળ કેમ પડયા છો તેમ કહે તેવા કે પરિગ્રહ પાછળ પડો તેમ કહે તેવા ? પૈસાવાળો બજારમાં જાય તે અમને ગમે ? અમે તો તેને મહામજૂર કહીએ છીએ. નોકરને આઠ કલાકનું કામ અને માલિકને કેટલા કલાકનું કામ ? જે શ્રાવક છતે પૈસે વેપારાદિ કરતો હોય અને પોતાને પાપી માને તો હજી તેનામાં સમ્યક્ત્વ હોય તો ટકે, નહિ તો જાય. જેની પાસે આજીવિકાનું સાધન હોય તે શ્રાવક વેપાર-ધંધાદિ કરે નહિ. તેને તો ઘણો ધર્મ કરવાનો છે. આજે તો નિવૃત્તિ આપીએ તેય ખોટી. આખો દા'ડો કાઢીએ કયાં તેમ કહે છે. તમે નિવૃત્ત થાવ નહિ અને થાવ તો બીજાના ઓટલા ભાંગો.

આજે ત્રિકાલપૂજા ગઈ. વર્તમાનમાં ત્રિકાલપૂજા સુખી તો કરી શકે જ નહિ અને દુઃખી તો સાધનના અભાવે કરી ન શકે. અહીં બેઠેલામાંથી પણ ઉભય - કાળ આવશ્યક કરનારા કેટલા મળે ? તમે નવરા પડો તો સામાયિક ન કરો પણ ગપ્પા મારો ને ?

પ્ર. ચોથું અને પાંચમું ગુણઠાણું ન સ્પર્શ્યું હોય તેને આટલા ઊંચા ભાવ ટકે ?

ઉ. શાસ્ત્ર કહે છે કે, જે અર્થી હોય તેના ભાવ ટકે. અર્થી જીવ અભ્યાસ માટે બધું કરે.

પૈસાનો અર્થી જીવ પૈસા માટે બધું કરે છે ને ? તેમ ધર્મનો અર્થી બનેલો જીવ ધર્મ માટે બધું કરે. જે જીવ અપુનર્બંધક દશા પામે ત્યારથી તેની ધર્મ પામવાની ઈચ્છા કેવી હોય તે ખબર છે ? તે જીવ ચોથા - પાંચમા ગુણઠાણાવાળાની હરિફાઈ કરતો હોય. આખા સંસારને તે ભયંકર પાપરૂપ માને. ઘરમાં રહેવું તે પણ તેને પાપરૂપ લાગે. આજે ધર્મ કરનારમાં પણ ધર્મ કરવાની લાયકાત નથી આવી તેમ કહેવું પડે તેમ છે. ઘરમાં રહેવું ગમે તે ભગવાનની પૂજા કરનારો કેવો કહેવાય ? સાધુપણાની ઈચ્છા વિના પૂજા કરે તો તેની તે પૂજા વાસ્તવિક પૂજા જ નથી આ વાત વર્ષોથી સાંભળો છો પણ તમે એવા મક્કમ છો કે અમારી આ વાતની બાદબાકી જ કરી નાખો છો. ભગવાનની પૂજા કરનારને ભગવાન થવાનું મન ન થાય તો તે પૂજારી શેનો ? સાધુની સેવા કરનારને સાધુ થવાનું મન ન થાય તો તે સાધુનો સેવક શેનો ? ધર્મ કરનારને આગળને આગળ વધવાનું મન ન થાય તો તે ધર્મ કરનારો કહેવાય ? ચરમાવર્તકાળમાં આવેલા ભારેકર્મી જીવો આવા જ હોય. ચરમાવર્તમાં રહેલો ભવ્ય પણ ભારેકર્મી હોઈ શકે છે. અભવ્ય, દુર્ભવ્ય અને ભારેકર્મી ભવ્યજીવો ગમે તેટલો ધર્મ કરે તો પણ વાસ્તવિક ધર્મ પામે જ નહિ અને તેવો ધર્મ પામવાની ઈચ્છા સરખી પણ થાય નહિ. તેને તો સંસારના સુખની જ ઈચ્છા હોય.

ક્રમશઃ

# રેડ સિગ્નલ ! શું ૨૬૦૦મી ઉજવણી શાસ્ત્રીય છે ?

પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શન વિજયજી

મહાપુણ્યોદયે આવા પરમ તારક શાસનની પ્રાપ્તિ થઈ. 'આ શાસન એ જ અર્થ છે, એ જ પરમાર્થ છે અને બાકીનું બધું અનર્થકારી છે' આવી અવિહડ શ્રદ્ધાને ધરાવનારા ધર્માત્માંઓ તુચ્છ લાભોમાં કે ખોટી આકર્ષક જાહેરાતોમાં ક્યારે પણ મૂંઝાતા નથી. 'આજ્ઞામાં જ ધર્મ' કહેનાર માનનારા આત્મા આજ્ઞાનો કેવો અનુપમ અનુરાગી હોય ! પોતાની કોઈપણ પ્રવૃત્તિથી ભૂલમાં પણ આજ્ઞાની વિરાધના ન થાય તેની કેવી કાળજી રાખતો હોય. આજ્ઞાની આરાધના સંસારનો અંત છે મુકિતની પ્રાપ્તિ છે અને આજ્ઞાની વિરાધના અનંત દુરંત એવા સંસારને ખરી દવા સમાન છે.

આજ્ઞાના ફરમાવનાર પરમ તારક તીર્થંકર દેવો છે. જેઓને શ્રી અરિહંત પરમાત્માની સાચી ઓળખ થઈ છે. તે પરમ તારકોનું સાચું સ્વરૂપ સમજી ગયા છે તેઓ કયારે પણ ખોટી લાલચોથી મૂંઝાતા નથી કે ખોટી ધમકીઓને વશ પણ થતા નથી. માત્ર આ લોકના ઉપકારી એવા માતા પિતાનું ગૌરવ હણાય, અપમાન થાય, તિરસ્કાર થાય કે માતા પિતાદિની અવહેલના થાય તે સાચો સપૂત - સુપુત્ર સહન કરી શકતો નથી. પોતાની તાકાત હોય તો તેનો સંપૂર્ણ પ્રતિકાર કરી માતા પિતાના ગૌરવની હાનિને બચાવે છે, કદાચ તેવું સામર્થ્ય ન હોય તો તેવા સ્થાન - સ્થળનો ત્યાગ કરે છે. જેનાથી પોતાની આજીવિકા ચાલે છે તેવા માલિકને પણ નમ્રભાવે વિનંતિ કરે છે કે - ''મને આપ બે ધોલ મારો તો મંજુર છે પણ મારા ઉપકારી માતા પિતા માટે અપશબ્દો કે હલકી ભાષા વાપરો તે સારું નથી.'' તો 'સવી જીવ કરું શાસનરસી'ની ભાવનાથી શ્રી તીર્થંકર નામ કર્મની નિકાયના કરીને લોકોત્તમ એવા શ્રી તીર્થંકર પરમાત્મા જે પુણ્યાત્માઓ થયા છે. જેમની સ્તવના 'શક્રસ્તવ - નમુત્થુણં'માં જે જે વિશેષણોથી કરવામાં આવી છે તેના જાણ એવા આત્માઓ પોતાની આંખ સામે કે પોતાના હાથે પોતાના તારક તીર્થંકરની સરખામણી લંભાગુ લોકો સાથે કરે તે કઈ રીતના સહન કરે તે સમજાતું નથી. પોતાની મા ગમે તેવા વિપરીત સ્વભાવવાળી કે અસાધ્ય બિમારીથી રિબાતી હોય તો કોઈ પુત્ર પોતાની માને પોતાના હાથે મારી નાંખે ખરો ? જો જેઓએ શ્રી તીર્થંકર પરમાત્માના સાચા સ્વરૂપની પીછાન નથી, માત્ર મત બેંક પર જ નજર છે તેવી સરકાર તેની ઉજવણી કરે તેમાં સહમત કેમ થાય છે તે સમજાતું નથી ! હમણા અમેરિકામાં જોડા ઉપર હિન્દુ દેવ - દેવીઓના ચિત્ર આવ્યા તો હિન્દુઓએ તેનો વિરોધ કર્યો તો આપણા જૈનો હરખપદુડા બની શીદને ભગવાનની આવી ઉજવણીમાં રાજી થાય છે તે ખબર પડતી નથી ! જૈનોનું જૈનત્ત્વ કયાં ગયું ?

જૈનો એટલે જીવદયાના પાલક, અમારિ પ્રવર્તનના પૂજારી ! જીવમાત્રના દુઃખ ન થાય તેમ માનનારા. જે સરકાર તે કેવી છે તે ખબર નથી !

આ ગુજરાતના એક ભૂતપૂર્વ સ્વ. મુખ્ય પ્રધાને ગુજરાતમાં ગૌવધ બંધીના કાયદામાં સહી કરી અને સામે ભૂંડોનો કવોટા વધારી આપ્યો અને ઊંચા મસ્તકે ખુમારીથી કહે કે મારે તો બે ય કોમને રાજી રાખવી પડે ! તેથી આ સરકાર જેમાં હુંડિયામણના નામે જીવોની ઘોર કતલ થઈ રહી છે તે ભગવાનના અહિંસા ધર્મનો શું પ્રચાર કરવાની છે ? ભવરૂપી સમુદ્રને તરવા માટે નાવ, જહાજ સમાન. દુઃખરૂપી મોટા પર્વતને ભેદવા માટે વજ્રસમાન, મનોવાંછિત ચર્યાને પમાડનારી જગતની માતા એક જીવદયા જ છે આવું સમજનારા જૈનો કયાં મોઢે આ સરકારની ઉજવણીના વખાણ કરે છે તે હજી સમજમાં ઉતરતું નથી.

આજના રાજકીય નેતાઓ સસ્તી પ્રસિદ્ધિ માટે શું શું નથી કરતા તેના જ જેવો આ પણ એક પ્રકાર છે ! ભગવાનનું નામ દેવાથી કલ્યાણ થાય કે તેમના બતાવેલા માર્ગે ચાલવાથી કલ્યાણ થાય ?

આજના નેતાઓ આપણને સલાહ આપે કે જૈનોના ચારે ફીરકાએ એક થવું તો તેમના પક્ષમાં આટલા વિભાજન કેમ ? તેમનામાં એકતા કેમ નહિ ? પદ - પ્રતિષ્ઠા અને પૈસો - પ્રેમ અધઃપતનના માર્ગે લઈ જનાર છે. તેમ આવી ખોટી પ્રસિદ્ધિની લાલસા આત્માને

ભૂલાવનાર છે, વિવેકને વેચી આપનાર છે.

વાચકો ! વિચારો ૨૫૦૦ની રાષ્ટ્રીય ઉજવણી વખતે જે કારણે જે રીતના વિરોધ કરાયેલ ત્યારે તો સબલ નેતૃત્વ હતું આજે ! આજે આવી અશાસ્ત્રીયતા સામે જલદ જેહાદ જગાવવામાં નહિ આવે તો ત્યારનો કરેલો વિરોધ ઇતિહાસમાં કેવો લખાશે ? વડિલોના કર્યા કારવ્યા પર કાળી શાહીનો કૂચડો ફેરવવા સમાન થશે.

આજ્ઞા પ્રેમી ! ધર્મપ્રેમી ! જૈનો જાગો. જો સવેળા નહિ જાગો તો પરિણામ શું આવશે તે આ કલમનો પણ વિષય નથી. પાછળથી પસ્તાવું ન પડે, હવેલી લેવા જતાં ગુજરાત ખોવાનો વારો ન આવે તે પૂર્વે જાગૃત થવાની જરૂર છે. જે સરકાર આપણા પોતાના જ તારક તીર્થોમાં બીન જરૂરી હસ્તક્ષેપ કરી રહી હોય, જેમાં દરેક વખતે આપણે વિજયની વરમાળા વરી છે તેવા તીર્થોમાં પણ આપણા તારક દેવાધિદેવ ભગવાન અપૂજનીક રહેતા હોય તેવી સરકારને સાથ આપવો કેટલો ન્યાય સંગત છે તે સુજ્ઞજનો વિચારી લો ? મુરખ માણસ પણ ઘર વેચીને વરો ન કરે તો બુદ્ધિશાળી બડેખાઓની બુદ્ધિ શું બહેર મારી ગઈ છે ! નીતિ શાસ્ત્રમાં પણ કહ્યું કે - પોતાની ભૂલથી શીખે તે પહેલા નંબરે ડાહ્યો, બીજાની ભૂલથી શીખે તે પણ ડાહ્યો, પણ જે પોતાની કે બીજાની ભૂલોથી - અનુભવોથી જાગે નહિ કે શીખે નહિ તેને કેવો કહેવો તે 'વયં ન જાની મહે.'

ધર્મની બાબતમાં આજ સુધીના અનુભવોનો બોધપાઠ લઈ આપણે આપણી શાસ્ત્રીય મર્યાદા મુજબ ઉજવણી કરીશું પણ શાસ્ત્રીયતાના ઓઠા પાછળ અશાસ્ત્રીયતાને જ પોષનાર આવી ઉજવણીમાં ભાગ લઈશું નહિ. વિદ્વાનો વિચારે કે આ ઉજવણી શાસ્ત્રીય છે ખરી ?

વિશેષ હવે પછી....

■ ■ ■

# કૌન બનેગા કેવલજ્ઞાની ? કૌન બનેગા શ્રુતજ્ઞાની ?
# ક્વિઝ કોન્ટેસ્ટ એક ઉન્માદ

કૌન બનેગા કેવલજ્ઞાની અને કૌન બનેગા શ્રુતજ્ઞાની - આ ક્વીઝ - કોન્ટેસ્ટ શિબિર આ. વિ. હેમચન્દ્રસૂરિજી, મુ. કલ્યાણબોધિ વિજયજી તથા સા. દર્શનરત્નાશ્રીજીની નિશ્રામાં, મુંબઈ - ઘાટકોપરમાં રાખવામાં આવી છે. પણ એની યોગ્યા-યોગ્યતાનો વિચાર કરવો ખૂબ જરૂરી છે.

જૈનશાસનના રસાયણતુલ્ય જ્ઞાનનું દાન કે ધર્મનું દાન કરવાની રીતભાતનું અથવા તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું ભાન, જૈનશાસનના દરેક આચાર્યાદિ સાધુને તથા સાધ્વીઓને હોવું જોઈએ. દુનિયામાં વપરાતા શબ્દોનું અનુકરણ કરી એને જૈનશાસનના કેવલજ્ઞાન કે કેવલજ્ઞાની, શ્રુતજ્ઞાન કે શ્રુતજ્ઞાનીની સાથે જોડવા એ શબ્દોનો નર્યો વ્યભિચાર છે !

જૈનશાસનના કેવલજ્ઞાન અને કેવલજ્ઞાનીની મેરૂને પણ વામણો બનાવી દે તેવી ગરિમાનું ભાન હોય તો આ રીતે એનું ડી-વેલ્યુએશન ન થાય. આ રીતે થઈ રહેલી કેવલજ્ઞાની કે શ્રુતજ્ઞાનીની ઘોર આશાતના છાતીમાં ખંજર ભોંકાતું હોય તેવી લાગે છે. સામાન્ય કોટિના ૧૫ પ્રશ્નોનો જવાબ આપી દે એટલા માત્રથી એને કેવલજ્ઞાની કે શ્રુતજ્ઞાનીનું બિરૂદ આપી દેવું એ સાચા અર્થમાં ઘોર અજ્ઞાનતા છે. એક પ્રકારનો ઉન્માદ છે.

શ્રી ઉપદેશપદ ગ્રંથમાં સમર્થશાસ્ત્રકાર મહર્ષિ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના ફરમાવ્યા મુજબ સૂક્ષ્મ અને તીક્ષ્ણ બુદ્ધિવાળો લઘુકર્મી આત્મા જ આ વાત સમજી શકે. જાણે - અજાણે પણ આ જૈનશાસનના ઉચ્ચત્તમ રીતે પૂજનીય - વંદનીય જ્ઞાન - જ્ઞાનીની ઘોર આશાતના છે.

લાગતા - વળગતાંઓએ જૈનશાસનની ઘાતક આવી પ્રવૃત્તિને છૂટો દોર મળતાં પહેલાં ડામી દેવી હિતાવહ લાગે છે.

સર્વાક્ષર સંનિપાતિની લબ્ધિના ધારક મહાજ્ઞાની ગણધર ભગવંતો કયા શબ્દનો કયાં ઉપયોગ કરવો, કયા શબ્દનું કયાં જોડાણ કરવું એની કાબેલિયતવાળા હોય છે, તેમ એ જ મહાજ્ઞાનીની પરંપરામાં આવેલા, જવાબદારી ભર્યું સ્થાન ધરાવતા સાધુ-સાધ્વીમાં તો એ કાબેલિયત ખાસ હોવી જોઈએ. તો જ એ શાસનરક્ષક ગીતાર્થ કહેવાય તો જ એ શાસન સંચાલન માટે અધિકારી ગણાય નહીંતર એ રક્ષક બિરૂદનો અનધિકારી બની જાય.

કેવલજ્ઞાન અને કેવલજ્ઞાનીની ઠંડી મશ્કરી સ્વરૂપ આ હરીફાઈનો વિરોધ કરવાની પ્રત્યેક જૈનની ફરજ છે એ માટે વિરોધનો પત્ર લખવો જોઈએ.

-આ. **વિજય મિત્રાનંદ સૂરિ**

# મહાભારતના પ્રસંગો

પ્રકરણ - ૭૪ · શ્રી રાજુભાઇ પંડીત

## પાંડવોનો - વિષાદ

દેવ - રચી દ્વારિકા નગરી એક દિવસ સળગીને સાફ થઈ ગઈ. દ્વારિકાનો જ નહિ ભરતાર્ધનો ધણી ત્રિખંડેશ્વર જંગલમાં ભટકતો થઈ ગયો. અને આખરે બાણથી મૃત્યુ પામ્યો. નજરો નજર નિહાળેલી દ્વારિકાની તે ભવ્યતા અને હાલની ભસ્મતા જોઈને પાંડવો સંસાર વિરકત બન્યા અગર ભગવાન શ્રી નેમિનાથ પ્રભુ આ તરફ પધારે તો...

આ ભાવનામાં રહેલા પાંડવોના ઉદ્યાનમાં શ્રી નેમિનાથ પ્રભુના આદેશથી એક દિવસ પાંચશો મુનિવરો સાથે ધર્મઘોષાચાર્ય પધાર્યા.

અત્યંત હર્ષોલ્લાસ પૂર્વક તે સૂરીશ્વર પાસે જઈને પાંડવોએ દેશના સાંભળી. દેશના દેતાં ગુરૂવરે કહ્યું કે - 'ઉત્કૃષ્ટ વૈભવવાળી અનુત્તરવાસીના દેવલોકના દેવોની સમૃદ્ધિ પણ ખરાબ અંતવાળી છે. સંસાર ડગલેને પગલે અનિત્ય છે.''

ગુરૂવચનથી વૈરાગ્ય પામેલા પાંડવો વૈરાગ્ય પામી પ્રવ્રજ્યાના અભિલાષી બન્યા. તેમણે ગુરૂવરને પોતાના પ્રવ્રજ્યાની ભાવના વ્યકત કરવા સાથે કહ્યું કે- ભગવંત ! સૂતેલા શ્રી કૃષ્ણના મૃત્યના સમાચાર તો જરાકુમારે કહ્યા પણ પાણી લેવા બલરામ ગયા પછી શું થયું ? તે જાણવાની તમન્ના છે. આપ જ્ઞાની ભગવંત તે જાણો છો તેથી કૃપા કરીને અમને તે જણાવો.

ગુરૂ ભગવંતે કહ્યું-

જળ લઈને આવ્યા પછી બલરામે કહ્યું - ' કૃષ્ણ ઉઠો. તમારા માટે આ પાણી લઈ આવ્યો. જો તે કેટલું બધુ શીતળ અને સુંગધવાળુ છે. હું પાણી મોડુ લાવ્યો તેથી તું રોષ કરે છે. ભાઈ ! પણ પાણી દૂર દૂર હતુ માટે મોડું થયું છે. હવે તો નિદ્રા છોડ.' કદાચ ઘણો થાક લાગતા તું થાકી ગયો હશે. સારૂં નિરાંતે ઉંઘ કરી લે પછી પાણી પીજે. આમ કહી બલરામ થોડીવાર શાંત રહ્યાં. ત્યાં તો તેને કૃષ્ણના પગ આગળ કાળી માંખીઓ બણબણતી દેખાઈ. રૂધિરની ધાર જોઈ અને બાણનો ઘા જોયો અને ચિત્કારી ઉઠયા કે શું મારો ભાઈ મરી ગયો છે ? અરે રે ! એમ વિચારી મોટેથી પોકાર કરીને મૂર્ચ્છા ખાઈ ઢળી પડયો. પછી ચૈતન્ય આવતા પાછું વિચાર્યુ કે ના... ના... હજ્જારો શસ્ત્રોને વક્ષસ્થલ સાથે ટકરાવી ટકરાવીને યુદ્ધ વિજેતા બનેલો મારો ભાઈ એક બાણના ઘાથી મૃત્યુ પામે, એમ ? ન ભૂતો ન ભવિષ્યતિ. પણ સુખે સૂતેલા અતુલપ્રાણને બાણ મારનારને હું જીવતો નહિ છોડું બાણ છોડનારની કોઈ તાકાત હોય તો પ્રગટ થાય. હમણાં જ તેને બાણ ચલાવવાની સજા કરી દઉં પણ ત્યાં કોઈનો જવાબ ના મલ્યો.

તેથી ફરી વિલાપ કરવા લાગ્યા. હે કૃષ્ણ ! હે કંસારાતિ ! હવે તો ઉઠ તને પગમાં પીડા હોય તો મારા ખભા ઉપર ચડી જા. મારો કયો અપરાધ તને મૌન બનાવી ગયો બંધુ ! જલ્દી ચાલ. આપણે તો પાંડવોની તે પાંડુ મથુરા સુધી ચાલવાનું છે અને તું અહીં જ થાકી ગયો. અથવા તને આ વનના છાયાળા વૃક્ષો ગમી ગયા છે તો આપણે અહીં જ રહીશું બસ હવે તો કંઈક બોલ.

આ રીતે વિલાપભર્યા ઉચ્ચારો કરવામાં જ બલદેવે તે દિવસ - રાત પસાર કરી કાઢયા. સવાર થતાં ફરી ને તે વચનોથી કૃષ્ણને જગાડયા પણ ન જાગતા અને તેને જીવતો માનીને જ બલરામે પોતાના ખભે ઉંચકીને આગળ ને આગળ ચાલવા માંડયું. વનના પુષ્પોથી તે કૃષ્ણને પૂજા કરતા રહ્યા. આમને આમ છ - છ માસ વીતી ગયા.

અને એક દિવસ પત્થરમય પર્વત ઉતરી જઈને સરળ રસ્તા ઉપર ભાંગી ગયેલા રથના ટુકડા એકઠા કરતા એક વ્યકિતને જોયો. વળી આગળ પત્થરની શિલામાં કમળ ઉગાડતા એક માણસને જોયો. વળી આગળ જતા બળી ગયેલા વનને જળથી સીંચતા માણસને જોયો અને મરેલી ગાયને કોઈને તૃણના પૂળા ખવડાવતો જોયો તેથી તે દરેકને મૂર્ખ સમજીને બલરામે શિખામણ દેતા તે દરેકે બલરામની સામેજ કહ્યું કે જો હજારો સંગ્રામમાં શસ્ત્રોના ઘા ઝીલી લેનારો એક પગમાં બાણના ઘાથી તારો ભાઈ મર્યો ન હોય તો અમે બધાં અમારૂં કામ કરી જ શકીશું.

હવે બલરામે વિચાર્યુ કે- 'આટલા બધાં લોકો મારા ભાઈને મૃત્યુ પામેલ કહે છે તો શું તે ખરેખર મરી ગયો છે ? ભગવાન શ્રી નેમિનાથની વાણી શું સાચી પડી છે ?' આમ

વિચારણા ચાલે છે ત્યાં જ બલદેવના સારથિ સિદ્ધાર્થ કે જે પહેલા દીક્ષા લેવા તૈયાર થયો ત્યારે બલદેવે તેને સંકટ સમયે પ્રતિબોધ કરવા આવવાનું કહ્યું હતુ તે દિવ્યરૂપે પ્રગટ થઈ બલદેવને પ્રતિબોધ પમાડયા. .

એ જ વખતે વૈરાગ્ય પામેલા તેમને શ્રી નેમિનાથ પ્રભુની આજ્ઞાથી કોઈ વિદ્યાધર મુનિએ આવીને દીક્ષા આપી. દીક્ષા લઈને બલરામ મુનિવર અત્યંત સુંદર જ્ઞાન - તપ સાધના દ્વારા અત્યારે વિચરી રહ્યા છે. અને સિદ્ધાર્થદેવ તેમના સેવક બનીને સેવા કરી રહ્યા છે.

આ સાંભળીને પાંડવો પણ વિરકત બનીને કૃષ્ણના ઋણની મુકિત માટે જરાકુમારને પાંડુમથુરા સોંપી સાતક્ષેત્રમાં અઢળક ધન વાપરી, જીર્ણ મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવી અપૂર્વ ઉદારતાપૂર્વક અર્થિજનોને રત્ન-મુદ્રાઓ આપીને ભવ્ય શણગાર સજીને મહાસતી દ્રૌપદી સાથે શ્રીધર્મઘોષાચાર્ય પાસે સંયમ સ્વીકાર્યુ.

જ્ઞાન-ધ્યાન-તપમાં તલ્લીન બનેલા પાંચે પાંડવોએ દ્વાદશાંગી ભણી લીધી. પછી ગુર્વાજ્ઞાથી એકાકી વિહાર કરતાં જુદા જુદા ભીષ્મ અભિગ્રહો ધારણ કરતાં ઉજ્જવળ સંયમ પાળવા લાગ્યા.

દ્રૌપદી પણ પ્રવર્તીની સાથે રહીને સુંદર સંયમારાધના કરવા લાગી.

મુનિભીમ તો ભાલાના અગ્રભાગથી કોઈ મને આહાર આપશો તો જ ગ્રહણ કરીશ આવા ભીષ્મ અભિગ્રહો લેતા હતા. અને છ માસને અંતે ત અભિગ્રહ પૂર્ણ થતા હતા.

આમ વિચરતાં વિચરતાં એક વાર પાંડવમુનિઓ એક એવા સ્થાને આવી ચડયા જ્યાં પરસ્પર હિંસક પશુઓ હિંસકભાવ તજી દઈ એકબીજાને પ્રેમ કરતા હતા. પછી તેમને જાણવા મલ્યુ કે- બાજુમાં જ પર્વત આગળ ગુરૂદેવ પધારેલ છે. તેથી પાંડવ મુનિવરો ત્યાં ગયા. વંદના કરી આશિષ મેળવી અને પ્રશ્ન કર્યો કે - ગુરૂવર ! આ હિંસક જંગલના પશુઓ અહિંસક કેમ છે ? શું આપનો સંયમ - પ્રભાવ છે કે બીજું કંઈ કારણ છે ?

ત્યારે ગુરૂદેવે કહ્યું -

વિચરતા વિચરતા એક વખતે બલદેવ મુનિવર ગામમાં ભિક્ષા માટે ગયા. તેમના અદ્ભૂત રૂપથી મોહાઈ ગયેલા એક સ્ત્રી કૂવા કાંઠે પાણી ભરવા આવેલી તેણે ઘડાના દોરડું બાંધવાને બદલે મુનિવર તરફ જોઈ જ રહેતા પોતાના બાળકના ગળે દોરડું બાંધીને તેને કૂવ માં ઉતાર્યો. આ અનર્થ મુનિવરે દોડી જઈને અટકાવ્યો તો ખરો પણ નક્કિ કર્યુ કે આ પાપ બંધાવનારા મારા રૂપને ધિક્કાર છે. હવેથી ગામમાં ભિક્ષા માટે નહિ જાઉ. કાષ્ટ ભાર વાહકો જંગલમાં આવ્યા હશે તેમની પાસેથી ભિક્ષા લઈને માસ ક્ષમણનું પારણું કરીશ. આ બાજુના પર્વત ઉપર રહીને તે મુનિવર માસક્ષમણની તપસ્યા કરતા હતા. આથી તેમને જોઈને નગરજનોએ પોતપોતાના રાજાઓને વાત કરી કે- ' જંગલમાં પર્વત ઉપર કોઈ અદ્ભૂત તપસ્વી પધાર્યા છે.' પણ ટૂંકી બુદ્ધિના તેઓ ભેગા થઈને તે મુનિવર ઉપર આક્રમણ કરવા આવ્યા. એમ સમજીને કે તપના પ્રભાવથી તે અમારા રાજ્યો પડાવી લેશે' પણ સેવા કરી રહેલા સિદ્ધાર્થદેવે કરોડો સિંહના રૂપો વિકુર્વીને રાજાઓને ભગાડી મૂકયા. પછી તે રાજાઓ આવીને મુનિવરને નમન કરીને પાછા ફર્યા. ત્યારથી આ જંગલમાં કોઈ હિંસક જીવો મુનિવરના અપૂર્વ શમભાવન પ્રભાવથી કોઈની હિંસા કરવાનું વિચારી શકતા નથી.

ગુરૂદેવ ! હાલમાં તે મુનિવર કયાં છે ! અમારે તેમને વંદન કરવા છે ?

'એ મુનિવર તો બ્રહ્મદેવલોકમાં છે.'

'એમ કેમ થયું ? ગુરૂદેવ !'

એક હરણ જાતિસ્મરણ જ્ઞાન થતાં રોજે બલદેવ મુનિવરની સેવા કર્યા કરતું અને આખા જંગલમાં રોજે કોઈ સાર્થ કે કષ્ટભારવાહકો આવ્યા હોય તો મુનિવરને પગની સંજ્ઞા કરી ત્યાં સુધી લઈ જતુ. એક દિવસ માસખમણને પારણે હરણ મુનિવરને લઈ ગયુ. કાષ્ટ છેદનારાઓ મધ્યાન્હ થતાં પોતાની રસોઈ જમવા ભેગા થયા હતા ત્યાં પધારેલ સાક્ષાત્ પ્રશમરસમૂર્તિને જોઈને કાષ્ટવાહીના અધિપતિને ભાવોલ્લાસ થયો કે - ''આ સમીવૃક્ષોના વનમાં કલ્પવૃક્ષ કયાંથી ? આજે મારો જન્મ સફળ થયો છે. આ મુનિવરને આહાર આપવાથી મારૂ ધાન્ય સફળ બનાવુ.'' અને સાર્થવાહે રસોઈના પાત્ર હાથમાં લીધા.

તે જ સમયે હરણે ભાવના ભાવી કે - આ સાર્થવાહ ધન્ય છે. કે જે દાન દઈ શકે છે. હું તો દાન તો નથી દઈ શકતુ પણ એવો કોઈ તપ પણ તપી નથી શકતુ. આ મુનિવર પણ માસક્ષમણ જેવા દુશ્ચર તપશ્ચરણો કરવાથી ધન્ય છે. અહો ! આવો સુભગ સંગમ કયાંથી થાય ?

આમ વિચારણા ચાલે છે. અને મુનિવર દાન લે છે

તે જ વખતે અર્ધ કપાયેલુ વૃક્ષ પવનના ઝપાટાથી પડે છે. ત્રણેય મહાનુભાવો તે વૃક્ષના પ્રહારથી મૃત્યુ પામે છે અને ત્રણેય બ્રહ્મદેવલોકમાં દેવ થાય છે.'

આ સાંભળી વિષાદ પામ્યા પાંડવ મુનિવરો બોલ્યા કે અમારા ભાગ્યને ધિક્કાર છે કે જેથી આવા ચારિત્રથી પવિત્ર બલદેવ મુનિવરને અમે સદેહે વંદના કરી ના શકયા.

હજી ભાગ્ય છે તો આપણે શ્રી નેમિનાથ પ્રભુના ચરણારવિંદને વંદવા જઈએ. પણ પ્રભુ કયાં છે ? તેની આપણને ખબર નથી.'

આથી ગુરૂદેવે કહ્યુ - પોતાના નિર્વાણ સમય નજીક જાણીને પ્રભુ અત્યારે રૈવતગિરિ (ગિરનાર) ઉપર પધાર્યા છે.

આથી અત્યંત ઉતાવળ કરીને પાંડવમુનિવરોએ ગુરૂવર સાથે ઉગ્ર વિહાર કરીને હસ્તકલ્પ (હાથસણી) નગરે આવ્યા. ત્યાંથી રેવતક બાર યોજન દૂર હતુ. તેથી સવારે વિહાર કરી પ્રભુના દર્શન કર્યા પછી જ પારણું કરવાનો અભિગ્રહ કર્યો.

હવે થોડીવારમાં તે નગરમાં થઈને ગિરનાર તરફ જતા લોકોને ગ્લાનિવાળા જોઈને પાંડવ મુનિવરો કંઈક વિચારે ના પહેલા જ કોઈક ચારણ શ્રમણે આવીને વિગતથી સમાચાર આપતા જણાવ્યુ કે- ત્રણગઢ રચ્યા સમવસરણમાં બિરાજીને પ્રભુએ અંતિમ ધર્મદેશના કરી. ત્યારે પ્રતિબોધ પામેલા કેટલાકે ક્ષણમાં જ વ્રત સ્વીકાર્યુ. કેટલાકે શ્રાવકપણું અને કેટલાકે ભદ્રકતા સ્વીકારી. સુર - અસુર - નરેશ્વરના આ સમવસરણમાં પ્રભુએ અંતિમ દેશના દીધા પછી પ્રભુએ ૫૩૬ સાધુ ભગવંતો સાથે પાદપોપગમ નામનું માસિક અનશન સ્વીકાર્યુ. ત્યાર પછી અષાડ સુદ આઠમ ના દિવસે ચિત્રા નક્ષત્ર હોવા છતાં પ્રભુએ સર્વકર્મનો ક્ષય કરી નિર્વાણપદ પ્રાપ્ત કર્યુ અને ત્યાર પછી સાંબ પ્રદ્યુમ્નાદિ કુમાર મુનિઓ, રથનેમિ આદિ પ્રભુના બંધુઓ, કૃષ્ણની આઠ મહિષીઓ, બીજા મુનિઓ તથા રાજીમતી આદિ અનેક સાધ્વીજીઓ પણ મોક્ષને પામ્યા. તથા શિવાદેવી - સમુદ્રવિજય - દશાર્હો દેવગતિ પામ્યા.

ઈન્દ્રો દ્વારા પ્રભુનો નિર્વાણોત્સવ થયા પછી પ્રભુના અગ્નિસંસ્કાર પછી દાઢા, અસ્થિ આદિ દેવોએ લીધા. તે પ્રભુના અગ્નિસંસ્કારથી પવિત્ર બનેલા તે રત્નશિલાતલ ઉપર ઈન્દ્ર મહારાજાએ શ્રી નેમિનાથ પ્રભુનું મંદિર બનાવ્યુ. પછી ત્યાં પ્રતિમા રૂપે રહેલા પ્રભુને નમી નમીને સર્વે પોત પોતાના સ્થાને ગયા.

આ રીતે વિદ્યાધર મુનિની વાણી સાંભળીને પાંડવામુનિવરો દુઃખી દુઃખી થયા. અને બોલવા લાગ્યા કે- આપણા ભાગ્યની વિપરીતતાની કોઈ સીમા નથી. કે જેથી બલદેવ મુનિવર સાથે ભેટો ના થયો કે વિચરતા સાક્ષાત્ પ્રભુના ચરણોથી આપણે એક બાર યોજનને માટે થઈને છેટા રહી ગયા. પ્રભુ સાથે નિર્વાણ પામનારા પણ ધન્ય છે, પ્રભુ હસ્તે દીક્ષા પામનારા પણ ધન્ય છે. સારૂ કર્યુ કે આપણે પ્રભુજીની હયાતિમાં જ વ્રત સ્વીકારી લીધું. અમે લીધુ વ્રત પ્રભુની નજર સામે લેવાયુ હોત તો... તો તો સુભાગ્યની કોઈ અવધિ ન હોત પણ ભાગ્ય વગરનાઓના મનોરથો ફળતા નથી.

પણ આપણે પ્રભુને જોયા પછી જ પારણુ કરવાનો અભિગ્રહ લીધો છે તો તે ભગવાનને જોઈને જ હવે પારણું કરશુ. અન્યથા નહિ જ.' આ રીતે વિરાટ સત્ત્વ ફોરવીને તે જ અભિગ્રહપૂર્વક નજીકમાં રહેલા વિમલાચલ નામના ગિરિરાજ ઉપર આરૂઢ થયા. અહીં પુંડરીકાદિ કરોડો મુનિવરો મોક્ષે ગયા છે. આ મહાતીર્થ આપણી ઈષ્ટસિદ્ધિ કરશે. આમ વિચારી ધર્મઘોષ ગુરૂવર પાસે અનશન ક્રિયા કરીને તે ગિરિના શિખર ઉપર ધ્યાનસ્થ રહેલા પાંડવ મુનિવરો સર્વકર્મનો ક્ષય કરી મોક્ષે ગયા.

અને દ્રૌપદી સાધ્વી વિશાળ સમૃદ્ધિ વાળા બ્રહ્મલોકમાં ગયા.

સમાપ્ત..


**શ્રીપાળ કથા**
**૧૧૯ ચિત્રો સાથે**
સંપાદક : **સારાભાઈ નવાબ**

શ્રી રત્નશેખર સૂરિ. મ. સા. કૃત સિરિ સિરિવાલ કહા ગ્રંથનું ભાષાંતર જ્ઞાનખાતાનું પાજીસ્તક હોવાથી રૂા. ૨/-ની સ્ટેમ્પ બીડવાથી જ્ઞાન ભંડારો તથા પૂ. સાધુ - સાધ્વીજી મ. સા.ને ભેટ મળશે તથા શ્રાવકો માટે રૂા. ૧૫/- છે. કારતક સુદ ૧૫ સુધીજ મળશે.

**વિક્રમભાઈ જી. કોઠારી**
ધીના વેપારી
ધાન બજાર, રાધનપુર. જી. પાટણ. ફોન : (૦૨૭૪૬) ૭૭૯૯૨

# રતલામ - રત્નપુરીમાં
# * ભવ્ય રથયાત્રા - ચલ સમારોહ *

લગભગ ૪૦ વર્ષો પૂર્વે સ્વ. પૂજ્યપાદશ્રીજી કાનપુરથી ગુજરાત - અમદવાદ તરફ વિહાર કરી રહ્યા હતાં માર્ગ લીધો માલવા પ્રદેશનો શ્રી નાગેશ્વર તીર્થ, ઉજ્જૈન, શ્રી મક્ષીજી તીર્થ થઈને પહોંચી જવું અમદાવાદ. આ ગણતરી પ્રમાણે વિહારક્રમ પણ ગોઠવ્યો. વિહાર શરૂ થયો સ્વ. પૂજ્યપાદશ્રીજી આદિ વિહાર કરતાં કરતાં માલવ પ્રદેશે પધાર્યા

અજ્ઞાનતાથી ભરેલી માલવી પ્રજાને ધર્મના સંસ્કારો પૂ. સાગરજી મ. સા. એ સિંચેલા. પૂ. સાગરજી મહારાજના તથા અન્ય મહાત્માઓએ પોતાની ધર્મદેશનામાં શ્રી જિનશાસનના માર્મિક અને તાત્ત્વિક રહસ્યોને ખૂબ જ સરળ ભાષામાં પીરસી રહ્યા હતા એને ઝીલનારી માલવી પ્રજા સદ્ધર્મ સમજવાની-જાણવાની ઉત્સુક હતી તેમાં સ્વ. પૂજ્યપાદશ્રીજી માલવા દેશે પધાર્યા છે તો અમારા રતલામ - (રત્નપુરી) શહેરમાં તેઓશ્રીની પધરામણી થવી જ જોઈએ. શ્રાવકો પહોંચી ગયા સૂરિ રામ પાસે સાગ્રહ સહિત વિનંતી થવા લાગી સત્યધર્મ જાણવાની અને સમજવાની ઉત્કૃષ્ટ ભાવના એ પૂજ્યપાદશ્રીને વિચાર કરતાં કરી દીધાં કોઈપણ સંજોગોમાં અમે આપશ્રીને રત્નપુરી લઈ જઈશું. અને આપશ્રીને રતલામ આવવું જ પડશે, એવા આગ્રહે પૂજ્યપાદશ્રીએ રતલામ આવવાની વિનંતી સ્વિકારી. વિહાર કટોકટી ભર્યો હોવા છતાં પૂજ્યશ્રીએ ત્રણ દિવસ રત્નપુરીમાં સ્થિરતા કરી ત્રણેય દિવસ માર્મિક, તાત્ત્વિક અને સાત્ત્વિક પ્રવચનો થયા. માલવ દેશની પ્રજાએ જિનવાણીના ધોધને ઝીલ્યો. સુદેવ - સુગુરુ અને સુધર્મની સાચી ઓળખાણ - પીછાણ થઈ. શ્રી સમ્યગ્દર્શનને પામવાના ઉપાયો ખુબજ સારી રીતે સમજવા મળ્યા. એના કારણે જિજ્ઞાસુ માલવ પ્રજા શુદ્ધ ધર્મને પામી. સુધર્મને સમજવા લાગી, આચરવા લાગી. શુદ્ધ ધર્મની આરાધના કરવા માટે રતલામના આરાધકો પૂજ્યપાદશ્રીજીને ચાતુર્માસ પધારોની વિનંતી કરવા લાગ્યા. શાસન પ્રભાવનાના વિશિષ્ટ કાર્યો, શાસન રક્ષાના કાર્યો અને નાદુરસ્ત તબીયતને કારણે પૂજ્યપાદશ્રી તેઓની વિનંતી સ્વીકારી ન શકયા પરંતુ શુદ્ધ ધર્મવાણી સાંભળવવા માટે અન્ય અન્ય મહાત્માઓને મોકલતાં રહ્યા. મધ્યાહ્ને આવેલો તેજસ્વી સૂર્ય અચાનક ડૂબી ગયો. સ્વ. પૂજ્યપાદશ્રીએ આપેલા આશ્વાસનો પૂર્ણ કરવા પૂ. ગચ્છાધિપતિ આ. દેવ શ્રી વિ. મહોદયસૂરીશ્વરજી મ. સા. ઉદ્યમી બન્યા.

ગુજરાતના અધૂરાં કાર્યો પૂર્ણ કરી પૂજ્યશ્રી મહારાષ્ટ્રમાં પધાર્યા. પુનાનું યશસ્વી ચાતુર્માસ પૂર્ણ કરી, સ્વ. તપસ્વી સમ્રાટ્ પૂ. આ. દેવ શ્રી વિ. રાજતિલકસૂરીશ્વરજી મહારાજાના સદુપદેશથી આષ્ટા (મ.પ્ર.) માં બની રહેલા નૂતન જિનમંદિરમાં ૧૨૦૦ વર્ષ પ્રાચીન શ્રી નેમિનાથ ભગવાનના ગભારા પ્રવેશ નિમિત્તે માલવા પ્રદેશે આવવાનું થયું. તે પ્રવેશ પણ ખુબ જ શાસન પ્રભાવના પૂર્વકનો થયો.

માલવ પ્રદેશે પૂજ્યશ્રી પધારી રહ્યા છે તેવા સમાચાર મળ્યાં જ, વર્ષોથી ચાતકની જેમ ચાતુર્માસની રાહ જોઈ રહેલા રત્નપુરીના આરાધકો અને ટ્રસ્ટીગણો પૂજ્યશ્રીના ચરણવિંદમાં ઉપસ્થિત થયા. ચાતુર્માસ રતલામ જ થવું જોઈએ. પૂજ્યપાદશ્રીનું ચાતુર્માસ કરાવવું હતું પણ અમારા પૂણ્યની ઉણપે અમે કરાવી શકયા નહિ પરંતુ આગામી ચાતુર્માસ તો રતલામ જ થવું જોઈએ આવી વિનંતી વારંવાર જુદા જુદા અવસરે આવીને કરવા લાગ્યા વિ. સં. ૨૦૫૬ ના ફાગણ સુદ ૭ ના દિને અનેક સંઘોની વિનંતી હોવા છતાં પૂજ્યપાદશ્રીએ જે આશ્વાસન વચનો આપેલા તે વચનોને પાળવા માટે પૂજ્યશ્રીએ રતલામ શહેરના આરાધકોની વિનંતી સ્વીકારી ચાતુર્માસની જય બોલાવી અને રતલામનો સંઘ ભાવવિભોર બની ગયો.

બસ, એજ દિનથી ઉત્સાહ અને આનંદ અનેરો હતો. પ્રવેશ મહોત્સવ ધામધૂમથી થાય તેની તાડમાર તૈયારીઓ થવા લાગી ગામ - પરગામ આમંત્રણ પત્રિકાઓ પાઠવી સૌને રૂડું આમંત્રણ પાઠવવામાં આવ્યું. રતલામ શહેરની જનતાને સ્નેહભર્યું નિમંત્રણ પ્રચારના અન્ય અન્ય સાધનો દ્વારા આપવામાં આવ્યું.

પૂજ્યશ્રી આદિ ઈન્દૌરથી વિહાર કરી રતલામ શહેરની સોસાયટીઓમાં પધાર્યા જુદી જુદી સોસાયટીમાં સ્થિરતા થવા લાગી પ્રવચન ધારા વર્ષવા લાગી. જૈન - જૈનેત્તર સારી એ સંખ્યામાં લાભ લેવા લાગ્યા. સૌ કોઈ સારી રીતે પ્રભાવિત થયા નવકાર મંત્ર ગણનારા શ્રાવક - શ્રાવિકાઓને શુદ્ધ ધર્મની જાણ થઈ. જાગૃતિ આવી.

પ્રવેશ દિન નજીક આવતાં યુવાન આરાધકોએ

પ્રવેશની જાહેરાત કરતી એક રેલી સારાય રતલામ શહેરમાં કાઢેલ. જન - જનમાં એક જ વાત ગુંજવા લાગી ''અષાડ સુદ  ના દિવસે ભવ્ય ચલ સમારોહ છે.'' સાથે મુંબઈના આરાધક તરફથી નવકાર મંત્ર ગણનારા સર્વે ગૃહે મીઠાઈના પેકેટ આપવામાં આવેલ સાથે ઘરે ઘરે આમંત્રણ પત્રિકા મોકલવામાં આવેલ.

પ્રવેશના શુભ દિવસે આસન્નોપકારી શ્રી મહાવીર પરમાત્મ ના જિનલાયે પધારી સામુહિક ચૈત્યવંદન કરેલ તત્રેથી ર નપુરીની હદમાં બાદશાહી સલામી સાથે પધારતાં કુંવારી કન્યાઓએ મંગલકુંભોથી સ્વાગત કરેલ. આગત્ - સ્વાગત્ કરેલા બાદશાહી ઠાઠ સાથે પૂજ્યશ્રી આદિ 'ધમ્માણ ભૂવને' પધારેલ.

૮ ૦૦ કલાકે ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામી ભગવાન ના ચ્યવન કલ્યાણકનો વરઘોડો અને મંગલ પ્રવેશના સમારોહની શુભ શરૂઆત થઈ તેમાં સૌ પ્રથમ શણગારેલ રીક્ષામાં સુસ્વાગત્ કરવા યુવાન ભાઈઓ, જૈન શાસનના યુવાન કમાન્ડરો, આકાશને આંભી જાય તેવી ઊંચી ઈન્દ્ર ધ્વજા, ૩૬ અશ્વસવારો, શરણાઈવાદકો, સ્વ. પૂ. આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિકૃતિ શણગારેલ બગીમાં, થનગનતા અશ્વો પર નવયુવાનો, રાસ મંડળ, પૂ. આ. દેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિકૃતિ શોભતી બગીમાં, મા સરસ્વતીની વિશાળ પ્રતિકૃતિ ટાટા સુમોમાં, રજવાડી પોષાક પહેરી બેઠેલા ઉંમર લાયક સજ્જનો, રતલામનું સુપ્રસિદ્ધ બેન્ડ, સૂરિરામ પ્રતિકૃતિ બગીમાં, બળદગાડામાં ત્રિપદી યુકત રામનૌવકા, સૂરિરામના ધૂન મચાવતાં હનુમાનાદિ વાનરો, રચનાત્તમક અનેક ગહુંલીઓથી સુશોભિત ચાર - ચાર બળદગાડા, છાબડીમાં અષ્ટપ્રકારી પૂજાની સામગ્રીઓ લઈ ચાલતી નાની નાની ભૂલકીઓ, આભલાથી શણગારેલ ૧૦૮ મંગળકુંભ લઈ ચાલતી સન્નારીઓ, ચન્દ્રવીર બેન્ડ, પૂજ્યશ્રી આદિ વિશાળ પરિવાર, શ્રાવકગણ, બડનગરનું બેન્ડ, જલધારા - બાકુડાની ગાડી, પ્રભુજીને શોભાવતો રથ. નામ દીવો, સાધ્વીજી ગણ, શ્રાવિકાઓ, બુંદી અને સેવના પેકેટ આપતી અનુકમ્પાની ગાડી.

વિશેષ સૌનું ધ્યાન કેન્દ્રિત કરનારા મિકી માઉસ કાર્ટૂનની ભગવત્ ભક્તિ તથા ગુરુભક્તિ આદિ અનેક સામગ્રીઓથી યુક્ત નીકળેલી રથયાત્રા ૧૫૦થી અધિક દ્વારો(માર્ગ માનોમાંથી) પસાર થયેલ. દ્વારે દ્વારે ચાંદીના, સોનાના, રૂપિયાના, ફૂલોના તોરણો શોભતાં હતાં. ઠેર ઠેર સુવાક્યોના બોર્ડો, શણગારેલા રાજમાર્ગો, સાડી બજાર સાડીથી શણગારેલ વાસણ બજાર વાસણોથી શણગારેલા હતા. ઘર - ઘરની અગાશી-બાલ્કનીમાંથી રથયાત્રાને નીહાળી રહેલી અઢારે આલમે ફૂલોની વર્ષા, ચમકતી જરીની વર્ષા, મોતીઓની વર્ષાથી ભગવાન તેમજ પૂજ્યશ્રી આદિને વધાવેલ. જગ્યાએ જગ્યાએ લીંબુ શરબત, પાઈનેપલ સરબત, ગુલાબ સરબત, ઠંડાઈ, સાકર જલની ભક્તિઓ થતી હતી. જૈન-જૈનેત્તરોએ ભગવાન તેમ જ ગુરુભગવંત પાસે ગહુંલીઓ કરેલ. ગહુંલીઓ ઉપર મુકેલ રકમનો સરવાળો લગભગ ૧૭,૦૦૦ (સત્તર હજાર) જેટલો હતો. શ્રીફળ, નૈવેદ્ય, ચોખા તેમજ ચાંદીના સીક્કાઓ અલગ ગહુંલી દ્વારા આવેલું નાણું ચાંદીના સીક્કાઓ વગેરે દેવદ્રવ્યમાં જમા થયેલ.

જૈન શાસનની શોભા વધારનારી રથયાત્રા લગભગ ૧૨-૦૦ વાગ્યે જિનાજ્ઞાધામ પહોંચેલ જિનાજ્ઞાધામ જન મેદનીથી ભરેલો હતો. માંડ માંડ પૂજ્યશ્રી આદિ વ્યાસપીઠ પર પધારેલ. શ્રાવકોનો ઉત્સાહ અને ઉમંગ માતો ન હોતો. પૂજ્યશ્રીને ગુરુવંદન કર્યા બાદ પૂજ્યશ્રીએ માંગલિક ફરમાવેલ. સ્વાગત ગીત ઈન્દોર નિવાસી બાલ સંગીતકાર શ્રી રાહુલકુમારે મધૂર સ્વરે ગાયેલ. ગુરુપૂજન તેમજ સંયમના ઉપકરણો વોરાવ્યા બાદ શ્રી માણેકલાલજી લુનિયા પરિવારે શ્રી રત્નપુરીથી શ્રી નાગેશ્વર તીર્થનો છ'રી પાલન શ્રી સંઘમાં નિશ્રા આપવાની વિનંતી કરી.

પૂ. આ. શ્રી મુકિતપ્રભસૂરીજી મ. તેમજ પૂ. આ. શ્રી હેમભૂષણસૂરીજી મ. સા. ના પ્રાસંગિક પ્રવચન થયેલ શ્રી છ'રી પાલિન શ્રી સંઘ વિનંતીનો સ્વીકાર થયેલ. સારોય કાર્યક્રમ લગભગ ૨-૦૦ વાગ્યે પૂર્ણ થયેલ. પ્રવેશ મહોત્સવ નિમિત્તે આજના મંગલ દિવસે શ્રી લઘુ શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવેલ પ્રવચન બાદ ૧૦ - ૧૦ રૂા. ની પ્રભાવના તેમજ શ્રી શાન્તિ સ્નાત્ર બાદ શ્રીફળની પ્રભાવના થયેલ. શ્રી સંઘનું સ્વામિવાત્સલ્ય થયેલ.

સારોય પ્રસંગ નિહાળનારા તેમજ અમદાવાદ, મુંબઈ, સુરત, વાપી, નવસારી, ઉજ્જૈન, ઈન્દોર, આદિ શહેરોથી પધારેલ આરાધકોના મુખમાંથી એક વાત સાંભળવા મળતી હતી કે આવો ચલ સમારોહ (સામૈયું) આજ દિન સુધી અમે જોયો નથી. આવો ઉત્સાહ, ઉમંગ અને આનંદ કયાંય નિહાળ્યો નથી. ઘણા પ્રવેશ મહોત્સવો જોયા પણ આ રતલામ શહેરની રથયાત્રા, પ્રવેશયાત્રા કાંઈક અનેરી હતી. લોકો બોલવા લાગ્યા ''જૈનોની આવી શોભાયાત્રા રોજ નિકળતો સારું.

આ સારાય ચલ સમારોહથી જૈન શાસનની સારી એવી પ્રભાવના થયેલ અને એ રથયાત્રા - પ્રવેશયાત્રા રતલામના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે કોતરાઈ ગઈ.

# આત્માની મુસાફરી : નિગોદથી નિર્વાણ

- કુ. દેવયાની જયેન્દ્રભાઈ શાહ

**આ**ત્માનું અસ્તિત્વ અનાદિકાળથી આ જગતમાં છે. માત્ર શરીર બદલ્યા કરે છે. અને હજુ મોક્ષ નથી થયો. આત્માનું અંતિમ સ્થાન મોક્ષ છે. મોક્ષમાં ગયા પછી આત્મા અનંત સુખનો અનુભવ હંમેશાને માટે કરે છે. અને આત્મા સદાને માટે સ્થિર થઈ જાય છે. આ મોક્ષની પ્રાપ્તિ ભવ્ય જીવોને જ હોય છે. આ મોક્ષ એટલે કે સિધ્ધશિલા છવ્વીસ સ્વર્ગ એટલે કે બાર દેવલોક નવ ગ્રૈવયક અને પાંચ અનુત્તર વિમાનની ઉપર આવેલી છે. આ સિધ્ધશિલા પિસ્તાલીશ લાખ યોજન લાંબી અને પહોળી છે. અને વચમાં આઠ યોજન જાડી છે. અને છેલ્લે માખીની પાંખ જેવી છે. સફેદ મોતીઓના હાર કરતાંય ઘણી ઉજજવલ છે. સ્ફટિક રત્ન કરતાંય નિર્મલ અને અત્યંત સુંવાળી છે. સિધ્ધના જીવને જન્મ - જરા-મરણ નથી. આધિ - વ્યાધિ - ઉપાધિ નથી. ત્યાં બધા જ જીવોને કાયમ માટે એકસરખું સુખ છે. અને તે સુખની કોઈ સીમા નથી. શ્રી તીર્થંકર પરમાત્મા પણ તેને વર્ણવી ન શકે તે અવર્ણનીય છે. સિધ્ધ આત્માનો એક માત્ર સમયનો આનંદ વિશ્વના અનંતકાળના બધા સુખો કરતાં પણ વધી જાય છે.

મોક્ષ એ જીવનું અંતિમ સ્થાન છે. તો આ મોક્ષની સાધના - આરાધના મનુષ્ય જન્મમાંજ થઈ શકે છે. સંસારમાં ચાર ગતિ છે. મનુષ્ય જન્મમાં જ થઈ શકે છે. સંસારમાં ચાર ગતિ છે. મનુષ્યગતિમાંથી જ જીવ સકલ કર્મોથી મુકત થઈ નિવાર્ણપદને પામે છે. શાસ્ત્રમાં મનુષ્ય જન્મની દુર્લભતા દર્શાવવા માટે દશ દ્રષ્ટાંતો આપવામાં આવ્યા છે. ૧. ચોલ્લક ૨. પાશક ૩. ધાન્ય ૪. ધૂન ૫. રત્ન ૬. સ્વપ્ન ૭. ચક્ર ૮. ચર્મ ૯. યુગ અને ૧૦ પરમાણું.

આપણે અહી જોઈશું કે આત્મા સંસારમાં અનાદિકાળથી કેટલું ભ્રમણ કરી રહ્યો છે. સૌ પ્રથમ તો ભવ્ય અનંત પુદગલ પરાવર્તકાલ અવ્યવહાર નિગોદમાં રહે છે. એક શ્વાસોશ્વાસમાં તેઓના સત્તર વખત જન્મ મરણ થાય છે. આમ સતત જન્મ મરણની પીડા ભોગવે છે. જ્યારે એક જીવ મોક્ષમાં જાય છે. ત્યારે ભવિતવ્યતાના યોગે એક જીવ બહાર આવે છે. ત્યારબાદ અનંતકાળ પર્યંત વ્યવહાર વનસ્પતિમાં રહેવો. અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી ભિન્ન- ભિન્નપણે પૃથ્વીકાય - અપ્કાય તેઉકાય અને વાયુકાયમાં પરિભ્રમણ કર્યા બાદ સંખ્યાકાલ પર્યંત બેઈન્દ્રીય, તેઈંદ્રિય, ચઉરેન્દ્રિય આ રીતે વિકલેઈન્દ્રીયપણામાં સંખ્યાકાલ પર્યંત વસે છે. આ પ્રમાણે પુનઃ પુનઃ જીવો વ્યવહારરાશિમાં પરિભ્રમણ કરે છે. આમ ભ્રમણ કર્યા બાદ કેટલાક જીવો પંચેન્દ્રિય તિર્યંચપણાને પામે છે. તે પછી ઘણી મુશીબતે મનુષ્યપણાને પામે છે. આથી મનુષ્યપણું દુર્લભ છે. અને તેમાં ધર્મની સામગ્રી અતિ દુર્લભ છે. કારણ કે આર્ય દેશ આર્યજાતિ - આર્યકુળ પંચેન્દ્રિયપણું - દિર્ઘઆયુષ્ય - નિરોગી શરીર - બુધ્ધિ છતાં સદ્ગુરૂનો યોગ, ધર્મમાં શ્રધ્ધા અને સંયમ ધર્મમાં આચરણ એક થી એક વસ્તુ દુર્લભ છે.

મોક્ષની જ ઈચ્છાથી ધર્મ કરનાર માણસો તો સંસારમાં બહુ અલ્પ છે. આત્માનો જ્યારે ગ્રંથી ભેદ થાય ત્યારે મોક્ષની ઈચ્છા આત્મામાં જન્મે છે. ગ્રંથ મેદ સમજવા માટે એક દ્રષ્ટાંતથી સમજશું. જેમ કોઈ વ્યકિત કુહાડીથી વૃક્ષનું લાકડું કાપે ત્યારે લાકડું સીધુ તો તરત જ એક ઘાથી બે - બે ફાડિયા થતાં જાય છે. પણ જ્યારે વૃક્ષના ઉપરના ભાગમાં ગાઠા આવે ત્યારે એ વ્યકિત કુહાડાને સખત ધારદાર કરે છે. અને બધુ જ બળ વાપરીને કુહાડાથી પ્રહાર કરે છે. આ ગાઠ એ જ આત્માની ગ્રંથિ સમજવાની છે. આત્મામાં રાગ અને દ્વેશની તીવ્ર સખત ગ્રંથિ આવેલી છે. તેમાં રાગની ગ્રંથિ તો વધુ સખત છે. માટે જ વીતરાગ શબ્દ વપરાય છે.

આત્માનો ગ્રંથિદેશે આવવાના સમય વિશે જોઈશું આત્મા આઠ પ્રકારના કર્મ બંધનથી બંધાયેલો છે. તેમાં આયુષ્ય સિવાયના ૭ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે છે. જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય - વેદનીય અને અંતરાય કર્મની ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ ૩૦ કોટાકોટિ સાગરોપમની છે. મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોટાકોટિ સાગરોપમની છે. નામ અને ગોત્રની ઉત્કૃષ્ટ કર્મ સ્થિતિ ૨૦ કોટાકોટિ સાગરોપમની છે. હવે જ્યારે સાતેય પ્રકારના કર્મોની સ્થિતિ એક એક કોટાકોટિ સાગરો જેટલી બાકી રહે છે. ત્યારે આત્મા ગ્રંથિ દેશે આવે છે. અને તેમાંથ કોઈકનો જ ગ્રંથિ ભેદ થાય છે. ગ્રંથિ દેશે આવવા છતાં ગ્રંથિ ભેદ ન થાય તો આત્મા પાછો કર્મોના બંધન કરી અનંત સંસાર - સાગરમાં ડુબી જાય છે.

આત્માનો જ્યારે ગ્રંથિ ભેદ થાય છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. ત્યારે તે ચરમાવર્તમાં આવી

જાય છે. ત્યારબાદ તેનું ભવભ્રમણ મર્યાદિત બની જાય છે. કારણ મોક્ષની ઈચ્છાથી કરેલું નાનું એવું ધર્મનું આચરણ થવું ફાયદાકારક બની રહે છે. જીવને ભવિષ્યમાં વધુમાં વધુ ધર્મ કરવાની અનુકુળતા મળી રહે છે. સમ્યક્ત્વની પ્રાપ્તિથી જીવને એક દિશા મળે છે. આથી મિથ્યાત્ત્વને ગાઢ અંધકાર અને સમ્યક્ત્વને સૂર્યની ઉપમા આપી છે. આત્માને મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યા સુધી ઉચ્ચકોટિના દેવલોકના અને મનુષ્યલોકના સુખો મળે છે. પરંતુ વિવેકશીલ હોવાથી તે સુખોમાં પણ ભાન ભૂલી નથી જતો અને આત્મા પ્રત્યે જાગૃત રહે છે. આમ આત્માને મોક્ષની પ્રાપ્તિ થતાં તેના સંસારનાં અંત આવી જાય છે. અને પોતાના મૂળ સ્વરૂપમાં સદાને માટે સ્થિર થઈ જાય છે. ભવ્ય જીવો માટે આમ આત્માની મુસાફરી નિગોદથી નિર્વાણ સુધીની છે.

■ ■ ■

## આત્મ પ્રબોધક પ્રસંગ

# આપત્તિમાં પણ અદીનતા

**- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.**

**શ્રી** હરિબલ મચ્છીના રાસમાં એક પ્રસંગ આવે છે તેના પર સામાન્યથી વિચાર કરવો છે કે જે પુણ્યાત્માઓને પ્રાણો કરતાં પણ ધર્મ જ શ્રેષ્ઠ લાગે છે તેમની મનોદશા કેવી મનોહર હોય છે.

સદ્‌ગુરૂના યોગે તે શ્રી હરિબલ માછીમારે પોતાની જાળમાં ''પહેલું માછલું આવે તેને છોડી દેવું તેવો નાનકડો નિયમ સહર્ષ ગ્રહણ કર્યો. આજે આપણા વ્રત - નિયમ કેવા પોલા છે તેની આપણને ખબર છે. સાજો માજે છૂટ અને બહારગામ પણ છૂટ. આપણા નિયમો લગભગ ન થયા જેવા છે. પછી નિયમ પાલનમાં દ્રઢતા કે મક્કમતા ક્યાંથી અનુભવાય. આ તો માછીમારના કુલમાં ઉત્પન્ન થયેલો છતાં નિયમ પાલનમાં દ્રઢતા કેવી અને આપણે જૈન કુળમાં ઉત્પન્ન થયેલા. આપણામાં પોલ ક્યાંથી આવી તેનું મૂળ વિચારીએ તો લાગે કે આપણે ધર્મી કહેવરાવવું છે પણ ધર્મી બનવું નથી. હૈયાની પરિણતિ નિર્મલ બને તો જ ધર્મીપણું આવે આજે આપણે પ્રવૃત્તિમય ધર્મ થોડો ઘણો કર્યો અને જાતને ધર્મીનું લેબલ લગાવી દીધું !

તે માછીમારને એક દિવસ સવારથી સાંજ સુધી એકનું એક માછલું જાળમાં આવ્યા કર્યું ત્યારે તે પુણ્યાત્મા આવી આજીવિકાની આપત્તિમાં જરાપણ દીન થયા વિના વિચારે છે :

''સન્ધ્યા સમયે સ મનસિ
ચિન્તયત્યેવૈતાવદ્ વરં જાતમ્ ।
યદ્વ્રતમેતદ્ ગૃહીત-
-મિતરથા મમ કુતો દયાધર્મ : !''
(વર્ધમાન દેશના શ્લો.-૪૦૫)

આ બહું ઉત્તમ થયું કે મેં આટલું પણ વ્રત ગ્રહણ કર્યું અન્યથા મારા જેવામાં દયાધર્મ ક્યાંથી હોય ?

ભાગ્યશાલિઓ ! વિચારો કે હૈયાની સાચી સમજ, સાચા ભાવે ગ્રહણ કરેલ વ્રત, તેના પાલનની મક્કમતા આત્માને કેવો સુંદર બનાવે છે. સમય - સંયોગો - સ્થલનો વિચાર કરીએ તો પણ લાગે કે જ્ઞાનિઓએ જે વાત પર ભાર મૂક્યો છે કે લઘુકર્મિતા આવ્યા વિના આવી સુંદર વિચારણા સ્ફૂરે જ નહિ. આજે શું ખાવાનું ! પત્ની કહેશા છે આ પણ ઘર બાર પરિવારવાળો આત્મા છે છતાં ય શું વિચારે છે કે વ્રત ગ્રહણ કર્યું તે ઘણી જ સાચી વાત થઈ નહિ તો મારા જેવામાં દયાનાં પરિણામ કયાંથી ?

જ્ઞાનિઓએ દયાધર્મના ગુણગાન ગાતાં કહ્યું છે કે - ''ભવરૂપી સમુદ્રને તરવા માટે નાવડી સમાન, દુઃખ રૂપી મોટા પર્વતને ભેદવા સમાન, મનોવાંછિત અર્થોને પમાડનારી જગતની માતા એક માત્ર જીવદયા જ છે.''

આવા કુલમાં પણ જીવદયાના પરિણામ કેવા ! જૈનોના ઘરમાં આજે જયણાની વાત વિચારીએ તો કેવું દુઃખ થાય તેમ છે ?

આજીવિકા માટે અનીતિ પણ ન કરે તેવા કેટલા ?

આ પ્રસંગનો પરમાર્થ એ છે કે સંસારમાં ગમે તેવી આપત્તિ આવે પણ દીનતાને જરાપણ ધારણ કરવી નહિ. ગ્રહણ કરેલા વ્રત - નિયમના પાલનમાં વધુ વધુ દ્રઢ મક્કમ બનવું. પ્રાણ ભલે જાય પણ વ્રત નિયમમાં જરાપણ છીંડુ નહિ જ રાખીએ. આપણા આત્મા સાથે આ રીતના આ પ્રસંગોનો પરમાર્થ આત્મસાત્ કરીએ તો આપણા માટે મોક્ષ દૂર નથી હોં કે ?

# વિષયોથી વિરાગ કેળવો

**આ**પણે સૌ કોની વધારે વિરાધના કરીએ છીએ ?

જૈન શાસનમાં છ પ્રકારના જીવો વર્ણવ્યા છે તેમાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય.

આ છ પ્રકારના જીવોમાંથી વનસ્પતિકાયના જીવોની વિરાધના આપણે વધુ કરીએ છીએ.

તમને સૌને આશ્ચર્ય થશે. તે કેવી રીતે ?

સ્પર્શેન્દ્રિયને સ્પર્શ ચાહે મુલાયમ વસ્ત્રોનો હોય કે કઠોર ટેબલ ખુરશીનો હોય પણ તે બને છે શેમાંથી ? વનસ્પતિકાયમાંથી.

રસનેન્દ્રિયના સ્વાદને પોષનારા દ્રવ્યો ચાહે ફળ હોય, શાકભાજી હોય, કે નાના પ્રકારના અનાજો હોય, પણ તે ઊગે છે શેમાં ? વનસ્પતિકાયમાં.

ઘ્રાણેન્દ્રિયને સુંગધ ચાહે અતર, કપૂર, વીરાસ આદિ કોઈપણ પદાર્થોનું જન્મ સ્થાન વનસ્પતિકાય.

ચક્ષુ ઈન્દ્રિયને તરબતર કરી દેનાર ચિત્ર-વિચિત્ર દ્રશ્યોમાં નિમિત્તભૂત ચાહે બાગ, બગીચા, વૃક્ષો, ફુલોની સજાવટ હોય પણ તેનું કેન્દ્ર સ્થાન કોણ ? વનસ્પતિકાય.

શ્રોતેન્દ્રયને મસ્તીમાં છલકાવનાર ભલે વાંજિત્રો છે પણ તેની ઉત્પત્તિ શેમાંથી ?

વનસ્પતિકાયમાં

જોયું, શબ્દ, રૂપ રસ, ગંધ, અને સ્પર્શ વનસ્પતિકાયમાંના ઉત્પન્ન થાય છે અને એમાં જ આકૃષ્ત બન્યા તે વધુ વધુ વનસ્પતિકાય જીવોની વિરાધના કરે છે.

બીજા બધા જીવોમાં [illegible] ફેરફાર જણાતો નથી ત્યારે વનસ્પતિકાયના જીવ [illegible] અનેક પ્રકારના ફેરફારો જણાય છે.

પૃથ્વીકાયના [illegible] ઘરમાં [illegible] તરીકે બેસાડી હોય તો તેમાં તમે [illegible] કરવા [illegible] લાદી લીસ્સા બનાવો, [illegible] અવસરે બદલાવી નાખો.

અપકાયના જીવોને વધુમાં વધુ ગરમ અથવા ઠંડુ કરવાના ને.

તેઉકાયના જીવોથી આપણે દૂર રહેવાના કારણ કે તેનો સ્વભાવ દઝાડવાનો છે. તેમાં થતો ફેરફાર આપણને કાંઈ લાભદાયક નહિ બને.

વાઉકાયના જીવોનો ફેરફાર કરવા માટે પુરુષાર્થ સાર્થક બનશે ખરા ? પવનવાળી જગ્યાએ જઈને બેસો અથવા બંધ રહેલી બારી ખોલીએ તો જ સાર્થક બાકી...

ત્યારે...

વનસ્પતિકાયમાં થતા ફેરફારો તો હિસાબ વગરના છે. લાકડામાંથી અનેક ચીજો. અનાજ, ફળ, ફૂલો, અનેક પ્રકારનાં અને વસ્ત્રો ભિન્ન ભિન્ન પ્રકારનાં અને જુદી જુદી ઋતુઓમાં કામ લાગે એવા.

જો આપણે આપણી ટૂંકી દ્રષ્ટિને વિશાળ બનાવીને વિચારશું તોજ સાચી સમજણ આવશે કે વનસ્પતિકાયની વિશાળતા કેટલી અને પરિવર્તન કેટલું ?

વનસ્પતિકાય જીવોનો ભોજનક્ષેત્રમાં અજબ પ્રકારનો પ્રભાવ. રાજરચીલામાં જબરો પ્રભાવ. શરીરની ટાપટીપ અને વ્યવહાર ક્ષેત્રમાં પણ ગજબ પ્રકારનો પ્રભાવ. બધી જગ્યાએ વનસ્પતિકાય જીવની પ્રભુતા એને કારણે તેની વિશાળતા અજબગજબ પ્રકારની ત્યારે પરિવર્તન પણ ધાર્યા મુજબનું. જે ઈન્દ્રિયનું સુખ ભોગવવું હોય તે રૂપે વનસ્પતિકાય જીવનું પરિવર્તન થાય. વિશાળતા અને પરિવર્તનના તોફાનોને કારણે જીવ વિરાધના ઘણી કરે છે.

વનસ્પતિકાયના જીવની વિરાધના કારણે જીવ આ સંસાર રખડે છે ભયંકર દુઃખો સહન કરે છે. છતાં પણ ભાન નથી આવતું જો ભાન આવી જાય તો સત્વ કેળવાય અને એના કારણે સુખશીલતા અને અનુકૂળતા સામે લાલબત્તી ધરાય પોતાની જાતની કિલ્લેબંધી કરી જીવન સાર્થક બનાવવા માટે સંયમ જીવનનો સ્વીકાર થાય તેમાં પણ વનસ્પતિકાયના જીવોના પરિવર્તન ઉપર રાગ તુટી જાય તો જ મુકિત મળી જાય.

-વિરાગ.

**બે હાઈવેના કોર્નર ઉપર ભવ્ય, આલીશાન, આકર્ષક અને વિશાળ આકાર લઈ રહેલું**

# શ્રી સમેત શિખર સ્થાપના તીર્થ

બગોદરા, તા. ધોળકા, જિ. અમદાવાદ
રજીસ્ટર્ડ ટ્રસ્ટ નં. એ-૩૪૭૭

**યાત્રાર્થે અવશ્ય પધારો, ભવ્ય પ્રતિમાના દર્શન પૂજન કરી યાત્રા કરો.**

**ભૂતકાળ :-**

વર્તમાન ચોવીશીના વીશ તીર્થંકર ભગવંતો જે ભૂમિ ઉપર અંતિમ ધ્યાન ધરી મુક્તિપદના સ્વામી બન્યા છે, તે સમેત શિખર ગિરિરાજનો મહિમા વિવિધ શાસ્ત્રોમાં ઘણો ગવાયો છે. દર્શનમાં અતિશય રમણીય દેખાતો આ ગિરિરાજ સમુદ્રની સપાટીથી આશરે ૪૫૦૦ ફૂટ ઊંચાઈ ધરાવે છે અનેક જાતની વનસ્પતિ, ઔષધિઓ, જડીબુટ્ટીઓ થી ભરેલો આ પહાડ નીલમનો ટૂકડો હોય તેવો લાગે છે.

આ ગિરિરાજની પ્રાચીન હકીકતોથી ઘણા આત્માઓ અજાણ છે. વિક્રમના બીજા સૈકામાં અનેક લબ્ધિઓ અને સિદ્ધિઓના ધારક મહાન પ્રભાવક આચાર્ય શ્રી પાદલિપ્તસૂરીશ્વરજી મહારાજ તથા નવમા સૈકામાં આમ રાજાના પ્રતિબોધક, રોજની ૧૦૦૦ ગાથા યાદ રાખવાની તીવ્ર બુદ્ધિવાળા ચાર - ચાર શાસન દેવતાઓ જેમની સેવામાં રહેતા તે આચાર્ય શ્રી બપ્પભટ્ટીસૂરીશ્વરજી મહારાજ પોતાની લબ્ધિથી આકાશમાર્ગે રોજ આ તીર્થની યાત્રા માટે પધારતા હતા.

મોગલ સમ્રાટ અકબર બાદશાહે સંવત ૧૬૪૯માં જગદ્‌ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજને શાંતિની ઉપાસના માટે આ સમગ્ર પહાડ શ્વે. મૂ. તપગચ્છ સંઘને અર્પણ કર્યાના પુરાવા આજે મૌજૂદ છે.

**વર્તમાન :-**

ગુજરાતના જૈનો માટે બિહારની ભૂમિમાં આવેલો આ ગિરિરાજ ઘણો દૂર છે. યાત્રાની સફર ઘણી જ કઠિન પણ છે. તેથી આજે ગુજરાતમાં ઘણા જૈનો એવા પણ છે કે જેઓએ શ્રી સમેત શિખરની સ્પર્શના પણ નહી કરી હોય ! તેવા જીવો માટે આ યોજનાનો વિચાર સ્ફૂર્યો. વિ. સં. ૨૦૧૩માં પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા કલકત્તા પધાર્યા હતા ત્યારે ઘણીવાર કહેતા કે સમેત શિખર જેવી કલ્યાણભૂમિની સ્પર્શના કરવામાં બિહારમાં ઘણી મુશ્કેલીઓ છે. વિહારમાં ખાસ કરીને સાધ્વીજી મહારાજને અહીં પહોંચવું ખૂબ જ કઠિન છે. સાધારણ સ્થિતિવાળો ભાવિક તો અહીં ક્યાંથી પહોંચી શકે ?

આ બધી વિગતોને ધ્યાનમાં રાખી અનેક પૂજ્યોના શુભાશીર્વાદ લઈને શ્રી સમેત શિખર સ્થાપના તીર્થનું નિર્માણ કરવાનું ભગીરથ કાર્ય કરવા અમારી સંસ્થા કટિબધ્ધ બની છે.

**પાવન નિશ્રા :-**

પરમ પૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની પરમ કૃપાથી અને પ. પૂ. પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. સા. ના મંગલ આશીર્વાદથી આ કાર્યનો પ્રારંભ થયા પછી તેઓશ્રીની કૃપાથી કાર્ય શુભ રીતે આગળ વધી રહ્યું છે.

આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મુક્તિપ્રભ સૂરીશ્વરજી મહારાજાએ અને આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાએ આ તીર્થના વિકાસ અંગે અમને વારંવાર પ્રેરણા આપી પ્રોત્સાહિત કર્યા છે.

આ તીર્થમાં બિરાજમાન અલૌકિક પ્રતિમાજી તથા સુંદર અને કલાત્મક પાદુકાઓના નિર્માણ અંગે આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજાએ અને તલેટીના દહેરાસરના નિર્માણ અંગે આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ માર્ગદર્શન આપી અમારા ઉપર મોટો ઉપકાર કર્યો છે.

આ તીર્થના દેદિપ્યમાન દેવાધિદેવની પ્રતિમાજીની અંજનશલાકા શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજા તથા શ્રીમદ્ વિજય ગુણશીલસૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રામાં સં. ૨૦૫૫ વૈશાખ સુદ ૬ ના શુભ દિને ઉલ્લાસભેર ઉજવાઈ હતી.

**સમેત શિખર :-**

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ શ્રી સંઘની આરાધનાના ઉદ્દેશ્યથી નિર્માણ પામતું આ તીર્થ સંકુલ રાજકોટ, ભાવનગર હાઈવે ક્રોસીંગ ઉપર બગોદરા ગામની સીમમાં ઊભુ કરવામાં આવી રહ્યું છે. જેથી પાલીતાણા જતા ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ ઉપરાંત મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર વિગેરે રાજ્યોના ભાવિકો આ તીર્થના દર્શનનો લાભ લઈ શકશે.

**સ્થાપના પહાડ :-**

આ તીર્થ સંકુલમાં ૫૦૦ ફૂટ લાંબા, ૩૦૦ ફૂટ પહોળા અને ૮૧ ફૂટ ઊંચાઈએ સ્થાપના પહાડનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ પહાડ ઉપર ૨૩ તીર્થંકર દેવની દેરી (પાદુકાવાળી), ચાર શાશ્વત જિનની દેરી તેમજ શ્રી શુભસ્વામી ગણધરની દેરી બનાવવામાં આવશે. આ ઉપરાંત ગૌતમ સ્વામીનું ગુરૂમંદિર બનાવવાનું આયોજન છે. પહાડ ચઢતાં ભોમીયાજીના દર્શન થશે.

**પાર્શ્વનાથ ભગવાનની ટુંક :-**

પાર્શ્વનાથ ભગવાનની ટુંક ઉપર શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ પ્રભુજીની ૧૦૮ ઈંચની કલાયુકત કાઉસગ્ગ મુદ્રાવાળી શ્યામ પ્રતિમાનાં દર્શન થશે. પાર્શ્વનાથ ભગવાન સાથે ૩૩ મહાત્માઓ અંતિમ ધ્યાન ધરી મોક્ષે ગયા હતા. તેમની કાઉસગ્ગ મુદ્રાવાળી પ્રતિમાઓ મૂળનાયક પ્રભુની બાજુમાં બિરાજમાન કરવામાં આવશે. આ જિનાલયની ધજા ૮૧ ફૂટ ઊંચે લહેરાશે.

**જલમંદિર :-**

જલમંદિરમાં મૂળનાયક શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાનની ૩૧ ઈંચની પ્રતિમા બિરાજમાન કરવામાં આવશે. તેની બાજુમાં ઋષભદેવ ભગવનાની તેમજ મહાવીર સ્વામી ભગવાનની પ્રતિમા મૂકવામાં આવશે.

**શ્રી સમેત શિખર પાર્શ્વનાથ :-**

તળેટીમાં એક શિલ્પ કલાયુકત શ્રી સમેત શિખર પાર્શ્વનાથ ભગવાનની અર્ધપદ્માસન સ્થિત શ્યામ વર્ણની ૧૩૫ ઈંચની પ્રતિમા બિરાજમાન કરવામાં આવી છે. રંગમંડપમાં કલાત્મક પરિકરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન (લીલા રત્નમણી) અને શ્રી શાંતિનાથ ભગવાન (સુવર્ણ રત્નમણી) ની પ્રતિમા બેસાડવામાં આવશે. આ જિનાલય અત્યંત મનમોહક અને અજોડ બની રહ્યું છે.

**હાલતી - ચાલતી રચનાઓ :-**

જૈનશાસનના ભવ્ય ઈતિહાસમાંથી અનેક મહાપુરુષોના પ્રેરક, બોધક, પુરુષાર્થને જગાડનાર, શ્રદ્ધાને પરિપકવ બનાવનારા, મોક્ષનું ખમીર પ્રગટાવનારા, ધર્મમાં જોડનારા ચારિત્રોની પસંદગી કરી એની હાલતી ચાલતી રચનાઓ બનાવવામાં આવશે. જે બાળકથી માંડી વૃદ્ધ સુધીના તમામ જીવોને ખૂબ લાભદાયી નીવડશે.

**ઉપાશ્રયો :-**

શ્રાવકો તેમજ શ્રાવિકાઓની આરાધનામાં ઉપયોગી બને તે માટે શ્રાવક- શ્રાવિકા ઉપાશ્રયોનું નિર્માણ કરવામાં આવશે. શ્રાવક - શ્રાવિકા માટેના ઉપાશ્રયોમાં વિહાર દરમ્યાન પધારતા ૨૫૦૦ ઉપરાંત સાધુ - સાધ્વીઓની નિર્દોષ સ્થિરતાનો લાભ મળશે.

**અન્ય સુવિધાઓ :-**

યાત્રા અને આરાધના માટે આવતા ભાવિકો માટે રહેવા તેમની ભોજન મળી શકે તેવી વ્યવસ્થા આ સંકુલમાં કરવામાં આવશે.

પાણીની પરબ, જીવદયા માટે પક્ષીઘરની ગોઠવણ કરવામાં આવશે.

# યોજનાઓ અને નકરાઓ

## આપની ધારણા મુજબના નકરા નક્કી કરો

સ્થાપના પહાડ : રૂા. ૫૧,૦૦,૦૦૦/- ■ પ્રત્યેક શિલાનો નકરો : ૨૫૧/-

નોંધ : ૨૦ શિલાથી વધારે શિલા નોંધાવનારનો ઉલ્લેખ તીર્થની નામાવલીમાં કરવામાં આવશે.

* ફૂલ કરેલા નકરાઓ આવી ગયા છે.

| ટુંકનું નામ | ટુંકનો નકરો | દેરીની વિગત | દેરીનો નકરો | પાદુકા/પ્રતિમા | કાયમી ધજા |
|---|---|---|---|---|---|
| (૧) ૩૧ [illegible] | ૩,૫૧,૦૦૦ | ગૌતમ સ્વામીનું ગુરુમંદિર | ૭,૫૧,૦૦૧ | * | ૧,૦૧,૦૦૧ |

| ટુંકનું નામ | ટુંકનો નકરો | દેરીની વિગત | દેરીનો નકરો | પાદુકા/પ્રતિમા | કાયમી ધજા |
|---|---|---|---|---|---|
| (૨) | ૩,૦૦,૦૦૧ | કુંથુનાથ | * | * | ૫૧,૦૦૧ |
| ૪૧ ફૂટ | | ઋષભાનન | ૨,૫૧,૦૦૧ | ૧,૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| જ્ઞાનધરગિરિ | | ચંદ્રાનન | ૨,૫૧,૦૦૧ | ૧૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| (૩) | ૩,૦૦,૦૦૧ | નમિનાથ | ૨,૫૧,૦૦૧ | * | ૫૧,૦૦૧ |
| ૩૧ ફૂટ | | અરનાથ | ૨,૫૧,૦૦૧ | ૧,૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| સુંબગગિરિ | | મલ્લીનાથ | * | * | ૫૧,૦૦૧ |
| (૪) | ૨,૦૦,૦૦૧ | શ્રેયાંસનાથ | ૨,૫૧,૦૦૧ | ૧,૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| ૪૧ ફૂટ | | સુવિધિનાથ | * | ૧,૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| સંકુલગિરિ | | | | | |
| (૫) | ૨,૦૦,૦૦૧ | પદ્મપ્રભુ | ૨,૫૧,૦૦૧ | * | ૫૧,૦૦૧ |
| ૩૧ ફૂટ | | મુનિસુવ્રતસ્વામી | * | * | * |
| મોહનગિરિ | | | | | |
| (૬) | ૨,૦૦,૦૦૧ | ચંદ્રપ્રભુ | * | * | * |
| ૭૧ ફૂટ | | | | | |
| લલીત ઘંટ | | | | | |
| (૭) | ૨,૫૧,૦૦૧ | ઋષભદેવ | * | * | ૬૧,૦૦૧ |
| ૬૧ ફૂટ | | અનંતનાથ | ૨,૫૧,૦૦૧ | * | ૫૧,૦૦૧ |
| સ્વયંભૂગિરિ | | | | | |
| (૮) | * | શીતલનાથ | * | * | * |
| ૫૧ ફૂટ | | સંભવનાથ | * | ૧,૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| વિદ્યુતગિરિ | | | | | |
| (૯) | ૨,૦૦,૦૦૧ | વાસુપૂજ્ય સ્વામી | * | * | * |
| ૬૧ ફૂટ | | અભિનંદન સ્વામી | ૨,૫૧,૦૦૧ | ૧,૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| આનંદગિરિ | | | | | |
| (૧૦) | * | સહસ્ત્રફણા પાર્શ્વનાથ | ૪૧,૦૦,૦૦૧ | * | ૧,૦૧,૦૦૧ |
| ૭૧ ફૂટ | | ઋષભદેવ | | * | ૬૧,૦૦૧ |
| જલમંદિર | | મહાવીર સ્વામી | | * | ૬૧,૦૦૧ |
| (૧૧) | ૩,૦૦,૦૦૧ | શુભસ્વામી | ૨,૫૧,૦૦૧ | ૧,૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| ૫૧ ફૂટ | | ધર્મનાથ | * | ૧,૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| દત્તવરગિરિ | | વારિષેણ | ૨,૫૧,૦૦૧ | ૧,૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| (૧૨) | ૨,૦૦,૦૦૧ | વર્ધમાન જિન | ૨,૫૧,૦૦૧ | ૧,૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| ૪૧ ફૂટ | | સુમતિનાથ | * | * | * |
| અચલગિરિ | | | | | |
| (૧૩) | ૩,૫૧,૦૦૧ | શાંતિનાથ | ૨,૫૧,૦૦૧ | * | ૫૧,૦૦૧ |
| ૫૧ ફૂટ | | મહાવીર સ્વામી | ૨,૫૧,૦૦૧ | * | * |
| પ્રભાસગિરિ | | સુપાર્શ્વનાથ | * | * | ૫૧,૦૦૧ |

આ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર

| ટુંકનું નામ | ટુંકનો નકરો | દેરીની વિગત | દેરીનો નકરો | પાદુકા/પ્રતિમા | કાયમી ધજા |
|---|---|---|---|---|---|
| (૧૪) | ૩,૫૧,૦૦૧ | વિમલનાથ | * | * | ૫૧,૦૦૧ |
| ૬૧ ફૂટ | | અજીતનાથ | * | ૧,૦૧,૦૦૧ | ૫૧,૦૦૧ |
| સિદ્ધવરગિરિ | | નેમિનાથ | * | * | * |
| (૧૫) | * | પાર્શ્વનાથ | ૬૧,૦૦,૦૦૧ | * | * |
| ૮૧ ફૂટ | | | | | |
| સુવર્ણભદ્રગિરિ | | | | | |

## સ્થાપના પહાડ પ્રવેશ :-

| અધિષ્ઠાયક | દેરી | પ્રતિમા | ધજા |
|---|---|---|---|
| ભોમિયાજી | ૫,૦૧,૦૦૧ | ૩,૦૧,૦૦૧ | ૧,૦૧,૦૦૧ |

## તળેટી દેરાસર

| | પ્રતિમા | ધજા |
|---|---|---|
| શ્રી સમેતશિખર પાર્શ્વનાથ | * | * |
| શ્રી પાર્શ્વનાથ (રત્નમણી) | * | * |
| શ્રી શાંતિનાથ (રત્નમણી) | * | * |

| વિગત | નકરો (રૂા.) |
|---|---|
| શ્રી સમેતશિખર પાર્શ્વનાથ જિનાલય | ૬૧,૦૦,૦૦૧ |
| ગર્ભગૃહ | ૧૫,૦૦,૦૦૧ |
| સ્તુતિ મંડપ | ૫,૦૦,૦૦૧ |
| પાર્શ્વપ્રભુનો ગવાક્ષ | ૫,૦૦,૦૦૧ |
| શાંતિનાથ પ્રભુનો ગવાક્ષ | ૫,૦૦,૦૦૧ |
| રંગ મંડપ | ૨૫,૦૦,૦૦૧ |
| દર્શન મંડપ | ૩,૫૦,૦૦૧ |
| સન્મુખ પ્રવેશ મંડપ | ૧૫,૦૦,૦૦૧ |
| પ્રવેશ મંડપ (જમણો) | ૨,૦૦,૦૦૧ |
| પ્રવેશ મંડપ (ડાબો) | ૨,૦૦,૦૦૧ |

## ઉપાશ્રય

શ્રાવક આરાધના ભવન કક્ષ ૧. ૧૫૧૦૦૧ ૨. ૧૫૧૦૦૧ ૩. ૧૫૧૦૦૧ ૪. ૧૫૧૦૦૧
૫. ૧૫૧૦૦૧ ૬. ૧૫૧૦૦૧ મુખ્ય દ્વાર ૫૦૧૦૦૧
વ્યાખ્યાન હોલ ૭૫૧૦૦૧

શ્રાવિકા આરાધના ભવન કક્ષ ૧. ૨. ૧૫૧૦૦૧ ૩. ૧૫૧૦૦૧ ૪. ૧૫૧૦૦૧
૫. ૧૫૧૦૦૧ મુખ્ય દ્વાર ૫૦૧૦૦૧ ઉપધાન શિબીર ૯૦૦૦૦૧
સંઘવૈયાવચ્ચ કુટીર ૫૦૧૦૦૧ મંગલઘર ૭૫૧૦૦૧

* નોંધાઈ ગયા છે.

**આભાર દર્શન**

અમોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે જ્યારે અમારી સંસ્થાએ સંઘના આચાર્ય ભગવંતો સાધુ-સાધ્વીઓનો સંપર્ક સાધ્યો છે ત્યારે તેઓશ્રીએ આ કામ પુરું કરવા ઘણું માર્ગદર્શન આપ્યું છે. અને અમારા કાર્યમાં અમને પુરી સફળતા મળે તેવા આશીર્વાદ મળતા રહ્યા છે. આ સમસ્ત મહાત્માઓ અને સાધુ ભગવંતો તેમજ સાધ્વીજી મહારાજાઓના અમે અત્યંત ઋણી છીએ.

આ ભગીરથ કાર્યને પુરુ કરવા માટે અત્યાર સુધી જે ભાગ્યશાળીઓ તથા સંસ્થાઓએ લાભ લીધો છે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. તેની વિગત નીચે મુજબ છે. આ લાભનો પ્રવાહ અવિરત રહે તે માટે દરેક સંઘ તેમજ વ્યક્તિઓએ સહકાર આપવા અમારી નમ્ર વિનંતી છે. ચેક તેમજ ડ્રાફ્ટ **'શ્રી સમેતશિખર સ્થાપના તીર્થ'** નામનો લખવો.

- શ્રીમતી ઇન્દિરાબેન રજનીકાન્ત ગાંધી પરિવાર (અમદાવાદ)
- શ્રી આદિનાથ જૈન દહેરાસર ટ્રસ્ટ (બોરસદ)
- શ્રી ભાઈ લાલભાઈ ઝવેરી પરિવાર (અમદાવાદ)
- શ્રી લક્ષ્માવર્ધક જૈન સંઘ (અમદાવાદ)
- શ્રી અનિલભાઈ એસ. ગાંધી પરિવાર (અમદાવાદ)
- શ્રી ભવાનીપુર જૈન સંઘ (કલકત્તા)
- શ્રી બાઉસ સત્સંગ મંડળ (લંડન)
- શ્રીમતી રમાબેન લાલજીભાઈ હેમરાજ (લંડન)
- શ્રીમતી રળીયાતબેન લીલાધરભાઈ ગોવિંદજી (લંડન)
- શ્રીમતી દેવકુંવરબેન વેલજીભાઈ મેઘજી (લંડન)
- શ્રીમતી દક્ષાબેન અરવિંદ પોપટલાલ (લંડન)
- શ્રીમતી ચંદ્રીકાબેન રતિલાલ (લંડન)
- શ્રી પ્રભુલાલ ધરમશીભાઈ તથા શ્રીમતી જયાબેન (લંડન)
- સ્વ. લખમીબેન હેમરાજ શામજીભાઈ તથા રળીયાતબેન લીલાધરભાઈ (લંડન)
- શ્રીમતી લલિતાબેન આશારામ પટેલ (વડોદરા)
- શ્રી કાન્તીલાલ કોલસાવાળા ટ્રસ્ટ (અમદાવાદ)
- શ્રી શૈફાલી જૈન સંઘ (અમદાવાદ)
- શ્રી વણી જૈન સંઘ (નાસિક)
- શ્રી બાબુ અમીચંદ પનાલાલ ટ્રસ્ટ (મુંબઈ)
- શ્રીમતી સુલોચનાબેન ભોગીલાલ શાહ (મુંબઈ)
- શ્રી લલીતભાઈ ગાંધી પરિવાર (અમદાવાદ)
- શ્રી આંબાવાડી જૈન સંઘ (અમદાવાદ)
- શ્રીમતી સવિતાબેન ભોગીલાલ શાહ (મુંબઈ)
- શ્રી કુંથુનાથ ભગવાનના મંડળની બહેનો (અમદાવાદ)
- શ્રીમતી કાન્તાબેન મોતીભાઈ શાહ પરિવાર (વઢવાણ)
- શ્રી નવરંગપુરા જૈન સંઘ (અમદાવાદ)
- શ્રી ભરતભાઈ મફતલાલ શાહ (નવસારી)
- શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ (રંગસાગર, અમદાવાદ)
- શ્રી દશાપોરવાડ જૈન સંઘ (અમદાવાદ)
- શ્રી લાવણ્ય સોસાયટી જૈન સંઘ (અમદાવાદ)
- શ્રી પંકજભાઈ કપાસી પરિવાર (અમદાવાદ)
- શ્રીમતી તિલોત્તમાબેન સૂર્યકાન્તભાઈ શાહ (અમદાવાદ)
- શ્રી હીરાચંદ વૈદ્ય પરિવાર (જયપુર)
- શ્રીમતી શારદાબેન અનુભાઈ ઝવેરી (અમદાવાદ)
- શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂ. ટ્રસ્ટ (મહુડી)
- શ્રી પ્રેમવર્ધક જૈન સંઘ (અમદાવાદ)
- શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ (માલેગાઁવ)
- શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ (અમદાવાદ)
- શ્રી આદિનાથ જૈન સંઘ (વડોદરા)
- શ્રી પરમ આનંદ જૈન સંઘ (અમદાવાદ)
- શ્રી પિતામ્બરદાસ મગનલાલ પરિવાર (અમદાવાદ)
- શ્રી સુબોધભાઈ એમ. શાહ (અમદાવાદ)
- શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. સંઘ (મુંબઈ)
- શ્રી મુનિસુવ્રતસ્વામિ જૈન સંઘ (પુના)
- શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. સંઘ (નાસિક)

**લી.**

## શ્રી સમેત શિખર સ્થાપના તીર્થ ટ્રસ્ટ

૮૦૫, સાકાર -૧, નહેરૂબ્રીજ સામે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯. ફોન : ૬૫૮૧૧૧૭

# જ્ઞાનગુણગંગા

-પ્રજ્ઞાંગ

## પલ્યોપમ અને સાગરોપમ અંગે

આ બન્નેના ત્રણ ત્રણ ભેદ છે. તેના પાછા બે - બે ભેદ છે.

- પલ્યોપમ
  - ઉધ્ધાર
    - સૂક્ષ્મ
    - બાદર
  - અધ્ધા
    - સૂક્ષ્મ
    - બાદર
  - ક્ષેત્ર
    - સૂક્ષ્મ
    - બાદર

- સાગરોપમ
  - ઉધ્ધાર
    - સૂક્ષ્મ
    - બાદર
  - અધ્ધા
    - સૂક્ષ્મ
    - બાદર
  - ક્ષેત્ર
    - સૂક્ષ્મ
    - બાદર

ઉત્સેધાંગુલના માપે માપતાં જે યોજન થાય તે એક યોજન પ્રમાણ ઉંડાઈ, પહોળાઈ અને લંબાઈ વાળો જે કુવો તે 'પલ્ય' કહેવાય. તેની પરિધિ ૩.૧૬ યોજન લગભગ થાય. તે કુવામાં ઉત્તર - કુરૂક્ષેત્રના યુગ્મિના મુંડાવેલ મસ્તકના એક થી સાત દિવસ સુધી વધેલા વાળ એકેક વાળના સાત - સાત ટૂકડા આઠ - આઠ વાર કરીને ભરવો. આ અભિપ્રાય 'ક્ષેત્ર સમાસ બૃહદ્ વૃત્તિ' અને 'જંબૂદ્વિપ પન્નત્તિ'નો છે.

*('પ્રવચન સારોદ્ધાર વૃત્તિ' અને 'સંગ્રહણી વૃત્તિ'માં ઉત્તર કુરુક્ષેત્રના યુગલિકના કેશાગ્રો - એમ ન કહેતા સામાન્યરૂપે કેશાગ્રોથી ભરવો તેમ કહ્યું છે.)*

શ્રી વીર જયસેહર ક્ષેત્રવિચારની સ્વોપજ્ઞ ટીકામાં તો ત્યાં સુધી કહ્યું છે કે- 'દેવકુરૂ અને ઉત્તર કુરૂક્ષેત્રમાં જન્મેલા સાત દિવસના ઘેટાના વાળના ઉત્સેધાંગુલના પ્રમાણના, સાત વાર- આઠ આઠ ટૂકડાં કરીને ભરવો. હવે તેના કેટલા ખંડ થાય તે જણાવે છે.

એક યોજના લાંબો - પહોળો અને ઊંડો જે પ્યાલો તેમાં સાત વાર આઠ આઠ ખંડ કરવાથી ૨૦૯૭૧૫૨ ખંડ થાય. તેવા ખંડ વડે આ પ્યાલો ભરવો.

૧ રોમના એક વાર ૮ ખંડ. બીજી વાર આઠ ખંડ કરતાં ૮×૮ = ૬૪.
ત્રીજી વાર આઠ ખંડ કરતાં ૬૪ × ૮ = ૫૧૨.
ચોથી વાર આઠ ખંડ કરતાં ૫૧૨ × ૮ = ૪,૦૯૬.
પાંચમી વાર આઠ ખંડ કરતાં ૪૦૯૬ × ૮ = ૩૨,૭૬૮
છઠીવાર આઠ ખંડ કરતાં ૩૨૭૬૮ × ૮ = ૨,૬૨,૧૪૪
સાતમીવાર આઠ ખંડ કરતાં ૨,૬૨,૧૪૪ × ૮ = ૨૦,૯૭,૧૫૨ ખંડ થાય.

એક હાથના ૨૪ અંગુલ થાય માટે તેને ૨૪ ગુણતાં ૨૦૯૭૧૫૨ × ૨૪ = ૫,૦૩,૩૧,૬૪૮ રોમ ખંડ એક હાથ જેટલી જગ્યામાં સમાય.

૪ હાથ બરાબર ૧ ધનુષ્ય થાય તેથી
૫,૦૩,૩૧,૬૪૮ × ૪ = ૨૦,૧૩,૨૬,૫૯૨ રોમ ખંડ એક ધનુષ્ય જેટલી જગ્યામાં સમાય.

૨૦૦૦ ધનુષ્યનો ૧ ગાઉ થાય તેથી
૨૦,૧૩, ૨૬, ૫૯૨
× ૨૦૦૦

---

૪,૦૨,૬૫,૩૧,૮૪,૦૦૦ આટલા રોમ ખંડ ૧ ગાઉમાં સમાય.

૪ ગાઉનો ૧ યોજન માટે
૪૦૨૬૫૩૧૮૪૦૦૦
× ૪

---

૧૬૧૦૬૧૨૭૩૬૦૦૦ આટલા રોમ ખંડ એક સૂચી યોજનમાં સમાય.

સૂચી નો જે વર્ગ (સૂચી × સૂચી) તે પ્રતર માટે
૧૬૧૦૬૧૨૭૩૬૦૦૦
× ૧૬૧૦૬૧૨૭૩૬૦૦૦

---

૨૫૯૪૦,૭૩૩૮૫૩,૬૫૪૦૫૬૯,૬૦૦૦ ૦૦૦
આટલા રોમ ખંડ ૧ પ્રતર યોજનમાં સમાય.
સૂચીને પ્રતરથી ગુણતાં ઘન આવે માટે
૨૫૯૪૦, ૭૩૩૮૫૩, ૬૫૪૦૫૬૯, ૬૦૦૦ ૦૦૦
× ૧૬૧૦૬૧૨૭૩૬ ૦૦૦

---

૪૧૭૮૦૪૭૬૩,૨૫૮૮૧૫૮,૪૨૭૭૮૪૫૪૪૨૫, ૬૦૦૦૦૦૦૦૦
આટલા રોમ ખંડ એક ઘન યોજનમાં સમાય.

આ તો ચોરસ ઘન યોજનનું માપ આવ્યું. આના વૃત્ત ઘન યોજન કરવા માટે આ સંખ્યાને ૧૯ થી ગુણી ૨૪ થી ભાગવાની છે. (શતક કર્મગ્રન્થની ટીકામાં ચોરસનું વૃત્ત કરવા ૧૯ થી ગુણી ૨૪થી ભાગવાનું જણાવ્યું છે.

૪૧૭૮૦૪૭૬૩, ૨૫૮૮૧૫૮, ૪૨૭૭૮૪૫૪૪૨૫, ૬૦૦૦ ૦૦૦ ૦૦૦
× ૧૯

---

૭૯૩૮૨૯૦૫૦૧૯૧૭૫૦૧૦૧૨૭૯૦૬૩૪૦૮૬૪૦-૦૦૦૦૦૦૦૦

આને ૨૪થી ભાગતા
૩૩૦૭૬૨૧૦૪,૨૪૬૫૬૨૫,૪૨૧૯૯૬૦૯૭-૫૩૬૦૦, ૦૦૦ ૦૦૦૦

આટલી સંખ્યાના રોમખંડો વડે તે પ્યાલો આખો ભરાય.

આંકડાની ગણત્રીથી આ સંખ્યા ૩૩ ક્રોડ, ૭ લાખ, ૬૨ હજાર એકસોને ચાર એટલી કોડા કોડી કોડા કોડી, ૨૪ લાખ ૬૫ હજાર છસોને પચીશ કોડા કોડિ કોડિ; ૪૨ લાખ ૧૯ હજાર નવસોને ૬૦ કોડા કોડિ, અને ૯૭ લાખ ૫૩ હજાર છસો ક્રોડ એ પ્રમાણે બોલાય.

૩૩૦૭૬૨૧૦૪૨૪૬૫૬૨૫૪૨૧૯૯૬૦૯૭૫૩૬૦૦૦૦૦૦૦૦૦

૨૪ ) ૭૯૩૮૨૯૦૫૦૧૯૧૭૫૦૧૦૧૨૭૯૦૬૩૪૦૮૬૪૦૦૦૦૦૦૦૦

૭૨
૭૩
૭૨
૧૮૨
૧૬૮
૧૪૯
૧૪૪
૫૦
૪૮
૨૫
૨૪
૧૦૧
૯૬
૫૯
૪૮
૧૧૧
૯૬
૧૫૭
૧૪૪

૧૩૫
૧૨૦
૧૫૦
૧૪૪
૬૧
૪૮
૧૩૦
૧૨૦
૧૦૧
૯૬
૫૨
૪૮
૪

૪૭
૨૪
૨૩૯
૨૧૬
૨૩૦
૨૧૬
૧૪૬
૧૪૪
૨૩૪
૨૧૬
૧૮૦
૧૬૮
૧૨૮
૧૨૦
૮૬
૭૨
૧૪૪
૧૪૪
૦૦

એવી રીતના રોમ ખંડોથી તે કુવા - પલ્યને કાંઠા સુધી એવી રીતે દાબીને ભરવો કે જેથી અગ્નિ એમાં રહેલા વાળને બાળી શકે નહિ, પાણી કોહવરાવી શકે નહિ, તેમજ એના પરથી ચક્રવર્તિથી આખી સેના ખુંદતી - કચરતી જાય તો ય એ વાળ કાંઠાથી લેશ માત્ર નીચે જાય નહિ.

આવી રીતે ભરેલ તે કુવા - પલ્યમાંથી સમયે સમયે ૧-૧ વાળ ખંડ બહાર કાઢવામાં આવે અને જેટલા સમયે તે કુવો ખાલી થાય તેને **'બાદર ઉદ્ધાર પલ્યોપમ'** કહેવાય છે અને તેનું પ્રમાણ માત્ર 'સંખ્યાત' સમયનું હોય છે.

આવા દશ કોટા કોટી પલ્યોપમનું એક **'બાદર ઉદ્ધાર સાગરોપમ'** થાય છે.

હવે તે જ વાલાગ્રના દરેકના અસંખ્યાત ખંડ કરીને તે કુવો ભરવો. પછી સમયે સમયે તેમાંથી એક એક ખંડ બહાર કાઢવો. તેમ કરતાં જેટલા કાળે કુવો ખાલી થાય તેને **'સુક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ'** કહેવાય છે. તેનું માન સંખ્યાતા ક્રોડ વર્ષનું કહ્યું છે.

આવા દશ કોટાકોટિ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમોનો એક **સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ** થાય છે.

આ સાગરોપમ અને પલ્યોપમથી સર્વ દ્વીપ અને સર્વ સમુદ્રોનું માન મપાય છે. અઢી (૨ાા) સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમના જેટલા 'સમયો' છે તેટલી જ સંખ્યા દ્વીપ - સમુદ્રોની છે. અથવા ૨૫ કોટા કોટિ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમના જેટલા સમયો તેટલા દ્વીપ - સમુદ્રો છે.

હવે પ્રથમની જેમ ભરેલા કુવા - પલ્યમાંથી દર સો - સો (૧૦૦) વર્ષે એક એક વાળને બહાર કાઢતાં જેટલા કાળે તે કુવો ખાલી થાય તેને એક **'બાદર અદ્ધા પલ્યોપમ'** કહેવાય છે. એવા દશ કોટા કોટિ બાદર અદ્ધા પલ્યોપમોનો એક **'બાદર અદ્ધા સાગરોપમ'** થાય છે.

હવે એકૈક વાલાગ્રના અસંખ્યાત ખંડો કરી ભરેલા કુવામાંથી દર સો સો વર્ષે એક એક ખંડ બહાર કાઢતા જેટલા કાળે તે કુવો ખાલી થાય તેને **'સુક્ષ્મ અદ્ધા પલ્યોપમ'** કહેવાય છે. અને એવા દશ કોટા કોટિ પલ્યોપમોનો એક **'સુક્ષ્મ અદ્ધા સાગરોપમ'** કાળ થાય છે.

આનાથી નારકી - દેવના આયુષ્યો, પૃથ્વી આદિ જીવોની કાય સ્થિતિ, કર્મ આદિ મપાય છે.

૧૦ કોટા કોટિ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ = ૧ ઉત્સર્પિણી કે ૧ અવસર્પિણી થાય.

હવે તે કુવામાંના વાલાગ્રોને સ્પર્શ કરીને રહેલા જે આકાશપ્રદેશો છે તેને સમયે કાઢતાં જેટલા કાળે તે કુવો ખાલી થાય તેને **'બાદર ક્ષેત્ર પલ્યોપમ'** કહેવાય છે. તેનું પ્રમાણ અસંખ્યાત કાળચક્રનું કહ્યું છે. તેવા દશ કોટા કોટિ પલ્યોપમ થાય ત્યારે એક **'બાંદર' ક્ષેત્ર સાગરોપમ'** થાય છે.

હવે તે વાલાગ્રોના અસંખ્ય ખંડ કર્યા પછી સ્પર્શ કે અસ્પર્શ એવા તે પ્યાલાના આકાશપ્રદેશોને સમયે સમયે કાઢતાં જેટલા કાળે તે કુવો ખાલી થાય તેને **'સુક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ'** કાળ કહેવાય છે.

તેવા દશ કોટા કોટિ પલ્યોપમોનો એક **'સુક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ'** થાય છે. તેનો ઉપયોગ દ્રવ્ય પ્રમાણની ચિંતામાં દ્રષ્ટિવાદમાં ક્યારેક ક્યારેક થાય છે.

આ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ અને સાગરોપમનો કાળ, બાદર ક્ષેત્ર પલ્યોપમ અને સાગરોપમના કાળ કરતાં અસંખ્યગણો છે.

ક્રમશ :

## [illegible]નન મોતી

સંગ્રાહક : અ. સૌ. અનિતા આર. શાહ - માલેગાંવ.

- દુનિયા પૈસાને 'ભૂષણ' માને છે, ધર્માત્મા પૈસાને આત્માનો '[illegible]ળગાડ' માને છે.
- સંયમ ગમે તે અસંયમથી કેટલો ડરે ?
- વર્ષ સારૂં જાય એટલે શું ? વર્ષ દરમ્યાન પાપ ન થાય અને જે પાપ કરવું પડે તે દુઃખી હૈયે કરે અને ધર્મ આજ્ઞા મુજબ સારામાં સારો થાય તે જ ને ?
- તમારા બારે મહિના સદ્ધર્મની આરાધનામાં જાય અને જે પાપ કરવું પડે તે કમને કરવું પડે, પાપથી ક્યારે બચું આવી શક્તિ મળે માટે અમે માંગલિક સંભળાવીએ છીએ.
- 'વસુ વિનાનો નર પશુ' તે યાદ છે પણ ધર્મ વિનાનો નર પશુ તે યાદ હોત તો આજે લંક લાગી જાત !
- 'ભણશે નહિ તો ખાશે - પીશે શું ? કમાશે શું ?' તેમ મોટો ભાગ કહે છે પણ સાચું - ખોટું સમજશે નહિ તો 'કલ્યાણ કેમ થશે ! પરલોક કેમ સુધરશે ! પરમપદ ક્યારે મળશે ? 'તેમ કેટલા કહે ?
- આત્માની, આત્માના હિતની ચિંતા કરે તે સદ્ગુરૂ !
- શરીરની, શરીરના ધર્મોની ચિંતા કરે તે કુગુરૂ !
- વગર કારણે કમાવું તે પણ ધર્માત્માને માટે પાપ છે.

# સમાચાર સાર

**ચાંદલોડીયા - રાજનગર :** અત્રે ગુણવર્ધક જૈન સંઘમાં પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ જિનબિંબની પ્રતિષ્ઠા શ્રાવણ સુદ ૫ શુક્રવાર તા. ૪-૮-૨૦૦૦ના ઉત્સાહથી થઈ છે.

**રતલામ :** અત્રે પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં સા. શ્રી ઉપશમ રેખાશ્રીજી મ., પૂ. સા. શ્રી સંવગરેખાશ્રી જી મ. ના માસખમણ નિમિત્તે શ્રી મોતીલાલજી મિશ્રીમલજી કટારીયા તરફથી શ્રાવણ સુદ ૫ થી શ્રાવણ સુદ ૭ ત્રણ દિવસ શાંતિસ્નાત્ર સહિત મહોત્સવ ઉજવાયો.

**બિજાપુર (કર્ણાટક) નગરે મંગલમય ચાતુર્માસ પ્રવેશ :**

ગોળગુંબજના નામથી સમગ્ર વિશ્વમાં ઐતિહાસિક પ્રસિદ્ધને પામેલ એવા બિજાપુર (કર્ણાટક) નગરે સુવિશાલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી મહોદય સૂ. મ. ની આજ્ઞા - આશીર્વાદથી પૂ. આ. શ્રી જયકુંજર સૂ. મ. તથા પૂ. આ. શ્રી મુકિતપ્રભ સૂ. મ. ના શિષ્ય - પ્રશિષ્યરત્નો પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ. મ., પૂ. મુ. શ્રી અક્ષયબોધિ વિ. મ. તથા પૂ. મુ. શ્રી આત્મરક્ષિત વિ. મ. આદિ ઠાણા-૩ નો અષાડ સુદ ૬ ના રોજ મંગલમય ચાતુર્માસ પ્રવેશ થયેલ. પ્રવેશ નિમિત્તે સવારે ૯-૦૮ વાગ્યે સામૈયાનો પ્રારંભ થયેલ. જે સામૈયામાં હાથી - મયૂર નૃત્યકાર (જેજુરી), બે બેન્ડો, ઘોડા, બગીઓ, સૂરિ'રામ'ની પ્રતિકૃતિની વિશિષ્ઠ બગી, અનુકંપા ગાડી, દાંડિયા લેતા યુવાનો આદિ સામગ્રી આકર્ષણરૂપ બની જવા પામી હતી. સામૈયું ઉતર્યા બાદ ૧૨-૦૦ વાગ્યે કાબ્રાજી બજારના ઉપાશ્રય પ્રવચન હોલમાં સ્વાગત ગીત બાદ પૂ. ગુરુભગવંતશ્રીનું માંગલિક પ્રવચન થયેલ. ગુરુપૂજન - કામળી વહોરાવવાના ચઢાવા પણ અનુમોદનીય થયેલ. પ્રવચન બાદ પેડ-બગૉવ નિવાસી શા. ગણેશમલજી ધુડાજી રાઠોડ તથા શા. દેવીચંદજી અમરચંદજી રાઠોડ તરફથી ૧૦ રૂા. નું સંઘપૂજન થયેલ. તેમજ દેનેશભાઈ સંઘવી (બિજાપુર) તરફથી શ્રીફળની પ્રભાવના તથા શ્રી સંઘનું સ્વામીવાત્સલ્ય પણ થયેલ. બપોરે શ્રી પંચકલ્યાણક પૂજા શા. ગુલાબચંદ હીરાચંદ તરફથી ઠાઠમાઠથી ભણાવાયેલ - શ્રીફળની પ્રભાવના થયેલ.

પ્રવેશદિને સોનામાં સુગંધની જેમ બિજાપુર નગરે પૂ. આ. ભ. શ્રી જયકુંજર સૂ. મ. તથા પૂ. આ. ભ. શ્રી મુકિતપ્રભ સૂ. મ. ના સદુપદેશથી નવનિર્મિત થનાર શ્રી ગુણવર્ધક શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય માટે ૪ મહાનુભાવો તરફથી (પાંચ-પાંચ) રૂા. ૫/૫ લાખના દાનની જાહેરાતમાં હર્ષોલ્લાસનું વાતાવરણ છવાઈ ગયેલ.

ચાતુર્માસ પ્રવેશ બાદ દૈનિક પ્રવચનોમાં ભાવિકો ખૂબ જ સારી સંખ્યામાં જોડાઈ રહ્યાં છે. પ્રતિ રવિવારે બપોરે ૨-૩૦ થી ૪-૦૦ બાળકો માટે સમૂહ સામાયિક (વાંચના શ્રેણી) નું સુંદર આયોજન ચાલી રહ્યું છે. સામાયિક બાળકોને અલ્પાહારની ભકિત પણ જુદા જુદા પુણ્યાત્માઓ તરફથી થઈ રહી છે. સંઘમાં સાંકળી અઠ્ઠમ તેમજ સામુદાયિક શ્રી શત્રુંજય તપ (છઠ્ઠ-અઠ્ઠમ) ની આરાધના મંગલમય ચાલી રહી છે. પ્રતિદિન સાંજે પ્રતિક્રમણમાં ખૂબ જ સારી સંખ્યામાં ભાઈઓ જોડાયા છે. શ્રી સંઘના આદેશથી ચાતુર્માસ કરાવવાનો લાભ શા. દિનેશચંદ્ર બાબુલાલ સંઘવી (બિજાપુર) એ લીધેલ છે.

એકંદરે પૂજ્ય ગુરુભગવંતોના ચાતુર્માસ પ્રવેશથી ધર્મ - આરાધનાનું સુંદર વાતાવરણ સર્જાયું છે.

**કંપાલા (યુગાંડા) :** અત્રે પજુસણ કરાવવા માટે કૈલાશનગર (રાજ.) નિવાસી શ્રી ભુરમલ વીરચંદભાઈ, પ્રાગવાર પરમાર, પૂ. પં શ્રી ભદ્રંકર વિજયજી મ. ની કૃપાથી તથા પૂ. પં. શ્રી વજ્રસેન વિજયજી મ. ના શુભાશિર્વાદથી જવા માટે તા. ૨૧-૮ ના મુંબઈ થી રવાના થયા સાથે મહાવીર સ્વામી પ્રભુજીની મૂર્તિ પણ મંદિર કરવા લઈ ગયા છે.

**સુરત :** જિનશાસનનાં મહાન જ્યોતિર્ધર દીક્ષાનાં દાનવીર, પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની દિવ્યકૃપાથી પ.પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાનાં આજ્ઞાનુવર્તિની પ. પૂ. સા. શ્રી જયાશ્રીજી મ. સા. નાં પ્રશિષ્યા પ. પૂ. સા. શ્રી નિરંજનાશ્રીજી મ. નાં શિષ્યા પૂ. સા. શ્રી ધર્મલતાશ્રીજી મ. આદિ ઠાણાં ૪ નો ચાતુર્માસ પ્રવેશ - અષાઢ સુદ ૬ નાં દિવસે થયેલ.

* ૨ શ્રીફળ તથા રૂા. ૪/- નું સંઘપૂજન થયેલ. બહેનોમાં 'શ્રી પાર્શ્વનાથ ચરિત્ર' ને વ્હોરાવવાનું તથા પાંચ જ્ઞાન પૂજાનાં ચડાવા થયેલ.

પરમ પૂજ્ય પાદ શ્રીજીની નવમી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે અષાઢ વદ ૧૪ બહેનોનું સમુહ સામાયિકમાં ગુણાનુવાદ.

* રૂા. ૨/- ની પ્રભાવના. સાંજે પ્રતિક્રમણમાં રૂા. ૫/- ની પ્રભાવના .

શ્રી શીતલનાથ જિનાલયમાં અંગરચના.

અષાઢ વદ અમાસ - બહેનોનું સમુહ સામાયિક

પૂજ્યપાદશ્રીજીનાં ફોટાને નવઅંગે ગુરુપૂજન.

૩૬ ગુરુ ગુણ સ્તુતી સહિત બ્હેનોમાં ગુણાનુવાદ.

ચરવળાની પ્રભાવના. રૂા. ૩/- નું સંઘપૂજન થયેલ.

સાંજે પ્રતિક્રમણમાં રૂા. ૨/- ની પ્રભાવના થયેલ.

**બોરીવલી :** ચંદાવરકર લેન મધ્યે પૂજ્યપાદ આચાર્યશ્રી રાજશેખર સૂ. મ. નો ચાતુર્માસ પ્રવેશ.

અષાઢ સુદ ૯ ની મંગલ પ્રભાતે કાંતિલાલ ગીરધરલાલ વોરા રાધનપુરવાળાને ત્યાંથી સામૈયું શરૂ થઈ વિવિધ માર્ગો ફરી ખૂબજ ઉલ્લાસપૂર્વક સામૈયા સહિત પૂજ્યશ્રી આદિનો ચાતુર્માસ પ્રવેશ થયો.

પ્રતિદિન 'ભગવતી સૂત્ર' ઉપર જિનવાણીના માધ્યમે શ્રોતાજનો ખૂબ સારી સંખ્યામાં જિનશાસનના રહસ્યો જાણી રહ્યા છે. પૂજ્યશ્રીની અત્યંત હૃદયંગમ, સરળ અને સુબોધ શૈલીથી સભા મંત્રમુગ્ધ બની સાંભળી રહી છે. સામુદાયિક પ્રાતિહાર્ય તપ ચાલુ છે જેમાં લગભગ ૨૦૦ જેટલાં આરાધકો જોડાયા છે. સાંકળી અઠ્ઠમ આયંબિલ વગેરે ચાલુ છે. સર્વજ્ઞ સિદ્ધાંત મર્મજ્ઞ પૂજ્યશ્રીની જ્ઞાન ગરિમાનો લાભ મેળવવા યુવા પાઠશાળા શરૂ કરવાની વિચારણા થઈ છે.

**ભરૂચ તીર્થે પૂ. આ. શ્રી લલિતશેખર સૂ. મ. નો ચાતુર્માસ પ્રવેશ :** ભરૂચ તીર્થ શ્રી સંઘની વરસો પૂર્વેની આગ્રહભરી વિનંતિથી સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. *શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂ. મ. ની આજ્ઞાથી સિદ્ધાંત મહોદધિ* પ. પૂ. આ. શ્રી પ્રેમ - હિર સૂરીશ્વર પટ્ટ પ્રભાવક વર્ધમાન તપોનિધિ પ. પૂ. આ. શ્રી લલિતશેખર સૂ. મ. આદિ તથા પૂ. સાધ્વીજી શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મ. આદિ અષાઢ સુદ ૯ ના દિવસે સસ્વાગત ચાતુર્માસ પધારતાં ભીવંડી - મુલુંડ વગેરે સ્થળેથી લગભગ ૫૦ - ૬૦ ભાવિકો સત્કાર યાત્રામાં સામેલ થયા હતા. આરાધકો તરફથી પૂજ્યશ્રીની ૧૦૦+૬૫ મી ઓળીની અનુમોદનાર્થે ૭૦ રૂપિયાનું સંઘપૂજન અને આયંબિલ કરનારને ૬૫/- રૂપિયાની પ્રભાવના કરવામાં આવી. ગુરુપૂજનની સુંદર ઉછામણી બોલી મહુવાના હાલ મુલુંડ - ગોવર્ધનનગરના ઉત્સાહી યુવા કાર્યકર શ્રી દીલીપભાઈ તારાચંદ જગજીવનદાસ દોશીએ લાભ લીધો. તેમણે તથા ભીવંડી ગોપાલ નગરના ટ્રસ્ટી શ્રી જયંતિલાલભાઈએ પૂજ્યશ્રીનો પ્રેરક પરિચય આપ્યો.

## ચિંચવડ સ્ટેશનમાં સુસંસ્કાર વાચના શ્રેણીનું સફળ આયોજન

સંઘમાં સહુ પ્રથમવાર ચાતુર્માસ માટે પધારેલ ગોડવાડના ગૌરવ પૂજ્ય ગણિવર્યશ્રી રત્નસેનવિજયજી મ. સા. ના પ્રેરણાદાયી પ્રવચનોથી સંઘમાં સુંદર જાગૃતિ આવી છે. દરરોજ શ્રાવક જીવનના ૩૬ કર્તવ્યો ઉપર પ્રેરણાદાયી પ્રવચનો ચાલુ છે.

દર રવિવારે ૯ થી ૧૨ સુધી સુસંસ્કાર વાચના શ્રેણી (શિબિર) ચાલુ છે. જેમાં ૬૦૦ ઉપર શ્રોતાઓ પૂજ્યશ્રીની પ્રેરણા સભર વાણીનું રસપાન કરી આરાધનામાં આગળ વધી રહ્યા છે.

પૂજ્યશ્રીની પ્રેરણાથી શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમ થએલા તેમાં ૨૪૦ ઉપર આરાધકો જોડાયેલા. ત્રણેય દિવસ શંખેશ્વર પાર્શ્વનાથનો અખંડ જાપ થએલ.

તા. ૩૦ જુલાઈના દિવસે પરમ શાસન પ્રભાવક મહારાષ્ટ્ર દેશોદ્ધારક સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા. ની વિશાલ ગુણાનુવાદ સભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં આજુબાજુના ક્ષેત્રોમાંથી ૭૫૦ શ્રોતાઓએ પૂજ્યશ્રીના ગુણાનુવાદ સાંભળી ધન્યતા અનુભવેલ.

તા. ૨૯ ના સામુદાયિક અષ્ટપ્રકારી પૂજાનું સુંદર આયોજન થએલ. તા. ૩૦ - ૩૧ ના ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન ભણાવવામાં આવેલ.

સંઘમાં ૯૬ આરાધકો સિદ્ધિ વધુ કંઠાભરણ તપમાં જોડાએલા છે. અત્યારથી જ સંઘમાં પર્યુષણ જેવું વાતાવરણ સર્જાયેલું છે.

પૂ. તપસ્વી મુનિશ્રી ઉદયરત્નવિજયજી મ. સા. ને ૯૨ મી ઓળીની પૂર્ણાહુતિ નિર્વિઘ્નપણે થએલ છે. મુનિશ્રી ઈન્દ્રસેન વિજયજી મ. ને માસક્ષમણની તપશ્ચર્યા શાતાપૂર્વક ચાલી રહી છે.

### વાંકાનેર ઉપધાન મુહૂર્તમાં ફેરફાર

જૈન શાસનમાં ઉપધાનની જાહેરાત આવેલ છે. જેના મુહૂર્તમાં ફેરફાર થયો છે. તે નીચે મુજબ નોંધ લેવી.

**પ્રથમ મુહૂર્ત :** આસો સુદ ૧૪ ગુરુવાર તા. ૧૨-૧૦-૨૦૦૦

**દ્વિતીય મુહૂર્ત :** આસો વદ ૧ શનિવાર તા. ૧૪-૧૦-૨૦૦૦

શ્રી ... જ્ઞાનમંદિર

હાથને ઝગમગાવે અને હૈયાને રણઝણાવે એવી સ્તુતિઓની પુસ્તિકા

# સંગત સ્તુતિની, રંગત ભક્તિની

શ્રી આદિ - શાંતિ - નેમિ - પાર્શ્વ - મહાવીર પ્રભુ, શંખેશ્વર, સિદ્ધાચલ, યાચના ૩૪ અતિશયો, ગૌતમસ્વામી, સરસ્વતી, સૂરિરામ, ૧૮ પાપસ્થાનક ૧૨ અરિહંતગુણો, મૃત્યુમહોત્સવ વિશે પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિજયજી મ. રચિત નૂતનસ્તુતિઓ ઉપરાંત અરિહંતવંદનાવલિ રત્નાકરપચ્ચીશી આદિ કુલ ૩૨૭ સ્તુતિઓની સંગત આપના હૃદયમાં ભક્તિની રંગત અચૂક રેલાવશે

**● આજે જ મૂકી દો આ પુસ્તિકા પૂજાપેટીમાં ●**

અત્યાર સુધીમાં આ પુસ્તિકાની ૧૧,૦૦૦ નકલો પ્રકાશિત થઈ મૂકી છે. તીર્થયાત્રામાં આ પુસ્તિકા તમને ખોટાખરાબ આકર્ષણો અને વિચારોથી બચાવી રાખશે. તીર્થસ્થાનના શાંત વાતાવરણમાં આ સ્તુતિઓના સમૂહગાનનો આનંદ કોઈ ઓર છે. બસ-ટ્રેનમાં પણ ગામગપાટા હાંકવાને બદલે આ પુસ્તિકા દ્વારા પ્રભુમય થવાનો સફળ પ્રયત્ન કરી શકશો.

સંપાદકો : **પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ. મ., પૂ. મુ. શ્રી તત્વદર્શન વિ. મ.**

છૂટક કિંમત રૂા. ૧૨-૦૦ અને ૧૦૦ થી વધુની કિંમત રૂા. ૧૦-૦૦

**પરમપદ પ્રકાશન**

૧, રાઠોડ ભુવન, ઝવેર રોડ, મુલુંડ (પશ્ચિમ) મુંબઈ-૪૦૦ ૦૮૦

ફોન : (૦૨૨) ૫૬૧૪૨૦૬

# ☼ જૈન શાસન અઠવાડિક ☼

## 卐 દિવાળી વિશેષાંક - 'પરિષહ કથા' સચિત્ર 卐

જૈન શાસનનો દર વર્ષે દીવાળી ઉપર વિશેષાંક પ્રગટ થાય છે, અને તે ખૂબ આવકાર પામે છે. આ વખતે દીવાળી વિશેષાંકનો વિષય **'પરિષહ કથા' સચિત્ર વિશેષાંક** રાખેલ છે. સચિત્ર કથાઓ તૈયાર થશે.

પૂ. આચાર્યદેવો આદિ તથા લેખકોએ આ પરિષહ કથા વિશેષાંકમાં લેખ અને પોતાનો ફોટો મોકલવા નમ્ર વિનંતિ છે. પ્રચારકોએ પ્રચારની વિગત સાથે પોતાનો ફોટો મોકલવો.

**ખર્ચને પહોંચી વળવા માટે યોજના**

રૂા. ૧૦૦ શુભેચ્છક ■ રૂા. ૫૦૦ સૌજન્ય ■ રૂા. ૨૫૦ સહાયક ■ રૂા. ૫૦૦ આજીવન સભ્ય

એક પેઈજની શુભેચ્છા રૂા. ૫૦૦ ■ અડધા પેઈજની શુભેચ્છા રૂા. ૩૦૦ ■ ચોથા ભાગની શુભેચ્છા રૂા. ૧૫૦

ચારે ટાઈટલ પેઈજ સૌજન્ય કાયમી રૂપે આવી ગયા છે.

આજીવન વિશેષાંક શુભેચ્છકના રૂા. ૧૦૦૦ છે. આજીવન અંક મળે અને દર વર્ષે વિશેષાંક શુભેચ્છક તરીકે યાદી આવે દરેક સંઘો તથા ભાવિકોએ આજીવન વિશેષાંક શુભેચ્છક થઈ જવું જરૂરી છે.

**લેખો શુભેચ્છા વિ. મોકલવાની તા. ૧-૧૦-૨૦૦૦ ■ વિશેષાંક પ્રગટ થવાની તા. ૧૭-૧૦-૨૦૦૦**

લેખ, નામો, શુભેચ્છાઓ, ફોટા તથા ચેક, ડ્રાફ્ટ વિગેરે મોકલવા માટે સરનામું

**શ્રી જૈન શાસન કાર્યાલય** C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર-૩૬૧ ૦૦૫.

# પરિમલ

– પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- શ્રી નવકાર મહામંત્રને સંસારના સુખ માટે ગણે તે બધા શ્રી નવકાર મહામંત્રની ફજેતી કરનારા છે.
- દુનિયાના સુખને કમને, દુઃખથી ભોગવે તેનું નામ જૈન !
- 'આ જન્મ તે પાપનું પરિણામ છે' આ વાત બુદ્ધિમાં બેસે નહિ ત્યાં સુધી આત્મામાંથી પાપ જાય નહિ.
- પંડિતનેય મૂંઝવે, ભણેલાંને ય ભૂલાવે, સમજુ પાસે પણ ગાંડપણ કરાવે તેનું નામ મોહ !
- આ શરીર તે જ આત્માનું મોટામાં મોટું બંધન છે. આ શરીરના સુખમાં સાધનભૂત ધન તેમજ શરીરનાં સુખમાં સહાયરૂપ કુટુંબ અનર્થકારી છે, આત્માને સંસારમાં ભટકાવનાર છે તેમ લાગે ત્યારે આત્મામાં સમ્યગ્દર્શન ગુણ પેદા થાય.
- દુનિયાની સુખ - સાહ્યબી જ ગમે છે તે ન ગમતી થાય અને પોતાના જ પાપથી આવતું દુઃખ નથી ગમતું તે ગમતું થાય તો આ જન્મ સફળ થાય.
- આપણે આ નાશવંતા સુખની પાછળ પડી આપણું જીવન બરબાદ કરી રહ્યા છીએ કે શાશ્વત સુખને માટે મહેનત કરી જીવન આબાદ કરી રહ્યા છીએ ?
- સર્વવિરતિ એ મુનિને દેશનામાં રૂઢ હોય અને શ્રાવકને ભાવનામાં રૂઢ હોય.
- આત્માનું સાચુ સુખ મુક્તિની રાહમાં છે એ રાહે ચાલે તેનું નામ જૈનત્વ. જૈનની કોઈ ક્રિયા એવી ન હોય જે મુક્તિમાં બાધક બને.
- દુનિયાની રાહ છોડીને મુક્તિના રાહે જવું એ જ જૈનપણું !
- અઢારે પાપસ્થાનકને તજવાની ક્રિયા એ જ મુક્તિમાર્ગ !
- શુદ્ધ ધર્મની આરાધના કરીને સંસારને કાપવાનું મન થાય છે કે સુખ આપનારો ધર્મ આરાધીને સંસારને શણગારવાનું મન થાય છે ?
- પાપને પાપ માનવું, હેયને હેય માનવું અને ઉપાદેયને ઉપાદેય માનવું એ જ સમ્યગ્દર્શન. પાપના વિશિષ્ટ પ્રકારો અને ઉપાદેયના કારણો જાણવા એ જ સમ્યગ્જ્ઞાન અને હેયનો ત્યાગ કરી ઉપાદેયનો સ્વીકાર કરવો તે સમ્યક્ચારિત્ર !
- જેનામાં મોક્ષ માર્ગની રૂચિ તે જૈન !
- ચિંતા તે દુઃખ, ઈચ્છા તે દુઃખ, ઈચ્છા પર કાપ તે ધર્મ !
- વિનય, વૈયાવચ્ચ, તપ, સંયમ અને સ્વાધ્યાય એ સંયમના પાલન માટે અતિ જરૂરી ગુણો છે.
- મારા યોગે સામો આત્મા સન્માર્ગે કેમ ચાલે આ ભાવના તે પણ ભાવ દયા છે.
- પાપને પાપ માનવું, ખોટી વસ્તુને ખોટી માનવી તે પણ બચવાનો ધંધો છે.
- મારા નિમિત્તે કોઈને પણ દુઃખ ન થાઓ, મારી સહાયથી સૌ સાચા સુખી થાઓ આનું નામ સ્વકલ્યાણની ભાવના !
- જેને ખોટો સ્વાર્થ હોય, જે અર્થ - કામનો ગુલામ હોય તે ખુશામત કરે અને જેનામાં ગુણ ન હોય તે ખુશામત ઈચ્છે.
- જેનાથી દુર્ગતિમાં જવાય તેવી ક્રિયા એ કહેવાતો ધર્મ હોય તો ય અધર્મ છે.
- ધર્મનો સેવક કયારે પણ કોઈનો દ્રોહ કરે નહિ.
- જે પર્વતિથિએ પણ ધર્મ ન કરે તે કંગાળ અને દરિદ્રી છે. અને શ્રીમંત તથા ધર્મી માનવો તે બેવકૂફી છે.
- સુખની લાલસા હૃદયમાંથી જશે નહિ ત્યાં સુધી દુઃખ આવતું જ રહેવાનું છે.
- પાપ કરવાની વૃત્તિ સુખની લાલસામાંથી ઉભી થાય છે માટે સુખ મેળવવાની ધૂન મૂકી દો. પછી કયારેય દુઃખી થવાનો વખત નહિ આવે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
5/10/2000 6404

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

नमो चउवीसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## સમ્યગ્જ્ઞાન વૃક્ષની વૃદ્ધિ કરો.

क्षमाशिको धैर्य-विगाढमूल-
श्चारित्रपुष्पः स्मृतिबुद्धि शाखः ।
ज्ञानद्रुमो धर्मफल प्रदाता
नोत्पादनं ह्यर्हति वर्धमानः ॥

ક્ષમા જેની જટા છે, ધૈર્ય જેનું ગહન મૂલ છે, ચારિત્ર જેનાં પુષ્પ છે, સ્મૃતિ અને બુદ્ધિ જેની શાખાઓ છે અને જે ધર્મરૂપી ફળ આપે છે તેવું આ વધતું એવું જ્ઞાનરૂપી વૃક્ષ ઉખેડી નાખવા જેવું નથી.

વર્ષ ૧૩ અંક ૫/૬

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

आ. श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

# જૈન શાસન
અઠવાડિક

પૂજ્યપાદ પરમ શાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની નવમી વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે સકલ શ્રી સંઘની ભાવભરી

# સ્મરણાંજલિ

હે નવરંગપુરાનો સાહીબો જાણો, શ્રી મુનિસુવ્રત જિનેશ્વરરાય,
પ્રણમું પદ યુગ તેહનાને, વળી પ્રણમું રામચન્દ્રસૂરિરાય.... સાખી... (૧)
વીર શાસન ઉજ્જવળ ઈતિહાસે, સીત્યોતેરમી પાટે થયા સૂરિરામ,
જીવનભર શાસનને સમર્પિત, જેહના દિપે શાસન કામ... સાખી... (૨)
એ ગુરુવરની આજે સ્વર્ગતિથિ, ઉજવતો સંઘ હર્ષ ધરી,
ઉપકારીને યાદ કરીને, અંજલિ અર્પે ભાવભરી... સાખી... (૩)

ગીત (રાગ : હે ત્રિશલાના જાયા...)
હે પરમ તારક ગુરુ મારા, નિત્ય સમરીએ ઉપકારા,
નવ નવ વર્ષના વ્હાણા વાયા દર્શન દ્યો એકવારા... હે પરમ... ટેક
ભવ સાગરમાં ભમતાં ભમતાં, માનવ ભવમાં આયા,
પુણ્યયોગે જિનશાસન પામ્યા, મલ્યા રામચન્દ્રસૂરિરાયા,
જિનશાસન સમ્રાટ - સુકાની, સંઘ સકલ હિતકારા... હે પરમ... (૧)
પ્રેમ ગુરુના પાટવી પ્યારા, સમર્થ ગીતારથ સોહે,
શુદ્ધ પ્રરૂપક, સિદ્ધાંતરક્ષક, વ્યાખ્યાન વાચસ્પતિ મોહે,
અજબ સાધના, ગજબ દેશના, શાસન પ્રભાવક ન્યારા... હે પરમ... (૨)
પ્રભુ શાસનના અજોડ ફરિશ્તા, આત્મ કાજે બાંધ્યા રિશ્તા,
સદાયે અમારી સંભાળ લેતાં, વાત્સલ્ય ભરી ગુરુ માતા,
નહીં મળે આવા ગુરુવર જગમાં, ધન્ય ધન્ય ભાગ્ય અમારા... હે પરમ... (૩)
શુદ્ધ ધર્મનું પાન કરાવે, પ્રભુ આજ્ઞા દ્રઢ થાવે,
સંસાર ભૂંડો, મોક્ષ જ રૂડો, સંયમ લેવા સમજાવે,
સમકીત દાતા, કેઈના સંયમદાતા, ધર્મદાતા છે અમારા... હે પરમ... (૪)
'દર્શન'માં છેલ્લું દર્શન દઈને, સ્વર્ગલોકે એ સિધાવ્યા,
ભક્તજનોના હૈયા ચિરાયાં, વિરહ વ્યથા ન સ્હેવાયા,
ધર્મને ધર્મીના ગયા રખવાળા, મોક્ષે મારગ સથવારા... હે પરમ... (૫)
ગુરુવરની આજ પાટ દીપાવે, મહોદયસૂરિજી ગચ્છરાયા,
વિનય ગુણે જ્ઞાન-શક્તિ પાયા, શાસન અભંગ સોહાયા,
સાચી સંવત્સરીને તેરસ આરાધી, ઘણું જીવો શાસન વફાદારા.. હે પરમ... (૬)
નવમી સ્વર્ગતિથિ ઉજવાતી, ગુરૂવર ગુણો ગવાતાં,
નયવર્ધન ગણિવર નિશ્રામાં, નવરંગપુરા સંઘ ઝીલતાં,
ઉપકારીને અંજલિ અર્પતાં, શ્રી સંઘ આંખે અશ્રુધારા... હે પરમ... (૭)
આ ગુરુવરની સમાધિ ભૂમિ પર, રચાય સ્મારક ભવ્યકારા,
સ્થાપીશું પાદુકા-મૂર્તિ-જિનાલય, કરવા ભવ નિસ્તારા,
''સાખ પડી આંહી સિદ્ધાંતનિષ્ઠની'', લખી ગાશું ગુણકારા... હે પરમ... (૮
ભવોભવ તાહરું શરણું મળજો, એ અમ અંતર આશા,
શાસનપતિ બની સહુને ઉધ્ધરજો, વિનવતા અભિલાષા,
**''ધર્મરસિક સુત''** ને દિલ ધરજો, જગના તારણહારા... હે પરમ... (૯)

સં. ૨૦૫૬, અષાઢ વદ -૧૪, રવિવાર, તા. ૩૦-૭-૨૦૦૦
નવરંગપુરા, અમદાવાદ.

રચયિતા
**''ધર્મરસિક સુત'' મહેન્દ્ર રસિકલાલ શાહ**

आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન (અઠવાડિક)

તંત્રીઓ:
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (જામનગર)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૬ આસો સુદ ૬ મંગળવાર તા. ૩-૧૦-૨૦૦૦ (અંક : ૫/૬

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

# સ્થાનકવાસી પરંપરાને નામે ?

'મેવાડ લોકાં શાહ ક્રાંતિ' નામના માસિકમાં તા. ૧૪ ૭-૨૦૦૦ના અંકમાં સ્થાનકવાસી પરંપરાને નામે કેટલી વિગતો લખીને જિન પૂજન વિગેરે તથા જિનમૂર્તિ વિ. ની પૂજા આદિનો નિષેધ કરવા કરીને પૂજા આદિને ખોટા કહ્યા છે. તે માટે તેમાં લખ્યું છે કે-

गृहस्थ अवस्था में तीर्थंकर को तीर्थंकर रूप में वन्दन नमस्कार नहीं करते हैं । निर्वाण होने के बाद उनका शब, उनकी मूर्ति फोटो आदि श्रद्धा भक्ति योग्य नहीं रहते है । वन्दनीय पूजनीय तो गुणी आत्मा होती हैं । शब, फोटो आदि तो जड हैं वे हमें सत्य मार्ग पर चलने की प्रेरणा नहीं देते तथा गलत मार्ग से हटने का उपदेश नहीं देते हैं ।.... मूर्ति, फोटो आदि के निर्माण में हिंसा होती हैं अर्थात् मूर्ति फोटो आदि की पूजा व्यक्ति को हिंसा की और प्रेरित करती है ।...

सभी स्थानकवासी परम्परा के मान्यता वाले अधिकारी वर्ग, श्री संघो एवं श्रावक बन्धुओं से निवेदन हैं के वे अपने शहर, गांव, नगरमें स्थित स्थानकों में फोटुएं लगाने का तो बहिष्कार करे ही ।

આમ લખેલી વિગતો માં મૂર્તિ, ફોટો, શબ, વિ. ની પૂજા નમન ન કરવા ને મૂર્તિ આદિ બનાવવામાં હિંસા થાય છે વિ. વાતો માત્ર વાતો જ છે. અનેક શહેરો ગામોમાં સ્થાનકવાસી ભાઈઓ ભાવથી દર્શન આદિ કરવા આવે છે. વરઘોડા આદિમાં આવે છે. અનેક તીર્થ સ્થાનોમાં યાત્રા કરવા જાય છે. જેથી લોકાં શાહ તો મૂર્તિને માનતા હતા તેમની પરંપરામાં ઉપાશ્રયોમાં મૂર્તિ રહેતી હતી અને તેના દર્શન આદિ કરતા હતા. પછી હાલમાં લોકાંશાહના ઉપાશ્રયમાંથી મૂર્તિઓને વિદાય દઈ દીધાના દાખલા છે.

હવે મૂર્તિ, ફોટામાં પાપ થાય છે તે વાતમાં પણ સ્થાનકવાસીઓ મૂર્તિ પાદુકા અને તેમના ગુરુઓની દેરીઓ બનાવતા થયા છે. ફોટાઓ પણ અનેક પુસ્તકો આદિમાં તેઓ છપાવતા હોય છે.

શબની વાત કરીએ તો સ્થાનકવાસી મહાત્માઓની પણ પાલખી નીકળે છે. તે લોકો જ શબના દર્શન કરવા આવે છે. તે પ્રગટ છે તેથી 'લોકાંશાહ ક્રાંતિ' ની વાત પોતાના સ્થાનક વર્ગના વિચાર અને વર્તનને અનુકૂળ નથી.

સિદ્ધાંતથી જોઈએ તો શ્રી ભગવતી સૂત્રમાં ચારણ મુનિઓ જિનમૂર્તિને વંદન કરે છે. જ્ઞાતા સૂત્રમાં દ્રૌપદી મૂર્તિ બનાવીને પૂજતા હતા. અનુયોગદ્વાર તથા સ્થાનાંગ સૂત્રમાં ચાર અને દશ નિક્ષેપા કહ્યા છે. અને જેમનો ભાવ નિક્ષેપો પૂજ્ય હોય તેના નામ સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપા પણ પૂજનીક બને છે. શ્રી મહાવીરાય નમઃ એ નામ નિક્ષેપો છે તે મહાવીર કોઈ ભાઈનો છોકરો હોય તે પૂજ્ય ન બને કેમ કે તે છોકરો

પૂજનીક નથી, પરંતુ પરમાત્મા મહાવીર પૂજનીક હતા તો તેમનું નામ પણ પૂજનીક બને છે.

સ્થાપના નિક્ષેપો પણ જેમનો ભાવ નિક્ષેપો પૂજનીક હોય તેનો પૂજનીક બને છે. મહાવીર પ્રભુ પૂજનીક તો તેમની મૂર્તિ પ્રતિકૃતિ પૂજનીક બને પરંતુ કોઈ વ્યકિતનું નામ મહાવીર હોય તો તેનો ફોટો પૂજનીક બનતો નથી. પિતાનું નામ ધીરજલાલ હોય તો તે તેના પુત્ર માટે પૂજનીક બને છે પણ તેના પિતા માટે તે પૂજનીક બનતો નથી.

દ્રવ્ય નિક્ષેપો જિનેશ્વર દેવનો જે આત્મા જિનવર થવાનો હોય તે દ્રવ્ય નિક્ષેપો કહેવાય. ભરત મહારાજા પરિવ્રાજકના વેશવાળા મરીચિને નમે છે. વંદન કરે છે. તે દ્રવ્ય નિક્ષેપોને હિસાબે વંદન કરે છે.

શબ એ જ્ઞશરીર છે. સાધુના શબને જોતાં આ શરીર દ્વારા જ્ઞાન દર્શન ચારિત્ર તપનું સ્મરણ થાય છે તેથી તે પણ પૂજનીક છે. પરંતુ કોઈ રખડુ વ્યસનીનું શબ જોતાં આ જુગાર આદિનો વ્યસનની હતો તેમ ભાવ થાય છે. તો તે જુગારીનું શબ પૂજનીક બનતું નથી.

ફોટા વિ. તો આજે પોતાના તથા મા-બાપ, પત્ની, બાળકોના ફોટા જોઈને ઘરમાં સૌ સૌને યોગ્યતા મુજબ ભાવ થાય છે. તેમ તીર્થંકર આદિના ફોટા જોઈને સમજુને તેને અનુકૂળ તેવા ભાવ થાય છે. દ્વેષીને તો દીકરા કે પિતા ઉપર પણ પ્રેમ થતો નથી પરંતુ વિવેકીને તો અવશ્ય પિતા તરીકે પુત્ર તરીકે પ્રેમ થાય છે. માટે જિનેશ્વર દેવની મૂર્તિ જોતાં યાદ આવે કે આપણે જીવનમાં સાધના કરી કેવલ પાત્રી મોક્ષમાર્ગ પ્રરૂપ્યો છે. તેમનું નામ લેતા પણ સમજુને એજ ભાવો પેદા થાય છે.

''લોકાંશાહ ક્રાંતિ'ના વિચાર. લોકાશાહના વિચારોથી પણ વિરૂદ્ધ છે અને સિદ્ધાંતના વિચારોને સમજ્યા વગરના છે.

રાષ્ટ્રોના ધ્વજો જોઈને કયા દેશનો ધ્વજ છે. તેમ ખબર પડે છે. પોતાના દેશનો ધ્વજ જોઈ તે તે દેશવાળાને આત્મીય ભાવ જાગે. તેમ જે જિનેશ્વરને માનતો હોય તેને જિનેશ્વરની મૂર્તિ, ફોટો, પાદુકા, મંદિર વિગેરે જોઈને પરમાત્માનો ભાવ જાગે.

એટલે 'લોકાંશાહ ક્રાંતિ'એ સ્થાનકવાસીને ભરમાવવાની જરૂર નથી અને સ્વભાવ જ નદીનું પાણી ઢાળમાં જાય છે તેમ વિવેકી સ્થાનકવાસીઓ જિનનામ, જિનમૂર્તિ, જિનફોટો, જિનમંદિર, પ્રત્યે ભાવ પેદા કરે છે. અને તેમના આત્માના શુભ પરિણામો જ તેમના આત્માનું રક્ષણ કરે છે. શ્રી જૈન શાસનને પામી, આરાધી શિવ સુખના સૌ ભોકતા બનો એજ અભિલાષા.

---

મોહનિદ્રામાં...પાના નં. ૬૦ થી ચાલુ

સંગ જ આત્મગુણોથી પતિત કરનારો છે. માટે કર્મજન્ય સંયોગોમાં મૂંઝાતા નહિ. સંયોગનો નાશ કરવા જ કટીબદ્ધ બનજો. સંયોગની પરંપરા પાપને વધારનારી છે તેથી સંસારનું જ સર્જન થવાનું છે. કર્મ સંયોગના નાશ માટે સજ્જન હિતકારી પુરૂષોનો સંગ કરજો.

ઓ મારા હૃદયેશ્વર ! પ્રાણેશ્વર ! જીવનમાં મોહને સ્વાધીન બની ઘણી મજા કરી. ઘણો આનંદ કર્યો હવે જાગો. કાંઈક વ્રત - નિયમને અંગીકાર કરો. વ્રત નિયમ તો પાપના ત્યાગ માટે છે. પાપના હેતુઓ જો કોઈ હોય તો રાગ અને દ્વેષ છે. અને સ્ત્રીઓ સિવાય રાગ - દ્વેષનું મૂળ બીજું નથી. લલનાના લલિતોમાં મૂંઝાઈ પાપ ઉપર ઘણો રાગ-પ્રીત કરી અને ધર્મ ઉપર દ્વેષ અને અપ્રીત કરી. મારા પ્રિયુજી ! મારી અંતરની આશ પૂરો. પાપની ગોઠડી ત્યાગી ધર્મની મીઠડી ગોઠડી કરો. પાપ ઉપર દ્વેષ કરો અને ધર્મ ઉપર રાગ કરો. તો વિરાગની મસ્તીમાં મહાલશો અને વીતરાગતાને પામશો.

માટે મારા ચેતનજી જાગો. આપની પ્રાણેશ્વરી પ્રાણપ્રિયા વારંવાર વિનવે છે કે- ''સંસાર શેરી મને વીસરી રે લોલ વિરતિ શું લાગ્યો રંગ મુજને રે લોલ.''

આ સંસારના સ્નેહનો ત્યાગ કરી મને મોક્ષનગરમાં લઈ જાવ. કરશો ના જરા વાર, હું વિનવું તમને વારંવાર. મારા પ્રિતમજી જાગો અને આત્માની સાચી પ્રીત નિભાવો.

■ ■ ■ ■

**■ સંપર્ક ■**

**પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરિશ્વરજી મ. આદિ**
જૈન ઉપાશ્રય ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર - ૩૬૧ ૦૦૫ પધાર્યા.
હવે ત્યાં સંપર્ક સાધી શકાશે.

# પ્રવચન - તેતાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા
૨૦૪૩, શ્રાવણ વદિ- પ્ર.૧૧, બુધવાર તા. ૧૯-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલુ

શ્રાવકને સાધુ થવાની ઈચ્છા જોઈએ અને સાધુ થયેલાને યથાખ્યાત ચારિત્ર પામવાની ઈચ્છા હોવી જોઈએ. આ કાળમાં તે ચારિત્ર પમાય તેમ નથી પણ તે પામવાની મહેનત તો જોઈએ ને ? જેને મોક્ષે જવાની ઈચ્છા ન હોય તે સાધુ - સાધ્વી, શ્રાવક - શ્રાવિકા નથી. શ્રાવક કહેવરાવવું અને ઘરને સારું માનવું, વેપારાદિ મઝેથી કરવા, સંસારમાં લહેરથી રહેવું તે બને ? શ્રાવક એટલે ન છૂટકે સંસારમાં રહેનારો ! તમને માંદગી ગમે ખરી ? તેમ ઘરમાં રહેલો ધર્મી હું માંદો છું તેમ માને, ઘરમાં રહેવામાં પાપ ન માને તેનામાં શ્રાવકપણું કદી ન આવે. શ્રાવકપણું તે બાપનો માલ છે ? સાધુ અને શ્રાવક થવા સંસાર પ્રત્યે ભારોભાર દ્વેષ થવો જોઈએ. ધર્મીને દુનિયામાં સુખી થવાનું મન ન થાય પણ આગળને આગળનો ધર્મ પામવાનું મન થાય. ધર્મના પ્રતાપે દુનિયાનું સુખ માગવું તે મહાપાપ છે તે સમજાય છે ? લોક સર્પથી ડરે છે પણ કુગુરુથી ડરતા નથી. સર્પ કરડે તો એકવાર મૃત્યુ થાય અને કુગુરુ કરડે તો અનંતા જન્મ - મરણ વધી જાય. જેને કુગુરુની વાત જચી જાય તેને કુગુરુ ગમ્યા કહેવાય. સંસારની પુષ્ટિ કરે તે કુગુરુ કહેવાય.

ભગવાનનો ધર્મ કરનારો જીવ મોક્ષનો જ અર્થી જોઈએ. જે મોક્ષનો અર્થી ન હોય તે ધર્મી જ નહિ આ વાત તમારા મગજમાં ઘાલવી છે. પણ પેસવી કઠીન લાગે છે. કેમકે અમારામાંના પણ બીજું બીજું બોલતા થયા છે. બધા જ સાધુ ભગવાનની આજ્ઞા મુજબ એક સરખું બોલતા હોત, પ્રધાનપણે મોક્ષની જ વાત કરતા હોત તો આજનો કાળ જુદો હોત ! શ્રીમંતો પણ ઉદાર હોત તો ચિંતા હોત ? શ્રીમંતો ધર્મી હોય તો એક પણ સાધર્મિક દુ:ખી હોય ? એક પણ જનાવરને પણ ભૂખે મરવા દે ? જે કાળમાં અભયદાનીઓમાં શિરોમણિ એવા શ્રી જિનેશ્વરદેવોના અનુયાયિઓ સુખી હોય તે કાળમાં સાધર્મિકો દુ:ખી કદી ન હોય. આજે સાધર્મિકો દુ:ખી છે, સીદાય છે છતાં પણ તેમના દુ:ખને જોઈને તેમની ભક્તિ કરવાનું મન પણ થાય નહિ તેને ધર્મી કહેવાય ?

પ્ર. સર્પ તો ઓળખાય છે પણ કુગુરુ કઈ રીતે ઓળખાય ?

ઉ. સંસારની, સંસારનાં કામોની પુષ્ટિ કરે, તેમાં સારાપણું બતાવે તેનું નામ કુગુરુ ! સંસારની ચિંતા કરે. સમાજના સંસારની ચિંતા કરે તે બધા કુગુરુ કહેવાય.

જે આત્માની ચિંતા કરે, આત્માના ધર્મની ચિંતા કરે તે સુગુરુ ! તમે દુનિયાનું ભણો, ગ્રેજ્યુએટ થાવ દુનિયામાં આગળ વધો આવું કહે તે કુગુરુ ! તમને કોણ ગમે ? તમારા આત્માની ચિંતા કરે તે કે તમારા શરીરાદિની ચિંતા કરે તે ?

જે મોક્ષનો કે મોક્ષસાધક ધર્મનો અર્થી ન હોય તેને અહીં આવવાની મના કરી છે. અહીં પથરા ભેગા નથી કરવાના. મંદિર - ઉપાશ્રયમાં પેસતાં નિ:સિહિ બોલવાનો વિધિ છે. મંદિર - ઉપાશ્રયમાં સંસારની વાત કરાય નહિ. ભગવાન પાસે જઈને પણ દુનિયાનું સુખ માગે, પૈસા - ટકા માગે, બાયડી છોકરા માગે, વેપારાદિ સારા ચાલે તેમ કહે તે બધાને કાન પટ્ટી પકડીને બહાર કાઢવા જોઈએ. પણ આજે કઢાય તેમ છે ? આજે અમે આવું કહીએ તો ય કહે છે કે- 'આ મહારાજ નવા લાગે છે.' આજે તો આવું કરાવીએ તો કહે કે - 'તારા બાપનું મંદિર છે.' મંદિર - ઉપાશ્રયાદિમાં આવી સંસારની વેપાર - ધંધાદિની વાતો કરે તો સમજી લેવું કે તે નાલાયક છે.

પ્ર. આપશ્રીની નિશ્રામાં આયંબિલ કરાવ્યા તો ઘણા કહે છે કે- સંસાર માટે ધર્મ કરાવ્યો.

ઉ. આવો પણ અર્થ કાઢનારા છે ? આયંબિલ કરાવ્યા તે શા માટે ? ખરાબ કાળ આવ્યો છે તેમાં ઉદારતા જીવતી રહે, અભયદાન કરતા રહીએ તે ભાવના મરી ન જાય, સુખી જીવો હાજર હોવા છતાં જનાવરો ભૂખે - તરસે મરે તેવી દશા ન થાય, લોકોની દયાની બુદ્ધિ નાશ ન પામે, કામ પડે તો ઘર - બારાદિ છોડી દુ:ખ દૂર કરીએ તેવી ભાવના બની રહે તે માટે આયંબિલ કરાવ્યા તો તે ભાવના સંસારની થઈ કહેવાય ? સાધર્મિકો ભૂખે ન મરે, દુ:ખી ભૂખે ન મરે, જનાવરો ભૂખે ન મરે અને દયાની ભાવના મરી ન જાય તે માટે

આજે અનુષ્ઠાન કરાવ્યું તેનો અર્થ આવો કાઢે કે - સંસાર માટે ધર્મ કરાવ્યો તો તેના જેવો મૂરખ એક નથી. દૈનિક પેપરાદિની જાહેરાત પણ ન વાંચે. માત્ર સાંભળીને તુક્કા જ ઉડાવે તેવાને ન પહોંચાય. તેવા તો કહે છે કે- 'આ મહારાજ હવે ઠેકાણે આવ્યા.' મારા શબ્દોમાંથી પણ આવા અર્થોની શોધ કરનારા છે. પણ અમારી સાવધગિરિ છે. અમારો આશય અમે કહી શકીએ છીએ.

માટે દરરોજ કહું છું કે- સુખી જીવોએ તો એક માત્ર ધર્મ જ કરવાનો છે. ધર્મ કરનારા પણ સાધર્મિકોની ભક્તિ, અનુકંપા અને જીવદયા ન કરે તો તેને અમે સારો માનતા નથી. ધર્મની પ્રભાવના કરવી હોય તો અનુકંપા અને જીવદયા પણ જોઈએ જ. એક પૂજા પણ ભણાવવી હોય તો અમારિ કરાવવી પડે. અમે એવો કાળ જોયો છે કે- મંદિરમાં પૂજા ચાલતી હોય તો તે રસ્તેથી પણ જે કોઈ જાય - આવે તે બધાને પ્રભાવના આપતા હતા. વરઘોડો નીકળે તો ય આગળ - પાછળ લાડુની ગાડી રાખે. બધાને મીઠા મોં કરાવે. કોઈ તેનો વિરોધ કરે તો લોકો જ જવાબ આપે કે- 'આમાં તારા બાપનું શું જાય છે ? આવા વરઘોડા તો રોજ નીકળવા જોઈએ.' તમારી કૃપણતાએ ધર્મ વગોવાય છે. ભગવાને દરેક ક્રિયા પાછળ જીવદયા અને અનુકંપા કહી છે. તે બે જો જીવતાં હોય તો શાસનની અદ્ભુત જાહોજલાલી થાય. આ કાળમાં શક્તિસંપન્ન જીવો - જૈનો જો ઘર-બારાદિ છોડી છ મહિના માટે નીકળી પડે તો શાસનની મહાન પ્રભાવના થાય. લોક જ કહે કે- 'ધર્મ તો ઊંચો આ જ છે. જૈન ધર્મ જેવો ઉત્તમ ધર્મ એક નથી. જૈનધર્મી જેવા ઉત્તમ કોઈ ધર્મી નહિ.' જો તમે બધા આવું કરો તો ધર્મની કેવી પ્રભાવના થાય ! આવું ક્યારે બને ? તમે બધા ધર્મી બનો તો.

પણ આજે તો હાલત એવી થઈ ગઈ છે કે - કોઈ ભિખારી ભીખ માગવા આવે તે ય તમને ગમતું નથી. મેં મારા જીવનકાળમાં એક એવો શ્રીમંત જોયો છે જે રોજ જમ્યા પછી મોટો ટાટ લઈને ઓટલા ઉપર આવીને બેસે અને દરેક ભીખારીઓને પ્રેમથી આપે. કર્મયોગે તે શેઠની સ્થિતિ એકદમ બદલાઈ ગઈ તો પણ તેઓ વાડકામાં લઈને આવ્યા, તે જોઈ બધા ભિખારીઓ સમજી ગયા કે, શેઠની સ્થિતિ ફરી ગઈ લાગે છે. તેથી કહે કે- અમે આજે લેવા માટે નથી આવ્યા પણ આપનાં દર્શન કરવા આવ્યા છીએ. તો પણ શેઠે તે સૌને આગ્રહ કરીને પ્રસાદ તરીકે થોડું થોડું આપ્યું. ભીખારીઓમાં પણ અક્કલ હોય છે. ઘણા ભીખારીઓ તમે આપો તો ય તમારું ભલું થાવ અને ન આપો તો ય તમારું ભલું થાવ એમ જ કહે છે. ભીખારીઓને ગાળો દેતાં ય તમે બનાવ્યા છે ! ભીખારી સુખી ઘરે જાય કે દુઃખી ઘરે જાય ? તેનો તમે તિરસ્કાર કરો તો જૈનપણું ટકે ખરું ? જ્યારે ભીખનો કાયદો આવેલો ત્યારે ઘણા લોકો ખુશી થયેલા તેમાં જૈનો પણ હતા. તે વખતે મેં જાહેરમાં કહેલું કે- ''ભીખ માગવી તે ગુનો છે તે કાયદાથી જે જૈનો ખુશી થયા છે તે બધાએ જૈન ધર્મનું અને જૈનપણાનું લીલામ કર્યું છે. દરેકે દરેક જૈનો એ સરકારને કાર્ડ લખવું જોઈએ કે- આવો કાયદો અમે જૈનો પાળવાના નથી. અમે તો અમારા નાના - નાના બચ્ચાઓના હાથે પણ દરેક ભીખારીઓને એક ટૂકડો પણ અપાવીશું.'' પણ આ વાત માને કોણ ?

તમે બધા પૈસાવાળા છો, સુખી છો માટે અમે તમને સારા માનીએ તો અમારામાં પણ સાધુપણું નથી આવ્યું. તમે બધા આ સંસારને, તમારા પૈસા - ટકાદિને ખોટા માનો છો માટે અમે તમને સારા માનીએ છીએ. તમે બધા સમજો તેવા છો માટે પાટે બેસીએ છીએ અને તમને ભગવાનની વાત સમજાવીએ છીએ. બાકી અમને વ્યાખ્યાન વાંચવાનો, 'વિદ્વાન' કહેવરાવવાનો લોભ નથી. તેવો લોભ જો અમને હોય તો અમે ય પાપી છીએ. તમે શ્રાવકકુળમાં જન્મેલા તાકાત હોય તો સાધુ થાવ, તે તાકાત ન હોય તો શ્રાવક તો બન્યા રહો પણ તેથી નીચે તો ન ઉતરો તેટલી અમારી ભાવના છે. તમે અમને ગમો છો તે થોડો ઘણો પણ ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ કરો છો માટે. પણ તમે બધા પૈસાવાળા છો, સુખી છો માટે ગમતા હો તો અમારા જેવા પાપી એક નથી.

આ ઘર કેવું છે ? છોડવા જેવું જ છે. પૈસા - ટકાદિ કેવા છે ? છોડવા જેવા જ છે. આ મનુષ્યજન્મ પામી મેળવવા જેવું શું છે ? મોક્ષ જ. તે માટે લેવા જેવું શું છે ? સાધુપણું જ. તે ન લેવાય તે પાપોદય છે. છતે પૈસે - ટકે વધુને વધુ પૈસા - ટકાદિ કમાવાનું મન થાય તે મહાપાપોદય છે. આવી માન્યતા જૈનોની હોય. જેની પાસે આજીવિકાનું સાધન ન હોય તે કમાવવા જાય અને પોતાની જાતને પાપોદયવાળી માને તો હજી તેનામાં સમકિત ટકી શકે. પણ જેની પાસે આજીવિકાનું પૂરું સાધન હોય છતાં સારું માની પૈસા - ટકાદિ કમાવવા જાય તો તેનું સમકિત જાય. તેના કષાય અનંતાનુબંધી થાય.

અનુસંધાન પાન નં. ૬૩

# ભારતની સર્વોચ્ચ અદાલતે માટુંગા ટ્રસ્ટની

## ૧૭૧ પાના અને ૨૮૨ મુદ્દાની S. L. P. ને ડીસમીસ કરી

### માટુંગા ટ્રસ્ટની મિલ્કતોમાં નવાંગી ગુરૂપૂજન તેમજ બે તિથિ આચરણા પરના પ્રતિબંધો ગેરકાયદેસર જાહેર કરાયા

### 'સત્યનો સૂર્ય છેવટે અસત્યનાં વાદળને ચીરી બહાર આવ્યો'

### સુપ્રિમ કોર્ટનો ઓર્ડર

We do not think It appropriate to interfere with the order impugned herein as the same arise out interlocutory proceedings. However, It is made clear that the order made by the High Court is only for the purpose of disposal of the application before it and no part of the order shall influence the consideration of merits of the case which has to be ultimately decided in the case. As the High Court has already directed the expeditious hearing of the suit, no further direction is needed in that regard. The Special leave petition is dismissed accordingly.

બે વર્ષ પૂર્વે બે તિથિ અને નવાંગી ગુરૂપૂજનની જૈન ધર્મના શાસ્ત્રાનુસારી આચરણા ઉપર જુલ્મી ખોટી બહુમતિના જોરે કેટલાક ઠરાવો કરી, માટુંગાના ટ્રસ્ટે જે ગેરકાયદેસર પ્રતિબંધો લાધ્યા હતા. તેને બે વર્ષના કાનૂની સંઘર્ષ બાદ વચગાળાના નિર્ણય રૂપે (Adinterim) ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા છે અને તે ઠરાવોના અમલ સામે સ્ટે આપવામાં આવ્યો છે.

ટ્રસ્ટ તરફથી થયેલ કારમા અન્યાય સામે દાદ માગવા બે તિથિ પક્ષના કેટલાક શ્રાવકોએ માત્ર એક જ વાર કાનૂની અદાલતમાં અરજી કરી હતી; જેનો વિચાર કરી નીચલી કોર્ટે એમની વાતમાં સત્યાંશ દેખાતાં એમના પક્ષમાં આરંભિક સ્ટે ઓર્ડર આપ્યો હતો. ત્યારબાદ એની સામે 'કોર્ટમાં તો જવાય જ નહિ'ની બૂમરાણ મચાવતા અને પોતાને એકતિથિ અને એકાંગી ગુરૂપૂજનના પુરસ્કર્તા તરીકે ઓળખાવતા એ માટુંગાના ટ્રસ્ટીઓએ છેક સર્વોચ્ચ અદાલત સુધી લગભગ સાતેકવાર એક યા બીજી રીતે ધા નાંખી સજ્જડ પરાજય મેળવ્યો હતો. દરેક સ્થળે એમની અપીલો, રિટપિટીશનો કે એસ. એલ.પી.ઓ કાંતો ડીસમીસ કરાઈ હતી કાં તો સુનાવણી ઉપર લઈ બે તિથિ - નવાંગી ગુરૂપૂજનના પક્ષના ફેવરમાં એનો નિર્ણય આપવા આવ્યો હતો

**ગત વર્ષે મુંબઈ સિટી સિવિલ કોર્ટે એક વિસ્તૃત ચૂકાદો આપી માટુંગા ટ્રસ્ટના વિવાદગ્રસ્ત એ ઠરાવોને ગેરકાયદેસર અને ગેરબંધારણીય જાહેર કર્યા હતા અને બે તિથિ - નવાંગી પૂજનમાં માનતા પક્ષના ધાર્મિક પૂજા - વિધિના અધિકારને માન્યતા આપવામાં આવી હતી.**

સિટી સિવીલ કોર્ટે જે મહત્વપૂર્ણ ચૂકાદો આપેલો, તેમાં બે તિથિ નવાંગી વર્ગની ત્રણેય માંગણીઓને સ્વીકારી આદેશ આપ્યો હતો જે અન્ય લેખમાં આપેલ છે. (જૂઓ પેજ ૫૭નું બોક્ષ)

મુંબઈ સિટી સિવિલ કોર્ટના નિર્ણાયક ચૂકાદા સામે અનેક પ્રકારના ગંભીર આક્ષેપો કરવાપૂર્વક માટુંગાના ટ્રસ્ટીઓએ મુંબઈ હાઈકોર્ટમાં રિટપિટીશન દાખલ કરતાં વિગતવાર સુનાવણી બાદ ગત ૨જી મેના દિવસે નામદાર કોર્ટે એક વિસ્તૃત ચૂકાદો આપી એમની પિટીશન ડીસમીસ કરી નીચેની કોર્ટનો ચૂકાદો અને આદેશ વ્યાજબી અને સંપૂર્ણપણે કાયદેસર હોવાનું જાહેર કર્યું હતું.

આ ચૂકાદાથી વિવાદનો અંત આવવો જોઈતો હતો, છતાં એની સામે પણ માટુંગાના ટ્રસ્ટીઓએ સુપ્રિમ કોર્ટમાં એસ. એલ. પી. કરતાં આ વિવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો.

ગઈ ૪થી ઓગસ્ટે આ પિટીશન અંગે પ્રારંભિક સુનાવણી થતાં માટુંગાના ટ્રસ્ટ વતી એમના કોન્સિલે જોરશોરથી નિરર્થક દલીલો કરી હતી. જેને સાંભળ્યા બાદ સુપ્રિમ કોર્ટની બે જજની બેન્ચે સ્વયં એ દલીલોના જવાબો આપી એસ.એલ.પી. ને દાખલ કર્યા વિના જ ડીસમીસ કરી દીધી હતી. હાઈકોર્ટના નિર્ણયમાં આ સ્તરે કોઈપણ હસ્તક્ષેપ કરવાની પણ સુપ્રિમ કોર્ટે ના પાડી હતી. તેમજ નીચેની કોર્ટને આ ખટલો વેગથી ચલાવવા અંગે હાઈકોર્ટે સૂચના કરેલી જ હોવાથી એ અંગેની કોઈ નવી સૂચના નહિ કરતા હોવાનું પણ જણાવેલ.

આ રીતે બે વર્ષમાં આઠમી વાર માટુંગાના ટ્રસ્ટીઓની વાતને કોર્ટે નકારી કાઢી છે. છતાં સાંભળવા મળતા સમાચારો મુજબ ફરીથી સુપ્રિમ કોર્ટમાં રીવ્યું પિટીશન દાખલ કરવાના મૂડમાં તેઓ જણાઈ આવે છે.

જૈન ધર્મ - તપાગચ્છ માન્ય શાસ્ત્રીય સત્ય માન્યતા અને આચરણાઓને. રુંધવાના, અટકાવવાના મરણીયા પ્રયાસોને વિવિધ કોર્ટો તરફથી આ રીતે અનેકવાર જબરદસ્ત જાકારો મળ્યો હોવા છતાં 'સંઘ એકતાની રુડી રુડી વાતો'નાં વડા કરનારા એક તિથિ - એકાંગી ગુરૂપૂજનને માનતો પક્ષ હજુય સંઘભેદની નીતિ રીતિ અપનાવ્યે જ જઈ રહ્યો હોવાનું એમની કાર્યવાહીઓ જોતાં સ્પષ્ટપણે દેખાય છે.

આ બધી પરિસ્થિતિ જોતાં શાસ્ત્રીય સત્ય કોના પક્ષમાં છે ? અને સંઘભેદની પ્રવૃત્તિ કોણ કરે છે ? એ કોઈપણ તટસ્થ વિચારકને જણાયા વિના નહિ રહે.

આ ચુકાદાથી માટુંગાના ટ્રસ્ટે લાદેલા ઠરાવ પ્રારંભિક સ્તરે ગેરકાયદેસર ઠેરવાયા છે. તેમજ ટ્રસ્ટની મિલકતોમાં નવાંગી ગુરૂપૂજન અને બે તિથિની જૈન શાસ્ત્ર માન્ય આચરણા કરવા પર હવે કોઈ પણ કોર્ટનો સ્ટે રહેતો નથી.

છેલ્લે છેલ્લે પ્રાપ્ત સમાચાર મુજબ કોર્ટના આદેશોને અનુસરી માટુંગા ટ્રસ્ટની મિલકતોમાં બે તિથિ - નવાંગીને માનતા આરાધકોએ પોતાની માન્યતા મુજબના ધાર્મિક પૂજા - વિધિ કરવાના અધિકાર ભોગવવાનો શુભ પ્રારંભ પણ કર્યો છે.

આપણે ઈચ્છીએ કે શાસન દેવ સૌને સદ્બુદ્ધિ આપે અને 'સંઘભેદ'ની કાર્યવાહી અટકે અને સંઘ એકતાનો શાશ્વત સૂર્યોદય થાય, એ જ અભિલાષા.

## સુપ્રિમ કોર્ટના ચૂકાદાની ફળશ્રુતિ

૧) સીટી સીવીલ કોર્ટના વિદ્વાન જસ્ટીસ શ્રી કામડીનો ચુકાદા કાયમ રહ્યો.

૨) હાઈકોર્ટના વિદ્વાન જસ્ટીસ શ્રી કોચરના ચુકાદામાં ટાંકેલ તેઓના વ્યકિતગત અભિપ્રાયોન કેસ ઉપર અસર રહી નાંહે.

### જસ્ટીસ શ્રી કામડીના ચુકાદાથી નિર્ણિત થયેલ બાબતો

૧) બે તિથિ / નવાંગી પક્ષ બંને પક્ષની કબુલાત પ્રમાણે તપાગચ્છના જ એક ભાગરૂપ છે.

૨) સને ૧૯૪૮ થી જ બંને પક્ષ માટુંગા ઉપાશ્રય દેરાસરમાં પોતપોતાની માન્યતા મુજબની આરાધના નિયમિત કરતા આવ્યા છે.

૩) બે તિથિ / નવાંગી પક્ષની માન્યતા મુજબની ધર્મક્રિયાઓનો અમલ કરતા રોકતા હોવાથી ટ્રસ્ટે કરેલા ઠરાવો ગેરકાયદેસર છે.

૪) બે તિથિ / નવાંગી પક્ષને જ્યારે જરૂરી લાગે ત્યારે તે ઉપાશ્રયમાં નવાંગી ગુરૂપૂજન કરે છે, એમ માની શકાય છે.

૫) બે તિથિ / નવાંગી માન્યતા વર્તમાનમાં પ્રવર્તે છે.

૬) બહુમતિ પક્ષ લઘુમતિ પક્ષ ઉપર પોતાની માન્યતા મુજબનો ધર્મ પાળવા માટે બળજબરી કરી શકે નહિ.

૭) બે તિથિ અને નવાંગી ગુરૂપૂજનની માન્યતા જૈન ધર્મે માન્ય કરેલી છે.

### મુંબઈ હાઈકોર્ટના જસ્ટીસ શ્રી કોચરના વ્યકિતગત અભિપ્રાયોની અસર રહી નથી

જૈન ધર્મની મૂળભૂત પ્રજા-અર્ચા પદ્ધતિ અંગે જસ્ટીસ શ્રી કોચરની કોર્ટ સમક્ષ બંને પક્ષના વકીલોએ જે બાબતો રજુ જ નહોતી કરી છતાં પણ

**૧-'જ્યાં સુધી હું જાણું છું..' ૨- 'આવું દેખાય છે કે..' ૩-'બંને પક્ષના વકીલોએ વાત નહિ કરી હોવ છતાં મેં આ બાબત અલગ દ્રષ્ટિકોણથી વિચારી છે...'** - આ રીતનાં વિધાનો કરવા દ્વારા જસ્ટીસ શ્રી કોચરે ચુકાદાના પેજ ૩ થી ૫ અને ૫૫ થી ૫૭માં કેટલાક વ્યકિતગત અભિપ્રાયો-મંતવ્યો આપ્યાં હતાં જેની કેસ ઉપર કોઈ જ વૈધાનિક અસર નહિ હોવા છતાં નનામી પત્રિકાઓ તેમજ રખેવાળ જેવા વજન વગરના છાપાઓ માધ્યમથી એ મંતવ્યોને એક તિથિ પક્ષે ખૂબ ચગાવીને 'પોતે જીતી ગયા' હોવાનો ખોટો પ્રચાર કરી ભોળાઓને ભોળવવાનો પ્રયત્ન કર્યો હતો.

જસ્ટીસ શ્રી કોચરનાં એ મંતવ્યો અંગે અમોએ પૂર્વે જ **'તેનું ખાસ કોઈ મહત્વ રહેતું નથી માટે એ અંગે કોઈ**

૮) 'બે તિથિ કે નવાંગી ગુરૂપૂજન' એ તપાગચ્છ સિદ્ધાંતોની વિરૂદ્ધ છે' એવું સિદ્ધ કરવા માટુંગા ટ્રસ્ટે એક પણ ધાર્મિક પુસ્તક કે ગ્રંથ રજુ કર્યો નથી.

૯) માટુંગા ટ્રસ્ટની કબુલાત મુજબ તેમને બે તિથિ નવાંગી પક્ષે કયારેય પણ હરકત પહોંચાડેલ નથી.

૧૦) બે તિથિ-નવાંગી ગુરૂપૂજનની આરાધનાને રોકી શકાય નહિ કારણકે ભારતીય બંધારણની ૨૫મી કલમે એ અધિકાર બક્ષેલો છે.

૧૧) બે તિથિ પક્ષે પ્રથમદર્શી કેસ પૂરવાર કર્યો છે.

૧૨) આ ઠરાવો અંગે હસ્તક્ષેપ નહિ કરવામાં આવે તો બે તિથિ પક્ષને દુરુસ્ત ન થાય એવું નુકશાન થશે, જેનું મૂલ્ય પૈસાના મૂલ્યથી મૂલવી શકાય તેવું નથી

જસ્ટીસ શ્રી કામડીએ આપેલ ચુકાદાનું હાઈકોર્ટે તેમજ સુપ્રિમકોર્ટે પણ સમર્થન કર્યું છે અને તે દ્વારા બે તિથિ પક્ષની માંગણીઓ મંજુર રાખી છે.

**ઉલ્લેખ કરવામાં આવ્યો નથી'** એવા શબ્દોથી જણાવવા યોગ્ય જણાવી જ દીધું હતું. તેજ વાતની પુષ્ટિ સુપ્રિમ કોર્ટે કરતાં અમારી વાત સો એ સો ટકા વ્યાજબી પુરવાર થઈ છે.

એ સમજવા માટે આ રહ્યા સુપ્રિમના ઓર્ડના શબ્દો-

**"...No part of the order shall influence the consideration of merits of the case which has to be ultimately decided in the case."**

ભાવાર્થ... 'હાઈકોર્ટના આ આદેશમાંનો કોઈપણ ભાગ આ કેસના અંતિમ નિર્ણય માટેના મુદ્દાઓની વિચારણામાં પ્રભાવિત કરી શકશે નહિ'

છેવટે સત્યનો સૂર્ય અસત્યનાં વાદળાં ચીરીને બહાર આવી જ ગયો. એક સ્થળે લખ્યું પણ છે-

**સચ્ચાઈ છૂપ નહિ શકતી બનાવટ કે ઉસૂલોં સે,**
**કે ખુશબૂ આ નહિ સકતી કભી કાગજ કે ફુલોં સે.**

# બે તિથિ પક્ષના આઠ વાર થયેલ વિજયની સીલસીલાબંધ વિગતો

ઈ.સ. ૧૯૯૮ના ઉનાળામાં માટુંગાના ટ્રસ્ટે ટ્રસ્ટની મિલકતોમાં બે તિથિની આચરણા નહિ કરવી, નવાંગી ગુરૂપૂજન કરવા - કરાવવા નહિ દેવું અને પક્ખિ આદિ પ્રતિક્રમણના અંતે સંતિકરં સ્તોત્ર બોલવું. આ ત્રણે બાબતોના ઠરાવો બહુમતિના જોરે કરી, તપાગચ્છ સંઘમાં વિકરાળ વિવાદનો મધપૂડો છંછેડયો હતો અને સંઘ વિભાજનની પ્રક્રિયાને ઉત્તેજન આપ્યું હતું. એનો મતલબ એમ થતો હતો કે, 'આ ટ્રસ્ટની મિલકતોમાં તપાગચ્છની 'ઉદયમ્મિ. અને ક્ષયે પૂર્વા.' ની તેમજ 'ગુરૂના નવાંગી ગુરૂપૂજન'ની શાસ્ત્રીય માન્યતા અને આચરણા મુજબ આરાધના કરતો વર્ગ કે જેને છેલ્લાં કેટલાક વર્ષોથી લોકો બે તિથિ વર્ગના નામે ઓળખાવે છે, તે વર્ગને ટ્રસ્ટની મિલકતોમાં આવતાં, આરાધના કરતાં રોકવો. વળી આ જ ઠરાવોનો ઉપયોગ આ શાસ્ત્રીય માન્યતાને વરેલાં પૂજનીય સાધુ-સાધ્વીજી-ભગવંતોને પણ ટ્રસ્ટ, ઉપાશ્રય વગેરેમાં આવતા રહેતા, પ્રવચન કરતાં અટકાવવામાં જ થવાનો હતો. ઘણો વિરોધ છતાંય એ ઠરાવો કરાયા, એ અંગેનાં પાટિયાઓ પણ ઉપાશ્રય વગેરેમાં લગાડાયાં અને એ રીતે સમગ્ર તપાગચ્છની આરાધના માટે બનેલા સ્થાનમાંથી તપાગચ્છના જ એક અવિભાજ્ય અંગ સમા તપાગચ્છની મૂળભૂત શાસ્ત્રીય માન્યતાને વરેલા આરાધકોને એ રીતે આરાધના કરતાં અટકાયત કરવામાં આવી.

તપાગચ્છના બન્નેય સહિયારા સહયોગથી બનેલા સ્થાનમાં વર્ષો સુધી સુમેળભર્યું વાતાવરણ હતું. બંને વર્ગના પૂજ્યોને ટ્રસ્ટ માનભેર આમંત્રી એમની વાણી, સ્થિરતા, વૈયાવચ્ચાદિનો મહાન લાભ મેળવતો હતો. છેલ્લા કેટલાક વર્ષોમાં કેટલાક ચોક્કસ તત્ત્વો દ્વારા સંઘ વિદ્વેષની ભાવનાને પરાકાષ્ઠાએ પહોંચાડવામાં આવતાં ટ્રસ્ટે બે તિથિ વર્ગના પૂજનીય મહાત્માઓને ચાતુર્માસાર્થે પધારવાની વિનંતી કરવાનું બંધ કર્યું.

માટુંગા ટ્રસ્ટે કરેલા આવા અશાસ્ત્રીય અને ગેરબંધારણીય ઠરાવોને રદ કરવા વિવેકી શ્રાવકોએ અનેક રીતે ટ્રસ્ટીઓને સમજાવવાની પૂરી કોશિષ કરી. આમ છતાં ટ્રસ્ટીઓ તરફથી કોઈ પણ જાતનો સાનુકૂળ પ્રતિસાદ ન મળતાં છેવટે પોતાના શાસ્ત્રીય મર્યાદા અનુસારના આરાધના-પૂજા કરવાના બંધારણીય અધિકારોની રક્ષા માટે એ શ્રાવકોએ મુંબઈની સિટી સિવિલ કોર્ટનાં બારણાં

ખખડાવ્યા. ન્યાયમૂર્તિ 'મલિક'ની કોર્ટ સમક્ષ કેસની નોટિસ ઓફ મોશનની સુનાવણી ચાલી. ટ્રસ્ટીઓએ અનેક વાંધાઓ ઉઠાવ્યા. પરંતુ કોર્ટે એમનાં ખોટા મુદ્દાઓ ફગાવી દીધા અને બે તિથિ પક્ષને વચગાળાનો પ્રાથમિક 'સ્ટે' આપ્યો. **આ બે તિથિ પક્ષની પહેલી જીત હતી.** આ પછી આ કેસ 'આગળ ચાલતા આ કેસ સિવિલ કોર્ટની અખત્યારીમાં આવતો નથી' એવી ટ્રસ્ટીઓની રજૂઆતને ફગાવતાં કોર્ટે પોતાની કોર્ટનો એ અધિકાર હોવાનું ઠેરવ્યું. જસ્ટીસ મલિક એ અંગેનો ચૂકાદો આપે, એ પૂર્વે જ એની સામે માટુંગાના ટ્રસ્ટીઓએ મુંબઈ હાઈકોર્ટમાં પિટીશન દાખલ કરી. જેની સુનાવણી જસ્ટીસ સાવંતની કોર્ટમાં થઈ અને તેમણે નીચેની કોર્ટનો અધિકાર માન્ય રાખી ટ્રસ્ટીઓની અરજી ફગાવી દીધી અને તેમની સૂચનાનુસાર કેસ ફરી નીચે ચાલ્યો. **આ બે તિથિ વર્ગની બીજી જીત હતી.** ત્યારબાદ જસ્ટીસ મલિકે જુરીસડિકશન અંગેનો ચુકાદો બે તિથિ પક્ષના ફેવરમાં આપતાં **બે તિથિ વર્ગ ત્રીજી વાર જીત્યો.**

એ ચૂકાદા સામે ટ્રસ્ટીઓએ હાઈકોર્ટમાં રીટ પિટશન દાખલ કરી. જેની સુનાવણી જસ્ટીસ બામની કોર્ટમાં થઈ અને એમણે ટ્રસ્ટીઓની અપીલ કાઢી નાંખી, નીચેની કોર્ટના ચૂકાદાને મંજૂરી આપી. કેસ દાખલ કરવા ચેરિટી કમિશ્નરની મંજુરીની જરૂર નથી, તેમ ઠેરવ્યું માત્ર ચેરિટી કમિશ્નરને એક પાર્ટી બનાવવાનો આદેશ આપ્યો. **બે તિથિ પક્ષની આ રીતે ચોથી વાર જીત થઈ.**

હાઈકોર્ટના એ ચૂકાદાની સામે માટુંગાના ટ્રસ્ટીઓએ સુપ્રિમમાં એસ. એલ. પી. દાખલ કરી. એક તરફ બે તિથિ વર્ગ સાથે સમાધાનની વાર્તા ચલાવ્યે રાખી. અમો આગળ જંવાના નથી, એવી હવા ઉભી કરી બે તિથિ વર્ગને અંધારામાં રાખવાનો પ્રયત્ન કર્યો અને બીજી તરફ ચૂપકીથી બે તિથિ વર્ગની તરફેણમાં આવેલ હાઈકોર્ટના ચૂકાદા સામે સુપ્રિમમાં એસ.એલ.પી. કરી. બે તિથિ વર્ગના સક્રિય કાર્યકર્તાઓ પણ સાવધ હતા. આથી તેમણે પહેલેથી જ સુપ્રિમ કોર્ટમાં કેવિયેટ ફાઈલ કરી રાખી હતી. જેથી માટુંગા ટ્રસ્ટે સુપ્રિમ કોર્ટમાં કરેલી એસ. એલ. પી. ની સમયસર જાણ થઈ ચૂકી. આ એસ. એલ. પી. ને પણ ચીફ જસ્ટીસ સહિતના ત્રણ જજોની બેન્ચે ક્ષણાર્ધમાં ફગાવી દીધી હતી. **આ રીતે બે તિથિ પક્ષે પાંચમી વાર જીત અનુભવી.**

આ પાર બાદ નોટિસ ઓફ મોશનની સુનાવણી સિટી સિવિલ કોર્ટમાં જસ્ટીસ કામડીની બેન્ચ આગળ ચાલી. સુવિસ્તૃત પણે તેમણે બંને પક્ષને સાંભળ્યા બંને પક્ષના પુરાવાઓ તપાસ્યા અને બંને પક્ષના લેખિત સ્ટેટમેન્ટો પણ સ્વીકાર્યા. અંતે મેરીટના આધારે સુવિસ્તૃત ઐતિહાસિક ચૂકાદો આપતાં જણાવ્યું કે,

***"માટુંગાના સંઘને આવા ઠરાવો કરવાનો કોઈ જ અધિકાર નથી. એ ઠરાવો ગેરકાયદેસર, ગેરબંધારણીય, વ્યર્થ અને શૂન્ય છે."***

***"બે તિથિ અને નવાંગી ગુરૂપૂજનને અજૈનપ્રથા ન કહી શકાય. પ્રાચીન જૈન શાસ્ત્રોમાં એ અંગેના અનેક ઉલ્લેખો છે, જે બે તિથિ પક્ષે મારી આગળ રજુ કર્યા છે. 'બેતિથિ અને નવાંગી ગુરૂપૂજા એ જૈન તપાગચ્છ શાસ્ત્ર વિરૂદ્ધ છે,'' એવું બતાવવા એક પણ પુસ્તક માટુંગાના ટ્રસ્ટે રજૂ કર્યુ નથી. આ બધુ જોતા બે તિથિ પક્ષે કરેલી ત્રણ માંગણીઓ હું મંજૂર રાખુ છું."*** અને એ અંગેનો આદેશ રજૂ કર્યો. કાનૂની જંગની **બે તિથિ પક્ષની આ છઠ્ઠી જીત હતી.**

વિદ્વાન ન્યાયમૂર્તિશ્રી કામડીએ માટુંગા ટ્રસ્ટના ટ્રસ્ટીઓની વિરૂદ્ધ બે તિથિ અને નવાંગી ગુરૂપૂજનના સમર્થનમાં આપેલા ચૂકાદાથી માટુંગાના ટ્રસ્ટીઓ છળી ઊઠયા હતા અને પોતાની વિરૂદ્ધ આવેલા એ સિટી સિવિલ કોર્ટના ચૂકાદા સામે મુંબઈ હાઈકોર્ટમાં A.O. દાખલ કરી. જેને પ્રારંભિક સુનાવણી બાદ કોર્ટે દાખલ કરી હતી. આ અપીલમાં ટ્રસ્ટે 'નીચેની કોર્ટનો ચૂકાદો ગેરરીતિ અપનાવી, અસ્વચ્છ હાથે મેળવાયો' હોવા સુધીના અતિગંભીર કક્ષાના આરોપો બેધડક કર્યા હતા. ૪૦૦ થી ય વધુ પાના ભરી ભરીને તેમણે પોતાની હૈયાવરાળ હાઈકોર્ટમાં ઠાલવી હતી. આ અપીલ હાઈકોર્ટના વિદ્વાન જસ્ટીસ શ્રી રાજેન કોચરની સમક્ષ આવી. વિગતવાર સુનાવણી અને અનેક પુરાવા તપાસ્યા બાદ એમણે ૨જી મે, ૨૦૦૦ ના દિવસે એક મહત્વપૂર્ણ ચૂકાદો આપી નીચેની સિટી સિવિલ કોર્ટના તમામ આદેશોને માન્ય રાખી ટ્રસ્ટના વિવાદસ્પદ ઠરાવોને 'ગેરકાયદેસર, ગેરબંધારણીય, વ્યર્થ અને શૂન્ય' ઠેરવ્યા હતા. નીચેની કોર્ટે બે તિથિ પક્ષની મંજૂર કરેલી ત્રણેય માંગણીઓને પણ હાઈકોર્ટે મંજૂરી આપી હતી અને જણાવ્યું હતું કે જસ્ટીસ કામડીના ચૂકાદામાં હું કશુંજ ગેરકાયદેસર કે ખોટું જોતો નથી તેમજ જસ્ટીસ મલિક અને જસ્ટીસ બામ સાથે હું આદરપૂર્વક સહમત છું. જેના અન્વયે માટુંગાના ટ્રસ્ટની મિલકતોમાં જૈન ધર્મની તપાગચ્છની બે તિથિ અને નવાંગી

ગુરૂપૂજનની માન્યતા મુજબની આચરણા કરતાં કરાવતાં કોઈને પણ કોઈ પણ રીતે રોકી પ્રતિબંધિત કરી શકાય નહિ. **બે તિથિ વર્ગનો આ સળંગ સાતમો વિજય હતો.** આ ચૂકાદો મળત. માટુંગાના ટ્રસ્ટે અનેની સામે સુપ્રિમમાં જવા માટે બાર અઠવાડીયાની મુદત માંગતાં કોર્ટે તે આપી હતી.

બાર અઠવાડીયાની મુદત પૂરી થવા છતાં માટુંગાના ટ્રસ્ટે સુપ્રિમમાં એસ. એલ. પિટીશન દાખલ કરી નથી. જેથી માટુંગાના ટ્રસ્ટની મિલકતોમાં બે તિથિ - નવાંગી ગુરૂપૂજન આચરવાની બાબત પરનો સ્ટે ઊઠી ગયા અને બે તિથિના આરાધકોએ ટ્રસ્ટના જીવણ અબજી જ્ઞાનમંદિરમાં શાંતિપૂર્વક રાજની પ્રતિક્રમણની આરાધના કરવાની શરૂ કરી દીધી ચૌદશ - પ્રકિખના દિવસે એમણે પોતાની શાસ્ત્રીય માન્યતાનુસાર પ્રતિક્રમણના અંતે સંતિકરં નહિ. બોલવાનો મર્યાદા પાળી હતી. અને પર્વતિથિના ક્ષયવૃદ્ધિના પ્રસંગોએ પણ પોતાની શાસ્ત્રીય બે તિથિની માન્યતા મુજબના જ તિથિ દિને પ્રતિક્રમણાદિ ધર્મક્રિયા આચરી હતી.

આ બાજુ અમે સુપ્રિમમાં જવાના નથી. કારણકે, હાઈકોર્ટે અમારી તરફેણમાં ૯૦% નિર્ણય આપ્યો છે. એવી હવા ફેલાવી મોડે મોડે પણ ટ્રસ્ટે સુપ્રિમમાં ૧૭૧ પેજ અને ૨૮૨ મુદ્દાનં એસ. એલ. પી. દાખલ કરી હતી. એમાં જે અનેક માંગણીઓ કરેલ. તે પૈકી એક Ex-Parte સુનાવણી કરવાની માંગણી પણ કરી હતી. જેનો મતલબ બે તિથિ પક્ષને નોટીસ આપ્યા વિના કોર્ટ એક તરફી સુનાવણી કરી ચૂકાદો આપે. પરંતુ બે તિથિ પક્ષ જાગૃત હોઈ આ અંગેના કેવિયટ આદિ જરૂર પગલાં લઈ તા. ૪-૮-૨૦૦૦ના કોર્ટ સમક્ષ હાજર થઈ ગયેલ. એક તિથિ - એકાંગી ગુરૂપૂજનને માનતા વર્ગ તરફથી શ્રીયુત કે. એન. ભટ્ટ નામના સિનીયર કૌન્સિલરે જોરશોરથી નિરર્થક દલીલો કરી હાઈકોર્ટના ઓર્ડરને અયોગ્ય ઠેરવવાની વિનંતી કરી.

આ દલીલો સાંભળ્યા બાદ શ્રી રાજેન્દ્રબાબુ અને શ્રી શિવરાજ પાટીલ, આ બે જજોની સુપ્રિમ બેન્ચે માટુંગા ટ્રસ્ટના વકીલ શ્રી કે. એન. ભટ્ટની દલીલોમાં કશુંજ વજૂદ ન લાગતાં એસ. એલ. પી. ને દાખલ ન કરી. અને હાઈકોર્ટના આદેશમાં આ સ્તરે પોતે કોઈપણ હસ્તક્ષેપ નહિ કરતાં હોવાનું જણાવ્યું હતું હાઈકોર્ટે કેસ સત્વર ચલાવી અંતિમ ચૂકાદો આપવા નીચેની કોર્ટને આદેશ કરેલો હોઈ એ અંગે પણ એમણે અલગ સૂચના નહિ આપવાનું જણાવ્યું હતું.

આ રીતે ૪થી ઓગસ્ટ, ૨૦૦૦ના સુપ્રિમ કોર્ટે ખૂબ જ સખતાઈપૂર્વક માટુંગા ટ્રસ્ટીઓની એસ. એલ. પી. ડીસમીસ કરી હતી. **બે તિથિ પક્ષનો આ સળંગ આઠમો વિજય હતો.** સત્યમેવ જયતે અને 'સાંચને આંચ નહિ આવે'ની ઉકતિને સાર્થક કરતો આ રોમહર્ષક ઈતિહાસ સૌ કોઈ શાસ્ત્રારાધના પ્રેમી જૈનની છાતીને ગજ ગજ ફુલાવનારો બને એમાં શંકાને સ્થાન નથી.

આ ચૂકાદા સામે પણ માટુંગા ટ્રસ્ટ રિવ્યુ પિટીશનમાં જવાની તૈયારીઓ કરી રહ્યો હોવાનું સંભળાય છે. જો એ વાત સાચી હોય તો સંઘ એકતાના હિમાયતીઓની એકતા-શાંતિ એખલાસની એ વાતો કેવી તકલાદી છે, તે સૌ કોઈને જણાયા વિના નહિ રહે.

કોર્ટે આઠ આઠ વાર આપેલા ચૂકાદાઓના હાર્દને સમજી શાસ્ત્રાજ્ઞા મુજબની આરાધના કરી. સૌ કોઈ સાચી સંઘ એકતા કરનારા બને એજ અભિલાષા.

બે તિથિ પક્ષની એ ત્રણ માંગણીઓ અંગેનો સીવીલ કોર્ટના જજશ્રીઓનો હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ દ્વારા માન્ય કરાયેલ આદેશ નીચે મુજબ હતો.

(૧) ટ્રસ્ટના મિલકતમાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘને અનુસરનારા કોઈ પણ વ્યક્તિના વ્યક્તિગત પસંદગીની કોઈપણ ધાર્મિક ક્રિયાઓ કરવામાં કોઈપણ પ્રકારનો અંતરાય, વિરોધ કે હસ્તક્ષેપ કરતાં બચાવ પક્ષને મનાઈ કરવામાં આવે છે.

(૨) ટ્રસ્ટના મિલકતમાં નવાંગી ગુરૂપૂજન અને એક તિથિ માન્યતાની ધાર્મિક ક્રિયાઓને લગતા ૧લી જુલાઈ, ૧૯૯૮ની વાર્ષિક સર્વ સાધારણ સભામાં પસાર કરાયેલા ગેરકાયદેસર ઠરાવ અથવા એ પૂર્વે ટ્રસ્ટી મંડળની કોઈપણ સભામાં પસાર કરાયેલ એ અંગેના કોઈ પણ ઠરાવોને (બોર્ડ પર) દર્શાવતાં કે પ્રદર્શિત કરતાં બચાવ પક્ષને મનાઈ કરવામાં આવે છે.

(૩) વધુમાં, ટ્રસ્ટની મિલકતમાં આવતા, રહેતા, ધાર્મિક પ્રવચન આપતા અને કોઈ પણ ધાર્મિક ક્રિયાઓ કરતાં કોઈ પણ જૈન સાધુ-સંતોને હરકત પહોંચાડવાની બચાવ પક્ષને મનાઈ કરવામાં આવે છે.

From :
● પ્રકાશક ●
**સદ્ધર્મ સંરક્ષક સમિતિ**
૧૧૮, મેજેસ્ટીક શોપિંગ સેન્ટર,
પહેલે માળે, ગિરગાંવ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૮૯૮૨૪
ફેકસ : ૩૬૮૩૮૮૮

# રતલામ તપસ્વી પરિચય



**નીતા (ઉષા)**
*૩૦ ઉપવાસ (માસક્ષમણ)*
*પુત્રવધુ - કનકબેન તેજરાજજી શાહ*
*ધર્મપત્ની નવીન શાહ*



**શાલીન (જૈકી)**
*૩૦ ઉપવાસ (માસક્ષમણ)*
*પૌત્ર - કનકબેન તેજરાજજી શાહ*
*પુત્ર - ચન્દ્રપ્રકાશ-સૌ. રાજકુમારી શાહ*



**અનામિકા (અંગુરવાલા)**
*૩૦ ઉપવાસ (માસક્ષમણ)*
*પુત્રવધુ - કનકબેન તેજરાજજી શાહ*
*ધર્મપત્ની - પ્રવીણ શાહ*



**સોનમ (ચંચલ)**
*૩૦ ઉપવાસ (માસક્ષમણ)*
*પુત્રવધુ - કનકબેન તેજરાજજી શાહ*
*ધર્મપત્ની - સુનીલ શાહ*

# મનન મોતી

*સંગ્રાહક : અ.સૌ. અનિતા આર.પટણી - માલેગાંવ*

- દુઃખ નથી જોઈતું તેમ નહિ પણ પાપ નથી કરવું અને સુખ જોઈએ તેમ નહિ પણ ધર્મ જોઈએ છે, આ ભાવના આવે તો કલ્યાણ સુનિશ્ચિત છે.
- ધર્મ કરતાં લાગે કે "મારું પોતાનું કામ કરું છુ" અને સંસારનું કામ કરતાં લાગે કે "પારકું કામ કરું છું" તેનું નામ ધર્માત્મા !
- દુઃખની અસહનશીલતા અને સુખની લાલચ બધાંજ પાપોનું મૂળ છે.
- દુઃખ વેઠવાનો અને સુખને છોડવાનો અભ્યાસ કરવા માટે તત્વજ્ઞાન છે પણ સફાઈ મારવા કે વાતોના વડા કરવા તત્વજ્ઞાન નથી.
- આત્માનો સંપૂર્ણ ધર્મ વિકાસ પામે - ખીલે તેનું નામ મોક્ષ.
- શક્તિ પ્રમાણે તપ કરવો જોઈએ. જે પોતાની શકિતને છૂપાવે છે તે માયા અને વીર્યાન્તરાય કર્મને બાંધે છે. સુખ શીલીયાપણાથી આળસથી અને શરીરના રાગના કારણે શક્તિ હોવા છતાં જે તપને કરતો નથી તે માયા-મોહનીય કર્મને બાંધે છે. સુખશીલિયાપણાના કારણે જીવો તીવ્ર અશાતા વેદનીય કર્મને બાંધે છે, આળસપણાથી મૂઢ મતિવાળો તે ચારિત્ર મોહનીય કર્મને બાંધે છે.
- જ્ઞાન આત્માને સુધારવા માટે છે, વાતો કરવા નથી.
- આજે મોહને "વૈરાગ્ય"નું અને આસક્તિને "ડાહપણ"નું રૂપક અપાય છે.
- પાપ પ્રત્યે અરૂચિ થાયતો વ્રત - નિયમાદિ પ્રત્યે રૂચિ પેદા થાય.
- સારી પણ ક્રિયા જો ખોટી ઈચ્છાઓને માટે કરાય તો તે ધર્મક્રિયા ન બનતાં પાપક્રિયા જ બને.
- પૌદ્ગલિક પદાર્થોની ઈચ્છા તે જ દુઃખનો સન્માન સમારંભ છે.
- કડવા શબ્દો, અનુચિત વ્યવહાર ઉત્સાહને તોડનાર છે.
- "ક્યા ક્યા કર્મો આપણને સતાવે છે ? ક્યા ક્યા દોષો આપણામાં ઘર કરીને રહ્યા છે ! કઈ કઈ કુટેવોના આપણે ભોગ બન્યા છીએ !" આવું આત્મ નિરીક્ષણ કેટલા ધર્માત્મા કરતા હશે !
- મોટી કંપનીની મૂળ મૂડી ખોવાય તો તેનું ઉઠમણું થાય તેમ આપણી મૂળ મૂડી આત્મા જ ખોવાઈ જાયતો ચોર્યાશીના ચક્કરમાં ભટકવા જવું પડે.

# એક આરાધનાનું પ્રતિબિંબ દિક્ષા ઉર્ફે ઝિલ મિલ તારલાની જીવન સૌરભ :

પ્રેષક : અ. સૌ. હેમલતાબેન સંઘવી - મુલુંડ



અનંત ઉપકારી જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે જૈનકુલમાં અવતરેલા લઘુકર્મી ભવ્યાત્માઓ પ્રાય : "યોગભ્રષ્ટ" એટલે કે ગત ભવની અધૂરી આરાધના પૂર્ણ કરવામાં જ અવતરતા હોય છે. શાસ્ત્રકારોએ જૈન કુળની મહત્તા અમથી નથી આંકી, માતા - પિતા જૈનપણાને પામેલા હોય તો તેમનું બાલક પણ તેવું જ નીવડે તેમાં નવાઈ નથી. જૈન સંસ્કારથી સુવાસિત માતા - પિતાના સંતાન પણ સુંદર સંસ્કારથી વાસિત બની અલ્પ કાળમાં આરાધી જાય છે અને જોનારા તેના જાણનારાના મસ્તક આપો આપ ઝુકી જાય છે.

જેમ શાસ્ત્રોમાં સંભળાય છે કે શ્રી મનક મુનિનું અલ્પાયુ જાણી સંસારી સંબંધે પિતા એવા ચૌદપૂર્વધર પૂ. આ. શ્રી શય્યંભવ સૂરિજી મહારાજે, તેના કલ્યાણ માટે શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરી તેનું સૂત્ર અને અર્થથી યથાર્થ જ્ઞાન કરાવી તેને સદ્ગતિગામી બનાવ્યો.

તે જ રીતના મેં જોયેલ - અનુભવેલ એક અનુમોદનીય પ્રસંગ વાચકોની અનુમોદનાર્થે જણાવું છુ. મને લખવાનો કોઈ જ મહાવરો નથી માટે મારા શબ્દો પર ધ્યાન ન દેતા મારા ભાવને સમજવા પ્રયત્ન કરવા વિનંતિ છે.

આજથી લગભગ નવ - દશ મહિના પૂર્વે મુંબઈ - મુલુંડ નગરીમાં વસતા સુશ્રાવિકા જિનીકાબેનની રત્ન કુક્ષિમાં એક પુણ્યાત્મા અવતર્યો. પોતાની કુક્ષિમાં આવેલા પુણ્યાત્માના પ્રભાવથી માતાને શુભ દોહલા - મનોરથો ઉત્પન્ન થાય છે. તેમ આ પુણ્યાત્માના પ્રભાવથી માતાને શાશ્વતપદની નિકટતા ન હોય તેમ શાશ્વત ગિરિરાજ એવા શ્રી સિધ્ધાચલજીની યાત્રા અને અષ્ટપ્રકારી પૂજા કરવાનો શુભ દોહલો થયો, તે પૂર્ણ થયો ત્યાં તો માતાજીને નવલાખ શ્રી નવકાર મહામંત્રના જાપનો મનોરથ થયો. એક બાજુ આ જાપની પૂર્ણાહુતિ અને બીજીબાજુ રૂપ રૂપના અંબાર સમ જોતા જ મન મોહી લે, રમાડવાનું મન થાય તેવી દેવાંગના સમાન બાલિકાનો જન્મ થયો. તેનું નામ "દિક્ષા" ઉર્ફે "ઝિલ" રાખવામાં આવ્યું

આ બાલિકા ત્રણ મહિનાની થઈ અને કર્મરાજાએ પોતાનો પ્રભાવ બતાવ્યો. આ "ઝિલ"ને ભૂતકાળના અશુભ કર્મોદયે છાતીની નસો બ્લોક થવા લાગી. આવી નાની બાલિકા બીજું તો શું કરે ? પણ ભૂતકાળની સુંદર આરાધનાના પ્રતાપે આવી અસહ્ય વેદના પણ હસતે મુખે વેદવા લાગી. ગૃહાંગણે પધારેલા મહાત્માને દૂરથી જોતાં તેનું રૂદન પણ હાસ્યમાં ફેરવાઈ જતું માતા પણ તેના હાથે સુપાત્રની ભકિત કરાવતી. માની સાચી મમતા અને હૈયાનું સાચું વાત્સલ્ય તેનાનું નામ કે મારી કુખે અવતરેલી આ દીકરીનું જરાપણ અહિત ન થાય. આ બાળકી માત્ર પાંચ મહિનાની થઈ અને સંસ્કારી માતા - પિતાએ ઝિલને શ્રી સિધ્ધાચલજીની યાત્રા કરાવી એટલું જ નહિ પણ સારામાં સારી રીતે સદ્દ્રવ્યનો સદ્વ્યય કરી તેના હાથે અષ્ટ પ્રકારી પૂજા પણ કરાવી અને બીજા પણ સંસાર સાગરથી તારક તીર્થોની સ્પર્શના કરાવી તેના આત્માને સમ્યગ્દર્શનની વિશુધ્ધિ કરાવી.

બાલ્ય વય, છાતીમાં ભયંકર વેદના, ધર્મારાધનાની ધગશ વચ્ચે ઝૂલતી "ઝિલ"ને છેલ્લી કક્ષાની પીડા થતા મદ્રાસ લઈ ગયા. ઘેનના ઈન્જેકશનની અસર ન થતાં સંપૂર્ણ સભાન અવસ્થામાં આ બાળકીએ "એન્જીયોગ્રાફી" કરવા દીધી. આવી વયમાં પણ ઝિલ ની સમતા સહનશીલતા જોઈ ડોકટરો પણ આશ્ચર્ય પામ્યા. ત્યારબાદ "ઝિલ" ને ઘરે પાછી લાવ્યા, આવી પરિસ્થિતિ માતા - પિતા અત્યંત સાવધ બની ગયા, દીકરીના મોહને દૂર કરી, મનને મકકમ બનાવી તેના આત્માના ભાવિ હિત માટે તેની પાસે પૂજા, ગુરૂવંદન, સુપાત્રદાન આદિ સત્કાર્યો ઉલ્લાસ ભેર કરાવવા લાગ્યા. માએ સંસારની મોહ - માયા - મમતાને મારી, દીકરીના દર્દ દુઃખને દફનાવી તેના આત્માની મુકિત માટેના ભાવ ઔષધ શરૂ કર્યા.

આયુષ્યની તૂટી દોરી, સાંધી ન સંધાય ભાવિ-ભાવ મિથ્યા થાય નહિ તદનુસારે શ્રાવણ સુદિ દશમ (૧૦) નો ગોઝારો દિવસ આવ્યો. પૂજા આદિ નિત્ય કાર્યો "ઝિલે" કર્યા. બપોરેના બે વાગે તબિયત ગંભીર બની. દ્રવ્ય ઔષધને માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી પણ સાથે ભાવ ઔષધ ન જ ભૂલ્યા. છેવટે સ્વનામ ધન્ય સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. સા. ના શિષ્ય રત્નો પૂ. મુ. શ્રી હિતપ્રજ્ઞ વિ. મ. તથા ૧૨૨ ઓળીના આરાધક પૂ. મુ. શ્રી મોક્ષતિલક વિ. મ. ના શ્રી મુખેથી શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ - શ્રવણ કરતાં કરતાં "ઝિલે" પરલોકના પંથે પ્રયાણ કર્યું. એક તેજસ્વી તારલો અકસ્માત્ ખરી પડ્યો. છેલ્લે પણ તેના મુખ ઉપર સમાધિના દર્શન થતા જે જોતાં સ્નેહી - સંબંધીઓ આશ્ચર્યમાં પડ્યા. વધુ નવાઈ તો એ હતી મૃત્યુ બાદ પણ તેના મુખ ઉપરની દિવ્ય આભા, સૌમ્ય કાંતિ અદ્ભૂત હતી. જાણે ગાઢ નિદ્રામાં ન હોય ? અપલક નયને નિહાળતી ન હોય !

આવી અસહ્ય વેદનામાં પણ અપૂર્વ અદ્ભુત સમાધિના પારણે ઝૂલનારા, સદ્ગતિને પામનારા શાસનના ભૂલકાને લાખ ધન્યવાદ !પ્રણામ! બલિહારી છે જૈન શાસનની જેના પ્રતાપે આવા ભૂલકાઓ પણ વેદનાને વંદનાના વારે લઈ જાય છે.

# મોહનિદ્રામાં મસ્ત ચેતન રાજાને શિખામણ

-અ.સૌ. અનિતા આર. પાટણી

ઓ મારા વ્હાલા ચેતનજી ! ઓ મારા પ્યારા પ્રાણનાથ ! મારા સદૈવના સાથી સ્વામી નાથ ! આપ જાગો... જાગો... સુમતિ સોહાગણ સ્વયંવર માલા લઈને આવી છે. કુમતિ કૂતરીનો કેડો ફાડો... ઓ મારા પ્યારા ચેતનજી ! તમને હું વિનવું વારંવાર, અનાદિ અનંત આ સંસારમાં, રહેવું હવે કેટલી વાર ! સદ્ગુરૂની સોહામણી સોનેરી શીખામણ કાને ધરો, પાય પડી વિનવું હું તમારી સોહાગણ નાર.

મારા વહાલાજી ! આ જીવન યૌવન, લક્ષ્મી અને સ્નેહી સંબંધીઓનો સમાગમ પવનથી પ્રેરાયેલા સમુદ્રોના તરંગોની જેમ ચંચળ છે તો તેની પાછળ પાગલ બની મારા આતમરાજાની કારમી કતલ ખાના ખરાબી શા સારું કરો છો.

ઓ મારા ચેતનજી ! મોહ નિદ્રાને ત્યાગો. સદ્ગુરૂની શીખ સૂનો કે- તું એકલો આવ્યો છે અને તારે જવાનું છે પણ એકલા. તું કોઈનો નથી અને તારું પણ કોઈ નથી. તેં જ કરેલા શુભાશુભ કર્મોના ફળ સુખ અને દુઃખ પણ તારે એકલાએ જ ભોગવવાના છે. નાહકના મારું - મારું કરી. બધા પર મમતાને મોહ કરી શા સારું સમજુ થઈને જન્મ - મરણના ફેરા વધારો છો. ? મારા પ્યારા નાથ ! તમે શું જાણતા નથી કે - સમતા તારનારી છે. મમતા મારનારી છે. માટે સમતા સોહાગણનો સાથ સદૈવ લો અને મમતા મહાધૂતારીને મોકલો મસાણમાં.

ઓ મારા કામણગારા કોડીલા કંથ ! તને ખબર નથી કે ભાડે રાખેલા મકાનની જેમ આ શરીર પણ અનિત્ય અસાર અને નાશ પામવાનું છે. ગમે તેટલું સાચવો પણ અવસરે વાંકું જ ચાલવાનું છે. ગમે તેટલું રૂપાળું, નખરાળું - લટકાળું પણ અંતે તો નાશ પામવાનું છે. તો પછી તેને સારું રાખવા અભક્ષ્ય - અવેય વાપરી પાપથી પુષ્ટ કેમ કરી રહ્યા છો. આ તો ડફણાની જાત છે તેને પોષવા જેવી નથી. પાપ કરીને પોષેલું આ શરીર અંતે તો રાખ જ બનવાનું છે માટે તેના ઉપર રાગ ન કરો પણ તેમાં પૂરાયેલા આત્મા ઉપર રાગ કરી તે આત્માને આ શરીરના પાંજરામાંથી મુકત કરવા પ્રયત્ન કરો. આત્મા તો મુકત ગગનનું પંખી છે. !

ઓ મારા પ્યારા પ્રીતમ જી ! જરા ધ્યાન દઈને સાંભળો કે તમારા કોઈ જ શત્રુ નથી. આત્મા જ આત્માનો મિત્ર છે અને આત્મા જ આત્માનો શત્રુ છે. કષાય અને ઈન્દ્રિયોથી જીતાયેલો આત્મા આત્માનો કારમો શત્રુ છે. કષાય અને ઈન્દ્રિયોને જીતનારો આત્મા જ આત્માનો સાચો મિત્ર છે. માટે હે મારા પ્રાણનાથ ! આપ બાહ્ય શત્રુઓમાં ઓટા ફાંફા ન મારો અન્યમાં શત્રુપણાની કલ્પના કરવી એ તો આપની નરી અજ્ઞાનતા છે. બાહ્ય શત્રુને ઉત્પન્ન કરનારા પણ અભ્યતર રાગાદિ શત્રુઓ છે. તે શત્રુઓને જીતવા પ્રયત્ન કરો તો બાહ્ય શત્રુઓ તો જીતાયેલા જ છે ! માટે મારા વહાલા કંથજી ! કર્મ શત્રુને જીતવા કટીબદ્ધ બનો.

ઓ મારા વહાલા પિયુજી ! આપને ખબર પણ છે કે જન્મની સાથે મૃત્યુ નિયત છે. જન્મેલ એ અવશ્ય મરવાનું છે માટે મરણનો ડર કાઢી નાખો અને મરવા માટે તૈયાર થાઓ પંડિત મરણને વરવા માટે અંત સમયે જીવનમાં કરેલાં પાપોનો ખૂબ જ પશ્ચાતાપ સાચા ભાવે કરજો. હાટ, હવેલી, બંગલા-બગીચા, રાચરચીલું, સ્નેહીજનોમાંથી કોઈ જ સાથે આવવાનું નથી. સાથે આવશે ધર્મ અને અધર્મ કે પુણ્ય કે પાપ ! માટે અંતિમ સમયે બધાની મમતાનો પરિહાર કરજો. શ્રી અરિહંતાદિનું સાચા ભાવે શરણ સ્વીકારજો. જે કાંઈ સારું કર્યું હોય તો તેની હૈયાપૂર્વક અનુમોદના કરજો. તો તમારું મૃત્યુ પણ ઉજવળશે. ગતિ સારી થશે અને મુકિત વહેલી મળશે.

ઓ મારા સ્નેહાળુ સ્વામીનાથ ! વિચારો કે સંયોગો એ વિયોગોના અંતવાળા જ છે. સંયોગો એ દુઃખને જ આપનારા છે. આત્મા રમણતામાં બાધક આ બધો સંગ જ છે. જેમાં રાગાદિને પરવશ બનેલા જીવો આસકિતને અનુભવે છે તેને સંગ - સંયોગ કહેવાય છે.

અનુસંધાન પાના નં. ૫૦

# રાખીપૂનમ જેવા લૌકિક ધર્મની ઉજવણી જૈનોથી થાય ?

**પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ. - અમલને.**

મહ પુણ્યે આવી સુંદર લોકોત્તમ ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યભવ મલ્યો. રાગ - દ્વેષના વિજેતા ત્રણે ભુવનના નાથ દેવાં દેવ એવા શ્રી વીતરાગદેવની, તેમની આજ્ઞા મુજબ વિચરતા અને યોગ્ય - અર્થી જીવોને યથાર્થ માર્ગ સમજાવતા સદ્ગુરૂઓની અને અહિંસા - સંયમ - તપ સ્વરૂપ સદ્ધર્મની પ્રાપ્તિ થઈ. આવા લોકોત્તમ દેવ - ગુરૂ - ધર્મની પ્રાપ્તિ થવા છતાં પણ આજે કાળનો પ્રભાવ કહો કે લોકૈષણાનું રાગીપણું કહો કે ગાડરીયા પ્રવાહની જેમ લોકહેરીમાં તણાવાનું કહો- ગમે તે કારણ હોય મોટા ભાગના જીવોને સદ્ધર્મની અને સન્માર્ગની રૂચિ પણ થતી નથી. લોકસંજ્ઞામાં મોટોભાગ તણાયા કરે છે. શાસ્ત્રીય દ્રષ્ટિએ કારણ બહુ જ સ્પષ્ટ છે કે, લઘુકર્મિતા થયા વિના જીવને સન્માર્ગની પ્રાપ્તિ થાય જ નહિ, સન્માર્ગને પામીને પણ એવી એવી લોકરંજનની કરણી કરે કે પોતે તો સન્માર્ગથી ચ્યુત થાય પણ અનેક ભલા-ભોળા-ભદ્રિક જીવોને પણ સન્માર્ગથી પતિત કરે તો જ તેમને ખાવા - પીવાનું ભાવે. શાસ્ત્રકાર પરમર્ષિઓએ શ્રી પન્નવણા સૂત્રમાં દિશાના અલ્પબહુત્વમાં દક્ષિણદિશામાં મોટાભાગે કૃષ્ણપાક્ષિક જીવોની ઉત્પત્તિ વધારે કહી. અર્ધપુદ્ગલ પરાવર્તકાળની અંદર જેમનો સંસાર બાકી હોય તેમને શુકલપાક્ષિક જીવ કહ્યા અને અર્ધપુદ્ગલ પરાર્ત્તકાળથી અધિક સંસાર બાકી હોય તેને કૃષ્ણપાક્ષિક જીવ કહ્યા. દુષમ આરો હુંડા અવસર્પિણી કાળ અને મોટોભાગ કૃષ્ણપાક્ષિક જીવોનો, પછી સન્માર્ગની વાત ન જ ગમે તેમાં નવાઈ નથી. તેથી લોકસંજ્ઞાથી પીડિત લોક, લોક કરે તે માનવું - કરવું તેમ કરે તે સહજ છે. તેથી આજે લૌકિક પર્વો પણ લોકોત્તર શાસનમાં ઘુસી ગયા ન કરે તે નાત બહાર તેવી હાલત થઈ. સામાજિક કામોને લૌકિક પર્વોને ધર્મનો ઓપ આપવાની 'ઘેલછાં' આજે 'ફેશન' બની ગઈ છે.

લોક તો અજ્ઞાન હોય તે બને. પણ જે અજ્ઞાન અને અણસમજુ લોકને જ્ઞાની અને સાચા સમજુ બનાવવાની જેમની જવાબદારી છે. તે સાધુઓ પણ શ્રી સુધર્માસ્વામિ ભગવાનની પાટ પરથી લૌકિક પર્વોની ઉજવણીને ઉપાદેય સમજાવતા હોય તો વાંક કોનો કાઢવો ? લોકહેરીમાં તણાયેલા અને આજના રાજકીય નેતાઓની જેમ સસ્તી પ્રસિદ્ધિના ચાવે ચઢેલા બળેવ કે રક્ષા પૂનમ કે રાખી પૂનમ પર જાહેર પ્રવચન રાખે અને લોકોને ભાઈ-બેનના પ્રેમ-સ્નેહના પ્રતીક તરીકે ઉજવવા - રાખી બાંધવા સમજાવે ત્યારે લાગે કે ખરેખર બિચારા ભાન ભૂલી ગયા છે. જાહેર પ્રવચનમાં પણ સમય મર્યાદા કે અમુક સમય પછી આવવું નહિ, સામાયિક લેવું નહિ. નાના બાળકોને લાવવા નહિ, અધવચ્ચે ઉઠવું નહિ અને લીંક તૂટી જાય માટે પૂછવું નહિ- ટોળા ભેગા કરવા હોય તેમનું પતન કયાં સુધી થાય છે તે કહેવાય નહિ ! શ્રાવકના ઘરના દ્વાર અભંગ હોય તો ઉપાશ્રયના દ્વાર બંધ કરાય ! શ્રી સિદ્ધર્ષિ ગણી કેમ થયા ?

સાધુપણાની પ્રતિજ્ઞા શું ? સાધુ ગોર બની લોકોના ઘર મંડાવે કે સાધુતાનો સ્વામી બની ઘર ભંગાવે ? સ્નેહની ગાંઠ તોડાવે કે સ્નેહની ગાંઠને મજબૂત બનાવે ? શ્રી ગણધર ભગવંતાદિ મહાપુરૂષોને ખબર નહિ હોય માટે શ્રાવકના અતિચારમાં સમ્યક્ત્વિના સંકા-કંખ-વિતિગિચ્છા આલાવામાં ''××× હોળી, <u>બળેવ,</u> માહીપૂનમ, અજા-પડવો, પ્રેત-બીજ, ગૌરી-ત્રીજ, વિનાયક ચોથ, નાગ પંચમી, ઝીલણા-છઠ્ઠી, શીલ-સાતમી, ધ્રુવ-આઠમી, નીલી-નવમી, અહવા-દશમી, વ્રત અગિયારશી, વત્સ-બારશી, ધન-તેરશી, અનન્ત-ચઉદશી, અમાવાસ્યા, આદિત્યવાર, ઉત્તરાયણ, નૈવેદ્ય કીધા ×××'' ઈત્યાદિ અતિચાર કેમ કહ્યા ! કુંભાર કરતાં ગધેડા ડાહ્યા તે આનું નામ !

વળી મુહુપત્તિના પચાસ બોલમાં ''કામ રાગ - સ્નેહ રાગ - દ્રષ્ટિ રાગ પરિહરું'' બોલનારા સ્નેહ રાગને પ્રેમનું પ્રતીક માની પુષ્ટ કરે કે સ્નેહ રાગને કાપવાનો પ્રયત્ન કરે ? જે પુણ્યાત્માને ખબર છે કે ચરમતીર્થપતિ, આસન્નોપકારી, વર્તનમાન શાસનના અધિપતિ શ્રમણ

ભગવાન શ્રી મહાવીર પરમાત્મા ઉપર શાસન શિરતાજ, આદ્ય ગણધરદેવ, સ્વયં દ્વાદશાંગીના પ્રણેતા, ચરમ શરીરી, તદ્ભવ મુકિતગામી, શ્રી ગૌતમ સ્વામિ મહારાજાને ઊંડે ઊંડે જે સ્નેહરાગ હતો તેના જ કારણે તેમનું કેવલજ્ઞાન અટકી ગયું હતું. તો પોતાના આત્માની વહેલી મુકિત થાય તે માટે ધર્મની આરાધના કરનારા પુણ્યાત્મા શ્રાવક - શ્રાવિકા ભાઈ - બેનના સ્નેહને પણ તોડવા પ્રયત્ન કરે કે સ્નેહને વધારવા પ્રયત્ન કરે ? સ્નેહથી સંસારનું સર્જન થાય કે મોક્ષ માર્ગમાં ગમન થાય ?. ધર્માત્મા ભાઈ, બેનના આત્માની, આત્માના હિતની ચિંતા કરે કે માત્ર શરીરની, શરીરના સુખની ચિંતા કરે ? બેનની પણ ભાઈ પાસે અપેક્ષા કઈ ? વર્તમાનમાં સ્વાર્થની માત્રા ચારે બાજુ વધી ગઈ છે, ભાઈ - બેનના પવિત્ર સંબંધોમાં પણ ઓટ આવવા લાગી છે, સ્વાર્થના જ સૌ સગા છે તેવા સમયે સ્વાર્થની જ પુષ્ટિ કરાય કે કડવા બનીને પણ પરમાર્થનો પરમ પવિત્ર પંથ બતાવાય ? નિઃસંગ અવસ્થાને પામવા માતા-પિતા - ભાઈ-બેન - પુત્ર-પુત્રી, પતિ-પત્નીનો પરસ્પર સ્નેહ જ અંતરાય રૂપ છે. તો નિઃસંગ અવસ્થાને પામવાની ઈચ્છાવાળા સ્નેહની ગાંઠને મજબૂત કરે કે ગાંઠ ને કાપવાનો જ પ્રયત્ન કરે ?

ભગવાનના શાસનના પરમાર્થને જાણનારા પુણ્યાત્માઓ સારી રીતે જાણે છે કે આ સંસારમાં કર્મજન્ય માતા - પિતા - ભાઈ - બેન - પુત્ર - પુત્રી - પતિ - પત્ની આદિ સંબંધો તો બધા જીવોએ બધાની સાથે કર્યા છે. પરંતુ સાધર્મિક જેવો સંબંધ એકપણ નથી. ''સાધર્મિક તણું સગપણ અવર ન કોઈ રે'' ''સાધર્મિક જેવી સગાઈ બીજી એક નહિ'' આવું ગાનારા પણ આ વાત સમજે છે તો પાટ પર બેસનારા કેમ સમજતા નથી અને કેમ ભાઈ - બેનના પ્રેમના પ્રતીક ઉપર ભાર મૂકે છે ! શું તેમને પર્યુષણા પર્વના અષ્ટાહ્નિકા વ્યાખ્યાનો વાંચ્યા નથી ! તેમાં ગોટાળા જ કરે છે ! અષ્ટાહ્નિકા વ્યાખ્યાનના કર્તા પણ ફરમાવે છે કે -

''સર્વૈઃ સર્વે મિથઃ સર્વ-સમ્બન્ધા લબ્ધપૂર્વિણઃ ।

સાધર્મિકાદિસંબંધ - લબ્ધારસ્તુ મિતાઃ કવચિત્ ॥''

સઘળાય જીવો વડે પરસ્પર બધા સંબંધોની પ્રાપ્તિ થઈ છે પરંતુ સાધર્મિકિના સંબંધની પ્રાપ્તિ ભાગ્યે જ થાય છે. સાધર્મિકની પ્રાપ્તિ પણ મહાપુણ્યે થાય છે. આવું સમજનારા સાધર્મિકના યોગને ઈચ્છે પરન્તુ આવી રીતના મિથ્યા પર્વોની પુષ્ટિ તો હરગીજ ન કરે અને કરે તો ધર્મિપણું ટકે શી રીતે ! મિથ્યાત્વ ખસે શી રીતે ? અને સમ્યક્ત્વ ગુણની પ્રાપ્તિ પણ થાય કઈ રીતે ? શ્રાવક કુળોમાં તો આત્મિક ચિંતા જ પ્રધાન હોય પણ ઐહિક કામનાઓ કયારે પણ પ્રધાન ન હોય.

સંથારા પોરિસી ભણાવનારા સાધુ-સાધ્વી પણ જ્યારે-

''સંજોગમૂલા જીવેણ, પત્તા દુકખ પરંપરા ।

તમ્હા સંજોગ સંબંધ, સવ્વં તિવિહેણ વોસિરિઅં ॥''

જીવે જે દુઃખોની પરંપરા ભોગવી છે તે સર્વ સંયોગના કારણે ભોગવી છે, માટે સંયોગના સર્વ સંબંધને રાગને હું ત્રિવિધે - મન - વચન - કાયાથી - વોસિરાવું છું.'' આ અર્થના પરમાર્થને સમજેલા રાખી પૂનમને ઉજવવાનો ઉપદેશ ઉપાદેય રૂપે કઈ રીતના આપે છે અને શા માટે પોતાની કુગુરૂતા પ્રગટ કરે છે. સંસારના સર્વ સાવદ્ય કાર્યોની પ્રશંસા અને અનુમોદનાનો પણ ત્યાગ કરનારા મહાત્માઓને ખ્યાલ નથી કે આવી અનુમોદના કરવાથી પણ આપણા વ્રત - નિયમનો ભાંગ ને ભૂક્કો થાય છે ?

સંયમના સત્તર પ્રકારમાં ઉપેક્ષા સંયમ નામનો એક ભેદ આવે છે. તેનો અર્થ કરતાં પણ કહ્યું કે- '' **ગૃહસ્થોના સાવદ્યવ્યાપારોની પ્રેરણા નહિ કરતાં ઉપેક્ષા કરવી તેનું તેનું નામ ઉપેક્ષા સંયમ કહ્યું છે.** અથવા પાર્શ્વસ્થાદિ સંયમ પ્રત્યે નિધ્વંસ પરિણામીઓની ઉપેક્ષા કરવી તેને પણ ઉપેક્ષા સંયમ કહ્યો છે.

વળી મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ અઢારે પાપસ્થાનકો પર એક એક સજ્ઝાયની રચના કરી છે અને અઢારમાં મિથ્યાત્વશલ્ય પાપસ્થાનકની સજ્ઝાયમાં લૌકિક દેવ - ગુરૂ અને પર્વને કરનારને મિથ્યાત્વ લાગે તેમ કહ્યું છે. મિથ્યાત્વના માથે કંઈ શીંગડા નથી ઉગતા પણ પોતાની તેવા પ્રકારની કરવાઈ જ પોતાને મિથ્યાત્વરૂપે જાહેર કરાવે છે.

આજે 'આર્ય સંસ્કૃતિ'નાં નામનો પણ એટલો બધો દુરૂપયોગ કરાય છે જેનું વર્ણન ન થાય. જૈન સંસ્કૃતિ ત્યાગ - વૈરાગ્ય પ્રધાન છે. એટલે ઘણાને તેના તરફ બહુ રૂચિ ભાવ થતો નથી અને આર્ય સંસ્કૃતિમાં સામાન્ય નીતિ આદિ ધર્મોની પ્રધાનતા છે. પણ આર્ય સંસ્કૃતિનું વાત

વાતમાં પોતાને ફાવતી વાતોની પુષ્ટિ માટે નામ લેનારા 'આર્ય' શબ્દનો અર્થ પણ સમજે છે ખરા ?

આર્ય શબ્દનો અર્થ કરતાં મહાપુરૂષોએ કહ્યું છે કે-

''आरात् - पापेभ्यः कर्मभ्यः यातः स आर्यः -

આર એટલે દૂર, પાપકર્મોથી જે દૂર થયો છે તે આર્ય.

બીજો અર્થ કરતાં પણ કહ્યું કે-

आर्यः - अर्यते अभिगम्यते इति आर्यः-

જેની પાસેથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય તે આર્ય. વળી શ્રી આચારાંગ સૂત્ર (સૂત્ર - ૭૩ની ટીકામાં પણ ) આર્ય શબ્દનો અર્થ કરતાં ટીકાકાર પરમર્ષિ પૂ. શ્રી શીલાંકાચાર્ય ભગવંતે પણ કહ્યું કે-

आर्याः- आर्यैः आराद्याताः सर्व हेयधर्मेभ्य इत्यार्याः । પાપથી અર્થાત્ સઘળાય હેય-ત્યાગ કરવા લાયક ધર્મોનો ત્યાગ કરી તેનાથી જે દૂર થયા છે તે આર્ય.

આના પરથી સુજ્ઞ વાચકો સારી રીતના સમજી શકશે કે જૈન શાસનમાં લૌકિક પર્વોની ઉજવણી કરાય જ નહિ કે તેને માટેનો ઉપદેશ પણ આપાય જ નહિ. તેની માટેનો ઉપદેશ આપનારાએ શા માટે દીક્ષા લીધી ? બધા પર સ્નેહભાવ જીવતો રાખવો હતો તો લીધેલી દીક્ષા સાર્થક બને કે નિરર્થક બને ? શ્રી આચારાંગ સૂત્રકારે કર્મધૂનન માટે સ્વજનધૂનન કરવાનું કહ્યું છે. કર્મ ધૂનનની ભાવના ન હોય તો સ્વજનધૂનન પણ નિરર્થક - નુકશાનકારક જ બને. માટે લોકસંજ્ઞાથી પર બની, લોક હેરીમાં તણાયા વિના પરમાત્માના શાસનમાં કહેલા સન્માર્ગના પરમાર્થને સમજી, સન્માર્ગની અવિહડ શ્રદ્ધા કેળવી, શકિત પ્રમાણે આરાધના કરી આપણે આપણા આત્માની મુકિત નિકટ બનાવવી છે. તે માટેનો આ પ્રયત્ન છે. જે નહિ સમજવાનું જ નક્કી કરીને બેઠા છે. તે માટેનો પ્રયત્ન નથી. પણ સમજુને ચેતવવા બચાવવા માટેનો આ પ્રયત્ન છે.

પ્રવચન તેતાલીશમું ... પાન નં. ૫૨ થી ચાલુ

જૈનોમાં કૃપણતા ન હોવી જોઈએ. કૃપણતા એ મોટો દોષ છે. જૈનો જો ઉદાર હોત અને ધર્મ પામેલા હોત તો એક કતલખાનું ન ચાલત. કતલખાનાને એક જનાવર ન મલત. આજે જૈન સંઘ ભલે નાનો હોય પણ ઘણો શકિતશાળી છે. જૈનસંઘમાં સારામાં સારા સુખી જીવો ઘણા છે. પણ તેમનામાં ધર્મનો છાંટો ય દેખાતો નથી. લોકોને માંસાહાર પૂરો પાડવો જોઈએ તેમ બોલનારા જૈનો પાકી ચૂકયા છે ! આજે બધાની ભાવના મરી ગઈ છે. જૈનપણાનું લીલામ થઈ રહ્યું છે.

બધાની સારી ભાવના જીવતી થાય, દયા ભાવના મરી ન જાય તે માટે આયંબિલ કરાવ્યા તો તે સંસાર માટે કરાવ્યા કહેવાય ? માટે સમજો તો કલ્યાણ થશે. ભગવાન ખુદ કહી ગયા છે કે-'સંસારનું સુખ માત્ર હેય જ છે, સંસારનાં સુખ માટે ધર્મ કરાય જ નહિ' અને ભગવાનનો સાચો સાધુ કદી તેવો ઉપદેશ આપે પણ નહિ.

સંસારનું સુખ હેય જ. જે જીવથી ધર્મ થઈ શકતો ન હોય અને ધર્મ થઈ શકે તેટલી અનુકૂળતા માગે તો તે દોષ નથી. અને ઈષ્ટફલસિધ્ધિમાં આજ વાત કહી છે કે- 'ઈષ્ટ ફળ તે મોક્ષ છે. તે મોક્ષને સાધક જેટલી ચીજ - વસ્તુ હોય તે બધી ઈચ્છાય પણ તે મોક્ષને બાધક - મોજ મઝાદિની એક ચીજ વસ્તુ ઈચ્છાય પણ નહિ કે મંગાય પણ નહિ. આ બધી વાતો ઉપકારી મહાપુરુષો, અનંતજ્ઞાનિઓ આપણા ભલા માટે કહી ગયા છે. તેના ઉપર વિચાર કરો તો સમજાશે, માટે સમજી ગયા ને કે- ડરવાનું કુગુરુથી અને મિથ્યાત્ત્વથી. અને ભગવનનો ધર્મ મોક્ષ માટે જ કરવાનો છે.

માટે ગાંડાઓ અમારી વાતમાંથી પણ ફાવતું લઈ જાય અને ઉલ્ટા પ્રચાર કરે તો તેમની વાતમાં આવો નહિ. તમને શંકા પડે તો પૂછો. બધાના ખૂલાસા અને જવાબ આપવા તૈયાર છું. સાચું સમજો અને વહેલું કલ્યાણ કરો તે જ શુભાભિલાષા.

## દાદાના દરબારમાં

જે યાત્રિકો ચોમાસામાં પણ તિર્થાધિરાજ શત્રુંજય ગિરીરાજ ઉપર જાય છે. તેઓને આથી જાણ કરવામાં આવે છે. કે પૂજ્યશ્રી દાદાજીના દેરાસરના ગભારામાં તથા શ્રી દાદાજીની ટુંકમાં મુખ્ય જિનાલયોમાં ઓપ કામ તથા સફાઈ કામ કરવાનું હોવાથી ભાદરવા સુદ ૬ તા. ૪-૯-૨૦૦૦થી આસો સુદ ૬ તા. ૩-૧૦-૨૦૦૦ સુધી પૂજ્ય દાદાજીના દેરાસરમાં તથા મોટી ટુંકના અન્ય મુખ્ય જિનાલયોમાં યાત્રીકથી સેવા પૂજા થઈ શકશે નહિ. તેની આથી દરેક યાત્રીકોને જાણ કરવામાં આવે છે.

ગતાંકથી ચાલુ
હપ્તો ૩ જો

# જ્ઞાનગુણગંગા

-પ્રજ્ઞાંગ

## સંખ્યાત - અસંખ્યાત - અનંતનું સ્વરૂપ :

(૧) સંખ્યાત = ૩ ભેદ
- જઘન્ય
- મધ્યમ
- ઉત્કૃષ્ટ

(૨) અસંખ્યાત = ૯ ભેદ
- પરિત્ત
  - જઘન્ય
  - મધ્યમ
  - ઉત્કૃષ્ટ
- યુકત
  - જઘન્ય
  - મધ્યમ
  - ઉત્કૃષ્ટ
- અસંખ્યાત
  - જઘન્ય
  - મધ્યમ
  - ઉત્કૃષ્ટ

(૩) અનંત = ૯ ભેદ
- પરિત્ત
  - જઘન્ય
  - મધ્યમ
  - ઉત્કૃષ્ટ
- યુકત
  - જઘન્ય
  - મધ્યમ
  - ઉત્કૃષ્ટ
- અનંત
  - જઘન્ય
  - મધ્યમ
  - ઉત્કૃષ્ટ

આ રીતે સંખ્યાતના ત્રણ, અસંખ્યાતના નવ (૯) અને અનંતના પણ નવ (૯) એમ કુલ એકવીશ (૨૧) ભેદ થાય છે.

(i) બેનો અંક એ જઘન્ય સંખ્યાત.

(ii) ત્રણથી માંડીને ઉત્કૃષ્ટ સંખ્યાતની પહેલાનો અંક એ બધું મધ્યમ સંખ્યાત છે.

(iii) **ઉત્કૃષ્ટ સંખ્યાત :-** તે સમજવા માટે સરસવનાં ચાર પ્યાલાનું દ્રષ્ટાંત વિચારીએ.

જંબૂદ્વિપ જેવડા - લાખ યોજન લાંબ - પહોળા અને ઘેરાવાવાળા તથા એક હજાર યોજન ઊંડા ચાર પ્યાલા કહ્યા છે. તે આઠ યોજન ઊંચી જગતીવડે શોભાયમાન છે અને જગતી ઉપર બે કોશ ઊંચી વેદિકાથી યુકત છે.

'અનવસ્થિત' 'શલાક' 'પ્રતિશલાક' અને 'મહાશલાક' - એવાં તેમના નામ છે. તેમાં પહેલા 'અનવસ્થિત' નામના પ્યાલામાં છેક વેદિકા - શિખર સુધી ચઢાવીને એવી રીતે સરસવના દાણા ભરવા કે પછી એમાં એક પણ દાણો વધારે સમાય નહિ.

જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર)



હવે અસત્ કલ્પનાથી કોઈ એક દેવ અનવસ્થિત પ્યાલાને ડાબા હાથમાં ઉપાડીને બીજા હાથે તેમાંનો એક કણ જંબૂદ્વીપમાં, બીજો લવણ સમુદ્રમાં, ત્રીજો ધાતકીખંડમાં ચોથો કાલોદધિ સમુદ્રમાં નાખે, આ રીતે નાંખતા નાંખતા જે દ્વીપ કે સમુદ્રમાં તે પ્યાલો ખાલી થાય એ દ્વીપ કે સમુદ્ર જેવડો ફરીને પ્યાલો કલ્પો - બનાવો જેની ઊંડાઈ અને ઊંચાઈ તો પૂર્વે કહી છે. એ પ્યાલામાં પૂર્વની જેમ ફરીથી સરસવ ભરવા અને ફરીથી એમાંનો એક એક દાણો આગળનાં દ્વીપ સમુદ્રોમાં નાખવો. આમ કરતાં બીજી વખત પણ જ્યારે એ અનવસ્થિત પ્યાલો ખાલી થાય ત્યારે બીજા 'શલાકા' નામના પ્યાલામાં સરસવનો એક દાણો સાક્ષી તરીકે નાખવો. આ રીતે એ 'અનવસ્થિત' પ્યાલો વારંવાર ભરાતાં અને ખાલી થતાં, 'શલાકા' પ્યાલો પણ સાક્ષીરૂપ કણો વડે શિખા સહિત ભરવો. ત્યારે ત્યાં તે દ્વીપ કે સમુદ્ર જેવડો અને સરસવ ભરેલો 'અનવસ્થિત' પ્યાલો સ્થાપવો. ત્યાર પછી 'શલાકા' પ્યાલાને ઉપાડીને એના કણોને 'અનવસ્થિત' પ્યાલાના છેલ્લા કણવાળા દ્વીપ કે સમુદ્રની આગળ - આગળ નાંખવા એમ કરતાં એ 'શલાકા' પ્યાલો પણ ખાલી થાય ત્યારે સાક્ષી માટે સરસવનો એક કણ - દાણો ત્રીજા 'પ્રતિશલાકા' પ્યાલામાં નાખવો. પછી એ પૂર્ણ ભરેલા 'અનવસ્થિત' પ્યાલાને ઉપાડીને 'શલાકા'ના છેલ્લા કણવાળા દ્વીપ સમુદ્રથી આગળનાં દ્વીપ સમુદ્રોમાં પૂર્વની રીતિએ સરસવના કણ ફેંકવા. એવી રીતે વારંવાર 'અનવસ્થિત' પ્યાલા ભરાતા અને ખાલી થતાં પૂર્વની જેમ 'શલાકા' પ્યાલો ભરવો. ત્યારે પૂર્વની જેમ 'શલાકા' પ્યાલાને ઉપાડીને એની આગળ આગળના દ્વીપ - સમુદ્રોમાં ખાલી કરીને, એના સાક્ષીરૂપી કણો ત્રીજા 'પ્રતિશલાકા' પ્યાલામાં નાખવા. આ રીતે 'પ્રતિશલાકા' પ્યાલો પણ ભરાઈ જાય ત્યારે 'અનવસ્થિત' અને 'શલાકા' બેઉ પોતાની મેળે જ ભરેલા રાખી મૂકવા. પછી 'પ્રતિશલાકા' પ્યાલાને ઉપાડીને પૂર્વ પ્રમાણે એમાંથી સરસવના કણોને આગળ - આગળના દ્વીપ - સમુદ્રોમાં ફેંકવા. એમ કરતાં કરતાં જ્યારે પ્રતિશલાકા પ્યાલો આખો ખાલી થાય ત્યારે એના સાક્ષીભૂત એક કણને ચોથા 'મહાશલાકા' પ્યાલામાં નાખવો. પછી 'શલાકા'ને ઉપાડીને એના સરસવોને એની આગળના દ્વીપ સમુદ્રોમાં નાખીને, એના સાક્ષીકણોને 'પ્રતિશલાકા'માં નાખવા. પછી અનુક્રમે વૃદ્ધિ પામતા વિસ્તારવાળા 'અનવસ્થિત' પ્યાલાને ઉપાડીને એના કણોને આગળ આગળના દ્વીપ સમુદ્રમાં ફેંકવા પૂર્વની જેમ એના સાક્ષીરૂપ કણોથી 'શલાકા' પ્યાલો ભરાઈ જશે. એને પણ અગાઉની જેમ વારંવાર ખાલી કરીને એના સાક્ષીકણો વડે ત્રીજા પ્યાલો ભરવો. એને પણ પૂર્વોક્ત રીતિએ ખાલી કરતાં એના સાક્ષી કણોથી 'ચોથો' 'મહાશલાકા' પ્યાલો પણ ભરવો. આમ ઉત્તરોત્તર સાક્ષીકણોને નાખવાનું સ્થાન નહિ રહેવાથી ચારે પ્યાલા ભરેલા રહ્યા. આ વખતે 'અનવસ્થિત' પ્યાલાનું માન - માપ, એ છેલ્લી વખતે ખાલી થયો ત્યારે જેટલું હતું તેટલું રહે છે. બીજા ત્રણેના માન પૂર્વવત્ હોય છે.

હવે એ ચારે પ્યાલાને કોઈ અવકાશવાળા સ્થળે ખાલી કરવા. એમાંના સરસવોનો બુદ્ધિથી એક ઢગલો કરવો. ત્યાર પછી જંબૂદ્વીપ આદિ દ્વીપ-સમુદ્રોમાં નાખેલા દાણાઓને એકઠાં કરીને એ પણ એ ઢગલામાં નાખવા. પછી આ સમસ્ત ઢગલામાંથી એક કણ - દાણો ઓછો કરવો. એ એક કણ ન્યૂન ઢગલાનું માપ **'ઉત્કૃષ્ટ સંખ્યાત'** કહેવાય- એમ શ્રી જિનેશ્વરદેવોએ કહેલું છે.

**અસંખ્યાત અંગે :-**

(૧) **જઘન્ય પરિત્ત અસંખ્યાત :-** 'ઉત્કૃષ્ટ સંખ્યાત' માં એક ઉમેરવાથી જઘન્ય પરિત્ત અસંખ્યાત થાય.

(૨) **મધ્યમ પરિત્ત અસંખ્યાત :-** ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતની પહેલાનું અને જઘન્ય પરિત્ત અસંખ્યાતથી આગળનું 'મધ્યમ પરિત્ત' અસંખ્યાત કહેવાય.

(૩) **ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત :-** એક રૂપ હીન 'જઘન્ય યુકત' અસંખ્યાતને 'ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત' કહેવાય છે.

(૪) **જઘન્ય યુકત અસંખ્યાત :-** ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત એક રૂપ ઉમેરવું તે જઘન્ય યુકત અસંખ્યાત કહેવાય.

અથવા

જઘન્ય પરિત્ત અસંખ્યાતના જેટલા રૂપો થાય તેને પરસ્પર રાશિ અભ્યાસ કરવાથી જે છેલ્લો રાશિ આવે તેને **'જઘન્ય' યુકત અસંખ્યાત** કહેવાય. અને તે સંખ્યા એક આવલિકાના સમયો જેટલી છે.

રાશિ અભ્યાસની રીત. ૫ નો રાશિ અભ્યાસ કરવો તો ૫×૫ = ૨૫, ૨૫×૫ = ૧૨૫, ૧૨૫×૫=૬૨૫, ૬૨૫×૫=૩૧૨૫. આ રીતના જેનો રાશિ અભ્યાસ કાઢવો તેને તેટલી વાર ગુણવી.

(૫) **મધ્યમ યુક્ત અસંખ્યાત :-** જઘન્ય યુકત અસંખ્યાત અને ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાતની મધ્યની જે સંખ્યા તે 'મધ્યમ યુકત અસંખ્યાત' કહેવાય.

(૬) **ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાત :-** અભ્યાસગુણિત અને એક રૂપ હીન એવું 'જઘન્ય યુકત અસંખ્યાત' તે 'ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાત' કહેવાય. અથવા જઘન્ય અસંખ્યાત અસંખ્યાતમાં એક રૂપ ન્યૂન તે અથવા આવલિકાના સમયોનો પરસ્પર રાશિ અભ્યાસ કરવાથી જે સંખ્યા આવે તેમાં એક રૂપ ન્યૂન તે પણ 'ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાત' કહેવાય.

(૭) **જઘન્ય અસંખ્યાત અસંખ્યાત :-** ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાતમાં એક રૂપ અધિક તે 'જઘન્ય અસંખ્યાત અસંખ્યાત' કહેવાય.

(૮) **મધ્યમ અસંખ્યાત અસંખ્યાત :-** જઘન્ય અસંખ્યાત અસંખ્યાતની ઉપરની અને 'ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત' પૂર્વેની જે સંખ્યા તે 'મધ્યમ અસંખ્યાત અસંખ્યાત' કહેવાય.

(૯) **ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત :-** 'જઘન્ય અસંખ્યાત અસંખ્યાત'ને પૂર્વોકત રીતે અભ્યાસ ગુણિત કરતાં જે સંખ્યા આવે તેને **'ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત'** કહેવાય.

## અનંત અંગે :-

(૧) **જઘન્ય પરિત્ત અનંત :-** ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતમાં એક રૂપ ઉમેરવાથી 'જઘન્ય પરિત્ત અનંત' થાય.

(૨) **મધ્યમ પરિત્ત અનંત :-** જઘન્ય પરિત્ત અનંતથી ઉપરની અને ઉત્કૃષ્ટ પરિત્ત અનંત સુધીની સંખ્યા તે 'મધ્યમ પરિત્ત અનંત' કહેવાય.

(૩) **ઉત્કૃષ્ટ પરિત્ત અનંત :-** જઘન્ય પરિત્ત અનંતની રાશિનો રાશિ અભ્યાસ ગુણિત કરવાથી જે સંખ્યા આવે તેમાં એક રૂપ હીન તે 'ઉત્કૃષ્ટ પરિત્ત અનંત' કહેવાય.

(૪) **જઘન્ય યુકત અનંત :-** ઉત્કૃષ્ટ પરિત્ત અનંતમાં એક રૂપ ઉમેરવાથી જે સંખ્યા આવે તે જઘન્ય યુકત અનંત થાય. આ ચોથે અનંતે શ્રી સિદ્ધના જીવો અને અભવ્યના જીવો હોય.

(૫) **મધ્યમ યુકત અનંત :-** જઘન્ય યુકત અનંત અને ઉત્કૃષ્ટ યુકત અનંતની મધ્યમાં રહેલી જે સંખ્યા તે 'મધ્યમ યુકત અનંત' કહેવાય.

(૬) **ઉત્કૃષ્ટ યુકત અનંત :-** જઘન્ય યુકત અનંતને અભ્યાસ ગુણિત કરીને એકરૂપ હીન કરવાથી જે સંખ્યા કરીને એકરૂપ હીન કરવાથી જે સંખ્યા આવે તે છઠું અનંતુ 'ઉત્કૃષ્ટ યુકત અનંત' કહેવાય.

(૭) **જઘન્ય અનંત અનંત :-** ઉત્કૃષ્ટ યુકત અનંતમાં એક રૂપ ઉમેરવાથી જે સંખ્યા આવે તે 'જઘન્ય અનંત અનંત' કહેવાય.

(૮) **મધ્યમ અનંત અનંત :-** જઘન્ય અનંત અનંતથી અધિક જે સંખ્યા હોય તે સઘળુંય 'મધ્યમ અનંત અનંત' છે.

(૯) **ઉત્કૃષ્ટ અનંત અનંત :-** સિધ્ધાન્તીઓના મતે આ નવમું ઉત્કૃષ્ટ અનંત અનંતથી સંખ્યા છે જ નહિ.

શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં શ્રી ગણધર દેવોએ આ પ્રમાણે કહ્યું છે કે, ઉત્કૃષ્ટ અનંત અનંત નથી.

'एवमुक्कोसयं अणंताणंतयं नत्थित्ति से किं तं अणंताणंतए ? अणंताणंतए दुविहे पण्णत्ते तं जहा- जहण्णए अजहण्णमणुक्कोसए''

ભાવાર્થ :- આ પ્રમાણે ઉત્કૃષ્ટ અનંતાનન્ત નથી.

તે અનંતાનંત કેટલા પ્રકારે છે ?

અનંતાનંત બે પ્રકારે છે. તે આ રીતે -

૧-જઘન્ય અનંતાનંત અને ૨-મધ્યમ અનંતાનંત

ક્રમશઃ

---

ગોરેગાંવ -શ્રીનગર... પાન નં. ૬૭ થી ચાલું

ડો. એમ. એલ. સીંઘી પરિવારે પૂ. શ્રી ની પ્રતિકૃતિને ઉછામણી બોલવા પૂર્વક ગુરૂપૂજન વિધિ કરેલ ત્યારબાદ શ્રી પ્રભાબેન - શ્રી પુષ્પાબેન આદિએ પૂજ્યશ્રીના ગુણવૈભવ દર્શાવતી ગહૂંલી ગવાયા બાદ પૂ. મુનિરાજશ્રીએ પૂજ્યપાદશ્રીજીના ગુણવૈભવની સુવાસ પાથરી ત્યારબાદ અલગ અલગ ભાવિકો તરફથી ૯ ગ્રામ ચાંદીના સિક્કાનું સંઘપૂજન - ગુરૂપૂજન થયેલ.

બપોરે ૨-૦૦ કલાકે મંડાર રાજસ્થાન નિવાસી શ્રી રમણીકલાલજી ચૌહાણ તરફથી શ્રી સત્તરભેદી પૂજા ભણાવાએલ. પૂજા ભણાવવા શ્રી હસમુખભાઈ ધામીની મંડળી પધારી હતી. પરમાત્માને નયન રમ્ય લાખેણી ભવ્ય અંગરચના થઈ હતી. ત્રિદિવસીય જૈનભકિત મહોત્સવ બહુજ ઉલ્લાસમય વાતાવરણમાં ઉજવાયો. પ્રતિદિન પ્રવચનો તેમજ વિવિધ અનુષ્ઠાનો પૂર્વક ભવ્ય રીતે ચાતુર્માસિક આરાધનાઓ ચાલી રહી છે.

# ગોરેગાંવ - શ્રીનગર ચાતુર્માસ પ્રવેશ તેમજ સ્વ. સંઘસ્થવિર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગતિથિની ભવ્ય ઉજવણી

પૂજ્ય પાદ પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર સુવિશાલ ગચ્છાધિપતિ વાત્સલ્યવારિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની તારક આજ્ઞાથી સ્વ. પૂજ્યપાદશ્રીજીના શિષ્યરત્નો પૂજ્ય મુનિપ્રવર શ્રી જિનદર્શન વિજયજી મહારાજ તથા પૂજ્ય મુનિરાજ શ્રી આત્મરતિ વિ. મહારાજ આદિ ઠાણા તથા પૂ. ગચ્છાધિપતિશ્રીજીના સમુદાયવર્તીની પૂ. સાધ્વીજી શ્રી ઉષાપ્રભાશ્રીજી મ. આદિ ઠાણાનો અષાઢ સુદ ૬ ના ૭ જુલાઈના રોજ પૂ. મુ. શ્રી આત્મરતિ વિ. મ. ના સંસારી પક્ષે બહેન શ્રીમતી સુવર્ણાબેન મધુકાન્તભાઈ શાહની વિનંતીથી તેમના નિવાસ સ્થાને પધરામણી તથા માંગલીક ફરમાવ્યા બાદ રૂા. ૮ નું સંઘપૂજન થયેલ ત્યાંથી શ્રી સંઘતરફથી ભવ્ય સામૈયા સહ જવાહરનગર શ્રી ધર્મનાથ સ્વામી જિનાલયે દર્શન કરી જાહેર માર્ગો પર ફરી સામૈયું શ્રીનગર જૈન સંઘના આંગણે ઉતરતાં અવનવી ગહુંલીઓથ વધાવતા શ્રી સંઘના લાડીલા બાલમુનિ પ્રશમદર્શન વિજયજી મ. ચાતુર્માસાર્થે પધારતાં હોઈ શ્રી સંઘનો ઉલ્લાસ પણ પ્રશંસનીય હતો. પ્રશાન્ત વાતાવરણમાં શ્રી સંઘ તરફથી કામળી વહોરાવવાની અને ગુરુપૂજનની ઉછામણી થતાં ભાયખલા નિવાસી શ્રી ઉમેદમલજી કુંદનમલજી હ. સંપતલાલજી પરિવારે ગુરૂપૂજન કામળી વહોરાવવાનો લાભ લીધેલ બાદ પ્રાસંગિક પ્રવચન બન્ને પૂજ્ય મુનિવરોના થયા બહારગામથી પધારેલાં અને શ્રી સંઘના ભાવિકો દ્વારા રૂા. ૩૨ નું ગુરૂપૂજન, સંઘપૂજન થયેલ. શ્રીમતી સુર્વણાબેન મધુકાન્તભાઈ તરફથી શ્રી સંઘમાં સામુહિક આયંબીલનું આયોજન હોઈ પ્રત્યેક તપસ્વીને ભાવિકો દ્વારા રૂા. ૨૧ ની પ્રભાવના થઈ હતી. પૂ. મુનિપ્રવરશ્રીજીના પ્રવેશથી જ શ્રી સંઘમાં આનંદ અને ઉમંગના વાતાવરણ વચ્ચે સામુદાયિક શ્રી ગૌતમ કમલતપની આરાધના બહુ સંખ્ય ભાવિકો કરે છે. સઘળા તપસ્વીના અતરપારણાં શ્રી સંઘમાં સામુહિક કરાવાય છે. અને તેમાં સાથે સાથે અષાઢ વદ ૧૪ ના સ્વર્ગીય તપાગચ્છાલંકાર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ૯ મી વાર્ષિક સ્વાર્ગારોહણ તિથિ આવતી હોઈ ભાવિકોના હૈયામાં પ્રભુ ભકિતની ભાવના હીલોળે ચઢતાં શ્રી સંઘ આયોજીત ત્રિદિવસીય જિન ભકિત મહોત્સવમાં પ્રતિદિન બેસોના પ્રભાવિયા, ચોગડીયાવાદન, પ્રભુજીને ભવ્ય અંગરચના થતી હતી તેમજ પ્રતિદિન પ્રવચન દરમ્યાન મહાપુરૂષના ગુણવૈભવને વર્ણવતાં ગુણાનુવાદ અને મહોત્સવના પ્રથમ દિને અષાઢ વદ ૧૨ શુક્રવાર તા. ૨૮-૭-૨૦૦૦ ના સવારે શુભ મુહૂર્તે શ્રી કુંભ સ્થાપના, શ્રી દીપક સ્થાપના, જવારારોપણ, નવગ્રહાદિ પાટલા પૂજન - ડો. એમ. એલ. સીંઘી પરિવાર તરફથી થયેલ. બપોરે પંચકલ્યાણક પૂજા શ્રી મનુભાઈ છનાલાલ પટવા પરિવાર તરફથી ભણાવાએલ.

અષાઢ વદ ૧૩ શનિવાર તા. ૨૯-૭-૨૦૦૦ ના વિજય મુહૂર્તે ખૂબજ ઠાઠમાઠ પૂર્વક શ્રી લઘુશાંતિ સ્નાત્ર મહાપૂજન ડો. એમ. એલ. સીંઘી પરિવાર તરફથી ભણાવાએલ પૂજન ભણાવવા શ્રી નિખીલભાઈ, શ્રી સાકેશભાઈ પધારેલ પ્રભુભકિતની રમઝટ મચાવવા શ્રી રાકેશકુમાર એન્ડ પાર્ટી પધારી હતી. પૂજન દરમ્યાન જીવદયાની ટીપ સમયાનુરૂપ સુંદર થઈ હતી. શ્રીફળની પ્રભાવના પણ ડો. પરિવાર તરફથી થઈ હતી.

અષાઢ વદ ૧૪ રવિવાર તા. ૩૦-૭-૨૦૦૦ ના સવારે પાઠશાળાના બાળક બાલિકાઓએ અને પાઠશાળાના પંડિતપ્રવર શ્રી નટુભાઈ અને શ્રી મનુભાઈ પટવાએ ખૂબજ ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવેલ બરાબર ૯ ના ટકોરે વ્યાસપીઠ પર બિરાજીત કરેલ સૂરિશ્રેષ્ઠ સંઘહિત ચિંતક પૂ. આચાર્યદેવશ્રીજીની વિશાળ પ્રતિકૃતિ સમક્ષ ગુરૂ સ્તુતિ થયા બાદ પૂ. મુનિરાજ શ્રી જિનદર્શન વિજયજી મ. મંગલાચરણ કર્યા બાદ શ્રી સંઘના અગ્રણી શ્રી સેવંતીભાઈ, શ્રી નવનીતભાઈ, શ્રી રાજુભાઈએ રોચક શૈલીથી હૈયાની સ્મરણાંજલી આપ્યા બાદ શ્રી મનુભાઈ પટવાએ ગુરૂવિરહ ગીત રજુ કર્યું બાદ પરષોત્તમ દેવીચંદ ચૌધરી પરિવારની બાલિકાઓએ સંસ્કૃત ગહુંલી રજુ કરી ત્યારબાદ પાંચ વર્ષની બાલિકા શ્રેયાએ કાલીઘેલી ભાષામાં સૂરિદેવની સ્તુતિ કર્યા બાદ

અનુસંધાન પાના નં. ૬૬

# જૈન જગતની વિરાટ્ વિભૂતિને વાપીવાસીઓએ ભવ્યાતિભવ્ય શ્રદ્ધાંજલી સમર્પી..

જૂજારો જૈનોના હૃદયાધિષ્ઠાયક સમા અને વિક્રમ વીસમી શતાબ્દીની સમય ભૂમિ પર જયવન્તા શ્રી જૈન ાસનના એક જાજરમાન યુગનું સર્જન કરી જનારા હજારો પ્રતાપી શિષ્યોના આરાધ્યપાદ વ્યાખ્ય ન-વાચસ્પતિ પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની નવમી પુણ્યતિ થિ પર દક્ષિણ ગુજરાતના મુખ્ય મથકસમા વાપી નગરમ એક ત્રિ - દૈનિક મહોત્સવનું શાનદાર આયોજન થયું હ .

ાપી વેસ્ટ) શાન્તિનગરના નવોદિત સંઘમાં પૂજ્યપ ગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વ જી મહારાજાની પાવન આજ્ઞાથી ચાતુર્માસાર્થે પધારન ા પૂજ્યપાદ ગણિવર્ય શ્રી નયવર્ધન વિજયજી મહારા ાના વિનયવન્ત શિષ્યરત્ન પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિજય મહારાજાના સુભગ સાનિધ્યમાં આ મહોત્સવ આયોજ યો હતો.

ા મહોત્સવને ભાવિકોએ પોતાના હૃદયમાં વિરાજે ી 'સુરિરામ' પરત્વેની અપૂર્વ સંવેદનાઓથી સ્વયંભૂ રીતેજ સમુજ્જવલ બનાવી દીધો.

ષાઢ વદ ૧૩, ૧૪ અને ૩૦ + ૧, દરમ્યાન વહી ગ લા મહોત્સવમાં નિયમિત પૂજા - પ્રભાવનાઓની સાથોસ ય યોજાતી પ્રવચનસભામાં મુનિવરોએ પૂજ્ય તાતપા શ્રીના જીવનને અથથી ઈતિ શ્રી સુધી વર્ણવ્યું હતું.

ાસ કરીને 'સમાધિપર્વ' નો ચતુર્દશીદિન તો વાપીની જનતા માટે ચિરસ્મરણીય બની જવા પામ્યો. જે દિવસે ાતઃ ૮-૩૦ કલોક વાપી સ્થિત શ્રી રાજસ્થાની જૈન સે ા મંડળ દ્વારા વિશાળ શ્રદ્ધાંજલીયાત્રા આયોજાઈ. નગરના વિવિધ માર્ગો પર વિચર્યા બાદ શાન્તિનગર ખાતે તે વિર તા જ બરોબર ૯-૩૦ કલાકે ગુણાનુવાદ સભાનો શુભારંભ થયો. નિર્ધારિત સમય પૂર્વેજ ઉપાશ્રયન ો પ્રવચન ખંડ - પ્રવચનગવાક્ષો તેમજ આંગણું છલકાઈ ગય ા તા.

સભાના પ્રારંભે જ વિવિધ શ્રાવક વક્તાઓએ પૂજ્યશ્રીને અંજલી અર્પી હતી. ત્યારબાદ સૂરીલા સંગીતકાર શ્રી પ્રદીપભાઈ રાણાએ પૂજ્યશ્ર ને કરુણ ગીતાંજલી સમર્પી. ગીતની શૂરવીરતા સભ ાને પણ રામમય બનાવી ગઈ પ્રાન્તે પૂજ્ય મુ. શ્રી મ ગલવર્ધન વિ.મ. એ પૂજ્યશ્રીનું પ્રસંગાનુરૂપ ગુણકિર્તન ક ર્યું. તેમજ પૂ. મુ. શ્રી હિતવર્ધન વિ. મ. એ ૭૦ મીનીટન પોતાના અસ્ખલિત પ્રવચન દરમ્યાન પૂજ્યશ્રીના જીવનના પાષાણનેય પાણી બનાવી દેવાની તાકાત ધરાવત ા વિવિધ પ્રસંગો વર્ણવ્યા હતા. ''વિઘ્નો અને વિરોધોનો ધૂમકેતુ તે તાતપાદ શ્રીના નવદાયકા જેટલા દીર્ઘ જીવ ાકાશમાં ઉત્તરથી દક્ષિણધ્રુવ સુધી પ્રસર્યોજ રહ્યો. અ લબત્ત ! વિરોધોની જવાળાઓમાં લપેટાઈ જઈનેય તે તાતપાદે શાસનને રક્ષી જાણ્યું..'' એમ જણાવી તેમણે પૂજ્યશ્રીના સિદ્ધાંત નિષ્ઠાને વેદનાભર્યા શબ્દોમાં બિરદા ી હતી. બરોબર ૩-૦૦ કલાક ને અનન્તે સર્વમંગલ થતાંજ ઉપસ્થિત ૧૦૦૦ થી વધુ સાધર્મિકનું ૨૦ રૂા. થી સંઘપૂજન તેમજ સ્વામી વાત્સલ્ય થયું તું.

બપોરે ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક પૂજન પણ ઉલ્લાસપૂર્ણ રીતે ભણાવાયું.

પ્રવચન સભામાં આ પ્રસંગને અનુલક્ષી આદ્યગણધર ભગવન્તશ્રી ગૌતમસ્વામીજી મહારાજા તેમજ તાતપાદ પૂજ્યપાદ શ્રીજી, એમ બે ગુરુદેવોની ગુરુમૂર્તિઓ થર્મોકોલની નિર્મવામાં આવેલી અલ ા અલગ રમણીય દેવકુલિકાઓમાં પધરાવવામાં આવી હત .

બપોર બાદ વાપીના સીમાડે વસેલા શ્રી અજિતનગર ખાતે પણ પૂજ્ય મુનિવર્યોની નિશ્ર માં એક ગુણાનુવાદ સભાનું સફળ આયોજન થયું.

# અતિચાર આલોચનાની મહત્તા તેની મશ્કરી કરવી તે બુદ્ધિ હીનતા

આજે વાણી સ્વાતંત્ર્યનો યુગ ગણાય છે. જેને જેમ લખવું - બોલવું તે મજેથી લખે - બોલે છે. પણ તે માત્ર ધર્મના વિષયમાં દુનિયામાં કોઈના માટે ગમે તેમ લખે - બોલે તો તેના પરિણામની ખબર છે કે કોર્ટમાં પણ ઘસડી જાય. જ્યા આજનો સ્વચ્છંદી સુધારક વર્ગ ધર્મને બોડી બામણીનું ખેતર માની બેઠો છે અને માતેલા સાંઢની જેમ જેમ તેમ લખવું તે તેમનો જન્મસિદ્ધ હક્ક માને છે. ધર્મના નાયકો પણ જાણવા છતાં ચૂપકીદી સેવે છે, જરાપણ વિરોધ વ્યક્ત કરતા નથી પણ વિરોધ કરનારનો વિરોધ કરે છે તે અજના આ યુગની અદ્‌ભુત બલિહારી છે.

એક વકીલે આપણા અતિચારની જે ક્રૂર મશ્કરી કરી છે તો ખરેખર શ્રી સંઘ સંઘ હોત તો આવા લોકોની પાસે જરૂર માફી મંગાવત કાં સંઘ બહાર કરત ! પણ દુર્ભાગ્યે આજે શ્રી સંઘમાં સબલ નેતૃત્વનો અભાવ છે. પર્યુષણા મહાપર્વના અષ્ટાહ્નિકા વ્યાખ્યાનમાં પ. પૂ. આ. શ્રી વિ. લક્ષ્મી સૂ. મ. સા. ફરમાવે છે કે- '' જેઓ કહે કે આ કાળમાં વ્રત નથી. ચારિત્ર નથી. સામાયિક નથી તેને શ્રી સંઘ બહાર કરવો જોઈએ.'' પણ આજે નાગાઓનું રાજ છે સારાને ચૂપ રહેવું પડે છે. આવાનો વિરોધ કરવો જ જોઈએ.

આવા ઉન્માર્ગગામી, ઉત્સૂત્ર ભાષીમાં ઉપાદેય બુદ્ધિ ન આવે, તેના પ્રચારમાં સાથ - સહકાર ન આપે, તેનાથી આત્માને બચાવે તે માટેનો આ પ્રયત્ન છે.

વર્ષો પૂર્વે 'વીરશાસન'માં એક પત્રિકા પ્રગટ થયેલ જેમાં મોક્ષમાં પૂ. શ્રી પાર્શ્વનાથ ભગવાનના પ્રમુખપણા નીચે મીટીંગ ભરાઈ પૃથ્વીવાસી અખબારના પ્રતિનિધિઓ ગયા અને અહેવાલ આપ્યો. તે પત્રિકાની ત્યારના સુવિહિતોએ સખ્ત વિરોધ અને કડક આલોચના કરી હતી. જ્યારે આજે સત્તાધીશવર્ગની ચૂપકીદી- મૌન શકિત બનવા પ્રેરાય છે.

પાંચમ આરાના પ્રભાવે ૨૬૦૦મી ઉજવણીનો વિરોધ કરવા પણ તૈયાર થવું પડશે. અને અધિકારી વર્ગ જ જો મૌન રાખશે તો શાસનની વફાદારી, વડીલોની વિશ્વાસનીયતાનો ભંગ નહિ થાય તે વિચારવાની જરૂર છે. ''સામો રોષ પામો કે તોષ પામો પણ શકિત સંપન્ન આત્માઓએ તો અવશ્ય પ્રતિકાર કરવો જ જોઈએ, તેમાં શકિતને ગોપવવી નહિ'' તે આર્ષવાણીને આંખ સામે રાખીને અમારો આ પ્રયત્ન છે. પરિણામ તો જ્ઞાનિએ દીઠું જ આવવાનું છે પણ અમે નાહિંમત બનવાના નથી કે શાસનદ્રોહીઓ - વિરોધીઓથી ગભરાવવાના નથી પણ તેમને ઓળખવવાનું - ખુલ્લા પાડવાનું કપરું કડવું કામ અળખામણા બની, આંખમાં કણાની જેમ ખૂંચીને પણ કરવાના છીએ. શાસનદેવ અમોને સન્માર્ગમાં સ્થિત રહેવાનું બળ આપો તે જ વિનંતી સહ વિરમીએ છીએ...

---

સમાચાર સાર.. પાના નં. ૭૨ થી ચાલુ

કરેલ હોવાથી (આત્મવલ્લભ ઉપાશ્રયે ૨૦૪૯, કિનારી બજાર, (ચાંદની ચોક) દિલ્લી -૬) પૂ. ગુરૂદેવ પાસે પચ્ચકખાણ ગ્રહણ કરવા પધારેલા ત્યાં ગંહુલી તથા પ્રવચનો ગુરૂપૂજન, સંઘપૂજન કરેલ. શ્રાવણ સુદ ૭ રવિવાર દિ. ૬-૮-૨૦૦૦ને તથા પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ રામચંદ્રસૂરીશ્વરજી મ. ની સ્વર્ગતિથિ તથા પૂ. તપસ્વી રાજતિલક સૂ. મ. ની સ્વર્ગતિથિ તથા મણિભદ્રની પ્રતિષ્ઠા નિમિત્તે ઉપરોકત પૂજ્ય ગુરૂદેવશ્રીની નિશ્રામાં શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન ભણવાયેલ તેમાં ચિક્કાર મેદની. પ્રતિષ્ઠાના ચઢાવા પણ સારા થયેલ પ્રતિષ્ઠા ખૂબ ઉત્સાહથી થયેલ. જીવદયાની ટીપ પણ સારી થયેલ. શ્રાવણ સુદ પ્રથમ ૧૪ દિ. ૧૩-૮-૨૦૦૦ને કેશરદેવી કપૂરચંદજી ઢડ્ઢા તરફથી સામુદાયિક ખીરના એકાસણાનું આયોજન કરેલ. તેમાં પણ શ્રી ગૌતમ સ્વામીના જાપ વગેરે ખૂબ થયેલ.

**અમલનેર :** અ. સુ. ૧૧ ના પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિ. મ. ની વડી દીક્ષા તિથિ નિમિત્તે અકોલા નિવાસી હાલ અમરાવતી અ.સૌ. રેખાબેન ચન્દ્રકાન્ત શાહ તરફથી સંઘપૂજન તથા શ્રી ગિરૂવાજી પાર્શ્વનાથ જિનાલયના ત્રણે માળ પરના સઘળાય પાષાણધાતુના નાના - મોટા બિંબોને રૂપેરી વરખની આંગી કરાયેલ.

શ્રા. વ. ૧૦ / ૧૧ ના શ્રા. વ. ૧૦ ની ઉપા. **શ્રી ચારિત્ર વિજયજી મ.** ની સ્વર્ગતિથિ નિમિત્તે વ્યાખ્યાનમાં ગુણાનુવાદ તથા શ્રી રીખવદાસ હાથીભાઈ અને અમદાવાદવાળા જ્યોત્સનાબેન ભરતકુમાર ચાલીસ હજાર તરફથી સંઘ પૂજન કરાયેલ તેમજ જિનાલયમાં શ્રી જ્યોત્સનાબેન તરફથી આંગી રચાયેલી.

શ્રી જૈન શાસન (અઠવાડિક) ● વર્ષ ૧૩ ● અંક ૫/૬ ● તા. ૩-૧૦-૨૦૦૦

# સાચો વારસો કયો ?

-પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક શ્રીમંત શેઠ હતા. તેમની પાસે ઘણી લક્ષ્મી હતી. તેઓ લક્ષ્મીની અધિકાત્રીદેવી લક્ષ્મીના પણ પૂજારી હતા. એકવાર શેઠ રાત્રિના ઘસઘસાટ સૂઈ ગયેલા અને મધ્યરાત્રે લક્ષ્મીની અધિકાત્રીદેવી લક્ષ્મીએ આવી શેઠને જગાડયા અને કહ્યું કે હવે હું થોડા દિવસની મહેમાન છું. પછી તારા ઘરનો ત્યાગ કરીને જઈશ. આટલા વર્ષો રહી તેથી તને એક વરદાન આપીને જઈશ. તું વિચાર કરીને કહી શકે માટે કાલે હું આવીશ. જે કહીશ તે વરદાન આપીશ.

બીજા દિવસે શેઠે આખા કુટુંબને ભેગુ કર્યું અને દરેકનો અભિપ્રાય પૂછયો તો કોઈ કહે સોનુ માગો કોઈ કહે મકાન મિલ્કત માગો, કોઈ કહે ધાન્યથી પૂર્ણ કોઠારો માગો. આમ દરેક સભ્યો પોત - પોતાના અભિપ્રાય જણાવવા લાગ્યા. પણ શેઠના હૈયાને ન રૂચ્યા શેઠના નાના દીકરાની વહુ શાંત બેઠેલી બધું જોયા કરતી. શેઠે તેણીને પણ પૂછયું તો તે કહે- ''પિતાજી ! જો મારો અભિપ્રાય પૂછતા હો તો આપ લક્ષ્મીદેવીને વિનમ્રભાવે વિનંતી કરતા કહો કે- 'માતાજી ! આપને જવું જ છે તો આપ ખુશીથી જાવ. પણ આપની વિદાય પછી પણ અમારા ઘરના - કુટુંબના દરેક સભ્યોમાં પરસ્પર પ્રેમ - સદ્ભાવ બની રહે તેટલું વરદાન આપો.''

શેઠને પણ આ વાત એકદમ પસંદ પડી ગઈ તેથી મધ્યરાત્રિએ લક્ષ્મી દેવીએ આવી વરદાન માંગવાનું કહ્યું તો શેઠે વિનમ્રભાવે વિનંતિ કરતાં નાની વહુના કહ્યા પ્રમાણેની માંગણી કરી. તો લક્ષ્મીએ પ્રસન્નચિત્તે કહ્યું કે- ''શેઠજી ! તમે તો મને કાયમની બાંધી લીધી. કારણ જે ઘરમાં સભ્યો - કુટુંબમાં પરસ્પર પ્રેમ અને સદ્ભાવ હોય છે તેનો હું કયારે ય ત્યાગ કરતી નથી.

પરસ્પર પ્રેમ - સદ્ભાવ રાખશો તો જ જીવનમાં સાચાં સુખ-શાંતિ-સમાધિનો અનુભવ થશે. સાચું ધન ધર્મની પણ તો જ પ્રાપ્તિ થશે.

## ત્રણની કિંમત

| | | |
|---|---|---|
| ત્રણ વાત કરવાની | - | પ્રેમ સર્વે સાથે કરો, વિશ્વાસ થોડો પણ ના કરો, ખરાબ કોઈનું પણ કરો નહિ. |
| ત્રણ વાત ખોલો નહિ | - | બિજાના છિદ્રો આપણું પૂન્ય ગુપ્ત મંત્રણા |
| ત્રણને હંમેશા પાસે રાખો | - | સજ્જનોને સત્ય શાસ્ત્રોને સ્વીકારેલા નિયમોને. |
| ત્રણનું સન્માન કરો | - | વૃદ્ધાનું, ગુરૂજનોનું, વિદ્વાનોનું |
| ત્રણ બનો | - | નમ્ર, સરલ, સુશીલ. |
| ત્રણ ન બનો | - | કૃતઘ્ન, અભિમાની, માયવી. |
| ત્રણ જોઈને ફુલાવો નહિ | - | ધન સંપતિ, પરાયી નિંદ્રા, પોતાની પ્રસંશા. |
| ત્રણની કિંમત પૂછો | - | ધનની ગરીબોને, આરોગ્યની બિમારીઓને, જવાનીની બૂઢાઓને. |
| ત્રણ વાત યાદ રાખો | - | સુખનું મુળ ધર્મ છે., ધર્મનું મુળ દયા છે., દયાનું મૂળ વિનય વિવેક છે. |

વસુમતિ - અમદાવાદ

## હાસ્યનો હોજ

| | | |
|---|---|---|
| પત્નિ | - | હમણા ખર્ચામાં તંગી પડે છે. |
| પતિ | - | હા, બરાબર છે. હું છ દિવસ કામ કરૂ છું અને તું સાત દિવસ ખર્ચો કરે છે. માટે તંગી પડે ને ? (ગણિત સાચું કરો) |
| શિક્ષક | - | વિદ્યાર્થીઓ ! કમ્મર કસીને આગળ વધો, પાછળ જોશો નહિ. |
| છોકરાઓ | - | કોઈ અમારી ચોટી ખેંચે તો ? (રહસ્ય સમજો) |
| શિક્ષક -છોકરો | - | આપણા ગામનું કેટલું તાપમાન છે. |
| વિદ્યાર્થી | - | એ કહેવું મુશ્કેલ છે ? |
| શિક્ષક | - | કેમ ? |
| વિદ્યાર્થી | - | છાપામાં તેમજ ટીવી માં ચાર જ શહેરોનું તાપમાન આવે છે. (બુદ્ધિ કસો) |

પ્રજ્ઞેશ સી. શાહ - રાધનપુર

# સમાચાર સાર

**નવસારી :** શ્રી નાગતલાવડી જૈન મિત્ર મંડળના ઉપક્રમે મક્તિ બંગલાના હોલમાં સિધ્ધાંત ઉપદેશક પ્રખર પ્રવચનકાર પૂ. આચાર્ય ભગવંત શ્રી કુલચંદ્ર સૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણાઓની શ્રી આદિનાથ ઉપાશ્રયેથી ભવ્ય સામૈયા સાથે મંગલ પધર મણી થતાં ધર્મઆનંદ વ્યાપ્યો હતો. પ. પૂ. આ. ભ. શ્રી ભક્તિ સૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી સુરેન્દ્રશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી ભવ્યપૂર્ણાશ્રીજી મ. તથા અત્રે નાગતલાવડીમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. સાધ્વીજી શ્રી ભવ્યતાશ્રીજી મ. સા. આદિ ઠાણાઓ આ મંગલ પ્રસંગે ઉપસ્થિત હતાં. પાઠશાળાની બાળાઓએ સ્વાગત ગીત રજુ કરતાં તેમના પ્રોત્સાહન માટે પ્રભાવના શ્રી નાગતલાવાડી મિત્રમંડળના પ્રમુખશ્રી અરવિંદભાઈ જીવરાજ મહેતા તરફથી અપાયેલ, પ પૂ. આ. ભ. શ્રી કુલચંદ્રસૂરીજીએ ''શિખરજીની ભાવયાત્રા'' વિષે સદૃષ્ટાંત સુંદર સમજણ આપતાં શ્રોતાઓ ભાવવિભોર બન્યાં હતાં. શ્રી આદિનાથ ઉપાશ્રયે શ્રી શિખરજીની ભાવયાત્રાના સંઘપતિ તરીકેની બોલીનો લાભ શ્રી શાંતિલાલ કચરાભાઈ રાજુલ એપાર્ટમેન્ટ અને ચીનુભાઈ મૂળચંદ માલાણી પરિવારે ઉમંગથી લીધો હતો. પૂ. શ્રી રશ્મિરાજવિજયજી મહારાજે ચાતુર્માસિક આરાધનાનું મહાત્મય અને જીવનમાં ધર્મની અનિવાર્યતા વિષે મધુર વિવેચન સાથે ઉપદેશ ફરમાવેલ. આ પ્રસંગે ઉપસ્થિત ૮૦૦ સાધર્મિકોને શ્રીફળની પ્રભાવના ભાગ્યશાળી દાતાઓ તરફથી કરવામાં આવેલ. ધાર્મિક શિક્ષણ પ્રચારક શ્રી નરેન્દ્ર કામદાર ગઢડાવાળાએ મહામંત્રના પ્રભાવ વિષે એકપાત્રીય નાટીકા પ્રસ્તુત કરેલ. પ્રમુખશ્રી અરવિંદભાઈ મહેતાએ સ્વાગત કર્યું હતું. અત્રે હંમેશા બપોરના બહેનોમાં સમૂહ સામાયિક સાથે નવકારમંત્રના સચોટ અર્થ તથા ધનશ્રી ચરિત્ર પ. પૂ. સાધ્વીજી મ. સા. દ્વારા ખૂબજ ભાવવાહી રીતે વંચાય છે.

**દહાણુગ્રામ :** અત્રે પૂ. મુ. શ્રી ધર્મદર્શન વિજયજી મ. આદિ તથા પૂ. સા. શ્રી પુણ્યદર્શનાશ્રીજી મ. આદિની નિશ્રામાં ધર્મ આરાધના સુંદર ચાલે છે. વિભાકુમારી છોટાલાલ ચોરડીયા તથા અ.સૌ. અરુણાબેન અજીતકુમાર ચોરડીયાએ ૩૧ - ૨૧ ઉપવાસ કરતાં તેના ઉથાપન નિમિત્તે ગં. સ્વ. રતનબેન સંપતરાજ ચોરડીયા તરફથી શ્રાવણ વદ ૫ ના સામૈયું વીશ સ્થાનક પૂજા સકળ સંઘ સાધર્મિક વાત્સલ્ય તથા સાંજે ચૈત્યવંદન અને ભાવનાનો કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો હતો.

**હસ્તિનાપુર (ઉ.પ્ર.) :** અત્રે પૂ. મુ. શ્રી જંબૂવિજયજી મ. ના શિષ્ય મુ. શ્રી નેમિચંદ્ર વિજયજી મ. ના ચાતુર્માસ છે.

**રતલામ (મ. પ્ર.) :** અત્રે પૂ. આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શ્રીમતી કનકબેન તેજરાજજી શાહ મુંબઈવાળા પરિવારમાં ચિ. પ્રશીષ પ્રવિણ (૮) ચિ. સૌરભ ચંદ્રપ્રકાશ (૮) સુનીલ તેજરાજજી (૮) ચન્દ્રપ્રકાશ તેજરાજજી (૮) સૌ. મંજુલા વીરેન્દ્રકુમાર (૯) ચિ. શાલીન ચંદ્રપ્રકાશ (૩૦) સૌ. સોનમ સુનીલ (૩૦) સૌ. નીતા નવીન (૩૦) સૌ. અનામિકા પ્રવિણ (૩૦) ૪ માસખમણ વિ. તપશ્ચર્યા થતાં ઉત્સાહ ફરી વળ્યો છે. શ્રા. સુ. પ્રથમ ચૌદશ તા. ૧૩ ના ભવ્ય ચૈત્ય પરિપાટી સવારે ૮ વાગ્યે અને ૧૦-૩૦ વાગ્યે પ્રવચન ૧૧-૩૦ વાગ્યે સાધર્મિક વાત્સલ્ય વિ. ભવ્ય કાર્યક્રમ ઉજવણી કરવામાં આવી હતી.

**શ્રીનગર ગોરેગાંવ :** અત્રે પૂ. મુ. શ્રી જિન દર્શન વિ. મ. આદિની નિશ્રામાં તપસ્વી શ્રી તરુબેન રમણલાલ ચંદુલાલના ૩૧ ઉપવાસ મહા તપસ્યા નિમિતે શ્રાવણ સુદ બીજી ૧૪ ના સાંજી અને સુદ ૧૫ ના સમુહ ચૈત્ય વંદન બાદ તેમને ઘરે વાજતે ગાજતે પૂ. શ્રી ને લઈ જઈ મંગલ પ્રવચન થયા ૯-૩૦ વાગ્યે દેરાસરે નવાણું અભિષેક મહાપૂજા થઈ.

**વાપી :** જિનશાસનના ભાગ્ય વિધાયક 'સુરિરામ'ના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ. ગણિવર્ય શ્રીનયવર્ધન વિ. મ. ના વિનયવન્ત શિષ્યરત્ન મુનિવર્ય શ્રી ભવ્યવર્ધન વિજયજી મહારાજની પાવની નિશ્રામાં વાપી - શાન્તિનગર ખાતે ''ગૌતમ કમળ તપ'' નું સામુદાયિક આયોજન થયું.

ચાતુર્માસ પ્રવેશથી જ શરુ થયેલી અને સમયના સથવારે વિસ્તરતી રહેલી પ્રવચનોની વર્ષાએ લોકોમાં ઉત્સાહનું વાયુમાન વહેવડાવી દેતા માત્ર વાપી શાન્તિગરના નાનકડા સંઘના જ **૧૦૫** થીય અધિક ભાગ્યવન્તોએ તપસ્વીનો ઈલ્કાબ લૂટી જાણ્યો.

બાળકો - યુવાનો અને પૌઢોએ પણ આ તપનો આસ્વાદ ચાખ્યો. જેની પૂર્ણાહુતિ શ્રા. સુ. ૭ ના રોજ ભવ્ય રીતે થઈ હતી.

**જૈનાચાર્ય શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના સ્વર્ગ દિનની ઉજવણી**

મુંબઈ જૈન નગરીનાં હાર્ટ સમુ સ્થાન ભૂલેશ્વર લાલબાગમાં પણ તેઓશ્રીના શિષ્ય પ્રશિષ્ય જૈનાચાર્ય શ્રી

ગુણયશસૂરિજી મહારાજ તથા પ્રવચન પ્રભાવક આચાર્યશ્રી કીર્તિયશસૂરિજી મહારાજની નિશ્રામાં ભવ્યતમ આયોજન થયું.

પાંચ દિવસના આયોજનમાં વિવિધ કાર્યક્રમો થયા.

વીશસ્થાનક પૂજાનું પણ કયારેય ન થયેલું નવું આયોજન થયું. માધવબાગના જે પટાંગણમાં સ્વ. આચાર્યશ્રીને શ્રેષ્ઠતમ પદપ્રદાન કરવામાં આવેલ તે જ પટાંગણમાં આચાર્યશ્રીની ભવ્ય ગુણાનુવાદ સભા યોજવામાં આવેલ. અનેક ગામોથી તેમજ મુંબઈના વિવિધ પરાઓમાંથી ભાવિકો ઉમટેલા, બપોરનો દોઢ વાગ્યાનો સમય હતો તે પૂર્વે જ વિશાળ જગ્યા પણ ટૂંકી લાગવા માંડેલ, આચાર્યશ્રી ૧-૩૦ વાગે પધારતાં ભાવિકોએ ઉમળકાભેર તેમનું સ્વાગત કર્યુ. આચાર્યશ્રીની ૬ ફૂટની ભવ્યતમ પ્રતિકૃતિ સમક્ષ તેમની સ્તુતિ કર્યા બાદ આચાર્યશ્રી પ્રવચનપીઠ પર બીરાજમાન થયા. ત્યારબાદ કાર્યક્રમનો પ્રારંભ થયો. સૌ પ્રથમ સંગીતકાર આચાર્યશ્રીના જીવનનું કવન કરતું પ્રવચન પ્રભાવકશ્રીએ બનાવેલા ગીત ''સૂરિરામનું શરણું લઈને'' રજૂ કર્યુ. શ્રોતાઓ ભાવવિભોર બની ગયા.

ત્યારબાદ જનજનના હૈયામાં બેઠેલા સૂરિરામના ગુણાનુવાદ કરવાનું સૌભાગ્ય નાનકડા માત્ર ૮ વર્ષના બાળકને મળ્યું અને એ ધન્ય બની ગયો. પોતાની ભાષામાં રજુ કરેલા તેના ગુણાનુવાદથી સંપૂર્ણ સભા આવાક થઈ ગઈ કે જેણે સૂરિરામને જોયા પણ નથી તેના જીવનમાં પણ સૂરિરામે કેવુ સ્થાન મેળવ્યુ છે. ત્યારબાદ અનેક પુણ્યવાનોએ આચાર્યશ્રીના ગુણોને યાદ કરી સ્મરણાંજલી અર્પી વંદનાવલી કરી.

આ પ્રસંગે આચાર્યશ્રીજીની પ્રતિકૃતિને નવે અંગે પૂજન કરવાનો ચડાવો બોલાયેલ. તેનો લાભ રાધનપુર નિ. ભાઈલાલ વર્ધીલાલ પરિવારે લીધેલ.

આચાર્યશ્રીએ પોતાના જીવન દરમ્યાન લખેલ પુસ્તકની નવી આવૃત્તિ ''સનાતન સત્યોનો સાક્ષાત્કાર' પુસ્તકનું વિમોચન શ્રીયુત હેમેન્દ્રભાઈ માણેકલાલ ઝવેરી પરિવારે કરેલ. જેનું પ્રકાશન સન્માર્ગ પ્રકાશને કરેલ.

ત્યારબાદ વાલકેશ્વર શ્રી રામચન્દ્રસૂ. આરાધના ભવનથી પધારેલ મુનિશ્રી પુણ્યકીર્તિ વિજયજી મહારાજે તેઓ શ્રીમદ્‌ના ગુણાનુવાદ કરેલા.

આચાર્યશ્રીએ ગુણાનુવાદ ચાલૂ કર્ય છેક ૫-૩૦ સુધી તેમનુ વકતવ્ય ચાલુ રહ્યું. આખી સભા એકીટસે સાંભળી રહી.

સ્વ. આચાર્યશ્રીનું ૨૫-૨૫ વર્ષ સુધી સાંનિધ્ય મેળવ્યું હોવાથી તેમના જીવનને તેઓએ સંપૂર્ણ જાણેલુ હોવાથી જાણે સાક્ષાત્ ગુરૂદેવ નજર સામે હોય એવુ વર્ણન કરેલ. લગભગ - ૫૦૦૦ ની મેદનીમાં બુલંદ અવાજે બધાને સંભળાય તેવા અવાજે કરેલ. જેના કારણે સદ્‌ગત આચાર્યશ્રી પ્રત્યે દરેકને બહુમાનભાવ તથા અહોભાવ પેદા થયેલ. અંતે એક પ્રાર્થના કરેલ કે એમણે પ્રરૂપેલા માર્ગે આપણે સહુ ટકી શકીએ અને આરાધી શકીએ એવા આશીર્વાદ આપે.

રાત્રે સ્વ. આચાર્યશ્રીજીની પ્રતિકૃતિ સમક્ષ ગતાવલીનું આયોજન ગોઠવાયેલ. તેમાં પણ ભાવિકો સારી સંખ્યામાં જોડાયેલ.

આચાર્યશ્રી ભૂલેશ્વર લાલબાગ ખાતે ચાતુર્માસ રહ્યા છે. રોજીંદા ૯-૧૫ કલાકે પ્રવચન થાય છે. રોજ ૨૫૦૦ની લગભગ સંખ્યા થાય છે. અને દર રવિવારે વાચના શ્રેણી ગોઠવાય છે . તેમાં પણ ૩૦૦૦ થી ૩૫૦૦ ની સંખ્યા હોય છે. પ્રવચન પૂર્વે જ હોલ ચીક્કાર થી જાય છે. મોટો પણ હોલ નાનો પડે છે.

**સમેતશિખર તીર્થ –** અત્રે ચાલતો કેસ પટના હાઈકોર્ટમાં નવેમ્બરથી ચાલશે.

**ચીંચવડ સ્ટેશન –** અત્રે પૂ. ગણિવર્ય શ્રી રત્નસેન વિ. મ. ની નિશ્રામાં મુ. શ્રી ઈન્દ્રસેન વિ. મ. એ માસખમણ કરેલ છે. તે નિમિત્તે તા. ૨૩-૮ સિદ્ધચક્ર મહાપૂજન તથા તા. ૨૪-૮ ના પારણા તથા સંઘ જમણ થયું.

**ધાર –** અત્રે સૌ. શકુન્તલાબેન રાજેન્દ્રકુમાર લોઢા તથા સૌ. સંગીતાબેન સુનીલ કોઠારીના માસખમણ તપસ્યા નિમિત્તે તા. ૧૩-૮ ના વરઘોડો તથા સ્વામી વાત્સલ્ય નો કાર્યક્રમ યોજાયો હતો.

**દિલ્લીમાં ભારતની રાજધાનીમાં માસખમણ નો ભવ્ય વરઘોડો :** જે દિલ્લીમાં ચંપાબાઈ ના ૬ મહીનાનો વરઘોડો (જાુલુસ નિકળેલ) તે દિલ્લીમાં સુશીલાબેન પાલાવતે ધ. ૫. મહેતાબચંદજી પાલાવતે માસખમણની ઉગ્ર તપશ્ચર્યા કરેલ છે તે નિમિત્તે વિક્રમ સંવત ૨૦૫૬ શ્રાવણ સુદ પ્રથમ ૧૪ દિ. ૧૩-૮-૨૦૦૦ ને દિલ્લીમાં ભવ્ય જાુલુસ ફરેલ અને દેરાસરે દર્શન કરી પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયવર્તી પૂજ્ય તપસ્વી આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ. સા. ના વિદ્વાન શિષ્યરત્ન વિજયજી મ. પૂ. પ્રશમરત્ન વિજયજી મ., પૂ. બાલમુનિ રત્નેશરત્ન વિજયજીની નિશ્રામાં માસખમણની તપશ્ચર્યા કરેલ હોવાથી ત્યાં ગુરૂદેવ પાસે (આત્મવલ્લભ જૈન ઉપાશ્રય ૨૦૪૯, કિનારી બજાર, દિલ્લી-૬) પચ્ચકખાણ ગ્રહણ કરેલ દિલ્લીમાં તપશ્ચર્યાની ધૂમ મચેલ છે. વિમલા બોથરા ધ. ૫. મહેન્દ્રકુમારજી બોથરાના અઠ્ઠાઈ તપનો પણ ભવ્ય વરઘોડો અષાઢ વદ ૩૦ + ૧ સોમ દિ. ૩૧-૭-૨૦૦૦ ને નિકળેલ અને છેલ્લે ઉપર્યુકત ગુરૂદેવની નિશ્રામાં અઠ્ઠાઈ

અનુસંધાન પાના નં. ૬૯

બોધકથા

# સસલું અને કાચબો

સસલા ને પોતાની ઝડપ માટે ભારે અભિમાન હતું. તેની બાજુમાં રહેતા કાચબાની તે હંમેશા મશ્કરી કરતો કારણ કે કાચબો ખૂબ ધીમે ધીમે ચાલતો હતો. કાચબો સ્વભાવે નરમ હતો. સસલો હંમેશ તેને ચીડવતો.

એક દિવસ કાચબાને હાડોહાડ અપમાન લાગી ગયું. સસલાને પણ નવાઈ લાગી. તેને થયું : "કીડી વેગે ચાલનારો કાચબો મને સામ પડકાર કરે...!" સસલાએ કાચબાનો પડકાર ઝીલી લીધો. નક્કી કર્યા મુજબ શરત શરૂ થઈ. કાચબો અને સસલો બેઉ દોડવા લાગ્યા. ઘડીક વારમાં સસલો તો કયાંયનો કયાંય નીકળી ગયો.

શરતમાં નક્કી થયેલી જગ્યાએ સસલો તો પહોંચવાની તૈયારીમાં હતો. ત્યાં અને વિચાર આવ્યો : "હું ઘણું દોડ્યો. લાવ જરા કાચબાની રાહ જોઉં...! જેવો કાચબો અહીં આવશે કે એક જ કૂદકે હું તો પહોંચી જઈશ" એમ વિચારી એ ઊંઘી ગયો.

એટલામાં એ ઝબકીને જાગી ગયો. કાચબો તો ટપ ટપ કરતો શરતની જગ્યાએ પહોંચી ગયો. વધુ પડતા આત્મવિશ્વાસમાં સસલો શરત હારી ગયો.

**ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર**

*સૌજન્ય : ઈન્કા બોધકથાઓ*

# પાંચ અનુષ્ઠાન

(૧) ધાર્મિક ક્રિયા કરતાં આ ભવ સંબંધી દ્રવ્ય, સ્ત્રી, પુરુષ, પુત્ર, વૈભવ, ભોગ, યશ, કીર્તિ આદિ અનેક પ્રકારની અભિલાષા કરવી તે વિષાનુષ્ઠાન કહેવાય, તે ઝેરની જેમ શુભ અન્તઃકરણને તત્કાલ મારનાર થાય છે.

(૨) આ ભવની અપેક્ષા ન હોય પણ પરભવ સંબંધી દેવ ઋદ્ધિ ચક્રવર્તિ આદિ વૈભવ વગેરે અભિલાષા કરવાથી ગરાનુષ્ઠાન થાય છે. કે જે સંયોગે જ ઝેર કાલાન્તરે ઝેર વિકારના પરિણામની જેમ ભાવાન્તરમાં પુણ્યક્ષય કરનાર થાય છે.

(૩) કોઈપણ જાતના ફલની અપેક્ષા ન હોય પરન્તુ સન્નિપાતમાં મુંઝાયેલ અગર સંમૂચ્છિમ જીવની પ્રવૃત્તિની જેમ શૂન્યચિત્તે ક્રિયા કરવાથી અનનુષ્ઠાન થાય છે. આ અનુષ્ઠાનમાં કાયકલેશાદિ હેતુથી અકામ નિર્જરા થાય છે પણ મુક્તિનું વિશિષ સાધન સકામ નિર્જરા તો ઉપયોગ પ્રવૃત્તિના અભાવે થતી નથી.

(૪) ઉત્તમ અનુષ્ઠાનના રાગથી ક્રિયા કરવાથી તદ્હેતુ અનુષ્ઠાન થાય છે.

(૫) શ્રી વીતરાગ દેવ જિનેશ્વર ભગવંતે બતાવેલ માર્ગ પ્રત્યે ઉલ્લાસ પામતી તીવ્ર શ્રદ્ધાથી અસંખ્ય પ્રદેશ વીર્યસ્ફૂર્તિ સાથે ઉછળતા આનન્દથી શુદ્ધવિધિ સવરવાથી અમૃતાનુષ્ઠાન થાય છે.

- રશ્મે

# તજ મૂર્ખ વેર ને ઝેર

વેર ધૂનના ઝનૂન થકી હા !, વરતાવે કાળો કેર;
સ્વાર્થ માટે એ વાટે જાતાં, અહિંથી બસ હવે ઠેર.
ડાહ્યાને ઘેલા કરે છે એ, વેર મતિમાં ફેર;
એક બીજાના દ્વેષ-કલેશથી, ત્રીજા ઘુસે છે ઘેર.
શસ્ત્ર ક્ષમાનું લઈને હાથે, રિપુ હણે થશે લ્હેર;
વેર તજી જે નમશે તે પર, જિનેન્દ્ર કરશે મહેર.

*કવિ નૃસિંહપ્રસાદ નારાયણ ભટ્ટ - જામનગરી.*

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

# પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- ધર્મ કરવો સહેલો છે. પણ સમ્યગ દર્શનનું અર્થીપણું કઠીન છે. ધર્મ કરે તેમાં મહત્તા નથી આવતી. મારે તો સમ્યગદર્શન માટે ધર્મ કરે તેવા જીવો જોઈએ છે.
- અહીંયા મઝેથી સુખ ભોગવવું તે દુર્ગતિમાં જવાનો ધંધો છે, દુઃખ રોતે રોતે ભોગવવું તે પ દુર્ગતિમાં જવાનો ધંધો છે. દુઃખ ખૂબ ખૂબ મઝેથી ભોગવવું અને સુખ તાકાત આવે તો છોડી દેવું અને ન છૂટી શકે. શકે તો રોતા રોતા ભોગવવું તે સદ્ગતિમાં જવાનો ધંધો છે.
- સમ્યગદર્શન મેળવવાની મહેનત ન કરે તો નવપૂર્વ ભણેલો પણ આ અટવીના માર્ગને જોઈ શકતો નથી.
- સમ્યગદર્શન આવ્યું હોય તો આ સુખમય સંસાર છોડવા જેવો જ લાગત. આ સુખમય સંસાર હજી જોડવા જેવો લાગ્યો નથી તે સૂચવે છે કે હજી સમ્યગદર્શન આવ્યો નથી.
- સાધર્મિકની ભક્તિ જેવી ભક્તિ નહિ. સાધર્મિકતા સગપણ જેવું સગપણ નહિ.
- ભગવાનની પૂજા ભગવાન થવા માટે છે. સાધુની સેવા ભક્તિ સાધુ થવા માટે છે. ધર્મની કાર્યવાહી ચારિત્ર મેળવવા માટે છે. ધર્મ કરનારને સમ્યક ચારિત્ર ન મળે ત્યાં સુધી તે દુઃખી જ હોય ને ?
- અનંતીવાર 'નમો અરિહંતાણં' બોલનારા હજી સંસારમાં ભટકે છે. તેને હજી સંસારથી પાર પામવું નથી. તેને ફાંફા મારવા છે. સુખ મળે તો તેમાં પાગલ થવું છે. દુઃખથી દૂર ભાગવું છે. દુઃખ આવે તો તેમાં પાગલ થવું છે. દુઃખથી દૂર ભાગવું છે. દુઃખ આવે તો તેમાં રિબાઈને મરવું છે. તે કોઈ દહાડો વિચાર ન કરે કે દુનિયાના સુખથી ફાયદો શું ? દુઃખથી રોવાના ફાયદા શા ? તેવા બધા રોતા રોતા મરે અને પાછા દુઃખમાંથી મહાદુઃખમાં જાય.
- વિષયના પ્રેમીના હૈયામાં કદિ પણ નવપદનો વાસ થતો નથી જન્મરહિત થવાના ધ્યેય વિનાનો ધર્મ ધર્મ નથી પણ અધર્મ છે.
- યતિ જીવન એ જ દુર્લભ એવા માનવ જીવનનું સાચું ફળ છે. રાગ-દ્વેષને આધીન જીવ, ભગવાનના ધર્મ માટે નાલાયક છે મરી જાય પણ અસત્ય ન બોલે તેનું નામ માનવ ! ચંચલ એવા સંસારના સુખોમાં મૂંઝાય, તેને સમજુ કેમ કહેવાય ?
- દ્રવ્યક્રિયા પણ જો ભાવ લાવવા માટે કરાય તો તે પ્રશંસનીય છે. સૂર્યના પ્રકાશથી ઘૂવડ જેમ અંધ બને, તેમ સુખના રસીયા જીવો ભગવાનના શાસનને પામીને પણ સંસારમાં રખડે છે.
- રીબામણ પાપની હોવી જોઈએ, દુઃખની નહિ. શ્વપાક (ચંડાળ) જેવા કષાયોથી હંમેશા દૂર રહેવું જોઈએ, જો આત્મકલ્યાણ સાધવું હોય તો !
- રમણતા પુદ્ગલમાં નહિ, પણ જો આત્મગુણોમાં આવે તો મોક્ષ તો આ રહ્યો !
- જીવનભર મન - વચન - કાયા ગુરૂને જ સમર્પિત એનું નામ ગુરૂકુલવાસ !
- અર્થ - કામ, સઘળાં પાપોનું મૂળ છે.
- મનુષ્ય જીવન રત્નત્રયીનું ભોજન છે. તેમાં સંસારની સાધના કરવી એટલે સુવર્ણપાત્રમાં મંદિરા પાન જેવું છે.
- રત્નત્રયીની આરાધનામાં જ સદા તત્પર તેનું નામ સુસાધુ. હોશિયારી-સમનર્ગેવાળો તો જગતને તારે અને ઉન્માર્ગે વાળો તો જગતનું સત્યમાશ મારે !
- જેના વિનાં ચાલે જ નહિ તેવી બધી ચીજો 'નશાખોર' કહેવાય.
- જગત પ્રમાદનું સાથી છે. જૈનસંઘ પ્રમાદનો વૈરી છે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

6068

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## સંસારના સુખની અસારતા.

नर विबुहेसर सोकखं,
दुकखं चिय भावओ बुह बेंति ।
परिणाम दारूणमऽसासयं
च जंता अलं तेणं ॥
(સંવેગ રંગશાળા, ૩૩૫૮)

પરિણામે દારૂણ - ભયાનક કટુ વિપાક આપનાર અને અશાશ્વત એવા મનુષ્ય અને દેવ-દેવેન્દ્રોના સુખો ભાવથી દુ:ખ રૂપ જ છે તેમ પંડિત પુરૂષો કહે છે માટે તેના વડે સર્યુ- (તેના ત્યાગની તેમાં હેયપણાની જ બુદ્ધિ રાખવી જોઈએ) ચાલે તો ત્યાગ કરવો હિતાવહ છે.

વર્ષ ૧૩ અંક ૧૧

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

आ. श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

# જૈન શાસન

## અઠવાડિક

सकलवांदिडत दातारं मोक्षेदातारं विघ्नविनेतारं श्री नेमिनाथजिनेश्वरं नमामः
परमोफस्यश्री आत्म - कमल - वीर - दान - प्रेम - रामचन्द्र - मुक्तिचन्द्र - महोदय -
जयकुंजर - मुक्तिप्रभसूरि - सद्गुरुभ्यो नमः

**दक्षिणना गिरनारशा श्री गोकाक नगरनी धन्यधरा परः**

# अंजनशलाका - प्रतिष्ठा - महामहोत्सव

यदुकुलतिलक **देवाधिदेव श्री नेमिनाथ स्वामीना भव्य प्राचिन ४५''** प्रतिमानी नवनिर्मित जिनप्रासादमां प्रतिष्ठा अने **श्री वासुपूज्य स्वामी** आदि नूतन जिनबिंबोनी अंजनशलाका ना भव्य महोत्सवमां भारतभरना श्री संघोने सादर निमंत्रण साथे पोताना नूतन जिनबिंबोनी अंजनशलाका माटे पधराववा सबहुमान विनंति छे ।

*** धर्म प्रभावक साम्राज्य ***

जैन शासनना ज्योतिर्धर सकल संघ हितचिंतक महाराष्ट्र देशोद्धारक
संघ स्थवीर परमाराध्यपाद परमगुरुदेव
आचार्यदेवेश **श्रीमद विजय रामचन्द्रसूरीश्वरजी महाराजा** साहेब

*** पावन निश्रा ***

पूज्यपाद प्रसिद्ध प्रवचनकार आचार्यदेव श्रीमद
**विजय श्रेयांसप्रभसूरीश्वरजी महाराजा**

*** मंगल प्रसंग ***

वैक्रमीय संवत् २०५७ चैत्र कृष्णा १३ थी वैशाख सुद ७
शनिवार थी सोमवार ता. २१-४-२००१ थी ३०-४-२००१

*** नम्र सूचन ***

अंजनशलाकामां पधारववाना प्रतिमाजी
चैत्र वद १० ता. १८ अप्रिल २००१ सुधीमां पधरावी
जवा अने वैशाख सुद १० सुधीमां बहुमान पूर्वक
आपना स्थाने पधारावना लई जवा विनंती ।

*** निमंत्रक ***

**श्री नेमिनाथ जैन श्वे. मू. संघ - गोकाक (कर्णाटक) - ५९१३०७.**
टेलीफोन : C/o. शा. पुनमचंद नवाजी - २५१४६ - २६७४६

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
(અઠવાડિક)

आ. श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ કારતક સુદ ૧૧ મંગળવાર તા. ૭-૧૧-૨૦૦૦ (અંક ૧૧

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

## જૈન ધર્મની પારદર્શક દ્રષ્ટિ

શ્રી અરિહંત દેવો એટલે સર્વજ્ઞ અને સર્વદર્શી તેમણે જગતને ભાવિની ભીતરમાં રહેલા ભવભ્રમણથી ચેતવ્યા અને ભવની મુકિતનો માર્ગ બતાવ્યો.

આ લોકની દ્રષ્ટિ તે ભવમુકિતનો માર્ગ નથી, પરલોકની દ્રષ્ટિ પણ ભવમુકિતના માર્ગને અબાધિત અને અખંડિત બનાવી શકિત નથી. મુકિત માટે તો આત્માને દેહ દ્રષ્ટિ, સુખ દ્રષ્ટિને છોડી આત્મદ્રષ્ટિ કેળવવાની હોય છે.

શાસ્ત્રમાં ક્રોધથી બોલાયેલા વચનને અસત્ય કહ્યું છે દા. ત. પૂત્ર ઉપર ગરમ થયેલા પિતા- તું મારો પુત્ર નથી- તેમ કહે તો તે અસત્ય છે. તેવી રીતે આત્મા મોહ દ્રષ્ટિથી કે સ્વાર્થ દ્રષ્ટિથી ધર્મ કરે તો તે પણ અસત્ય છે.

શ્રી શ્રમણ સંઘમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા છે. તેઓ 'જો હું કરું અગર હું કહું તે જ બરાબર એવા કદાગ્રહ કે અભિનેવેશથી ધર્મ કરે તો તે પણ અસત્ય ધર્મ બને છે.

જીવને બાહ્ય દ્રષ્ટિ આત્માના વિનિપાતને નોતરે છે. આત્મા આત્મદ્રષ્ટિથી જ સાધનામાં આગળ વધે છે. સૂત્રમાંથી બીજે ઉપયોગ જતાં સૂત્ર વિસરી જવાય છે. વાત કરતાં બીજે ચિત્ત જાય છે તો વાત અટકી પડે છે. માળા ગણતાં બીજે ધ્યાન જાય છે તો માળાના પારા ફરે છે પરંતુ પરમાત્માનું ધ્યાન ખંડીત થઈ જાય છે.

શ્રમણ સંઘમાં સાધુ હોય કે સાધ્વી, શ્રાવક હોય કે શ્રાવિકા, આ લોકો સુખ, વૈભવ, મોટાઈ અને કીર્તિની લાલચમાં પડી જાય છે તો તેનો ધર્મ અખંડિત અને અનુપમ રહી શકતો નથી.

કયવન્ના શેઠે પૂર્વ ભવમાં ખીરની થાળીમાં લીટો કરી અડધી ખીર વહોરાવી અને પછી વળી ભાવ થતા પુરી ખીર વહોરાવી તેના વિપાકમાં એક વખત સંમતિ વિ. મળ્યા અને પછી તે નાશ પામી ગયા અને વળી પાછળથી બધુ મલ્યું.

ધર્મના અને કર્મના ભાવોને ઓળખો તો વિચારોની શુદ્ધિ થાય. આજે જેઓ આ લોકના સુખ અને મહત્તમાં મગ્ન છે તેમનો ધર્મ જ નથી અગર છે તો તે ખંડિત છે. તેમાંય આ લોકના સુખ અને લાલસા માટે ધર્મ કરે, મંત્ર તંત્ર કરે, દોરા રાખડી કરે, દેવ દેવીઓની માનતા કરે, સત્તા હોય તો ધર્મ સ્થાનોમાં દેવ દેવીઓ પધરાવે અને તેની બાધા માનતા પૂજા પૂજનનો મહિમા ફેલાવે તે બધો ધર્મ ભાવ ધર્મથી પર છે. દ્રવ્ય ધર્મ હોય તો તે વાસ્તવિક ફળથી દૂર રાખે છે.

આજના મંદિરોમાં પરમાત્માની મહત્તાને બદલે દેવ દેવીઓની મહત્તા છે. તે તેવા વિચારવાળા માટે તો પાપ બાંધવાનું સ્થાન બની જાય, અને આવનારાને પણ સ્વાર્થ મોહ અને લોભની બુદ્ધિ પેદા કરે છે.

સુરસુંદરીએ કહ્યું હતું કે મારો ધર્મ વિષ વૃક્ષ છે. મયણાનો ધર્મ કલ્પ વૃક્ષ છે. મને જાુએ છે અને લોકો મોહ વિકારમાં પડે છે. અને મયણાને જાુએ છે અને લોકો સંયમ અને વિરાગવાળા બને છે.

આ જ બતાવે છે કે સારા આલંબનો સદ્ધર્મના પ્રેરક બને છે. અસદ્ આલંબન મોહના પ્રેરક બને છે. મક્ષીજી અને ઈન્દોરના મંદિરમાં મણિભદ્ર પધરાવ્યા છે ત્યાં લોકો દેરાસરમાં પણ સુખડી ધરીને ખાય છે. ઘણી વિ. ધરે છે. અને પૂજારી પણ લાલચથી પૂજા કરવી છોડીને ત્યાં તરત જાય અને મૂરખ અને લાલચુનો યોગ પેદા થાય છે. અને તેવા દેવ દેવીઓ પધરાવવાની પ્રેરણા કરનારને પરમાત્માના પ્રભાવ કે ધર્મની કિંમત નથી. આલોકના વિચારના તે ચિંતક છે. અને પરલોક કે ભવો ભવના વિચારોથી તે વિમુખ છે. પ્રગટ નાસ્તિક નથી પણ પ્રચ્છન્નપણે નાસ્તિક છે. તે પ્રયત્નથી મોહ નથી પરંતુ મોક્ષ માર્ગના તે અપ્રગટ ચોર છે.

આવા આત્માઓ સ્વપરના શ્રેયના સાધક બની શકતા નથી અને બીજાને પણ શ્રેય સાધવામાં સહાયક બની શકતા નથી. આજની જૈન સંઘની દશામાં આવું જે જોવા મળે છે તે સંઘ પણ નામનો બની જાય છે. તેમાંય ઈર્ષા અને દ્વેષ ઘુસી જાય છે. લોભ અને સ્વાર્થ ઘુસી જાય છે. ત્યારે તે જીવે મોક્ષ માર્ગના વાહક નથી પણ સંસાર માર્ગના વાહક છે.

અમે મોટા અને મહાન અમારો પ્રભાવ મોટો આ વિચારો અધ:પતનનું મૂળ બને છે અને તેમને પૂર્વના પુન્યો કદાચ અક્કડતા રખાવે પરંતુ તેમનો આત્મા તો જૈન સંઘમાં શ્રમણ-શ્રમણી કે શ્રાવક-શ્રાવિકા રૂપે રહી ને પણ જૈન સંઘના ભાવો વિકાસ અને વૃદ્ધિના નાશક બને છે.

ચોરને જ નિધાનનું રક્ષણ કરવા આપે તો તે રક્ષણ કરે કે લૂંટી જાય? તેમ જે આત્મ લક્ષી ન બને અને પુદ્ગલ લક્ષી બને તે શું જૈન શાસનને સાચવે, વધારે કે ખાઈ જાય લૂટી જાય?

આ વાત આજે કહેવી કઠીન છે, વિચારવી કઠીન છે. અને આવું વર્ચસ્વ તે જૈન શાસનને મલિન બનાવે છે. ભવ્ય જીવો રૂપી કમળને તેનો ક્રૂર તાપ અમળાવે છે.

જૈન શાસનને જયવંતુ બનાવવું હોય પ્રથમ જૈન બનવું જોઈએ. બાકી દેશમાં અને સરકારમાં નેતાઓ, અધિકારીઓ કે કર્મચારીઓની છાપ શું છે? પ્રતિભા શું છે? ખમીર શું છે? દેશદાઝ શું છે? જો દેશ પ્રત્યે ખમીર ન હોય તે ચોર બને પછી નેતા હોય, અધિકારી હોય કે પ્રજાજન હોય.

આપણે આ વિષમ કાળમાં જૈન બનીએ તો આત્માના ઘણા વિકાસના કાર્યો રૂંધાયેલા છે તે ખુલ્લા થાય મોક્ષ માર્ગ ઉજ્વલ બને તેને પામવાની લાયકાતવાળાને પ્રાપ્ત થાય અને મુકિતના માર્ગ ત્વરિત કે ધીમા પ્રવાહે પણ આગળ વધે. ?

કોણ વિચારે છે કે કોણ વિચારશે? એ એક સવાલ છે.

## સુજનને સુજન છે વહાલા;

સુજન સુજનથી ભેદ ન રાખે, નિજજન ગણવા વાલા;
જાત - પાત કુળ ધામ ધર્મના, વિચાર ન કરે ઠાલા.

સુજન સુજનની સત્વર ઠારે, જ્ઞાને ત્રિવિધની જ્વાલા;
મારૂ મારૂ નહિ આપણું માને, પ્રેમ પીયૂષના પ્યાલા.

''જિનેન્દ્ર'' જ્ઞાની સુજન સદાએ, કરે પ્રણયથી કાલાવાલા;
સુજન મહિમા શાસનમાં કીધો, તોળે અજ્ઞાનના તાળા.

**-કવિ નૃસિંહપ્રસાદ નારાયણ ભટ્ટ**

## જોખમદારી

*શ્રી તીર્થંકરદેવો છદ્મસ્થાવસ્થામાં ચાર જ્ઞાનના ધણી હોવા છતાં પણ જે હેતુથી પ્રાય: મૌન સ્વીકારે છે તે હેતુ ધ્યાનમાં રહી જાય અને બરાબર સમજાઈ જાય તો આપણી જોખમદારી કેટલી મોટી છે તે તરત જ સમજાઈ જાય તેમ છે.*

*-વસુમતી*

**✻ ન આવે ✻**

અનુકૂળતામાં અહંકાર ન આવે
પ્રતિકૂળતામાં પામરત્વ ન આવે.

# પ્રવચન - ચુમ્માલીશમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા
સં. ૨૦૪૩, શ્રાવણ વદિ- દ્વી.૧૧, ગુરૂવાર તા. ૨૦-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલું...

સંસાર ગમે, સંસારનું સુખ ગમે, તે મેળવવા અને ભોગવવા ઘણાં ઘણાં પાપ કરે છે, માટે દુઃખ આવે છે. અને દુઃખમાં માણસોને ધર્મ સાંભળવો જ ગમતો નથી. તમારી શી હાલત છે ? શાસ્ત્રે કહ્યું છે કે- જેને સદ્‌ગુરુનો યોગ થયો હોય, તેમના મુખે રોજ શ્રી જિનવાણીનું શ્રવણ કરતો હોય અને તે જીવ ભગવાનનો ધર્મ સમજી જાય તો તેને મોક્ષ વિના બીજું કશું જ મેળવવાનું મન થાય નહિ. ધર્મ તો એક માત્ર મોક્ષને માટે જ કરવાનો છે. ભગવાનનો ધર્મ સંસારના સુખ માટે પછી તે સુખ આલોક સંબંધી હોય કે પરલોક સંબંધી હોય - પણ તેના માટે ધર્મ કરાય જ નહિ તેમ ખુદ શ્રી અરિહંત પરમાત્માઓ કહી ગયા છે. આ મોક્ષમાર્ગ-રૂપ ધર્મના સ્થાપકો કહી ગયા છે. શ્રી અરિહંત પરમાત્મા કોણ થાય ? કે જેઓએ શ્રી વીશસ્થાનકની કે તેમાંનાં કોઈપણ એક પદની આરાધના કરતાં કરતાં પોતાના હૈયામાં એવો ભાવ પેદા થાય છે કે- 'આ સંસારના સઘળા ય જીવો સુખના જ અર્થ હોવા છતાં ય દુઃખમાં જ રિબાય છે કારણ કે સુખ - દુઃખનાં સાચાં કારણોની તેમને ખબર જ નથી. તેથી જો મારામાં શકિત આવે તો તે બધા જીવોના હૈયામાં રહેલો સંસારનો રસ નિચોવી દઉં અને મોક્ષમાર્ગ-રૂપ શાસનનો રસ ભરી દઉં. જેના પ્રતાપે સૌ મોક્ષમાર્ગ-રૂપ શાસનની આરાધના કરીને વહેલામાં વહેલા મોક્ષે પહોંચે.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ધર્મ શા માટે સ્થાપ્યો છે ? શા માટે મંદિરો બંધાવવાનાં છે ? શા માટે ઉપાશ્રયાદિ ધર્મસ્થાનો બનાવવાનાં છે ? ધર્મક્રિયાઓ પણ શા માટે કરવાની છે ? આ બધાનો એક જ જવાબ છે કે- આ સંસારથી છૂટી વહેલા મોક્ષે પહોંચીએ. નાનામાં નાનો ધર્મ પણ મોક્ષને માટે જ કરવાનો છે.

દાન શા માટે કરવાનું છે ? આ લક્ષ્મીને છોડવા માટે. ' આ લક્ષ્મી નામની જે ડાકણ વળગી છે તેણીએ મને પાગલ બનાવ્યો છે. તેનાથી છૂટવા હું દાન ધર્મ કરું છું. અને તે દાન ધર્મ કરતાં કરતાં વહેલો સાધુ થઈ જાઉં.' આ ભાવના વગરનો દાન ધર્મ ધર્મ નથી. 'દઈએ તો દશ ગુણું મળે' તેમ માનીને અધિક મેળવવા ખર્ચે તો તે ધર્મ કર્યો કહેવાય કે અધર્મ કર્યો કહેવાય ?

આ સંસારમાં ડરવાનું શાથી છે ? તો ગ્રન્થકાર મહર્ષિ કહી આવ્યા કે- મોહથી. મોહે આપણા આત્માને એવો ગાંડો બનાવ્યો છે કે- જેનું વર્ણન પણ ન થાય. મોહના ઘણા પ્રકાર છે. તે બધામાં મિથ્યાત્વ મોહ ભયંકરમાં ભયંકર છે જે ભણેલાને પણ ગાંડા બનાવે છે, દુનિયામાં ડાહ્યા ગણાતા ને પણ બેવકૂફ બનાવે છે. આ સંસાર ભૂંડો છે તેમ સમજવા દે નહિ. આ સંસારનું સુખ આત્માને ખરાબ કરનાર છે તેમ સમજવા દે નહિ.

અમે રોજ આ સંસારને ભૂંડો કહીએ છીએ, સંસારનું સુખ ભૂંડું છે, સુખનું સાધન સંપત્તિ ભૂંડી છે તે વાત સમજાઈ ગઈ છે ? તે સમજાવવા રોજ આ સંસારને ભૂંડો કહીએ છીએ તે વાત બેસે છે ?

સભા : આપ લક્ષ્મીને ડાકણ કહો છો તે વાત જ હજી બેસતી નથી.

ઉ.- તમે જૂઠ કોને માટે બોલો છો ? ભયંકરમાં ભયંકર ચોરી શેના માટે કરો છો ? તમારા જેવો માણસ ચોર હોય ? તમે જૂઠા છો તેમ કહેવાય ? મોટામાં મોટી ચોરી કરનારા આજે સુખી છે ને ? સુખી માણસ ચોર હોય ? તે એવો ચોર હોય કે જેનું વર્ણન ન થઈ શકે. તે ચોરી પણ હોંશિયારીથી કરે. આજે હોંશિયારમાં હોંશિયાર ભણેલા ચોરી કેમ કરવી તે શીખવે છે. આજે તો ટેક્ષની ચોરી કેમ કરવી. ખોટા ચોપડા કેમ લખવા તેનું શિક્ષણ આપનારી કોલેજો ચાલે છે. આ શિક્ષણમાં કુશળ હોય તેને સારી નોકરી મળે, નામાંકિત થાય છે તેના જેવા થવાનું જો તમને પણ મન હોય તો તમને નવકાર મહામંત્ર ગમ્યો કહેવાય કે સંસાર ગમ્યો કહેવાય ? જેને ડાકણ વળગી હોય તેને આ બધી વાત ન સમજાય. દુનિયાના સુખ માત્રને જ ઝંખે. તેના જ ફાંફા મારે તેને ખુદ શ્રી અરિહંત પરમાત્મા પણ ન સમજાવી શકે. તેવા જીવો તો ભગવાનની વાતની પણ મશ્કરી કરે. 'આ કેવી વાતો કરે છે. મોક્ષ તે હોતો હશે. લોકોને ફસાવે છે ઊંધે માર્ગે લઈ જાય છે.' તેમ તે કહે. અભવ્યજીવો દુર્ભવ્યજીવોને અને ભારે કર્મી ભવ્ય જીવોને ભગવાનની વાત પણ ગમે નહિ.

દાન ધર્મ લક્ષ્મીથી છૂટવા માટે કરવાનો છે, શીલ ધર્મ ભોગથી છૂટવા માટે કરવાનો છે, તપ ધર્મ ખાવા - પીવાદિની મોજમઝાથી છૂટવા માટે કરવાનો છે અને ભાવ ધર્મ આખા સંસારથી ભાગી છૂટવા માટે કરવાનો છે. દાન - શીલ - તપ અને ભાવ એ ચારે પ્રકારનો ધર્મ ભગવાને તમારા માટે શા માટે કહ્યો છે ? ધનથી, સંસારના સુખથી ભાગી છૂટો, મોજમઝા મારનારી લાગે, અંતઃકરણ કહે કે, આ સંસારમાં રહેવા જેવું નથી, ઝટ મુકિતમાં જ જવા જેવું છે. આવી ઈચ્છા ન થાય તે ગમે તેટલીવાર શ્રી નવકાર મહામંત્ર બોલે કે ગણે પણ તે ધર્મ પામ્યો કહેવાય ? જેને તે નમસ્કાર કરે તેનું જ તે માને નહિ તે કેવો કહેવાય ?

પ્ર.- માને નહિ તે સમજાતું નથી.

ઉ. - અમને માનો છો ? અમારું કહેલું સમજો છો ? અમારું કહેલ કરવું તેમ પણ બુદ્ધિમાં છે ? તો પછી ખોટા ઢોંગ શેના કરો છો ? તમે ખુલ્લં ખુલ્લા કહો કે - અમે ભગવાનને ય માનતા નથી અને ગુરુને ય માનતા નથી.

આપણા બધા ય ભગવાન જે છોડીને ગયા. જેનો ત્યાગ કર્યો તે મેળવવા ભગવાનને માને તો તે ભગવાનને માનનાર કહેવાય જ નહિ. તેવાને ભગવનાને માનનારા કહીએ તો તે લોકોને વધારે ઠગે છે. તેવા જીવો ફોગટની નવકારશી જમી જાય છે. તેનું પણ દેવું ચૂકવવું પડશે. જે શ્રી અરિહંત પરમાત્માદિ પાંચ પરમેષ્ઠિઓને માનતો નથી, તેમના જેવા થવાનું મન થતું નથી પણ રાજા, મહારાજા, શેઠ-સાહેબ થવાનું મન થાય છે તો તે કોને માનનારા થયા કહેવાય ? જેને માનતા હો તેના જેવા થવાનું મન થાય ? તમને શ્રીમંતાદિ થવાનું મન છે પણ મોક્ષે જવાનું મન છે ? તે માટે સાધુ થવું તેમ મન છે ? જેને માનો તેના જેવા થવાનું મન જ ન હોય તો તે માન્યા કહેવાય ?

ભગવાનની પૂજા - ભકિત કરનારો હજી પૈસાનો લોભી હોય તે બને. પણ લોભને ભૂંડો ન માનતો હોય તો તે ભગવાનને માનનારો ન કહેવાય ! ભગવાનના ભગતને પૈસો હાથમાં લેવો પડે તેનું જ દુઃખ હોય. તે તો માને કે- આ પૈસાથી જો હું સાવચેત નહિ રહું તો મને ગાંડો બનાવશે. આ પૈસાના રાગે ઘણાને ગાંડા બનાવ્યા છે. અધિક પૈસાવાળા જ વધારેમાં વધારે પાપ કરનારા મોટેભાગે હોય છે. અનેક ને દુઃખી કરનારા હોય છે, વિશ્વાસઘાત કરનારા હોય છે. જૂઠ બોલનારા અને લખનારા પણ હોય છે. તમારી પેઢીમાં નોકર જોઈએ તો તે નોકરી કરનારને શું શું કરવું પડે ? તમને નોકર પણ કયો ફાવે ? તમારા નોકર તમને ઓળખે છે. શેઠીયા નોકરને ગાળ દે. 'તું જાુઠ્ઠો છે' તેમ કહે તો ય સાંભળી લે છે. તે સમજે છે કે- મારી પાસે પૈસા નથી. માટે મને ગાળ દે છે. પણ મારો શેઠ મારા કરતાં પણ અધિક જૂઠ બોલે છે. મારો શેઠ લાખોની ચોરી કરે છે તેમ તેને ખબર છે.

તમે ભગવાનને ય માનો છો ? તમને ભગવાન ગમે છે ? સાધુ ગમે છે ? શાસ્ત્રો ગમે છે ? શ્રી નવકાર મહામંત્રમાં જેને નમસ્કાર કરો છો તેને માનો છો ? માનવા છતાંય પૈસાનો મોહ કરો છો ? પૈસાદિ માટે જૂઠ બોલો છો ? ચોરી કરો છો ? જો તમે આજે પકડાવ અને ગધેડે બેસાડીને ગામમાં ફેરવે તોય લોક કહે કે- 'તે જ દાવનો હતો.' તમારી કોઈ દયા પણ ન ખાય. આજે ઘણાએ સારી રીતે પાપ કરી શકાય તેવું શિક્ષણ મેળવ્યું છે. આજે ભણેલાં જેટલું પાપ કરે છે તેટલું અભણ પણ નહિ કરતા હોય ! માટે આજના ભણતરની નિંદા કરીએ છીએ. આજનું શિક્ષણ પામેલો મોટે ભાગે અનીતિબાજ હોય, તેના હાથમાં જે ચઢયો તે મર્યો સમજો ! આજનો ભણેલો પાપથી ડરતો હોય, ચોરીથી - જૂઠથી ડરતો હોય તેવો મળે ખરો ? લાખો મળે તો ય જૂઠ ન બોલે ! લાખો મળે ને હું સાવચેત ન રહું તો ગાંડો જ થવાનો તેવો પણ વિચાર આવે ખરો ?

આપણે ત્યાં શ્રી નવકાર મહામંત્ર માનનારની કિંમત છે નહિ કે માત્ર ગણનારની. આજે મોટું ટોળું માત્ર ગણનારનું છે. માનનારની તો કિંમત ગઈ છે. ગમે તેટલું પાપ કરતો હોય પણ ધર્મ કરે એટલે - ! આજના જેવા બેવકૂફ ધર્મી જગતમાં કોઈ નથી ! મહાહિંસકો મોક્ષે ગયા છે, સાતે વ્યસન સેવનારા પણ મોક્ષે ગયા છે પણ કયારે ગયા છે ? પાપ, પાપ લાગ્યું ત્યારે, દ્રઢપ્રહારી જેવો પણ મોક્ષે ગયો, જે સાતમી નરકમાં જવા લાયક હતો તેમાં શંકા હતી જ નહિ. બધાજ તેનાથી ગભરાતા હતા. જેને તે પ્રહાર કરે તે મર્યા વિના ન રહે માટે લોકોએ તેનું દ્રઢપ્રહારી એ પ્રમાણે નામ પાડયું હતું. જ્યારે એકવાર તેણે ગર્ભિણી બ્રાહ્મણીની હત્યા કરી અને ગર્ભને તરફડતો જોયો તેથી તે પ્રસંગ પામીને તે એકદમ ચોંકી ઊઠયો અને એકદમ તેની ચેતના જાગી ગઈ અને તેણે વિચાર્યું કે- મેં આ શું કર્યું ? બહુ માટું પાપ કર્યું.

ક્રમશઃ

# શું દૂધ લોહી છે ?

-પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ.

શું દૂધ એ લોહી છે ?

મેનકા ગાંધી જોરશોરથી એવો પ્રચાર કરે છે કે, ''દૂધ લોહી છે. માટે તે પીવાય નહિં''.

આ વાત તદ્દન વાહિયાત છે. ખૂબ ગેરસમજભરી છે. કદાચ કોઈ કાવતરાવાળી હોય.

દૂધ માત્ર ન લેતાં આપણે દૂધ એટલે તેની સાથે જોડાતું દહીં અને ઘી પણ લઈશું,

ના, ગોરસ કોઈ પણ હાલતમાં લોહી નથી.

આયુર્વેદની દ્રષ્ટિએ વિચારીએ.

શરીરમાં સાત ધાતુ છે. રસ, લોહી, માંસ, મેદ, હાડકાં, મજ્જા, વીર્ય. દરેક ધાતુને તૈયાર થતાં સાત દિવસ લાગે એ રીતે ૪૩ થી ૪૯ માં દિવસમાં આજે ખાધેલા ખોરાકનું વીર્ય થાય.

પહેલાં સાત દિવસમાં આજે ખાધેલા ખોરાકનો રસ થાય અને મળ પણ થાય, રસ શરીરમાં રહે મળ સંડાસ વાટે બહાર ફેંકાય.

૮મા દિવસથી ૧૪માં દિવસમાં લોહી બને. (આ પ્રમાણે આગળનું સમજી લેવું.) હવે ગાય આજે ઘાસ ખાય તો તેનું દૂધ સાંજે જ બની જતું હોય છે. પણ આજે ખાધેલા ઘાસના કણમાંથી લોહી ૮માં થી ૧૪માં દિવસમાં જ બને છે

જો દૂધ પહેલે દિવસે બને, લોહી આઠમા દિવસથી બનવા લાગે, તો શી રીતે દૂધને લોહી કહી શકાય ?

બીજી વાત કરું.

પૂર્વના કાળમાં આપણી ગાયો બહુધા ૧૦-૨૦ લીટર દૂધ આપતી હતી. (એ કુંડોધ્ની કહેવાતી) આ દૂધ સૌથી પહેલાં તેના અધિકારી બચ્ચાને ધવડાવાઈ જતું. બચ્ચું ધરાઈ ન જાય ત્યાં સુધી પિવડાવાતું.

હવે પછી ધારો કે ૮-૧૦ લીટર દૂધ ગાયના આંચળમાં બાકી રહ્યું છે તો તેનું શું કરવું ? જો તે દૂધ આંચળમાં વધુ સમય રહે તો ઝેર બની જાય એટલે તેને દોહી લેવું જ પડે. આ દોહવાયેલું દૂધ કાંઈ દરિયામાં ફેંકી ન દેવાય. એ પૌષ્ટિક પદાર્થ હોવાથી માણસો વાપરી જાય.

વર્તમાનકાળની ગાયો એક ટંકે માંડ બે-ત્રણ લીટર દૂધ દે છે. બચ્ચાંને પહેલેથી પીવડાવાતું નથી. પહેલું ભરવાડ શકય તેટલું વધૂ દૂધ દોહી લે છે. પછી ૦1 લીટરથી પણ ઓછું દૂધ બચ્ચાને મળે છે. બચ્ચું ભૂખ્યું રહી જાય છે. આ તો બહુ મોટી ક્રૂરતા કહેવાય.

પરંતુ દ્રષ્ટાંત લઈને દૂધનો સર્વથા ત્યાગ કરવાની વાતમાં મોટું જોખમ એ છે કે પછી ગાયની ઉપયોગિતા નહિ રહે.

જેમ ખેતીમાં ટ્રેકટર આવવાથી બળદ બિન ઉપયોગી બન્યો, તેથી સીધો કતલખાને ગયો. તેમ ગાયનું દૂધ નહિ પીવાથી; બચ્ચાંનો જન્મ નહિ થવા દેવાથી, બિન ઉપયોગી બનેલી ગાય સીધી કતલખાને ચાલી જશે.

જે લોકો ગાયના દૂધને માંસ કહીને દૂધ પીતા નથી અને એ પોતાને ઉત્કૃષ્ટ શાકાહારી માને છે તે લોકોને ખબર નથી લાગતી કે પછી ગાય કતલખાના ભેગી થઈ જશે અથવા તાજી જન્મેલી વાછરડીઓને મારી નાખવી પડશે.

ટ્રેકટરો આવતાં બળદ ખેતી માટે બિનઉપયોગી થયો. આથી લાખો બળદો કતલખાને ચાલી ગયા. શું ગાયનું પણ આવું જ કરવું છે ? મને કહેવા દો કે આજનો બુદ્ધિજીવી વર્ગ શૈક્ષણિક ડિગ્રી પામતાં પોતાને એટલો મહાન સમજી બેઠો છે કે કોઈ પણ વાત અડધીપડધી જાણીને પ્રજામાં ફેંકવા લાગે છે.

વિદેશી લોકોએ પરંપરાગત પવિત્ર મૂલ્યોને ખતમ કરવા માટે તેને ખૂબ હાંસી ઉડાવી છે. તે વસ્તુઓને ખોટી રીતે ચીતરી છે. થોડાંક નમૂના આપું.

(૧) નિર્જીવ ઈંડાં પણ હોય છે. (સાવ ખોટી વાત) તે જીવદયાવાળાઓથી ખાઈ શકાય.

(૨) દૂધ કરતાં ઈંડામાં પ્રોટીન વધારે હોય છે. માટે રોજ નાસ્તામાં એક ઈંડાનો રસ લેવો જોઈએ.

(૩) વરખમાં હિંસા છે.

(૪) માછલી દરિયાઈ ફળ છે. તેને સહુ ખાઈ શકે.

બુદ્ધિજીવી લોકોએ આવી રીતે કેટલાય પરંપરાગત મૂલ્યોનું બ્રેઈનવોશ કરી નાખ્યા છે. મેનકા ગાંધી પણ એ જ વાતનો ભોગ બની ગયાં છે.

પ્રાચીનકાળની માન્યતા હતી કે દૂધ અને પૂત (પુત્ર) વેચી શકાય નહિ. જો દૂધ વધ્યું હોય તો ગરીબોને મફત દેવાતું અથવા તેની છાસ કરીને સહુને દેવાતી. અહીં એ વાત જણાવું કે જ્યારે આ રીતે ગરીબ લોકો કશુંક (દૂધ કે છાસ) લેવા જતા ત્યારે તેઓ તે સુખી ઘરનું કાંઈને કાંઈ કામ કરી આપતાં વાસીદું કાઢતાં, ગમાણ સાફ કરતાં, ગાયોને ચરાવીને પાછી લાવતા. તેઓ માનતા હતા કે મફતનું આપણાથી લેવાય નહિ.

શ્રી કૃષ્ણના પ્રસંગને લગતી વાત કહું કે કનૈયાના વ્રજમાં સખીઓ માખણ કે છાશ લેવા જતી ત્યારે એકબીજાને કહેતી કે ચાલો કનૈયાના દર્શન થઈ જશે અને માખણ મળી જશે. થોડું કામ કરી દેશું. સંસ્કૃતમાં કહ્યું છે કે (ભાઈ ! છાસ તો ઈન્દ્રને ય ભાગ્યે જ પીવા મળે.)

વળી ( ) એ શબ્દો દ્વારા દૂધ કે દહીં ઉપર રહેનારા ઋષિઓની વાત કરી છે. ''જે દૂધના વ્રતવાળા હોય તે દહીં ન વાપરે, જે દહીંના વ્રતવાળા હોય તે દૂધ ન વાપરે.''

રાજા દિલીપને સંતાનપ્રાપ્તિ માટે નંદિની - ગાયની સેવા કરવાનો આદેશ ઋષિવરે આપ્યો હતો.

અંજનાસુંદરીએ દીકરા હનુમાનને એક વાતે ઠપકો આપતાં કહ્યું હતું. ''ઐસો દૂધ મેં તેરે કુ પીલાયો, હનુમાન ! તેં મેરો કુખ લજાયો.''

વળી એક વાત કરું.

દરેક જીવને તેના પૂર્વભવો હોય છે તેની ખાતરી માટે દાર્શનિક કહે છે કે બાળક જન્મતાંની સાથે જ સ્તનપાન કરે છે તે શી રીતે કરે છે ? તેણે કોણે શીખવ્યું ? કોઈએ નહિ. તેને પૂર્વભવોમાં જે સ્તનપાન કરેલું તેનું સ્મરણ થાય છે તેથી તે સ્તવઃ સ્તનપાન કરે છે.

અહીં આપણી વાત એટલી જ પ્રસ્તુત છે કે દરેક સંતાન જન્મતાં જ માનું દૂધ પીએ છે.

હવે પ્રશ્ન થાય કે જો દૂધ લોહી હોય તો તમામ માણસે એ જન્મતાંની સાથે માતાનું લોહી પીધું ? આવું તો કેમ કહેવાય ?

હા એ વાત સાચી છે કે પશ્ચિમી જીવનશૈલીની રૂએ માતાઓ સંતાનોને સ્તનપાન કરાવતી નથી. પણ સબૂર ! હવે એ પણ ફરી ચાલુ થયું છે કેમ કે વૈજ્ઞાનિકોએ સંશોધન કરીને જાહેર કર્યું છે કે જે સ્ત્રીઓ સ્તનપાન ન કરાવે તેમને સ્તનનું કેન્સર થવાની ખૂબ સંભાવના છે.

માતાનું દૂધ જો બાળકને શરૂના મહિનાઓમાં ધવડાવાય તો એ બાળકનું શારીરિક બંધારણ એકદમ ઉત્કૃષ્ટ બને.

જૂના જમાનાની માતાઓ પોતાના ૧૫-૨૦ વર્ષના કિશોરોને કહેતી, 'બેટા ! ક્યાંક અન્યાય થતો હોય તો લડવા જાને ! ધીંગાણું કર. ધણધણાટી બોલાવ. બેટા ! મને ખબર તો પડે કે મેં તને કેવું દૂધ પાયું છે ?'

સૌંદર્યનો નાશ થવાના જૂઠા ભયથી આજની સ્વાર્થી માતાઓ પોતાના સંતાનોને ધવડાવતી નથી. આથી તે સંતાનો બાટલીનું દૂધ પીને શારીરિક રીતે સાવ નબળા થાય છે.

એમ કહેવાય છે કે જન્મથી જ થોડાક દિવસો સુધી જેને મા ધવડાવે છે અને જેની સાથે ખૂબ ગેલ કરે છે. ગમ્મત કરે છે. ઉછાળીને ખોળામાં લે છે. છાતીસરસું ચાંપે છે એ બાળકનું શારીરિક બંધારણ આજીવન ખૂબ મજબૂત રહે છે.

ઓ બુદ્ધિજીવી લોકો ! મહેરબાની કરીને તમે આડેધડ પૂરી જાંચ તપાસ કર્યા વિના જે તે નિવેદનો ન કરો. તમારી વિશિષ્ટ પુણ્યાઈને લીધે મોટી સંખ્યાના લોકો તમારાં જૂઠાણાંઓ તરફ દોરવાઈ જાય છે.

યોગીઓએ એકમતે જેને ધરતીનું અમૃત કહ્યું છે એવું માતાનું કે ગાયનું દૂધ કોઈ પણ તર્કથી ત્યાજ્ય નથી.

હા ડેરીના વાસી અને રોગિષ્ટ દૂધના તો અમે પણ વિરોધી છીએ.

હોલ્સ્ટીન, જર્સી વગેરે ક્રોસ - બ્રીડીંગ (આ અતિ ભયંકર બાબત છે) ગાયોના દૂધ પણ અમને માન્ય નથી (૧) એ રોગોત્પાદક તત્ત્વો છે. (૨) તેમનાથી સ્વદેશી ગાયોમાં રોગચાળો થાય છે. (૩) તે ટૂંક સમય માટે જ દૂધ આવતા હોવાથી તેમની માંસલ કાયા કતલખાના માટે ઉપયોગી બની જાય છે. (૪) તે ખૂબ ખર્ચાળ છે. (૫) તેમને એરકન્ડીશન્ડ રૂમમાં રાખવાં પડે છે. આવો ખર્ચ અમારા ખેડૂતોને ન પોષાય.

જે ઓકસીટોસીનની ક્રૂર પ્રક્રિયા કરીને દૂધ પ્રાપ્ત કરાય છે તે કોઈને પણ માન્ય ન હોય.

(મુક્તિ દૂત)

■ ■ ■

**આપણી રોજીંદી પ્રવૃત્તિમાં જાણે અજાણે લાગતાં પાપોના પ્રાયશ્ચિત માટે શ્રી જૈન શાસનમાં દેવસિ તથા રાઇ પ્રતિક્રમણનો વિધિ બતાવવામાં આવેલ છે. આમ છતાં જે પાપોની શુદ્ધિ થઈ નથી. તેને માટે વિશિષ્ટ પ્રકારે પાક્ષિક - ચાતુર્માસિક તેમજ સંવત્સરિ પ્રતિક્રમણની રચના કરવામાં આવેલ છે. આ ત્રણે પ્રતિક્રમણમાં વિસ્તારથી બોલતા અતિચારને કારણે યાદ કરવા રહી ગયેલા પાપો પણ યાદ કરીને તેનું 'મિચ્છામિ દુક્કડં' માંગવામાં આવે છે. આવા મહાપવિત્ર અતિચારોની એક વકીલ સાહેબે કરેલી ક્રૂર મશ્કરી અને તેની અવિચારી રચનાનો સૌને ખ્યાલ આવે એ હેતુએ તેઓના બનાવેલા અતિચાર અત્રે રજુ કરીએ છીએ.**

વિશેષતઃ વિદ્યાર્થી તણે ધર્મ શ્રી સમ્યક્ત્વ મૂલ બાર વ્રત તણા એંશી અતિચાર :-

પહેલે સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ વ્રતે પાંચ અતિચારઃ રામા, ઘાટી, સુપ્રીટેન્ડન્ટ, ભૈયા, પ્રમુખ નોકર વર્ગે રીસવશે, ગાઢો ઘાવ ઘાલ્યો, અધિક કામ કરાવ્યા, આઠમ-ચૌદશે લાલ ચટણી જોઈ મોઢું બગાડયું, લીલોતરી તણી વાંચ્છના કીધી, જીવરક્ષા રૂડી ન કીધી, અણગળ પાણી વાપર્યું, રૂડી જયણા ન કીધી, શરીરાદિમાં લઠ્ઠત્વ આણવા ઈંડા, આમ્લેટ, કોડલીવર આદિ અભક્ષ્ય ચીજોનું સેવન કીધું, વંદા, માંકડ આદિનાં ઈંડા વિછોહ્યાં, પલંગમાં માંકડ તણો ઉપદ્રવ થવા દીધો, થતે છતે ખાટલા તડકે નાંખ્યા-ઝાટકીયાં, અનાર્ય બુદ્ધિ અને કારખાને ઉત્પન્ન સ્ટવ - ઘાસતેલાદિથી માંકડ પ્રમુખ જીવોને સેકયા, પલાળ્યા, ડૂબાડયા, પહેલે સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ વ્રત વિષઈઓ અનેરો જ કોઈ અતિચાર સત્ર દિવસ માહિ... ।૫॥

બીજે સ્થૂલ મૃષાવાદવિરમણ વ્રતે પાંચ અતિચાર; કોલેજ તણે ક્ષેત્રે ખોટા બહાનાં કાઢી છૂટી મેળવી, અનેરાની ગેરહાજરીમાં પોતે હાજરી પૂરાવી, પ્રિયજન સહ હોટલ મેટીનીનો ભોગ પામવા શરીરાદિના નાના - મોટા રોગોના બહાનાં કાઢી છૂટી મેળવી, મોટકી રજા મેળવવા સ્વગૃહાત માંદગીના ખોટા તાર - તંબૂરા કરાવ્યા, ડોકટર તણા ખોટા સર્ટીફીકેટ આણ્યાં, અત્ર વિદ્યાલય તણે ક્ષેત્રે સૂપરને થાપ આપી, નટ-નટી પ્રમુખ જીવો કામ કરતાં હોય તેવે સ્થળે વિચર્યા, પ્રત્યાગમને રામા-ભૈયા પ્રમુખ નોકર વર્ગને ફોડયો, સંવત્સરી તણે મહાપર્વ વિદ્યાલય તણે રસોડે ઈંગાલ કર્મ કહેતાં રાંધાણ પ્રધાન ક્રિયાઓ બંધ હોવાથી 'રામભરોસે હોટલ'નો આશરો સેવ્યો-સેવરાવ્યો, આઠમ - ચૌદશે લીલોતરી જાણવા છતાં 'સૂકી ભાજી આરોગી, સીનેમા, હોટલ પ્રમુખ મોજમજાહ માણવા બાપાદિ વડિલો કન્હે પુસ્તક ખરીદાદિ અનેરાં બ્હાનાં કાઢી ધનોપાર્જન કીધું, પૂજાદિ ન કીધે છતે ચોપડે નામું લખ્યું-લખાવ્યું, અનેરાં મોટકાં નિયમ તોડી મોટકું જુઠું બોલ્યા, બીજે સ્થૂલ મૃષાવાદ - વિરમણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસ માંહિ... ॥૬॥

ત્રીજે સ્થૂલ અદત્તાદાનવિરમણ વ્રતે પાંચ અતિચારઃ અત્ર કોલેજ તણે ક્ષેત્રે કન્યકાની પાછલી બેન્ચે આસન પ્રસ્થાપી અંબોડા તણાં ફૂલ સીફતે કરી કાઢયાં, સુંઘ્યાં, એક કન્યકાનાં લટકતે પૂંછડે અનેરી કન્યકાનું પૂંછડું બાંધ્યું - ભેગું કર્યું- બાંધ્યું, લટકતા લાંબા ચોટલા તણા છેડા કાપી મોટકું પાપ કર્યું, જાણ્યે-અજાણ્યે અદત્ત દિલનું મોટકું દાન લીધું સ્કોલરશીપ ગ્રહણ સમયે શ્વેતાંબર, દિગમ્બરના ભેદ વિસાર્યા, અનેરો હોવા છતાં અનેરા કહી Admission, સ્કોલરશીપ, પુસ્તકાદિના ખોટા લાભ મેળવ્યા, કોલેજ - વિદ્યાલયના કલાર્કને ફીએ ભુલાવ્યા; મોદી, હોટલ, પાનવાલા આદિના બીલ ભુલાવ્યા - ઓળવ્યા, મહિને લેખે - પલેખે ભુલવ્યા, કલબ તણા મેનેજર બની ખોટા ભાવ-બીલ બનાવી સુટાદિ વસ્ત્રોનાં પરિધાન કીધાં, અનેરાની ગેરહાજરીનો લાભ લઈ અનેરાના તેલ, બીલીયન્ટાઈન, સ્નો, પાવડર આદિનાં મોકળે હાથે વિલેપન કીધાં, બ્લેડ, કાંસકા, કાંસકી, ચાટલા, ટુથ - પેસ્ટ દુવિધા બ્રસ - ટુથ અને પોલીશ, ત્રિવિધ લેખિની - હોલ્ડર, ફાઉન્ટન, પેન્સીલ, પ્રમુખ, અદકી વસ્તુઓ ઓળવી લીધી - ખીસવી, ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ...॥૭॥

ચોથે સ્વદારાસંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રતે પાંચ અતિચાર; અપરિગહિયા કહેતાં પરણ્યે છતે કુમારિકાથી વાત ગોપવી, પરોક્ષપણે લગ્નની આશા સેવડાવી, ઈતરઃ અનેરા કુમારે નક્કી કરેલ કુમારી સાથે લાગણી તણા વહેણ છુટા મૂકી પ્રણયત્રિકોણો ઉત્પન્ન કીધાં, અણંગઃ સ્વપ્નદોષ, હસ્તદોષ અને મનદોષ થયો - કર્યો - વાંછયો, વિવાહઃ પોતાના સિવાયના ભાઈબંધ, બહેનપણીઓના વિવાહ કીધા - ભગાડયા. કોર્ટ તણે ક્ષેત્રે સાક્ષી બન્યા, આર્યસમાજ

પ્રધાન સંસ્થાઓમાં કન્યાદાન કીધાં, જોડકાં વખાણ્યાં, તિવ્ર અનુરાગઃ સ્વદારે અણગમ્યે ગમન કીધાં, પેસરી પ્રધાન સંતતિનિયમનના ઉપાયો કીધાં, મળવા મુકવા વિષે તીવ્ર અનુરાગ કીધો, શનિ-રવિ અનેરી રજાઓમાં કોલેજ તણે દ્વારે મળ્યા - મૂકયાં, પ્રિયજને દૂરે ઉપસ્થિતે પત્રાદિના અભાવે વ્યાકુળતા દાખવી, અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર સુહણે સ્વપ્રાંતરેં હુઆ, કુસ્વપ્ન લાધ્યાં, નટ, વિટ, કન્યકાશું હાંસુ કીધું, ચોથે સ્વદારા સંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ...॥૮॥

પાંચમે પરિગ્રહપરિમાણ વ્રતે પાંચ અતિચારઃ ચોપડા, ચોપડી, ટેબલ, ખુરશી, ખાટલા, ગાદલા, ઓશીકા, ચટાઈ, ચાદર એ નવવિધ પરિગ્રહ તણાં નિયમ ઉપરાંત વૃદ્ધિ દેખી મૂર્ચ્છા લગે સંક્ષેપ ન કીધો, વૃદ્ધિ થતાં પાર્ટનર તણે લેખે કીધો, માતા, પિતા, સ્ત્રી તણે પૈસે માસિક ખર્ચ ઉલંઘ્યા, પાંચમે પરિગ્રહ પરિમાણ વ્રત વિષઈઓ જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ...॥૯॥

છઠ્ઠે દિગ્પરિમાણ વ્રતે પાંચ અતિચારઃ ઉર્ધ્વ દિશિ, અધો દિશિ, તિર્યંગ દિશિએ ચાલુ ટર્મે ઘર માથેરોન પ્રમુખ સ્થળોએ ગમનાગમન કીધાં, પાઠવણી કહેતાં અનેરી કોલેજની નોટિસ આદિ મંગાવ્યા, વર્ષાકાળે પાળા એલીફન્ટા આદિ સ્થળોએ વહાણ - વ્યવસાય કીધો, છઠ્ઠે દિગ્પરિમાણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસ માંહિ... ॥૧૦॥

સાતમે ભોગોપભોગવિરમણ વ્રતે ભોજનાશ્રયી અને કર્મહુતિ મળી બાર અતિચાર દ્વય ટંકે ભોજન કરતે છતે કાતરી, સળી, ગુજરાતી - દક્ષિણી અવં દ્વિધા ચેવડો, બટાકા, પૌંઆ, વડા, શકરપણેં, ઈડલી, ઢોંસા, સુકી ભાજી, પાતલભાજી, બુંદી, ખારી, ગળી, પૌંઉં, મસ્કાખારી, ચણા, મમરા, ભુસું આદિ વસ્તુઓને અનુક્રમે તેમજ વગર ક્રમે આરોગ્યા - ચાવ્યા, વાગોળ્યા, હોટલમાં ચાહ, દૂધ આદિ પ્રવાહી પદાર્થો વિષે આવેલાં, કીડી, મકોડા, માખી, પ્રમુખ ભવ્ય જીવો જોવા છતાં કાઢી પી ગયા, અન્ય વેળાએ કીડી, મકોડી, માખી તણા અંગોપાંગની ઉપેક્ષા કરી ચાહ આદિનું સેવન કીધું સુરજ આથમે રાત્રી વેળાએ હોટલ ગમન કીધું, લગભગ વેળાએ વાળું કીધું, બોણી - બક્ષીસ આદિના પ્રભાવે કરી રામા રસોયાએ તે અંગે આંખ આડા કાન કીધાં, દિવસ વિશાળ્યે શિરાવ્યાં, એવં રાત્રિના પ્રથમ પહોરનાં દૂધના સંઘરા કીધા, તે તણો ચોથે પહોરે ચાહ બનાવી ઉપયોગ કીધા, નિભાડા પચાવ્યા, એવં પાંચ - પચ્ચીસ મિત્રો માટે ચાહના તપેલા ચઢાવ્યા, અણશોધ્યા સ્ટવ સંધુકયા - સળગાવ્યા, ચાહ, દૂધ, ખાંડ તણા ભાજન ઉઘાડાં મૂકયાં, તે માંહી માખી, કુંતિ, ઉંદર, ગિરોળી, પડી - કીડી ચઢી તેની જયણા ન કીધી, સાતમે ભાગોપભોગ વિરમણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહી... ॥૧૧॥

આઠમે અનર્થદંડવિરમણ વ્રતે પાંચ અતિચાર : વિટ, ચેષ્ટા, હાસ્ય, ખેલ, કુતુહલ ટાણે મુખારવિંદે ઉર્ફે ડાચે દિવેલ પીધા તણા ભાવ આણ્યા, શનિ, રવિ તથા અનેરે મહાપર્વ વાંચવા - લખવા તણા નિયમ ઉલંઘ્યા, ચોપાટી પાલવા કીધાં નહિ, સંવત્સરી તણે મહાપર્વ જૂગટે રમ્યા, અતિ નિદ્રા - અલ્પ નિદ્રા કીધી, નિદ્રાકાળ બદલ્યો, બપોરે ઘોર્યા, રાત્રિએ હીરા પારખ્યા, એવં ઝોકને માથે વાંચવા - લખવાની ચેષ્ટા કીધી, રાગદ્વેષ લગે એકને સ્કોલરશીપ વાંછી, અન્યને નાસીપાસી દુડી - તીડી ઈચ્છી, આઠમે અનર્થ - દંડવિરમણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ... ॥૧૨॥

નવમે સામાયિક વ્રતે પાંચ અતિચારઃ નિયમ લઈ અધ્યયને બેઠે છતે મન અહિં - તહિં ભટકયું, કુવિચાર કીધો, છતી વેળાએ પાઠ ન ભણ્યો, પાઠ ભણતે છતે 'તુમ્હીને મુઝકો પ્રેમ સિખાયા' આદિ ગાણા - ફટાણાં બોલ્યા, નિંદિધ્યાસન કીધાં, ઝોકાં ખાધાં, પુસ્તક ભોંય ભેગા થયા, પાઠ ભણવો મૂકયો, વાત, વિકથા, પ્રેમી તણી ચિંતા કીધી, નવમે સામાયિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ... ॥૧૩॥

દશમે દેશાવગાસિક વ્રતે પાંચ અતિચાર :- આણવણે, પેસવણે; નિયમિત ખોલીમાંથી બારીએથી હેટ ઉતારી ભુંસા પ્રમુખ ખાવાનું ખેંચ્યું, આપણ કન્ડે થકી તેની કિંમત પાઠવી અથવા રૂપ દેખાડી તાળી પાડી, સાદ કરી હોટલમાં ખાવાપીવા તણા ઓર્ડર આપ્યા, દશમે દેશાવગાસિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ... ॥૧૪॥

અગ્યારમે પૌષધોપવાસ વ્રતે પાંચ અતિચારઃ- સંથારૂચ્ચારવિહિઃ દિવસ યા રાત્રિ તણી કોઈ પણ ઘડીએ સુતાં- બેસતાં-ઝોકતાં, લાંબે ટાંટીએ વાંચતાં, ચાદર અણપાથરે પથારી તણો ઉપયોગ કીધો, પગ પ્રમુખ મલીન ગાત્રો અણધોયે સંથારે પડતું મેલ્યું, મલ-મૂત્રાદિનાં મોટકાં

વિસર્જન કરી ફલશ ખેંચી નહિ, થુંક-શ્લેષ્માદિના અદકાં વિસર્જન ચાલી પુટપાથે કીધાં, અત્ર પૌષધશાળા એટલે કલાસમાંહી પેસતાં 'નિસ્સિહિ' એવાં 'May I Come in sir'' નીરસતાં 'આવસ્સહિ' 'May I go our Sir ?' આદિ વાકયોએ કરી શિષ્ટાચાર રૂડી પેરે પાળ્યો નહિ, પરીક્ષા છતે કલાસ Attend કીધો નહિ, સંવત્સરી તણે મહાપર્વે વ્રતોપવાસ વિના અત્તરવાયણાં - પારણાં કીધાં, કાનુન, કાયદા તણી દ્રષ્ટિએ ઉપવાસ કરી, 'પુરોહિત કોસ્મોપોલીટને' ક્ષુધાશાંતિ કરી - કરાવી, તત્ર બટાટા પ્રમુખ કંદમૂળ આદિ અભક્ષ્ય ચીજોનું સેવન કીધું - કરાવ્યું, અગીયારમે પૌષધોપવાસ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ... ॥૧૫॥

બારમે અતિથિસંવિભાગવ્રતે પાંચ અતિચાર :- સચિત્તે નિખ્ખિવણે; રાત્રિની વધી - ઘટી ચાહ સકાળે ચાહના ગરાડીને ધરી - પાઈ - ઢેંચાઈ, પિહિણે : મહેમાન પરોણે આવ્યે છતે ચાહ આદિ પેય તૈયાર હોવા છતાં ગોપવી રાખી, યોગ્ય સત્કાર ન કીધો, વવએસ : ચાહ આદિ નહિ પાવાની દાનતે કલબ તણે છતે મેમ્બરે મહેમાન સમીપ નન્નો ભણ્યો, મચ્છરે : ગુંદરીયા, ચીટકણીયા પ્રધાન ભૂખડાબારસોનાં સ્વાગત બળતે મને બબડાટ કરી કીધાં, કાલાઈક્કમદાણે : હોટલાદિના કાળ અણશરૂ થયે વા વ્યતીત થયે મિત્રો નોતર્યા, બારમે અતિથિસંવિભાગ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ... ॥૧૬॥

તપાચારના બાર ભેદ : છ બાહ્ય, છ અભ્યંતર, અણસણ : પરીક્ષા અદૂરે ઉપસ્થિતે એકધારાં સતત વાંચન છતી શક્તિએ કીધાં નહિ, ઉણોદરી વ્રત : તે પરીક્ષા હોલ સમીપે પહોંચતે છતે પણ અકરાંતીયા કરી ભણ્યો, વૃત્તિસંક્ષેપ રસત્યાગ: નાટક, હોટેલ, સીનેમા પ્રધાન રસવસ્તુઓનો સર્વથા ત્યાગ ન કીધો - સંક્ષેપ ન કીધો, કાયકલેશ : વહેલી સવારે પથારી ત્યાગદિનાં કષ્ટ સહન કર્યાં નહિ, સંલીનતા : એક પાટલી પર બેઠે છતે આગલી પાટલી પર પાદકમળ કહેતાં ટાંટીયા લંબાવ્યા, મોડા ઉઠી દાતણ, દાઢી, સ્નાનાદિ નિત્યકર્મ વિસાર્યા, બાહ્ય તપ વિષયઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ... ॥૧૭॥

અભ્યંતર તપ : પાયચ્છિત્તં વિણઓ : નિયમ તોડયે છતે ગુરૂ પ્રમુખ વડીલો કન્હે આલોયણા ન લીધી, જ્ઞાન - ગુરૂ - આલ્મામેટર પ્રત્યે વિનય સાચવ્યો નહિ પાર્ટનર - ભાઈબંધ - ગુરૂ આદિનું વૈયાવચ્ચ ન કીધું, વાંચના - પૃચ્છાના - પરાવર્તના અનુપેક્ષા - ધર્મકથા, એ પંચવિધ સ્વાધ્યાય ન કીધો, કોલેજ ધ્યાન- વિદ્યાલય ધ્યાન ન ધ્યાયા, નાટક ધ્યાન હોટેલ ધ્યાન - ધ્યાયા, અભ્યંતર તપ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ. ॥૧૮॥

વીર્યાચારના ત્રણ અતિચાર : અણિગુહિય બલવીરીઓ : પઢવે, ગુણવે, વિનય, વૈયાવચ્ચ - એ ચતુર્વિધ સ્વ - પર કૃત્યોને વિષે મન, વચન, કાયાતણું છતું બળ - વીર્ય ગોપવ્યું, સલામ જય જય - શેકહેન્ડ રૂડી પેરે કીધાં નહિ, કલાસમાં અન્યચિત્તે નિરાદરપણે બેઠા સમય ન પૂરો થયે છતે કલાસમાંથી ઘર આદિ સ્થળોએ પડિકમણું કીધું વીર્યાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ... ॥૧૯॥

એવંકારે વિદ્યાર્થી તણે ધર્મે શ્રી સમકિત મૂલ બાર વ્રત આશરે એકસો ઓગણીશ અતિચાર માંહિ અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ જાણતાં - અજાણતાં હુઓ હોય, તે સવિ હું મને વચને - કાયાએ કરી મિચ્છામિ દુક્કડમ... ॥૨૦॥

**પ્રવચનધારા- વર્ષ - ૩, અંક-૬ માંથી સાભાર.**

*જીવનનો આ સરવાળો છે કે બાદબાકી. સાઠ વર્ષ સુધી તો જીવને કોઈ સદ્‌વાચન, સદ્‌ગુરુઓનો પરિચય, સદ્‌ધર્મનું આચરણ અને સુકૃત્ય કરવા માટે સમય મળતો નથી જીવતર મળવું સાધના કરવા માટે પણ તે છોડી ભવસાગરમાં ડૂબવાની પ્રવૃત્તિ કરવી એ અનુચિત છે.*

*-રશ્મિકા*

**સોનેરી સૂચન**

હિંગ, મરચું ને આમલી, સોપારી અને તેલ
જો ગાવાનો શોખ હોય તો પાંચેય વસ્તુ મેલ.
દૂધ, સાકરને એલચી, વરિયાળી ને દ્રાખ
જો ગાવાનો શોખ હોય તો પાંચેય વસ્તુ રાખ.

**-વિરતિ**

આસક્તિ ત્યાં અશક્તિ
વિરાગ દ્રષ્ટિ ત્યાં વિરાટ સૃષ્ટિ

શ્રી જૈન શાસન વિશેષાંક પાના નં. ૨૦૧ નો સુધારો

# શ્રી જૈન શાસન દીપોત્સવી
# પરીષહ કથા વિશેષાંકને શુભેચ્છા

હાલારી વીશા ઓસવાળ સમાજના ટોપના કાર્યકર્તાઓમાં નામાંકિત તથા જામનગર શ્રી વિમલનાથ દેરાસર શ્રી સંઘના નિર્માણ માટેના જીવનભરના કર્મઠ તથા સંપૂર્ણ રીતે જૈનશાસન ને જીવનભરના વફાદારી

**પૂજ્ય પિતાશ્રી રાયશીભાઈ દેવશીભાઈ ગલૈયા**

તથા **માતુશ્રી રૂપાબેન રાયશીભાઈ ગલૈયાને** શ્રદ્ધાંજલી



**શાહ રાયશીભાઈ દેવશીભાઈ ગલૈયા**
જન્મ તારીખ: ૨૧-૧૦-૧૯૦૩ કારતક સુદ ૧
સ્વ. તા. ૨૪-૪-૧૯૮૮ ૨૦૪૪ વૈશાખ સુદ ૮



**શ્રીમતી રૂપાબેન રાયશીભાઈ ગલૈયા**
જન્મ ભાદરવા સુદ -૪
સ્વ. તા. ૧૭-૩-૧૯૯૨ સં.૨૦૪૮ ફાગણ સુદ ૧૪

## કર્મની કથા

વાણારશીમાં ગંગાનદી પાસે મૃદ્ગંગા નામનો મોટો દ્રહ છે. તેની બાજુમાં માલુકા કચ્છ નામનું ગહનવન છે. ત્યાં બે દુષ્ટ શીયાળીયા રહેતા હતા. તે ક્રુર ને ભયંકર હતા. એકદા તે દ્રહમાંથી બે કાંચબા બહાર નીકળતાં શીયાળીઆ જોઈ ગયા. તે પાસે આવતાં કાંચબાઓને અંગ સંકોચીને રહ્યા. શીયાળીઆએ ઘણી મહેનત કરી પણ તેઓએ પોતાના શરીરનો કોઇપણ ભાગ બહાર કાઢયો નહિ. એટલે થાકીને તે બે શીયાળીઆ નજીકના ભાગમાં સંતાઈને રહ્યા. થોડી વારે એક કાચબા એ પોતાના અંગો બહાર કાઢયા તે પેલા શીયાળીઆએ જોઈ તુરત આવીને ગળે પકડી પૃથ્વી પર નાખી નખના પ્રહારથી મારીને ખાઈ ગયા એટલે બીજો કાચબો પોતાના અંગ વધારે સંકોચીને ઢાલની અંદર ઘણીવાર સુધી રહ્યો. છેવટે પેલા શિયાળીઆ થાકીને બીજે જતા રહ્યા. પછી કાચબાએ ડોક બહાર કાઢી બરાબર જોયું તો શીયાળીઆ દેખાય નહીં. પછી જલ્દીથી ચાર ચરણ બહાર કાઢી દોડતો મૃદ્ગંગા નામે પેસી ગયો ત્યાં પોતાના કુંટુંબને મળી સુખી થયો. કથાનો સાર એ છે કે જે સાધુઓ પોતાનાં અંગોપાંગ સંકોચી કુમાર્ગે જતા નથી તે સુખનો પામે છે અને જેઓ અંગોપાંગ સંકોચતા નથી તેઓ બધા કાચબાની જેમ મૃત્યું પામે છે.

## શાહ રાયશી દેવશી ગલૈયા પરિવાર

**સુરેશચંદ્ર રાયશી ગલૈયા**
૧૯૪૩/૧૦, અશોકનગર, કલ્યાણ રોડ,
ભીવંડી.

**કિશોરચંદ્ર રાયશી ગલૈયા**
૪૪, દિગ્વિજય પ્લોટ,
જામનગર.

સાંપ્રતના શ્લોકો:

# સૂરિરામના નિનાદે
# વ્યસનીનો વિક્રમ

— શૌર્યવાણી

પૂરા અગ્યાર લાખ વર્ષો વ્યતીત થયા; તે પુરુષોત્તમને. ભારતવર્ષની ભવ્ય ભૂમિ પર ત્યારે શ્રી રામચન્દ્રજી અવતર્યા. રામાયણની વિશ્વ વિખ્યાત કથા પ્રાદુર્ભાવ પામી. પુરુષોત્તમ શ્રી રામચન્દ્રજી એ 'તે' પોકારો પાડયાં અને વાનર વંશીયોની નસેનસમાં ખૂન્નસના મહાસાગરો ઉભરાઈ આવ્યા.

મહાસતી સીતાદેવી અપહૃતા બનીતી. અપહૃતા સીતાની પુન: પ્રાપ્તિ માટે વાનરોએ પોતાના જીવનની આહુતિ આપી દીધી. એ આહુતિ સતીની રક્ષા માટેની તો જરૂર હતી જ, સબૂર! તે કરતાંય વધુ તે આહુતિ સંસ્કૃતિની રક્ષા કાજેની બની ગઇ.

શીલધર્મની છડીઓ પુકારતી અને સંયમની સ્થાપના કરતી ભારતીય સંસ્કૃતિની પરિરક્ષા કાજે ત્યારે સંઘર્ષનો જ્વાળામુખી પણ પ્રગટયો.

રામચન્દ્રજીના એક જ સાદે કિષ્કિન્ધાના વાયુમંડલમાં પણ સાંસ્કૃતિક સત્યોની સલામતિની ભાવના ઘૂમરાવે ચડી. જેના પુન્યસ્પર્શે સંખ્યાબન્ધ વાનરવીરો શહીદ બનવાને થનગની ઉઠ્યા. શ્રીરામચન્દ્રે તરતા મૂકેલા ધર્મરક્ષાના આહ્વાને તેમના અણુએ અણુમાં ખૂન્નસ ધસી આવ્યું. અને સાચ્ચે જ એક વિક્રમ સર્જાયો.

રાક્ષસવીરોની અજેય સેના પણ ચંચળાતાની મૂર્તિસમા વાનરવીરોના ડાબોડા હાથે મસડાતી ગઇ. મુરઝાતી ગઇ. મોતને હવાલે પહોંચતી ગઇ. બેશક! એ નોંધવુ રહ્યું કે વાનરોના આ પરાક્રમની ભીતરનો પ્રાણવાયુ જો કોઇ બન્યા હોય તો તે શ્રી રામચન્દ્રજી.

બસ! લાખ્ખો વર્ષો પુરાણા આ ઇતિહાસે નજદીકના જ ભૂતકાળમાંય પાછુ તુલનાત્મક પુનરાવર્તન નોંધાવ્યું.

જયવન્તા શ્રી જિનશાસનની એક એવી પ્રતિભા, કે જે પ્રતિભાનું જીવન કવન બહુધા પૌરાણિક રામાયણની તાત્ત્વિકતાને સ્પર્શ કરી જાય, તે પ્રતિભાવીરનું પુન્ય નામ હતુ: ''વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ.''

દશરથનન્દન રામના સાદે ત્યારે પેલા વાનરવીરોએ પૃથ્વી પર નવોતરા કીર્તિમાનો પ્રસ્થાપિત કર્યા. તો હા! સમરથ - નન્દન 'સૂરિરામ'ના ધર્મનાદે કઇ કેટલાય વિકારીઓ અને વિલાસીઓએ કલિયુગમાંય ધર્મનો મહામન્ત્ર રટી જાણ્યો.

અનેકોના દિલ-દિમાગમાં રાસડે રમતી સૂરિરામની તે ધર્મવાણીએ અનેકોના જીવનોદ્ધાર કર્યા. જિર્ણોદ્ધાર કર્યા. ઇતિહાસ જે ઘટના ક્રમોને 'વિક્રમ'નો ઇલ્કાબ એનાયત કરીને જ ઝંપ લેશે.

આમ તો, સૂરિરામની ધર્મવાણી બહુવિક્રમી બની રહે તેમ છે. તેમ છતાં તે રામવાણીના એક જ સ્પર્શે કથીર મટીને કંચન બની જનારા એક ઉદાહરણનો ચાલો! વિચાર પ્રવાસ પ્રારંભીએ.

આપણે તે તરવરીયા તરુણને વીરેશના નામે પહેંચાનીશું.

એના તનમા તરવરાટ જરૂર હતો, અલબત્ત! વિનાશનો. બીડી- સીગારેટ અને પાન-ગુટખા જેવા વ્યસનોના તાતા તીરોથી તેનુ મોં પુરેપુરુ સીવાઇ ગયુ તુ. વ્યસનોનો તે કેદી વ્યસનોની પક્કડમાં એવો તો સજ્જડ બની ગયો, કે ધર્મ તો તેને સ્વપ્નમાં પણ સ્ફૂરે નહિ.

- વ્યસનોને તે વિવશ બન્યો.
- નાસ્તિકતાની ભેખડોની નીચે તેનુ સારુય બુધ્ધિધન દટાતુ ચાલ્યુ.
- ધર્મ વિમુખતાના શસ્ત્રોથી તેનુ માનસ વીંધાતુ ચાલ્યું.

આ યુવકનો આટલો આંતિરક પરિચય મેળવી લઇ તેની ભાતીગળનો પણ પ્રવાસ કરીએ.

શાસ્ત્રના પાને પ્રશંસાને પામેલી સડસઠ તીર્થભૂમિઓ પૈકીની જ એક તીર્થભૂમિ તે વીરેશકુમારની જન્મભૂમિ હતી. તે આથી જ બડભાગી પણ ગણાય. તીર્થભૂમિમાં જન્મ મળે પણ કયારે? એનુ સદ્ભાગ્ય પાછુ આટલું જ સીમિત ન હતુ; તેના સૌભાગ્યની સીમા તો આથી ય વધુ વિસ્તરી હતી.

મમતાળુ માતા અને પ્રેમાળ પિતા.. સ્નેહલ સ્વજનો અને સુન્દરશરીર.. જગદુધ્ધારક જિનધર્મ અને ગરવા ગુરુ ભગવન્તો.. સૌભાગ્યની ઉપરોકત તમામ દેનોને એ સહસા ભેટી ચૂકયો તો.

તેના માતા-પિતા પણ 'ધર્મપ્રાણ' હતા. પોતાના સન્તાનોને ગળથૂથીમાંજ તેઓએ ધર્મના ધાવણ પીવડાવ્યા. અધ્યાત્મનો એકડો ઘૂટાવ્યો. અધૂરામાં પૂરુ તેના પરિસરમાં

જ મનોહર જિનમન્દિર શોભી રહ્યું તુ. છાસવારે એ તીર્થના દર્શનાર્થે જંગમ તીર્થ સમા સાધુ ભગવન્તો પણ ત્યાપધારતા. પધારીને ધર્મનો સુકાળ રેલાવી દેતા.

અફસોસ ! પણ વીરેશનો આત્મા નર નહિ, વાનર બનવા ઉછળવા માંડયો. જીવનની કઠિનયાત્રામાં રાજમાર્ગથી તે ભ્રષ્ટ બન્યો. કુ-કર્મોની કેડીઓ તરફ તે ફંટાઇ ગયો. ફંગોળાઇ ગયો. સઘળાય પાપોનો તેના જીવનમાં વાજતે - ગાજતે પ્રવેશ થઇ ચૂકયો.

બીડી-સીગારેટ - ગુટખા અને માવા-મસાલાના કીચડો તેની જીવન ભૂમિ પર ચોફેર પથરાઇ ગયા. હા પાપ ! વીરેશને પણ વાનરની જેમ આંબાની મીઠાશ નહિ. બાવળની તુરાશ જ મનોહર જાણાઇ આવી.

પાપોના માર્ગે આસાનીયત અખત્યાર કરી ચૂકેલાં વીરેશને પાપોના પથ પરથી પાછો વાળવો દુ:શકય પ્રાય: બની ગયું. કોક અપૂર્વ શક્તિ જ તે અશક્યતાને શક્યતાના વાઘા પહેરાવી શકે.

સબૂર ! પણ એવી જ પ્રચંડ શક્તિનો ત્યાં પ્રાદુર્ભાવ થયો. તે શક્તિ હતી : વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા.

જિનવાણીના જગમશહૂર જાદુગર સૂરિરામચન્દ્રજી એક ઉમદા સમયે તે તીર્થધામમાં પધાર્યા. વ્યાખ્યાત કુશળતાની સંમોહક કળાને કારણે જ સૂરિરામ' વિશ્વભરમાં વિખ્યાતિને વર્યાતા.

વ્યાખ્યાનના તે માનુષી વાચસ્પતિના પધારમણા થતાં જ પૂરા ગામની અન્દર પ્રવચનોનું વાયુમંડલ વહેતુ થઇ ગયુ. ઘેરઘેર અને ઘટે ઘટમાં પ્રવચનોની પ્રારંભ પૂર્વેની પ્રભા વિસ્તરી ચૂકી.

બસ ! વળતી જ ઉષા પાણીયારી ઉગી. વ્યાખ્યાનના વાદળોના બંધ તૂટી પડયા. સૂરિરામ' નામની દાઢી-મૂછાળી સરસ્વતીએ ઉપદેશનો અનરાધાર વરસાવી દીધો. પ્રતિભાની સૌદામિનીઓ તેમાં સ્થળે-સ્થળે ઝબકતી હતી. જે નિર્મળ જળધારા જેવી વાક્ધારાએ જનતાની મનોભૂમિને પલ્લવિત કરી દીધી.

પ્રવચનની તે ગંગોત્રી કેટલાંક દિવસો સુધી આગેકૂચ સાધતી રહી. જે પ્રવચનોએ લોક-સમૂહમાં ચુમ્બકીય આકર્ષણની જબ્બરદસ્ત જમાવટ કરી. જે આકર્ષણ વ્યસનવીર વીરેશને પણ પ્રવચન સભા તરફ તાણી લાવ્યું.

વ્યસનવીર નરેશે તે દિવસે પૂજ્યપાદ શ્રીજીનુ એક પ્રવચન સાંભળ્યુ. એક જ પ્રવચને તેની ભીંતરના ખૂણે ખૂણાને ખંખેરી નાંખ્યા. તેની નાડના સ્પન્દને સ્પન્દને વ્યગ્ર બનાવી દીધા. વીરેશ પોતાના દિશા ભૂલ્યા જીવનની અધમતાને તત્કાળ સમજી બેઠો. પોતાના પાપાભિમુખ જીવનની કરુણતાનુ તે સાચુકલુ વાંચન કરી શકયો. રડી ઉઠયો. નવજીવન માટે તે પ્રેરિત બન્યો.

બસ ! નવ જીવનની પ્રેરણા પામતા તે સૂરિરામના પ્રવચનોનો નિયમિત સદસ્ય બની ગયો. તેને જરુર હતી; એક પ્રચંડ દિગ્દર્શકની. તે સૂરિરામમાં સાચા દિગ્દર્શક નેતૃત્વને જોઇ શકતો હતો.

કેટલાંક પ્રવચનો તેણે સાંભળ્યા. ખૂબ ધ્યાન પૂર્વક. અનેરી એકાગ્રતા પૂર્વક. સાંભળેલા પ્રવચનાંશો દિવસભર સુધી તેના મનમાં ઉંડુ મન્થન જગવી જતા.

તે હતો : નખ-શિખ વ્યસની.

તે હતો : નખ -શિખ બહિરાત્મા.

અલબત્ત ! તેના જીવનનો તે અધ્યાય હવે સમેટાઇ રહ્યો તો. પરિવર્તનનો સહસ્રરશ્મિ ઉદયોન્મુખ બન્યો તો.

એક દિવસ તે પ્રવચન સભામાં બેઠો. અપલક નયને તે સૂરિવરજી ના વરસતા ઉપદેશબુન્દોને ઝીલે જતો તો. યોગાનુ યોગ એ જ દિવસે સૂરીશ્વરજીએ પ્રવચન દરમ્યાન જૈનત્વના કુલાચારની વાત છંછેડી. સાથો સાથ વ્યસનો - વિકૃતિઓના રંગે રંગાયેલા અદ્યતન જીવનના ડંખીલી માખીઓ ભર્યા મધપૂડાને પણ તેમાણે છેડયો.

જૈનત્વને કલંકિત કરતી આચાર હિંતા પર સૂરીશ્વરજીએ પોતાની લાક્ષણિક શૈલી અનુસાર પસ્તાળ પાડી. કટુશબ્દોમાં તેની આલોચના કરી.

સબૂર ! તે પ્રવચનના શબ્દેશબ્દ વીરેશકુમારના અન્તરને વીંધી ગયા. શર બનીને તેના મનની કાયરતાને ભેદી ગયા. વીરેશ થનગની ઉઠ્યો.

સમય થતાં જ સૂરિવરજીએ પોતાના પ્રભાવક પ્રવચન પર સમયસર પૂર્ણવિરામ સ્થાપ્યુ.

પ્રવચનની જ્યાં પૂર્ણાહુતિ થઇ કે તરત જ વીરેશ ચપળતા પૂર્વક ખડો થઇ ગયો. ટટ્ટાર રહેલા તેને દેહે ત્યારે સભાનુ ધ્યાન ખેંચ્યુ. તેણે પોતાની મનોભાવના વ્યક્ત કરી.

''... ગુરુદેવ ! અનુગ્રહ કરો. પ્રતિજ્ઞાનુ ઉચ્ચારણ કરાવો.

'' આજથી માંડીને પાંચ વર્ષ સુધી અખંડિત પણે નિયમિત એકાસણા કરવા.. તે પણ ઠામ ચોવિહારા. (ઠામ ચોવિહાર એટલે ભોજન સીવાયના સમયે જળપાનની પણ પાબન્દી..) કૃપા કરો ! ગુરુદેવ !''

વીરેશકુમારનો ભીષ્મસ્વર ત્યાર પછીય ઘૂઘવતો રહ્યો. અન્તરની મનોવેદના તે ઘૂઘવાટને સજળ બનાવતી હતી.

(અનુસંધાન ટાઇટલ - ૩)

(પાના નંબર ૯૦ થી ચાલુ)

વીરેશકુમારે પોતાના સંકલ્પની અભિવ્યક્તિ કરતાં જ સભામાં નિ:સ્તબ્ધ શાન્તિ છવાઈ ગઈ.

પ્રાય: તમામ શ્રોતાઓ વીરેશની વૃત્તિ-પ્રવૃત્તિથી પરિચિત હતા તેથી જ તેમને વીરેશની આ વાત પાણીની દીવાલ જેટલી જ નક્કર જણાઈ.

સૌની મીટ પ્રવચનકર્તા પૂજ્ય શ્રી તરફ મંડાઈ. દીર્ઘદ્રષ્ટા સૂરિદેવે યાચકની આંખોમાં જ તેની પાત્રતા-પરિપકવતાનું વાંચન કરી લઈ ગંભીર સાદે તે પ્રતિજ્ઞાનું પ્રદાન કર્યુ. વીરેશ ઝૂમી ઉઠ્યો. નાચી ઉઠ્યો.

અહા અભિગ્રહ ! અહો અભિગ્રહ ! ના નાદો પણ ત્યારે સભામાંથી પ્રગટ્યાં, તો કેટલાકના મનમાં કુશંકા - કુસંશયનો વંટાળ પણ ડમરીએ ચઢ્યો.

આગલી રાતની અધરાત સુધી જેનુ મોં સીગારેટ ના ધૂમાડા ફૂંકે જતુ તુ, તમાકુની બદ-બૂ ઓકી રહ્યુ તુ; એના જીવનમાં આટલુ મોટુ પરિવર્તન સાચ્ચે જ અસંભવિત જણાય. હા ! પણ તે સત્ય બની બેઠુ.

વ્યસનથી વૈરાગ્ય ભણી.. દૂષણોથી ભૂષણ ભણી તે વીરેશે ફાળ ભરી. ગુરુદેવ સમેત કેટલાંય શુભેચ્છકોએ શાબાશ.. ! શાબાશ.. ! ની આશીર્વૃષ્ટિ વરસાવી તે વીરેશને ભારે ઉત્સાહિત બનાવી દીધો.

ચોવિહાર-તિવિહાર પણ કેમ થાય ? તેની પૂરી ગતાગમ નહિ ધરાવનારા નરેશની પાંચ વર્ષ પર્યન્તની ઠામ ચોવિહારા એકાસણાની પ્રતિજ્ઞાને કેટલાંક ઘરડઘેલા પુરાણા ધર્માત્માઓએ હસી પણ જરુર હશે.

તેમાના જ કોક બની બેઠેલા ભવિષ્યવેત્તાએ એવી પણ આગાહી કરી નાખી: આ તો ક્ષણિક ઉભરો છે. ચૂલો બન્ધ પડતાં જ પાણી ટાઢાબોર થઈ જવાના.

ચાનો ઉભરો મીનીટ - બે મીનીટ પણ નથી જીવી શકતો, વીરેશના વૈરાગનો ઉભરો બે-ચાર એકાસણાએ જ ભૂ-શરણ બન્યો સમજો''... જેવુ અનુમાન બાંધનારાઓના અનુમાન તો ન પાયા વિહોણા પૂરવાર થયા.

વીરેશે તો નિયમ સ્વીકારીને ઘરે પહોચ્યા પછી તરત જ બીડી-સીગારેટ -ગુટખાના પેકેટો દફનાવી દીધા. વ્યસનોની સાફસૂફી કરી નાંખી.

એક સણાનો દુષ્કરતપ તેજ દિવસથી પ્રારંભી દીધો. ઠામ ચોવિહારનો કોઈ અભ્યાસ ન હોવા છતાં ઠામ ચોવિહારની બેડી પણ વ્હોરી લીધી.

એ વ્યસનભર્યુ જીવન તપોમય બની ગયુ. પૂરા પાંચ વર્ષો સુધી તો એણે અખંડ પણે એકાદાય અપવાદના અવકાશ વિના ઠામ ચોવિહાર એકાસણા કર્યા જ. અલબત્ત નિયમકાળની સમાપ્તિ પછી પણ તે તપોમય જીવન વીરેશ ન છોડી શક્યો એકાસણાના તપને તેણે પોતાની રોજનીશી બનાવી દીધી

આ સ્વપ્નનેય સત્ય બતાવતી હકીકત જ્યારે લોકો પાસે પહોંચી, ત્યારે લોક જીભેથી સાચે જ શબ્દો સરી પડ્યા "ચન્દ્રને ગ્રસી જાય તેને કહેવાય રાહુ. જ્યારે વ્યસનીનેય ગ્રહી જાય તેને કહેવાય રામ''.

તે તીર્થભૂમિના સંઘનો એવો શિરસ્તો હતો, કે વર્ધમાન તપ આયંબિલ શાળામાં રોજ ખાતુ તો ખૂલતુ જ રહેવુ જોઈએ સંઘમાં એક આયંબિલ અવશ્ય થવુ જોઈએ. આ હેતુની સિદ્ધિ માટે સંઘમાં આયંબિલના વારા બાંધતુ શ્રી-ફળ પણ ફેરવવામાં આવતું.

બેશક ! યુગો પુરાણી આપણી વક્રતા ત્યાંય બે-ડોળ ઘાટ સરજતી રહી. જવાબદારીના અવસરે જ કેટલાક કાયર બની જતા. જવાબદારીનું સ્વાગત કરવાના સ્થાને પલાયન બની જનારા તેઓ જરીકેય હિચકિચાટ નહતા; અનુભવતા આથી જ ઘણીવાર આયંબિલ વ્યવસ્થાની શ્રેણિ મરણ શય્યા પર પોઢી જતી.

અલબત્ત ! ત્યારેય સંકટ સમયનુ સમાધાન બની રહેતા : વીરેશભાઈ.

ભોજન માટે ભાણુ માંડીને બેસી ગયા પછી, એકાસણાની થાળી પીરસાઈ ગયા પછી પણ જો સમાચાર સાંપડે કે આયંબિલ શાળા તમને સંભારી રહી છે, તરત જ ઉભા થઈ જઈ તેઓ આયંબિલનું પરચ્ચક્ખાણ લઈ લેતા. હોંશ પૂર્વક આયંબિલ કરી લેતા.

વીરેશભાઈના જીવનમાં સાધર્મિક સત્કારનો ગુણ પણ એવો જ પાંગરી ઉઠયો તો. ઉપાશ્રયમાં જો સાધુ ભગવન્તની સ્થિરતા હોય, તો ગાડી આવવાના સમય પૂર્વે જ તેઓ ઉપાશ્રયમાં પહોંચી જતા. વિના સૂચને જ તે વીરેશભાઈ આગન્તુક સાધર્મિકને સન્માન પૂર્વક તેડી જતા. પ્રેમ સાથે સાધર્મિક ભક્તિ કરીને પછી પોતાના એકાસણાનો પાટલો માંડતા.

સૂરિરામચન્દ્રજીના પાવન આંગળી ચીંધણાથી અધ્યાત્મની વાટે વિહરણ માંડનારા વીરેશભાઈએ જીવનભર ધર્મનો યજ્ઞ જલાવ્યો. એક દિવસ આયુષ્યનો દોર તૂટતા તેઓ દિવંગત બન્યા. અલબત્ત ! પરલોક સીધાવતા પૂર્વે તેમણે પોતાના ખજાનામાં પુન્યનો પ્રાસાદ ખીચોખીચ ભરી દીધો તો.

તેમનું તો અવસાન થયું. પણ તેમના આચારો ચિરંજીવી બની ગયા. જીવનની વિષમતાઓ અને દ્રાવકતાઓનુ તેઓ જીવન્ત ઉદાહરણ બની રહેશે; ઈતિહાસના આલેખમાં.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

# પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- સુખ મેળવવાની નહિ પણ સુખના ત્યાગની ભાવના પેદા થાય તો જ સંસારનો ઉચ્છેદ થાય.
- વિદ્યાર્થી અને નોકરને રજાનો દિવસ યાદ આવે તેમ ધર્મીને પર્વતિથિ યાદ હોય.
- પ્રભુની આજ્ઞા પ્રત્યે ધર્મીનું ગૌરવપૂર્ણ ખેંચાણ હોય.
- શરીરના પ્રેમીઓ કસરત કરવામાં બધીજ વિધિ સાચવે છે. વાંધા બધા અહીં છે. અહીંનું નમન પતંગિયાના રંગ જેવું છે.
- આત્માના ઉદયના નામે દુનિયાની કરણી કરવામાં પરિણામે આત્માનો નાશ થાય છે.
- પંચાંગ પ્રણિપાતમાં પાંચે અંગે નમવા જોઈએ. તે મુજબ કરાય તો એક ખમાસમણામાં પણ ક્રોડો ભવોના કર્મ ખપે.
- સંસારના બંધનથી છૂટવા જોગી જેટલી ક્રિયા કરાય તે ધર્મ ! સંસારના બંધનને વધારનારી જેટલી ક્રિયા તે અધર્મ !
- સંસારના દગા - પ્રપંચ આદિથી કંટાળેલો કહે કે 'સંસાર ભૂંડો છે' તો તે સંસારના ઉદ્વેગવાળો ન કહેવાય. તેને તો દગો - પ્રપંચ ખટકે છે પણ સંસાર નથી ખટકતો. રાગ દ્વેષ-મોહની પરાધીનતા નથી ખટકતી.
- જીવો કર્મોના વિપાકો બરાબર સમજી જાય તો કયાંય પણ રાજી થવાનું કે રોવાનું બને નહિ. આ બધી તો કર્મની લીલા છે તેમ સમજી જાય તો કર્મે કરાવેલા સંયોગ - વિયોગની લાગણીથી પર રહે. મન ઉપર એની અસર થાય નહિ.
- શાસ્ત્રે કહ્યું છે કે, રોગને કાઢવાની ઈચ્છા તે પણ પાપ છે.
- સંસારની કોઈપણ ચીજનો લોભ જેને ભૂંડો ના લાગે તે અનંતાનુબંધી કષાયના ઉદયવાળો છે, તેનું દર્શન મોહનીય ગાઢ છે.
- દુ:ખ આવે તેને સહન કરવું તે મોહનો સામનો છે. સુખ આવે તેમાં પાગલ ના થવું તે પણ મોહનો સામનો છે. મોહનો સામનો કરે તે ધર્માત્મા !
- વસ્તુસ્થિતિને સમજે તેનું નામ સમ્યગ્દૃષ્ટિ તે કદિ અધર્મને ધર્મ ના કહે, ઉન્માર્ગને માર્ગ ના કહે ઓછું વધતું પાલન થઈ શકે તે બને પણ ખોટાંને ખોટું જ માને તેને કદિ સારું માને નહિ.
- ભગવાનની આજ્ઞાને નેવે મૂકીને ધર્મ કરે તેનામાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનં, સમ્યક્ચારિત્ર આવે નહિ. પણ તે તે ત્રણેની આશાતના કરે છે અને અનંતકાળ સુધી તે ત્રણ ન મળે તેવું પાપ બંધાય છે.
- સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનની - સમ્યક્ચારિત્રની અભિલાષા વિના કોઈ ધર્મક્રિયા સારી થતી નથી. તે બેના અભિલાષ વગર ધર્મક્રિયા સારી થતી હોય તો સમજી લેવું કે આ ધર્મક્રિયાથી માગ્યું સુખ મળ્યા છે તેવી તેની શ્રદ્ધા પાકી છે.
- મોક્ષ સિવાય પણ ધર્મ થાય તેમ જે સાધુ બોલે તે 'ઉત્સૂત્ર ભાષી' છે.
- જગતમાં જેટલા વાદ છે તે બધા વાદમાં જિનવાદ ઉત્તમ છે. તે સમજવાની મહેનત કરે તેનું નામ સમ્યગ્ દર્શન !
- જે વિષય - કષાય ઉપર વિજય કરે તે 'સંવર' કરે છે અને વિષય - કષાયમાં મજા કરે તે 'બંધ' કરે છે.
- તપ આહારની લાલસા છોડવા માટે છે, સંસારની લાલસા છોડવા માટે છે, મોક્ષની સાધના માટે છે. આ વાત ન સમજે અને તપ કર્યા કરે તે અજ્ઞાન તપ !
- શ્રાવકનું ઘર તે મોટામાં માટી ધર્મની સ્કૂલ છે. શ્રાવક કુળના આચાર જ એવા હોય કે બાળકોમાં સંસ્કાર પડી જ જાય.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

શાશ્વત સુખનું કારણ !

सासयसुहं च नियमेण,
जिणाऽऽणाऽऽराहणा
फलं जम्हा ।

तातीए उज्जमिमो,
जिणवयण विसुद्ध बुद्धीए ॥

(સંવેગ રંગશાળા, ૩૩૫૯)

જે કારણથી શાશ્વત સુખ એ ચોક્કસ શ્રી જિનેશ્વરદેવોની પરમતારક આજ્ઞાનું ફળ છે માટે શ્રી જિનવચનની વિશુદ્ધ બુદ્ધિથી આજ્ઞા પ્રમાણે ધર્મ કરવા ઉદ્યમ કરવો જોઈએ.

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

વર્ષ ૧૩ અંક ૧૩

**શ્રી જૈન શાસન કાર્યાલય**

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# જૈન શાસન

અઠવાડિક

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

# જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢક (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ કારતક વદ ૧૧ મંગળવાર તા. ૨૧-૧૧-૨૦૦૦ (અંક : ૧૩

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૫૦૦૦

# પ્રવચન - ચુમ્માલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા
સં. ૨૦૪૩, શ્રાવણ વદિ- દ્વી.૧૧, ગુરૂવાર તા. ૨૦-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલું...

ત્યાંથી ભાગી છૂટયો અને માર્ગમાં મુનિને જોયા. મુનિને જોતાં જ પગે લાગ્યો અને પોતાની વાત કરીને કહે મારા જેવા પાપીને બચવાનો માર્ગ છે ? મુનિ કહે ભગવાનનું સાધુપણું લે. તો તે કહે મને દીક્ષા આપો. સાધુએ તેનામાં યોગ્યતા જોઈ અને દીક્ષા આપી તેજ વખતે તેણે અભિગ્રહ કર્યો કે- ''હે ભગવાન ! હું આજ પ્રદેશમાં વિચરીશ અને જે દિવસે જે કોઈ મને મારું પાપ યાદ કરાવે કાં મને જ મારું પાપ યાદ આવે તે દિવસે સૂરે ઉગ્ગે ચોવિહાર ઉપવાસ કરીશ.'' તેને જોતાં જ લોકો કહેતા કે- આ ઢોંગી છે પાપી છે મારા દિકરાને કે મારા બાપને માર્યો છે. વગેરે કહી તેને પત્થર, ઈંટો, ઢેખાળા મારતા. આમ લોકોના આક્રોશને મઝેથી સહન કરતાં એવા તે શ્રી દ્રઢપ્રહારી મુનિને છ મહિનાના ચોવિહાર ઉપવાસ થયા અને અંતે કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા. પાપી જીવો પણ સાચા ભાવે ધર્મને સ્વીકારીને મોક્ષે ગયા છે અને દેવ - ગુરુ - ધર્મને વિપરીત રીતે કરીને ઘણા જીવો સંસારમાં રખડયા છે અને રખડે પણ છે. કેમકે, દેવ - ગુરુ - ધર્મને પૂજ્યા ખરા પણ હૈયાથી સાચા ભાવે માન્યા નહિ.

આ મનુષ્યજન્મને શા માટે કિંમતી કહ્યો છે ? મોક્ષે જવા માટે જે સાધુપણાની જરૂર છે તે સાધુપણું આ મનુષ્યજન્મમાં જ મળે છે માટે આ જન્મને કિંમતી કહ્યો છે.

સભા : શ્રી નવકાર નહિ ગણનારો માનનારો હોઈ શકે ખરો ?

ઉ. શ્રી નવકારમહામંત્ર નહિ ગણનારો પણ જો સાચી રીતે સમજી જાય તો તે માનનારો પણ થઈ જાય. પછી તો તે જીવ શ્રી નવકાર મહામંત્રનો ગુલામ થઈ જશે.

રાજા - મહારાજાપણું, ઈન્દ્રપણું ખોટું છે અને સાધુપણું જ સાચું છે તેવું માનનારા મહાપાપી પણ મહાસાધુ થયા. 'સાધુપણું જ સાચું છે.' તેમ જે નહિ માને તેનો મોક્ષ નહિ થાય. તેવો જીવ અનંતીવાર અનંતા શ્રી અરિહંત પરમાત્માની સેવા કરે તો ય તેનું ઠેકાણું નહિ પડે.

પ્ર.- અન્યલિંગમાં મંદ મિથ્યાદ્રષ્ટિ જીવ શ્રી નવકાર માનનાર કહેવાય ?

ઉ. - જે જીવ મોક્ષને માને તે ભગવાનને માનનાર કહેવાય. ભગવાનના સ્વરૂપને જેમ જેમ સમજે તેમ તેમ ખોટાનો ત્યાગ કરે અને સાચાનો સ્વીકાર કરે.

શાસ્ત્રે કહ્યું છે કે- જે જીવ ભગવાનને હીરાના હાર ચઢાવે પણ મોક્ષને ન માને તો તે ભગવાનને માનતો નથી. અને જે જીવ ગમે તે દર્શનમાં રહ્યો હોય પણ જો તે મોક્ષને માનતો હોય તો પણ ભગવાનને જ માનનારો છે.

સાધુપણા વિના કોઈ જીવની મુક્તિ થઈ નથી કે થવાની પણ નથી. ગૃહિલિંગમાં કે અન્યલિંગમાં ભાવથી સાધુપણાંને પામીને કેવળજ્ઞાન પામેલા પણ દ્રવ્યથી સાધુલિંગનો સ્વીકાર કરે જ છે. તમે બધા દેવ - ગુરુ - ધર્મને માને છો ? તમારે પરમાત્મા થવું છે ? મોક્ષે જવું છે ? તો સાધુ થવું જ પડશે. સાધુ ન થવાય તો તે પાપનો ઉદય છે તેમ માનવું પડશે.

પ્ર.- શ્રી કૂર્માપુત્ર કેવલજ્ઞાન પામ્યા પછી ય છ મહિના ઘરમાં રહ્યા તે ભવિતવ્યતા કહેવાય ?

ઉ.- હા ભવિતવ્યતા તેઓની તેવી જ હતી. અનંતજ્ઞાની શું કરે તે પૂછાય નહિ. તેઓને તેમના જ્ઞાનમાં

જે ઠીક લાગે તે કરે નવપૂર્વની ઉપરના જ્ઞાનિઓ જે કરે અને કહે તેમાં શાસ્ત્રનો આધાર ન લેવાય. તેઓ જે બોલે તે શાસ્ત્ર. અનંતજ્ઞાનીઓએ આમ કેમ કર્યું તે પૂછાય પણ નહિ. શ્રી નવકાર મહામંત્ર માનો છો ? શ્રી અરિહંત પરમાત્મા થવાનું મન થયું છે ? શ્રી સિધ્ધ પરમાત્મા થવાનું મન થાય છે ?

સાધુ થવાનું પણ મન થાય છે ? સાધુ નથી થવાતું તે પાપોદય છે તેમ માનો છો ? કયારે આ પાપોદય ટળે ને સાધુ થાઉં તેમ પણ મનમાં છે ?

પ્ર.- દ્રવ્યથી પૂજારી હોઈએ તો ?

ઉ.- ભાવનો અર્થી હોય તે દ્રવ્યનો પૂજારી સાચો કહેવાય.

પ્ર.- દ્રવ્યથી ભાવ આવે ને ?

ઉ.- દ્રવ્ય ભાવનું નિમિત્ત છે તે કોને માટે ? જેને ભાવ જોઈએ તેને માટે. ભાવ ન જોઈએ તેને માટે નહિ.

પ્ર.- ભાવની ઈચ્છા દ્રવ્ય પેદા ન કરે ?

ઉ.- અભવ્ય આદિ જીવોને ન કરે.

સાધુ થયેલા જેને સાધુપણું નથી ગમતું તેવો સાધુ પણ દુર્ગતિમાં જાય. સાધુવેષ પહેરનારા સાધુના આચાર ન જીવે. તેનું દુઃખ પણ ન હોય તે કઈ ગતિમાં જાય ? અજ્ઞાનિનું કલ્યાણ થાય છે તે કહ્યા મુજબ કરે છે માટે. જે જાણવા છતાં ય ન કરવાનું કરે, કરવાનું ન કરે, ખોટું મઝેથી બોલે, અહીં પણ મોજમઝા કરે તે બધા જ દુર્ગતિમાં જનારા જીવો છે.

રોજ શ્રી નવકાર મહામંત્ર કેમ ગણો છો તેમ તમને કોઈ પૂછે તો તમારે કહેવું જોઈએ કે- મારામાં તાકાત આવે તો મારે શ્રી અરિહંત પરમાત્મા તો થવું છે. તે તાકાત ન હોય તો શ્રી સિધ્ધપરમાત્મા તો થવું જ છે. તે માટે સાધુ તો થવું જ છે. આવું જે સમજે તે શ્રી નવકાર મહામંત્રને માનનારો કહેવાય. શકિત હોવા છતાં ય સાધુ થયા વિના મરવું તે મનુષ્યપણામાં જ મળતી ચીજનો અનાદર કરવા સમાન છે અને તે જ મોટામાં મોટું પાપ છે તેમ માનો છો ? મરતી વખતે તેનું જ દુઃખ થવાનું કે- આ મનુષ્યજન્મમાં પામવા જેવી ચીજ ન પામી શકયો.

તમને સાધુપણું નહિ પામવા દેનાર કોણ છે ? ઘર ઉપર પ્રેમ છે ? કુટુંબ - પરિવાર ઉપર પ્રેમ છે ? પેઢી ઉપર પ્રેમ છે ? પૈસા - ટકાદિ ઉપર પ્રેમ છે ? તે પ્રેમ ભૂંડો લાગે છે કે સારો લાગે છે ? કદાચ પ્રેમ થઈ પણ જાય તો ય દુઃખ થાય છે કે- હજી મારો મોહ કેવો ખરાબ છે ? આ બધા ઉપર મોહ કરું તો મારે દુર્ગતિમાં જ જવું પડશે. આ પ્રેમ તે જ મોટું બંધન છે તે ભૂંડો ન લાગે અને સારો લાગે ત્યાં સુધી તમારું કલ્યાણ નહિ થાય. ત્યાં સુધી તમે શ્રી નવકાર મહામંત્ર માનનારા નહિ પણ ફોગટ હાથ જોડનારા જ કહેવાવ.

પ્ર.- નવક્રોડ નવકાર ગણવાનું વિધાન કેમ કર્યું ?

ઉ.- સારો સમજું જીવ એકવાર પણ શ્રી નવકાર મહામંત્ર ગણે તો ય તેનું ઠેકાણું પડી જાય.

સામર્થ્યયોગ કોને આવે ? શાસ્ત્રયોગ માને તેને. શાસ્ત્રયોગ કોને આવે ? જે રીતે કહ્યું હોય તે રીતે ગણે તેને. રોજ ગણનારા તમે શ્રી નવકારમહામંત્ર કેમ ગણો છો ? સંસારમાં લહેર કરવા ગણે તે માનનારો કહેવાય ? શ્રી નવકાર મહામંત્ર ગણીએ તો નવનિધિ મળે તે યાદ રહી ગયું. પણ શ્રી નવકાર મહામંત્ર ગણતા ગણતા કેવળજ્ઞાન થાય તે યાદ ન રહ્યું.

જે જીવ ધર્મ કરે તેને સંસારનું સુખ મળે પણ તે સુખ જો ભૂંડુ ન લાગે તો તેનું શું થાય ? જે જીવ સંસારનાં સુખને ભેટે અને દુઃખથી લાગે તે મોક્ષે જાય ? શ્રી નવકાર મહામંત્ર ગણનારો દુઃખી ન થાય તેનો શું અર્થ છે ? તે શ્રીમંત જ હોય ? રાજા - મહારાજા જ હોય ? તેને ગમે તેટલું દુઃખ આવે તોય મઝેથી તે વેઠે છે. તે તો માને કે- મેં પાપ કર્યું માટે તેની સજા રૂપે દુઃખ આવ્યું છે માટે મારે મઝેથી વેઠવું જોઈએ. માટે તે દુઃખમાં પણ દુઃખી નથી હોતો. શ્રી નવકાર મહામંત્ર ગણનારો જો સાચી રીતે તેને માનનારો થઈ જાય તો તેના જેવો ડાહ્યો કોઈ નથી. પછી તો તે પાપથી ધ્રુજે અને ધર્મ માટે પ્રાણ આપવા તૈયાર થઈ જાય. આસ્તિકપણું શું ચીજ છે તે સમજો છો ? તે આવે તો પાપની કંપારી પેદા થાય. જે હાથે ભગવાનની પૂજા કરું તે હાથે ખોટું લખાય ? જે મોંઢે ભગવાનના ગુણગાન ગાઉં તે મોંઢ જૂઠું બોલાય ? ભગવાનની પૂજા કરનારા ખોટા ચોપડા નહિ લખનારા કેટલા મળે ? તે લખે તે વખતે દુઃખ થાય કે આનંદ થાય ? ખોટા ચોપડા સારી રીતે લખે તેને તમે હોંશિયાર માનો છો અને તેને સારો પગાર આપીને રાજી રાખો છો ને ?

ખોટાને સાચું મનાવે અને સાચાને ખોટું મનાવે તે મિથ્યાત્વ નામનો મોહ છે. તે મહાપાપ છે. તેનાથી જે ડરે નહિ તે ભગવાનનો ધર્મ કદી પામે નહિ અને તેનો મોક્ષ પણ થાય નહિ. હવે તમે સંસારથી, સંસારના સુખથી ગભરાવ છો ? શ્રી નવકાર મહામંત્ર ગણનારો સાધુપણાનો જ પ્રેમી હોય ? સંસાર એ તો મોટી જેલ છે. તેમાંથી બહાર નીકળવાનું જેને મન થતું નથી, તે જેલ સાચવવા મહાપાપ કરો છો છતાં પણ તે પાપ, પાપરૂપ નથી માનતા તે ખરા

શ્રી નવકાર મહામંત્રને માનનારા કહેવાય ?

ધર્મ કરવા છતાં ય ધનને જ સારું માનનારા મોટામાં મોટા અધર્મ છે આજનો ધર્મી મોટેભાગે શ્રીમંત થયો એટલે ઉપાશ્રયે આવતો બંધ થયો.

પ્ર.- તેને ધર્મ ફળ્યો કહેવાય ?

ઉ.- તમને તો ફળ્યો લાગે છે. તેથી મોટો જુલમ થયો છે. તેથી સાચી વાત સમજાતી નથી. આટલી મહેનત કરવી પડે તે ભયંકર વાત છે.

તમારું પુણ્ય ઊંચું છે પણ જાત નીચી લાગે છે. પૈસો જાતવાનને મળ્યો હોતતો સારું થાત પણ કજાતને મળ્યો છે. ધર્મી હંમેશા સુખી હોય. ધર્મિને જ સુખ મળે, બીજા માગે તો ય ન મળે. તેને તો ન માગે તેવું મળે પણ જેટલું મળે તે ભૂંડું જ લાગે તમને પૈસા ખૂબ મળ્યા છે પણ ભૂંડા લાગે છે કે સારા લાગે છે ? ધર્મિ જીવને તો ખબર હોય છે કે મહાપરિગ્રહ નરકે જ લઈ જાય. મહારંભ નરકે લઈ જાય. મોટી પેઢી સારી લાગે તે લાયક કહેવાય કે નાલાયક કહેવાય ? મોટી પેઢી મળે, ઘણા પૈસા મળે તે જીવ છે પુણ્યશાળી પણ તે બે સારા લાગે, મઝાના લાગે, ગમે તે મહાપાપી જ કહેવાયને ! પુણ્યયોગે મળેલી સામગ્રી સારી માનીને મોજમઝાદિ કરે તે નામદાર નરકાદિ દુર્ગતિમાં જાય. તમારે કયાં જવું છે ? તમને દુનિયાનું સુખ ખૂબ મળ્યું છે તે છોડવા જેવું છે કે ભોગવવા જેવું છે ? તમે બધા જે છોડે તેને ધન્ય કહો છો પણ તમે છોડતા નથી કે છોડવાનું મન પણ નથી તે મારો ભારે પાપોદય છે તેમ લાગે છે ? જે શ્રીમંતોને પોતાની શ્રીમંતાઈ સારી લાગે તો તેને લાગે કે- મારો ભારે પાપોદય છે તો તેને હું સારો કહું ! જે સુખી એમ કહે કે- ' દુનિયાનું સુખ ભોગવવું પડે છે. તે મારો પાપોદય છે, તેનું મને દુઃખ છે' તો તેને ય હું સારો કહું ! જે દુઃખી કહે કે- 'મને જે દુઃખ આવ્યું તે મારા જ પાપે આવ્યું છે માટે મારે મઝેથી ભોગવવું જોઈએ' તો તેને પણ સારો કહું જે જીવો સંસારના સુખને છોડવા જેવું જ માને અને દુઃખને મઝેથી ભોગવવા જેવું માને તે બધાને દેવ - ગુરુ - ધર્મને માનનારા કહું, શ્રી નવકાર મહામંત્રને માનનારા કહું.

સર્પ કરતાં પણ કુગુરુ વધારે ભયંકર છે તે વાત ચાલે છે. સર્પ કરડે તો એકવાર મરણ આવે જ્યારે કુગુરુના ફંદામાં ફસાયા તો અનંતા જન્મ - મરણ વધે. તેવી હાલત ન થાય તે માટે શ્રી નવકાર મહામંત્રના ભગત બનો તે માટે શું કરવું તે હવે પછી-

## મનુષ્યભવ મહાન પુન્યોદયે મળ્યો છે.

- શાહ રતિલાલ ડી. ગુઢકા - લંડન

કેટલા પુન્યે માનવ ભવ મળ્યો છે તેનો વિચાર કરો કેટલી - મુશ્કેલીઓ વેઠયા પછી માનવ ભવમાં આવતાં પહેલાં કેટલા દુઃખ વેઠયા છે. આ જીવે તે ધ્યાનથી સાંભળો જ્ઞાનીઓ કહે છે હે જીવ તું સૌ પ્રથમ અનંત કાળ સુધી નિગોદમાં રહ્યો. ત્યાં એક શ્વાસો શ્વાસમાં સત્તર વખત જન્મ અને સત્તર વાર મરણ કર્યા ત્યાર બાદ ત્યાંથી છૂટયો તો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયમાં સૂક્ષ્મ અને બાદર પણે અસંખ્યાતો કાળ કાળ વ્યતીત કરવો પડયો પછી પૂણ્યોદયથી ત્રસકાયમાં આવ્યો ત્યાં વિકલેન્દ્રીય બની વિવિઘ પ્રકારના કષ્ટો વેઠયા આ રીતે પાંચ ઈન્દ્રિયો મળી પણ મન ન મળ્યું ત્યાં સુધી તું અસંહી કહેવાયો તેને કંઈ વિચાર કે ચિંતન મનન કરવાની શકિત ન હતી જેમ તેમ કરીને આગળ વધ્યોને મનપણ મળી ગયું અને સંહી તિર્યંચ બન્યો, પણ ત્યાં તું નિર્બળ બન્યો એટલે હિંસક પશુઓને મારીને પાપ ઉપાર્જન કર્યું. તેનું ફળ ભોગવવા તું નરકમાં ગયો ત્યાં ખૂબજ દુઃખો વેઠયા. ખૂબજ પરમાધામીઓ મારતા ત્યાં મરી ફરીને તે પશુ યોની પ્રાપ્ત કરી પશુ જીવનમાં વધ, બંધન, ભાર વહન, ભૂખ તરસ ઠંડી ગરમી વગેરે મૂંગા બની પરાધીનપણે સહન કરી આટલું કષ્ટ વેઠયા પછી માનવ ભવ મળ્યો. બંધુઓ, બ્હેનો માનવ ભવ મલી ગયો એટલે ન્યાલ થઈ ગયા. એટલે રાજા બની ગયા તેમ સમજવાનું નથી.

કંઈક ઘણા જીવો અસાતા વેદનીય આદિ કર્મના ઉદયથી, કંઈક જીવો જન્મથી રોગી, કંઈક જીવો શરીર પામે છે. કંઈક જીવો લૂલા લંગડા, બ્હેરા બોબડા, અંધ પાંગળા બનીને દુઃખ વેઠે છે. કયારેક અંગોપાંગ સારા હોય છે તો તેનું આયુષ્ય ટુંકુ હોય છે કદાચ શરીર સારૂં હોય અને આયુષ્ય લાંબુ હોય - કેતા મોટું અને તેમજ પુન્યોદયથી જ્ઞાન દર્શન ચારિત્રની પ્રાપ્તિ થઈ તો ચારિત્ર પાળવું કઠીન લાગ્યું, શ્રાવક ધર્મ પણ તેમાં વૃત નિયમ તપ આકરા લાગ્યા ને રોજ કરવું ગમતું નથી, આ ખાવું અને આ ન ખાવું એવુ પણ ગમતુ નથી, કષ્ટ વિના કર્મના ખપે. દમો, શમો તો જ સુખ પામીએ, તો જ મોક્ષ પામીએ હવે સમજાય છે કે કેટલા કષ્ટ વેઠયા ત્યારે આત્મ કલ્યાણ કરવા માટે માનવ ભવનો મોકો મલ્યો છે તેને વિષય વાસનામાં એસ આરામમાં એકલું, કે હરવા ફરવામાં કે જ્યાં, ખોટું નુકશાન થાય સાર સ્વાર્થ વિના પ્રમાદમાં જીંદગી પસાર ન કરીએ એની માટે સાવચેતીથી માનવ ભવની મહત્તા કિંમત સમજાશે તે આત્મ કલ્યાણ સાધી શકશે આત્માને પરમાત્મા બનાવવો એ આપણા હાથમાં છે.

# રાષ્ટ્રીય સ્તરે થતી ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૬૦૦મી જન્મતિથિની ઉજવણીનો વિરોધ શા માટે ?

## વાંચો - વંચાવો - વિચારો

હપ્તો - ૨ જો

*(''ચરમતીર્થપતિ શ્રમણ - ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૫૦૦ મી નિર્વાણ કલ્યાણક તિથિને અનુલક્ષીને જે અશાસ્ત્રીય નીતિ-રીતિ ભગવાનનો મહિમા વધારવાને નામે ચાલી પડેલી, તેવી જ અશાસ્ત્રીય રીતે હવે ૨૬૦૦મી જન્મ કલ્યાણક તિથિની રાષ્ટ્રીય ઉજવણી જે કરવા માગતા હોય તેમણે, તે વખતના ગીતાર્થ મહાપુરૂષોએ એવી ઉજવણી ભગવાનની અશાતાના સ્વરૂપ હોવાનું આપેલું માર્ગદર્શન આજે પણ તેટલું જ ઉપયોગી, જરૂરી હોવાથી ધ્યાનમાં લેવાની જરૂર છે.*

***માર્ગદર્શક મહાપુરૂષ છે. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા.***

*શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. આ ભગવંતશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના યાચીએ છીએ.*

*-સંપાદક*

(સં. ૨૦૩૦ આસો વદિ ૧૩ મંગળવાર તા. ૧૨-૧૧-૭૪ ના પ્રવચનમાંથી લાલબાગ, મુંબઈ)

આજે ગમે તે કારણ હોય પણ શ્રી જૈનસંઘમાં ગણાતા લોકોને પણ 'શ્રી જૈનશાસન શું છે ? શ્રી જિનેશ્વરદેવ શું છે ? કોણ થાય ? કેવી રીતે થાય ?' તે જાણવાનું કે સમજવાનું પણ મન નથી. આજ એક મોટામાં મોટી ભયંકર વસ્તુ બની છે. મોટો ભાગ એમ જ કહે છે કે- અમે તો કશું જાણતા નથી કે સમજતા ય નથી પણ મોટા માણસો જે કહે તેની પાછળ જોડાઈએ છીએ.

આપણે મન શ્રી અરિહંત પરમાત્માના કલ્યાણક દિવસો જેટલા શ્રી અરિહંત પરમાત્માઓ થયા તે બધાના પાંચે પાંચે કલ્યાણકના દિવસો; મોટામાં મોટા ઉત્સવના દિવસો છે. ભગવાનના શાસનને પામેલા અને સમજેલા ભાગ્યશાળી આરાધક જીવો પાંચે પાંચ કલ્યાણક દિવસોની શકિત અનુસાર તપ - જપાદિ દ્વારા અવશ્ય ઉજવણી કરે છે. જે પરમોપકારી શ્રી તીર્થંકરદેવના શાસનમાં આપણે છીએ તે ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર મહારાજાનો આવતીકાલે નિર્વાણ કલ્યાણકનો દિવસ છે. આજે તેઓશ્રીના પરમતારક શાસનને ૨૫૦૦ વર્ષ પૂરાં થાય છે કાલથી ૨૫૦૧મું વર્ષ શરૂ થશે. નિર્વાણ કલ્યાણક દિવસ ૨૫૮૧મો એટલે છવ્વીશમી (૨૬) સદી શરૂ થાય છે.

આ ભગવાન શ્રી જિનેશ્વરદેવો આખા જગતના છે. એક દ્રષ્ટિએ જગતના સઘળાય જીવોના હિતની ચિંતા શ્રી અરિહંત પરમાત્માઓના આત્માએ કરી છે તે નાતે શ્રી મહાવીર પરમાત્માએ પણ કરી છે. આખા જગતના હિતની ચિંતા કરનાર શ્રી અરિહંત પરમાત્મા વિના કોઈ જ નથી માટે જ કહ્યું કે, શ્રી અરિહંત પરમાત્માઓ આખા જગતના છે, આખા જગતનું ભલું ચિંતવનારા છે, આખા જગતના જીવોને આ ભયંકર સંસારથી છોડાવી અનંતસુખના ધામ સ્વરૂપ મોક્ષે મોકલવાની ભાવના કરનારા છે : આવા શ્રી અરિહંત પરમાત્માને અને તેમના માર્ગને માનવાની દ્રષ્ટિએ વિચાર કરીએ તો શ્રી અરિહંત પરમાત્મા આખા જગતના નથી.

આ વાત એટલા માટે સમજાવી છે કે, આજના લોકો બધાને સમજાવી રહ્યા છે કે, 'વર્તમાન સરકાર વિશાળ છે, જૈનશાસનની પ્રભાવના કરવા ભગવાન શ્રી મહાવીરદેવનું નામ જગતવ્યાપી કરવા તૈયાર છે.' આમ કહી બધાને મૂંઝવે છે. તમે જો સમજી જાવ તો મૂંઝવણ મટી જાય. **ભગવાન શ્રી મહાવીર પરમાત્માને બધા માને, તેમના માર્ગે બધા ચાલે તેનો આનંદ વધારે કોને હોય ?** જેઓ ભગવાનને સમજીને ઓળખીને માને તેને. તેવો આનંદ વ્યકત કરવાને બદલે શા માટે આપણે રાષ્ટ્રીયસ્તરે થતી ઉજવણીનો વિરોધ કરીએ છીએ તે સમજો તો ય કામ થઈ જાય. દરેક કાળમાં સાચી વાત સમજનારા થોડા જ જીવો રહેવાના. થોડા

જીવો માટે જ જૈન શાસન છે, થોડા માટે જ શ્રી જિનેશ્વરદેવો છે.

શ્રી જિનેશ્વરદેવને માને તે, 'મોક્ષ ન માને, સંસારને હેય ન માને' તે ચાલે નહિ. પુણ્યના યોગે મળેલ રાજઋદ્ધિ સુખ સાહ્યબી - સંપત્તિ ફેંકી દેવા જેવી છે, ઈચ્છવા જેવી નથી કદાચ કર્મયોગે સુખ સાહ્યબી છૂટી ન શકે તો પણ તેની સાથે એવી સાવચેતીથી રહે કે આત્માને હાનિ ન પહોંચાડે અને તક આવે તેનાથી અલગો થાય : તેવો જીવ ભગવાનને માનનાર છે. શ્રી જિનેશ્વરદેવને કે તેઓના પરમતારક શાસનને માનનારો જીવ કાં સાધુ હોય, કાં દેવવિરતિધર શ્રાવક હોય, કાં સમ્યક્ત્વને સ્વીકારનારો હોય કાં સમ્યક્ત્વને સ્વીકારવાની લાયકાત આવે તેટલા માટે આ સંસારમાં એવી રીતે જીવતો હોય કે કોઈ તેની સામે આંગળી ન ચીંધે. દુનિયાના સુખનું સાધન ધન અન્યાયથી મળે તો ઈચ્છવા જેવું નથી, મેળવવા જેવું નથી, ભોગવવા જેવું નથી આવી જેની માન્યતા હોય તે જીવ ભગવાનના શાસનને માનનારો જીવ છે. બાકી આ સંસાર જેને અસાર ન લાગે, મોક્ષે જવાનું મન ન થાય, તે માટે સમ્યક્ત્વાદિ ગુણો પામવાની ઈચ્છા ન જન્મે તે બધા જીવો ભગવાનને કે ભગવાનના શાસનને માનનાર નથી.

બીજી મહત્ત્વની વાત એ છે કે આ મહોત્સવને (ઉજવણીને) કરવાનો અધિકાર કોનો છે ? ભગવાનને અને ભગવાનના શાસનને માને, ભગવાને જે કરવા જેવું કહ્યું તે કરવા જેવું માને, ન થઈ શકે તેનું દુઃખ હોય તેને. ભગવાનને કે ભગવાનના શાસનને ન માને તેને અધિકાર નથી. ઉત્સવ સૌ કરે તો સારું પણ શી રીતે કરે તો સારું ? બધાને શું આનંદ આવી ગયો છે ? દુઃખથી તપેલાં જગતના જીવોને સાચાં સુખનો માર્ગ બતાવનાર અનંતા શ્રી અરિહંત પરમાત્માની જેમ શ્રી મહાવીર પરમાત્મા પણ નિવાર્ણ - મોક્ષ માર્ગને બતાવનારા હતા, સ્થાપનારા હતા. તે માટે ભગવાન શ્રી મહાવીરદેવે ૨૫૦૦ વર્ષ પૂર્વે સાધુ - શ્રાવક ધર્મ રૂપ મોક્ષમાર્ગ જગતના ભલા માટે બતાવ્યો, જીવનભર તેને પ્રચાર્યો અને આયુષ્ય પૂર્ણ થયે આવતીકાલના દિવસે નિર્વાણ પામ્યા. આવા શ્રી જિનેશ્વરદેવની જેટલી ભકિત કરીએ તે ઓછી છે આવું જે માને તેને આ ઉજવવાનો અધિકાર છે. બાકી જે કહે કે- ''અમારે તમારા ધર્મ સાથે કાંઈ લેવા - દેવા નથી, દુનિયાના મોટા માણસોની જેમ આ પણ એક હતા તેમ માની ઉજવીએ છીએ'' તો તેને ઉજવવાનો અધિકાર નથી. આજની પરિસ્થિતિ વિકટ છે. જેને અધિકાર નથી તે બધા અધિકાર બથાવી પડયા છે. આપણા લોકો સોંપી આવ્યા છે.

રાજ્ય સરકારના સહકારથી ભૂતકાળના આચાર્યોએ ધર્મ ઉજાળ્યો છે એમ જાહેર કર્યું છે તો તેમના અજ્ઞાન માટે આપણે શું કહેવું ? તે લોકો શ્રી કુમારપાળ મહારાજાનું નામ દે છે તો તેમને ઓળખે છે ? શ્રી કુમારપાળ મહારાજા જૈન હતા, 'પરમાર્હત' હતા. ભગવાનના શાસનને સમર્પિત હતા. ધર્મને એવી રીતે આરાધ્યો છે કે પોતાના આશ્રિત રાજ્યોને સમજાવી વસ્તુતત્ત્વનો ખ્યાલ આપી અઢાર દેશોમાં 'અમારિ' પ્રવર્ત્તાવી છે. આજના લોકો શું કરે છે ? તેમના હૈયામાં ધર્મ હતો આજના લોકોના હૈયામાં ...!

બીજી વાત શ્રી હરિસૂરિજી મહારાજા અને અકબર બાદશાહની વાત કરે છે તો તેમને ય ઓળખે છે ? અકબર ભલે મુસ્લિમ બાદશાહ હતો પણ કેવો હતો ? પોતાના ધર્મમાં સ્થિર હતો, ચુસ્ત હતો. આજના બધાએ તો ધર્મને નેવે મૂકયો છે. વર્તમાનકાળના લોકોને ધર્મ કરવાની ફુરસદ નથી. વર્તમાનનું રાજ એટલે પ્રપંચ વિના ખુરશી પર અવાય નહિ. જે કોઈ સારો આવવા માંગે તેને તો હાથ જ ખંખેરવા પડે. આજે ખુરશી જોઈએ તો 'બીજો પક્ષ ખરાબ, મારો પક્ષ સારો' તેમ કહ્યા વગર ચાલે ? હું જ બધાનું ભલું કરનાર છું તેમ કહ્યા વગર ચાલે ? તે માટે પૈસા વગર ચાલે ? આ લોકો ધર્મ કયારે કરે ? અકબર ભલે મુસ્લિમ બાદશાહ હતો પણ જે ધર્મ માનતો હતો તે ધર્મ પાળતો હતો - કરતો હતો, રોજા પણ કરતો હતો. આજના લોકોને પૂછી આવો કે તમારી કઈ સ્થિતિ છે ? તમારા આગેવાનોને તિથિની પણ ખબર છે ? તેમના રોજાના દિવસોમાં સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી થુંક પણ ન ઉતારાય. તપ શી રીતે થાય તેની તેને ખબર હતી. એટલે જ ચંપા શ્રાવિકાના છ મહિનાના ઉપવાસની વાત સાંભળી આનંદ થયો છે. પોતાને ત્યાં બોલાવી - રાખી બરાબર પરીક્ષા કરે છે. વિચારે છે કે, ગજબ ધર્મ કરે છે. આવો તપ કરે તે તો દુનિયાનો ઊંચામાં ઊંચો આત્મા કહેવાય. બાદશાહ હાથ જોડીને ચંપા શ્રાવિકાને પૂછે છે કે - બેન !

શાના બળે આવો તપ કરો છો ? ચંપા શ્રાવિકા ભગવાનના શાસનને સમજતી હતી, શાસનને સમર્પિત હતી. દાતાર, શીલસંપન્ન કે તપસ્વી જો ભગવાન કે ભગવાનના શાસનને સમર્પિત ન હોય તેની કિંમત નથી. તેણી કહે કે- ''મારા દેવ - ગુરુ અને ધર્મની કૃપાથી'' પછી તેણીએ શ્રી અરિહંત પરમાત્માનું જે વર્ણન કર્યું છે તે સાંભળી બાદશાહ નવાઇ પામ્યો. પૂછે કે આવા શ્રી અરિહંત પરમાત્મા હાલમાં છે ? ત્યારે તેણી કહે કે - સકલ દોષોથી રહિત અને સકલ ગુણના સ્વામી શ્રી અરિહંત પરમાત્મા હાલમાં આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી પણ મોક્ષે ગયા છે. ત્યાર પછી શ્રી જિનેશ્વરદેવના શાસનના સુગુરુનું વર્ણન કરે છે, તે સાંભળી બાદશાહનું માથું ડોલી ગયું પૂછે કે આવા ગુરુ વિદ્યમાન છે ? ત્યારે તેણી જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાનું નામ આપે છે. 'જગદ્ગુરુ'નું બીરૂદ બાદશાહે આપ્યું છે. આજના તમારા આગેવાનો દેવ - ગુરુને ઓળખે છે ? સ્વરૂપને જાણે છે ? જેમણે સુસાધુઓને સાંભળવાની ફુરસદ નથી તે ભગવનના ધર્મનો શું ફેલાવો કરવાના છે ? ત્યાર પછી બાદશાહે શ્રી હીરસૂરિજી મહારાજાને આમંત્રણ આપીને બોલાવ્યા છે, તેમની પાસે ધર્મ સાંભળે છે. તે સાંભળીને ભયંકર માંસાહારી - રોજ સવાશેર ચકલીની જીભનું માંસ ખાનારો બાદશાહ તે બધાનો ત્યાગ કરે છે. જ્યાં જ્યાં હિંસાના ચિહ્નો હતા તે બધા કાઢી નાંખે છે. અને શ્રી પર્યુષણા મહાપર્વના સમયમાં બાર દિવસનું અમારિનું ફરમાન લખી આપે છે. પછી ધર્મ સાંભળતાં છ મહિનાનો પટ્ટક પણ લખી આપે છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા અને જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાએ શી રીતે શાસનપ્રભાવના કરાવી તે જાણવાની આજના લોકોને ઇચ્છા છે ?

સાહિત્યના પ્રેમી એવા શ્રી અમૃતલાલ કાળીદાસ જેવા કમિટિમાં હોવા છતાં જે સાહિત્ય બહાર પડી રહ્યું છે તેથી ઘણું જ દુઃખ થાય છે. આપણે અટકાવવાની કોશિશ કરીએ છીએ. સાચી હકીકતો તેમને જણાવવા છતા જાણે બહેરા કાને જ પડતી હોય તેવી સ્થિતિ છે. સાચી વાત એ છે કે, હઠે - મમતે ચડેલા લોકો 'મૈં મરૂં તુજે રાં કરૂં' જેવી સ્થિતિમાં છે. કમિટિના ઘણા મેમ્બરો કહે કે અમે કશું જાણતા નથી. આ રીતે મનકલ્પિત વાતો કરી સમાજને ઊંધા દોરે તે વ્યાજબી નથી.

રાષ્ટ્રીય સ્તરે થનારો ઉત્સવ કોની આગેવાની નીચે થવાનો ? તેમના ઉત્સવમાં સભા - લેકચરો થવાના. તે વખતે તમારા રાષ્ટ્રપતિ - વડાપ્રધાન વગેરે શું શું બોલવાના ? તે બધા બોલવાના કે- ''આ સંસાર આખો હેય છે, મોક્ષ જ ઉપાદેય છે. આ સંસારની બધી સુખસામગ્રી છોડી દેવા જેવી છે. કદાચ ન છૂટી શકે તો અગ્નિની જેમ સાવચેતીથી તેની સાથે રહેવા જેવું છે. ધર્મ સંસારથી છૂટવા અને મોક્ષે જવા જ કરવાનો છે.'' તે લોકો તો કહેશે કે- ''ભગવાને જગતમાં ક્રાંતિ કરી... ભગવાન બધાને સમાન માનતા હતા....'' આજનો સામાન્ય સંઘ સુધારકોના હાથ નીચે છે. તે સુધારકો આગેવાન છે. તે જે જે બોલશે તે બધાનો પ્રતિકાર કરવો પડશે તે તો કહેશે કે- તમે સહિષ્ણું બનો... સમતા રાખો...

આપણે કહેવું છે કે અમે તો સહિષ્ણું જ છીએ. તમારા ઘર પણ ધાડ આવે તો હાથ જોડીને ઉભા રહેવાના ને ? સમતા ગુમાવવાના નહિ ને ? શાસ્ત્ર કહે છે કે- ઘર - બાર, પૈસા - ટકાદિ માટે ઝઘડો ન થાય. પણ ધર્મના સિદ્ધાંતનો નાશ થતો હોય તો તેનો પ્રતિકાર અવશ્ય કરવો જોઈએ. **ધર્મના સિદ્ધાંતનો નાશ થતો હોય. ત્યારે શક્તિવાળો વિરોધ ન કરે તો તે કાં અજ્ઞાન છે કાં તો સમજવા છતાં 'મુડદાલ' છે. સમજું સશક્ત વિરોધ ન કરે તો મુડદાલ કહેવાય 'સહિષ્ણુ' ન કહેવાય. ધર્મના સિદ્ધાંતના નાશના પ્રતિકાર માટે બોલવું તેમાં અસહિષ્ણુતા નથી. સમતાનો ભંગ નથી.** આપણે ખોટું રોકવાનો પ્રયત્ન ચાલુ છે. ફળે કે ન ફળે. તે કાંઈ કહેવાય નહિ. જ્ઞાનીએ જોયેલ બનવાનું છે. ઊંધી રીતે ભક્તિ કરવા તૈયા થયા છે તેઓ ભક્તિના નામે અશાતાના કરે છે તેનો પ્રતિકાર શક્તિ મુજબ કરવાનો છે. ભગવાનના માર્ગને જાળવવા કટિબદ્ધ થયા વિના ચાલે એમ નથી.

ધર્મ ભગવાનની આજ્ઞા મુજબ થાય. ભગવાનની આજ્ઞા વિરૂદ્ધની પ્રવૃત્તિમાં આપણાથી સાથ અપાય નહિ. આ સરકાર બિનસાંપ્રદાયિક હોઈ તેને ઉજવણી ઉજવવાનો અધિકાર નથી. સરકારને જો ખરેખર ભગવાન શ્રી મહાવીર પરમાત્મા પ્રત્યે બહુમાન હોય તો ભગવાનના પાંચે પાંચ કલ્યાણકોના દિવસે બધા જ કતલખાનાઓ બંધ રખાવે, હિંસા - શિકાર બંધ કરાવે,

કેદીઓને મુક્તિ આપે, ધર્મસ્થાનો પરનો ટેક્ષ માફ કરે, પણ તે તો કહે છે કે- ''અમારે તમારા ધર્મ સાથે કાંઈ લાગતું વળગતું નથી. ભગવાન ચિંતક હતા, સુધારક હતા, દુનિયાના બીજા બીજા મોટા માણસોની ઉજવણી કરીએ તેમ આમની કરીએ છીએ'' તો આ રીતે ઉજવણી કરાય નહિ.

આજના ભાડૂતી લેખ લખનારાઓએ તો સત્યાનાશ કાઢયું છે. ભગવાન શ્રી મહાવીરદેવ 'સ્વયંબુદ્ધ' હતા તેના પર લેખ લખ્યો કે- ''ભગવાન સ્વયંબુદ્ધ હતા તે જ સૂચવે છે કે કોઈના આધારે કોઈ ધર્મ સાધી શકાતું નથી. પોતે જ સ્વયં જાગૃત થાય, તેને ધર્મ સમજાય તો ધર્માત્મા બની શકે. ભગવાન શ્રી મહાવીરદેવ પ્રાચીન તીર્થંકરોના માર્ગમાં સુધારા કર્યા. ભગવાન મહાવીર ન થયા ત્યાં સુધી સાધ્વી સંઘ હતો નહિ. સ્ત્રીઓની મુક્તિ ભગવાન મહાવીરે ખોલી. ભગવાને બધાને સમાન કર્યા... સ્ત્રીઓનો ઉદ્ધાર કર્યો... વગેરે.''

આપણા દરેકે દરેક શ્રી તીર્થંકરપરમાત્માઓ કહે છે કે- 'અનંતા શ્રી અરિહંતપરમાત્માઓ જે કહી ગયા તે જ અમે કહીએ છીએ અને ભવિષ્યમાં થાનારા અનંતા શ્રી અરિહંતપરમાત્માઓ પણ આજ કહેવાના છે. અમારે કશું ભિન્ન કહેવાનું રહેતું નથી.'' **આપણે ત્યાં અનંતા શ્રી તીર્થંકર પરમાત્માઓનો એક જ મત, એક જ કથન, એક જ નિરૂપણ.** સાધ્વી સંઘ પહેલા પણ હતો, આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેવાનો છે. આપણા પરમ પવિત્ર આગમોમાં ઠેર ઠેર દરેકે દરેક શ્રી તીર્થંકરદેવના શાસનમાં થયેલ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વગેરેની સંખ્યાના વર્ણન આવે છે.

ભગવાને કહ્યું છે કે આઠ મદ ન કરવા જોઈએ. મદ કરવાનો પ્રસંગ કયારે આવે ? જગતમાં ઉંચ-નીચ જાતિ હોય તો મદ કરવાનો પ્રસંગ આવે કે એમને એમ જ આવે ?

તે લોકો તો દિગંબર મતને સાચો કહેવાના છે. નિર્વસ્ત્ર મૂર્તિ જાહેર કરશે. દિગંબરો પાંચ કલ્યાણક નથી માનતા પણ ચ્યવન કલ્યાણકને કાઢી બાકીના ચાર માને છે અને તીર્થસ્થાપના દિનને પાંચમું માને છે. તે તો કહે છે કે ભગવાન સ્વયં તીર્થની સ્થાપના નથી કરતા પણ ધ્વનિ ઊઠે પછી કરે છે. ભગવાનને કેવળજ્ઞાન થયા પછી ૬૪ મે દિવસે ધ્વનિ ઊઠયો ત્યારે તીર્થની સ્થાપના કરી.

આ લોકો આપણને તોફાની, મારામારી કરનારા, હિંસા આચરનારા કહે છે. જે વાત ખોટી હોય, વિપરીત રીતે રજૂ થતી હોય તેનો આ લોકશાસનમાં વિરોધ કરવો તે ખોટું છે ?

આપણે આપણી શક્તિ મુજબ વિરોધ કરવો છે. તે લોકો જો ખરેખર સહિષ્ણુ અને સમતાના સાગર હોય તો આમંત્રણ આપે કે- ''અમારી સભામાં ખુશીથી પધારો. અમારા વકતા જે બોલે તેમાં વિરોધ લાગે તે બોલવા તમને ય સમય ફાજલ આપવામાં આવશે.'' આને બદલે ધમકી આપી છે કે વિરોધીઓ તોફાન કરશે તો પકડીને જેલમાં બેસાડી દઈશું. આ બધા ખરેખર સંઘના માણસો હોય તો આવી ધમકી આપી શકે ? આપણે શકય વિરોધ કરીને આપણી આરાધના કરવી છે. વિશેષ અવસરે.

ક્રમશઃ

સુદર્શન શેઠ આગલો ભવ સુભગ ગોવાળ હતો. મુનિ નમો અરિહંતાણું કહી આકાશમાં ઉડવાનો આ મંત્ર છે. જોયું હતું એટલે એને થયું કે, આકાશમાં ઉડવાનો આ મંત્ર છે. ચોમાસુ હતું ગાયો મારવા ગયો અને વરસાદ શરૂ થઈ ગયી અને નદી છલી ગઈ પાણી ન ઉતરે નદી કાંઠે રાહ જોઈ અને નમો અરિહંતાણ કહી ઉછાળ્યો. પણ જેવો ઉછટયો પડયો નદીમાં અને કાંઠે જ બોવળનું ઝાડ ધારધાર અણીવાળો લાકડો તેની છાતીમાં ખૂંચી ગયું અને મૃત્યુ પામ્યો તેજ અર્હતુશેઠને ઘેર બાળક રૂપે જન્મ્યો - સુંદર રૂપાળો જેથી અર્હતદાશે સુદર્શન નામ રાખ્યું મોટો થયો અને મનોરમા નામની શ્રીમંત કન્યા સાથે થયા.

**-શ્રી રતિલાલ દેવચંદ ગુઢકા - લંડન**

## पालीताणा में मांस - विक्रय का लाइसेंस

गुजरात सरकार द्वारा विश्वप्रसिद्ध जैन महातीर्थ पालीताणा में मांस विक्री तथा मांस की दुकानें चालु करने हेतु लाइसेन्स देने का निर्णय किया है, जो बहुत ही चिन्ता एवं खेद का विषय है। जहाँ हजारो श्रद्धालु प्रतिदिन धर्माराधना हेतु पहुँचते है वहां मांस-विक्रय करने की हिंसक प्रवृत्ति उस तीर्थस्थल को अपवित्र करने की धिनौंनी चाल है। जिसे जैन समाज कदापि बर्दाश्त नहीं करेगा और आवश्यक हुआ तो विवश होकर जैन समाज को इसके लिए अहिंसक आंदोलन भी करना होगा।

श्री जीवदया मंडल, टोंकने इसका विरोध कीया है। आप भी राष्ट्रपति, प्रधानमंत्री, गृहमंत्री, सामाजिक न्याय मंत्री, जिला कलेक्टर, भावनगर को पत्र लीखकर अपना विरोध प्रकट करें।

# પાલીતાણા અમારિ વિહાર પૂ. સાધ્વીજી શ્રી વિમલપ્રભાશ્રીજી મ. નો કાળધર્મ

પૂજ્ય બાપજી સિધ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટ વિભુષક પૂજ્યપાદ આચાર્યશ્રી વિબુધ પ્રભ સૂરીશ્વરજી મહારાજ સા. નાં સમુદાયના પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્ય શ્રી મહોદય સૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તી પૂજ્ય સાધ્વી શ્રી વિજયાશ્રીજી મ. સા. ના શિષ્યા શ્રી વિમલ પ્રભાશ્રીજી મ. સા. નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા ખુબજ સુંદર સમાધિ પૂર્વક કાળધર્મ પામેલ છે.

તેઓશ્રી શિહોર મુકામે નેમચંદભાઈ પિતા અને કંકુબાઈ માતાના ધર્મિષ્ઠ કુળમાં જનમ્યા હતાં તેઓનું આખુ કુટુંબ જ સંસ્કારી ૩ બેનો અને ૧ ભાઈ ચારે સંસારના બંધનથી બંધાયા છતાં પોત પોતાના પરિવારને સાથે લઈ સયમી બન્યા પૂ. વિમલ પ્રભાશ્રીજી મ. ૪ વરસ પહેલા લકવો પડયા ૬૫ દિવસ કોમામાં રહેલ તેમાંથી સારૂ થતાં સિધ્ધગિરિની યાત્રાની ભાવના થતાં અમદાવાદથી સૂતા સૂતા ડોળીમાં પાલીતાણા લાવ્યા. પોંચ્યા ને બીજેજ દિવસે દાદાની યાત્રા કરાવી. ચક્ષુથી પ્રભુના દર્શન ન થયા ત્યા સુધી પ્રભુ સામે રડયા. દર્શન થયા ત્યારે આનંદ થયો. ધીમે ધીમે ગળેથી ખોરાક લેવામાં મુશ્કેલી થતાં ઈન્ડસ્કોપી કરાતાં બાયોપ્સી કરતાં કેન્સરની ગાંઠ અન્નનળીમાં આવી. બે વર્ષથી આ દર્દ હતું વાપરવાનું બંધ થતાં બાર મહિનાથી માત્ર મુસંબીના રસ ઉપર જ હતાં તે પણ શ્રા-શુ-૧૪ થી ભા-શુ-૩ સુધી એકદમ પ્રમાણ ઘટી ગયું. સંવત્સરીએ ઉપવાસનું પચ્ચક્ખાણ કરાવ્યુ. પાણી ન વાપર્યુ, તે દિવસથી પાણીનું ટીપુ પણ ગળે ઉતારવાનું બંધ કરી દીધુ. અને મોહને વશ રોજ ઉપવાસના પચ્ચક્ખાણ ન કરાવ્યા પરંતુ પાણી પણ લેતા નહોતા પરાણે મોઢામાં નાંખીએ તો કાઢી નાંખતા ૩૨ દિવસમાં ૧૨ દિવસ ઉપવાસના પચ્ચક્ખાણ કરાવ્યા હતા. ગઈકાલે પણ ઉપવાસનું પચ્ચક્ખાણ કરાવેલ પોતાની ધારણા જાણે માસક્ષમણની હોય તેમ પૂછીએ કે માસક્ષમણ કરવું છે તો હા કહેતા. ૩૨ દિવસથી કાંઈ લીધુ ન હોવા છતાં, બે વરસથી આવુ દર્દ હોવા છતાં ખૂબજ સમતા સહનશીલતા પ્રસન્નતા અરિહંતનું રટન ખુબજ સારૂ હતુ તેઓશ્રીના જીવનમાં કષાયો ખૂબજ અલ્પ હતા. પાપ ભીરૂતા ઘણી જ હતી. કાંઈપણ ભૂલ અજાણતા થઈ જાઈ તો કંપી ઉઠતા વારંવાર પશ્ચાતાપ કરતા. તેઓશ્રીના ગુણો અપરંપાર છે. તેઓશ્રીનો આત્મા જ્યાં બિરાજમાન થયો હોય ત્યાં જૈન શાસન સુખશાંતિ સમાધિ પ્રાપ્ત કરવા દ્વારા શીઘ્રશાશ્વતસુખના ભોક્તા બને.

પૂજ્ય પાદ પંન્યાસ પ્રવર જયતિલક વિજયજી મ. તેઓશ્રી માતાગુરૂની અનન્ય ભકિત અને લાગણીથી ખેંચાઈ કર્ણાટકમાંથી ભર ઉનાળે લાંબા વિહાર કરી નિર્યામણા આરાધના કરાવવા પધારેલ તેઓશ્રીએ ખુબજ રાત દિવસનો ભૂખ તરસનો તડકો છાંયડાનો વિચાર કર્યા વિના ખૂબજ આરાધના કરાવી છે. સમાધિપ્રદ ખુબજ સંભળાવ્યુ છે. અંતિમ શ્વાસ સુધી નવકાર મંત્ર આદિ સંભળાવ્યુ છે. જાણે કે ઉપકારનો બદલો બધોજ અત્ર વાળી ઋણ મુકત થવાનો જ આ ચાન્સ ન મલ્યો હોય એવી અનન્ય ભકિત કરી આરાધના કરાવી છે.

પૂજ્યપાદ શ્રી સ્થવિર મુનિરાજ શ્રી દર્શન વિજયજી મ. (તેઓશ્રીના સંસારી લઘુ બંધુ) તથા પૂ. પં. ચંદ્રકીર્તિ વિજયજી મ. (તેઓશ્રીના સંસારી ભત્રિજા) ઘણે જ નાંદુરસ્ત તબીયતે બેન મહારાજને ખાસ મળવા આરાધના કરાવવા અત્ર ચોમાસુ પધાર્યા પૂજ્ય પાદ માતૃહૃદયા પૂ. ગુરૂદેવ શ્રી મદનરેખાશ્રીજી મ. નાંદુરસ્ત તબીયતને કારણે પાલીતાણા સાથે ચોમાસું ન કરી શકયા પરંતુ ત્યાં રહ્યા રહ્યા નિરંતર આર્શીવાદ વરસાવતા જ રહ્યા સમાધી દાયક સંદેશા પાઠવતા જ રહ્યા જેથી સમાધિ વૃધ્ધિવંત બની રહી.

દરેક ધર્મશાળામાંથી પૂજ્ય મહાત્માઓ યાત્રિકો મંગલિક માટે દર્શનાર્થે આવતા પુન્ય નિમિત્તે તપશ્ચર્યા નવકારવાળી સામાયિક જીવદયા જીવછોડામણ વિગેરે પુન્ય આપી જતાં સાધ્વીજી ભદ્રગુણાશ્રીજી, સાધ્વીજી પદ્મપ્રભાશ્રીજી, પદ્મયશાશ્રીજી, સાધ્વીજી તીર્થેશ પદ્માજી તથા સાધ્વીજી કલ્પેશપદ્માશ્રીજી એ રાત - દિવસ જોવા વિના બાહ્ય ઉપચારો સેવા ભકિત વૈયાવચ્ચ સાથે અભ્યંતર આરાધના કરાવવામાં પૂર્ણ સહકાર આપતા હોવાથી તેમને સમાધિ સારી રીતે આપી શકયા સાથો સાથ પૂજ્ય સાધ્વીજીશ્રી સૂર્યયશાશ્રીજી મહારાજ સપરિવાર ખૂબજ સારી નિર્યામણ કરાવી છે. ૩ વર્ષની બિમારીના કાળમાં પૂ. સા. ચંદનબાલાશ્રીજીએ પરિવાર સહ જે સાધના અને આરાધના કરાવી છે. ડો. ગોપાલભાઈ અમરેલીવાળાએ અવસરે અવસરે અમરેલી અને અત્રે આવીને સારી સેવા ભકિત કરી છે.

ઉપરાંત સંઘો તેમજ સંસારી સંબંધીઓ વગેરે અવસરે આવીને એમની વૈયાવચ્ચ અને સમાધિમાં સહાયક બન્યા છે. એમના પાલખીના ચડાવા જીવદયાની ટીપ વિગેરે સારા પ્રમાણમાં થયેલ છે.

તેઓશ્રીના નિમિત્તે ૯૬ જીવ છોડાવવાનું નક્કી થયુ છે. તેમનો આત્મા જ્યાં હોય ત્યાં જૈન શાસન પામી શિવ સુખ પામે એજ અભિલાષા.

**લી. સા. શ્રી પદ્મરેખાશ્રીજી**

તા. ૪-૧૦-૨૦૦૦

# જ્ઞાનગુણગંગા

હપ્તો -૪

-પ્રજ્ઞાંગ

કર્મગ્રંથિક મતે જ્યાંથી ફેરફાર છે તે જોઈએ.

કોઈપણ સંખ્યાને એ જ સંખ્યાએ ગુણતાં જે સંખ્યા આવે તે તેનો વર્ગ કહેવાય. જેમ કે પાંચને પાંચે ગુણતાં પચ્ચીશ (૨૫) આવે તે પાંચનો વર્ગ કહેવાય ૫×૫ = ૨૫.

'જઘન્ય યુકત અસંખ્યાત' સુધી સૈધાન્તિક અને કાર્મગ્રન્થિક માન્યતા બરાબર છે. પરંતુ તે પછી કાર્મગ્રન્થિક માન્યતામાં ફેર પડે છે તે આ રીતે :-

**(૫) મધ્યમ યુકત અસંખ્યાત :-** 'જઘન્ય યુકત અસંખ્યાત' થી શરૂ કરીને છેક 'ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાત' સુધીનું 'મધ્યમ યુકત અસંખ્યાત' કહેવાય.

**(૬) ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાત :-** 'જઘન્ય યુકત અસંખ્યાત'ને 'વર્ગ' કરવાથી જે સંખ્યા આવે તેમાં એકરૂપ હીન તે 'ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાત' કહેવાય. (પૂર્વ રાશિ અભ્યાસ ગુણિત કરી એક રૂપ હીન તે ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાત કહેલ અને અત્રે 'વર્ગ' કરી જે સંખ્યા થાય તે કહ્યું)

**(૭) જઘન્ય અસંખ્ય અસંખ્યાત :-** 'ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાત'માં એક રૂપ ઉમેરવાથી જે સંખ્યા થાય તે 'જઘન્ય અસંખ્ય અસંખ્યાત' કહેવાય.

**(૮) મધ્યમ અસંખ્ય અસંખ્યાત :-** જઘન્ય અસંખ્ય અસંખ્યાતની પછી અને ઉત્કૃષ્ટ અસંખ્ય અસંખ્યાતની પૂર્વેની સંખ્યા તે 'મધ્યમ અસંખ્ય અસંખ્યાત' કહેવાય.

**(૯) ઉત્કૃષ્ટ અસંખ્ય અસંખ્યાત :-** 'જઘન્ય અસંખ્ય અસંખ્યાત' ત્રણ વાર વર્ગ કરવો. તેમાં નીચેની દશ 'અસંખ્યાત' વસ્તુ ભેળવવી.

અત્રે એ યાદ રાખવું કે જ્ઞાનવરણીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોટાકોટિ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે. એ બેઉ વચ્ચે અસંખ્ય મધ્યમ સ્થિતિ છે. અને એના બંધના હેતુભૂત 'અસંખ્ય' અધ્યવસાયો છે. એ જ પ્રમાણે અન્ય કર્મોમાં પણ અધ્યવસાયો અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા જ છે. આમ જેમ કર્મસ્થિતિબંધ અસંખ્ય છે તેમ એના 'અનુભાગ' રૂપ રસના બંધ પણ અસંખ્ય છે.

અમુક કર્મ અમુક કાળ કે મુદત સુધી રહે એ કર્મનો 'સ્થિતિ બંધ' કહેવાય. કર્મના શુભાશુભ ફળ એ કર્મનો અનુભાગ કે રસ કહેવાય. તેનો નિશ્ચય તે 'અનુભાગ બંધ' કહેવાય.

**દશ અસંખ્યાતનાં નામ :**

૧. લોકાકાશના પ્રદેશો.

૨. ધર્માસ્તિકાયના પ્રદેશો.

૩. અધર્માસ્તિકાયના પ્રદેશો.

૪. એક જીવના પ્રદેશો.

૫. સ્થિતિબંધના અધ્યવસાયના સ્થાનો.

૬. અનુભાગબંધના અધ્યવસાયના સ્થાનો.

૭. મનોયોગના, વચન યોગના અને કાયયોગના અવિભાજ્ય વિભાગો.

૮. કાળચક્રના સમયો - ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો.

૯. પ્રત્યેક શરીરી જીવો. (અનંતકાયને છોડીને પૃથ્વી - અપ - તેઉ - વાઉ - વનસ્પતિ - ત્રસના પ્રત્યેકના શરીરો અર્થાત્ સર્વ જીવો)

૧૦. અનંતકાયના જીવો રૂપ નિગોદના શરીરો ( સૂક્ષ્મ - બાદર અનંતકાયિક વનસ્પતિના અર્થાત્ નિગોદના શરીરો.)

આ દશ અસંખ્યાતા ભેળવ્યા પછી પુનઃ એને ત્રણ વાર વર્ગ કરવો પછી એમાંથી એક રૂપ ઓછું કરવું એટલે 'ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત' થાય છે.

**(૧) જઘન્ય પરિત્ત અનન્ત :-** ઉત્કૃષ્ટ અસંખ્ય અસંખ્યાતમાંએક રૂપ ઉમેરીએ ત્યાર 'જઘન્ય પરિત્ત અનન્ત' થાય.

**(૨) મધ્યમ પરિત્ત અનન્ત :-** જઘન્ય પરિત્ત અનન્ત પછીનું ઉત્કૃષ્ટ પરિત્ત અનન્તથી પહેલાનું તે મધ્યમ પરિત્ત અનન્ત થાય.

**(૩) ઉત્કૃષ્ટ પરિત્ત અનન્ત :-** જઘન્ય પરિત્ત અનન્તનો અભ્યાસ ગુણાકાર કરી એક રૂપ બાદ કરતાં ઉત્કૃષ્ટ પરિત્ત અનન્ત થાય.

**(૪) જઘન્ય યુકત અનન્ત :-** ઉત્કૃષ્ટ પરિત્ત અનન્તના એક રૂપ ઉમેરવાથી 'જઘન્ય યુકત અનન્ત' થાય. અભવ્યના જીવો આટલા છે.

**(૫) મધ્યમ યુકત અનન્ત :-** જઘન્ય યુકત અનન્ત પછીનું અને ઉત્કૃષ્ટ યુકત અનન્તની પહેલાનું 'મધ્યમ યુકત અનન્ત' કહેવાય.

**(૬) ઉત્કૃષ્ટ યુકત અનન્ત :-** 'જઘન્ય યુકત અનન્ત'નો વર્ગ કરી એમાંથી એક રૂપ બાદ કરીએ તો ઉત્કૃષ્ટ યુકત અનન્ત' થાય.

**(૭) જઘન્ય અનન્ત અનન્ત :-** ઉત્કૃષ્ટ યુકત અનન્તમાં એક રૂપ ઉમેરીએ તો 'જઘન્ય અનન્ત અનન્ત' થાય.

**(૮) મધ્યમ અનન્ત અનન્ત :-** જઘન્ય અનન્ત અનન્તની પછીનું અને ઉત્કૃષ્ટ અનન્ત અનન્તની પહેલાનું 'મધ્યમ અનન્ત અનન્ત' કહેવાય.

**(૯) ઉત્કૃષ્ટ અનન્ત અનન્ત :-**

'જઘન્ય અનન્ત અનન્ત'નો ત્રણ વખત વર્ગ કરી તેમાં નીચે જણાવેલ છ 'અનન્તા' ઉમેરવા.

૧. વનસ્પતિકાયના જીવો.
૨. નિગોદના જીવો.
૩. સિદ્ધો
૪. પુદ્ગલના પરમાણુઓ.
૫. સર્વકાળના સમયો.
૬. સર્વ અલોકાકાશના પ્રદેશો

આ છ યે અનનથા ઉમેર્યા પછી જે રાશિ થાય તેનો પુનઃ ત્રણવાર વર્ગ કરવો અને જે રાશિ થાય તેમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનના અનન્ત પર્યાય ઉમેરવા. તે ઉમેર્યા પછી જે રાશિ થાય તે 'ઉત્કૃષ્ટ અનન્ત અનન્ત' થાય. પરન્તુ એ માનના પદાર્થના અભાવથી એ સંખ્યા વ્યવહારમાં નથી.

આમ 'અનન્ત'ના કર્મગ્રન્થને અનુસારે 'નવ' અને સિદ્ધાંત પ્રમાણે 'આઠ' ભેદ થાય.

સર્વ 'જઘન્યો' અને સર્વ 'ઉત્કૃષ્ટો'નું માપ નિયત છે. 'મધ્યમ'ના માપ અનિયત છે.

જે 'પ્રકાર'ની સંખ્યાથી ગણત્રી થઈ શકે એ પ્રકાર 'સંખ્યાત' કહેવાય. અને જે પ્રકારની એવી ગણત્રી ન થઈ શકે એ પ્રકાર 'અસંખ્યાત' કહેવાય. જે પ્રકારનો અન્ત જ નથી તે પ્રકાર 'અનન્ત' કહેવાય છે.

**અનન્તનું પ્રયોજન :-**

(૧) અભવ્યો ચોથે અનન્તે હોય છે (જઘન્ય યુકત અનન્તે)

(૨) સમકિતથી ભ્રષ્ટ થયેલા અને શ્રી સિદ્ધભગવંતો પાંચમે અનન્તે - મધ્યમયુક્ત અનન્ત હોય છે.

(૩) નીચેના બાવીશ પદાર્થો આઠમે અનન્તે - મધ્યમ અનન્ત અનન્ત છે.

૧. બાદર પર્યાપ્ત વનસ્પતિ.
૨. બાદર પર્યાપ્ત.
૩. અપર્યાપ્ત બાદર વનસ્પતિ.
૪. બાદર અપર્યાપ્ત.
૫. બાદર.
૬. સૂક્ષ્મ અપર્યાપ્ત વનસ્પતિ.
૭. સૂક્ષ્મ અપર્યાપ્ત.
૮. સૂક્ષ્મ પર્યાપ્ત વનસ્પતિ.
૯. સૂક્ષ્મ પર્યાપ્ત.
૧૦. સૂક્ષ્મ.
૧૧. ભવ્ય જીવો.
૧૨. નિગોદ.
૧૩. વનસ્પતિ.
૧૪. એકેન્દ્રિય.
૧૫. તિર્યંચ.
૧૬. મિથ્યાદ્રષ્ટિ.
૧૭. અવિરતિ.
૧૮. સકષાયી.
૧૯. છદ્મસ્થ.
૨૦. સયોગી.
૨૧. સંસારી.
૨૨. સર્વ જીવો.

આ બાવીશે આઠમે અનન્તે છે અને તેઓ એક-બીજાથી અધિક અધિક છે.

ક્રમશઃ

બોધ કથા

# ધર્મ જ આધાર

- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

[illegible] આત્માઓને પ્રાણ કરતાં પણ ધર્મજ શ્રેષ્ઠ લાગે [illegible] પુણ્યાત્માઓની પુણ્ય કથાઓ શાસ્ત્રોના પાને પાને [illegible] થાય છે. પ્રાણ જવા દેવા તૈયાર પણ ધર્મનો ત્યાગ કરવા હરગીજ તૈયાર નહિ. કે દુન્યવી સુખ સામગ્રી માટે ધર્મ [illegible] વા પણ તૈયાર નહિ. આપણે આપણી મનોદશા તપાસવી છે કે આપણને પ્રાણ પ્યારા લાગે છે કે ધર્મ વહાલો લાગે છે દુન્યવી તુચ્છ સુખ સામગ્રી માટે ધર્મને વેચીએજ નહિ [illegible] થઈએ તે મંજુર પણ ધર્મ તો વેચીએ જ નહિ. [illegible] ધર્મ કે ધર્મ સાટે પ્રાણ !

[illegible] ત્યાં શ્રી વર્ધમાન દેશનામાં અતિથિ સંવિભાગ [illegible] શ્રેષ્ઠીની કથા આવે છે કે- પુણ્યોદયના કારણે [illegible] શ્રેષ્ઠી મહા શ્રીમંત હતા તેમ મહા ધર્મી પણ [illegible] સંસારે છે. સંસારમાં બધાના દિવસો એક [illegible] જાય નહિ. અશુભ કર્મોદયે આ શેઠની પણ સંપત્તિ [illegible] અન્ન અને દાંતને વૈર જેવી સ્થિતિ આવી. [illegible] પોતાની નિત્ય ધર્મકરણી ચૂકતા નથી. આજે [illegible] પણ કહે કે 'ધર્મીને ઘેર ધાડ અને અધર્મીને [illegible]' પેલો પણ તેમાં સૂર પૂરાવે તો તે ધર્મી [illegible] ? પત્નીના વારંવારના આગ્રહથી મન નહિ છતાં [illegible] ત્યાં જવા નીકળ્યા. સમજુ આત્માને [illegible] ઝૂકવું પડે છે, ના છૂટકે માનવું પડે છે. [illegible] આવી અવસ્થામાં ચાલુ છે. ઉપવાસના [illegible] મહાત્માનો યોગ થયો તો શુદ્ધભાવથી [illegible] લાવેલા તે વહોરાવ્યું. આજે આપણે બધા [illegible] કરીને મોક્ષમાર્ગ તરફ નિર્વિઘ્ને પ્રયાણ [illegible] સંસારના સુખ માટે ધર્મ કરીને સંસારને [illegible] ? દરેક ધર્માત્માએ પ્રામાણિકપણે આ [illegible] કરવાની જરૂર છે. આત્મનિરીક્ષણનો અપૂર્વ [illegible] નિરર્થક ગુમાવી રહ્યા છીએ તેમ લાગે છે [illegible] જે ભાવથી દાન આપ્યું હશે તે તેઓ જાણે [illegible] કહે છે કે- ચિત્ત, વિત્ત અને પાત્રનો સુભગ [illegible].

[illegible] સસરાના ગામ ગયા. સાસરામાં પારણું કર્યું. [illegible] ચકોર સસરા સમજી ગયેલા. પોતાની [illegible] ધન આપવું કે નહિ તે વાત પૂછી ! [illegible] કે- ''આ શ્રેષ્ઠી મુનિ મહાત્માને જે ભાવથી [illegible] બાંધ્યું તેનો જો ચોથો ભાગ આપે તો [illegible] સહકાર કરીશ અન્યથા નહિ !''

વિવેકી વાચકો ! વાત સમજાય છે ને કે ધન [illegible] પાત્રમાં પડયું હોય તો લાભ કરે, અપાત્રમાં પડેલું [illegible] સ્વ-પર ઉભયને નુકશાન કરે. આવા, સુકૃતની [illegible] અનુમોદના કરવાના બદલે આવી શિખામણ આપે [illegible] ધ્વનિત કરે છે કે પૈસા - ટકાના પૂજારી અને લો[illegible]નો હાલત કેવી દયાનીય હોય છે. સલાહ પણ સાચી આપ[illegible] બદલે વિપરિત આપે તો વિનાશ જ થાય તેમાં [illegible] ! જેનું ભાગ્ય ફૂટેલું રૂઠેલું હોય તેને સાચી સલાહ આ[illegible] પણ ન મળે !

સસરાની તે માગણી સાંભળી શ્રી જિનદાસ શ્રેષ્ઠી કહે કે- ''વિવેકી થઈને આવું અયુકત કેમ કહો છો ? કલ્પવૃક્ષને ઉખેડીને લીમડાને કોણ વાવે ? મોટા ઐરાવણ જેવા હાથીને વેચીને રાસભ-ગધેડાને કોણ ખરીદે ? આત્માની મુક્તિ અપાવનાર એવા મુનિદાનના ફળને વેચીને વિનશ્વર [illegible] દ્રવ્યની-ધનની ઈચ્છા કોણ કરે ?''

મહાનુભાવો ! વિચારો કેવી કપરી પરિસ્થિતિ છે છતાં પણ ધર્મની પરિણતિ શ્રદ્ધા કેવી અદ્‌ભૂત છે. સસરો નારાજ થવા છતાં પણ જમાઈની અડગતા અને ધર્મ પર ન્યોછાવર થવાની ભાવના કેવી સુંદર છે ! આવી આપણી ભાવના આવશે તો જ આપણું કલ્યાણ થશે. બાકી વાતોના વડા કરે નહિ થાય. ધર્મ સાચવવાનો હવે અવસર આવવાનો છે. લોકહેરીમાં તણાય તેવા માયકાંગલાઓ ધર્મ આરાધી પણ ન શકે તો સાચવે કયાંથી ! ભગવાન મહાવીર પરમાત્માની ૨૬૦૦મી રાષ્ટ્રીય સ્તરે થતી ઉજવણીનો હવે વિરોધ કરવો પડશે. જે પરમ તારક પરમ ગુરૂદેવે ૨૫૦૦મી રાષ્ટ્રીય સ્તરની ઉજવણી વખતે જેવી વિરોધની જેહાદ જગાવી હતી લોકોને સાચું સમજાવી, શાસ્ત્રીયતા મુજબ ઉજવણી [illegible] પ્રેરેલા તે જ આદર્શ લઈ આપણે પણ તે જ માર્ગે ચાલવું પડશે તેમાં જ જિનભકિત અને ગુરૂભકિત સમાયેલી છે.

ધર્મ જ પ્રાણ છે, ધર્મ ખાતર બધુ સમર્પિત કરીશું પણ અશાસ્ત્રીયતામાં સંમતિ નહિ જ આપીએ. શાસ્ત્રીય [illegible] જ સંપૂર્ણ ટેકો આપી. તે માર્ગે ચાલીશું

આવી ખમીરવંતી ખુમારી કેળવી ધર્મને જ [illegible] - આધાર - શરણ - રક્ષક માની સાચા આરાધક બનીએ [illegible] જ હાર્દિક કામના છે.

# બિજાપુર (કર્ણાટક) નગરે મહાપર્વની અનુમોદનીય - અવિસ્મરણીય આરાધના

### (સામુદાયિક ૧૦૮ અઠ્ઠાઈની તપશ્ચર્યા)

સુવિશાલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી મહોદય સૂ. મ. ની આજ્ઞા - આશીર્વાદથી ચાતુર્માસાર્થે પધારેલા શાસનપ્રભાવક પૂ. આ. ભ. શ્રી જયકુંજર સૂ. મ. તથા પૂ. આ. ભ. શ્રી મુક્તિપ્રભ સૂ. મ. ના શિષ્ય - પ્રશિષ્યરત્નો પૂ. મુ. શ્રી પુણ્યારક્ષિત વિ. મ., પૂ. મુ. શ્રી અક્ષયબોધિ વિ. મ. તથા પૂ. મુ. શ્રી આત્મરક્ષિત વિ.મ.ની પાવન નિશ્રામાં શ્રી સંઘના ઉપક્રમે મહાપર્વની આરાધના ખૂબજ અનુમોદનીય થવા પામી.

પૂજ્ય મુનિશ્રીએ વ્યાખ્યાન દરમ્યાન મહાપર્વનું સ્વાગત કઈ રીતે કરશો ? એ અંગે અઠ્ઠાઈ તપ કરવાની પાવન પ્રેરણા કરેલ અને પૂજ્યશ્રીની પ્રેરણાને ઝીલીને શ્રી સંઘમાં ૧૦૮ જેટલી અઠ્ઠાઈ પણ થવા પામી હતી. જે સંઘમાં કાયમી યાદગાર સંભારણું બની જવા પામેલ. ૬૪ પ્રહરી પૌષધની આરાધના સુંદર થયેલ.

સૂત્રશિરોમણિકલ્પસૂત્ર ગ્રંથ ઘરે લઈ જવાનો ચઢાવો શ્રી રાજેન્દ્ર જૈન યુવક મંડળે લીધો હતો. અને રાજરાજેન્દ્ર આરાધનાભવનમાં ખૂબજ ઠાઠમાઠથી રાત્રિજાગરણ કરેલ. ભા. સુ. ૧ ના પારણું ઘરે લઈ જવાનો ચઢાવો પોપ્યુલર ટ્રેડર્સ પરિવારે લીધેલ.

ભા. સુ. ૪ ના ૧૦૮ જેટલા ભાઈઓમાં પૌષધ થવા પામેલ.

ભા. સુ. ૫ ના છઠ્ઠથી ઉપરના બધા તપસ્વીઓના પારણાનો લાભ વી. જી. પારેખ પરિવારે ખૂબજ ઉદારતાપૂર્વક લીધેલ.

ભા. સુ. ૬ ના રથયાત્રા તથા તપસ્વીઓનો વરઘોડો ખૂબજ શાસન પ્રભાવનામય નીકળ્યો હતો. ભા. સુ. ૮ ના શ્રી સકલ સંઘ તરફથી ચૈત્યપરિપાટીનું આયોજન થયેલ. મહાવીર સોસાયટીના આરાધકો તરફથી અલ્પાહાર ભક્તિનું આયોજન થયેલ. મહાપર્વ નિમિત્તે સંઘમાં બે સ્વામીવાત્સલ્ય પણ થયેલ.

ભા. સુ. ૧૦ થી ભા. સુ. ૧૨ ત્રણ દિવસ ડો. પ્રભાકર ગણપતલાલ શાહ પરિવાર આયોજિત ત્રિ-દિવસીય જિનભક્તિ મહોત્સવ ખૂબજ ઠાઠમાઠથી થવા પામેલ. શ્રી સંઘનું સ્વામી વાત્સલ્ય પણ ઉદારતાપૂર્વક થયેલ. મહોત્સવની પાવન સ્મૃતિમાં બિજાપુર શ્રી સંઘના પ્રત્યેક ઘરોમાં ૫ ગ્રામ ચાંદીનો સિક્કો ડો. પ્રભાકરભાઈ પરિવાર તરફથી ભેટરૂપે આપવામાં આવેલ.

મહાપર્વ દરમ્યાન અઠ્ઠાઈ તપની આરાધના કરનાર પુણ્યશાલીઓને શ્રી સંઘ તરફથી સામુદાયિક પ્રભાવના રૂપે રૂા. ૧૧૦૦ નોંધાયેલ. જેમાં સોનાની વીંટી તથા પુસ્તકનું આકર્ષક પેકેટ અપાયેલ. ૪ પ્રહરી પૌષધશાળા ભાગ્યશાળીઓને પણ સોનાની વીંટી ની જ પ્રભાવના થયેલ. શ્રી સકલ સંઘ તરફથી તપસ્વીઓના સન્માનનો કાર્યક્રમ ભા. સુ. ૧૩ ના સંઘના ઉપાશ્રયે જ રખાયેલ. મોટી રકમની બોલી બોલીને શ્રી વેણીલાલ નાગરદાસ વારૈયા પરિવારે ઉદારતાપૂર્વક લાભ લીધેલ.

એકંદરે ચાલુ વર્ષે કર્ણાટક - બિજાપુરમાં પૂ. ગુરુભગવંતોની ચાતુર્માસાર્થે પધારામણી થવાથી અવિસ્મરણીય આરાધના થવા પામી છે. બિજાપુર સંઘના જ ભૂતપૂર્વ પ્રમુખ હાલ પૂ. મુનિરાજ શ્રી અક્ષયબોધિવિજયજી મ. ની દીક્ષા બાદ સૌ પ્રથમ ચાતુર્માસ હોઈ સંઘમાં ખૂબજ આનંદનું વાતાવરણ છે. પૂ. મુનિશ્રીના સંસારી સુપુત્ર શ્રી દિનેશભાઈ બાબુલાલ સંઘવી ઉદારતાપૂર્વક ચાતુર્માસ કરાવવાનો લાભ લઈ રહ્યા છે.

**સુરસુરિયું**

**ચંદુ હજામે પોતાની ચાલાકી બતાવતાં કહ્યું : "હું એવી ગુરાતનની વાતો કહ્યું કે ભલભલાના વાળ ઉભા થઈ જાય !" ચંપક બોલી ઉઠયો : "એમ તો તું ચમન ટાલિયાના માથાના વાળ ઉભા કરી દે, જોઉં તો !"**

# ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે !

- અ. સૌ. અનિતા આર. પટણી- માલેગાંવ

અનાદિ અનંત એવા આ સંસાર સાગરમાં ભમતાં ભમતાં મહા પુણ્યોદયે પરમતારક શાસનની પ્રાપ્તિ થઈ. આવા દેવાધિદેવ ત્રિલોકબંધુ કરૂણાસાગર શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનની દેવ તરીકે પ્રાપ્તિ થઈ. મારૂં હૈયું નાચી ઊઠે છે. ભગવાનના દર્શન કરતાં મારા હૈયામાં આનંદની ભકિતની જે છોળો ઉછળે છે, ભકિત જે રીતના પૂર્ણિમાના ચંદ્રથી સમુદ્રની ભરતીની જેમ ઉછળે છે- મને ગાંડી ઘેલી બનાવે છે જેનું વર્ણન ભકત જાણે કાં ભગવાન જાણે આ કલમ પણ ત્યાં કુંઠીત બને છે, લેખીની અટકી જાય છે.

આ અનાદિ સંસારનું સ્વરૂપ વર્ણવતાં જ્ઞાનિઓ કહે છે કે- રોગ-જરારૂપી મોટા મોટા મગરમચ્છોથી વ્યાપી, હંમેશા આયુષ્યની પૂર્ણાહુતિ સ્વરૂપ મરણ રૂપી પાણીવાળો, દ્રવ્ય - ક્ષેત્ર - કાલ અને ભાવરૂપી ચારે પ્રકારની આપત્તિઓથી પૂર્ણ, નિરંતર ઉછળતી વિકલ્પરૂપી લહરીઓથી ઘેરાઈ રહ્યા છે પ્રાણીઓ જેમાં, અતિ ભયાનક દુઃખોનું કારણ એવો આ ભયંકર સાગર સમાન સંસાર સમુદ્ર છે. મહાપુણ્યોદયે કોઈપણ રીતે મનુષ્યજન્મ પામવા છતાં પણ પરમ દુર્લભ એવા જિનધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. શ્રી જિનધર્મની પ્રાપ્તિ થયા પછી પણ અવિરતિ રૂપી ડાકણના પંજામાં ફસાયેલા જીવોને અનુપમ અને ગુણોથી શ્રેષ્ઠ એવા સાધુપણાની પ્રાપ્તિ અતીવ દુર્લભ છે. જેમ એક કોડી માટે કરોડોની કિંમતના મહા કિંમતી રત્નોને જીવો ગુમાવે છે તેમ સંસારના જ સુખમાં - ઈન્દ્રિયજન્ય અને કષાયજન્ય સુખમાં આસકત બનેલા જીવો મુકિતસુખને ગુમાવે છે. અનિત્ય - અસાર - પરિણામે નાશ પામવાવાળું, ક્ષણભંગુર, એવું આ શરીર છે, જીવન છે, યૌવન છે, ઋદ્ધિનો વિસ્તાર છે અને પ્રિયજનોનો સંયોગ છે. માટે જ મહાપુરૂષો રોણીયાની જેમ ટેલ પાડે છે કે- ભાગ્યશાલિઓ ! આવી ધર્મ સામગ્રી સંપન્ન મનુષ્ય જન્મને પામીને એક માત્ર શાશ્વત એવા મોક્ષ સુખને માટે પ્રયત્ન કરવો જરૂરી છે.

આવા વિષમ કાળમાં ભકિત પેલા એજ આપણા માટે આધાર આલંબન છે. જિન ભકિતને મુકિતની દૂતી કહી છે. આવા ભગવાનની ભકિતનો વખત આવે ત્યારે મારો આત્મા એવો ભાવવિભોર બની જાય છે કે હું સમયનું પણ ભાન ભૂલી જાઉં છું. સંયોગો - સ્થળ પણ ભૂલી જાઉં છું. ભગવદ્ ભકિતમાં તન્મય બની જાઉં છું. મને એમ જ થાય છે કે- ''આ સંસારમાં કર્મજન્ય એક પણ સંબંધ માતા - પિતા - ભાઈ - બેન - પતિ - પત્ની - પુત્ર - પુત્રી આદિ જોઈતા નથી. મારૂં ચાલે છે તો મારે એકપણ સંબંધ હવે સાથે લઈ જવો નથી. મારે માટે તો ઋષભદેવ એ જ મારો પ્રીતમ, નવકારની સગાઈ એજ મારો ભાઈ અને મારી આત્મિકગુણ સંપત્તિ એજ મારા સાચા સ્નેહી - સંબંધીઓ.'' ભગવાન પાસે નાચતી નાચતી, ગુણસ્તવના ગાતી ગાતી હું આ જ ભાવનામાં તરબોળ બની જાઉં છું.

ભકતનો ભગવાન સાથે ભકિતનો જે એકાકાર યોગ તે જ સાચો પ્રેમ છે. દુનિયાના જીવોની પ્રેમની પરિભાષા જાુદી છે ભકત હૃદયની પ્રેમની પરિભાષા અલગ છે. ભકતનું હૈયું ભકિતથી ભીંજાયેલું તે જ ભગવાન પ્રત્યેનો પ્રેમ છે.

ભગવાન પ્રત્યે સાચી લગની જાગે, લાગણી જન્મે પછી હૈયામાં જે જે ભાવો પ્રગટે તે પણ પ્રેમ સ્વરૂપના હોય. ચાલો વાચકો ! આજે તમને આ અણદીઠી, અણખેડી ભૂમિની થોડી સફર કરાવું મારા હૈયાની ભાષા વાચા દ્વારા જણાવું. આની અનુભૂતિ એકાકાર થનારાને જ થશે.

લાગણીના કયારામાં પ્રેમનું બીજ રોપાય છે અને અંકુરિત થઈ ધીમે ધીમે ખીલી ઊઠે છે. આ બધું આપો-આપ સહજ થાય છે. તેમાં કોઈ જ પ્રયત્ન હોતો નથી. સહજ અને સ્વાભાવિક જ રીતે તે ફૂલ ખીલી ઊઠે છે, મહેકથી ચોમેરનું વાતાવરણ મહેકાવે છે જેની મહેક પણ આત્માને અનેરો આનંદ આપે છે જે વાણીનો વિષય બનતો નથી પણ હૈયાના તાદાત્મ્યનો, હૈયાની અનુભૂતિનો વિષય બને છે. શબ્દો પણ જેના માટે વામણા બને છે. ભકિત પ્રેમરસની ભીંજાસ એવી અનુભવાય છે જાણે બધું અનાયાસે બની જાય છે. ભકિતના બંધનથી બન્ને હૈયા ભીંજાય છે, એક બની જાય છે. તેમાંથી ભકિતનો નવો સંબંધ જન્મે છે જે સંબંધને કોઈ નામ નથી જેને વેદના નથી પણ સંવેદના થાય છે, કોઈ ભાષા નથી, કોઈ લીપી નથી, કોઈ ગણિત નથી, કોઈ વ્યાકરણ નથી માત્ર હૃદયના તારોતારનું એક માત્ર ગુંજન છે. આવો ભકિતરસનો પ્રવાહ માત્ર સાચો ભકત જ અનુભવી શકે છે. દુનિયામાં જેમ મીરાની પ્રીત કૃષ્ણ સાથે ગવાય છે. તેમ ભકત હૃદય પણ વારંવાર પોકારી ઊઠે છે કે મારે તો 'ઋષભદેવ પ્રીતમ માહરો રે ! આવા ભકિતના ઝરણામાં સ્નાન કરવાની

ભીંજાવાનો પણ કેવો અપૂર્વ આનંદ આવે ! વિરાગની મસ્તી અનુભવાય અને વીતરાગતાનું ગીત ગુંજન કર્યા જ કરે. મારે મન તો આ જ પ્રેમની પરિભાષા છે.

સાચા ભકતને મન ભગવાન પર પ્રેમ છે એમ ઢંઢેરો પીટવાની જરૂર જ પડતી નથી. સાચી ભકિત પ્રેમરસના પ્યાલાનું એવું આકંઠ પાન કરાવે છે કે સાચા પ્રેમીને પ્રેમનો એકરાર કરવાનો કે સ્વીકારવાનો કોલ કરાર કરવો પડે જ નહિ. સાચો પ્રેમ તો આપો આપ વ્યકત થઈ જ જાય તેના ઢોલ નગારા પીટવાના - પીટાવાના ન હોય. જેના પર હૈયાનો સાચો પ્રેમ હોય, લાગણી હોય, આત્મીયતા હોય, તે કોઈને કોઈ સ્વરૂપે પ્રગટ થઈ જાય. અને જોનારાને પણ આનંદ થાય કે ખરેખર ભગત જીવડો છે !

દુનિયામાં પણ સાચા પ્રેમનું સ્વરૂપ બતાવતા અનુભવીઓ કહે છે કે- જેના પર પ્રેમ હોય તેનો આનંદ એ પોતાનો આનંદ બની જાય, તેનું દુઃખ એ પોતાનુ દુઃખ બની જાય, તેના આંસુ એ પોતાના આંસુ બની જાય, તેનો શોક એ પોતાના શોક બની જાય. તે જ રીતે સાચા ભકતને ભગવાન પર ભકિત જાગી તો બીજાની સાચી ભકિત પોતાની લાગે, અજ્ઞાન જીવો ભગવાનની આશાતના કરે તો તેને લાગે કે બિચારાઓ શું કરી રહ્યા છે. તેના હૈયે જે વેદના થાય તે અકથ્ય હોય. બીજાની સાચી ભકિતનો આનંદ વ્યકત કરે. અને અભકિતથી દુઃખી દુઃખી થઈ જાય.

[illegible] કહેવાય કે પ્રેમ એ દર્દ પણ છે અને દવા પણ [illegible] પણ છે અને વહાલ પણ છે, ફૂલ પણ છે. [illegible] છે. જેટલો આનંદ છે તેટલા જ આંસુ પણ છે. સાચા પ્રેમમાં તો સુખ આપીને દુઃખ ખરીદવાનું છે, [illegible] લેવાનો છે. ભગવાનના વિયોગ - વિરહ [illegible] તો ભકિતનો પ્રકર્ષ એ દવા પણ છે. ભકિતનો પ્રકર્ષ તો ભકત પોતે સ્વયં ભગવાન બની જાય છે જેમ શ્રી રાવણે અષ્ટાપદ પર જે રીતની ભકિત કરી તો ભગવાન થવાનું બીજ મેળવી લીધું મહારાણી મંદોદરીએ જે રીતનું મન મૂકીને ભકિત નૃત્ય કર્યું તે પ્રસંગ યાદ આવતા હું [illegible] બની જાઉં છું. અને ''કયારે ત્રણલોકના નાથ સમક્ષ આવું મન મૂકીને નૃત્ય કરું, કયારે [illegible] તીર્થોની યાત્રા કરું, મારા આ ભવયાત્રાની [illegible] કરું'' એવી એવી ભાવના પણ કવચિત્ મને [illegible] છે. તેથી જ મારી લેખીની વાચાળ બની જાય [illegible] આપોઆપ ચાલવા લાગે છે.

[illegible] ભગવાનને જોડવાનો સુંદર સેતુ હૈયાનો [illegible] સાચો પ્રેમ રસ ભકતને ભગવાન પાસે દોરી જાય છે. ભગવદ્ ભકિતમાં જે અપૂર્વ આનંદ આવે છે કલમથી પણ સાધ્ય બનતો નથી કે તેમાં કાગળની પણ જરૂર પડતી નથી. ભકિતનો પ્રેમરસ તો એક અતિ પવિત્ર ભાવ છે. તેથી તો તેને હૃદયના એકાંત ખૂણામાં ગોપવી રાખવાનો છે, બહાર બતાવવાની ચીજ નથી. હાથીના ચાવવાના અને બતાવવાના જુદા દાંત જેવો ભાવ નથી. પ્રેમરસનું ફૂલ એવું મહેકી ઊઠે છે જેને પાનખર હોતી નથી, સદૈવ વસંતના વાયરા અને કોઠીના કેકારવ અને કોકીલના પંચમસૂરથી સાધ્યની સિદ્ધિને સાધે છે. મૌન એ જ તેની ભાષા છે અને ભકિત એ જ જેની આંખ છે. પ્રેમ એ તો સાવ કોરો કાગળ છે તેની લીપી માત્ર સાચો ભકત વાંચી શકે છે, માણી શકે છે. પ્રેમરસમાં તરબોળ બનવાની એક શરત છે કે પ્રેમનો મહિમા જાળવતાં શીખો, પ્રેમનું ગૌરવ સમજો, પ્રેમની ગરિમા સાચવતા નહિ આવડે તો અર્થનો અનર્થ થશે, તેવાને પ્રેમનો અધિકાર નથી. ભકિતનો પ્રેમરસ એ કાંઈ બજારૂ વેચાતી ચીજ નથી. સસ્તી - હલકી કે છીછરી ચીજ નથી, પ્રેમ એક કદર છે, તે તો એક બલિદાન છે જેમાં આપીને મેળવવાનું હોય છે. પ્રેમરસ તો હૈયાની સાચી પ્રાર્થના છે, પ્રભુતાને પામવાનું પગથિયું છે, **ભકિત પ્રેમ રસનું જ બીજું સાચું નામ છે સમર્પણ ભાવ !** હૈયાનો સાચો સમર્પણ ભાવ જાગે તો તે કોઈનો કાંઈ જ ન હોવા છતાં પણ પોતાનું સર્વસ્વ બની જાય. કશું જ નહિ પામવા છતાં પણ સર્વનો સર્વસ્વ સમર્પિત કરે ત્યારે જ પ્રેમરસ ભકિતરસ સાર્થક બને. પછી તો હૈયું પોકારી ઉઠે કે 'ભકિત કરતાં છૂટે મારા પ્રાણ' તો જ મારું જીવન સાર્થક. આવી અલબેલા આદિનાથ સાથે સાચી પ્રીત સગાઈ મારે જોડવી છે, તેમાં જ તન્મય બનવું છે અને ભવોભવની તે જ ભાવના છે કે- ''ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંથ'' ! આવી ભકિત મારા રોમેરોમમાં ઉભરાઈ જાય, શરીરના અણુએ અણુ આદિનાથમય બની જાય અને શ્વાસો શ્વાસમાં પણ આ જ રટણ ચાલ્યા કરે, ધબકારે ધબકારમાંથી પણ આ જ સુરીલું સંગીત ગુંજ્યા કરે તે જ મારી તમન્ના છે. આ તમન્ના પૂરી થાય તે જ મારા ભવનો અંત આવે, મારી સંસાર યાત્રા વિરામ પામે અને મોક્ષની યાત્રાનો પ્રારંભ થાય. નીતરતાં નયણે, ભીંજાયેલાં હૃદયે, રૂંધાતા શ્વાસે અને ગદ્ગદ વાણીએ મારી આ ભકિત રસની હેલી મને ભગવાન સ્વરૂપ બનાવી, આત્માની જ્યોતિ આત્મામાં મીટીવી દે તે જ મારી ભગવાનને પુનઃ પુનઃ પ્રાર્થના છે ''ભકિત કરતાં મેરા મન ડોલે, મેરા મન ડોલે, મેં ખુદ ભગવદ્રૂપ બની જાઉં.''

# વાંકાનેરમાં પર્યુષણ મહાપર્વની ઉજવણી

અત્રે પૂજ્યપાદ સૂરિમંત્ર પંચપ્રસ્થાન સમારાધક આચાર્યદેવ શ્રી મદ્ વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. સા. પૂ. મુ. શ્રી કુલશીલ વિજયજી મ. આદિની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વની આરાધના ખૂબ જ ઉલ્લાસપૂર્વક થઇ.

તપશ્ચર્યાઓ - આરાધનાઓ - દેવદ્રવ્ય - સાધારણ દ્રવ્યાદિની ઉપજો ખૂબજ અનુમોદનીય થઈ. પૂજ્યશ્રીના પ્રવચનોના પ્રભાવે સુંદર ધર્મજાગૃતિ આવી ભાદરવા સુદ ૧ ના ભવ્યાતિભવ્ય રથયાત્રાનું આયોજન થયેલ જે યાદગાર અવિસ્મરણીય બની ગયેલ. તે દિવસે સાંજે સાધર્મિક વાત્સલ્યનું આયોજન થયેલ. ભા. સુ. ૯ થી શ્રી વિજયનીતિસૂરીશ્વરજી જૈન યુવક મંડળનો સુર્વણ જયંતિ મહોત્સવ અતિ ભવ્યતાથી ઉજવાયો. પાંચે દિવસ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, શ્રી ઋષભમંડલ મહાપૂજન, શ્રી ભક્તામર મહાપૂજન, શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર આદિ પૂજનો અતિ ઉલ્લાસપૂર્વક ભણવાયેલ પાંચે દિવસ પ્રવચનો પૂજનો - તેમજ રાત્રિ ભાવનામાં જે વિશાલ જનમેદની ઉભરાતી તે અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ જેવો માહોલનું વાતાવરણ સર્જાઈ ગયેલ. વિધિવિધાનમાં જામનગરવાળા નવીનભાઈ તથા પૂજન ભાવનમાં પાલણથી પધારેલા મુકેશભાઈ નાયકે અનેરી જમાવટ કરેલ. ભા. સુ. ૧૨ ના દિવસે મંડળનાં સુવર્ણજયંતિ મહોત્સવની સ્મરણિકાનું વિમોચન કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરીયા, લલીતભાઈ મહેતા આદિના હસ્તે થયેલ. પાંચે દિવસ સાધર્મિક વાત્સલ્ય નવકારશી આદિનું આયોજન થયેલ.

ભા. વ. ૨ થી પૂ. આચાર્ય ભગવંતશ્રીએ સૂરિમંત્રની પાંચમા પ્રસ્થાનની આરાધનાનો પ્રારંભ કરેલ તે દિવસોમાં સંઘમાં પ્રભુભકિત, જીવદયા આદિના ઉત્તમ કાર્યો થતા હતા. આ. સુ. ૪ ના પૂજ્યશ્રીની આરાધનાની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી કે. ડી. મહેતા પરિવાર તરફથી ભવ્ય ચૈત્યપરિપાટીનું આયોજન થયેલ. શ્રી કાંતિભાઈના નિવાસસ્થાને પૂજ્યશ્રીનું વિશાલ જનમેદની સાથે પદાર્પણ થયું. માંગલિક પ્રવચન થયા બાદ ગુરૂપૂજન ૧૦ રૂા. નું સંઘપૂજન. શ્રીફળ અને પેંડાની પ્રભાવના થયેલ. સવારે ૧૦-૦૦ કલાકે પ્રવચનમાં તપસ્વીઓનું બહુમાન કલ્પસૂત્રના પરીક્ષાર્થીઓનું બહુમાન આદિ કાર્યક્રમો યોજાયેલ બપોરે સાધર્મિક વાત્સલ્ય થયા બાદ શ્રી ગૌતમસ્વામિ પૂજન ભણાયેલ શાશ્વતી - નવપદજીની ઓળીની આરાધના સુંદર થઈ આસો સુદ ૧૩ ના દિવસે ઉપધાન તપ પ્રસંગે પૂજ્યશ્રીજીનો પ્રવેશ દિવાનપરામાં સસ્વાગત થયેલ.

આસો સુદ ૧૪ થી જેતપુર નિવાસી અ.સૌ. શ્રીમતી લાભકુંવરબેન જયંતીલાલ હીરાચંદ વસા પરિવાર તરફથી આયોજિત ઉપધાન તપનો મંગલમય પ્રારંભ થયેલ. ઉપધાન તપમાં અનેક ગામોથી ભાવિકો આરાધનાર્થે પધાર્યા છે. ઉપધાનતપની આરાધના ખૂબ સુંદર રીતીએ સુખપૂર્વક ચાલી રહેલ છે. આરાધકો અતિ પ્રસન્નતાપૂર્વક આરાધના કરી રહ્યા છે. પૂજ્યશ્રીજીના પદાપર્ણથી સંઘમાં અનેરી ધર્મજાગૃતિ આવી છે.

■ ■ ■ ■

## જ્ઞાન મોતી

સંગ્રાહક :
અ.સૌ. અનિતા આર. પટણી - માલેગાં

■ અપેક્ષામાંથી કષાયની પરવશતા જન્મે છે, તેમાંથી ભૂલોની પરંપરા સર્જાય છે. તેનાથી બચવા નિરપેક્ષ, સ્વાધીન અને સ્વાવલંબી જીવન જીવવું જરૂરી છે.

■ ધર્માર્થીને માટે પદ - પ્રતિષ્ઠા - પ્રસિદ્ધિનો મોહ ખૂબજ ખતરનાક માર્ગ છે, પતન - આત્મઘાતનો રસ્તો છે. આત્માના ભાવપ્રાણોની કતલ કરનારો છે. તેનાથી બચવું જરૂરી છે.

■ આજે આપણા બધામાં સહનશીલતા ઘટી છે. કોઈમાં કટુ-કડવા-કઠોર-ખોટા શબ્દો સાંભળતાં જ લાલપીળા થઈ તરત જ પ્રતિક્રિયા વ્યક્ત કરીએ છીએ, કષાયને પરવશ બનીએ છીએ. જો થોડી ધીરજ રાખીએ તો અશાંતિ - અસમાધિ સંકલેશથી બચીએ પણ વો દિન કહાં...!

■ મનની મૂંઝવણોનું કારણ અપેક્ષા છે. અપેક્ષા પૂરી ન થાય તો અરતિ - રોષ - દ્વેષ - બદલાની ભાવના જન્મે. અપેક્ષા પૂરી થાય તો રતિ - રાગ - રાજીના રેડ થઈ જઈએ.

## શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

પ્રવીણ એમ. શાહ
કાન્તીભાઈ એમ. શાહ
હરીશ એમ. શાહ
નવીન એમ. શાહ


### કલહની ઉપેક્ષા તજો

એક વનમાં અનેક જલચર સ્થલચર અને ખેચરના વિસામાની જગ્યા હતી. ત્યાં હાથીનું જુથ પણ રહેતું. એક વાર બે કાંચીડા ત્યાં કલહ કરવા લાગ્યા. તેમનું યુધ્ધ જોઈને વનદેવીએ કહ્યું;

અરે હાથીઓ અને જલચરો આદિ પ્રાણીઓ, સાંભળો. આ કાંચીડા યુદ્ધ કરે છે તેનાથી વિનાશ થશે માટે તેમને રોકો. દેવીનું વચન સાંભળી હાથીઓ વિગેરે વિચારે છે. આ કાંચીડા બાઝે તેમાં અમને શું નુકશાન થશે ? તેમણે ઉપેક્ષા કરી.

એક કાંચીડાએ બીજાને પાડયો. તે ભાગ્યો અને એક સૂતેલા હાથીની સૂંઢમાં એ પેશી ગયો. બીજો પણ તેની પાછળ પડયો. અંદર પણ બંને લડવા લાગ્યા. ગજરાજને બહુ પીડા થવા લાગી. તેણે ગુસ્સામાં આવી વનનાં ઝાડોને છુંદી નાખ્યા, સરોવરોને ડોળી નાખ્યા, જલચરોને પણ મારી નાખ્યા.

નાના કલહને પણ ન રોકવાથી કેવો વિનાશ ?

આચાર્યો પણ કલહની ઉપેક્ષા કરે તો મહાન દોષ થાય. ઉપેક્ષા છોડી કલશ નિવારણ કરવું જોઈએ.


# હીરા મોતી એજન્સી

૨૭/૩૧, બોટાવાલા બીલ્ડીંગ, ૧લે માળે,
રૂમ નં. ૨, જુની હનુમાન લેન, કાલબાદેવી,
મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૦૧૦૩૦૮, ૨૦૭૦૧૫૬.

## ભદ્રંભદ્રની ક્ષમાપના

— ભદ્રંભદ્ર

સંવતસરી પર્વના દિવસે આપ દરેકના ચરણોમાં ભદ્રંભદ્રની અપરાધ-ક્ષમા-અંજલિ. નિષ્કપટપણે આપના ચરણોમાં ક્ષમાપના ધરૂં છું તે સ્વીકારી લેશો.

ગત વર્ષ દરમ્યાન તો હું જૈન શાસનમાં આવ્યો જ ન હતો. એટલે કોઈને ખોટું લાગ્યું હોય તેવું ખ્યાલમાં આવતું નથી. જો કે હું ન આવવાના કારણે મારા ચાહક વર્ગને ખોટું જરૂર લાગેલ છે. તેથી તે લોકોની આ તકે ક્ષમાપના માંગી લઉ છું. અને મારા લેખોના કારણે નામી-અનામી કોઈપણને ખોટું લાગ્યું જ હશે. તેથી ઉદારદિલ રાખી મને તેઓ ક્ષમા કરે. જો કે એક વાતની ખાસ ખુલાસા પૂર્વક સ્પષ્ટતા કરી દઉં કે - મારી શાસ્ત્રીય - સાચી વાત કોઈને ના ગમી હોય અને ખોટું લાગ્યું હોય તો તેની તો ક્ષમાપના માંગવાની રહેતી જ નથી. અને એ સિવાય કોઈને ખોટું લાગ્યું હોય તે હું મારી જાણમાં નથી. કેમ કે જૈન શાસન ઉપર એવો કોઈ વિરોધનો પત્ર આવ્યો નથી. જો કે મેં ઘણા લોકોને મારા લેખથી અંદરો અંદર ધૂંધવાઈ ગયેલા સાંભળ્યાય છે નજરોનજર જોયા પણ છે. અને વાચા / વાચા પણ સાંભળ્યા છે. પણ વસ્તુઓ ફેસીચલ નો ગણાય એટલે કાયદેસર રીતે મારે તેની માફી માંગવાની જરૂર ઉડી જાય છે. પણ ધાર્મિક દષ્ટિએ માફી માંગવી જરૂર લાગતી હોય તો મારી ક્ષમાપના જાણવી નહિ તો નહિ.

પહેલા રાજકારણમાં ક્ષમાપના થતી હતી હવે ક્ષમાપનામાં રાજકારણ આવી ગયું છે. જો કે મેં તો નિષ્કપટ ભાવથી જ ક્ષમાપના કરી છે.

એક બીજી વાત યાદ આવી કે - મારા લેખો આવે છે તેથી ઘણા લોકો ખુશ થાય છે. અને ઘણા લોકો નારાજ થાય છે. તમે (વાંચકો) પાસે એવો કોઈ ઇલાજ હોય તો બતાવજો કે જેથી કાં દરેક નાખુશ થાય કાં દરેક રાજી થાય. મારે મન તો બધાય સરખા હોં ભઈ, જો કે મને ય થોડા રાજી થાય ને થોડા નારાજ થાય ઇ ગમતું તો નથી. પણ આ પાછું આજકાલનું નથી. અનાદિ કાળથી છે. તમે કદાચ એમ કહેશો કે - લેખો જ ના લખો તો ઇ તો નહી જ બને. કેમ કે લેખ જેમને ગમે છે તે લોકો નારાજ થશે. અને લખું તો ય રામાયણ છે. કદાચ કોઈને એમ પણ હોય કે હું જીવું નહિ તો લેખ ક્યાંથી લખાશે માટે ન જીવવું ભદ્રંભદ્ર માટે સારૂં. તો એ ય નહિ બની શકે. મારા ભાગે જેટલું જીવવાનું આવ્યું છે તે, તો જીવવું જ જોઈશે ને ? અને મારા ચાહકોની નારાજીનું શું ? આમ છતાં હું મારા ચાહકોને જ ખુશ રાખવા માગું છું. એવું ના માનશો. પછી તો જેવી તમારી મરજી હોં ભઈ.

## કૌન કરેગા ભદ્રંભદ્ર - રક્ષા

—ભદ્રંભદ્ર

જળ રક્ષા કે જળકાય રક્ષા ?
ભૂરક્ષા કે પૃથ્વિકાય રક્ષા ?
ગોરક્ષા કે ત્રસકાય રક્ષા ?
(**શરીર રક્ષા** કે ભદ્રંભદ્ર રક્ષા ?)

તમને ખ્યાલ તો હશે જ કે આપણે જે વસ્તુનો નિશ્ચય કરવો હોય તેની વિરુદ્ધની વસ્તુ આપણી સામે આવે તો આપણી વસ્તુનો સ્પષ્ટ નિશ્ચય કરવામાં બહુ અનુકૂળતા રહે છે.

આ ન્યાય / નીતિના આધારે આપણે જળ રક્ષા, ભૂરક્ષા, ગોરક્ષા, વન રક્ષા વિગેરે બોલનારનો પાડ (ઉપકાર) માનવો જોઈએ. કેમ કે તેમણે આ જળરક્ષા જેવી અનાર્ય વાતો, શાસ્ત્ર અમાન્ય વાતો કરી ના હોત તો આપણે જળકાય રક્ષા, પૃથ્વિકાય રક્ષા, ત્રસકાય રક્ષા કે વનસ્પતિકાય રક્ષાને બહુ સરળતાથી સમજી ના શકત. જો કે એ વાત સાચી છે કે સાચા સાધુઓ છે તે શિથિલાચારી (= સંડાશ/બાથરૂમ જેવા અશાસ્ત્રીય પાપોને પાપ રૂપ ન માનનાર) પાખંડીઓના કારણે વધુ સરળતાથી સાચા સાધુ તરીકે ઓળખાઈ શકે છે. પણ... સાચા સાધુઓ દુનિયામાં છે એટલે તેમની કિંમત વધારવા કોઈએ શિથિલાચારી થવાની જરૂર મને નથી જણાતી. તમારૂં શું માનવું છે ?

એટલે સમજી ગયાને તમે કે જળકાયની રક્ષા સમજવી સરળ બને તે માટે કોઈ પણ પ્રકારની વિરતિ = દેશ કે સર્વ વિરતિ ધરનારે જળરક્ષાના ઝંડાને લઈને ફરવાની જરૂર રહેતી નથી.

જળરક્ષા એટલે પાણીનો વધુ પડતો બગાડ ન થવા દેવો. નિરર્થક પાણીને ઢોળ્યા ઢોળ ના કરવું. બાગ - બગીચામાં પાણી વાપરવું પડે એટલે જળરક્ષા બરાબર ના થઈ શકે. એટલે ઘરના આંગણામાં બગીચા કે ફુલોના કુંડા-તુલસી છોડ વિગેરે ઉગાડવાનું બંધ કરવું અને જળકાય રક્ષા એટલે જળ નામનું જે જળના જીવોનું શરીર છે તે અને તેના શરીરમાં અસંખ્ય જીવો રહેલા છે તેની વિરાધના થઈ ના જાય તેથી ખાસ કાળજી પૂર્વક જીવવું.

જળરક્ષામાં પણ પાણીનો ઉપયોગ મર્યાદિત થઇ જાય છે. પણ તેમાં ધર્મના આશયનો લેશ માત્ર અંશ નથી. જળની રક્ષા કૂવા-વાવ-તળાવ-ટાંકા-ટાંકી-કૂવા-કૂવી બનાવીને કરાય ત્યારે તેમાં હાલતા ચાલતા પોરા, કરમિયા, માછલા જેવા જીવો ઉત્પન્ન થાય કે મરે તેની કોઇ ચિંતા કરવાની જરૂર નથી રહેતી "વર મરો વરની મા મરો પણ ગોરમા' રાજનું તરભાણુ ભરો." એવી સ્વાર્થીભાવના જળરક્ષામાં હોય તેવું જણાય છે. અને જળકાયની રક્ષામાં તો જળમાં જે જળકાય જીવો છે તેની હિંસા થવાથી પાપ લાગવાના ભયપૂર્વક પાણીનો ઉપયોગ પરિમિત કરાય છે. અહીં ધર્મની ભાવના જીવતી જાગતી છે.

આમ જળરક્ષા એ સામાજીક સંસ્કૃતિ ગણાતી હોય તો તે ભલે અને જળકાય રક્ષા એ તો ધાર્મિક સંસ્કૃતિ છે. મેં તો આ બે માર્ગ તમારી સામે ધરી દીધા છે. હવે કયા રસ્તે તમારે જવું ઈ તમે જાણો હોં ભઇ ! જો કે એક સલાહ આપી દઉં કે - સમાજને છોડીને આવ્યા પછી સમાજના કામ કરવામાં જિંદગીના વરસો વેડફવા સારા નૈ. વૈરાગી બાબાનો વેશ લીધા પછી તો ધરમની જ સંસ્કૃતિ કહેવાની હોય. જો કે ૨૫-૩૦ વરસો સુધી સમાજમાં રહ્યા હોઇએ એટલે વરસોના જનમતા જ પડેલા સમાજના સંસ્કારો જલ્દી ના ભૂંસાઇ શકે એ તો આપણે સમજીએ પણ તે સંસ્કારને છોડવા જેવા તો ન માનવા અને પાછા તેના પ્રચારક બનવું, એય સમાજ સાથેના બધા સંબંધો છોડયા પછી... ઈ તો બરાબર નો કહેવાય.

હું ય જો કે એકવાર સપનામાં (સ્વપ્નમાં) ભૂરક્ષા - જળરક્ષા - વનરક્ષા - ગોરક્ષાના મહા અભિયાનમાં જોડાયેલો એ અભિયાનના આગેવાન ગણાતા કોઇએ જાણે મને કીધું કે તમારે ગોરક્ષા કરવાની ભાવના હોય તો એક ગાય તમને આપું, તમારા આંગણામાં રાખી મૂકવાની બને તો સૂકુ ઘાસ ખવડાવવાનું કેમ કે આપણે વનસ્પતિ = લીલી વનસ્પતિની રક્ષા કરવાની છે ને એટલે.

મેં પૂછયું - એને તરસ લાગે તો સૂકુ પાણી જ પીવડાવવાનું ને ?

વડિલ કહે - જળ રક્ષા માટે સૂકુ પાણી પીવડાવવું જરૂરી છે પણ સૂકુપાણી મળતુ ન હોવાથી અશકય પરિહાર સમજીને લીલુ પાણી જ પીવડાવવું.

મેં પૂછયુ -સૂકુ ઘાસ ખવડાવવાથી ગાય આપણને સૂકુ દૂધ આપશે તો શું કરશું ?

વડિલ કહે - ઘાસ સૂકુ ખવડાવવા છતાં આપણે તેને લીલુ પાણી પીવડાવતા હોવાથી તે પાણીથી ખવડાવેલુ સૂકુ ઘાસ લીલુ થઇ જશે. એટલે દૂધનો પાવડર ન આપતા લીક્વીડ દૂધ જ આપશે. એટલે તમારો પ્રશ્ન સોલ થઇ જાય છે. તો બોલો એક ગાય આપું ? મેં કીધુ - ઉભા રો બાપુ ! મને બધી પ્રક્રિયા જાણવા દો. તમે જે કીધું કે ગાય લીલું જ = લીકવીડ દૂધ જ આપશે તેના માટે તમારી પાસે કોઇ શાસ્ત્રપાઠ છે ?

વડિલ કહે - ભલા ભઇ ! આ તો આપણું સામાજીક કાર્ય છે સામાજીક સંસ્કૃતિમાં શાસ્ત્રપાઠના આધારની જરૂર નથી. શાસ્ત્રપાઠ મળી જતો હોય તો બરાબર બંધ બેસતો આવતો હોય તો તે પાઠનો જોરશોરથી પ્રચાર કરવાનો અને નો મળતો હોય તો આપણે કયાં ધાર્મિક છીએ સામાજીક છીએ એમ કહીને સામી વ્યકિતને શાસ્ત્રપાઠ માંગવાનું ભૂલાવી દેવું એ જ આપણા હિતમાં છે. બોલો આપું એક ગાય ?

મેં-(જરા ચીડાઇને) કીધું - એક ગાય આપુ ' એક ગાય આપું ? એમ શું મંડાણા છો ? પહેલા મારા પ્રશ્નનો જવાબ આપો કે - સૂકુ ઘાસ ખાધા પછી લીલુ પાણી પીવડાવવાથી ગાયના પેટમાં લીલું ઘાસ થઇ જતુ હોય અને તે લીલું ઘાસ લીલા દૂધમાં પરિણામ પામી જતુ હોય તો એ લીલા ઘાસ રૂપી વનસ્પતિની રક્ષા કરવાનું કામ આપણે કરી નથી શકતા તેનું શું ?

વડિલ કહે - તું છે ને ગાય રાખવા માટે લાયક નથી. ગાય રાખવા માટે ય લાયકાત હોવી જોઇએ.

મેં કીધુ - અરે ! વડિલ એમ નહિ, તમે મન બરાબર સમજાવો. યાર. હું કદાચ એક ગાયને મારે ત્યાં લઇ તો જઉં પણ પછી એના લગનનો ખર્ચ તમારે આપવાનો. નહિ તો અત્યારથી જ એના નામે ફીક્સમાં રકમ મૂકાવી દો. એટલે ભવિષ્યમાં કોઇ વાંધો જ નહિ.

વડિલ કહે - તારે એના લગનની ચિંતા કરવાની જરૂર નથી. ગાયને વાછરડું જોઇતું હશે ત્યારે કે અમને તેવી જરૂર જણાશે ત્યારે અમે તેને અમારા પિયરમાં લઇ જઇશું. તુ તે માટે નિશ્ચિત રહે.

પણ વડિલ ! એની સુવાવડ વખતે તમે લોકો આવશોને ?

વડિલ બરાબરના ગુસ્સામાં આવ્યા અને મને કહે - ઓય ડોબા ! નીચે ઉતર અહીંથી. એમનો રૂઆબ જોતા મને લાગ્યુ કે - જળરક્ષા - ભૂરક્ષા કે ગોરક્ષા કરવા કરતા મારા શરીરની રક્ષા કરી લેવી વધુ જરૂરી હતી. શરીર રક્ષા વગર ગોરક્ષા, ભૂરક્ષા કે જળ રક્ષા કેવી ? એટલે મને તો જળાદિની રક્ષા માટે શરીર રક્ષા પહેલી કરવી જરૂરી લાગે છે. શરીર રક્ષા એટલે જીવતા શરીરની રક્ષા સમજવી હોં, મડદાની નહિ.

હું ત્યાંથી નીકળી ગયો પણ ઘરે આવીને વિચાર્યું કે મેં

નકામી દલીલો કરીને મફતમાં મળતી ગાય, ગાયનું દૂધ, ગાયના છાણ, ગોમૂત્ર વિગેરેના લાભને ગુમાવી દીધો. ગાય હવે મળી શકે તેવા કોઇ ચાન્સો દેખાતા ન હોવાથી મેં મનના વિચારોને એ દિશામાં વાળ્યા કે- ગાયના આટલા ફાયદાની વિરુદ્ધ નુકશાન પણ ઘણા છે. (૧) ગાયને લઇ તો આવું પણ આંગણા વગર બાંધુ કયાં ? અને તેના છાણ અને મૂત્રથી આખો દાડો જમીન બગડેલી રહે. પાડોશીઓ ઝગડવા આવે. કોઇ પાડોશી ધોકાથી ગાયને મારી જાય તો તેની સાથે ઝગડવું પડે. એટલે પાડોશી સામે ક્રોધની રક્ષા કરવી શક્ય ન બને. અથવા તો ક્ષમાની રક્ષા કરી ના શકાય. ગાયનું મફતીયું પીધેલુ દૂધ બધુ ઝગડામાં જ વેડફાઇ જાય. એટલે ગાયના દૂધથી પ્રાપ્ત થયેલી શક્તિની રક્ષા થઇ ના શકે. એટલે શારીરિક ફાયદા કરતાં આધ્યાત્મિક નુકશાન વધી જતા હોવાથી મારે ગાય લેવા જવા જેવું નથી. એવું નક્કિ કરીને ગાય મફતમાં મળતી હોવા છતાં ન મેળવી શકયાના વસવસાને ભૂલવા હું મથતો હતો.

એમાં એક એવો ઉપાય મલી ગયો કે - આપણે જે વસ્તુની પ્રતિજ્ઞા લઇએ તે વખતથી તે જ વસ્તુ આપણી પ્રતિજ્ઞા તોડવા આપણી ચારે તરફ આવવા માંડે. તે નિયમના શાસ્ત્રાધારે મેં એવી પ્રતિજ્ઞા લીધી કે ''હવે તો તે લોકો ગાયને સામેથી પરાણે આપવા આવે તો પણ ન જ લેવી.'' મારી પ્રતિજ્ઞા-ગ્રહણને લગભગ સારો એવો સમય પસાર થઇ ગયો છતાં મારા નિયમનો ભંગ થાય તેવી કોઇ પરિસ્થિતિ સર્જાઇ નથી. કોઇ ગાય દેખાઇ જ નથી. આથી એમ પણ લાગે છે કે - પ્રતિજ્ઞા ભંગ થવા માટે પણ પુન્ય જોઇએ. અને મારી આંખ ઉઘડી એટલે સવાર પડી.

આમ હું ગોરક્ષા કરવાના પુન્યથી સ્વપ્નમાં હોં ભઇ વંચિત રહેલો છું. એટલે હવે ભૂરક્ષા, વન રક્ષા કે જળ રક્ષા કોના માટે કરવાની ? ગાય હોત તો તેના માટે જમીનની રક્ષા થાત, જળ પણ સંઘરી રખાત. પણ શું થાય ? છેવટે હું એવા નિષ્કર્ષ ઉપર આવ્યો છું કે શરીરની રક્ષા વિના કોઇ રક્ષા થઇ શકવાની નથી. કેમ કે 'પહેલુ સુખ તે જાતે નર્યા.'

એકવાર મને એક વાત વ્યાખ્યાનમાં સાંભળવાંમાં આવી છે કે -એક ભીલે એવું સાંભળ્યું કે - ગુરૂ મહારાજને આપણો પગ લાગી જાય તો તે મહા અનર્થકારી બને છે. હવે આ ભીલને કયારેક મોરના પીંછાની જરૂર પડી. બધે જંગલમાં ફરી વળ્યો કયાંય મળ્યા નહિ. પછી તેને ખબર પડી કે - 'ભભૂતી લગાડીને જે સાધુ જંગલમાં રહે છે તેની પાસે મોરના પીંછા છે.' એટલે ભીલ તરત સાધુ પાસે ગયો અને મોરના પીંછા માંગ્યા. પણ ભૌત સાધુએ આપ્યા નહિ. એટલે ભીલે તે સાધુને બાણથી વિંધિને મારી નાંખ્યા. પછી તેમના શરીર ઉપર લગાડેલા કે તે સાધુ પાસે હતા તે પીંછા તે ભીલે લઇ લીધા. પણ આમ કરવામાં તેણે એક ખાસ કાળજી રાખી કે- ''સાધુને મારો પગ ભૂલે ચૂકેય અડી ના જાય.'' સાધુ મરી જાય, તેને મારી નંખાય તેનો વાંધો નહિ પણ મારો પગ એમને લાગી જવો ના જોઇએ.''

જળરક્ષા - ભૂરક્ષા વિગેરેની વાતો પણ આવી જ નથી લાગતી ? જળની રક્ષા કરવા જતાં માછલા, ઉત્પન્ન થઇને મરે, લીલફુગો થઇને નાશ પામે, પોરા, ઇયળો થાય તો થવા દેવાના, તેની તો ઐસી તૈસી આપણે માત્ર જળરક્ષા કરવાની. બધુ જોવા રહીએ તો... મને તો ફળદ્રુપ ભેજામાં એવા પણ પ્રશ્નો ઉઠે છે કે-
(૧) બિલ્ડીંગ/ફેક્ટરી બંધાવનારા કે ચલાવનારા કેટલું બધુ પાણી વેડફી નાંખે છે તેમને બી.જે.પી.ને મળીને પરવાનગી આપવા જેવી નથી તેવું સમજાવવામાં આવે તો કેટલું સારૂં ?
(૨) પાણીની થેલીઓ/ બિસલરી બોટલોના વેપાર અટકાવવામાં આવે તો દુકાળ પીડીત દેશોને પાણી છેવટે જોવા તો મળે કે નહિ ?
(૩) કૂવા ખોદવા વિગેરે, તળાવ બંધાવવાના કામો ખરેખર તો આ ભૂરક્ષાવાદીઓએ દુકાળગ્રસ્ત દેશોમાં કરવા જોઇએ કે નહિ ? તમારૂ શું માનવું છે ?

જો કે હું જળરક્ષામાં નથી માનતો. જળકાપની રક્ષામાં જ માનુ છું.

પર્યાવરણવાદી એવું પણ કહેતા હોય છે કે - ''જૈન સાધુ પણ પર્યાવરણવાદી જ નહિ પણ મહાપર્યાવરણવાદી છે. કેમ કે પર્યાવરણવાદી ઝાડને કાપવાની ના કહે છે જ્યારે જૈન સાધુ તો ઝાડને અડવાની પણ ના કહે છે.'' આની સામે મેં દલીલ કરી છે કે જૈન સાધુ ઝાડમાં જીવ માનીને તેની હિંસા ના થઇ જાય માટે અડવાની ના કહે છે. જ્યારે પર્યાવરણવાદી તો વાતાવરણ દુષિત ના બને માટે ઝાડ કાપવાની ના કહે છે અને બીજો હેડંબા જેવો તફાવત એ છે કે - જૈન સાધુ કદી ઝાડ પાન ઉગાડવાનું ના જ કહે. જ્યારે પર્યાવરણવાદી તો હદ કરજો ભૈ સા'બ. ઝાડપાન ઊગાડવાનું પણ કહે છે. હે પ્રભુ ! આ પર્યાવરણથી મને બચાવજો.

ક્રમશઃ

# શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

## ઔત્પાતિકી બુદ્ધિ

એક વાર રાજા ભોજ નગરચર્ચા જોવા નીકળ્યા છે. એક હજામના ઘર પાસેથી નીકળે છે. હજામ એક ગાથા વારંવાર બોલે છે.

ભરીયાતાં સહુઇ, ભરઇ, ડાલાં ભરઇ ન કોઇ; ભોજરાજ માહરઇ સાલો. મૂહરઇ કાંઇ ન દેઇ. વારંવાર ગાથા સાંભળી રાજા ગુસ્સે થયો. સવારે બોલાવીને ગાળો દેતા હજામને શૂળીએ ચડાવવા હુકમ કર્યો.

હજામ કહે - મહારાજા, મારો કોઇ ગુન્હો છે ? રાજા કહે-હા, તું મને સાલો, સાલો કહે છે એ તારો ગુન્હો છે. હજામ કહે-મહારાજા, હું સાચું કહું છું, કેમ કે તમે પરસ્ત્રી સહોદર છે એટલે મારી પત્ની તમારી બેન થાય છે માટે તમે મારા સાળા થાવ છો.

રાજા એ સાંભળી ખુશ થયો. અને હજામનું સન્માન કર્યું.

વિવેકથી બોલવું જોઇએ અને બોલવામાં અવિવેક થઇ જાય તો આવી બુદ્ધિથી અર્થ ઘટનમાં વિવેક આવી જાય તો કલેશ અને સંતાપ અટકી જાય.

**કેશવજી રાયશી ગોસરાણ**

કાર્તિક ઈન્દ્રપ્રસ્થ E/૨૨,
૮ મો માળ, જૈન મંદીર રોડ, સર્વોદય નગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
ફોન : (ઘર) ૫૮૦૫૨૫૪, ૫૮૦૩૮૧૭

**● સોની એજન્સી ●**

૨૭/૩૧, બોટાવાલા બિલ્ડીંગ, ૧ લે માળે,
રૂમ નં. ૨, જૂની હનુમાન લેન, કાલબાદેવી,
મુંબઇ - ૪૦૦ ૦૦૨. ફોન : ઓ. ૨૦૦૩૩૪૨

# તાકાત ધર્મમાં ફોરવો

— શ્રી વિરાગ

અત્યારે અંદર જુદુ અને બહાર જુદુ, દેખાડવાના જુદા અને ચાવવાના જુદા, મુખમેં રામ અને બગલમેં છૂરી આવું ઘણું ઘણું જોવા મળે છે. જનસમુદાય તેને માયાના ઢાંચા નીચે રમતી મેલી રમત કહે છે.

પણ, જૈન ધર્મ આ માયાને માયા તરીકે સ્વીકારવા તૈયાર નથી. તે તો સ્વ તાકાતને ગોપવી રાખે તેને માયા, સ્વ વીર્યને ગોપવી રાખે તે માયા. આ તાકાત અને વીર્ય એકાદ ક્ષેત્રમાં નહિ પણ સમગ્ર જીવનના તમામ ક્ષેત્રોમાં અને તમામ યોગોમાં ગોપવી રાખે તે માયા.

સંસારના તમામ ક્ષેત્રોમાં આપણી તાકાત અને આપણું વીર્ય ફોરવવાનું આપણે ભૂલતાં નથી. વારે - તહેવારે યા - હોમ કરીને પડો, ફતેહ છે આગે એ સૂત્રે કાંઈપણ વિચાર-વિનિમય કર્યા વગર સઘળીયે તાકાત કામે લગાડી દઈએ છીએ

પણ, ધર્મ આરાધનાના તમામ ક્ષેત્રોમાં નાખ્યા એટલું પૂણ્ય, જેટલું આરાધના કરી એટલી આપણી, જેટલું વીર્ય ફોરવીને સાધના કરી એ આપણી, સાધના દ્વારા જે પૂણ્ય બાંધ્યું તે આપણું, સહન કરવા દ્વારા જેટલી કર્મ નિર્જરા કરી તેટલી આપણી.

ટૂંકમાં થાય એટલું કરવાનું, બધું જ કરવાનું એવું નહિ, તમામ તાકાત કામે લગાડી દેવાની નહિ, સર્વ ક્ષેત્રોમાં સંપૂર્ણ વીર્ય ફોરવવાનું નહિ એ સમજણ બરાબર નથી કોઈની નિંદા-કુથલીમાં પડવાનું નહિ, પેટમાં અભક્ષ્ય વસ્તુઓ પધરાવવી નહિ, ઉદ્‌ભટ વેશ પહેરવો નહિ, જીભની ખંજવાળ વિકથાથી ટાળવી નહિ, મનને દુર્ધ્યાનમાં દોરવું નહિ, કોઈપણ વ્યક્તિ પ્રત્યે દુર્ભાવ કરવો નહિ,આવી પ્રવૃત્તિઓમાં તાકાત લગાડવી નહિ, વીર્ય ફોરવવું નહિ.

પરંતુ ધર્મ આરાધનાની ક્ષણે તમામ તાકાત કામે ન લગાડવી એ બરાબર નથી. નિયમિત સ્વાધ્યાય ન કરવો તે બરાબર નથી નવી નવી ગાથાઓ, નવું નવું વાંચન આદિ કરવું નહિ તે બરાબર નથી. શરીરની તાકાતને દેવ-ગુરુ -ધર્મની ભક્તિમાં ન જોડવી તે બરાબર નથી. તપ કરવા માટે કાયાથી અને મનથી ઢીલા પડવું તે બરાબર નથી. સંસારમાં જોડાયેલા મનને શ્રી જિનમતના ચિંતનથી દૂર રાખવું તે બરાબર નથી.

આપણી સઘળી આરાધના આપણી મતિ પ્રમાણે કરીએ છીએ તે બરાબર નથી. યથાશક્તિ સાધનાથી થઈ રહેલા આત્મિક લાભ અને મતિ પ્રમાણે થઈ રહેલા આત્મિક નુકશાનની અનંત જ્ઞાનીઓની વાતો પર આપણને જોઈએ તેટલી જવલંત મજબુત શ્રદ્ધા નથી માટે આપણે શક્તિ પ્રમાણે વીર્ય ફોરવીને આરાધના કરી શકતા નથી. જો શ્રદ્ધા મજબુત થઈ જાય તો આપણે આપણી પૂર્ણ તાકાત અને વીર્ય કામે લગાડી દઈએ તો જ આપણે આપણું સાધ્ય સાધવામાં સફળ થઈએ.

## સીકા અને પોસ્ટ ટીકીટો ?

મહાવીર જન્મ કલ્યાણક ૨૬૦૦ મી સંવત્સરી અંગે નમો તિત્થસ્સ ૧૦-૨૦૦૦ માં પ્રદીપ જૈન (પટના) લખે છે કે આ બધુ કરવું વ્યાપક પ્રચાર કરવો.

પરંતુ તેઓને પાછળ બુદ્ધિ નથી કેમ કે એ સીક્કા ગાળી નાખશે. જૈનો કોઈક સાચવશે ટીકીટો સંગ્રહ કરશે તે વાત હશે ? પરંતુ તે પોસ્ટમા લાગશે ઉપર છાપ લાગશે અને કચરાને હવાલે થશે ? આ બુદ્ધિ શ્રદ્ધા વિના આવે નહિ.

※ CLEVERNESS is serviceable for everything, sufficient fornothing.

— Amie

※ Colours speak all languages.

— Addison The Spectato

※ CLEANLINESS is next to godliness.

※ Come uncalled, sit unserved.

※ CONFIDENCE is a plant of now growth.

※ Coming together is a beginning keepin together is progress; working togethe is SUCCESS.

※ Censure is the tax a man pays to public fo being eminent.

# સમાચાર સાર

◆ પાલીતાણા :- નવાણુયાત્રા - પૂ. આ. શ્રી વિજય રવિ પ્રભસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય મલ્લિષેણ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સંઘવી રીખવચંદજી જવેરચંદજી પરિવાર બરલુટવાળા તરફથી કા. સુ. ૧૫ થી નવાણુ યાત્રા જેતાવાડા ધર્મશાળા, પાલીતાણાથી શરૂ થયેલ છે.

◆ ડીસા :- તપસ્વી પૂ. મુ. શ્રી અમિતપ્રભ વિ. મ.ની નિશ્રામાં ઉપધાન તપ આસો વદ ૬ તથા આસો વદ ૮ થી શરૂ થયેલ. માગશર સુદ ૧૦ ની માળ થશે. નેમિનાથ નગર ઉપાશ્રય, બસ સ્ટેશન પાછળ, ફોન - ૩૮૫ ૫૩૫.

◆ ગોડીજી દેરાસર-મુંબઈ :- પૂ. શ્રી કુંદકુંદ સૂરિશ્વરજી મ. ની શુભ નિશ્રામાં શ્રી ગોડીજીના દેરાસરમાં પાયધુની ખાતે શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથજી આદિ પ્રતિષ્ઠાનો પ્રસંગ ઉજવાયો હતો. સ્વામિવાત્સલ્ય થયું. દશવિધ યતિ ધર્મમાં ૧૦૦ ભાવિકોએ ઉલ્લાસભેર લાભ લીધો હતો. ૨૦ દિવસના તપમાં એકાંતરે ઉપવાસ હોય છે. સામુહિક અઠમતપ આરાધનામાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનો જોડાયા હતા.

પર્વાધિરાજ પર્યુષણા પર્વની ઉજવણી ભવ્ય વરઘોડા તથા સ્વામિવાત્સલ્ય સાથે થયું જેમાં ગોડીજીનું બેન્ડ તથા ડીસાનું અજંતા મ્યુઝિક બેન્ડ દ્વારા આકર્ષણનું કેન્દ્ર બન્યાહતા.

**"તપચર્યા કરતા કરતા હો ડંકાજોર બજાયા હો"**

પૂ. મુનિ શ્રી જિનદર્શન વિ.મ., પૂ. મુનિરાજ શ્રી આત્મરતિ વિ.મ. આદિની નિશ્રામાં સિદ્ધ પરમાત્માના ૩૧ ગુણની ઉપાસનાર્થે પૂ. માતુશ્રી તરુબેન રમણલાલ શાહે ૩૧ ઉપવાસની ભીષ્મતપશ્ચર્યાની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ પ્રસંગે લક્ષ્મીન જિન ભક્તિ સ્વરૂપ નવ્વાણું અભિષેક મહાપૂજા ભણાવેલ. ગુરુપૂજન તથા સંઘ પૂજન વિજયભાઈ શાહ, કાંતિભાઈ સંઘવી પરિવાર તરફથી થયેલ. તરુબેનના ૩૧ ઉપવાસ તથા તેમના પૂ. દાદા તપસ્વીરત્ન કાંતિલાલ સંઘવી જેમના જીવનમાં ૩૬-૩૬ વર્ષોથી અઠ્ઠાઈ ૧૬, ૩૦, ૩૬, ૪૫, ૫૧ ઉપવાસ, વીશ સ્થાનકની બધી ઓળી છઠથી આવા પરમતપસ્વી દાદાજીનું આલંબન અને સતત પ્રેરક બળ પૂરતા - તરુબેનનું જીવન તપોજ્વલ બની ગયું.

શ્રાવણ સુદ ૧૫ ના શુભ દિને સવારે ૬-૩૦ કલાકે શ્રી આદિનાથ સ્વામી જિનાલયે સામુદાયિક ચૈત્યવંદન, ત્યારબાદ સકલ સંઘ સાથે વાજતે ગાજતે અમારા નિવાસસ્થાને પૂ. ગુરુ ભગવાનોની પધરામણી - માંગલિક પ્રવચન - તપસ્વી રત્ને - ચાંદીના સિક્કાથી નવ અંગે ગુરુપૂજન - ત્યારબાદ - પાંચ રૂ. નું સંઘપૂજન - ૯-૩૦ કલાકે શ્રી નવ્વાણું અભિષેક મહાપૂજા ઠાઠથી ભણાવેલ. ત્યારબાદ આમંત્રિત પુન્યાત્માઓની સાધર્મિક ભક્તિ થયેલ તેમજ પ્રભુજી ને ભવ્ય અંગરચના થયેલ. હજારો પુષ્પોની રોશની સેંકડો દિવાઓની રોશની વગેરેથી આમ આખો પ્રસંગ સુંદર રીતે ઉજવાઈ ગયો. રાધનપુરવાળા તરુબેન રમણલાલ સંઘવી પરિવારના સભ્યો ધન્ય ધન્ય બની ગયા.

## વાર્ષિક પુરસ્કાર વિતરણ સમારોહ

-અધ્યાપક નવિન સી. શાહ

◆ **ગુજરી, કોલ્હાપૂર (મહારાષ્ટ્ર) :-** પૂ. પંન્યાસપ્રવર શ્રી જયસુંદરવિજયજી મ. આદી ઠાણાની નિશ્રામાં આ વર્ષની વાર્ષિક પરીક્ષા અરવીંદ સી. શાહની વાણીએ લીધી હતી. જેમાં બાળકોનો વિનય સુત્રોનું શુધ્ધિકરણ સ્તવનાદિ કાવ્ય અને જનરલ જ્ઞાન જોઈને ખૂબ જ ખુશ થયા હતા.

બાળકોને વધુ પ્રોત્સાહન મળે અને પાઠશાળામાં ટકી રહે એ હેતુથી આ સમારોહનું તારીખ ૨૩-૯-૨૦૦૦ શનિવાર ના રોજ આયોજન કરવામાં આવેલ. બાળકોને લગભગ પચ્ચીશ હજાર રૂપિયાના ઈનામો વહેંચવામાં આવેલ. સાથે સાંસ્કૃતિક પ્રોગ્રામ રાખવામાં આવેલ.

આ પ્રસંગે પધારેલ અધ્યાપકોનું બહુમાન કરવામાં આવેલ. અધ્યાપક નવીન સી. શાહ અને સૌ. જિગ્ના એન. શાહ નું શ્રી સંઘ અને બાળકો દ્વારા બહુમાન કરવામાં આવેલ. આ વર્ષની વિશેષ ઉપલબ્ધી એ રહી કે ૪૫ બાલક-બાલીકા એ નવા અતિચાર તૈયાર કરેલ. જ્ઞાન પ્રેમી શ્રી અમીચંદ શંકરજી ઓસવાળ તરફથી અતિચાર કરવાવાળા બાળકોનું ૬૦૧ રૂપિયાથી બહુમાન કરવામાં આવેલ.

આ પ્રસંગે પૂજ્ય ગુરુભગવંતે આજના સમયમાં પાઠશાળાની જરૂરીયાત પર ભાર મુકતા પ્રેરણાદાયી અને મનનીય પ્રવચન કરેલ.

◆ **મંચર** :- સુવિશાલગચ્છાધિપતિ શ્રી પૂ. આ. શ્રી મહોદયસૂરીજી મ. સા. ને વિનંતી કરતા પૂ. શ્રીના આજ્ઞાવર્તી પૂ. સાધ્વીજી ભાગ્યરત્નાશ્રીજી આદી ઠાણા ચાતુર્માસાર્થે પધારતા ધર્મનો રંગ લાગ્યો. શ્રાવિકાઓ સવારથી રાત સુધી સાનિધ્યમાં પ્રથમ સામાયીક - સ્વધ્યાયથી જોડાય છે.

સિધ્ધિતપ... કંઠાભરણ તપ, અઠ્ઠાઈ, અઠ્ઠમની તપસ્યા સારી રીતે તપસ્વીઓના સવાર સાંજના બધા બિયાસણાનો લાભ પુણ્યવાનોએ લીધો. શ્રી બાબુભાઈ પુનમિયા - કશોરભાઈ વિગેરે ભક્તિ સારી કરતા.

ભા. સુદ. ૫ ના તપોસ્વીઓના પારણા શ્રી કુમારપાળ ભાઈના પુત્રવધુ સૌ. જયાબેન, શ્રી દિનેશભાઈના પુત્રવધુ સૌ. મમતાબેનના કંઠાભરણ તપ...અઠ્ઠાઈની તપસ્યા નિમિત્તે કુમારપાળ - દિનેશભાઈ સમગ્ર પરિવારે લીધો. દીનેશભાઈના બંગલા ઉપર પારણા સુંદર રીતે થયા.

તપસ્યા નિમિત્તે શ્રી પ્રીયંકભાઈ શાહ રમેશભાઈ શાહ તરફથી શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ભણાવાયુ. સારો રંગ જામ્યો. શ્રી મનસુખલાલ રીખવચંદ આ પ્રસંગે પધારેલ.

આવતા વર્ષના ચોમાસા માટે સંઘના આગેવાનો રતલામ પૂજ્યશ્રી ને વંદન વિનંતી માટે જવાનુ નકી થયું છે. સંઘમાં ઉત્સાહ બહુ સારો છે.

◆ **ભારતની રાજધાની દિલ્લીમાં પર્યુષણ પર્વારાધના** :- પ. પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કમલ રત્ન સૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય રત્ન પ. પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ. સા. પોતાના શિષ્ય - પ્રશિષ્ય - પ. પૂ. મુનિરાજ શ્રી ભાવેશરત્ન વિજયજી મ. સા. પ. પૂ. મુનિરાજ શ્રી પ્રશમરત્ન વિજયજી મ. સા. પ. પૂ. રત્નેશ રત્નાવિજયજી મ. સા. સહ દિલ્લીમાં પધારેલ યશસ્વી રેકાર્ડરૂપ ચાતુર્માસમાં શ્રીમણિભદ્ર - પ્રતિષ્ઠા - મહોત્સવ આદિ કાર્યક્રમો થયેલ, પર્યુષણ પર્વમાં કલ્પસુત્ર વાચનના દિવસે શ્રાવણ વદ ૦)) દિ. ૨૯-૮-૨૦૦૦ ના દિવસે તથા સંવત્સરી ભાદરવા સુ. ૪ દિ. ૨-૯-૨૦૦૦ ના દિવસે બન્ને દિવસે ગુરૂ- પૂજનની ઉછામણી લઈને શ્રી માંગીલાલજી રમેશ કુમારજી બાફના પરિવારે મુખકોશ બાંધીને નવાંગી ગુરૂ - પૂજન કરેલ. સંઘમાં ૩૧ ઉપવાસ, ૧૬ ઉપવાસ અઠ્ઠાઈ, મોક્ષદંડક આદિ તપશ્ચર્યાઓ થયેલ. ચારે મહીના પૂજ્યશ્રીએ પ્રવચન ગંગા વહેરાવેલ.

◆ **શાહપુર (થાણા)** :- પૂ. આ. શ્રી વિજય કનકસુંદર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ આરાધના નિમિત્તે બ્રહત્શાંતિ સનાત્ર આદિ પંચદશાહ્નિક મહોત્વસ આસો સુદ ૬ થી ઉજવાયો.

◆ **બાપલા (બનાસકાંઠા)** :- અત્રે પૂ. આ. શ્રી વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામા ચાતુર્માસ આરાધનાની ઉજવણી નિમિત્તે આસો વદ ૧૪ થી કારતક સુદ ૩ સુધી શાંતિસ્નાત્ર સહિત પંચહ્નિકા મહોત્સવ યોજાયેલ આસો વદ ૧૧-૧૨-૧૩ વાચના શ્રેણી દરેક માટે યોજાયેલ.

◆ **કુમુદ મેન્શન તારદેવ** :- અત્રે પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદય સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય કનક શેખર સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ. આદિની નિશ્રામાં પ્રથમ ચાતુર્માસ હોવા છતાં સારી આરાધના થઈ પર્યુષણ સુંદર ઉજવાયા. ૧ કિ. મી. વરઘોડો હતો સંઘજમણ પણ થયુ. ચંદનબાલા શ્રીપાલનગરથી સ્વત્માઓ તથા ભાવિકો સારા પ્રમાણમાં પધારેલ.

◆ **ભેલુપુર વારાણસી (યુ.પી.)** :- અત્રે પૂ. આ. શ્રી વિજય વિક્રમ સૂરીશ્વરજી મ. ની પુણ્યતિથિ નિમિત્તે કા. વ.-૧૨ થી કા. સુ. ૧ સુધી પંચાહ્નિકા શ્રી જિનેન્દ્ર ભકિત મહોત્સવ પૂ. આ. શ્રી વિજય રાજયશ સુરીશ્વરજી મ.ની નિશ્રામાં યોજાયો.

◆ **અમલનેર (મહારાષ્ટ્ર)** :- ન્યુ પ્લોટમાં પૂ. મુ. શ્રી શિવ સુંદર વિજયજી મ. આદિની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય યશોદેવ સૂરીશ્વરજી મ. ની ૨૯ મી પુણ્યતિથિ નિમિત્તે મહાપૂજા ઉત્સવ કા. સુ. ૪ યોજાયો. આસો વદ ૧૦ ના ૪૫ આગમનો વરઘોડો યોજાયો હતો.

◆ **અમદાવાદ** :- તપસ્વી મુનિરાજ શ્રી વિશ્વકીર્તિ વિજયજી મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે તથા સંઘમાં ચાતુર્માસ પર્યષણની આરાધના અનુમોદનાર્થે પૂ. મુ. શ્રી મનોગુપ્ત વિજયજી મ., પૂ. મુ. શ્રી સોમપ્રભ વિ.મ. આદિની નિશ્રામાં ત્રણ દિવસનો આસો વદ ૧ થી વદ ૩ વીશ સ્થાનક પૂજન આદિ મહોત્સવ સારા ઉત્સાહથી ઉજવાયો.

◆ **ભાભર** :- અત્રે પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સંઘવી શાંતિલાલ વાડીલાલ તથા શ્રીમતી રંભાબેન શાંતિલાલના જીવન સુકૃતોની અનુમોદના માટે પંચાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ કારતક સુદ ૩ થી કા. સુ. ૭ સુધી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિત સુંદર રીતે યોજાયો.

◆ **વીરમગામ** :- અત્રે પૂ. પં. શ્રી જિનયશવિજયજી મ. આદિની નિશ્રામાં કા. વ. ૫ થી શ્રી શંખેશ્વર છ'રીપાલક સંઘ શેઠ શ્રી રમણિકલાલ વીઠલદાસ વોરા પરિવાર તરફથી યોજાયો છે કા. વ. ૧૦ શ્રી શંખેશ્વર તીર્થમાં માળ થશે.

◆ **વાપી :-** અત્રે પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિજયજી મ. આદિની નિશ્રામાં શાંતિનગરમાં વાર્ષિક ૧૧ કર્તવ્યના પાલન નિમિત્તે ૪૬ જયવંતન છોડની ઉજમણા પૂર્વક શ્રી શાંતિસ્નાત્ર સહિત ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ આ.વ. ૮ થી વ. ૧૦ સુધી યોજાયો. પૂ. મુ. શ્રી મંગલવર્ધન વિ. મ. તથા પૂ. મુ. હિતવર્ધન વિ. મ. ના આચારાંગ સૂત્ર તથા કલ્પસૂત્રના યોગ નિમિત્તે ૪૫ આગમની મોટી પૂજા ભણાવાઈ.

◆ **અમદાવાદ - નવરંગપુરામાં :-** પૂ. ગણિવર્ય નયવર્ધન વિ. મ. ની. મિશ્રામા આરાધનાના ઉધાપન તથા ૧૧ કર્તવ્યની ઉજવણી રૂપે ૪૫ આગમના છોડ સાથે ભવ્ય મહાપૂજા, ભવ્ય સ્નાત્ર તથા શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ભાદરવા વદ ૧૪ થી આસો સુદ ૬ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

◆ **પૂનાનગરે શાસન પ્રભાવના :-** પૂ. કર્ણાટક કેસરી સ્વ. આચાર્યશ્રીના શિષ્ય ૐ કારતીર્થ માર્ગદર્શક આ. શ્રી પુણ્યાનંદ સૂ. મ. આદિની પાવન નિશ્રામાં અપૂર્વ શાસન પ્રભાવના ✤ આ. સુ. ૧ થી ૫ સુધી પાંચ દિન પંચપરમેષ્ઠી આરાધના - સમૂહ એકાસણા. ✤ સુ. ૮ થી શાશ્વતી નવપદ ઓળીની અભૂતપૂર્વ આરાધના. ✤ સુ. ૧૪ થી ૧૬ દિનની સૂરિમંત્રની સાધના - મૌન સાથે એકાંતમાં પૂજ્યશ્રીએ શાતાપૂર્વક કરી, કા.સુ. ૧ ના બહાર પધારી શુભાશિષ આપી મહામાંગલિક સકલસંઘને શ્રવણ કરાવ્યું. ✤ આ. વ. ૫ થી ૧૦ સુધી પૂ. સ્વ. આ.વીરસેન સૂ. મ.ની પુણ્યતિથિ નિમિત્તે તથા માતુશ્રી ની પુણ્યતિથિ નિમિત્તે શા. ચુનીલાલ લાલચંદ છાજેડ પરિવાર તરફથી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન સહ ઠાઠથી થયો. ✤ ચોમાસી આરાધના - સુ. ૧૫ ના ચાતુર્માસ પરિવર્તન ઠાઠથી થયેલ. ✤ પૂજ્યશ્રીનો આગામિ કાર્યક્રમ પૂના નગરમાં આદિનાથ સો. મધ્યે કા. વ. ૬ ૧૭-૧૧-૨૦૦૦ થી ઉપધાન તપનો પ્રારંભ. ✤ મા.સુ. ૧ થી ૮ ભાંડુપ - ઈશ્વરનગર કુકરેજા કોમ્પલેક્ષ - મુંબઈમાં અંજન શલાકા - પ્રતિષ્ઠા, ભાંડુપ સ્ટે. સુવિધિનાથ મંદિરની પ્રતિષ્ઠા મા. સુ. ૧૫ ના દિને, મા. વ. ૧ ના લબ્ધિસૂરિ જ્ઞાન મંદિર -દાદરમાં શ્રી શીતલનાથ પ્રભુની ૨૫ મી સાલગીરી પર્વ નિમિત્ત ઉત્સવ. ✤ જે ભાગ્યશાળીયોને પ્રતિમાની અંજન વિધિ કરાવવી હોય તેઓએ મા.સુ. ૧ સુધીમાં ભાંડુપ પહોંચાડવી. ✤ પોષ સુ. ૧૦ ના શ્રી ઉપધાનતપ મોક્ષમાલારોપણ. ✤ આગામી ચોમાસા માટે વિનંતિ - દાદર - પાર્લા - ભિવંડી - બારામતી સંઘોની આવેલ છે.

◆ **ચાંદની ચોક (ભારતની રાજધાની - દિલ્હી) સર્વ પ્રથમ મોક્ષદંડક તપ:-** પૂ. વર્ધમાન તપોનિધિ આ.દે. શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. ના વિદ્વવાન શિષ્યરત્ન પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ., પૂ. ભાવેશરત્ન વિજયજી મ., પૂ. પ્રશમરત્ન વિજયજી મ., પૂ. રત્નેશરત્ન વિજયજી મ., સા. ની શુભ નિશ્રામાં જસવંત ભાઈએ મોક્ષદંડકની આરાધના કરેલ તેની પૂર્ણાહુતિ આસો વદ ૯ દિ. ૨૧-૧૦-૨૦૦૦ ને થયેલ. આજે વ્યાખ્યાનમાં ગુરૂદંડની અષ્ટપ્રકારી પૂજા પછી ગુરૂપૂજન - સંઘપૂજન થયેલ. પૂજ્યશ્રી અત્રેથી ચાતુર્માસ ઉતર્યે બીકાનેર, નાગોર, જોધપુર, બ લોતરા, સાચોર તરફ સંભવિત વિહાર કરશે.

◆ **અંકુર - અમદાવાદ :-** મધ્યે રંગસાગર જૈન સંઘમાં આચાર્ય શ્રી કનકચંદ્ર સૂરીશ્વર મ.સા. ની સ્વર્ગારોહણ તિથિ નિ મિત્તે પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. પધાર્યા હતા. અને પૂજ્ય પં. શ્રી ધર્મદાસ વિજયજી મ. ની નિશ્રામાં સાધર્મિક વાત્સલ્ય - શાંતિસ્નાત્ર પૂજા - વ્યાખ્યાન વિ. સુંદર શિસ્તબધ્ધ રીતે અને આયોજન પૂર્વક પૂર્ણ બન્યા. આસો સુદ ૧૦ ના રોજ પંકજ સોસાયટી સામે તૃપ્તિ સોસાયટી બ-૧૩ માં પણ ભરત ચંદુલાલ બેડાવાલાને ત્યાં શાન્તિ સ્નાત્ર મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. જીવદયાની ટીપ પણ અનુમોદનીય બની હતી. આ પાવન પ્રસંગે પૂજ્ય આચાર્ય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા. પૂજ્યશ્રી આચાર્ય કનકચંન્દ્રસૂરી અને શ્રી મુકિતચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ની પુણ્ય સ્મુતિ નિમિત્તે તેમજ ચંદુલાલ મંગલદાસ બેડાવાળાની પુણ્યસ્મૃતિએ અમદાવાદમાં રંગસાગર જૈન સંઘના શ્રાવિકા ઉપાશ્રયનું કામ પાર પૂર્ણ બનાવવામાં ભરતભાઈ તરફથી સુંદર યોગદાન થયું છે. તેમજ પૂજ્ય આચાર્ય ભગવંત પ્રભાકર સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી અને ભકતજનો તરફથી ''મુક્તિચંદ્ર સૂરિ પાઠશાળા''માં કુલ્લે રૂપિયા ૯૧૦૦૦ હજાર એકઠા થયા. ત્યા જમનાબેન ધનરાજજી વસાજી ઉમેદાબાદ રાજસ્થાન વાળા તરફથી આયંબિલની ઓળીમાં ૮૧૦૦૦ રૂા. નુ દાન મળ્યું છે.

પૂજ્ય આચાર્ય ભગવંત પ્રેમસૂરીશ્વરજી મ. સા.ની સંયમ શત્તાબ્દિ નિમિત્તે ભગવાનશ્રી મહાવીરના પાંચેય કલ્યાણક વરઘોડા નક્કી કાયમી ધોરણે થયેલા છે અને પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની સ્વર્ગારોહણ તિથી નિમિત્તે અઠ્ઠમ તપના કાયમી પારણા મૂળનાયક ભગવાનની આંગી આદિ નક્કી થયેલા છે. એમ જ પૂજ્ય આ. ભગવંત મુક્તિચંદ્ર મ સા.ની સ્વર્ગારોહણ તિથી નિમિત્તે પોષ ૧૦ ના રોજ અઠ્ઠમતપના પારણા પૂજા-ભવ્ય આંગી વિ. નક્કી થયા છે.

આમ રંગ સાગર ઉપાશ્રયે પૂ. આ. ભગવંતની પ્રેરણાથી ઉલ્લાસનુ વાતાવરણ છવાયું અને અંકુરમાં થયેલ નવપદજીની ઓળી ત્થા વર્ધમાન તપના પાયાનો બહુમાન મેળાવડો આસો વદ ૨ ના રોજ સુંદર રીતે પરિપૂર્ણ થયો અને પાયાવાળાએ સુંદર પ્રભાવના કરી હતી.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

# પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

■ જે મારું ન હોય તેને મારું માનવું તે મોટો વ્યભિચાર છે. આત્મા, આત્માના ગુણ વિનાની કોઈપણ વસ્તુને પોતાની માને તે ભયંકર વ્યભિચારી છે.

■ સંસારનો અણગમો અને ધર્મનો ગમો ધર્મ પામવાનો પ્રધાન ગુણ છે.

■ સંસાર ન ગમે, ધર્મ ગમે તે સમકિતનો સામાન્યાર્થ છે. ધર્મ ગમે એટલે સાધુપણું ગમે.

■ બહારનો ધર્મ જુદો છે. અંતરનો ધર્મ જુદો છે. બહારનો ધર્મ અધર્મ પણ હોઈ શકે. પણ અંતરનો ધર્મ તો ધર્મ જ હોય.

■ શ્રાવક સંસારમાં રહે ખરો પણ સંસારને રહેવા જેવો માને નહિ. વેપાર કરે ખરો પણ વેપારને ધર્મ માને નહિ.

■ ભગવાનની વાત ગમે તે જ ભગવનાની કૃપા !

■ દુનિયાનું કોઈપણ સુખ ધર્મથી જ મળે, પણ આ બધા માટે ય ધર્મ થાય તેમ શાસ્ત્રમાં કશે લખ્યું નથી. 'ધર્મથી જે ઈચ્છે તે મળે' તેમ લખ્યુ તો ગમે તે માટે ધર્મ કરવાની ભગવાને છૂટ આપી તેમ બોલાય ? તેમ બોલે તે ભણેલો કહેવાય કે અભણ કહેવાય ? ધર્મથી મળે બધું પણ શા માટે ધર્મ થાય તે સમજવું પડે.

■ દુનિયાને પૈસો પ્રાણ લાગે છે. ધર્મી આત્માને તે મોટામાં મોટો શત્રુ લાગે છે. દુનિયા પૈસાને ભૂષણ સમજે છે, ધર્મી આત્મા પૈસાને વળગાડ સમજે છે.

■ ભક્તિ ભગવાનની કરવી અને ભગવાને જે મેળવવાનું કહ્યું તે જોઈતું નથી તો ભગવાનને ઠગ્યા જ કહેવાયને ?

■ તમને બજારમાં ભટકતા જોઈને અમને તમારી દયા ન આવે તો અમારામાં ગુરૂપણું નથી. અમારામાં સાધુપણાંની શંકા છે ! અમારે તો આત્માના સુખની ચિંતા કરવાની છે આ દુનિયાના સુખની નહિ.

■ જે વસ્તુ જેવી હોય તેવી રીતે નિરૂપણ કરવુ તેનું નામ સમ્યક્‌વાદ છે.

■ જે આત્માની ચિંતા કરે નહિ અને આ શરીરની જ ચિંતા કર્યા કરે તેનામાં સમ્યક્ત્વ કદિ આવે નહિ.

■ ધર્મ નહિ કરનારા કરતાં ધર્મની આશાતના કરનારો ભૂંડો છે.

■ અનાદિકાળથી કર્મે ફસાવીને સંસાર વળગાડ્યો છે તેને ભૂલાવી દે તે જ મોટો ચમત્કાર છે. આખા સંસારને સળગાવી દેવાની શક્તિ ભગવાનના ભગતમાં હોય !

■ આ સંસારના સુખનું મારણ તેના ત્યાગ વિના બીજું નથી કાં સુખ ભોગવવું પડે તો મન વગર ભોગવવું !

■ સંસારના સુખ મળવાના ધર્મીને જ બીજાને નહિ. કસાઈ પણ સુખી હોય તો ધર્મના ફળથી. ધર્મી પણ દુઃખી દેખાય તો અધર્મથી જ. શ્રી વીતરાગ પરમાત્માનું શાસન જ નિષ્પાપપણે આ વાત સ્પષ્ટ જાહેર કરે છે. સંસારના સુખમાત્રને જે ભૂંડાં માને તેનું નામ ધર્મી ! આ સુખ જેને સારા લાગે તે ગમે તેટલો ધર્મ કરે તો ય તેના ધર્મીપણામાં શંકા ! કેમકે દુનિયાનું સુખ ભલભલાને ભૂલાવનાર છે.

■ જાતિ-કુલના સંસ્કાર પણ જીવને જાગૃત બનાવનાર છે. કદાચ હૈયામાં ખરાબ વિચાર આવી પણ જાય તો ય આ મારાથી ન થાય તેમ તેને ડંખ રહ્યા જ કરે.

■ ધર્મ અને ધર્મક્રિયામાં ઘણો ફેર છે. જેને ધર્મ જોઈતો ન હોય તેની ધર્મક્રિયાને જ્ઞાનીઓએ ધર્મ જ કહ્યો નથી. જો માત્ર ધર્મક્રિયા જ ધર્મ હોત તો અનંતીવાર સાધુપણું પામવા છતાં જીવ સંસારમાં રખડતો ન હોત ! વિપરીત હેતુથી ધર્મક્રિયા કરે તો તેની ધર્મક્રિયા અનર્થફલ વાળી જ કહી છે. મોક્ષના હેતુથી જ ધર્મક્રિયા કરે તો તે ધર્મ બને.

■ મને ભગવાન ગમ્યા, ભગવાનનો મોક્ષ માર્ગ ગમ્યો, સંસાર ઝેર જેવો લાગ્યો તે જ ભગવાનની પ્રસન્નતા !

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
20/12/2000

# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## ન્યાય માર્ગે ગમન સર્વસંપત્તિનું મૂલ

श्रेयोऽथिनाऽपि च वरं
वर्तितव्यं नये नो अनये ।

नीतिर्हि सर्वसंपन्मूल-
मलंकारकः पुरुषः ॥

(શ્રી વર્ધમાન દેશના - ૬૪૭)

કલ્યાણના અર્થી એવા આત્માએ પણ નીતિ માર્ગનું જ અનુસરણ કરવું પણ અન્યાય - અનીતિ માર્ગનું નહિ. કારણ કે પુરૂષને માટે નીતિ એજ સઘળી સંપત્તિનો મૂળ અલંકાર છે.

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

## અઠવાડિક

વર્ષ ૧૩ અંક ૧૫

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# નંદન મુનિની આરાધના

મોકલનાર : શ્રી રતિલાલ ડી. ગુઢકા-લંડન

**ભરત ક્ષેત્રમાં છત્રિકા નગરીમાં જિતશત્રુ રાજા તેને ભદ્રા નામની પટરાણી ૨૪ લાખ વર્ષે વ્રતિ થયા. પોટિલાચાર્યની દેશના સાંભળી વૈરાગ્યથી દીક્ષા માસક્ષમણને પારણે માસક્ષમણ ૨૫ ભવે જે તપ કર્યુ. ૨૫માં ભવે મહાવીર પ્રભુનો આત્મા નંદન રાજકુમાર એજ નંદન મુનિ**

જિનેન્દ્રના સ્નાત્ર કરવાના પાત્રમાં દૈવયોગે જે મારો જલમય દેહ પ્રાપ્ત થયો હોય તેનું હું અનુમોદના કરું છું. શ્રી જિનેશ્વરની પાસે ધૂપ કરવાના અંગારામાં તથા દીવામાં જે મારો અગ્નિમયદેહ થયો હોય તેને હું અનુમોદના આપું છું અરિહંત પાસે ધૂપ ઉવેખતાં - તેને પ્રજ્વલિત કરવામાં તથા માર્ગમાં શાંત થયેલા સંઘની શાન્તિને માટે જે મારો વાયુમય દેહ પાયો હોય તેને હું અનુમોદુ છું. મુનિઓના પાત્ર તથા દંડાદિકમાં અને જિનેશ્વરની પૂજાના પુષ્પોમાં જે મારો વનસ્પતિ દેહ થયો હોય તેની હું અનુમોદના કરૂં છું.

કોઈપણ પ્રકારે સત્કર્મ યોગે જિનધર્મને ઉપકાર કરનારો મારો ત્રસમય દેહ થયો હોય તેને હું અનુમોદુ છું. કાળ વિનય જે આઠ પ્રકારે જ્ઞાનાચાર કહેલો છે તેમાં કોઈ પણ અતિચાર થયો હોય તેને હું ત્રિવિધે ત્રિવિધે નિંદુ છું. નિઃશંકિત જે આઠ પ્રકારે દર્શનાચાર કહેલો છે તેમાં મને જે કાંઈ અતિચાર લાગ્યો હોય તેને હું ત્રિવિધે વોસિરાવું છું. મોહથી અથવા લોભથી જે મેં સૂક્ષ્મ તથા બાદર પ્રાણીઓની હિંસા કરી હોય તેને પણ હું ત્રિવિધે વોસિરાવું છું. હાસ્ય, ભય, ક્રોધ કે લોભાદિકના વશથી મેં જે કાંઈ અસત્ય ભાષણ કર્યુ હોય તે સર્વની નિંદા કરવા પૂર્વક હું આલોચના કરૂં છું. રાગથી અથવા દ્વેષથી થોડું કે ઘણું જે કાંઈ અદત્ત પરદ્રવ્યનું મેં ભક્ષણ કર્યુ હોય તે સર્વનો હું ત્યાગ કરૂં છું. મે પૂર્વે તિર્યંચ મનુષ્ય કે દૈવ સંબંધીનું મૈથુનનું મનથી વચનથી કે કાયાથી સેવન કર્યુ. હોય તેને હું ત્રિવિધે તજાું છું લોભના દોષથી બહુ પ્રકારે મેં ધન ધાન્ય અને પશુ વગેરેનો જે સંગ્રહ કર્યો હોય તેને હું ત્રિવિધે તજાું છું સ્ત્રી, પુત્ર, મિત્ર બંધુ ધાન્ય ધન, ઘર અને બીજી કોઈ પણ વસ્તુમાં મે જે કાંઈ મમતા કરી હોય તેને ત્રિવિધે તજાું છું. ત્યાગ કરૂ છું.

ઈન્દ્રિયોના પરાભવ પામીને રસનેન્દ્રિયના પરાભવથી, પરવશપણાથી મેં જે ચારે પ્રકારનો આહાર રાત્રે વાપર્યો હોય તેને પણ હું ત્રિવિધે નિંદુ છુ ક્રોધ માન, માયા, લોભ, રાગ, દ્વેષ કલેશ ચાડી, પરનિંદા જાૂઠું આળ અને બીજાું કાંઈ ચારિત્રાચાર સંબંધી મે દુષ્ટ આચરણ કર્યું હોય તે સર્વનું હું ત્રિવિધે તજાું છું બાહ્ય તથા અભ્યંતર વિશે તપ વિશે જે કાંઈ અતિચાર લાગ્યો હોય તેને હું ત્રિવિધે ત્રિવિધે નિંદુ છું. ધર્મ ક્રિયા કરવામાં મેં જે કાંઈ છતાં વીર્યને ગોપવ્યું હોય તો વીર્યા ચાર સંબંધી અતિચારની પણ હું નિંદા ત્રિવિધે કરૂ છું. અને સ્વજન હોય અથવા શત્રુ હોય અમિત્ર તો સર્વે મારા અપરાધને ખમો હું સર્વેને ખમાવું છું સર્વેની સાથે હું સમાન છુ.

મેં તિર્યંચના ભવમાં તિર્યંચોને નારકીના ભવમાં નારકીઓને મનુષ્યના ભવમાં મનુષ્યોને તથા દેવ ભવમાં દેવતાઓને જે કાંઈ દુઃખ આપ્યુ હોય તે સર્વ મારો અપરાધ ક્ષમા કરો હું તે સર્વને ખમાવુ છું. અને મારો તે સર્વને વિશે મૈત્ર ભાવ છે જીવિત યોવન લક્ષ્મીરૂપ અને પ્રિયજનોનો સમાગમ તે સર્વ વાયુએ ચલિત કરેલા સમુદ્રના તરંગની જેવા ચંચળ છે આ જગતમાં વ્યાધિ જન્મ જરા અને મૃત્યુથી ગ્રસિત થયેલ પ્રાણીઓને જિનેશ્વરે કહેલા ધર્મ વિના બીજાું કંઈ શરણ નથી.

અરિહંત મારૂં શરણ હો સિધ્ધ મારૂં શરણે હો સાધુ મુનિરાજનું મારે શરણ હો અને કેવળીએ કહેલો ધર્મ મને શરણ ભૂત હો અત્યારથી કે અંતસમયે હું ચતુર્વિધ આહારનો ત્યાગ કરૂં છું. અને છેલ્લા શ્વાસો શ્વાસે આ દેહને પણ તજાું છું. આ પ્રમાણે નંદન ઋષિએ દુષ્કર્મની નિંદા સર્વ જીવોને ક્ષમાપના શુભ ભાવના ૪ શરણ નમસ્કારનું સ્મરણ અનશન ૬ પ્રકારની આરાધના કરી ધર્મ ગુરૂને સધુ સાધ્વીને ખમાયા સમાધિપણે અનશન કરી ૬૦ દિવસનું કાળ કરી દશમાં પ્રાણાત દેવલોક ગયા ૨૦ સાગરોપમનું આ આયુષ્ય હતું.

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
## (અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ માગશર સુદ ૯ મંગળવાર તા. ૫-૧૨-૨૦૦૦ (અંક : ૧૪/૧૫

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૬૦૦૦

# ચાર વ્યસન એટલે પાયમાલી અને દુર્ગતિના કારણ

આજ કાલ શિક્ષણનો અને ધનનો વિકાસ થયો ત્યાં ધર્મનો વિકાસ જો ન થયો તો ત્યાં વ્યસનનો વસવાટ થઈ જાય છે. વ્યસનનો વસવાટ એટલે પાયમાલીનો વસવાટ. અને વ્યસનો એટલે પાપની પ્રવૃત્તિ પાપ એ દુર્ગતિનું કારણ છે. દુર્ગતિ એ દુઃખનું સ્થાન છે.

શાસ્ત્રમાં સાત વ્યસનો કહ્યા છે. જુગાર, દારૂપાન, શિકાર, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, માંસ અને શિકાર. આ સાતે વ્યસનો એવા છે કે તે માટે 'ઘોરાતિઘોર નરકં નયંતિ' એમ શાસ્ત્રમાં લખ્યું છે.

આ વ્યસનો આજે ધમધોકાર ચાલે છે. તેમાંય જુગાર, દારૂ, માંસભક્ષણ અને પરસ્ત્રીગમન આ ચાર વ્યસનોએ વ્યાપક પ્રચાર કર્યો છે. અને જગતમાં તેની જાળ બીછાવી છે. સારાય દેશમાં એ રાજ્ય કરે છે. તેને રોક ટોક કરનાર કોણ છે ? એ સવાય છે.

તેમાં આ વ્યસનો ધનવાનોમાં અને ઉચ્ચ જ્ઞાતિઓમાં પણ ઘુસી રહ્યા છે. ધર્મી કહેવાતા કુટુંબો પણ આનો ભોગ બની રહ્યા છે. જ્યાં જ્યાં આ વ્યસનો રેલમછેલ બોલાવે છે. ત્યાં ધર્મની, જ્ઞાતિની કે વડિલોની મર્યાદા અને વિનયનો લોપ થાય છે. ધર્મ એ માત્ર આડંબર કે દંભ બની જાય છે. દેખાવમાં ધર્મ રહે છે હૈયામાં વ્યસનો રહે છે.

હૈયાના જે ભાવો છે જેનું રૂપ મળે છે તેથી અશુભ અને કલિષ્ટ ભાવો આત્માનું અધઃપતન કરાવે છે.

જુગાર એ અનેક દૂષણોનું મૂળ છે. તેને નાથવામાં ન આવે તો બીજા દૂષણોને જન્મ આપે છે. તેજ રીતે દારૂપાન એ પણ મૂળમાંથી જ દૂષણ બને છે. અને જીવોના વિનાશથી દારૂ તૈયાર થાય છે. જીવહિંસાનું પણ મૂળ બને છે. માંસ તો પંચેદ્રિય જીવોના વધ વિના પેદા થતું નથી. બીજા જીવોના પ્રાણ લઈને પોતાને પામવાવાળા બનાવવા જેવી અજ્ઞાનતા કઈ છે. પરસ્ત્રી-ગમન એ આજના સ્વચ્છંદી યુગમાં એક કેન્સરના રોગ જેવું બની રહ્યું છે. આજના છાપાઓમાં આ અંગે આવતા સમાચારો, ખૂનો, ઘાતકીપણું વિગેરે વાંચતા સહેજ ખ્યાલ આવે. બાકી તો રાગથી મોહથી અને લાચારીથી કે દબાણ કે શરમથી આ દૂષણ જે રીતે ઉધઈની જેમ ફેલાઈ રહ્યું છે. તે અંગે ભાવિનો વિચાર કરતાં ખૂબ ભયંકર પરિણામ આવે.

આજની સરકારો સ્વચ્છંદી, વિકારી અને બિભત્સ જીવન ચર્યા અંગે કંઈ કરતી નથી. સામાજીક કે સેવાભાવી સંસ્થાઓ તેના કાર્યક્રમો દ્વારા જરૂર યશ મળે તેવા કામો કરે છે. પરંતુ એ કામો કરનારા કે જેમને માટે કામો કરે છે તેમના દૂષણોથી ~~[illegible]~~ કાર્યક્રમ તેમની પાસેથી સારા કપડા એ શરીરને ઢાંકી શકે છે. પણ કેન્સરના રોગને દૂર કરી શકતા નથી. તેવી જ રીતે ધર્મના કાર્યક્રમો, સમાજના કાર્યક્રમો, સેવાના કાર્યક્રમો સારા દેખાડવામાં સહાયક બને છે. પણ અંતરના દૂષણોને તે ડામી શકતા નથી.

આત્મા પોતે જ પોતાનું જીવન, પોતાના ગુણ, પોતાનું ભાવી, પોતાની વૃત્તિ, પોતાની આબરૂ, પોતાનો ધર્મ, પોતાની ફરજ, પોતાની જવાબદારી, પોતાની મહત્તા સમજે તો આવા દૂષણોથી દૂર થઈ શકે.

પોતાનો ધર્મ, પોતાનો સમાજ, પોતાનું કુળ, પોતાનો પરિવાર આ બધા ઉપર પડતી વિપરીત અને ભાવિ ભયંકર અસરને ટાળી શકે અને માટે પણ આવા દૂષણોથી દૂર રહેવું જરૂરી છે.

ભારતમાં આઝાદી પછી અનેક વિકાસના કાર્યક્રમો રજૂ થયા છે રસ્તા અને મકાનો સારા બન્યા છે. પણ તેમાં રહેનારાઓ સારા બનતા નથી. સ્કુલ, કોલેજ વિ. ખૂબ બની છે અને બને છે ભણનારની સંખ્યા સમાતી નથી પણ તે સ્થાનો હોવા છતાં તેમાં દૂષણોને ડામવાનો કોઈ પ્રયોગ નથી સામેથી દૂષણોને વધારવાના કાર્યક્રમો છે.

મંડળો સેવા સંસ્થાઓ વિ. ઢગલા બંધ છે. અને નવી થાય છે. પરંતુ તેમાં પણ સંસ્કાર પોષણનો, વિનય સજ્જનતા સદાચારનો કાર્યક્રમ નથી. એવા કાર્યક્રમો અને પ્રસંગો ઉભા થાય છે. જેમાંથી આ દૂષણોના બી વવાય છે, પછી પોષણ મળે છે અને પછી દૂષણ ખીલે છે. જે સમાજને દેશ અને દુનિયાની માણસાઈ, માનવતા, કરુણા, સજ્જનતા છીન્ન ભીન્ન કરી નાખે છે.

આજના વિષમ કાળમાં વૃદ્ધોને સન્માન અને સાચવવું દુર્લભ બનતુ જાય છે. બાળકોને સંસ્કારી વિનયી વિવેકી અને સજ્જન કે શ્રદ્ધાના સંસ્કાર તેની મહત્તા તેના મીઠા ફળો ચાખવા મળવા દુર્લભ થતા જાય છે.

આ બધાના મૂખમાં અભક્ષ્ય ભક્ષણ, અનાચાર, દુર્જન અને વ્યસનનીત સંગ, કારણ છે. બાળકોને સજ્જનતા, સદાચાર, કૃતજ્ઞતા વિગેરે ગુણોનો અભ્યાસ કે સંસ્કારીકરણ થતી નથી દુનિયા કે સમાજને સમજાવવા એવા કાર્યક્રમ અપાય છે કે ચાર દિવસની ચાંદની ફિર અંધેરી રાત જેવુ ફળ આવે છે.

સૌ આ વાત સમજે 'ચેરીટી બિગીન્સ ફ્રોમ હોમ' આત્માથી જ સુધારો કરવામાં લાગી જાય તો આ દિવસો પણ દૂર નથી સોનાનો સૂરજ ઉગતાં વાર ન લાગે અને એવા દિવસો રોજ જોવા મળે એજ શુભ અભિલાષ..

■ ■ ■

બીજાપુર નગરે ભવ્ય સમારોહ - પાના નં. ૨૮૫ થી ચાલુ...

## શાશ્વતી ઓળીનો અનુમોદનીય આરાધના...

**પૂ. મુનિરાજશ્રી પુણ્યરક્ષિતવિજયજી મ. સા.** આદિની પાવન નિશ્રામાં **શ્રી બિજાપુર સંઘ આયોજિત** શાશ્વતી શ્રી નવપદજી ઓળીની આરાધના ખૂબ જ સુંદર થવા પામી હતી.

શાશ્વતીઓળીના પૂર્વે ભાદરવા વદ ૧૧ ના મંગલ દિને પૂજ્યશ્રીની પ્રેરણાને ઝીલીને ૩૩ પુણ્યાત્માઓએ વર્ધમાનતપ પાયાનો મંગલ પ્રારંભ કરેલ...

શાશ્વતી ઓળી દરમ્યાન શ્રીપાળ - મયણાના જીવનના ઐતિહાસીક જીવન પ્રસંગોને આવરી લેતી નવપદ પ્રવચન શ્રેણીનું આયોજન થયેલ. પૂ. ગુરુદેવશ્રીના નવપદ વિષયક પ્રવચનોમાં ભાવિકોએ સારો લાભ લીધેલ. ઓળી દરમ્યાન આસો સુદ ૧૪ના દિને **શ્રી સંઘનું આયંબિલતપનું અનોખું સ્વામીવાત્સલ્ય** થયેલ. ખૂબજ સારી સંખ્યામાં સામુદાયિક આયંબિલતપની આરાધના થયેલ.

આસો વદ ૧ ના રોજ શ્રી સંઘ તરફથી નવપદ ઓળી તથા વર્ધમાનતપના આરાધકોના સામુદાયિક પારણા થયેલ.. આસો વદ ૬ ના રોજ વર્ધમાનતપના પાયો નાખનાર પુણ્યાત્માઓને શ્રી સંઘ તરફથી પ્રભાવનારૂપે ચાંદીનો પંખો તથા ચાંદીના દર્પણ સમજ શ્રીફળ અર્પણ થયેલ. તપસ્વીઓનું શ્રી સંઘ તરફથી બહુમાન કરવાનો ચઢાવો બોલાતાં શાહ પુનમચંદ સોમચંદ પરિવાર - બિજાપુરવાળાએ બોલી બોલીને લાભ લીધેલ.

એકંદરે પૂજ્યશ્રીની નિશ્રામાં શાશ્વતી નવપદઓળીની આરાધના પણ ખૂબજ અનુમોદનીય થવા પામેલ... ■ ■

# પ્રવચન - પીસ્તાલીશમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા
સં. ૨૦૪૩, ભાદરવા સુદિ- ૧૨/૧૩, શનિવાર તા. ૫-૯-૧૯૮૭
ચંદનબાળા જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦ ૦૦૬.

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયુ હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पिय माइ(अ) वच्च, भज्जा सयणा सहि देह नाइ धणं वग्गा ।
गुरु देव दिट्ठीरागा-मोहदिट्ठणाणि भयहेउ ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકારપરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા અત્યાર સુધીમાં એ સમજાવી આવ્યા કે- સાચું અને વાસ્તવિક સુખ મોક્ષ વિના બીજે કશે છે જ નહિ. સંસારનાં જેટલા સુખ છે તે વાસ્તવિક સુખ છે જ નહિ પણ સુખ શબ્દનો વ્યભિચાર કરનારા છે. તેથી જ શ્રી અરિહંત પરમાત્માઓએ જગતના સુખમાં મૂંઝાયેલા જીવોને તેનાથી છૂટાય, તે સુખનો રસ નીકળી જાય અને સૌ મોક્ષસુખના રસિયા બની વહેલામાં વહેલા મોક્ષમાં જાય તે માટે આ ધર્મ શાસનની સ્થાપના કરી છે. શ્રી અરિહંત પરમાત્મા કોણ થાય ? જગતના સઘળાય જીવોને મોક્ષે મોકલવાનું મન થાય તે. સંસારી જીવો જે સુખને ઈચ્છે છે તે સુખ આ સંસારમાં છે જ નહિ. સંસારનું પુણ્યથી મળતું જે સુખ છે તે સુખનો જેને રાગ થાય, તેનો જે મઝેથી ભોગવટો કરે તે બધા જ દુઃખી દુઃખી થવાના છે. પણ આ વાત જીવને નહિ સમજવા દેનાર મોહ છે. આ સંસારમાં મોટામાં મોટો ભય કોઈનો પણ જો હોય તો મોહનો છે. તે મોહનાં સ્થાન કુદેવની શ્રદ્ધા, કુગુરુની શ્રદ્ધા, કુધર્મની શ્રદ્ધા વગેરે છે. માતા - પિતા - પુત્ર - પત્ની, સ્વજન - મિત્ર, શરીર, જ્ઞાતિજનો વગેરે જેટલાં કુટુંબીજનો છે તે બધાના ઉપર હૈયાથી જે રાગ છે તે બધા મોહનાં સ્થાન છે અને ભયના હેતુ પણ છે. આખો સંસાર ભયરૂપ છે. તમારું જે કુટુંબ છે. તમારાં જે માતા-પિતા છે તે તમે કયાં જાવ તેમ ઈચ્છે છે ?

સભા : સુખી બનાવવા ઈચ્છે છે.

ઉ : અહીં સંસારનાં સુખથી સુખી બની જાય, સુખમાં મઝા કરતાં થાય તે બધાં મરીને કયાં જાય ?

તમને ખૂબ ખૂબ સુખી બનાવવા દુનિયાનું બધું શિક્ષણ આપે છે. વેપારી, ડોકટર, વકીલ, બેરિસ્ટર બનાવે છે, ઘર પણ મંડાવી આપે છે. આટલી જ જો મા-બાપની ફરજ હોય તો તે મા-બાપ જૈન કહેવાય ખરા ?

ભગવાને આ ભયંકર સંસારમાં મનુષ્યજન્મને દુર્લભ કહ્યો છે. તે જન્મ પણ આર્યદેશમાં - આર્યજાતિમાં તેમાં ય જૈન જાતિમાં અને જૈનકુળમાં મળે તેને દુર્લભ કહ્યો છે તે શા માટે ?

સભા : આત્માની મૂખ્યતા છે માટે.

ઉ. : સંસારના જ સુખને મેળવવાની અને ભોગવવાની ઈચ્છા તે આત્માની ચિંતા કહેવાય કે શરીરની ચિંતા કહેવાય ? છોકરા ખૂબ સુખી બને, મોજમઝાદિ કરે તે તેના આત્માની ચિંતા કહેવાય ?

તેટલા માટે જ માતા - પિતા - ભાઈ - દિકરા - સ્વજન - સ્નેહી આદિને ભયરૂપ કહે છે. તે બધા મોહનાં સ્થાન છે જે બધાના મોહને વધારે છે. તેથી જ ભયરૂપ છે.

પ્ર. : એકાન્તે ભયરૂપ છે ?

ઉ. : હા એકાન્તે ભયરૂપ છે તેથી જ સંસાર ચાલે છે. માટે જ મોક્ષમાં ગયેલા જીવો કરતાં સંસારમાં રહેલા જીવો અનંતગુણા છે.

તમારી શી ઈચ્છા છે ? વહેલા મોક્ષે જવું છે કે સંસારમાં રહેવું છે ? જ્યાં સુધી તમને કે અમને મોક્ષે જવાની સાચી ઈચ્છા નહિ. થાય ત્યાં સુધી વિચારો બદલાવાના નથી. મોક્ષે જવાની ઈચ્છા થાય ત્યારથી જ ધર્મની શરૂઆત થાય છે. જે જીવનો એક પુદ્ગલ પરાવર્ત્તકાળની અંદરનો સંસાર બાકી હોય ત્યારે જ તેને મોક્ષે જવાની ઈચ્છા થાય છે. તે પૂર્વે એટલે કે અચરમા-વર્ત્તકાળમાં ગમે તેટલો ધર્મ કરે તો પણ તે દુનિયાના સુખ માટે જ કરે છે પણ મોક્ષ માટે નહિ. અભવ્ય જીવો, દુર્ભવ્ય જીવો અને ભારે કર્મી ભવ્ય જીવો સાધુ પણ થાય, સારામાં સારું એક પણ દોષ ન લાગે તેવું સાધુપણું પણ પાળે, યાવત્ નવમા ગ્રૈવેયકે જાય પણ તેને સમ્યક્ધર્મની પ્રાપ્તિ ન થાય.

તમે બધા આજે ધર્મ કરો છો તે શા માટે કરો છો ? જે કહે કે-પૈસા - ટકાદિ મળે. આલોક-પરલોકનાં ધાર્યાં સુખ મળે અને મોજમઝાદિ કરીએ તો તેને શ્રાવક કહેવાય ? તમારે સદ્ગતિ પણ દુનિયાના સુખ માટે જોઈએ છે કે મોક્ષ સાધક ધર્મની સાધના ચાલુ રહે માટે જોઈએ છે ? દુર્ગતિમાં નથી જવું તે દુઃખથી ડરીને કે મોક્ષસાધક ધર્મની સામગ્રી ન મળે અને મોક્ષસાધક ધર્મ ન થઈ શકે માટે ? જે લોકો દુઃખથી ડરીને દુર્ગતિથી ભાગે અને દુનિયાના સુખને માટે સદ્ગતિ ઈચ્છે તે બધા મિથ્યાદ્રષ્ટિ છે.

સભા : જે ધર્મસાધન મેળવી આપે તે જ સદ્ગતિ કહેવાય ને ?

ઉ. - હા બાકી સદ્ગતિ પામેલા દુનિયાના સુખમાં મૂંઝાયેલા ઘણા જીવો નરકે ગયા છે.

મોટોભાગ દુનિયાના સુખ માટે ધર્મ કરે છે. અહીં સુદેવ-સુગુરુ અને સુધર્મની સામગ્રી મળી છે પણ ઘણાને ધર્મ કરવાનું જ થતું નથી. એટલું નહિ ધર્મ કરનારને પણ ધર્મ સમજવાનું મન થતું નથી. જે સુદેવ - સુગુરુ - સુધર્મને ન ઓળખે તે આંખો મીંચીને ધર્મ કર્યા કરે તે શેનો પ્રતાપ છે ? મિથ્યાત્ત્વનો. ગમે તે દેવની પૂજા કરે, ગમે તે ગુરુની સેવા કરે, ગમે તે હેતુ માટે ધર્મ કરે તે દેવ - ગુરુ - ધર્મ સંસારથી તારે ખરા ?

પ્ર. : બધાને ગુરુ માને તેમાં વાંધો શું ?

ઉ. : પછી ક્યા ગુરુના કહ્યા મુજબ ચાલે ? સુગુરુ જે કહે તે કરાય અને ના કહે તે ના કરાય ને ? તમારે તો ગુરુ કહેવરાવવા પૂરતા રાખવા છે પણ ગુરુનું કહેલ કશું માનવું નથી. ગુરુનું કહેલ કરે નહિ અને ન કહેલ કરે તેનું કલ્યાણ થાય ? ધર્મ કોને કહેવાય તે પણ સમજે નહિ અને ગમે તેમ ધર્મ કરે તો કલ્યાણ થાય ? આજે ઘણાને દેવ - ગુરુ - ધર્મને જાણવાનું પણ મન નથી. શાથી ? મિથ્યાત્ત્વ ગાઢ છે માટે. જેનું મિથ્યાત્ત્વ મંદ પડે તેને આ ત્રણને ઓળખવાનું પણ મન થાય. તમને દેવ - ગુરુ - ધર્મને ઓળખવાનું મન થયું છે ?

ભગવાનના સાધુ જ ગુરુ હોય ને ? ''અરિહંતો મહદેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરુણો જિણપન્નત્તં તત્તં, ઈઅ સમ્મત્તં મએ ગહિઅં.'' આ ગાથા બોલો છો ને ? સુસાધુ કેવા હોય ? જેમને ગામમાં ઘર ન હોય, બજારમાં પેઢી ન હોય, જંગલમાં જમીન ન હોય અને પાસે ફૂટી કોડિ પણ ન હોય તે. તમારા ગુરુ કંચન - કામિનીના ત્યાગી જ હોય ને ? ગુરુનું લક્ષણ કરતાં શાસ્ત્રે કહ્યું છે કે - ''જૈનશાસનના ગુરુ પાંચ મહાવ્રતને ધારણ કરનારા હોય. તેના પાલનમાં ધીર હોય, નિર્દોષ ભિક્ષા માત્રથી જ જીવનારા હોય, હંમેશાં સામાયિકમાં જ રહેનારા હોય અને જે કોઈ આવે તેને મોક્ષસાધક ધર્મની વાત વિના બીજી વાત કહેનારા ન હોય.'' આવા ગુરુ કહે શું અને સમજાવે શું ? અમે સ્વયં સાધુધર્મ જીવીએ અને જે કોઈ આવે તેને મોક્ષ માટે મોક્ષમાર્ગ સ્વરૂપ ધર્મ કરવાનું જ સમજાવીએ. ધર્મ કોને કહેવાય ?

સભા : સાધુપણું તે જ ધર્મ કહેવાય.

તે સાધુ ધર્મની જેને ઈચ્છા પણ ન હોય તેનો ધર્મ સાચો હાયે ? દર્શન - પૂજનાદિ ધર્મક્રિયા પણ ધર્મ ક્યારે બને ? સાધુ ધર્મની ઈચ્છા હોય તો જ. જેને મોક્ષે ન જવું હોય તે ભગવાનનાં દર્શન - પૂજનાદિ કરે તો તે દર્શન - પૂજન સાચાં કહેવાય ? તમે બધા મંદિરે કેમ જાવ છો ? મંદિરે જવું જોઈએ, ન જઈએ તો ખરાબ દેખાય માટે તેમ કહો કે ઘર નામની જેલથી છૂટવા માટે, પૈસા નામનું મોટું પાપ તેનાથી છૂટવા માટે અને સંબંધી રૂપી બંધનથી છૂટવા માટે જઈએ તેમ કહો ? તમને તમારો બંગલો જેલ લાગે છે ? લક્ષ્મી નુકશાન કરનારી લાગે છે ? સંબંધી બંધનરૂપ લાગે છે ?

સભા : આવું ન લાગે તો દર્શનાદિ કરવા જઈએ કે નહિ ?

ઉ.- અજ્ઞાન જીવોને ન રોકીએ તે જુદી વાત છે. સમજાવવા છતાં ય તે ન સમજે તો ન કહીએ પણ તેમાં અમારી સંમતિ ન હોય. ઘણા તો મંદિરમાં જઈ ને વધારે પાપ બાંધે છે. આજે મંદિર - ઉપાશ્રયમાં આવી શું કરે છે તેનું વર્ણન થાય તેમ નથી. 'સાધુએ ગૃહસ્થનો ધર્મના કારણ વિના પરિચય પણ કરવો નહિ.' તેમ શાસ્ત્રે કહ્યું છે. તમારા ધંધા - પાણી સારા ચાલે છે તેમ સાંભળી જે સાધુ ખુશી બતાવે તે સાધુનું શું થાય ? તમારે ઘરમાં રહેવું પડે છે તે પુણ્યોદય છે કે પાપોદય છે ? વેપારાદિ કરવા પડે તે પણ પુણ્યોદય છે કે પાપોદય છે ? ખૂબ પૈસા મળે અને રાજી થાવ તે પણ પુણ્યોદય છે કે પાપોદય છે ? ધર્મ તો સાધુપણું જ, શ્રાવકપણું તે ધર્માધર્મ છે. તેનો ધર્મ સરસવ જેટલો અને અધર્મ મેરૂ જેટલો.

ક્રમશઃ

# રાષ્ટ્રીય સ્તરે થતી ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૬૦૦મી જન્મતિથિની ઉજવણીનો વિરોધ શા માટે ?

વાંચો - વંચાવો - વિચારો

હપ્તો - ૨ જો

*('ચરમતીર્થપતિ શ્રમણ - ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૫૦૦ મી નિર્વાણ કલ્યાણક તિથિને અનુલક્ષીને જે અશાસ્ત્રીય નીતિ-રીતિ ભગવાનનો મહિમા વધારવાને નામે ચાલી પડે હતી તેવી જ અશાસ્ત્રીય રીતિ હવે ૨૬૦૦મી જન્મ કલ્યાણક તિથિની રાષ્ટ્રીય ઉજવણી જે કરવા માગતા હોય તેમણે, તે વખતના ગીતાર્થ મહાપુરૂષોએ એવી ઉજવણી ભગવનાની અશાતાના સ્વરૂપ હોવાનું આપેલું માર્ગદર્શન આજે પણ તેટલું જ ઉપયોગી, જરૂરી હોવાથી ધ્યાનમાં લેવાની જરૂર છે.*

***માર્ગદર્શક મહાપુરૂષ છે. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા.***

*શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. આ ભગવંતશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈ પણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના યાચીએ છીએ.*

*-સંપાદક*

(ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૫૦૦મી રાષ્ટ્રીયસ્તરે થઈ રહેલી ઉજવણીના વિરોધમાં, મુંબઈમાં સં. ૨૦૩૦ માં દર રવિવારે આપેલ જાહેર પ્રવચનોમાંથી સંગ્રહિત :)

- હૈયાથી નિર્મળ વર્તન તેનું નામ સદાચાર. આત્મામાંથી દોષ નીકળી જાય અને ગુણ પેદા થાય ત્યારે હૈયું નિર્મળ થાય.
- માતા-પિતાદિની પૂજા કરવી તે વિવેક. માતા-પિતાદિની પૂજા છોડી સ્ત્રી-પુત્રાદિની પૂજા કરવી તે અવિવેક.
- દુનિયામાં દુઃખ વળગેલું રહેવાનું. જે કાંઈ સુખ મળ્યું હોય તેમાં ય માલ ન હોય. આવું સમજે તેનું નામ જૈન ધર્મ સમજ્યો કહેવાય.
- દુનિયામાં રહેવું અને દુઃખની ફરિયાદ કરવી તે જૈન ધર્મનું અજ્ઞાન સૂચવે છે. સાગરમાં રહેવું અને જળજંતુની ફરિયાદ કરવી તે મૂર્ખતા કહેવાય, કે ડહાપણ ?
- જેટલું કાનને ગમે, બુદ્ધિને ગમે પણ હૈયે અડવાનું મન ન થાય તે કામ ઉદયભાવનું છે ક્ષયોપશમભાવનું નથી.
- નવી વાત આવે - ચાલે - ત્યારે શું સત્ય છે શું અસત્ય છે તે જાણવાનું મન ન થાય, સમજવાનું મન ન થાય, સમજ્યા પછી સાચું કરવાનું અને ખોટું છોડવાનું મન ન થાય તે બધા મિથ્યાત્વના પ્રેમી છે.
- પૈસાના અને સુખના ભિખારી કોઈનું ભલું કરી શકતા નથી. સુખ જેને ભૂંડું લાગે તે અનેકનું ભલું કરે. પોતે દુઃખી થાય પણ બીજાને સુખી કરે.
- આ કાળમાં જો સાધુઓ માર્ગસ્થ નહિ રહે, માર્ગચુસ્ત નહિ બને, લોભમાં આવશે તો પોતે ય ડૂબશે. અને અનેકને ડૂબાડશે. માટે દરેક જીવે પોતાના ય ભલા માટે શાસ્ત્રને આધીન થવાની જરૂર છે. અમે અમારી મરજી મુજબ બોલવા માંડીએ તો અમારો સાધુવેષ લાજે. અમારે અમારી મરજી મુજબ બોલવું હોય તો સાધુવેષ તજવો જોઈએ.
- શાસ્ત્ર પંડિત થવા નહિ પણ તત્ત્વજ્ઞાનિ થવા ભણવાનું, વાંચવાનું છે. પંડિત 'વકીલ' જેવો હોય. તત્ત્વજ્ઞાની 'અસીલ' જેવો હોય. આ તત્ત્વ પહેલા પોતાને પરિણામ પામવું જોઈએ. શાસ્ત્ર બધાને માટે શાસ્ત્ર નથી. અયોગ્ય માટે તો શાસ્ત્ર મોટામાં મોટું જીવલેણ શસ્ત્ર છે. તે તો શાસ્ત્રને નામે ય ઘણા અધર્મો કરે - ફેલાવે.
- જૈનકુળમાં જન્મે તેનું પુણ્ય ઘણું છે. છતાં જે સાધુપણાંની કિંમત ન સમજે, જૈનકુલાદિની કિંમત ન સમજે તેનું દુર્ભાગ્ય પણ ઘણું ઊંચું હોય છે.
- ધર્મની જેટલી ઉપેક્ષા કરશો, અધર્મનો જેટલો સાથ કરશો તે છતે પૈસે દુર્ગતિમાં જવાનો ધંધો છે. ધન તે દુર્ગતિની ટિકિટ છે.
- દ્વેષ એટલે મારામારી કે ગાળાગાળી નહિ. પણ જેના પર અરૂચિ થાય તેનાથી આઘા રહેવાનું.
- પૈસા મેળવવા જ્ઞાન મેળવવું તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે. તમે સંતાનોને જ્ઞાન નથી આપતા. દુનિયાની શિક્ષણ સંસ્થાઓ પણ અજ્ઞાન આપે છે.

કદિ સમજાવતી નથી કે- 'તું આત્મા છું, પાપ કરતો નહિ, સારે માર્ગે ચાલજે, તું એકલો આવ્યો અને એકલો જવાનો છું. અહીં સારું કરીશ તો સારું પામીશ, ખરાબ કરીશ તો ખરાબ પામીશ.' આવું કહેનાર કોઈ સ્કૂલ છે ? આવી સ્કૂલની તમારે જરૂર પણ છે ? તમારા સંતાનો પુણ્ય - પાપની વાત કરે તે તમને પાલવે તેમ છે ? આજે તો પૈસા વધારે કેમ કમાવાય તે જ શીખવાડાય છે. મોટી મોટી કોલેજો પણ તે માટે છે. વધારે ભણેલા એવા પાપ કરે છે કે હાથમાં જ આવે નહિ. તેવું શિક્ષણ તમારે સંતાનોને આપવું છે અને તેમાં અમારી સહી મેળવવી છે. પણ અમે કદિ ન આપીએ. અમે તો આત્માની ચિંતા કરાવનારા છીએ. શરીર - પૈસા - આદિની ચિંતા કરાવનાર નથી.

પ્ર.- ભાષા જ્ઞાન પણ જ્ઞાનનો પ્રકાર જ છે ને ?

ઉ.- ભાષા જ્ઞાન જ્ઞાન કયારે બને ? આત્માની શુદ્ધિ મેળવવા મેળવે તો. કોઈને ઠગવા લે તો નહિ.

■ લૌકિક ધર્મમાં જે સારું હોય તે આ લોકોત્તર ધર્મના છાંટણા છે. આ લોકોત્તર ધર્મ રત્નાકર જેવો છે. તે જ જૈનશાસન છે. આ શાસનની જરાય લઘુતા થાય તેવી વાત પણ જૈનોથી થાય નહિ, સંભળાય નહિ. આ વાતનો અનુભવ જેનામાં જૈનત્ત્વ હોય તેને થાય. જેનામાં જૈનત્ત્વ ન હોય તેને આ બધી વાતો 'કજિયા' લાગે. આ લોકોને સમજવું નથી માટે નથી સમજતા. આ સમજાવવા રોજ નવી નવી વાતો કરી છે, લોહીનું પાણી કર્યું છે.

રોજ તમે બોલો છો ને કે , 'સર્વ મંગલ માંગલ્ય' સર્વકલ્યાણ કારણં; પ્રધાન સર્વધર્માણાં જૈનં જયતિ શાસનમ્.'' સર્વ મંગલોમાં મંગલ, સર્વ કલ્યાણોનું કારણ, સર્વ ધર્મોમાં પ્રધાન જૈન ધર્મ જ છે આવું બોલે તેનું મન અને હૈયું કેવું હોય ? 'સર્વધર્મ સમાન'માં તે માથું હલાવે ? 'સર્વધર્મને સમાન' અને 'સર્વધર્મને મારા' કહેનારને અસલમાં ધર્મજ જોઈતો નથી. જૈનોનું જૈન ધર્મનું ખમીર શું તૂટી ગયું છે ? જૈનો પાસે પૈસા નથી ? ભિખારી છે બધા ? આખા સમાજને બે-પાંચ-દશ શ્રીમંતો રમાડી જાય ? તેના તેજથી આ બધા ખેંચાય ! આવી હિંસક, ઘોર અને પાપી સરકાર ભગવાનનો ધર્મ દીપાવશે ! આ સરકારે તો કહ્યું છે કે- 'ધર્મની સાથે લેવા દેવા નથી, ભગવાન મહાવીર સાથે. લેવાદેવા નથી, દુનિયા સાથે રહેવું છે. આ દેશમાં અનેક સંતો થયા તેવા એક મહાવીર છે માટે ઉજવીએ.' આ વાતથી બધા અજાણ નથી પણ અજાણ રહેવા માગે છે.

આપણી મૂળ વાત છે કે તમે બધા મિથ્યાત્ત્વથી ગભરાવ, સમ્યક્ત્વના પ્રેમી થાવ. તમારામાં સત્ત્વ છે દુનિયાના કામ માટે. તમારી બુદ્ધિ, મૂડી અને સત્ત્વ બધું વપરાઈ ગયું છે સંસારમાં તેથી 'ધર્મ માટે કાંઈ બાકી રહેતું જ નથી.

■ આજે મિથ્યાત્ત્વ ખૂબ વધી રહ્યું છે, મિથ્યાત્ત્વ વધારી દેવામાં આવ્યું છે. મિથ્યાત્ત્વ વધારવાનું કામ શકિતસંપન્ન લોકો કરી રહ્યા છે. આજના બધા તોફાન મિથ્યાત્ત્વને રાજધાની રાખવાના અને સમ્યક્ત્વને ખૂણામાં બેસાડવાના છે. આજે સમ્યક્ત્વ - મિથ્યાત્ત્વને જાણનારા પાગલ થયા છે તે બધા લોકહેરીમાં ફસાયા છે. બહુ લોકોને ગમતી વાત કરનારની હાલત શું થાય છે તે માટે આજની સરકારને જોવા જેવી છે. બધાને હક જોઈએ છે અને આપી શકતી નથી. 'મા મને કોઠીમાંથી કાઢ' તેવી વાત થઈ છે. માટે બહુમતિના ફંદામાં આવતા નહિ. આવાશો તો નાશ થશે, તેમાં લાભ નામનો નાક અને અલાભનો પાર નહિ.

■ આટલી સુંદર સામગ્રીવાળો આવો મનુષ્યભવ મળવા છતાં પણ જો આ સંસારના વિષય-કષાય, ધન-ભોગ ભૂંડા ન લાગે, તેનાથી બચવાની ઈચ્છા ન થાય તો સમજવું કે તમારી અમારી બુદ્ધિ પર 'કેન્સર'નો રોગ લાગુ થયો છે.

■ આપણા ભગવાન જેવા છે તેવા ન ઓળખાવે અને વિપરીત રીતે ઓળખાવે તો તેને સાથ અપાય ? બધી કુલટાઓ ભેગી થઈને સતીનું સન્માન કરવા માંગે તો સતી જાય ?

■ સમ્યગ્દ્રષ્ટિ જીવ મોહના ઉદયવાળો જરૂર હોય છે પણં મૂઢ નથી હોતો. મોહના ઉદયની હાજરીમાં પણ અમૂઢતા હોઈ શકે છે.

■ સંસારની પ્રગતિ માનનારની કદાચ પ્રગતિ થાય તે પણ અવગતિ માટે જ. તમે જ જોતા નથી કે આજે

પ્રગતિ પામેલાઓની જીવતા અવગતિ થઈ રહી છે! જે એકવાર સારા કહેવાતા હતા તે આજે ભૂંડા કહેવાય છે ! અહિંસાની વાત કરનારા કેવા ઘોર હિંસક બની ગયા. સંસારની પ્રગતિ એ પ્રગતિ નથી પણ પુણ્યનો એક વિપાક છે.

■ પૈસા - જમીન આદિ દુનિયાની સારામાં સારી ચીજ માટે બાંધછોડ થાય કેમ કે તેનો સંગ કરવા જેવો જ નથી. માત્ર એક ધર્મ જ એવો છે જેના માટે બાંધછોડ ન જ થાય.

■ ક્રોધ - માન - માયા - લોભ - વિષયવાસના એવી ચીજો છે કે જીવને ધર્મ ભૂલાવી દે. આજુબાજુનો વિચાર જ ન કરવા દે. અનંતાનુબંધીના કષાયો દબવા જ જોઈએ, વિષય - વાસના કાબૂમાં આવવી જ જોઈએ નહિ તો સારા વિચાર આવે જ નહિ.

ક્રમશઃ

# પૂ. મુ. શ્રી નંદીશ્વર વિ. મ. નો રતલામમાં કાલધર્મ

સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં

વિ. સં. ૨૦૫૬ આસો સુદ ૭ બુધવારની રાત્રે ૧૧-૪૫ મિનીટે **મુનિરાજ શ્રી નંદીશ્વર વિજયજી** નમસ્કાર મહામંત્ર સાંભળતા - સાંભળતા ખૂબ જ સમાધિ સાથે રતલામ મુકામે કાલધર્મ પામ્યા છે !

સંસારી પક્ષે મહારાષ્ટ્રમાં અમલનેરના વતની શ્રી નેમિચંદજી મિશ્રીમલજી કોઠારીના નામે પ્રસિદ્ધ તેઓની દીક્ષા વિ.સં. ૨૦૩૩ મહાસુદ ૧૩ ના રોજ મારા પરમ તારક ગુરૂદેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના** વરદ હસ્તે અનેક આચાર્ય ભગવંતોની ઉપસ્થિતિમાં અમલનેર મુકામે ધમધુમથી થઈ હતી ! સામુહિક રીતે એકી સાથે થયેલ ૨૦ દીક્ષામાં તેઓ સહુથી મોખરે હતા ! તેઓ અમલનેર સંઘમાં તથા સમસ્ત મહારાષ્ટ્રમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા ! સમસ્ત મહારાષ્ટ્રમાં આવો ઐતિહાસિક દીક્ષા પ્રસંગ પ્રથમવાર જ ઉજવાયો હતો ! દીક્ષા પ્રસંગે લગભગ ૪૦ હજારની માનવમેદની ઉપસ્થિત હતી ! તેઓ મારા પરમ ગુરૂદેવ સ્વ. આ. ભ. મહારાષ્ટ્ર દેશોદ્ધારક **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના** પટ્ટ પ્રભાવક શિષ્યરત્ન સ્વ. પૂ. આ. ભ. મહારાષ્ટ્ર કેશરી **શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજાનાં** પટ્ટાલંકાર સ્વ. પૂ. આ.ભ. પરમ તપસ્વી **શ્રીમદ્ વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજાનાં** શિષ્ય બન્યા હતા ! તેઓ સંયમના પૂર્ણ ખપી અને સંયમના સારા આરાધક હતા, ગમે તેવા સંયોગોમાં પણ સત્ય અને સિદ્ધાન્તનો પક્ષ તેઓએ હૈયાથી કયારે પણ છોડયો ન હતો ! અત્રે ચાતુર્માસ પ્રવેશ બાદ તેઓએ શ્રી વર્ધમાન તપની ૮૦મી ઓળી શરૂ કરી હતી અને છેલ્લા ત્રણ - ચાર દિવસથી ઓળીની પૂર્ણાહુતિમાં અઠ્ઠમ કરવાની ખૂબજ ભાવના રાખતા હતાં ! વિનય - વૈયાવચ્ચ સાધુઓની પડિલેહણનો લાભ લેવાની ભાવના, પૂજ્યો પ્રત્યે સમર્પણનો ભાવ આ બધા તેઓના સાહજિક ગુણો હતા ! આસો સુદ ૭ ના સાંજનું પ્રતિક્રમણ પણ માંડલીમાંજ કર્યું હતું રાત્રે ૧૧ વાગ્યે સ્થંડિલની શંકા થતા, સ્થંડિલ જઈને આવતાં જ તેઓને છાતીમાં ગભરામણ અને દુખાવો તથા સંથારામાં સુવાડી તરત જ શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ મહાત્માઓએ શરૂ કરાવેલ અને ૧૧-૪૫ મિનીટે જરીયે વેદનાના અનુભવ વિના સહજપણે તેઓ કાલધર્મ પામેલ છે ! સંઘ દ્વારા બધે સમાચાર પહોંચી જાતાં અમલનેર, માલેગાંવ, જલગાંવ, ઈન્દૌર, ઉજ્જૈન આદિ બધે સ્થલેથી સંબંધીઓ તથા ભાવિકો આવી ગયેલ, કાલધર્મ બાદ અત્રેના શ્રી સંઘે સુંદર પાલખીમાં પધરાવી અંતિમ યાત્રા કાઢી હતી ! અને તે અંગેની ઉછામણી પણ સારા પ્રમાણમાં થઈ હતી શ્રી સંઘે સેવા-ભક્તિ આદિનો પણ સારો લાભ લીધો હતો .

તેમના સંસારી પિતા શ્રી લખમીચંદભાઈએ પણ વિ. સ. ૨૦૦૭ માં દીક્ષા લીધી હતી અને **મુનિરાજ શ્રી લક્ષ્મણ વિજયજી** તરીકે સ્વ. પૂ. આ. ભ. **શ્રીમદ્ વિજય ભુવનસૂરીશ્વરજી મ.** ના શિષ્ય બન્યા હતા.

તેઓની સંસારી સુપુત્રીઓ **સાધ્વીજી શ્રી અનંતકીર્તિશ્રીજી, સાધ્વીજી શ્રી હેમરત્નાશ્રીજી, સાધ્વીજી શ્રી સંવેગનિધિશ્રીજી**, તેમજ સંસારી ભત્રીજીઓ **સાધ્વીજી શ્રી રાજરત્નાશ્રીજી, સાધ્વીજી શ્રી સુધર્મનિધિશ્રીજી, સાધ્વીજી રત્નનિધિશ્રીજી, સાધ્વીજી શ્રી અક્ષયનિધિશ્રીજી, સાધ્વીજી શ્રી રિધ્ધિનિધિશ્રીજી** તથા સંસારી ભાણેજો **સાધ્વીજી શ્રી પુણ્યનિધિશ્રીજી, સાધ્વીજી શ્રી જિનદર્શનાશ્રીજી** આદિએ દીક્ષા લીધી છે.

સ્વ. પુણ્યાત્માં મોક્ષ માર્ગે શીઘ્ર આગળ વધે એજ અભિલાષા. ■■

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ
શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ
હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

**અદ્ભુત, અપૂર્વ અને અત્યંત ભાવ વર્ધક પ્રતિમા મંદિર નિર્માણ યોજના લાભ લેવા વિનંતી**

**મૂર્તિ-૨૫ ફૂટ ૫ ઈંચ (૩૦૫ ઈંચ)ની  ફણા ૨૮ ઈંચની  કુલ ૨૭॥ ફૂટ - એટલે ૩૩૩ ઈંચના પદ્માસનસ્થ**

# શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્ર પ્રતિમા

## શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી સ્મૃતિ મંદિર

**શુભ સ્થળ : શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા, શંખેશ્વર.**

**પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** ના ઉપદેશથી દેરાસરના સામેના મેદાનમાં ૨૫ ફૂટ ૫ ઈંચના પ્રતિમાજી અને ૨૮ ઈંચના ફણાવાળા શ્રી પાર્શ્વનાથજીના ૩૩૩ ઈંચના પ્રતિમાજી તૈયાર થાય છે. આરસના મંદિરનું નિમાર્ણ પણ ઝડપથી ચાલે છે. મુખ્યદાતા ૩ અને સહયોગી દાત ૩૦ લેવાના છે.

**૨૦૫૭ મહા સુદ ૫ તા. ૨૯-૧-૨૦૦૧ ના રોજ અંજનશલાકા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા થશે.**

**■ લાભ લેવાની યોજના ■**

**મુખ્ય દાતા : રૂા. ૧૫ લાખ આવેલા શુભ નામો**

(૧) શ્રી રમેશચંદ્ર કાનજી વજા માલદે - મોમ્બાસા
(૨) શ્રીમતી જયાબેન ગુલાબચંદ મુળચંદ મારૂ - લંડન
(આમાં એક નામ બાકી છે.)

**સહયોગી દાતા : રૂા. બે લાખ બાવીશ હજાર બસો બાવીસ, આવેલા શુભ નામો**

(૧) સંઘવી પોપટલાલ વીરપાળ દોઢીયા - મુંબઈ (૨) શ્રીમતી દેવકુંવરબેન લાલજી નગરીયા - લંડન (૩) શાહ રમણીકલાલ જેસંગ દેવશી વોરા - લંડન (૪) શાહ ખીમજી વીરજી ગુઢકા પરિવાર, મીઠોઈવાળા (૫) શાહ લખમણ વીરપાર મારૂ પરિવાર સોળસલાવાળા (૬) શ્રીમતી રતનબેન શામજી લખમશી જાંખરીયા - મુંબઈ (૭) શાહ સતીષકુમાર કેશવલાલ માલદે - મોમ્બાસા (૮) શાહ ઝવીબેન મેઘજી સામત ધનાણી - લંડન (૯) શ્રી બાઉન્ડ્સ ગ્રીન સત્સંગ મંડળ એ ગ્રુપ - લંડન (૧૦) શ્રી બાઉન્ડ્સ ગ્રીન સત્સંગ મંડળ બી-ગ્રુપ - લંડન (૧૧) શ્રીમતી રમાબેન લાલજી હેમરાજ - લંડન (૧૨) શાહ પોપટલાલ રાજા શાહ મેઘજી રાજા ગુઢકા - મુંબઈ (૧૩) શ્રીમતી વેજીબેન ગોસર રામજી દોઢીયા ગજણાવાળા પરિવાર-એલ્ડોરેટ (૧૪) શાહ જુઠાલાલ ઘરમશી હરણીયા - લંડન (૧૫) શા. મેઘજી ડાયા પરિવાર હ. શા. લીલાધર મેઘજી મુંબઈ.

આ યોજનામાં ત્રીસેક નામ લેવાના છે. મુખ્ય દાતાના ૪૦ - ૫૦ નામો લખાશે અને સહયોગી દાતાના ૧૫ - ૨૦ નામો મૂર્તિમાં લેખાશે. લાભ લેનાર પોતાના નામોની વિગત પણ મોકલી આપશો. ત્રીશેક નામો લેવાના છે.

આપને આ મહાન અદ્વિતીય અદ્ભુત યોજનામાં લાભ લેવા વિનંતી છે.

● નામ તથા રકમ મોકલવાનું સરનામું ●

**શ્રી હા. વિ. ઓ. શ્વે. મૂર્તિ. તપા. જૈન ધર્મશાળા**

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર - ૩૬૧ ૦૦૫. ફોન : ૭૭૦૯૬૩

તા.ક. અંજનશલાકા પ્રતિષ્ઠાનો મહોત્સવ તા. ૨૪-૧-૨૦૦૧ થી તા. ૩૦-૧-૨૦૦૧ છે.
૩૩૩ ઈંચના પ્રતિમાજી તા. ૮-૧૨-૨૦૦૦ લગભગ શંખેશ્વર પધારી જશે.

# જ્ઞાનગુણગંગા

-પ્રજ્ઞાંગ

હપ્તો -૫

## પુદ્દગલ પરાવર્ત્તનું સામાન્ય સ્વરૂપ

પુદ્દગલ પરાવર્ત્ત એ કાલવિશેષ માપ છે. તે અંગે 'સુક્ષ્માર્થ સંગ્રહ'માં કહ્યું છે કે-

"स्या त्पुद्गलपरावर्त्तोऽनन्तावोत्सपिर्णी भितः ।
द्रव्यक्षेत्रकालभावभेदैः स तु चतुर्विधः ॥"

'શ્રી શતક કર્મ ગ્રન્થમાં' પણ કહ્યું છે કે-

"द्रव्वं खित्तेकालेभावे, चउह दुह बायरो सूहुमो ।
होइ अणंतुस्सपिर्णी परिमाणो पुग्गलपरट्ठो ॥"

पुद्गलानां परावर्त्तः यस्मिन् कालविशेषे स पुद्गल परावर्त्तः । અર્થાત્ ' पुद्गलानां '- ચૌદ રાજલોકમાં રહેલા સઘળા ય પુદ્દગલોનું ' परावर्त्त ' ઔદારિક આદિ શરીરપણે ગ્રહણ કરી વર્જવા રૂપ જે પરાવર્ત્તન, જે કાલ વિશેષમાં થાય તેને પુદ્દગલપરાવર્ત્ત કહેવાય છે.

તે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના ચાર ભેદે કરી, તે દરેકના સૂક્ષ્મ અને બાદર ભેદે કરી આઠ પ્રકારે છે. સ્થૂલ દ્રષ્ટિથી દરેક પુદ્દગલ પરાવર્ત્ત અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી પ્રમાણનો હોય છે.




**૧. બાદર દ્રવ્ય પુદ્દગલ પરાવર્ત્ત :-**

સંસારમાં ભમતો એવો કોઈ એક આત્મા ચૌદ રાજલોકમાં રહેલા સર્વ પુદ્દગલોને અનંત જન્મ-મરણ કરવા વડે સ્વ સ્વ યોગ્ય ઔદારિક આદિ શરીરપણે અનુક્રમે - ક્રમ વિના - ગ્રહણ કરે અને મૂકે, તેમાં જેટલો કાળ લાગે તેને **બાદર દ્રવ્ય પુદ્દગલ પરાવર્ત્ત** કાળ કહેવાય છે.

અહીં એ યાદ રાખવું કે આ પુદ્દગલ પરાવર્ત્તના ભેદમાં એક સમયે જે ઔદારિકપણે પુદ્દગલો ગ્રહણ કર્યા તે ઔદારિકમાં લેવા, વૈક્રિયપણે ગ્રહણ કર્યા તે વૈક્રિયમાં, તૈજસપણે ગ્રહણ કરે તે તૈજસમાં, કાર્મણપણે ગ્રહણ કરે તે કાર્મણમાં લેવા. એટલે કે જે જે નવીન નવીન ઔદારિકપણે ગ્રહણ કરે તેમાં ગણવા. આ રીતે ચૌદ રાજલોકવર્તી જેટલા પુદ્દગલો તેને ગ્રહણ કરીને મૂકે તે **બાદર દ્રવ્ય પુદ્દગલ પરાવર્ત્ત કાળ** કહેવાય.

**૨. સૂક્ષ્મ દ્રવ્ય પુદ્દગલ પરાવર્ત્ત :-**

બાદર દ્રવ્ય પુદ્દગલ પરાવર્ત્તમાં તો ક્રમ વિના પુદ્દગલનું ગ્રહણ હતું. પરન્તુ આ પ્રકારમાં તો ઔદારિક, વૈક્રિય, તૈજસ, ભાષા, શ્વાસોશ્વાસ, મન અને કાર્મણ એ સાતે વર્ગણામાંની કોઈપણ એક વર્ગણાપણે સર્વ પુદ્દગલોને ગ્રહણ કરે અને મૂકે ત્યારે **સૂક્ષ્મ દ્રવ્ય પુદ્દગલ પરાવર્ત્ત** થાય.

એટલે કે એકવાર ઔદારિક વર્ગણાના પુદ્દગલોને સ્પર્શી બીજી વાર વૈક્રિયાદિ ભિન્ન ભિન્ન વર્ગણાના પુદ્દગલોને ગ્રહણ કરે, ફરી પાછા ઔદારિક વર્ગણાના પુદ્દગલોને ગ્રહણ કરે તો તે ગણત્રીમાં લેવા. વિવક્ષિત વર્ગણાને છોડીને બીજી બીજી વર્ગણાના જે પુદ્દગલોને ગ્રહણ કરે તે ગણત્રીમાં ન લેતા, ચૌદે રાજલોકમાં રહેલા સર્વ પુદ્દગલ પરમાણુઓને વિવક્ષિત કોઈપણ એક ઔદારિક આદિ વર્ગણાને પરિણમાવીને મૂકે તે **સૂક્ષ્મ દ્રવ્ય પુદ્દગલ પરાવર્ત્ત** કહેવાય.

અહીં કેટલાક આચાર્ય ભગવંતો ઔદારિક આદિ સાતે વર્ગણા ન લેતા માત્ર ઔદારિક - વૈક્રિય - તૈજસ અને કાર્મણ એ ચાર જ વર્ગણા આશ્રયીને સૂક્ષ્મ દ્રવ્ય પુદ્દગલ પરાવર્ત્ત કહે છે. તે મતાંતર જાણવો. તત્ત્વ તો શ્રી કેવલી ભગવંતો જાણે.

**૩. બાદર ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત :-**

ચૌદે રાજલોકના સર્વ આકાશ પ્રદેશો મૃત્યુ સમયે એવી રીતે સ્પર્શે કે એક આકાશ પ્રદેશ ગણત્રીમાં આવે. પરંતુ પ્રથમ આકાશ પ્રદેશ ઉપર એકવાર મૃત્યુ થયું હોય અને પુનઃ તે જ આકાશ પ્રદેશ ઉપર મૃત્યુ થાય તો તે ગણત્રીમાં ન આવે. એ પ્રમાણે ક્રમે કે ઉત્ક્રમે લોકનો કોઈપણ આકાશ પ્રદેશ એવો ન રહે કે જે મૃત્યુથી સ્પર્શ્યા વિનાનો રહે. તેને **બાદર ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત** કાળ કહેવાય.

જો કે જીવની અવગાહના અસંખ્ય આકાશ પ્રદેશ પ્રમાણ છે અને મૃત્યુ સમયે જીવ અસંખ્ય આકાશ પ્રદેશને જ સ્પર્શે છે. પરન્તુ **'પંચસંગ્રહ'**ના મતે અત્ર વિવક્ષિત સ્પૃષ્ટ આકાશપ્રદેશને ગણત્રીમાં ન લેતાં માત્ર અસ્પૃષ્ટ એટલે કે કોઈપણ મરણકાલે નહિ સ્પર્શાયેલ આકાશપ્રદેશ લેવો. જેથી ઉપર્યુક્ત વ્યાખ્યામાં આપત્તિ - દોષ નહિ આવે.

છતાં પણ **શતક કર્મ ગ્રન્થ** વૃત્તિના અનુસારે તો મરણ કાલની અવગાહના પ્રમાણે સર્વ પ્રદેશો ગણત્રીમાં લેવા જણાવ્યું છે. જેથી કાલ પ્રમાણ ઓછું થાય.

જ્યારે પંચસંગ્રહ મતના અભિપ્રાયથી કાલપ્રમાણ વધુ થાય.

તત્ત્વતો શ્રી કેવલી ભગવંતો જાણે.

**૪. સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત :-**

બાદરક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્તમાં જીવ ક્રમે કે ઉત્ક્રમે પણ સર્વ આકાશ પ્રદેશોને મરણ વડે સ્પર્શે એમ કહેલ. જ્યારે આ પ્રકારમાં કોઈપણ જીવ પ્રથમ જે આકાશ પ્રદેશે મરણ પામી પુનઃ કોઈપણ સ્થાનના આકાશ પ્રદેશો ઉપર મરણ પામે તો તે ગણત્રીમાં ન લેતા જ્યારે પ્રથમ મૃત્યુ પામેલા આકાશ પ્રદેશની જોડેના જ બીજા આકાશ પ્રદેશ ઉપર મૃત્યુ પામે ત્યારે તે આકાશ પ્રદેશ ગણત્રીમાં લેવો. અર્થાત્ દૂર - દૂરના આકાશ પ્રદેશોને ગણત્રીમાં ન લેતાં પંક્તિબદ્ધ આકાશ પ્રદેશોની શ્રેણીએ અનુક્રમે મરે, એ પ્રમાણે આકાશ પ્રદેશોને સ્પર્શતાં સમગ્ર આકાશ પ્રદેશો ક્રમશઃ મરણ વડે સ્પર્શાઈ જાય ત્યારે તે સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત કહેવાય છે.

**૫. બાદર કાળ પુદ્‌ગલ પરાવર્ત્ત :-**

કોઈ પણ એક જીવ ઉત્સર્પિણી કે અવસર્પિણીની શરૂઆતના પ્રથમ સમયે મરણ પામ્યો, એ જ જીવ બીજી વાર દૂરના સમયે મરણ પામ્યો, ત્રીજી વાર પુનઃ તેથી પણ દૂરના સમયે મરણ પામ્યો. એ પ્રમાણે અનુત્ક્રમે, અસ્પૃશ - નહિ સ્પર્શાયેલા - સમયોમાં મરણ પામે. એમ એક કાળચક્રના સર્વ સમયો મરણ વડે ક્રમ વિના સ્પર્શાઈ રહે ત્યારે તે **બાદર કાળ પુદ્‌ગલ પરાવર્ત્ત** કહેવાય છે.

**૬. સૂક્ષ્મકાળ પુદ્‌ગલ પરાવર્ત્ત :-**

બાદર કાળ પુદ્‌ગલ પરાવર્ત્તમાં અનુત્ક્રમે સમયોની સ્પર્શના વડે ગણત્રી કરાયેલ. જ્યારે આ પ્રકારમાં તો ઉત્સર્પિણી કે અવસર્પિણીના પ્રથમ સમયે એક જીવ મરણ પામ્યો, પુનઃ કેટલાક કાળે એ જ ઉત્સર્પિણી કે અવસર્પિણીના બીજા સમયે મરણ પામ્યો. ત્રીજી વાર કેટલાક કાળે ત્રીજા સમયે મરણ પામ્યો. તો આ ત્રણ સમયો ગણત્રીમાં લેવાય. પરન્તુ આ ત્રણે સમયો છોડી કાળ ચક્રના જેટલા સમયોમાં જેટલી વાર મરણ પામે તે ગણત્રીમાં ન લેવાય. એક જીવને આશ્રયીને ઓછામાં ઓછો એક સમય ગણત્રીમાં લેતાં એક કાળ ચક્ર તો છેવટે થાય જ. એમ કરતાં જ્યારે તે જીવ કાળ ચક્રના સમગ્ર સમયો અનુક્રમે સ્પર્શી રહે ત્યારે તેને **સૂક્ષ્મકાળ પુદ્‌ગલ પરાવર્ત્ત** કહેવાય.

**૭. બાદર ભાવ પુદ્‌ગલ પરાવર્ત્ત :-**

સંયમના અસંખ્યાતા સ્થાનકોથી તીવ્ર - મંદ આદિ ભેદે રસબંધના અધ્યવસાય સ્થાનકો અસંખ્યાત ગુણા અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણે છે, એમાં પ્રત્યેક અધ્યવસાય સ્થાનકે મરતો રસબંધના સર્વ અધ્યવસાયોને ક્રમ વિના મરણ વડે જીવ સ્પર્શી રહે ત્યારે **બાદર ભાવ પુદ્‌ગલ પરાવર્ત્ત** કહેવાય.

**૮. સૂક્ષ્મ ભાવ પુદ્‌ગલ પરાવર્ત્ત :-**

બાદર ભાવપુદ્‌ગલ પરાવર્ત્તમાં ક્રમ વિના મરણ સ્પર્શી અધ્યવસાયોની ગણત્રી કરાયેલ. પરન્તુ આ પ્રકારમાં તો જે વખતે પ્રથમ સર્વ મન્દ - સર્વ જઘન્ય - અધ્યવસાય સ્થાનકે જીવ મરણ પામે. પુનઃ કાલાંતરે તેથી અધિક કષાયાંશવાળા બીજા અધ્યવસાય સ્થાનકે મરે. તે પછી કેટલાક કાળે તેથી અધિક કષાયાંશવાળા ત્રીજા અધ્યવસાય સ્થાને મરે. એમ ક્રમસર ક્રમશઃ રસબંધના અધ્યવસાય સ્થાનકોને મરણ વડે સ્પર્શ કરી, સર્વ અધ્યવસાયોને ક્રમશઃ સ્પર્શી રહે ત્યારે **સૂક્ષ્મ ભાવ પુદ્‌ગલ પરાવર્ત્ત** થાય. આઘા - પાછા ભિન્ન ભિન્ન અધ્યવસાયે મરે તે ગણત્રીમાં ન લેવાય.

આ બધા પુદ્‌ગલ પરાવર્ત્તો અનંતી ઉત્સર્પિણી - અવસર્પિણી રૂપ છે. પરન્તુ અનન્તમાં ય અનન્તા ભેદો હોવાથી બાદર પુદ્‌ગલ પરાવર્ત્ત કરતાં સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત્તો અનન્તગુણા સમજવા.

■ ■ ■

# ભગવાન મહાવીર જન્મ કલ્યાણક ૨૬૦૦ની રાષ્ટ્રીય ઉજવણી અને જૈન ધર્મના સિદ્ધાંત

શ્રી જૈન શાસન એ એક સિદ્ધાંતિક બંધારણ પૂર્વકનું મોક્ષ માર્ગનું શાસન છે. જેમ બિલ્ડીંગમાં એન્જીનીયર અને જિન મંદિરમાં શિલ્પી એકે એક વસ્તુના અભ્યાસી હોય તેમ જૈન શાસનમાં પણ સ્થિર બંધારણ છે.

ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ કલ્યાણકની ઉજવણીને નામે જૈન ધર્મ વિરૂદ્ધ અનેક કાર્યક્રમ થયા અને આ આયોજન લોકોને દેખાડવા કે ભરમાવવા માટે અનેક વિચારો તેમણે કર્યા પણ કાર્ય થયું નથી. શ્રી લલિત નાહટા દિલ્હીના શબ્દોમાં કહીએ તો ૨૫ વર્ષ થઈ ગયા છતાં તેમાં દિલ્હીમાં કોઈ આયોજન થયું નથી.

પૂ. સાધુ સાધ્વીજી તથા શ્રાવક શ્રાવિકા જાણે છે કે જૈન વિધિઓ સિદ્ધાંત મુજબની છે. મુહુપત્તિ કયા હાથમાં રાખવી કાઉસ્સગ કેવી રીતે કરવો વિ. વિધાન છે.

આજ રીતે સામાજિક કે વ્યવહારિક વાતો અને કાર્યો તે જૈન સિદ્ધાંતથી જુદા છે તેથી જૈન ધર્મને નામે તેવા કાર્યો થઈ શકે નહિ. ૨૫૦૦ નિર્વાણ રાષ્ટ્રીય ઉજવણીમાં ઘણાં જ સમજું લોકો સમજી ગયા હતા અને ખુબ સ્પષ્ટતા થઈ હતી.

ભગવાનની ટીકીટો છાપવી, કેળવણી કે વ્યવહારના કે રસ્તા વિ. ને ભગવાનના નામ લગાડવા વિ. અયોગ્ય અધર્મ્ય છે. અમદાવાદ રીલીફ રોડ ઉપર પૂ. મહો. યશો વિ. મ. ચોક નામ લગાડયું છે. ત્યાં કોઈ વાત નથી ગાયો ઉભી હોય છાણ પડયું હોય છે.

ભગવાનની ટીકીટો ઉપર સીક્કા લાગે અને કચરામાં ફેંકી દે. આ વાતમાં સત્તાધીશોને તો કાંઈ પડી નથી અને માન ખાતર હા હા કરે છે. કોઈ ઠેકાણે દિગંબર સંપ્રદાયજ લાગવગથી પ્રધાનોને લઈ આવે તે સહજ છે, પરંતુ દિગંબરો આ ઉજવણીમાં મુખ્ય છે. તેમાં ભળતા પહેલા શ્વેતાંબર તીર્થો ઉપર તેમના આક્રમણ અને તેની સામે લડવામાં તીર્થ બચાવવામાં કરોડોનો વ્યય અને અનેક ભય અને ચિંતાઓ ઉભી છે. સ્ટેજ ઉપર ભેગા થઈને પછી પાછળથી લડવું ?

વિવેકીજનો આ સિદ્ધાંતથી વિપરીત અને સિદ્ધાંત વિહોણી શ્રી ભગવાન મહાવીર ૨૬૦૦મી રાષ્ટ્રીય જન્મ કલ્યાણક ઉજવણીમાં લાભ લઈ શકે નહિ. શક્તિ હોય તો તેનો પ્રતિકાર કરવો જોઈએ.

પ્રમાદ આધીન જીવોના આચાર એ જૈન આચાર ગણાય નહિ. તેમ આ રાષ્ટ્રીય ઉજવણી થાય તો તે જૈન શાસન માન્ય થાય નહિ. સરકારને આમાં કંઈ રસ નથી. જૈનો તેમને લાવવા માગે છે.

જો કે આ ચાર દિવસની ચાંદની છે. લાઈટમાં આવવા સ્ટેજ ગજાવવા ખાઈજવા વિ. આડંબરના આ પ્રકાર છે, પરંતુ તેમાં ભળવું એ અને વિરોધ ન કરવો તે જૈન શાસનને નીચું ઉતારવા જેવું,ખાડામાં લઈ જવા જેવું છે. અનિષિધ્ધં અનુમતં અયોગ્યનો નિષેધ ન કરે તો તે અનુમતિ બની જાય છે. આવા સિદ્ધાંત વિનાશ સામે વિરોધ ન કરવો તે એક દોષ બની જાય. સુજ્ઞેષુ કિં બહુના ?

C/o. શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (ગુજરાત)

લિ. જિનેન્દ્ર સૂરિ

તા. ૧૭-૧૦-૨૦૦૦

**નિલેશ** : પપ્પા, આજે મને હરીફાઈમાં સતત એક કલાક બોલતાં ઈનામ મળ્યું છે.
**પિતા** : 'શાબાશ' વિષય શું હતો બોલવાનો ?
**નિલેશ** : ઓછું બોલવાના ફાયદા ?

(હાસ્યમાંથી બોધ મેળવી ગંભીર બનો.)

# વર્તમાન શિક્ષણને વખાણાય કે વખોડાય ?

**- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા.**

*(શ્રી જૈન શાસનમાં જ્ઞાનપ્રદાનનો તો ઘણો મહિમા ગવાયો છે. જમાનાની હવા તણાયેલા ઘણા વર્તમાન શિક્ષણના પ્રચારને જ્ઞાન પ્રદાન કહે છે, ધર્મ કહે છે. પરન્તુ વર્ષો પૂર્વે ઉચ્ચારાયેલી આ આર્ષવાણી આજે પણ 'થોભો - રૂક જાવ- વિચારો'નું રેડ સિગ્નલ ધરે છે. તો શાંતિથી વાંચી-વિચારી, સમ્યગ્જ્ઞાનમાં ખપી બની તે માટેનો પ્રયત્ન કરો તે જ મંગલકામના. -સંપા.)*

××× આજના જમાનાને જાગતો કહેવો એના જેવી બેવકૂફી કોઈ નથી. **બુદ્ધિવાદના નામે જડવાદની જ સેવા થઈ રહી છે, આત્મધર્મની તો કતલ થઈ રહી છે.**

વિજ્ઞાનવાદના નામે આજે કોઈ ધારાશાસ્ત્રી બન્યા તો કોઈ ડોકટર બન્યા, એમના કપડાં ઉજળા પણ **એમની કાર્યવાહી જુઓ તો ગંધાતી ગટર જેવી છે.** ધારા ભણેલો ગુના કરે ? ધારા ભણેલો ચોરી કરે ? ધારા ભણેલો કોઈને ઠગે ? ધારા ભણેલો સોના બીલ ઉપર મીંડું વધારે ? હિસાબ ભણેલો જમાનું ઉધાર અને ઉધારનું જમા કરે ? ઈતિહાસ ભણેલો ગપ્પાં મારે ? ચોપડા બે, જબાન બે, હૈયામાં જુદું, હોઠે જુદું વીસમી સદી તે આ ! બધા જ આવા પયગમ્બર ? **ગુનેગારને બિનગુનેગાર ઠરાવવો એ કેળવણી ? આ કેળવણી આવો વિદ્યાપ્રચાર એ તો ઝેરનો પ્રચાર છે.** ભણ્યા એટલે ભોંય ન બેસે, ભણ્યા એટલે ચા, પાન, બીડી, સીગરેટ વિના ન ચાલે. ભણ્યા નહિ પણ એ તો ભૂલ્યા. ભણતરને લજાવ્યું. આવું ભણાવનારી સંસ્થાઓ ન નિભાવાય. રાતી પાઈનું દાન એમાં ન થાય. એ તો પાપનાં દાન છે. તમને આ ખંજરના ઘા જેવું લાગશે, ભારે કરડું લાગશે; પણ સાચું ભણતર હોય તો આ દશા થાય ? એ હોય તો જગત વગર મહેનતે સુખી થાય. શ્રી જિનેશ્વરદેવની પુણ્ય છાયાની કેઈ આત્મા વગર ઉપદેશે દુઃખી હતાં સુખી થતાં. સમોસરણમાં દાખલ થતાં જ શાંતિ થતી. ત્યાંના દેખાવમાં પણ એ શકિત હતી.

ભણેલા આજે પૈસા માટે ભીખ માગે છે, લોકોની દાઢીમાં હાથ નાંખે છે. આજે પોકાર છે કે ભણેલા ભીખ માગે છે અને તેથી ભણતર પ્રત્યે કેઈને તિરસ્કાર આવે છે. હું કહું છું કે પેટ ભરવા માટે ભણેલા તો ભૂખે મરે એમાં નવાઈ છે ? **વિદ્યા જેવી અનુપમ ચીજ પેટ ભરવા માટે ખરીદાય તો એ જ પરિણામ આવે** લાખ રૂપિયાનો હીરો કોડી સામે ખરીદી લીધો તો પૂર્વનું પુણ્ય જાગતું હોય તો વાત જુદી, નહિ તો કડીયો ભરજાયેલી જ છે. પેટ માટે વિદ્યા ભણનારને પણ પુણ્ય જાગતુ હોય તો વાત જુદી નહિ તો શકોરા માટે જ એ વિદ્યા સમજવી. પહેરવાની ટોપીમાં જ ચણા ફાકવાનો વારો આવશે, કેમ કે તમે વિદ્યાનું અપમાન કર્યું છે. આજે આ વાતનો અનુભવ થાય છે અને થશે.

પાપક્રિયા વધી, એની અનુમોદના વધી, એની પ્રશંસા વધી પરિણામે દરિદ્રતા અને ભિખારીપણું આવ્યું. જે માંગ્યું તે આપ્યું દેખાય છે અને આમ જ ચાલુ રહે તો વધારે આવવાનું. એમાં પુણ્યવાનને પણ ભરવું પડશે. પડોશમાં લાહ્ય લાગે ત્યારે જોડેના ઘરને પણ ઝાળ લાગે. પાપી સાથે વસનાર પુણ્યવાનને પણ આંચ લાગવાની જ. સાવધ રહેશે તે બચશે. તમને સાવધ કરવા માટે આ મહેનત છે.

(''શ્રી જિનવાણી'' વર્ષ ૨૪, અંક ૨૧ / ૨૨ માંથી સાભાર)


## નાની પોકેટ બુકલેટો મંગાવો

| ક્રમ | નામ | મૂલ્ય રૂા. |
|---|---|---|
| ૧. | બાર વ્રતની નોંધ | ૨ |
| ૨. | જ્ઞાનપદ પૂજા (અષ્ટપ્રકારી પૂજા સાથે) | ૩ |
| ૩. | સ્નાત્રપૂજા | ૩ |

૧૦૦ નકલ મંગાવશે તેમને ૨૦ % કમીશન અપાશે લખો.

**શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રન્થમાલા**

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫-દિગ્વિજય પ્લોટ,

જામનગર . ફોન : ૭૭૦૯૬૩

# મહારાષ્ટ્રમાં ધર્મપ્રભાવનાના અજવાળા
# મંચર નગરે
# નૂતન આરાધના ભવન ઉદ્ઘાટન સમારોહ

સુવિશાલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી વિજયમહોદયસૂરીશ્વરજીનો પુણ્યપ્રભાવ પણ ગજબનો કેવાય આરાધના ભવન નિર્માણભૂમિ ઉપર આ મહાપુરૂષના પગલા... વાસક્ષેપ પડયો ને ન જાણે શું સર્જાયુ બરાબર એ જ જગ્યાએ માત્ર ૫૦/૬૦ ફૂટ નીચે ખોદતાંજ મીઠા પાણીના ફુવારાની છોળો ઉછળવા માંડી.. એની પાસેની જગ્યામાં ૧૫૦ ફૂટ ખોદતા પણ પાણી ન આવ્યુ... પૂ. આ. શ્રી જયકુંજરસૂરીજી .. પૂ. આ. શ્રી મુક્તિપ્રભસૂરીજીની પણ કૃપા સતત મંચર સંઘ પર રહી છે. તેઓશ્રીની કૃપાથી માત્ર નવજ મહીનાના ટુંકા ગાળામ મહારાષ્ટ્રમાં અદ્વીતીય કહી શકાય એવું આલીશાન આરાધના ભવન મંચર સંઘમાં સ્વદ્રવ્યથી ઉભું થવા પામ્યું.

મંચર સંઘને શ્રી મનસુખભાઈની પ્રેરણા સદ્કાર્ય સતત રહેલું છેલ્લા ૧૦/૧૨ વર્ષથી મંચર સંઘની આરાધના.. પર્યુસણ વ્યાખ્યાનો... ની શાસનકાર્યોમાં શ્રી સંઘ હંમેશા શ્રી મનસુખલાલ રીખવચંદના માર્ગદર્શન સલાહ મેળવતો રહ્યો... અંજનશલાકાનો ભવ્ય ઉજવાયો. શતાબ્દી મહોત્સવ હવે ઉજવાશે તે માટે પણ મનસુખભાઈની પ્રેરણાથી ટીપ થઈ છે. ગભારામાંથી લાઈટ કાયમ નીકળી ગઈ છે.

નૂતન આરાધના ભવનના ઉદ્ઘાટન સમારોહ પ્રસંગે શ્રી સંઘે જિનભકિત મહોત્સવ નક્કી કર્યો, આ શુભપ્રસંગે પૂ. ગચ્છાધિપતિની આજ્ઞાથી પૂ. આ. શ્રી જયકુંજરસૂરીશ્વરજી... પૂ. આ. શ્રી મુક્તિપ્રભ સૂરીશ્વરજી. પૂ. મુનિવરશ્રી અક્ષયવિજયજી મ. સા. સાધ્વીજી હંસકીર્તિશ્રીજી મ. સા. તથા પરમવિદુષી પૂ. સાધ્વીજી શ્રી જયવર્ધનાશ્રીજી આદિ વિશાળ શ્રમણ શ્રમણીવૃંદની શુભનિશ્રામાં મળેલ.

ઉદ્ઘાટન મહોત્સવમાં વૈશાખ સુદ ૧૦ શનિવાર ૧૩-૫-૨૦૦૦ ના રોજ મંચર નગર માટે પ્રથમજ કહી શકાય એવો રાજાશાહી ભવ્ય રથયાત્રા વરઘોડો નીકળ્યો. વરઘોડાની જાહેરાત કરતો એનાઉન્સર, નવા ડીસાની શહનાઈ - પનવેલનું બૈંડ - હાલતી ચાલતી રચનાઓ - નાગીનનૃત્ય - મોરનૃત્ય કલાકારો - ગજરાજ કેવો એ ગજરાજ બે પગે વંદન કરતો, ચોખાથી વધાવતો, ચામર વિંઝતો - ઘંટનાદ હર્ષનાદ પુષ્પવૃષ્ટિ રીમોટ કંટ્રોલથી ફરતુ વિમાન માલેગામના જૈન યુવાનોનું જૈન મ્યઝિકલ બૈંડ રાજગુરૂનગરનું બૈંડ - ઘોડાવાળો રથ - ૧૫૦૦૦ લાડવાની અનુકંપાદાનની ગાડી કરાડનું સંભવ જિન મંડળથી બહોળા મહેમાનો શેઠીયાઓથી વરઘોડો દીપી ઉઠયો.

વિજય મુહર્તે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ભણાવાયું શ્રી સુમતિનાથ ભકિત મંડળ તરફથી મહાપૂજન થયેલ. રાતના ભાવનામાં ભકિતનો રંગ જામેલો .

વૈશાખ સુદ ૧૧ શાસન સ્થાપના દિન ૧૪/૫/૨૦૦૦ રવિવાર મંચર સંઘ માટે સુવર્ણઅક્ષરે લખાયો. સંઘની વિનંતીથી સકળ સંઘ સાથે ગહૂલીઓથી વધાવતા પૂજ્યશ્રી વિશાળ પ્રવચન મંડપમાં પધાર્યા પહેલેથી જ પ્રવચન મંડપ ભરાઈ ગયેલો.. પૂના, નાસીક, સિન્નર, જૂન્નુર, અમલનેર, માલેગામ, વણી, વિજાપુર, સોલાપુર, ઈચલકરંજી, ગોકાઠ - કરાડ - ચાઠણ રતલામ - યેવલા આદિ અનેક સંઘો પધારેલા મંચરના ઈતિહાસમાં પ્રથમજ આટલા સંઘોની પધરામણી થઈ. પૂજ્યશ્રીએ મંગલાચરણ કરેલુ ગુરૂ- ગીત ગવાયું.. મંચર સંઘના અધ્યક્ષ શ્રી કુમારપાળભાઈ સમદરીયા તથા મહોત્સવ સમિતિના અધ્યક્ષ શ્રી ચંપાલાલજી રાઠોડે સ્વાગત વકતવ્ય કરેલું તે પછી શ્રી ભોગીલાલભાઈ, શ્રી રામલાલજી, શ્રી ચંદુભાઈ, શ્રી રસિકભાઈ ધારીવાલા, શ્રી મનસુખભાઈ, શ્રી ઉમેદમલજી, શ્રી કુમારપાળભાઈ થી વકતવ્યો થયા.

સંઘનું વરસોથી સુયોગ્ય સંચાલન કરનાર સંઘપ્રમુખશ્રી કુમારપાળ સમદરીયાનું શ્રી ભોગીભાઈએ,

શ્રી દેવેન્દ્રભાઈનું શ્રી રામલાલજીએ શ્રી નરેન્દ્રકુમાર સમદરીયાનું શ્રી ચંદુભાઈએ સન્માન કરેલું સન્માનનો ચઢાવો લેનાર શ્રી પ્રકાશભાઈ વાડીલાલ શાહે આરાધના ભવન યોજનામાં લાભ લેનાર પુણ્યલાનોનું આરાધના ભવન ઉદ્‌ઘાટકોનું અતિથિ વિશેષોનું સંઘે બનાવેલા આકર્ષક શિલ્ડો આપવા દ્વારા બહુમાન કરેલું.

આરાધના ભવનમાં સ્વ. પૂજ્યપાદશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની ઉભી મૂર્તિનો લાભ લેનાર ઉત્તમ ભાગ્ય પરિવાર શ્રી કુમારપાળભાઈ, શ્રી દિનેશભાઈ સમદરીયાનું પણ બહુમાન કરાયું.

ગુરૂપૂજન અને કામળી વહોરાવવાનો ચઢાવો રસિકભાઈ ધારીવાલાએ લઈને ભાવપૂર્વક ગુરૂપૂજન કરીને કામળી વહોરાવી ટુંક સમયમાં કામ કરી આપનાર આર્કીટેક શ્રી અજય બાગશ્વરે... બિલ્ડર વિરાગ કંસ્ટ્રકશનનું સંઘ તરફથી બહુમાન કરાયું.

વાજતે ગાજતે પૂ. આચાર્ય ભગવંતો ચતુર્વિધ સંઘ ઉદ્‌ઘાટન માટે આરાધના ભવન પાસે આવતા આનંદ ફેલાયો.. ૐ પૂણ્યાહં ૐ પૂણ્યાહં મંત્રોચ્ચારપૂર્વક શ્રી મહારાષ્ટ્ર દેશોધ્ધારક જૈન પેઢીના પ્રમુખશ્રી શ્રી મનસુખલાલ રીખવચંદ શાહ એ મુખ્યદ્વારનુ ઉદ્‌ઘાટન કરેલું પછી પ્રવચન હોલ વિ. ઉદ્‌ઘાટનો અન્ય ઉદ્‌ઘાટકોએ કર્યા. પ્રવચન હોલમાં પૂજ્યશ્રીએ માંગલિક સંભળાવ્યુ. રીમોટ કંટ્રોલથી પુષ્પવૃષ્ટિ થયેલી જૈનભકિત મહોત્સવ સંઘ સાધર્મિકોની ત્રણ ટાઈમ ભકિતથી શ્રી મંચર સંઘે અનુપમ કરેલી નરેન્દ્રભાઈ આશિષ પુંગલીયાએ સહકાર સારો આપેલો શ્રી બાબુભાઈ પુનામિયા - કીશોરભાઈ ભાંકને કરી

શ્રી સંઘના સફળ સંચાલન મહોત્સવમાં શ્રી મનસુખલાલ રીખવચંદ, શ્રી કુમારપાળભાઈ, દેવેન્દ્રભાઈ, નરેન્દ્ર સમદરીયા, ચંપાલાલજી, રમેશભાઈ, બાબુભાઈ, પુના સંઘના સર્વ યુવાનો સ્થાનકવાસી સંઘના અધ્યક્ષ અને ભાઈઓએ સારો સહકાર આપીને કાર્ય સુંદર થયું શ્રી શાંતિસ્નાત્ર મહોત્સવ વિ. સુંદર ઉજવાયો.

■ ■ ■

**લઘુ બોધ કથા**

# શું મેળવવું છે ? પ્રભુત્વ કે પશુત્વ ?

**- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.**

'સંગ તેવો રંગ' અને 'સોબત તેવી અસર' જીવનો ભાવુક દ્રવ્ય કહેલ છે. સંગ - સોબત જીવને આબાદ પણ કરે અને બરબાદ પણ કરે. કથાના માધ્યમથી આ વાત વિચારવી છે.

એક ચિત્રકાર હતો. તેને એક વાર નિદોર્ષ - ભોળા - સૌમ્ય એવા બાળકનું ચિત્રાંકન કરવાનું મન થયું. તેવા બાલકની શોધ માટે ઘણી મહેનત કરી, ઘણે ઠેકાણે ભમ્યો અને ઈચ્છિત બાલકની પ્રાપ્તિ થઈ તેના બાલ્યભાવોને ચિત્રમાં તેવા જ આલેખ્યા. તેની મુખાકૃતિ જ નિર્દોષતા - સૌમ્યતાની ઝાંખી કરાવે !

વર્ષો પછી તેને ખૂની - ડાકુ - ભયાનક મુખાકૃતિ હોય જેને જોતાં ડર લાગે, શરીરમાં ભયની ધ્રૂજારી પેદા થાય તેવા માણસનું ચિત્ર બનાવવાનું મન થયું. ઘણી મહેનતને અંતે એક જેલમાં પોતાને જોઈએ તેવા મુખવાળા માણસની પ્રાપ્તિ થઈ. તેનું પણ ચિત્ર આબેહૂબ બનાવ્યું, જોતાં જ ગભરામણ થાય.

બન્ને ચિત્રો તે માણસની સામે રાખ્યા તે જોતાં જ પેલો ખૂની - ડાકુ જેવો માણસ ધ્રુસકેને ધ્રુસકે રડવા લાગ્યો તેથી અવાચ બનેલા ચિત્રકારે કારણ પૂછયું તો તેણે કહ્યું કે - '' આ નિર્દોષ સૌમ્યકૃતિવાળો બાલક પણ હું જ હતો અને આજે આ ખૂની ભયાનક, ડરામણી મુખાકૃતિવાળો પણ હું જ છું ખરાબ સોબત, કુસંગતિના કારણે હું જ વ્યસની - ચોર - ડાકુ - લુંટારો બન્યો. મારી કારણે હું જ વ્યસની - ચોર - ડાકુ -લુંટારો બન્યો. મારી માની પણ સાચી હિતચિંતા ના માની અને પિતાની આજ્ઞાનું પાલન ન કર્યુ તેનું આ પરિણામ આવ્યું. માનવના મનમાં જ ભગવાન પણ છે અને શેતાન પણ છે.''

પશુત્વ કે પ્રભુત્વ પણ માનવની અંદર છે અને અમૃત અને વિષ પણ હૈયામાં છે. શું મેળવવું કે શું ન મેળવવું, કેવા બનવું અને કેવા ન બનવું તે પોતાના હાથમાં છે. સુજ્ઞેષુ કિં બહુના ?

# પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. નો વિહાર ક્રમ

પૂ. શ્રી એ જામનગરથી કા. વ. ૧ ને વિહાર કર્યો કા. વ. ૧૧-૧૨-૧૩ કંડોરણા મહોત્સવ છે. તા. ૨૯-૧૧-૨૦૦૦ રાજકોટ પહોંચવા સંભવ છે. ત્યાં તા. ૧-૧૨-૨૦૦૦ કાલાવડ રોડ, શક્તિનગર મેઈન રોડ ઉપર શ્રી ઋષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થનું શિલારોપણ છે. મૌન એકાદશી વર્ધમાનનગર રાજકોટ કરશે.

રાજકોટથી તા. ૮-૧૨-૨૦૦૦નાં વિહાર કરી. તા. ૧૪-૧૨-૨૦૦૦ થાનગઢ પધારશે. તા. ૧૮-૧૨-૨૦૦૦ ડોળીયા થઈ તા. ૨૧-૧૨-૨૦૦૦ સુરેન્દ્રનગર થઈ તા. ૧-૧-૨૦૦૧ લગભગ શંખેશ્વર હાલારી ધર્મશાળામાં પધારશે ત્યાં તા. ૨૧-૧-૨૦૦૧ થી તા. ૩૦-૧-૨૦૦૧ સુધી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ છે.

*તા. ૭-૧૨-૨૦૦૦ સુધી C/o શાહ મનસુખલાલ જીવરાજ, સરાફ બજાર, રાજકોટ. તા. ૧-૧-૨૦૦૧ થી તા. ૨-૨-૨૦૦૧ સુધી C/o હાલારી ધર્મશાળા પંચાસર રોડ, શંખેશ્વર પત્ર મળી શકશે.*

## મૂર્તિ નિર્માણ - મૂર્તિ જોવા માટે

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં હાલારી ધર્મશાળા પંચાસર રોડ, મૂર્તિ નિર્માણની યોજના નક્કી થઈ છે. જામનગરથી શંખેશ્વરજી મૂર્તિઓ પધરાવી છે. જેમણે મૂર્તિ જોવા કે પાસ કરવી હોય તેઓ શંખેશ્વર જોવા જઈ શકશે અને ત્યાં મૂર્તિ પાસ કરી મૂર્તિ માં લખવાની વિગત વિ. સહિત, ફોર્મ ત્યા ભરીને આપશે તો મૂર્તિ નક્કી થઈ જશે.

આ મૂર્તિઓ બીજાને જરૂર હોય ત્યાં ભેટ આપવાની છે. તે ભરાવનારને પૂછાન આશે તેથી પાકું સરનામું ફોન વિ. ફોર્મમાં ભરી દેવા.

મૂર્તિ ૧૧ ઈંચના ૧૨ હજાર, ૧૩ ઈંચના ૧૭ હજાર, ૧૫ ઈંચના ૨૧ હજાર, ૧૭ ઈંચના ૨૫ હજાર, ૨૧ ઈંચના ૩૫ હજાર, ૨૫ ઈંચના ૪૫ હજાર અને ૨૭ ઈંચના ૫૧ હજાર નકરા છે.

**શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા**
શંખેશ્વર, વાયા : વીરમગામ (ગુજરાત)
ફોન : (૦૨૭૩૩) ૭૭૩૧૦
જામનગર ફોન : ૭૭૦૯૬૩

## અંજન કરેલા કે કર્યા વગરના પ્રતિમાજી ગામે ગામ ફેરવવા તે વ્યાજબી નથી

હમણાં હમણાં પ્રતિમાજી ગામે ગામ ફેરવવાનો પ્રચાર ચાલે છે.

બદ્રીનાથના પ્રતિમાજીને ફેરવ્યા અને આવકો ઉભી કરી ભાવ વધ્યા ભાવ વધ્યા એમ પ્રચાર થયો પણ છેવટે શરમાવું પડે તેમ ત્યાં મંદિર પ્રતિષ્ઠા અને ટ્રેનો બધું બંધ થયું?

જે ગામ કે સ્થા[illegible] મંદિર [illegible] થઈ જનાં હો ગા[illegible] આવે તો [illegible] [illegible]કી આ રીતે પ્રતિમાજીને ફેર[illegible] મૂર્તિનું અપમાન છે અને જો રકમ ભેગી કરવા ફેરવે તો પ્રભુજીનું મહત્વ જાય છે. પ્રભુજીનું લીલામ થાય છે.

હમણાં શાહપુર નિર્માણ પામનાર તીર્થના મૂળનાયકને આ રીતે ફેરવવાની યોજના વાંચી છે. અને તે પણ આ જિન અને જિનબિંબની લઘુતા કરનાર છે. સંઘો તો પ્રભુજીને જોઈને આનંદ જ પામે પણ પ્રભુજીને ગામે ગામ ફેરવવા તે અનુચિત છે.

# ચૌવિહાર - પ્રતિક્રમણ

-શાસન રાગી

અરિહંત પરમાત્માનું શાસન ભવ્યાત્માઓને મોક્ષને માર્ગે ચઢાવી સદા માટે જન્મ - મરણથી મુકત કરાવી શાશ્વત સુખને પમાડે છે. સૌ જીવો નિમિત્તવાસી છે. મોટે ભાગે આત્માનું વિસ્મરણ થાય કર્મના બંધ થાય તેવી પ્રવૃત્તિ મોટે ભાગે જગતમાં ચાલતી હોય છે.

પરંતુ પ્રભુશાસનમાં સમ્યગ્ક્રિયાઓ, સમ્યગ્આચારો બહુજ વ્યવસ્થિત બતાવવામાં આવ્યા છે. સામાયિક-પ્રતિક્રમણ બહુંજ ઉંચી ધર્મક્રિયાઓ છે. આ ક્રિયાઓને કારણે આત્મામાં સદ્ભાવો, સદ્વિચારો વૃદ્ધિ પામે છે.

આગમપ્રજ્ઞ સ્વ. પ. પૂ. આ. દે. શ્રી માનતુંગસૂરીશ્વરજી મ. સા. કહેતા હતા જે પુણ્યશાળીના જીવનમાં પ્રતિક્રમણ આવી ગયું તે ખુબ ખુબ કમાઈ ગયો.

એકદમ ધર્મ ક્રિયાઓ ગમી જાય તેવું બનતું નથી. ગમી ગયા પછી તેનો સ્વાદ આવ્યા પછી તેમાં આત્માની ખૂબ કમાણી થાય છે. પછી તેનો જીવનમાં કાયમી અમલ શરૂ થઈ જાય છે.

કલકત્તાની અંદર સંઘે એવી વ્યવસ્થા કરી છે જે પુણ્યવાનો સાંજે પ્રતિક્રમણ કરવા આપે તેને ચોવિહાર કરવાની વ્યવસ્થા કરી આપવી. આમાં કેટલો બધો લાભ ? પુણ્યશાળીઓ પ્રતિક્રમણમાં જોડાય, રાત્રિભોજનથી બચી જાય. સાધર્મિક ભકિતનો લાભ મળે. પ્રતિક્રમણ જેવી પવિત્ર ધર્મ ક્રિયાઓ કરનાર વર્ગ સંઘમાં વધે.

ચૌદશના દિવસે પાઠશાળાના બાળકો સારી સંખ્યામાં પ્રતિક્રમણનો સારો લાભ લે છે.

જ્યારે ટી.વી. વિડીયોનો એકધારો મારો ચોમેરથી થઈ રહ્યો છે. ત્યારે સુખી - સંપન્ન, શાસન પ્રેમી આત્માઓએ ઉત્સાહી આત્માઓએ ચૌવિહારની વ્યવસ્થા થઈ શકે ત્યાં કરી પુણ્યશાળીઓને પ્રતિક્રમણમાં જોડવા જેવા છે.

ઉપાશ્રયો પણ સ્વચ્છ રહેશે. રવિવારે બપોરે ૧ કલાક સૂત્રોના અર્થો વાંચી બતાવવામાં આવે તો વધુ લાભ થશે. એક આત્મા પણ ધર્મ પામી જાય તે મહાન લાભ છે.

જે સંઘોએ આ લખાણ વાંચી પ્રેરણા પામી અમલ કર્યો હોય તેઓએ લખી જણાવવા વિનંતી છે. ચૌદશના દિવસે પ્રતિક્રમણ કરનારને ઘણીવાર સારી સારી પ્રભાવનાઓ પણ કલકત્તામાં અપાય છે.

પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત પ્રભુદાસભાઈ પંડિત દ્વારા તૈયાર થયેલ છે.

■ ■ ■ ■

# વિષયો - વિષ

- વિરાગ

સંસારના જીવોને પાંચેય ઈન્દ્રિયના વિષયો વિષ જેવા લાગવા એ જ મુશ્કેલ છે. કદાચ એ વિષયો વિષ લાગી પણ જાય તો તેને છોડવા અતિ મુશ્કેલ નથી. સત્ત્વશીલ આત્માઓને માટે સંયમ પાળવું એ મુશ્કેલ નથી પણ સંયમ પાળવા જેવું છે એમ લાગવું એ અતિ મુશ્કેલ છે.

શું સંસારી જીવો મુશ્કેલી વેઠી શકતા નથી સંસારી જીવોને જેની જેની જરૂર લાગી તેની તેની પ્રાપ્તિ માટે શું એ જીવોએ ઓછી મુશ્કેલીઓ વેઠી છે ? ઈચ્છા પ્રાપ્તિ માટે પડતી મુશ્કેલીઓ મુશ્કેલી રૂપે લાગતી જ નથી. અર્થીપણાની જેમ જેમ તીવ્રતા વધી અને તેનો લાભ પણ થતો ગયો તેમ તેમ તેને મેળવવામાં પડતી મુશ્કેલીઓ ગોળના ગાડા જેવી મીઠી લાગવા લાગી. મુશ્કેલીઓ સહેવી એ બહુ મુશ્કેલ નથી પણ સહવામાં કલ્યાણ છે એમ લાગવું એ વધારે મુશ્કેલ છે. વિષયો વિષ જેવા છે એ બરાબર ઠસી જાય તો વિષયનો ત્યાગ એ બહુ મુશ્કેલ નથી.

વિષયો વિષ જેવા છે એમ લાગવા છતાં પણ સત્ત્વની અલ્પતાદિના યોગે આત્મા વિષયોને તજી ન શકે એ શકય છે પણ એનું ધ્યેય તો એ જ હોય કે જલ્દીથી વિષયો છોડી દઉં.

આવા વિષયોની ભૂતાવળ જલ્દી છૂટી જાય અને અનંત જ્ઞાનીઓએ બતાવેલ અનંત સુખના ધામને આપનારી ભાગવતી પ્રવજ્યાનો સ્વીકાર કરી પરમ પદના ભોકતા બનીએ એજ અભિલાષા.

॥ શ્રી ઋષભ જિનેન્દ્રાય નમઃ ॥

॥ હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ ॥

**શ્રી પ્રાણલીલા ટ્રસ્ટ રાજકોટ દ્વારા દાનમાં મળેલ ભૂમિ મધ્યે કાલાવડ રોડ, શક્તિનગર મેઈન રોડ ઉપર**

## શ્રી ઋષભજિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ નિર્માણ અંગે યોજના અને નકરા

# ભાવિકોને લાભ લેવા વિનંતિ

**સુજ્ઞ ધર્મ બંધુ,**

પ્રણામ સાથ જણાવવાનું જે ઘણા ભાવિકો જિન પૂજા અને જિન ભક્તિથી રંગાયેલા છે તેમને પોતાની શક્તિ મુજબ નાનું જિનાલય બનાવવાની ભાવના થાય તે પણ ૧૫ - ૨૦ લ ખ થા તેમ જિન બિંબ ભરાવે તો જગ્યાના અભાવે ભરાવી ન શકે.

આ અંગે રાજકોટમાં **શ્રી પ્રાણલીલા જૈન ટ્રસ્ટ** તરફથી **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** ના ઉપદેશથી કાલાવડ રોડ, શક્તિનગર મેઈન રોડ ઉપર જમીનનું દાન મળેલ છે. ત્યાં **શ્રી ઋષભજિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ** નિર્માણ કરવાનું નક્કી કર્યું છે મંદિરો તથા તેમના નકરા વિગેરે ભાવિકો પોતાની શક્તિ ભાવના મુજબ લાભ લઈ શ તેવી યોજના રાખી છે. ભાવિકો પોતાની ભાવના મુજબ મંદિર મૂર્તિ પસંદ કરીને જણાવે. આદેશ લેનારે અડધી રકમ નામ મોકલી તેમનું નામ લખાવી દેવા વિનંતી છે. વહેલો તે પહેલો તે રીતે નામ લખાશે. કારતક સુદ ૧૫ સુધીમાં જે નામો લખાશે તેમના જિનાલયની ખનનવિધિ અને શિલા સ્થાપન તેમના હાથે જ થઈ શકશે.

### જિનાલય યોજના તથા જિનાલયના નકરા

| ક્રમ | મંદિર | પ્રતિમા ઈંચ | શિખરાદિ | નકરો લાખ |
|---|---|---|---|---|
| ૧. | મુખ્ય ઋષભજિનેન્દ્ર જિનાલય | ૫૧ | શિખર | ૫૧ |
| ૨. | બાજુમાં જમણા ગભારામાં પ્રભુજી દાતાની ઈચ્છા મુજબ | ૩૧ | સામરણ | ૧૧ |
| ૩. | બાજુમાં ડાબા ગભારામાં પ્રભુજી દાતાની ઈચ્છા મુજબ | ૩૧ | સામરણ | ૧૧ |
| ૪. | મહીધર પ્રસાદ - ૧ મૂલનાયક દાતાની ઈચ્છા મુજબ | ૩૧ | શિખર | ૧૧ |
| ૫ | મહીધર પ્રસાદ - ૨ મૂલનાયક દાતાની ઈચ્છા મુજબ | ૩૧ | શિખર | ૧૧ |
| ૬. | મહીધર પ્રસાદ - ૩ મૂલનાયક દાતાની ઈચ્છા મુજબ | ૩૧ | શિખર | ૧૧ |
| ૭. | મહીધર પ્રસાદ - ૪ મૂલનાયક દાતાની ઈચ્છા મુજબ | ૩૧ | શિખર | ૧૧ |
| ૮ | મહીધર પ્રસાદ - ૫ મૂલનાયક દાતાની ઈચ્છા મુજબ | ૩૧ | શિખર | ૧૧ |
| ૯. | ચૌમુખી ૧ મૂલનાયક દાતાની ઈચ્છા મુજબ | ૧૭ | સામરણ | ૨.૫૧ |
| ૧૦. | ચૌમુખી ૨ મૂલનાયક દાતાની ઈચ્છા મુજબ | ૧૭ | સામરણ | ૨.૫૧ |
| ૧૧. | ચૌમુખી ૩ મૂલનાયક દાતાની ઈચ્છા મુજબ | ૧૭ | સામરણ | ૨.૫૧ |
| ૧૨. | ચૌમુખી ૪ મૂલનાયક દાતાની ઈચ્છા મુજબ | ૧૭ | સામરણ | ૨.૫૧ |
| ૧૩. | મુલનાયક ઉપર શિખરમાં ઋષભજિનેન્દ્ર | ૨૭ | -- | ૧૧ |
| ૧૪. | મુલનાયક ઉપર શિખરમાં જમણી બાજુ ગભારો મુલનાયક દાતાની ઈચ્છા મુજબ | ૨૧ | -- | ૭ |
| ૧૫. | મુલનાયક ઉપર શિખરમાં ડાબી બાજુ ગભારો મુલનાયક દાતાની ઈચ્છા મુજબ | ૨૧ | -- | ૭ |
| ૧૬. | મુલનાયકના ઉપરના મુલનાયક શ્રી ઋષભદેવજી સામે શ્રી પુંડરીક સ્વામી | ૨૭ | સામરણ | ૧૧ |
| ૧૭. | ૧ થી ૨૪ શ્રી આદિનાથ થી શ્રી મહાવીર સ્વામી મુળનાયક જિનાલય | ૨૧ કે ૧૭ | સામરણ | ૨.૧૧ |
| ૧૮. | ૨૫ થી ૪૦ જિનાલય ૧૫ જિનાલયમાં દાતાની ઈચ્છા મુજબ મુલનાયક | ૨૧ કે ૧૭ | સામરણ | ૨.૧૧ |

ખાસ : (૧) આ બધા શિખર કે સામરણના આ જિનાલયોના મુળનાયક ભરાવવા તથા પ્રતિષ્ઠા તથા કલશ ધજા દંડ પ્રતિષ્ઠા અને વંશપરંપરા તે તે શિખર કે સામરણની ધજા ચઢાવી શકશે. (૨) ૧ ઉપરના શિખરમાં બંને બાજુ (૨), પાંચ મહીધર પ્રાસાદમાં બંને બાજુ (૩) ચાર ચૌમુખીજીમાં ત્રણ બાજુ (૪) ૧ થી ૪૦ જિનાલયમાં બંને બાજુ (૫) પુંડરીક સ્વામીની બંને બાજુ (ગૌતમ સ્વામી - સુધર્મા સ્વામી) આ પ્રતિમાઓ પણ મુલનાયકવાળાને લેવા હશે તો નકરાથી અપાશે અને મુલનાયકવાળાને નહિ લેવાના હોય તો બીજા ભાવિકોને નકરાથી અપાશે.

અમારી ભાવના : ૨૦૫૭ કા. વ. ૭ ખનન મુહુર્ત અને માગશર સુદ ૮ માં શિલાસ્થાપન કરવાની છે. કારતક સુદ ૧૫ સુધીમાં જે મંદિરોના આદેશ આવ્યા હશે તેમને તેમના મંદિરના ખાત મુહૂર્ત તથા શિલાસ્થાપન તેમને હાથે જ કરાવી દેવાશે. આદેશ લેનારે નકરાની અડધી રકમ ભૂરીને મંદિર નક્કી કરી લેવું. બાકી અડધી રકમ મંદિર ઢંકાઈ જાય પછી મોકલી શકાશે. પત્રવ્યહાર તથા રકમ ડ્રાફટ મોકલવા તે જામનગર ટ્રસ્ટના સરનામે થશે.

લિ.

C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર - ૩. ૧ ૦૦૫. ફોન : ૭૭૦૯૬૩

**શ્રી હર્ષ પુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ**
ના પ્રણામ

## ■ સંપર્ક સાધવાના સ્થળો ■

**શ્રી કાનજી હીરજી શાહ**
C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર - ૩૬૧ ૦૦૫.
ફોન : ૫૫૪૮૧૭, ૫૬૫૦૬૮

**શ્રી કાનજી જેઠાભાઈ નાગડા**
૬, ઓસવાલ કોલોની, જામનગર - ૩૬૧ ૦૦૫.
ફોન : ૫૬૧૧૧૭, ફેક્સ : ૫૬૦૦૨૩

**શ્રી મનસુખલાલ જીવરાજ શાહ**
શરાફ બજાર, રાજકોટ -૩૬૦ ૦૦૧.
ફોન : ૨૩૨૩૭૬, ૨૨૩૪૮૨

**શ્રી પ્રમીલાબેન પ્રાણલાલ ભણશાળી**
C/o. એસ. ટી. વ્યાસ
સમર્પણ એરોડ્રામ રોડ, મારૂતિનગર
રાજકોટ. ફોન : ૪૪૪૪૪૫

**શ્રી હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ**
જસ્મિન જ્વેલર્સ, માંડવી ચોક,
નવા નાકા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧
ફોન : ૨૨૩૯૫૧ (ઓ) ૨૨૩૯૪૮, ૨૪૧૭૩૨ (રે)

**શ્રી જયસુખલાલ કાનજી શાહ**
૨, સંભવનાથ,
૨૦, રણછોડનગર, રાજકોટ.
ફોન : ૨૩૩૬૧૬

## કર્ણાટકમાં ધર્મભાવનાના અજવાળા...

# 'બિજાપુર નગરે... નૂતન જિનાલય શિલાન્યાસનો ભવ્ય સમારોહ

ગોળગુંબજના નામથી સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ એવા **શ્રી બિજાપુર (કર્ણાટક) નગરે** - સ્ટેશન રોડ, ગોળગુંબજ પરિસર મધ્યે સુવિશાલગચ્છાધિપતિ **પૂ. આ. ભ. શ્રી મહોદય સૂ. મ.** ની આજ્ઞા - આશીર્વાદથી શાસનપ્રભાવક **પૂ. આ. ભ. શ્રી જયકુંજર સૂ. મ.** તથા **પૂ. આ. ભ. શ્રી મુક્તિપ્રભ સૂ. મ.** ના શિષ્ય - પ્રશિષ્યરત્નો **પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ. મ., પૂ. મુ. શ્રી અક્ષયબોધિ વિ. મ., પૂ. મુ. શ્રી આત્મરક્ષિત વિ. મ.** ની પાવન નિશ્રામાં **ભાવવર્ધક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. સંઘ**ના ઉપક્રમે નૂતન જિનાયલ - શિલાન્યાસનો મંગલ પ્રસંગ આસો સુદ ૧૦ ના મંગલમય દિને ખૂબજ ઠાઠમાઠથી ઉજવાયો.

શિલાસ્થાપનના પાવન પ્રસંગને અનુલક્ષીને શ્રી સંઘ તરફથી ત્રિ - દિવસીય પરમાત્મભક્તિનું આયોજન થયેલ જેમાં મહોત્સવના પ્રથમ દિને પરમાત્માની રથયાત્રા સહ શીલાઓની ભવ્ય શોભાયાત્રા તથા પૂ. ગુરુભગવંતોનો મંગલ પ્રવેશ ભવ્ય સામૈયા સહ થયેલ. વરઘોડા બાદ પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન થયેલ - પ્રવચન બાદ **શાહ અનિલકુમાર બાબુલાલ - નવસારીવાલા** તરફથી શ્રીફળની પ્રભાવના થયેલ. બપોરે ૨-૩૦ કલાકે **સંઘવી નાથુભાઈ હીરાચંદ શાહ - બિજાપુર** તરફથી **શ્રી પંચકલ્યાણક પૂજા** ઠાઠમાઠથી ભણાવાયેલ - પરમાત્માના રથયાત્રા વરઘોડાનું આયોજન **શાહ કાંતિલાલ ઝવેરચંદ પરિવાર - બિજાપુર** તરફથી થયેલ.

મહોત્સવના દ્વિતીય દિને સવારે ૧૦-૦૦ કલાકે ''પરમાત્મભક્તિ'' વિષયક પૂજ્યશ્રીનું પ્રવચન થયા બાદ નૂતન જિનમંદિરમાં બિરાજમાન થનારા જિનબિંબો આદિના ચઢાવા બોલાતા રેકર્ડરૂપ ચઢાવા થવા પામેલા. બપોરે વિજયમુહૂર્તે **શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સંઘવી શા. હુકમીચંદજી માણેકચંદજી વોરા - બિજાપુર** તરફથી ખૂબ જ ઠાઠમાઠથી ભણાવાયેલ. મહોત્સવના તૃતીય દિને સવારે ૯-૦૦ કલાકે પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન થયા બાદ શિલાસ્થાપનવિધિનો મંગલ પ્રારંભ થયેલ. શીલાઓની અષ્ટપ્રકારી પૂજાનો કાર્યક્રમ ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભાવિકોએ કરેલ. ત્યારબાદ ૐ પુણ્યાહં.. ૐ પુણ્યાહં... ના મંત્રોચ્ચારપૂર્વક શુભમુહૂર્તે શિલાન્યાસ થયેલ. શિલાન્યાસ બાદ પૂ. ગુરૂદેવશ્રીનું માંગલિક પ્રચવન થયેલ, શ્રી સંઘ તરફથી શિલાન્યાસ કરનારા પુણ્યશાળીઓનું બહુમાન થયેલ. પૂજ્યશ્રીને ગુરૂપૂજન કરવાનો ચઢાવો બોલાતા **શ્રી ગુલબર્ગા સંઘે** બોલી બોલીને લાભ લીધેલ. **શ્રી સંઘનું સ્વામીવાત્સલ્ય શ્રી કાંતિલાલ ઝવેરચંદ શાહ** તથા **શ્રી મોહનલાલ ઝવેરચંદ શાહ - બિજાપુર** તરફથી થયેલ.

આ મહોત્સવ પ્રસંગે પૂજા ભાવનામાં ભક્તિની રમઝટ મચાવવા **સુપ્રસિદ્ધ સંગીતકાર અનિલ ગેમાવત એન્ડ પાર્ટી** - મુંબઈથી આવેલ તેમજ વિધિકારક શ્રી **અરવિંદભાઈ** ઈચલકરંજીથી પધારેલ.

શિલાન્યાસના મંગલ પ્રસંગે શ્રી સંઘ તરફથી આકર્ષક ફોર કલર પોસ્ટર છપાયેલ જેમાં જયજીનેન્દ્ર નો ચઢાવો બોલાતા **શ્રી પ્રતાપરાય ત્રિભોવનદાસ પરિવાર - બિજાપુર હ. મણિકાંતભાઈએ** ઉદારતાપૂર્વક લાભ લીધેલ.

એકંદરે પૂજ્યશ્રીની નિશ્રામાં ઉજવાયેલ શિલાન્યાસનો પાવન સંઘ શ્રી બિજાપુરના સંઘ માટે કાયમી સંભારવારૂપ બની જવા પામ્યો હતો.

■ **ચઢાવાઓ બોલીને શિલાન્યાસ કરનાર પુણ્યશાળીઓ** ■

૧. **મુખ્ય શિલા** : શ્રી પુનમચંદ સોમચંદ શાહ પરિવાર
૨. **પૂર્વ શિલા** : શ્રી કાંતિલાલ રાયચંદ શાહ પરિવાર
૩. **પશ્ચિમ શિલા** : શ્રી મોહનલાલ મગનલાલ શાહ પરિવાર
૪. **ઉત્તર શિલા** : સંઘવી હુકમીચંદજી માણેકચંદજી વોરા પરિવાર
૫. **દક્ષિણ શિલા** : સંઘવી પરસનબેન હીરાચંદજી પોરવાલ પરિવાર
૬. **ઈશાન્ય શિલા** : શ્રી દલીચંદ માવજી શાહ પરિવાર
૭. **અગ્નેય શિલા** : શ્રી લક્ષ્મીબેન દેવજીભાઈ પોલડિયા પરિવાર
૮. **નૈઋત્ય શિલા** : સંઘવી ભીખુભાઈ હીરાચંદભાઈ શાહ પરિવાર
૯. **વાયવ્ય શિલા** : શ્રી લક્ષ્મીબાઈ વીસનજી પરિવાર

અનુસંધાન પાના નં.. ૨૮૬

# ગુરૂ પૂજન અભવિના કાલથી છે ?

લેખાંક : ૨

- ભદ્રંભદ્ર

મને ઘણા વખતથી શું ઘણા જનમથી થયા કરતું હતું કે તમને બધાને એક વાત કરૂ. પણ મને એમ થયા કરતું તમે કોઈને કહી દેશો તો ? એટલે નો'તો કહેતો હવે તો તમારામાં સાગર જેવી ગંભીરતા આવી હશે એટલે કહું છું. પણ કોઈને કે'તા નહિ.

ગુરૂપૂજન સિદ્ધ કરવા માટે અમારે કોઈ શાસ્ત્ર પાઠ આપવાની જરૂર જ નથી રહેતી તમે જાણો છો ? અભવી જીવો દીક્ષા શું કામ લે છે ? એમણે ચક્રવર્તીઓ થી પૂજાતા ગુરૂ ભગવંતોને જોયા છે એટલે તે દીક્ષા લે છે. સમજ પડે છે કંઈ આમાં. ગુરૂપૂજન જેવું અનુષ્ઠાન અભવી જેવા અભવીને કે જે કોઈ કાળે મોક્ષમાં જવાના નથી. અને સંસારના ચોરાશી લાખમાં ભટકતા જ રહેવાના છે એવાને પણ સંયમ સુધી ગુરૂપૂજનને દર્શન પહોંચાડે છે. આપણે તો અહીં ફકત ગુરૂપૂજન આજકાલનું નથી પણ અભવીના કાળથી છે અભવિ જીવો અનાદિકાળથી છે માટે તે પૂજન અનાદિકાળથી છે તેમ સિદ્ધ થાય છે'' આટલું જ સાબિત કરવાની જરૂર છે એટલે લખી દીધું.

આ સિવાય ગુરૂપૂજનનો નિષેધ કરનારા એવી પણ દલીલ આપે છે કે - ''ગુરૂનો અવગ્રહ સાડા ત્રણ હાથનો છે એટલે કે ગુરૂથી સાડા ત્રણ હાથ દૂર રહેવું જોઈએ હવે આમાં વાસક્ષેપથી કે બરાસથી નવ અંગ પૂજન કરી જ ના શકાય ને ?'' વિરોધિઓએ આ તર્ક સારો શોધી કાઢયો છે બિચ્ચારા છે તે લોકો.

ગુરૂપૂજાના વિરોધિઓ એવું માને છે કે- ''ગુરૂને ગોચરી વહોરાવવી એ ગુરૂપૂજા છે'' તો અહીં આપણે ગુરૂના અવગ્રહનો વિચાર કરીએ તો ગુરૂથી સાડા ત્રણ હાથ છેટા રહીને રોટલી/દાળ/ભાત/શાક વહોરાવવાના થયા ને મજા આવે હોં આ રીતે વહોરાવવાની. પાત્રામાં સાડા ત્રણ હાથ દૂરથી રોટલી નાંખીએ ત્યારે ગુરૂને બોલ-બાસ્કેટમાં પડે તે રીતે પાત્રુ બરાબર પકડી રાખવું પડે અને રોટલીને કેચ કરી લેવી પડે. રોટલી તો ઠીક છે. દાળ/દૂધ/ચા વહોરાવતી વખતે શું થાય ? અને ગુરૂના પગ દબાવવા એ પણ ગુરૂ પૂજા જ છે. તો સાડા ત્રણ હાથ દૂર રહીને હવામાં હાથ હલાવ્યા કરવાથી ગુરૂના પગ દબાઈ ગયા કહેવાય.

અને બીજી વાત ગુરૂની મૂર્તિ કે ભગવાનની મૂર્તિનો પણ આવો જ અવગ્રહ છે તો લોકો ભગવાનની કે ગુરૂની અંગપૂજા સાડાત્રણ હાથ કે બાર હાથ દૂર રહીને કેશરને ઉછાળીને કરે ત્યારે તે દ્રશ્ય જોવાની બહુ મજા પડે હોં.

એટલે ગુરૂપૂજાના વિરોધિઓ કેવી રીતે ગોચરી વહોરે છે કે વહોરાવે છે તે જોવા જેવું છે હોં. પર્યુષણમાં કલ્પસૂત્રને વહોરતી વખતે વહોરાવનારને સાડા ત્રણ હાથ દૂર રાખીને વહોરાવાનું કહેતા હશે ને ?

પ્રશ્ન : ''ભદ્રંભદ્ર ! જો એક ચોપડીમાં એવું વાંચ્યું કે - એક સાધ્વીજીનું ગુરૂપૂજન યુવાને કર્યું પછી તેના આવેલા ૪૫ રૂા. માંથી તે સાધ્વીજીએ પોતાની સાથે રહેલા માણસ પાસે કેરીઓ મંગાવીને ખાધી પછી તેમના આચાર્ય મહારાજે તેમને પ્રાયશ્ચિત આપ્યું.'' તો આવું અનિષ્ટ કરનાર ગુરૂપૂજનના કરાય તો શું વાંધો છે ?

જવાબ : હે વત્સ ! તારી ''અનિષ્ટ ન થાય તો સારૂ'' તેવી ભાવના સારી છે પણ તે વિવેક વગરની હોવાથી નક્કામી છે નરકમાં પણ લઈ જનારી છે. કયારેક તો કર્મબંધ કરાવનારી બને છે. તું આવા અનિષ્ટનું રહસ્ય બરાબર તપાસ કરીને વિચારીશ તો તને તેમાં સં. ૨૦૪૪ ના સંમેલનનો ગુરૂપુજનનો ઠરાવ જ કારણ લાગશે જો હોભઈ સં. ૨૦૪૪ પહેલા સંમેલન વાળાઓ ગુરૂપૂજનને દેવદ્રવ્યમાં લઈ જતાં હતા પછી તેમણે એવું વિચાર્યુ કે - ભગવાનની પાસે આવેલા પૈસા ભગવાનના ગણવાના અને ગુરૂ પાસે આવેલા પૈસા ગુરૂના ગણવાના આના કારણે ભયાનક અનિષ્ટ એ આવ્યું કે સંમેલનવાળાઓમાં જે લોકો ગુરૂપૂજન નહિ કરાવતા હોય તે કરાવતા થયા હશે. અને પછી ગુરૂપૂજનમાં આવેલા પૈસા દેવના ગણાવા જોઈએ તેની જગ્યાએ તેના ઉપર નજર બગાડીને ગુરૂના ગણાવા માંડયા. આ જ મોટી ભૂલથી ૪૫ રૂા. ની કેરી આવી લાગે છે. આચાર્ય મહારાજે પ્રાયશ્ચિત આપ્યું તે સંમેલનના ઠરાવની વિરૂદ્ધ જઈને આપ્યું કે સંમેલનના ઠરાવની અનુસારે આપ્યું તેવી ઝંઝટમાં આપણે પડવાની જરૂર નથી. પણ પાછા તે લોકો આવા અનિષ્ટકારી

સંમેલનના ઠરાવને રદ કરી નાંખે એ જ તેમના અને તેમના સમુદાયના સાધુ-સાધ્વીજીના હિતમાં છે મને એવુ જણાય છે.

હે મહાનુભાવ ! તને ખબર પડીને કે તે જે ચોપડીમાં આ પ્રસંગ વાંચ્યો તે ચોપડીકાર 'અશોક સમુદ્રસૂરી ગુરૂપૂજનને ખરાબ કહેવા ગયા પણ તેમના સંમેલનને જ તેમણે આ રીતે ખરાબ રીતે ચિતરી નાખ્યું મને કોઈ વાંધો નથી પણ સંમેલનના ધુરંધરોને કેવું ખોટું લાગશે ? જો ગુરૂપૂજન ખરાબ હોત ને તો તો સંમેલનવાળાઓએ તે કરાવવાનો જ વિરોધ કર્યો હોત. પણ એવું ના કરતા ભગવાનના ખાતે જનાર ! પૈસાને પોતાની વૈયાવચ્ચના કામમાં લેવાનું લખ્યું છે એ જ નક્કિ કરી આપે છે કે ગુરૂપૂજન શાસ્ત્રસિદ્ધ અનુષ્ઠાન છે હવે હે મહાનુભાવ ! હું તને ૪૫ રૂા. ની કેરીવાળા પ્રસંગ માટે પ્રશ્નો પૂછું છું: તું એમની પાસે જઈને એના જવાબો માંગજે.

૧. ગુરૂપૂજનમાં ૪૫ રૂા. એક જ વ્યક્તિએ કયા કાળથી મૂકયા છે ? જવાબ દેજો.

૨. આચાર્ય મહારાજે સાધ્વીજીને ઠપકો અને પ્રાયશ્ચિત આપ્યા. પ્રાયશ્ચિત શેનું આપ્યું ? ગુરૂપૂજન કરાવ્યું તેનું દીધુ કે પછી ગુરૂપૂજનનું દ્રવ્ય દેવદ્રવ્ય ગણાય તે વૈયાવચ્ચમાં વાપરીને દેવદ્રવ્યનું ભક્ષણ કર્યુ તેનું દીધું કે પછી પૂરેપૂરા ૪૫ રૂા. એક જ દિવસમાં વાપરી નાંખ્યા એનું દીધું કે પછી આધાકર્મી દોષ લાગ્યાનું દીધું કે પછી બીજા કોઈ કારણે દીધું ? આના વિગતવાર ખુલાસા કરવા જ જોઈશે, તમારે.

૩. આ પ્રસંગ સંમેલન પહેલાનો છે કે પછીનો છે ?

૪. તમે નજરોનજર જોયો છે ? કે સાંભળ્યો છે કે ઉપજાવી કાઢેલો છે ? જવાબ દેવો જ પડશે.

૪૫ રૂા. વાળો આ પ્રસંગ તો ગુરૂપૂજનને ખરાબ નથી જણાવતો પણ ગુરૂપૂજન રકમ કે જે દેવદ્રવ્ય ગણાય છે તેને વૈયાવચ્ચની ગણવાની મેલી દાનત ઘુસાડવામાં આવી છે તેને જ ઉઘાડી પાડે છે. માટે ડાહ્યા થઈ ગુરૂપૂજનની રકમ વૈયાવચ્ચમાં વાપરવાના બૂમ - બરાડા પાડવા બંધ કરવા જેવા છે તેવું જ મને તો લાગે છે. દેવની રકમ દેવ જ પચાવી શકે ગુરૂ નહિ.

અરે ! ભદ્રંભદ્ર ! તમે તો લાલચોળ થઈ ગયા. શાંતિથી બોલો આ કંઈ આપણે ઝગડવા થોડા બેઠા છીએ ? જગાડવા બેઠા છીએ.

મિત્ર ! તારી વાત સાચી પણ જ્યારે જ્યારે ધર્મનો ધ્વંસ થતો દેખાય ત્યારે ત્યારે મારાથી પલાંઠી વાળીને બેસી શકાતું જ નથી. બેસી પણ ના શકાય. અને બેસાય પણ નહિ જ ને ? એક - એક વરસ સુધી હું શાંત બેસી રહ્યો છું. તે મારૂં મન જાણે છે કે તે વરસ મેં કેવુ વીતાવ્યું છે ? પાંડવોને અજ્ઞાતવાસ વીતાવવ સહેલો પડયો હશે પણ મે મૌન રાખીને એક વરસ વીતાવ્યું છે તે હું જાણું છું. (નોંધ : જો કે કોઈએ મને મૌન આપ્યુ હતુ કે મૌન રહેવા જણાવ્યુ હતુ કે મૌન માટ દબાણ કરેલું કે મૌન ન રાખવા બદલ કોઈ તરફથી કશો ડર બતાવવામાં આવેલો કે આવું આવુ કંઈ જ ન હતું. એમ હોય તો તમે કોઈ પણને પૂછી જો જો બસ. પણ મને લેખો લખવાનો સમય જ મલ્યો ન હતો માટે જ લખ્યા ન હતા. એક વરસનો વનવાસ એટલા માટે ગાળ્યો કે - વચ્ચે ગાયબ થઈએ તો કિંમત ડબલ વધે. પણ મારો આવો દુષ્ટ આશય હોવાના કારણે કિંમત તો વધતા વધશે. પણ મારી અપભ્રાજના થવાની શકયતા મને લાગી. મારી આબરૂનો મેં વીમો ઉતરાવ્યો ન હતો તેથી તે આબરૂ જવા દેવાનું જોખમ લેવાની મને જરૂર ન જણાતા છોનોમાનો ડાહ્યો - ડમરો થઈને પાછો આવી ગયો છું. મેં જો કે દરેક છાપાની ''ખોવાયા છે'' આ જાહેરાતો વાંચેલી હતી પણ મારૂ નામ જ કયાંય જોવામાં ન આવ્યું એટલે મારૂ નામેય જશે એવા ડરથી ફરી પાછા મેં પદાર્પણ કર્યા છે તે માત્ર તમારી જાણ માટે. મારા લેખો નહિ આવવા પાછળ ઘણા લોકો લાક્ષાગૃહમાં ખોટી રીતે બળી ગયેલા પાંડવોને જાણીને દુર્યોધન ખુશ થતો હતો તેમ પોતાના ગાલ ઉપર લાફો મારીને પોતાના ગાલ લાલ દેખાડવાના ભ્રમમ રાચતા મારા જોવામાં આવેલા. તંદુરસ્તીની લાલશ જ કોઈ ઓર હોય છે. એટલે વગર તંદુરસ્તીએ લાફા મારીને ગાલ લાલ જોવાના સુખમાં રાચતાં લોકોનું સુખ છીનવવું અજાુગતું લાગતું હતું. એટલે વરસ સુધી મૌન જ રાખવા વિચારેલું એટલે હક્કિત આ છે બાકી તમારે જે વિચારવું હોય, માનવું હોય તે માનજો. મારે શું ?)

એટલે સમજ્યોને મિત્ર કે મારૂ મૌન રહેવું હવે એક ક્ષણ પણ ચલાવી લેવાય તેવું નથી. ધર્મના માટે ફના થવા થનગનતા લોકોની આંખોમાં જ લાલાશ આવી શકે છે ધર્મને તજી જનારાઓ કદિ આંખ લાલ કરી નથી શકતા હમજ્યો.

એટલે હવે આપણી મૂળ વાત હતી ગુરૂપૂજનની એ તો બહુ સારી રીતે સાબિત થઈ જાય છે. ■

# ત્રિ-વેણી...

"શૌર્યવાણી"

**વહેણ : ૧ એક સંવેદના**

માખી ઝઝૂમે છે; મધ માટે. તો અન્તે મધ હાજર થઈને રહે છે. બસ ! તેમજ સાધક જો ઝઝૂમતો રહે; તો સિધ્ધિ તેને અચૂક ભેટીને રહે. સાધક એટલે મોક્ષનો આશક. સંયમનો ઉપાસક.

**વહેણ : ૨ એક ચિનગારી, ચિન્તનની.**

अस्मिन्नपारे संसारे, पारावारे शरीरिणाम्;

अवधिर्न हे दुःखानां यादसा मिव वारिधौ ॥ ० ॥

જળ જન્તુઓથી ઉભરાતા સાગરમાંથી જળચર જીવોની હકાલપટ્ટી કરી દેવી; જરીકેય સંભવિત નથી. હિલોળા ભરતા સાગરના એકેકા અવયવો સાથે તે સાગરી જળ - જન્તુઓ એવા તે સંકીર્ણ બની ગયા હોય છે; કે સાગર અને તેના જલચારીઓ; બેનું વિભાજન કદાપિ શકયજ ન બને.

હજી એ સંભવિત ગણાય; કે સાગરનું દહન થઈ જાય.

હજી એ સંભવિત ગણાય; કે સાગરનું મથન થઈ જાય.

હજી એ પણ સંભવિત લેખાય; કે સાગર પૂરેપૂરો શુષ્ક બની જાય.

અલબત્ ! સાગરમાં જીવનનિર્વાહ કરતા સાગરના જળચારીઓને સમુદ્રથી વિભકત કરી દેવાની તો કલ્પના પણ વહેતા વાયુમાં વિલય પામી જાય તેમ છે. જળચારી જીવજન્તુઓ અને જલરાશિ=જસમુદ્ર, બન્ને વચ્ચે અવિભાજ્ય કક્ષાના સંબંધનો સેતુ નિર્મિત બન્યો ગણાય.

સાગર, અથાગ પણ ખરો. અગાધ પણ ખરો, અતળ પણ ખરો અને અપરંપાર પણ ખરો. બેશક ! નોંધવું તો એ રહ્યું કે અથાગ ગણાતો પણ સાગર તેના પોતાના જ ભંતરી જળ - જન્તુઓ સામે થાકી જાય છે. 'અગાધ' શબ્દ દ્વારા ઠેર ઠેર વર્ણવાતો પણ સાગર; પોતાના જ અંગ પર જકડાયેલા જળ - જન્તુઓ સમક્ષ પોતાની અગાધતા ગુમાવી બેસે છે. અતળ જણાતો પણ સાગર, પોતાના જ અસ્તિત્વ પર તરાપ ભરી બેસેલા જળજન્તુઓ સામે તો જાણે સાવ નિર્બળ બની બેસે છે. અપરંપાર ગણાતો પણ સાગર તેના પોતાના દેહ પર ચોફેર વિખરાઈ પડેલા પેલા જળચારીઓ સમક્ષ હારી જાય છે.

- એ અગાધમાં જળ - જન્તુઓની કોઈ અવધિ નથી.
- એ અથાકના અંશે અંશ જળચારીઓથી ઉભરાઈ રહ્યા હોય છે.
- એ અપરંપારના લાખ્ખો હિલોળા પણ તેના જ પોતાના જળ - જન્તુઓ જેટલી સંખ્યાને આંબી શકવામાં સરીયામ વિફળ જાય છે.

હા ! અફસોસ ! બસ ! આ સંસાર પણ એક સાગર જ છે.

દુન્યવી સાગરો પાસે પરાજયના પાણી પીવડાવે તેવો અસંખ્ય - અગણ્ય - અનંત અને અમેય તો તેનો વિસ્તાર હોય છે.

હા ! તે અનંત છે. અનાદિ છે. અમેય છે. અવર્ણ્ય છે.

હા ! આ તેજ સંસારનો અથાગ; જે આપણા પૂરેપૂરા અસ્તિત્વ પર સવાર થઈ ચૂકયો છે. માઝા વળોટ્યાં આ સંસારના અગાધે વિશ્વવર્તી એકેકા પ્રાણીઓને જલશરણ કરી દીધાં. તેણે પોતાની સાત - સાત અનુલ્લંઘ્ય શી' પણ મર્યાદાઓ શીર્ણ - વિશીર્ણ કરી દીધી.

એકાદો પ્રાણી એવો નથી, કે જે સંસારસ્વરૂપ સમુદ્રના આ તાંડવમાં જલશરણ ન થયો હોય.

વધુ ક્રન્દન ની વાત તો એ રહી કે સંસારનો એ અનંતસાગર દુઃખ નામના જળજન્તુઓથી એવો તો ખદ્બદે છે; જેનું કલ્પના ચિત્ર પણ હૃદયને ક્રન્દન કરવાની ફરજ પાડે. અન્તરને મૃતપ્રાયઃ બનવાની ફરજ પાડે.

દુન્યવી સમુદ્રોમાં જેમ અસંખ્ય - અસંખ્ય જળચારીઓ ખદ્બદતા રહે બસ ! તેમજ સંસાર સાગરમાં પણ સદાકાળને માટે અસંખ્ય - અસંખ્ય દુઃખો ધૂમરાતા રહે.

હા ! હજીએ સંભવિત લેખાય, કે સંસારના અગાધનું જ શોષણ થઈ જાય, આત્મા, સિધ્ધાત્મા બની જાય. પછી સંસારમાં ઘૂ - ઘૂ - થતાં એકાદા દુઃખથી પણ તે પીડિત ન બને. અલબત્ત ! જે કોઈ પડ્યો છે, આ સંસારમાં; દુઃખોનો ઘૂઘવાટ તેની ખપ્પર ફાડી ને જ રહે છે.

- અનંતા અરિહન્તો થઈ ગયા. ભવિષ્યમાં પણ થશે.
- અનંતા સિધ્ધભગવન્તો થઈ ગયા. ભવિષ્યમાં પણ થશે.

મંજૂર ! પણ જ્યાં સુધી તે પરમેષ્ઠિઓ પણ સંસારના સાગરને આધીન હતાં.. ત્યાં સુધી તેમને પણ નિરવધિ દુઃખોનો બલિ' બનવું જ પડયું.

- જળ-જન્તુ વિનાના સાગરની કલ્પના નથી થઈ શકતી.
- દુઃખો વિનાના સંસારની પણ કલ્પના નથી થઈ શકતી.

યાતનાઓનું વિષચક્ર આ સંસારમાં સતત ઘૂમતું રહે છે. જુલ્મોની જંજીરો અહિ ચોફેર પથરાઈ પડી છે.

હો આત્મન્ ! સાંભળી લે એ કે તું પણ અનંત કાળથી યાતિત છે. પીડિત છે. ધૃણિત છે. અફસોસ ! પણ આ સંસારમાં તારી યાતનાનો કોઈ અન્ત નથી. તારી પીડાનો કોઈ પર્યન્ત નથી.

આસમાન નો કોઈ અન્ત નથી હોઈ શકતો.

પૃથ્વીની કોઈ અવધિ નથી બાંધી શકાતી.

વાયુને કોઈ સીમા નથી નડી શકતી.

બસ ! તેમજ આ સંસારમાં યાતનાઓ, દર્દો, દુઃખો, પીડાઓ અને વેદનાઓનો કોઈ સુમાર નથી સંભવી શકતો.

યાતનાઓથી ખદ્બદે છે. આ સંસાર.

વેદનાઓથી સળગી રહ્યો છે; આ સંસાર.

દર્દોથી ઉભરાઈ રહ્યો છે; આ સંસાર.

સ્નેહ કરવો તેને ? જે ભેટે છે તે સંસારને, તેના પાગલપનની પણ કોઈ અવધિ નથી.

× × × ×

'જૈનત્વ' નામનું મૂઠઠી ઉંચેરૂ ઝવેરાત કંઈ તેમને જન્મજાત ન હતું હસ્તગત બની ગયું. તેમનો જન્મ તો પૂર્વકૃત પાપોદયે એક એવા કુળમાં થયો તો; કે જે કુળને નીચકુળ પણ કહી શકાય.

નીચકુળ જેવા સમાન્તરકુળમાં ઉદ્દભવ પામેલી અને ઉદ્દભવ પામીને નીચતાના તે અનિચ્છનીય વાયુમાન વચ્ચેજ ઉછેર પામેલી પણ તે હસ્તીએ પોતાના જીવનની બરોબર મધવચાળે પરિવર્તનની એવી તો વાટ પકડી, કે જે પરિવર્તનની પુન્યવંતી વાટ પર ભગીરથ પુરુષાર્થ કરીને તેઓ જૈનત્વના મહામૂલા ઝવેરાતને પામીને રહ્યા.

તેઓનુ પુન્યનામ 'મોહનભાઈ' જેવા શબ્દ સંપુટમાં વસવાટ પામ્યુ તું.

તેઓનો જન્મ મોચી જ્ઞાતીના એક સામાન્ય ઘરમાં થયો તો. ગાંડા બાવળના કૂદકેને ભૂસકે વધતા પ્રસારની જેમ જ તેમના જીવતરની કેટલીય પળો, વૃત્તિ - પ્રવૃત્તિઓનો નિરંકુશ વ્યાપ વધારતી વધારતી વહી ચૂકી હતી.

સત્સંસ્કરણ અને સત્સિંચનનો કાળઝાળ દુષ્કાળ આ મોહનભાઈની જીવન ભોમકાને અત્યાર સુધી તો ભારે સંતપ્ત કરતો રહ્યો.

હા ! સુમારે તેઓ જીવન ગગનના મધ્યાહ્ને ઝળુંબી રહ્યાં હશે અને ત્યારેજ તેમની ભીતરમાં છૂપાયેલી પુણ્યવતી પાત્રતાઓ એકી સાથે ઉદય પામી તેમનો અણથક ગતિએ દોડતો જીવનરથ પરિવર્તનના એક કેન્દ્ર પર આવી ઉભો.

ભાવનગર - ગોહિલવાડની ધરા પર વસેલા ગઢડાના તેઓ વતની હતા. મા - ભોમ ગઢડામાં એક વર્ષે એક વિદ્વાન જૈન મુનિનું ચાતુર્માસાર્થે શુભનવન્તુ આગમન થયું. આગન્તુક મુનિના ચારિત્ર્ય સમેતના સમ્યગ્જ્ઞાનની છાયા ગઢડા સંઘ પર ઘેઘૂર વડલાની જેમ પથરાઈ ગઈ.

અનેકવિધ આરાધનાઓ સાથે નિયમિત ચાલતા પ્રવચનોએ સ્થાનિક લોકતંત્રનું ચેતના તંત્ર ઢંઢોળી નાંખ્યુ. બસ ! વિદ્વાન જૈનમુનિની તે ખળખળ વહેતી પ્રવચન ગંગામાં જૈન મિત્રોના સથવારે મોહનભાઈ પણ તણાતા રહ્યા. અને સાચ્ચેજ, પ્રવચનની આ ગંગાએ તેમના જીવનના પાતકોનું પ્રક્ષાલન પણ કરી દેખાડ્યું.

દુન્યવી ગંગા, કદાચિત્ દેહમળના પ્રક્ષાલનમાં પણ વામણી પૂરવાર થતી હશે, અલબત્ત ! જિનવાણીની ગંગા તો પતિતોના પણ પાતકને પખાળી દે છે. એ છે તેનો અજીબ પ્રભાવ !

પ્રવચનોથી પ્રભાવિત થયેલા અને પ્રવચનોના માધ્યમે વિશ્વમહાન્ શ્રી જૈનધર્મ પ્રતિ અહોભાવિત બનેલા તે મોહનભાઈએ બહુંજ સાંકળા સમયમાં પોતાના જીવનરથને લાવી ઉભા આ પરિવર્તનના કેન્દ્ર પર બરોબરનો વાળી દીધો.

તેઓ નખશિખ જૈન બન્યાં. તેજ વર્ષે તેમણે મૃત્યંજય (માસક્ષમણ) તપની ભીષ્મ આદરણા કરી. તેમના પત્ની પણ પતિના માર્ગે આગેકદમ ભરતા રહી જૈનત્વને સ્વીકારી બેઠા. તેમણે પણ તેજ વર્ષે ૧૬ - ૧૬ ઉપવાસની આરાધના કરી.

પર્યુષણના આઠે દિવસ ઉભય દમ્પતિ; સંસારથી નિવૃત્તિ લઈ જૈનધર્મને નિકટથી માણવા- પીછાણવા સંઘની પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહ્યા.

હા ! ગુણવન્તા જૈન સંઘે પણ આ આદર્શ દંપતિને સ્નેહથી વધાવ્યા. જૈન સંઘમાં સમાવ્યા અને એક વિશાળ ધર્મયાત્રાનું આયોજન કરી તેઓને સત્કાર્યા પણ ખરા.

આ બાદ તો શ્રી મોહનભાઈ અને તેઓના શ્રીમતીએ સજોડે વ્રત સ્વીકાર પણ કર્યો. મોચી તરીકેના પોતાના વારસાગત વ્યવસાયને તિલાંજલી સમર્પી તેમણે વણિગ્પણાનો પૂરેપૂરો સ્વીકાર કરી લીધો.

સબૂર ! તેમના જીવનમાં નોંધાયેલા પરિવર્તનની પરાકાષ્ઠાતો ત્યારે રચાઈ ગઈ જ્યારે ઉભય નવોદિત જૈન દંપતિએ યાવજ્જીવના 'અમૈથુન' (બ્રહ્મચર્ય) વ્રત નો ઉચ્ચાર કર્યો. .

જિનવાણીની ગંગાએ તેમના તન - મન જીવન ઉજાળી દીધા.

...જિનવાણીની ગંગાએ તેમના જન્મોજન્મના પાતક પખાળી દીધા...

... જિનવાણીએ સાચેજ તેમના જીવનપટ પર સંમોહની' પાથરી દીધી. બોલો ! કાં ન કહેવાય કે જિનવાણી જ સાચ્ચી સંમોહની ગણાય ...?

■ ■ ■

# પ્રવચનના પડઘા

- સંસાર એ પુન્યનું મન્દિર છે. જ્યારે ધર્મ એ પાત્રતા અને પુરુષાર્થનું મન્દિર છે. પુણ્યની ઈંટે ચણાયેલા સંસારમાં વ્યકિતનો પુરુષાર્થ કયારેય પણ પ્રધાન બની શકતો નથી. અને પુરુષાર્થનો બલિ માંગતા ધર્મમાં વ્યકિતનું પુણ્ય કયારેય પણ પ્રધાન બની શકતુ નથી.

- સંસાર એ પુન્યનુ ક્ષેત્ર છે. ધર્મ એ પુરુષાર્થનું ક્ષેત્ર છે. હા અફસોસ ! પણ પુન્યના પાયા પર નિર્ભર બનેલા સંસારમાં આપણે પુરુષાર્થને પ્રાધાન્ય આપી દીધુ અને પુરુષાર્થના પાયા પર જીવન્ત રહેતા ધર્મમાં આપણે પુન્યનો જવાબ પ્રતિષ્ઠિત કરી દીધો.

- સંસાર પુન્ય દ્વારાજ સમૃદ્ધ બને. જ્યારે ધર્મ પુરુષાર્થથી જ સમૃદ્ધ બની શકે. સંસારના ક્ષેત્રમાં પુરુષાર્થની પ્રતિષ્ઠા કરી દેવી અને ધર્મના ક્ષેત્રોમાં પુન્યની પ્રતિષ્ઠા કરી દેવી; એ આકાશમાં શીર્ષાસન કરવા બરાબર ગણાય.

- સમૃદ્ધિ અચૂક મારક ગણાય. અલબત્ત ! સમૃદ્ધિમાં થઈ જતી ગૃદ્ધિએ એથીય સો ગણી મારક કહેવાય. જિનાજ્ઞા જો હૈયે જડાઈ ગઈ હોય તો દોમ-દોમ ઉછળતી સમૃદ્ધિ પણ સંકટકારિણી લાગ્યા વિના ન રહે.

સ્પષ્ટતા : પોસ્ટખાતાની ટેકનીકલ બાબતે ગયો અંક ૧૨+૧૩ હોવા છતાં પણ નંબર ૧૩ છાપેલ તો તે અંકને ૧૨+૧૩ સમજવો.

- તંત્રીશ્રી

# સમાચાર સાર........ સમાચાર સાર........

## શાસનનો ડંકો વાગ્યો રે...

રાજનગરે નારણપૂરા અંકુર મધ્યે પ. પૂ. પાદ વર્ધમાન તપોનિધિ, શાસન પ્રભાવક જૈનાચાર્ય દેવ શ્રીમદ્વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. ની શુભંકરી નિશ્રામાં શ્રી દશવિધ યતિધર્મ તપમાં ૧૩૨ ભાવિકો જોડાયા છે. શ્રી સીમંધર સ્વામિના ૫૩ અઠ્ઠમ થયા. તપ શ્રા. સુ. ૮ ના પૂર્ણ થયો. સંઘના ઉપક્રમે સાંજના બિયાસણા તેમજ સામુદાયિક પારણા પણ થયેલ.

શ્રા. સુદ ૫ ના પાવન દિવસે ચાંદલોડિયા શેરીસા તીર્થ હાઈવે પર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ. નું શ્રી સંઘનું ચૈત્યગૃહની પ્રતિષ્ઠા નિમિત્તે પૂ. શ્રી નું ભવ્ય સામૈયુ થયેલ. સવારે ૮ કલાકે પાટલાપૂજન પરિકરની અંજનવિધિ તેમજ પ્રતિષ્ઠા અઢાર અભિષેક, પંચકલ્યાણક પૂજા, રાત્રે ભાવનાદિ થયેલ. સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય ઉલ્લાસભેર વિધિવત્ થયેલ જેમાં ૫૦૦ ભાવિકો પધારેલ દરેકને ૫ રૂા. સંઘપૂજન થયેલ લાડવાની પ્રભાવના પણ થયેલ.

પ્રતિષ્ઠાની ઉપજ, સાધારણ ખાતા, ભાતા ખાતાની ટીપ અનુમોદનીય થયેલ.

શ્રાવણ સુદ ૬ અંકુરથી સવારે ૮ કલાકે ધાતુના પ્રભુજી સાથે મંગલમૂર્તિ એપાર્ટમેન્ટમાં સામૈયા સહ પૂ. શ્રી પધારેલ સીમંધર સ્વામી, મહાવીર સ્વામી (પાષાણના), શાંતિનાથ, વાસુપૂજ્ય સ્વામી (પંચધાતુના) પ્રતિષ્ઠા ઉત્સાહ સાથે થયેલ અજિતભાઈ અને શારદાબેનના ઘેર સંઘપૂજન થયેલ પ્રતિષ્ઠા બાદ લાડવાની પ્રભાવના થયેલ તથા સંઘના ૨૦૦ ઘર દીઠ ૫૦૦ ગ્રામ મિઠાઈના પડીકા સાથે પૂ. શ્રી ની ૩ પુસ્તકો લ્હાણી થયેલ. પ્રતિષ્ઠા નિમિત્તે અઠ્ઠમ કરનારને ૫૧ રૂા. આયંબિલ કરનારને ૩૧ રૂા. પ્રભાવના થયેલ પૂ. શ્રીની નિશ્રામાં મહોત્સવ સારામાં સારી રીતે ઉજવાયો છે. ત્યાં બિરાજમાન પૂ. સા. શ્રી અમિતગુણાશ્રીજી મ. બેનોમાં સારી જાગૃતિ લાવી છે. પૂ. સા. શ્રી બાલ શિષ્યા પૂ. સા. શ્રી જિનદીક્ષિતાશ્રીજી (ઉ. ૧૧) મ. ના વર્ધમાન તપ પાયાના પૂર્ણાહુતિ નિમિત્તે ચૈત્યપરિપાટી સહ પૂ. શ્રી ના શ્રી મહેન્દ્રભાઈને પગલા માંગલિક સાધર્મિક ભક્તિ આદિ થયેલ.

પૂ. પાદ શાસન સમ્રાટ આ. શ્રી વિજય રામચન્દ્ર સૂ. મ. ની ૯મી સ્વર્ગતિથિ નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવ ગુણાનુવાદ થયેલ. તદ્નિમિત્તે ૧૦૦ આયંબિલ દરેકને ૧૦ રૂા. ની પ્રભાવના આખ્યાનમાં ૨૦ રૂા. પ્રભાવના થયેલ પાઠશાળાના બાળકો રત્નાકર પચ્ચીશી, ગુરૂગુણસ્તુતિ મોઢે કરનારને ૧૧ રૂા. પ્રભાવનાની જાહેર કરેલ છે. ગામ પૂ. શ્રી ની પાવન નિશ્રામાં શાસન પ્રભાવનાની હારમાળા સર્જાઈ રહી છે.

**મદુરાઈ (તામિલનાડુ)** - અત્રે પૂ. મુ. શ્રી પ્રશાંતરત્ન વિજયજી મ. નું પ્રથમ જ ચાતુર્માસ થતા ૩૦૦ તપસ્યા એ થઈ સ્વપ્ન બોલી આદિ અદ્ભુત થઈ.

**પુના** - બિલવેલાડીમાં પૂ. મુ. શ્રી પુણ્યોદય વિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણ આરાધના આદિની અનુમોદનાર્થે કા. સુ. ૬ થી કા. સુ. ૧૦ સુધી ૧૨ છોડના ઉજમણા સહિત પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો.

ઉત્સવમાં મણિભદ્રવીર પૂજન રાખેલ તે સિદ્ધાંત અને સમુદાયની પ્રણાલિકાને અનુરૂપ નથી.

**પાલીતાણા** — અત્રે પૂ. આ. શ્રી વિજય રવિપ્રભ સૂ. મ. આદિની નિશ્રામાં પૂ. સા. શ્રી વિમલપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી જ્યોતિપ્રભાશ્રીજી મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે રત્નત્રયી આરાધના ધામમાં કા. વદ ૧ - ૨ - ૩, ત્રણ દિવસ શ્રી અર્હત પૂજન રૂપ મહોત્સવ ઉજવાયો.

**ભાભર** - અત્રે પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ. સૂરિમંત્ર મંત્રપ્રસ્થાન આરાધના નિમિત્તે જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનું ભવ્ય આયોજન થયું.

**શાસ્ત્રીય જૈન પંચાંગ મફત મંગાવો**

રાષ્ટ્રભાષા હિન્દીમાં સર્વજ્ઞશાસન પ્રકાશન કાર્યાલય, ૬૨/૬૮, વિઠ્ઠલ વાડી ૧લા માળે, મુંબઈ ૨ તરફથી કારતક સુદ ૧ તા. ૨૯-૧૦-૨૦૦૦ થી દોઢ વર્ષનું પંચાંગ બે રુપિયાની ડાક ટીકીટ મોકલી મંગાવવા વિનંતી. આ પંચાંગમાં શાસ્ત્રાનુસારી સકલસંઘ માન્ય જન્મભૂમિ પંચાંગ અનુસારે ઉધ્યાયામિ ક્ષયેપૂર્વાના નિયમનુસાર પી. એલ. વૈદ્ય પત્ર નિર્ણયના અનુસારે આ પંચાંગ છે. (આમાં શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. ની માન્યતાનો સમાવેશ છે.) વધુમાં સ્થાપનાજી ચૌઘડિયા પચ્ચક્ખાણ સમય કોઠો, પચ્ચક્ખાણના પાઠો, ૨૪ ભગવાનના કલ્યાણકો પણ આપેલા છે.

सकलवांछित दातारं मोक्षदातारं विघ्नविनेतारं श्री नेमिनाथजिनेश्वरं नमामः
परमोपकारश्री आत्म - कमल - वीर - दान - प्रेम - रामचन्द्र - मुक्तिचन्द्र - महोदय -
जयकुंजर - मुक्तिप्रभसूरि - सद्‌गुरुभ्यो नमः

**दक्षिणना गिरनारशा श्री गोकाक नगरनी धन्यधरा परः**

# अंजनशलाका - प्रतिष्ठा - महामहोत्सव

यदुकुलतिलक **देवाधिदेव श्री नेमिनाथ स्वामीना भव्य प्राचिन ४५"** प्रतिमानी नवनिर्मित जिनप्रासादमां प्रतिष्ठा अने **श्री वासुपूज्य स्वामी** आदि नूतन जिनबिंबोनी अंजनशलाका ना भव्य महोत्सवमां भारतभरना श्री संघोने सादर निमंत्रण साथे पोताना नूतन जिनबिंबोनी अंजनशलाका माटे पधरावबा सबहुमान विनंति छे ।

*** धर्म प्रभावक साम्राज्य ***

जैन शासनना ज्योतिर्धर सकल संघ हितचिंतक महाराष्ट्र देशोद्धारक
संघ स्थवीर परमाराध्यपाद परमगुरुदेव
आचार्यदेवेश **श्रीमद विजय रामचन्द्रसूरीश्वरजी महाराजा** साहेब

*** पावन निश्रा ***

पूज्यपाद प्रसिद्ध प्रवचनकार आचार्यदेव श्रीमद
**विजय श्रेयांसप्रभसूरीश्वरजी महाराजा**

*** मंगल प्रसंग ***

वैक्रमीय संवत् २०५७ चैत्र कृष्णा १३ थी वैशाख सुद ७
शनिवार थी सोमवार ता. २१-४-२००१ थी ३०-४-२००१

*** नम्र सूचन ***

अंजनशलाकामां पधारववाना प्रतिमाजी
चैत्र वद १० ता. १८ अेप्रिल २००१ सुधीमां पधरावी
जवा अने वैशाख सुद १० सुधीमां बहुमान पूर्वक
आपना स्थाने पधारावबा लई जवा विनंती ।

*** निमंत्रक ***

**श्री नेमिनाथ जैन श्वे. मू. संघ - गोकाक (कर्णाटक) - ५९१३०७.**
टेलीफोन : C/o. शा. पुनमचंद नवाजी - २५१४६ - २६७४६

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

# પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂ. મ. સા.

- દેવ - ગુરુ અને ધર્મને કલંક આપનાર કદિ ધર્મ પામ્યા નથી અને પામવાના ય નથી.
- સાચો વિરાગ આવ્યા વિના મોક્ષ સુખનો અનુભવ થવાનો નથી. સાચો વિરાગ આવવા માટે સંસારના સુખ ઉપર ભારોભાર દ્વેષ જરૂરી છે. આ એક એવો કોયડો છે જે ઉકેલ્યા વિના છૂટકો નથી.
- હોંશિયારી તે ગુનો નથી પણ હોંશિયારીનો દૂરૂપયોગ કરવો તે ગુનો છે.
- આત્માનું હિત થાય તેમ જીવવું પણ આત્માનું અહિત થાય તેમ ન જીવવું તેનું નામ આત્માનો પ્રેમ !
- નીતિને સળગાવી મૂકે અને અનિતિની જાહોજલાલી કરે તે બુદ્ધિવાદ કહેવાય કે દુર્બુદ્ધિવાદ કહેવાય ?
- શ્રી નવકારમંત્ર ગણે અને સંસારમાં લહેર કરે, ધર્મ થાય તો કરે નહિ તો મૂકી દે તેના માટે સંસાર ભયંકર છે.
- આ સંસારના સ્વાર્થ માટે શ્રી નવકાર મંત્ર ગણે તેને તે ફળે નહિ, પણ ફૂટી નીકળે, તેના માટે શ્રી નવકાર મંત્ર નકામો છે, કામનો નથી.
- શ્રી નવકાર મહામંત્રમાં જેમનું સ્થાન છે તેવા શ્રી અરિહંત પરમાત્માઓ અને શ્રી સિદ્ધ પરમાત્માઓ મોક્ષે ગયા છે, શ્રી આચાર્ય - ઉપાધ્યાય અને સાધુ ભગવંતો મોક્ષે જ જવા મહેનત કરે છે. તેથી તે પાંચ જ જગતમાં પૂજ્ય છે, તે પાંચ જ નમસ્કાર કરવા યોગ્ય છે, સેવવા યોગ્ય છે આમ જેના હૈયામાં હોય તેવો જીવન જ શ્રી નવકાર મહામંત્રનો પૂજારી છે.
- ભોગને રોગની માફક ભોગવે તેનું નામ ધર્માત્મા !
- મોક્ષના પ્રેમીને સંસાર છોડવા જેવો જ લાગે, સુખ ઝેર કરતાં ય ભયંકર લાગે, દુઃખ અમૃત જેવું લાગે.
- જેને દુઃખ નથી ગમતુ અને સુખ જ ગમે છે તે શ્રી નવકાર મહામંત્ર ગણનારો હોય તો પણ તેને માનનારો નથી. તે સિદ્ધિપદે જવા માટે નહિ પણ સારી રીતે સંસાર ખેલવા શ્રી નવકાર મહામંત્ર ગણે છે.
- લોકવિરોધના નામે, માનપાન જાળવી રાખવા માટે સત્યનું ખૂન થવા દેવું એ આત્માનું જ ખૂન કરવા બરાબર છે.
- અત્યારે તો ધર્મ કરવો એટલે જાણે બેવકૂફમાં ખપવું !! શાસ્ત્ર પર શ્રદ્ધા રાખવી એટલે અંધશ્રદ્ધાળુ ગણાવવું !!! શાસ્ત્રાનુસાર વર્તન કરવું એટલે ભેડના ટોળામાં ઊંધું જોઈ ચાલનારા ગણાવવું !!!! અને જિનપૂજાદિમાં દ્રવ્યવ્યય કરવો એટલે ધનનો ધૂમાડો કર્યો એમ સાંભળવું !!!!!
- પોતે ગ્રહણ કરેલી ધર્મપ્રતિજ્ઞાઓના ભોગે પરોપકાર કરવાની વાતને શ્રી જૈન શાસનના રહસ્ય જ્ઞાતા ઓએ લેશ પણ મચક આપી નથી, પરંતુ પોતે ગ્રહણ કરેલી ધર્મપ્રતિજ્ઞાઓને શરીર નાશથી પણ પરવા કય વિના જ વળગી રહેવાનું સાચા તત્ત્વજ્ઞ મહાપુરૂષોએ ફરમાવ્યું છે.
- સાધુ બન્યા બાદ જેઓ ગુરૂકુલ - વાસના સેવનપૂર્વક મોક્ષમાર્ગનો અભ્યાસ નથી કરતા, સદ્ગુરૂની આજ્ઞા વિના ઉપદેશક બની બેસે છે અને લોકપ્રશંસાના લોભી બની બેસે છે તેઓ મોક્ષમાર્ગના શત્રુ બનવાની ઈચ્છા નહિ હોવા છતાં પણ, માર્ગના રહસ્યથી અજ્ઞાત હોવાના કારણે અને સ્વચ્છંદતાના પ્રતાપે, મોક્ષમાર્ગના શત્રુ બની જાય એ તદ્દન સહજ છે.
- અનંતા શ્રી અરિહંત પરમાત્માઓએ આ સંસારને ભૂંડો જ કહ્યો છે. જે સાધુ ધર્મદેશના આપે તે પહેલાં સંસારને ભૂંડો કહેવો જ જોઈએ તે પછી જ ધર્મની વાત કરાય. અનંતજ્ઞાનીઓએ કહ્યું છે કે- સંસાર ભૂંડો સમજાવ્યા વિના પહેલેથી ધર્મની વાત કરે છે, લોકોને ધર્મહીન કરનાર છે. સંસાર ભૂંડો ન કહે ન સમજાવે તે સાધુ સાધુ નથી. સંસારને સારો કહે તે મહામૃષ વાદી છે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

6035
Received
1/1/2001

# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

## અઠવાડિક

વર્ષ ૧૩ | અંક ૧૭

## જગતમાતા - જીવદયા જ

भवजलधितरणिर्दुःख
महापर्वतविभेदनेऽशनिः ।
मनोवाञ्छतार्थकरणी
जीवदयैवैका जगज्जननी ॥
(શ્રી વર્ધમાન દેશના શ્લો.- ૩૯૫)

ભવરૂપી સમુદ્રને તરવા માટે નાવ - જહાજ સમાન, દુઃખ રૂપી મોટા પર્વતને ભેદવા માટે વજ્ર સમાન મનોવાંછિત અર્થોને પમાડનારી જગતની માતા એક જીવદયા જ છે.

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

સંપ્રતીના શ્લોકો એક દર્દીનું દર્દ ઉચ્ચારે છે...

# સમતાનું સિંચન : "જૈન પ્રવચન"

અબજો તરસ્યા માનવીઓની જીભો સર્વાનુમતે એ પંક્તિ ગા રહી છે કે સરોવર - સરિતાના પાણી ઉકળતી આતરડીને ટા ક અર્પે છે... તૃષાતુર કંઠનો વિશ્રામ તે શીતળ જલ બને છે. એ એક અંતરનો 'આરામ' બનવાનુ બળ; તે શીતળ જળમાં વ વાટ કરે છે. આ એક સર્વસ્વીકાર્ય કથન છે.

તો... આગ કે એસિડથી દાઝેલા હજારો માનવોનો તે આ ર્તનાદ અન્તરના કર્ણને આમળી રહ્યો છે- સંભળાવી રહ્યો છે, કે જ મ ભરેલી ચામડીના દાહ - વિકારને તો અત્યન્ત શાન્ત ચં નના વિલેપનો જ સહાય કરી શકે છે.

દાહ - દાઝયાનો આતોષ તો શીતળ ચંદન જ મેળવી શકે છે. હા ! પણ સબૂર ! જલ અને ચન્દનની શીતળતા - તો ત્યાં સા પાણી ભરે છે... કે જ્યાં વિષયોના વૈશ્વાનલમાં ખાખ થઈ ગ લા પામર નરો પણ ઝપાટાબન્ધ પલ્લવિત બનતા હોય...

એ મહાન પદાર્થનું નામ છે... પ્રવચન.. જે જીભની તરસને વી ા નાખી અનાદિથી કકળતી જીગરની અણબૂઝ તૃષા પર અ તનો અનરાધાર વરસાવે છે...

જે ચામડીની દાઝને ભેદી નાખી દુરાચારી - વિકારો - વે નસ્યોના વાડવમાં ભસ્મસાત્ થયેલા આત્માના અણુ - અણુને લ કારે છે.

આ પ્રવચન જેવી શકિત વિશ્વમાં અન્ય કોઈ નથી હોતી.. એ ા પ્રભાવ અપ્રતિસ્પર્ધનીય હોય છે.. કારણ કે પ્રવચનના શબ્દો સૂ લા - પોઢેલા આત્માને ઢંઢોળે છે. આ પ્રવચનનું બળ - ચ નના લાખ્ખો વિલેપનો કરતાં ય અધિક માનવામાં કોઈ અ રેક નથી થતો...

સીતમોમાં સપડાયેલા જનસમુદાયની જેવી પરિચર્યા વિશ્વની મ ટર મેડિકલ સ્ટ્રેન્થ કરી શકે છે, તે કરતાં કરોડ ગણી અધિક પ ચર્યા આ પ્રવચન કરી બતાવે છે... તે ય આધ્યાત્મિકના અમોઘ સ નો દ્વારા...

આ પ્રવચન પીડિતને પણ પુષ્ટ બનાવે છે. હા ! પ્રવચનનું આ માહાત્મ્ય જરૂર સાચુ છે... અલબત્ત ! શરત એક જ, કે તેવો વે પ્રવચક હોવો જોઈએ...

વિક્રમની ૧૯ તથા ૨૦ મી શતાબ્દીઓમાં આવા જ એક અ વ આધ્યાત્મિક ઉદ્‌બોધક અવતરી ગયા... જેમનું પવિત્ર શુ ાભિધાન હતુ... વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ...

એ ભીષ્મ પુરુષના પ્રવચનનો જાદુ જળ અને ચન્દનની સ ઓને ય સફળ પડકાર ફેંકી શકતો... એટલું જ નહિ તે પ્રાવચનિક જ ગરે કંઈ કેટલાંય ખૂનીઓને મુનિ સુધીની કક્ષાના મુસાફીર બ વ્યા... કંઈ કેટલાં ય ઝનૂનીઓને ઝરણાં જેવા શાન્ત કર્યા...

અરે ! આ અમોઘ પ્રાવચનિક ચમત્કાર... તેના પ્રણેતા શ્રી મદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજમાં તો નિવસનો હશે જ.

અલબત્ત ! અધિકતમ તેનો વસવાટ, તે અધ્યાત્મના જાદુગરના વચનોને વાંચનથાળ સ્વરૂપે રજુ થત "શ્રી જૈન પ્રવચન" માં થયો હતો... જે "જૈન પ્રવચન" એ ક સાપ્તાહિક સામાયિક પત્ર હતું...

બસ ! પ્રસ્તુત દન્તકથાની સત્યતા સમજાવ , એક સબૂત એટલે જ શ્રી રમેશકુમાર...!

જીવન તેમનું જાણવા જેવું છે... તો મૃત્યુ તેમ માંગવા જેવું છે...

મોહમયી મુંબઈ નગરી...

પચરંગી પ્રજાની તે સિટિ... સાગરના તટે ઉછળકૂદ કરે છે... નદીના વિરાટ પ્રવાહો પણ જેમ અન્તે સા રમાં સંલગ્ન બની જાય... બસ ! દશે દિશાના વિશાળ જનપ્રવા મુંબઈ તરફ તેમ ખેંચાતા રહ્યા છે... વરસોના વરસોથી... યુગો ા યુગોથી...

એ જ પ્રવાહમાં તણાઈને ગુજરાતના ગામડામ ઉછરેલું એક કુટુંબ મુંબઈ જઈ વસ્યું...

સાંસારિક દ્રષ્ટિએ તે સ્વસ્થ હતું... ઐહિક એષણાઓનો આધાર નોંધાર તો નહોતો જ... વ્હાલસોયા પુત્રોન માવતર ખુશ હતી... માતા-પિતા ને બે સંતાનો.. બન્ને બંધુઓ વચ્ચે 'રામ-લખન' જેવી જુગલબંધી હતી. આ નાનકડું ટુંબ ધર્મ પ્રતિ અલ્પ અને ધન પ્રતિ અધિક પ્રયાસશીલ હતું.

બે બન્ધુઓ પૈકી નાનાભાઈનું નામ હતું શ્રી મેશકુમાર... રમેશકુમાર... મુંબઈના મોહક વાતાવરણથી ભીં ગયા સુખોના સોનેરી અરમાનો અને સ્વપ્નોના બહુમાળી ટ્રક્ચરો તેણે અત્યારથી જ ચણી રાખ્યા હતા. એય નાની - ની સંખ્યામાં નહીં. જે સ્વપ્નો જ તેના જીવનનો સંકલ્પ બની બેઠ હતા. શ્રીયુત રમેશકુમારની સાધના વર્તમાનમાં તો માત્ર સુખના સ કલ્પને સાકાર કરવાનો મનસૂબો વ્યક્ત કરતી.

શરીર ઢંઢોળાતા સ્વપ્નનું જેમ સમાપન થઈ જ ય... ને કેમ તે સોનેરી પણ હોય ! બસ ! તેમજ દુષ્કર્મના વિ ાકો જાગરણ પામતાં શરીર - સત્તા - સુખનો કુંભ પણ ઢોળાય વિના નથી રહેતો. દુર્દૈવ જોગ કહેવો પડે તેને... રમેશકુમારના જીવનનો કુંભ અડધેરી જાત્રાએ જ તળીયા જોવડાવા લાગ્યો.

રમેશકુમાર... કુંપળ ફૂટતી તેની તારુણી... પણ... એક ભયાનક - ભયાવહ રોગનો તે શિકાર બન્યો. મેશનું શરીર અસ્વસ્થ બન્યું... તેની તારુણી કરમાવા લાગી.. તેનું માનસ મૂરઝાવા માંડયું...

તે દુર્દાન્ત રોગનું નામ : ક્ષય રોગ ! તે જમા ામાં ક્ષયરોગ અસાધ્ય જ ગણાતો... તે રોગ પાછો અસહ્ય બનતો ... તેમાં

અનુસંધાન ટાઈટલ ૩

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

# જૈન શાસન
## (અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ માગશર વદ ૯ મંગળવાર તા. ૧૯-૧૨-૨૦૦૦ (અંક : ૧૬/૧૭

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૬૦૦૦

# સદ્‌ભાવ વિનાનો સદ્‌ભાવ

જે જીવો સંસારની અસારતા સમજે છે અને ભવની ભ્રમણાને ઓળખે છે તેમને આ સંસારમાં ક્યાંય રહેવા જેવું લાગતું નથી. તેમને સદ્‌ભાવ પેદા થાય છે અને તેમનો સદ્‌ભાવ સદ્‌ભાવ સહિતનો બની જાય છે. મોક્ષાભિલાષી જીવોનો તે ગુણ છે કોશ્યા વેશ્યાએ જ્યારે સ્થૂલિભદ્રને રીઝવવા અપાર પ્રયત્ન કર્યા ત્યારે તેને સંસારની અસારતાનો ખ્યાલ ન હતો તેથી તેનો સ્થૂલિભદ્ર પ્રત્યનો સદ્‌ભાવ કેવો હતો ? સદ્‌ભાવ વિનાનો સદ્‌ભાવ હતો પરંતુ જ્યારે તેને ભવની અસારતા સમજાઈ અને સ્થૂલિભદ્ર પાસે ધર્મ સમજી શ્રાવિકા બની ત્યારે તેનામાં સદ્‌ભાવ સહિતનો સદ્‌ભાવ પેદા થઈ ગયો હતો.

અસદ્‌ભાવ સહિતનો સદ્‌ભાવ અને અસદ્‌ભાવ વિનાનો સદ્‌ભાવ પણ જાણવા જેવો છે. વિનયરત્ન મુનિ થયો રાજાને મારવા માટે આચાર્ય મહારાજનો પરમ ભક્ત બની ગયો. રાજાને પૌષધ માટે આચાર્ય મહારાજ જતાં તે સાથે ગયો અને રાત્રે રાજાનું કાસળ કાઢી નાંખ્યું. આ અસદ્‌ભાવ સહિતના સદ્‌ભાવે સ્વ અને પરના ભવ દુઃખને પેદા કર્યો. જ્યારે જીવને ઊંડી સમજ નથી હોતી પરંતુ પરમાત્મા પ્રત્યે ત્યાગીઓ પ્રત્યે, ધર્મ પ્રત્યે, ધર્મી પ્રત્યે તેમણે અસદ્‌ભાવ વિનાનો સદ્‌ભાવ હોય છે ત્યારે ધર્મ સન્મુખ બને છે. અને યોગ્યતા પ્રાપ્ત થાય છે. સારો યોગ મળતાં તેનામાં સદ્‌ભાવ સહિતનો સદ્‌ભાવ પેદા થાય છે.

રાજગૃહી નગરીનો ભીખારી ભોજન માટે સાધુને વિનંતી કરે છે. પૂ. આચાર્ય મહારાજ પાસે આવે છે જ્ઞાની ગુરુદેવે જ્ઞાનથી તેનું હિત જાણી દીક્ષા આપે છે. અતિભોજનથી પીડાય છે. ત્યારે શ્રાવકો, શેઠીયાઓ અને સાધુઓ તેની સેવા કરે છે. તે જોઈ વિચાર આવ્યો કે હું તો ભીખારી હતો પણ સંયમના પ્રભાવે આ બધા સેવા કરે છે તેનામાં અસદ્‌ભાવ વગરનો સદ્‌ભાવ હતો પણ હવે સદ્‌ભાવ સહિતનો સદ્‌ભાવ પેદા થયો તે મરીને સંપ્રતિ રાજા બને છે અને પૃથ્વીને જૈન મંદિરથી અને જૈન ધર્મથી વિભૂષિત કરે છે.

આજે વિદ્યમાન શ્રમણ સંઘમાં આ સદ્‌ભાવ અને અસદ્‌ભાવ પૂર્વકના સદ્‌ભાવને પેદા કરાવવાની જરૂર છે. રાજકારણ માફક બોલવાના જુદા અને હૈયાના જુદા એ શ્રી જૈન સંઘ માટે ઘણુંજ પાછા પડવાનું સાધન બને છે. રાજકારણની જેમ આડંબરો કરવો; એક બીજાને ફસાવવા કે પાડી દેવા, રમત રમવી કદાગ્રહથી શાસન હિતની, સંયમ હિતની વાર્તાની ઉપેક્ષા કરવી. અને શાસન અને સંયમને હાની કરે તેવી વાર્તાને આગળ કરવી, અનુમોદન આપવું. આંખ આડા કાન કરવા વિ. એ જૈન સંઘને, જૈન શાસનને, જૈન શાસનના સત્યોને હીનતા અપાવી છે.

'મિયા બિબી રાજી ક્યા કરેગા કાજી' જેવી સ્થિતિ એ આત્મા અને પરમાત્માનો દ્રોહ કરનારી છે શ્રી સંઘમાં આરાધના, ધર્મ રસીકતા, અધ્યાત્મ અને સંસાર તરવાના આલંબનોની મહત્તા હોવી જોઈએ તેને બદલે એ અનુષ્ઠાનો દ્વારા આરાધકોને આકર્ષી તે આકર્ષવા માટે લાલચો, લાભો અને સગવડતાઓ આપી, દાતાઓ

કે તે અનુષ્ઠાન કર્તાઓ કે યોજકો ભલે દંગ બનાવી દેતા હોય પરંતુ તે બહિર્ભાવમાં જ રાચવાનું બને છે.

સાધુ બન્યા પછી, જ્ઞાન અધ્યયનની ઉપેક્ષા, સંયમની ઉપેક્ષા અને બાહ્ય આડંબર કે બાહ્યપ્રભાવની તમન્ના એ સાધુના સંયમ ભાવમાં ક્ષીણતા લાવે છે. સહાય કરનાર સાધુ હોવાથી તે માટે પ્રેરણા-માર્ગદર્શન કે હાજરી આપી વીતરાગ પર્વની મહત્તા સ્થાપન કરે તે સહજ છે. અને જરૂરી છે. કોઈ વેપારી દુકાનનું દેવાળું કાઢીને ધર્મ કે સમાજ કે દેશની સેવા કરતા નથી તે વાત સંયમી આત્માઓને પણ લાગુ થાય છે.

આજે જાહેરમાં ઉપેક્ષામાં સ્વાધ્યાય, જ્ઞાન, અભ્યાસ, જ્ઞાન અભ્યાસ માટેની વ્યવસ્થા, સંયમ, સંયમનો ઉપયોગ, સંયમની શિક્ષા, સંયમના આલંબનો વિ. ની ઉપેક્ષાઓ પ્રગટ દેખાય છે. દીક્ષા લીધાની સાથે પ્રભાવન બની જાય, મોટી યોજનાઓમાં પડી જાય પણ જ્ઞાન અભ્યાસ અને સંયમની પરિણામોને જાળવવા પ્રગટ કરવા અને માટે ગુપ્ત રહેવું, વડિલોની છાયા કે દ્રષ્ટિમાં રહેવું વિ. ઉપેક્ષા વાળું બની રહ્યું છે. અને તે કારણે પોતાની મહત્તા માટે અને ભાવિ યોજના માટે ધન સંગ્રહ, તેવી યોજનાઓ તેમાંય માયા, કપટ, છેતરપિંડી, ગુરુને પણ ઉઠા ભણાવી દેવા, ભાવિકોની આંખમાં ધૂળ નાખવી, અને છટા દ્વારા કપટ બતાવીને પ્રભાવ પાડવો તે માત્ર આ ભવ પુરતો અને તેમાં પણ પુણ્ય હોય તો બાકી તો આ બહિર્ભાવ જીવને સંયમીને પણ દુર્ગતિભાવમાં ખેંચી જાય છે. માટે શ્રાવકો સમકિત સન્મુખ બને. સાધુઓ સંયમની સાધનામાં ઉપયોગવાળા બને તે જરૂરી છે.

આજે પુસ્તકનો સંગ્રહ છે. પણ અભ્યાસ કયાં ? આજે વિહારો છે પણ ધર્મની સ્થાપના, મહત્તા કયાં ? ધનનો સંગ્રહ, વ્હીલચેરની સગવડ, મારે આ કામ છે તે કામ છે તેમ કરીને સંયમની ઉપેક્ષા. આ બધા દૂષણો, પરિગૃહ અને આરંભના મૂળ બની રહ્યા છે ભોળા અને અજ્ઞાન ભાવિકો તેની સગવડ કરી આપે કે લાગણી બતાવે તતે બાળકને માતા દયાથી કે લાગણીથી બટાટા ખવરાવે તેવું છે.

આમ સંઘમાં સદ્દભાવ વિનાના સદ્દભાવનું રાજ બની રહ્યું છે. અને અસદ્દભાવ સહિતનો સદ્દભાવ ફેલાઈ રહ્યો છે.

શ્રી જૈન શાસનની જડ ખોદી નાખે, મૂળ ઉખેડી નાખે, અને જીવોને ભ્રમમાં નાંખી ધર્મ અને અધર્મની ઓળખથી દૂર કરી દે તેવી પ્રવૃત્તિઓના પુર વહી રહ્યા છે. ત્યારે આ જૈન શાસન જયવંતુ છે તે માત્ર શબ્દોમાં જ બની રહેશે. ગોળ અને ખોળને સરખા કરવા જેવું પરમ સત્યં ચરતીતિ પંડિત; એ શબ્દો આપણા માટે છડ બની રહેશે.

જૈન શાસનની જ્વલંત સત્તા અને મહત્તા પ્રાપ્ત થવા છતાં જીવો, સંઘના સભ્યો શ્રાવક કે ત્યાગી મહાત્માઓ તેની ઉપેક્ષા કરશે, અનાદર કરશે અને તેનાથી દૂર જશે તો આ તારણહાર શાસન કોને તારશે ? આ લોકના શબ્દો, આડંબર, મહત્તા, પ્રભાવ વિ. તેને બચાવી શકશે ?

એ જીવો જિનશાસનની ચેતના પામો એજ અભિલાષા.

## ધર્મ

પ્રેષિકા :-
**અ.સૌ. અનિતા આર. પટણી** - માલેગાંવ

(અમારે મરાઠીમાં ધર્મ અંગે જે કહેવાય તે વાચકોની જાણ માટે જણાવું છું)

(૧) ધર્મ હી એક પવિત્ર-જીવન જગણ્યાચી કલા આહે.
ધર્મ જ પવિત્ર જીવન જીવવાની કલા છે.

(૨) ધર્મામધ્યે માનવને ચી પુણ્ય પ્રતિષ્ઠા સમાવલેલી આહે.
ધર્મમાં માનવતાની પુણ્યપ્રતિષ્ઠા પણ સમાઈ જાય છે.

(૩) ધર્મા મૂલેચ હૃદયાતીલ દાનશૂરવૃમી ઉફાલૂન યેતે.
ધર્મનું મૂલ હૃદયની ઉદારતા અને કર્મન્યા ઉન્મૂલનની શૂરવીરતા કહેલી છે.

(૪) ધર્માચી તત્ત્વે હી જીવનાતીલ પ્રકાશપ્તાંમ હોત.
ધર્મનું તત્ત્વ જ જીવનને પ્રકાશમય બનાવે છે.

(૫) ધર્મ મ્હણજે દાનવાલા માનવ વ માનવાલા દેવ બનવિણારી એક પવિત્ર - શકતી આહે.
ધર્મ એટલે દાન ગુણ વાળો માનવ અને સન્માનમય દેવપણાને પમાડનારી પવિત્ર શક્તિ છે.

(૬) વિચારાંચી ઉદાત્તતા, હૃદયાચી વિરાટતા હાંચે જન્મક્ષેત્ર ધર્મ ચ હોય.
વિચારોની ઉદાત્તતા અને હૃદયની વિશાલતાનાં જન્મ ભૂમિ પણ ધર્મ જ છે.

(૭) માનવી આત્મ્યાતીલ વિચાર-આચાર વ ચારિત્ર્યવાલા વિકસીત કરન, ત્યારચાતીલ સુવિચારાંચી, સદાચારાંચી સહનશીલતેચી મશાલ સતત તેવત ઠેવણારી શકતી મ્હણજે ચ ધર્મ હોય.'
માનવીને આત્મિક વિચાર અને આચાર સંયમ તથા ચારિત્ર યુકત બનાવવા સુવિચાર, સદાચાર અને સહનશીલતાની સતત જ્યોતિ જ્વલંત રાખનારી શક્તિ હોય તો ધર્મ જ છે.

# પ્રવચન - પીસ્તાલીશમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા
સં. ૨૦૪૩, ભાદરવા સુદિ- ૧૨/૧૩, શનિવાર તા. ૫-૯-૧૯૮૭
ચંદનબાળા જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલુ....

પ્ર.- સરસવ જેટલા ધર્મમાં તાકાત ખરી કે મેરૂ જેટલા અધર્મના નાશ કરી શકે ?

ઉ.- હા, જો તે સાધુપણાની તીવ્ર લાલસાવાળો હોય તો.

આ અ ધર્મ એવો છે જે આજ્ઞા મુજબ કરે તો તેને એક આપત્તિ ન આવે. આજે તો કહે છે કે- 'ધર્મિને ઘેર ધાડ અને અધર્મિને ઘી - કેળાં' આવું બોલે તે વખતે કયું પાપ બંધાય ? ભગવાન શ્રી મહાવીર પરમાત્માને પણ કેટલી આપત્તિ આવી ? કેટલા દુઃખ આવ્યાં ? ભૂતકાળમાં પાપ કરેલું માટે જ દુઃખ આવે આ શ્રદ્ધા છે ? દેવ - ધર્મને ન ઓળખે તે જ મોટામાં મોટું મિથ્યાત્ત્વ છે.

શાસ્ત્રે કહ્યું છે કે- સંસારી જીવોને ભય હોય તો મોહનો છે. તે મોહ ભૂંડો ન લાગે ત્યાં સુધી દેવ - ગુરુ - ધર્મને ઓળખવાનું મન પણ ન થાય અને સાચી રીતે દેવ ધર્મ કરવાનું તો મન જ ન થાય.

પ્ર.- શ્રાવક કે સાધુને માંદગીમાં દવા કરવી પડે તે શ્રદ્ધાની ખામી કે સત્ત્વની ?

ઉ.- આ કાળના જીવોની શક્તિ ઓછી છે. અસમાધિ થઈ જાય તો બહુ નુકશાન થાય. અસમાધિ ન થાય તે માટે દવા કરે તે જાુદી વાત છે. તે સત્ત્વની ખામી છે. બાકી એવા ધર્મી જીવો થયા છે કે જેઓએ ગમે તેવી માંદગીમાં દવા પણ લીધી નથી.

આજે તો ઘણા સાચી વાત કહેતા પણ ગભરાય છે. ધર્મી તો એવો હોય કે બીજાને સારું લગાડવા પોતાનો ધર્મ આઘો ન મૂકે. ઘર વેચીને વરો થાય ? પોતાનો ધર્મ મૂકી લોકોને સારું લગાડવા ગમે તે કહે તે બેવકૂફનો આગેવાન છે. જે મઝેથી અધર્મ કરે તેની દુર્ગતિ થાય. તમે અધર્મ કરશો તો તમારી પણ દુર્ગતિ થશે. મઝેથી ઘર - પેઢી ચલાવે તે મરીને ક્યાં જાય ? ઘર - બારાદિ ચલાવવા પડે માટે ચલાવવાના પણ ચલાવવાં જેવા નહિ ને ? કયો શ્રાવક પેઢી ખોલે ? જેની પાસે આજીવિકાનું સાધન ન હોય અને ભીખ માગીને ખાવું પડે તેવો વખત ન આવે તે. જેમ જેમ પેઢી મોટી થાય તેમ તેમ રાજી થાય તે બધા શ્રાવક કહેવાય ? શ્રાવક જરૂર વગર વેપાર પણ કરે નહિ અને તેની તાકાત હોય તો ઘરમાં પણ રહે નહિ. તમે બધા ઘરમાં મઝેથી રહ્યા છો ને ? ઘર છોડવાનું મન પણ છે ખરું ? ઘર નથી છૂટતું તેનું દુઃખ પણ છે ખરું ?

પ્ર.- ભૂતકાળના શ્રાવકો પણ પરદેશ જતા હતા ને ?

ઉ. - તે શ્રાવકો કહેતા હતા કે અમે ભારે લોભી છીએ. તમે તો હોંશિયારી માનો છો.

જે શ્રાવક ધર્મ પાળવા ઈચ્છે તે જૂઠ બોલે ? ઘણા કહે છે કે- જૂઠ ન બોલીએ તો ઠગાઈ જઈએ. પણ પૂ. આ. શ્રી કાલિકસૂરીજી મહારાજા પણ ઠગાયા છે તો આપણે ઠગાઈએ તેમાં નવાઈ છે ! બનાવટી લોકો આપણને ય ઠગી જાય.

આ સંસારમાં મોહ નામના પાપનો મોટો ભય છે. ધર્મને નહિ પામવા દેનાર મોહ છે. ધર્મ પામવાની આડે આવનાર મોહ છે, મોક્ષને પણ યાદ નહિ આવવા દેનાર મોહ છે, 'મોક્ષ જ કોને જોયો છે ? અમારાં પુણ્યથી મળેલું સુખ અમે ભોગવીએ તેમાં તમારા બાપનું શું જાય છે ? આવું બોલાવનાર પણ મોહ છે. જેની પાસે ખાવા ન હોય તે તપ કરે તેમ બોલાવનાર પણ મોહ છે.

ભગવાને ધર્મ મોક્ષ માટે સ્થાપ્યો છે. વાસ્તવિક અને સાચું સુખ મોક્ષમાં જ છે. સંસારનું જે સુખ છે તે દુઃખ આપનારું છે. તે જેને ગમે તેનામાં મિથ્યાત્ત્વ જ હોય. મિથ્યાત્ત્વ તે જ મોટામાં મોટો મોહ છે. તે મોહનો ભય છે ? તમને મળેલો બંગલો છોડવા જેવો લાગે છે ? પૈસા છોડવા જેવા લાગે છે ? તમે પાપમાં જેટલો પૈસો વાપરો છો તેના કરતા ધર્મમાં અધિક વાપરો છો ખરા ? ઘણા તો ના છૂટકે સારા દેખાવા ધર્મમાં પૈસા વાપરે છે અને પાછા ઉપરથી ગૌરવ લે છે. તેવું કરાવનાર પણ મોહ છે ! જૈનસંઘમાં સુખી ગૃહસ્થો ઘણા છે. તે બધા જો ઉદાર હોત અને ધર્મ સમજ્યા હોત તો જૈનધર્મની જગતમાં જાહોજલાલી હોત. પણ આ વાત કેમ બનતી નથી ? તેનું એક જ કારણ છે કે, ધર્મની બાબતમાં શ્રીમંતો 'ભીખારી' છે અને સંસારનાં કામમાં 'મહા-ઉદાર' છે. ધર્મમાં નાક સાચવવાં પૂરતું આપવું પડે માટે આપે છે અને સંસારમાં લહેરથી ખર્ચે છે.

તમને બધાને સુદેવ - સુગુરુ - સુધર્મને ઓળખવાનું મન થયું છે ? તેમના કહ્યા મુજબ જીવવાની ઈચ્છા છે ? આવી ઈચ્છા મોહ કરવા દે જ નહિ. જ્યાં સુધી મોહ ભૂંડો લાગે નહિ ત્યાં સુધી ધર્મનું ઠેકાણું પડે નહિ અને તેને સુદેવ - સુગુરુ - સુધર્મને ઓળખવાનું મન થાય નહિ. સુદેવાદિનું અજ્ઞાન તે જ મોટોભય છે, તે અજ્ઞાન ગમે તે મિથ્યાત્ત્વ છે. તે અજ્ઞાન દૂર કરવાનું પણ મન છે ?

આજે ઘણા તો મોક્ષને ય માનતા નથી. શ્રી અરિહંત પરમાત્માને ય માનતા નથી. શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ કરે તે ય સંસાર સારી રીતે ચાલે માટે. આ વાતનું અમે પણ ધ્યાન ન ખેંચીએ તો અમે પણ ગુનેગાર બનીએ. ગૃહસ્થપણામાં રહેવું તે પાપ છે તેમ સમજાવવાની ચેષ્ટા જે સાધુ ન કરે તે સાધુ ગુનેગાર બને છે. શાસ્ત્રે 'ગૃહસ્થાવાસને નરકાવાસ' કહ્યો છે. નરકાવાસમાં પડેલ જીવ જેટલો દુઃખી હોય તેટલું શ્રાવકોને ઘરમાં રહેવું પડે તેનું દુઃખ હોય. તમે બધા જૈનકુળમાં જન્મ્યા છો પણ હજી શ્રાવક થવાની ઈચ્છા થઈ નથી. 'કમમા કમ સારું શ્રાવકપણું તો પાળવું જોઈએ' આવી ભાવનાવાળા પણ કેટલા ? આગળ રોજ પ્રતિક્રમણ ન કરનારા પણ જે દા'ડે સાધર્મિક વાત્સલ્ય જમે તે દા'ડે તો પ્રતિક્રમણ કર્યા વિના ન રહે. આજે તો ધીમે ધીમે બધો ધર્મ નાશ પામી રહ્યો છે.

'સાચું સુખ મોક્ષમાં જ છે પણ સંસારમાં નથી.' આ વાત સમજાઈ ગઈ ? સંસારનું સુખ પાપરૂપ છે કેમ કે પાપ કર્યા વિના મળતું નથી. તેને ભોગવવાથી પણ પાપ જ બંધાય છે અને તેનું ફળ પણ પાપ જ છે. માટે જ કહ્યું છે કે - સંસારના સુખનો જ અતિપ્રેમી અને પોતાના જ પાપથી આવતાં દુઃખનો ગાઢ દ્વેષી જીવ મોહથી આંધળો બન્યો છે તેથી જ વસ્તુના ગુણ - દોષને સમજી શકતો નથી. માટે જ જે જે ક્રિયા કરે છે પછી તે ધર્મની હોય કે અધર્મની હોય તેનાથી દુઃખ, દુઃખને દુઃખ જ પામે છે. તમે મોટામાં મોટા વેપારાદિ કરો, ખૂબ ખૂબ મોજ મઝાદિ કરો. સારું સારું ખાવા - પીવા ખૂબ ખૂબ પાપ કરો તો વધારે ને વધારે દુઃખી થવાના છોઃ આ વાતની શ્રદ્ધા છે ? ખાવા - પીવાદિમાં ખૂબ આનંદ આવે તો કયું પાપ બંધાય ? અશાતા વેદનીય કર્મ બંધાય તે ખબર છે ? ધર્મ કરનારા આજે ધર્મના સંબંધમાં અજ્ઞાન કેમ છે ? જ્ઞાન આપનારા હોવા છતાં ય તેમને જ્ઞાન કેમ જોઈતું નથી ? મિથ્યાત્ત્વ મોહ જીવતો છે માટે. તે કેવો છે તે ખબર છે ? સંસારમાં રખડાવનારો છે. મંદિરે પણ તે મોકલે. ભગવાન પાસે દુનિયાનું સુખ મંગાવનાર તે છે. દુનિયાના સુખ માટે ય ધર્મ કરાય તેમ કહેવનાર પણ તે છે. સંસારમાં લહેર કરવા, સુખી થવા શ્રી અરિહંતપરમાત્માને માને, શ્રી અરિહંતપરમાત્માની પૂજા-ભકિત કરે તે અરિહંતપરમાત્માની પૂજા નથી પણ ઘોર આશાતના છે.

પ્ર.- તે મંગલકારી છે તેમ વિચારે તો ?

ઉ.- મંગલ શું તે જાણો છો ? મોક્ષ સાધક ધર્મ પમાડે તે મંગલ. સંસારથી બહાર કાઢી મોક્ષે મોકલે તે મંગલ: દુર્ગતિથી બચાવી સદ્ગતિમાં મોકલે તે મંગલ.

પ્ર.- જગતમાં જે કાંઈ સારું મળે તે શ્રી અરિહંત પરમાત્માના ધર્મના પ્રતાપેને ?

ઉ.- હા. પણ તેમાં જ મઝા કરે તેને જ સારું માને તો તે કયાં જાય ? દુર્ગતિમાં જ તે ખબર છે ?

શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા મુજબ જીવવું જોઈએ તેવું મન છે ? 'શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા સાધુ થવાની છે. તે ન થઈ શકાય તે પાપોદય છે. હજી પૈસા - ટકાદિનો લોભ નથી છૂટતો તેય પાપોદય છે, કયારે છૂટે તેમ લાગે તો તે મંગલરૂપ થાય. જગતમાં જે કાંઈ સારું મળે તે શ્રી અરિહંત પરમાત્માના પ્રભાવે જ' આવું જે માને તેને શું કરવાની ઈચ્છા હોય ? દુનિયાની ચીજો માટે શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ કરે તો તે શ્રી અરિહંત પરમાત્માનો પ્રેમી કહેવાય કે તે ચીજોનો પ્રેમી કહેવાય ?

આજના સુખી જીવો શ્રી અરિહંત પરમાત્માની કેવી ભક્તિ કરે છે ? શ્રી અરિહંત પરમાત્માની પોતાની શક્તિ મુજબ ભક્તિ ન કરે તો તે ખામી છે ને ? આજે મંદિરમાં પૂજા કરવામાં શ્રીમંત કોણ અને ગરીબ કોણ. તેની ઓળખની ચાવી શી ? આજનો મોટો શ્રીમંત તો કદાચ ગરીબ કોણ તેની ઓળખની ચાવી શી ? આજનો મોટો શ્રીમંત તો કદાચ મંદિરે આવતો પણ નહિ હોય ! જેને શ્રી અરિહંત પરમાત્માની ભકિત કરવાનું મન થાય તેને સાધુ થવાનું જ મન થાય. જેને સાધુ થવાનું મન ન હોય, સાધુ નથી થવાતુ તેનું દુઃખ પણ ન હોય તેનામાં શ્રી અરિહંત પરમાત્માની ભકિત છે તેમ માનવું જ નહિ. જેનાથી પૈસો મળ્યો તેની ભક્તિમાં વધારે પૈસા ખર્ચાય કે તેમની આજ્ઞા વિરૂદ્ધના કાર્યોમાં વધારે ખર્ચાય ? ખોટા બચાવ ન કરો.

ક્રમશઃ

# રાષ્ટ્રીય સ્તરે થતી ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૬૦૦મી જન્મતિથિની ઉજવણીનો વિરોધ શા માટે ?

વાંચો - વંચાવો - વિચારો

હપ્તો - ૪ જો

*(''ચરમતીર્થપતિ શ્રવણ - ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૫૦૦ મી નિર્વાણ કલ્યાણક તિથિને અનુલક્ષીને જે અશાસ્ત્રીય નીતિ-રીતિ ભગવાનનો મહિમા વધારવાને નામે ચાલી પડેલી, તેવી જ અશાસ્ત્રીય રીતે હવે ૨૬૦૦મી જન્મ કલ્યાણક તિથિની રાષ્ટ્રીય ઉજવણી જે કરવા માગતા હોય તેમણે, તે વખતના ગીતાર્થ મહાપુરૂષોએ એવી ઉજવણી ભગવનાની અશાતાના સ્વરૂપ હોવાનું આપેલું માર્ગદર્શન આજે પણ તેટલું જ ઉપયોગી, જરૂરી હોવાથી ધ્યાનમાં લેવાની જરૂર છે.*

***માર્ગદર્શક મહાપુરૂષ છે. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા.***

*શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. આ ભગવંતશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના યાચીએ છીએ.*

*-સંપાદક*

■ સરકાર કહે 'અહિંસાવર્ષ' જાહેર થાય નહિ. આપણા લોકો કહે. 'સંયમવર્ષ' જાહેર કરો. સરકારને તમારા ધર્મ સાથે લેવાદેવા નથી. આ લોકોને અહિંસા શું ? સંયમ શું ? તપ શું ? તેની ખબર નથી. તમને તેમાં ધર્મનું નામનિશાન દેખાય છે ? આપણા ગાંડીયાઓ કહે કે, તે જે કરે તે કરવા દો પણ આપણે તેમને સાથ આપો. આ આબરૂ છે ! જે સરકાર કહે તમારા ધર્મ સાથે લેવા દેવા નથી તો તેને કહી ન શકો કે અમારા ધર્મની જરૂર ન હોય તો ઉજવવાની જરૂર નથી. અમે ૫૦ લાખના ભિખારી નથી.

■ શ્રી અરિહંત પરમાત્માના આત્મા શું ચીજ છે. શ્રી અરિહંત પરમાત્મા શું ચીજ છે તેની જો ઓળખાણ થઈ જાય તો જ તમારા હૈયામાં સાચો ભકિતભાવ જન્મે. પછી તમને જ લાગે કે ભકિત કરતા આશાતના ન થઈ જાય. આજે જે જુવાળ ચાલ્યો છે તેમાં તણાવા જેવું નથી. તેનાથી બચાવનાર શાસ્ત્ર વિના કશું નથી. દુનિયામાં ફસાવનારી સામગ્રી, ફસાવનારા ઘણા છે. તમે કહો છો ને કે- 'જિનમૂર્તિ અને જિનાગમ વિષમકાળમાં બે જ આલંબન છે.' તમને વારંવાર જિનમૂર્તિ અને જિનાગમ યાદ આવે ? જિનાગમથી વિરૂદ્ધ થાય તો તમે સહન ન કરી શકો ને ? આજે તો શાસ્ત્રનું આલંબન સામે હોય તો જ જીવાય તેમ છે નહિ તો વર્તમાનમાં ધર્મને નામે અધર્મ ઘણા થાય. વર્તમાનમાં ધર્મ સમજાવનાર પણ ઘણા અધર્મને ધર્મ કહે છે. તે તો કહે છે કે- હૈયું સારું તો બધું સારું. તેવા માણસોના વ્યાખ્યાનમાં એકલું 'મીઠું ઝેર' હોય છે અને ઉપર 'સુગર કોટેડ' હોય છે. આવા સમયે ભગવાનના માર્ગની શ્રદ્ધા પાકી ન હોય તો જીવ ગબડી જ જાય. **સંસારની ચીજ માટે કંકાશ ન કરવો તેને પણ ધર્મ માટે કંકાશ કરવાની ભગવાને આજ્ઞા કરી છે. ન કરે તો તે અધર્મી છે.**

■ આંખનો અંધાપો એટલો ખરાબ નથી પણ હૈયાનો અંધાપો ઘણો ખરાબ છે. તેવા માણસ ભયંકર હોય છે. વર્તમાનમાં શું ચાલી રહ્યું છે. કેવા કેવા લોકો કેવી કેવી રીતે બોલતા થયા છે, કરતા થયા છે ? આ બધાને ભગવાન મહાવીર પર ભકિત ઉભરાયી છે ? બધાને ગમે તેમ શ્રીમંત થવું છે. પૈસા માટે સગાબાપને અને દિકરાને ધક્કે મારે તેમાંની જાત છે.

આજના પંડિતો પુણ્ય-પાપ માનતા નથી અને તે બધા જૈનશાસનના જાણ ગણાય છે. તે તો કહે કે, પાપ માનીએ તો સુખમાં અંતરાય કરે છે. આજે સંઘ પણ કયાં છે ? **ધર્મ માટે પ્રાણ આપે તેવા માણસોનો જે સમુદાય તેનું નામ સંઘ છે.** પૈસા માટે દોડે તેને સંઘ કોણ કહે ? જે કાળે સંઘનું બળ હતું ત્યારે ધર્મયુગ ચાલતો. સંઘનું ન માને તેને સંઘ બહાર મૂકી શકાતો. આજે તેવા લોકો સંઘના આગેવાન (!) છે. તેને કહેતા બધા ગભરાય છે. તેને ના કેમ પડાય ? ઘણા માણસોને મન સાધુ કરતા આ મૂડીદાર લોકોની અસર છે. સાધુને ખોટું

લાગે તો વાંધો નહિ આને ખોટું ન લાગવું જોઈએ. સાધુને દબડાવે તે ત્યાં ચૂપ છે. સંઘનું બળ ઘટયું છે. સત્તા ઘટી છે તેનું આ પરિણામ છે.

આજે તો કહે છે કે- 'નમે તે સૌને ગમે' તો કાલથી હું તમને નમું ? નમે તે સૌને ગમે તે કોનું વચન ? જ્યાં ત્યાં ન જ નમે, નમવાની જગ્યાએ જ નમે તેનું નામ સમકિતી ?

ભગવાનને 'ક્રાંતિકારી' 'સ્ત્રી ઉદ્ધારક' કહી ભગવાનનું ઘોર અપમાન કરી રહ્યા છે. ભગવાનને ક્રાંતિકારી કહેવાય ? ભગવાને સ્ત્રીઓનો ઉદ્ધાર કર્યો ? બાકીના ત્રેવીશમાં સ્ત્રીઓ, સાધ્વીઓ નથી ? શ્રી કલ્પસૂત્ર સાંભળો છો ને ? બધાના સાધ્વીના પરિવારની વાત આવે છે ને ? માટે તમે ભગવાનને ઓળખો તો કામ થાય...!

■ આપણે ત્યાં તો બધા જ શ્રી અરિહંત પરમાત્માઓ સરખા છે. પરંતુ આપણે સૌ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં છે માટે તે વિશેષે ઉપકારી છે. માટે તેમના પાંચે પાંચ કલ્યાણકો શાસ્ત્રાજ્ઞા મુજબ ઉજવીએ છીએ. આપણે આપણા ભગવાનને એવા લોકોના હાથમાં નથી આપવા કે જેઓ પોતાના સ્વાર્થ માટે ભગવાનનો ઉપયોગ કરે, ભગવાનના સિદ્ધાંતોને વિપરીત રૂપે રજુ કરે. તેટલા માટે જ આપણે રાષ્ટ્રીય સ્તરે ઉજવાતી ઉજવણીનો વિરોધ કરીએ છીએ. વિરોધનું પરિણામ સારું ય આવે. કદાચ જગતના જીવોનું દુર્દૈવ હોય અને સારું પરિણામ ન આવે તો ય આપણને લાભ જ છે.

ધર્મની રક્ષા માટે બધું જ કરવાની છૂટ ભગવાને આપી છે. ધર્મ માટે અધર્મ કરવાનું મન નથી પણ સામાના અધર્મને નિષ્ફળ કરવા અધર્મ કરવો પડે છે. **વિરોધ કરવાનો અમારો સ્વભાવ નથી. ભગવાનના ચતુર્વિધ શ્રી સંઘનો સ્વભાવ પણ વિરોધ કરવાનો નથી. વિરોધ કરવા જન્મ્યા નથી પણ સેવા કરવા જન્મ્યા છે. પણ ભગવાનના શાસનથી વિપરીત વાતો ચાલતી હોય તો વિરોધ કરવામાં પાછી પાની કરીએ તેમ નથી. જ્યાં ક્રોધ કરવાની જરૂર હોય ત્યાં ક્ષમા કરે તેની ક્ષમામાં ધૂળ પડી.**

ચાર માસનું બચ્ચું પડયું હોય, મા દૂર હોય અને ત્યાં ફણીધર આવે અને મા જોવે તો કેવી ચીસ પાડે ! રાડ પાડી છોકરાને થંભાવી દે, સાપની દિશા ફેરવાવી દે. તો તેને છોકરાને ત્રાસ પમાડયો કહેવાય ? પ્રશસ્ત ગુસ્સો કરવાની છૂટ છે. તે વખતે હૈયાના ભાવ સારા હોય છે. ભલે આંખો લાલ થાય કે શબ્દો કડક નીકળે !

આ લોકો શાસનને બરબાદ કરવા બેઠા છે, ભગવાનની ભકિત નહિ આશાતના કરવા બેઠા છે તેને અટકાવવા જે કરવું પડે તે બધું જ કરવાનું છે. જે ચાલી રહ્યું છે તે બરાબર લાગે છે ? કે નુકશાનકારક લાગે છે ? જૈનોમાં અધર્મનો ફેલાવો થઈ રહ્યો છે. જો જૈન શ્વે. મૂ. તપગચ્છના શ્રાવકો ય જાગૃત થાય તો આ બધા મરેલા છે !

ભગવાન મહાવીરના નામે આ પાપાત્માઓએ શું લખ્યું છે ? રજનીશે શું લખ્યું છે ? છતાં આ બધા પાવૈયા કાંઈ કરી શકવાના નથી ! સરકારના પગ ચાટે છે. પોતાનો સ્વાર્થ સાધવા બધા ભેગા થયા છે. રાજના અધિકારીઓ તો કહે છે કે, 'અમને તમારા ભગવાનની પડી નથી.' છતા આ લોકોની આંખો ઉઘડતી નથી.

જે અશકત હોય તે બીજું કાંઈ ન કરી શકે તે શકિત મુજબ તપ - જપ - માળા ફેરવે. પ્રયત્નથી આશાતના અટકે તો ય લાભ છે, ન અટકે તો ય લાભ છે. પ્રયત્ન કરવા છતાં આ ન અટકે તો વડાપ્રધાન, ગર્વનર, મુખ્ય પ્રધાન વગેરેને બોલવાની તક મલી તો ભગવાન મહાવીરને ગમે તેની સાથે બેસાડશે. ખરાબ કામો ભગવાનના નામે પ્રચારશે. બધાને સનેપાત થયો છે. જે જે બોલશે તો ખંડન પણ કરવું પડશે. તે વખતે સ્વતંત્ર પેપર પણ કાઢવું પડે, બધી ભાષામાં ઘેર ઘેર પહોંચાડવું પડશે. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન વગેરેની વાતોને ખોટી ઠરાવવી પડશે. માટે જેની જે શકિત હોય તે મુજબ કરે. જોનારને થાય કે ધર્મ વિના બીજો હેતુ નથી પ્રાણ આપવા તો આપી જાણે તો ય કહેવાય કે ધર્મ માટે જ મર્યો છે. માટે તમે સૌ તૈયાર થઈ જાવ.

■ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા કેવા હતા, તેમની ભકિત કેવી રીતે થાય, ભકિત કરતા આશાતના ન થઈ જાય આ વાત જે ખરેખર ભગવાનનો ભગત

હોય તેને જ સમજાય. ગાંડો ભગત હોય તેને ન સમજાય મરજી મુજબ ભકિત કરે તે ભગત ન કહેવાય. જેની ભકિત કરવી હોય તેની આજ્ઞા મુજબ ભકિત કરે તેનું નામ ભગત. મને આમ લાગે છે માટે આમ કરું તે અહીં ન ચાલે. ભકિત કરતા આશાતનાનું ધ્યાન ન આપે તે ભગતનું લક્ષણ નથી.

જગતમાં ભકિતનું પાત્ર ઊંચામાં ઊંચું કોણ છે ? જગતમાં અનેક પૂજનીક લોકો ગણાય છે તમારી બુદ્ધિમાં પૂજનીક કોણ છે ? શ્રી નવકાર મંત્ર ગણનારને પૂછે કે જગતમાં પૂજનીક કેટલા ? તો પાંચ જ કહે ને ? તે પાંચ ને જે પૂજનીક માનતા હોય અને પાંચની પૂજા કરતા હોય તે. ખરેખર પૂજનીક પાંચ જ છે તે સિવાયનો કોઈ પૂજનીક વાસ્તવિક નથી આવું જેના હૈયામાં જન્મે તે જ જીવ ભગવાનની ભકિત સાચી રીતે કરી શકે.

■ 'સુખ એટલું ભયંકર લાગે કે મારે જોઈએ જ નહિ અને કોઈપણ દુઃખ વેઠવા તૈયાર રહે' : આવું જે મન તે જ ખરેખર સંયમનો પરિણામ છે.

■ કર્મોમાં મોહનીય પ્રધાન છે. તે દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય એમ બે ભેદે છે. તેમાં દર્શન મોહનીય ભગવાન અને ભગવાનના માર્ગને ભૂલાવી દે તેવું છે. જ્યારે ચારિત્ર મોહનીય ભગવાનના માર્ગે ચાલવા ન દે તેવું છે.

■ ભગવાનની આજ્ઞા મુજબ સાધુ ધર્મ જેમ જેમ પાળે તેમ તેમ આત્મિક સુખનો ઊંચામાં ઊંચો અનુભવ થાય. પછી તો આત્મિક સુખની આગળ ભૌતિક સુખની કાંઈ જ કિંમત ન લાગે.

■ 'બધા જ ધર્મ સરખા છે' તે તો જેના પર શ્રી જૈનશાસનની છાયા ન પડી હોય તેના મનની વાત છે. જો બધા જ ધર્મ સરખા હોય તો ભગવાનને ધર્મ સ્થાપવાની જરૂર ન હતી. તમે એમ માનો છો કે ભગવાનને ધર્મસ્થાપક થવું હતું ? ધર્મ સ્થાપવાનો મોહ હતો ?

આ યુગ બહુ જ ખરાબ છે. સાચી વાત કહી શકાય તેમ નથી. સારા શબ્દોનો તો ઘણો જ વ્યભિચાર થાય છે. ઘોર હિંસક જીવો અહિંસાની વાતો કરે છે. જેનામાં બુદ્ધિ નહિ તે સ્યાદ્વાદની વાતો કરે છે. પરિગ્રહની પાછળ પડેલા અપરિગ્રહની વાતો કરે છે. આ યુગ ધર્મ પામવામાં અંતરાયભૂત છે. આજે ધર્મની બાબતમાં ખોટાને ખોટું કહેવાય તેમ નથી. જે બોલે તે 'અસહિષ્ણુ' 'સંકુચિત દ્રષ્ટિવાળો' 'કજીયાખોર' કહેવાય. આજે તો સમ્યક્ત્વ પણ નવા પ્રકારનું બધું જ નવા પ્રકારનું હિંસા ગમે તેટલી કરો પણ રાગ-દ્વેષ ન રાખો તો અહિંસક ! સંસાર રાગ - દ્વેષ વગર ચાલે ? સંસાર ચલાવવા જેવો માને તે રાગ-દ્વેષ નહિ... ! આ કાળમાં ધર્મ પામવો કઠીન. ધર્મ પમાડવાની વૃત્તિવાળાનો મ માર્ગ વિકટ બની ગયો છે. ધર્મના સ્વરૂપને સમજ્યા પછી પણ આવો ધર્મ ન હોય તે વાસ્તવિક ધર્મ ન કહેવાય આ વાત બોલવી તો વિચાર કરવો પડે તેમ છે. માટે તમે થોડા ઘણા ય સમજો તો જ કલ્યાણ થાય તેમ છે.

ક્રમશઃ

DANGER is never overcome without danger.
**- Publilius**

DISTRUST that man who tells you to distrust.
**- Ellaw Wilcox**

DELAYS are dangerous.

Ddeliver your WORDS not by number but by weight.

Diamond cuts diamond.

DO as you would be done by.

DRINK nothing without seeing it, SIGN nothing without reading it.

Defer not till to-morrow to be WISE.

Do not complain because the rose bush has thorns. Rejoice that the thorn bush bears roses.

Do you wish men to speak well of you ? then never SPEAK well of yourself.

Early to bed and early to rise, makes a man healthy, wealthy and wise.
**- Franklin**

Every child comes with a message that god is not yet discouraged of MAN.
- Rabindranath Tagore

Every cloud has a silver lining.
**- English Sayings**

# વાપીમાં પર્યુષણાની જાજરમાન ઉજવણી

જૈન જગતમાં અત્યન્ત વિખ્યાતિને વરેલા પર્વાધિરાજ શ્રીપર્યુષણાની આરાધના દક્ષિણ ગુજરાતના કેન્દ્રમથક સમા વાપી - શાંતિનગરમાં જાજરમાન રીતે સંપન્ન થઈ હતી.

જૈનશાસનના અધિનેતા સ્વર્ગીય સૂરિદેવ, પૂજ્યપાદ આ. ભ. વિ. રામચન્દ્ર સૂરિશ્વરજી મહારાજાએ ચીંધેલા સત્યમાર્ગની વફાદારીને વરેલા વાપી - શાન્તિનગરના આ નાનકડા સંઘમાં વર્તમાન વર્ષે વાપીના કુળદીપકોની જ પધરામણી થઈ છે.

પ્રવચન પ્રભાવક પૂ. ગણિવર્ય શ્રી નયનવર્ધન વિ. મ. ના વિનીત શિષ્યરત્ન પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિ. મહારાજ પોતાના વિદ્વાન શિષ્ય - પ્રશિષ્યો સાથે ચાતુર્માસાર્થે પધાર્યા ત્યારથી સંઘમાં ઉલ્લાસની લહેર દોડી આવી છે.

પ્રવચનોની પ્રભાવક વૃષ્ટિમાં તરબોળ બને જતાં શ્રીસંઘે પર્વાધિરાજની પધરામણી નિકટ વરતાતા જ તેને જાજરમાન બનાવી દેવાનો સંકલ્પ કર્યો તો.

તદનુસાર પર્વાધિરાજના એક કે બે સમયના બધા જ મહાવ્યાખ્યાનો પછી સાધર્મિક ભકિતની ઘોષણા થતા જ દાનવીરોએ સ્વયંભૂ પ્રેરણાથી દાનની વૃષ્ટિ વહાવી દીધી.

પર્વાધિરાજના પ્રથમ દિનથી જ ત્રણ ત્રણ કલાકના વ્યાખ્યાનોનો શુભારંભ થયો પર્વાધિરાજની પધરામણી પૂર્વે પણ 'પૂર્વ તૈયારી' ના બબ્બે વ્યાખ્યાનો આપી મુનિવરોએ સંઘમાં જાગૃતિના જાગરણ કરી દીધા તા. જેના પરિણામે માસક્ષમણ, ૧૬ ઉપવાસ અને ૧૨ ઉપવાસ જેવી તપસ્યાઓનો તો શુભારંભ ક્યારનોય થઈ જ ગયો તો પર્યુષણાના મંડાણ થતા ૪૦ આસપાસ ભાઈઓએ અઠ્ઠાઈ તપની આદરણા શરુ કરી.

દિવસોની સાથે લોકોનો ઉત્સાહ પણ વૃદ્ધિંગત જ બનતો રહ્યો. તેમાં ય પ્રભુવર્ધમાનના જન્મવાંચનની ઘડીઓ ડોકાવા મંડતા સ્વપ્નદર્શનની પરંપરાગત ઉછામણીઓ પ્રારંભાઈ. જે ઉછામણીઓમાં લોકોએ હાથ જ નહિ. હૈયુ ખોલીને દાન દીધા. વાપી માટે વિક્રમી કહી શકાય તેવી વિશાળ દેવદ્રવ્યની વૃદ્ધિ પણ થવા પામી.

પ્રભુના જન્મનું વાંચન થતાંજ વાતાવરણમાં હર્ષનો નવસંચાર થયો. આ સીવાય પણ જ્ઞાનદ્રવ્ય, પાઠશાળા - સાધર્મિક ભકિત અને જીવદયા જેવા કાર્યોમાં તેમજ ૪૫ આગમછોડોની રચના માટે ભાવુકોએ સ્વયંભૂ - ઉત્સાહથી દાનની સરવણી વહાવી.

પ્રાન્તે ભા. સુ. ૫. ના દિને તપસ્વીઓની જલયાત્રાનો નીકળેલો વરઘોડો તો ૨૩ સાંબેલાઓ ફલોટો અને વિશાળ જન સમુદાય દ્વારા, એકરતાંય ઉત્સાહની ઉલટો દ્વારા યાદગાર બની ગયો. પર્યુષણા દરમ્યાન કુલ ૧૩ સ્વામી વાત્સલ્યો થયા. ૬૪ પ્રહરી પૌષધો પણ સારી સંખ્યામાં રહ્યાતા. આમ, બધીજ રીતે વાપી - શાંતિનગરના પર્યુષણા જાજરમાન બની ગયા.

■ ■ ■

Every dog has his day

**- George Borrow**

EAT to live but do not live to eat.

Envy never enriched any man.

Every man has his price.

Every man is the architect of his own fortune

Everything is good in its season.

Experience is the mother of WISDOM.

Error of opinion may be tolerated where reason is left free to combat it.

EXPERIENCE is not what happens to a man. It is what a man does with what happens to him.

Errors, like straws, upon the surface flow; He who would search for pearls must dive below.

EXPERIENCE is the name everyone gives to their mistakes.

EXPERIENCE convinces me that permanent good can never be the outcome of untruth and violence.

भगवान महावीर स्वामीने गौतम गणधरादि के प्रश्नोतरो का उत्तर देते हूवे राजगृही नगरी के गूणशील उद्यान मे भावि चौविसी के तिर्थंकरो के भविष्य का वर्णन करते हूए जो भविष्य वाणी की वो "तित्थोगाली पयन्ना" के पेज २९८ से ३७७ तक प्रकाशीत है। उसी के आधार पर यह चार्ट बनाया गया है. इसमे निर्वाण के सम्बन्ध मे मत चल रहा है अतः सत्य प्रकाशित करने की कृपा करे।

गाथा - ९९१ से १२५५ तक

खासगाथा "तित्थेगालीकी ११११ है

| नंबर | भावि. तिर्थ नाम | किसका जीव है | क. आ. | भा. निमो. | माताजी .ना. | पिताजीजी .ना. | नगर | प्र. गणधर | प्र. साध्वी |
|---|---|---|---|---|---|---|---|---|---|
| १. | प्रभुजी पद्मनाभ | श्रेणिक राजा | नरक | पावापुरी | भद्रा | सुमती | शत्तद्वार | कामकूंभसेन | |
| २. | प्रभुजी सूरदेव | सुपार्श्व. (भ.म. का की) | स्वर्ग | सम्मेतशी | | | | | |
| ३. | प्रभुजी सूपार्श्व | कोणिका पू. उदई | स्वर्ग | गिरनार | | | | | |
| ४. | प्रभुजी स्वयंप्रभ | पोटिल राजा | स्वर्ग | सम्मेतशी | | | | | |
| ५. | प्रभुजी स्वानुभुती | दढायूं श्रावक | स्वर्ग | सम्मेतशी | | | | | |
| ६. | प्रभुजी देवसूत | कार्तिक शेठ | स्वर्ग | सम्मेतशी | | | | | |
| ७. | प्रभुजी उदय | शेख श्रावक | स्वर्ग | सम्मेतशी | | | | | |
| ८. | प्रभुजी पेढाल | अनन्त मुनि | स्वर्ग | सम्मेतशी | | | | | |
| ९. | प्रभुजी पोटिल | सूनन्द | स्वर्ग | सम्मेतशी | | | | | |
| १०. | प्रभुजी सर्वाकिर्ति | शतक श्रावक | स्वर्ग | सम्मेतशी | | | | | |
| ११. | प्रभुजी सूव्रत | कृष्ण मा देवकी | नरक | सम्मेतशी | | | | | |
| १२. | प्रभुजी अमम | कृष्ण वासूदेव | नरक | सम्मेतशी | | | | | |
| १३. | प्रभुजी निषकषाय | सत्यकी विद्याधर | नरक | चम्पापुरी | | | | | |
| १४. | प्रभुजी निष्पुलाक | बलदेव (कृ. भा.) | स्वर्ग | सम्मेतशी | | | | | |
| १५. | प्रभुजी निर्मल | सूलशा श्राविका | स्वर्ग | सम्मेतशी | | | | | |
| १६. | प्रभुजी चित्रगूप्त | रोहिणी हू. माता | स्वर्ग | सम्मेतशी | | | | | |
| १७. | प्रभुजी समाधी | रेवती श्राविका | स्वर्ग | सम्मेतशी | | | | | |
| १८. | प्रभुजी संवर | शतानिक | स्वर्ग | सम्मेतशी | | | | | |
| १९. | प्रभुजी यशोधर | द्वैपायन ऋषि | स्वर्ग | सम्मेतशी | | | | | |
| २०. | प्रभुजी विजय | कर्ण (कोणिक) | स्वर्ग | सम्मेतशी | | | | | |
| २१. | प्रभुजी मल्ल | नारद मुनि | स्वर्ग | सम्मेतशी | | | | | |
| २२. | प्रभुजी श्रीदेव | अम्बड श्रावक | स्वर्ग | सम्मेतशी | | | | | |
| २३. | प्रभुजी अनन्तविर्य | अमर | स्वर्ग | सम्मेतशी | | | | | |
| २४. | प्रभुजी भद्रकृत | शतबूध्धि | स्वर्ग | अष्टापद | | | | | |

पू. मुनिराज हंसविजयजी म. सा. ने विविध पूजा संग्रह भाग ७ पेज ५८६ पर "श्री गिरनार मंडल नेमीनाथ की १०८ प्रकारी पुजा की ११ वी ढाल, के दोहे मे प्रकाशित हैं कि कहे ? प्रभास पाटण में, बामन के अवतार आने रैवति पर्वत, तपकियाना हरीसार ।।१। महा घौर कलीकालमें, कलि कल्प केर नाश क्रोड यज्ञ फल को दिये नेमिनाथ जिन हरि प्रवर ।।२।। महाविदयकदिने जागरेण गुणगाय । जयन्त गिरि उपरे हरि निर्मल हो जाया ।।३।। नारद लिखित रवैतकाकिस्तोत्र कल्प अनूसार । भावि चौविसीकें सर्व तिर्थंकर सूखकार ।।४।। अनशन करे रवैतगिरि पावेगें निर्वाण नेमीश्वरादिन आठ के अतित ३ कल्याण अब प्रश्न यह हे कि "यह पुजा वि.स. १९७६ मे बनी - भगवान की घोषणा जिवन काल की है - इस पुजा के अलावा २५ ही तिर्थंकर के गिरनार पर निवार्ण पाने का और कोई प्रमाण हो तो लिखकर जानकारी बताने की कृपा करावे ।

२३ त्तिर्थंकर को माता - पिता, नगर आदि भी बताने की कृपा करावे ।

१. प्रभास पाटण वैष्णव २. वामन अवतार (कृष्ण) ३. हरिसार (कृष्ण) ४. महाविर १४ कोइ कल्याणक ५. हरि निर्वाण होगी व कृष्ण ६. नारद बिखति रैवत की.

वि. सं. २०५७ श्रा. कृ. ८ सोमवार

भगवान केवलज्ञानी है गौतमस्वामी चार ज्ञान के धणी है

जिज्ञाशूं.
चतरसिंह नाहर
C/o. मोर्डन सर्विस स्टेशन,
ठि. होस्पीटल रोड, उदयपुर-३१३००१ फोन : २४३५०

## श्री "जैन समाजसे भावी चौविसी के "निवार्ण" तथा माता, पिता तथा 'जन्मभूमि, आदि शास्त्रोक्त बताने की सूझाव देने की विनंती.

प्रभु भगवान महावीर स्वामीने "राजगृही नगरी के गुणशील उद्यान में गौतमादिशी गणधरो के प्रश्नोतरो का उतर देते हुये फरमाया की "हे गौतम" भावी चौविसी के प्रथम तिर्थंकर "श्रेणीकराजा" का जीव काल कर प्रथम नरक में चौरासी हजार वर्ष की आयु पूर्ण कर "शतद्वार नगर" मे सुमति नामके कुलकर की राणी भद्रा की कूक्षी में अषाढ शू. ६ को च्यवन करेगे - चै. शू. १२-१३ को जन्म मागशर कृ. १० की दिक्षा' वै. कृ. १० को केवल व का. कृ. ऽऽ को पावापुरी मे मोक्ष जावेगे । उन की आयू ७२ वर्ष - काया ७ हाथ - लंछन सिह वर्ण स्वर्ण होगा । यानी सब कुछ मेरे सदृश होगा । तत् पश्चात भावी २३ तिर्थंकरो की भी जिवन - यानी (१) सूरदेव (२) सूपार्श्व आदि का सब का वर्तमान चौविसी के २३ ये पार्श्व २२ वे नेमिनाथ व पहेले ऋषभदेव के अनुसार ही होंगे । इन मे प्रथम पावापुरी मे दूसरे सूरदेव सम्मेह शिखर पर - तिसरे सूपाश्व गिरनार पर मोक्ष जावेगे । इस तरह क्रम चालु रहेगा छेल्ले २४ वे तिर्थंकर ही भद्रकृत ५०० धनुष्य की काया वाले ८५ वा एवं पूर्व की आयुष्य वाले वृषभञ्छन वाले अष्टापद पर्वत पर मोक्ष जावेगे । यह सब वर्णन भगवान महावीर स्वामी ने किया है जो "तित्थोगामी पयन्ना" मे प्रकाशित है । "जैन समाज" के दोनो फीरके "श्वेताम्बर" व "दिगम्बर" भावी चौविसी को मानने वाले है । श्वे. मू. मे "मतान्तर" चल रहा हैं बहुमत कहता हे कि "२४ ही तिर्थंकर" "गिरनार" पर मोक्ष जायेगे - अल्पमतर० को "सम्मेतशिखर" पर एक "पावापुरी" एक "गिरनार" एक "चम्पापुरी" य एक "अष्टापद और इस मान्यता की पुष्टि मे भगवान वर्ण्णित "तित्थोगाली पयन्ना" प्रस्तुत करता है इसी "तित्थोगाली पयन्ना" के आधार पर भावि चौविसी का कार्तिक पूनम के पश्चात "चार्ट प्रकाशित करने की भावना है । अतः श्वेताम्बर हो अथवा दिगम्बर - साधु - साध्वी हो अथवा श्रावक - श्राविका इस "तित्थोगालीपयन्ना" के मुकाबले जो "केवली" तीर्थकर भाषित हैं कोई "प्रमाण हो तो निचे के पते पर प्रस्तुत करने की कृपा करे - उनका भी आभार "चार्ट" में प्रगट किया जावेगा । साथ ही भावी दूसरे तिर्थंकर "सूरदेव" से २४ मे तिर्थंकर "भद्रकृत" तक के माता - पिता - जन्म भूमि आदि ज्ञात हो तो लिखाने की कृपा करे - उनका खुब आभार प्रगट किया जावेगा ।

**पता :**
C/o. मोर्डन सर्विस स्टेशन
H.R. पैट्रोल पम्प
ठे. जनरल होस्पिटल रोड,
हजारेश्वर,
पो. उदेपुर (राज.)-३१३००१

जिज्ञासु
चतरसिंह नाहर
का सस्नेह प्रणाम

क्रमश :

# ખોટું નો લગાડતા હોં ને

## ભદ્રંભદ્રનું સોગંદનામું

- ભદ્રંભદ્ર

લેખાંક : ૩

મારે હવે પાછુ જૈન શાસનમાં આવવું અનિવાર્ય બન્યુ છે. બે - બે વખત બી. જે. પી. સરકાર ડીસમિસ થયા પછી પણ પાછી એજ સત્તા ઉપર ટકી રહી છે. આ પ્રસંગમાંથી બોધ ગ્રહણ કરીને હું બે - બે વાર જૈનશાસનમાં લાંબા સમય માટે દેખાતો બંધ થયો હતો છતાં પાછો વગર મહેનતે આવી ગયો છું.

મનમાં હતુ કે લોકો પૂછશે તો ખરા જ કે - હમણા ભદ્રંભદ્ર કેમ આવતા કે દેખાતા નથી. પણ લોકોને મારી (=ભદ્રંભદ્રની) બહુ પડી હોય તેવું ન લાગ્યું બાકી તો મારી કિંમત વધારવા માટે આ સુંદર મોકો હતો કે હું ઘણા વખત પછી આવું છું તો લોકોને મારી ગેરહાજરી નહિ ગમે. પણ લોકો ખરા છે. જૈનશાસનમાં ભદ્રંભદ્ર આવે તો સૌ પહેલું લગભગ એ જ વાંચતા અને નથી આવતા તો તેમને એમ ન થાય કે- આપણે જૈન શાસનમાં પૂછાવીએ તો ખરા કે ભદ્રંભદ્ર કેમ નથી આવતાં ? આ તો હું કદાચ પરલોક સિધાવી જઉ તો ય કોઈને કશી પડી ન હોય તેવું લાગે છે. જો કે એક રીતે સારૂ જ છે કે મારી પાછળ કોઈ રોનાર નથી એટલે મરણ પછીના તેમના રડવાનું પાપ મને લાગવાનું નથી પણ પાછુ એમ પણ થયા કરે છે કે - આટલો લોકપ્રિય બન્યા પછી પણ મારી યાદ કોઈને ન આવે તે જરા ઉચિત ન ગણાય. એટલે થોડા સમય માટે પાછો મારા અસ્તિત્વને જણાવવા આવવું જરૂરી હોવાથી પાછો હું આવી રહ્યો છું. બોલો ભદ્રંભદ્ર કી જે.

જો કે આ વખતે હું એક શરત ધ્યાનમાં રાખીને આવું છુ કે - મારે કોઈના પણ વિરાધમાં ના લખવું આ વ્રત ભીષ્મ વ્રત છે. હું લખુ તે કોઈનો પણ વિરોધ કરે નહિ એવું બનવું બહુ અશકય છે. છતાં આ ભીષ્મ - નિશ્ચય સાથે હું પાછો આવ્યો છું માત્ર તમારે એટલું વચન મને આપવાનું કે- ''હું જે લખું તે કોઈના વિરોધમાં લખ્યુ છે તેવું ન માનવું. જો કે આપણે એ ભૂમિકા પ્રાપ્ત કરી લેવી જોઈએ કે - કઈ વ્યકિત વિરોધ કરે છે કે કઈ વ્યકિતનો વિરોધ કરે છે તે જોયા વગર કઈ વસ્તુનો વિરોધ થાય છે તેવું જ વિચારવું જરૂરી છે.'' છતાં એ ભૂમિકા સુધી આપણે પહોંચીએ ત્યાં સુધી ''મારા લખાણને તમારા વિરોધમાં લખાયેલું ન માનવું'' આટલી તમે બાંહેધરી મને આપશો તો મને બહુ ગમશે. અને તમારી આ બાંહેધરીના જ તો સહારે મારો ભીષ્મ - નિશ્ચય ટકી શકશે.

જો કે દુઃખની વાત તો એ છે કે હું કોઈ નામ / ઠામ / વગર લેખ લખું છું તોય લોકો તેમના વિરોધ તરીકે ગણી લે છે. અને તે લોકો મારા ભદ્રંભદ્રના નામ સાથે, જામનગરના જૈનશાસનના સરનામા સાથે વિરોધ કરે છે. અને તેમના તેવા વિરોધને હું ઉદાર મનથી ક્ષમ્ય ગણું છું (કેમ કે વિરોધ કરનાર વ્યકિત પોતાનું નામ / ઠામ લખતા શરમાયા છે, ડરે છે તેવું તો નહિ હોય ) તે જ રીતે તમારે પણ નામ વગરના વિરોધને વાંચીને તેમાં વિરોધ કરેલ પદાર્થનો સ્વીકાર કરી લેવો પણ મારો વિરોધ નહિ કરો તો કશો વાંધો નહિ આવે.

જો કે મેં કોઈના વિરોધમાં ન લખવાનો ભીષ્મ - નિશ્ચય કર્યો છે તે ઉત્સર્ગથી જ છે. અપવાદ તો બધે ઠેકાણે છે જ. એટલે મને કોઈના વિરોધમાં લખવાની અપવાદે છૂટ રહે છે તે જાણશો.

જેમ 'નવાંગ ગુરૂપૂજન' નામના એક પુસ્તકમાં શ્રી નિર્ભયશેખર વિ. ને એવું સિદ્ધ કરવાની માથાકૂટ કરવી પડી છે કે- 'ગુરૂપૂજન ન જ થાય.' અને છેલ્લે છેલ્લે કીધુ કે 'ગુરૂપૂજન ન જ થાય એવો એકાંત નથી અપવાદે થાય પણ ખરા.' મારૂ પણ ઉત્સર્ગ - અપવાદનું કથન આવું જ જાણજો. એ ચોપડીમાં અપવાદે નવાંગે ગુરૂપૂજનની છૂટ રહે છે તેમ મને વિરોધ કરવાની - લખવાનો અધિકાર અબાધિત રહે છે.

પેલી 'નવાંગ ગુરૂપૂજન' આવા લલચામણા નામથી લખાયેલા પુસ્તકમાં એક વાત મને બહુ જ ગમી ગઈ. કેમ કે તેમાં એવું સિદ્ધ થાય છે કે ગુરૂના માત્ર નવ અંગો જ નહિ બાર અંગો પૂજ્ય છે. એટલે અમારે હવે નવાંગ ગુરૂપૂજન સિદ્ધ કરવાની જ જરૂર નથી રહેતી, તે લોકો નવાંગ ગુરૂપૂજનનો નિષેધ કરે છે તેની પાછળ કદાચ એ પણ કારણ હોય કે બાર અંગે દ્વાદશાંગ ગુરૂપૂજન કરવાનું છે તો તમે નવાંગ જ કેમ કહો છો ? જો કે મને તો નવાંગ ગુરૂપૂજન જ બરાબર લાગે છે.

દ્વાદશાંગ બરાબર નથી. કેમ કે નવનો આંકડો અંખડ આંકડો છે તમારે ટ્રાય કરવો હોય તો કરી જુઓ કે નવના આંકડા સાથે ગમે તે સંખ્યાનો ગુણાકાર કરશો. અને તે ગુણાકારના દરેક આંકડાનો સરવાળો કરશો તો તે નવ જ થશે. દા. તા. ૨૫×૯ = ૨૨૫ = ૨+૨+૫ = ૯.

જો કે આ બધી બહુ પ્રાસંગિક વાતો આવી ગઈ. મારી મૂળ વાત હતી ભીષ્મ - નિશ્ચયની 'કોઈનો વિરોધ થાય તેવું નહિ લખવું.' અથવા કદાચ મારા લખાણથી કોઈનો વિરોધ થયો હોય તેવું જણાય તો પછી તેમણે પૂછાવી જ લેવું પડશે. જેમ એક સભામાં ભાષણ કરનાર ભાષણ કરતા કરતા બોલી ગયા કે- આ સભાના અડધો અડધ (૫૦ ટકા) લોકો ગાંડા છે.' આ સાંભળીને લગભગ અડધી સભા ધૂંઆપૂંઆ થતી ઉભી થઈ ગઈ અને હો હા કરી મૂકી અને ભાષણકારને તેના શબ્દો પાછા ખેંચવા આગ્રહ કરવા માંડયા. ભાષણકારે તરત પોતાના શબ્દો પાછા ખેંચી લીધા અને કહ્યું કે- 'આ સભાના અડધો - અડધ (૫૦ ટકા) લોકો ગાંડા નથી.' બસ આ ભાષણકારની જેમ જ કોઈ મારો વિરોધ કરશે તો હું મારા શબ્દો પાછા ખેંચી લેવા તૈયારીવાળો છું. પેલી સભામાં જે લોકો ઉભા થયા હતા ને તે લોકો એટલા માટે ખુશ-ખુશાલ હતા કે- ''આપણે ભાષણકારને તેના શબ્દો પાછા ખેંચાવ્યા અને બદલાવ્યા.'' હે મહાનુભાવો ! તમે બહુ ઊંડાનો ઉતરતા કે છેવટ અર્થ તો એકનો એક જ થાય ને. અમુક બાબતોમાં બહુ ઊંડા ઉતરવામાં મુંઝવણ થતી હોય છે.

એટલે હવે જૈનશાસનમાં આવતા પહેલાં હું સોગંદનામુ કરૂ છુ કે- ''હું ઉત્સર્ગથી કોઈનો વિરોધ થાય તેવું લખાણ કરીશ નહિ. મારા લખાણના વિરોધના અંશને કોઈ સુધારવાનું જણાવશે તો ભાષણકારની જેમ ચોક્કસ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવને લક્ષ્યમાં રાખવા કરતા મારા હિતની રક્ષાને (ખાસ તો શારીરિક હિતની રક્ષાને) ધ્યાનમાં રાખીને વાકયોમાં ફેરફાર કરીશ. આમ છતાં અપવાદ લગભગ ઘણે બધે ઠેકાણે હોવાના કારણે અપવાદથી મારે કોઈના વિરોધમાં લખાણ કરવાનો અધિકાર અબાધિત રહે છે. અને અપવાદનો પ્રસંગ છે કે નહિ તે નિર્ણય કરવાનો અધિકાર સર્વથા મારો જ રહેશે સાથે સાથે વાંચકવર્ગને એટલી જવાબદારી સોંપુ છુ કે તેમણે પણ મારા લેખ કશા જ કદાગ્રહ / પૂર્વગ્રહ / રાખ્યા વિના તટસ્થ ભાવે વાંચવો. આમ છતાં તમે કોઈ મારો લેખ વિરોધવાળો સમજશો તો મારે કાંઈ લેવા દેવા નથી.''

હવે મારે લખવામાં વાંધો નહિ આવે. માથે સાલુ થોડુ ટેન્શન રહેતુ હતુ. હવે પછીના લેખ હશે જળરક્ષા કે જળકાયની રક્ષા. તમારી નકલની વ્યવસ્થા કરી લેજો.

## જ્ઞાનગુણગંગા -પ્રજ્ઞાંગ

### રૂપી અજીવના ૫૩૦ ભેદ

**પાંચ વર્ણના સો ભેદ :-** (પ્રજ્ઞાપનામાંથી)

(૧) વર્ણથી કૃષ્ણ વર્ણે પરિણત છે તે ગંધથી સુરભિપણે અને દુરભિપણે પણ પરિણત છે, રસથી કડવા, તીખા, તુરા, ખાટા અને મધુર રસપણે પણ પરિણત છે. સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શપણે પણ પરિણત છે. સંસ્થાનથી પરિમંડલ, વૃત્ત - વર્તુલ, ત્ર્યસ્ર - ત્રિકોણ, ચતુરસ્ત્ર - ચોરસ અને આયત સંસ્થાનપણે પરિણત છે.

આ રીતે એક વર્ણના બે ગંધ, પાંચ - રસ, આઠ - સ્પર્શ અને પાંચ - સંસ્થાન ભેદે વીશ ભેદ થાય.

તે જ રીતે નીલ વર્ણ, લોહિત - રાતો વર્ણ - હારિદ્ર - પીળો અને શુકલ વર્ણના પણ ૨૦-૨૦ ભેદ ગણતાં પાંચે વર્ણના સો ભેદ થાય.

**(૨) ગંધના ૪૬ ભેદ** - ગંધથી સુરભિગંધ પણે પરિણત છે તે પાંચે વર્ણથી, પાંચે રસથી, આઠ સ્પર્શથી અને પાંચ સંસ્થાનથી પરિણત છે. તેથી ૨૩ ભેદ થાય.

ગંધથી દુરભિગંધ પણે પરિણત છે તેના પણ આ રીતે ૨૩ ભેદ થાય.

સૂરભિ - દુરભિ એમ બન્ને ગંધના મલીને ૪૬ ભેદ થાય.

**(૩) રસના ૧૦૦ ભેદ** - રસથી તિક્ત રસરૂપે પરિણત છે તેના ૫ વર્ણ, ૨-ગંધ, ૮- સ્પર્શ અને ૫ - સંસ્થાન એમ વીશ ભેદ થાય.

તે રીતે પાંચે રસના ૧૦૦ ભેદ થાય.

**(૪) સ્પર્શના ૧૮૪ ભેદ** - જેઓ કર્કશ સ્પર્શના પરિણામવાળા છે તેઓના ૫ વર્ણ, ૨ ગન્ધ, ૫ રસ, પ્રતિપક્ષી સ્પર્શનો અભાવ હોવાથી બાકીના ૬ સ્પર્શ અને ૫ સંસ્થાનને આશ્રયી ૨૩ ભેદ થાય છે.

તે જ રીતે મૃદુ સ્પર્શના પરિણામવાળા ૨૩, ગુરૂ સ્પર્શના-૨૩, લઘુ સ્પર્શના-૨૩, શીત સ્પર્શના-૨૩, ઉષ્ણ સ્પર્શના ૨૩, સ્નિગ્ધ સ્પર્શના-૨૩ અને રૂક્ષ સ્પર્શના - ૨૩. કુલ ૧૮૪ ભેદ થાય.

**(૫) સંસ્થાનના ૧૦૦ ભેદ** - જેઓ સંસ્થાનથી પરિમંડલ સંસ્થાનપણે પરિણત છે તેઓના ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શને આશ્રયી ૨૦ ભેદ થાય.

તે જ રીતે વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર અને આયત સંસ્થાનના ૨૦-૨૦ ભેદ ગણતાં પાંચે સંસ્થાનના ૧૦૦ ભેદ થાય.

વર્ણના - ૧૦૦, ગંધના - ૪૬, રસના - ૧૦૦, સ્પર્શના - ૧૮૪ અને સંસ્થાનના - ૧૦૦ એમ કુલ ૫૩૦ ભેદ થાય.

# રાજકોટ શહેરમાં શ્રી ઋષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થનું શિલા સ્થાપન

કાલાવડ રોડ શક્તિનગર મેઈન રોડ ગાયત્રી મંદિર પાસે શ્રી પ્રાણલાલ તથા શ્રીમતી લીલાબેન દ્વારા પ્રાણ લીલા જૈન ટ્રસ્ટને આપેલ ૧૮૦૦ વાર જમીન તેમના સુપુત્રી શ્રીમતી પ્રમીલાબેન શાંતિલાલ વ્યાસે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ જામનગરને અર્પણ કરી ને એક વિરાટ કાર્યનું સર્જન ર્ક્યું છે.

પૂ. આચાર્ય દેવશ્રીના ઉપદેશથી બાવન જિનાલયનું પ્લાન થયું. યોજના પ્રગટ થઈ અને ભાવિકો તેમાં લાભ લેવા માટે ઉત્સાહિત બન્યા. કારતક વદ ૭ ના પૂ. મુ. શ્રી પ્રશમાનંદ વિજયજી મ. ની શુભ નિશ્રામાં શ્રીમતી પ્રમીલાબેન શાંતિલાલ વ્યાસ તેવા શ્રી પ્રાણલીલા જૈન ટ્રસ્ટના ટ્રસ્ટીઓના શુભ હસ્તે ખનન મુહૂર્ત થયું. સારી સંખ્યા પણ થઈ.

પૂ. આચાર્ય દેવશ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ માગશર સુદ-૩ ના રાજકોટ પધાર્યા યુનિવરસીટી રોડ, શ્રોફ રોડ, વર્ધમાનનગર, રણછોડનગર વિચરીને માગશર સુદ ૮ સોમવાર તા. ૪-૧૨-૨૦૦૦ ના કાલાવડ રોડ પધાર્યા. શિલાસ્થાપન આજે ૧૨-૩૯ કલાકે હતું. બાવન શિલાઓનું પૂજન વ્યવસ્થિત થાય તે રીતે દાતાઓ અને બાકીના શિલાની આદેશ લેનારા ગોઠવાઈ ગયા હતા. મંડપ ભરાઈ ગયો હતો.

સંગીતરત્ન શ્રી અનંતરાય નગીનદાસ શાહે ભાવવાહી રીતે સ્નાત્ર ભણાવી. વિધિકાર સુરેશભાઈ હીરાલાલ શાહે નવગ્રહાદિ પૂજન કરાવ્યા. અને પૂ. શ્રી ના મંગલ મંત્રોચ્ચારથી શિલાઓની અષ્ટ પ્રકારી પૂજા વિ. થયા.

મૂલ મંદિરની નવ અને બાકીના મંદિર શિલાઓનું પૂજન થયું. વસ્ત્ર વીંટીને ફુલહાર કરી શિલાઓ તૈયાર થઈ.

શ્રી પ્રાણલીલા જૈન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રીમતી પ્રમીલાબેન, શ્રી શાંતિલાલભાઈ વ્યાસ, શ્રી બિપિનભાઈ, શ્રી હરસુખભાઈ તંબોલી, શ્રી એમ. ડી. મહેતા, શ્રીમતી આશાબેન પારેખનું શ્રી હર્ષપુષ્પામૃત જ્ઞાન ભંડાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી કાનજી હીરજી શાહ, શ્રી કાનજી જેઠાભાઈ નાગડા, શ્રી દેવચંદ પદમશી ગુઢકા તથા આ કાર્ય સંભાળતા શ્રી મનસુખલાલ જીવરાજ, શ્રી હેમેન્દ્રકુમાર મનસુખલાલ, શ્રી જયસુખલાલ કાનજી, શ્રી જિતેન્દ્રકુમાર જગજીવન, શ્રી રમણલાલ નંદલાલ આદિ ભાવિકોને હસ્તે શ્રીમતી પ્રમીલાબેનને ચાંદીનો પૂજાનો સેટ તથા બીજા ટ્રસ્ટીશ્રીઓને ચાંદીના શ્રીફળ આપવા પૂર્વક થયું અને જયજયકાર થયો.

શિલાઓ તૈયાર હતી મંત્રોચ્ચાર અને ઢોલના નાદ સાથે વિશાળ મંદિરના મેદાનમાં શિલાસ્થાપન કરનારા ચાલ્યા. દશ હજાર ફુટ જેટલી જગ્યા ૪-૪ ફુટ ખોદીને પત્થરાળ જગ્યાએ શિલાઓ મુકનારા ગોઠવાઈ ગયા. અને ઓં પુણ્યાહંના નાદ સાથે શ્વાસ રોકીને બધી મુખ્ય ૯+૪૯ શિલાઓ હર્ષોલ્લાસ સાથે સ્થાપિત થઈ. મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા.

મંત્રોચ્ચાર અને વાસક્ષેપ થયા. પૂ. આ. શ્રી, પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ., પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિ. મ., પૂ. બાલ મુ. શ્રી નમ્રેન્દ્ર વિ. મ., પ્રવર્તિની પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. આદિ દ્વારા શિલાઓ ઉપર વાસ નિક્ષેપ થયો.

પૂ. શ્રી એ મંગલ શિલાની મંગલ ગાથાઓ અર્થ પૂર્વક સંભળાવી, અક્ષતના થાળમાંથી ખોબે ખોબે શિલા ઉપર કુસુમાંજલી કરી. અને અનેરા ઉત્સાહથી આ મહોત્સવ સમાપ્ત થયો.

શ્રી જગજીવનદાસ જીવરાજ, શ્રી રાયચંદ પ્રેમચંદ, શ્રી નંદલાલ જીવરાજ, શ્રી મનસુખલાલ જીવરાજ, શ્રી હેમેન્દ્રકુમાર મનસુખલાલ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ તથા તેમના તરફથી આમંત્રિતો તથા શિલાસ્થાપનમાં પધારેલાનું સાધર્મિક વાત્સલ્ય થયું.

**પૂ. શ્રી વર્ધમાનનગર મૌન એકાદશી માટે પધાર્યા. શ્રી હર્ષપુષ્પામૃત જ્ઞાનભંડાર ટ્રસ્ટ તરફથી બાકી રહેલા શ્રી પ્રાણલાલ જૈન ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું તથા શ્રી વર્ધમાનનગર શ્રી સંઘ તરફથી પ્રાણલીલા જૈન ટ્રસ્ટના બધા ટ્રસ્ટીઓનું તથા વાંકાનેર મુકામે ઉપધાનનો લાભ લેનાર શ્રી લાભુબેન જયંતિલાલ હીરાચંદ વસા પરિવારનું સન્માન થયું.**

પૂ. શ્રી માગશર સુદ ૧૨ વિહાર કરી શંખેશ્વર મુકામે ૨૭ ફુટ ૯ ઈંચ (૩૩૩) ઈંચના પંચધાતુના પદ્માસન સ્થ શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ પ્રભુજીની અંજન શલાકા પ્રતિષ્ઠા માટે પધારે છે.

# શ્રી ઋષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ
# રાજકોટ શિલા સ્થાપન મહોત્સવ



નવ ગ્રહાદિ પૂજન



૬૦ શિલાઓનું સામુહિક પૂજન



મુખ્ય કુર્મશિલા
સ્થાપન માટે
શ્રી પ્રમીલાબેન
શાંતિલાલ શાહ,
બિપીનભાઈ
આદિનું પ્રયાણ



સમૂહ શિલા પૂજન વિધિ અને મેદની



શિલા પૂજનની અમૂલ્ય ક્ષણો

# શ્રી ઋષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ

## રાજકોટ શિલા સ્થાપન મહોત્સવ



શિલા સ્થાપન



શિલાઓ ઉપર વાસક્ષેપ પૂ. ગુરુદેવ તથા બાલમુનિ



પૂ. ગુરુદેવ તથા
પૂ. પ્રવર્તક મુનિ
શ્રી યોગીન્દ્ર વિ. મ.



પૂ. સાધ્વીજી મહારાજો



શિલાસ્થાપન બાદ પૂ. ગુરુદેવ મંગલગાથાઓ
કહી કુસુમાંજલી કરે છે



Shree Hrishbh Jinendra Bavan Jinalay, At. Karavad road Shakti Nagar Main road, Rajkot.
Plan by :- Shilpi Pravinchandra. V. Sompura, "Om Shilpam", Ph:-602730, Rajkot-3

શ્રી ઋષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ જિન મંદિરોના આદેશ લેનાર ભાગ્યશાળીઓ.

**મુખ્ય મંદિરમાં ૧૧ લાખ**

(૧) મૂળનાયકની જમણી બાજુ - શ્રી વિમળાબેન અરવિંદકુમાર રાયચંદ શાહ (૨) મૂળનાયકની ડાબી બાજુ - શ્રી હેમેન્દ્રકુમાર મનસુખલાલ જીવરાજ શાહ-ભાડલાવાળા (મુખ્ય મૂળનાયક તથા ઉપરના મૂળનાયક તથા તેમની જમણી ડાબી બાજુના કુલ ૩ આદેશ મુખ્ય દેરાસરમાં બાકી)

**ચૌમુખીજી ચાર મંદિર (નકરો ૩ લાખ ૪૧ હજાર)**

(૧) શ્રી ભરતભાઇ વીરજીભાઇ પટેલ - જામનગર (૨) શ્રી કાનજીભાઇ જેઠાભાઇ - જામનગર (૩) શ્રી મનસુખલાલ જીવરાજભાઇ - ભાડલાવાળા, રાજકોટ (૪) શ્રી નટવરલાલ ડાયાલાલ શાહ - રાજકોટ.

**મહીધર પ્રાસાદ (શિખર) પાંચ મંદિર (નકરો ૧૧ લાખ)**

(૧) શ્રીમતી પ્રમીલાબેન શાંતિલાલ વ્યાસ - રાજકોટ (ચાર મહીધર પ્રાસાદના આદેશ બાકી - એક પુંડરીક સ્વામી મંદિર બાકી.

**ચાલીશ જિનાલય (નકરો ૨ લાખ ૭૧ હજાર)**

જિનાલય નંબર : (૧) ભાનુચંદ્ર ગોપાલભાઇ દોશી - પોરબંદરવાળા (૨) શ્રી સૌભાગ્યચંદ તલકચંદ વસા - રાજકોટ. (૩) શ્રીમતી મણીબેન વીરચંદ માલદે - નાઇરોબી (૪) શ્રી હસમુખલાલ સૌભાગ્યચંદ વસા - રાજકોટ. (૫) શ્રી મગનલાલ મોતીચંદ મહેતા - રાજકોટ (૭) શ્રી પારસકુમાર રમેશચંદ્ર કાલીદાસ - રાજકોટ (૯) શ્રી મહેન્દ્રભાઇ કોઠારી - રાજકોટ (૧૦) ભુપેન્દ્રકુમાર ડાયાલાલ - લીંબડી (૧૧) પ્રાણલાલ ભુદરભાઇ શાહ - રાજકોટ (૧૨) મંગળાબેન હિંમતલાલ શાહ - રાજકોટ (૧૬) શ્રી વિનયચંદ શેઠ - જુનાગઢવાળા -મુંબઇ. (૧૮) શ્રી જીગજીવનદાસ જીવરાજ - ભાડલાવાળા, રાજકોટ (૧૯) શ્રી જયંતિલાલ કેશવજી મહેતા - રાજકોટ (૨૦) શ્રી છગનલાલ નેમચંદ ગોસરાણી - મુલુંડ (૨૧) શ્રી કાંતિલાલ ડાયાલાલ શાહ - રાજકોટ (૨૩) શ્રી તારાચંદભાઇ ડુંગરશી હ. હસમુખભાઇ રાજકોટ (૨૪) શ્રી પ્રવીણચંદ્ર નરોત્તમદાસ પારેખ - રાજકોટ (૨૭) શ્રી ઇંદુલાલ માધજી શાહ - રાજકોટ (૪૦) શ્રી કુમુદ મેન્શન જૈન સંઘ તારદેવ - મુંબઇ. (નંબર નથી તે જિનાલયના આદેશ બાકી છે. ૧૯ જિનાલય લખાયા ૨૧ બાકી છે)

**મૂળનાયક મંદિરની શિલા નકરો ૧૧ હજાર**

માત્ર શિલા સ્થાપનનો આદેશ લેનારા : (૧) શ્રીમતી પ્રમીલાબેન શાંતિલાલ વ્યાસ - રાજકોટ (૨) શ્રી કાનજીભાઇ

જેઠાભાઈ - જામનગર (૩) શ્રી મનસુખલાલ જીવરાજભાઈ - રાજકોટ (૪) શ્રી રામજીભાઈ લખમણભાઈ મારૂ - થાનગઢ (૫) શ્રી કાલીદાસ હંસરાજ નગરીયા - થાનગઢ (૬) શ્રી લક્ષ્મીકાંત રાયચંદભાઈ - રાજકોટ (૭) શ્રી કાંતિલાલ અમૃતલાલ શાહ હ: કુંદનબેન કાંતિલાલ નવાગામવાળા.

**મહીધર પ્રાસાદ નકરો ૫ હજાર**

(૧) શ્રી શાંતિલાલ ત્રિભોવનભાઈ વ્યાસ (૨) શ્રીમતી મીરાબેન મહેન્દ્રભાઈ કોઠારી (૩) શ્રીમતી લીલાબેન ભીખુભાઈ ધ્રુવ (૪) શ્રી પ્રવીણચંદ્ર શિવલાલ ભુદરભાઈ શાહ

**૪૦ જિનાલયમાં શિલાનો આદેશ લેનાર નકરો ૨ હજાર**

(૧) શ્રી માધવજી વીઠલદાસ શાહ (૨) શ્રી દલીચંદ નીમચંદ શાહ (૩) શ્રી કેતનકુમાર શાંતિભાઈ વ્યાસ (૪) શ્રીમતી જયશ્રીબેન સુધીરભાઈ પારેખ (૫) શ્રી સોમચંદ નીમચંદ શાહ (૬) વેલજી પ્રેમચંદ નાગડા - મોંબાસા (૭) શ્રી જેચંદ મૂળજી પરિવાર હ: મનુભાઈ કચોરીવાળા (૮) શ્રી ભરતકુમાર જયંતિલાલ શાહ (૯) શ્રીમતી મંજુલાબેન પ્રતાપરાય શાહ (૧૦) શ્રી અમુલખભાઈ હરજીવનભાઈ - વીંછીયા (૧૧) શ્રી રામજી તેજશી હરિયા (૧૨) શ્રી કેશવજી લખમણ મારૂ - જામનગર (૧૩) શ્રી જયંતિલાલ કરશનજી (૧૪) શ્રી પદમશી વાઘજી ગુઢકા - થાનગઢ. (૧૫) શ્રીમતી ભાનુબેન કિરીટભાઈ દોશી (૧૬) શ્રી શાંતિલાલ કસ્તુરચંદ દેશાઈ (૧૭) શ્રી સુરેશ લહેરચંદ ચાવાળા (૧૮) શ્રી વ્રજલાલ જીવરાજ શાહ (૧૯) શ્રી પુનમચંદ અવિચળ મહેતા (૨૦) શ્રી પ્રભુલાલભાઈ કસ્તુરચંદ મહેતા (૨૧) શ્રી અમૃતલાલ વાડીલાલ શાહ (૨૨) શ્રી ભગવનદાસ મગનભાઈ શાહ (૨૩) શ્રી વેલજી દેપાર હરણીયા - જામનગર (૨૪) શ્રી ધીરજલાલ વેલજીભાઈ હરણીયા - જામનગર (૨૫) શ્રી ભરતભાઈ સુદર્શનભાઈ (ગેલેકસી)

**સંપર્ક સાધવાના સ્થળો**

(૧) **શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાનભંડાર ટ્રસ્ટ**
**શ્રી કાનજી હીરજી શાહ**
C/o.શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર- ૩૬૧ ૦૦૫. ફોન : ૫૫૪૮૧૭, ૫૬૫૦૬૮

(૨) **શ્રી કાનજી જેઠાભાઈ નાગડા**
૬, ઓસવાલ કોલોની, જામનગર - ૩૬૧ ૦૦૫,
ફોન : ૫૬૧૧૧૭, ફેક્સ : ૫૬૦૦૨૩

(૩) **શ્રી મનસુખલાલ જીવરાજ શાહ**
શરાફ બજાર, રાજકોટ - ૩૬૦ ૦૦૧.
ફોન : ૨૩૨૩૭૬, ૨૨૩૪૮૨

(૪) **શ્રી હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ**
જશ્મિન જ્વેલર્સ, માંડવી ચોક, નવા નાકા રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧, ફોન : ૨૨૩૯૫૧ (ઓ.)
૨૨૩૯૪૮ (રે.) ૨૪૧૭૩૨ (રે.)

(૫) **શ્રી પ્રમીલાબેન પ્રાણલાલ ભણશાળી**
C/o.એસ. ટી. વ્યાસ, સમર્પણ એરોડ્રામ રોડ,
મારૂતિનગર, રાજકોટ. ફોન : ૪૪૪૪૪૫

(૬) **શ્રી જયસુખલાલ કાનજી શાહ**
૨, સંભવનાથ, ૨૦, રણછોડનગર,
રાજકોટ - ૩૬૦ ૦૦૩. ફોન : ૨૩૩૬૧૬

**:: પત્ર વ્યવહાર માટે ::**

**શ્રી ઋષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ ઓફીસ**
C/o. જશ્મિન જ્વેલરી હાઉસ, હ. હેમેન્દ્રભાઈ,
માંડવી ચોક, નવા નાકા રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.
ફોન : (ઓ.) ૨૨૩૯૫૧ (રે.) ૨૨૩૯૪૮ / ૨૪૧૭૩૨
મોબાઈલ નં. ૯૮૨૪૦ ૪૧૨૩૧


**અવશ્ય મંગાવો**

**શ્રી જૈન શાસન અઠવાડિક**

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | રૂા. ૧૦૦/- |
| આજીવન | રૂા. ૧૦૦૦/- |
| પરદેશમાં વાર્ષિક | રૂા. ૫૦૦/- |
| આજીવન | રૂા. ૬૦૦૦/- |

**શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ**
C/o. શ્રુત જ્ઞાન ભવન,૪૫,દિગ્વિજય પ્લોટ,
જામનગર- ૩૬૧ ૦૦૫.
ફોન : ૭૭૦૯૬૩

# તપોવન સંસ્કૃત પાઠશાળાનો સાતમો વાર્ષિક મહોત્સવ

શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી સંસ્કૃત પાઠશાળાનો ૭મો વાર્ષિક મહોત્સવ તપોવન સંસ્કારધામના સેવાભાવી ટ્રસ્ટી શ્રી દેવચંદભાઈ ધનજીભાઈના પ્રમુખ સ્થાને તા. ૧૩-૧૧-૨૦૦૦ ને સોમવારે યોજવામાં આવેલ જે કાર્યક્રમનું સંચાલન શ્રી નરેન્દ્ર કામદાર ગઢડાવાળાએ કર્યુ હતું. પૂજ્ય પંન્યાસજી શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. ના સુશિષ્ય પાઠશાળાની પ્રવૃત્તિ અને પ્રગતિ માટે અખંડ કાર્યરત એવા પૂ. મુનિરાજ શ્રી જિતરક્ષીત વિજયજી મ. તથા પૂ. શ્રી નયપદ્મ વિજયજી મ. ની પ્રેરણા અને આશીર્વાદથી યોજાયેલ આ ધર્મસભામાં પ્રાજ્ઞચક્ષુ પંડિતવર્ય શ્રી અમુલખભાઈ મહેતાએ પાઠશાળાની સ્થાપના અને ઉજ્જ્વળ કારકિર્દીનો ચિતાર આપી મનુષ્યના જીવનમાં તત્ત્વજ્ઞાનની આવશ્યકતા સમજાવી હતી. ગૌશાળાના સેવાભાવી ડૉ. શ્રી ધીરૂભાઈ પંડયાએ સંસ્કૃત પાઠશાળાની નિરંતર પ્રગતિ બદલ અભિનંદન આપ્યા હતા.

આ પાઠશાળાની સ્થાપનાથી અત્યાર સુધીમાં સવાસો વિદ્યાર્થીઓએ અભ્યાસનો લાભ લીધો છે. જેમાંથી ૧૬ મુમુક્ષુ આત્માઓ જૈન મુનિરાજો અને ૪૬ વિદ્વાન પંડિતો તૈયાર થયા છે. જૈન પાઠશાળાઓમાં આમાંથી ઘણા પંડિતો સેવાઓ આપે છે. ૧૩ વર્ષથી ઉપરની વયના ભારતભરના કોઈપણ ધર્મ કે સંપ્રદાયના યુવાનો તદ્દન નિ:શુલ્ક આ સંસ્થામાં દાખલ થઈને સંસ્કૃતની બે બુક અને જીવવિચાર નવતત્ત્વ અને શ્રાવક જીવનનું પાલન કરવાની તાલીમ મેળવે છે. તપોવન સંસ્કારધામમાં યોજાયેલ ભવ્ય સાસ્કૃતિક પ્રદર્શનમાં આ પાઠશાળાના અભ્યાસકો પ્રવકતા તરીકે સેવા આપે છે. પ્રાજ્ઞચક્ષુ પંડિત શ્રી અમુલખભાઈ તથા પંડિત શ્રી ભુપેન્દ્રભાઈ ખંભાતવાળા તથા શ્રી રામતારકજી શુકલા વિગરે પંડિતો અધ્યયન કરાવે છે. યુવાન કાર્યકર શ્રી અનિલભાઈ અને શ્રી વૈભવભાઈ સોની સંચાલન કાર્ય સંભાળે છે.

સંસ્થાના નવયુવાન ટ્રસ્ટીશ્રી પ્રકાશભાઈ બી. શાહ મલાડવાળાના નેતૃત્વમાં સંસ્કૃત પાઠશાળાના યુવાનોએ શ્રી શેત્રુંજય પાલીતાણા ખાતે અભિષેક મહોત્સવમાં હાજરી આપી સેવાઓ આપી હતી.

ધો-૮ ના ગુરુકુળના વિદ્યાર્થી શ્રી હર્ષિત ગાંધી અમદાવાદવાળાએ આ સભામાં ધારદાર વક્તવ્ય આપ્યું હતું. પર્યુષણ અને ચાતુર્માસના સ્થિરવાસ દરમ્યાન આ સંસ્થાની અનુપમ સેવા બજાવનાર ગઢડા નિવાસી પદયાત્રી શ્રી નરેન્દ્રભાઈ કામદારનું બહુમાન પૂ. મુનિરાજ શ્રી જિતરક્ષીત વિજયજી મ. સા. તથા પૂ. શ્રી નયપદ્મ વિજયજી મ. સા. ની પ્રેરણા અને આશીર્વાદથી આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.

**ત્રિલોકભાઈ ચંદુલાલ શાહ**

પ્રાધ્યાપક

**તપોવન વિદ્યાલય - નવસારી**

## સોમવસુની કથા લોમ ઋષિ

**મોકલનાર :**

**શાહ રતીલાલ ડી. ગુઢકા - લંડન**

કૌશંબી નગરીમાં સોમ નામે બ્રાહ્મણ રહેતો તે હંમેશા ધર્મ શાસ્ત્ર શ્રવણ કરવામાં પ્રીતિવાળો હતો. એક વખત તેણે લોમ ઋષિની કથા સાંભળી કે કોઈ તાપસે ૧૨ હજાર વર્ષ સુધી તપ કર્યું - માસક્ષમણના પારણે ૫ ઘેર ભિક્ષા માંગતો અને ૫ ઘેરથી ભિક્ષા ન મળે તો ફરીથી માસક્ષમણ કરતો પણ ૬ ઠે ઘેરે ના જાય આ પ્રમાણે - ૪ માસક્ષમણ કરતો ને મળેલા આહારના ૪ ભાગ કરતો જળચરને ૨ સ્થળચરને ૩ જો ખેચરને થોડા રહેલા ૪થા ભાગને ૨૧ વાર પાણીથી ધોઈને પોતે ખાતો આવી રીતે તપ કરતાં તાપસ મૃત્યુ પામીને ઈન્દ્ર થયો.

ત્યાં તેણે સર્વ દેવોને પૂછયું કે આ સ્વર્ગ કોણે બનાવ્યું છે ? ત્યારે દેવતાઓ બોલ્યા કે આ સ્વર્ગ કોઈએ બનાવ્યું નથી તે તો સ્વયંસિદ્ધજ છે તે સાંભળીને ઈન્દ્રે વિચાર્યુ કે આ સ્વર્ગ જીર્ણ થઈ ગયું છે માટે હું નવું સ્વર્ગ બનાવું - દેવતાઓએ કહ્યું કે નવીન સ્વર્ગ કોઈથી બની શકે જ નહિં ઈન્દ્ર કહ્યું કે પહેલાના ઈન્દ્રો નવીન સ્વર્ગ બનાવવામાં આસકત નમાલા હતા હું તો સમર્થ છું ત્યારે દેવો બોલ્યા કે હે સ્વામી તમે પ્રથમ મૃત્યલોકને જુઓ પછી તમારી ધારણા પ્રમાણે કરજો.

તે સાંભળી ઈન્દ્ર મનુષ્ય લોક જોવા ગયો ત્યાં એક ખાંકડાના વૃક્ષ નીચે લોમ નામના ઋષિ તપસ્યા કરતા હતા - હે ઋષિ તમે મઠ કર્યા વિના તપ કેમ કરી શકો છો ? લોમ ઋષિ બોલ્યા કે જ્યારે ૧૪ ચોકડી જાય છે ત્યારે મારા શરીરનો એક વાળ ખરે છે એવી રીતે આ મારા આખા શરીરના સાડા ત્રણ કરોડ વાળ ખરી જશે ત્યારે મારૂ મૃત્યુ થવાનું છે. હજુ તો મારા મસ્તકના ચાર કેશ પણ પૂરા પડયા નથી ૧ ચોકડીના વર્ષ ૪૩ લાખ અને વીશ હજાર = ૧૪ ચોકડી જાય ત્યારે વાળ ૧ ખરે તેથી આ દેહ અનિત્ય છે જો આ શરીર શાસ્વતું હોત તો એને માટે મઠ વગેરે કરવાનો મોહ રાખત પણ તેવું નથી.

તે સાંભળી ઈન્દ્રે વિચાર કર્યો કે આ ઋષિની પાસે મારૂં આયુષ્ય તો જળના કણીઆ જેવું જેટલુ છે તો નવીન સ્વર્ગ કરવાનો મોહ શા માટે કરવો ? એમ નિશ્ચય કરી ઈન્દ્ર પોતાના સ્થાને ગયો આ પ્રમાણે પૂરાણની કથા સાંભળી સોમ બ્રાહ્મણે વિચાર્યું કે કૂળ ધર્મ શ્રેષ્ઠ નથી માટે ધર્મની પરિક્ષા કરીને જ્ઞાન ધર્મનું આચરણ કરૂં.

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ || || શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ ||

|| શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ ||

|| હાલારદેશોદ્ધારક પૂ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ ||

# શ્રી શંખેશ્વર મહાતીર્થ મધ્યે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

# 卐卐卐 આમંત્રણ પત્રિકા 卐卐卐

સુજ્ઞ ધર્મબંધુ

શ્રી શંખેશ્વર મહાતીર્થ મધ્યે શ્રી હાલારી વિશા ઓશવાળ શ્વે. મૂ. તપાગચ્છ જૈન ધર્મશાળા મધ્યે ત્રણ માળના નૂતન **શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્ર પ્રાસાદ** મધ્યે જર્મન સિલ્વરના ૪૧ ઈંચના **શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથજી** આદિ નૂતન જિનબિંબોની ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા **હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.** ના પટ્ટધર પ્રાચીન સાહિત્યોદ્ધારક **પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**, પૂ. પ્રવર્તક મુનિરાજ **શ્રી યોગીન્દ્રવિજયજી મ.** આદિની પુનીત નિશ્રામાં સં. ૨૦૫૫ મહા સુદ ૫ શુક્રવાર તા. ૨૩-૧-૯૯ના થઈ હતી. હવે સામેના ભાગમાં ભવ્ય અદ્‌ભુત અદ્વિતીય એવા ૨૭ ફૂટ ૯ ઈંચના ધાતુના ભવ્ય પ્રતિમાજી પધરાવવાના છે તે માટે આરસનું મંદિર ૩૦×૩૦ ફૂટ ગભારો, ૪૦ ફૂટ સ્થંભ, ૨૦ ફૂટ સામરણ, ૬૩ ફૂટે કળશ અને ૭૮ ફૂટે ધજા રહેશે.

આ પ્રતિમાજીની ભવ્ય રીતે અંજનશલાકા પ્રતિષ્ઠા છે. તે પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**દિવસ પહેલો વિ. સં. ૨૦૫૭ પોષ વદ ૧૨ રવિવાર તા. ૨૧-૧-૨૦૦૧**

**જલયાત્રા - વરઘોડો** સવારે ૮-૩૦ વાગ્યે - વેદિકા ઉપ જિનબિંબ સ્થાપના

**સવારે ૧૦-૫૫ વાગ્યે** : કુંભ સ્થાપન, દીપક સ્થાપન, જવારારોપણ, ક્ષેત્રપાળ સ્થાપન, માણેકસ્થંભ રોપણ.

**બપોરે વિજય મુહૂર્તે** : નંદાવર્ત પૂજન, દશદિક્‌પાલ પૂજન આદિ પૂજન.

**દિવસ બીજો વિ. સં. ૨૦૫૭ પોષ વદ ૧૩ સોમવાર તા. ૨૨-૧-૨૦૦૧**

**સવારે ૯-૦૦ વાગ્યે** : નવપદપૂજન, વીશસ્થાનકપૂજન, ■ **બપોરે વિજય મુહૂર્તે** : શ્રી શાંતિસ્નાત્ર

**દિવસ ત્રીજો વિ. સં. ૨૦૫૭ પોષ વદ ૧૪ મંગળવાર તા. ૨૩-૧-૨૦૦૧**

**પંચકલ્યાણક - અંજનશલાકા મહોત્સવ કાર્યક્રમ શરૂ**

**સવારે ૯-૦૦ વાગ્યે** : ઈન્દ્ર-ઈન્દ્રાણી સ્થાપના, માતા-પિતા સ્થાપના, ચ્યવન કલ્યાણક વિધાન, ૧૪ સ્વપ્ન દર્શન.

**બપોરે ૩-૦૦ વાગ્યે** : ચ્યવન કલ્યાણક વરઘોડો

**દિવસ ચોથો વિ. સં. ૨૦૫૭ પોષ વદ ૦)) બુધવાર તા. ૨૪-૧-૨૦૦૧**

**સવારે ૯-૦૦ વાગ્યે** : જન્મ કલ્યાણક વિધાન, ૫૬ દિક્કુમારી મહોત્સવ, મેરૂ પર્વત ઉપર જન્મ અભિષેક, સુઘોષા ઘંટનાદ (બોલી). ■ **બપોરે ૩-૦૦ વાગ્યે** : જન્મ કલ્યાણકનો વરઘોડો.

**દિવસ પાંચમો વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૧ ગુરૂવાર તા. ૨૫-૧-૨૦૦૧**

**સવારે ૯-૦૦ વાગ્યે** : અઢાર અભિષેક (બોલી), સૂર્ય દર્શન (બોલી), ચંદ્ર દર્શન (બોલી), ધ્વજદંડ અભિષેક (બોલી), કલશ અભિષેક (બોલી)

**બપોરે ૨-૦૦ વાગ્યે** : પુત્રજન્મ વધામણી, પારણું ઝુલાવવું, પ્રભુજીનું નામસ્થાપન, નિશાળગણણું.

**દિવસ છઠ્ઠો વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૨ શુક્રવાર તા. ૨૬-૧-૨૦૦૧**

**સવારે ૭-૦૦ વાગ્યે** : દીક્ષાર્થી ભારતીબેન દેવચંદનો વરસીદાનનો વરઘોડો.

**સવારે ૯-૦૦ વાગ્યે** : મામેરૂં, ફુલેકું, લગ્ન મહોત્સવ ■ **બપોરે ૨-૦૦ વાગ્યે** : પ્રભુનો રાજ્યાભિષેક.

**દિવસ સાતમો વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૩ શનિવાર તા. ૨૭-૧-૨૦૦૧**

**સવારે ૭-૦૦ વાગ્યે** : કુમારી ભારતીબેન દેવચંદભાઈની દીક્ષાવિધિ, **સવારે ૯-૦૦ વાગ્યે** : દીક્ષા કલ્યાણકનો ભવ્યાતિભવ્ય વરસીદાનનો વરઘોડો, બાદ દીક્ષા કલ્યાણક ઉજવણી, રાત્રે શુભ મુહૂર્તે અધિવાસના તથા અંજન વિધિ.

**દિવસ આઠમો વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૪ રવિવાર તા. ૨૮-૧-૨૦૦૧**

**સવારે શુભ મુહૂર્તે** : અંજન થયેલ પ્રભુજીના પ્રથમ દર્શન (બોલી), **સવારે ૭-૦૦ વાગ્યે** : કેવળજ્ઞાન કલ્યાણકની ઉજવણી, સમવસરણની દેશના. **સવારે ૯-૦૦ વાગ્યે** : નિવાર્ણ કલ્યાણકની ઉજવણી, ૧૦૮ અભિષેક.

**સવારે ૧૧-૦૦ વાગ્યે** : ભોજનશાળા, જલધારા, ધર્મશાળા ઉત્તર વિભાગનું ઉદ્‌ઘાટન.

**બપોરે ૩-૦૦ વાગ્યે** : કેવલજ્ઞાન તથા નિર્વાણ કલ્યાણકનો સંયુકત વરઘોડો.

**દિવસ નવમો વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૫ સોમવાર તા. ૨૯-૧-૨૦૦૧**

**સવારે શુભ મુહૂર્તે** : જિનબિંબ ધ્વજ દંડ કલશ તથા ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા.

**બપોરે વિજય મુહૂર્તે** : શ્રી બૃહદ અષ્ટોત્તરી સ્નાત્ર, રાત્રે ભાવના તથા ત્યાર બાદ શાંતિ જળની ધારાવાળી.

**દિવસ દસમો વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૬ મંગળવાર તા. ૩૦-૧-૨૦૦૧**

**સવારે શુભ મુહૂર્તે** : જિન મંદિર દ્વારોદ્‌ઘાટન (બોલી), સવારે ૯-૦૦ વાગ્યે સત્તરભેદી પૂજા.

વિધિ વિધાન માટે જામનગરથી શ્રેષ્ઠિવર્ય શ્રાદ્ધવર્ય **શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ**નું મંડળ પધારશે તથા પૂજા ભાવના પૂજન તથા કલ્યાણકોની ઉજવણી માટે સુપ્રસિદ્ધ સંગીતકાર **શ્રી બલવંતભાઈ ઠાકુર**ની મંડળી રંગ જમાવશે.

આપને આ ભવ્ય મહોત્સવમાં સપરિવાર પ્રથમથી જ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આ ભવ્યાતિભવ્ય અંજનશલાકા મહોત્સવમાં પ્રથમથી સમાપ્તિ સુધીની તમારી હાજરી શ્રી શાસન શોભામાં અભિવૃદ્ધિ કરશે.

લિ.

**શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ**

શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા કમિટિ તથા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ

**હાલારી ધર્મશાળા - શંખેશ્વર** ફોન : ૦૨૭૩૩ - ૭૭૩૧૦

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર. (સૌરાષ્ટ્ર) ફોન : ૭૭૦૯૬૩

## જળમાં અગ્નિ નાખનાર મૂર્ખ

મંદબુદ્ધિવાળો એક મનુષ્ય હતો, એક વાર રાત્રે તેણે વિચાર્યું કે "પ્રભાતે દેવતાની પૂજા કરવી છે. સ્નાન ધૂપાદિ માટે મને જળ અને અગ્નિ ઉપયોગી છે. માટે તે બન્ને એકઠાં રાખું; જેથી મને જલદી મળી શકે" એમ વિચાર કરીને પાણીનાં કુંભમાં અગ્નિ નાખીને તે સૂઈ ગયો સવારે જાુએ છે તો અગ્નિ નાશ પામ્યો હતો, અને પાણી બગડયું હતું. કોલસાથી મલિન થયેલા પાણીમાં જોયું, એટલે તેનું મુખ પણ તેવું જ મલિન દેખાયું.

(કથાસરિત્સાગર - ૮૭)

## ગધેડાને દોહનાર મૂર્ખ છોકરાઓ

*કેટલાક મૂર્ખ છોકરાઓ ગાય આદિને દોહવાતાં જોઈને એક ગધેડો શોધી કાઢીને તથા તેને રોકીને આનંદ પૂર્વક દોહવા લાગ્યા. કોઈ દોહવા લાગ્યો અને કોઈ દૂધનું વાસણ ધરવા લાગ્યો, બીજાઓ કરતાં પહેલું દૂધ કોણ પીએ એ માટે પણ તેનામાં અહંપ્રથમિકા - ચડસા ચડસી થવા લાગી. પરંતુ પરિશ્રમ કરવા છતાં તેઓ દૂધ મેળવી શકયા નહિ. અ વસ્તુ પાછળ શ્રમ કરનાર મનુષ્ય ઉપહાસ પાત્ર થાય છે.*

(કથાસરિત્સાગર - ૧૩૮)

# ભગવાન મહાવીર ૨૬૦૦મી જન્મ કલ્યાણક રાષ્ટ્રીય ઉજવણીમાં જૈન સંઘ સંમત થઈ શકે નહિ

પૂ. આ. શ્રી કલ્યાણસાગર સૂરીશ્વરજી મ.

॥ ચરમ શાસનપતિ દેવાધિદેવ સર્વજ્ઞ તીર્થંકર શ્રી મહાવીરસ્વામિને નમો નમ: ॥

॥ શ્રી પ. પૂ. શ્રી વિજયદેવસૂર-તપાગચ્છીય સામાચારી પરમ સુપાલક તેમજ સુરક્ષક સદ્‌ગુરુ

શ્રી નેમિ-રવિ-સુખ-બુદ્ધિ-કીર્તિ-કૈલાસ-સુબોધસાગરસૂરીશ્વરેભ્યો નમો નમ: ॥

અનંત પરમતારક શ્રી જિન આજ્ઞા અનુસાર આરાધનાં થવાની હોય તેવી નૂતન પ્રણાલિકા સામાચારી કે નૂતન અનુષ્ઠાન પ્રવર્તાવવાનો અધિકાર સર્વજ્ઞ ભગવંત તીર્થંકર પરમાત્માએ પરમ પૂજયપાદ પરમ ઉપકારક પરમતારક ગણધર મહારાજ પૂર્વધરોને અને યુગપ્રધાનોને જ અર્પણ કરેલ છે. એ વિના એટલે પૂર્વધર અને યુગપ્રધાનો વિના અન્ય કોઈ પણ વ્યકિતને અર્પણ કરેલ જ નથી. સર્વજ્ઞ ભગવંતોનું વિધાન ત્રણે કાળમાં અબાધિત એટલે પરમ હિતાવહ સ્વરૂપ એકસમાન જ હોય છે. એટલે જ સર્વજ્ઞ ભગવંતોથી વિહિત થયેલ આજ્ઞા (વચન) પ્રમાણે જ શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘે પ્રવર્તવું પરમ હિતાવહ ગણાય. સર્વજ્ઞ ભગવંતોના શ્રીમુખે બોલાયેલ વચન જ ત્રિકાલાબાધિત પરમતમ સત્ય અને સર્વથા પરમતમ નિ:સ્વાર્થ હોવાથી જીવમાત્ર માંટે પરમ હિતાવહ અને પરમ આદેયરૂપ હોય છે.

સ્વયં સર્વજ્ઞ ન હોય, પણ અનંત પરમતારક શ્રી સર્વજ્ઞ ભગવંતો અણુ પરમાણુ જેટલા ય સ્વાર્થ વિના અનંત પરમકારુણ્યભાવે જીવમાત્ર પ્રતિ પરમ હિતાવહ અને પરમ ઉપકાર સ્વરૂપ હોવાથી, પરમતારક દેવાધિદેવ તીર્થંકર પરમાત્માના પરમ હિતકર વચનો પ્રતિ અતૂટ અખંડ શ્રદ્ધા ધરાવીને, તે રીતે પ્રવર્તનાર શ્રમણ પ્રધાન ચતુર્વિધ જૈન સંઘ સ્વરૂપ પરમતારક પુણ્યવંત આત્માઓના પરમ હિતકર વચનો જ પરમ આદેય આદેયરૂપ બની શકે છે. તે વિના અન્ય કોઈ પણ સ્વાર્થી જીવોના વચનો કે નિર્ણયો કદાપિ આદેયતા પામવા સમર્થ થઈ શકે તેમ નથી. શ્રી સર્વજ્ઞ ભગવંતોની આજ્ઞા (કથન)થી સર્વથા નિરપેક્ષ એવા શ્રી જિનશાસનના કટ્ટર મહાદ્રોહીઓથી શ્રી મહાવીરસ્વામિજી પરમાત્માનું જન્મકલ્યાણક મહોત્સવ રાષ્ટ્રીય સ્તરે ઉજવવાનો નિર્ણય કદાપિ થઈ શકે જ નહિ. અર્થાત્ અનંતકાળમાં કદારે આદેયતા પામવા સમર્થ બની શકે તેમ નથી. માટે શ્રી જિન-આજ્ઞા-નિરપેક્ષ રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમવાળી ઉજવણી ઉજવવા શ્રી જિનશાસનથી અર્થાત્ શ્રમણપ્રધાન શ્રી ચતુર્વિધ સંઘથી સંમત થવાય તેમ જ નથી.

**શ્રી જિનશાસનના કટ્ટર મહોદ્રોહીઓ કઈ રીતે ?**

આર્ય ભારતીય હિન્દુઓ એટલે-જૈનો, બ્રાહ્મણો, ક્ષત્રિયો, પુરોહિતો, દરોગાઓ, ભાવસોરો, ભાટિયા, ઠક્કર, મહેશ્વરી, અગ્રવાલ, જાટ, ભાટ, સઈ, સુથાર, સોનાર, લુહાર, તેલી, તમ્બોળી તેમ જ અંત્યજો મહતરો આદિ સર્વ હિંદુ આર્યજ્ઞાતિઓને દહેશત હતી કે આર્ય હિન્દુઓને આર્યતાથી અને ધર્મથી ભ્રષ્ટ કરવા માટે વિદેશી શ્વેતપાશ્ચત્યો ધર્મમાં હસ્તક્ષેપ કરશે. એ શંકાના નિવારણ માટે વિકટોરીયા રાણીએ ઢંઢેરામાં એ ભાવનું ઘોષિત કરેલ કે અમે હિન્દુઓના ધર્મમાં કયાંય હસ્તક્ષેપ નહિ કરીએ. એવું વચન આપીને પણ આર્ય હિન્દુઓને આર્યતાથી અને ધર્મથી ભ્રષ્ટ કરવા માટે આર્ય હિન્દુઓથી પળાતા ધર્મોને જડમૂળથી ઉખેડી નાખવા માટે ઓ ! વિદેશી શ્વેત પાશ્ચાત્યો! તમે કેવાંકેવાં કરતૂતો આદરેલ તે તો સુવિદિત જ છે.

શ્રી સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ શ્રી જિનશાસન (ધર્મશાસન) જીવમાત્ર માટે પરમ ઉપકારક પરમતારક હોવાથી શ્રી જિનશાસનને વિશ્વમાં સર્વોપરિ જણાવેલ છે ત્યારે ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્યો ! તમો તો શ્રી જિનશાસન અને આરંભ સમારંભથી સર્વથા પર એવી અન્યોન્ય અબાધક ચાર પુરુષાર્થવાળી અહિંસક આર્ય સંસ્કૃતિના પરમ કટ્ટર મહાવિરોધી (દ્રોહી) છો. પરમ ધૂર્તશિરોમણિ વિદેશી શ્વેતપાશ્ચાત્યો! તમે મહા અભિશાપરૂપ કાતિલ કૂટનીતિ અજમાવીને અનંત ઉપકારક શ્રી જિનશાસનરૂપ સર્વોપરિ ધર્મસત્તાનુ સર્વનાશ કરવા માટે ધર્મસત્તાનું સર્વોપરિ આધિપત્ય ઝૂંટવાઈને ધર્મસત્તાને મરણતોલ ફટકા પડે. માટે અનંત પરમ ઉપકારક ધર્મસત્તા ઉપર મહાઅભિશાપરૂપ ઘોર અન્યાયથી ઉભરાતી પાશ્ચાત્ય પદ્ધતિની રાજ્યસત્તા બળાત્કારે ઠોકી બેસાડી.

અનંત પરમ ઉપકારક જિનશાસનરૂપ ધર્મસત્તા અનંત અનંત પરમ ઉપકારક સર્વજ્ઞ ભગવંત તીર્થંકર પરમાત્માની સંસ્થાપિત કરવાથી, તે અનંત પરમતારક શ્રી જિનશાસનની ગણના વિશ્વમાં સર્વોપરિરૂપે થતી આવેલ છે. તે ત્રિકાલાબાધિત નક્કર સત્ય હોવા છતાં, એ વાત, હે વિદેશી શ્વેત પાશ્ચાત્યો! તમને ગમતી નથી. એટલે શ્રી જિનશાસન ગુંગળાઈને મૃત્યુને ભેટે એટલા માટે ''ટ્રસ્ટ એકટ'' રૂપ ફાંસો બળાત્કારે શ્રી જિનશાસનને ગળે નાખ્યો અને ટ્રસ્ટ એકટમાં ઘોર અન્યાય અને કાતીલ કૂટનીતિભર્યા વિધાનો કરીને બળાત્કારે પાલન કરવા અનિવાર્ય બનાવ્યા. તે વિધાનો શાસ્ત્ર આજ્ઞાથી સર્વથા (વિપરીત) હોવા છતાં તે વિધાનોને માન્ય રાખીને તે પ્રમાણે વર્તવું અનિવાર્ય બનાવ્યું.

અનંત પરમતારક શ્રી જિનશાસન માન્ય શ્રી શ્રાદ્ધવિધિ આદિ ધર્મગ્રંથોમાં સ્પષ્ટું જણાવ્યું છે કે દેવ-દ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યની અભિવૃદ્ધિના શુભ આશયથી ધર્મ દ્રવ્યન ધીરાણ કરી શકાય તેના વળતરરૂપે લોકમાં જે વ્યાજ લેવાની પ્રણાલિકા હોય તે વ્યાજ અવશ્ય લેવું. ધીરાણ કરતાં રકમ કરતાં દોઢા મૂલ્યનું સોનું-રૂપું રાખી પછી જ ધર્મ-દ્રવ્યનું ધીરાણ કરી શકાય. આ પ્રકારની શાસ્ત્રાજ્ઞા હોવા છતાં શાસ્ત્રાજ્ઞાથી સર્વથી વિપરીત ટ્રસ્ટ એકટ બળાત્કારે ફરજ પાડે છે કે રાષ્ટ્રીય બેન્કમાં ધાર્મિક દ્રવ્ય મૂકવું અને તારીખ ૧૧ થી ૩૦ તારીખમાં મૂકાયેલ રકમનું વ્યાજ પણ બેન્ક ન આપે તો કેવી ભયંકર દાંડાઈ? ધીરાણ કરેલ રકમ દીર્ઘકાળ પર્યંત પરત ન આવે તો માસિક વ્યાજ ગણતાં બાનમાં રાખેલ વસ્તુના મૂલ્ય કરતાં વ્યાજ અને ધીરાણ કરેલ રકમ વધી જતી હોય તો બાન રાખેલ વસ્તુનું બજારભાવે વેચાણ કરીને જે રકમ ઉપજે તે રકમ ધર્મ-દ્રવ્ય ખાતે જમે કરવી (લેવી). એ રીતે સજાગ રહીને પ્રવર્તવામાં આવે તો જ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ધર્મ-દ્રવ્યની સુરક્ષા કરી ગણાય.

ઘણી કો.ઓ. બેન્કમાં રિઝર્વ બેન્ક ધર્મ-દ્રવ્ય રોકવાની (ધીરાણ કરવાની) અનુમતી આપે છે એ તે અનુમતી અનુસાર ટ્રસ્ટો લાખો અને કરોડો રૂપિયાનું ધીરાણ કરે છે. કેટલાક કાળે બેન્કોની સ્થિતિ દુર્બળ બને એટલે બેન્કો ટ્રસ્ટના લાખોકરોડો રૂપિયા આપવા માટે સમર્થ હોતી નથી. ત્યારે શાસ્ત્રાજ્ઞાના લોપક ટ્રસ્ટ એકટની બેન્કોમાં ફરજિયાત રોકવાની ઘોર

અન્યાયભરી કૂટનીતિના કારણે ધર્મક્ષેત્રને કરોડો રૂપિયાની હાનિ અનિચ્છાએ વેઠવી પડે.

શાસ્ત્રાજ્ઞાના ક્રૂર ઘાતક ટ્રસ્ટ એકટના અક્ષમ્ય અને અન્યાયી એવા અનેક અધિનિયમોમાં એક ક્રૂર ઘાતક અધિનિયમનું વિધાન કરેલ છે કે, કોઈ પણ ધર્મના અનુયાયીઓથી આચરણ કરાતા ધર્મ પ્રતિ અતૂટ શ્રદ્ધા અને ભકિતથી ઉદારતાપૂર્વક સ્વદ્રવ્યનો સુવિનિયોગ કરીને નિર્માણ કરેલ - કરાવેલ શ્રી જિનમંદિરો, શિવમંદિર વિષ્ણુમંદિરો તેમજ દેવ-દેવીઓના નિર્માણ કરાવેલ અનેક મંદિરો આદિ ધર્મસ્થાનોમાં થતી ધર્મ આરાધના પ્રતિ શ્રદ્ધા ન ધરાવે અને આરાધના પણ ન કરે તો પણ તેવા ધર્મવિહોણા માનવીઓનો ધર્મસ્થાનોમાં હક્ક-અધિકાર ગણાય. એવું વિધાન કરીને ધર્મક્ષેત્રમાં ધર્મનિરપેક્ષ માનવીઓનો અધિકાર બળાત્કારે પ્રસ્થાપિત કરેલ છે. તે વિધાન (અધિનિયમ)નું પાલન ન કરનારા શિક્ષાને પાત્ર ગણાશે, એવો શિક્ષાત્મક ભય બતાવીને, તેના જોરે મહાઘોર અન્યાયપૂર્ણ અધિનિયમનું પાલન કરવું અનિવાર્ય બનાવ્યું. ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્યો તમારી ધિઠ્ઠાઈપૂર્ણ નાગાઈ અને ઘૅંગાઈની છે કોઈ સીમા ?

ક્રૂરતાથી ઊભરાતાં હૈયાવાળા મહા ધીઠ્ઠાઈને વરેલા ઓ વિદેશી પાશ્ચાત્યો ! અનંત પરમ તારક શ્રી જિનશાસનના પરમ તારક શાસ્ત્રોએ સ્પષ્ટ જણાવ્યું છે કે શ્રી જૈન સંઘ એટલે શ્રમણ પ્રધાન ચતુર્વિધ જૈન સંઘ પરમ ઉપકારક તીર્થંકર પરમાત્માની અનુપસ્થિતિમાં પ. પૂ. ગુરુભગવંતોને સર્વોપરિ સ્થાને ગણાયેલ હોવાથી તેઓશ્રી જિનાજ્ઞાનું જે વિધાન કરે તેનું અક્ષરશઃ પાલન જ કરવાનું હોય છે. એવી પ્રચંડ આજ્ઞા હોવા છતાં, ધાર્મિક તંત્રના સંચાલનમાં ચેરિટી કમિશનરની આજ્ઞા માન્ય રાખીને તે રીતે અનિચ્છાએ ધાર્મિક તંત્રનું સંચાલન કરવાથી, અનંત પરમ તારક શ્રી જિનઆજ્ઞા ઉપર પગ મૂકીને શ્રી જિનઆજ્ઞા કચડી નાખવાનું, શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘમાંથી પ. પૂ. ગુરુભગવંતોનું સર્વોપરિપણું ઉડાડી દેવાનું, ટ્રસ્ટ એક્ટ દ્વારા થયેલા મહાપાપને માન્ય રાખવાનું, તેમ જ ટ્રસ્ટ એકટે ધાર્મિક દ્રવ્યમાંથી અમુક ટકા ટેક્ષ (કર) રૂપે ભરવાનું નિયત કરેલ હોવાથી તે અક્ષમ્ય પાપને અનિચ્છાએ પણ માન્ય રાખીને ધર્મદ્રવ્ય લૂંટાવાનું, વગેરે ઘોર મહાપાપો કરવાનો પ્રવાહ ધાર્મિક તંત્રના સંચાલકોને ચાલુ રાખવો પડે છે.

ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્ય આગેવાનો ! મહા અભિશાપરૂપ તમારી કાતિલ ક્રૂરતાની છે કોઈ સીમા ? લાખો અને કરોડો નાદીરશાહોની નાદીરશાહીને અને મોગલોની મોગલાઈ વટલાવીને પાછી પાડે તેના કરતાં પણ મહાભયંકર કાતીલ ક્રૂરતાથી તમારાં હૈયા ખદબદી રહ્યાં છે. તમારાથી કરાતાં સાવ ખોટાં નિવેદનો અને સાવ ખોટા આચરણોથી એવી પ્રતીતિ થાય છે.

ઓ વિદેશી શ્વેત પ્રજાજનો ! તમારી સમક્ષ ભીંડામાર છઠ્ઠા પોપ એલેકઝાંડરે સાવ ખોટું નિવેદન કર્યું કે દ્રશ્ય વિશ્વ ઈશુનું હતું. માટે તે દ્રશ્ય સમગ્ર વિશ્વ યેનકેન પ્રકારેણ આપણે મેળવવું જ જોઈએ. તે મેળવવા માટે યુદ્ધો કરવા પડે, મારામારીઓ કરવી પડે, મહાભયંકર કાળા કરતૂતો (પ્રપંચો) કરવા પડે, દગાફટકા કરવા પડે, તો તે કરીને પણ વિશ્વ ઉપર શ્વેત પાશ્ચાત્યોનું આધિપત્ય સ્થાપવું જ જોઈએ. છઠ્ઠા પોપ એલેકઝાંડરે એવું નિવેદન કર્યું અને તમે સાંભળ્યું. હું તમને પ્રશ્ન પૂછું છું કે નિવેદન સાંભળતાં તમને એટલો પણ વિચાર ન સ્ફૂર્યો કે શું વિશ્વ ઈશુના પિતાનું હતું ? કે જે વારસાઈ હક્કરૂપે ઈશુને મળ્યું હતું ? તે સિદ્ધ કરી આપવા છઠ્ઠા પોપ તૈયાર ખરા ને ? તે માટે તેઓ તેના ઐતિહાસિક પુરાવાઓ આપી શકે તેમ છે ? જો તેવા પુરાવાઓ આપવા દ્વારા ઈશુને વિશ્વપિતા સિદ્ધ કરવાનું સામર્થ્ય ન હોય તો તેવા ખોટા નિવેદન કરવા માટે છઠ્ઠા પોપને મારાથી ભીંડામાર કહેવાયું હોય તેમાં શું ખોટું ?

વિશ્વ કોનું ? એ ન્યાયીરૂપે જાણવા ઈચ્છતા હો તો કહેવું જ પડશે કે વિશ્વ સમસ્ત માનવજાતનું છે. અને ઉપકારની દ્રષ્ટિએ પૂછવામાં આવે તો કહેવું પડશે કે આ અવસર્પિણીમાં સર્વપ્રથમ આ વિશ્વ ઉપર અનંત ઉપકાર કોનાથી થયેલ ? તો બાપદાદે એકાંતે કહેવું (સ્વીકારવું) જ પડશે કે તે અનંત ઉપકાર તો પ્રથમ રાજાધિરાજ અને પ્રથમ તીર્થંકર શ્રી આદિશ્વર પરમાત્માથી જ થયો છે. અણુ-પરમાણુ જેટલી પણ અપેક્ષા અને સ્વાર્થ વિના જીવમાત્ર પ્રતિ એકાન્તે અનંત પરમ ઉપકાર શ્રીઆદીશ્વરજી પરમાત્માથી થયેલ છે. એવું સ્વીકાર્યા વિના છૂટકો જ નથી. નિષ્પક્ષી સજ્જન દ્વારા ન્યાય તોલાય, તો કહેવું જ પડે કે અનન્ત અનન્ત ઉપકાર તો શ્રી આદીશ્વરજી પરમાત્માથી જ થયો હતો. તો પણ શ્રી આદીશ્વર પરમાત્મા કે તેઓશ્રીના પરમ અનુયાયી વર્ગે કદાપિ વિશ્વ અમારું છે એવો દાવો કર્યો નથી.

દ્રશ્ય વિશ્વ ઈશુનું છે એ સાવ ખોટી ઉપજાવી કાઢેલ માન્યતા સિદ્ધ કરવા માટે ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્યો ! તમે યુનો નામની સંસ્થા સ્થાપીને, તે સંસ્થા દ્વારા ઈશુના મતને અને ઈશુના અનુયાયીઓના હિત અને લાભો અન્ય માનવીઓના ભોગે અર્થાત્ ક્રિશ્ચિયનો વિના અન્ય માનવીઓના ભોગે થતા રહે, તેવા અનેક ઘોર અન્યાયથી ભારોભાર ઉભરાતા નિયમો - પેટા નિયમોનું ગંજાવર માળખું ગોઠવીને તેને યુનોના બંધારણરૂપે માન્ય કરાવ્યું.

૨૬૦૦માં વર્ષની ચરમ તીર્થંકરના જન્મકલ્યાણકની ઉજવણી ભારત સરકાર કરે છે એવી સમજ ધરાવીને જૈનાચાર્યો (જૈન ધર્મગુરુઓ) સ્વ અનુયાયી વર્ગ સમક્ષ એવી વાતો કરે છે કે, ૨૬૦૦માં વર્ષની જન્મકલ્યાણકની ઉજવણી કેન્દ્ર સરકાર (ભારત સરકાર) કરે છે. એવી સમજ આપવી (એવી વાતો કરવી) એ જ પાયાની અક્ષમ્ય ક્ષતિ છે. ભારતીય કેન્દ્ર સરકાર ૨૬૦૦માં વર્ષની જન્મકલ્યાણકની ઉજવણી કરતી જ નથી. ભારતીય કેન્દ્ર સરકારના બહાના (ઓઠા) હેઠળ યુનોની યુનેસ્કો નામની સંસ્થા આ ઉજવણી કરે કરાવે છે. ભારત સરકાર તો યુનોની એજન્સીરૂપ હોઈ, યુનો સંસ્થાના જે જે ખાતાઓ જે જે નીતિનિયમોનું સંકલન કરીને પ્રસારિત કરે, તેને ભારતીય સરકારે ઈચ્છા અનિચ્છાએ અમલ જ કરવો પડતો હોય છે. યુનોની યુનેસ્કો શાખા વિશ્વકીય ધર્મોની મૌલિકતામાં સર્વથા પરિવર્તન લાવવા માટે જે જે પરમ સ્વાર્થમય નીતિનિયમોનું સંકલન કરીને પ્રસારિત કરે તેને ભારતીય સાંસ્કૃતિક સંબંધિત ખાતાઓએ અમલ કરવો અ-નિવાર્ય છે. એ રીતે યુનો કે યુનોની શાખાઓ દ્વારા કરાયેલ આદેશોનો તેને અચૂક પાલન કરવાનું રહેશે. એ વચનબદ્ધતામાંથી ભારત કદાપિ આઘુંપાછું ન થાય તે માટે દેખાવ પુરતું સ્વરાજ આપતાં પહેલાં ભારતને યુનોનું સભ્ય બનાવી દેવામાં મહાકાતિલ કૂટનીતિના અઠંગ ઉપાસક શ્વેત પાશ્ચાત્યો ચૂકયા નથી. આજે કદાચ ભારતીય શાસકોને એમ ભાસે કે મહાકાતિલ કૂટનીતિના અઠંગ ઉપાસક વિદેશી શ્વેત પાશ્ચાત્યોના ઘોર અન્યાયનું ભારત ભોગ બની ગયું છે. એવું ભારતીય શાસકોની સમજમાં આવી જાય (લાગે) તો પણ ભારતીય શાસકો ઘોર અન્યાયભરી શિક્ષામાંથી પાછા હટી શકે, (છૂટી શકે) તેમ નથી.

વિશ્વકીય કોઈ પણ માનવને પ્રશ્ન પૂછવામાં આવે કે વિશ્વકીય અક્ષરશ: સત્યની પ્રરૂપણા કોણ કરી શકે ? તો સત્યના એકાન્તે આગ્રહી પરમ પક્ષકાર, નિઃસ્વાર્થી, નિષ્કામભાવે જીવમાત્ર પ્રતિ અનન્ત કરુણા ધરાવનાર સર્વજ્ઞ ભગવન્તો જ પરમ સત્યતત્ત્વની સચોટ પ્રરૂપણા કરી શકે. સ્વાર્થના પરમ અપેક્ષિત મહાકાતિલ ફૂટનીતિનો આશરો લઈને ઘોર અન્યાયના પરમ પક્ષકાર ઘોર અન્યાયી મહાકૃતઘ્ન પાપાત્માઓથી ત્રણ કાળમાં કદાપિ સચોટ સત્ય અને પરમ ન્યાયની અપેક્ષા રાખવી એટલે વન્ધ્યા નારી પુત્રવતી કહેડાવવા જેવી વાત થઈ.

પરમ કાતિલ ફૂટનીતિધારક મહાકૃતઘ્ન ઘોરપાપાત્મા વિદેશી શ્વેત પાશ્ચાત્યો ! તમને એ પણ જાણ નથી કે પ્રત્યેક સાંસારિક જીવાત્માઓનું અનાદિ અનન્તકાળથી મૌલિક સ્વરૂપ કેવું હતું અને કેવું છે ? તેનું પણ જ્ઞાન કે ભાન નથી. જે મૌલિક સ્થાન હતું, તે મૌલિક સ્થાનમાં કેટલો કાળ કાઢયો ? તે કાળમાં શું શું અનુભવ્યું ? તે અંગેની સાચી સમજ સર્વજ્ઞ ભગવન્ત તેમ જ સર્વજ્ઞ ભગવન્તના વચનાનુસાર બોલનાર વિના અન્ય કોઈ દ્વારા પ્રાપ્ત થાય તેમ નથી. અનાદિ અનન્તકાળથી એક એક આકાશ પ્રદેશે જન્મમરણની અનન્ત અનન્ત વેદના સહન કરતા અનન્તાનન્ત પુદ્ગળ પરાવર્તન કેટલો કાળ વ્યતીત થવા છતાં, કર્મની અસહ્ય આકરી શિક્ષા ભોગવતાં ય છૂટકારો ન થયો તે ન જ થયો. એવી કટોકટીભરી આકરી શિક્ષા ભોગવતા ભવિતવ્યતા પરિપકવ થવાથી અનન્ત પરમ ઉપકાર શ્રી જિનશાસનના અનન્ત પરમ પ્રભાવે એક ભવ્ય આત્મા સર્વકર્મથી મુકત થઈને સિદ્ધ પદ પામ્યા. એટલે અસાંવ્યવહારિક સૂક્ષ્મનિગોદમાંથી એક જીવાત્માનું સાંવ્યવહારિક સૂક્ષ્મ નિગોદમાં આવવાનું થયું. તે સમયથી સર્વજ્ઞ ભગવન્તોના અનન્તજ્ઞાનમાં સાંવ્યવહારિક સૂક્ષ્મ નિગોદરૂપે ગણાવા લાગ્યા.

ઓહ ! મહાકાતિલ ફૂટનીતિધારક પરમકૃતઘ્ન મહાપાપાત્મન વિદેશી શ્વેત પાશ્ચાત્યો ! તમને એ પણ ભાન નથી કે અનન્ત પરમતારક શ્રી જિનશાસનના અનન્તાનન્ત અપાર અસહ્ય વેદનાવાળી ચરમસીમાન્તવાળી અન્તિમ કક્ષાની સાવ દયનીય સ્થિતિમાંથી છૂટકારો પામીને સાંવ્યવહારિકવાળી કંઈક ચઢિયાતી સ્થિતિને આ જીવાત્મા પામ્યો. ત્યાં પણ અનન્તાનન્ત પુદ્ગળ પરાવર્તનકાળ વ્યતીત થયા પછી સાંવ્યવહારિક સૂક્ષ્મનિગોદ કરતાં ચઢીયાતી કક્ષાવાળી બાદરનિગોદ નામની સ્થિતિને આ જીવ પામ્યો. ત્યાં પણ અનન્તાનન્તકાળ વ્યતીત થયા પછી સૂક્ષ્મ-બાદર પૃથ્વીકાયવાળી સ્થિતિને પામ્યો ત્યાં અસંખ્યકાળ વ્યતીત થયા પછી ઉત્તરોત્તર ચઢીયાતી કક્ષાવાળી સૂક્ષ્મ-બાદર અપ્કાય - તેઉકાય - વાઉકાય-વાળી સ્થિતિને પામીને ત્યાં પણ અસંખ્યાતાનું અસંખ્યાતકાળ પર્યન્ત તે કક્ષાવાળી સ્થિતિમાં રહીને તેનાથી પણ ચઢીયાતી કક્ષાવાળી પ્રત્યેક વનસ્પતિકાય નામની સ્થિતિને પામ્યો. ત્યાં પણ કલ્પનાતીત અગણિતકાળ વ્યતીત થયા પછી સ્થાવર સ્થિતિમાંથી ત્રસકાયસ્થિતિરૂપ બે ઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિયમાં કલ્પનાતીત અગણિતકાળ વ્યતીત થયા પછી તિર્યંચ અસંજ્ઞિ પંચેન્દ્રિય - સંજ્ઞિપંચેન્દ્રિયવાળી કક્ષાને પામ્યો. પછી તે કક્ષામાં પણ અગણિત ભવો પર્યન્ત જન્મમરણની ઘટમાળરૂપે પરિભ્રમણ થયા પછી આ જીવાત્મા માનવભવ પામ્યો. માનવભવ પણ સમજવાળા અણસમજવાળા મળી અનન્તાનન્ત થઈ જાય. તે માનવભવમાં અજ્ઞાનકષ્ટ અને બાળતપ થતાં વચમાં વચમાં દેવના ભવો પણ થયાં. અસાંવ્યવહારિક સૂક્ષ્મ નિગોદથી પ્રારંભીને ઊંચામાં ઊંચી કક્ષાવાળા માનવભવ અને દેવભવ આ જીવાત્મા પામી શકયો. તે સર્વસ્વ ઉપકાર અનન્ત પરમતારક શ્રી જિનશાસનનો જ છે. તો પણ ઊંધી સમજરૂપ તીવ્રતમ ઘોર મહામિથ્યાત્વના કારણે ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્યો ! અનન્ત પરમપાશ્ચત્કારક શ્રી જિનશાસનના સર્વનાશ માટે તમે શ્રી જિનશાસન પ્રતિ કટ્ટર શત્રુતા ધરાવીને થાય તેટલા પ્રયત્નો કરવામાં અંશમાત્ર પાછું વાળીને જોયું નથી. ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્યો ! છે તમારી કૃતઘ્નતાનો કોઈ જોટો?

શ્રી જિનશાસનનો ઘોર મહાદ્રોહ કરી રહ્યા છો. તમારી ધીટ્ઠાઈ અને કૃતઘ્નતાની કોઈ સીમા ખરી ? તમે તો સાવ નિર્લજ્જ અને નફ્ફટ છો. તમારી છાયા લેવી એ પણ ઘોરાતિઘોર અક્ષમ્ય મહાપાપ છે. અનન્ત અનન્ત પરમતારક શ્રી જિનશાસને તમારુ શું બગાડયું છે કે? જે જિનશાસનના સંસ્થાપક શ્રી મહાવીરસ્વામીજીની ૨૬૦૦મી જન્મકલ્યાણકની ઉજવણી ઉજવવાના ઓઠા હેઠળ શ્રી જિનશાસને જડમૂળથી ઉખેડી નાખવાના માટે મહાકાતિલ પેંતરાથી રચી રહ્યા છો. તે કાતિલ પેંતરામાં શ્રી જિનશાસનના મૌલિક અનુયાયીરૂપ શ્રી વિજયદેવસૂર-તપગચ્છ શ્વેતામ્બર મૂર્તિપૂજક ચતુર્વિધ જૈન સંઘ પણ સમ્મત થઈને શ્રી જિનશાસનના સર્વનાશમાં જોડાય તો જ શ્રી જિનશાસનનો સર્વનાશ થઈ શકે. ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્યો! અનન્ત પરમ ઉપકારક શ્રી જિનશાસનથી સદૈવ જીવમાત્રનું એકાન્તે પરમ હિત જ થયું હોવા છતાં પણ ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્યો! શ્રી જિનશાસનના સર્વનાશ માટે તમારા પેટમાં કાતિલ ચૂંક કેમ આવી ? એ જ સમજાતું નથી. તીવ્રતમ ઘોરાતિઘોર મહામિથ્યાત્વ રૂપ સન્નિપાત નામના અસાધ્ય મહારોગથી ઘેરાયેલ વિદેશી શ્વેત પાશ્ચાત્યો! તમારે એ અસાધ્ય રોગથી સર્વથા મુકત થવા માટે શ્રી જિનશાસનરૂપ મહા ઔષધાલયમાં પહોંચી જઈને તીર્થંકર પરમાત્મારૂપ ધન્વન્તરી મહાવૈદ્ય દ્વારા ''પરમ અમૂલ્ય શ્રી સમ્યગ્દર્શન મહા-ઔષધ''નું સેવન કરવું પરમતમ અ-નિવાર્ય છે, તો જ અનન્ત પરમતારક શ્રી જિનશાસન દ્વારા આપણા ઉપર અર્થાત્ જીવમાત્ર ઉપર થયેલ અનંત ઉપકાર પ્રતિ કૃતજ્ઞતાભર્યા પૂજયભાવ પ્રગટે અને પુણ્યાનુબન્ધિ પુણ્યના પરમ અધિકારી બની શકીએ. તો જ ભવ ભવાન્તરમાં અનન્ત આનંદમય મોક્ષપદ પામવું સુલભ બની શકે. માત્ર અનન્ત આનંદ પામવાની કોરી વાતો કરવાથી કે અપેક્ષા રાખવા માત્રથી કદાપિ અનન્ત આનંદના અધિકારી કે સ્વામી બની શકાતું નથી.

અનન્ત આનન્દના અધિકારી કે સ્વામી બનવા માટે તો અનન્ત આનન્દના કારણરૂપ શ્રી જિનશાસનના તેના પરમ અનુરાગી અને પરમ આરાધક બનવું પરમતમ અ-નિવાર્ય હોય છે. એ વાત હૃદય પર શિલોત્કીર્ણની જેમ ઉત્કીર્ણ કરી રાખવી પરમ આવશ્યક છે. જયારે મહાકાતિલ ફૂટનીતિ અપનાવીને કૃતઘ્નભાવે મહાઅભિશાપરૂપ દુર્વ્યવહાર કરવામાં એક્કા એવા વિદેશી શ્વેત પાશ્ચાત્યો! તમે તો અનન્ત પરમતારક શ્રી જિનશાસનના ટૂકડે ટૂકડા અને ફૂરચે ફૂરચા ઉડે તેવા કાતિલ કરતૂતો યોજવામાં અંશમાત્ર ઊણા ઊતર્યા નથી.

ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્યો! તમને અનન્ત પરમતારક શ્રી જિનશાસનના કટ્ટર મહાશત્રુઓ અને ઘોર મહાદ્રોહીઓ છો. મેં તમને જણાવેલ તે અક્ષરસ: પરમ સત્ય જ છે. શ્રી જિનશાસન છિન્નભિન્ન થઈને સર્વનાશ થાય તે માટે ''ટ્રસ્ટ ઍકટ'' નામના ધારામાં એક અધિનિયમરૂપે એવું વિધાન કર્યું કે ધાર્મિક સંપત્તિ રાજય માન્ય બેંન્ક વિના અન્ય કોઈ પણ સ્થળે રોકી શકાય નહિ એવું અ-નિવાર્ય બનાવ્યું. ત્યારે શ્રી શ્રાદ્ધવિધિ નામના ધર્મગ્રંથમાં તો એવું સ્પષ્ટ વિધાન છે કે, ધાર્મિક સંપત્તિની સુરક્ષા

માટે ધાર્મિક સ્થાવર જંગમ સંપત્તિનું તંત્ર સંચાલનકારે ધાર્મિક દ્રવ્ય કરતાં દોઢી ડબ્બલ મૂલ્યની સોનારૂપાદિની વસ્તુ ધર્મસ્થાનના અધિકારમાં રાખીને લોકપ્રચલિત માસિક વ્યાજ લેવું.

**શ્રી જિનશાસનના કટ્ટર શત્રુ અને કટ્ટર દ્રોહીરૂપે બીજો દાખલો-**

શાસ્ત્રોમાં જ્યાં જ્યાં જૈન સંઘનો ઉલ્લેખ કરાયો હોય ત્યાં સર્વત્ર શ્રમણ પ્રધાન ચતુર્વિધ જૈન સંઘ એ પ્રમાણે ઉલ્લેખાયેલ જોવા મળે છે. એવો પૂજ્ય તારક ચતુર્વિધ જૈન સંઘ ગણધર ભગવાન અને પરમ ગીતાર્થ શ્રી યુગપ્રધાનની આજ્ઞા અનુસાર જ વર્તનાર હોય એવી સ્પષ્ટ જિન આજ્ઞા હોવા છતાં ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્યો! તમે કેવા ભયંકર તેજોદ્રેષી અને ક્રૂરઘાતક કે ઈરાદાપૂર્વક શ્રમણોની પ્રધાનતા અને પરમ ગીતાર્થ તારક ગુરુવર્યોની તારક આજ્ઞાની સર્વથા લોપ કરી, ચેરિટી કમિશનરની આજ્ઞાપાલન કરવી અ-નિવાર્ય બનાવી. ચેરિટી કમિશનરની આજ્ઞાનું પાલન કરે અને ધર્મ સંસ્કૃતિનો કટ્ટર મહાશત્રુ - અને કટ્ટર મહાદ્રોહી ન કહેવો તો કહેવો શું ? એવા મહાદુષ્ટ ધર્મનાશકોને તો સાહિત્યકારો, જે સાવ ઊતરતી કક્ષાના વિશેષણોથી નવાજે, તે જ સાવ ઉતરતી કક્ષાના માનવા પરમ ઉચિત ગણાય.

અનાદિ અનન્ત કાલિન અનન્તાનન્ત તીર્થંકર પરમાત્માના પરમ પુણ્યવન્ત આત્માઓમાં પૂર્વનાત્રીજા ભવમાં જીવમાત્ર પ્રતિ અનન્ત અનન્ત પરમ કરુણાના ધોધ ઊભરાય છે. તેના કારણે 'અનન્ત આનન્દનું કારણ શ્રી જિનેશ્વરદેવ સંસ્થાપિત શ્રી જિનશાસનના જીવમાત્રને પરમ અનુરાગી બનાવી દઉં. જેથી જીવમાત્ર દ્વારા અનન્ત પરમ તારક શ્રી જિનશાસનના અવિહડ પરમ ઉપાસક બનીને ઉત્તરોત્તર પરમ શ્રેષ્ઠ આરાધના થતી રહે. તેના પરમ પ્રભાવે ક્ષપકશ્રેણિએ આરૂઢ થઈને મોહનીય કર્મ અને જ્ઞાનાવરણીયકર્મની પ્રચંડતમ નિર્જરા (ક્ષય) થતાં બારમા ગુણસ્થાનકે મોહનીયકર્મનો સર્વથા અભાવ, અને તેરમા ગુણસ્થાનકના પ્રથમ સમયે કેવળજ્ઞાન પ્રગટે. આયુષ્યના અંત સમયે ચૌદમા ગુણસ્થાનકે આરૂઢ થઈને ચાર અઘાતિકર્મનો ક્ષય થતાં શ્રી જિનશાસનના પરમ આરાધક આત્માઓ અનન્ત આનન્દમય મોક્ષપદને પામે. એવી પરમ ઉચ્ચતમ ભાવનાથી તીર્થંકર પદ પામતા પહેલાં ત્રીજા ભવે તીર્થંકર નામ કર્મ નિકાચિત થાય છે. આયુષ્યના બંધ પ્રમાણે નરક કે દેવનો ભવ પામીને ત્યાંનું આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવન થઈને મહાસમૃદ્ધશાળી અને પરમ શ્રેષ્ઠ રાજવૈભવોપેત રાજાધિરાજના રાજરાણી મહાસતીની રત્નકુક્ષિએ તીર્થંકર પરમાત્માઓ અવતરે છે. એ રાજકુળમાં કોઈ કષ્ટ નહિ, પરિતાપ નહિ, ઉદ્વેગ નહિ, સંકલેશ નહિ, રોગાદિ કષ્ટો નહિ, પરમશાતામય વૈભવી જીવન હોવા છતાં પણ એવો સાનુકૂળ સંસાર પણ તીર્થંકર પરમાત્માના પરમ પુણ્યવંત આત્માઓને સાવ અસ્પષ્ટ નિઃસાર લાગ્યો. તેથી સર્પ જેમ દેહ ઉપરથી કાંચળી ઉતારી નાખે તેમ અનન્ત પુણ્યવન્ત તીર્થંકર પરમાત્માના પરમ તારક આત્માઓ પ્રચૂર અનુકૂળતાથી ભર્યા ભર્યા સંસારનો ક્ષણાર્ધના વિલંબ વિના ત્યાગ કરીને સર્વ વિરતિરૂપ સંગમ અંગીકાર કરીને, પરમ અપ્રમત્તભાવે ઉગ્રતપશ્ચર્યાપૂર્વક અણિશુદ્ધ અખંડ પાલન કરતાં, ક્ષપક શ્રેણિએ આરૂઢ થઈને બારમા ગુણસ્થાને મોહનીયકર્મનો સર્વથા અભાવ થાય: તેરમા ગુણસ્થાનકે પહેલા સમયે જ્ઞાનાવરણીયકર્મનો સર્વથા અભાવ (ક્ષય) થતાં જ કેવળજ્ઞાન પ્રગટે છે. તે સમયથી પરમાત્મા સર્વજ્ઞ કહેવાય છે. તે જ ક્ષણે ઈન્દ્ર મહારાજાઓ અને દેવ-દેવીઓ પોતપોતાના પરિવાર સાથે શાશ્વત આચાર પ્રમાણે શ્રી જિન આજ્ઞા અનુસાર પરમ ઉલ્લસિતભાવે પરમાત્માનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવવા માટે મનુષ્ય લોકમાં આવે છે. ચ્યવનકલ્યાણક આદિ પાંચે કલ્યાણકોની અનન્તપરમતારક શ્રી જિન આજ્ઞા અનુસારની ઉજવણી છે. શાશ્વત્ આચાર પ્રમાણે સુવર્ણના કાંગરાવાળો રૂપાનો ગઢ, માણેકના કાંગરાવાળો સુર્વણનો ગઢ અને વૈડૂર્યરત્નના કાંગરાવાળો માણેકનો ગઢ, એ ત્રણ પ્રકારવાળું અશોકવૃક્ષ અને ચૈત્યવૃક્ષોપેત સમવસરણની રચના કરે છે. શ્રી જિનેન્દ્ર પરમાત્મા ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દઈને ''નમો તિત્થસ્સ'' કહીને અશોકવૃક્ષ તીર્થ રત્નના સિંહાસન ઉપર વિરાજમાન થઈને રત્નના પાદપીઠ ઉપર ચરણકમળ સ્થાપન કરીને પરમાત્મા માલકોષ રાગમાં પરમ સુમધુર કંઠે ધર્મદેશના દેવાનો મંગળ પ્રારંભ કરે છે.

પ્રત્યેક જિનેશ્વર પરમાત્મા ધર્મદેશના દેતાં જણાવે છે, કે પ્રત્યેક જીવાત્માનું મૌલિક સ્વરૂપ અસંખ્ય પ્રદેશી સિદ્ધ પરમાત્મા જેવું જ છે. અર્થાત્ શ્રી સિદ્ધ પરમાત્માને નિરંતર અર્થાત્ પ્રતિસમયે એક એક આત્મપ્રદેશે અનંત આનંદની અનુભૂતિ થઈરહી છે. તેવો અનંત આનંદનો ખજાનો પ્રત્યેક આત્મામાં ભર્યો પડયો છે. તે ખજાનો પ્રગટ થવાના સર્વજ્ઞ ભગવંતોએ અસંખ્ય યોગ-ઉપાય બતાવ્યા છે.

કદાચ આ જીવાત્માને અનન્તીવાર શ્રી જિનશાસન પ્રાપ્ત થયું હશે. આ જીવથી અનન્તીવાર નવકારમંત્ર ગણાયો હશે. અનન્તીવાર ચોવિહારા ઉપવાસ પણ થયા હશે. આટઆટલું જપ તપ થવા છતાં આ જીવાત્મા અનન્ત આનન્દનો ખજાનો પ્રગટાવી ન શકયો. તેનું મુખ્ય કારણ અનાદિ કાળથીજીવાત્માની મહામિથ્યાત્વ સાથે અજ્ઞાનવશ ગાઢ પ્રીતિ થયેલ હશે. આવા મહામિથ્યાત્વના કારણે અનન્ત પરમતારક શ્રી જિન આજ્ઞાથી વિપરીત ઊંધે માર્ગે પ્રવર્તવામાં અને ઊંધે માર્ગે પ્રવર્તાવવામાં જ અનેરો આનંદ માણનાર, અનાર્યોને વટલાવનાર શ્વેત પાશ્ચાત્યો અનંત પરમતારક શ્રી જિનશાસનને જડમૂળથી ઉખેડી નાખવા માટે શ્રી જિનેશ્વર (તીર્થંકર) પરમાત્માના જન્મ પ્રસંગને કે જેને શ્રી જિનશાસનના શાસ્ત્રકાર મહર્ષિઓ જન્મકલ્યાણક જણાવે છે, ત્યારે આધુનિક પોપ ઈરાદાપૂર્વક છવ્વીશમી જન્મ શતાબ્દી કે જન્મજયંતી જેવા તુચ્છ શબ્દ પ્રયોગ કરીને, તેના ઓઠા હેઠળ છવ્વીશમી જન્મ શતાબ્દી ઉજવણીનો કાર્યક્રમ ગોઠવવાની જાહેરાતો કરે છે. તે જાહેરાતોના કાર્યક્રમો શ્રી જિન-આજ્ઞાથી સાવ નિરપેક્ષ અર્થાત્ શ્રી જિનશાસનની ઘોર ખોદનારા છે. તે કાર્યક્રમોને શ્રી જિનઆજ્ઞાની કોઈ રીતે માન્યતા મળતી જ નથી.

શ્રી તીર્થંકર પરમાત્માના કલ્યાણકોની ઉજવણી એટલે આરાધના અંગે શાસ્ત્રોમાં જે વિધાનો (અનુષ્ઠાનો) બતાવ્યા છે તે જહોન પોપના બતાવેલા વિધાનોથી સાવ જુદા છે. શ્રી તીર્થંકર પરમાત્માના કલ્યાણકોની ઉજવણી (આરાધના) અંગે બતાવેલ વિધાનો એટલે ચોવિહાર - તિવિહાર ઉપવાસ-આયંબિલ-એકાસણા આદિ તપ; પરમાત્માના મંત્રોના જપ; રથયાત્રાઓ તીર્થયાત્રાઓ- અષ્ટાહ્નિકા સ્નાત્ર મહોત્સવો આદિનાં વિધાનો જણાવેલ છે.

શ્રી મહાવીર સ્વામીજીની ૨૬૦૦ જન્મકલ્યાણકની ઉજવણીના નામે વેટિકનના જહોન પોપના અનુયાયી ''યુનેસ્કો''એ જે કાર્યક્રમનું માળખું ગોઠવ્યું તે રીતે જન્મકલ્યાણકની ઉજવણી કરવી એવું ભારત સરકારે જણાવ્યું. તે રીતે ૨૬૦૦માં જન્મકલ્યાણકની ઉજવણી ઉજવવા ભારત સરકારને સમ્મત થવું જ પડે. કારણ કે ભારતને યુનો અને યુનેસ્કોનું સભ્યપદ આપતાં પહેલા ભારત સરકારને ગર્ભિત રીતે વચનબદ્ધ કરેલ કે યુનો અને યુનેસ્કો જે જે ક્ષેત્ર અંગે જે જે કાર્યક્રમો ગોઠવીને ભારત સરકારને

જાણ કરે તે કાર્યક્રમો કરવા ભારત સરકારે તત્પર રહેવું જ પડે. એટલે યુનેસ્કો જે દોરીસંચાર કરે તેને ભારત સરકારે અનુસરવું જ પડે. એ રીતે ભારત સરકાર વચનબદ્ધ થયા પછી જ ભારત સરકારને યુનેસ્કોનું સભ્યપદ આપેલ છે. યુનેસ્કો જે ક્ષેત્ર અંગે જે કાર્યક્રમનું માળખું ગોઠવીને ભારત સરકારને વિદિત (જાણ) કરે એટલે ભારત સરકારે તો તે કાર્યક્રમ પ્રમાણે આયોજન કરવું જ પડે.

યુનેસ્કોએ પાઠવેલ કાર્યક્રમ પ્રમાણે આયોજન કરવું એ ભારત માટે અને આર્ય ભારતીયો માટે લાભપ્રદ કે હાનિપ્રદ છે તે વિચારવાનો અધિકાર પણ ભારત સરકાર પાસે રહ્યો નથી. કારણ કે હસ્તાક્ષર કરીને યુનેસ્કોના કાર્યક્રમ પ્રમાણે આયોજન કરવા ભારત સરકાર તો વચનબદ્ધ થઈ ચૂકેલ છે. તેં ભારત સરકારે અક્ષમ્ય ભયંકર મૂર્ખામી કરેલ છે.

યુનેસ્કોના સંકેતાનુસાર કાર્યક્રમોનું આયોજન કરવું એ પરમતમ ઘોર મહાપાપમય છે. અનન્ત પરમતારક શ્રી જિનઆગમોમાં કે જિનઆગમ અનુસરનાર કોઈ પણ ધર્મગ્રંથમાં એવો કાર્યક્રમ ઉપલબ્ધ થતો ન હોવાથી, અનન્ત પરમતારક શ્રી જિનશાસન અને જિનઆગમના પરમ અનુયાયી શ્રી શ્રમણપ્રધાન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘથી તો શ્રી જિનશાસનને જડમૂળથી ઉખેડી નાખનાર પાશ્ચાત્ય પદ્ધતિની ઉજવણીમાં કોઈ રીતે સમ્મત થવાય જ નહિ. આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિનો સર્વથા વિનાશ વેરનાર પાશ્ચાત્ય પદ્ધતિના ઉજવણીનો સજ્જડ શબ્દોમાં વિરોધ જ કરવાનો હોય.

વિશ્વમાં અનન્ત પરમતારક શ્રી જિનશાસન જેવું કોઈ પરમ શ્રેષ્ઠ તારક શાસન નથી. એવી પરમ સચોટ માન્યતા ધરાવનાર શ્રમણ પ્રધાન ચતુર્વિધ જૈન સંઘથી તો શ્રી જિનાજ્ઞાથી સર્વથા નિરપેક્ષ શ્રી જિનશાસન કટ્ટર શત્રુ યુનેસ્કોના દોરીસંચાર પ્રમાણે ૨૬૦૦મી જન્મકલ્યાણકની ઉજવણીમાં સમ્મત થવાય જ નહિ.

ચરમ તીર્થપતિની ૨૫૦૦ મી નિર્વાણ કલ્યાણકની રાષ્ટ્રીય સ્તરની ઉજવણીને અટકાવવા માટે શ્રી જૈનસંઘ તરફથી દિલ્હીની હાઈકોર્ટમાં કેસ કરવામાં આવ્યો હતો. ભારત સરકાર તરફથી શ્રી જૈનસંઘે કરેલા કેસની વિરૂધ્ધમાં એક એફિડેવિટ દાખલ કરવામાં આવી હતી. તેમાં ભારત સરકારે સ્પષ્ટ જણાવ્યું હતું કે:-

ભગવાન મહાવીરના રાષ્ટ્રીય સ્તરની ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવની ઉજવણી સાથે કોઈ પણ ધાર્મિક પ્રવૃતિ કે ધાર્મિક વિધિ જોડાયેલા નથી.

જેમ ૧૯૫૬ માં લોર્ડ બુધ્ધની ૨૫૦૦ મી નિર્વાણ દિવસની, ૧૯૬૧-૬૨માં રવિન્દ્રનાથ ટાગોરની જન્મ શતાબ્દિની, ૧૯૬૯માં મીરઝા ગાલિબની મૃત્યુ શતાબ્દિની, ૧૯૬૯માં ગુરૂ નાનકની ૫૦૦મી જન્મ જયંતિની, ૧૯૭૦માં ડૉ. ઝાકીર હુસેનની પ્રથમ મૃત્યુ તિથિની, ૧૯૭૧માં દીનબંધુ ઉપનામ ધરાવતા એન્ડ્રુઝની જન્મ શતાબ્દિની ૧૯૭૨માં અરવિંદ ઘોષની જન્મ જયંતિની, ૧૯૭૨માં રાજા રામમોહનરાયની જન્મની દ્વિશતાબ્દિની વિગેરે વિગેરે ઉજવણીઓ કરી, તેવી જ રીતે અમે ભગવાન મહાવીરની ૨૫૦૦ મી નિર્વાણ જયંતિની ઉજવણી કરવાના છીએ. આ ઉજવણી સાથે કોઈ પણ પ્રકારની ધાર્મિક છાપ જોડાયેલી નથી એવું અમે સ્પષ્ટ જણાવીએ છીએ.

૨૬૦૦ મા વર્ષની જન્મ જયંતિની (કલ્યાણકની) ઉજવણી સાથે પણ રાજ્ય સરકારનો આ અભિગમ રહેવાનો છે.

શ્રી જૈન સંઘ ચરમતીર્થંકરની બિનધાર્મિક રીતની આવી ઉજવણીમાં જોડાઈ શકે ?

ઉપરાંત અધિકૃત આચાર્યો અથવા આચાર્યશ્રી દ્વારા જે ધાર્મિક અનુષ્ઠાનનો આદેશ અપાય તે અનુષ્ઠાન શાસન સાપેક્ષ અનુષ્ઠાન ગણાય, અને તેમાં આખું વિશ્વ જોડાઈ શકે. પરંતુ જે કાર્યક્રમ (અનુષ્ઠાન પણ નહીં) કરવાનો આદેશ રાજ્ય સરકાર આપે તેવા શાસન નિરપેક્ષ કાર્યક્રમમાં શ્રી જૈન સંઘ જોડાઈ શકે ? માટે આ કાર્યક્રમની છૂટક છૂટક બાબતો વિરોધપાત્ર નથી, આખો કાર્યક્રમ જ વિરોધને પાત્ર છે.

અનન્ત પરમ તારક શ્રી જિન-આજ્ઞાથી વિપરીત વિચારાયું કે આલેખાયું હોય તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં.

શ્રી વીર સં. ૨૫૨૬ ભાદરવા સુદિ ૯ **-કલ્યાણસાગર**

## મનન મોતી

સંગ્રાહિકા :
-અ.સૌ. અનિતા આર. પટણી - માલેગાંવ

❖ એકવાર પણ અપેક્ષા ન સચવાઈ નો શું થાય તે આપણા સૌના અનુભવમાં છે. તિરસ્કાર, અણગમો, સંબંધોમાં તિરાડ, મનમાં સંકલેશ, વાણતમાં કર્કશતા, વ્યવહારમાં રૂક્ષતા પેદા થાય છે અને અકળામણનો પાર નહિ. જીવનમાં ખળભળાટ મચી જાય. આનાથી બચવા સામી વ્યકિતની અનુકૂળતાનો વિચાર કરાય તો મન શાંત-સ્વસ્થ સ્વચ્છ બની જાય.

❖ કષ્ટ વિના ઈષ્ટની પ્રાપ્તિ નથી. દુ:ખ વિના સુખ નહિ તેમ દુનિયામાં બધા બોલે છે તો ધર્મમાં આ સૂત્ર યાદ રહે તો કેવો ચમત્કાર સર્જાય !

❖ ઉપાધિના સમુદ્રને મથ્યા વિના સમાધિના અમૃતનો સ્વાદ ન આવે. ઉપાધિમાં મનની ઉદારતા એ જ સમાધિનો રાજમાર્ગ છે.

❖ આપણું મન કેવું અવળચંડુ છે - તીર્થની ભોજનશાળામાં ગરમાગરમ રસોઈ મલે તો મન પ્રસન્ન બને. તેવી જ રસોઈ સાસરામાં જમાઈને મળે તો મન ઉદાસ બને. કારણ માન - પાનની અપેક્ષા !

❖ શૂલની સાથે ફુલ રહેવા છતાં ય સદૈવ પ્રસન્ન રહીને ખીલે છે તેમ ગમે તેવી પ્રતિકૂળતામાં પણ પ્રસન્ન બને તો સમાધિ સહસ છે. ફુલનો ઉપયોગ કરનાર ફુલનો આ મૂક સંદેશ ઝીલી લે તો કેવું મજેનું ?

# શુધ્ધ વ્યવહાર - શુધ્ધ વેપાર ધર્મનું મૂળ

## ખાસ શાસ્ત્રોમાં આવે છે શાસ્ત્રો આધારે

શાહ રતિલાલ ગુટકા - લંડન
સહતંત્રી : શ્રી મહાવીર શાસન

(૧) હોમ મંત્ર એ બ્રાહ્મણનું બળ છે. (૨) નીતિ શાસ્ત્ર એ રાજાનું બળ છે. (૩) અનાથોનું બળ રાજા છે. (૪) વણિકનું બળ ક્ષમા છે. અર્થાત્ વાણીઓ ક્ષમાથી ફાવે. (૫) ધનનું મૂળ પ્રિય વચન અને ક્ષમા છે. કામનું મૂળ પૈસો સ્વસ્થ શરીર અને લાંબુ આયુષ્ય વય, જીંદગી, ધર્મનું મૂળ દયા-દાન અને દમન છે. અને મોક્ષનું મૂળ સર્વ-અર્થ-પ્રયોજનથી નિવૃત્તિ છે.

શુધ્ધ વ્યવહાર તેજ ધર્મ શુધ્ધ વેપાર તેજ ધર્મ-પ્રિય વચન નમ્રતા-પરમાશ તેજ ધર્મ-વળી નીતિ ન્યાય-નિયમ-ટેક-નમ્રતા-દયા-દાન કરૂણાથી ભરપૂર જીવન તેજ ધર્મ છે તો ? અધર્મ કોને કેવાય.

ઘણીવાર વ્યાપારીઓ ખરીદ વેચાણની બાબતમાં પારકા ગ્રાહકો તોડી પોતાના કરવામાં પાવરધા બને. વળી ચોપડો નામું વિપરીત એટલે જુદુ લખવામાં અથવા લાંચ આદિ કાર્યમાં કદી પણ માયા પ્રપંચ કે પરવંચનો કરવી નહિં. કહ્યું છે. કે જે પ્રાણી વિવિધ પ્રક્રિયા ઉપયોગી માયા પ્રપંચનો આશરો લઇ અને ભોળા કે વિશ્વાસુને જે છેતરે છે તે મહા મોહનો મિત્ર સ્વર્ગને મોક્ષના સુખથી અળગા રહે છે. અને આત્માને છેતરે છે. પોતાના આત્માને જ દગો આપે છે. બને ત્યાં સુધી નકી કરવું જોઇએ - વેપાર-કાપડ-સુતર-રૂ-સોના ચાંદી-ઝવેરાત વાસણ-મોતી જ્વેલરી જેમા પાપ ઓછું લાગે, અને મહેનત પણ થોડી ઓછી તેવો વ્યાપાર કરવો તેમ નીતિ શાસ્ત્ર કહે છે તેમ ધર્મમાં કહ્યું છે. તેમાં પણ સાવધાની પૂર્વક સચ્ચાઇથી, નીતિથી કરવું. માયા, કપટ, પ્રપંચથી ખાસ બચતા રહેવું. અહીં કોઇને પ્રશ્ન થાય કે સાધારણ સ્થિતિવાળા સામાન્ય વ્યાપારી-માયા-કપટ કર્યા વગર શુધ્ધ વેપાર શુધ્ધ વ્યવહારથી વર્તે તો તેના નિર્વાહથી વાંધા પડે, તેને કૂડ કપટ કર્યા વિના કેમ ચાલે.

તો તેના સમાધાનમાં સમજવાનું કે શુધ્ધ વ્યવસાયથી મેળવેલા થોડા દ્રવ્યમાં પણ વધારે ઉપલબ્ધી હોય છે બરકત માનસિક અને શારિરીક સ્થિતી પણ સારી રહે છે. જીવને સંતોષનું પરમ સુખ સાંપડે છે. ત્યારે છળ - પ્રપંચ કે કૂડ - કપટથી મેળવેલું દ્રવ્ય લાંબો કાળ ચાલતું નથી. કોઇ વાર તો વર્ષમાં મૂળ દ્રવ્ય સાથે પણ નાશ પામે છે. તે દ્રવ્ય આધિ વ્યાધિ પણ લાવે છે. પરિણામે વૈદ ડોક્ટરો રાજ-ચોર-અગ્નિ કે રાજદંડ આદિથી ખવાઇ જાય છે. અંતે તો સત્યનો જ જય છે. નીતિનો ડંકો ફરકે છે. ન્યાયનું નિર્માણ છે. અન્યાયનું ભંગાણ છે. ધર્ષણ થાય છે. અને અન્યાયનું દ્રવ્ય, કદાચ ટકી જાય તો પોતાના દેહના ઉપયોગમાં ધર્મના ખરા ઉપયોગમાં પણ નથી. આવતું ન્યાયથી, અન્યાયથી મેળવેલું દ્રવ્ય, દશ વર્ષ સુધી ચમક બતાવે છે. અને અહમ સજવે છે પણ અગિઆરમાં વર્ષે નાશ પામે છે. ભાવાર્થ કે ઉલ્ટું બધુ ચાલ્યું જાય છે. અને હેરાન થાય દુ:ખી દુ:ખી થઉ જાય તે જુદુ આ બાબત શાસ્ત્રો માં-એના વિસ્તારથી દાખલ દ્રષ્ટાંતો છે એના નામો (૧) સાગર શ્રેષ્ઠી-પાપ બુધ્ધિ-રંક શ્રેષ્ઠી અનેક દાખલાઓ સિધ્ધાંતમાં છે.

પુણીઓ શ્રાવક રૂની પુણીઓ વાળી ગુજરાન ચલાવતો હતો. એની ૧૨ા દોકડાની મૂડી હતી. ૧૨ા દોકડા એટલે-બે આના રૂપિયાનો આઠમો ભાગ એટલી મુડીમાં પણ રોજ સાધર્મિક ભકિત કરી પાવન થાતો અને બંને જણને ભકિત અને તપશ્ચર્યાનો લાભ મળતો એક જણ આજે ઉપવાસ કરે અને-એક એક સાણું -અને સાધર્મીકને જમાડી પછી જ જમે. માથે ખડા રહીને જમાડે.

પણ પ્રશ્ન,આમ આવું કરવાનું પ્રયોજન શુ ? એનાથી શું લાભ થાય ? શું પુન્ય આપણે તો ખાતા પીતા મોજ માણવી છે. ઠીક છે ખાતા પીતા કયારેક તો અથથી અંત સાધર્મિક યાદ આવવો જોઇએ. આજે તો ઘણે ખરે સધાર્મિક ભકિત પણ વેચાઇ રહી છે. અને સાધર્મિકનું મૂલ્ય શું છે, સાધર્મિક શું, એકજ સાધર્મિકને જમાડો ઘર આંગણે ભકિત ભાવથી અને એક હજાર સગા સ્નેહી મિત્રોને જમાડો તોપણ પણ લાભ એકજ સાધાર્મિકને જમાડયાનું વધી જાશે.

આજે પરદેશમાં હિંદી કોમ તો ન કરવાના વેપાર ઘણી જગ્યાએ ઉભા કર્યા છે. પણ એમાંએ જૈન કેવાતો-શાહ કેવાતો-મહાજન (મોટા મણાસ) કેવાતો પછી શ્વેતામ્બર હોય કે દિગંમ્બર અને દેરાવાસી કે સ્થાનકવાસી મૂળ જૈન કેવાતા,(બાકી હિંદી કોમમાં બીજી જ્ઞાતિ પણ આવી જાય છે. જેમણે આવા વેપાર રાખ્યા છે.) આજે દારૂ, વિસ્કી બરાન્ડી જેમાં હજારો લાખો નહિં પણ ગણ્યા ગણાય નહિં એટલા જીવનોની હિંસા અને અવશ્ય અધોગતિ દરવાજે ઉભા કરી દીએ, આવા વેપાર થઇ રહ્યા છે. મૂળ તો-બે ટંક ખાવાજ જોઇએ છે ને. પેટજ ભરવુ છે. કીડી-કુંજર (હાથી) રાય, રંક, શેઠ, નોકર બધાને દેવ દાનવને બધાને પેટજ ભરવું છે કે બીજું કંઇ શુ? થશે - આપણું આપણા આત્માનું શું થશે જરા વિચારવા જેવું છે. આમે અંતે તો મુકી સમય પરિપકવ થય જાવાનું છે. શા માટે આવુ પાપ અને દુનિયામાં અબજોના અબજો જીવો છે. બધાને આછુ પાતરૂં મળીજ રહે છે. જયાં લગી પુન્ય છે ત્યા

લગી ખબર નહિં પડે ત્યાં લગી કદાચ વાળ વાંકો નહિં થાય પણ અંતે તો ખોટું તે ખોટુંજ છે.

પૂર્વે કોઈપણ એવો દાખલો નથી કે મનુષ્યને આ વેપાર કરવો પડતો અહીંયાથી છૂટી શકાશે. અને આવા પાપારંભવાળા વેપારને પણ મુકી શકાશે. એ અહીંઆ બની શકશે. પણ જ્યારે કર્મ રાજાની કેદમાંથી કેદી નહિં છૂટી શકે ત્યાં લાંચ રૂશ્વત કે વકીલ કે બાપા-કાકા કોઈ નહિં હોય અરે અહીંઆ ભેગા અમન - ચમન કરવાવાળા ત્યાં કોઈ પડખે નહિં ચડે.

હો મહાન ભાવો ઓ ભોળા ભલા માનવીઓ જાગો ચેતો સમજો જાગ્યા ત્યારથી સવાર વળી આપણને બુધ્ધિ મળી છે સમજાય પણ છે. થોડે ઘણે અંશે અલ્પ પણ ધર્મનું જ્ઞાન છે. ધર્મનું શરણું પણ સ્વીકારેલ છે. સત્સંગ સેવા પણ કરીએ પણ મૂળ જેનાથી અનંતુ પાપ છે જે કાર્ય જે ધંધો જે વેપારથી જીવન અધોગતિ થાય અને જીવ પછે એક ભઠ્ઠીમાં જુગ જુગ રીબાયા કરે જુગ જુગ અસહાય દુ:ખો ભોગવવા પડે અને એવા સ્થાનમાં આયુષ્યપણ મોટા છે તો જેનાથી ભૂલ થઈ હોય અગર તો બનાકાળ બની ગયુ પણ. હવે જાગ્યા ને ત્યાજ્ય કરી તિલાંજલી આપી એનું પ્રાયશ્ચિત ગ્રહણ કરવાથી આત્માનો કરેલા પાપો નષ્ટ પામી જાય છે અને આત્મા પાછો શુધ્ધ બની શકે છે. આ દ્રષ્ટાંત સમજવા માટે છે. સવિજીવકરૂં શાસન રસી ભાવનાથી લખેલ છે. અને સર્વ જીવોનું કલ્યાણ થાઓ. સર્વ જીવો સુખી થાઓ. એ ભાવનાથી બાકી કોઈએ બંધ બેસતી પાઘડી ઓઢી ના લેવી કોઈને પણ દુ:ખ ન આવે એવી ભાવનાથી લેખકે લખી સંદેશ-હિત શિખામણ પાઠવીછે એજ શુભભાવના આત્માનો મોક્ષ વ્હેલો થાય અને જીવમાત્રને સુખ ગમે છે તો દયાએ સુખની વેલડી છે. એજ

# સમાચાર સાર

**વારાણસી (યુ.પી.) :** અત્રે શ્રી પાર્શ્વનાથ તીર્થમાં જીર્ણોધ્ધાર પામેલ શિલ્પયુક્ત જિનાલયમાં પૂ. આ. વિજય જિનયશ સૂરીશ્વરજી મ.ની. નિશ્રામ કા. સુદ ૧૪ થી કા.વ.૬ સુધી ભવ્ય રીતે ઉજવવાનું આયોજન થયુ છે.

**રતલામ :** અત્રે પૂ. ગચ્છાધિપતિ આ.ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજીની મ.ની. નિશ્રામાં પૂ.આ. શ્રી વિજય યશોદેવ સૂ. મ.ની સ્વર્ગતિથિ તથ તેમના પ્રશિષ્ય પૂ.મુ. શ્રી નંદીશ્વર વિજયજી મ.ની સંયમ જીવનની અનુમોદનાર્થે તથા પૂ.સા.ગ. શ્રી અધ્યાત્મ રેખાશ્રીજી મ.ના ૪૫ ઉપવાસ તથા અન્ય પૂ.સા.ના ૩૦ ઉપવાસ સિધ્ધિતપ આદિના અનુમોદનાર્થે કા.સુ.-૩ થી કા.સુ.૭ સુધી ભવ્ય રીતે પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો.

**અમલનેર :** અત્રે શ્રી ગિરુવાજી પાર્શ્વનાથ સંસ્થાનમાં ચાતુર્માસ બિરાજમાન પૂ મુ. **શ્રી પ્રશાન્ત દર્શન** વિ.મ.ની શુભ પ્રેરણાથી મુંબઈ-મુલુન્ડ નિવાસી અ.સૌ. **હેમલતાબેન કીર્તિભાઈ સલોટ** તરફથી સ્વર્ગીય **દીક્ષા** લેઈ ઝીલના પુણ્ય આત્મશ્રેયાર્થ આસો વદિ-૦))ને શુક્રવારના ભવ્ય અંગરચના રચાયેલ તેમજ નૂતન વર્ષે માંગલિક બાદ તેમના તરફથી શ્રીફળની; શ્રીમતી માધુરીબેન દામોદરદાસ શેઠ અને શ્રી પ્રદીપભાઈ રમણલાલ શેઠ તરફથી પેંડાની અને પૂ.શ્રીને વંદનાર્થે આવેલ મૂ. ચંદુલાલ ઉમેદચંદ પરિવાર તરફથી ૫-૫ રૂા. નું સંઘપૂજન કરાયેલ.

પૂ. મુનિશ્રીએ ગૌતમ સ્વામી રાસનું સુંદર વિવેચન સમજાવેલ. લોકોને ઘણોજ આનંદ-સંતોષ થયેલ.

**અમલનેર** : સ્વ. પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂ.મ.ના શિષ્યરત્ન સ્વ.પૂ. આ. યશોદેવ સૂ.મ.ની ૨૯મી સ્વર્ગ તિથિ તેમજ પૂ. મુ. શ્રી નંદીશ્વર વિ. મ. ના. સંયમજીવનની અનુમોદનાર્થે, ચાતુર્માસાર્થે બિરાજમાન પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિ.મ.ની નિશ્રામાં ત્રિદિવસીય શ્રી જિનભકિત મહોત્સવ ઉજવાયેલ કા. સુ.૭ના શ્રી સિધ્ધમેઘ મંડળીની શ્રાવીકાબેનો તરફથી તેઓએ શ્રી પંચકલ્યાણની પૂજા ભણાવાયેલ, કા.સુ. ૮ના સ્વ. મણિલાલ દગડુશાના આત્મશ્રેયાર્થે તેમના સુપુત્રો તરફથી શ્રી સિધ્ધચક્ર પૂજન ભણાવાયેલ પૂજન ભણાવવા તળાવનથી શ્રી પરેશભાઈ આદિ આવેલ. કા. સુ. ૯ના શ્રી અર્હદ્ અભિષેકપૂજન એક સદ્ગૃહસ્થ હ. ડો. સંદેશભાઈ તરફથી ભણાવાયેલ પૂજન ભણાવવા માલેગાંવથી શ્રી મનસુખભાઈ આવેલ સંગીતકાર મર્ચન્ટ આવેલ પ્રભુજીને સુંદર અંગરચનાદિ રચાયેલ.

**ચેન્નઈ (મદ્રાસ)** : અત્રે કેશરવાડી ખાતે પૂ. આ. શ્રી ચંદ્રાનન સાગર સૂરીશ્વરજી મ.ની. નિશ્રામાં મહા વદ ૧ તા.૧૧-૧-૨૦૦૦થી ઉપધાન તપ શરૂ થશે. આમંત્રણ આપવામાં આવેલ છે.

આદિનાથ જૈન શ્વે. મંદિર ટ્રસ્ટ
૩૭ - ગાંધી રોડ, ચેન્નાઈ - ૬૦૦૦૬૬ ફોન ૬૪૧૮૫૭૭

**રાધનપુર** : અત્રે ખેતશીભાઈ પરશોતમદાસ તરફથી ભાઈના સુકૃત અનુમોદનાર્થે પાંચમી વાર્ષિક તિથિ નિમિત્તે શ્રી નંદીશ્વર મહાપૂજા આદી પંચાહ્નિકા મહોત્સવ કા. સુ. ૯ થી કા. વ. ૪ સુધી ભવ્ય પૂ.આ. શ્રી નરચંદ્ર સૂરીશ્વરજી મ.ની. નિશ્રામાં ઉજવાયો.

**દેપાલપુર(મ.પ્ર.)** : અત્રે પૂ.આ. શ્રી વિજય અજિતસેન સૂ.મ.;આદિની નિશ્રામાં ચાતુર્માસ આરાધનાની અનુમોદના તથા પૂ.આ.શ્રી વિજય રાજતિલક સૂ.મ.ના.શિષ્ય પૂ.મુ.શ્રી જિનયબલ વિ.મ.ની ૯૪મી ઓળી તથા પરિવારના આત્મશ્રેયાર્થે લઘુ શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ કા. સુ. ૩ થી સુદ ૧૦ સુધી સારા ઉત્સાહથી ઉજવાયો.

**રતલામ (મ.પ્ર.) :** અત્રે પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિ ભગવંતો આદી મુનિરાજો તથા સાધ્વીજીશ્રી સૂર્યરેખાશ્રીજી મ. આદિ સાધ્વીજી મ.નુ ચાતુર્માસ ઓઝાખાબ નાગ છાયામાં રતનવાલ સંપતભાઈ પિતલીયા તરફથી ભવ્ય રીતે ચાતુર્માસ પરિવર્તન થયો. ટાટાનગરમાં પૂ.શ્રીજીની નિશ્રાંમા કા. સુ. ૧૪ થી કા. સુ. ૭ સુધી અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઠાઠથી ઉજવાયો.

**ગોરેગાંવ - શ્રીનગર** : અત્રે પૂ. મુ. શ્રી જિનદર્શન વિ.મ.નું ચાતુર્માસ પટવાની રાજસ્થાન મંડાર નિવાસી ઉત્તમચંદ જયમલજી પરિવાર તરફથી મંગલમહાલ, એમ.જી. રોડ ઠાઠથી થયુ.

**હસનપાલીયા (રતલામ) :** અત્રે શ્રી ચંદ્રપ્રભ સ્વામી દેરાસરની પ્રતિષ્ઠા પૂ. પાદ.આ.ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં કાર્તક વદ ૧૦ થી ૧૨ સુધી શાંતિસ્નાત્ર મહોત્સવ સહિત થઈ છે.વદ-૧૨ ના પૂ. શ્રી રતલામથી નાગેશ્વરના સંઘમાં નિંશ્રા આપતા પધાર્યા અને પૂ.શ્રીની પુનીત નિશ્રામાં પ્રતિષ્ઠા ઠાઠ થી થઈ.

**વડાલા ક્ષમા રોડ** : શ્રી મહાવીર સ્વામી જિન મંદિરમાં પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા તથા પૂ. મુ. શ્રી કૈલાશપ્રભ વિજયજી મ. ની ૨૫ વર્ષની સંયમની અનુમોદના તથા પૂ. પિતાશ્રી ચંપકલાલજીની ૨૫મી સ્વર્ગ તિથિ તથા પૂ.માતુશ્રી રંભાબેનના જીવીત મહોત્સવ નિમિત્તે પૂ. આ. શ્રી વિજયગુણયશ સૂરીશ્વરજી મ.,પૂ.આ.શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજીમ. ની નિશ્રામાં શ્રી ચંપકલાલ સી. લલવાણી પરિવાર તરફથી કારતક વદ ૮/૯ થી કા. વ. ૧૩ સુધી પંચાહ્નિકા જિનેન્દ્ર ભકિત મહોત્સવ ઠાઠથી ઉજવાયો.

**પાલીતાણા :** શ્રી વાગડ સાત ઓ.વી. જૈન સમાજ દ્વારા શ્રી વેલજી દામજી ભાણશાળી યાત્રિક ભવન ખાતે પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મ.,પૂ. આ. શ્રી વિજય કલાપભ સૂરીશ્વરજી મ. ની નિશ્રા માં પૂ. ગણિવર્ય શ્રી મુકિતચંદ્ર વિજયજી મ.ને પં. પદ તથા પૂ.મુ. શ્રી તીર્થ ભદ્ર વિજયજી મ., પૂ.મુ. શ્રી વિમલપ્રભ વિજયજી મ. ને ગણિપદ પ્રદાન પ્રસંગે તથા ભાગવતી દીક્ષા એ પ્રસંગે ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ ઠાઠથી ઉજવાયો.

**મેડતા સીટી (રાજસ્થાન) :** અત્રે ૪૦૦ વર્ષ પ્રાચીન **શ્રી ધર્મનાથ** જિન મંદિરનો જીર્ણોધ્ધાર પછી પ્રતિષ્ઠા નિમિત્તે ૧૧ દિવસનો જિનેન્દ્ર ભકિત મહોત્સવ પૂ.આ. શ્રી વિજય સુશીલ સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય જિનોત્તમ સૂરીશ્વરજી મ. ની નિશ્રામા કા.વ.૧૨ થી માગશર સુદ ૫ સુધી ઉજવાયો.

**વિજાપુર (કર્ણાટક) :** પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ.મ. આદિની નિશ્રામાં યશસ્વી ચાતુર્માસ તથા પિતા **પૂ. મુ. શ્રી** અક્ષય બોધિ વિ.મ.ના સંયમ જીવન અનુમોદનાર્થે પૂ. શાંતાબેનના જીવન શ્રેય નિમિત્તે કા. સુદ ૧૪ થી કા. વ. ૬ સુધી ઉત્સાહથી સંઘવી દિનેશચંદ્ર બાબુલાલ પરિવાર તરફથી ઉજવાયો.

**વાપી:** અત્રેથી બગવાડા તીર્થનો છ'રી પાલક સંઘ પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિજયજી મ. આદિની નિશ્રામાં માગસર સુદ ૭ તા. ૩-૧૨-૨૦૦૦ ખાતુ પાતળાઈ સોનાજી બાગરેચા ગઢ સિવાણાવાળા તરફથી યોજાયો.

**વાંકાનેર (સૌરાષ્ટ્ર) :** પૂ. આ. શ્રી વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં થયેલ ઉપધાન તપનું માળા રોપણ મા. સુ. ૫ શુક્રવાર તા. ૧-૧૨-૨૦૦૦ ના થયું ભવ્ય વરઘોડો માગશર સુદ ૪ના હતો કા. વ. ૧૪ થી મા. સુ. ૫ સુધી અષ્ટોત્તરી સ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ યોજાયો હતો.

**ઘાટકોપર અમૃતનગર** : અત્રે પૂ. આ .શ્રી વિજય વિરશેખર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં થયેલ ઉપધાન તપનો માળા રોપણ મહોત્સવ કા. વ. ૧૧ થી મા. સુ. ૧ સુધી યોજાયો સુદ ૧ ના માળા રોપણ ઉત્સાહથી થયું પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. ઠા. ૩ બહેનોમાં સુંદર આરાધના કરાવતા હતા.

**ભીલડીયાજી તીર્થ** : અત્રે પૂ. આ. શ્રી વિજય સોમસુંદર સૂરીશ્વરજી મ.ની નિશ્રામા દુનાવાડા નિવાસી બાલકુમાર ખનીજભાઈ (રાજુભાઈ)ની પ્રવ્રજ્યા માગશર સુદ ૫ ના થઈ વરસીદાનનો ભવ્ય વરઘોડો સુદ- ૪ના હતો દુનાવાડા નગરે માગશર સુદ દ્વિતીય બીજના વરસી દાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો.

**અમલનેર:** પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિ. મ. ની નિશ્રામાં ચાતુર્માસ ની આરાધના ઉલ્લાસપૂર્વક થઈ. બીજા ચોમાસાની વિનંતિ થઈ કા .સુ. ૧૦ના મુકુંદભાઈ રમણલાલ અમદાવાદવાળા તરફથી ૫-૫ રૂા. નું સંઘપૂજન તથા પ્રભુજીને સુંદર અંગરચના કરાયેલ.

વિરારમાં દીક્ષિત થનાર મુમુક્ષુ અમૃતબેન ખીમજીભાઈ ગડા પૂ. શ્રીજીને દીક્ષા પ્રસંગે પધારવા કા. સુ. ૧૩ ના રોજ સાગ્રહ વિનંતિ કરવા પધારેલ તેમના તરફથી ૫-૫ રૂા. તથા શ્રી ગૌતમચંદજી મહેતા તરફથી ૨-૨ રૂા. નું સંઘપૂજન કરાયેલ મુમુક્ષુ બેનનું સંઘ તરફથી સન્માન કરાયેલ. કા.સુ. ૧૫ના ચાતુર્માસ પરિવર્તન શ્રી રાજેષભાઈ બાલચંદ વકીલે કરાવેલ તેમના ગૃહાંગણે ચતુવિધિ શ્રી સંઘ વાજતે ગાજતે પધારેલ માર્ગમાં શ્રી રતનચંદજી જૈનના ગૃહાંગણે માંગલિક પછી ૧-૧ રૂા.ની પ્રભાવના કરાયેલ. શ્રી રાજેષભાઈ વકીલના ગૃહાંગણમાં બાંધેલ સુંદર મંડપમાં પાંચ સકારની દુર્લભતા પર મનનીય પ્રવચન બાદ તેમના તરફથી પેંડો અને ૧-૧ રૂા.ની પ્રભાવના થયેલ પછી શ્રી સંઘ વાજતે ગાજતે શીતલનાથના મંદિરે દર્શન કરી શ્રી ગિરૂવાજી પાર્શ્વનાથ મંદિરમાં બાંધેલ મંડપમાં પટના દર્શનાર્થે પધારેલ અને શ્રી શત્રુંજયના પટના દર્શનાદિ બાદ શ્રી ગિરૂવાજી પાર્શ્વનાથ સંસ્થાન તરફથી સાધર્મિક ભકિત કરાયેલ.

કા. વ. ૨ ના પ્રવચન બાદ શ્રી પ્રદીપભાઈ મોહનલાલ તરફથી ૨-૨ રૂા. શ્રી પ્રદીપભાઈ રમણલાલ શેઠ તરફથી ૧-૧ રૂા. નું સંઘ પૂજન કરાયેલ. કા. વ. ૩ ના પૂ. શ્રી વિહાર કરી પાચોરા તરફ પધારેલ છે પોષ દશમીની આરાધના માટે અત્રે પધારવાના છે.

ટાઈટલ નં. ૨ થી ચાલુ

બરોબર ફસાનારી વ્યકિતના આયુષ્યનો ક્ષય પ્રાયઃ નિશ્ચિત ગણતો... રમેશકુમારની કાયાના કુમળા છોડવાને ક્ષય નામની મહાવ્યાધિ લાગુ પડી ગઈ... ફરીને ટટ્ટાર થઈ જઈ ન શકાય તેવી શિથિલતામાં શરીર સપડાઈ ગયું... યમરાજના અપરાજેય જનોઈવઢોના તાંડવમાં તે રમેશનો મખમલી દેહ વીંઝાવા માંડ્યો... તે આશાસ્પદ યુવાનનું રોગ-ગ્રસ્ત શરીર બિછાને આરામ લઈ રહ્યું... તેનું જોબન ભરજંગલે ભાગદોડ મચાવવા લાગ્યુ.

ઉપચારો અનેકવિધ કરાવવામાં આવ્યા... ઔષધો તથા ઈલાજોની અવધિ ઓળંગીને ઠેકવામાં આવી. સ્વજનોની સેવા - શુશ્રુષા તથા વૈદ્યો - ચિકિત્સકોની દવાએ કોઈ શકયતાને ચકાસી જોવામાં બાકી ન રાખી... પણ અફસોસ ! આયુષ્યનું રબર તૂટતાં કોની જીવન રીંગ લંબાઈ શકે ?

રમેશકુમારનું શરીર જાણે હાડપિંજર બની ગયું... હવે પછીના ઉગતા એકોએક દિવસો રમેશકુમારના દેહે દાહ દેતા તથા મનને મૂંઝવતી ચિન્તાની ખાધને ભડકાવનારા હતા... ન જાણે કેટલા દિવસનું આયુષ્ય તેનું શેષ હશે... ?

એક દિવસની સમી સાંજે નાનકડા ભાઈની ભાળ કળવા મથતા... ભાઈની પડખે ગોઠવાયેલા વડીલબન્ધુ શ્રી રાજેશને મનમાં વિચાર ઉદ્‌ભવ્યો... જે વિચારે ચિન્તાનો પરિતાપ વહેતો મૂકયો... આગળ જતાં...

''જો આ ભયંકર રોગમાં મારો ભાઈ પોઢી જાય... આ સ્થિતિમાં સુધારો ન નોંધાય... અને એના માનસનું દર્દ પણ ન રૂઝાય... તો... ? તેની ભાવિ ગતિ નું શું ? ... આર્તધ્યાન વ્યકિતને પશુનો અવતાર આપે છે... દુઃખોમાં ભીરુતા એ આર્તધ્યાનનો જ એક પ્રકાર છે... શુ લઘુબન્ધુના આર્તધ્યાનનો ઈલાજ ન જ થઈ શકે...

ધર્માભિમુખ અન્તઃકરણની ઓળખ આપતી આ ચિન્તા રાજેશના મનમાં ઉદ્‌ભવ પામી તેમ સતેજ પણ બની... રાજેશભાઈ સાચો કલ્યાણબન્ધુ બની ભાઈનું ભવિષ્ય સુધારવા ઉત્સુક હતો...

એક દિવસ પુરતુ હિમ્મતબળ હૈયાના કટક પર ખોંસી - વડીલબન્ધુ શ્રી રાજેશ પોતાના લઘુબન્ધુ રમેશના બિસ્માર પાસાંને પસરાવતા કાંઈક કહેવા તત્પર બન્યો... ''ભાઈ ! ઉપચારો કરવામાં કોઈ ઉણપ રાખી નથી.. દવા કરાવવામાં કૃપણ થયા નથી... પણ કર્મ હઠીલું લાગે છે... તું સાવધ બન ! સમજુ બન... ! નાની વયે જ ઝીંકાયેલી પરીક્ષાના આ પડકારને ઝીલી લે... અને જીવનને સાધી લેવા ધર્મના તરણાને ઝાલી લે...!''

પીડિત બન્ધુનું ભવિતવ્ય પણ શુભ હશે... તેના ગળે આ ધર્મગોષ્ઠી સોંસરવી ઉતરી ગઈ... અનુકૂળ પ્રતિભાવથી ઉત્સાહિત બનેલા વડીલ બન્ધુ રાજેશકુમારે આજે ભાઈના વર્તમાનને નહિ, પણ ભવિષ્યને સાચવવા - સુધારવાનો પડકાર વધુ ગંભીર ગણ્યો.

તે માટે ઈલાજનો આધ્યાત્મિક માર્ગ શોધતા તેને કસબી મળી આવ્યો... 'જૈન પ્રવચન.'

- જેના અક્ષરે અક્ષર અરિહન્તોના આત્માનું વિચાર દ્રાવણ પાતા રહે...

- જેના શબ્દે શબ્દ સમાધિ ધર્મના સન્દેશવાહક બને.

વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ આ ''જૈન પ્રવચન'' ના નવ પ્રણેતા હતા...

પીડાના આ સમયમાં પીડાને સાચુ ઔષધ આપવા અત્યારે બન્ને ભાઈઓની આંખ અને આંગળી સામે સાપ્તાહિક - શ્રી જૈન પ્રવચન આવી ઉભુ મોટાભાઈએ પ્રવચનનું વાંચન પ્રારંભ્યું... અનેરી પ્રસન્નતા પીડિતના ચહેરા ઉપર ધસી આવી...

દર્દભર્યા તે પીડિતના દિલ પર દવા કરતા ય આ દુઆની અસર અધિકેરી થઈ... લઘુબન્ધુ રમેશ હવે શાન્ત પડ્યો... રોગ ... નો એ જ હોવા છતાં... પીડાનું પ્રમાણ પ્રવૃધ્ધ બનવા છતા... તેની કાયરતાથી ઘેરાયેલી આંખો વીરરસથી છલોછલ ભરાવા માંડી...

રોજ તે મોટાભાઈના મુખેથી ''જૈન પ્રવચન''નું શ્રવણ કરતો. અને જૈન પ્રવચનના શ્રવણે સમાધિના નવા સ્રોતોનું તે પીયૂષ પાન કરતો.

થોડાક જ દિવસમાં ચમત્કાર સરજાણો... નિત 'રામ' વાકયના અડેલા આ અમોઘ બાણે દર્દીના દિલ - દિમાગમાં ગુંજતો વૈદ્ય - ડોકટરો - કે તેમના ઈલાજની માળાનો અજપાજપ હણી નાંખ્યા. અન્તરની ઓછાડ પર સમતાની સેજે વ્યાપક પ્રદર્શિત કર્યુ.

પણ ત્યાં તો રોગેય ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ... પીડા અસહ્ય બની... બન્ધુવર શ્રી રમેશ કયારેક વ્યથિત - વ્યાકુળ બની જાય તો... સાચ્ચો કલ્યાણ પ્રહરી વડીલબન્ધુ ત્યારે પ્રેરણાના પીયૂષ પાવા દોડી આવતો... કે ''બન્ધુ ! ગુરૂ મહારાજ વ્યાખ્યાનમાં શું કહી ગયા... ? આ કરતાં અનંતગણી - ઘણી વધુ વેદના નરક અને નિગોદમાં વેઠીને આવ્યો છે આત્મા... પીડા સાથેનો સંબંધ તેનો જુનો છે.. દુઃખોમાં અસહિષ્ણુ બન્યા તો દુઃખોનું ભવિષ્ય વિસ્તરશે... અને જો અસ્વસ્થતામાંય સ્વસ્થતા - સમાધિ ચેતનમ રહી તો આત્માનું ભાવિ વિકસશે...''

અમૃતની કૂંપી જેવા ધર્મ વચનો સાંભળતા જ તે દર્દીબન્ધુ પુનઃ પ્રશાન્ત ભાવમાં નિમગ્ન બનતો...

લગભગ છ - છ માસ પર્યન્તનું દીર્ઘાયુષ્ય ભોગવી જનારા આ રોગસમયમાં પણ - એક આ તરૂણે એવી તૈયારી કરી લીધી કે કાળમુખના કૌવતી બાહુબળમાં હોમાઈ જતાં ય તેનો અન્તરાત્મા શોક ન અનુભવે. તેની વહાર ''વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના'' જૈન પ્રવચને એવી સંભાળી લીધી... કે અન્ત્ય દિને... અન્ત્ય સમયોમાં તો તે દર્દથી ઘેરાયેલો તરૂણ રમેશ, પરાક્રમના મૂડમાં પ્રસન્ન દેખાતો હતો...

પ્રાતઃથી નિર્યામણા તથા ''જૈન પ્રવચન'' ને આરાધતા આરાધતા અને સાંભળતા સાંભળતા તે વીરાત્માએ દેહને ત્યાગ્યો...

સહુ કોઈ તેના દેહને ટીકી ટીકીને જોઈ રહ્યા...

સહુ કોઈ તેના જીવનના આ પરિવર્તનને સજળ નિહાળી રહ્યા...

**સહુ કોઈ તેના મૃત્યુ પર તરવરતી સમાધિના મર્મને ઢંઢવા મથી રહ્યા.**

પૂજ્યશ્રી કહેતા હતા કે-  શ્રી ગુણદર્શી

# પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- શ્રી અરિહંત પરમાત્માઓ રાજકુળમાં જ જન્મે, ઘણી ઘણી સુખ સાહ્યબી પામે તે છતાં તથા પ્રકારના કર્મ પૂરા થતાં સઘળી ય સુખ સાહ્યબીને લાત મારી અણગાર થઈ ઘોર પરીષહો અને ઉપસર્ગોને વેઠી, મોહને મારી, વીતરાગ થઈ કેવળજ્ઞાન પામી મોક્ષમાર્ગની સ્થાપના કરે છે અને જીવનપર્યંત મોક્ષમાર્ગનો જ પ્રચાર કરી મોક્ષે જાય છે. તો તેમના ભકતો સુખમાં મૂંઝાય ? દુઃખથી ગભરાઈ ? મોક્ષની ઈચ્છા વગરના હોય ?
- રાગ - દ્વેષાદિ શત્રુઓને જીતે તે જિન. તેવા શ્રી જિનને માને તે જૈન. તે જૈન ઈચ્છાઓનો ગુલામ હોય કે માલીક હોય ?
- જેને અર્થ અને કામ હેય લાગે, મોક્ષ જ ઉપાદેય લાગે તેને જ ધર્મ, ધર્મ તરીકે ગમે, બીજાઓને સુખના સાધન તરીકે ગમે.
- પુણ્યાનુબંધી પુણ્યોદયે સુખ ભોગવવું પડયું તો ભોગવ્યું પણ સુખ ભોગવવાની ટેવ ન પાડી, સુખને પણ રોગની જેમ ભોગવી કર્મનો ભુક્કો કરી નાખ્યો.
- દુઃખને મજેથી વેઠવું તે જ દુઃખથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય.
- દુઃખમાં અરતિ અને સુખમાં રતિ તે જ બધી પાપની જનેતા !
- સુખમાં આનંદ અને દુઃખમાં નારાજગી તે સંસારનો કાયમી ગ્રાહક !
- સમજુ આત્માને કદાચ દુઃખમાં અરતિ થાય તો તે ત્યારે વિચારે કે - ''તારા જ પાપે દુઃખ આવ્યું છે તો તે તારે મજેથી ભોગવવાનું છે. મજેથી ભોગવીશ તો જ દુઃખ જશે.'' દુઃખને મજેથી ભોગવવું તે દુઃખ મુકિતનો માર્ગ.
- દુનિયાના સુખનો રાગ અને દુઃખનો દ્વેષ જીવને ધર્મથી દૂર રાખે.
- રોજ એકલા મોક્ષમાર્ગની જ વાત કરવી, દુનિયાનું સુખ ભૂંડુ અને દુઃખ મજેથી વેઠવા જેવું સમજાવવું તે કામ શ્રી વીતરાગ દેવના સુસાધુનું છે, બીજામાં તાકાત નથી ત્યાગ કરવાની ઈચ્છા ભોગવવી પડે તો રાજીપો ન આવી જાય તેની કાળજી રાખે, તેનો સદુપયોગ કરે.
- ગુરૂના પગ પકડવા એટલે ગુરૂ જે કહે તે જ કરવું છે. મન, વચન અને કાયા ત્રણે તેમને જ સમર્પિત તેમને પૂછયા વિના કશું કરવાનું નહિ.
- દુઃખનો આદર સુખનો અનાદર તે ધર્મીનું ભૂષણ !
- દુઃખનો તિરસ્કાર, સુખની લાલસા તે ધર્મથી પતન પામવાનો પંથ !
- ધર્મી તો દુઃખને આમંત્રણ આપે, આવ... આવ... કહે અને સુખને જાકારો આપે. જા... જા.. કહે.
- મજેથી દુઃખ વેઠવાથી પાપ જાય અને દુઃખ રડવાથી પાપ બંધાય.
- મજેથી દુઃખ વેઠવું તે ધર્મ ! સુખ મજેથી ભોગવવું તે અધર્મ !
- સંયમનો રાગ અને અસંયમનો દ્વેષ સાધુપણામાં પ્રાણ પૂરે.
- ઈષ્ટમાં રાગ થાય તો અનિષ્ટ સંયોગનું પાપ બંધાવાનું છે.
- ભગવાનના શાસનના ગ્રન્થો જે કોઈ વાંચે, સાંભળે કે ભણે તેને પહેલામાં પહેલા દુશ્મનભાવ સંસાર સામે થાય.
- આજનો ધર્મી ગણાતો માટો ભાગ ધર્મની બાબતમાં સંમૂર્ચ્છિમ કોટિનો છે અને સંસારની બાબતમાં મહાસંજ્ઞી છે.
- અમને, તમને સંસારનું શીખવવાનો મોહ થાય તો અમે દોઢ સંસારી !
- સાધુપણાનાં કષ્ટ તો કર્મક્ષયનું અપૂર્વ સાધન છે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

## અઠવાડિક


૧૩ વર્ષ

૧૯ અંક



**શ્રી જૈન શાસન કાર્યાલય**

શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361 005


## સશલ્ય મરણથી સદ્ગતિ સુદુર્લભ

मरिउं ससल्ल मरणं,
संसाराडविमहाकडिल्लम्मि ।
सुचिरं भमंति जीवा,
अणोरपारम्मि ओतिण्णा ॥

(શ્રી વ્યવહાર ભાષ્ય ગા. ૧૦૨૨)

જે જીવો સશલ્ય મરે છે અર્થાત્ હૈયામાં માયા શલ્ય, નિયાણ શલ્ય અને મિથ્યાત્વ શલ્યથી સહિત મરે છે તેઓ આ અનંત સંસારમાં અનંતકાલ સુધી જન્મ-મરણ કરે છે.

सकलवांदिडत दातारं मोक्षेदातारं विध्नविनेतारं श्री नेमिनाथजिनेश्वरं नमाम:
परमोपकारश्री आत्म - कमल - वीर - दान - प्रेम - रामचन्द्र - मुक्तिचन्द्र - महोदय -
जयकुंजर - मुक्तिप्रभसूरि - सदगुरुभ्यो नमः

**दक्षिणना गिरनारशा श्री गोकाक नगरनी धन्यधरा परः**

# अंजनशलाका - प्रतिष्ठा - महामहोत्सव

य[illegible]कुलतिलक **देवाधिदेव श्री नेमिनाथ स्वामीना भव्य प्राचिन ४५''** प्रतिमानी नवनिर्मित जिनप्रासादमां प्रतिष्ठा अने **श्री वासुपूज्य स्वामी** आदि नूतन जिनबिंबोनी अंजनशलाका ना भव्य महोत्सवमां भारतभरना श्री संघोने सादर निमंत्रण साथे पोताना नूतन जिनबिंबोनी अंजनशलाका माटे पधरावबा सबहुमान विनंति छे ।

**✻ धर्म प्रभावक साम्राज्य ✻**

जैन शासनना ज्योतिर्धर सकल संघ हितचिंतक महाराष्ट्र देशोद्धारक
संघ स्थवीर परमाराध्यपाद परमगुरुदेव
आचार्यदेवेश **श्रीमद विजय रामचन्द्रसूरीश्वरजी महाराजा** साहेब

**✻ पावन निश्रा ✻**

पूज्यपाद प्रसिद्ध प्रवचनकार आचार्यदेव श्रीमद
**विजय श्रेयांसप्रभसूरीश्वरजी महाराजा**

**✻ मंगल प्रसंग ✻**

वैक्रमीय संवत् २०५७ चैत्र कृष्णा १३ थी वैशाख सुद ५
शनिवार थी सोमवार ता. २१-४-२००१ थी ३०-४-२००१

**✻ नम्र सूचन ✻**

अंजनशलाकामां पधारवबाना प्रतिमाजी
चैत्र वद १० ता. १८ अप्रिल २००१ सुधीमां पधरावी
जवा अने वैशाख सुद १० सुधीमां बहुमान पूर्वक
आपना स्थाने पधारावबा लई जवा विनंती ।

**✻ निमंत्रक ✻**

**श्री नेमिनाथ जैन श्वे. मू. संघ - गोकाक (कर्णाटक)** - ५९१३०७.
टेलीफोन : C/o. शा. पुनमचंद नवाजी २७१४६ - २६५४६

आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
## (અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : [illegible] | સંવત [illegible] મહા સુદ [illegible] મંગળવાર તા. [illegible]-૧-૨૦૦૧ | અંક : ૧૪ [illegible]

વાર્ષિક રૂા.૧૦૦ | આજીવન રૂા.૧૦૦૦ | પરદેશ રૂા.૫૦૦ | આજીવન રૂા.૬૦૦૦

પ્રવચન ૧લુ

## રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

પ્રવચનકાર : **પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.**

*(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રીય ઉજવણી પ્રસંગનું છે. પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી વીર જન્મ કલ્યાણક ઉજવણીને લાગુ પડે છે. -સંપાદક)*

સંવત : ૨૦૨૯, સ્થળ : શાંતાક્રુઝ જૈન ઉપાશ્રય, સમય : આસો વદ-૧૦ રવિવાર તા.૭/૧૦/'૭૩ ના રોજ બપોરના જાહેર વ્યાખ્યાન પછી શ્રીયુત રાયચંદ મગનલાલ શાહે ''ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ કલ્યાણકનું પર્વ ધાર્મિક પર્વ છે કે સામાજિક યા રાષ્ટ્રીય તહેવાર છે ? પૂજ્યપાદ ચાર આચાર્ય ભગવંતોને નમ્ર પ્રાર્થના'' આ મથાળાવાળું હેન્ડબીલ વાંચ્યા પછી પૂજ્યપાદ શ્રી આચાર્ય દેવશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના ૨૫૦૦માં નિર્વાણ કલ્યાણક અંગે આપેલ સમજૂતી :

હવે જુઓ ! આપણે બધાએ સાવચેત થયા વગર ચાલે તેમ નથી. ખોટી ભરમમાં પડીને શાસનની ઘોર આશાતનામાં ન પડાય તેની ખાસ કાળજી રાખવાની છે.

આજે કમનશીબે જૈનસંઘને શ્રાવકવર્ગમાં અને સાધુવર્ગમાં પણ એવા આગેવાનો મલી ગયા છે કે જેઓ શાસનને ભૂલી ગયા છે. જૈનસંઘે ભૂતકાળમાં રાજ્યોની સહાય જરૂર લીધી છે. પણ પોતાના ઉત્સવ કરવા જૈનસંઘે રાજ્ય પાસેથી પૈસા લીધા હોય તેવો એક દાખલો હજુ સુધીના ઈતિહાસમાં બન્યો નથી. ભૂતકાળમાં રાજાઓના હાથી, ઘોડા, વિ.ની સહાય લીધી છે. ઉત્સવના પ્રસંગોએ રક્ષણ માટે પણ સહાય લીધી છે.

અમારા ભગવાન તેનો ઉત્સવ કયા લોકો કરે ? આટલા કતલખાના ખોલાવે ? આટલી ઘોર હિંસા કરાવે ! આજે દેશની ખાનાખરાબી કરી નાંખનારી સતા છે તેને ભગવાનની સાથે કાંઈ લેવા દેવા નથી.

અમારે મન તમારા ભગવાન ભગવાન નથી. અમારે તમારા ધર્મ સાથે કાંઈ લાગતું વળગતું નથી. આ દેશમાં જેમ અનેક ''સપુતો'' થયા છે તેમાંના આ એક સપુત છે. આવું તેઓ અનેકવાર કહી ચૂકયા છે. પણ આ ગાંડાઓ કાંઈ બોલતા નથી.

મેં તો આનો વિરોધ પાલીતાણામાં શરૂ કરેલો. જીવાભાઈને ખાનગીમાં બોલાવી ઘણું સમજાવ્યા પણ માનેલા નહિ. જીવાભાઈ વિ. ને સભામાં પણ કહ્યું કે આ લોકો માને તેવા હોય તો કાનપટ્ટી પકડીને કહીએકે આમાં ભાગ લેવાય નહિ. અમે વિરોધ કરીએ છીએ. અમારા નામ બહાર જાહેર પડયા તેની જીવાભાઈ વિ.ને ખાત્રી થઈ ગઈ હતી.

ત્યારપછી સ્વ. કસ્તુરભાઈ મને ગયા વર્ષે વાપીમાં આ બાબતમાં મલ્યા હતા. ઘણી વાતો થઈ હતી. મને કહ્યું કે આપ જેવા આનો વિરોધ કરો છો ! મેં કહ્યું કે આ લોકો શું ન્યાય આપશે ? તો એમણે કહ્યું કે તેઓ બધો ન્યાય આપશે. પછી તેઓ ત્યાંથી ગયા અને જઈને મને કાગળ લખ્યો કે આપની સાથે વાતચીત પછી હવે મને લાગે છે કે આપ આ બાબતમાં સંમત છો (! તેમને મને લખ્યું કે આપની સાથેની વાતચીત પછી મારૂં માનવું છે કે હવે આપનો વિરોધ નથી તેમાં હું સાચો છું કે ખોટો ? ત્યારે મને લાગ્યું કે તેઓ કાયમ માટે મને બાંધવા માંગે છે.

આ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

મેં તેમને પત્ર લખ્યો. તમારો પત્ર મલ્યો છે. તમારી વાતની મેં નોંધ લીધી છે. મેં લખ્યું કે (૧) આ અવસર્પિણી કાલમાં જે ચોવીશ તીર્થંકર થયા તેમાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ચોવીશમાં તીર્થંકર થયા છે. સર્વ તીર્થંકર ભગવંતોની માફક ભગવાન શ્રી મહાવીર મહારાજાએ પણ સર્વજ્ઞ થઈ ધર્મતીર્થની સ્થાપના કરી છે. અને તે પછી આયુષ પુર્ણ થયે મુકિતમાં પધાર્યા છે. શ્રી તીર્થંકર પરમાત્માઓ અને તે પરમ તારકોએ સ્થાપેલ મોક્ષમાર્ગ અજોડ હોય છે. આ વાતની જરાય ઓછપ થાય તેવું કરવાનું નથી.

(૨) જૈન સાધુ - સાધ્વી, ગૃહસ્થોની સભામાં ગૃહસ્થોની માફક ભાગ લે તે શ્રી જૈન સંસ્કૃતિને નીચે ઉતારનાર છે.

(૩) શ્રી જૈન તીર્થોનો મહિમા ઘટે અને શ્રી જૈન તીર્થોમાં રાજ્યનો હસ્તક્ષેપ થાય તેવું કશું કરવામાં આવશે નહિ.

(૪) ભારત મહામંડલ અને તેની વાતો સાથે અમારી નિર્વાણ સમિતિને કશો સંબંધ નથી.

(૫) નાહરની વાતો પણ ગાંડપણ ભરેલી છે. માટે એના મુજબનું કશું જ થશે નહિ.

ઉપર મુજબની મારી સમજ બરાબર છે કે નહિ તે જણાવશો.

આ કબુલાત આપી આટલા મહિના ખેંચાયા. કોઈ કાગળનો ૧૫ દિવસે-૨૦ દિવસે, કોઈ કાગળનો સવા મહિને જવાબ આપ્યો છે. મને સુધારવા એક કોપી મોકલી હતી. તેમાં ઉપર ભૂલો કાઢી મેં તેમને મોકલી આપી હતી. મને લખ્યું કે અમારી કમિટિ મલી રહી છે. તેમાં સુધારો કરાવીશું. આવું છ મહિના પહેલા કહ્યું હતું. હવે કહે છે કમિટિ મલી જ નથી. વિ. ઘણી બાબતો છે. આ બધા અન્ય જે તોફાનો બની રહ્યા છે. તેમાંથી જન્મયા છે. અમારી બંને વચ્ચેનો પત્રવ્યવહાર થયો તે પ્રગટ કરવાનો છે તેમાં તેમનો વિરોધ છે. આ બધા સંગ્રામના મૂળમાં તે છે.

તમો સમજીને તૈયાર થઈ જાઓ. જિંદગી ભગવાનના શાસન માટે ખર્ચાય તે રીતે પુરુષાર્થ કરો. વિરોધ હવે કર્યા વગર ચાલે તેવું નથી. આ આચાર્ય ભગવંતો કેમ ફરી ગયા તેની મને ખબર નથી. જો હું તેની તરફેણ કરૂં તો તેઓ વિરોધ કરે. ઘણા કહે છે કે આટલું જ કહો કે હું તરફેણમાં છું મેં કહ્યું તો મારી જીભ કપાઈ જાય તેનું શુ?

(રાયચંદ મગનલાલે) આ ભાઈએ મહેનત સારી કરી છે. તેનો જવાબ તેઓ આપવાના નથી.

સાધુથી ન કરવું તે કહેવાય નહિ. તે આચાર્ય મહારાજ પાસે એક માણસ ગયો. અને કહ્યું કે કસ્તુરભાઈ આ ઉજવણીમાં પૈસા આપવાનું કહે છે તો આપું કે નહિ. તો તેઓએ કહ્યું કે રામચંદ્રસૂરિ શું કહે છે ? પેલાએ કહ્યું કે તે તો ના પાડે છે. એટલે તે આચાર્ય ભગવંતે કહ્યું કે તો આપો.

આપણે જો ભાઈના જવાબની રાહ જોઈશું તો ઉજવણી થઈ જશે અને આપણે રહી જઈશુ. હવે આપણે જોરદાર વિરોધ કરવાનો જ રહ્યો. ઉત્તરની રાહ જોયા વગર આપણી શકિત હોય તે પ્રમાણે વિરોધ કરવો જ પડશે. પરિણામ તો જ્ઞાનીઓએ જોયું હશે તે આવશે.

આ સરકાર વિરોધને નમે તેવી છે. મીઠી મીઠી વાતોને નમે તેમ નથી. તેની પર તારોના અને સહીઓના ઢગલા જાય તો તેને લાગે કે સમાજ ખળભળી ઉઠયો છે. જો આમ થાય તો મારો વિશ્વાસ છે કે આ ઉજવણી નહિ ઉજવાય. મુંબઈની જૈનોની વસ્તી કેટલી છે ? મુંબઈમાંથી લાખ્ખોની સહી થાય જે ન કરે તેને બાદ કરવાના. લાખ્ખોની સહી જાય કે અમે આ ઉજવણીમાં માનતા નથી. આ અમારા ધર્મ વિરુધ્ધની ઉજવણી છે, અમને આ કોઈ રીતે ઈષ્ટ નથી, આની સાથે અમારે કાંઈ લેવા દેવા નથી માટે અમારે આ ઉજવણી જોઈતી નથી.

ભગવાન મહાવીરના નામે બાલમંદિરો કરશે, તે નહેરુ બાલમંદિર નીચે ચાલશે. તેમાં શું શિક્ષણ આપશે. શું ખવરાવશે પીવરાવશે. ?

નંદનસૂરિ મહારાજે જાહેર કર્યું છે કે આ ઉજવણીનાં વિરોધ કરવામાં તીર્થોને જોખમ છે. કયો દેવતા એમને કહી ગયો! આવી ઉજવણી ન હોય, આજ્ઞા મુજબની હોય તેમાં તે તીર્થો ઝૂંટવી લેશે !

રાજાઓ રાજ આપતા હતા ત્યારે મેં કહ્યું હતું કે આ સાલીયાણા ન લો, પત્ર પર સહી ન કરો પણ તેઓએ માન્યું નહિ. જો તેમ કર્યું હોત તો રાજાઓની આજે જેવી ભૂંડી દશા થઈ છે. તે ન થઈ હોત ?

જો હવે તમે આનો વિરોધ નહિ કરો તો જૈન સંઘ મરી જવાનો છે. ધર્મ મરી જવાનો. એ પાપ આવા શકિત સંપન્ન મહાત્માઓને લાગવાનું છે.

હવે ખોટી શરમ છોડી, ખોટા મોહ છોડી, કોઈ દુનિયાના સંબંધને જાળવ્યા વિના ધર્મના સંબંધને જાળવવા તૈયાર થઈ જાઓ. આપણે તન મન ધન ત્રણેય ખર્ચવાના છે. આપણે બધા જો શકિત મુજબ કરવા માંડીએ તો મને લાગે છે કે "શાસનનો વિજય" છે.

❖❖❖❖❖❖

*ભગવાન મહાવીર સ્વામીના ૨૫૦૦માં નિર્વાણ કલ્યાણક અંગે પૂજ્યપાદ આચાર્યદેવશ્રી શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના પ્રવચનમાંથી. સંવત : ૨૦૨૯, આસો સુદ-૧૦ રવિવાર તા.૭-૧૦-૭૩ શાંતાક્રુઝ જૈન ઉપાશ્રય.*

જુઓ ! દિવાળી પર ભગવાન મહાવીરનું નિર્વાણ કલ્યાણક આવે છે. આપણે તો હર વર્ષે ઉજવનારા છીએ. અત્રેના શ્રીસંઘને મન થયું છે કે ભગવાનનો નિર્વાણ કલ્યાણકનો મહોત્સવ કરવો છે. દિવાળીએ વરઘોડો કાઢવો છે.

નિર્વાણ કલ્યાણક ઉજવવું તે આપણો ધર્મ છે. ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણક એ પાંચેય કલ્યાણકો ઉજવવા તે આપણો ધર્મ છે. અમદાવાદમાં એ રિવાજ આજે પણ ચાલુ છે. અમદાવાદમાં હરસાલ આ પાંચે પાંચ કલ્યાણકના વરઘોડા નીકળે છે.

આપણે શાસનપતિ ભગવાન મહાવીર મહારાજાના શાસનમાં છીએ. તેમના પાંચે પાંચ કલ્યાણક ઉજવાય તેમ આપણે ઇચ્છીએ છીએ. જે આપણે ઉજવવાનું છે તે હવે બીજા ઉજવવાના છે. બીજા એટલે કોણ ? બીજા એટલે સરકાર ઉજવાવાની છે. તમે આજની સરકારને ઓળખો છો. ! મારે તેની બહુ ટીકા-ટીપ્પણ કરવી નથી. આજે વીશ વીશ વર્ષ થઈ ગયા. જે સરકાર આવ્યા પછી હિન્દુસ્તાનમાં હિંસા વધી ગઈ, નીતિ નેવે મૂકાઈ ગઈ. સારો માણસ શોધ્યો ન જડે એવી પરિસ્થિતિ પેદા થઈ ગઈ, તેને ભગવાન મહાવીર પર ભકિત જાગી ગઈ ? તેની પાછળ શું છે તે એક મિનિટમાં મારાથી સમજાવાય એવું નથી.

જે દિવસે ભગવાનનું નિર્વાણ કલ્યાણક ઉજવાશે તેજ દિવસે મદ્રાસમાં મોટું કતલખાનું ખોલાશે. આ ઉજવણીમાં જેટલા નાસ્તિકો છે તેમની નાસ્તિકતા વધારાશે. જ્યારે આ ઉજવણી ઉજવાવવા માંડશે ત્યારે જેટલા ધર્મી હૈયા હશે તેમનાથી એ જોયું નહિ જાય, સહ્યું નહિ જાય, પણ એવા હૈયાં થોડાં જ હશે'

આપણે આ ઉજવણી રાષ્ટ્રીય સ્તરે ન થાય તે રીતિએ પ્રયત્ન કરવાનો છે. રાષ્ટ્રીય નિર્વાણ ઉજવણીની જે સમિતિ બનાવવામાં આવી છે. તેમાં ગમે તે જાતિના, ગમે તેવા અન્ય ધર્મીઓ ચઢી બેઠા છે. તે બોલશે તે સાંભળવું પડશે જૈન સંઘ માથે તે ઠોકી બેસાડાશે. પરિસ્થિતિ ઘણી ભૂંડી થવાની છે. કેવા કેવા સાધુ બનીને આવશે (?) તેઓ બધા બોલશે તે પ્રામાણિક કહેવાશે અને આપણે જે બોલશું તે અપ્રમાણિક ગણાશે. આપણા આગમોનું તેઓ રીસર્ચ (Reasearch) કરવાના છે. જે આગમને સાધુ પરિણત ન હોય તો અડવાનો પણ હકક નથી તેને ગમે તેવા અડવાના છે. એવો જોવાનો વખત ન આવે તે માટે આપણે બાર મહિના સતત પુરુષાર્થ કરવાનો છે. તમારામાં ખમીર હોય તે રીતિનો ઘણો પ્રયત્ન કરવાનો છે.

જો તેઓ ભગવાનની આજ્ઞાનો પ્રચાર કરતા હોય તો બોલે કે સંસાર ભૂંડો છે, આ રાજ ભૂંડું છે. આ પ્રધાનપણું ભૂંડું છે તેની જેને મમતા ન થાય તેજ સારો છે. તેનો ત્યાગ જ કરવાનો આદર્શ હોવો જોઈએ. ત્યાગ ન થઈ શકે તો તેના ત્યાગના મનોરથો સાથે જીવવાનું છે. આવું માનનારા ગાદી પર હોય તો આ દેશની આ હાલત હોત (?)

આજે તો આ દેશને વેરાન બનાવવા માંડયો છે, તેમને સાચી ઉજવણી કરવી હોય તો પ્રજાને આજથી કહી દે કે હવે અન્યાય, અનીતિ બંધ થાય છે, કતલખાનાઓ બંધ થાય છે, આ આ ચીજો અભક્ષ્ય છે તેનો ત્યાગ કરવાનો છે, સાત વ્યસનનો દેશમાંથી દેશવટો દેવાય છે. અને ખુરશીપર બેઠેલા પણ સાત વ્યસનના ત્યાગી થઈએ છીએ તેમાં અમે સાધુપુરુષોનો સાથ અને સહકાર માંગીએ છીએ. આ રીતે જાહેરાત કરે અને એ રીતે ઉજવે તો આપણે તેને માટે તૈયાર છીએ... વિશેષ અવસરે.

## સાવધાન

શ્રી વીરપરમાત્મા, શ્રી ગૌતમસ્વામીને કહે છે કે : પ્રમોદના યોગે છાશને જો ગાળ્યા વગર વાપરે તો, તે મદ્ય (દારૂ) જેવું છે. - એમાં સંદેહ નથી.

સાત ગળણાં - ૧. પાણી ગાળવાનું, ૨, ઘી ગાળવાનું ૩, તેલ ગાળવાનું, ૪, દૂધ ગાળવાનું, ૫. ઉકાળેલુ પાણી ગાળવાનું, ૬. છાશ ગાળવાનું, ૭, આટો (લોટ) ગાળવાનું (ચાળણી) - આ સાત ગળણાં શ્રાવકે જીવદયા માટે વાપરવાનાં છે.

# પ્રવચન - પીસ્તાલીશમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

સં. ૨૦૪૩, ભાદરવા સુદિ- ૧૨/૧૩, શનિવાર તા. -૯-૧૯૮૭
ચંદનબાળા જૈન ઉપાશ્રય, મુંબઈ- ૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલું....

સુદેવાદિને જે ઓળખે તે તેમના માટે શું ન કરે ? આ જ તો મા - બાપ ખાતર, શેઠ ખાતર પણ પ્રાણ આપનારા હતા. કેમકે તે બધા સુદેવાદિના પ્રેમી હતા. દિકરા - દિકરી સુખી હોય તો મા-બાપ દુઃખી ન હોય. મા-બાપ દુઃખી હોય ને દિકરા-દિકરી સુખી હોય તે બને ? જે સગા મા - બાપના નથી તે ભગવાન બને ? આજે તો જેના ઉપર પ્રેમ બતાવે તે પ્રેમ પણ બનાવટી હોય છે. જે ભગવાનનો ભગત હોય તેના ઉપર બધા વિશ્વાસ મૂકે. તમારા ઉપર કોણ વિશ્વાસ મૂકે ? તમારી સગી સ્ત્રી પણ તમારા ઉપર વિશ્વાસ મૂકે ?

આવો સુંદર મનુષ્યભવ મળ્યો છે. અહીં આવ્યા છો તે ભૂતકાળમાં ધર્મ કર્યો માટે કે અધર્મ કરેલો માટે ? ભૂતકાળમાં જેને ધર્મ કર્યો હોય તેને આવો સુંદર મનુષ્યભવ મળે તે પણ આવી ધર્મ સામગ્રીવાળો મળે. પણ સાથે સાથે ધર્મ ઉપર પ્રેમ જ થાય નહિ તેવું પાપ બાંધીને આવ્યા છો તેમ લાગે છે. તેવું પાપ શાથી બંધાય ?

દુનિયાના સુખ માટે જ ધર્મ કરેલો માટે તેવું પાપ બંધાય જે સુખને જ ગામડે પણ ધર્મને નહિ. આજે જૈન શ્રી સંઘમાં કેટલા સુખી જીવો છે ? ક્રોડોપતિ અને લાખપતિનાં અહીં દર્શન થાય ખરાં ? તેમની પાસે મંદિર હોય તો ય જાય ? જેમની પાસે અધિક પૈસા છે તેમને અધિક ધર્મ કરેલો તેની ના નહિ. પણ ધર્મ કરીને રિધ્ધિ-સિધ્ધિ પામેલાને ધર્મ કરવાની ફૂરસદ કેમ મળતી નથી ? ધર્મ કરવાનું મન કેમ થતું નથી ? સુદેવ - સુગુરુને કેમ માનતા નથી ?

સભા : તમને જે જોઈતું હતું તે મલી ગયું માટે.

તે જ વાત સમજાવવી છે કે - દુનિયાના સુખ માટે ધર્મ કરે તેને દુનિયાનું સુખ મલી જાય એટલે ધર્મને લાત જ મારે. અને ધર્મને લાત મારી દુનિયાના સુખમાં મોજમઝાદિ કરે તે બધા મરીને કયાં જાય ?

પ્ર. તેને ધર્મ કહેવાય કે ધર્માનુષ્ઠાન ?

ઉ. તમે બધા અત્યારે ધર્માનુષ્ઠાન કરો છો કે ધર્મ કરો છો ? તમે ભગવાનની પૂજા-ભકિત કરો છો તે શા માટે ?

'તમારે ઝટ મોક્ષે જવું છે ? તે માટે દુર્ગતિમાં જવું નથી. કેમકે ત્યાં મોક્ષસાધક ધર્મની સામગ્રી મળે નહિ. અને ધર્મ થઈ શકે નહિ. અને સદ્ગતિમાં જવું છે કેમકે, ત્યાં મોક્ષસાધક ધર્મની સામગ્રી મળે, ધર્મ કરી શકાય અને થોડાભવમાં મુકિત થાય' આવી ભાવના તમારી છે ? તે ભાવના પેદા કરવાની અમારી મહેનત છે. પણ તે ભાવના પેદા કરવામાં મા-બાપાદિ આડે આવે છે. મિથ્યાત્વ તો ઊભું છે. આજના ઘણા લોકો સુદેવ-સુગુરુ - સુધર્મ માનતા નથી. તેમને તો દેવ પોતે જે માગે તે આપે તેવા જોઈએ છે, ગુરુ સંસાર ચલાવે તેવા જોઈએ અને પોતે જે કરે તે બધું સારું તેમ કહે તેવો ધર્મ જોઈએ છે. પોતાનું ઇચ્છિત ન થાય કે તેવું ન ઈચ્છે તેમ જે કહે તે દેવ - ગુરુ - ધર્મ નહિ. આજે તો ઘણા કહે છે કે - 'આ પત્થરની મૂર્તિ શું આપે ? સાધુ તો નવરા છે. સંસાર છોડો તેમ કહે છે પણ અમે ભૂખે મરીએ તેની ચિંતા કરતા નથી.

'શ્રી જયવિયરાય' સૂત્રમાં ભગવાન પાસે માગવાની વાત લખીને બધાને ચેતવ્યા છે. જે જીવો ભગવાન પાસે જાય અને 'મને આ સુખમય સંસારથી ભાગી છૂટવાનું બળ પેદા થાઓ' આવી ભાવના પણ પેદા ન થાય તો તે બધા શા માટે મંદિરમાં જાય છે તે પ્રશ્ન છે ! તમે બધા ભગવાન પાસે શું માગો છો ? ભવનિર્વેદ માગો છો ? ભવનિર્વેદ એટલે શું ?

સભા : ભવનો તીવ્ર વિરાગ.

એમ નહિ. સુખમય સંસારથી ભાગી છૂટવાની જે ઈચ્છા તેમ કહો. જેની ઉપર વિરાગ આવે તેની સામે જોવાનું મન થાય ? દુનિયાની સુખમય સામગ્રી ગમતી નથી ને ? તમે સગાભાઈની અને સગા બાપની સામેય જોતા નથી ને ?

તમને સારું ઘર મળ્યું છે, સારા પૈસા - ટકાદિ મળ્યા છે, રોજ સારું સારું ખાવા - પીવા મળે છે તે ગમે છે ખરું ? તે બધું છોડવા જેવું લાગે છે કે તેમાં મઝા કરવા જેવી લાગે છે ? ઘણાને ખાવા - પીવા નથી

મળતું. ઘણા ખાઈ - પી શકતા નથી. તમને ખાવા - પીવા મળે છે અને તમે ખાઈ - પી શકો છો. તો તે તમને સારું લાગે છે કે ભૂંડુ લાગે છે ? ઘર છોડવા જેવું છે તેમ લાગે છે ?

પ્ર. - સાંભળે ત્યારે લાગે ને ?

ઉ. સાંભળતા જ બંધ થાય અને સાંભળેલું ભૂલી જાય તો ?

શાસ્ત્રે કહ્યું છે કે - શ્રાવક મંદિરાદિ જાય તે આનંદથી જાય અને ત્યાંથી ઘેર જાય તે દુઃખથી જાય. તેને દુઃખ થાય કે - ભગવાન પાસે, સાધુ પાસે જઈ આવ્યો તો ય ઘર છૂટયું નહિ. ઘર કયારે છૂટે તેની ચિંતા થાય છે ?

અનંતા બધા જ ભગવાન રાજ્યપાટાદિ છોડી સાધુ થયા. શકિત છતાં ય સુખ ન ભોગવ્યું અને દુઃખ મઝેથી - ન આવે તો ઊભાં કરી કરીને ભોગવ્યાં. રસ્તે ચાલનારે પણ ગાળ દીધી તો ખાધી પણ ઉત્તર ન આપ્યો. તમારા ગુરુઓએ પણ ઘર-બારાદિ છોડે છે તો તમને ઘરમાં રહેવાની મઝા આવે તો તમે શ્રાવક છો ? તમારા દેવ ગાંડા હતા ! તમારા ગુરુ ગાંડા છે ! અમે ઘર - બારાદિ છોડયાં તે ભૂલ કરી છે ?

પ્ર. - મઝા આવે છે તેનો અર્થ શું ?

ઉ. તમારી પાસે પૈસા વધે તો ભગવાનનું મંદિર બાંધો કે ઘર મોટું કરો ?

આજે જેની પાસે પૈસા વધ્યા તે નાના ઘરવાળા મોટા બંગલાવાળા થયા. નાની પેઢીવાળા મોટી પેઢી અને મોટા કારખાના કરે છે. લાખો રૂા. મળવા છતાં તેમને શાંતિ થતી નથી. તે બધા ડાહ્યા કહેવાય કે ગાંડા કહેવાય ?

શાસ્ત્રે કહ્યું છે કે- શ્રાવકની પાસે પુણ્યોયોગે પૈસા વધે તો નવું મંદિર ન બાંધે ત્યાં સુધી પોતાનું નવું ઘર પણ બાંધે નહિ. સો રૂા. ની મૂડીવાળો પણ પોતાના ઘરમાં મંદિર રાખે. આજે તો દશ - વીશ - પચાશલાખના બંગલામાં પણ ભગવાનનું મંદિર નથી, પૌષધશાળા ય નથી, ધર્મનું એક પુસ્તક પોતે ખરીદેલું તેના ઘરમાં નથી. તેના ઘરના માણસોને પણ સામાયિક, પ્રતિક્રમણ કરવું હોય તો કયાં બેસવું તે ચિંતા છે, બધે લાઈટો પેસી ગઈ.

પ્ર - આશાતનાનો ભય છે.

ઉ. - ભગવાનને તેની ખબર નહિ હોય ! જેની પાસે સો રૂા. ની મૂડી હોય તે ય મંદિર રાખે તેમ કહ્યું છે. જેની શકિત હોવા છતાં ય જેના ઘરમાં ભગવાનનું મંદિર ન હોય તે મોટી આશાતના છે તેનું શું ? આ બધા આશાતનાથી ડરનારા... !!!

તમારો રોજનો ઘરનો ખર્ચો કેટલો અને ધર્મનો ખર્ચો કેટલો ? જે ધર્મથી આ બધી સામગ્રી મળી છે તેનાથી મઝા ઘણી કરો છો પણ તેનાથી ધર્મ કેટલો કરો છો ? એક શહેરમાં શ્રાવિકાઓ રોજ મંદિરે જાય તો ખાલી હાથે જાય ? ચોખા - ઘી વગેરે લઈને જાય ને ? તે શહેરના આગેવાનનો દીકરો પોતાના મિત્રો સાથે મશ્કરીમાં કહે કે- ભગવાનને ખીચડી કરવી છે કે ચોખા લઈને જાવ છો ? બાઈઓમાં આ વાતની ચણભણ થવા લાગી અને ગામના આગેવાનોને પણ આ વાતની ખબર પડી. જેનો છોકરો આ બોલતો હતો તે આગેવાને જ સંઘ ભેગો કર્યો અને પોતાના જ છોકરાને બોલાવ્યો અને બધાની વચમાં કહ્યું કે- આમ બોલેલો ? આ બધાની માફી માગ નહિ તો સંઘ બહાર કરી દઈશ. આજે કોઈ આવો શ્રાવક નીકળે ? આજે તમે બધા મંદિરે જાવ તો ખાલી હાથે જાવ ને ? તમારો જેટલો ખિસ્સા ખર્ચો છે તેટલો ભગવાનની પૂજાનો ખર્ચો છે ખરો ? તમે તમારી વસ્તુથી ભગવાનની પૂજા કરો છો ? તમારો બાર મહિને પૂજાનો ખર્ચો કેટલો ? દેરાસર માટે કેશર-સુખડાદિની ટીપ કરવી પડે છે તેમ તમારે માટે જમવાની ટીપ કરો તો ચાલે ? ભગવાનના આટલા બધા ભગત બેઠા હોય અને કેશરાદિની ટીપ કરવી પડે ? આજે તો એટલી બધી ગરબડ ચાલે છે કે જેનું વર્ણન થાય તેમ નથી.

આજે ધર્મની વિધિની મોટાભાગને ખબર નથી. અવિધિ મઝેથી કરે છે, વિધિનો ખપ પણ નથી અને અવિધિનો ડર પણ નથી. વિધિ સમજાવે તો ય સમજવી નથી. મંદિરમાં ઉઘાડા દિવા સળગે છે. ઉઘાડા દિવા રાખવાની આજ્ઞા છે ? તેમાં કેટલા ત્રસ જીવોની હિંસા થાય ? તમે બધા શ્રી સિધ્ધગિરિજીમાં અનેક વાર જાવ છો ત્યાં શ્રી ઋષભદેવ સ્વામી ભગવાન પાસે જે દીવા ગોઠવ્યા છે તે જોયા નથી ? શ્રી સિધ્ધગિરિજી જઈ આવનારને પણ આ સૂઝતું નથી કે આ લાઈટોના પ્રકાશ કરતાં ય ત્યાં વધારે પ્રકાશ હોય છે ! તમને તેવા કોડીયાં કરાવતાં નથી આવડતાં ? મંદિરમાં જે હાંડીઓ, ઝુમ્મરો હતાં તે કાઢી નાખ્યાં.

ક્રમશઃ

# ડોળીયા શ્રી શંખેશ્વર નેમીશ્વર તીર્થમાં નૂતન ભવ્ય ભોજનશાળા

નેશનલ હાઈવે નં. ૮, મુ. ડોળીયા (તા. સાયલા), સૌરાષ્ટ્ર.

## લાભ લેવા નમ્ર વિનંતિ

પૂજ્ઞ ધર્મ બંધુ

જણાવતા આનંદ થાય છે કે હાલાર દેશોધ્ધારક પૂ. આ. **શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ના પટ્ટધર પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** તથા પૂ. પ્રવર્તક મુનિરાજ **શ્રી યોગીન્દ્ર વિજયજી** મ. ના ઉપદેશથી ડોળીયા મુકામે શ્રી **શંખેશ્વર નેમીશ્વર જિનેન્દ્ર પ્રાસાદ** થયુ છે અને એક ભવ્ય તીર્થ બન્યું છે. દરરોજ સેંકડો અને ક્યારેક ૫૦૦ થી વધુ યાત્રિકો ભોજનશાળામાં જમવામાં થઈ જાય છે.

દાદાની નયન રમ્ય પ્રતિમાના દર્શન કરનારા તો ખૂબ સારી સંખ્યામાં આવે છે. ભોજનશાળા છે તેમાં જુથમાં આવતા સેંકડે યાત્રિકો સ્વયં ભોજનની વ્યવસ્થા કરી લે છે. અને રોજ રોજ આવતા યાત્રિકો માટે ભોજન માટે જુદી વ્યવસ્થાની જરૂર પડે છે. પાછળનાં ભાગમ મોટી જમીન ખરીદવામાં આવી છે અને ત્યાં વિશાળ ભોજનશાળા બનાવવાનું કામ ચાલુ છે. તથા ભોજનશાળા ઉપર પણ યાત્રિકોને માટે રૂમો બનાવવાનું રાખેલ છે. આ યોજના નીચે મુજબ છે. અને તેમાં ભાવિકોને લાભ લેવા અમારી નમ્ર વિનંતિ છે.

## નૂતન ભોજનશાળા યોજના તથા નકરા

(૧) ભોજનશાળા ટાઈટલ રૂા. ૧૧ લાખ - લાભ લેનાર દીપચંદભાઈ ગાર્ડી, મુંબઈ.

| | | | |
|---|---|---|---|
| (૨) | મુખ્ય હોલ | (૧૨૬ X ૫૭ ફુટ) | રૂા. ૭ લાખ. |
| (૩) | રસોઈ ઘર | ( ૩૦ X ૨૪) | રૂા. ૧ લાખ ૨૧ હજાર. |
| (૪) | સ્ટોર રૂમ | (૩૬ X ૧૬) | રૂા. ૧૦૧ હજાર. |
| (૫) | ક્લીનીંગ રૂમ | (૩૬ X ૧૬) | રૂા. ૧૦૧ હજાર. |
| (૬) | ઓસરી ઉત્તરની | (૧૨૬ X ૮) | રૂા. ૧૦૧ હજાર. |
| (૭) | ઓસરી દક્ષીણની | (૧૨૬ X ૮) | રૂા. ૧૦૧ હજાર. |
| (૮) | ભોંયરૂ (સેલર) | (૫૬ X ૩૬) | રૂા. ૧૫૧ હજાર. |
| (૯) | ઉપરના ભાગમાં રૂમો ૨૮ | (૧૨ X ૧૫)એકનો નકરો | રૂા. ૫૧ હજાર. |
| (૧૦) | ઉપર ઉત્તરની ગેલેરી | (૧૨૬ X ૮) | રૂા. ૧૦૧ હજાર. |
| (૧૧) | ઉપર દક્ષિણની ગેલેરી | (૧૨૬ X ૮) | રૂા. ૧૦૧ હજાર. |
| (૧૨) | સીડી પૂર્વ | | રૂા. ૫૧ હજાર. |
| (૧૩) | સીડી પશ્ચિમ | | રૂા. ૫૧ હજાર. |

(૧૪) રસોડા ફરર્નીચર રૂા. ૨ લાખ ૫૧ હજાર. (ફરર્નીચરમાં રૂા. ૨૫ હજારનો લાભ લેનારનું નામ તકતીમાં આવશે)

આપ આ એક વિશાળ ભોજનશાળાના કાર્યમાં આપનો ભાવ હોય તે લખાવી લાભ લેશો અને તીર્થના વિકાસમાં સહકાર આપશો.

**સંપર્ક :**
**શ્રી રામજી લખમણ મારૂ**
તરણેતર રોડ - થાનગઢ. ફોન : ઓ. ૨૦૩૧૪, રે. ૨૦૮૨૮

**લી. જૈન હિતવર્ધક મંડળ**
હાઈવે, જૈન દેરાસર પેઢી , ડોળીયા.
ફોન : (૦૨૭૫૧) ૩૩૨૪૪

**સંપર્ક સ્થળો :**
(૧) શાહ મેઘજી વીરજી - બોકસ નં. ૪૯૬૦૬, નાઈરોબી.
(૨) શાહ છગનલાલ ખીમજી ગુઢકા -બોક્સ નં. ૬૯૮૦, નાઈરોબી.
(૩) મોતીચંદ એસ.શાહ - ૨૯, રિગલ વે, કેન્ટન હેરો, HA3 0RZ, U. K.
(૪) રતિલાલ ડી. ગુઢકા - ૧૧૭, સડબરી એવન્યુ, નોર્થ વેમ્બલી, HAO 3AW U.K.
(૫) શાહ કાનજી હીરજી - ૫, ગ્રેન માર્કેટ, જામનગર. ફોન નં. ૬૭૮૭૯૬
(૬) મગનલાલ લક્ષ્માણ મારૂ - મહાત્મા ગાંધી રોડ, નવપાડા, પારસમણિ, થાણા,
ફોન નં. (ઓ.) ૫૩૪૧૯૩૭, (રે.) ૫૪૦૧૪૧૩

# રાષ્ટ્રીય સ્તરે થતી ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૬૦૦મી જન્મતિથિની ઉજવણીનો વિરોધ શા માટે ?

વાંચો - વંચાવો - વિચારો

હપ્તો - ૫ મો

*("ચરમતીર્થપતિ શ્રવણ - ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૫૦૦ મ. નિર્વાણ કલ્યાણક તિથિને અનુલક્ષીને જે અશાસ્ત્રીય નીતિ-રીતિ ભગવાનનો મહિમા વધારવાને નામે ચાલી પડેલી, તેવી જ અશાસ્ત્રીય રીતે હવે ૨૬૦૦મી જન્મ કલ્યાણક તિથિની રાષ્ટ્રીય ઉજવણી જે કરવા માગતા હોય તેમણે, તે વખતના ગીતાર્થ મહાપુરૂષોએ એવી ઉજવણી ભગવનાની અશાતાના સ્વરૂપ હોવાનું આપેલું માર્ગદર્શન આજે પણ તેટલું જ ઉપયોગી, જરૂરી હોવાથી ધ્યાનમાં લેવાની જરૂર છે.*

**માર્ગદર્શક મહાપુરૂષ છે. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા.**

*શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. આ ભગવંતશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના યાચીએ છીએ.*

*-સંપાદક*

■ સંસારના સુખ માટે મેળવેલ પુણ્ય કદિ ધર્મમાં જોડે નહિ.

■ મુક્તિની ઈચ્છાથી ધર્મ કરતાં પુણ્ય બંધાય તેની ચિંતા કરવાની નહિ. દુનિયાના લાલ-પીળા દેખાય, તેને મેળવવાનું મન થાય, તેના માટે ધર્મ કરો પુણ્ય બાંધો તો નુકશાન જ કરે. દુનિયાના રંગરાગના અર્થ બન્યા તો ધર્મ ભૂલાઈ જવાનો, ધર્મક્રિયા તેને માટે થવાની તે માર ખાવાના.

સુંદરમાં સુંદર સાધુપણું પામનાર કેટલાક મહાત્માને છેલ્લા સુખની ઈચ્છા થઈ તો બધો ધર્મ વેચી માર્યો. આ જોઈએ તેમ કરી ચક્રવર્તી - વાસુદેવ - પ્રતિવાસુદેવ થયા, સાહ્યબી ઘણી ભોગવી તેની સાથે અનેકગણું દુઃખ ઉપાર્જી નરકે ગયા. ધર્મના ફળ તરીકે દુનિયાના સુખની ઈચ્છા ગાઢ મિથ્યાત્વની હાજરી વિના જીવને થતી જ નથી.

■ શ્રી ભરત મહારાજાએ મરિચીની જે રીતે સ્તવના કરી તે પછી ભરતજીના ગયા પછી તે ઉભા થઈ નાચવા લાગ્યા અને કહેવા લાગ્યા કે 'મારું બહું ઉત્તમ કુલ છે' આ વાત વિચારમાં ખરાબ નથી પણ આ શબ્દો અહંકારથી બોલ્યા, વિવેક ભૂલ્યા, પોતાની જાતને ભૂલ્યા, આવો મદ ન કરાય તે વાત ભૂલી ગયા. આપણે ત્યાં કુળમદનો નિષેધ છે પણ સારા કુળને સારું માનવામાં નિષેધ નથી.

ભગવાન કુળ - જાતિ માને ? નાલાયક - લાયક માને ? તમે ય મનુષ્યમાત્રને લાયક માનો છો ? મનુષ્ય માત્ર બધા એક સરખા ? દરેક મનુષ્યની સોબત થાય ? દરેક ઘરમાં લઈ જવાય ? બધા મનુષ્ય સરખા નહિ ને ? તમે તમારા દિકરાને જ દિકરો માનો ને ? પાડોશીનો રૂપાળો હોય તો ય નહિ ને ? મૂડી પોતાના ગાંડા દિકરાને આપો પણ પાડોશીના ડાહ્યાને ન આપો ને ? મનુષ્યમાં ઊંચ - નીચ હોય. બધા જ ખુરશી પર બેસવા લાયક નહિ. મનુષ્ય જેલમાં પણ છે ને ? મનુષ્ય મનુષ્યનો માર પણ ખાય છે ?

તમે ઊંચ - નીચ માને છો ? મરિચીએ ઉત્તમ કુળનો મદ કર્યો માટે ગોત્ર ખરાબ બાંધ્યું. બુદ્ધિનો મદ કરે તે બુદ્ધિહીન થાય. તપનો મદ કરે તપની શક્તિ નાશ પામે. જૈનશાસન તો જે જેવું છે તે બતાવે છે અને બધાને કેમ જીવવું તે કહે છે. દુઃખીને કહે દુઃખ ભોગવતા શીખ. સુખીને કહે સુખમાં લીન ન થા. છોડીને જ જવાનું છે તો જીવતા છોડીશ તો મહાત્મા કહેશે.

આજે દુનિયામાં શાંતિ છે ને ? મજા છે ને ? બધા સરખી રીતે જીવે છે ને ? બધા સરખા હશે ? કોઈના ઘરમાં ઓછું - વધતું હશે તેમ નહિ હોય ? આજે તો જેટલા દુઃખી હશે તેને વધુ દુઃખી કરશે તે કંગાળો કોઈને સુખી કરવાના નથી.

જૈનશાસન સર્વમંગલનું મંગલ, સર્વ કલ્યાણનું કારણ, સઘળાં ય ધર્મથી શ્રેષ્ઠ તેમ માનો છો ? સમભાવમાં સાચું - ખોટું એક લાગે ? સમભાવી એટલે ડાહ્યો, વિચક્ષણ કે બેવકૂફ ? સમભાવ આવી જાય તો બધાને સરખું માને ? ગોળ - ખોળ બે ય

સરખા ? સમભાવનો અર્થ એવો નહિ કે સાચું - ખોટું બે ય સરખું. કોઈ હોંશિયારીથી બોલનાર મળે તો તમે તાલી પાડી ઊઠો ! ધર્મ સાંભળનારની ખરી કસોટી ત્યાં જ છે. જૈન શાસનનો જગતમાં જોટો નથી. કોઈ ધર્મ સાથે તેને સરખાવી શકાય તેમ નથી. શ્રી અરિહંત પરમાત્માને કોઈની સાથે સરખાવી શકાય જ નહિ.

પૈસા વગર બિલકુલ ચાલે નહિ, પૈસા સર્વપ્રધાન છે તેમ આજના લોકોને બેસી ગયું છે તેનો જ પ્રતાપ છે કે નીતિ નાશ પામી ગઈ. પૈસા માટે બધું જ થાય તેમ લોકોની માન્યતા છે. મોટી વાતો કરનારા પૈસાની કેડે પડયા છે. પૈસાની કેડે પડેલા મુરખ થઈ ગયા, મજેથી જૂઠ બોલે, ચોરી કરે, ઉઠાવગિરિ કરે. સારા કપડામાં શેતાન થયા.

*(૫-૧-'૭૫ ને રવિવાર માગશર વદ ૮ ના પ્રવચનમાંથી)*

■ ■ ■

ઘણા બધા એમ સમજે છે કે અમદાવાદના પ્રસંગથી ૨૫૦૦નો વિરોધ બંધ છે. બોલવાનું નથી તેમ નથી. મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીએ જે નિમિત્ત પામી ઉપવાસ કર્યા તેથી અમદાવાદમાં અજબનો પલટો આવ્યો છે કસ્તુરભાઈની ઈચ્છા હોય કે ન હોય આવવું પડયું. અમુક શરતો આપી તે તેમને (મુનિશ્રીને) બંધનકર્તા છે. આપણે કોઈ બંધનમાં નથી. બંધન ન હોય તો બોલવા માટે બોલવાનું હોતું નથી પણ જરૂર પડે બોલવાનું છે. વિરોધ જરૂર હશે ત્યાં સુધી ચાલુ રહેશે. વધારવો ય પડે. હજી વધારવાના પ્રસંગ ઉભા થયા નથી. તે ધ્યાનમાં રાખવા ભલામણ.

વિરોધ કર્યો છે તે સફળ નથી થયો તેમ નથી. ગુજરાત - મહારાષ્ટ્ર - કચ્છ વગેરેનો મોટોભાગ જેને જેને વિરોધની વાત સમજાઈ તે રાષ્ટ્રીયસ્તરની ઉજવણીમાં ભાગ લેતા અટકી ગયા છે. મહારાષ્ટ્રમાં તો ઘણા વિભાગમાં કોઈ ભાગ લેતું નથી. રાષ્ટ્રીય ઉજવણીમાં નુકશાન છે તે સમજાવી બચી શકે તેટલાને બચાવવા છે. હજી કોર્ટમાં કેસો ઉભા છે, નિકાલ આવે તેની રાહ જોવાની.

આ કાળમાં ન્યાય દુર્લભ છે. પ્રયત્ન ચાલુ છે. જે જે લોકોને સમજાવે છે. આ લોકોને ઉજવણી માટે ઈચ્છા હોય કે ન હોય પણ આપણા વરઘોડાની નિંદા કરનારને વરઘોડા કાઢવા પડે છે. ઉજવણીમાં ભેગા થયેલા બધા પોતપોતાનો સ્વાર્થ સાધે છે. બધાને ખબર છે કે આજના રાજકર્તાઓને ધર્મ સાથે સ્નાન સૂતક પણ નથી. ડાહી ડાહી વાતો કરી બધાને ફસાવે છે.

માટે આ વાત સમજી સૌએ પોતપોતાની શકિત પ્રમાણે તન - મન - ધનથી તૈયાર રહેવાનું. જેટલો વિરોધ કર્યો તેનું આંશિક ફળ તો આવ્યું જ છે. નેતાઓ જેમ તેમ બોલતા બંધ થયા છે. બધાના મોઢાં પર સંયમ આવ્યો તે વિરોધના પરિણામે. હંમેશા આપણે ભગવાનની આજ્ઞા મુજબનો પ્રયત્ન કરવાનો. ફળ તો જ્ઞાનીએ જોયેલું આવવાનું છે. જેને જેને પોતાના તન - મન અને ધનનો ઉપયોગ કર્યો છે તેને નિર્જરા સાધી છે. અપૂર્વ પુણ્ય બાંધ્યું છે માટે નિરાશ થવાની કોઈએ જરૂર નથી. હજી વિરોધ ચાલુ જ છે, વિરોધ બંધ કર્યો છે તેવું નથી. જરૂર પડે શું કરવું શું ન કરવું તે બધું જણાવાશે.

■ ■ ■

■ ભગવાને જે માર્ગ બતાવ્યો છે તેનો દુનિયામાં જોટો નથી. ભગવાનના સિદ્ધાંતો દુનિયામાં શોધ્યા નહિ જડે. અહિંસાદિ બધા બોલશે પણ જે રીતે અનંતજ્ઞાનીઓએ ઉપદેશેલી છે તેની તો આ લોકોને છાયાં પણ નથી.

જગત આજે ઊંધે માર્ગે જઈ રહ્યું છે. આજે ધર્મ - અધર્મનું યુદ્ધ છે. ધર્મ જોઈએ તે ધર્મ સાચવવા મહેનત કરે છે. અધર્મ જોઈએ તે અધર્મ માટે મહેનત કરે છે. સાચું ખોટું સમજવાની સામગ્રી છતાં કેમ સમજતા નથી તે જ સમજતું નથી. અધર્મ શરૂ થઈ ગયો છે. કરનારાઓનો સ્વાર્થ છે. સત્તાનું બળ છે. ભગવાનની ઉજવણી એવા લોકોના હાથમાં સોંપી આવ્યા છે જેનું વર્ણન ન થાય. તે આગેવાનોની શરમ - લજ્જા ઘણાને નડે છે પણ સાધુની નડતી નથી.

આ કાળ વાણી સ્વાતંત્ર્યનો છે. કોઈ ગમે તેમ બોલે લખે. ભગવાન મહાવીર સૌના છે માટે જેને જેમ લાગે તેમ બોલે તેનું નામ સ્યાદ્વાદ છે તેવું તમારા આગેવાન માને છે એટલે ભગવાનને સોંપી આવ્યા

છે. બે વર્ષથી બૂમ મારીએ પણ સાંભળતા નથી, પેટનું પાણી ય હાલતું નથી. આ કાળ બહુ જ ખરાબ છે. સારા માણસોને ખૂણામાં બેસવાનો અને નાગારાોને લહેર કરવાનો સમય છે. આ કાળમાં ધર્મીઓએ સમજીને, શાંતિથી - સાવચેતીથી જીવવાનું છે. આજે મોટાભાગની બુદ્ધિ પર પડલ લાગી ગયા છે.

- ભગવાન મહાવીરે વિષયોને ઉત્તેજન આપ્યું હતું આવું લખાવા છતાં કોઈના પેટનું પાણી હાલતું નથી. આ. ક. ની પેઢી કસ્તૂરભાઈની દાસી છે, તેના મેમ્બરો બધાં ગુલામ છે. જો સત્ત્વ હોય તો બધા સંઘોએ કહી દેવું જોઈએ કાં રાજીનામું આપો કાં આ બંધ કરો. વિરોધ બતાવવા વિરોધની રક્ષા કરવા, સાચું કહેવા જે કરવું પડે તે બધું કરવા તૈયાર છીએ.

શાસ્ત્રદૃષ્ટિએ સમજાવે તો હું સામે જવા તૈયાર છું. સમજવા જ ન માંગે તો ય જવું તે ખોટી વાત છે, જવાય નહિ. આપણે તોફાન કરવામાં - ગાળાગાળી - માર મારીમાં માનતા નથી. ખોટાંને ખોટું અને સાચાને સાચું જાહેર કરવા માંગીએ છીએ. **શાસ્ત્રદૃષ્ટિએ સમજવું હોય તો દરેક ઉપાશ્રયે નાના - મોટા પાસે જવા તૈયાર છું.** જવું પડે તો સાવચેતીથી જવાનું. અપમાન થાય તે ય ગળી જવાનું. તેને ય સન્માન માનવાનું. કસ્તૂરભાઈની શરમ રાખીને ન બોલાય. 'તેમને તો ન કહી શકાય' તે વાત કાઢવી પડશે. આવું કરો તો તમને આગેવાન પણ ન બનાય તે વાત ખૂલ્લંખૂલ્લા કરવી પડે.

સત્યને જાહેર કરવું અને અસત્યનો વિરોધ કરવો તેટલું બળ આપણી પાસે છે. સામે બળ મોટું છે, સરકારની સહાય છે. બિનસામ્પ્રદાયિક છતાં કહે છે બધા પ્રત્યે સમાન ભાવ છે. સરકારે તો કોર્ટમાં કહ્યું છે કે- જૈન ધર્મ સાથે લેવા દેવા નથી, જૈનધર્મને ઉત્તેજન થાય તેવું કરવું નથી.' આ સાંભળ્યું નથી. માટે સમજો અને વિરોધ માટે જે કરવું પડે તે કરવા તૈયાર થાવ. પરિણામ તો જ્ઞાનીએ જોયું તે જ આવશે પણ આપણને તો નિર્જરા અવશ્ય થશે.

■ ઉત્સૂત્રભાષણ સમાન એક મોટામાં મોટું પાપ નથી. જ્ઞાનીઓએ તો ચારિત્રહીન પણ ભગવાનનો માર્ગ જેવો છે. તેવો કહે તો તેને ય કલ્પતરું કહ્યો છે. પોતાના દોષ ઢાંકવા ગુણીની પણ નિંદા કરે તે તો મહાખતરનાક છે. ચારિત્રહીન તો માત્ર પોતાનું જ બગાડે. જ્યારે ઉત્સૂત્રભાષી તો પોતાનું અને પારકાનું ય બગાડે. માટે બોલવું હોય ત્યારે વિચાર પૂર્વક બોલવું જોઈએ.

તમે તો ભણેલા - ગણેલાં એટલે દરેક વાતમાં અભિપ્રાય આપવાની ટેવ ખરી ને ? જે બાબતમાં આપણે ન જાણતા હોઈએ તે બાબતમાં અભિપ્રાય આપવો નહિ તેટલો પણ નિયમ છે ? આજના ભેળસેળીયા જગતમાં તમે કેવી રીતે માલ લાવો છો ? તમે જો વસ્તુને જાણવાના અર્થી હો તો અધિક અર્થ કરનારા તમારી આગળ ચૂપ મરે. તમારે ધર્મ સમજવો નથી માટે આ બધા ગોટાળા કરો છો. બજારમાં ઘણા અર્થ કરે છે કાંઈ માનતા નથી. અહીંજ બધું માનો છો.

**સમજાય નહિ ત્યાં સુધી મધ્યસ્થ રહેવું તે ગુણ. પણ સાચું - ખોટું સમજ્યા પછી મધ્યસ્થ રહેવું તે સત્યનું ખૂન અને અસત્યનું પોષણ !**

કોઈ સાચી બાબતથી ગાંડા લોકો આઘા - પાછા થતા હોય તો પણ સાચી વાત અવશ્ય કહેવાય. ગાઢ અંધકાર હોય અને જેની પાસે બેટરી હોય તે પ્રકાશ ન કરે તો કેવો કહેવાય ? ભગવાન નિર્વાણ પામ્યા ત્યારે શ્રી ગૌતમ મહારાજાએ કહ્યું ને કે - ''કુતીર્થીરૂપી કૌશિકો જાગશે, ભરતની શોભા નાશ પામી, મહા મિથ્યાત્ત્વ ફેલાશે.''

ભગવાને જ્યારે ધર્મ સ્થાપ્યો ત્યારે બીજા દર્શનવાળા ઊંચા - નીચા થઈ ગયા. ભગવાને બીજા બધા દર્શનોને મિથ્યાદર્શન કહ્યા તે તમારા મતે ભૂલ કરીને ? ભગવાન ડાહ્યા કે તમે ? ભગવાને ગોશાળાને પણ મોંઢા મોંઢ કહ્યું કે- ''આંગળી આડી કરે તેજ ન ઢંકાય, ધૂળથી સૂર્ય ન ઢંકાય, તું જ તે ગોશાળો છે.'' સત્યવાદનું પરિણામ જાણતા છતાં ભગવાને સત્ય વાત કહીને ? સંઘર્ષ કર્યોને ?

આ ધર્મ - આ અધર્મ તે કહેવા અમે પાટે બેસીએ કે બધું ય સાચું તે કહેવા બેસીએ છીએ ? શાસ્ત્રમાં ય સાચું ખોટું લખ્યું છે ને ? આ કાળમાં ધર્મ સાચવવો

હોય તો ખોટાને ખોટું કહેવું જ પડે. મહાપુરુષોએ જેટલા જુદા પડયા તો પડવા દીધા પણ ખોટી એકતા ન કરી. માટે જેટલી ખોટી વાતો હોય તેનું ખંડન કરવું જ પડે અને સાચી વાત કહેવી જ પડે. અમે ય ખોટું કહેતા હોઈએ અને તમે સાચું ન કહો તો તેવા ભકતોથી પણ શું ? ભગવાનને માને પણ ભગવાનની આજ્ઞા ન માને તેને સારા મનાય નહિ. ચોપડાની એક રકમ ન માને તેને શાહુકાર કહેવાય ?

માટે જ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યે કહ્યું કે- ''એકાંતે માર્ગાનુસારી એવો તપાગચ્છ મળ્યો. તપાગચ્છ કોઈએ ઊભો નથી કર્યો. તપ કર્યો માટે 'તપા' બિરૂદ આપ્યું. અમારું અહોભાગ્ય છે કે અમને આ મળ્યો છે.''

આપણે અજ્ઞાન હોઈ એ તે ખોટી વાત નથી પણ અજ્ઞાન મટી જ્ઞાની થવાની ઈચ્છા ન હોય તે ખરાબ છે. આજે તો બધાની સાથે એકતા કરવી જોઈએ તેમ બોલનારાએ દાટ વાળ્યો છે. આપણું સમકિત તે ખાલી ચીજ નથી, શાકભાજી નથી કે રમકડું નથી. સમકિત પામવા તો સારા-ખોટાંનો વિવેક કરવો પડે. ખોટાથી આઘા રહેવું અને સારાનો સંગ કરવો તેવી જે ઈચ્છા તેનું નામ જ સમકિત ! આજે તો શંભુમેળો છે. બધા માને છે કે વર્ણશંકર થવું તે ખોટું નથી. સાચી વાત સમજવી નથી, માનવી નથી એવો મોટો ભાગ છે.

બ્રહ્મચર્યથી બ્રાહ્મણ કહેવાય એટલે બ્રાહ્મણ જાતિ નથી તેમ છે ? આ તો જે બ્રાહ્મણ કહેવાય અને ગમે તેમ વર્તે તેને શિખામણ માટે છે. માટે જાતિ કે કુલ નથી તેમ ન કહેવાય. આજે તો ફાવતું લઈ બાકીનું ફેંકી દે છે. આગમો જેને તેને હાથમાં અપાય નહિ. આગમો લઈ ગયેલા તેના સંશોધન કરનારા એવાને એવા માંસાહારી રહ્યા. એવાને આગમ આપવાથી શું લાભ થાય ? તે તો ફાવતું લે. અમારો આગમ સમજેલો આવા આરંભ સમારંભ કરે ? ઘોર હિંસા કરે ? તેને તો આગમની લઘુતા કરી છે. તે કાંઈ આગમોને માનનાર ન કહેવાય. બાર અંગમાં બધી સિદ્ધિઓ હતી, જાણકારોએ તેનો ઉપયોગ નથી કર્યો. આજે તો મહારંભ ફેલાવી રહ્યો છે. જાણતા હોઈએ તો ય અમે ન બતાવીએ કેમકે બતાવવા કેટલો આરંભ કરવો પડે ?

ભગવાન કેવી રીતે ભગવાન થયા તે ખુદ પોતે કહી ગયા છે. માર્ગની ખબર ન હતી ત્યાં સુધી તે પણ અજ્ઞાન જ હતા. માર્ગ પામ્યા પછી પણ કર્મના ઉદયથી માર્ગ ભૂલ્યા તો પાછા રખડયા એમ પોતે કહી ગયા. તો આજના ગાંડા લોકોના ભેગા થઈએ તો હાથે કરીને દુર્ગતિમાં જ જવાનો ધંધો કર્યો કહેવાય ને ?

ઋષભદાસ રાંકાએ લખ્યું કે- 'ચંદનબાળા ચંડાળની છોકરી હતી.' તેને પૂછનારા કોઈ છે ' તમારી દેન છે કે તમે પૂછી શકો ? આજે તેના જેવા અનેક પાકયા છે જે ભગવાનના નામે ગમે તેમ લખે છે. તેમને ભગવાન પર, ભગવાનને ભકતો પર ભકિત નથી. નહિ તો ચંદનબાળાને ચંડાળની છોકરી કહે ? તમે સુખે બેઠા રહો અને તે, ચંદનબાળાને ચંડાળની છોકરી કહે તો તમારા પૈસાને શું ઉપાડવાના ? જૈનો પાણીદાર હોય તો આવું ચાલે જ નહિ. જૈનો આ મઝેથી સાંભળી લે તો તેને જૈન કહેવાય ? જે કોઈ કહે તેને 'કજિયાખોર' કહે !

આપણે ચારે ફિરકાને એક માનતા નથી. ચારે ફિરકા એક હોત તો પછી પૂ. શ્રી બુટેરાયજી મ. પૂ. શ્રી આત્મારામજી મ., પૂ. શ્રી વૃદ્ધિચંદજી મ. શું કામ ભાગી આવ્યા ? આ. શ્રી પ્રતાપસૂરિજી - ધર્મસૂરિજીના વડેરા પૂ. શ્રી મૂળચંદજી મ. છે, અમારા પૂ. શ્રી આત્મારામજી મ. છે અને આ. શ્રી નેમિસૂરિજીના પૂ. શ્રી વૃદ્ધિચંદજી મ. છે. એકતા હતી તો તે બધા શું કામ ભાગી આવ્યા કુગુરૂના ફંદામાંથી છૂટયા તેમ કહી આવ્યા છે.

આજે બધા બૂમ મારે છે કે અંગ્રેજોએ હિન્દુસ્તાનનો ખોટો ઈતિહાસ લખ્યો. પોતાના સ્વાર્થ માટે ય ઈતિહાસ લખાય. ઈતિહાસ લખનારા ભાડૂતી લોક ! આપણા મહાપુરુષોએ બધો ઈતિહાસ લખ્યો છે. દરેક મતની ઉત્પત્તિના કારણો લખ્યા છે. એકતા કરવી હોય તો કોની સાથે કરાય ? જે લોકો આગમને માને નહિ તેની ય સાથે-! તે બધા ફિરકા તો બેઠવા માટે ય લડે છે.

આપણું સમ્યક્ત્વ ભેળસેળીયું નથી. જેને આ શ્રદ્ધા બેસે કે શ્રી અરિહંત કે શ્રી અરિહંતની આજ્ઞા મુજબ ચાલતો હોય તે જ ગુરૂ ભલે કાંઈ ભણ્યો ન હોય.

જેને ભગવાનની આજ્ઞા ન પાલવે તે કુગુરૂ ! બધું કરે, પાંચ મહાવ્રત પાળે, ઘોર તપ તપે પણ ભગવાનની એક આજ્ઞા ઉત્થાપે તે કુગુરૂ ! દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ ભગવાનના કહ્યા મુજબ કરે તો મંજુર છે, ગપ્પા બિલકુલ મંજુર નથી !

ધર્મ તો જિને કહ્યો તે જ બીજો નહિ. માટે મોક્ષ, સાધુપણું, શ્રાવકપણું, સમ્યક્ત્વ, અહિંસાદિ વ્રતો જૈનશાસનમાં જ છે, જે ઉત્સર્ગ - અપવાદના વર્ણન અહીં છે તે બીજે નથી.

આમ રાજાના પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટીસૂરીજી મ. છે. આમરાજાને એક ચાંડાલણી સ્ત્રી પર પ્રેમ થયો. તેને માટે બહાર બંગલો બાંધ્યો. આચાર્ય મહારાજે ખડીર્થી તેના દ્વાર પર આવા ભાવનો શ્લોક લખ્યો કે- ''પાણી નીચે જાય તેમ તારા જેવો આવું કરે તે સારું નથી.'' રાજા મહેલે ગયો આ શ્લોક વાંચી પાછો ફર્યો. રાજાને ખૂબ પશ્ચાતાપ થયો. પોતે જેને ગુરૂ માને તેની પાસે પ્રાયશ્ચિત માંગ્યું. તો ગુરૂએ કહ્યું કે- 'લોઢાની તપાવેલી પૂતળીને ભેટ' આવું કરે તો રાજા મરી જ જાય. શ્રી બપ્પભટ્ટીસૂરિજી પોતે ગયા અને રાજા જેવો ભેટવા જાય તો આચાર્ય મહારાજ કહે થોભી જા. તારું પ્રાયશ્ચિત પુરું થયું. જેને ભેટવા ગયેલો તેને ભેટેલો ? ના. મનથી બાંધેલું પાપ પુરૂં થયું બધા મૂંગા થયા. આવું પ્રાયશ્ચિત વીતરાગના શાસનમાં જ છે બીજે નથી. વીતરાગના શાસનમાં પ્રાયશ્ચિત જીવને મારી નાંખવા નથી પણ બચાવવા છે. માટે શ્રી વીતરાગનું શાસન સાંભળવું હોય, સમજવું હોય તો આજના ગાંડા સાથે બેસવા જેવું નથી. આપણે ચાર ફીરકાને માનતા નથી. તેમને દૂર કર્યા છે. તેમને જે વજન આપે છે તે મિથ્યાત્ત્વને વજન આપે છે.

ક્રમશઃ

# મનનો મોતી

સંગ્રાહિકા :
અ. સૌ. અનિતા આર. પટ્ટણી - માલેગાંવ

- આત્મ નિરીક્ષણ વિના સાધક ન બનાય.
- સાચો સમપર્ણભાવ સેવ્યા વિના સેવક ન બનાય.
- સત્ત્વ ફોરવ્યા વિના સમાધિનું સ્વપ્નું પણ ન આવે.
- ટાયરમાં હવા ફૂલ હોય તો ખાડા-ટેકરા મજેથી ઓળંગી જાય, આંચકા ન આવે તેમ જીવનમાં વિવેક પૂર્વકની સાચી સમાધિ હોય તો અસામાધિ - અશાંતિના અવરોધો ન નડે, બધાને પાર પામી જાય.
- ગુસ્સો આવ્યો એટલે આપણે શાંતિ ગુમાવી, વિચારોની સ્પષ્ટતા ભાગી ગઈ, પરિસ્થિતિ પરની પક્કડ ગુમાવી અને નિકટવર્તીનું માન - સ્થાન ખોટું. બે સેકન્ડનો, પળ બેપળનો ગુસ્સો છ મહિનાની શકિત હરે છે- આ જાણવા છતાં પણ આપણે ગુસ્સાને આધીન બનીએ તે આપણી કેવી કારમી કરૂણતા છે.
- 'જેને કોઈને દુ:ખ આપવાનું મન નથી, પોતાના જ આત્માની જેમ બધા આત્માને જૂએ છે અને કયારે એવો પવિત્ર દિવસ આવે કે કોઈને દુ:ખ ન આપવું પડે તેમ જીવું'- આવી સુંદર ભાવનામાં રમે તેને આ સંસાર શું કરે ? સંસારનો ભય શું હોય ?
- સંસાર તો દુ:ખથી ભરેલો છે. દુ:ખથી જે અકળાય નહિ, દુ:ખમાં આકુલ-વ્યાકુલ ન થાય પણ દુ:ખને સહન કરતાં શીખે. સંસારના દુ:ખથી અકળાય તે સંસારમાં ભટકે, સંસારના દુ:ખને વેઠતા શીખે તે તરે.
- નફરત અને તિરસ્કાર ભાવ એ ક્રોધનું કારણ છે.
- આત્મ રમણતા સ્વરૂપ સ્વાધ્યાય જીવનમાં સમાધિની સુરસરિતાને વહાવે છે.
- આ સ્વાર્થી સંસારમાં સ્વાર્થમય ક્ષણિક સુખો માટે નાની મોટી વાતોમાં ગુસ્સો, તિરસ્કાર, અણગમો, દ્વેષ, મોં ચઢાવીને ચણભણ કરીને કયાં જવું છે ? વૈરનો તીવ્ર ભાવ આવી ગયો તો શું થશે ? જરા તો વિચારો !
- શુભધ્યાન એ પાપ મલને ધોવાનો લેટેસ્ટ સાબુ છે, જે મનને નિર્મલ બનાવે છે.
- સૂર્યમુખી કે ચન્દ્રમુખી ફૂલ માત્ર દિવસ કે રાત્રિમાં ખીલે પણ અંતર્મુખી આત્મા તો સદા પ્રસન્ન હોય. સદા આત્મામેં મગન બનના નો અનુભવ કરાવે.

# ઉન્માર્ગગામીઓને ઓળખી, આત્માને બચાવો

-પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ આત્માના કલ્યાણને માટે પરમ તારક શાસનની સ્થાપના કરી છે. 'આજ્ઞામાં જ ધર્મ છે' એ વાતને બહુ જ સુંદર રીતે સરલ - સ્પષ્ટતાથી સમજાવી છે. પરંતુ આ હુંડા અવસર્પિણી કાલના પ્રભાવે ભલભલાના માથા ફરી ગયા છે તેમાં પણ જૈન શાસનના પદસ્થો પણ આજના રાજકારણીઓની જેમ સસ્તી કીર્તિ નામના માન - પાન- પ્રસિદ્ધિના એવા ભૂખ્યા બન્યા છે જેનું વર્ણન ન થાય. રાજકારણીઓની જેમ આવી એક પણ તકને જવા દેતા નથી.

વર્તમાનમાં પેપરોમાં ''કૌન બનેગા કરોડપતિ?'' ની જાહેરાત આવે છે. (જો કે તે અંગે પણ કોર્ટમાં કેસ દાખલ થયા છે.) તેની જેમ સસ્તી પ્રસિદ્ધિ મેળવવા સિદ્ધપુરની યાત્રા કરવાની જેમ મુંબઈથી પ્રગટ થતાં મીડ ડે પેપરમાં ૩૧-૭-૨૦૦૦ માં 'કૌન બનેગા કેવલજ્ઞાની ?' એવી જાહેરાત વાંચી સખેદ આશ્ચર્ય થયું. મુંબઈ - ઘાટકોપર મધ્યે આ. વિ. હેમચન્દ્રસૂરીજી, મુનિ શ્રી કલ્યાણબોધિ વિજયજી અને સાધ્વી શ્રી દર્શનરત્નાશ્રીજીની નિશ્રામાં આ શિબીર રાખવામાં આવી. સામાન્ય કોટિના ૧૫ પ્રશ્નોના જવાબ આપી દે એટલા માત્રથી એમને કેવલજ્ઞાની આદિનું બિરૂદ આપી દેવું તે માર્ગનું અજ્ઞાન સૂચવે છે અને જૈનશાસનના આચાર્યપદ પર રહેલા જો આવું કરે તો બીજા શું માને ? પણ જેમના નાયક જ ઉન્માર્ગના ખાડામાં પડયા હોય તેનો પરિવાર તે તરફ પાત કરે તેમાં નવાઈ નથી !

જૈન શાસનના પરમાર્થને સમજેલો આત્મા તો સારી રીતના જાણે છે કે આ તો શ્રી તીર્થંકર પરમાત્માઓની, શ્રી કેવલી ભગવંતોની ઘોર આશાતના છે, ભયાનક મશ્કરી છે. દુર્લભબોધિપણાનું કારણ છે.

હજી નજીકમાં જ શ્રી પર્યુષણા મહાપર્વ પૂર્ણ થયા. તેમાં સકલસૂત્ર શિરોમણિ શ્રી કલ્પસૂત્રમાં ગણધરવાદના વ્યાખ્યાનમાં પરમ તારક આત્મન્નોપકારી ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા ખુદ તીર્થંકર નિશ્ચિત હોવા છતાં પણ કેવલજ્ઞાનને પામવા જે ઘોર સાધના - આરાધના કરે છે. કઠીન કર્મોને ક પવા મજેથી પરિષહો - ઉપસર્ગો વેઠે છે ત્યારે કેવળજ્ઞાનને પામે છે. ચૌદ પૂર્વધર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજાએ જે રીતના ભગવાનના અપ્રમત્ત સંયમનું વર્ણન કરેલ છે તે પણ જો આંખ સામે આદર્શરૂપે રહ્યા ક . તો આવી પ્રસિદ્ધિના મોહની ભૂલ સ્વપ્ને પણ થાય નહિ. પણ લોકને આકર્ષવાના અર્થી બનેલાઓને આવો વિચાર સરખો પણ આવે નહિ. ભલે પાટોને ગજવે, ટોળા ભેગા કરે, ઘેટાના ટોળાની જેમ ગાડરિયા પ્રવાહમ મોટોભાગ તણાયો છે. તેમને આ વાત ન રૂચે તે સહજ છે.

સ્નેહરાગને શાસ્ત્રકારોએ પરિહરવાનો કહ્યો. સ્નેહરાગના કણિયાના કારણો શાસનના શિરતાજ સ્વયં દ્વાદશાંગીના પ્રણેતા અનંત લબ્ધિ નિધાન શ્રી ગૌતમ સ્વામિ મહારાજાને ભગવાનની વિદ્યમાનતામાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થઈ આ વાંચનારા એ જ પરિવારવાળા સ્નેહરાગની પુષ્ટિરૂપ રક્ષાબંધનની ઉપાદેયતા જાહેર પ્રવચનમાં સમજાવે - ઃ ાનાથી જ સિદ્ધ થાય છે કે આજ્ઞા ભૂલાવાથી ધર્મોપદેશો જનરંજનાય' કરવાથી ક્યાં સુધીનો અધઃપતન આવ્યો લોકહેરીમાં તણાયેલાઓને સમજાવવાનો કોઈ જ અર્થ નથી કારણ સ્વનામ ધન્ય પરમતારક પરમગુરુદેવેશશ્રીજી પરનો તેજોદ્વેષ અને ઈર્ષ્યા જ તેઓશ્રી કે તેમના વફાદારો જે કહે તેનાથી વિપરીત જ વર્તવું તે, તે લોકોનો મુદ્રાલેખ જગજાહેર છે. આવાઓ પર કુણી લાગણી કે નજર રાખવી તે પણ પરમતારક પરમગુરૂદેવેશશ્રીજીને બેવફા બનવા જેવું છે.

માટે આત્મકલ્યાણના અર્થી આત્માઓએ આવા લેભાગુઓની લોભામણી - લલચામણી શાસનના સિદ્ધાંતોનો દ્રોહ-ઘાત કરનારી પ્રવૃત્તિથી દૂર રહેવું તેમાં જ કલ્યાણ છે આવા ઉન્માર્ગગામી ઉત્સૂત્રભાષીનો પડછાયો પણ લેવા જેવો નથી. સંસ્કૃતમાં સુભાષિત છે : ''કુલીન માણસના કપાળમાં ચાંલ્લો નથી હોતો અને અકુલીનના

માથા ૧ર શિંગડા નથી હોતા પણ જેવા પ્રકારની ભાષાનો ઉપયોગ કરે તેના પરથી કુલીન છે કે અકુલીન તે જણા ડ આવે છે.'' તે જ રીતના ઉન્માર્ગગામી કે ઉત્સૂત્રભ ાષીના માથા ઉપર શિંગડા નથી હોતા પણ આજ્ઞાબ હ્ય, વગર પૈસે મનોરંજન કરાવનારી સસ્તી પ્રસિદ્ધિ અને નામનાની પ્રવૃત્તિથી આપોઆપ પોતાની જાતને ઓળખાવી દે છે.

કે વલજ્ઞાન અને કેવલજ્ઞાનીની ક્રૂર મશ્કરી કરનારા આવો લ ોકોની આવી પ્રવૃત્તિમાં જરાપણ સાથ - સહકાર આપવા જેવો નથી પણ દરેકે દરેક આત્મહિતેચ્છુએ તેનો મક્કમ પ્રતિકાર કરી તેનો સબળ વિરોધ કરી, તેમને રોકવાન જરૂર છે. કદાચ ન રોકી શકાય તો તેનાથી દૂર રહેવાની અને ભોળા - ભદ્રીક લોકોને દૂર રાખી આત્માવિઘાતક પ્રવૃત્તિથી બચાવવાની જરૂર છે.

જે પરમતારક પરમગુરૂદેવેશશ્રીજીએ શાસન વિઘાતક પ્રવૃત્તિનો જે રીતના પ્રતિકાર કરેલો તેમના જ વારસદારો આ બાબતમાં કેમ-ચૂપ છે તે જ સમજાતું નથી. શાણાને શિખામણ શાનમાં, બીજાને કાનમાં પણ નહિ સમજી આવી પ્રવૃત્તિઓમાં ઉપાદેય બુદ્ધિ ન આવી જાય તેની કાળજી રાખી સૌ સન્માર્ગે સ્થિર બની આત્મકલ્યાણના ભાગી બનો તે જ હાર્દિક મંગલ કામના.

લખ્યા દિન - ૨૦૫૬, ભા. સુ. ૫, અમલનેર

# श्रीमति इन्दु जैन का अज्ञान

*जै समाज द्वारा गठित महोत्सव महासमिति की कार्याध्य श्रीमति इन्दु जैन ने दोनों ही स्तरों पर भगवान महावीर की शिक्षाओं के प्रचार-प्रसार का आह्वान करते हुए विश्व में शांति के लिए अहिंसा को ही एकमात्र उपाय बताया है । उनके द्वारा न्यूयोर्क में पढा गया आलेख :-*

भग वान महावीर गहन ध्यान की मुद्रा में तल्लीन थे । उनकी बंद आंखों से एक असाधारण शांति और पवित्रता बिखर रही थी । एक पक्षी उड़ता हुआ आया और उनके पास बैठ गया । उन्होंने जब आंखें खोलीं तो पक्षी डर कर उड़ गया । भगवान महावीर ने सोचा 'मनुष्य की आंखें खोलने की क्रिया में भी हिंसा छुपी है ।' अ-हिंसा का अर्थ हिंसा और भय की समाप्ति तथा सम्पूर्ण मानवता को प्रेम में आबद्ध कर लेना है । प्रेम और अनुराग की यह भाषा आज के युवाओं से बेहतर और कौन समझेगा ? मैं आज के युवा का अभिनन्दन करती हूँ । आप सभी का इस युवा - आन्दोलन में शामिल होने के लिए स्वागत है । मैं उस सर्वव्यापि नारी शक्ति का आह्वान करना चाहूंगी जो अहिंसा का रूप है और हमारे बीच मौजूद है । महिलाओं को मौका दीजिए और फिर देखिए कि किस तरह सहजता के साथ अहिंसा विश्व - धर्म के रूप में उभर आएगी ।

अंत में मैं एक महत्वपूर्ण बात का उल्लेख करना चाहूँगी राष्ट्रसंघ के इस महान प्रयास को आगे बढाने के लिए इस बात को आप सबके आशीर्वाद की जरूरत है ।

प्रेषक : पारस दास जैन,
सहायक सम्पादक, नवभारत टाइम्स

**उपरोक्त पर एक श्रावक की टिप्पणी**

**परमात्मा महावीर के पास पक्षी का बैठना, महावीर का आँख खोलने से पक्षी का उड़ जाना ऐसा द्रष्टान्त श्रीमती इन्दु जैन द्वारा कहा गया, जो पहली बार सुनने में आया । आचरण से शुद्ध एक श्रावक ने इस पर टिप्पणी करते हुए कहा कि 'यह उनकी नई खोज है, इतिहास में ऐसा कहीं नहीं मिलता ।'**

**अगर कोई कहे कि अकबर हूमायूं का पिता था तो इसे खोज ही कहा जायेगा । इतिहास में तो कहीं भी ऐसा उल्लेख नहीं है ।**

**हम जैन धर्म को झूठे उदाहरणों द्वारा प्रचारित नहीं कर सकते क्योंकि शोधकर्ता यदि आकर श्रीमति इन्दु जैन के इस द्रष्टान्त की खोज करें तो उन्हें ऐसा कहीं नहीं मिलेगा और ऐसे में वे जैन धर्म के सत्य महाव्रत का क्या अर्थ लगायेंगे ? किसी झूठ को हजार बार बोलने से भले ही वह सत्य लगने लगे, पर वह झूठ सत्य नहीं हो सकता ।**

**भगवान महावीर २६००वाँ जन्म कल्याणक महोत्सव समिति में कितने युवा व कितनी महिलाओं को लिया गया ? कार्याध्यक्ष श्रीमति इन्दु जैन की कथनी और करनी मे असमानता को इस बिन्दु से भी मापा जा सकता है**

**(स्थूलिभद्र संदेश-१० २०००)**

# શ્રી શંખેશ્વર મહાતીર્થમાં

## શ્રી હાલારી ધર્મશાળા (પંચાસર રોડ)

## નૂતન ધર્મશાળા - ભોજનાલય - જલધારા

**ઉદ્‌[illegible]ટન તા. ૨૮-૧-૨૦૦૧ ના પ્રતિષ્ઠા અંજન શલાકા મહોત્સવ પ્રસંગ [illegible]શે.**

(૧) **નૂતન ભોજનશાળા** : ટાઇટલ દાતા શ્રીમતી મણિબેન પુનમચંદ કેશવજી - ડબાસંગવાળા
હ. : શ્રીમતી જયાબેન ગુલાબચંદ પુનમચંદ શાહ - દારેસલામ.

(૨) **રસોઇઘર** : શાહ જેઠાભાઇ ધરમશી નાગડા હ. : શાહ કાનજી જેઠાભાઇ - જામનગર.

(૩) **રૂમ - ૩૭ આદેશ અપાઇ ગયા છે નીચે મુજબ છે:**

(૧) [illegible]ાહ મોતીચંદ દેવરાજ ચંદરીયા હ.: શ્રીમતી લક્ષ્મીબેન કેશવલાલ (રાવલસર) નાઇરોબી. (૨) શાહ નરશી [illegible]પાર માલ[illegible] (ચંગા) લંડન (૩) શ્રીમતી કંચનબેન મોતીચંદ પરબત ગુઢકા (ગાગવા) લંડન (૪) શાહ મૂળજી રાગમલ [illegible]રશી જાંખ[illegible]ીયા (મિઠોઇ) નાઇરોબી (૫) શ્રીમતી ચંદ્રીકાબેન રતિલાલ વિધુ પેથરાજ માલદે (ડબાસંગ) લંડન (૬) શાહ મેપા દેવરા[illegible] સુમરીયા શાહ (આરબલુંશ) મુંબઇ (૭) શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ મારૂ (મોટા માંઢા) લંડન (૮) શ્રી મતી હર્ષા[illegible]ન નીલેશ તથા રાજેશ ગુલાબચંદ (મોટા માંઢા) લંડન (૯) શ્રીમતી જડાવબેન રતિલાલ એચ. શેઠીયા (નવા[illegible]ામ) થીકા (૧૦) શ્રીમતી જયાબેન અમૃતલાલ જુઠાલાલ દોઢીયા (તરઘરી દેવરીયા) લંડન (૧૧) શ્રીમતી રતનબેન જુઠ[illegible]ાલ રાયશ[illegible] હરિયા (પડાણા) મોંબાસા (૧૨) શ્રીમતી ઝવીબેન મેઘજી સામત ધનાણી (ચેલા) લંડન (૧૩) શાહ દે[illegible] મેઘ[illegible]ગડા (નાઘેડી) જામનગર (૧૪) શાહ મહેન્દ્રકુમાર સોજપાર કચરા ગોસરાણી (લાખાબાવળ) જામનગર (૧૫) શાહ પોપ[illegible]લાલ રાજાભાઇ, શાહ મેઘજી રાજાભાઇ ગુઢકા (લાખાબાવળ) મુંબઇ (૧૬) શ્રીમતી કસ્તુરબેન નરશી વીરજી જાંખ[illegible]ીયા હ. : અરવિંદભાઇ (વડાલીઆ સિંહણ) મુલુંડ (૧૭) શાહ હીરા મેઘણ નાગડા હ.: કેશવજી તથા અમૃતલાલ [illegible]રશી (વાવ[illegible]રાજા) સુરત (૧૮) શ્રી શશિકાંત મેરગ શાહ લંડન (૧૯) શાહ પુંજા દેવરાજ સુમરીયા (ડબાસંગ) લંડન ([illegible]૦) શ્રીમ[illegible] શાંતાબેન રતિલાલ દેવચંદ ગુઢકા (રાસંગપર) લંડન (૨૧) શાહ હીરજી હેમરાજ પાંચા જાંખરીયા (રાસંગપુર) [illegible]ડન (૨૨) શાહ રમણિકલાલ જેસંગ વોરા (ગોઇંજ) લંડન (૨૩) શાહ કેશવજી ભારમલ સુમરીયા (ગોઇંજ) મુંબઇ ([illegible]૪) શ્રીમ[illegible] રંભાબેન લીલાધર નથુભાઇ નાગડા (દાંતા) કીસી (કેન્યા) (૨૫) શ્રીમતી વિજયાબેન ઝવેરચંદ કચરા ગ[illegible]ીયા (લા[illegible]બાવળ) મુંબઇ (૨૬) શ્રીમતી મોંઘીબેન હેમરાજ હીરજી હ.: સુશીલાબેન શાંતિલાલ (મિઠોઇ) લંડન (૨૭) શ્રી[illegible]તી વિજ[illegible]બેન ગુલાબચંદ બીદ (સેવક ધુણીયા) લંડન (૨૮) શાહ દયાલજી રાજપાર (શેતાલુંશ) નાઇરોબી (૨૯) શ્રી[illegible]તી વેજી[illegible]ન મેરગ કુંભાણી ગુઢકા (ગાગવા) લંડન હ.: શ્રીમતી મોતીબેન પ્રભુલાલ (૩૦) શ્રીમતી પાનીબેન મોકર માયા [illegible]થા લખમ[illegible]ી મોકર ગુઢકા (ગાગવા) લંડન (૩૧) શ્રીમતી જયાબેન તેજપાર લાલજી પરિવાર (ગાગવા) લંડન (૩૨) [illegible]ાહ દેવચં[illegible] લાલજી જાંખરીયા લંડન (૩૩) શ્રીમતી હીરુબેન ઝવેરચંદ દેપાર તથા શ્રીમતી કસ્તુરબેન મેઘજી દેપાર (ડબાસ[illegible]ગ) લંડન (૩૪) શ્રીમતી જમનાબેન જુઠાલાલ નોંઘા હ.: શ્રીમતી સુશીલાબેન શાંતિલાલ (તરઘરી દેવરીયા) લંડન ([illegible]૫) શ્રીમ[illegible] ડાહીબેન ભગવાનજી સોજપાર (ખીરસરા) જામનગર. (૩૬) શાહ ગોસર વીરપાર ઝીણા દોઢીયા હ.: શ્રી[illegible]તી શાંતા[illegible]ન ગોસરભાઇ (નવાગામ) જામનગર. (૩૭) શાહ મોતીચંદ કરમશી નાગડા (વાવબેરાજા) મુંબઇ.

**જલધારા**

દાતા : શ્રીમતી મણિબેન પોપટલાલ વીરપાર દોઢીયા (નવાગામ) મુંબઇ.

**ધર્મશાળા વિભાગમાં બાકી નકરા**

| | |
|---|---|
| (૧) લોબી ઉપર નીચે બંને બાજુ ૨-૨ કુલ ૪, એકનાં | રૂા. ૧ લાખ |
| (૨) સીડી બાજુ સ્ટોર | રૂા. ૧૨૫ હજાર |
| (૩) સીડી બાજુ રૂમ | રૂા. ૧૨૫ હજાર |
| (૪) સીડી બે, એકના | રૂા. ૫૧ હજાર |
| (૫) પાણીનો ટાંકો ઉપર | રૂા. ૫૧ હજાર. |

**ભોજનશાળા વિભાગમાં બાકી નકરા**

| | |
|---|---|
| (૧) સેલર (ભોંયરૂ) | રૂા. ૧ એક લાખ |
| (૨) સ્ટોર બે રસોઇ ઘર પાસે - એક ના | રૂા. ૧૨૫ હજાર |
| (૩) સ્ટોર મોટો ભોજનશાળા હોલ પાસે | રૂા. ૧૫૦ હજાર. |

**ભોજનશાળા કાયમી તિથિ**-રૂા. ૧૫૦૦૦/-

**સર્વસાધારણ કાયમી તિથિ**- રૂા. ૧૧૦૦૦/-

**બગીચા વિભાગમાં બાકી નકરા**

| | |
|---|---|
| (૧) બગીચો - ૧ | રૂા. ૧૫૧ હજાર |
| (૨) રમતના સાધન-૧ | રૂા. ૭૫ હજાર |
| (૩) રચના-૧ | રૂા. ૧૨૫ હજાર |

**રોડ વિભાગ**

| | |
|---|---|
| (૧) અંદરનો મેઇન રોડ | રૂા. ૨ લાખ |

પેટા રોડની પણ વિચારણા ચાલે છે.

તા. ૨૧-૧-૨૦૦૧ થી તા. ૩૦-૧-૨૦૦૧ સુધી દશ દિવસ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ચાલશે. મોટી સંખ્યામાં હાલારી ભાવિકો પધારશે. આવનાર ને માટે પુરતી વ્યવસ્થા રાખેલ છે. પરંતુ એક રૂમમાં દશ-દશ જણા પોતાના વર્તુલના હોય તેમનો સામાન રાખી શકશે તો વ્યવસ્થા બરાબર જળવાશે.

**C/o. શ્રુતજ્ઞાન ભવન,**
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર.
ફોન : ૭૭૦૯૬૩

**લિ. શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ**
શ્રી હા.વી.ઓ.શ્વે. મૂ. જૈન ધર્મશાળા કમિટિ
ફોન નં. (૦૨૭૩૩) ૭૩૩૧૦

## દીક્ષાના દાનેશ્વરી એ દીધી તી

# એક ઝંઝાવાતી દીક્ષા

**— પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિજયજી મ.**

ભારતવર્ષની ધરતી જ ધીંગાણી ગણાય છે.

સંગ્રામો તો અહિ અનેક સરજાયા. અનેક રામાયણો પણ અહિ રચાઈ ગઈ.

તેમ છતાં ભારતવર્ષના ઈતિહાસનું ધૈર્ય તૂટી પડયું નથી. શૌર્ય ખૂટી પડયું નથી.

સમયનું ચક્ર આગણક ગતિએ ચાલ્યે જતું તું.

અલબત્ત, છેલ્લી બબ્બે શતાબ્દીઓથી તેણે કરવટ બદલી. અનાદિ યુગોથી ચાલ્યા આવતા શસ્ત્ર અને શાસ્ત્રના યુદ્ધોનું પ્રાધાન્ય ઝાંખુ પડતું ગયું. સુધારા અને સ્વચ્છંદતાએ ચોમેર પગદંડો જમાવ્યો.

આવા સમાજવાદ પરસ્ત સુધારાઓ પણ સૃષ્ટિ પરનું ઝેરીલું આક્રમણ જ ગણાય. અલબત્ત, એના આક્રમણને પડકારવા જરીકેય સરળ ન હતા ; નથી.

દંડ અને ધનુષ્ય વિહોણા આ સંગ્રામમાં સત્યના રખવૈયાએ પોતાના માનસિક સર્વસ્વની આહુતિ આપવી પડતી. તે પણ એક પ્રકારનું યુદ્ધ જ હતું.

વિશ્વ શ્રેયસ્કર શ્રી જિનશાસન પર પણ ત્યારે સુધારાવાદના કાળી નાગે ભરડો વીંટ્યો તો. સુધારાવાદના ભરડાનો ભંગ કરીને સ્યાદ્વાદ શૈલિથી ગુંથાયેલા સિદ્ધાન્તોનું પ્રકાશન કરવું ત્યારે અત્યંત કઠિન બની ગયું.

સુધારાવાદના કાળીનાગે આમ તો સારાય જૈન શાસનને પોતાના પાશોમાં જકડી ખાધું તું ; તેમ છતાંય તેની સૌથી વધુ અસર સંયમ માર્ગ પર થવા પામી.

અનંતા અરિહંતોએ આદરેલી અને મુક્તિના એકમેવ રાજમાર્ગ તરીકે ઉપદેશેલી સંયમયાત્રા ત્યારે હિમાલયની યાત્રા જેવી જ કઠિન બની ગઈ.

**પાશ્ચાત્યના ઝેર પી-પી ને પંડિત બનેલા ત્યારના સુધારકો દીક્ષિતોનો ક્રુર ઉપહાસ કરતા. દીક્ષાર્થીઓના પથ પર શૂળની સેજ બિછાવતા.**

સુધારાવાદ વિરુદ્ધના અને શાસ્ત્રવાદ પરકના તે યુદ્ધમાં મુમુક્ષુઓના અમન ચમનની પણ આહુતિ લેવાઈ જતી. અફસોસ ! તેમ છતાંય મુમુક્ષુઓ પોતાની પ્રાણપ્યારી દીક્ષાની મંઝિલને સર નહતા કરી શકતા.

❖ સમય સંઘર્ષનો હતો.

❖ કાળ કલહનો હતો.

❖ જનતા જડ હતી.

સંઘર્ષ, કલહ અને જડતાના આ ત્રિ-પાંખિયા આક્રમણ વચ્ચેથી પલાયન થઈને દીક્ષા સ્વીકારવાની હેસિયત કોની પણ હોઈ શકે ? દીક્ષાર્થીના માર્ગને નિષ્કંટક બનાવવા માટે ઝઝૂમતા સૂરિદેવ - સાધુઓ પર પણ ત્યારે હુમલા થતા.

સુધારકોની એવી ધાસ્તી છવાઈ ગયેલી; કે ન કોઈ દીક્ષા લઈ શકે, ન કોઈ દીક્ષા આપી શકે કે ન કોઈ દીક્ષાર્થીને સહાય પૂરી પાડી શકે.

આવા યાતના ભર્યા સમયમાં જૈનશાસનના પ્રવર્તી માર્ગને પુનર્જીવિત કરવા માટે શાસનના તે ભડવીર નાયકે કમ્મર કસી.

નામ હતું; તેમનું, વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા.

વીસમી સદીનો ઈતિહાસ તેમના નામ - કામના ઉલ્લેખ વિના અધૂરો જ રહેવાનો. શાસનના આ ભડવીરનાયકે સંઘર્ષોનું સ્વાગત કર્યું. સુધારકોને લલકાર્યા. જમાનાવાદના ઝેરને પખાળ્યા. આક્રમણો પર સવાર થઈને ય સંયમના જીર્ણપ્રાય: બની ગયેલા માર્ગનો જિર્ણોદ્ધાર કર્યો.

શાસનનું એ સૌભાગ્ય હતું; આવા નાયક તેને સાંપડયા. સબૂર ! નાયકને જો સહાયક ન મળે તો ? તેની ધુરન્ધરતા પણ ઠંડીગાર બની જાય.

આ ધુરન્ધરનાયકને કર્મનિષ્ઠ અનેક સહાયકો પણ સાંપડયા.

આવા જ એક કર્મઠ, કાર્યદક્ષ અને ઝીંદાદીલ સહાયક હતા ; શેઠ શ્રી કસ્તૂરભાઈ અમરચંદ શેઠ.

ખંભાત તીર્થના તે રહીશ.

✲ જૈન સંઘના તે અગ્રગણ્ય શ્રેષ્ઠી.

✲ શાસન ખાતર ફના થઈ જવાનું તેમનું કૌવત.

સિદ્ધાન્તોમાં તેઓ શત-પ્રતિશત સંનિષ્ઠ હતા.

જીવનમાં જ્યારે એવા અવસર આવ્યા ત્યારે ગુરુદેવ 'સૂરિરામ' ના પડખે અડીખમ ઉભા રહી તેમણે પોતાનું શૌર્યવંતુ ઉત્તરદાયિત્વ અદા કર્યું તું.

તેમની સિદ્ધાંત નિષ્ઠા અને શાસન દાઝનો પરિચય આવી જ એક ઘટનામાં સહુ કોઈને મળી ગયો. તે ઘટના હતી : મુમુક્ષુ શ્રી કાંતિ કુમારની ઝંઝાવાત ભરી - દીક્ષાની.

✲ ✲ ✲ ✲

અમદાવાદનો તે ધન્ના કાકંદી.

નામ તેનું, શ્રી કાંતિકુમાર.

ભોગોના કાદવમાં આકંઠ લીન બનેલો તે આત્મા સંસારના સુખોમાં કીટની જેમ આસક્ત બનેલો તે જીવ. અનુકૂળતાનો તે આશક. ભૌતિકતામાં ભાન-ભૂલનારી તે લુબ્ધ વ્યક્તિ.

ધર્મ ની બાળપોથી પણ તે શીખ્યો નહિ.

લા અને લોભમાં તેનું બાળપણ પસાર થઇ ગયું.

યૌવનમાં પ્રવેશતા જ તે મહેફિલ અને મોહિનીની પાછળ પાગલ બની ગયો.

તેન માતા-પિતાની ચિરવિદાય થઇ ગઇતી. કુટુંબમાં પત્ની જ બચી તી.

હા દૂરના - પિતરાઇ સ્વજનોની હૂંફ ખરી.

ભોગ અને વિલાસમાં જ તેણે યૌવનના હૂંફાળા વર્ષો ખરચી નાંખ્યા.

ધર્મ સ્થાનકોના પગથિયા પણ તે ચઢતો નહિ. સાધુઓના સંપર્કથી વેગળો જ ર હનારો તે ધર્મને તો હતાશ જીવોની જીવન સંહિતા સમજતો.

અલબત્ત, એકપળ પરિવર્તનની આવી ગઇ.

કાંતિકુમારના મામાએ પોતાના ભાણિયાનો કાન આમળ્યો.

"... કાંતિ! ખરુ કહુ છું. એકવાર તો તું વ્યાખ્યાન સાંભળ. ધર્મ અને અધ્યા મ માટેના તારા ભ્રમના ડુંગર ચગદાઇ જશે. ધર્મનું કયારેય નહિ કલ્પેલ - સાંભળેલું સ્વરુપ તને સાંભળવા મળશે. મન મુગ્ધ બની જશે.

પંન્યાસ રામ વિજયની વાણી જ એવી છે.

સાંભળતા જ છક્ક થઇ જઇએ. પાપી પણ પીગળી જાય..."

**"... બહુ સાંભળ્યા આખ્યાનો, મામા ! ધરમના વ્યાખ્યાનમાં ઝોંકા ને બગાસા સીવાય બીજુ કાંઇ પીરસાઇ ખરુ ? ..."**

સંશયશીલ કાંતિએ મામાને કહ્યું.

**"... કાંતિ ! એ તો તું સાંભળે પછી ખબર પડે. રામવિજયનું વ્યાખ્યાન સાંભળનારો બીજી વખત પાછો સાંભળવા ન આવે તો આશ્ચર્ય ..."**

મામાએ કાંતિને ઉશ્કેર્યો. તેના મનમાં વ્યાખ્યાન માટેનું કૌતુક જગાવ્યું. છેવટે મામાની આંગળી પકડીને વ્યાખ્યાન વિમુખ પણ કાંતિકુમાર પંન્યાસ રામ વિજયની વ્યાખ્યાન સભામાં તાણાઇ આવ્યા.

મામા સાથે કાંતિકુમારે સભામાં સ્થાન ગ્રહણ કર્યું. જાજમના છેક છેવાડે તે મામા- ભાણિયાને બેસવું પડયું. થોડાક પણ મોડા આવ્યાનો આ અંજામ હતો. સભાગૃહ, પ્રવચનની પ્રારંભિક પળોમાં જ ઉભરાવા માંડયું તું. જે કોઇ મોડો પડે, વિલંબના પ્રતાપે તેણે પાછલી હરોળમાં બેસવું પડે.

કાંતિ, ઘણા સમય બાદ કોઇ વ્યાખ્યાન સભામાં - ધર્મસભામાં તાણાયો તો. બાકી, પર્યુષણા સીવાય ઉપાશ્રય સાથે તેને 'રામ-રામ' રહેતા.

જમાનાવાદના ઝેરથી ગ્રસાયેલા તેણે વ્યાખ્યાનનો હજી શબ્દ પણ સાંભળ્યો ન હતો. ત્યાં જ તે પ્રવચન ગૃહની સભાને નિહાળી ઉત્સાહિત બની ગયો.

પ્રવેશતાં જ તેની બારીક દૃષ્ટિ વીંધ વેગે સારીય સભામાં ઘૂમી વળી.

સભા પરના પહેલાં જ દૃષ્ટિપાતે તે પ્રભાવિત બની ગયો.

કારણ ? આ રહ્યાં.

- તે સભા યુવા માનસની એ માન્યતાનું ખંડન કરી નાંખતી તી, કે સાધુના વ્યાખ્યાનમાં વૃદ્ધો અને વૃદ્ધાઓ જ ડોકાય. તેઓ નવરાધૂપ હોય છે. ટાઇમપાસ કરવાના ધાંધિયા મારતા બુઝર્ગોનો ટાઇમ પાસ એટલે વ્યાખ્યાન. હા! આ પ્રવચન સભામાં જેટલા વૃદ્ધો બેઠાં તા, તેટલા જ યુવકો પણ હાજર હતા. બાળકોથી માંડીને પ્રૌઢો સુધીના સભાજનો અહિ ઉપસ્થિત હતા.

હા! આ પ્રવચન સભામાં માત્ર અલ્પશિક્ષિતો અને જૂનવાણીઓ જ નહિ, અલબત્ત, સમાજના ધુરન્ધરો, એજ્યુકેટેડો, વકીલો, ડોકટરો અને બુદ્ધિધન વિદ્વાનો અને અધિકારીઓ પણ હાજરી પૂરાવતા હતા.

હા! આ સભા મનોરંજનની ન હતી. આ સભામાં તો ધર્મોપદેશ પીરસાતો. તેમ છતાંય, આશ્ચર્યની વાત તો એ રહીતી; કે બૌદ્ધિકો અને યુવકો પણ એકતાન બનીને પ્રવચનનું શ્રવણ કરે જતા તા.

દૃશ્ય જ ભાવુક હતું.

વાતાવરણ જ કોઇપણ માનવને પ્રેરિત કરી દે, તેવું હતું.

આથી જ, જીવનની મધ્યયષ્ટી સુધી ધર્મથી વિમુખ રહેનારા પણ કાંતિકુમારનું અહિ ટૂંકી પળોમાં પરિવર્તન થઇ ગયું.

✻ ધર્મને નગણ્ય ચીજ ગણવાની તેની માન્યતા વિખેરાઇ ગઇ.

✻ વ્યાખ્યાનને મહત્ત્વહીન વસ્તુ માનતી તેની વિચારધારા અદૃશ્ય થઇ ગઇ.

✻ ઉપાશ્રયે નહિ આવવાનો તેનો સંકલ્પ બરખાસ્ત થઇ ગયો.

કલાક - બે કલાક સુધી તે પ્રવચન સભામાં પહેલીવાર બેઠો રહ્યો. સબૂર ! પ્રવચનની સતત વહેતી અસ્ખલિત વાગ્ધારામાં એ એવો તો સજ્જડ - જકડાઇ ગયો, કે ઘડિયાળના કાંટા કયાં સરકી ગયા તેનું ભાન પણ થયું નહિ.

એવી રસવંતી હતી, તે પ્રવચન ધારા.

શ્રોતાવૃન્દને રસના તાંતણે કેદ કરી દેવાની કમાલ વ્યાખ્યાતા 'સૂરિરામ'ને સહજ રીતે વરી હતી.

તે સમય, સ્વતન્ત્ર ભારત વર્ષના અભ્યુદયનો હતો.

ભૌતિકતા અને પશ્ચિમી સંસ્કૃતિના શરાણે ત્યારે આખો દેશ દોડી રહ્યો તો. બસ! 'સૂરિરામ' ના પ્રવચનનો મુખ્ય વિષય પણ ત્યારે એ જ રહેતો : જમાનાવાદનું ખંડન.

**વિકૃતિના ઝૂંડના ઝૂંડ ઉતારી દેતી પશ્ચિમી સંસ્કૃતિનું પૂજ્ય શ્રી આગ વેરતા શબ્દોમાં ખંડન કરતા. શબ્દોના તાતા તીર તાંકીને, હોટેલો, સિનેમા ગૃહો, ભ્રષ્ટરાજનીતિ, મૂલ્યહીન શિક્ષણ, નીતિહીન વ્યવસાયો, સંકીર્ણ કુટુંબ વ્યવસ્થા, અશ્લીલ**

**સાહિત્ય [illegible]ચાર અને બિભત્સ વસ્ત્ર પરિધાનો જેવા દૂષણોનો પૂજ્ય શ્રી[illegible] સિંહ જેવા ધ્વનિમાં એવો તો શિરચ્છેદ કરતાં, કે શ્રોતાનું [illegible]દય કંપી ન ઉઠે તો જ આશ્ચર્ય.**

[illegible]ષય જ વિકૃતિ અને ભૌતિકતાના ખંડનનો હોવાથી, એ ભૌતિકતા[illegible]ના - જેના જીવનમાં ઘૂસણખોરી કરી ગઈ તી, તેવા યુવકો, વૈજ્ઞાનિકો [illegible]ને સુધારકો પણ કાં કૌતુકવશ, કાં પ્રતીકાર માટે પૂજ્યશ્રીના પ્રવચનોમ[illegible] પૂરની જેમ ઉભરાતા.

[illegible]ૂર! પણ પૂજ્યશ્રીના તાતા શબ્દો દ્વારા જ્યારે ભૌતિક વાદના ચીર ચીર[illegible] જતાં અને તેની ભીંતરી નગ્નતા પ્રકટ થઈ જતી. ત્યારે જમાનાવ[illegible]ના તે ભેખધારીઓ પણ માનસિક રીતે હત પ્રત બની જતા. ઉંડા મનો[illegible]થનમાં ગબડી પડતા.

[illegible] મનોમન્થનનો કોઈ જ ઈલાજ જ્યારે તેઓ શોધી શકતાં નહિ, ત્યારે છેવટે પૂજ્યશ્રી પાસે જ તેની યાચના કરતા તેઓનો પૂજ્ય શ્રી દ્વારા એવો સચો[illegible] ઈલાજ થતો, કે અંતે સુધારકવાદનો તેમનો હિમ ઓગળીને રહેતો. ભૌ[illegible]કતાના તેમના ભ્રમ ભૂંસાઈને રહેતા.

[illegible]ટલું જ નહિ, તેમનું વ્યાકુળ બનેલુ મન સંસારથીય વિમુખ બની જઈ[illegible] સંયમના સ્વીકાર માટે લાલાયિત બની જતું.

બ[illegible]! આજ સ્થિતિ કાંતિકુમારની પણ થઈ.

સે[illegible]ડો સંસાર યાત્રીઓને સંયમના યાત્રિક બનાવનારા સૂરિરામનો કસબ કાંતિ[illegible]લાલના કાળજા પર સવાર થઈ ગયો.

વ[illegible]ખ્યાનનું સર્વમંગલ થયા પછી એ જ્યારે ઉઠ્યો, ત્યારની એની આંતિરક [illegible]થતિ એ વ્યાખ્યાન સભાની જાજમ પર બેઠો ત્યારની મન: સ્થિતિથી [illegible]વ વિપરીત હતી.

પૂ[illegible]જ્યશ્રીના હસ્તે મામા સાથે મસ્તક પર વાસનિક્ષેપ સ્વીકાર્યા પછી એ [illegible]યારે ઉપાશ્રયના પગથીયા ઉતર્યો, મામાએ તરત દાણો દાબી જોયો[illegible]

"[illegible]. કેમ લાગે છે, કાંતિ! આપણો સંસાર જ અનુભવવા જેવો નથી. આ [illegible]નિયા પણ કાંઈક વળોટવા જેવી છે. એવુ નથી લાગતું ?.."

"[illegible].સબૂર ! મામા, કાલથી તમારી સાથે વ્યાખ્યાનમાં મારી હાજરી પ[illegible] પાક્કી.."

કા[illegible]તિકુમારે પ્રત્યુત્તર વાળ્યો.

"[illegible].શું વાત કરે છે, કાંતિ ? એટલો બધો રંગ લાગી ગયો તને![illegible]"

[illegible]શ્ચર્યાન્વીત બનેલા મામાએ વિસ્મય વ્યક્ત કર્યું.

"[illegible].. જરુર મામા, મારુ હૃદય તો હજીય વ્યાખ્યાન - વ્યાખ્યાન જ પુકારે [illegible].

મ[illegible]ારાજના શબ્દો વ્યાખ્યાન પૂરૂ થયા પછી પણ મનને ભેદી રહ્યા હોય [illegible]વુ લાગે છે..."

કા[illegible]તિકુમારે ભાવુક સ્વરે જણાવ્યું.

"... શાબાશ ! કાંતિ ! તારો જીવન દેદાર હવે બદલાઈ જવાનો..."

મામાએ ભવિષ્ય વાણી ભાખી.

આમ, એ દિવસે તો તે બે છુટા પડયાં, પણ ત્યાર પછી [illegible]મનો એ રોજીંદો ક્રમ બની ગયો કે વ્યાખ્યાનના સમયે રામવિજયજીની [illegible]ખ્યાન સભામાં પહોંચી જવું.

બીજા દિવસનું નિરભ્ર પ્રભાત ખીલી ઉઠ્યું. કાંતિકુમ[illegible]ર જાગ્યા ત્યારથી તેમનું લક્ષ્યાંક વ્યાખ્યાન સભામાં સમયસર પહોંચી જ[illegible]નું રહ્યું. તેમણે પોતાની દૈનિક ક્રિયાઓ ઝડપભેર સમેટી લીધી. સમ[illegible] થતાં જ મામાએ સાદ દીધો. અને એ સાદને હુંફાળો પ્રતિસાદ આપી કા[illegible]તિકુમારે વ્યાખ્યાન સભાની વાટ પકડી.

આદિથી અંત સુધી પ્રવચન સભામાં તે હાજર રહ્યો.

જીવનમાં પથરાઈ પડેલી ધુંધળાશના ટોળેટોળા વિખે[illegible]ઈ રહ્યાં હોય, એવો અનુભવ તે કરી શક્યો. પ્રવચન શ્રવણના માધ્યમે.

દિવસોપર દિવસો પસાર થતાં ચાલ્યા. કાંતિકુમારન[illegible] પ્રવચન શ્રવણ યાત્રા આગેકૂચ ગતિએ એકાદીય સ્ખલના વિના આગળ [illegible]પે જતી તી. પંન્યાસ રામ વિજયના પ્રવચનોનો તે સદાયનો પ્રેમી બની [illegible]યો.

**હરણને વીણાનું વાદન જેટલું પ્રિય લાગે. તેથી ય ઝાઝેરી પ્રીતિ કાંતિલાલે પૂજ્યશ્રીનાં પ્રવચનો સાથે બાંધી દીધ[illegible]..**

હવે તે નાસ્તિક ન રહ્યો. નખશિખ આસ્તિક બની ગયે[illegible] ધર્મનો દ્વેષી નહિ ધર્મનો ચુસ્ત ચાહક થઈ ગયો. સંયમીઓનો વિરો[illegible] નહિ, સંયમીઓનો ઉપાસક બની ગયો.

ઠીક-ઠીક લાંબા કહી શકાય, એટલા સમયના પ્રવચન શ્ર[illegible]ણ પછી તો તે એક તત્ત્વજ્ઞાતા શ્રાવક બની ગયો.

✻ તેના જીવનના દેદાર પલટાઈ ગયા.

✻ તેના જીવતરનો કાયા કલ્પ થઈ ગયો.

✻ તે તત્ત્વોનો અભ્યાસુ બન્યો. ગાગના પાત્ર ધર્માત્મ[illegible] બન્યો.

✻ એટલું જ નહિ, તે એથી ય આગળ વધ્યો. એક છ[illegible]ાંગ વધુ ભરીને તે મુમુક્ષુ બની ગયો. સંસાર તરફ તેને નફરત વછૂટી ગઈ[illegible] ભોગો તેને કડવા ઝેર જેવા ભાસવા માંડયા. તેની લોલુપતા મરી પરવારી[illegible].. વિષય સુખો તેને મૃગજળ જેવા જ કાલ્પનિક સમજાતા ચાલ્યા. યુવ[illegible]ી અને દિવાનીના માનસિક આવેશો ઈન્દ્રધનુષ જેવા જ ક્ષણિક ભાસ[illegible]ા.

તે વૈરાગી બની ગયો.

સંસારના બન્ધનોથી તે ત્રાસી ઉઠયો. સુખાભાસ[illegible] જેવી વિષયેષણાની જંજીરથી તે ત્રાહિમામ્ પુકારી ઉઠયો. કુટુંબ અને [illegible]ત્નીના પ્રેમ તેને નિ:સાર લાગવા માંડયા.

ભૌતિકતાની ઈન્દ્રજાળ તેની ચીરાઈ ગઈ.

તે તો હવે, વીતરાગી બનવા માટે વીતરાગીએ જ ચીંધેલા વૈરાગ્યના (દીક્ષાનાં) પન્થ તરફ દોડી જવા થનગનવા લાગ્યો. [illegible]ંયમ જ તેનો ઈતબાર હતો.

તેનું અન્તરાત્મા પુકારી રહ્યો તો : **સંયમ કબહી મીલે સસનેહી પ્યારા રે.. સંયમ કબહી મીલે.**

સંયમની જાગેલી અભિલાષા દિન-પ્રતિદિન વિસ્તરતી ગઈ.

એ ! ક્યાં કામની કાયરતા ? અને ક્યાં કરણસીત્તરીને આંબવાની ઝંખના ? કાંતિકુમાર અણુ મટીને મેરૂ બનવા તલસતો રહ્યો.

એક દિવસ તેના અન્તરમાંથી ચિત્કાર પ્રગટ્યો : "ચલ ! ઉઠ ! ચાલી નીકળ ! નથી જોઈતી સંસારની યન્ત્રણા. ફગાવી દે સંસારના બન્ધનો. ગુરૂમાના ચરણો ઝાલી લે !..."

સંસાર પ્રત્યેની જાગેલી જુગુપ્સા જ્યારે કાંતિકુમાર માટે અસહ્ય થઇ પડી, ત્યારે સંયમ સ્વીકારીને જ ઝંપવાનો પોલાદી સંકલ્પ કરી તે એક દિવસ ગુરુદેવના ચરણોમાં ઉપસ્થિત થયો.

સૂરિરામ'જ તેની ગુરુ-મા હતી. ગુરુ-મા સમક્ષ કાંતિએ સંયમનો આર્તનાદ કર્યો. આ તરફ માનવીના હાડ-ચામને વિહારી તેની ભીંતરી વૃત્તિઓને પણ પળવારમાં પારખી લેવાની ગજબ કક્ષાની પારેખ શક્તિ ધરાવતા પૂજ્યશ્રી તો કેઇ દિવસોથી આ જ પળની પ્રતીક્ષા કરી રહ્યાં તા.

કાંતેલાલનું જીવન પરિવર્તન તેમની દૃષ્ટિ બહાર નોતુ' થયું. એથી જ કાંતિભાઇની મુમુક્ષુ ભાવના પણ પૂજ્યશ્રી માટે બુદ્ધિની હદ-પારનો વિષય નહતી બની.

દીક્ષાના દાનેશ્વરીએ તત્કાળ તેની સંયમ પિપાસાને સત્કારી લીધી, જ્યારે કાંતિભાઇએ દીક્ષા પ્રદાન માટે મુહૂર્ત જોવાની પૂજ્યશ્રીને પ્રાર્થના કરી.

કાંતેભાઇની દીક્ષા સ્વીકારની ઇચ્છાને પૂજ્યશ્રીએ અનુગ્રહની હેલિવરસાવી દઇ 'દૃઢ સંકલ્પ'માં રૂપાન્તરિત બનાવી.

સબૂર ! પણ સમય, સંયમની શત્રુતાનો પક્ષ ખેંચી રહ્યો તો.

સંયમના દાન ત્યારે ભાગ્યે જ સંકટ વિના થઇ શકતા. અધૂરામાં પૂરૂ, કાંતિભાઇની સંયમ વાટ પર તો કાંટાઓના ઢેરના ઢેર ખડકાયા તા.

કાંતેભાઇએ ધર્મ પ્રાપ્તિ પૂર્વેના પોતાના પર્યાયમાં એક સુંવાળા-સોનેરી સંસારનું સર્જન કર્યું તું. એ સંસારે જ્યાં સુધી કાંતિભાઇ સંસાર રસિક હતાં ત્યા સુધી તો કાંતિભાઇનો સાથ નિભાવ્યો પણ ભ્રમણાઓ જ્યારે ઓસરી ગઇ અને કાંતિભાઇનું અન્તર સંયમની સુન્દરીને વરવા માટે તલસવા માંડ્યુ, એ દિવસથી કાંતિભાઇનો સોનેરી પણ સંસાર તેમને નશ્વર્ આ નારી સોનાની જંજીર બની ગયો.

કાંતિભાઈ લગ્નગ્રંથિથી જોડાયા તા.

તેમના જેવું જ ધર્મવિમુખ અને ભોગાભિમુખ તેમને પાત્ર મળ્યું તું.

હવે, એ જ પ્રીતિનું પાત્ર કાંતિભાઇની સંયમ યાત્રામાં મધરસ્તે નશીન બની અંતરાય સરજે તેમ હતું.

અધૂરામાં જ જાણે ઓટ ઝીંકાતી હોય તેમ કાંતિભાઇની દાંપત્યવેલ પર કોઇ પુષ્પ નહતું પાંગર્યું. આથી ભર્યા ભાદર્યા ઘરમાં સંપત્તિની રેલમ છેલ મચતી હોવા છતાં અને એ દ્વારા જીવન નિર્વાહ સુશક્ય હોવા છતાં કાંતિભાઇના ધર્મપત્ની ભરણ-પોષણ, સાથ-નિર્વાહ જેવા નૈતિક મુદ્દાઓ ઉઠાવી શકે તેમ હતા.

સબૂર ! કાંતિભાઇ જવાબદારીના સંવહનમાં એક ઇંચ પણ ઉણા પૂરવાર થાય તેમ ન હતા. એક વખત જેની સાથે સંબન્ધનો તંતુ બાંધ્યો હોય, વિશ્વાસઘાતના શસ્ત્રો ઝીંકીને એ તન્તુને ચીરી તો ન જ શકાય. અલબત્ત, તેના જીવન નિર્વાહની વિશ્વાસપાત્ર વ્યવસ્થા કર્યા પછી તેઓ કદાચ સંસારને ફગાવી દેવાનો માર્ગ પસન્દ કરે, તો એક જીવન સંગાથી તરીકે બીજી વ્યક્તિએ પણ તેમને સાથ આપવો જ પડે.

કાંતિભાઇ પત્નીના ભવિષ્યની સધ્ધર વ્યવસ્થા ગોઠવીને પછી સંયમી બનવા માગતા તા. તેમણે આ માટે પત્ની સમેતના પરિવારજનોનો સહકાર મેળવવા ભગીરથ પુરુષાર્થ કર્યો, અફસોસ ! પણ મોહમૂઢ પરિવાર જનોએ કાંતિના જીવનની પરિવર્તનની દિશામાં દીપકો તો ન જ પ્રગટાવ્યાં, ઉપરથી પ્રગટેલા દીપોને ધૂળ નાંખી-નાંખી બૂઝવી મારવા તેઓ તૈયાર થઇ ગયા.

ધર્મ પત્ની તો હજી પોતાના પ્રીતમના લલાટે કેશરતિલક કરીને શિવાસ્તે સન્તુ પન્થાનઃ કહી દે તેવા હતા, પણ બાકીના પરિજનો એટલુંય બનવા નહતા દેતા. તેઓ શ્રીમતી કાંતિભાઇને બરોબર રાગના વીર્યાર્મીન પીવડાવતા રહેતા. આ પ્રવૃત્તિ પાછળ પરિવારની ગણિતબધ્ધ બુધ્ધિ કામ કરી જતી તી.

જો ધર્મપત્ની જ કાંતિના દીક્ષા માર્ગમાં અસંમતિનો સૂર પૂરાવતા રહે, તો કાંતિભાઇ માટે દીક્ષાની પ્રાપ્તિ વધુને વધુ કઠિન બનતી જાય. પરિવારજનોના આગ્રહને તે કદાચ બરખાસ્ત કરી દે અલબત્ત, પત્નીના આગ્રહને તો શી રીતે નગણ્ય ગણી શકે ?

પરિસ્થિતિ ઘેરી બને જતી તી.

પોતાની રીતે સ્વજનોની સંમતિ માટેના બધા જ પ્રયાસ કરી જોયા પછી અન્તે તેમાં વિફળ ગયેલા કાંતિભાઇ ગુરુદેવ પાસે દોડી આવ્યા.

તેમના આધાર-ઓવાર જ 'સૂરિરામ' હતાં ને ?

પરિસ્થિતિની વિષમતાનું વર્ણન કરી અન્તે તેમણે ગુરુદેવ પાસે માર્ગદર્શન માંગ્યુ.

થોડીક ક્ષણો સુધી ઘટનાનું પર્યાલોચન કર્યા પછી 'સૂરિરામે' એટલું જ પૂછ્યું **"...કાંતિ ! દીક્ષા લેવી છે, કોને ?"**

**"આપના શિષ્યને, ગુરુદેવ !"** કાંતિભાઇએ ઉત્તર વાળ્યો.

**"તો પછી, દીક્ષા લેવી કે ન લેવી એનો નિર્ણય કોણ કરે ? તું કે પરિવારજનો ?"**

**પૂજ્યશ્રીએ સીધો જ માર્મિક પ્રશ્ન પૂછયો.**

**"જી ગુરુદેવ ! નિર્ણય મારેજ કરવાનો. પણ પરિવાર સંમતિ ન આપે તો ?..."**

ક્રમશ :

# ત્રિ - વેણી

—શૌર્યવાણી

**વહેણ : ૧ : એક સંવેદના :**

મીણ અને મહાત્મા વચ્ચે શો તફાવત ? કશો જ નહિ. દહનની ચાદર ઓઢી લઈને પણ મીણ વિશ્વને પ્રકાશિત કરે છે.

દર્દોના ડુંગર તળે દટાઈ મરીને પણ મહાત્મા વિશ્વ પર પરોપકાર કરે છે.

જેવુ સમર્પણ મીણનુ તેવું જ મહાત્માનું. મહાત્મા અર્થાત્ સજ્જન - શિષ્ટ. અગ્નિને સમર્પિત થઈને મીણ જો પ્રકાશ પાથરી શકતું હોય તો ઉપદ્રવોનું સ્વાગત કરતાં રહીને સજ્જન કેમ પણ પરાર્થન કરી શકે ?

**વહેણ : ૨ : એક ચિનગારી, ચિન્તનની:**

उपदेशो हि मूर्खाणां, प्रकापाय न शान्तये,
पयः पानं भुजङगानां, केवलं विषवर्धनम् ॥

આગને તમે શીતળ ચન્દનનું પણ દાન કરો, તે સહેજ સરખી પણ સૌમ્ય બનતી નથી. ઉપરથી લબકારા ભરતી તે આગ તો માદકલા ચન્દનને પણ ભસ્મસાત્ કરી દે છે. આગના ભડભડ ભડકતા લબકારા શાન્તિના રામબાણ ઈલાજ સમા ચન્દનને પણ પોતાની દાઝીલી લપેટમાં લઈ લે છે.

ભલે ચન્દન સુરભિત રહ્યુ. સૃષ્ટિ આખીય તેનુ સેવન અને વિલેપન કરે. તે દ્વારા પણ દેહના - મનના દાહોનું શમન કરે. અલબત્ત ! આગ તો તેને કહેવાય જે ચન્દનને પણ ઓહિયા કરી જાય.

સબૂર ! પણ ચન્દનનો શો અપરાધ ?

ચન્દનના એવા તે શેં પાપ ? કે આત્મવિલોપનનો અત્યન્ત કષ્ટકર દંડ તેના અંગે સીધો જ લાદી દેવામાં આવે ?

બસ ! ચન્દનનો છે એક જ અપરાધ. અને તે એ કે ચન્દને આગને પણ આલિંગન આપ્યું. તે સ્વયમ્ એક કાષ્ઠ છે. તેનો સ્વભાવ મૂળત: જ આર્દ્ર અને આનન્દપ્રદ લેખાય. આથી જ કરુણા ભર્યા અન્તરે હિલોળા ભરતું તે ચન્દન લપ-છપતી આગને આલિંગન દેવા તત્પર બન્યું.

આશય તે ચન્દનનો એટલો જ હતો કે આગ ઓલવાઈ જાય. વિશ્વભક્ષિણી વિશ્રામ પામે. તે માટે જરુરત પડે જો શીતળતાની; તો તે અપેક્ષાની પણ પૂર્તિ કરવી. આથી જ તો તે ચન્દન આગને આલિંગન દેવા ધસમસી ગયુ.

અફસોસ ! પણ આગે તો ચન્દનના આ લિંગન નો જવાબ આક્રોશથી વાળ્યો. આત્મવિલોપનની ફરમ પશ ઝીંકી દઈને આગે પેલા ચન્દનને ત્યાને ત્યાં જ બેહાલ - હાલ હવાલ કરી નાંખ્યુ.

આમ છતાં પણ પરમ કરુણાળુ ચન્દને તો અ ગમાં પણ ઝંપાપાત કર્યો. હા ! પાપ ! પણ પેલી પાપિણી - અભાગણી આગ, હિતેષી ચન્દનની મહાન ઉપકાર બુધ્ધિને જો શકવામાં અન્ધ પૂરવાર થઈ. એણે કરુણાળુ ચિકિત્સક જેવા ચન્દન પર આત્મઘાતી હુમલો કર્યો.

બસ ! ગણતરીની પળોમાં તો ચન્દનનું પરિપૂર્ણ દહન થઈ ગયુ. તેની શીતળ કાયા કાળી મેંશ ભસ્મના સ્વરૂપમાં કેદ થઈ ગઈ અને તેની સુરભિ તેજ ભસ્મની દુરભિ બની બેઠી.

કાશ ! આગ અને ચન્દનના આ ઘટના ક્રમનું પૂરેપૂરુ પુનરાવર્તન મૂર્ખ અને મેઘાવી, સજ્જન અને દુર્જન તેમજ શિષ્ટ અને દુષ્ટ વચ્ચેના પારસ્પરિક સંબન્ધોમાં થતું નિહાળી શકાય છે.

દુષ્ટ, દુર્જન અને મૂર્ખ માનવોના અભિગમમ કદાચિત્ થોડી ઘણી તરતમતા રહી હશે, અલબત્ત ! એ ત્રણેયની પ્રકૃત્તિઓ તો બહુ પ્રાય: એક સરખી જ રહેતી હોય છે. આથી જ એ ત્રાણેયને અહિ એક પંગતમાં બેસાડવામાં આવ્યા છે.

❋ તેઓ પ્રકૃતિથી જ વિકરાળ હોય છે.
❋ તેઓ પ્રકૃતિથી જ પ્રત્યાઘાતી અને પ્રચંડ મુખી હોય છે.
❋ તેઓ પ્રકૃતિથી જ ક્રોધિત અને ગર્વાન્ધ બન્યાં હોય છે.
❋ તેઓ પ્રકૃતિથી જ અસહિષ્ણુ અને ઈર્ષાળુ હોય છે.

બોલો ! શેં ન લેખાય તે દુર્જનોને - મુર્ખોને આગ સમા ?

તો મૂર્ખો - દુષ્ટોના પક્ષ સામે પ્રતિપક્ષ સમા સજ્જનોનો વિચાર કરીએ.

❋ તેઓ સ્વભાવથી જ શાન્ત અને સહિષ્ણુ હોય છે.
❋ તેઓ સ્વભાવથી જ હિતેષી અને પરોપકારી બન્યા રહે છે.
❋ તેઓ સ્વભાવથી જ સહાયક અને સૌમ્ય ગણાય છે.

બોલો ! શેં ન કહેવાય તે સત્પુરુષોને ચન્દન સમા ?

હવે; બને છે એમ કે શીતળ ચન્દન જેવા સજ્જનો

અને વિકરાળ આગ સમા મૂર્ખો - દુર્જનો વચ્ચે કવચિત્ ઘર્ષણના પલિતો ચાંપઇ જાય છે. આમ તો એમાં અપરાધ મૂળત : દુષ્ટોનો જ રહે છે અલબત્ત ! ઘર્ષણની તે આગમાં પલિત બની બેસવાનુ દુર્ભાગ્ય કયારેક સજ્જનોની પરગજુ તેમજ હિતૈષી મતિને શિરે અંકિત બની જાય છે.

❋ અન્યોન્ય ઉત્કર્ષ જોઇ જોઇને ફૂંફાડા ભરતા તે મૂર્ખો - દુર્જનો.

❋ અન્યોની પ્રગતિ નિહાળી - નિહાળીને લબકારા લેતા તે મૂર્ખો - દુર્જનો તેમની કારમી અસહિષ્ણુતા અને વરવી ઈર્ષાને શાન્ત પાડવા, ઠારી દેવા વિદ્વાન સજ્જનો તેમની તરફ ધસી જાય છે. શીતળ ચન્દન જેવા ભારે સૌમ્ય હિતવચનોનો હિમ વરસાવી તે આગજનીઓને ઠારવા તેઓ પુરુષાર્થ કરે છે.

અફસોસ ! પણ દુષ્ટ મૂર્ખજનો શિષ્ટોના આ હિમવર્ષી હિતવચનોનો સત્કાર તો નથી કરી શકતા. એટલી તો ઉદારતા તેઓ નથી જ ધરાવતા. અલબત્ત ! ઉપરથી પોતાના ફૂંફાડાઓનું નિશાન એ હિતૈષીઓને જ બનાવી દે.

ચન્દન જેવા હિમવર્ષી હિતવચનોની આરતી ઉતારવાને બદલે તેનો અઘોર અનાદર કરી તે અગ્નિ શ્યાં'દુષ્ટો - મુર્ખો હિતૈષીઓને જ ઈર્ષાની લપેટમાં લઇ લે છે. તે શિષ્ટોને જ હાર્ણી નાંખવા ધસમસે છે.

આથી જ તો ઈતિહાસના આકાશમાં પ્રકાશતા સુભાષિતો આપણને ગરજી - ગરજીને સંભળાવી રહ્યાં છે; કે મૂર્ખો, દુષ્ટ કે દુર્જનોને હિતકર પણ હિતોપદેશ કદાપિ આપશો નહિ. હિતોપદેશને તે અજ્ઞો પાત્ર જ નથી હોતા. ઉપદેશના અમીપાનથી સાન્ત્વના પામવાને બદલે તે મૂર્ખો વધુ ને વધુ ફૂંફાડા ભરે છે. ધમપછાડા પ્રારંભે છે.

આથી જ મૂર્ખો - દુર્જનોને ઉપદેશ આપવો એ પણ અપરાધ ગણાય. જે અપરાધનો ભોગ બની બેસનાર સજ્જન ત્યારબાદ ઉપદ્રવોને નોંતરી ને રહે છે.

✿ ઝેરીલા ફણિધરને દૂધ પાવુ; એ ગંભીર અપરાધ ગણાય.

✿ બસ તેમજ ઈર્ષાળુ મૂર્ખો - દુર્જનોને ઉપદેશ દેવો; એ પણ એક અપરાધ જ લેખાય.

સાપ, દૂધના દાનવીરને જ જેમ કરડી ખાય છે. એ પણ એ દૂધને જ ઝેર બનાવી દઇને. બસ ! તેમ દુષ્ટો, હિતના પ્રદાતાઓને જ ઘેરી લે છે. એ પણ તે હિતૈષીઓના જ હિતવચનને ઓજાર બનાવી દઇને.

બોલો ? સાપ અને દુર્જન વચ્ચે શો ફેર ? કશો જ નહિ.

## વહેણ : ૩ : એક પ્રેરક પ્રસંગ :

:: ઉત્તર દાયિત્વનો ચમત્કાર ::

મકાનમાં 'મોભ' જેટલો અગત્યનો અને મહત્વનો ગણાય, બસ ! સાવરકુંડલા જૈન સંઘમાં તેઓનુ ઉત્તરદાયિત્વ પણ એટલું મહત્વપૂર્ણ બની ગયું તુ.

તે પરિવારનુ પુણ્ય નામ: શ્રીયુત મણિલાલ બેચરદાસ શેઠ પરિવાર.

આજે તો એ પરિવારની પાંચ - પાંચ કે છ - છ પેઢીઓ વડલાની વડવાઈની જેમ મુંબઇમાં પ્રસરી ગઇ છે. અલબત્ત ! તેમનો ભૂતકાળ સાચ્ચે જ ગૌરવ પૂર્ણ હતો. એ પરિવારના વર્તમાન કાલીન વારસદારો પણ જે ગૌરવને પામી ઉત્કંપ અનુભવી શકે; એવું ઉત્તરદાયિત્વભર્યું ગૌરવ તેમના વડવાઓ - વડિલો પ્રસ્થાપિત કરીને ગયા છે.

પૂરી એક શતાબ્દી પહેલાંના સમયના તે સાવરકુંડલામાં એકાદુ પણ નયનરમ્ય જિનમન્દિર ન હતુ. જૈનોની વસાહત પણ જો કે જૂજ સંખ્યામાં અસ્તિત્વ ધરાવતી હશે. પણ તે સર્વની એક જ કામના હતી કે કમસે કમ જિનમન્દિર તો સત્વરે નિર્મિત બની જ જવું જોઈએ.

તે કાળના જૈનો દેવ અને ધર્મગુરુઓના પરમ પૂજારીઓ હતા.અફસોસ ! પણ તે કાળ ઘણો વિષમ હતો. આર્થિક દુવિધાઓ તો ત્યારે પણ ઉભીતી અને આજેય છે. વધુમાં ત્યારે આજના જેવી સાધનોની સુવિધા ન હતી. આથી જિનાલય નિર્માણ જેવું પ્રારંભિક કાર્ય પણ ત્યારે ભગીરથ બની રહેતુ.

દૂર - દૂરથી પાષાણો મંગાવવા, કારીગરો તેડાવવા, શિલ્પીઓ નોંતરવા અને તે બધાના સંગમ દ્વારા અદ્ભુત નકશીઓની આકારણીવાળુ જિનમન્દિર તૈયાર કરાવવુ. આ બધુ ખૂબ દુર્લભ હતુ.

આમ છતાં તે કાળના વીર જૈનો પોતાના ધર્મની જ્યોતને જીવન્ત રાખવા બધું જ કરી છૂટતાં.

સાવરકુંડલામાં યેન કેન પ્રકારેણ પણ જિનચૈત્યની રચના કરી દેવા સંઘના વડીલોએ પ્રાણ ખાધા. જેમાં મુખ્ય વડીલ હતા: શ્રીયુત મણિભાઇ.

વિષમતાઓના વાવાઝોડા વચ્ચે પણ તેમણે મન્દિર નિર્માણ પ્રારંભ્યુ.

કસબીઓ તો દૂર રહ્યાં, અરે કડીયાઓનો પણ ત્યારે દુષ્કાળ હતો. અપેક્ષાનુસારના મજૂરો પણ ત્યારે મળતા નહિ.

સબૂર ! પણ .... '' સાહિબ તું છે દેવાધિદેવ ! દાસનો દાસ છું તાહરો...'' જેવી ભાવાત્મક પંકિતઓનો પ્રેમપૂર્વક ઉચ્ચાર કરતાં તે જૈનો ન માત્ર; પંકિતમાં જ પ્રભુના દાસનાય દાસ બનવા તત્પર હતા. તેઓ તો તે પંકિતને અમલમાં મૂકવામાંય પીછેહઠ કરે તેમ ન હતા.

અને સાચ્ચે જ સાવરકુંડલા જૈન સંઘના સુવિખ્યાત શ્રેષ્ઠી શ્રી મણિભાઈએ માથે તગારા ચડાવી - ચડાવીને મન્દિર નિર્માણના કાર્યને વેગ બક્ષ્યો.

એક દિવસ તે મન્દિર - મહામાળખું પણ બની ગયુ.

જે મન્દિરના ગર્ભગૃહમાં પંદરમા તીર્થનાયક પ્રભુ શ્રી ધર્મનાથ સ્વામીજી પ્રતિષ્ઠિત બન્યા. સંઘના એકેકા સભ્યો ત્યારે સુપ્રસન્ન હતા. ભલે સંખ્યાની દૃષ્ટિએ તેઓ સાંકળા હોય.

કહેવાય છે કે પ્રભુધર્મનાથ, મૂળનાયક તરીકે જ્યારે સાવરકુંડલામાં ગાદીનશીન બન્યાં, મન્દિરની ભીંતો અને ઘુમ્મટોમાંથી પણ ત્યારે સુગન્ધિત અમીં; નાનકડા ઝરણાની જેમ પ્રગટ થયા તા.

'ભકતો જ્યાં મન - વચન - કર્મથી પરમાત્માને સમર્પિત બનતાં હોય; સ્વર્ગવાસી સુરો ત્યાં કૃપાવૃષ્ટિ કરવાને ફરજવાન બને છે.''

કાળના વહેતા વહેણોમાં એક દિ' તે મન્દિર ધ્વસ્ત પણ થયું. તે જ સ્થળે પુન: ભવ્યતમ પાષાણ મન્દિરનું નવનિર્માણ પણ થયું. જેની પ્રતિષ્ઠા વિક્રમ સંવત્ ૨૦૨૧ માં થઈ. જે પ્રતિષ્ઠા પણ વીસમી સદીના મહાન જૈનાચાર્ય શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ જેવા ધુરન્ધર પ્રતિષ્ઠાચાર્યને પામી પુન્યવતી બની ગઈ.

આજે પણ તે નવનિર્મિત શ્રી ધર્મનાથ જિનાલયમાં પર્વોના અવસર પર જ્યારે લાખેણી અંગરચના રચાઈ હોય, ત્યારે પરમાત્માના મસ્તક પર વિરાજતા છત્રો સ્વયંભૂ રીતે નૃત્ય કરતાં જોવા મળે છે.

''પદને અધિકારનું સિંહાસન સમજી બેસનારા આજના પદસ્થો કે પદાધિકારીઓએ આ પરથી એ સમજવું રહ્યું કે પદ એ અધિકારનું સિંહાસન નથી, અલબત્ત ! ઉત્તરદાયિત્વનું માધ્યમ પણ છે.''

**:: વાપીથી બગવાડા તીર્થનો છ'રી પાલક યાત્રા સંઘ::**

પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિજયજી મહારાજાની પાવન નિશ્રામાં ગત મા. સુ. ૭ ૩ જી ડિસેંબરના મંગળદિને વાપીથી બગવાડા તીર્થનો એક દિવસીય છ'રી પાલક યાત્રા સંઘ યોજાયો હતો.

મૂળ રાજસ્થાન ગઢ - શિવાણા નિવાસી મોહનલાલ - સોનાજી બાગરેચા પરિવારે ઉક્ત પદયાત્રાનું આયોજન કર્યું હતું. વાપી પથકના ગામડે - ગામડે અને વાપીના ઘરે ઘરે અપાયેલી આમન્ત્રણ પત્રિકાને પ્રતિસાદ આપી **૧૫૦૦** જૈન બંધુઆએ વાપીથી બગવાડાની પગપાળા યાત્રા કરી.

સંઘપતિશ્રીએ સર્વ યાત્રિકો - આમન્ત્રિતોની બેય ટાઈમની સાધર્મિક ભક્તિનો લાભ લીધો તો. પ્રત્યેક યાત્રિકને રજતમય પૂજાવાટકી અર્પણ કરવામાં આવી. ઉપરાંત ૧૫ રૂા. થી સંઘપૂજન થયુ અને શ્રીફળની પ્રભાવના થઈતી.

માલારોપણ સમારોહમાં મુ. હિતવર્ધન વિ. એ આલેખેલી 'સિધ્ધાન્તોના ધનુર્ધારી' પુસ્તિકાનું વિમોચન થયુ. ઉક્ત સંઘયાત્રા નિમિત્તે એક નૂતન સ્તવન પ્રસાદી પણ રજૂ થઈ તી. પ્રસ્તુત છે; તે સ્તવના.

હું તો પ્રણમું અજિત જિનેશને...
તન - મન - વચન સમર્પણ કરીએ જગનાયક પરમેશને . (૧)
ચોસઠ ઈન્દ્રો સાથે મળીને જન્મ મહોત્સવ તુજ કરતા..
જ્ઞાન મતિ-શ્રુત અવધિ નિર્મળ જન્મથકી જિનજી ધરતા..(૨)
રાજ્ય ત્યજી ભજી સંયમ પથને સહે પરીષહ સમતા બળથી..
ક્ષપક શ્રેણિના અનલે બાળ્યાં કર્મ - કાષ્ઠને જડ મૂળથી..(૩)
યોગ નિરોધ કરીને પામ્યાં અષ્ટ કર્મ દલથી મુક્તિ..
દોષ સકલને દૂર કરીને દે જો ! દયાનિધિ પરમગતિ. (૪)
વિજયાનંદન ત્રિભુવન વંદન કર્મનિકંદન હિતકારી..
તું રિપુગંજન કર્મ વિભંજન વર્તે જગમાં જયકારી. (૫)
સંઘવી મોહનભાઈની સાથે ભેટ્યાં આજે સંઘ લઈ..
બગવાડા મંડન મદ ખંડન 'હિતકરજો મુજ પક્ષ ગ્રહી .(૬)

# ભાભર નગરે ઐતિહાસિક ચાતુર્માસ પૂર્ણાહુતિ

સિદ્ધહસ્ત લેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પુર્ણચંદ્રસુરિશ્વરજી મહારાજાએ ચાતુર્માસ દરમ્યાન સુરિમંત્ર-પંચ પ્રસ્થાનની આરાધનાં કરતાં ભાભર જૈન સંઘમાં ઉલ્લાસભર્યું વાતાવરણ સર્જાયું હતું. જે આરાધનાની અનુમોદના કરવા માટે ભાભર જૈન સંઘ ઘણા દિવસોથી થનગની રહ્યો હતો. આ અંગેનો મહોત્સવ ભાભર સંઘ માટે યાદગાર સંભારણું બની રહ્યો હતો. કારતક સુદ - ચૌદસના દિવસે કુંભ સ્થાપનાથી મહોત્સવનો મંગલ પ્રારંભ થયો હતો. કારતક સુદ - પૂર્ણિમાના રોજ ચોકસી હિરાલાલ મનસુખભાઈ પરીવારના ત્યાં ઠાઠમાઠથી ચાતુર્માસ પરીવર્તન કરવામાં આવેલ. કારતક વદ એકમના રોજ સંઘવી ફોજાલાલ ખુબચંદભાઈ પરીવારના ત્યાં ચાતુર્માસ પરીવર્તનનો બીજા દિવસે લાભ લીધો હતો. કારતક વદ - ૨થી પૂજનનો પ્રારંભ થયો હતો. પાંચેય દિવસ પ્રભુજીને ભવ્ય અંગરચના, મંદિરમાં દિપક રોશનીથી મનોરમ્ય વાતાવરણ ઉભું થયું હતું. ફુલો વિગેરેના શણગારથી દેરાસર-દેવલોક જેવું બની ગયું હતું. કાર્તિક વદ - ૪ના રોજ સવારે ૯/૦૦ કલાકે બારવ્રત ઉચ્ચારણ અને પુદગલ વોસિરાવવાની ક્રિયા ખુબ જ ઉલ્લાસથી સંપન્ન થઈ હતી. ઘણી સારી સંખ્યામાં ભાવિકો તેમાં જોડાયા હતા. ક્રિયા પૂર્ણ થતાં પંદર રૂપિયાનું સંઘપૂજન જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી કરાયું હતું. કાર્તિક વદ - પાંચમના રોજ ભાભર તીર્થમાં આજ સુધીમાં દીક્ષિત થયેલ પૂ. સાધુ - સાધ્વીજી ભગવંતોના માતા-પિતાના સન્માનનો ભવ્ય સમારોહ યોજવામાં આવ્યો હતો. પૂજ્ય બુદ્ધિવિજયજી મહારાજ અને પૂજ્ય તિલક વિજયજી મહારાજથી શરૂ થયેલ સંયમ યાત્રામાં આજ સુધીમાં ૧૦૮ થી વધુ દીક્ષિતો તીર્થમાંથી શાસન સમર્પિત થયાં છે. જે આ મહાપુરુષોના નામોથી જૈન સંઘ સુપરિચિત છે તેવા પૂ. આ. ભ. શ્રી કનકપ્રભસૂરીશ્વરજી મ. નો ઉપકાર ભાભર સંઘ ઉપર નાનો સુનો નથી. તેઓ ભાભર તીર્થ રત્ન તરીકે સુપ્રસિદ્ધ છે. તેઓના ભાઈ મહારાજ શ્રી ભુવનશેખર સુરીશ્વરજી મ. પણ ભાભર તીર્થ રત્ન તરીકે જાણીતા છે. ભારતભરમાં ૧૦૮ થી અધિક દીક્ષા થઈ હોય તેવા ગામોમાં ભાભરનો નંબર પ્રથમ હરોળમાં આવે છે. આટલા દીક્ષિતોના માતાપિતાના સન્માનનો કાર્યક્રમ સૌને માટે ઉલ્લાસનું કારણ હતા. સમારોહના પ્રારંભમાં સંગીતકાર મનોજભાઈ નાયકે પાંચ પુસ્તકોના વિમોચનનું ગીત રજુ કરેલ. ત્યારબાદ પુસ્તકોના વિમોચનનો લાભ લેનાર કીસાનમલજી સુલતાનમલજી માલુએ દીપક પ્રગટાવી પુસ્તકોનું વિમોચન કરેલ. કેટલાક ભાગ્યશાળીઓએ પુસ્તક પ્રકાશનનો લાભ લીધેલ હતો. ત્યારબાદ માતાપિતાના સન્માનનો કાર્યક્રમ શરૂ થયેલ. દરેક માતાપિતાને તામ્રપત્ર સુવર્ણ રસથી રસેલ લખાણવાળું પ્રતિક ચરવળો, ખેસ, શ્રીફળ, માળા અને તિલક કરીને બહુમાન કરવામાં આવેલ. પૂ. આચાર્ય ભગવંતશ્રીના માતૃશ્રી શાંતાબેન બાબુલાલ (નાસીક) નું. પૂ. મુનિરાજ શ્રી યુગચંદ્ર વિજયજી મ. જે. શા. ના સંસારી માતૃશ્રી સુરજબેન રીખવચંદ સંઘવી (વાસરડા) નું તેમજ પૂ. સા. શ્રી શશીપ્રભાશ્રીજીના સંસારી ભાઈનું સુવર્ણની ચેનથી ભાભર સંઘે સન્માન કરેલ. અલૌકિક વાતાવરણ વચ્ચે બરાબર ૧/૩૦ કલાકે બહુમાન સમારંભ સંપન્ન થયો હતો. ત્યારબાદ સકલ શ્રી સંઘનું સ્વામીવાત્સલ્ય થયું હતું. સાંજે મહાપૂજનાના ભવ્ય આયોજનમાં શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયે ભવ્યાતિભવ્ય પુષ્પ શણગાર અને દીપક રોશની કરવામાં આવેલ. પ્રભુજીને ભવ્યાતિભવ્ય અંગરચના કરવામાં આવેલ. મહા પૂજાના દર્શન માટે મોટી ભીડ એકઠી થયેલ. પૂ. આચાર્ય ભગવંતની સાથે ચતુર્વિધ સંઘ દર્શનાર્થે પધારતા મહાપૂજાનું ઉદ્‌ઘાટન કોઠારી પૂનમચંદ દેવસીભાઈએ કરેલ. સમૂહ ચૈત્યવંદન અને સમૂહ આરતી બાદ સૂરિમંત્રપંચ પ્રસ્થાનની રંગોળીના ઉદ્‌ઘાટનનો પ્રવિણભાઈ રોળીયાએ લાભ લીધેલ. કાર્તિક વદ - ૬ ના સવારે ૯/૩૦ વાગે ભવ્ય વરઘોડો ચઢયો હતો. ઈન્દ્રધ્વજા, ગામઢોલી, ૬ ઘોડા, ૮ ઉંટગાડી, ૩ રથ, એક બગી, જવાહર બેન્ડ, નાસીકના ઢોલી, શરણાઈ વાળાથી વરઘોડો અત્યંત સુશોભીત થવા પામ્યો હતો. બબ્બે કલાક સુધી યુવાનો મન મૂકીને નાચ્યા હતા. લગભગ દરેક યુવાનો ખભે ખેસ નાખીને શ્રાવક વેશથી સુશોભિત જણાતા હતા. બપોરે વિજય મુહૂર્તે શ્રી બૃહદષ્ટોત્તરી સ્નાત્ર ઠાઠમાઠથી ભણાવવામાં આવેલ. દરરોજ પ્રભુજીની ભવ્ય અંગરચના, દીપક રોશની અને ફુલોનો શણગાર ભાભર સંઘના યુવાનોએ મન મૂકીને પરિશ્રમ ઉઠાવીને કરેલ. સંઘના તમામ સભ્યોના મનમાં આ પ્રસંગ યાદગાર બની ગયો હતો. કાર્તિક વદ - ૭ ની સવારે ૬ વાગે પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી આદિ ઠાણાનો ચાતુમાર્સિક વિહારને વસમી વિદાય ટાણે ભાભર સંઘના નાના - મોટા સૌના હૈયાં ભરાઈ ગયા હતા. આંખે આંખે આંસુના તોરણ બંધાયા હતા. ચાર મહીના ક્યાં પુરા થઈ ગયા ? સાહેબજી હવે ક્યારે પાછા પધારશો ? એવા ભાવ સાથે સૌએ પૂજ્યશ્રીની સાથે પ્રયાણ કરી બોર્ડીંગ થઈને ખારી સુધી ચૈત્ય પરીપાટી રૂપે સાથે વિહાર કર્યા હતો. ત્યાં પહોંચ્યા બાદ પૂ. ગુરુભગવંતશ્રીએ મંગલાચરણ અને માંગલિક પ્રવચન ફરમાવ્યું હતું. સંઘવી-ફોજાલાલ-ખુબચંદ તથા કિસનમલજી મુલતાનમલજી માલુ તરફથી ચૈત્યપારિ પાટીમાં પધારેલા તમામ સાધર્મિકોની નવકારશીનો લાભ લેવામાં આવ્યો હતો. તેમજ સંઘપૂજન-ગુરૂપૂજનનો લાભ લીધો હતો.

श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर)


# સમાચાર સાર

**જામ ખંભાળીયા :-** અત્રે પૂ. આ. શ્રી વિજય કુંદકુંદ સૂરીશ્વરજી સ્મૃતિ મંદિર સ્ટેશન રોડ ખાતે પૂ. પં. શ્રી જિનસેન વિજયજી મ., પૂ. મુ. શ્રી કમલસેન વિ. મ. તથા પૂ. મુ. શ્રી હેમપ્રભવિજયજી મ. આદિની નિશ્રામાં મહા સુદ બીજી ૭ થી અઠ્ઠમ તપ શરૂ કરવાની ભાવનાવાળાએ નામો મોકલવા. ગૌતમસ્વામી પૂજન, અઢાર અભિષેક થશે, મહાસુદ ૧૧ના થી આદીશ્વર દાદાની વર્ષગાંઠ નિમિત્તે તથા ગુરુમંદિરને ધજા ચડાવાશે શ્રીમતી કસ્તુરબેન જેસંગ માડૂ, જામનગર તરફથી ઉપાશ્રય બનાવ્યો છે તેમને હસ્તે ઉદ્ઘાટન થશે.

**શહાપુર (થાણા)** અત્રે શ્રી શત્રુંજય તિર્થ શ્રી ભુવન ભાનુ માનસ મંદિર ખાતે જિનમંદિર શિલારોપણ આસો સુદ ૧૦ ના થયું ૬૩ ઈંચના શ્રી આદીશ્વર પ્રભુજી તૈયાર થયા છે.

અત્રે પૂ. આ. શ્રી વિજય જયસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી હેમરત્ન સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં માગશર વદ ૧ થી ઉપધાન શરૂ થયા છે માળા રોપણ મહાસુદ ૫ના થશે.

**જામ કંડોરણા** અત્રે ૧૪૦ વર્ષ પ્રાચીન શ્રી આદિનાથ જિનમંદિરનો સુંદર રીતે જીર્ણોદ્ધાર થયો. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ.નું માર્ગદર્શન રહ્યું જીર્ણોદ્ધાર નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવનું આયોજન થયું આ પ્રસંગે શ્રી સંઘની વિનંતિથી પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ., પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. આદિ તથા પૂ. મુ. શ્રી પ્રશમચંદ્ર વિજયજી આદિ તેમજ પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. આદિ પધાર્યા હતા.

કા. વદ ૮ + ૯ના ભવ્ય સામૈયું થયું. કા. વ. ૧૧ મંગળવાર સવારે કુંભ સ્થાપન આદિ મહેતા માનસંગ ભગવાનજી પરિવાર તરફથી તથા ૯ વાગે ૧૮ અભિષેક મહેતા મગનલાલ મોતીચંદ તરફથી તથા ૧૧-૦૦ વાગ્યે પ્રવચન તેમજ બપોરે ૩-૦૦ વાગ્યે નવગ્રહાદિ પૂજન મહેતા માનસંગ ભગવાનજી તરફથી સાધર્મિક વાત્સલ્ય સવારે મગનલાલ ભગવાનજી (અમેરિકા) બપોરે મહેતા જયંતિલાલ કુરજી હ. ડો. મહેશભાઈ મલાડ સાંજે મહેતા નેમચંદ ઈશ્વરભાઈ હ. મહેશભાઈ તથા રમેશભાઈ આરબ તરફથી થયા. રાત્રે ભાવના થઈ.

કા. વ. ૧૨ બુધવાર સવારે પ્રવચન બપોરે વિજય મુહૂર્તે માનચંદ મોતીચંદપરિવાર તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઉત્સાહથી ભણાયું.

સાધર્મિક વાત્સલ્ય સવારે શ્રીમતી મંછાબેન હેમતલાલ ત્રિકમજીભાઈ તરફથી તથા બપોરે શ્રીમતી સુરજબેન મૂળચંદભાઈ વીઠલજી ભાણવડવાળા લંડન તરફથી અને સાંજે મહેતા બાબુલાલ મોતીચંદ તરફથી થયા.

કા. વદ ૧૩ ગુરુવાર સવારે જલયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. ગોંડલથી પોલીસબેંડ આવેલ, વિજય મુહૂર્તે મહેતા માનસંગ ભગવાનજી તરફથી શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયું, સાધર્મિક વાત્સલ્ય સવારે શાહ દલીચંદ મોતીચંદ તરફથી તથા બપોરે મહેતા મગનલાલ મોતીચંદ તરફથી અને સાંજે મહેતા ગુલાબચંદ કપૂરચંદ તરફથી થયા. જીવદયાની ટીપ સારી થઈ સર્વ સાધારણની ટીપ પણ ખૂબ સારી થઈ સ્થાનિક તથા મહેમાનો વિગેરે વરસી પડ્યા. પહેલી પૂજા તેમજ ભાવનામાં આરતી વિગેરેની બોલીઓ હજારોની સંખ્યામાં થઈ હતી. મહેમાનો સારા પ્રમાણમાં આવ્યા અને વ્યવસ્થા પણ ખૂબ સારી થઈ ઘણા ઉત્સાહ ઉમંગ અને ઉદારતાથી ઉત્સવ ઉજવાયું દર વર્ષે યાત્રા કરવા આવવા ઘણોજ ભાવ થયો.

## જામનગર જીલ્લાનું પ્રાચીન તીર્થ

# શ્રી મોડપર તીર્થ

### અવશ્ય યાત્રાએ પધારો

જામનગરથી રોડ દ્વારા ૩૫ કિ.મી. પછી ડાબે હાથ ૯ કિ.મી. કુલ ૪૪ કિ.મી. રોડ રસ્તે અને રેલ્વે સ્ટેશન મોડપર છે ત્યાંથી ૧ કિ.મી. આ તીર્થ છે.

**શેઠ વર્ધમાન શાહે** બંધાવેલુ શ્રી **સુપાર્શ્વનાથ પ્રભુજી**નું પ્રાચીન જિન મંદિર છે તેની પાછળ ભવ્ય રંગ મંડપ બનાવી ત્યાં **૯૯ ઈંચના શ્યામ શત્રુંજય કેશરીયા આદિનાથજીની** પ્રતિમાજી છે.

**જામનગર ન્યુ જેલ રોડ દિગ્વિજય પ્લોટમાં શ્રી કુંવરબાઈ જૈન ધર્મશાળા**માં ઉતરવાની અને ભોજનની સુંદર વ્યવસ્થા છે. (ફોન નં. ૬૭૯૯૧૬)

**મોડપર તીર્થ**માં ઉપાશ્રયો ધર્મશાળા નવા થયા છે ભોજનશાળા વાવાઝોડામાં ઉડી ગઈ છે તેનું બાંધકામ ચાલુ છે ભોજન શાળાનું દાન ટાઈટલનું દાન ટાઈટલનું મળી ગયું છે.

પગારીના ૪ ભાગ છે **૨૫ હજાર નકરો છે** તેમાં એક નામ આવી ગયું છે. **રસોઈઘરના ૫૧ હજાર** અને **બે સ્ટોર રૂમના ૨૫ ૨૫ હજારનો** નકરો છે.

હાઈવે ઉપર આગળ ૧૪ કિ.મી. હાલાર તીર્થ, ભવ્ય તીર્થ છે તેની પણ યાત્રાનો લાભ મળે છે.

**શ્રી સુપાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ**

C/o. શ્રી વિમલનાથ જૈન દેરાસર, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર. ફોન નં. ૫૫૨૩૨૪

# पिंडवाडा में आचार्य श्रीमद् विजय प्रेमसूरीश्वरजी के दीक्षा शताब्दी वर्ष समारोह

मग र वदी २ को प्रातः गुरुमंदिर में भक्तमर पाठ, बाद में गुरु मूर्ति का पक्षाल, अंगरचना एवं रथ यात्रा का वरघाडा तथा दोपहर को स्वामी वात्सल्य हुआ। संध्या गुरु भक्ति के गीत एवं आरती हुई।

मगसर वदी ३ को प्रातः शत्रुंजय तीर्थ पर दीक्षा शताब्दी महोत्सव में संलग्न होने के लिये पांच सौ भाग्यशालीयों ने बसों द्वारा प्रस्थान कीया।

मागसर वदी ६ को पू. मुनि श्री चरणगुण विजयजी आदि ठाणा की निश्रा में मुनि श्री गंभीररत्न विजयजी ने अपने प्रवचन में मृदु एवं सरल हिन्दी भाषा में दर्शाया कि...

आचार्य प्रेमसूरीश्वरजी म. सा. संवत १९५७ मगसर वदी ६ (मारवाडी) के दिन शत्रुंजय तीर्थाधीराज की तलेटी की छत्र छाया में प्रवज्या अंगीकार की थी। दीक्षा लिये आज सौ वर्ष पूर्ण हो गये हैं।

वीर शासन की परम्परा में जगद्गुरु हीरसूरीश्वरजी म. सा. के बाद सर्वाधिक और सर्वांगिण तरीके शासन सुरक्षा आराधनामें - प्रभावनामें निमित्त रूप ऐसे विशाल श्रमण संघ के सर्जन करने वाले श्रुतोद्धार और क्रियोद्धार, जैनोद्धार एवं जीर्णोद्धार, आत्मोद्धार और विश्वोद्धार के कर्ता गच्छपक्ष और समुदाय से भेदरहित तरीके, जिनकी महानता को एक आवाज से सबने स्वीकारी है। ऐसे कलिकाल-कल्पतरु, परम पवित्र मूर्ति परम पूज्य आचार्यदेवश्री प्रेमसूरीश्वरजी म. सा. थे।

आपश्रीको स्वर्गस्थ हुए ३२ वर्ष हो गये हैं लेकिन अभी भी आपका नाम एवं स्मरण लोगों के मन मस्तिष्क में छाया हुआ है। पूज्यश्री की संयम शताब्दी वर्ष पूरे देश के प्रत्येक कोने कोने में मना रहे हैं। पिछले सौ वर्ष के इतिहास में तीर्थाधिराज की तलेटी में संयम साम्राज्य स्वीकारने का सद्भाग्य आपश्री के संयम शताब्दी के दिन परम पावन भूमी में ही जिन भक्ति और गुरु भक्ति का महोत्सव मनाने का होने से सभी के दिल रोमांचित एवं प्रफुलित हुए हैं। वहां पर अनेक समुदाय के पूज्य मुनिवरों की निश्रा एवं सानिध्य में यह महा महोत्सव सम्पन्न होगा।

हे गुरुदेव आपश्री को जन्म लेना पडा इसलिये आपका जन्म हुआ, परन्तु आपको जन्म के विनाश के लिये ही जीना पडा था। इंसीलिये ही सिद्धगिरि के सिद्ध मुनि के दर्शन जग गये। एवं हमेंशा जागते हुए जीवन को सुंदर बनाने के लिये संयम के स्वांग में सिद्ध शैलेष की तलेटी में संवत १९५७ मगसर वदी ६ (मारवाडी) के दिन शिवमंगल की तलेटी में संयम को स्वीकार कर प्रगुरु श्री वीरवीजयजी के हाथ में दीक्षित होकर गुरु दानसूरीजी के शिष्य हुए। संयम में स्वाध्याय, सहिष्णुता, शौर्य, समर्पण की पंचागी द्वारा विनय, वैयावच्च, वैराग्य, वात्सल्य, वैर विरोध, विषाद - वैमनस्य और विभावों को समाप्त कर दिये।

नम्रता - नीरिहता, निर्मलता और नैष्ठिक ब्रह्मचर्य की गुण गरीमा से आप गुरु के द्वारा गुरुता - सूरीपद के साम्राज्य धारक बनकर सारणा - वारणा - चोयणा - पडिचोयणा पूर्वक वीर के वारस विशाल वंश वट वृक्ष का सर्जन कीया। सूरी रामचंद्र - जंबु - हीर - राजतिलक, भुवनभानु जयघोष - चंद्रशेखर - कुलचंद्र आदि सूरी मुनिवृंद के गुरु - प्रगुरु - प्रप्रगुरु आदि पदों को प्रदान कर अडसठ वर्ष के निर्मल दीक्षा पर्याय को पालकर आप परम ब्रह्म में लीन बन गये।

आज आपकी संयम शताब्दी के शुभ अवसर पर आपके शिष्यवृंद के प्रेरक बल को प्राप्त कर आपके दर्शाये हुए मार्ग पर अग्रसर होने के लिये हम सभी कृत संकल्प है।

भवदीय

कल्याणजी सौभागचंदजी जैन पेढी पिंडवाडा

अ. आर. महेता

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

# પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- જેટલે અંશે શરીરની નિસ્પૃહતા થાય તેટલે અંશે ધર્મની સાધના સારા પ્રમાણમાં થાય.
- પૌદ્ગલિક સુખ પરને આધીન છે, પારકી સહાય વિના ભોગવાતું નથી. તે સુખ તત્કાલ પણ દુઃખરૂપ છે, પરિણામે તો દુઃખદાયી છે પણ સુખના કાળમાં ય દુઃખરૂપ છે. માટે સંસારના સુખો સુખરૂપ નહિ પણ સુખાભાસ કહે છે. આભાસમાં તો હરણિયા મરે, માનવ ઝાંઝવાના નીરમાં મરે નહિ.
- અર્થ - કામના પ્રેમી જીવો બજારમાં પૈસા મેળવવા અને પૈસાથી મળતાં સુખ મેળવવા દોડાદોડ કરે છે તેમ ધર્મી જીવો ધર્મ મેળવવા દોડાદોડ કરે !
- બાહ્ય કોઈપણ સાધન વગર સુખનો અનુભવ થાય તેવું જે સુખ તેનું જ નામ આત્મિક સુખ !
- દુનિયાનું સુખ ગમે એટલે ધર્મક્રિયામાંથી રસ ઉડે, આદર જાય અને પછી તે ક્રિયા જેમ તેમ પતાવીને પૂરી કરે.
- સમકિતીની સંસારની સઘળી ય કરણી કર્મક્ષયને માટે જ બને.
- આ દુનિયાનું સુખ લાગે છે મીઠું - મજેનું પણ તે તો કાતીલ ઝેર છે.
- બીજા ઉપર ગુસ્સો તે દોષ છે અને મોહ ઉપર ગુસ્સો તે ગુણ છે.
- મને ભગવાન વધુ પ્રિય છે જેમણે મારો શત્રુ ઓળખાવ્યો. સુસાધુ તો શત્રુને જીતવાની કળા શીખવે છે.
- જેને મોહની ઉપર ગુસ્સો ન આવે તેની પાસે ધર્મ કરાવવો તે રમત રમાડવા જેવું છે.
- મોહની સામે લાલ આંખ થાય નહિ તો ધર્મ આવે નહિ.
- આત્મા પરિવર્તન તેનું નામ યોગ ! મોહના પર દ્વેષ તે ધર્મ !
- મોહનો દ્વેષી તે સુખનો જ [illegible] ઋદ્ધિ - સિદ્ધિનો [illegible]પી ! તેથી તે સાચાં રાગના સ્થાન શોધે. રાગ છૂટે ત્યારે સંસાર છૂટે. રાગનું સ્થાન બદલાય ત્યારે ધર્મ આવે.
- ત્યાગ એ અમૃત છે. સંસાર સુખનું અર્થીપણું એ ઝેર છે.
- ધર્મની પ્રવૃત્તિ દુઃખને ભેટવા અને દુનિયાના સુખ માત્રથી બચવા માટે છે.
- મન અને ઈન્દ્રિયો કાબૂમાં આવે તેનું નામ [illegible]
- મન અને ઈન્દ્રિયો પર ઘસારો લાગે તેનું નામ નિય[illegible].
- 'આ સંસાર ભયંકર ભૂલભૂલામણી જેવો છે, તેમાં હું ફસી ગયો છું. આ ફસામણ ભયંકર છે. તેમાંથી મારે નીકળવું છે.' આવો વિચાર આવે તે ધર્માત્મા !
- મોક્ષની ઈચ્છા વગરનો જીવ શાસ્ત્ર વાંચીને [illegible] થાય, પંડિત થાય પણ તત્ત્વજ્ઞાની ન થાય.
- જે મોક્ષાર્થી નહિ તે શ્રી વીતરાગદેવના કોઈપણ [illegible]નો અધિકારી નહિ.
- મોક્ષમાં જવાનું આમંત્રણ તેનું નામ ધર્મદેશના !
- આ સંસાર છોડવાનો વીર્યોલ્લાસ ન જાગે, મન [illegible] ન થાય તે આત્માની ભારે માંદગી છે. આ માંદગી શરીરની માંદગી કરતાં ય ભયંકર છે.
- સંસારની અનુકૂળતાનો રસ, મોક્ષમાં રસ પેદા ન થવા દે.
- જે કામ સોંપ્યું તેની જેને ચિંતા નહિ તે બેજવાબદાર.
- ભગવાન યાદ આવવા એટલે ભગવાનની આજ્ઞા યાદ આવવી.
- સાંભળેલું સમજાયા પછી હેય લાગે તે છોડવાનું અને ઉપાદેય લાગે તે આચરવાનું મન થાય તેનું નામ શ્રદ્ધા !
- સદ્ગુરૂ મુખે શ્રી જિનવાણી શ્રવણ તે ધર્મનો પ્રાણ છે.
- અર્થ-કામને ભૂંડા જ ઓળખાવે તે ધર્મ ! અર્થ-કામને સારા મનાવે તે અધર્મ !

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું

૫૩૩૪

Received 28/11/2001

5334

# જૈન શાસન

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

## ગુરૂની પૂજા-ભકિત શા માટે ?

पूयंति य रक्खंति य, सीसा
सव्वे गणिं सदा पयत्ता ।
इध परलोए य गुणा,
हवंति तप्पूयणे जम्हा ॥

(શ્રી વ્યવહાર ભાષ્ય ગા. ૨૫૬૬)

શિષ્ય ગુરૂની પૂજા - સેવા - ભકિતમાં અને રક્ષામાં હંમેશા પ્રયત્નશીલ બને છે. સદ્ગુર્વાદિની પૂજા - સેવા - ભકિતનું ફલ છે આ લોકમાં અને પરલોકમાં આત્મિક ગુણોની થતી વૃદ્ધિ

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

અઠવાડિક

વર્ષ ૧૩ અંક ૨૧

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# આત્મસંવેદના

અ. સૌ. અનિતા આર. પટણી

- આ સંસાર એ બાહ્યાત્માને ઠગનારા મોટામાં મોટું બજાર છે. જે બજારમાં રોજ-બરોજ નવી - નવી આકર્ષક મોહનીય ચીજ - વસ્તુઓ ચૌરેને ચૌટે જોવા મળે છે અને જેમાં મૂંઝાયેલો આત્મા આત્મધનથી ઠગાય છે અને પછી પસ્તાય છે. માટે હે આત્મન્ ! તું બાહ્ય ભપકામાં અંજાઈશ નહિ કે મૂંઝાઈશ મા, પણ આત્મધનને પ્રાપ્ત કરવામાં અને સાચવવામાં પ્રયત્નશીલ બનજે.

- મારા હૃદયરૂપી પ્રાંગણમાં જ્ઞાનના દીપ જલો, જેમાં અજ્ઞાનનો અંધકારનાશ પામો. સહુ દુઃખીના દુઃખને દૂર કરવાની ભાવના બની રહો અને સૌ સાચા સુખી બનો આ કામના મુજ ઉરમાં વહો.

- કોઈ મને ગમે તેટલા હેરાન - પરેશાન કરે, કટુ વચનોના વ્યંગબાણ છોડે તો પણ તેમના પ્રત્યે હૈયાથી મારા હૈયામાં ક્ષમાનું જ ઝરણું વહો. ગમે તેટલા કડવાશના, વેર-વિરોધના અણબનાવના પ્રસંગો બને તો પણ સૌનું ભલું કરવાની ભાવના મારા પવિત્ર હૃદયમાં વહ્યા કરો.

- જગતના સૌ જીવો જીવવાને ઈચ્છે છે, કોઈ મરવાને ઈચ્છતું નથી, કદાચ કોઈને જીવાડી ના શકું પણ મારવાનો અધિકાર પણ મારે નથી જોઈતો. કોઈને સુખી ના કરું પણ દુઃખી તો કરવા નથી સૌ જીવોને સાચા જીવનની ભાવના મનમંદિરમાં રહ્યા કરે.

- મહાપુણ્યે આવું પરમતારક શાસન મલ્યું તો જ્યાં સુધી મારી મુક્તિ ન થાય ત્યાં સુધી આ 'જૈન શાસન' મુજને મલ્યા કરો એટલું જ નહિ એવી શક્તિ - સામર્થ્ય પ્રાપ્ત થાઓ કે સૌને હું પણ જૈન શાસનના સાચા અનુરાગી બનાવું. સૌ વહેલામાં વહેલા મુક્તિને પામે તે ભાવનામાં રમ્યા કરૂં

- બીજાના દુર્ગુણોનો ડાઘ તને ન લાગે માટે તું સાવધ બનજે. બીજાની બૂરાઈઓનો ચેપી રોગ તને ન લાગે માટે સાવધ રહેજે. 'અહંકાર' અને 'મમકાર' ડગલે ને પગલે પાડનારા છે માટે સાવચેત બનજે. ઈર્ષ્યા, અભિમાન, અદેખાઈ અને વહેમ આ ચાર ચોરોની જુગલ જોડી જીવનને બરબાદ કરનારી છે. માટે તેનાથી જરાપણ ગાફેલ અને અસાવધ ન રહીશ જે તારા આત્માને બરબાદ કરે. બીજા દુશ્મન તો માત્ર એક ભવ પૂરતા હોય જ્યારે આ દુશ્મનો તો ભવોભવના વિનાશ કરનારા છે માટે તેના પકડમાં ફસાઈશ નહિ.

- હે આત્મન્ ! અહીંથી જવાનું નક્કી છે, કાયમ અહીં રહેવાનું નથી. ગાડીના મુસાફરો પોત પોતાનું સ્ટેશન - સ્થાન આવતા ઉતરી જાય છે. તેમ તારૂં પણ થવાનું છે. તો સુખ - સામગ્રીમાં મૂંઝાઈશ મા, વિલાસના વાયરામાં અટવાઈશ મા, મોહક - ચીજ - વસ્તુમાં મોહ પામીશ મા, તેમાંનું કશું તારું નથી, તે બધા તો તારા આત્મધનને લુંટનારા છે. માટે તે બધાથી સાવધ રહેજે. તેમની સાથે રહેવું પડે તો પણ આસક્તિ તો ના જ કરીશ.

- ઘડાને નમાવ્યા વિના પાણીની પ્રાપ્તિ ન થાય તેમ હૃદયરૂપી ઘડાને નિર્મલ કર્યા વિના, સરળ - નમ્ર બનાવ્યા વિના સદ્‌ગુણરૂપી પાણીની પ્રાપ્તિ ન થાય. સદ્‌ગુણ વિનાનું જીવન પશુ જેવું છે. માટે આત્મન્ ! તારે શું બનવું છે ? માનવ થઈને ભગવાન કે પશુ ?

- જન્મેલાને જવાનું નક્કી છે તો ક્યાં જવું તે વિચાર્યું છે ? નાશવંત શરીર અને પદાર્થો પાછળ પાગલ બની ભાટાઈ અને ભાડાંઈ કરવામાં સમય પસાર કરે છે પણ શાશ્વત એવા આત્મા માટે કાંઈ વિચાર્યું છે ? શરીરની ટાપ - ટીપ, સ્વચ્છતા માટે ઘણો ઘણો ભોગ આપ્યો પણ આત્માની નિર્મલતા - પવિત્રતા માટે કાંઈ સમય રાખ્યો છે ? મનમાની મોજમજા કરવા ઈન્દ્રિયોના અનુકૂળ વિષયો પાછળ તું રાચી - માચીને દોડે છે પણ તેનું પરિણામ વિચારે છે ? તો તને ડાહ્યો કહેવો કે પાગલ ?

- હે આત્મન્ ! તારું ભાવિ ભદ્રંકર બનાવવા રોજ સાચા ભાવે ભગવાનની પ્રાર્થના કર. કોઈના માટે તું ફલ ન બને તો કાંઈ નહિ પણ કોઈના જીવનમાં શૂલ ન બનજે. કોઈનું હિત ન કરી શકે તો કાંઈ નહિ પણ

અનુસંધાન ટાઈટલ - ૩ ઉપર

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ પોષ વદ ૧૪ મંગળવાર તા. ૨૩-૧-૨૦૦૧ (અંક : ૨૦/૨૧

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૬૦૦૦

# જાવંતિ કેવિ સાહુ - અસંખ્યાતનો સંબંધ

જૈન શાસન એ ગુણનું શાસન છે. ગુણ હોય તો કખ લખ બને છે અને ગુણ ચાલ્યા જાય તો લખ કખ બને છે. જૈન શાસનમ ભૂત, વર્તમાન અને ભાવિનો સંયોગ એટલે અનંતોનઃ સંયોગ છે. અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય સાધુ એ કદી એક હોતા નથી સદાને માટે અનંતનો ભૂત, ભાવિ, વર્તમાન સામેલ સંયોગ હોય છે.

હા, જો તે ગુણથી ખસી જાય તો તે અનંતના સંગાથમ થી છૂટો પડી એકલવાયો બની જાય છે જેમ નાવડીમા, વહાણમાં રહેલો સંબંધિત છે પણ દરિયામાંથી છૂટો પડે તો એકલવાયો તો થઈ જાય પણ સમુદ્રમાં ડૂબી જાય અને મૃત્યુને વસ થઈ જાય તે ચેતન છતાં જડ બની જાય.

જૈન શાસન અરિહંત પરમાત્માને લાગેલ એ ચેતન છે અને અરિહંતથી વિખૂટા પડેલા જડ છે. આમ આત્મા માટે અરિહંત એજ ચેતન છે અને અરિહંતથી ભિન્ન તે જડ છે.

આજ કાલ બાહ્ય દ્રષ્ટિએ પોતાને એકલા અટૂલા કે ભિન્ન માનનારાઓને જો અરિહંતની ચેતના મનમાં વસી જાય તો ને કદી એકલવાયા નથી.

અનંતના અનંત ગુણનો સંગાથ છોડીને આ લોકમાં ૫-૨૫ નો સંગ જોડી રાખવા પ્રયત્ન થાય તો રત્ન છોડીને પત્થરનો સંગ કરવા જેવું થાય, કલ્પ વૃક્ષ છોડીને આકડાનો સંગ કરવા જેવું થાય. આટલી સ્પષ્ટ વિચારધારા થઈ જાય તો જૈન કદી પણ એકલો હોય નહિ. અને આ લોકના અર્થી કે આ લોકમાં મહત્તા પામેલા હોય પણ તેઓ જો અરિહંતના આજ્ઞા, અધ્યવસાય અને ઉપદેશથી પર હોય તે તેમને સંગ કરવાને બદલે છોડવાનો હોય તેને બદલે તેમના સંગ માટે અરિહંતને કે તેમના ઉપદેશ, આજ્ઞા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાને સંઘ છોડવાનું મન થાય તે આત્માના ગુણની ખરાબી છે.

વાદ અને પ્રતિવાદથી પાર પામવું કઠીન છે પરંતુ ભાવનાવાદ આવી જાય તો બધું સુલભ થઈ જાય છે પાણીમાં ભળેલું જલબિંદુ સમુદ્રમાં અક્ષય બને છે. જ્યારે ખાબોચીયા, સરોવર કે ડેમમાં પણ રહેલું જલ ક્ષય પામી જાય છે.

આમ આત્માનું જીવન પરમાત્મા છે અને પરમાત્માને હૃદયમાંથી વિયોગ એ મૃત્યુ છે મૃત્યુની વાંચ્છા એ ભવનું ભ્રમણ છે. જીવનની વાંચ્છાએ ભવ મુકિત છે. જે આત્મા રાગ દ્વેષની સાપેક્ષતામાં રહેવા માગે છે તે મૃત્યુના મુખમાં છે. જે જીવ રાગ દ્વેષની માત્રાથી ખસવા માગે છે તે મોક્ષના મુખમાં છે.

આપણા આત્માને સમજાવીએ અને મોક્ષના મુખમાં રહીએ તેમ પ્રયત્ન કરીએ. કુટિલતા, પ્રપંચ, દંભ, ભ્રમ એ તત્કાલ સહાયક લાગે તો પણ ભાવિમાં ભદ્રથી વિમુખ છે. આ વાત જીવને સમજાય જાય તો તે સદ્ અરિહંતના માર્ગમાં સ્થિર થવા પ્રયત્ન કરે. વાદ, પ્રતિવાદ, વિવાદ વિતંડા છળ, પ્રપંચ, દગા એ કદાચ પુણ્યોદયે એક વાર ફાવી જાય તો પણ તે પતનનો પાયો બને છે. પતન તેજ વખતે થતું નથી પણ ત્યારથી પતનની શરૂઆત થાય છે વચ્ચે ચંડકૌશિક નાગને ભગવાન મહાવીર મલ્યા તેમ જો કોઈ આલંબન ન મળે તો પતનના માર્ગે જનારનું મહાપતન થાય અને છેવટે કાલ શૌકરિક કસાયની જેમ વિનિપાતને પામે છે.

સૌ જીવો જાતની કિંમત ન આંકતા જગદુદ્ધારક શ્રી અરિહંત પરમાત્માની તેમના ઉપદેશની, તેમની આજ્ઞાની કિંમત આંકે અને તે રીતે ભાવ અને જીવન કેળવી અરિહંત મય બને એજ અભિલાષા.

# પ્રવચન - પીસ્તાલીશમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા
સં. ૨૦૪૩, ભાદરવા સુદિ- ૧૨/૧૩, શનિવાર તા. ..-૯-૧૯૮૭
ચંદનબાળા જૈન ઉપાશ્રય, મુંબઈ- ૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલું....

પ્ર. - આજે તો દીવા કો'ક મંદિરોમાં હોય, બધે લાઈટો હોય છે.

ઉ. - શ્રાવક પોતે કર્માદાનનો ધંધો ન કરે તો મંદિરમાં વિજળી ઘલાય ? મંદિરમાં વિજળી કેમ ઘાલી ? કશી મહેનત નહિ. કેટલા જીવોની હિંસા થાય છે તે ખબર છે ? આજની લાઈટોનો પ્રકાશ જ એવો હોય છે કે- જીવોને આકર્ષિત કરીને મારી નાખે. ભગવાને ધર્મ યતનાપૂર્વક કરવાનો કહ્યો છે જેમ તેમ કરવાનો કહ્યો નથી. અમે વિજળી કઢાવવા ઘણી મહેનત કરેલી પણ તે બધા માન્યા નહિ. આજે મોટાભાગમાંથી પાપનો ડર જ નીકળી ગયો છે. જેમ જ્યારથી નળ આવ્યા પછી પાણી કેટલું વપરાય છે !

જેને આ સંસાર ગમે, મોક્ષની ઈચ્છા પણ ન થાય તેને જ્ઞાનિઓએ ધર્મ કરવા માટે ય નાલાયક કહ્યો છે. તે જીવ ધર્મ કરે તે ય દુનિયાના સુખ માટે કરે છે. માટે એમ કહેવાય કે તે જીવ ધર્મ મરજી મુજબ કરે છે અને સંસારમાં ભટકે છે. તે જીવ બજારમાં જાય તો સ્નાત્ર ભણાવીને જાય અને પાછા કહે કે, સ્નાત્ર ભણાવીને જઈએ તો બજારમાં સારું ચાલે છે, સારી ફાવટ આવે છે. તો તેનું સ્નાત્ર વખાણાય ખરું ?

પ્ર. - તો સ્નાત્ર બંધ કરી દેવું ?

ઉ. - હું સ્નાત્ર ભણાવવાનું બંધ કરવાનું કહું છું ? હું તો કહું છું કે-એટલા માટે ભણાવો કે પૈસાનો મોહ ઉતરે. અને આજે મોટોભાગ સ્નાત્ર શા માટે ભણાવે છે ? અને કેવી રીતે ભણાવે છે ? એકનું એક નારિયેલ મહિના સુધી ય ચલાવો ને ? તમે તો ભગવાનની ભારે અવગણના કરો છો ? પચ્ચીશ - પચાસ માણસો સાથે સ્નાત્ર ભણાવે તો કેવી સામગ્રી હોય ?

આજે તો તમે જેટલી અવિધિ કરો છો તેમાં તો અમારી ય ફજેતી થાય છે. લોક કહે છે કે, તેના સાધુ ય આવું કહેતા હશે ! તમે ધર્મ શા માટે કરો છો ? મોક્ષે જવું છે તે માટે ને ? રોજ 'નમો અરિહંતાણં' અને 'નમો સિદ્ધાણં' બોલો છો. તો તે બે પદ બોલતાં યાદ આવે કે- 'આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષે ગયા છે. તેમની પાછળ તેમની આજ્ઞા માનીને અને પાળીને બીજા અનંતાનંત આત્માઓ મોક્ષે ગયા છે. મારો નંબર કેમ ન લાગ્યો ? 'હવે નંબર લગાડવો છે ? હવે ઝટ મોક્ષે જવું છે ? આ સંસાર ગમતો નથી ને ?

સભા : તે જાણવા માટે આવતા હોય તો !

ઉ. - હૈયાથી કહો છો ? આ સંસાર ગમે છે તેનું દુઃખ થાય છે ? તે ન ગમે તે સમજવા માટે અહીં આવો છો ? રોજ જાતને પૂછો છો કે- સંસારનો ગમો કેટલો ઓછો થયો ? ઓછો ન થાય તો હજી સંસારનો ગમો ઓછો કેમ થતો નથી તેવું દુઃખ પણ થાય છે ખરું ?

સભા : આપની કૃપા હશે તો થશે ?

ઉ. - મારી કૃપા નથી ?

પ્ર. - આગળ રાજાઓની જેના ઉપર કૃપા ઉતરે તેનો બેડો પાર થઈ જાય. તેમ શ્રી જૈન શાસનના રાજા આપની કૃપા ઉતરે તો બેડો પાર થઈ જાય ને ?

ઉ.- ભગવાનની કૃપા જેના જેના ઉપર ઊતરી તે બધા કામ કાઢી ગયા. તે બધા સાધુ થઈ ગયા. આ બધા સાધુ થઈ જશે ? જે જીવ ભગવાનનાં દર્શન કરે તે સાધુ થવાની ભાવનાવાળો જ હોય તેમ કહું ? મંદિરે કેમ જવાનું છે ? ભગવાન જેવા થવા માટે. ઉપાશ્રયે કેમ જવાનું છે ? ઘર - પેઢી નામનું પાપ છૂટે તે માટે.

શાસ્ત્રે કહ્યું છે કે - જેની પાસે આજીવિકાનું સાધન હોય તે શ્રાવક વેપારાદિ પણ કરે નહિ. કદાચ વેપારાદિ કરે તો માને કે- 'હું બહુ લોભીયો છું. લોભ મને બહુ સતાવે છે. આ લોભ નહિ ઘટાડું તો મારું કલ્યાણ નહિ થાય.' આવું પણ જે હૈયાથી માને તેને સારો કહું

મારે દરેક શ્રાવક - શ્રાવિકાને નિયમ આપવો છે કે- જે છોકરો પાંચ પ્રતિક્રમણ-જીવવિચાર-નવતત્ત્વ અર્થ સાથે ન ભણે ત્યાં સુધી તેનું કમાયેલું ખાવું નહિ અને જે છોકરી તેટલું ન ભણે તેને કોઈને ઘેર મોકલવી નહે.

સભા : તો ભુખ્યા જ રહેવું પડે.

તમારાં સંતાનો નવતત્ત્વાદિ નથી ભણ્યા તેમાં વાંક તમારો છે પણ સંતાનોનો નથી. આજે તમારાં સંતાનો બગડયાં તે તમારા જ પાપે ! તમે જ તેમને બગાડયા છે આજનાં સંતાનો ધર્મહીન થયાં હોય તો મા-બાપોએ તેમને ધર્મહીન કર્યા છે. તમે ખૂબ મહેનત કરી હોય અને તે ધર્મી ન બન્યા હોય તો વાંક તમારો નહિ. નાનું છોકરું મા - બાપનું મોં જોઈને જીવે છે. તેની માની મરજી હોય તો અમારી પાસે ઊભું રહે. મા - બાપની ઈચ્છા મુજબ જીવનાર બગાડયું શાથી ? તમે સંતાનોને દુનિયાનું બધું ભણાવ્યું પણ ધર્મનું કાંઈ શીખવ્યું છે ? ઘણાના દિકરા ડૉક્ટર-વકીલ-બેરીસ્ટર છે પણ તેને સામાયિક લેતાં - પાળતાં નથી આવડતું તેમાં વાંક કોનો છે ? આગળ વધીને મારે પૂછવું છે કે- આ બધા મા-બાપ નવતત્ત્વ ભણ્યા છે ? જૈન ઘરમાં જન્મેલો છોકરો સાધુ થવા કાં શ્રાવક થવા જન્મ્યો છે. પણ તમે તેને સાધુ કે શ્રાવક બનાવતા નથી પણ મોટો વેપારી, પૈસા કમાતો કરો છો. આ વાત જૈનકુળને માટે કલંકરૂપ છે. તમારા ઘરમાંથી ભગવાનનાં દર્શન પૂજનાદિ ન કરે તેવા કેટલા ? અને વેપારાદિ ન કરે તેવા કેટલા હશે ? મારાં સંતાનો મરી જાય પણ રાતે ન ખાય, પૂજા કર્યા વિના ન રહે તેમ તમે બધા કહી શકો ખરા ? આગળ તો જૈનની આબરૂ હતી કે તેના ઘરે રાત્રિભોજન ન થાય, કંદમૂળ પણ ન થાય. અને આજે - મારે તમને બધાને ત્રિકાળ પૂજા કરતાં કરવા છે, રાત્રિ ભોજન કરતાં બંધ કરવા છે અને અભક્ષ્ય ખાતાં ય બંધ કરવા છે. જેનાં ઘરમાં રાત્રિભોજન ન થતું હોય તેવાં કેટલાં ઘર મળે ?

માતા - પિતા, ભાઈ - ભાઉં, સ્નેહી - સ્વજનાદિ ધર્મ પામવા માટે વૈરી કહ્યા છે. તે બધાથી જે ગભરાય તે જ ધર્મ કરી શકે. આગળ રાજપુત્રો, શ્રેષ્ઠીપુત્રો ભગવાન આદિની દેશના સાંભળી પ્રતિબુધ્ધ થતાં તો મા - બાપને કહેતાં કે - આજે ભગવાન આદિ મળ્યા, તેમની દેશના સાંભળી મને ગમી ગઈ. તો મા-બાપ કહેતા કે- તું ભાગ્યશાળી છો. પછી તે એમ કહેતા કે- મારે પણ દીક્ષા લેવી છે, સાધુ થવું છે તો મા-બાપને મોહથી મૂર્ચ્છા આવતી, દુઃખ પણ થતું. પણ પછી કહેતા શું તે ખબર છે ? કદી એમ નથી કહ્યું કે તને ભોળવ્યો કોને ? સાધુપણાંના દુષ્કરતાનાં, કષ્ટનાં વર્ણન કરતાં અને તું સુકુમાર છો તેમ પણ કહેતાં અને તેની પૂરેપૂરી મક્કમતા દેખે તો મહોત્સવપૂર્વક દીક્ષા અપાવતા. તમે શું કહો ?

સભા : માર્ગ તો સારો છે તેમ કહીએ.

સાચે સાચું કહો છો ? તમારો દિકરો તમને પૂછે કે- આ મનુષ્યજન્મમાં શું કરવા જેવું છે. તો સાધુ જ થવા જેવું છે એમ તમે કહો ખરા ?

શાસ્ત્રે માતા - પિતાદિને ભયરૂપ કહ્યા છે તે ધર્મમાં આડે આવે માટે પણ ખોટાં કામ કરતાં હો તો રોકે નહિ પણ સહાય કરે.

પ્ર.- શાસ્ત્રે ત્રીશ સ્થાન જે કહ્યાં છે તે કયા કયા ?

ઉ.- તે આનાથી જાુદાં છે. આ બધા તો પ્રેમ બતાવીને પાડનારા છે. ધર્મ નહિ કરવા દેનાર આ છે. પહેલાં આને - માતાપિતાને લંઘે પછી તેને તે ત્રીશ સ્થાનને લંઘવાનાં છે.

બધાનું મૂળ મોહનીય છે. તેમાં દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય એવાં છે કે જીવને ધર્મ કરવાનું મન જ ન થવા દે. જે દર્શન મોહનીય ભૂંડું છે તેના બધા જ ક્ષયોપશમ ભૂંડાં કહેવાય. તમને લક્ષ્મી ન મળે તો દુઃખ થાય પણ મળેલી લક્ષ્મીનો સદ્ઉપયોગ ન થાય તો દુઃખ થાય ? તમને લાભાંતરાય નડે છે કે દાનાંતરાય નડે છે ? સુખી લોકો દીન-દુઃખી માટે તળાવ જેવા બને ને ? સુખીને ઘેર દુઃખી માગવા આવે તો તેને આનંદ થાય કે દુઃખી થાય ? ભીખ માગનારા તમારા માટે સદ્ગતિના દરવાજા જેવા છે. તમને શિખામણ આપે છે કે- 'અમારા જેવો વખત ન આવે માટે આપતા થાવ. આપશો તો અમારી જેમ ભીખ માગવી નહિ પડે. નહિ આપો તો અમારી જેમ ભીખ માગવી પડશે. આ વાત સમજો છો ? મેં એવો એક શ્રાવક જોયેલો છે કે જે રોજ બપોરના જમ્યા પછી મોટો ટાટ લઈને પોતાનાં આંગણામાં બેસતો અને દરેક ભીખારીને પ્રેમથી આપતો હતો. કર્મયોગે તેની સ્થિતિ બદલાઈ ગઈ. તેથી જમીને વાડકી લઈને નીકળ્યો તેથી ભિખારીઓ સમજી ગયા અને હાથ જોડીને શેઠને કહે કે- અમે માગવા નથી આવ્યા પણ આપના દર્શન કરવા આવ્યા છીએ. રોજ તે કેવી રીતે આપતો હશે !

શાસ્ત્રે શ્રાવકનાં ઘરોને 'અભંગદ્વાર' નાં કહ્યાં છે. ભિક્ષુક, યાચક, દીન, દુઃખી માટે તેનું ઘર હંમેશા ખુલ્લું હોય તેની પાસે હોય ત્યાં સુધી આપ્યા વિના રહે નહિ. શ્રાવકને પૈસો કમાવવો ન ગમે પણ સારે માર્ગે ખરચવો ગમે. શ્રાવકને ધન કમાવવું પડે તેનું તેને દુઃખ હોય પણ સારે માર્ગે ધન ખર્ચે તેનો આનંદ હોય. કેમકે લક્ષ્મી સેવા જેવી નથી પણ છોડવા જેવી છે. આ જ્ઞાન તમને છે ?

સભા : બધાને સાથે લઈને લાભ લેવાનું મન થાય છે એકલા લાભ લેવાનું મન થતું નથી તેનું કારણ શું ?

ઉ. - કમાણી કરો ત્યારે કોઈને ય ભાગીઓ રાખો ? દાનમાં જ ભાગીદાર કેમ શોધો છો ? જેમ બને તેમ મારે ઓછું આપવું પડે તો સારું - માટે ને ? આ વૃત્તિ પણ પાપ પેદા કરાવનાર કહેવાય.

આ આખો સંસાર ભયરૂપ છે. મોહનીય કર્મ પણ ભયરૂપ છે. તે ભયરૂપ કોને ન લાગે ? જેને મોક્ષ જોઈએ તેને. ભગવાને ધર્મ મોક્ષ માટે જ કહ્યો છે પણ દુનિયાના સુખને માટે નહિ. આ સુખ તો છોડવા જેવું જ છે. શ્રાવકકુળમાં તો દિકરો કાં સાધુ કાં સારો શ્રાવક થવો જોઈએ. આ બે આદર્શ તમારા બધાના હોવા જોઈએ. તો તમારું કુળ સાચું શ્રાવકનું કુળ કહેવાય. તમારો દિકરો કમાતો થાય - મોજમઝાદિ કરતો થાય તો સારો કે ધર્મી થાય તો સારો ?

સભા : આપની વ્યાખ્યા ઉત્કૃષ્ટ છે.

ઉ. - શી વ્યાખ્યા કરું ? હાશ ! ઘર ચલાવનાર પાકયો તેમ કહું ? સંસાર જ ગમે તેમાં જ મઝા કરતો થાય તેમાં આનંદ પામે તે તો મહા મિથ્યા દ્રષ્ટિ છે. તેને શ્રાવક કહેવાય ? છોકરો જન્મે તો ઘર - પેઢી ચલાવનારો પાકયો તેવી વૃત્તિ શ્રાવકની હોય ? તેમાં જ મઝા કરતો મરે તે છોકરો મરીને જાય કયાં ? તમને તમારાં સંતાનોની દયા પણ આવે છે ? તમારો છોકરો બહુ પૈસા કમાઈને આવે તો તેને પૂછો કે- શી રીતે કમાવીને લાવ્યો ? તમને તમારી જાત ઉપર દયા નથી, કુટુંબ ઉપર દયા નથી તો બીજા ઉપર તો દયા હોય શેની ? અનીતિથી કમાઈને લાવનારા છોકરા ગમે છે સારા લાગે છે અને તે ધર્મ નથી કરતા તેનો બચાવ કરો છો. આવી આજની હાલત છે. આ હાલત સુધારવી છે તો તે માટે આ બધા ભયરૂપ છે તે ઓળખવા પડે તે વાત સમજાવવી છે વિશેષ અવસરે.

## મનન મોતી

સંગ્રાહિકા : અ.સૌ. અનિતા આર. પટણી-માલેગાંવ

- ધર્મજન્ય દોષો - ખામીઓને જાણી દૂર કરવા પ્રયત્ન કરવો પણ વ્યક્તિગત રાગ-રોષના બીજ વાવવા નહિ.
- શરીરમાં રહેલા તાપને થર્મોમીટર બતાવે તેથી કાંઈ થર્મોમીટર તોડી ન નંખાય ? તેમ પાપ કર્યું તો દુઃખ આવે તો દુઃખના રોદણાં ન રોવાય પણ તેનું મૂળ જાણી તેને દૂર કરવાના ઉપાય સેવાય.
- મનને માર્ગસ્થ સદ્વાંચનના સ્ત્રોતથી પ્રવાહિત રાખવામાં આવે તો સુખ - શાંતિ - સમાધિ સદૈવની સોહાગણ બને.
- અપ + ઈક્ષા = અપેક્ષા. અર્થાત્ અપદ્રષ્ટિ !
- સમાધિથી સાધના ખીલે છે. સગવડથી સાધના સીદાય છે.
- સંતોષ - સમાધિ જોડિયા ભાઈ - બહેન છે.
- સંગ અને સંસ્કાર જીવનને આબાદ પણ કરે અને બરબાદ પણ કરે.
- જ્ઞાની કહે છે કે, તું કોઈનું દુઃખ ન લઈ શકે તો બીજાને દુઃખ ન આપ. જો તું બીજાને દુઃખ નહિ આપે તો તને પણ દુઃખ નહિ મળે.
- ધનની ધૂનથી જીવન ધૂળ બનશે, ધર્મની ધૂનથી જીવન ધન્ય બનશે.
- પરસ્પર સંપથી રહેવું, સમર્પણભાવ કેળવવો, સમજશક્તિથી વર્તવું, ધર્મની આરાધનામાં ઉજમાળ બનવું તેમાં જ આ જીવનની સાર્થકતા છે.
- સોડાવોટરની બોટલમાં નાની ગોળી એવી એરટાઈટ હોય છે જે બહાર હવાને અંદર અને અંદરની હવાને બહાર જવા ન દે. તેવી જ આપણા પર મોહની ગોળી છે જે અંદરના દુર્ગુણોને બહાર અને બહારના સદ્ગુણોને અંદર જવા ન દે.
- લોહીથી ખરડાયેલાં વસ્ત્રો લોહીથી નહે પણ પાણીથી સાફ થાય. તેમ ક્રોધને ક્ષમાથી, વૈરને વાત્સલ્યથી અને દ્વેષને પ્રેમથી સમજાવટથી જીતો.
- મેંદીને વધુને વધુ ઘુંટવાથી લાલાશ વધે તેમ પ્રભુ સાથે ભાવથી પ્રીત - ભક્તિ ઘુંટવાથી કરવાથી વૈરાગ્યનો રંગ વૃદ્ધિ થાય. પાકો બને.
- જે જીવન સંયમ - વ્રત - નિયમાદિથી યુક્ત છે તે જ સિદ્ધિ સાધ્યને સિદ્ધ કરે.
- આંખનું આકર્ષણ ક્ષણજીવી છે, અંતરનું આકર્ષણ ચિરંજીવી છે. સુંદર વસ્ત્રાલંકાર આંખને આકર્ષિત કરશે પણ અંતરને આકર્ષિત તો સદ્ગુણો જ કરશે. માટે આંતર ગુણ વૈભવને વધારવા મથ.

ક્રમશઃ

# રાષ્ટ્રીય સ્તરે થતી ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૬૦૦મી જન્મતિથિની ઉજવણીનો વિરોધ શા માટે ?

વાંચો - વંચાવો - વિચારો

હપ્તો - ૫ મો

*(''ચરમતીર્થપતિ શ્રવણ - ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૫૦૦ મી નિર્વાણ કલ્યાણક તિથિને અનુલક્ષીને જે અશાસ્ત્રીય નીતિ-રીતિ ભગવાનનો મહિમા વધારવાને નામે ચાલી પડેલી, તેવી જ અશાસ્ત્રીય રીતે હવે ૨૬૦૦મી જન્મ કલ્યાણક તિથિની રાષ્ટ્રીય ઉજવણી જે કરવા માગતા હોય તેમણે, તે વખતના ગીતાર્થ મહાપુરૂષોએ એવી ઉજવણી ભગવનાની અશાતાના સ્વરૂપ હોવાનું આપેલું માર્ગદર્શન આજે પણ તેટલું જ ઉપયોગી, જરૂરી હોવાથી ધ્યાનમાં લેવાની જરૂર છે.*

***માર્ગદર્શક મહાપુરૂષ છે. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી* મ સા.**

*શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. આ ભગવંતશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના યાચીએ છીએ.*

*-સંપાદક*

❖ તમે લોકો જૈનદર્શન અને અન્ય દર્શનમાં મધ્યસ્થ છો ? આપણા આચાર્યો ભવભીરૂ હતા. તેમને જે જુદા પડયા તને પડવા દીધા પણ એકતા ન કરી. તે આચાર્યો જે લખી ગયા તેને ખોટા કહેવા છે ? બધા પૂર્વાચાર્યોએ કુતિર્થિને કુતેર્થિ કહ્યા છે. આપણે ત્યાં કોઈના પર પક્ષપાત નથી જેટલું નિષ્પક્ષ જૈન દર્શન છે તેવું બીજાું કોઈ નથી. **પર સમુદાયનો સાધુ સારું કરતો હોય અને તેને ખોટું કહેવું તે મહાપાપ છે તેમ પોતાના સમુદાયનો સાધુ ખોટું કરતો હોય અને તેને સારું કહેવું તે પણ મહાપાપ છે**

કોઈપણ વસ્તુનો શાસ્ત્રાધારે નિર્ણય ન થાય તેવું છે જ નહિ. સામાચારી જુદ ચીજ છે તે ભિન્ન હોઈ શકે છે. પણ શાસ્ત્રના અર્થમાં ફેર હોતો નથી. નીતિનો નિયમ ન મળે તો શિષ્ટને પૂછવું પડે. શિષ્ટ કોનું નામ ? પોતાના ખોટા હોય તો ખોટા જ કહે અને પારકા સારા હોય તો સારા જ કહે.

તમે આપણા આચાર્યોને કેવા માનો છો ? શાસ્ત્રોને કેવા માનો છો ? આપણા આચાર્યો ખોટું કરે જ નહિ તેવો વિશ્વાસ છે ને ? એક વચન પણ જિનનું ન માને તેને મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે. તમે જેને ગુરૂ માનો તેની પાસે જાવ. સમજો, પૂછો, ગ્રન્થોમાંથી જાણો. ગુરૂને કહેજો કે, હું સમજી શકતો નથી પણ આપના પર વિશ્વાસ છે માટે આપ ખોટું કહેશો તો આપ ડૂબશો.

પૂ. શ્રી આત્મારામજી મહારાજાને ઓળખો છો ને ? અમે ય તેમની પરંપરામાં આવેલા છીએ. તેમણે સ્થાનકવાસી મત છોડેલો તે જાણો છો ને ? તે સત્યના શોધક હતા માટે સાચો માર્ગ પામી શકયા. તેમને ખબર પડી કે હું ઉન્માર્ગે છું પછી અહીં આવવા શું કર્યું તે ખબર છે ને ? ઘણાને સન્માર્ગી બનાવી અહીં આવવા નીકળ્યા ત્યારે કેટલા મોટા ઝઘડા ઊઠયા. તે બધા વેઠીને અહીં આવ્યા. અને જ્યારે શ્રી સિદ્ધગિરિજી ગયા ત્યારે ભગવાનની સ્તવના કરતા કહ્યું કે- ''માંડ માંડ કુગુરૂના પંથમાંથી છૂટયો.'' પોતે હિન્દી ભાષામાં ગ્રન્થો લખી ગયા છે. જૈન તત્ત્વાર્દશ, અજ્ઞાન તિમિર ભાસ્કર આ. ગ્રન્થો વાંચ્યા છે ? તેમના ચેલાઓ કહે બધા સાથે બેસો તે મંજુર છે તમને ? કોને માનો છો ? મહારાજ શ્રી આત્મારામજીના સમુદાયના બે ભાગલા પડી ગયા તોય તમને સૂઝયૂં નહિ કે તેમના જ ગ્રન્થો જોઈએ. મહારાજ આત્મારામજી આજની કોલેજોને 'સત્યમંદિર' કહે ? નજરે છે તે વાંચવાની તૈયારી નથી, પૂ. આત્મારામજી મહારાજ ખુદ લખી ગયા છે, જીવનમાં અમલ કરી ગયા છે. તમારે હવે શંભુમેળો કરવો છે ?

પંજાબના શ્રાવકોની ઘણી વિનંતિ હતી પણ સંજોગવશાત્ હું પંજાબ જઈ શકયો નથી. મારી તો ઈચ્છા ત્યાં જઈને તેમના જ ગ્રન્થો વાંચવાની હતી. પૂ. આત્મારામજી મહારાજ તો દૂરના નથી ને ? તેમની ભાષા સમજાય તેવી નથી ? તમારે લોકોને સમજવું જ નથી. જો સ્થાનકવાસી સાથે બેસવા જેવું હતુ તો પછી પૂ. આત્મારામજી મહારાજ શું કામ લાગી આવ્યા !

જ્યારે તેઓ પંજાબથી અહીં આવવા નીકળ્યા છે ત્યારે માર્ગમાં તેમના સ્થાનકવાસી ગુરુ મળ્યા છે તે કહે છે કે- ''મને ય મૂકીને જાય છે.'' ત્યારે પૂ. મહારાજે કહ્યું કે- ''ગુરુ તરવા કર્યા છે, ડૂબવા નહિ. આપ સાથે આવો તો મારા માથા પર છો. પણ અહીં રહેવાય

નહિ.'' ગુરુ ભલા હતા તેથી કહ્યું- ''હું નિર્બળ છું. તું જા. તને મારા આશીર્વાદ છે.''

તમે અમને શું કામ માનો છો ? અમે તો ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જે માર્ગ કહ્યો તે જ કહેનારા છીએ. આ માનવું હોય તો પગ પકડો નહિ તો ફેંકી દો. શ્રી જિન શાસનમાં ભગવાન શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ ચાલે તે જ ગુરુ છે. આજ્ઞા મુજબ ન ચાલે તે ગુરુને મૂકાય તે આ જૈનશાસન છે. ડૂબતાને પકડી ડૂબાય નહિ.

પ્ર.- તિથિચર્ચા આત્મારામજી મ. ના વખતમાં હતી ? ઉ. - હતી. તે વખતે તેમને ય વિરોધ કરેલો. સં. ૧૯૫૨માં ભા. સુ. ૫ નો ક્ષય આવ્યો ત્યારે તેમને જ ભા. સુ. ૪+૫ ભેગી કરવાનું કહેલ તે જ સાલમાં તેઓ કાળ પામી ગયા.

જો તમે માર્ગ નહિ સમજો તો તમારી આબરૂને કલંક લાગશે. તમારી આબરૂ તમે ખોશો તો તમારા માથે પાપ ચોંટશે. **ઝઘડામાં અમે અહીં** (મુંબઈમાં) **આવ્યા છીએ. અહીં આવી ઝઘડા કર્યા છે.** લાલબાગે સાથ આપ્યો છે. તે વખતના તોફાનો તમે જોયા નથી. અમે અંધેરી સુધી આવ્યા ત્યાં સુધી **તારો આવતા કે પાછા ફરી જાવ, તોફાન બહુ છે.** મેં કહેલ કે - ગભરાવ નહિ. અહીં (આ લાલબાગમાં) **આવ્યા ત્યારે કાચ પથરાયેલા.** અમારું કોઈ ન હતું સભામાં એવું તોફાન કર્યું કે વાત ન પૂછો. તોફાન થયા પછી અહીં વાળા સમાધાન કરી આવ્યા કે, **વ્યાખ્યાન વાંચવું નહિ.** પછી મારી પાસે આવ્યા તો મેં કહ્યું કે- **''ઉભા થઈ જાવ. કાલે ઓઘો મૂકવાનું કહેશો તો શું મૂકી દઈએ ?''** તે લોકો કહે - ''મહારાજ રક્ષણ નહિ થાય.''

મેં કહ્યું- **''તમારા રક્ષણ પર આવ્યા નથી. વ્યાખ્યાન થાંભલા હશે તો થાંભલા આગળ વાંચીશું પણ બંધ નહિ કરીએ.''**

આ રીતે અમે લાલબાગમાં આવ્યા છીએ. અહીં આવી લડયા છીએ. કોર્ટમાં અનેકવાર ગયા છીએ. તે વખતે તો ઘણા સાથે આવતા. આજે તો પાંચે ય ન આવે. અમારી સાથે રહેનારા - આવનારા 'તોફાની' ગણાય છે. અમે તોફાનોમાં આવ્યા છીએ, તોફાનો વેઠયા છે, તોફાનો જોયા છે પણ જરા ય ગભરાયા નથી. અમારો હેતુ એક જ છે કે, સાચો માર્ગ છૂટી ન જાય. અમે સમજ્યા પછી પણ મધ્યસ્થપણું સ્વીકારીએ, **રાખીએ તો સાધુપણાંને કલંક લગાડનાર છીએ.** સાધુપણાંથી વિરુદ્ધ જઈ તમારી સાથે રહેવું નથી. માટે સમજો કે ખોટી એકતા ન થાય.

■　■　■

❖ ધર્મદેશકમાં પ્રથમ નંબર શ્રી અરિહંત પરમાત્માનો છે. તેમના જેવી દેશના દેવાની તાકાત બીજા કોઈનામાં નથી. તેમની વાણીમાં જે શકિત છે તે બીજાનાં નથી. તેમની વાણી સઘળા ય જીવો પોતાની ભાષામાં સમજે તેવી અને બધાના સંશય ટળે તેવી હોવા છતાં જે જીવો ન સમજે તે અવેદ્ય સંવેદ પદની બલિહારી છે. અહિંસાદિ સુખના સાધન તેને દુઃખના સાધન ભાસે છે અને દુઃખના સાધન તેને સુખના લાગે છે. જગતમાં અહિંસા - સત્ય અને તપ એવા સુખના સાધન છે જે તેને જીવવા લાગે તેને ચક્રવર્તીનું સુખ રાંકડા જેવું લાગે.

આ કાળ બહુ ખરાબ છે. ઘણા જીવોને પોતાની જાત પર, સમજ પર એટલો બધો વિશ્વાસ છે કે જ્ઞાતીની સમજ અડતી જ નથી. વિષય - કષાયનો રસ જીવને કદિ સાચું સમજવા જ ન દે. ઘોર તપ તપનારા પણ વિષય - કષાયના રસિયા કદિ સાચું ન સમજી શકે. સમ્યગ્દર્શનની વાત કરવા છતાં સમ્યગ્દર્શન સ્પર્શે નહિ, નવપૂર્વનું જ્ઞાન અજ્ઞાનરૂપ બને, ચારિત્રની ક્રિયા કરવા છતાં સમ્યક્ ચારિત્રનો સ્વાદ ન આવે.

આ દ્વાદશાંગી પામી જેમ અનંતા આત્માઓ તર્યા તેમ અનંતા ડૂબ્યા. વેદના વાકયોથી ભગવાન શ્રી ઈન્દ્રભૂતિજી આદિને સમજાવી દે. જેનામાં તેવી શકિત ન હોય તેને તો તેવા શાસ્ત્રોને અડવાનું પણ નહિ. આ બધી મર્યાદા આપણા ભલા માટે છે. દૂધાળા જાનવર માટે વાડા તેના હિત માટે છે ને ? જેટલા દૂધાળા જાનવર, કામગરા જાનવર તેને ગમે ત્યાં ચરવા મૂકે તો ય સંધ્યાએ આવી સૌ પોતપોતાની જગ્યાએ બેસી જાય. તે સમજે છે કે અહીં બેસવામાં મજા છે, માલિક ખાવા-પીવાદિ બધી ખબર રાખે છે. તેમ આરાધક જીવો દૂધાળા જાનવર જેવા છે. તેને માટે બધી મર્યાદા છે.

શ્રી જિનેશ્વરદેવ ખુદ વિદ્યમાન હોય તો પણ જેને સંસારમાં જ રખડવું તો કાંઈ કરી શકત નથી. ભગવાનનું શાસન પણ તેવા જીવોનું કલ્યાણ કરી શકતુ નથી. ધર્મ કરવો હશે તો ખૂબ ડાહ્યા બનવું પડશે અને આ કાળમાં તો ખૂબ સાવચેત રહેવું પડે.

**ક્રમશઃ**

# ત્રિ-વેણી

'શૌર્યવાણી'

**વહેણ : ૧ એક સંવેદના**

ધૂળની ઉડેલી એક ડમરી પણ ચક્રવાતનું સ્વરૂપ પકડી લેતા વાર નથી લગાડતી. અને એ જ્યારે વિનાશક ચક્રવાત બનીને ચોફેર ફેલાઈ જાય છે, ત્યારે બધુંજ જમીનદોસ્ત બની બેસે છે. વિધ્વંસનું દુશ્ચક્ર ત્યારે સર્વત્ર તાંડવ નૃત્ય મચાવે છે.

બસ ! તે જ રીતે જીવન - પટલ પર ઘૂસણખોરી કરી ગયેલું કોક નાનકડું પણ દૂષણ; વિકરાલ સ્વરૂપ પકડતા વાર નથી લગાડતુ. તે એક દૂષણ અસંખ્ય દૂષણોના ઢેરને નોંતરી શકે છે. અને જ્યારે જીવનમાં પ્રવેશેલા એકાદા દૂષણને પાપે પણ જીવન પાપોનો ઉકરડો બની બેસે છે; ત્યારે માનવની ભાષણતાનો કોઈ સુમાર નથી રહેતો. અનિષ્ટો ત્યારે માનવના અંગે અંગ કરડી ખાય છે.

એક ધૂળની ડમરી ચક્રવાતને પ્રેરણા આપી શકે છે. બસ ! તેમજ એક દૂષણનું વિષ સંપૂર્ણ જીવનને ખારુ ઝેર કરી દે છે. ખદ્બદતોં ઢેર કરી મૂકે છે.

**વહેણ : ૨ એક ચિનગારી, ચિન્તનની...**

उदयति यदि भानुः पश्चिमायां दिशायाम्,

विकसते यदि पद्मं पर्वताग्रे शिलायाम्;

प्रचलति यदि मेरुः शीततां याति वह्नि,

तदपि न चलतीयं भाविनी कर्म रेखा... ॥

ભવિષ્યને ભવ્યાતિ ભવ્ય બનાવવાના એકમાત્ર મુદ્રાલેખ સાથે જ્યાં ત્યાં ધસમસી રહેલા માનવને એની ખબર નથી હોતી કે તેનુ ભવિષ્ય ક્યારનુય નિયત થઈ ચૂક્યું છે. ભવિષ્યની નિયતને ભૂંસી શકવાની કે ભવ્યતા બક્ષી શકવાની કોઈ કરતાં કોઈ હેંશીયત હવે તેનામાં બચી નથી..

ખરી વાત તો એ છે કે માનવ પોતે ઉભો છે; વર્તમાનની વસુન્ધરા પર વર્તમાનની ભૂમિકા પર પગ પછાડી - પછાડીને મદમસ્ત બનેલો તે માનવ ન તો અતીતનું સાચુ દર્શન કરી શકે છે કે ન તો આવતીકાલનું પણ આગોતરુ દર્શન કરી શકે છે. માનવ પોતાના અતીત અને અનાગતનું સ્પષ્ટીકરણ ક્યારેય કરી શક્યો નથી. તેની મેધા, તેની પ્રતિભા, તેની વિદ્વત્તા અને તેની સાર્વભૌમ દૂરોગામિતા પણ ભવિષ્યના પટ પર કંડારાયેલા અક્ષરોનું શુધ્ધ વાંચન કરી શકવામાં હીણી સાવ વામણી પૂરવાર થાય છે.

બેશક ! તોય ભાગ્યેજ કોક માડી જાયો મળશે જે પોતાના ભવિષ્ય અંગે સચિન્ત ન હોય. પ્રાયઃ ન અપવાદનો નિખાલસ સ્વીકાર કરી લઈને પણ આપણે એ પ્રસ્તાવને આથી બહાલીજ આપી દેવી રહી કે પ્રત્યેક મનુષ્ય પોતાની આવતી કાલ અંગે ચિન્તાતુર હોય છે.

રાજાધિરાજ હોય કે પછી રંક, સમ્રાટ હોય કે પછી સવા પૈસાનો પગારદાર સેવક, ચમરબન્ધી હોય કે પછી ઘર ઘરના પગરખા ચોકખા કરી આપતો ચમાર, અલબત્ત ! સાર્વત્રિક સત્ય એ છે કે સહુ કોઈને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવું છે. ધોળા દૂધ જેવુ જ. સહુ કોઈને પોતાનુ ભવિષ્ય તંદુરસ્ત બનાવવુ છે. ઘેઘુર વૃક્ષ જેવું જ. સહુ કોઈને લાલિત્યની લાલસા લાગુ પડી રહી છે. પાછુ તે પણ રાતાચોળ તરબૂચ જેવું લાલિત્ય. સહુ કોઈને સૌષ્ઠવની કામના પીડી રહી છે. અને તે સૌષ્ઠવ પણ પાછુ જેવુ તેવુ નહિ; આભ અડકી ઈમારત જેવું જ તે સૌષ્ઠવ.

અફસોસ ! પણ પેલું ભવિષ્ય કોઈનીય કામનાને સફળ થવા દેતું નથી. કોઈનીય કલ્પનાને ધરતી પર ટકવા દેતુ નથી. કોઈનીય લીપ્સાને ચરિતાર્થ બનવા દેતુ નથી. કોઈનાય સંકલ્પને સાકાર બનવા દેતુ નથી.

★ ભવિષ્ય, અણનમ રહે છે. અડગ રહે છે.

★ ભવિષ્ય, અજેય ગણાય છે. અવિચલ ગણાય છે.

★ ભવિષ્ય, અવશ્યં ભાવિ હોય છે આથી જ તે અનિર્મેય બની રહે છે.

કારણકે... ભવિષ્યનું ભાગ્યાંકન કરવાની શકિત માત્ર ને માત્ર કર્મસત્તાને સાભાર બની છે. આપણા સહુકોઈનું ભવિષ્ય કર્મસત્તાની પગરખાને જ માથે ચડાવે છે. હા ! અફસોસ ! એ ભવિષ્ય છે આપણું એ ભવિષ્યના આઘાતો - પ્રત્યાઘાતોનું નિશાન પણ આપણે જ છીએ. એ ભવિષ્યના નિયમનોનું લક્ષ્ય પણ આપણે જ છીએ. તમે છતા આપણું જ પોતાનુ ભવિષ્ય આપણે હસ્તગત નથી કરી શકતા. તે આપણા ચરણોની નહિ, કર્મસત્તાના ચરણોની ચાકરી ઉઠાવી રહ્યું છે.

સીવાય કર્મસત્તા, દુન્યવી કોઈ સત્તામાં એટલું પાણી નથી, જે ભવિષ્યના પછી સર્વોચ્ચ સત્તા પણ કેમ ન હોય. ભવિષ્ય તો કેવલ કર્મસત્તાના ચરણોની રજને જ પૂજે છે.

અને તે કર્મસત્તા વિશ્વભરના એકેકા પ્રાણી સામે તહોમતનામું દાખલ કરીને બેઠી છે. તે કર્મસત્તાની નેમ પૂરા બ્રહ્માંડના ક્ષેમ - કુશળને બૂરી રીતે બરખાસ્ત કરી દેવાની રહી છે. તે કર્મસત્તાએ વિશ્વવર્તી એકેકા જન્તુઓને પોતાના નાચીઝ કેદી બનાવ્યા છે. તેમના હિતોને નાબૂદ કરી દીધા છે.

હા ! પાપ ! પાછી તે કર્મસત્તા મહાબલવતી હોય છે. મહારૌદ્ર હોય છે.

★ પૂરેપૂરી નિષ્ઠુર હોય છે; તે કર્મ સત્તા.

★ પૂરેપૂરી જાલિમ અને કાલિમ હોય છે; તે કર્મસત્તા.

★ પૂરેપૂરી જુલ્મી હોય છે; તે કર્મસત્તા.

કર્મસત્તાએ રચેલી ચક્રચૂડમાં કયાંય ન સપડાવું; એ તો ચક્રવ્યૂહના વિજય જેવી વાત કહેવાય. મહાભારતનો ચક્રવ્યૂહ અને કર્મોની ચક્રચૂડ; સ્વરૂપથી બન્ને ચીજ તદ્દન વિભકૃત હોવા છતાં સ્વભાવની દ્રષ્ટિએ તો તે બન્નેમાં ગેબી સામ્ય સમાયુ છે.

★ મહાભારતના ચક્રવ્યૂહે દુર્ઘર્ષ પરાક્રમી પાંડવોને પણ પરાસ્ત કર્યા.

★ બસ ! કર્મસત્તાને ચોમેર છવાયેલી ચક્રચૂડે પરમેષ્ઠીઓને પણ પછાડ્યા છે.

પરમાત્માઓને પણ પીડિત કર્યા છે. પરમપુરુષોને પણ ભ્રાન્ત બનાવ્યા છે. કર્મસત્તાની ચક્રચૂડ પણ મહાભારતના ચક્રવ્યૂહ જેવી જ દુર્ઘર્ષ અને દુરારાધ બની રહે છે. એનો કોઈ ઉકેલ નથી જડતો કે નથી તો એનો કોઈ ઓવાર મળી શકતો.

કર્મસત્તાના ચક્રચૂડથી બચી શકાય તેવું આરક્ષિત સ્થાન પણ આ વિશ્વમાં કોઈ નથી. સર્વગામિની અને સર્વઘાતિની હોય છે; તે કર્મસત્તા.

તે કર્મસત્તાની પૂરેપૂરી તો શું ? આંશિક પણ હકાલપટ્ટી કરવાની હિમ્મત મોંઘેરી બની રહે તેમ છે.

આમ છતાં, પેલા અભિમન્યુ જેવો કોક વીરજાત જરૂરથી આ સર્વગામિની પણ કર્મસત્તાની પૂરેપૂરી હકાલપટ્ટી કરી દે છે. કર્મસત્તાના અધિકાર તળે કચરાતા પોતાના અનન્ત ભવિષ્ય પર સ્વાતન્ત્ર્યનો મહાધ્વજ લહેરાતો કરી દે છે. પોતાના અનંત ભવિષ્યનું દૌરાન પુનઃ હસ્તગત કરી લે છે અને કર્મસત્તાને ભોંયભેગી કરી નાંખે છે.

અલબત્ત ! કયાં છે એવુ સત્ત્વ ?

કયાં છે એવો અપૂર્વ વીર્યોલ્લાસ ?

કયાં છે એવી અત્યુત્કટ વીરતા ?

બસ ! આપણા - સંસારીઓના કપાળે તો આથી કર્મસત્તાની ગુલામી જ ચોંટી પડી છે. આથી જ મહાપુરુષોએ ગર્જના કરી કરીને આપણને સાવધ કર્યા છે. કર્મની ભીષણતા ઉચ્ચારી છે.

★ પૂર્વદિશાના ખોળે ખૂલતો અને ખીલતો સૂર્ય કદાચિત્ પર્વાચલનો પરિહાર કરી શકે છે. પશ્ચિમના પાલવ પર પહોંચી શકે છે.

★ કાદવના ગાત્રોમાં અને પાણીની પ્રેરણાથી જ પ્રકાશ અને વિકાસને પામતાં કમલ પુષ્પો કદાચિત્ કોઈ દ્રઢભૂમિના પાષાણ પર ઉગી શકતા હશે, કદાચ પર્વતની ભીષ્મ શિલાપર ઉછરી શકતા હશે...

★ ૩૨,૦૦,૦૦૦ લાખ માઈલની ઉંચેરી કાયા ધરાવતો પર્વતાધિરાજ મેરુ હજી ચલિત અને કમ્પિત બની શકે છે, વિશ્વની તે અદ્વિતિય ટોંચ અને વિશ્વનો તે અતુલ્ય પહાડ શીર્ણ - વિશીર્ણ બની શકે છે...

★ આગ ઓકતો ગરમાગરમ જ્વાળામુખી, કદાચિત્ ચન્દન ઘોઘ વહાવી શકે છે.

★ વિશ્વની અશકયમાં અશકય જણાતી પણ સંભાવનાઓ આમ, કવચિત્ સંભવિત બની શકે છે.

અલબત્ત ! કર્મસત્તાના કંડારાયેલ ભવિષ્યને, કર્મસત્તાના લખાયેલ લેખ કયારેય પણ અન્યથા બની શકતો નથી. કર્મસત્તાનો સંકલ્પ કોઈ કાળે નષ્ટ બની જતો નથી. કર્મસત્તાનું નિર્માણ કયારેય પણ વિધ્વંસ પામતું નથી. કર્મસત્તાના કોતરાયેલા પથની એકાદ કાંકરી પણ ખેરવવી 'न भूतो नभविष्यति' જેવી વાત લેખાય...

આથી જ કહેવું રહ્યું કે तदपि नचलतीयं भाविनी कर्मरेखा.

● ● ●

**વહેણ : ૩ = એક પ્રેરક પ્રસંગ**

**'પિતૃ સેવા માટે યાવજ્જીવ બ્રહ્મચારિણી...'**

તે નાજાકત નારીએ પિતૃસેવાનો મહાયજ્ઞ પેટાવી દીધો. જીવનની ત્રણ - ત્રણ દશાબ્દીઓનું મહામોંઘુ, મૂલ્યવંતુ સમિધ્ પિતૃસેવા'ના તે યજ્ઞમાં સમર્પિત કરી દઈ તે નારી સાચ્ચે જ સાધુજનો માટે પણ સ્તુત્ય બની.

તે મહાનારીનું પુન્યનામ 'નયના' જેવા શબ્દ સંપુટમાં વિરામ પામ્યુ છે.

અસંખ્ય - અસંખ્ય પુન્યરાશિના યોગે માનવનું ખોળિયું મેળવી શકનારી તે સ્ત્રી અત્યન્ત ધર્મપ્રાણ માતા - પિતાને પણ પામી શકી. જે એના સત્પુન્યનું મહાફળ જ લેખાય.

આમ તો તેમની જન્મભૂમિજ એવી પવિત્ર હતી; કે જે ભૂમિના દર્શન માટે અહમિન્દ્રો પણ તલસતા રહે. ત્રિભુવન શિરમોર તીર્થાધિરાજ શ્રી પાલીતાણા જ તે પરિવારનું જન્મ સ્થાન.

એમ પણ જન્મ ભૂમિ માટે ગવાયુ છે કે जननी जन्मभमिश्च स्वर्गादपि गरीयसी. માતા અને માતૃસ્થાન; આ બન્ને તત્વો સ્વર્ગથીય અધિક રળીયામણા કહેવાય. જ્યાં માતૃસ્થાન જ સાક્ષાત્ સ્વર્ગ લેખાતુ હોય; ત્યાં વળી સાચે સાચા સ્વર્ગનેય વન્દ્ય અને સેવ્ય સ્થાન જેનું માતૃસ્થાન હોય; તે વ્યકિત તો કેટલી બડભાગી કહેવાય ?

તીર્થભૂમિ; તીર્થ તુલ્ય માતા - પિતાના ધર્મ સંસ્કારોથી સિંચાયેલી નયનાકુમારી જ્યાં તારુણ્ય'ના તોફાનગ્રસ્ત વિસ્તારમાં પ્રવેશી પામી શકી, ત્યાં જ તેને યોગાનુયોગ જંગમ તીર્થ સમા સદ્ગુરુદેવનો મિલાપ થઈ ગયો. જે સદ્ગુરુદેવને શાસ્ત્રકારો સ્થાવર તીર્થથીય ચડિયાતા કહી રહ્યા છે. હા ! અપેક્ષાનો આશ્રય લઈને.

વિક્રમની ૨૦મી શતાબ્દીના ધુરધોરી ધર્માચાર્ય શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાનું નામ ધરાવતી એક દિવ્યગુરુત્તાએ તેના તારુણ્યને ભાવિત બનાવ્યું. તે અવધૂતના ત્યાગભર્યા ઝંકારોથી નયના અભિભૂત બની. સાચ્ચેજ તેણીનું મન વૈરાગ્ય વાસિત બની ગયું.

હવે, તારુણ્યનો તોફાનગ્રસ્ત વિસ્તાર પણ તેના અન્તરમાં કશીજ તંગદિલી ન સરજી શકયો. પરમાત્મ પ્રણીત સંયમધર્મનો ખ્વાબ લચી દેવા તે મનોમન ઉત્સુક હતી. તેની વડીલ ભગિનીએ તો ભર જોબનવયમાં રંગીલા સંસારને શિકસ્ત આપી મહાભિનિષ્ક્રમણ પણ કરી દીધું. આ બધા સંયોગો નયના માટે પ્રેરક - પ્રોત્સાહક હતા.

અફસોસ ! પણ અવિરતિકર્મનીજ તે પ્રગાઢતા સમજવી પડે કે તેમ છતાંય નયના દીક્ષિત ન બની શકી.

સબૂર ! પણ તેણે પોતાના સંસારી જીવનને સંયમના અદ્ભુત અલંકારોથી સજાવી દીધું. એક સાચુકલા સાધુને પણ શરમના ઘૂંટ ગળવા પડે એવી સંયમિતા તે નયનાએ આત્મસાત્ કરી.

તેની ઉપરોકત સંયમિતામાં પૂરક બળ બની ગયુ; પિતૃ સેવા. આમપણ જીવનની સંધ્યાએ ઢળી રહેલા પિતાજીની વૈયાવચ્ચ એ પરિવાર સમક્ષનો એક પડકાર તો હતો જ. નયનાએ એ પડકારને વધાવી લીધો. 'પિતૃ સેવા'ના શસ્ત્ર દ્વારા એણે પોતાના સંભવિત સંપૂર્ણ સંસારી જીવનને હણી નાંખ્યુ.

નયનાએ સંસારમાં રહીને પણ યાવજ્જીવ બ્રહ્મચારિણી રહેવાનો સંકલ્પ ઘોષિત કર્યો. 'પિતૃસેવા' ખાતર. આજે તે જીવનના મધ્યાહ્ન આસપાસ પહોંચી હશે. અલબત્ત ! તેનો બ્રહ્માત્મા એટલો જ અટલ રહ્યો છે.

# રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

**પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.**

ગતાંકથી ચાલું

*(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રિય ઉજવણી પ્રસંગનું છે પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી વીર જન્મ કલ્યાણક ઉજવણીને લાગુ પડે છે. - સંપાદક)*

■ **સંવત ૨૦૨૯** ■ **સ્થળ : શાંતાક્રુઝ જૈન ઉપાશ્રય**
■ **સમય : આસો વદી-૬, બુધવાર તા. ૧૭-૧૦-૭૩**

**ચાલુ વ્યાખ્યાન સમયે એક ભાઈએ પ્રશ્ન પૂછ્યો કે અત્રે દિવાળીના દિવસે જે 'નિર્વાણ કલ્યાણક'નો વરઘોડો નીકળવાનો છે તે આપ નવું કરો છો તો આ બાબતમાં ખુલાસો થાય તે ઈચ્છનીય છે.**

**પૂજ્યશ્રીએ જે ખુલાસો કર્યો તેની સારભૂત નોંધ :**

આનો ખુલાસો તો કરેલો જ છે. આ લોકો તો બધું નવું જ કહેશે પરંતુ અમદાવાદમાં જઈ જોઈ આવો કે આ વરઘોડો નીકળે છે કે નહિ ? અમદાવાદમાં તો પાંચે પાંચ કલ્યાણક અંગેના વરઘોડા દર સાલ નીકળે છે.

આ સરકાર વનસ્થલી ખોલશે, ભગવાનના નામે સરોવરો ખોલશે તે જાુનું ! આ હૈયા વગરની વાત છે. કતલખાના ખોલે તે ભગવાનનું કલ્યાણક ઉજવે ? તેને અને કલ્યાણક સાથે લાગેવળગે શું ? દેડકાના પગ કપાય, દેડકાને પીલવે તે બધા કલ્યાણક ઉજવે ? જે દિવસે ભગવાનનું કલ્યાણક ઉજવાશે તે દિવસે મદ્રાસમાં મોટુ કતલખાનુ ખોલાશે તેની જાહેરાતો પણ થઈ ગઈ છે. તે લોકો કહે છે કે અમારે તમારા ભગવાન સાથે કાંઈ લાગતુ વળગતુ નથી છતાં આ હૈયા ફૂટયાઓને સૂઝતુ નથી. તે બધા વંઠેલા છે આપણામાંના ન બગડયા હોત તો ગરબડ શી હોત ?

ભગવાન અમારા છે. અમારા ભગવાન રાજને પાપ માને છે. તમે (ઉજવનારા) માનવા તૈયાર છો ? અમારા ભગવાને 'રાજેશ્વરી નરકેશ્વરી' કહ્યું શું તે માનશે ?

પ્ર.-આપણા ભગવાનને બીજા માને તો શું વાંધો ?

જ. - આપણા ભગવાન ને માને તે કતલખાના ઉઘાડા રાખે. ભગવાનને તેમના 'નાયક' કહે. 'નેતા' બનાવે તે પસંદ છે ?

આપણા જૈનો ડાહ્યા હોત તો આ થાત જ નહિ. આ અટકાવવા તમારે લાખ્ખો રૂપિયા ખર્ચવા પડશે. પૈસા અમારી પાસે તો છે નહિ.

સભા : આ લોકો કહે છે કે જૈન ધર્મ તો '૨૫૦૦ વર્ષનો' છે.

તેમને સૂઝે તે કહે.

આજના અણસમજુ મૂંગા મરે તો ય સારૂં. કહે કે અમે સમજતા નથી. સાધુપુરૂષ કહે તે સાચું આટલું કહે તો ય સારું.

પ્ર.- ફીલ્મમાં ભગવાન તરીકે કોને લાવે ?

જ. - કોઈ રેઢીયાળને. સ્થુલિભદ્રના નાટકમાં એક મુસ્લીમ સ્થૂલિભદ્ર બનેલ. એ લોકો જેને દેવ માને તેની ફીલ્મ નથી ઉતારતા તમે લોકો ગાંડિયા છો માટે ઉતારે આનો વિરોધ કોણ કરે ?

સભા : આ તો ઘર ફૂટે ઘર જાય તેવું છે.

ઘરના માણસો ઘરના નથી બહારના છે તે કહેવું પડે કે ચાલે ?

સભા : પુણ્યપાલ રાજાને આવેલા સિંહના સ્વપ્ન જેવી હાલત છે.

તેની વાત હું કરવાનો છું ત્યારે તો મોટી હો... હા... મચી જશે.

પૂ. હરિભદ્રસૂ. મ. ત્થા પૂ. હેમચંદ્રસૂર. મ. પણ આ સ્વપ્નોની નોંધ લીધી છે.

પ્ર. - આ લોકો નિન્હવ તો નહિ હોય ને ?

નિન્હવ તો હજુ સારા આ તો તેના ય બાપ છે.

અમારે સાચું - ખોટું સમજાવવાનો વિધિ છે તે ન સમજાવીએ તો અમે શું કામ પાટ પર બેસીએ. અમે ભાટ લોકો છીએ ? તમારા વખાણ માટે બેસીએ છીએ ?

જે કોઈ ભાગ્યશાળી આવે તેને સાચું ખોટું સમજાવવા વ્યાખ્યાન છે.

આ તો કહે છે કે તમે સાચા ખોટાની ભાંજગડમાં પડો જ નહિ.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમ: ॥

જૈન શાસનનો જયજયકાર ॥ શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમ: ॥ હાલારીનો કીર્તિધ્વજ

॥ શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ જિનેન્દ્રાય મ: ॥

॥ હાલાર દેશોદ્ધારક પૂ.આ. શ્રી વિજયઅમૃત સૂરિભ્યો નમ: ॥

**શ્રી શંખેશ્વર મહાતીર્થમાં શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળામાં નયન રમ્ય ભવ્ય જર્મન સિલ્વરના મૂલનાયક શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્ર આદિ ૪૧ ઈંચના ત્રણ જિનબિંબો આદિની ત્રણ માળાના ભવ્યાતિભવ્ય જિનમંદિરની પ્રતિષ્ઠા બાદ તેની બીજી વર્ષગાંઠ નિમિતે તથા**

***ભવ્યાતિભવ્ય ૨૭ ફુટ ૯ ઈંચ (૩૩૩ ઈંચ) ના ધાતુના અદ્વિતીય શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ જિનેન્દ્ર તેમજ ગુરુમૂર્તિની અંજન શલાકા પ્રતિષ્ઠા નિમિત્તે.***

## શ્રી શાંતિસ્નાત્ર, શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર, શ્રી જિનેન્દ્રપંચકલ્યાણક મહોત્સવ પૂર્વક દશાન્હિકા જિનેન્દ્રભકિત મહોત્સવ પ્રસંગે

# શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

**શુભ સ્થળ :** શ્રી હાલારી ધર્મશાળા, પંચાસર રોડ, શંખેશ્વર

સુજ્ઞ ધર્મ બંધુ શ્રી ,

પ્રણામ સાથ જણાવવાનું કે શ્રી જૈન શાસનમાં સમ્યગ્ દર્શનની શુદ્ધિ માટે જિન બિંબ અને જિન મંદિર પરમ આલંબન છે. અનંતા જીવો એ આલંબનથી તર્યા છે, તરે છે અને તરશે.

**શ્રી શંખેશ્વર મહાતીર્થ** પણ એવુ આલંબન છે. શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્ર** ના ભવ્યાતિભવ્ય, પ્રાચીન પરમ આહ્લાદક પ્રતિમા છે. ભવોદધિતારક આ તીર્થની યાત્રા કરવા આવનારની સુલભતા માટે **શ્રી હાલારી વીશા ઓશવાળ શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા**નું નિર્માણ થયું અને ત્યાં આવનારને દર્શન પૂજન આદિ ભકિત સુલભ બને તે માટે પરમ તપોનિધિ તપોમૂતિ **પૂ. આચાર્ય દેવશ્રી વિજય કર્પૂરસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટધર, હાલારી જૈન જનતાના તારણહાર નિસ્પૃહિ શિરોમણિ, શ્રેષ્ઠ કવીશ્વર હાલાર દેશોદ્ધારક **પૂ. આચાર્ય દેવશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટધર, પ્રાચીન સાહિત્યોદ્ધારક આગમ પંચાંગી સમુદ્ધારક, હાલાર કેશરી, **પૂ. આચાર્ય દેવશ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ના સદુપદેશથી આ સંકુલના પટાંગણમાં ભવ્ય વિશાળ, ત્રણે માળનું ત્રણ માળ ઉપર ભવ્ય રંગમંડપો, મૂળ મંદિર તથા ભૂગર્ભમાં બે બે રંગ મંડપ સહિતનું ભવ્યાતિભવ્ય જિનાલયનું નિર્માણ થયું.

આ ભવ્ય મંદિરની અંજન શલાકા પ્રતિષ્ઠાનો ભવ્યાતિભવ્ય મહોત્સવ તેઓશ્રીની પૂનિત નિશ્રામાં વિ.સં.૨૦૫૫ મહા સુદ ૫ શુક્રવાર તા. ૨૨-૧-૯૯ના પૂર્ણ થયો.

હાલારી જૈન જનતાની પુણ્યાઈ અને ધર્મભાવના દિવસે દિવસે વૃદ્ધિ પામી રહી છે અને અનેક ભવ્ય ધર્મકાર્યોનું નિર્માણ થઈ રહ્યું છે અને જૈન ધર્મનો જય જયકાર થઈ રહ્યો છે.

ગત વર્ષે દેરાસરની **પ્રથમ વર્ષગાંઠ** પ્રસંગે ભવ્ય મહોત્સવનું આયોજન **પૂ. આચાર્ય દેવશ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** ની નિશ્રામાં થયું તે સમયે **શ્રી રમેશચંદ્ર કાનજીભાઈ માલદે મોમ્બાસાવાળાએ** પૂ. શ્રી ને વિનંતી કરી હવે શું આયોજન છે? પૂ. શ્રી એ જણાવ્યું કે આ સંકુલમાં જગતના જૈન જૈનેત્તર જીવો ધર્મના ઉલ્લાસમાં આવે તેવું કાર્ય ૨૫ ફુટના મહાપ્રતિમા ભરાવવાનું છે. આજે આ કાર્ય ઉદય પામતા હાલારીઓ કરી શકે. તેઓ કહે ચાલુ કરી દો. પૂ. શ્રીએ કહ્યું આ માટે દાતા જોઈએ અને ઉદારભાવનાથી થાય તો જ અલભ્ય અદ્વિતીય અને જગતના અલંકારરૂપ આ કાર્ય થઈ શકે.

**શ્રી રમેશભાઈ** અને **શ્રીમતી હંસાબેન રમેશચંદ્રભાઈએ** આમાં અત્યંત ઉત્સાહ બતાવ્યો અને મુખ્ય દાતા ત્રણ અને સહયોગી દાતા ત્રીશેક લેવાનું નક્કી થયું. મુખ્ય દાતા તરીકે ૧૫ લાખ અને સહયોગી દાતા તરીકે ૨ લાખ બાવીશ હજાર બસો બાવીસ. એક મુખ્ય દાતા તેઓ બન્યા અને તે વખતે હાજર રહેલા **શ્રી મનસુખલાલ પોપટલાલ વીરપાર સંઘવી** તથા **શ્રીમતી દેવકુંવરબેન ફુલચંદ લાલજી** અને **શ્રી રમણીકલાલ જેસંગભાઈ વોરા**ની સહયોગી દાતા તરીકે જાહેરાત થઈ અને વર્ષગાંઠના દિવસે તેઓના શુભ હસ્તે શિલાસ્થાપન થયું. બીજા મુખ્ય દાતા તરીકે **શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ મારૂ** લંડન વાળા આવ્યા.

આ મહાન અને ભવ્ય કાર્યનું ઘણાજ ખંતથી આયોજન પાર પાડવા તેમજ ધર્મશાળાનો ઉત્તર વિભાગ તથા વિશાળ ભોજન શાળા તથા જલધારાના પણ મોટા કાર્યોને પાર પાડવા શ્રીમાન શ્રેષ્ઠિવર્ય **શ્રી કાનજી હીરજી શાહે** અદ્વિતીય પ્રયત્નો આદર્યા. આજે એક વર્ષનો સમય પણ પુરો થયો નથી તેટલા સમયમાં આ બધા કાર્યો પૂર્ણાહુતિની પ્રતિક્ષા કરી રહ્યા છે.

૩૦ ફુટ પાંચ ઈંચનો ગભારો, ૪૨.૫ ફુટ ઊંચા આરસના સ્થંભો અને ૨૦ ફુટ ઉંચા સામરણ વિ. કાર્ય ઘણાજ ખંતથી પૂર્ણ થયા આવ્યા છે. ૨૦ ફુટ પાંચ ઈંચની પલોઠી, ૯-૯ ફુટ જેવડું મુખ

કમળ, ૧૮ ઈંચના ચક્ષુઓ, ૯ ઈંચનું તિલક, ૬ ફુટ - ૨૮ ઈંચની ફણા, ૬ ફુટ મોટો ભવ્ય મુગટ વિ. થી શોભતા શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથ તૈયાર થવામાં છે અને ડિસેમ્બર ૨૦૦૦ ના બીજા અઠવાડીયામાં મહાબિંબની પધરામણી શંખેશ્વર મહાતીર્થમાં હાલારી ધર્મશાળામાં થઈ રહી છે.

આ મહાન કાર્યના માનસિક મહાશિલ્પી **પૂ. આચાર્ય દેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ**ના માર્ગદર્શન અને ઉપદેશના આભારી છે. **શ્રી કાનજી હીરજી, શ્રી કાનજી જેઠાભાઈ નાગડા** આદિ કાર્યકર્તાઓ તેમજ શિલ્પી રત્ન **શ્રી પ્રવિણચંદ્ર વી. સોમપુરા** તથા મૂર્તિ નિર્માપક **શ્રી મુકેશભાઈ શાહ**ની ખંતને આધીન આ કાર્ય થયું છે.

આ મહાન જિન પ્રતિમાની અંજન શલાકા પ્રતિષ્ઠા આદિનું કાર્ય ભવ્ય રીતે થાય તે માટે ટ્રસ્ટીઓ કમિટિ અને બીજા પણ ભાવિકો તનતોડ મહેનત કરી રહ્યા છે.

આ સર્વેના ફળ રૂપે જગતમાં અદ્વિતીય; હાલારી દ્વારા સર્વશ્રેષ્ઠ, જગતમાં જૈન શાસનની જય જયકાર કરનારું મહાન કાર્ય, મહાન તીર્થ નિર્માણ પામ્યું છે.

આ મહાન કાર્યની મહાન પૂર્ણાહુતિ રૂપે શ્રી અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવનું **પ.પૂ. આચાર્ય દેવશ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ**, પ્રવર્તક **પૂ. મુનિરાજ શ્રી યોગીન્દ્રવિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી હેમેન્દ્રવિજયજી મ. પૂ. બાલ મુનિરાજ શ્રી નમેન્દ્રવિજયજી મ.** તેમજ પૂ. તપસ્વી રત્ના **સ્વ. પૂ. સા. શ્રી મહેન્દ્રપ્રભાશ્રીજી મ.** ના શિષ્યા **પૂ. પ્રવર્તિની સા. શ્રી સુરેન્દ્રપભાશ્રીજી મ.** આદિ, **પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી** મ. આદિ, **પૂ. સા. શ્રી ઈંદ્રપ્રભાશ્રીજી મ.** આદિની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય રીતે આયોજન કર્યું છે.

આ મહાન અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં હાલારી જૈન જનતાની અદ્‌ભુત અને દ્વિતીય હાજરી રહે તેમ આ સંસ્થાના કાર્યકર્તાઓ આદિની પણ ખાસ પ્રેરણા વિનંતી અને પ્રયત્નો છે હાલારી જનતાને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

આ મહાન કાર્યના જેઓ પ્રાણ બન્યા છે અને સહભાગી બનીને ૧૦ મહિનાના ગાળામાં સફળતાને આરે પહોંચાડનાર દાતાઓની શુભભાવનાની અને ઉદારતાની અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

**આ ફુટપાંચ ઈંચ (૩૦૫ ઈંચના) પ્રભુ, ફણા ૨૮ ઈંચની કુલ ૨૭.૭૫ ફુટ એટલે કે ૩૩૩ ઈંચના પદમાસનસ્થ આ મહા પ્રતિમા છે.**

**આ મહાન કાર્યમાં ૧૫ લાખ દેનાર મુખ્ય દાતાઓ**

૧.શ્રી રમેશચંદ્ર કાનજી વજાભાઈ માલદે
કાકાભાઈ સિંહણવાળા - મોમ્બાસા

૨.શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ મારુ
મોટા માંઢાવાળા - લંડન

૩.એક નામ બાકી છે.

**આ મહાન કાર્યમાં રૂપિયા ૨,૨૨,૨૨૨ દેનાર સહયોગી દાતાઓ.**

૧.સંઘવી પોપટલાલ વીરપાર દોઢીયા
નવાગામવાળા - મુંબઈ

૨.શ્રીમતી દેવકુંવરબેન ફુલચંદ લાલજી નગરીયા
લાખાબાવળવાળા - લંડન

૩.શાહ રમણિકલાલ જેસંગ દેવશી વોરા - લંડન

૪.શાહ ખીમજી વીરજી ગુઢકા પરિવાર
મીઠોઈ વાળા - નાઈરોબી, મુંબઈ, જામનગર.

૫.શાહ લખમણ વીરપાર મારુ પરિવાર
સોળસલાવાળા - થાણા, સોળસલા, જામનગર, થાનગઢ

૬.શ્રીમતી રતનબેન શામજી લખમશી જાંખરીયા
લાખબાવળવાળા, - મુંબઈ

૭.શાહ સતિષકુમાર કેશવલાલ માલદે
મુંગણીવાળા - મોમ્બાસ

૮.શ્રીમતી ઝવીબેન મેઘજી સામત ધનાણી - ચેલા વાળા, લંડન

૯.શ્રી બાઉન્ડ્સ ગ્રીન સત્સંગ મંડળ - એ ગ્રુપ, - લંડન

૧૦.શ્રી બાઉન્ડ્સ ગ્રીન સત્સંગ મંડળ - બી ગ્રુપ, - લંડન

૧૧.શ્રીમતી રમાબેન લાલજી હેમરાજ કુંભા
ચંગાવાળા - લંડન

૧૨.શાહ પોપટલાલ રાજા ગુઢકા -
શાહ મેઘજી રાજા ગુઢકા - લાખાબાવળવાળા - મુંબઈ

૧૩.શ્રીમતી વેજીબેન ગોસર સમજી દોઢીયા પરિવાર
ગજાણાવાળા - એલડોરેટ, કેન્યા

૧૪.શાહ જુઠાલાલ ધરમશી નથુ હરણીયા - લંડન
કાનાલુસવાળા

૧૫.શાહ મેઘજી ડાયાભાઈ ગોસરાણી પરિવાર,
હ. શાહ લીલાધર મેઘજી નાના માંઢાવાળા - મુંબઈ

(૧૬ થી ૩૦ નામ બાકી છે)

**અંજન શલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ કાર્યક્રમ**

**(૧) દિવસ પહેલો વિ. સં. ૨૦૫૭ પોષ વદ ૧૨**
**રવિવાર તા. ૨૧-૧-૨૦૦૧**

સવારે ૮-૩૦ વાગ્યે : જલયાત્રાનો વરઘોડો : વેદિકા ઉપર જિન બિંબ સ્થાપના, શ્રીમતી નીમુબેન મનસુખલાલ ભીમજી શાહ લંડન તરફથી

સવારે ૧૦-૫૫ વાગ્યે : કુંભ સ્થાપના, દિપક સ્થાપના જ્વારા રોપણ ક્ષેત્રપાળ સ્થાપના, માણેક સ્થંભ રોપણ, શ્રી રમેશચંદ્ર કાનજી વજા માલદે - કાકાભાઈ સિંહણ વાળા, મોમ્બાસા તરફથી.

બપોરે વિજય મુહૂર્તે : નંદાવર્ત પૂજન, શ્રી રમેશચંદ્ર કાનજી વજા માલદે કાકાભાઈ સિંહણવાળા, મોમ્બાસા તરફથી .

દશ દિક્પાલ પૂજન (આદેશ બાકી)

ભૈરવ પૂજન,૧૬ વિદ્યાદેવી પૂજન શ્રીમતી નીમુબેન મનસુખલાલ શાહ લંડન તરફથી નવગ્રહ પૂજન શ્રી રમેશચંદ્ર કાનજી માલદે -કાકાભાઈ સિંહણવાળા, મોમ્બાસા તરફથી.

અષ્ટમંગળ પૂજન (આદેશ બાકી)

સાધર્મિક વાત્સલ્ય સવારે : શ્રીમતી રાજલબેન રાયશી ધરમશી હરિયા પડાણાવાળા હ. શ્રીમતી રતનબેન જુઠાલાલ હરિયા - મોમ્બાસા તરફથી

સાધર્મિક વાત્સલ્ય બપોરે : શાહ નથુભાઈ દેવાભાઈ સાંગણ સાવલા નવાગામ વાળા મુંબઈ તરફથી.

સાધર્મિક વાત્સલ્ય સાંજે : શ્રીમતી રમાબેન લાલજી શ્રીમતી દેવકુંવરબેન વેલજી શ્રીમતી રળિયાતબેન લીલાધર લંડન તરફથી.

**રાત્રે ૮-૦૦ વાગ્યે ભાવના.**

## (૨) દિવસ બીજો વિ.સં. ૨૦૫૭ પોષ વદ ૧૩ સોમવાર તા. ૨૨-૧-૨૦૦૧

સવારે ૯-૦૦ વાગ્યે : શ્રી નવપદ પૂજન શ્રીમતી દેવકુંવરબેન કુલચંદ લાલજી નગરીયા લાખાબાવળવાળા, લંડન તરફથી.

સવારે ૧૦-૩૦ વાગ્યે : શ્રી વિશસ્થાનક પૂજન - શ્રીમતી મધુબેન કાંતિલાલ તથા શ્રીમતી હંસાબેન કાંતિલાલ લંડન તરફથી

સાધર્મિક વાત્સલ્ય સવારે : શ્રીમતી અમૃતબેન વીરચંદ લખમશી ગડા - ટીંબડીવાળા હ. શ્રીમતી મીનાબેન ભરત, માનસી-માટુંગા, મુંબઈ

બપોરે વિજય મુહૂર્તે : શ્રી શાંતિ સ્નાત્ર શ્રીમતી જયાબેન ગુલાબચંદ મુળચંદ મારૂ લંડન તરફથી

સાધર્મિક વાત્સલ્ય બપોરે : શાહ મેઘજી ડાયાભાઈ ગોસરાણી પરિવાર હ. શાહ લીલાધર મેઘજીભાઈ - મુંબઈ

સાધર્મિક વાત્સલ્ય સાંજે : શ્રી બાઉન્ડ્સ ગ્રીન સત્સંગ મંડળના ભાઈઓ તથા બહેનો તરફથી.

**રાત્રે ૮-૦૦ વાગ્યે ભાવના.**

## (૩) દિવસ ત્રીજો વિ. સં. ૨૦૫૭ પોષ વદ ૧૪ મંગળવાર તા. ૨૩-૧-૨૦૦૧

પંચ કલ્યાણક અંજન શલાકા મહોત્સવ કાર્યક્રમ પ્રારંભ

સવારે ૯-૦૦ વાગ્યે : ઈન્દ્ર-ઈન્દ્રાણી સ્થાપના, માતા-પિતા સ્થાપના, ચ્યવન કલ્યાણક વિધાન, ૧૪ સ્વપ્ન દર્શન.

બપોરે ૩-૦૦ વાગ્યે : ચ્યવન કલ્યાણક વરઘોડો (આદેશ બાકી)

સાધર્મિક વાત્સલ્ય : સવાર - બપોર-સાંજ ત્રણે ટંકના શ્રી બાઉન્ડ્સ ગ્રીન સત્સંગ મંડળના ૨૧ ભાઈઓ તથા બહેનો તરફથી

(૧) મોતીબેન મેઘજી (૨) જયાબેન પ્રભુલાલ (૩) સૂર્યાબેન ખીમચંદ (૪) લલિતાબેન હેમંત (૫) શાંતાબેન દેપાર (૬) દેવકુંવરબેન કુલચંદ (૭) મણીબેન કાંતિલાલ (૮) વેલજીભાઈ સામત (૯) કસ્તુરબેન પ્રેમચંદ (૧૦) જશોદાબેન પ્રેમચંદ (૧૧) મધુબેન કાંતિલાલ (૧૨) ચંદ્રીબેન રતિલાલ (૧૩) અમૃતબેન કાંતિલાલ (૧૪) મોંઘીબેન હેમરાજ (૧૫) હંસાબેન કાંતિલાલ (૧૬) હિંમતભાઈ ખીમજી (૧૭) જયાબેન તેજપાલ (૧૮) હસ્મિતાબેન જયંતિલાલ (૧૯) સુશીલાબેન શાંતિલાલ (૨૦) જયાબેન મગનલાલ (૨૧) કીર્તિભાઈ દિપકભાઈ અને હિતેનભાઈ કુલચંદ

**રાત્રે ૮-૦૦ વાગ્યે ભાવના**

## (૪) દિવસ ચોથો વિ. સં. ૨૦૫૭ પોષ વદ ૦)) બુધવાર તા. ૨૪-૧-૨૦૦૧

સવારે ૯-૦૦ વાગ્યે : જન્મ કલ્યાણક વિધાન, ૫૬ દિક્કુમારી મહોત્સવ, બાદ મેરુ પર્વત ઉપર જન્મ અભિષેક સુઘોષા ઘંટનાદ.

બપોરે ૩- ૦૦ વાગ્યે : જન્મ કલ્યાણકનો વરઘોડો શ્રી કીર્તિભાઈ કુલચંદ લાલજી નગરીયા લાખાબાવળવાળા, લંડન તરફથી.

સાધર્મિક વાત્સલ્ય : સવાર-બપોર-સાંજ ત્રણે ટંકના શ્રી હીચલી સત્સંગ મંડળ (લંડન) (૧) અમૃતબેન નથુભાઈ શાહ (૨) કસ્તુરબેન અમૃતલાલ શાહ (૩) હિરુબેન દેવચંદભાઈ શાહ (૪) શાંતાબેન વેલજીભાઈ શાહ (૫) જયાબેન દેવચંદભાઈ શાહ (૬) જમનાબેન રાયચંદભાઈ શાહ (૭) જયાબેન ગુલાબભાઈ શાહ (૮) અમૃતબેન ઝવેરચંદભાઈ શાહ (૯) જયાબેન સોમચંદભાઈ શાહ (૧૦) રળિયાતબેન જયંતિલાલ શાહ (૧૧) નિર્મળાબેન મનસુખભાઈ શાહ (૧૨) જયંતિભાઈ માણેકચંદ શાહ (૧૩) જશોદાબેન મોહનભાઈ શાહ (૧૪) કસ્તુરબેન ધીરુભાઈ શાહ (૧૫) મોંઘીબેન લધુભાઈ શાહ (૧૬) હંસાબેન સુરેશભાઈ શાહ (૧૭) સરોજબેન શશિકાંત શાહ (૧૮) શાંતાબેન દેવચંદભાઈ શાહ (૧૯) હેમકુંવરબેન વેલજીભાઈ શાહ (૨૦) ઈન્દુબેન રતિલાલ શાહ (૨૧) મયુરીબેન મનસુખભાઈ શાહ (૨૨) જશુબેન માવજીભાઈ પટેલ (૨૩) અમૃતબેન નેમચંદભાઈ શાહ (૨૪) નીલમબેન રમણીકભાઈ શાહ (૨૫) સુધાબેન વેલજીભાઈ શાહ (૨૬) હીરાબેન કાનજીભાઈ શાહ (૨૭) જયાબેન પ્રેમચંદભાઈ શાહ (૨૮) શાંતાબેન મોહનભાઈ શાહ (૨૯) જશવંતીબેન રસીકભાઈ શાહ (૩૦) અમૃતબેન ધરમશીભાઈ શાહ (૩૧) જમનાબેન રાજાભાઈ શાહ (૩૨) મણીબેન લાલજીભાઈ શાહ (૩૩) કાંતાબેન નથુભાઈ શાહ (૩૪) અરુણાબેન સોમચંદભાઈ શાહ (૩૫) મણીબેન મોતીચંદભાઈ શાહ (૩૬) શાંતાબેન કાંતિભાઈ શાહ (૩૭) સુશીબેન ઓતમચંદભાઈ શાહ તરફથી....

**રાત્રે ૮-૦૦ વાગ્યે ભાવના**

**(૫) દિવસ પાંચમો વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૧**

**ગુરૂવાર તા. ૨૫-૧-૨૦૦૧**

સવારે ૭-૦૦ વાગ્યે : પ્રભુજીને અઢાર અભિષેક (બોલી) સૂર્યદર્શન (બોલી) ચંદ્ર દર્શન (બોલી) ધ્વજ દંડ અભિષેક (બોલી) કલશ અભિષેક (બોલી)

સવારે ૯-૦૦ વાગ્યે : પુત્ર જન્મ વધામણી, પારણું ઝુલાવવું; પ્રભુજીનું નામ સ્થાપન, નિશાળ ગરણું (બોલી).

સાધર્મિક વાત્સલ્ય સવારે : શાહ ગોવિંદજી મેપા મારુ સિક્કાવાળા-ઘાટકોપર, ભીવંડી, મુંબઈ

સાધર્મિક વાત્સલ્ય બપોરે : આદેશ બાકી

સાધર્મિક વાત્સલ્ય સાંજે : આદેશ બાકી

**રાત્રે ૮-૦૦ વાગ્યે ભાવના**

**(૬) દિવસ છઠ્ઠો વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૨**

**શુક્રવાર તા. ૨૬-૧-૨૦૦૧**

સવારે ૭-૦૦ વાગ્યે : દીક્ષાર્થી ભારતીબેન દેવચંદ (મુલુંડ)નો વરસીદાનનો વરઘોડો

સવારે ૯-૦૦ વાગ્યે : મામેરું, ફુલેકું, લગ્ન મહોત્સવ

બપોરે ૨-૦૦ વાગ્યે : રાજ્યાભિષેક

સાધર્મિક વાત્સલ્ય સવારે : શ્રીમતી હેમલતાબેનના જન્મ દિવસ નિમિત્તે શ્રીમતી જેઠીબેન રાયશી સોજપાર (ડબાસંગ) શ્રીમતી હેમલતાબેન ચંદુલાલ મૂળચંદ (લાખાબાવળ) શ્રીમતી ચંપાબેન નરેન્દ્ર રાયચંદ (ડબાસંગ) લંડન તરફથી

સાધર્મિક વાત્સલ્ય બપોરે : દીક્ષાર્થી ભારતીબેનની દીક્ષા નિમિત્તે દેવચંદ વેલજી માલદે મુંગણીવાળા (મુલુંડ) તરફથી

સાધર્મિક વાત્સલ્ય સાંજે : શ્રીમતી હેમલતાબેનના જન્મ દિવસ નિમિત્તે શ્રીમતી જેઠીબેન રાયશી સોજપાર (ડબાસંગ)શ્રીમતી હેમલતાબેન ચંદુલાલ મૂળચંદ (લાખાબાવળ),શ્રીમતી ચંપાબેન નરેન્દ્ર રાયચંદ(ડબાસંગ) લંડન તરફથી.

**રાત્રે ૮-૦૦ વાગ્યે ભાવના**

**(૭) દિવસ સાતમો વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૩**

**શનિવાર તા. ૨૭-૧-૨૦૦૧**

સવારે ૭-૦૦ વાગ્યે : કુમારી ભારતીબેન દેવચંદની દીક્ષા વિધિ પ્રારંભ

સવારે ૯-૦૦ વાગ્યે : દીક્ષા કલ્યાણનો ભવ્યાતિભવ્ય વરસીદાનનો વરઘોડો - બાઉન્ડ્સ ગ્રીન સત્સંગ મંડળના ભાઈઓ-બહેનો લંડન તરફથી.

વરઘોડો બાદ : દીક્ષા કલ્યાણકની ઉજવણી

રાત્રે શુભ મુહૂર્તે : અધિવાસના તથા અંજનવિધિ

સાધર્મિક વાત્સલ્ય સવારે : શ્રી શાહ જેઠાભાઈ ધરમશી નાગડા પરિવાર વાવબેરાજાવાળા હ. શાહ કાનજી જેઠાભાઈ નાગડા જામનગર તરફથી.

સાધર્મિક વાત્સલ્ય બપોરે : શાહ ખીમજી વીરજી ગુઢકા પરિવાર મીઠોઈવાળા નાઈરોબી, મુંબઈ, જામનગર તરફથી

સાધર્મિક વાત્સલ્ય સાંજે : શાહ વાઘજી જેઠાભાઈ ઠોઢીયા પરિવાર હ. ચિ. નેમચંદ. નાથાલાલ, સોમચંદ, વિનોદચંદ્ર વાઘજી સિક્કાવાળા, હાલ મુલુંડ તરફથી.

**રાત્રે ૮-૦૦ વાગ્યે ભાવના**

## (૮) દિવસ આઠમો વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૪
## રવિવાર તા. ૨૮-૧-૨૦૦૧

સવારે શુભ મુહૂર્તે : અંજન થયેલ પ્રભુજીના પ્રથમ દર્શન (બોલી)

સવારે ૯-૦૦ વાગ્યે : કેવલજ્ઞાન કલ્યાણક ઉજવણી, સમવસરણ દેશના.

સવારે ૧૦-૦૦ વાગ્યે : નિર્વાણ કલ્યાણક ઉજવણી

પ્રભુજીને ૧૦૮ અભિષેક : શ્રી પ્રદિપકુમાર લાલજી હેમરાજ તથા શ્રી મુકેશભાઈ લાલજી હેમરાજ ચંગાવાળા લંડન તરફથી.

સવારે ૧૧-૩૦ વાગ્યે : (૧) જૈન ધર્મશાળા ઉત્તર વિભાગ ''સી'' વિંગનું ઉદ્‌ઘાટન (૨) નૂતન વિશાળ ભોજનાલયનું, દાતાશ્રી શ્રીમતી જયાબેન ગુલાબચંદ પૂનમચંદ શાહના હસ્તે ઉદ્‌ઘાટન (૩) જલધારાનું, દાતાશ્રી સંઘવી મણિબેન પોપટલાલ વીરપાર દોઢિયા પરિવારને હસ્તે ઉદ્‌ઘાટન

બપોરે ૩-૦૦ વાગ્યે : કેવલજ્ઞાન કલ્યાણક તથા નિર્વાણ કલ્યાણકનો સંયુકત વરઘોડો (આદેશ બાકી)

સાધર્મિક વાત્સલ્ય : સવાર - બપોર - સાંજ ત્રણે ટંકનું

શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ પુંજા મારૂ મોટા માંઢાવાળા હાલ લંડન તરફથી હ. નિલેશ તથા રાજેશ ગુલાબચંદ મારૂ

**રાત્રે ૮-૦૦ વાગ્યે ભાવના**

## (૯) દિવસ નવમો વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૫
## સોમવાર તા. ૨૯-૧-૨૦૦૧

સવારે શુભ મુહૂર્તે : જિનબિંબ, ગુરૂમૂર્તિ ધ્વજ કલશપ્રતિષ્ઠા વર્ષગાંઠ નિમિત્તે શ્રી ઝવેરચંદ રણમલ માલદે પરિવાર હસ્તે ધ્વજા રોપણ.

સવારે ૧૧-૦૦ વાગ્યે : પ્રવચન

બપોરે ૧૨-૩૯ વાગ્યે : શ્રી બૃહદ્ અષ્ટોત્તરી સ્નાત્ર, શ્રીમતી કાંતાબેન કાનજી વજાભાઈ માલદે કાકાભાઈ સિંહાણવાળા હ. શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર કાનજી માલદે કાકાભાઈ સિંહાણવાળા મોમ્બાસા તરફથી.

સાધર્મિક વાત્સલ્ય : સવાર-બપોર-સાંજ ત્રણે ટંકના

શ્રીમતી કાન્તાબેન કાનજીભાઈ વજાભાઈ માલદે પુત્ર રમેશભાઈ, નરેશભાઈ, અનીલભાઈ, સ્વ. ધીરેનભાઈ કાનજી, શ્રીમતી હંસાબેન રમેશભાઈ, જયાબેન નરેશભાઈ, આરતીબેન અનીલભાઈ, પૌત્ર રાજુ, રાજેન્દ્ર, સાગર, રીતેન, વીરાજ, પૌત્રી કૃતિ, કૃપાલી, કુ. અનીકા, સપરિવાર કાકાભાઈ સિંહાણવાળા હાલ મોમ્બાસા તરફથી.

**રાત્રે ૮-૦૦ વાગ્યે ભાવના**

**રાત્રે ભાવના બાદ શાંતિજળની ધારાવળી.**

## (૧૦) દિવસ દશમો વિ.સં. ૨૦૫૭ મહા સુદ ૬
## મંગળવાર તા. ૩૦-૧-૨૦૦૧

સવારે શુભ મુહૂર્તે : જિનમંદિર દ્વારોદ્‌ઘાટન (બોલી)

સવારે ૯-૦૦ વાગ્યે : શ્રી સત્તરભેદી પૂજા- શ્રીમતી રળિયાતબેન લીલાધર ગોવિંદજી પરિવાર લંડન તરફથી.

સાધર્મિક વાત્સલ્ય સવારે : આદેશ બાકી

સાધર્મિક વાત્સલ્ય બપોરે : આદેશ બાકી

વિધિ માટે જામનગરથી શ્રાદ્ધવર્ય **શ્રી નવિનચંદ્ર બાબુલાલ શાહ** નું મંડળ પધારશે. પૂજા પૂજન ભાવના તથા કલ્યાણક ઉજવણી માટે સુપ્રસિદ્ધ સંગીતકાર **શ્રી બલવંતભાઈ ઠાકુર** તથા **શ્રી અનંતરાય નગીનદાસ શાહ** આવી રંગ જમાવશે.

અંજન શલાકા પંચ કલ્યાણક મહોત્સવનો લાભ લેનાર શ્રીમતી **જયાબેન ગુલાબચંદ મૂળચંદ મારુ** લંડન, **માતા-પિતાશ્રી ગુલાબચંદ મૂળચંદ શાહ** (લંડન), **ઈન્દ્ર-ઈન્દ્રાણી, શ્રી રમેશચંદ્ર કાનજી વજા** માલદે પરિવાર.

આપને આ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**લિ. શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ**
શ્રી હા.વી.ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા કમિટિ
અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ

**હાલારી જૈન ધર્મશાળા,**
પંચાસર રોડ, શંખેશ્વર (૦૨૭૨૩) ૭૩૩૧૦

### કેન્ટીનો અને પરબોનો લાભ લેનાર ભાગ્યશાળીઓ

(૧) ચા, દૂધ, કોફી કેન્ટીન-લાભ લેનાર : સ્વ. પદમાબેન કચરા દેપાર સાવલા પડાણાવાળાની પુણ્યતિથિ નિમિત્તે હ. શાહ કચરા દેપાર પરિવાર નાઈરોબી.

(૨) જ્યુશ, સરબત કેન્ટીન- લાભ લેનાર : શ્રીમતી હેમલતાબેનના તા. ૨૬-૧ના જન્મ દિવસ નિમિત્તે શ્રીમતી જેઠીબેન રાયશી સોજપાર (ડબાસંગ) શ્રીમતી હેમલતાબેન ચંદુલાલ મૂળચંદ (લાખાબાવળ) શ્રીમતી ચંપાબેન નરેન્દ્ર રાયચંદ (ડબાસંગ) લંડન.

(૩) ગરમી પાણી પરબ : લાભ લેનાર - શાહ શામજીભાઈ વીરજી ગુઢકા પરિવાર (ગાગવા) લંડન

(૪) ગરમ પાણી પરબ : લાભ લેનાર - શાહ છગનલાલ નેમચંદ ગોસરાણી-પડાણા-મુલુન્ડ.

(૫) પાણી પરબ : લાભ લેનાર - શાહ હરખચંદ દેવશી ગુઢકા (વાવબેરાજા) જામનગર.

(૬) પાણી પરબ : લાભ લેનાર - શ્રીમતી રતનબેન શામજી લખમશી જાંખરીયા હ. શ્રી પંકજ શામજી (લાખાબાવળ) મુંબઈ.

### અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ :

**સૌજન્ય રૂા. ૧૧,૦૦૦ (અગિયાર હજાર) લાભ લેનાર**

(૧) શ્રીમતી રાણીબેન ખીમજી વીરજી ગુઢકા મીઠોઈવાળા -જામનગર

(૨) શ્રીમતી વાલીબેન જેઠાભાઈ ધરમશી નાગડા પરિવાર - જામનગર

(૩) સંઘવી શ્રી પોપટલાલ વીરપાર દોઢીયા હ. મનસુખભાઈ રમેશભાઈ સુરેન્દ્રભાઈ -નવાગામ, મુંબઈ

(૪) સંઘવી શ્રી લખમણ વીરપાર મારુ પરિવાર -સોળસલા, થાન, થાણા

(૫) શાહ જેસંગ ખીમા ગોસરાણી હ. કસ્તુરબેન કપૂરચંદ, સુમીતાબેન અતુલકુમાર નવાગામ-મુલુંડ

(૬) શાહ જયંતિલાલ પાનાચંદ હરિયા, હ. અતુલ જયંતિલાલ મુ. નાગડા-મુલુંડ

(૭) શાહ મોતીચંદ માણેકચંદ હરિયા, હ. મનીષ મોતીચંદ -દાંતા-મુલુંડ

(૮) શ્રીમતી શાંતાબેન સોમચંદ ભીમજી વીસરીયા હ. અનીલ મનોજકુમાર -વસઈ-ઘાટકોપર

(૯) શાહ ગોસર વેરસી ગુઢકા પેથરાજ કાળા ગુઢકા પરિવાર -કાકાભાઈ સિંહણ, સાયન, મુલુંડ, થાણા

(૧૦) શ્રીમતી પરમાબેન વીરપાર નાગડા હ. સવિતાબેન ચંદુલાલ, જતીન હેતલ નાગડા પરિવાર -વાવબેરાજા-ઘાટકોપર

(૧૧) શાહ રાયશી રૂપા સુમરીયા પરિવાર હ. નેમચંદ કપૂરચંદ ડબાસંગ -મુલુંડ

(૧૨) શાહ મેઘજી જેઠાભાઈ દોઢિયા પરિવાર નવાગામ-ભીવંડી

(૧૩) શાહ ધરમશી દેવરાજ નાગડા -નાના માંઢા-ગોરેગાંવ

(૧૪) શાહ જયંતિલાલ હેમરાજ ગડા -ટીંબડી-ગોરેગાંવ

(૧૫) શાહ ગોવિંદજી લગધીર સુમરીયા હ. મુળજી, ઝવેરચંદ, રામજી, હંસરાજ ગોઈંજ-વિક્રોલી

(૧૬) શાહ રાજપાર ખીમજી ગડા હ. કાંતિભાઈ, દિનેશન, જિતેન્દ્ર -ટીંબડી-ભીવંડી

(૧૭) શાહ કાનજી નરશી એન્ડ કું. - શિવરી-વડાલા

(૧૮) શ્રીમતી મણિબેન મૂળજી ડાયા ગોસરાણી પરિવાર હ. અમૃતલાલ, નેમચંદ, જયંતિલાલ -નાના માંઢા-વરલી

### અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ :

**સહાયક રૂા. ૫,૦૦૦ (પાંચ હજાર) લાભ લેનાર**

(૧) શ્રીમતી નીમુબેન મનસુખલાલ ભીમજી શાહ -લંડન

(૨) શ્રીમતી સરોજબેન શશિકાંત શાહ પરિવાર -લંડન

(૩) શ્રીમતી હંસાબેન સુરેશ કરમશી શાહ પરિવાર -લંડન

(૪) શ્રી નિલેશ તથા રાજેશ ગુલાબચંદ મૂળચંદ શાહ પરિવાર -લંડન

(૫) શાહ રતિલાલ દેવચંદ ગુઢકા ફેમિલી શ્રીમતી શાંતાબેન તથા પુત્ર પરેશ અનુપ કામિની હ.અરૂપ -લંડન

(૬) શાહ હરગણ પરબત હરિયા પરિવાર, પડાણ હ. શાહ દેવચંદ હરગણ -જામનગર

(૭) શ્રી રમણિકલાલ કેશવજી શાહ -જામનગર

(૮) શાહ પદમશી વ્રજપાર મારુ, લાખાબાવળવાળા. હ. શ્રીમતી કસ્તુરબેન પદમશી તથા પુત્રો વિનોદ, ગુલાબચંદ, અરવિંદ પદમશી મારુ -જામનગર.

(૯) શાહ લખમશી માણેકચંદ -જામનગર.

(૧૦) શાહ રામજી આણંદ મારુ તથા શાહ ફુલચંદ દેવશી ગોસરાણી

(૧૧) શાહ ગોસર વીરપાર ઝીણાભાઈ દોઢીયા પરિવાર હ. શ્રીમતી શાંતાબેન ગોસરભાઈ -જામનગર.

(૧૨) શાહ હંશરાજ સોજપાર કચરા ગોસરાણી -જામનગર.

(૧૩) શાહ શાંતિલાલ નથુભાઈ ધનાણી -જામનગર.

(૧૪) શ્રી હીરાભાઈ હધાભાઈ શાહ પરિવાર -જામનગર.

(૧૫) શ્રીમતી ગોમીબેન જીવરાજ દેવશી ગલૈયા પરિવાર -જામનગર.

(૧૬) શાહ રતિલાલ વીરચંદ ગોસર -ડબાસંગ-જામનગર.

(૧૭) શાહ મેપા દેવરાજ સુમરીયા. હ. પ્રેમચંદભાઈ તથા હેમચંદભાઈ -સાયન

(૧૮) સ્વ. અમૃતબેન મુળજી ગુઢકા પરિવાર હ. ચુની માઈ તરઘરી દેવરીયા ઘાટકોપર

(૧૯) શાહ લખમશી ખેતશી હરિયા પરિવાર હ. જીવરાજ છગનલાલ ધીરજલાલ મુ. નાગડા-મુંબઈ

(૨૦) શાહ ભારમલ લગધીર સુમરીયા હ. પુષ્પાબેન કેશવજી -ગોઈંજ - મુંબઈ

(૨૧) શાહ સુરેન્દ્રભાઈ રાયચંદ પારેખ પડાણા-માહિમ

(૨૨) શાહ વ્રજપાર ખેતશી મારુ હ. કસ્તુરબેન વ્રજપાર પરિવાર -ગોઈંજ-ભીવંડી

(૨૩) શાહ પુનમચંદ રાજાભાઈ હરિયા -રાસંગપુર-મુલુંડ
(૨૪) શાહ નથુ કારા કરણીયા હ. જયંતિલાલભાઈ
જોગવડ - ઘાટકોપર
(૨૫) શાહ વેલજી પોપટ મારુ પરિવાર -સિક્કા-ભીવંડી
(૨૬) શાહ વેરશી વીરા મારુ પરિવાર -સિક્કા-ભીવંડી
(૨૭) શાહ કેશવજી રાયશી ગોસરાણી પરિવાર
- સોળસલા - મુલુંડ
(૨૮) શાહ કેશવજી નરશી નાગડા - મુ.વાવબેરાજા-વાંદરા
(૨૯) શાહ હરખચંદ ભીમજી ગલૈયા -નવી હરિપર-પાર્લા
(૩૦) શાહ વીરપાર સામત નાગડા પરિવાર -ગાગવા-અંધેરી
(૩૧) શ્રીમતી મણિબેન હંસરાજ ચંદરીયા -લાખાબાવળ-વાંદરા
(૩૨) શાહ ગુલાબચંદ લખમશી દોઢિયા- નવાગામ - ભીવંડી
(૩૩) શાહ દેવરાજ પેથરાજ ગુઢકા - સીંગચ-જોગેશ્વરી
(૩૪) શાહ ફુલચંદ કચરા હ. પ્રેમચંદ રાયચંદ શાહ
- આંબલા - ગોરેગાંવ
(૩૫) શાહ મેપા કરમણ ગડા -ટીંબડી - ભીવંડી
(૩૬) શાહ રાયશી રાયમલ જાંખરીયા
હ. લાલજીભાઈ તથા ભગવાનજીભાઈ - ગામ દાતા - મુલુંડ
(૩૭) શ્રીમતી કસ્તુરબેન નરશી વીરજી જાંખરીયા
હ. અરવિંદભાઈ તથા કિરણભાઈ-વડાલીયા સિંહણ-મુલુંડ

## અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ :
## શુભેચ્છક રૂા. ૧,૦૦૦ (એક હજાર) લાભ લેનાર

(૧) શાહ વેલજી પાનાચંદ ગલૈયા પરિવાર -મુંબઈ
(૨) શાહ ભગવાનજી કેશવજી માલદે -જામનગર.
(૩) શ્રીમતી શાંતાબેન ઝવેરચંદ દેવરાજ -જામનગર.
(૪) શાહ નેમચંદ વાઘજી ગુઢકા -જામનગર.
(૫) શાહ મેપાભાઈ નથુભાઈ ખીમસીયા -જામનગર.
(૬) મયુરીબેન મનસુખલાલ શાહ -લંડન
(૭) નિશાબેન ધીરેન માલદે -લંડન
(૮) શ્રી શ્રેણિકકુમાર અતુલકુમાર હરખચંદ વીરપાર
ચંદરીયા - જામનગર.
(૯) શાહ કાલીદાસ હંસરાજ નગરીયા -લાખાબાવળ
(૧૦) શાહ પ્રેમચંદ કાલીદાસ નગરીયા - થાનગઢ
(૧૧) કુ. ભાવનાબેન રજનીકાંત કાલીદાસ નગરીયા
- થાનગઢ
(૧૨) શાહ કાલીદાસ મેઘજી ગુઢકા - જામનગર.
(૧૩) શાહ ન્યાલચંદ ઘેલજી નરશી દોઢીયા-નાઘેડીવાળા
- જામનગર.
(૧૪) શ્રીમતી મોતીબેન પ્રભુલાલ મેઘજી ગુઢકા -લંડન
(૧૫) ડૉ. મોતીચંદ હંસરાજ ગોસરાણી - જામનગર.
(૧૬) શ્રીમતી પ્રમીલાબેન સુરેશચંદ રાયચંદ વોરા - જામનગર.
(૧૭) શાહ ફુલચંદ નાગપાર મારુ સિક્કાવાળા -ભીવંડી
(૧૮) શાહ વ્રજલાલ કાનજી વસઈવાળા - જામનગર.
(૧૯) શ્રી રોહિતભાઈ જોઈતારામ શાહ - જામનગર.
(૨૦) શાહ રમણિકલાલ ભીમજી વેરશી હરિયા - રાસંગપરવાળા-મુલુંડ
(૨૧) શાહ રાયચંદ વ્રજપાર નાગડા નાઘેડી વાળા - અંધેરી
(૨૨) શાહ ધીરજલાલ મેઘજી જાંખરીયા - દાંતાવાળી - શાંતાક્રુઝ
(૨૩) શાહ ભારમલ નરશી - જામનગર.
(૨૪) શાહ દેવશી રાયમલ સાવલા પરિવાર - જામનગર.
(૨૫) શ્રીમતી જશમાબેન દેવશી રાયમલ સાવલા પરિવાર
- જામનગર.
(૨૬) શ્રી રંભાબેન દેવશી રાયમલ - જામનગર.
(૨૭) શાહ સોમચંદ લગધીર - જામનગર.
(૨૮) શાહ હેમરાજ નરશી - જામનગર.
(૨૯) શ્રીમતી શાંતાબેન મહેન્દ્રકુમાર સોજપરા - જામનગર.
(૩૦) શાહ રાયચંદ વીરજી ચંદરીયા - જામનગર.
(૩૧) શાહ દેવશી વીરાભાઈ હ. શાહ નરશી દેવશી
- જામનગર.
(૩૨) શાહ દેવચંદ પુંજાભાઈ માલદે - જામનગર.
(૩૩) શાહ હરખચંદ ભારમલ જાંખરીયા - જામનગર.
(૩૪) શાહ નરશી પોપટ મારુ - જામનગર.
(૩૫) શ્રીમતી દેમતબેન સોજપાર કરમણ ચંદરીયા
- જામનગર.
(૩૬) શાહ સોજપાર કરમણ ચંદરીયા - જામનગર.
(૩૭) શાહ પ્રેમચંદ લાધાભાઈ પરિવાર - જામનગર.
(૩૮) શાહ નેમચંદ ગોવાભાઈ રાફુદડ વાળા - જામનગર.
(૩૯) શાહ મોહનલાલ પુંજાભાઈ ધનાણી - જામનગર.
(૪૦) શ્રીમતી ઝવીબેન પ્રેમચંદ કચરા, ધુણીયાવાળા
- જામનગર
(૪૧) શ્રીમતી રતનબેન કેશવજી રણમલ - જામનગર.
(૪૨) શાહ ઝવેરચંદ લખમશી (સેબરજેટ) - જામનગર.
(૪૩) શાહ લખમશી નથુભાઈ દાંતાવાળા - જામનગર.

(૪૪) શાહ અમૃતલાલ નાથાલાલ માલદે - જામનગર.
(૪૫) શાહ હેમરાજ પાંચા પરિવાર - જામનગર.
(૪૬) શાહ કરમશી વજાભાઈ - જામનગર.
(૪૭) શાહ કીર્તિભાઈ રતિલાલ - જામનગર.
(૪૮) શાહ અમૃતલાલ વીરપાર - જામનગર.
(૪૯) શાહ વીરપાર મેરગ હરિયા પરિવાર - જામનગર.
(૫૦) શાહ વજા વેરશી હરિયા - જામનગર.
(૫૧) શાહ કેશવજી નાયા પરિવાર હ. સુભાષભાઈ - જામનગર.
(૫૨) શાહ ખીમજી સુરાભાઈ ખીમસીયા પરિવાર - જામનગર.
(૫૩) શ્રીમતી શાંતાબેન ઝવેરચંદ દેવશી - જામનગર.
(૫૪) શાહ મૂલચંદ વ્રજપાર મારુ - જામનગર.
(૫૫) શાહ નેમચંદ રામજી પરબત ગુઢકા - જામનગર.
(૫૬) શાહ મોતીચંદ સોજપાર - જામનગર.
(૫૭) શાહ સોમચંદ મેપા - જામનગર.
(૫૮) શ્રીમતી મોતીબેન અમૃતલાલ જેઠાલાલ ડબાસંગવાળા - જામનગર.
(૫૯) શાહ હેમચંદ કાનજી ડબાસંગવાળા - જામનગર.
(૬૦) શ્રીમતી મોંઘીબેન ઝવેરચંદ નથુ ગોસરાણી - જામનગર.
(૬૧) શાહ નેમચંદ લખમણ ચંદરીયા - જામનગર.
(૬૨) શાહ ઓતમચંદ રાયશી - રાફુદડવાળા - જામનગર.
(૬૩) શ્રીમતી મઘીબેન રાયશી નાગડા હ. પદમશીભાઈ રાયશી - જામનગર.
(૬૪) શાહ મોકરભાઈ કરમણભાઈ હરિયા પરિવાર - જામનગર.
(૬૫) શાહ ગોસર કરમશી ગડા પરિવાર - જામનગર.
(૬૬) શાહ કાનજી વેરશી - આરીખાણા
(૬૭) શાહ મોહનલાલ લખમશી - લંડન.
(૬૮) શાહ મોકર કરમણ હરિયા - જામનગર.
(૬૯) શાહ દેવશી નરશી ગુઢકા હ. રતિલાલ દેવશી મોટી લખીયા - માટુંગા
(૭૦) શાહ લખમશી રાયશી નાગડા - વાવબેરાજા -માહિમ
(૭૧) શાહ પદમશી વાઘજી ગુઢકા - લાખાબાવળ, થાનગઢ
(૭૨) શ્રીમતી સંતોકબેન પદમશી વાઘજી -લાખાબાવળ, થાનગઢ
(૭૩) વીરચંદ લખમશી નાગડા - વાવબેરાજા
(૭૪) અમૃતલાલ દેવશી નાગડા - જામનગર.

## શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ

| નામ | હોદો | ગામ | ફોન |
|---|---|---|---|
| શ્રી કાનજી હીરજી શાહ | મે. ટ્રસ્ટી | જામનગર | ઓ. ૪૫૪૮૧૭<br>રે. ૭૮૭૯૬ |
| શ્રી દેવચંદ પદમશી ગુઢકા | ટ્રસ્ટી | લાખાબાવળ | ૮૦૩૦૦, ૬૬૦૬૨૬ |
| શ્રી વેલજી પાનાચંદ ગલૈયા | ટ્રસ્ટી | ઘાટકોપર | ૪૧૧૦૭૫,<br>૫૧૬૦૯૬૪ |
| શ્રી કાનજી જેઠાભાઈ નાગડા | ટ્રસ્ટી | જામનગર | ૫૧૧૧૭, ૫૬૫૦૬૮ |
| શ્રી ઝવેરચંદ લાધાભાઈ નાગડા | ટ્રસ્ટી | જામનગર | ૫૨૯૯૦ |

## શ્રી હા.વી.ઓ. શ્વે. મૂર્તિ જૈન ધર્મશાળા કમિટિ

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી મગનલાલ લક્ષ્મણ મારુ | પ્રમુખ | મુંબઈ | ઓ. ૫૩૪૬૩૬<br>રે. ૫૪૦૧૧૪૧૩ |
| ૨. શ્રી મનસુખલાલ પોપટલાલ દોઢીયા | ઉ.પ્રમુખ | મુંબઈ | ઓ. ૩૭૭૪૫૨૫<br>રે. ૫૬૭૭૫૭૩ |
| ૩. શ્રી વીરચંદ લખમશી ગડા | ખજાનચી | મુંબઈ | ઓ. ૪૩૬૦૫૬૭<br>રે. ૪૩૦૭૦૫૭ |
| ૪. શ્રી હરખચંદ ગોવિંદજી મારુ | મંત્રી | મુંબઈ | ઓ. ૨૦૬૧૫૮૮<br>રે. ૫૧૬૨૨૨૩ |
| ૫. શ્રી હિંમતલાલ કાનજી શાહ | સ.મંત્રી | જામનગર | ઓ. ૫૫૪૮૧૭<br>રે. ૬૭૮૭૯૬ |
| ૬. શ્રી ભીમજી જીવરાજ ગડા | સલાહકાર | મુંબઈ | ઓ. ૪૪૧૭૩૫૪<br>રે. ૪૪૪૯૬૮૧ |
| ૭. શ્રી સુરેન્દ્રભાઈ રાયચંદ પારેખ | સભ્ય | મુંબઈ | ઓ. ૪૪૬૩૩૩૫<br>રે. ૪૪૬૩૩૩૭ |
| ૮. શ્રી ચુનીલાલ નથુભાઈ સાવલા | સભ્ય | મુંબઈ | ઓ. ૮૩૨૨૨૫૨<br>રે. ૮૭૨૧૯૮૩ |
| ૯. શ્રી જયંતિલાલ મેરગ ધનાણી | સભ્ય | જામનગર | ૬૬૨૬૪૧ |
| ૧૦. શ્રી દેવચંદ હરગણ હરિયા | સભ્ય | જામનગર | ૬૬૦૭૦૪ |
| ૧૧. શ્રી શાંતિલાલ ઝીણાભાઈ ધનાણી | સભ્ય | જામનગર | ૫૫૩૦૬૪ |
| ૧૨. શ્રી રતિલાલ પદમશી ગુઢકા | સભ્ય | થાન | ઓ. ૨૦૪૭૬<br>રે. ૨૦૮૭૬ |
| ૧૩. શ્રી પ્રભુલાલ ખીમજી ગુઢકા | સભ્ય | થાન | ઓ. ૨૦૬૫૧<br>રે. ૨૦૦૫૧ |
| ૧૪. શ્રી કીર્તિકુમાર રામજી મારૂ | સભ્ય | થાન | ઓ. ૨૦૪૪૨<br>રે. (૦૨૮૧) ૪૭૬૬૬૯ |
| ૧૫. શ્રી કેશવલાલ ભગવાનજી ચંદરીયા | સભ્ય | મુંબઈ | ઓ. ૪૨૨૮૮૪૬<br>રે. ૪૨૨૮૭૭૯ |
| ૧૬. શ્રી દેવચંદ પદમશી નજરીયા | સભ્ય | મુંબઈ | ઓ. ૪૨૨૩૩૨૫<br>રે. ૪૩૦૩૮૧૫ |

**શ્રુત જ્ઞાન ભવન, જામનગર.** ફોન : ૭૭૦૯૬૩

**પંચાસર રોડ, શંખેશ્વર.** ફોન : ૭૩૩૧૦

## દીક્ષાના દાનેશ્વરી એ દીધી તી

# એક ઝંઝાવાતી દીક્ષા

ગતાંકથી ચાલુ -

— પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિજયજી મ.

કાંતિભાઈએ વાતની મૂળભૂત વ્યથા વ્યક્ત કરી.

"... કાં તે ! દીક્ષા પરિવારે નથી લેવાની; દીક્ષા તારે લેવી છે. એય આત્માના કલ્યાણ માટે. તારા આત્માના કલ્યાણનો નિર્ણય તું જ લઈ શકે, નહિ કે પરિવાર."

પૂજ્યશ્રીએ કાંતિભાઈને ઉત્તેજિત કર્યા.

"... પણ ગુરુદેવ ! તેઓ અન્તરાયો ઉભા કરતાં રહે તો ?"

કાંતિભાઈએ પૂછયુ.

"... દરેક વ્યક્તિ આત્મકલ્યાણનો નિર્ણય લેવા માટે સ્વતન્ત્ર હોય છે. જેને પોતાનું કલ્યાણ સાધવું હોય, એ સ્વયમ્ જ તેનો નિર્ણય લઈ શકે છે. આત્મકલ્યાણ કરવું કે નહિ ? એ આત્માના પોતાના અબાધિત અધિકારનો પ્રશ્ન છે; નહિ કે પરિવારનો. પરિવાર તેમાં કોઈ જ બાધા સરજી શકે નહિ. હા ! તારા શરીર પર હજી તારા પરિવારનો અધિકાર ગણાય, અલબત્ત, આત્મા પર તો નહિ જ. પરિવાર તારા શારિરીક- સાંસારિક અધિકારો પર જરૂરથી તરાપ લગાવી શકે છે. પણ આધ્યાત્મિક અધિકારો પર તો હરગીજ નહિ."

પૂજ્યશ્રીએ કેશરીયા કરવાની વાત કરી.

"... એટલે ગુરુદેવ ! હું બધાને અન્ધારામાં રાખીને પલાયન થઈને દીક્ષા લઈ લઉં ?" કાંતિભાઈએ આખરી પ્રશ્ન પૂછયો.

"... જો રાજી ખુશીથી દીક્ષા ન જ મળતી હોય તો પરિવારને નારાજ કરી નેય દીક્ષા લઈ શકાય છે. દીક્ષા સ્વીકારવી એ કોઈ અપરાધ નથી."

પૂજ્યશ્રીએ સિંહનાદ કર્યો.

"... પણ તો પછી તો પોલીસ ફરિયાદ નોંધાવાની અને કોર્ટના વોરન્ટો છૂટવાની પણ નોબત વાગી જાય ?..."

દીક્ષા લેવા કૃતસંકલ્પ બનેલા કાંતિભાઈએ તૈયારીનો પ્રશ્ન છેડયો.

"... કોર્ટનું કામ અપરાધીને દંડ કરવાનું છે. નહિ કે અધ્યાત્મીને ધર ભેગા કરવાનું. દીક્ષાર્થી જો દીક્ષાને ઝંખે જ છે, તો દુનિયાની કઈ તાકાત તેના પગ બાંધી શકશે ? કોઈનીય તે હેસિયત નથી "

**પૂજ્યશ્રીએ સિંહગર્જના કરીને આવનારા બધા જ વિઘ્નોને વિખેરી નાંખવા માટેની સજ્જતા દર્શાવી.** બસ ! કાંતિભાઈ પણ પૂજ્યશ્રી પાસે આવી જ સજ્જતા પ્રાર્થી રહ્યાં તા.

અપેક્ષિત હતી એવી તૈયારી ગુરુ મા પાસે જોવા મળતાં જ કાંતિભાઈએ તેમના દીક્ષા માટેના પ્રબન્ધોને સઘન બનાવ્યા ! હવે પલાયન થઈને, અજ્ઞાતપણે પરિવારને પૂર્વ માહિતી આપ્યા વિના દીક્ષા સ્વીકારવાની હતી. તેથી સંભવિત બધા જ અવરોધોનો આગોતરો પ્રતીકાર તેઓ કરવા માંડયાં.

ગુરુદેવનો અને તેમના કેટલાંક અંગત વિશ્વાસુઓનો તો સાથ હતો જ. અંતે તેમની દીક્ષાનું મુહૂર્ત પણ નીકળ્યું. અલબત્ત, અમદાવાદમાં જ દીક્ષા આપવામાં શાસનની અપભ્રાજના થવાની બહુ મોટી દહેશત હતી.

અમદાવાદમાં કાંતિની દીક્ષાના સમર્થકો જો એક ટકા જેટલા હતાં તો તેની દીક્ષાના વિરોધિઓની ટકાવારી ૯૯ ટકા જેટલી વિરાટ્ હતી. આ સ્થિતિમાં અમદાવાદનું સ્થળ કાંતિભાઈની દીક્ષા માટે સાવ પ્રતિકૂળ હતું.

આથી જ દીક્ષા માટે કોક ત્રાહિત સ્થળની શોધ ચલાવવી પડી. આખરે ગુરુદેવ રામવિજયજીની દૃષ્ટિ ખંભાત પર સ્થિર થઈ. તેમને ખંભાત બધી રીતે અનુકૂળ સ્થળ લાગ્યું. ખંભાતનો સંઘ શાસનને પૂર્ણ પણે સમર્પિત હતો. સુધારાવાદના ઝેર અમદાવાદ - પાટણ - મુંબઈ જેવા શહેરોમાં ભલે ઉછળતા થયા હોય અલબત્ત, ખંભાત જેવી પરંપરાગત રીતે જ ધર્મ નિષ્ઠ રહેલી ભૂમિમાં તેનો પગપેસારો થઈ શકયો ન હતો. આથી જિન શાસનના કોક કાર્ય સામે કદાચ લોક જુવાળ પણ જાગી ઉઠે, તો ખંભાતના શ્રાવકો ત્યારે શાસનનું અભેદ્ય કવચ બની શાસન વિરોધિઓને નશ્યત્ આપવા તૈયાર રહે તેમ હતા.

કાંતિભાઈની દીક્ષા વિવાદ અને વિસંવાદના ઝંઝાવાતોથી ઘેરાતી ચાલીતી. અલબત્ત, કાંતિભાઈએ ગાંઠવાળી તી, દીક્ષા સ્વીકારીને જ ઝંપવાની. તો પૂજ્યશ્રીએ પણ તેના મુમુક્ષુ ભાવના મટકા પર પરીક્ષાના ટકોરા ફટકારી જોયા તા. બેશક ! તેનો વૈરાગ્ય કાચી માટીનો નહિ, પાકી માટીનો હતો. તે વૈરાગ્યને અનુભવની આગના તાપ પણ સાંપડયા તા. આથી જ તે કષ્ટોના જળપ્રવાહને આંતરી લેવાય તત્પર બની શકયો તો.

આખરે, પંન્યાસ રામવિજયજીએ પણ પ્રાણ ખાધું, કાંતિની દીક્ષા થઈને રહેશે. ભલે, સમાજમાં તાંડવ મચી જાય. પૂજ્યશ્રીએ દીક્ષા માટેના સુયોગ્ય સ્થળની ખોજ માંડી. છેવટે તે સૌભાગ્ય કળશ ખંભાતની ધરા પર ઢોળાયો.

ખંભાતના સંઘાગ્રણી શ્રી કસ્તૂરભાઇ એવા તો નરબંકા સેનાની હતા, કે તેના રખોપા સામે ઝીંક ઝીલવાની તાકાત કોઇનામાંય બચે તેમ નહતી.

બસ! આવા જ કોક નરબંકાનું સુરક્ષા કવચ કાંતિની દીક્ષા માટે અપેક્ષિત હતું. ધસમસતા પૂરને થંભાવી દે અને જુવાળને ય જલાવી દે એવો કોક ધુરન્ધર મહારથી જો ન સાંપડે, તો કાંતિની દીક્ષાનો ચક્રવ્યૂહ જીતાય તેમ ન હતો.

શાસનના શૂરવીર સેનાની 'સૂરિરામે' સ્હેજ અંગુલી નિર્દેશ કર્યો અને તરત જ શાસન સેનાનીના સંનિષ્ઠ ભક્ત અને શ્રાવક સંઘના સેનાની સમા શ્રીયુત કસ્તૂરભાઇએ ઝંઝાવાતી દીક્ષાને વિના વિઘ્ને પાર પાડવાની બધી જ જવાબદારી ઉપાડી લીધી.

આમ, કાંતિભાઇની દીક્ષા માટે ઝંઝાવાત સામેય અટલ રહી શકે તેવી એક વજ્રની બનેલી પૂર્વ ભૂમિકા રચાઇ ગઇ.

મુમુક્ષુ સાથે આવશ્યક વાર્તાલાપ કરીને ગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાથે પૂજ્યપાદશ્રીજીએ ખંભાત ભણી પ્રયાણ આદર્યું.

ગુરુ - શિષ્યની પધરામણીના સમાચાર મળતાં જ ખંભાત રહીશો ઝૂમી ઉઠયાં.

વિશાળ સ્વાગત યાત્રા સાથે ગુરુ-શિષ્યનો ખંભાતમાં પ્રવેશ થયો. પ્રવેશ સમારોહમાં જ સંઘનુ ઉત્સાહી વાતાવરણ જોઇને પૂજ્યશ્રીએ શાંતિનો શ્વાસ ખેંચ્યો.

શ્રી કસ્તૂરભાઇ શેઠ સાથે દીક્ષા સંબન્ધી કેટલીય વાટાઘાટો બંધ બારણે થઇ ચૂકી. એક મુમુક્ષુની અધ્યાત્મયાત્રાના પ્રયાણ ખાતર જરુર પડે મરી ફીટવાય તે તૈયાર હતા. શેઠ કસ્તૂરભાઇનો અપૂર્વ સહકાર અને એથીય વિશેષ તેમની ઝીંદાદીલી જોઇને ગુરુદેવો ન-ચિંત બની ગયા.

મુહૂર્તની અતીત સન્ધ્યાએ જ નિર્ણયાનુસાર મુમુક્ષુ કાંતિભાઇ ખંભાત આવી પહોંચ્યા. તેણે પોતાની દીક્ષાની ગંધ કોઇને ય આવા દીધી ન હતી.

અફસોસ ! જ્યારે એક તરફ દીક્ષા માટેની બધી તૈયારીઓ આટોપાઇ ચૂકીતી, ત્યારે ભદ્ર-દિલ ગુરુ-મા પૂ. આ. વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજ દ્રવી ઉઠયાં. તેમાણે દીક્ષાર્થી અને દીક્ષાર્થીના ગુરુદેવ સમક્ષ પોતાની માનસિક ભીતિ વ્યક્ત કરી.

સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો દીક્ષા પૂર્વેનું જલદ આંતરિક વાતાવરણ જોઇને ડરી ગયેલા તેઓશ્રી દીક્ષા માટે આડકતરો ઇન્કાર કરી રહ્યા તા. વિઘ્નો અને તોફાનો તેમનાથી જોયા જતાં નહિ.

ત્યારે પૂજ્યપાદશ્રીએ પોતાની ગુરુમાને એટલું જ કહ્યું **"ગુરુદેવ ! એક મુમુક્ષુ પોતાના સ્વર્ગ જેવા સંસારને તિલાંજલી આપીને આત્મકલ્યાણ માટે આપણી સમક્ષ જ્યારે આવી ઉભો છે ત્યારે શાસનના સુવિહિત ધર્મગુરુ તરીકે તેના આત્મકલ્યાણના માર્ગને નિષ્કંટક કરી આપવો, એ આપણી ફરજ નથી શું ? વિરોધોથી ડરી જઇને જો દીક્ષાર્થીને દીક્ષા નહિ અપાય તો વિજય અનાત્મવાદનો થશે..."**

માર્મિક અને સાત્વિક વાત હતી; પૂજ્યપાદશ્રીની.

ત્યાં તો દીક્ષાર્થી કાંતિભાઇ એ પણ વજ્રપાત થાય તોય દીક્ષા સ્વીકાર્યા પછી નહિ જ ત્યાગવાનો રણકાર કર્યો. શેઠ કસ્તૂરભાઇએ દીક્ષાની વિધિમાં અટકાયત કરનારા તોફાનીઓની ખેર નથી તો સિંહનાદ પાડયો.

અંતે ગુરુ-મા ઝૂમી ઉઠયા. દીક્ષાર્થીને સ્વહસ્તે રજોહરણનું દાન કરવા માટે તત્પર બન્યા.

વળતે જ દિવસે નિર્ધારિત સ્થળે અને સમયે ગુરુદેવોના અન્તરના આશિષ સ્વીકારીને નરવીર કાંતિભાઇએ મહાભિનિષ્ક્રમણના માર્ગે મંગલ પ્રયાણ આદર્યું.

ખંભાતના શ્રાવક-શ્રાવિકાઓની સભા સમક્ષ તેણે ગુરુદેવ પાસે રજોહરણની યાચના કરી. मम मुंडावेह.. मम पव्वावेह.. मम वेसं समप्पेह.. કાંતિભાઇની અણધારી દીક્ષાથી અણજાણ સ્થાનિકોમાં આશ્ચર્યનું મોજું ઘૂમી વળ્યું. અલબત્ત, સહુએ તે દીક્ષાર્થીને અક્ષતથી વધાવ્યં.

શુભ પળે કાંતિભાઇની હથેળીમાં ગુરુદેવોએ રજોહરણનું સ્થાપન કર્યું. ત્યાર પછીનો ટૂંકી પળોમાં તો નૂતન દીક્ષિતનો દેહ અહિંસાના પ્રતીક સમા ધવલ વર્ણા વસ્ત્રોથી વિભૂષિત બની ગયો.

તેને પંચની સાક્ષીએ યાવજ્જીવ માટેની સાવદ્ય ત્યાગની પ્રતિજ્ઞા ઉચ્ચરાવવામાં આવી. કેશ લુંચનની વિધિ થઇ. સિધ્ધાન્ત મહોદધિ પૂ. આ. ભ. વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજે આખરે નૂતન દીક્ષિતનું નામ સ્થાપન કર્યું : મુનિ કાંતિ વિજય તે નવદીક્ષિતે ગુરુદેવ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના ચરણે જીવન સમર્પણ કર્યું.

સબૂર ! હવે જ અગન-ખેલનો સમય આવવાનો હતો.

પલાયન થઇને દીક્ષા લઇ લેવી તો સરળ હતી. પણ ત્યાર પછીના સ્વજનોના હુલ્લડ સામે અણનમ રહેવું જ કઠિન હતું.

જે દિવસે શ્રીયુત કાંતિકુમારની દીક્ષા થઇ, એજ દિવસે તેમના પરિવારમાં કોક પ્રસંગ પરની મહેફિલ-પાર્ટી હતી. કાંતિભાઇ તો બહાનુ બતાવી તેમાંથી આબાદ છટકી જઇ દીક્ષિત બની ગયા. આ બાજુ કાંતિભાઇના વિશ્વાસુ એક મિત્રે પૂર્વ આયોજન મુજબ સાંજના સમયે યોજાયેલી મહેફિલમાં જ બધાને આટલા ટૂંકા સમાચાર આપ્યા : **"... કાંતિએ સંસારના ચીર ફગાવી દઇ કાંતિવિજયની શકલ ધારણ કરી લીધી છે, ખંભાતમાં..."**

**આ વાત ફેલાતાં જ કાંતિભાઇના મિત્ર-વર્તુળમાં - પરિવારમાં સન્નાટો ફેલાઇ ગયો. જાણે સાગરી તોફાન તેમના મનમાં ઉભરાઇ આવ્યા. તેમના સાથી તરુણો તો એક જ મૂડમાં હતા. આકાશ-પાતાળ એક કરીને પણ કાંતિને પાછો ઘેર ભેગો કરી દેવો.**

ચોમેર હુલ્લડની માનસિકતા છવાઇ ગઇ.

ઝનૂને ચઢેલા યુવાનોએ આખાય કુટુંબને ઉશ્કેર્યું. કાંતિની દીક્ષા સામે તોફાન મચાવવાનો તેઓનો મૂડ હતો. કાંતિ દીક્ષા લઈ જ કેમ શકે ? અમને પૂછયાં વિના કદમ ભરવાનો તેને અધિકાર જ કયાંથી મળ્યો ? અમારી ના ઉપર ૮ટ તે દીક્ષામાં જીવી જ કેમ શકે ?.. જોઇ લઇશું તેના ગુરુઓને ! ખેર નથી ! તેને દીક્ષા માટે સપોર્ટ આપનારની.. !!

બસ ! આવી જ આક્રોશની ડમરી તેમના મનમાં ઘૂમરાવે ચઢી. કાંતિને પાછો સંસારી બનાવી દેવા માટે તેઓ આકાશ-પાતાળ એક કરવા તૈયાર થઈ ગયા. પહેલાં સમજૂતિ પછી દબાણ તોય ન માને તો બળપ્રયોગ કરીને ય સાધુનો વેશ ઉતારી દઇ કાંતિને પાછો ઘેર લાવવા તેઓએ નિશ્ચય કર્યો.

સ્વજનોનું અને મિત્રવર્તુળનું બનેલું એક મોટું ટોળું ખંભાત ધસી ગયું. ખાસ વાહન દ્વારા તેઓએ સમાચાર મળ્યાંની વળતી જ ઉષાએ ખંભાત ભણી હંકારી દીધું.

બીજી બાજુ કાંતિભાઈની દીક્ષાના સમાચાર આપનારી વ્યક્તિએ જ એ સમાચાર પછી જાગેલા જલદ પ્રત્યાઘાતોની માહિતી સીધી ખંભાત પહોંચાડી. શેઠ કસ્તૂરભાઇ સાવધાન બની ગયા. ગુરુદેવોને સત્તર્ક કરાયા.

ધારણા તો હતી જ, સ્વજનોના તોફાનની.

તે ધારણા અપેક્ષા પ્રમાણે જ સાચી પૂરવાર થઈ. કદાચ તેથી ય વધુ આક્રમક સ્વરૂપ લઈ ગઈ હોય; તો ય ઈન્કારી ન શકાય. મળતાં સમાચારો મુજબ તો પ્રશ્ન હવે માત્ર વિરોધનો જ નહતો રહ્યો. પ્રશ્ન ખરાખરીનો બની ગયો તો. સ્વજનો માત્ર આક્રોશ જ ન હતા; વ્યક્ત કરવા માંગતાં. તેમને તો માત્ર ને માત્ર કાંતિ વિજયના સંયમની આહૂતિ જ ખપતી તી.

ત્યારે શેઠ કસ્તૂરભાઇ પરિસ્થિતિની ગંભીરતા પામી ગયા. શાંતિ પૂર્ણ સમાધાનની શકયતા નહિવત્ હતી. સંઘર્ષ સુનિશ્ચિત બની ગયો તો. અમદાવાદથી ધસી આવતા તોફાનીઓના ટોળા સામેના સંઘર્ષમાં સહસ્રમલ્લ યોદ્ધા જેવું ઉત્તરદાયિત્વ અદા કરવા શેઠ કસ્તૂરભાઇ તૈનાત થઈ ગયા.

**રોજ - માથે પાઘડી પહેરનારા શેઠે આજે કેશરીયું ફાળિયું બાંધ્યુ. હાથમાં જાડી - મજબૂત - અને ઉંચી ડાંગ ઝાલી. તેઓ એકલવીર બનીને ઉપાશ્રયના ઉંબરે ઉભા રહી ગયા; સંઘર્ષનો સામનો કરવા.**

**સમય થયો અમદાવાદથી કાંતિભાઇના મિત્રો - સ્વજનો અનેક વાહનોમાં પૂર ઝડપે ખંભાત આવી પહોંચ્યા. ઉપાશ્રય સામે જ વાહનો પાર્ક થયા. તરત જ ધડા ધડ વાહનોના દરવાજા ખૂલ્યા. તેમાંથી અસાધારણ ક્રોધ સાથે કાંતિના મિત્રો ઉતર્યા. તેઓ સીધા ઉપાશ્રયની પગથાર તરફ ધસી આવ્યાં.**

**તેમની ચાલમાં જ આક્રોશ છલકાતો તો. તેમની આંખો લાલઘૂમ થઈ ગઈ તી. ધબ્-ધબ્ પગ પછાડતા-પછાડતા તેઓ પગથાર ચઢી ગયા.**

ઉપરના પહેલાં પગથિયે જ શેઠ કસ્તૂરભાઈ, ઉંચી ડાંગ સાથે રણવીર બનીને ઉભા તા. **જેવા કાંતિભાઈના તોફાની મિત્રો તેમની સમીપ પહોચ્યાં ત્યાં જ શેઠે પોતાની અણનમ ડાંગ આકાશમાં જોશભેર ઉછાળી. વર્તુળાકારે ઘૂમાવી. ખૂબ ઉલાળી. અંતે નિશાન તાકયાં વિના જ તેમણે એ ડાંગને આડેધડ ઝીંકવા માંડી.**

**તોફાનીઓમાં તો સોંપો પડી ગયો. કેટલાંયને ધક્કા લાગ્યા. કેટલાંયને ડાંગના મારનો સ્વાદ ચાખવા મળ્યો. શેઠનું રુદ્ર સ્વરૂપ જોઇને ટોળામાં રહેલાં પણ તે યુવાનો પાંચ ડગ પીછે હઠ કરી ગયાં. શેઠની તાકાત અને ઐશ્વર્યને જોતાં જ રહ્યાં.**

**શેઠે ગર્જના કરી : ખબરદાર છે, કોઈએ પણ તોફાન મચાવ્યું છે તો. આ પોપાબાઈનું રાજ નથી. ન ધણીયાતો તબેલો નથી. વિનમ્ર બનીને ઉપાશ્રયમાં પ્રવેશવું હોય તો છૂટથી પ્રવેશો. ધિંગાણું કરવું હોય તો ચાલો મારી સાથે મેદાનમાં.**

છેક અમદાવાદથી સળગતાં - સળગતાં આવનારા પણ તે તોફાનીઓ શેઠનું પ્રચંડ પરાક્રમ જોઈ ૫૦ ટકા તો ઠંડાગાર થઈ ગયા.

ખંભાતમાં દીક્ષાના તરફદારોના તાપ - પ્રતાપ જોઇ કાંતિ ને પાછા વાળવા દોડી આવેલા ખેરખાઓય ધ્રુજી ઉઠયાં. તેમને લાગી તો આવ્યું કે આપણી કારી કદાચ નહિ ફાવે.

છેવટે, સાપ જેમ બિલમાં દાખલ થાય, તેમ પૂરા સભ્ય અને શાંત બનીને તોફાનના નાળચા ઉંધાવાળીને સ્વજનો ઉપાશ્રયમાં પ્રવેશ પામી શકયાં. ત્યાં તેમનો આદર કરવા શાસનના સેનાની સમા પંન્યાસ રામ વિજય તૈનાત જ હતા.

નૂતન દીક્ષિત કાંતિવિજયને પુન: સંસારી બનાવી દેવાના ઈરાદા સાથે આવનારા સ્વજનો પૈકી કેટલાંક પંન્યાસ શ્રી રામવિજયજી પાસે પહોંચ્યા. કેટલાંકે મુનિ કાન્તિ વિજય કયાં બેઠાં છે ? તેની ખોજ શરુ કરી. તો વળી કેટલાંક સભ્યો ધુંઆપૂંઆ થતા. આંખોના ડોળા ભીષણ રીતે ઘૂમાવતા રહીને કિંકર્તવ્યમૂઢ બનીને ઉભા રહ્યાં.

ત્યાં જ ઉંડી કોઠા સૂઝ ધરાવનારા પૂજ્યશ્રીએ પોતાની અનુમતિ વિના થયેલી દીક્ષા સામે આક્રોશ ઠાલવતાં સ્વજનોને બે રોક ટોક નૂતન દીક્ષિત કાંતિ વિજય સાથે બેઠક કરવા દીધી.

કાંતિ વિજયને એકાંતમાં મળવાની પણ સહર્ષ અનુમતિ આપી. વિરોધિઓની એ ધારણા ત્યારે ધૂળમાં રગદોળાઇ ગઇ, કે રામવિજયે કાંતિને બળાત્કારે દીક્ષા આપી છે.

કાંતિ વિજયને ભૂગર્ભમાં તો નહિ મોકલી દીધા હોય ને ? કાંતિ વિજય સાથે એકાન્તમાં મીટીંગ નહિ જ કરવા દે, જેવી તેમની ભ્રમપૂર્ણ માન્યતાઓ ત્યારે ભૂંસાતી ચાલી. નવદીક્ષિત કાંતિ વિજય જીવાણ ગુર્વાદેશથી તેમની સાથે મન્ત્રાણામાં જોતરાયા.

સ્નેહ ઘેલા સ્વજનોએ તેમની સામે બધી જ ભાષાનો વપરાશ કરી જોયો. અલબત્ત, **મુનિ કાંતિ વિજય તો અડગ હતા; સંયમના**

**પાલન માટે પ્રલોભનોથી તેઓ લલચાયા નહિ. રડારોળથી તેઓ લીંજાયા નહિ. ધમકીઓથી તેઓ ગભરાયા નહિ.**

આમ, સ્વજનોના કાંતિવિજયને ફરીને સંસારી બનાવવાના બધાં પ્રયાસો નિષ્ફળ ગયા. ત્યારે તેમણે કાંતિવિજય સમેત તેમના ગુરુદેવને ન્યાયાલયમાં ઢસડી જવાની પણ ધમકી આપી. સબૂર ! સંસારીઓ જો પોતાનો એક ફક્ત સ્નેહાવેશ ન છોડી શકતાં હોય તો સંયમી મુનિવરો તેમની જીદ સંતોષવા માટે પોતાના સંયમનું બલિદાન શા માટે આપે ?

**નૂતન દીક્ષિતે ગર્જના કરી : પહેલાં મારુ શબ પડશે પછી જ તેની પર તમે સંસારીના વસ્ત્રો પહેરાવી શકશો. જે કરવું હોય તે કરો, પણ મારુ સંયમ તો ત્રણ કાળમાં નહિ જ ત્યાંગુ.**

છેવટે વિરોધિઓએ તેમના ધર્મ પત્નીનો આખરી શસ્ત્ર તરીકે ઉપયોગ કર્યો. તેમને પણ પતિમુનિને ચકાસી જોવાનો એકાન્ત અપાયો. અલબત્ત તેઓ પણ ચર્ચાને અંતે હાથ ઘસતાં રહ્યાં.

અન્તે પંન્યાસ રામવિજય પાસે આખો રસાલો આવી પહોંચ્યો. પૂજ્યપાદશ્રીએ સહુ કોઈને એક કલાક સુધી સંયમ ધર્મની મહત્તા સમજાવી. સ્વજનોએ પૂજ્ય શ્રી સાથે પણ લાંબી લચ દલીલ બાજી કરી. અલબત્ત, ત્યાંય તેમની કારી ફાવી નહિ.

**ઉપરથી પૂજ્ય શ્રી એ નૂતન દીક્ષિતનું વસ્ત્રાપહરણ કરી લઈ તેમને પુન: સંસારી બનાવવા આવેલા સ્વજનોનેય દીક્ષાના પાલન માટે આહ્વાન આપ્યું. સ્વીકારી શકાય તો તમારે બધાએ આ સંયમ સ્વીકારવું જોઈએ. કદાચ તમે સંયમ ન પણ સ્વીકારો તો જેણે તમારુ કુળ અજવાળ્યું છે, તેના સંયમ માર્ગને તો ન ખંડિત કરાય. તમારે તેનો મહોત્સવ યોજવો જોઈએ.**

**પૂજ્યશ્રીની સમજાવટથી પણ નહિ સમજેલા સ્વજનોએ પૂજ્યશ્રીનેય કોર્ટ-કેસની ધમકી આપી. પણ આ રામવિજય ધમકી ધૂળથી ઢંકાઈ જાય તેવા તકલાદી ન હતા.**

અંતે સ્વજનો નિસ્તેજ ચહેરે પાછા ફર્યા. કાંતિકુમારને પાછા ઘરમાં તાણી લાવવાનો તેમનો ઇંતબાર અધૂરો જ રહ્યો.

અફસોસ ! પણ આ તકનો લાભ જૈન શાસનના જ કેટલાંક સુધારાવાદી ક્રાંતિકારીઓએ ઉઠાવ્યો. તે તક સાધુઓએ કાંતિ વિજયના સ્વજનોને અને ખાસ કરી તેમના શ્રીમતીને ખૂબ ઉશ્કેર્યા. નાણા વેરવાની ય તેમની તૈયારી હતી.

હા ! એકવાર તો પોતાના કુટુંબના સિતારાના થયેલા વિયોગથી ઘવાયેલા સ્વજનો વિવેકની સીમા ભાંગી જૈન શાસનના અવધૂત જેવા યોગીઓ સામે કોર્ટે પણ ચઢ્યાં.

**પંન્યાસ રામ વિજય અને મુનિ કાંતિ વિજય સામે તેમણે આરોપો પણ ઘડયાં. ગુરુ - શિષ્યને તેઓ કોર્ટમાં ઢસડી લાવ્યા.**

**સબૂર ! પહાડ સામે ય ઉન્નત રહેનારા રામવિજય એક કોર્ટ સામે શું ઝૂકી જાય ? તેમને વકીલનીય જરૂર ન હતી. કોર્ટના કઠેડામાં આસન બિછાવી તેમણે દીક્ષા ધર્મનું એવું તો યુક્તિ પુરસ્સરનું મંડન કર્યું અને ધારદાર દલીલોના સહારે નવદીક્ષિત કાંતિ વિજયની સ્વજનોની સંમતિ વિનાની દીક્ષાનું પણ એવું સમર્થન કર્યું; કે વિરોધિઓના વકીલો ય તેમનાથી ત્રાહિ - ત્રાહિ પુકારી ગયા. વિજય તેમને ધૂંધળો જણાયો. તેમની દલીલોની પોકળતા ખૂલ્લી પડવા લાગી.**

**અને સાચ્ચે જ ન્યાયલયના મોરચે પણ દીક્ષાના દાનેશ્વરીનો વિજય થયો. સુધારકોના ઝંઝાવાત વચ્ચે પણ તેમણે દીક્ષાના દીપને ઝળહળતો જ રાખ્યો.**

□ □ □

### વક્તા ચમત્કારોને તિલાંજલી આપો

*જૈનો કર્મવાદને માનનારા પણ જ્યારે ચમત્કારોમાં લોભાય છે ને સંસાર ત્યાગી આત્માઓને પણ શિથીલતાને ઢાંકવા માટે ચમત્કારો બનવા દેવ દેવીની સાચી ખોટી સાધનામાં પ્રયત્નવાન બનાવે છે. ચમત્કારી શિષ્યોની માયા જાળમાં શિષ્યો દીકરાના બાપા બની જાય તો પણ અજ્ઞાન રહેવુ પડે છે. ને શિષ્યો ગુરૂએ વક્તા બની પબ્લીકને પાગલ બનાવીને ન કરવાના અયોગ્ય કાર્ય કરવા પ્રોત્સાહન અપાય છે. સાધુ સાધ્વીના આચાર મર્યાદામાં મક્કમ રહેવું જરૂરી છે. ગૃહસ્થો જેવા વ્યવહાર વક્તા ચમત્કારની માયા જાળમા થાય છે તે માટે શ્રાવકોએ જાગૃત થવું જોઈએ. આત્મ કલ્યાણ માટે સંયમ લેનાર અમેરિકામાં જવાનું કહી ઈન્ડીયામાં વેશ્યાવાળે ફસાઇ ગયા.*

**— એમ. એસ. જૈન - પાલિતાણા**

## અખબારોનું ઝેર

# દૂધ માંસાહાર કહેવાય કે કેમ ? તે પ્રશ્ને મુનિ ચંદ્રશેખરજી-મેનકા ગાંધી વચ્ચે તણખાં ઝર્યા !

*(નોંધ : રાજકારણીઓ આવે એટલે સહુ રાજી થાય, કેટલાક જોવા આવે ! પણ શું બફાટ કરે તે તો ખબર પડે ત્યારે ધીંગાણાની શરૂઆત થઈ જાય ! છાપાવાળાને પણ છાપું ચલાવવા પ્રેરકની જરૂર તો પડે ને ! તા. ૨૬/૩ના 'સંદેશ' દૈનિકમાંથી)*

'દૂધ' એ માંસાહારી ખોરાક કહેવાય કે કેમ ? એ બાબતે મેનકા ગાંધી અને જૈનમુનિ ચંદ્રશેખરવિજયજી મહારાજ વચ્ચે જાહેરમાં તણખાં ઝર્યા હતા.

ઘટન ની વિગતો એવી છે કે વિનિયોગ પરિવારના સૌજન્યથી કોબા ખાતે જીવદયા અને જીવરક્ષા માટે એક સંમેલન યોજવામાં આવ્યું છે જેમાં મેનકા ગાંધી અને જૈનમુનિ ચંદ્રશેખરવિજયજી મહારાજ વચ્ચે દૂધ એ માંસાહારી ખોરાક કહેવાય કે નહિ તેની ચર્ચાએ એટલું ઉગ્ર સ્વરૂપ પકડયું હતું કે અંતે સંમેલનમાં ઉપસ્થિત શ્રોતાગણો એક સમયે કંટાળી જઈને ચર્ચાનો અંત લાવવા માગણી કરી હતી.

આ સંમેલનની શરૂઆતમાં ચંદ્રશેખરવિજયજી મહારાજે પોતાનું વકતવ્ય આપતા કહ્યું હતું કે ફકત ઢોરઢાખરને કતલખાનામાંથી જતા અટકાવવા અને પાંજરાપોળમાં સાચવવા એટલું જ પૂરતું નથી પણ હવે માનવજાતને બચાવવા પણ પશુઓને બચાવવા પડશે. ત્યારબાદ જ્યારે મેનકા ગાંધી પોતાનું વકતવ્ય આપવા ઊભા થયા ત્યારે તેમણે કહ્યું કે 'જો આપ સચ્ચે અર્થમેં બિનમાંસાહારી હૈ તો દૂધ પીના બંધ કિજિયે કયોંકિ દૂધ ગાય કે શરીરમેં બનતા હૈ ઈસલિયે દૂધ ભી એક માંસાહારી ખોરાક હૈ.'

મેનકા ગાંધીના આ વાકયોનો જવાબ આપતા ચંદ્રશેખરવિજયજી મહારાજે કહ્યું હતું કે આપણી સંસ્કૃતિ કે ઈતિહાસમાં કોઈપણ જગ્યાએ એવું નથી લખ્યું કે દૂધ માંસાહારી ખોરાક છે અને જો દૂધ માંસાહારી જ ખોરાક હોય તો આપણા ઈતિહાસમાં તો ખૂબ જ વિદ્વાન વ્યકિતઓ, મુનિઓ, ધર્મરાજાઓ થઈ ગયા જેમની પાસે તર્કશકિત પણ એટલી જ વધારે હતી તો તે બધા શું નહી જાણતા હોય કે દૂધ ગાયના શરીરમાં બનવાથી તે માંસાહારી કહેવાય ? તેઓ પણ દૂધનો આહાર આરોગતા જ હતા.

જ્યારે મેનકા ગાંધીનું એવું કહેવું હતું કે તેઓએ પાંચ વર્ષ સુધી ઈતિહાસનો અભ્યાસ કર્યો છે જેમાં કોઈપણ જગ્યાએ એવો ઉલ્લેખ તેઓએ જોયો નથી કે મુનિઓ, સંતો કે સાધુઓ દૂધનો ખોરાક લેતાં હોય અને તેઓએ કરાવેલા એક વૈજ્ઞાનિક સંશોધન પ્રમાણે દૂધને પચાવવાની શકિત કોઈપણ માણસમાં નથી. દૂધમાં ભલે લાખ ગુણ હોય પરંતુ તે એસિડિક છે તેનાથી માનવીને ઘણાં રોગો થઈ શકે છે.

આ બાબતનો જવાબ આપતા ચંદ્રશેખરવિજયજી મહારાજે કહ્યું હતું કે, આપનું વૈજ્ઞાનિક સંશોધન આ બાબતે ખોટું પૂરવાર થાય છે કારણ કે કોઈપણ પ્રકારના ખોરાકમાંથી લોહી બનતા એક અઠવાડિયું લાગે છે અને ગાય કે કોઈપણ દૂધાળ પ્રાણી જે ઘાસચારો ખાય છે. તેમાંથી દૂધ ફકત બાર કલાકમાં જ બને છે તેથી જ દૂધાળુ પ્રાણીને સવાર - સાંજ એમ બેવાર દોહવામાં આવે છે. જો દૂધાળું પ્રાણીને દોહવામાં ન આવે તો તે દૂધ ઝેરમાં રૂપાંતર પામે છે અને તેથી પ્રાણી જલદી મૃત્યુ પણ પામી શકે છે.

મેનકા ગાંધીનું એવું કહેવું હતું કે ગાયનું દૂધ વધારે ને વધારે મેળવવાની લાલચમાં ગાયને ઓકિસટોસિન નામનું ઈન્જેકશન આપવામાં આવે છે જેનાથી ગાયમાં ખૂબ જ અશકિત આવે છે. આ ઈન્જેકશન જે પહેલાં પંદર રૂપિયામાં મળતું હતું તે આજે નાની નાની જગ્યાએ માત્ર ૫૦ પૈસામાં મળી રહે છે. ગાય પહેલાં બે વર્ષમાં એક વાછરડાને જન્મ આપતી હતી તે આ ઈન્જેકશનના કારણે નવ નવ મહિને વાછરડાને જન્મ આપે છે જે જન્મતાની સાથે જ નિર્બળ પણ હોય છે અને તેને તરત જ કતલખાનાએ મોકલી આપવામાં આવે છે. તેથી ગાયની કતલખાનામાં તો હત્યા એક જ વાર થાય છે. પણ તેનું દૂધ આરોગીને માંનવી તેની પળે પળ હત્યા કરે છે.

'દૂધ' માંસાહારી કહેવાય કે નહિ એ ચર્ચા અંતે એટલી ઉગ્ર બની ગઈ કે ચંદ્રશેખરવિજયજી મ. સા. મેનકાજીને કહ્યું કે તમને અમે અમારા માનીને બોલાવ્યા અને તમે અમારી વિરૂદ્ધના પક્ષની જેમ વાતો શા માટે કરો છો ? આટલું કહીને તેઓ સ્ટેજ છોડીને પાછા ફર્યા હતા. ચર્ચાએ આ બાદ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આ વિવાદના નિરાકરણ માટે આયુર્વેદના નિષ્ણાંત વૈદ્ય ભાસ્કરભાઈ હરણીકરને આ બાબતે પ્રકાશ પાડવાનું કહ્યું હતું.

સંમેલનના પ્રથમ ચર્ચાસભાના અંતે બધાએ એ વાતનો સ્વીકાર કર્યો હતો કે ભારત સરકારને માંસની નિકાસ બંધ કરવી જ જોઈએ. જ્યારે અન્ય જૈનમુનિ હિતરૂચી મુનિ મ.સા. મેનકા ગાંધીએ પાંજરાપોળને પંદર લાખ રૂપિયા આપ્યા તે વાતને બિરદાવતા કહ્યું કે પશુરક્ષા માટે કોઈ જ્ઞાતિ કે જાતિના વ્યકિતનો દોષ નથી પણ દેશની અને સરકારે કરેલી અર્થતંત્ર વ્યવસ્થાનો દોષ છે અને અંતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ધીરૂભાઈ શાહે જણાવ્યું કે આમ તો શનિવારે વિધાનસભા બંધ હોય છે. પરંતુ અહીંનું વાતાવરણ વિધાનસભા જેવું જ જોવા મળ્યું અને મને રજાનો દિવસ હોય તેવું લાગ્યું નહિ.

વિનિયોગ પરિવારના સંયોજનથી યોજવામાં આવેલો જીવદયા અને જીવરક્ષા કાર્યક્રમમાં વિનિયોગ પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવેલ 'પાંજરાપોળની પ્રાણપ્રતિષ્ઠા' પુસ્તકનું વિમોચન ગુજરાત સમાચારના મેનેજીંગ તંત્રી શ્રી શ્રેયાંશભાઈ શાહે કર્યું હતું. પરિવારના સભ્યો દ્વારા શ્રેયાંશભાઈના સહયોગ બદલ તેમનું શાલ ઓઢાડીને સન્માન પણ કરવામાં આવ્યું હતું.

(શાસન પ્રગતિ ૨૫-૪-૨૦૦૦) સંપાદક : રોમેશ શાહ

**સુધારો :** વર્ષ ૧૩ અંક ૧૭ પેજ ૩૧૧ લીટી ૭ તેમાં 'આ અધર્મ એવો છે' ત્યાં 'આ ધર્મ એવો છે.' તેમ વાંચવું

# સમાચાર સાર

◆ **વિરાર** : સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ. આ.શ્રી.વિ. **મહોદય સૂરીશ્વરજી** મ.સા.ની તારક આજ્ઞાથી; અધ્યાત્મ વિશારદ પ.પૂ. આ. શ્રી વિ. **રાજ શેખર સૂ.** મ. તથા પ્રવચનકાર પૂ. મુ. શ્રી **હર્ષશેખર વિ.મ.** ની પુણ્ય નિશ્રામાં; ગં. **અમૃતબેન ખીમજીભાઇ ગડાની** પારમેશ્વરી પ્રવ્રજ્યા અંકણનો પુનીત પ્રસંગ પુણ્ય સ્મરણ રૂપે ઉજવાયો. માગ. સુ. પાંને શુક્રવાર સવારના ૯-૦૦ કલાકે તેમના નિવાસ સ્થાનેથી વર્ષીદાનનો વરઘોડો નીકળેલ જે મુખ્યમાર્ગે ફરી ૧૧ાા ક. મ્યુનિસીપાલટી ગાર્ડનમાં 'શાલિભદ્ર મંડપ' માં ઉતરેલ. મુમુક્ષુની દીક્ષાની ક્રિયાનો પ્રારંભ થયેલ. કર્મરજને દૂર કરનાર રજોહરણની પ્રાપ્તિથી આનંદથી નાચી ઊઠેલ અને 'દીક્ષા ધર્મનો જયનાદ'થી મંડપ ગાજી ઊઠેલ. સંયમોપકરણ વહોરાવવાની ઉછામણી પણ રેકર્ડરૂપ થયેલ. જીવનની ઢળતી સંધ્યાએ સુંદર આદર્શ રજૂ કરનાર મુમુક્ષુ અમૃતબેન ગડાની દીક્ષા પ્રસંગને નિહાળી અનેક ભવ્યાત્મા વિરતિ ધર્મના પ્રેમી બનેલ અને મુ. અમૃતબેનને હાલ પૂ. ગચ્છાધિપતિશ્રીજીના આજ્ઞાવર્તી-નિશ્રાવર્તી પૂ. સા. શ્રી ચંદનબાલાશ્રીજી મ. ના આજ્ઞાવર્તી અને પૂ. સા. શ્રી રોહિતાશ્રીજી મ. ના વિનીત શિષ્યા પરમ વિદુષી પૂ. સા. શ્રી **નિર્વેદરત્નાશ્રીજી મ.** ના પરમ તપસ્વી શિષ્યરત્ના પૂ. સા. શ્રી **રાજદર્શિતાશ્રીજી** મ. ના શિષ્યા **પૂ. સા. શ્રી અમીદર્શિતાશ્રીજી મ.** ના નામે જાહેર કરાતાં 'ગુરૂજી અમારો અંતરનાદ, સંયમના દ્યો આર્શિવાદ'થી મંડપ ગાજી ઊઠ્યો હતો. ત્યારબાદ નૂતન દીક્ષિતના સંસારી પુત્રો શ્રી હસમુખભાઇ, નિલેશભાઇ, મુકેશભાઇ આદિ સમસ્ત ગડા પરિવાર તરફથી સાધર્મિક ભક્તિ કરાયેલ. પાંચેક હજાર ભવ્યાત્માઓનો લાભ મળેલ. વીરારના શ્રી સંઘનો તેમજ મુમુક્ષુના કુટંબીજનોનો ઉલ્લાસ - ઉમંગ - ઉત્સાહ અપૂર્વ હતો. વીરારનગરમાં દીક્ષા ધર્મની દુંદુભીનો નાદ ગાજી ઊઠયો.

વિશેષ અનુમોદનીય વાત એ છે કે નૂતન દીક્ષિતના સુપુત્રી કુલદીપિકા ૨૦૪૭ માં દ્વિ. વૈ. સુ. ૧૦ ના અમદાવાદ - નવરંગપુરામાં દીક્ષાના દાનવીર, જૈનશાસન જવાહિર સ્વ. પ. પૂજ્ય આચાર્ય શ્રી વિ. **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાધિરાજના વરદ હસ્તે દીક્ષિત થઇ પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. ના. શિષ્યા પૂ. **સા. શ્રી ભક્તિદર્શિતાશ્રીજી** મ. ના નામે સુંદર સંયમ જીવનની આરાધનાકરી રહ્યા છે.

◆ **અમલનેર** : પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિ. મ ની નિશ્રામાં પોષદશમીની આરાધના ઉલ્લાસ પૂર્વક થઇ. ત્રણે દિવસ એકાસણાનો લાભ માધુરીબેન દામોદરદાસ મોહનલાલ પરિવારે લીધો. સંઘ તરફથી અઠ્ઠમ તથા એકાસણા કરનાર ભાગ્યશાલીઓનું બહુમાન કરાયેલ. ત્રણે દિવસ સુંદર અંગરચના રચાયેલ. પોષ દશમીના દિવસે માધુરીબેન દામોદરદાસ પરિવાર તરફથી સંઘપૂજન, ચિ. સમકિત તથા ચિ. દર્શિતના જન્મદિન નિમિત્તે શ્રી ગિરૂવાજી પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય અંગરચના તથા શ્રી સંઘવી પરિવાર તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા શ્રી સિદ્ધિ મેઘ શ્રાવિકા મંડળની બેનોએ ભણાવેલ તથા તેઓ અને કોચર આદિ પરિવાર તરફથી શ્રી શામલાપાર્શ્વનાથ ભગવાનની સોનાના વરખની સુંદર અંગરચના રચાયેલ.

મા. વ. ૧૩ ના પૂ. મુનિવરે અમદાવાદ તરફ વિહાર કરેલ છે. સારી સંખ્યામાં શ્રી સંઘ ઉપસ્થિત થયેલ અને શ્રી રાજેશભાઇ બાલચંદ વકીલના ગૃહે માંગલિક સંભળાવેલ તેમના પરિવાર તરફથી ગુરૂપૂજન - સંઘપૂજન કરાયેલ.

◆ **શંખેશ્વર તીર્થમાં** : પૂ. આ. શ્રી વિ. રત્નભૂષણ સૂરીશ્વરજી મ. સા. તથા પૂ. મુ. શ્રી કુલભૂષણ વિજયજી મ. સા. આદિનું ચોમાસું રાજકોટ - પ્રહલાદ પ્લોટ સંઘમાં હતું. આખું ચોમાસું વિવિધ આરાધનાઓ - અનુષ્ઠાનો - આદિથી ભરપૂર પસાર થયું છે. તેઓએ માગ. સુ. ૩ ના રોજ વિહાર કરતાં, સંઘે સુંદર વળામણું કર્યું. નવા ગામમાં તેઓએ 'વિદાય સંદેશ'નું યાદગાર પ્રવચન આપ્યું. ત્યાં આવનાર દરેકની ભક્તિ કરવામાં આવી હતી. વીસ-વીસ વરસના લાંબા સમયગાળા બાદ તેઓ શંખેશ્વરજી જઇ રહ્યાં છે; તા. ૨૫/૧૨ ના રોજ સવારે તેઓ શંખેશ્વર પહોંચ્યા બાદ ત્યાં દસેક દિવસની સ્થિરતા કરશે; ત્યારબાદ પાટણ આદિ આજુબાજુના તીર્થોની યાત્રા કરશે. તે પછી પ્રાય: માહ સુદિ ૧૫ સુધીમાં અમદાવાદ પહોંચવાની તેઓની સંભાવના છે. ■

ટાઈટલ - ૨ થી ચાલું

અહિતમાં આગળ ભાગ ન લેજે કોઈને કાંઈ આપી ન શકે તો કાંઈ નહિ પણ કોઈનું પડાવી - ઝુંટવી લેવાની લુટારૂ વૃત્તિ તો ન રાખજે. કોઈને સદાચાર ન સમજાવી શકે તો ચાલશે પણ દુરાચારની વૃત્તિઓ ન વકરાય, તેમાં નિમિત્ત ન બનાય તેનું ધ્યાન રાખજે. તો પણ તારી ગતિ સુધરશે.

■ હે આત્મન્ ! તારું ઘર - બાર, કુટુંબ - પરિવાર પર અધિકાર વૃત્તિ ન રાખ, બીજા બધા મારા કાબૂમાં રહે, હું કરૂં તેમ જ થાય તેવો વિચાર કરવાને બદલે તારી જાત પર, તારા મન અને તારી ઈન્દ્રિયો ઉપર કાબૂ રાખીશ તો તારું કલ્યાણ થશે. બધા કાબૂમાં હશે પણ તારું મન અને તારી ઈન્દ્રિયો બેકાબૂ બનશે તો તારું શું થશે ? તારું ન માને તેને મારવાની, શિક્ષા કરવાની ઈચ્છા થાય છે તો તારી દુર્બુદ્ધિ, દુર્વાસના, દુષ્ટ વચન, દુષ્ટ ચેષ્ટાને મારવા, પ્રયત્ન કર. તે મરાઈ તો તું જંગ જીત્યો. તે બધા જીવતા તો તું જીવતો છતાં મરેલો જ છે.

■ હે આત્મન્ ! તું બાહ્ય પદાર્થોમાં મૂંઝાયેલા, બાહ્ય પદાર્થોની બધી જાણકારી મેળવે છે. પણ જેમાં તારો આત્મારૂપી હંસલો આ શરીરરૂપી પિંજરામાં પૂરાયેલો છે તેની તે જાણકારી મેળવી છે ? આ શરીરમાં સાંભળવા - જોવા - સુંઘવા, ખાવા - સ્પર્શવા પાંચ ઈન્દ્રિયો છે. તેમાં કાન - આંખ - નાક - સ્પર્શનું એક જ કામ છે. તે બાહ્ય દેખાય છે. જ્યારે ખાવાનું કામ કરનાર જીભના બે કામ છે પણ તેને બે હોઠ અને બત્રીશ દાંતના કિલ્લામાં રહેવું પડયું છે. કારણ ? જીભ માલ પણ ખવરાવે અને માર પણ ખવરાવે. જીભના બે કામ છે. તેમાં જો ખાવા - પીવામાં ભૂલ કરે તો શરીર બગાડે અને બોલવામાં ભૂલ કરે તો જીવન બગાડે. જીભમાં અમૃત પણ છે ને ઝેર પણ છે. જીભના કારણે મહાભારતનું યુદ્ધ ખેલાયું જીભ સાંધે પણ ખરી અને તોડે પણ ખરી. માટે તું સાંધવાનું - જોડવાનું કામ કરજે, તોડવાનું નહિ.

■ ■ ■

### આત્મ પ્રબોધક પ્રસંગ

# સાત્વિકતા - ધર્મનો પ્રાણ

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

આપણે ત્યાં સત્યવ્રતના પાલન ઉપર શ્રી હંસ રાજાની કથા આવે છે. હંસ રાજાને સત્યવ્રતના પાલન માટે કેવા કેવા પ્રસંગો બને છે છતાં ય તે ડગતા નથી. એક વાર તેઓ યાત્રા માટે જઈ રહ્યા છે. અડધા માર્ગે આવ્યા ત્યાં એક સેવકે આવીને સમાચાર આપ્યા કે શત્રુ રાજાએ આવીને આપની રાજધાની ઉપર કબજો મેળવી દીધો છે. આ સમાચારથી સાથેના સૈનિકો - પરિવાર રાજાને તુરત પાછા જલા સમજાવે છે. ત્યારે રાજા કહે છે કે - ''હે મહાનુભાવો ! જીવોને પૂર્વે કરેલાં કર્મના કારણથી જ સંપત્તિ અને વિપત્તિની પ્રાપ્તિ થાય છે તો પૂર્વે કરેલા મહાપુણ્યના કારણે પ્રાપ્ત થયેલી આવી જિનયાત્રાનો ઉદ્યમ ત્યાગ કરીને ભવના હેતુભૂત એવા રાજ્યના કાર્યોમાં કોણ મૂઢ હોય કે પાછો જાય ? વિનશ્વર એવું રાજ્ય રહો કે નાશ પામો પણ હું તો યાત્રા કર્યા વિના પાછો વળવાનો જ નથી.''

ધર્માત્માની કેવી અજબની ખુમારી છે. મારા પ્રિય વાચકો ! મહાપુરૂષોએ શ્રી જિનમંદિરે દર્શન કરવાના મનોરથ કરે અને ઘરેથી નીકળે ત્યારે પગલે પગલે જે ઉપવાસના ફળના વર્ણન કર્યા તે આવા પુણ્યાત્માઓ માટે છે. આજે તો આપણે દર્શન કરવા જઈએ અને કાંઈક ઘરના અશુભ સમાચાર આવે તો પાછા ઘરે જઈએ તો તેનું ફળ મળે ખરું ?

ધર્મની પ્રવૃત્તિ જ આત્માને તારનારી છે સંસારની પ્રવૃત્તિ તો સંસારમાં ડૂબાડનારી જ છે આ ભાવના અસ્થિ મજ્જાની થશે તો જ આપણું ઠેકાણું પડશે !

તીર્થયાત્રા પણ ભવયાત્રાનો નાશ કરી સંયમ યાત્રાને પામવા માટે છે. આજે આ લક્ષ્ય ચૂકાવાથી આજની યાત્રા પણ યાત્રા ન રહેતા માત્ર મોજ - મજા સુખ સગવડ આરામરૂપ બની ગઈ. તીર્થમાં પણ બધી સગવડ જોઈએ જ. આ ભાવના કેમ આવી !

સંસારમાં ગમે તેવા પ્રસંગો ઉભા થાય પણ મારો નિત્ય ધર્મ તો હું ન જ ચૂકું આ ભાવના પેદા થાય તે માટેનો આ પ્રયત્ન છે. આ કથાનો પરમાર્થ પણ આ જ છે. તો સૌ તેવા મનોરથવાળા બની આ સંસારથી પાર પામો તે જ મંગલકામના.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

# પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- 'આ સુખ મારે મૂકીને જવાનું છે કાં આ સુખ મને મૂકીને જવાનું છે' આ વાત યાદ રહે તો ય સુખની મમતા ઉતરે.
- જેની હૈયાની દ્રષ્ટિ ઉઘડી ન હોય તે છતી આંખે આંધળા જેવા છે. હૈયાની દ્રષ્ટિ તે વિવેક દ્રષ્ટિ !
- શાસ્ત્ર મુજબ જે ચાલે અને સૌને ચલવે તે જ્ઞાની !
- ભગવાનના શાસનની સાચી સમજ પેદા થાય, શુભાશુભ કર્મનું સાચું જ્ઞાન થાય તો શુભ કર્મના વિપાકમાં મલકાય નહિ, અશુભ કર્મના વિપાકમાં મુંઝાય નહિ.
- સંસાર કોઈ રીતિએ સારો નથી જ. સારાપણું મોક્ષમાં જ છે. અહીં જે કાંઈ સારાપણું દેખાય ને ધર્મનો પ્રભાવ ! બાજમાં સારાપણું તે પુણ્યનો પ્રભાવ ! હૈયામાં સારાપણું તે ક્ષયોપશમનો પ્રભાવ !! તમારો બંગલો તમારો પુણ્યોદય સૂચવે છે અને તમારૂં હૈયું સારું ન હોય તે તમારૂં પાપ સૂચવે છે. બહારની સારી સામગ્રી તમારો પુણ્યોદય છે. તમારૂં સારૂં વર્તન ને સુંદર કોટિનો ક્ષયોપશમ ભાવ છે. વર્તન સારું ન હોય તો ક્ષયોપશમ 'ઢીલો' અને ઉદયભાવ 'જોરદાર' છે.
- જે સંસારનો વૈરી હોય તે જ ધર્મનો સાચો સેવક હોય !
- સ્વામી તેનું નામ જે સેવા ઈચ્છે નહિ. સેવક તેનું નામ જે સેવા કર્યા વિના રહે નહિ !
- સાધુપણું લઈને બેઠેલા અમને ય જો સારી ચીજ ગમી જાય, અનુકૂળતામાં જ મજા આવતી હોય તો થવું જોઈએ કે 'બધું મૂકીને આવ્યા છતાંય હજી અવિરતિ કેમ સતાવે છે ?' તો બચે. તેમ ધર્મ કરનારા તમને પણ થવું જોઈએ કે 'મને હજી ઘરબાર, કુટુંબ - પરિવાર, પૈસા - ટકાદિનો રાગ કેમ છૂટતો નથી ?'
- આત્માનું અહિત ન થાય અને આત્માનું હિત થાય તેવી જ જે શિખામણ દે તે જ સાચો કલ્યાણમિત્ર છે
- સાધુપણું એટલે કર્મ સામે લઢવાની શાળા !
- જેને જે ચીજ કિંમતી લાગે તેના માટે બધું કરવા તૈયાર હોય. સંસાર જેને કિંમતી લાગે તે સંસાર માટે બધું કરવા તૈયાર હોય તેમ ધર્મ જેને કિંમતી લાગે તે ધર્મ માટે બધું તૈયાર હોય.
- દુનિયાની સંપત્તિ ખરેખર મળે ધર્માત્માને જ અને દુનિયાની સંપત્તિનો ખરેખર વિરોધી પણ ધર્માત્મા જ હોય.
- સારી રીતે જીવવાની કળા તેનું નામ જ સાધુપણું છે !
- સંસારનો વિરાગી એટલે શરીર પરનો રાગ પણ ખટકે.
- મોહનું કામ સંપત્તિને સારું લગાડવાનું છે, વિષયો અમી જેવા મીઠામધ લગાવે, સંયોગોની પાછળ ઘેલા બનાવે, મરણ તો યાદ પણ ન આવે, 'આલોક મીઠા તો પરલોક કોને દીઠા' તેમ બોલાવે. નરકાદિનો હાઉ ઉભો કરાયો છે તેમ મનાવે.
- હૈયામાંથી સંસાર કાઢવાનું મન જ નહિ તેનું ગુણઠાણું ખોટું !
- 'દઈશ તો મળશે' તેમ માનનારો જીવ અર્થ દેશનો દાતાર કહેવાય. 'દઈશું તો છૂટશે' તમે માનનારો જૈન શાસનનો દાતાર કહેવાય.
- ડાહ્યો જ તેનું નામ જે નેતરની માફક વળે ગાંડો જ તેનું નામ જે તૂટી જાય પણ વળે નહિ. વળવા જાય તો ય તૂટે !
- સાધુના ભગત અનેક હોય પણ સાધુ તેમનો ભગત ન હોય. સાધુને પણ જો પોતાના ભગત બનાવવાની ઈચ્છા થાય તો સાધુતા હાલવા માંડે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

# જૈન શાસન

શાસન અને સિધ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

## ગુરૂકુલવાસનું લક્ષ્ય શું જોઈએ ?

**आहारोवहिपूयाकारण न गणो धरेरयव्वो ।**
**कम्माण निज्जरट्ठा, एवं खु गणो धरेयव्वो ॥**
(શ્રી વ્યવહાર ભાષ્ય ગા. ૧૪૦૦-૧૪૦૧)

ગુરૂકુલવાસમાં રહેવાનું ફળ મનોવાંછિત આહાર, ઉપધિ અને પૂજા પ્રાપ્ત થાય તે કહ્યું નથી. પણ ગુરૂકુલવાસમાં રહેવાનું સાચું ફળ કહ્યું છે કર્મોની નિર્જરા.

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## અઠવાડિક

વર્ષ ૧૩ અંક ૨૩

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

સુપ્રસિધ્ધ વકતા, સમર્થ લેખક, સાહિત્યસમ્રાટ તપોમૂર્તિ સ્વ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે

# ગુરુ ગુણ ગીત

(રાગ - હે ત્રિશલાના જાયા....)

સૂરી રામના લાડીલા, શ્રી કનકચન્દ્રસૂરિરાયા
જિનશાસનના શણગારા, પ્રેમે પ્રણમું પાયા.... સૂરિ રામના ..........(૧)
ઝવેરવાડ વાઘણપોળે, પિતા સકરચંદ કુલે (૨)
કાર્તિક વદિ પાંચમ શુભદિને, માતા શણગારબેન કુખે (૨)
કલ્યાણકારી કુળ છે જેનું, કલ્યાણ નામ દીપાયા....સૂરિ રામના ..........(૨)
સવા વર્ષના બાલુડાને, માતા છોડી ચાલ્યાં (૨)
માત વિહોણા ભાઈ-બેનને, પિતાએ સંસ્કાર સિંચ્યાં (૨)
છ વરસના કલ્યાણકુમારને, ભગતરાજ સહુ કહેતા...સૂરિ રામના ..........(૩)
સંસારે દુ:ખ ને સંયમે સુખ, એવું પિતા સમજાવે (૨)
અજબ જોડી આ ભાઈ - બેનની, વૈરાગ્યવાસી થાવે (૨)
અગિયાર વર્ષની બાલ્યવયમાં, સંસાર છોડી જાવે...સૂરિ રામના ..........(૪)
દાનસૂરીશ્વરજી નિશ્રાએ, સ્થંભન તીર્થે દીક્ષા (૨)
વૈશાખ સુદિ એકાદશી દિને, પામી સંયમ શિક્ષા (૨)
કલ્યાણમાંથી કનકવિજયજી, સાજ સજ્યા સંયમના...સૂરિ રામના ..........(૫)
રામ-કનકની અજબ જોડી, શાસન કાર્યો કરતી (૨)
ગુરુ હતા વ્યાખ્યાને વાચસ્પતિ, શિષ્યની વકતા પ્રસિદ્ધિ (૨)
દાન-પ્રેમ-રામચન્દ્ર ગુરુની, હસ્તે સઘળી પદવી...સૂરિ રામના ..........(૬)
વ્યાખ્યાન વાચના લેખન ચિંતન, તપસ્વી જીવન જીવ્યા (૨)
પ્રમાદને છોડયો જીવનમાં, અપ્રમત્તપણે જીવ્યા...(૨)
વકતા-લેખક-તપના યોગે, ત્રિવેણી સંગમ પાયા...સૂરિ રામના ..........(૭)
છઠ્ઠ-ઉપવાસથી નવ વરસીતપ, અઠ્ઠમ એકસો પચ્ચીશ (૨)
ચાર અઠ્ઠાઈ ચાર ચોમાસી, દશ તિથિ ઉપવાસ (૨)
શરીરમાં વ્યાધિઓ આવતી, તોયે તપમાં રમતા...સૂરી રામના ..........(૮)
દેશોદેશ વિચર્યા સૂરિજી, સહુ પર ઉપકાર કરતા (૨)
દીક્ષા - પ્રતિષ્ઠા - ઉપધાન - સંઘો, શાસન કાર્યો કરતા (૨)
જિનઆણા-ગુરુઆણા ધરતાં, મંગળ જીવન બનાયા...સૂરિ રામના ..........(૯)
શાંત સ્વભાવી-પ્રસન્ન મુદ્રા, મીઠી મધુરી વાણી (૨)
એ વાણીનું પાન કરાવી, કેઈ તાર્યા ભવ્ય પ્રાણી (૨)
કનકવર્ણી દેહડી જેની, દર્શને સહુ લલચાતા...સૂરી રામના ..........(૧૦)
અંતિમ ચોમાસું રાજનગરમાં, લક્ષ્મીવર્ધક થાવે (૨)
છપ્પન વર્ષનું સંયમ પાળી, આડત્રીસની સાલે (૨)
આસો સુદિ નોમ રવિવારે, સ્વર્ગલોકે પધાર્યા...સૂરિ રામના ..........(૧૧)
જન્મ ને મૃત્યુ રાજનગરમાં, અજબ બની આ ઘટના (૨)
સમાધિભૂમિ રંગસાગરમાં, ગુરુમૂર્તિને વંદના (૨)
ભકત હૃદયમાં આપ રહ્યા છો, સહાય કરજો પ્યાર... સૂરિ રામના ..........(૧૨)
કૃપા ધોધ વરસાવો સંઘ પર, શિષ્યોની સંભાળ લેજો (૨)
સ્વર્ગલોકથી આશિષ દેજો, અમ પર કરૂણા કરજો (૨)
જ્યાં હો ત્યાંથી દર્શન દેજો, સંઘનો ઉદ્ધાર કરજો...સૂરિરામના ..........(૧૩)

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च

# જૈન શાસન

## (અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ મહા સુદ ૧૩ મંગળવાર તા. ૬-૨-૨૦૦૧ (અંક : ૨૨/૨૩

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૬૦૦૦


# શું જૈનો સિલ્કના વસ્ત્રોનો વપરાશ કરી શકે ?

## એક સળગતી સમસ્યા

— સત્યચૌ…

પ્રભુ પૂજા માટે બહુ પ્રચલિત બનેલી રેશમની પૂજાની જોડોના વપરાશ સામે ગણાતા ખાદીવાદીઓએ વિરોધનો માર્ગ અખત્યાર કર્યો છે. બેશક ! ક્ષમા કરજો, પૂજાની જોડોમાં સિલ્કનો ઉપયોગ થાય, તે સામે જ માત્ર તેઓ ધરાણા નથી કરતા; અલબત્ત ! તેમને મન તો સિલ્ક જ અપ્રિય બની ગયું જણાય છે. તેમની દૃષ્ટિએ તો જૈનોથી રેશમનો વપરાશ જ નથી થઈ શકતો. તેઓ માત્ર ખાદીના પહેરણને સ્વીકાર્ય ઠેરવે છે. તેમના અભિપ્રાય મુજબ પ્રણષ્ટ પ્રાય: બની ગયેલી પ્રાચ્ય સંસ્કૃતિના પુનરુદ્ધારનં એક માત્ર તરણોપાય ખાદીવાદ જ ગણાય.

સબૂર ! એટલું જ નહિ, લુપ્ત બનેલી મર્યાદાઓ, અપહૃત બનેલા સંસ્કારો અને વિઘ્નોના વા-વંટોળ વચ્ચે સપડાયેલા ધર્મની રક્ષા માટે તેઓ ખાદીવાદના પ્રચારને વધુને વધુ વ્યાપ આપવા મથે છે. હજી આગળ વધીએ ! સંસ્કૃતિમા'ના તે રખવૈયાએ જયવન્તા જિનશાસનને પરાજિત સમજી તેના ભવિષ્યનું ભવ્યાતિ ભવ્ય નિર્માણ કરવા માટે કૂદી પડ્યાં છે. ભલે તેમનં કૂચ બે કદમ આગેકૂચ કરીને ચારકદમ જેટલી પીછેહઠ વ્હોરી બેસતી હોય. અલબત્ત, તેમનું સ્વપ્ન છે; તેમની કલ્પનાનું જિનશાસન...

તે સ્વપ્ન દૃષ્ટાઓના મતે આજના કાળનો શ્રેષ્ઠ પહેરવેશ ખાદી જ ગણાય. ખાદી સિવાયના ઘટકોથી ગુંથાયેલા વસ્ત્રપરિધાનોના બહિષ્કાર માટે તેઓએ ઠેર-ઠેર એલાનો આપ્યા. ગણધર પ્રભુની પવિત્ર પાટને ય આ હેતુની સિદ્ધિ માટેનું સાધન બનાવ્યું. ખાદીવાદનો તોર એવો તો તેમની પર સવાર થઈ ગયો, કે તેમણે ઉછળી-ઉછળીને જાહેરાત પણ કરી દીધી : ખાદીના વસ્ત્રો જ શુદ્ધ છે. અલ્પહિંસક છે. પૂજા માટે કે પહેરવેશ માટે, સામાયિક માટે કે સમારંભ માટે; બધે જ ખાદીની પ્રતિષ્ઠા થઈ જવી જોઈએ; એવી તેમની ગુમાન હતી. છે પણ ખરી.

ખાદીવાદીઓના ઉક્ત તોરી પ્રચારનો સમયસર મુકાબલો ન થતાં તેઓ પ્રારંભિક સ્તર પર તો વિજેતાની અદાથી ઘૂમવા માંડ્યા. તેમણે લોકમાનસમાં ભલે ખાદીવાદની પ્રતિષ્ઠા આંશિક સ્વરૂપે પણ ખડી કરી દીધી હોય; અલબત્ત, પરમપવિત્ર શાસ્ત્રોના શબ્દોમાં તો તેમનો ખાદીવાદ નથી જ માન્ય બન્યો.

હા ! આ પર્યાવરણ પ્રેમીઓની એવી મહેચ્છા તો ખરી જ, કે તેમની વાતોના સમર્થન માટે શાસ્ત્રો પણ દોડી આવે. સીધી રીતે કે તીરછી રીતે પણ પોતાના મતનું પોષણ કરે તેવા શાસ્ત્રપાઠો આથી જ તેઓ ફેંદવા પણ માંડ્યા. જેથી પોતાની જુગલબંધીમાં શાસ્ત્રોનેય ખડા કરી શકાય. પણ શાસનના સૌભાગ્ય યોગે આજ સુધી તો તેમની આવી મુરાદ માટીમાં જ રમતી રહી છે.

મુખ્ય વાત તો એ છે; કે શાસ્ત્રોનું સમર્થન કરવા માટે તર્કશક્તિને સક્રિય બનાવવી જોઈએ. તર્કશક્તિના ચીતરાતા જતાં પરિધને શણગારવા શાસ્ત્રોની સહાય તો ન જ લઈ શકાય.

પર્યાવરણવાદીઓના ખાદીવાદ અને આપદ્ધર્મના વિકલ્પ તરીકે જેમ પર્યાવરણવાદીઓને કોઈ મૂળગામી ઉકેલ

નથી સાં[illegible]તો; એ જેમ એક વાસ્તવિકતા રહી છે; તેમ એ પણ એટલી [illegible] સચોટ અને સધ્ધર વાસ્તવિકતા છે; કે ઉક્ત પર્યાવરણ[illegible]ાદ અને તેના અમલ માટે આપદ્ ધર્મ સ્વરૂપે ચીંધાતા આરંભ [illegible] સમારંભોને એકાદ પણ શાસ્ત્રપાઠનું સમર્થન નથી જ સાંપડ[illegible].

પ[illegible]વિરાણવાદના પુરસ્કર્તાઓ તેમની અભિરુચિ અનુસાર ખાદીને [illegible] પ્રચારે અને વિચારે; એ સામે તો વિરોધ નથી જ કરી શકા[illegible]; અલબત્ત, જ્યારે તે ખાદીવાદીઓ ખાદીવાદના પ્રચારની [illegible] બધી જ માઝા વળોટી જઇને બીજા બધા જ પહેરવેશો[illegible] અવિહિત ઠેરવવાની સાજિસ કરે ત્યારે તો તેમનો કાન જરુ[illegible]થી આમળવો જ પડે.

[illegible]લી એક મુદ્દાનો જ વિચાર કરીએ :

શ[illegible]જૈના પૂજાના રેશમી વસ્ત્રો વાપરી શકે ?

શ[illegible]દો વાંચતા જ કદાચ પર્યાવરણવાદીઓની ભ્રકુટિ ભીષણ [illegible] જશે. જો તેમને કોઈ પૂછી લે, તેઓ એકી શ્વાસે કહી દેશે : न [illegible]तो न भविष्यति।

[illegible]વધાન ! પણ શાસ્ત્રોની કઇ કેટલીય કેફિયતો તેમના સિલ્કના [illegible]પરાશ સામેના સર્વથા નકરાત્મક ઉત્તર સામે વિરોધનો ધ્વનિ વ્ય[illegible]ત કરે છે.

[illegible]દાહરણ તરીકે એક જ શાસ્ત્રાધાર પર દૃષ્ટિપાત કરીએ :

''...... [illegible]ર્વોક્ત રીતે સ્નાન કર્યા પછી, પવિત્ર, સુકોમળ, રેશમી કે સુતરા[illegible] વસ્ત્રથી અંગ લુંછી ને. ✧✧✧

[illegible]✧✧ ઉત્તર દિશા સન્મુખ ઉભા રહીને મનોહર, નવા, ફાટયા ન [illegible]ોય તેવા, સાંધ્યા ય ન હોય તેવા, પહોળા અને સફેદ (પચરંગી [illegible] પણ) બે વસ્ત્રો પહેરવા..''

શ્ર[illegible]દ્ધવિધિ મહાગ્રન્થનું આ અક્ષરશઃ અવતરણ છે.

શ્ર[illegible]દ્ધવિધિ મહાગ્રન્થના રચયિતા હતા: પૂજ્યપાદ આચાર્ય [illegible]વ શ્રીમદ્ રત્નશેખર સૂરીશ્વરજી મહારાજા.

[illegible]હસ્થધર્મનું પાલન કરનારા શ્રાવકોના જીવનની સાંગોપાં[illegible] સંહિતાને વર્ણવતો આ મહાન ગ્રન્થ ગણાય. સંપૂર્ણ તપાગચ્છ[illegible] તેને એકી અવાજે માન્ય ઠેરવ્યો છે.

[illegible]ક્ત શ્રાધ્ધવિધિ ગ્રન્થમાં ગૃહસ્થ પૂજા કઇ રીતે કરે ? એ[illegible]નું વિશ્લેષણ કરતાં-કરતાં મહાપુરુષે ઉચ્ચાર્યુ: ''કે વિધિપૂર્વ[illegible] સ્નાન કરીને શ્રાવક જેમ સુતરાઉ ટુવાલથી અંગને લૂંછે; તે[illegible] ટુવાલ તરીકે રેશમી (સિલ્ક) વસ્ત્ર પણ વાપરે...''

[illegible]હિ ખાસ રેશમી ટુવાલનો ઉલ્લેખ થયો છે.

[illegible]શમ એટલે શું ? કહેશો ભલા ? સિલ્ક જ કે બીજુ કાંઇ ?

સારી દુનિયા ઉપરોક્ત જવાબની પક્ષકાર બનવ ની.

જો શ્રાવક પોતાના અંગની શુધ્ધિ માટે ય રેશમ વાપરી શકતો હોય, તો કયા ઇંજન પર એમ કહી શકાય કે જૈનો સિલ્કના વસ્ત્રો ન જ પહેરે ? પૂજાની જોડો રેશમની ન જ હોવી ઘ[illegible] !

રેશમની પૂજાની જોડોને વિના વિચારે એક શ્વાસે નેવે[illegible] નાંખનારા ઓ પર્યાવરણવાદીઓ ? જવાબ આ[illegible]ો !

જાતનું શરીર લૂંછવા રેશમ વાપરનારો જૈન શું પૂ[illegible] માટે તેવા કિંમતી વસ્ત્રને અમાન્ય ગણે ? કઇ અક્કલે પણ આવો वदतो व्याघात.. ✧✧ જેવો તખલથી પ્રચાર પ્રચારાય છે [illegible] ? ખબર નથી પડતી.

ઇતિહાસ ગવાહ ભરે છે..

ગ્રન્થો સાક્ષી પૂરે છે; કે જૈનો પૂજા માટે રેશમન[illegible] વસ્ત્રો વાપરતાં આવ્યાં છે. તેનું નેત્ર દિપક ઉદાહરણ છે : [illegible]રેશ કુમારપાળ.

શ્રાધ્ધવિધિ ગ્રન્થની અન્દર રેશમના પૂજા વસ્ત્રોના વપરાશને વ્યાજબી ઠેરવતો રાજવી કુમારપાળનો ઉલ્લે[illegible] કંઇક આ પ્રકારે કંડારાયો છે.

''રાજવી કુમારપાળ અઢાર-અઢાર દેશોના સ્વામી હતા.

તેમનુ ઐશ્વર્ય પ્રચંડ હતુ. ગુજરાત - મહારાષ્ટ્ર -ચીન જેવા દેશોમાં તેમના નામનો સૂર્ય ત્યારે તપી રહ્યો તો.

પ્રકૃતિથી જ પ્રચંડ પરાક્રમી કુમારપાળ જ્યારે જી[illegible]તરની રક્ષા માટે ભારતવર્ષના વગડાઓમાં ઘૂમી રહ્યાં તા; ત્યારે તેના કાકા રાજવી સિદ્ધરાજ જ તેના જીવન વિરુધ્ધનો દારુણ પડકાર બની બેઠા. સિધ્ધરાજ પણ અઢાર-અઢાર દેશોના પ્ર[illegible]ાપવંત નાયક હતા.

તે સિદ્ધરાજે પોતાના સગા ભત્રીજા જેવા કુમા[illegible]પાળને મોતને ઘાટ ઉતારવા કેટલાંય હત્યારાઓને તૈયા[illegible] કર્યા. સિધ્ધરાજની શસ્ત્રસજ્જ સેના કુમારપાળને જીવતો કે મૂ[illegible]ો પણ જપ્ત કરવા તેની પાછળ પડી ગઇ. પચ્ચીશ-પચ્ચીશ વ[illegible] સુધી હત્યારાઓ અને એકાકી કુમારપાળ વચ્ચે મોતની સં[illegible]ાકૂકડી રમાતી રહી.

તેમ છતાં, કુમારપાળના જાન સલામત રહ્યાં. કુમારપાળના જાન બચ્યાં તેની પાછળ કલિકાલ સર્વજ્ઞ [illegible]રન્ધર જૈનાચાર્ય શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાનું અભેદ્ય કૃ[illegible] કવચ જ કામ કરી ગયુ તુ.

જો હેમચન્દ્રાચાર્યનુ કૃપા કવચ કુમારપાળને ન મળ[illegible] હોત,

તો કુમારપાળનું અસ્તિત્વ ક્યારનુંય ભૂંસાઇ જાત. કુમારપાળની છાતી સુધી ધસી આવેલા મોતને હેમચન્દ્રાચાર્યે બબ્બે વખત હાંકી કાઢ્યું તું. તેથી કુમાર જીવન્ત રહી શક્યો.

જીવનના ૨૬ થી ૫૦ સુધીના વર્ષોની એક પૂરી પચ્ચીશી સુધી ભૂ-ગર્ભમાં ભાગતા રહેલા અને કાળ સાથે ઝઝૂમતા રહેલા કુમારપાળ અન્તે પાટણની રાજગાદી પર સત્તાનશીન બન્યા.

કાકા સિદ્ધરાજનો જીવનદીપ બૂઝાયો. કાકા નિ:સન્તાન હતા. આથી રાજ્ય સિંહાસનના હક્કદાર તેમના ભત્રીજાઓ બન્યા. ૧. કીર્તિપાળ ૨. મહીપાળ અને ૩. કુમારપાળ, આમ સિધ્ધરાજના ત્રણ ભત્રીજીઓ હતા. અલબત્ત, એ બન્ધુત્રિપુટીમાંથી રાજ્યતન્ત્રનું સુકાન આંચકી જાણવાની હેસિયત હતી; માત્ર કુમારપાળની.

કુમારપાળ ગૂર્જર નરેશ બન્યા; તેની પાછળ પણ હેમચન્દ્રાચાર્યનુ આશિર્વાદ છૂપાયું તું. શ્રી હેમચન્દ્રાચાર્યે તો વર્ષો પૂર્વે જ આ ભવિષ્ય ભાખી બતાવ્યું તું.

આમ, શ્રી હેમચન્દ્રાચાર્યજી કુમારપાળ માટે તો જીવનદાતા, રાજ્યદાતા અને સદ્ધર્મ દાતા હતા. કુમારપાળ, કલિકાલ સર્વજ્ઞશ્રી માટે અપાર બહુમાન અને સન્માનની ભાવના ધરાવતો.

૫૦-વર્ષની જીવન મઝલ વળોટ્યા પછી દીન-રાંક મટીને નરનાથ બનેલા રાજવી કુમારપાળને પ્રતિબોધ પમાડવા શ્રી હેમચન્દ્રાચાર્યે ભગીરથ પુરુષાર્થ કરવો પડયો છે. પૂરા બે-દશકાની તેમની કવાયત પછી તો કુમારપાળ વિશુદ્ધ જૈનધર્મને પામી શક્યો. પરમાર્હત બન્યો.

સબૂર ! પણ એકવાર પરમાર્હત બન્યા પછી તો અઢાર દેશના તે સાર્વભૌમની ધર્મનિષ્ઠા વ્રજની ધરક્ક જેવી સજ્જડ બની ગઇ. ગમે તેમ તોય તે ગણધર બનનારો પુનીત-આત્મા હતો ને ? ભવિષ્યમાં વિકસિત બનનારા ગણધરપદનું આત્મિક ઘડતર કુમારપાળના જીવનમાં હવે અણથક-ગતિએ ઘડાવા માંડયું.

કુમારપાળ રાજવીને નિયમ હતો. ''રોજ એકાશનનો તપ કરવો. ત્રિકાળ જિનપૂજા કરવી. મધ્યાહ્નની પ્રભુ પૂજા, ભવ્યાતિભવ્ય રીતે અદા કર્યા પછી જ એકાસણું કરવું.

ચતુરંગી સેના અને ૧૮૦૦ કોટ્યાધિપતિ ધનિકો સાથે મધ્યાહ્ન કાલીન જિન પૂજા કરનારા તે ધર્મપ્રાણ ગૂર્જર નરેશ આજે પહેરેલુ વસ્ત્ર આવતી કાલની જિનપૂજામાં ક્યારેય વાપરતા નહિ. દેશ-દેશાન્તરથી મળી શકતાં મૂલ્યવાનમાં મૂલ્યવાન વસ્ત્ર ઉપલબ્ધ બનાવી-બનાવીને તેઓ રોજબરોજ નિતનવા પૂજા વસ્ત્રોમાં સાક્ષાત્ દેવેન્દ્ર જેવા ઝમકતા રહેતા. અષ્ટપ્રકારી જિનપૂજા કરતા.

આજ તો તેમની દૈનંદિની હતી.

એક સમયમાં રચાયેલો આ ઇતિહાસ છે.

રાજ્યના મહામાત્ય બાહડ મન્ત્રીશ્વરના લઘુબન્ધુ ચાહડે બંબેરા નગરીથી એક સવા લાખ રૂપિયાની કિંમતનું વસ્ત્ર ખરીદ્યું તેનું પરિધાન કર્યું. અદ્‌ભુત અને આકર્ષક તે પરિધાન તરફ રાજવીની મીટ મંડાઈ ગઈ.

કુમારપાળ રાજવીએ વિચાર્યું: ''સિલ્કના તાણાઓથી વણાયેલા આ વસ્ત્રોમાં તો સાક્ષાત્ સુવર્ણ- રજત અને મણિ માણેકના તંતુઓ ગુંથાયા લાગે છે. શે અદ્‌ભુત વણાટ.. ? જોનારની જ દૃષ્ટિ સ્થિર કરી દેનારી ચમત્કાર ભરી કળાઓથી રચાયેલું આવુ વસ્ત્ર તો મારે જિનપૂજા માટે જ વાપરવું જોઇએ.''

કુમારપાળે ચાહડ સમક્ષ વસ્ત્રદાનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ચાહડે તે પ્રસ્તાવને એકી શ્વાસે ફગાવી દીધો. એમ કહીને કે સેવકે વાપરેલા વસ્ત્રો સ્વામીને સોંપી - સમર્પી શકાય જ કેમ ?

તર્ક શરીફ હતો. તેથી રાજવી કુમારપાળે આ વસ્ત્રોની બીજી નવી અને આવી જ જોડ મંગાવવાનો ચાહડને આદેશ આપ્યો.

આ માટે અધ વચ્ચે ટકરાતા એક અંતરાયનું ઉદ્‌ઘાટન કરતાં ચાહડે કહ્યું: ''નાથ ! .... આવુ જ ઉજ્જવળ અને દેદીપ્યમાન રેશમ (સિલ્ક) નું વસ્ત્ર બંબેરા નગરીમાં મળી જરુર શકે. અલબત્ત, ત્યાંનો રાજવી આ એક લાખને પચ્ચીશ હજારનું મૂલ્ય ધરાવતું વસ્ત્ર એકવાર - એક દિવસ વાપર્યા પછી જ વેંચે છે.

જિનપૂજામાં તો એક પળ પણ સંસાર-કાર્યોમાં અપવિત્ર થયેલુ વસ્ત્ર વાપરી શકાય નહિ. કોકનું ઉતરેલું વસ્ત્ર પ્રભુ પૂજામાં વાપરવાથી તો પ્રભુની કાતિલ આશાતનાનો ભોગ બની જવાય.

આજ એક અંતરાય આપની ઇચ્છાની પૂર્તિમાં અવરોધક બને તેમ છે.

ચાહડનું કથન સાંભળી છંછેડાઇ ગયેલા ગૂર્જરનરેશે બંબેરા નગરીના રાજવી પર દૂત પાઠવી વાપર્યા વિનાનું- અનિર્માલ્ય રેશમી વસ્ત્ર પાઠવવા કહેણ મોકલ્યું. જે બંબેરા- પતિએ નકારી દીધું.

આથી તો કુમારપાળનો કોપ સાતમા આસમાનને વિહારી ગયો. કુમારપાળે ચાહડ પર ફરમાન છોડયું. .. ચાહડ ! દંડનાયક

બનીને પહોંચો બંબેરામાં; વિરાટ્ સૈન્ય સાથે. ગૂર્જર નરેશની જયપતાકા લહેરાવી દઇ ત્યાંના આ કિંમતી વસ્ત્ર બનાવનારા વણકરોને કબ્જે કરી અહિં લઇ આવજો.''

''... હજૂર ! જેવી મહારાજાની આજ્ઞા.''

આજ્ઞા શિરોમાન્ય કરીને ચાહડ મન્ત્રી બંબેરા પહોંચ્યા. સન્ધિ અને સમજૂતિ માટે ચાહડે મન્ત્રણાની પહેલ કરી. કાશ ! પણ બંબેરા પતિની ધનલાલસા તેમાં આડી ફાંદી. સન્ધિ શક્ય ન બની. બીજી બાજુ એક રાતી પાઈ પણ બંબેરાના ચરણે ધરવાની રાજવી કુમારપાળે સ્પષ્ટ મનાઈ ફરમાવી તી.

યુદ્ધ વિનાનો એકય ઉપાય હવે બાકી ન હતો.

છેવટે દંડનાયક ચાહડે યુદ્ધને આહ્વાન આપવાનો નિર્ણય કર્યો.

કુમારપાળના ભંડારમાંથી છૂટે હાથે ધન વેરી-વેરીને તેણે ત્યાંની ચૌદશો ઉંટડીઓ તેના સવાર સૈનિકો સાથે ખરીદી લીધી.

અલબત્ત, તે દિવસે ૭૦૦ કન્યાઓના બંબેરામાં વિવાહ હતા. કરૂણાળુ ચાહડ, પ્રકૃતિથી જ દયાળુ હતો. ૭૦૦ કન્યાઓનો વિવાહ વૃત્તાન્ત જાણીને તે પીગળ્યો. આક્રમણ એક દિવસ માટે સ્થગિત રાખ્યું. વળતા દિવસે જ બંબેરાને ઘેરી લઇ ત્યાંના ગઢને ધરાશાયી કરી ગૂર્જરેશની વિજય પતાકા લહેરાવી ચાહડ મંત્રી સીધાં રાજગઢ પહોંચ્યા. સંપૂર્ણ દરબારને તાબે કર્યો. ત્યાંના ખજાનામાંથી સાતકરોડ સુવર્ણમુદ્રાઓ અને અગ્યારસોનું અશ્વસૈન્ય તેમજ સાતસો સેનાનીઓને જપ્ત કરી તે પાટણ પાછો ફર્યો.

હા ! પેલા અમૂલ્ય સિલ્ક વસ્ત્રોના વણકરો તો તેની સાથે જ હતા.

પાટણની ગલીઓમાં ચાહડનો જય જયકાર ઘૂમી વળ્યો.

કુમારપાળ રાજવીનો પૂજાવસ્ત્ર માટેનો ઇંતબાર સિધ્ધ થયો.

(શ્રાધ્ધવિધિ - વૃત્તિ)

આમ, શાસ્ત્રોના પાઠો તરફથી અને ઇતિહાસના આલેખો તરફથી સિલ્કના વસ્ત્રોના પૂજાવિષયક વપરાશને અકાટ્ય સમર્થન સાંપડી રહ્યું છે.

હા ! આ સિલ્ક એટલે સિલ્ક. તેમાં મટકા કે ફટકાના કોઇ ભેદ પાડી શકાય નહિ. કારણ કે સિલ્કની બનાવટમાં 'કોશેટા' નામનું પ્રાણી જ તત્ત્વ બન્નેયમાં વપરાય જ છે. તેમાં ઉત્પત્તિ સાથે સંબંધ નથી. પરંતુ તેને અશુદ્ધિ થતી નથી અને પવિત્ર રહે છે. તે કારણ છે.

અલબત્ત, તે સિલ્ક પૂજા-વસ્ત્રો માટે જ નથી ગુંથવામાં આવતું.

તે સિલ્કની તો અસંખ્ય ચીજો બને છે. બહુધા તેના વપરાશ સ્ત્રીઓની સાડીઓ માટેનો રહ્યો છે. પૂજા-વસ્ત્રોમાં તો બીજા સિલ્ક દ્રવ્યોના ૧૦૦ માં ભાગનું સિલ્ક પણ નહિ ખર્ચાતું હોય.

આમ, સાધુ બનીને ખાદીનો વાદ છેડનારા અને સ્વયમ્ પણ પૂજ્ય બનીને પર્યાવરણના પૂજારી બનનારાના ગાલ તેમની માન્યતાના નિરસને ઝીંકેલા આ તમાચાથી લાલચોળ બનીને રહેવાના.

(૩૦-૧૦-૨૦૦૦)


**સુરેન્દ્રનગર**

નવા જંકશન સામે મંગલ પરિવાર પરીવાર ટ્રસ્ટ, સુરેન્દ્રનગર તથા શ્રી જૈન હિતવર્ધક મંડળ (ડોળીયા) આયોજીત કેશરીયાજી ૭૨ જિનાલયનું શિલા સ્થાપન મહા સુદ ૧૫ તા. ૮-૨-૨૦૦૧ ના રોજ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ., પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. આદિ પૂ. સા. શ્રી ચંદાનનાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ. આદિની નિશ્રામાં થશે.

**જૈન લખાવો**

ફેબ્રુઆરી ૨૦૦૧ માં વસ્તી ગણત્રીમાં ૮ નંબરના ખાનામાં **ધર્મ જૈન (૬)** આ રીતે ધર્મ જૈન લખાવો. ખાસ ધ્યાન આપો.

# ઈશ્વરને કર્તા હર્તા માનવામાં દોષો

મોકલનાર : **રતિલાલ દેવચંદ ગુઢકા-લંડન**

...ું કુદરત કરતી હશે, આ બધું જ્યોતિષના આધારે બનતું હશે, અર્થાત શું આ દેખાતું આ ચરાચર જગત શું ઈશ્વરે બનાવ્યું છે, શું આ દેખાતા નદી, તલાવને સમુદ્ર ડુંગરાઓ અને ટેકરાઓ આ ધરતી અને આ આકાશ આ પાણી રને હવા આ ઝાડ વનસ્પતિ અને મોટા વન વગડા સર્વ શું ઈશ્વરે બનાવ્યું બનાવ્યા છે ? જગતમાં ઘણા ધર્મો ઈશ્વરને જગતનો કર્તા માને છે, અને જગતનો કર્તા તેજ, બનાવનાર તેજ અને સંહાર - પ્રલય કરનાર તેજ ને આ વિશ્વનો પાલનહાર છે એવી જગત કર્તુત્વવાદીઓની માન્યતા છે સૃષ્ટિની રચના ઈશ્વરે પ્રભુએ કરી છે, તેનો નિર્માણ કરનાર વિધાતા તે જ છે. પ્રલય કરનાર પણ ઈશ્વર છે એટલે ઈશ્વરના પણ જુદા જુદા રૂપ - સ્વરૂપ માનવામાં આવ્યા છે, હવે આજનું વિજ્ઞાન પણ એમ કબુલ કરે છે કે માનવ શરીરનું એક એક અંગ પછી તે મગજ હાયે કે હૃદય હોય બધાય આશ્ચર્યજનક છે સેંકડો આશ્ચર્યનું એક આશ્ચર્ય છે હજારો અજાયબીઓની એક અજાયબી છે, હજારો કમ્પ્યુટરો ભેગા કરવામાં આવે તો પણ માનવ શરીરના એક મગજની તોલે નથી આવતા એવું આજના વૈજ્ઞાનિકોનું માનવું છે. અર્થાત માનવ શરીરની રચના એ આપણી બુદ્ધિની પરેની વાત છે. કોઈ કોમ્પ્યુટર માનવ મસ્તકની તોલે ન આવી શકે. આવું અનેક અજાયબીઓ ભરેલું આ શરીર પણ અનેક ખામીઓ અને ખુબીઓથી ભરેલું છે કેટલાકના શરીરમાં જન્મજાત ખામીઓ પણ હોય છે કોઈ જન્મથી આંધળા, કોઈ પાંગળા, લંગડા, અપંગ દીનાંગ અધિકઅંગ વળી કોઈ જન્મથી મૂંગો બહેરો બોબડો હોય છે કોઈને ૧ હાથ કે પગ કે આંગળીઓની ખામીઓ પણ હોય છે અને કોઈને જન્મથી મગજ શકિત ઓછી મળી છે તો કોઈને મગજ શકિત એવી મળી છે આશ્ચર્ય પમાડે તેવી મળી છે કોઈને રૂપ રંગ - સૌંદર્ય અદ્‌ભુત મલ્યું છે તો કોઈને કદરૂપ કોઈ વધારે શ્યામ વર્ણ રંગનો કોઈ અતિશય ઉજળા કોઈ અતિશય લાંબો તો કોઈ ઘણોજ નીચો કોઈ જાડો તો કોઈ પાતળો કોઈ વામનરૂપ ઈત્યાદિ જુદા જુદા શરીર રૂપ રંગ જ્ઞાન બુદ્ધિ હોય છે. જેમ એક દુકાનેથી જોઈ વિચારી ચીજ લઈ આવ્યા ૩ વાર જોઈ વીડીયો કે રેડીયો કે ગમે તે ટી.વી. ઘણા ત્યાંથી લઈ જાય છે માલ વેચનારને ગ્રાહક બધા સરખા જ છે બધા પૈસાથી. હવે જુઓ ઈશ્વર તો દયાળુ છે માયાળુ છે, પૂર્ણજ્ઞાની છે સર્વજ્ઞાની છે, મહાતત્ત્વજ્ઞાની છે, સર્વ શકિતમાન છે અને એ જો સૃષ્ટિની રચના કરવા બેસે તો શું એની રચનામાં અંશ જરાપણ ખામી હોઈ શકે ખરી ? અનંત શકિતવાળાની રચના કે કૃતિમાં કાર્યમાં આપણા જેવા સામાન્ય અલ્પ બુદ્ધિવાળો ભૂલ કાઢી શકે ખરો ? અને કદાચ માનો કે માનવી પરમાત્માની ઈશ્વરની રચનમાં ભૂલ કાઢવા બેસે તો નિકળે ખરી ? અને જો ભૂલ નિકળે તો ઈશ્વર શું પરિપૂર્ણ અને અનંત શકિતશાળી ઠરશે ખરો, તો પછી ઈશ્વરમાં દોષો દેખાશે.

શું માતાના ગર્ભમાં બેસીને ઈશ્વર સતત શરીરોની રચનાજ કરતો રહે છે તે તો કેટલા શરીરો બનાવે વર્તમાન જગતમાં એમ છાપા ટી.વી. દ્વારા બહાર પડે છે કે આખી દુનિયામાં ૧ મીનીટે ૧૦૦ બાળકો જન્મે છે તો ઈશ્વર કેટલે ઠેકાણે પહોંચે અને આપણે કહીએકે ભગવાનને ઝડપ કરવઈ પડે એક એકના શરીર બનાવવા પાછળ નવ નવ મહિનાનો સમય (જાય) આપે તો પછી બીજાનો તો વારોજ ન આવે - માખી ૧ સાથે ૪૦ જેટલા સુક્ષ્મ ઈંડા મૂકે છે સાપ તો ૧૦૦ ઈંડા પણ મૂકી શકે છે માછલી ઘણા ઈંડા મૂકે આ સમશ્યાનો ઉકેલ. જો આ બધી સમસ્યાઓને ઉકેલ લાવવો હોય, સત્ય સમજવું હોય તો ઈશ્વર કુદરત માલિક અથવા ઉપરવાળા કોઈને પણ આપણા (તમારા) સુખ દુઃખના કર્તા માનવા કરતા આપણે પોતે (તમે) આપણા ભૂતકાળના કોઈ આગલા ભવના કરેલા સારા - નરસાં કર્મનેજ કારણ માનીએ તો બધી સમસ્યાઓ અને વિટંબણાઓનો ઉકેલ આવી જાય પછી બીજાને માથે કે ઈશ્વરના માથે દોષ કે આરોપ મુકવાનો પ્રશ્ન જ ન રહે. (૧) ૧ કાપડની માર્કેટ છે ૩૦૦ દુકાનો બધી દુકાનોમાં એક સરખું મીલનું કાપડ છે બધી દુકાન એકજ દિવસે ખૂલે છે એકજ સમયે બંધ થાય છે, બધી દુકાનોમાં ભાવ પણ નક્કી કરેલો એક સરખો ભાવ છે સીન્ડીકેટ કરેલ છે છતાં સરવાળે પડે છે કે એકને નુકશાન થાય છે બીજો ઘણું કમાય છે એક લાખો કમાઈને કરોડપતિ બને છે બીજો લાખો ગુમાવીને રોડપતિ બને છે શું આ ઈશ્વરની લીલા માનીશું તો પછી ઈશ્વરનું સ્વરૂપ શું ઈશ્વર કેવા હોય ઈશ્વરના ગુણો શું, ઈશ્વર કોણ બને.

■ ■ ■

# પ્રવચન - છેંતાલીશમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા
સં. ૨૦૪૩, ભાદરવા સુદિ- ૧૪, રવિવાર તા. ૬-૯-૧૯૮૭
ચંદનબાળા જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦ ૦૦૬.

*(શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. અવ.)*

माया य पिया य लुप्पइ, नो सुलहा सुगई वि पिच्चओ ।
एयाइं भयाइं पेहिया, आरंभा विरमिज्ज सुव्वए ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે શ્રી અરિહંત પરમાત્માઓએ આ શાસનની જે સ્થાપના કરી છે તે જીવોને આ સંસારથી છોડાવી મોક્ષે મોકલવા માટે કરી છે. જગતના જીવોને જે સુખ જોઈએ છે તે મોક્ષ વિના બીજે કશે નથી. આપણને કેવું સુખ જોઈએ ? તેમાં દુઃખ હોય તો ચાલે ? બીજા કરતાં ઓછું હોય તો ગમે ? તે આવેલું સુખ થોડાકાળ પછી ચાલ્યું જાય તેમ હોય તો ય પસંદ પડે ? જેમાં દુઃખનો લેશ માત્ર ન હોય, જે પરિપૂર્ણ હોય અને જે આવ્યા પછી કદી નાશ ન પામે તેવું હોય સુખ બધાને જોઈએ છે. પણ તે સુખ આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે

'જ્યારે આ સંસારનું સુખ છે તે પાપ કરાવનારું છે અને પરિણામે દુઃખ આપનારું છે' આ વાતની જેને શ્રદ્ધા થાય તેને અનંતજ્ઞાનિની વાત ગમે. જ્યારે બીજા તો સાંભળ્યું ન સાંભળ્યું કરે અને માથાફોડમાં પડવું નહિ તેમ કહે. આવી માન્યતાવાળા જીવો ધર્મ સાંભળે ખરા પણ ધર્મ સાચી રીતે સમજે નહિ. સાચી રીતે ધર્મ સમજવા માટે અને કરવા માટે શ્રદ્ધા પેદા થવી જોઈએ કે- 'આ સંસારનું સુખ ગમે તેટલું સારું હોય તો પણ ઈચ્છવા જેવું નથી. મળે તો ય લેવા જેવું નથી. તાકાત હોય તો છોડી દેવા જેવું જ છે. તેવી તાકાત ન હોય તો ક મને ભોગવવા જેવું છે.' દુનિયાના સુખ માટે સારામાં સારો ધર્મ કરે અને ઈચ્છિત ફળ પણ મેળવે. પણ પછી મરીને તે જીવ જાય કયાં ?

તમને આજે દુનિયાનું જે સુખ મળ્યું છે તે ભૂતકાળમાં ધર્મ કરેલો તેની ના નથી. પણ તે સુખ તમને લાગે છે કેવું ? મઝેથી ભોગવવાં જેવું લાગે છે કે છોડી દેવાં જેવું લાગે છે ? ઘણા આજે માને છે કે અમે અમારી હોંશિયારીથી સુખી છીએ. તો મારે તમને પૂછવું છે કે- તમારા કરતાં પણ વધુ હોંશિયાર ભૂખે મરે છે. તેમને કામ પણ મલતું નથી. જ્યારે તમે ખાઈ-પી શકો છો, મોજ-મઝાદિ કરો છો તેનું કારણ શું છે ? તમને આ દુનિયાનું જે સુખ મળ્યું છે તે કેવું લાગે છે ?

આપણે બધાને અહીંથી જવાનું છે કે અહિં રહેવાનું છે ? જશો ત્યારે તમારા બંગલામાં પણ નહિ રહી શકો. બાંધીને બહાર લઈ જશે. આ દુનિયાના સુખમાં મઝા આવી અને તે ફાવી ગયું અને અહીં રહેવાની મરજી હશે તો ય રહી શકશો ખરા ? અહીંથી આ કુટુંબ - પરિવાર, પૈસા - ટકા, બંગલા - બગીચા મૂકીને જવું પડશે, રાતીપાઈ પણ સાથે લઈ જઈ નહિ શકો, કોઈ સ્નેહી - સંબંધી પણ સાથે નહિ આવે તો કયાં જવું છે ? મરતાં સુધી આ દુનિયાનું સુખ મઝેથી ભોગવતાં ભોગવતાં જ મરવું છે ? તમારા સ્નેહી - સંબંધી તમને આ સુખ છોડવાની ના પાડે, તે મઝેથી ભોગવો, તેમાં આનંદ કરો, સાધુની વાતમાં આવી જતા નહિ આમ કોઈ કહે તે ગમે ને ?

તમને દુનિયાનું આ જે સુખ મળ્યું છે તે સારું નથી તેમ નહિ સમજાય, તેની મઝા મારી નાખનારી છે તેમ પણ નહિ સમજાય ત્યાં સુધી સાચા ભાવે ધર્મ કરવાનું મન થશે નહિ. આજ સુધીમાં અહીં કેટલા સાધુ મ. આવ્યા અને ગયા ! પણ તમને સાધુ થવાનું મન થયું ? મોટા બંગલાવાળાને જોઈને તેના જેવા થવાનું મન થાય છે ને ?

તમે બધા ભૂતકાળમાં ધર્મ કરીને અને પુણ્ય બાંધીને આવ્યા છો તેમાં શંકા નથી. કેમ કે, જે કાળમાં હજારો અને લાખો માણસો ભુખ્યા મરે છે તે કાળમાં તમે બધા મઝેથી ખાઈ - પી શકો છો, જે જોઈએ તે બધું મળે છે માટે કહેવું પડે છે કે - તમે પુણ્ય બાંધીને આવ્યા છો. પણ તે પુણ્યથી મળેલ ચીજોનો મઝેથી ભોગવટો કરો તો અહીંથી મરીને કયાં જશો ? અહીં રહેવાની ઈચ્છા હશે તો ય રહેવાય તેમ નથી તો પછી કયાં જવું છે તેનો નિર્ણય કર્યો છે ?

સભા : - સદ્‌ગતિમાં.

સદ્‌ગતિ માનો છો ખરા ? શા માટે સદ્‌ગતિમાં જવું છે ? આ દુનિયાના સુખમાં મઝા કરતાં કરતાં મરો તો સદ્‌ગતિ મળશે ખરી ? દુર્ગતિમાં જવું પડશે તો ત્યાં જવું

છે ? નથી જવું તો આ બધી પુણ્યથી મળેલી સુખસામગ્રી, સાહ્યબી-સંપત્તિ છોડતા કેમ નથી ? ભગવાને કહેલ સાધુધર્મ કરતા કેમ નથી ? તે કરવાનું મન પણ કેમ થતું નથી ? સાધુને હાથ જોડો છો, ઘરે લઈ જાવ છો, સુપાત્રમાં દાન કરો છો તે શા માટે ? તમને સાધુ થવાનું મન થતું નથી તો સાધુને સારા માનો છો કે ખરાબ માનો છો ? જો સાધુને સારા માનો તો તેવા થવાનું મન ન થાય ? સંસારમાં તમને લહેર શું છે ? મઝા શું છે ? જેમાં મઝા માનો છો અને જે મઝા કરો છો તે મઝાથી પાપ બંધાય કે પુણ્ય બંધાય ? પાપ બંધાય તો દુર્ગતિમાં જવું પડે કે સદ્ગતિમાં જવાય ? જે વાત ખુદ ભગવાન કહી ગયા છે અને આ ગ્રન્થકાર પરમર્ષિ સમજાવી રહ્યા છે કે - અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ કહી ગયા છે કે આ સંસારમાં પુણ્યથી મળતી જે મઝા છે તેમાં જ જે મઝા માને છે, લહેર કરે છે તે બધા મરી મરીને દુર્ગતિમાં જવાના છે. આ વાતની શ્રદ્ધા છે ?

આજના માબાપો પોતાનાં સંતાનોને સંસારમાં સુખી બનાવવા માગે છે, ઘરબારી બનાવી લહેર કરાવવા માગે છે પણ સાધુ બનાવવા માગે છે ? મારું સંતાન દુર્ગતિમાં ન જાય તેની ચિંતા કરનાર કોઈ છે ? તમારા મા-બાપે પણ તમને કાંઈ કહ્યું છે ? છોકરાને ઘર મંડાવી આપવું, કમાતા કરવા એટલે કામ પૂરું થયું ને ? તે તમારું ભલુ કર્યું કે ભૂંડું કર્યું ?

પ્ર. - સંસ્કાર આપ્યા છે.

ઉ - સંસાર છોડતા નહિ, સાધુની વાતમાં આવતા નહિ.

સભા - સારા સંસ્કાર આપ્યા છે. આવા નહિ.

ઉ. - તમે તમારા સંતાનોને આપ્યા છે ?

આજના ધર્મી માબાપ છોકરાઓને સંસાર બધો શીખવે છે પણ ધર્મ કરવાનું કશું શીખવતા નથી. ભૂલેચૂકે કે સાધુ ન થાય તેની ચિંતા રાખે છે. તમારો દીકરો સાધુ થાય તે પસંદ છે ખરું ? બજારમાં અનીતિ-અન્યાયાદિ કરી કમાઈ લાવે તેય પસંદ છે ખરું ? તમે ય અનીતિ કરો છો, લહેર કરો છો તે ગમે છે ?

જ્ઞાની હવે સમજાવે છે કે - આ સંસારમાં બધું ભયરૂપ છે. મા-બાપ, ભાઈ-ભાંડું, ભાર્યા, દુનિયાના દેવ-ગુરુ-ધર્મ બધા જ ભયરૂપ છે. જ્યારે શ્રી વીતરાગદેવ, શ્રી વીતરાગદેવનો સાધુ અને શ્રી વીતરાગદેવનો ધર્મજ આત્માને સંસારથી છોડાવનાર છે, મોક્ષે મોકલનાર છે. મોક્ષે ગયા વિના આત્માને જે સુખ જોઈએ છે તે મળ્યું નથી અને મળવાનું પણ નથી. જ્યારે આ સંસારનું જે સુખ છે તે આત્માને ખરાબ કર્યા વિના રહેશે નહિ અને પરિણામે આત્માને સંસારમાં રખડવું પડશે.

પ્ર. - જૈનો વિના કોઈ મોક્ષે ન જ જાય ?

ઉ. - જૈનપણું પામ્યા વિના કોઈ જ મોક્ષે ન જઈ શકે. જૈનપણું શું છે ? શ્રી વીતરાગદેવ વિના બીજા કોઈને દેવ ન માને, નિર્ગ્રંથ સાધુ વિના બીજા કોઈને ગુરુ ન માને અને સંયમધર્મ વિના બીજો ધર્મ ન માને. આ ન સમજે તે મોક્ષે ન જાય.

ભગવાનના મંદિરમાં રોજ જનારા, દુનિયાના સુખના ભુખ્યા જીવો કદી મોક્ષે ગયા નથી, જતા નથી અને જવાના પણ નથી. પણ નરકાદિ દુર્ગતિમાં જ જવાના છે, ભગવાનની ભક્તિ કરે, સાધુની સેવા કરે અને ધર્મનું આરાધન કરે તો પણ. મંદિરમાં જાય તે બધા જ મોક્ષે જાય તેવું નથી. મંદિરમાં જનારને સંસાર ગમે ? અહીં આવનારને સંસારમાં લહેર આવે ? આપણા બધા જ ભગવાન કયાં ગયા છે ? તે બધા દુઃખી હતા માટે મોક્ષમાં ગયા ? સંસાર છોડીને મોક્ષમાં ગયા તે ભૂલ કરી ? આપણા બધા જ શ્રી અરિહંત ભગવાન મોક્ષમાં ગયા છે તેમ માનો છો ? શ્રી સિધ્ધભગવંતો પણ મોક્ષમાં છે તેમ માનો છો ? રોજ 'નમો અરિહંતાણં' 'નમો સિધ્ધાણં' એ બે પદ કેમ બોલો છો ? મોક્ષમાં જવું છે માટે બોલો છો કે સંસારમાં મઝેથી રહેવું છે માટે બોલો છો ?

સંસાર અભવ્ય, દુર્ભવ્ય જીવોથી ચાલે છે તે કદી મોક્ષે જવાના નથી. અભવ્ય અને દુર્ભવ્ય જીવો અનંતીવાર સાધુપણું લે, સારામાં સારું પાળે પણ તે કદી ધર્મ પામવાના નથી અને પામ્યા પણ નથી પરન્તુ સંસારમાં જ ભટકવાના છે. તે જીવોના હાથમાં વાસ્તવિક ધર્મ ક્યારે ય આવશે નહિ તે બધા તો સંસારમાં ભટકવા માટે જ સર્જાયા છે. અભવ્ય જીવો તો સદાકાળ માટે સંસારમાં ભટકવાના છે. દુર્ભવ્ય જીવોનું દુર્ભવ્યપણું ન ટળે ત્યાં સુધી ભટકવાના છે. ભવી જીવો પણ લઘુકર્મી ન થાય ત્યાં સુધી સંસારમાં ભટકવાના છે અને લઘુકર્મી જીવો પણ ભાવથી સાધુપણુ ન પામે ત્યાં સુધી સંસારમાં ભટકવાના છે. ભવી જીવ પણ ભારે કર્મી હોય ત્યાં સુધી તેનેય મોક્ષે જવાની વાત બેસે નહિ.

ક્રમશઃ

## જામનગર ૪૫, દિગ્વિજય પ્લોટ જૈન સંઘમાં પૂ. સા. શ્રી કૌશલ્યપ્રભાશ્રીજી મ.ની વર્ધમાન તપની ૩૫-૩૬-૩૭-૩૮-૩૯ સળંગ ઓળીની અનુમોદનાર્થે ત્રણ દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ તથા શ્રી સંઘમાં ભરાવેલ ૪૫ આગમનના ૪૫ છોડનું ઉજવણું તથા શિલાંગાદિ ૨૪ રથ રચના નિમિત્તે

હાલારદેશોદ્ધારક પૂ. આ. **શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.** પટ્ટધર **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** તથા પૂ. **પ્ર. મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ.** આદિ પૂ. પ્ર. સા. **શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.** ના શિષ્યા પૂ. સા. **શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.** ની નિશ્રામા લંડન નિવાસી **શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ શાહ** તથા **શ્રીમતી હંસાબેન સુરેશ કરમશી નાગડા** તથા **શ્રીમતી સરોજ શશિકાન્ત મેરગ શાહ** તરફથી મહોત્સવ તથા પૂ. આ. શ્રીના ઉપદેશથી શ્રી સંઘમાં ૪૫ આગમના ૪૫ છોડ ભરાવાયા હતા. તેનું ઉદ્યાપનનું આયોજન થયેલ. ઉપરાંત **શ્રી ૧૮૦૦૦ શીલાંગ રથ આદિ ૨૪ રથ** તૈયાર થયેલ તે પણ ઉદ્યાપનમાં મુકવામાં આવેલ.

આ સઘળોય પ્રસંગ પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** પૂ. પ્રવર્તક મુનિરાજ **શ્રી યોગીન્દ્રવિજયજી મ.**, પૂ. મુ. **શ્રી હેમેન્દ્રવિજયજી મ.**, પૂ. મુ. **શ્રી અવિચલેન્દ્રવિજયજી મ.**, પૂ. બાલ મુનિ **શ્રી નમ્રેન્દ્રવિજયજી મ.** તેમજ પૂ. પ્રર્વતિની સા. **શ્રી સુરેન્દ્રપ્રભાજી મ.** પૂ. સા. **શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.**, પૂ. સા. **શ્રી કનક માલાશ્રીજી મ.**, પૂ. સા. **શ્રી કૈવલ્યપ્રભાશ્રીજી મ.**, **(વર્ધમાન તપની ૪૦મી ઓળી ચાલુ** પૂ. સા. **શ્રી પ્રશમપ્રભાશ્રીજી મ.**, પૂ. સા. **શ્રી કૌશલ્યપ્રભાશ્રીજી મ.** ની નિશ્રામાં યોજાયો. આ પ્રસંગે પૂ. તપસ્વી મુ. શ્રી દિવ્યાનંદ વિ.મ.આદિ પૂ. મુ. શ્રી મુક્તિઘન વિ.મ. આદિ પધાર્યા હતા.

કારતક સુદ ૯ રવિવાર તા. ૫-૧૧-૨૦૦૦ સવારે પ્રવચન, બપોરે ૨-૩૦ કલાકે શ્રીમતી જયાબેન ગુલાબચંદ મુળચંદ શાહ લંડન તરફથી શ્રી ૪૫ આગમ પૂજા ભણાવાયેલ કારતક સુદ ૧૦ સોમવાર તા. ૬-૧૧-૨૦૦૦ સવારે પ્રવચન, બપોરે ૨-૩૦ કલાકે શ્રીમતી હંસાબેન સુરેશ કરમશી નાગડા લંડન તરફથી નવ્વાણું પ્રકારી પૂજા. કારતક સુદ ૧૧ મંગળવાર તા. ૭-૧૧-૨૦૦૦ સવારે પ્રવચન, બપોરે ૨-૩૦ કલાકે શ્રીમતી સરોજ શશિકાન્ત મેરગ શાહ લંડન તરફથી શ્રી વીશ સ્થાનક પૂજા. કારતક સુદ ૧૨ બુધવાર તા. ૮-૧૧-૨૦૦૦ ત્રણ આયંબિલ કરનાર તપસ્વીઓના સવારે ૮-૩૦ કલાકે શ્રી કુંવરબાઈ જૈન ધર્મશાળામાં પારણા થયા. પૂજા ભણાવવા **શ્રી વિમલ જિનેન્દ્રસંગીત મંડળ** પધારેલ હતુ.

## ૪૫ આગમના છોડ ભરાવનાર ભાગ્યશાળીઓ

| | | |
|---|---|---|
| ૧. હીરાબેન દેવશી ગુઢકા | ૧૬. શાંતાબેન કાનજી રાયશી | ૩૧. પ્રમીલાબેન કેશવજી ભીમજી |
| ૨. શાંતાબેન મહેન્દ્રભાઈ સોજપાર | ૧૭. ગીતેશ જયસુખલાલ હંસરાજ | ૩૨. પાનીબેન દેવચંદ ભારમલ |
| ૩. મોંઘીબેન જીવરાજ કચરા | ૧૮. ભાવલબેન પુંજા સાવલા | ૩૩. ચંદ્રીકાબેન ઝવેરચંદ પેથડ |
| ૪. પ્રમીલાબેન સુરેશચંદ રાયચંદ | ૧૯. રાજેન્દ્રકુમાર નેમચંદ રામજી | ૩૪. શાંતાબેન રસિકલાલ ચુનીલાલ |
| ૫. જમનાબેન મેપાભાઈ નથુ | ૨૦. અમૃતબેન રામજી પરબત | ૩૫. સવાઈલાલ ચુનીલાલ પારેખ |
| ૬. જયાબેન દેવચંદ હરગણ | ૨૧. કસ્તુરબેન નેમચંદ રામજી | ૩૬. મોતીબેન જેઠાલાલ ચંદરીયા |
| ૭. હીરુબેન મેરગ કારા | ૨૨. ચંપાબેન દેવચંદ રામજી | ૩૭. સુશીલાબેન રાયચંદ વીરજી |
| ૮. લક્ષ્મીબેન ભારમલ દેવજી | ૨૩. સુમિત્રાબેન પ્રેમચંદ રામજી | ૩૮. કસ્તુરબેન ગુલાબચંદ દેવરાજ |
| ૯. પુરીબેન પુંજાભાઈ છેડા | ૨૪. શાંતાબેન રતિલાલ દેવચંદ | ૩૯. હીરાબેન રાયચંદ કરમણ |
| ૧૦. પરેશ-દીપક જયંતિલાલ | ૨૫. કંચનબેન મોતીચંદ પરબત | ૪૦. પુષ્પાબેન સોમચંદ વીરપાર |
| ૧૧. જયાબેન ગુલાબચંદ મુળચંદ | ૨૬. ગોસરભાઈ વીરપાર ઝીણા | ૪૧. વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ |
| ૧૨. નિર્મળાબેન મનસુખલાલ ભીમજી | ૨૭. કુસુમબેન જયંતિલાલ રામાણી | ૪૨. વિમલનાથ મહિલા સ્નાત્ર મંડળ |
| ૧૩. વસંતબેન હીરાલાલ છગનલાલ | ૨૮. મગનલાલ ચત્રભુજ મહેતા | ૪૩. મોતીબેન ગોવિંદજી સામત |
| ૧૪. મણિબેન જીવરાજ હીરજી | ૨૯. રંભાબેન મગનલાલ બીદ | ૪૪. મણિબેન મેઘજી પેથરાજ |
| ૧૫. મણિબેન કાનજી હીરજી | ૩૦. મુકતાબેન મનસુખલાલ દોઢીયા | ૪૫. હંસાબેન પ્રેમચંદ પોપટ |

## શ્રી ૧૮૦૦૦ શીલાંગ રથ આદિ ૨૪ નો લાભ લેનાર

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ | ૭. વીરાબેન દેવશી ગુઢકા | ૧૩. જયાબેન પ્રેમચંદ ભારમલ | ૧૯. રતબેન નાયાલાલ લાલજી |
| ૨. જશવંતીબેન ધનરાજ સોજપાર | ૮. વાલીબેન જેઠાભાઈ ધરમશી | ૧૪. સામત પાંચા માલદે | ૨૦. હંસાબેન સુરેશ કરમશી |
| ૩. લક્ષ્મીબેન પ્રેમચંદ ખીમચંદ | ૯. જીવીબેન માણેક હરિયા | ૧૫. લીલાબેન સામત માલદે | ૨૧. સરોજ શશિકાન્ત મેરગ |
| ૪. રૂપાબેન પરબત વીરજી | ૧૦. હીરાબેન દેવરાજ | ૧૬. કેશવજી સામત માલદે | ૨૨. લીલાવંતીબેન રમણીકલાલ કેશવજી |
| ૫. રળિયાતબેન વેલજી પાનાચંદ | ૧૧. કસ્તુબેન આર. એલ. શાહ | ૧૭. ગીતેશ જયસુખલાલ | ૨૩. પુરીબેન પૂંજાભાઈ છેડા |
| ૬. ઉમરબેન લાલજી પેથડ | ૧૨. વેલજી હીરજી ગુઢકા | ૧૮. ચંચળબેન ધનજી સુખલાલ | ૨૪. શ્રી બાઉન્ડ્સ ગ્રીન સત્સંગ મંડળ |

# રાષ્ટ્રીય સ્તરે થતી ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૬૦૦મી જન્મતિથિની ઉજવણીનો વિરોધ શા માટે ?

## વાંચો - વંચાવો - વિચારો

હપ્તો - ૭ મો

*(''પરમતીર્થપતિ શ્રમણ - ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૫૦૦ મી નિર્વાણ કલ્યાણક તિથિને અનુલક્ષીને જે અશાસ્ત્રીય નીતિ-રીતિ ભગવાનનો મહિમા વધારવાને નામે ચાલી પડેલ, તેવી જ અશાસ્ત્રીય રીતે હવે ૨૬૦૦મી જન્મ કલ્યાણક તિથિની રાષ્ટ્રીય ઉજવણી જે કરવા માગતા હોય તેમણે, તે વખતના ગીતાર્થ મહાપુરૂષોએ એવી ઉજવણી ભગવનાની અશાતાના સ્વરૂપ હોવાનું આપેલું માર્ગદર્શન આજે પણ તેટલું જ ઉપયોગી, જરૂરી હોવાથી ધ્યાનમાં લેવાની જરૂર છે.*

***માર્ગદર્શક મહાપુરૂષ છે. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા.***

*શ્રી જૈનાજ્ઞા કે સ્વ. પૂ. આ ભગવંતશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના યાચીએ છીએ.*

*-સંપાદક*

(સં. ૨૦૩૦ના દ્વિતિય ભાદરવા વદિ ૫ ને રવિવાર તા. ૬-૧૦-૭૪. ■ સ્થળ : શ્રીપાલનગર જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ-૬)

जिनभक्ति जिनेर्भक्ति जिनर्भक्ति दिने दिने ।

सदा मेऽस्तु सदा मेऽस्तु सदा मेऽस्तुं भवे भवे ॥

અનંત ઉપકારી મહાપુરૂષો ફરમાવી રહ્યા છે કે જે જીવોનો મહાભાગ્યોદય જાગે તેને સાથે સુંદર સંયોગ પ્રાપ્ત થાય ત્યારે જીવને શ્રી જિનેશ્વરદેવની ઓળખ થાય છે. જે જીવોને શ્રી જિનેશ્વરદેવોની સાચી ઓળખ થઈ જાય તેના હૈયામાં જ શ્રી જિનેશ્વરદેવની ભકિતનો પાવર પેદા થયા છે.

આપણા બધાનો મહાપુણ્યોદય છે કે શ્રી જિનશ્વરદેવને ઓળખવાની સુંદરમાં સુંદર સામગ્રી મળી છે પણ શ્રી જિનને ઓળખવા જેટલો ક્ષયોપશમ પેદા થયો છે કે નહિ તે જાતને પૂછવાનું છે. પુણ્યોદયના કાળમાં સુંદર ક્ષયોપશમ પ્રગટે નહિ તો અનંતીવાર જીવને સાક્ષાત્ શ્રી જિન મલી જાય તો પણ તેને શ્રી જિનેશ્વરદેવને ઓળખવાનું મન થતું નથી. પુણ્ય સારું હોય પણ ક્ષયોપશમ ભાવ ન જન્મે તો તે પુણ્ય સંસારમાં રખડાવનાર બને છે. આપણને શ્રી જિનેશ્વરદેવને ઓળખવાનું મન થયું છે કે નહિ ? થયું છે તો ઉદ્યમ કર્યો છે કે નહિ ? જો ઉદ્યમ ન કર્યો હોય તો જે ભાવના જોઈએ તે કદિ પેદા ન થાય.

જે જીવને શ્રી જિનેશ્વરદેવ ઓળખાઈ જાય, સમજાઈ જાય તો તને હંમેશા શ્રી જિનેશ્વરદેવની ભકિતનો જ ભાવ તેના હૈયામાં રમતો હોય છે. તેના હૈયામાં થાય છે કે, ''કોઈ એવો દિવસ ન જવો જોઈએ, જે દિવસે મારા હૈયામાં શ્રી જિનેશ્વરદેવની ભકિતનો ઉછાળો મારે નહિ. એટલું જ નહિ શ્રી જિનેશ્વરદેવની ભકિત જ્યાં સુધી મારે સંસારમાં રહેવાનું હોય તો કોઈ ભવ એવો ન રહેવો જોઈએ જેમાં શ્રી જિનની ભકિત કરવાનો ભાવ મારા હૈયામાં ઉલ્લાસ ન પામે.''

આપણે પુણ્યોદયથી પૂરા છીએ પણ ક્ષયોપશમથી પૂરા છીએ કે અધૂરા ? શ્રી જિનની ભકિત માત્ર દર્શનમાં કે વંદનાદિ પૂજામાં સમાઈ જતી નથી. તેને તો જ્ઞાનીઓએ દ્રવ્યપૂજા કહી છે. તે દ્રવ્યપૂજામાંથી ભાવપૂજા ન જન્મે તો તે દ્રવ્યપૂજા વાંઝણી બની જાય છે. એટલું જ નહિ જો તેમાં ભિન્ન ઈરાદો જન્મી જાય તો તે ભયંકર હાની કરનારી પણ બને છે. આ દ્રવ્યભકિત પણ જેના હૈયામાં ભાવભકિત પેદા થઈ હોય કાં ભાવ પેદા કરવાનો ભાવ હોય તેના માટે કલ્યાણકારી બને છે. જેને ભાવ પેદા કરવાનું મન નહિ તેને માટે તો આ દ્રવ્યપૂજા નુકશાન કરનારી થાય છે. સારી ચીજ મળે તે પુણ્યોદય. સારી ચીજ પ્રત્યે બહુમાન ન જાગે તે ભયંકર પાપકર્મના ક્ષયોપશમનો અભાવ સૂચવે છે. ભગવાનની આજ્ઞા મુજબ ચાલવાને બદલે પોતાની ઈચ્છા અને મતિ મુજબ ચાલવા માંડે તેને મળેલ શ્રી જિન, શ્રી જિનશાસન લાભ કરવાને બદલે હાનિ કરનાર થાય છે.

આખી દુનિયાના જીવોના હૈયામાં શ્રી જિન પેસી જાય તેમ શ્રી જિનનો ભગત ન ઈચ્છે તેમ ત્રણકાળમાં બને નહિ. આવી ઈચ્છા જેને ન જન્મે તેના હૈયામાં

અસલમાં શ્રી જિન પેદા નથી. મુકિતનો અર્થી આત્મા ઊંચામાં ઊંચી કોટિનો હોય છે. તેને તો આખું જગત મુકિત પામે તે જ ભાવ તેના હૈયામાં હોય છે.

મૈત્રી ભાવનામાં તેને આખું જગત દુઃખી દેખાય છે. ઇન્દ્રાદિ દેવતા તેને દુઃખી દેખાય છે. તેના હૈયામાં થઈ જાય છે કે આ જગત કેવું છે ? જગતમાં દોષ ભરેલા છે. ગુણો પામવાનો પ્રયત્ન ન કરે તો ગુણોનો અભાવ મોટા ભાગમાં હોય છે. આખું જગત રિબાય તે શ્રી જિનના ભગતને ગમે ? જિનના ભગતને પોતાની જાત એવી રિબાતી લાગે છે કે તેને પોતાની જાત પર પણ દયા પેદા થાય છે. તેને જ અવિરતિ અને કષાયના દુઃખની ખબર પડે. જેને શ્રી જિન મળ્યા નથી તેને તો અવિરતિ અને કષાયના દુઃખનું ભાન નથી માટે દુઃખને દૂર કરવા ઘોર પાપ કરે છે તેથી એવી રીતે દુઃખી થાય છે કે દુઃખમાં અનંતો કાળ પસાર કરે છે.

અવિરતિ અને કષાયના દુઃખનું ભાન થાય તે આત્મા પહેલા પોતાની દયા ચિંતવે છે, સાહ્યબી ભોગવતા આત્માની દયા ચિંતવે છે, તેવા જીવને આખું જગત દુઃખી દેખાય છે. તે દુઃખી કયારે ન થાય તેની ખબર છે ?

'मा कार्षीत्कोऽपि पापानि' - કોઈપણ જીવ પાપ ન કરો તેવી ભાવના કરે તે જીવને પોતાને પાપ કરવાનું મન થાય ? મન થાય તો પોતાની દયા કર્યા વિના રહે ? દયા કરવા છતાં પાછો ન ફરે તો પોતાની જાત પર તિરસ્કાર ન થાય ?

આપણે દુઃખી હોઈએ તે પણ પાપથી જ. જગત દુઃખી હોય તે પણ પાપથી જ. જગતમાં દુઃખ આપનાર કોઈ જ નથી. જગતમાં કોઈ કોઈને દુઃખ આપતું નથી. જગત દુઃખી પોતાના પાપથી જ. આવું સમજે તેને જ આ ભવ જન્મે કે, જગતમાં કોઈપણ જીવ પાપ કરો નહિ. તમને આ ભાવ રોજ આવે છે ? પાપ કરતાં પણ આંચકા આવે છે ?

કોઈપણ જીવ પાપ કરો નહિ. કોઈપણ જીવ દુઃખી થાવ નહિ. આ કયારે બને ? શાસ્ત્ર કહે છે કે - આ જગત મૂકાઈ જાય ત્યારે 'मुच्यतां जगदप्येषा'. આવી જાતિની જે બુદ્ધિ - મતિ તેનું નામ મૈત્રી છે. આ ભાવના જેને શ્રી જિનને ઓળખ્યા હોય, શ્રી જિન હૈયામાં આવ્યા હોય તેને જ આવે.

શ્રી અરિહંતપરમાત્માને કેવી ઉત્કૃષ્ટ કોટિની ભાવદયા જન્મે છે તે ખબર છે ? તે પરમતારકના આત્માને થાય છે કે- મારું ચાલે, મારામાં શકિત આવે, મારામાં સામર્થ્ય આવે તો એક જીવને સંસારમાં રહેવા દઉં નહિ. ઉત્કૃષ્ટકોટિની ભાવદયા તે આનું નામ ! આવી ભાવદયા શ્રી જિન જેના હૈયામાં હોય તેને આવે. 'મારામાં સામર્થ્ય હોય તો બધાને મુકિતમાં મૂકી આવું, તે સિવાય પાપ છૂટવાનું નથી અને કોઈ દુઃખથી બચવાનું નથી' આ વાત જેના હૈયામાં હોય તે શ્રી જિનને ન ઓળખે તેવું બને ? જેના હૈયામાં શ્રી જિન હોય તેને બધાના હૈયામાં શ્રી જિન ન પેસે તેવો નઠાર ભાવ હોય ? તમે તમારા આત્માને પૂછો કે રોજ બધા જૈન બને તેવી ઈચ્છા થાય છે ? જો આવું ન થાય તો તમારા હૈયામાં પથરા પડયા લાગે છે ?

અત્યારે સ્વાર્થી જગત શું કામ કરી રહ્યું છે તેની તમને ખબર નથી ? અને જગતને પછી વાળજો પણ જેનું નામ દેતા પાણી આવે તેને પહેલા વાળો. તે માંદા પડે તો કેટલાં ડોકટર લાવો છો ? ઘરમાં કેટલી ધમાલ કરો છો ? તેમ ધર્મ માટે કાંઈ કરો છો ?

આપણા સંપ્રદાયવાળા કે બીજા સંપ્રદાયવાળા આપણા ભગવાનની ફજેતી કરાવવા માંગે છે તો રોકાય નહિ ? રોકે તે પાપ કરે છે ? આજે બધાને ગાંડપણ એટલું વ્યાપ્યું છે કે વર્ણન ન થાય. તેના મૂળમાં એકલા ગૃહસ્થો નથી પણ સાધુઓ પણ છે. ભગવાન મહાવીરના નામે ઘણાં ચેડા કરે છે. ભગવાનના નામે વેપાર અને ધંધો શરૂ કર્યો છે. આમ કરનારને અનંતકાળ સુધી ભીખ માંગતા મળવાનું નથી તેવું પાપ બંધાવવાનું છે. અજ્ઞાન લોકો અકલ્યાણકારી કરી રહ્યા છે તેને અટકાવવા કાંઈ ન ચાલે તો પણ આ ખોટું છે, આ ખોટું છે તેમ તો જાહેર કરવું જ જોઈએ.

આજે આપણું રાજ ચાલતું નથી. રાજ એવા લોકોનું ચાલે છે જે લોકોને દુનિયા અધર્મના માર્ગે જાય તેનું ય દુઃખ નથી. આખી દુનિયા ધર્મના માર્ગે આવે તેમ નથી. આજે તો લોકનો સામાન્ય ય ધર્મ લૂંટી લઈ, લોકોને આર્ય મટાવી અનાર્ય બનાવવાનો ધંધો કરે છે. આજ લોકોને જાતિ-કુલ જોઈતા નથી પણ શંભુમેળો કરવો છે, તેમાંના જ જગતનો ઉદય સમજે છે. પણ તે વાત તે હૈયાફુટયાઓના હૈયામાં ઉતરતી નથી કે -

જાતિ-કુળ તો અનાદિના છે. અનાદિથી ભટકતા આત્મ ઓ, પુણ્ય યોગે આર્યદેશાદિ સામગ્રી પામેલા જીવો ધર્મહીન બને, જાતિ-કુલની આશાતના કરે તો પાછા અનંતકાળ ભટકે. જ્યારથી બધાની એકતાની વાત શરૂ કરી ત્યારથી હોળી સળગી છે. ધર્મઝનુની તો ધર્મ સમજ્યા નથી પણ ધર્મના નામે બેફામ બોલે, ગમે તેમ લખે તે તો ઝનુની જ કહેવાય ને ? અજ્ઞાન લોકોની વાત દરેક કાળમાં ભૂંડી હોવાની. સારા લોકોનો વ્યવહાર કેવો હતો તે જાણતા નથી. જાતિ-કુળમાં ગુણ છે. તે સામગ્રી પામેલા જીવ સારા હોય તો સારા જ નીકળે આનું ભાન નથી તેવાના હાથમાં સત્તા છે.

જૈન સંઘમાં હજી પણ શકિતશાલી છે, જૈન સંઘ ભિખારી નથી. જૈન સંઘ ધારે તો ભગવાનને જગતવ્યાપી કરી શકે તેમ છે. મહાવીર, મહાવીર કરે પણ મહાવીર એટલે શું ? મહાવીર તો ઘણાના નામ પણ હોય તેને યાદ કરીએ તો આપણું કલ્યાણ થાય ? કે મહાવીરનું નામ યાદ આવતા થાય કે, 'આજસુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ થયા તેમ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા આ અવસર્પિણીના અંતીમ તીર્થંકર થયા, જેમણે જગતમાં મોક્ષ માર્ગ સ્થાપ્યો' એમ યાદ આવે તો કલ્યાણ થાય ? જેને મોક્ષની - પરલોકની કે આલોકની પડી નથી તેવા લોકો મહાવીરનું નામ દે તો શો અર્થ છે ?

તમારા ટેબલ પર, પેપર વેઈટ પર, પેન પર મહાવીર હોય તેવી યોજનાઓ ઘડાવા લાગી છે. તમને સાચું સમજાય અને આ બધું ખોટું થઈ રહ્યું છે તેમ લાગે તો જ કામ થાય. જેટલા જૈનો કહેવાય છે તેને પણ ખરેખર જૈન બનવાની ઈચ્છા છે ? ભગવાન શ્રી મહાવીર પરમાત્મા અનંતા શ્રી તીર્થપતિઓની જેમ એક છે, અનંતા શ્રી તીર્થંકર પરમાત્માઓએ જગતમાં મોક્ષમાર્ગની જ્યોત ઝળહળતી રાખી તેવી તેમને પણ રાખી; આનો જેને આનંદ હોય તેને સમજાવવું છે કે તમે માત્ર દ્રવ્યભકિતમાં જ સંતોષ ન માનો પણ ભાવભકિત પણ કરો. ભગવાનની આજ્ઞાનું પાલન તે ભાવભકિત છે.

સાધુ મોટા ભગત છે. તેને ભગવાનની આજ્ઞા મુજબ ઘર - બાર, રિદ્ધિ - સિદ્ધિ, મોહ-મમતા, શરીરની પણ મમતા છોડી દીધી છે. તેમને તો દ્રવ્યપૂજાનો અધિકાર નથી. જ્યારે તમારે ભગવાનની દ્રવ્યભકિત ઘર-બારાદિ છોડવા કરવાની છે. આજે તો ધર્મની પ્રભાવના કરતાં ય **ભગવાનના શાસનની, ધર્મની, ભગવાનના સ્વરૂપની જે અવહેલના જાહેર થઈ રહી છે તેને અટકાવવાની ફરજ આવી છે. તે ફરજ માટે વિરોધ ચાલુ છે. અમને વિરોધ કરવાની ચળ છે માટે વિરોધ જ કરીએ છીએ એવું તમે સમજતા નહિ.** જેના હૈયામાં શ્રી જિન હોય, શ્રી જિનભકિત હોય તેને તે પ્રેરણા કરે છે કે આવું તોફાન હોય તો બેસી રહેવાય નહિ, સૌએ સુપ્રત્નો કરવા જ જોઈએ.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું નિર્વાણ કલ્યાણક દિવાળીના દિવસે આવે છે, હરસાલ તે તપ-જપાદિ કરી ઉજવીએ છીએ. આપણા માટે ઉજવણી નવી નથી. હમણાં જે લોકોને ભગવાન શ્રી મહાવીર પરમાત્મા સાથે કાંઈ લાગતું - વળગતું નથી અને ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નામે નવું કરવા માંગે છે તેમને અટકાવવા તે પણ ભકિતનો પ્રકાર છે. તે પછી આ શ્લોકની વાત સાચી બને કે - કોઈ દિવસ એવો ન જવો જોઈએ કે શ્રી જિનેશ્વરદેવની ભકિત ન થાય ! તે પણ કયાં સુધી કે જ્યાં સુધી સંસારમાં રહીએ ત્યાં સુધી.

આપણા હૈયામાં જગતના જીવોના હૈયામાં શ્રી જિન પેસે તે જ ઈચ્છા છે. બધાને શ્રી જિનને, શ્રી જિનમાર્ગને ઓળખવાનું મન થાય તો શકિત મુજબ પ્રયત્ન ચાલુ જ છે. પણ જે બની રહ્યું છે તે ઘણું ખરાબ બની રહ્યું છે.

શ્રી જૈન સંઘમાં ચાર સંપ્રદાયો થઈ ગયા તે બધા ભેદ શાથી પડયા તે પણ ખબર છે ? આજે બધાને થયું છે કે બધાની સાથે એકતા સાધવી જોઈએ. તો મારે પૂછવું છે કે એકલા જૈન સંપ્રદાય સાથે જ એકતા સાધવી છે ? જગત સાથે નહિ ? આપણાને કહેવાતા જૈન સાથે પ્રેમ થયો છે અને માણસ સાથે નહિ ને ? એકતાના નામે કેટલું નુકશાન થયું છે તેની તમને ખબર નથી. આજે કેટલા ખરાબ કાળમાંથી પસાર થઈ રહ્યા છીએ. આજે ભગવાન શ્રી મહાવીરદેવને તીર્થંકર પરમાત્મા તરીકે માનનાર કેટલા ? આજે તો શ્રી તીર્થંકરનું એવી રીતે વર્ણન કરે છે કે તેને શ્રી તીર્થંકર પરમાત્માની કોઈ મહત્તા જ સમજાતી નથી. ચાર સંપ્રદાય ભિન્ન થયા તે એકતાની ભાવના ન હતી માટે ?

આપણા માર્ગસ્થ પૂર્વાચાર્યો થઈ ગયા તો તેમણે ભિન્નતા થવા દીધી. જે જે અલગ થયા તો થવા દીધા. તે ભાનભૂલી અવસ્થામાં થવા દીધું તેમ કલ્પો છો ? તે બધા મહાપુરુષોની ભૂલ સુધારવા આજે નીકળ્યા છે. આજે ધંધો આ જ ચાલે છે.

તમને આખા ઈતિહાસની ખબર નથી. તમે જૈનશાસનનો ઈતિહાસ જાણતા નથી. શ્વેતાંબર - દિગંબર તીર્થો માટે લડે છે તેમ તમે જાણો છો. પણ શ્વેતાંબર - દિગંબરના કજિયા શેને આભારી છે તેની તમને ખબર નથી. અત્યારે ચકોર રીતે જીવતો સંપ્રદાય દિગંબર છે તે તમારું ખૂન કરી રહ્યો છે. તમારા આગેવાનો તમારું ખૂન કરી રહ્યા છે. કંદોરા વગરની મૂર્તિ માન્ય કરી છે. તેના ચેરમેન કસ્તૂરભાઈ લાલભાઈ છે. આ બનાવ બની ગયો તો આપણા બધા મંદિરો જોખમમાં આવવાના છે. બેસવાની જગ્યા આપી તો માલિકી ઠોકી દીધી. તે લોકોનો પ્રયત્ન ધમધોકાર ચાલુ છે. લાખો રૂા. પાણીની માફક ખરચી રહ્યા છે. નમાલા કસ્તુરભાઈ કાંઈ કરી શકયા નથી. તેમની વાતમાં હા પાડી છે.

તે જો ભગવાનની આજ્ઞા મુજબ ચાલવા તૈયાર હોય તો તેમની પાછળ ચાલવા તૈયાર છીએ. બાકી તો આ બધા મંદિરો - તીર્થો જોખમમાં આવી જવાના છે. કોર્ટો તમારી કોઈ વાત માનવાની નથી. ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ઓળખમાં ગોટાળા વાળ્યા છે. તે તમારો આગેવાન બન્યો રહે તે ચાલે ? પેઢી તેને સુમત હોય તો તે પેઢીની, તીર્થોની સુવ્યવસ્થા કરશે ? તીર્થરક્ષક આચાર્યો રોઈ રોઈને મર્યા છે. તીર્થરક્ષા નથી થઈ રહી પણ તીર્થનો નાશ થઈ રહ્યો છે. કજિયા કરનારાને ખોટા કહી ગાંડા કહે છે. તમે સાવચેત બનો તો કામ થાય.

હવે સાધુ સંઘ, શ્રાવક સંઘ જાગ્યો છે તેમ તેમને લાગવું જોઈએ. જ્યારે સાચી વાત આવે તો શું ઉત્તર આપે ? બધાને સમજાવે છે કે, બીજી બાજુ પણ સમજો. ઉપા. અમરમુનિના લેખને પ્રામાણિક ગણ્યો છે અને તે લેખ તમારો આગેવાન જ પ્રચારે છે. આ રીતે જો શરૂઆત થશે તો પરિણામ કેટલું ભયંકર આવશે ! આ રીતે ભગવાનની અવહેલના કરનારા જગતમાં પેદા થયા છે. તેમને અટકાવવા પ્રયત્નો કરવા જ જોઈએ, પ્રયત્નો ન કરીએ તો તે પાપના આપણે પણ ભાગીદાર થઈએ. કરશે તે ભરશે તેવું કોણ બોલે ?

શાસન જો આપણું હોય, ધર્મ આપણા હોય, ભગવાન શ્રી મહાવીર પરમાત્મા આપણા હોય અને તેને માટે વિરૂદ્ધ થઈ રહ્યું હોય ત્યારે કહીએ કે 'કરશે તે ભરશે !' જો બધા મહાપુરુષોએ આ કર્યું હોત તો આ શાસન આપણને મળત ! તમે એક વાત સમજી લો કે, અમને કોઈની સાથે અંગત લેવા દેવા નથી કે દ્વેષ નથી. કસ્તુરભાઈ સાથે પણ નથી, તેમનું નામ પણ લેતા નથી. પ્રસંગ આવે તેમણે સાધુઓને કેવા ઘટાવ્યા છે, કેવા દબાવ્યા છે, તીર્થોમાં શું શું કર્યું છે, નબળાનું સાંભળ્યું નથી તેટલી જ વાત કરી છે. આમને આમજ ચાલશે તો ભવિષ્યમાં ભયંકર નુકશાન છે. આ અટકાવવા ઉદ્યમ ન કરીએ તો સારા પરિણામનો લાભ ન મળે. ખરાબ પરિણામને અટકાવવા ઉદ્યમ કરવો જોઈએ. નાનામાં નાનો માણસ શાસનના હિત માટે કામ કરે તો તેને સ્વીકારવા તૈયાર છીએ.

તમે સાવધ થાવ, જાગૃત થાવ. જાગૃતિ ગુજરાત કાઠીયાવાડમાં પૂરી આવી છે, તે રીતે દરેક ક્ષેત્રોમાં પેદા થવી જોઈએ.

ભગવાન મહાવીરના નામે ચાંદીના સિક્કા બહાર પાડવાના છે. આ રીતે ભગવાન મહાવીરની આકૃતિની આશાતના થાય તેની કોઈ ચિંતા નથી. તેનો દુરૂપયોગ થાય તો પાપ લાગે કે ન લાગે ? જે જે વાતો જાહેરમાં આવતી જાય છે અને તેમાં જેટલી જેટલી વાતો ખોટી હોય તેનો તે રીતે વિરોધ જાહેર કરવો જોઈએ.

નિકટનો સ્નેહી હોય તેને ય કહેવું પડે કે હવે ન ચાલે મામલો વધતો જાય છે. તમારે અટકી જવું જોઈએ નહિ તો તેમાંથી નીકળી જવું જોઈએ. આપણ કેટલા માણસો ? આ મૂર્તિ થઈ તેની તમને ખબર છે ? આ સરકારનો ભય જે તેને ઓળખતો હોય તેને વધારે છે. તમને તે પચાસ (૫૦) લાખ આપે તેવો સંભવ નથી. કદાચ આપે તો તમારી છાતી પર ચઢી બેસશે. તે અનુદાન દે તો ય લેવા જેવું નથી.

તમારા ટ્રસ્ટો સુવ્યવસ્થિત રાખવાનો સરકારે નિર્ણય કર્યો અને તમે સ્વીકાર્યો ! તેનું એક ખાતું વ્યવસ્થિત નથી. કેટલી કમિટિ નીમાઈ ? કેટલા [illegible]

જાહેર કર્યા ? એક મામૂલી માણસ ટ્રસ્ટનો અધિકારી થાય તે સુવ્યવસ્થિત કરશે ? જેટલા ભયંકર બનાવો બન્યા તે જોવા છતાં કહેવાનો વખત નથી આવ્યો કે- 'હવે આ નહિ ચાલે.' આજે તો ધર્મ એ કરવાનો છે કે જે જે આગેવાન ગણાતા હોય, જે ખોટે માર્ગે હોય તેને અટકાવવાનો પ્રયત્ન કરવાનો છે.

ભગવાનનું કલ્યાણક આપણે માટે નવું નથી. આપણે તો પાંચે કલ્યાણક ઉજવનારા છીએ. જેને ધર્મ સાથે લેવા દેવા નથી, સદ્ગુરુનો, ધર્મનો ખપ નથી તે લોકો ભગવાનને ઉજવવા નીકળ્યા છે. આપણે ગમે તેટલી બૂમો મારીએ પણ સાંભળતા નથી. આજે તો જે બોલે તે ફાવી જાય, ન બોલે તે રહી જાય તેમ છે.

ભગવાન મહાવીરના નામે શું થાય અને શું ન થાય તે સમજો. ભગવાને બતાવેલી અનુકંપા કેવી રીતે થાય તે પણ સમજવું પડે. તમે શકિતસંપન્ન હો, તમારા વચનની કિંમત હોય તો તમે સમજાવો કે હજી આ પાપમાંથી ખસી જાવ. તે ન જ સમજે તો જાહેર કરો કે આ અમારા આગેવાનો નથી, સમજાવવા છતાં ય સમજતા નથી. શકિત છતાં આ નહિ કરો તો તમારી દ્રવ્યભકિત નિષ્ફળ જવાની છે. કસ્તુરભાઇના લીધે જ આપણે ઘણા મૂરખા બન્યા છે. ઘણા લોકો કહે છે કે, શેઠ પર હવે વિશ્વાસ રાખવા જેવો નથી. જીવાભાઇએ રાજીનામું આપી ધાડ મારી નથી.

માટે તમો સૌ સમજો કે શ્રી જિનભકિત દયામાં આવી જાય તો જ કલ્યાણ થઈ જાય. ■ ■ ■

## ભવ્ય ચાતુર્માસ પરિવર્તન તથા ઉંમરગામમાં અંજનશલાકા સંબંધી ઉછામણીઓ

વાપી : જિનશાસનના સૌભાગ્યતિલક સમા સ્વ. પૂજ્યપાદ આ. ભ. વિ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન ગચ્છનાયક પૂ. આ. ભ. વિ. મહોદય સૂરીશ્વરજી મહારાજાની દયામયી આજ્ઞાથી વાપી ચાતુર્માસ પધારેલ પ્રવચન પ્રભાવક ગણિવર્ય શ્રીનયવર્ધન વિજયજી મ. ના શાસનપ્રભાવક શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ભવ્યવર્ધન વિ. મ. આદિ ૩ ઠાણાનું ચાતુર્માસ પરિવર્તન કા. સુ. ૧૫ ના મંગળદિને શાનદાર રીતે સંપન્ન થવા પામ્યું.

અનેક પૈકી જે એક વિનંતિનો સ્વીકાર થયો તો, તે ભાગ્યશાળી પરિવાર શ્રી પ્રવિણભાઈ સોનાજી કટારિયાએ અદ્દભુત ઔદાર્ય દાખવી પરિવર્તનના સાંપડેલા લાભને શાસનનો શણગાર બનાવી દીધો.

કા. સુ. ૧૫ની ઉગતી ઉષાએ સવારે ૯-૦૦ કલાકે શાંતિનગર ઉપાશ્રયેથી વિશાળ સાજન-માજન સાથે પરિવર્તન યાત્રાનો પ્રારંભ થયો. નગરના વિવિધ રાજમાર્ગો પર ફરીને જે યાત્રા તેમના ગૃહાંગણે આવી પહોંચતા પ્રત્યેક સાધર્મિકનું દૂધથી ચરણો પખાળીને બહુમાન થયું.

ગૃહાંગણે જ ખાસ તૈયાર કરાયેલા સમિયાણામાં પૂ. મુ. શ્રી હેતવર્ધન વિ. મ. એ ૭૦ મિનીટ્સ સુધી શ્રી શત્રુંજ્યના માહાત્મ્યનું પ્રકાશન કરતું પ્રવચન આપ્યું. શ્રોતાઓ આનંદવિભોર બની ગયા. ત્યારબાદ શ્રી શત્રુંજ્યના પટસમક્ષ ભાવયાત્રાનો સુંદર કાર્યક્રમ થયો. પ્રાન્તે ૧૦૦૦ સાધર્મિકોની ભોજનભકિત પણ સુંદર રીતે થઈ.

■ ■ ■

આગામી મહા સુદ ૧૪ ને કેન્દ્રમાં રાખીને જ્યાં નૂતન નિજ મંદિરમાં પ્રતિષ્ઠિત થનારા નવનિર્મિત ભવ્ય જિનબિંબોની અંજનશલાકા મહોત્સવ યોજાશે, તે સમુદ્ર તટે વસેલા ઉંમરગામ - જી. આઈ. ડી. સી. - કોલોની સંઘે કા. વ. ૫ ના ધળળદિને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન થનારા ૧૫ પૈકીના ૧૨ સ્વામીવાત્સલ્યોના આદેશ, ઉછામણી દ્વારા આપવાનો કાર્યક્રમ રાખ્યો તો.

અત્રે ઉલ્લેખનીય બને છે; કે પ્રસ્તુત મહોત્સવ ધર્મ તીર્થ પ્રભાવક, કરૂણામૂર્તિ પૂ. આ. ભ. વિ. મિત્રાનંદ સૂ. મ. ની પુનીત નિશ્રામાં યોજાશે. પૂજ્ય આચાર્યદેવના અનુરોધથી ઉછામણીના ઉક્ત પ્રસંગે પૂ. મુનિરાજ શ્રી ભવ્યવર્ધન વિ. મ. આદિએ નિશ્રાનું પ્રદાન કર્યું.

કા. વ. ૫ ની વ્યાખ્યાન સભામાં પ્રારંભે પૂ. મુ. હિતવર્ધન વિ. મ. એ ૧ કલાક સુધી અંજનશલાકાનું સ્વરૂપ અને માહાત્મ્ય વર્ણવ્યું. ત્યારબાદ ઉછામણીઓ પ્રારંભતા લાખોના આંકડામાં તેના આદેશો અપાયા.

અત્રે એ નોંધવું રહ્યું કે, સૂચિત જિનાલય શ્રી ચુનીલાલજી ઘમંડીરામજી સાંચોરવાળાએ સંપૂર્ણ સ્વદ્રવ્યના વ્યય દ્વારા નિર્મિત કરાવ્યું છે. રૂપકામ અને કલાકૃતિથી આબુ - દેલવાડાના મંદિરોની સ્મૃતિ કરાવતા આ નવનિર્મિત જિનમંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પણ ઉક્ત પરિવાર દ્વારા જ હાથ ધરાશે.

# પૂ. મુનિપ્રવર શ્રી જયધ્વજ વિ.મ.સા. કાળ ધર્મ પામ્યા.

**પાટણ :** સહ વિદિત કરવાનું કે પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન તથા પરમ ઉપકારી પ્રશાંતમૂર્તિ પર્યાયસ્થવિર પૂ. મુનિપ્રવરશ્રી જયધ્વજ વિ. મ. સા. કા. વ. ૧૦ ના રાત્રે ૧૧-૫૫ કલાકે પરમ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

અત્યંત શોખીન જીવન તથા ઘરનાં ધર્મના બિલકુલ સંસ્કાર ન હોવા છતાં પરમ પુણ્યોદયે પૂ. ગરૂદેવશ્રીનો ભેટો થયો અને તેમના પાવન પરિચયે સં. ૨૦૦૧ના મહા સુદ ૧૪ના શુભદિને **સંયમ**નો સ્વીકાર કર્યો. સંયમપ્રાપ્તિની સાથે જ જીવનને વિનય, વૈયાવચ્ચ, તપ વગેરે ગુણોથી સુવાસિત કર્યું. વડીદીક્ષા પરમ તપોમૂર્તિ પૂ. સિધ્ધિસૂ. મ.સા. (બાપજી મ.સા.) ની પાવન નિશ્રામાં થઈ ત્યારે આઠમો ઉપવાસ હતો. ૧૬ અઠ્ઠાઈ / ૨૬ વર્ધમાન તપની ઓળી / વડિલોની અદ્ભુત સેવા કરતાં કરતાં શારીરિક અસ્વસ્થતાના કારણે ડોળીમાં વિહાર ન કરવો પડે તે ભાવનાથી પાટણ (નગીનદાસ પૌષધશાળા) ખાતે સં. ૨૦૪૬ની સાલથી સ્થિરવાસ રહ્યા. લોકોના હૈયામાં અદ્ભુત સ્થાન પ્રાપ્ત કર્યું. અવસ્થાના કારણે અશકિત / કફ વિ. ની તકલીફો રહ્યા કરતી હતી તેમાં પો. વ. ૬ (સં. ૨૦૫૬) ના કફના ઉપદ્રવના કારણે સ્થિતિ ગંભીર બની છતાં સમતા / સમાધિ ખૂબ સારી હતી. એકજ દિવસની ગંભીર માંદગીના કારણે શરીર ખૂબ નરમ પડયું અને આત્મા વધુ જાગૃત થયો ત્યારબાદ ચારથી પાંચવાર સ્થિતિ ગંભીર થવા છતાં સુંદર સમાધિભાવ ટકાવી રાખ્યો. તેમાં દૂર રહ્યા છતાં સતત ચિંતા કરતા પ. પૂ. ગચ્છાધિપતિશ્રીજીના સુંદર સમાધિપ્રેરક પત્રોએ સારો ભાગ ભજવ્યો. કા. સુ. ૧૩ના પુનઃ કફની તકલીફ થઈ. પૂનમના તેનાથી વધારે થઈ. કા. વ. ૮ થી તકલીફે માઝા મૂકી તેના સામે સમાધિની જ્યોત વધુ પ્રજ્વલિત બની. સ્વયં 'નમોજિણાણં જિઅભયાણં'ના જાપમાં રાતદિવસ દત્તચિત્ત હતા. ભયંકર પીડા હોવા છતાં જાતે મોટે મોટેથી જાપ કરે. કા. વ. ૧૦ ના સાંજે ૫-૩૦ કલાકે પાણી ચૂકવ્યા બાદ મોઢાની રેખાઓ ફરવા લાગી, બધા મહાત્માઓ સાવધ થઈ ગયા. પચ્ચક્ખાણ / ક્ષમાપના / પ્રતિક્રમણ / સંથારાપોરસં વિ. શુદ્ધિપૂર્વક કર્યુ. છેક સુધી બધી સંજ્ઞાઓ દ્વારા શુદ્ધિ બરાબર છે એમ સિદ્ધ થતું હતું. 'નમો જિણાણં-જિઅભયાણં'નું સતત શ્રવણ કરતાં કરતાં બરાબર ૧૧-૫૫ કલાકે જુનું વસ્ત્ર છોડીને નવું ધારણ કરીએ તેટલી સહજતાથી વિકાર વગર કાળધર્મ પામ્યા. જાણે તેઓને અવસરનો અણસાર આવી ન ગયો હોય તેમ અઠવાડિયા પહેલાં અનશનની ભાવના પણ વ્યકત કરેલી.

અત્રેની સ્થિરતા દરમ્યાન પૂજ્ય ગચ્છાધિપતિશ્રી મહોદય સૂ. મહારાજાની અસીમ કૃપાથી અનેકાનેક મહાત્માઓ સમાધિમાં સહાયક બન્યા. પૂ. ખ્યાતદર્શન વિ.મ. સા. તથા પૂ. બોધિરત્ન વિ. મ. સા. ના મહાત્માઓ, મુ. તત્વરત્ન વિ. આદિની વિશિષ્ટ પ્રકારે ભકિત કયારેય ભૂલાય તેમ નથી. સા. ત્રિલોચનાશ્રીજી મ. ના પરિવારે પણ સમાધિમાં સહાયક થવા માટે ખૂબ ભોગ આપ્યો. નગીનદાસ પૌષધશાળાના પ્રમુખ, ટ્રસ્ટીઓ, સુ. હરેશભાઈ, ડૉ. જીવણભાઈ, ડૉ. જે. કે. શાહ આદિ સેવામાં ખડેપગે હાજર હતા.

તેઓશ્રીજીની અનુપમ સમાધિની અનુમોદના કરીને આપણે સૌ પણ તેવી સમાધિને પામીએ તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

■ ■ ■

# अनधिकार चेष्टा अे योजना के पहेले वियोजना ? महावीर २६सौवें जन्मोत्सव वर्ष में जन-कल्याण की अनेक योजना कि स्व महत्वकी योजना ?

नई दिल्ली : भगवान महावीर २६सौवें जन्म-कल्याणक महोत्सव महासमिति की राष्ट्रीय स्तर पर यहां ३० सितंबर को आयोजित बैठक में निश्चय किया गया कि जन्मोत्सव वर्ष में जन-कल्याण की ऐसी अनेक योजनाएं जैन समाज द्वारा क्रियान्वित की जाएंगी, जिनसे आम व्यक्ति को लाभ पहुंचने के साथ-साथ भगवान महावीर के सिद्धांतो का प्रचार - प्रसार हो। बैठक महासमिति के अध्यक्ष श्री दीपचंद गार्डी की अध्यक्षता और कार्याध्यक्ष श्रीमती इन्दु जैन के सान्निधय में सम्पन्न हुई। देश के विभिन्न राज्यों से आए लगभग डेढ़ सौ प्रतिनिधि सभा में उपस्थित थे।

श्रीमती अनीता जैन के ओंकार को नमस्कार करने के मंगलाचरण के उपरांत श्री दीपचंद गार्डी ने प्रतिनिधियों का स्वागत करते हुए कहा कि संख्या में कम होते हुए भी देश में जैनों का महत्वपूर्ण स्थान है। भगवान महावीर के २६सौवें जन्म-कल्याणक महोत्सव का यह महान अवसर हमारे सामने है, जिसमें संपूर्ण जैन समाज को अहिंसा, अपरिग्रह, अनेकांत के सिद्धांतों की प्रभावना करनी है। जैनधर्म ने जीवमात्र के कल्याण की कामना की है।

महासमिति के महासचिव साहू रमेशचंद्र जैन ने बताया कि इस महोत्सव वर्ष के लिए अनेक जन-कल्याण की योजनाएं बनाई जा रही हैं, ये पर्यावरण, शिक्षा, स्वास्थ्य, जीवदया, मानव-उत्थान आदि अनेक क्षेत्रो से जुड़ी हैं। इस वर्ष में जैन धर्म की प्राचीनता पर जोर डालते हुए आदिनाथ से महावीर तक की बातें की जायेगी. यह भ्रम दूर किया जाएगा कि जैनधर्म महावीर से शुरु हुआ है। हमारी योजनाएं हैं कि भगवान महावीर के नाम से एक विशाल रचनात्मक काम हो जो स्थायी महत्व का हो। विश्वविद्यालय बने, शाकाहार का प्रचार हो तथा यह वर्ष अहिंसा वर्ष हो। रमेश जी ने बताया कि भगवान महावीर पर डाक-टिकट जारी होगा। इसका डिझाईन तैयार हो रहा है किन्तु इस पर मूर्ति का चित्र नहीं होगा। उन्होंने जनगणना, अल्पसंख्यक-मुद्दा, राष्ट्रीय समिति के शीघ्र गठित होने की घोषणा, राज्यों में समितियों के गठन आदि कार्यक्रमों के बारे में विस्तार से प्रकाश डाला।

सभा में विभिन्न राज्यों से आए प्रतिनिधियों में श्री निर्मल कुमार सेठी ने पुरातत्व की रक्षा, संग्रहालयों के विस्तार, प्रतिक स्तंभों के निर्माण का सुझाव दिया। श्री नरेश कुमार सेठी ने उत्सव का एक लोगो बनाने व महावीर के साथ आदिनाथ का नाम लेने पर बल दिया। पटना के श्री ताजबहादुर सिंह ने बिहार में तीर्थक्षेत्रों व वैशाली के विकास की अपील की। श्री प्रदिप कासलीवाल ने खजुराहो, बावनगजा को पर्यटकस्थल बनाने का सुझाव रखा। श्री हस्तीमल मुनोत ने अहिंसा पर जोर दिया तो रिखवचंद जैन ने दिल्ली में भगवान के पांचो कल्याणक - तिथियों पर उत्सव करने व अहिंसा-द्वार बनने का सुझाव रखा। श्री बाबूभाई गांधी, श्री हीरालाल छाजेड़, श्री महावीर प्रसाद जैन (असम), श्री अशोक जैन, भरत काला, मनोहरलाल जैन, गणपतराय जैन, रतन जैन आदि ने भी कार्य में तेजी लाने की आवश्यकता बताई।

कार्याध्यक्ष श्रीमती इन्दु जैन ने सभा का आभार प्रस्तुत करते हुए अंत में कहा कि संपूर्ण जैन समाज के विवादों को भूल एकजुट होकर यह महोत्सव मनाना है क्योंकि आज के युग में विश्वशांति का एक मात्र उपाय अहिंसा है। विश्वशांति शिखर-सम्मेलन ने भी इसे स्वीकार किया। उन्होंने युवावर्ग व महिला-वर्ग को विशेष रूप से इस कार्य से जुड़ने का आह्वान किया तथा सभी से अनुरोध किया कि वे विभिन्न कार्यक्रमों को चुनकर उन्हें क्रियान्वित करें। श्रीमती इन्दु जैन ने स्वयं को इस महान कार्य के प्रति समर्पित करते हुए एक कविता में कहा-

''अंधकार है कहां ? / रोशनी के न होने में / दुःख है कहां ? / स्वयं से दूर होने में / यह दूरी ही

पाप है ! / जैनधर्म हमें स्वयं से (आनन्द के स्रोत से) / जुड़ने का वरदान देता है / अहाः यह कैसा वरदान है ! / जिस पर जन-जन का अधिकार है ।"

महोत्सव समिति के उपाध्यक्ष श्री मांगीलाल सेठीया ने आभार व्यक्त किया तथा महासचिव श्री एल. एल. आच्छा ने सभा का संचालन किया । समिति के उपाध्यक्ष श्री श्रेणिकभाई व कोषाध्यक्ष श्री राजकुमार जैन भी उपस्थित थे ।

### सम्पादकीय टिप्पणी

*उपरोक्त समाचार साहू रमेशचंद्र जी जैन, कार्यकारी निदेशक, टाइम्स ओफ इन्डिया की तरफ से उनके कार्यालय से प्रेषित हुआ, जिस पर न तो तिथि थी और न ही हस्ताक्षर । कल्याणक महासमिति के महामंत्री श्री एल. एल. आच्छा से फोन पर इसकी पुष्टी की गई तब उन्होंने कहा गलती से बिना हस्ताक्षर व तिथि के भेज दिया गया, आप प्रकाशित कर सकते हैं ।*

*कल्याणक महासमिति के अध्यक्ष की अध्यक्षता वाले समारोह को कार्याध्यक्ष का सान्निध्य क्या उचित है ? श्री दीपचन्द गार्डी के कथन को कम स्थान व साहू रमेशचंद्र जी व श्रीमती इन्दु जैन के कथन को अधिक स्थान क्या इसलिए दिया गया कि यह प्रकाशन सामग्री टाइम्स ऑफ इन्डिया कार्यालय से बनी ? श्री श्रेणिक भाई को समिति का उपाध्यक्ष लिख कर उनकी प्रतिष्ठा को क्या ठेस नहीं पहुंचाई ? भारतीय स्तर की महासमिति द्वारा इस तरह की गलत व भेदभावपूर्ण प्रकाशनार्थ सामग्री भेजा जाना उचित नहीं । किसी एक वर्ग की प्रतिष्ठा को स्थापित करने के लिए, प्रतिष्ठित व्यक्तियों की गरिमा के विरुद्ध लिखना निन्दीय है । औरों के कथन को लिखा गया वह भी सन्देह के घेरे में है कि उन्होंने क्या कहा व इस सामग्री में क्या लिखा गया ?*

**(स्थूलि मद्र संदेश)**

## આત્મ પ્રબોધક પ્રસંગ

# માર્ગાનુસારી જીવની મનોહર વિચારણા

**– પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.**

શ્રી હરિબલ મચ્છીને એક જીવની દયાનું ફળ પ્રત્યક્ષ મળ્યું કે દેવનું દેવનું દર્શન થયું અને દેવે વરદાન માગવાનું કહ્યું તો કહે કે- આપત્તિમાં યાદ કરું તો સહાય કરજો.

ભાગ્યશાળીઓ ! વિચારો કે પોતાની દરિદ્રતા કેવી છે, છતાં પણ દેવ પાસે માગે છે શું ? અને આજનો આપણો વર્ષોનો ધર્મી વર્ગ શ્રી વીતરાગદેવને મૂકી દેવ - દેવીઓની પૂંઠે ફરી રહ્યો છે અને તેમાં પાછો ગૌરવ માને છે. ખરેખર સંસારના પદાર્થોની લાલસાએ સારા ગણાતાને પણ કેટલી હદ સુધી નીચે ઉતારી દીધા છે. જેને જીવનમાં સદ્‌ગુરૂની પાસે જિનવાણી શ્રવણ કર્યું નથી છતાં તેની સમજ કેવી અને વાર-તહેવારે જિનવાણી શ્રવણ આદિ કરનાર વર્તમાનના ધર્મી વર્ગની સમજ કેવી ! આવી દુર્દશાથી બચવા માર્ગસ્થ વિચારણા કરવા માટે આ પ્રયત્ન છે.

પુણ્યાત્મા એવો તે માછીમાર વિચારે છે કે, "એક જીવની દયાનું જો આવું ફળ મળ્યું તો ખરેખર બધા જીવોની રક્ષા કરે તો તો કેવું અપૂર્વ ફળ મળે !! ધન્યોમાં પણ તે ધન્ય છે જેઓ કયારે પણ બીજા જીવોને હણતા નથી જ્યારે બીજા જીવોનો ઘાત કરવામાં જ રકત અને નિષ્કરૂણ એવા મને ધિક્કાર થાઓ. જો કોઈ પણ ઉપાયથી મને આજીવિકાનું સાધન પ્રાપ્ત થઈ જાય તો વિષની વેલડી સમાન આ જીવહિંસાનો ત્રિવિધ ત્રિવિધ પ્રકારે હું ત્યાગ કરૂં."

આત્માનું ભાવિમાં ભદ્ર-કલ્યાણ નજીક હોય તેવા જ પુણ્યાત્માઓને આવી વિચારણા સ્ફૂરે. જીવ આત્મનિરીક્ષણ કરવા માંડે તો જરૂર દોષોથી બચે અને ગુણોની સન્મુખ થાય. સૌ વાચકો આવી મનોહર માર્ગસ્થ વિચારણા કરી આત્માની અનંતી ગુણ લક્ષ્મીના ભાજન બનો તે જ મંગલકામના. ■■

॥ શ્રી કેશરીયા આદિનાથ જિનેન્દ્રાય નમ: ॥

॥ હાલારદેશોધ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃત સૂરિભ્યો નમ: ॥

**સુરેન્દ્રનગર નવા જંકશન સામે, શ્રી મંગલ પરિવાર ટ્રસ્ટ (સુરેન્દ્રનગર)**

**શ્રી જૈન હિતવર્ધક મંડળ (ડોળીયા) દ્વારા નિર્માણ પામતા**

# શ્રી કેશરીયાજી બહુંતેર જિનાલય તીર્થ નિર્માણ અંગે

**યોજના તથા નકરા તથા શિલારોપણ નકરા**

## લાભ લેવા ભાવિકોને નમ્ર વિનંતિ

સુજ્ઞ ધર્મ બંધુ,

પ્રણામ સાથ જણાવવાનું જે મનુષ્ય જન્મની પ્રાપ્તિ દુર્લભ છે. આ જન્મને સફળ કરવા શ્રી જિનેશ્વર દેવોએ ધર્મનો ઉપદેશ આપ્યો છે. સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્ર ધર્મની આરાધનાથી આત્મા પરમાત્મા બને છે. આ ધર્મ જેમને પસંદ પડી જાય તેમને ધર્મનો પ્રરૂપક શ્રી જિનેશ્વર દેવોની ભકિત કરી કૃતજ્ઞ બનાવવાનું મન થાય છે.

શ્રી જિન ભકિતમાં શ્રી જિનબિંબ ભરાવવા, શ્રી જિનમંદિર બંધાવવું. પ્રતિષ્ઠા તથા ઉત્સવ કરવા વગેરે છે. જિનબિંબ ભરાવવા આદિનું મન અનેક ભાવિકોને થાય છે. પરંતુ જિનબિંબ ભરાવીને પધરાવવા માટેની જગ્યા જોઈએ. વળી જિન મંદિર બનાવે તો ખર્ચ ૧૦-૨૦ લાખ થાય. જગ્યાને અભાવે અને જિન મંદિરના ખર્ચને પહોંચી વળવાના અભાવે ઘણા ભાવિકો તે લાભ લઈ શકતા નથી.

પ. પૂજ્ય હાલારદેશોધ્ધારક **પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટધર પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ**ના ઉપદેશથી સુરેન્દ્રનગર નવા જંકશનમાંથી બહાર નીકળતા જ સામે **શ્રી મંગલ પરિવાર ટ્રસ્ટ** અને **શ્રી જૈન હિતવર્ધક મંડળ** દ્વારા **શ્રી કેશરીયાજી બહુંતેર જિનાલય તીર્થ** નિર્માણ કરવાનું નકકી થયું છે.

મંદિરો તેના નકરા તથા શિલાસ્થાપનના નકરાની યોજના અત્રે આપી છે. જેમાં દરેક ભાવિકો પોતાની શકિત પ્રમાણે લાભ લઈ શકશે. મંદિરનો લાભ લેનારને મૂળનાયક ભરાવવા તથા પ્રતિષ્ઠા તથા ધ્વજ દંડ, કલશ પ્રતિષ્ઠા તથા વંશ પરંપરા કાયમી ધજા ચડાવવાનો લાભ મળશે. અડધી રકમ ભરી ને પોતાનું નામ લખાવી શકશે. વહેલા તે પહેલા એ રીતે નામ લખાશે. મહા સુદ ૧૫ સુધીમાં જેમના મંદિર આવી જશે તેમને તે મંદિરના શિલ રોપાણનો પણ લાભ મળી શકશે.

### જિનાલય યોજના તથા જિનાલયના નકરા

| ક્રમ | મંદિર | પ્રતિમા ઈંચ | શિખરાદિ | નકરો લાખ |
|---|---|---|---|---|
| (૧) | મુખ્ય કેશરીયા ઋષભજિનેન્દ્ર જિનાલય પ્રતિમા એક | ૮૧ | શિખર | ૬૧ |
| (૨) | બાજુમાં જમણી બાજુ ગભારામાં મૂળનાયક પ્રભુજી દાતાની ઈચ્છા મુજબ પ્રતિમા એક | ૫૧ | શિખર | ૨૧ |
| (૩) | બાજુમાં ડાબી બાજુ ગભારામાં મૂળનાયક પ્રભુજી દાતાની ઈચ્છા મુજબ પ્રતિમા એક | ૫૧ | શિખર | ૨૧ |
| (૪) | મહીધર પ્રાસાદ ૧ થી ૫ દરેકમાં મૂળનાયક દાતાની ઈચ્છા મુજબ | ૩૫ | શિખર | ૧૫ |
| (૫) | ચૌમુખજી ૧ થી ૬ દરેકમાં મૂળનાયક દાતાની ઈચ્છા મુજબ | ૧૭ | સામરણ | ૨-૫૧ |
| (૬) | ૧ થી ૨૪ જિનાલય તથા ૨૫ થી ૪૮ જિનાલયમાં મૂળનાયક આદિનાથથી મહાવીર સ્વામી ક્રમથી ૪૮ જિનાલયમાં | ૨૧ | સામરણ | ૨-૧૧ |
| (૭) | ૪૯ થી ૫૮ જિનાલયમાં મૂળનાયક દાતાની ઈચ્છા મુજબ | ૨૧ | સામરણ | ૨-૧૧ |

ખાસ :(૧) (અ) આ બધા શિખર કે સામરણવાળા જિનાલયના મૂળનાયક ભરાવવા, પ્રતિષ્ઠા તથા કલશ ધ્વજદંડ પ્રતિષ્ઠા અને વંશપરંપરા તે તે શિખર કે સામરણની ધજા ચડાવી શકશે. (બ) મહિધર પ્રાસાદમાં મૂળનાયકની બંને બાજુમાં બે પ્રતિમાજી. એકનો નકરો ૧ લાખ.

(૨) ચોમુખજીના ત્રણ બાજુના ૩ પ્રતિમાજી એકનો નકરો ૩૦ હજાર

(૩) ૧ થી ૫૮ જિનાલયના મૂળનાયક બંને બાજુના ૨ પ્રતિમાજી. એકનો નકરો ૩૦ હજાર. જિનાલય લેનારને નકરાથી મળશે. દેરાસર લેનારને બાજુના પ્રતિમાજી ફરજીયાત નથી. તેમને નહિ લેવાના હોય તો બીજાને આપી શકશુ.

## બહુંતેર જિનતીર્થ ભૂમિપૂજન, ખનન મુહૂર્ત શિલા સ્થાપન મુહૂર્ત અને નકરા

ભૂમિપૂજન : વિ. સં. ૨૦૫૭ માગસર વદ ૧૨ શુક્રવાર તા. ૨૨-૧૨-૨૦૦૦ સવારે ૧૧-૦૦ વાગ્યે.

ખનન મુહૂર્ત : વિ. સં. ૨૦૫૭ પોષ સુદ ૨ બુધવાર તા. ૨૭-૧૨-૨૦૦૦ સવારે ૭-૩૦ વાગ્યે.

શિલા સ્થાપન મુહૂર્ત : વિ. સં. ૨૦૫૭ મહા સુદ ૧૫ ગુરૂવાર તા. ૮-૨-૨૦૦૧ સવારે ૧૦-૩૦ વાગ્યે.

## શિલા સ્થાપનાના નકરા

| ક્રમ | મંદિર | શિલાનો નકરો રૂા. |
|---|---|---|
| (૧) | મુખ્ય મંદિર ૨ થી ૯ શિલાઓ દરેકનો નકરો | ૧૧હજાર |
| (૨) | મહીધર શિખરબંધ મંદિર પાંચ એકની શિલાનો નકરો | ૬હજાર |
| (૩) | ચૌમુખીજી મંદિર ૬ એક શિલાનો નકરો | ૪ હજાર |
| (૪) | ૫૮ જિનાલયનો નકરો | ૨ હજાર |

એક શિલાનો નકરો આ રીતે છે. જેમણે લાભ લેવો હોય તેમણે નામ લખાવી શિલાનો પાસ મેળવી લેવો.

ભૂમિ પૂજન, ખનન મુહૂર્ત તથા મુખ્ય દેરાસરની પ્રથમ શિલા સ્થાપન શ્રી મંગલ પરિવાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓના હસ્તે થશે. બાકીના મંદિરના દાતા આપશે.તેમના હસ્તે શિલા સ્થાપન થશે. જે મંદિરો લખાયા નહિ હોય તે શિલાઓ નકરો આપનારને હસ્તે શિલા સ્થાપન થશે. મહા સુદ ૧૨ સુધીમાં નામો આવશે તે શિલા સ્થાપનની પત્રિકામાન છપાશે.

**પ્રભુજી પધરાવનાર કરતા શિલા સ્થાપનનો લાભ વધુ છે. તેમાં કીર્તિ નથી પણ ગુપ્ત શિલા સ્થાપન છે.**

**પત્ર વ્યવહાર તથા રકમ ડ્રાફ મોકલવાનું સરનામું** — **શ્રી કેશરીયાજી બહુંતેર જિનાલય તીર્થ** C/o. રામજી લખમણ મારૂ, તરણેતર રોડ, થાનગઢ (જી. સુરેન્દ્રનગર) સૌરાષ્ટ્ર

### : જિનાલય માટે તથા શિલા માટે સંપર્ક સાધવાના સ્થળો :

**રામજી લખમણ મારૂ**
તરણેતર રોડ, થાનગઢ
ફોન (ઓ.) ૨૦૩૧૪ (રે.) ૨૦૮૨૮
ફેક્સ : ૨૦૮૪૨

**મગનલાલ લખમણ મારૂ**
પારસમણિ, મહાત્મા ગાંધી રોડ,
થાણા, ફોન (ઓ.) ૫૩૩૩૬૩૪
(રે.) ૫૪૦૧૪૧૩

**મનસુખલાલ જીવરાજ શાહ**
શ્રોફ બજાર, રાજકોટ.
ફોન : ૨૩૨૩૭૬, ૨૨૩૪૮૨

**શ્રી ભરતભાઈ કોઠારી**
સુરેન્દ્રનગર
ફોન (રે.) ૨૨૦૧૧, ૨૦૦૨૦

**દિનેશ કાલીદાશ શાહ**
બેંગલોર ફોન :૩૩૦૩૮૩૨
ફેક્સ : ૩૩૦૩૧૦૨

**ભૂપેન્દ્ર સી. શેઠ**
અમુલખ નાગરદાસ એન્ડ સન્સ
ધ્રાંગધ્રા ઉતારો, સુરેન્દ્રનગર
ફોન (ઓ.) ૨૧૧૬૭ (રે.) ૨૨૧૮૯

**મલિચંદ ગંભીરદાસ શેઠ**
૮, ગીતાશ્રમ બીલ્ડીંગ, શિવાજી ચોક,
દફતરી રોડ, મલાડ (ઈ) મુંબઈ-૯૭
ફોન (ઓ.) ૮૮૯૫૪૬૯ (રે.) ૮૮૩૨૬૦૧

**હરખચંદ ગોવીંદજી મારૂ**
આશીષ ફ્લે. ૨૭-૩૧, બોટાવાળા બિલ્ડીંગ,
જૂની હનુમાન ગલી, મુંબઈ-૨
ફોન(ઓ.) ૨૦૫૪૮૨૯(રે.) ૫૧૬૨૨૨૩

**રમણિકલાલ ત્રિભોવનદાસ સંઘવી**
મહાવીર સ્ટોર્સ, ૨૬૮૧, ફુવારા બજાર
ગાંધી રોડ, અમદાવાદ
ફોન : ૨૧૪૧૬૪૦, ૨૧૪૦૨૯૧

### ❖ શેકીને વાવનાર મૂર્ખ ❖

**ભૂત જેવો એક ગામડીયો ખેડૂત હતો. તેણે એકવાર શેકેલા તલ ખાધા પછી એ તલને સ્વાદિષ્ટ જાણીને સ્વાદિષ્ટ તલ ઉત્પન્ન કરવાની ઈચ્છાથી તે શેકીને વાવ્યા. શેકેલા તલ ઉગ્યા નહિ, તેથી જેનો અર્થ નાશ પામ્યો છે. એવા તેની લોકો મશ્કરી કરવા લાગ્યા.**

(કથા સરિત્સાગર-૮૬)

લેખાંક : ૧

# આતમ પરિણતિ આદરી, પરપરિણતિ પીલો

**પૂ. મુનિશ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.**

અનાદિ કાલથી મોહાધીન અને અજ્ઞાની બનેલો આત્મા આ સંસાર સાગરમાં ભમી રહ્યો છે. મોહથી આચ્છાદિત હોવાથી સાચી ચેતના જાગતી નથી અને અજ્ઞાનના અંધકારથી સાચું જ્ઞાન મેળવી શકતો નથી. જ્ઞાનિઓએ સમ્યગ્જ્ઞાનને દીપકની ઉપમા આપી છે. અંધકારમાં દીપકની સહાયથી સન્માર્ગનું દર્શન થાય છે. તેમ સમ્યગ્જ્ઞાન વિના શુદ્ધ અને સત્ય માર્ગના દર્શન શકય નથી. જ્ઞાન ભણવું જુદુ છે અને હૈયામાં પરિણામ પામવું જુદુ છે. જ્ઞાનને ભણનારા કદાચ સેંકડો મલશે પણ પરિણતજ્ઞાની પાંચ-સાત જ મળશે. આજે જ્ઞાન ભણી પોપટ પંડિત બનનારાની જમાત ઘણી વધી પડી છે. જે જ્ઞાન આવ્યા પછી રાગાદિની માત્રા મંદ બનવાને બદલે દિન-પ્રતિદિન રાગાદિની પરિણતિ પ્રવૃદ્ધિ પામતી હોય તે જ્ઞાનને જ્ઞાન કેમ કહેવાય ? સૂર્યના પ્રકાશ માં ઉદયમાં અંધકારને રહેવાની જગ્યા મળે ખરી તેમ સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં રાગાદિની વૃદ્ધિ સંભવે ખરી ? આજના સાધકની દશા જુદી દેખાય છે. સાધના ચાલુ હોવા છતાં ય અવસરે રાગાદિની જે આધીનતા દેખાય છે, તેના બચાવની વૃત્તિ દેખાય છે ત્યારે લાગે કે સાધનામાં ખામી છે કે સાધકમાં ખામી છે ? એકેન્દ્રિયાદિ જીવોની યતના કરનારો પોતાનું ધાર્યું ન થાય તો પંચેન્દ્રિય પર રાગ-દ્વેષાદિ ભાવોથી ભાવિત થઈ જાત તો તે વિરોધાભાસ જેવું લાગે ને ? નરી અજ્ઞાનતા માનવી પડે. આજે સારામાં સારી ધર્મક્રિયા કરનારની પણ રાગ-દ્વેષાદિની પરિણતિ ઘટતી નહિ પણ વધતી દેખાય છે. તેમાંય શાસનના રક્ષણ માટે કરનારા કેટલા અને જાતની-માન-માનાદિની રક્ષા માટે કરનારા કેટલા તે પણ વિવેક કરવો જરૂરી છે.

રોજ એક સામાયિક કરનારા અને જીવન ભરનું સામાયિક ગ્રહણ કરનારા સાધકે પણ વિચારવું કે મારી સમતા વધે છે અને મમતા ઘટે છે કે મમતા વધે છે અને સમતા ઘટે છે ? તપથી આહાર સંજ્ઞા વધે છે, લાલસા વધે છે કે ઘટે છે ? ધ્યાનથી મારી મનની ચંચલતા ઘટે છે, સ્થિરતા વધે છે કે સ્થિરતાનું નામ નિશાન દેખાતું નથી અને ચંચલતાનો તો પાર જ નથી ? મુકિતનો સાધક અને રાગ-દ્વેષાદિનો વર્ધક આ બેનો મેળ તેવું છે ખરું ? મોક્ષની ઈચ્છા માત્ર મોઢાંની હોય અને આત્મજાગૃતિ ન હોય તો આ પણ સંભવિત છે.

અનાદિકાળથી આ રાગ-દ્વેષાદિની પરિણતિ એ મને જે રીતના હેરાન-પરેશાન કર્યો છે, જે જે કારમી વસમી પીડાઓ આપી છે તેનું તો વર્ણન થાય તેમ નથી. આ રાગ રૂપી ભયાનક સર્પ, તેનું ચઢેલું ઝેર તે પછી મોહાધીન બની જે જે કુચેષ્ટાઓ કરી છે, કુવિકલ્પો કર્યા છે તેનું તો વર્ણન થાય તેવુ નથી, લખતાં લેખિની પણ લાજે તે રાગાદિની હેરાનગતિથી બચવા માટે સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ કરી તેને પરિણત કરવું ખૂબ જ જરૂરી છે તે માટે મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યે સુંદર ઉપાય બતાવ્યો છે કે-

"રાગદ-દ્વેષ મલ ગાળવા,
ઉપશમ જલ ઝીલો;
આતમ પરિણતિ આદરી,
પરપરિણતિ પીલો."

*(સવાસો ગાથાના સ્તવન માંથી)*

આત્માના સહજસિદ્ધ નિર્મલ સ્વભાવને અતિ મલીનમાં મલીન કરનાર રાગ-દ્વેષ રૂપી મલને દૂર કરવાનું રામબાણ ઔષધ 'ઉપશમ' જલમાં સ્નાન કરી પવિત્ર બનવાનું છે.

આજ સુધી આપણા આત્માએ કોઈપણ જડ કે ચેતન પ્રત્યે નહિ પણ આપણને જે અનુકૂલ બને તેના પર રાગ અને પ્રતિકૂળ બને તેના પર દ્વેષ કરી કરીને જે મલીનતા કરી છે તે જ્ઞાની જ જાણે છે. અનુકૂળતા માત્રનો રાગ અને પ્રતિકૂળતા માત્રનો દ્વેષ કરી જે આત્મિક પરિણતિની ખાના-ખરાબી કરી છે તે સૌના અનુભવમાં છે. રાગી-દ્વેષી બની શું શું નથી કર્યું તે પ્રશ્ન છે ? રાગી-દ્વેષી બની જે જે કુકર્મો કર્યા છે તે વાણીથી પણ અવાચ્ય છે હવે મારે મારી પરિણતિ સુધારવી છે. આજ સુધીનું મારું ગણિત ખોટું હતું તેથી સાચો તાલ મળતો ન હતો. આ રાગ-દ્વેષની પરિણતિ મારી પ્રિય સખી ન હતી પણ મેં તેને મારી અતિ પ્રિય પ્રાણ પ્રિયા માની, તેને તો મારા દુશ્મનની સ્ત્રી બની મને વશ કરેલો. હવે મને સમજાયું કે મારે આત્મ ધર્મનો રાગ કરવાનો છે અને અધર્મનો દ્વેષ કરવાનો છે. આત્મા જાગૃત બને, સાવધાન થાય તો જ બચી શકે. રાગ-દ્વેષની પરિણતિ તે પરની પરિણતિ છે મારી પોતાની પરિણતિ નથી. જેમ મલીન વસ્ત્ર કે દેહને નિર્મલ કરવા પાણીની જરૂર પડે છે તેમ આ રાગાદિથી મલીન મનને નિર્મલ કરવા ઉપશમ રૂપી પાણી-જલની ખૂબ જ જરૂર છે. ઉપશમમાં રમે તેને રાગાદિ કયાંથી પીડે ? ઉપશમથી ભાવિત આત્મા દેહનો ત્યાગ જરૂર કરે પણ આત્મ ધર્મનો ત્યાગ ન જ કરે.

ઉપશમ એ આત્માનો અનુપમ-અલૌકિક ગુણ છે. ઉપશમથી ભાવિત આત્મા, ક્રોધને ક્ષમામાં, માનને નમ્રતામાં, માયાને સરલતામાં અને લોભને સંતોષમાં ફેરવી નાખે છે. ઉપશમ ભાવ એવું અપૂર્વ આત્મ કવચ બખ્તર છે કે ક્રોધોદિની કાલીમતા જરાપણ પીડી શકતી નથી પણ અંતે તેમને પરાજિત બનવું પડે છે. ઉપશમ ભાવમાં રમતા મહાત્માઓ ઉપસર્ગ અને પરિષહોને મજેથી જીતી લે છે, પરમ શાંતિ અને સમાધિથી સહન કરે છે. એટલું જ નહિ પણ ઉપસર્ગ કે પરિષહ કરનાર પ્રત્યે એના હૈયામાં વિપરીત વિચાર, અશુભ ભાવ કે બદલાની ભાવના પણ પેદા થતી નથી. ''અપરાધી શું પણ ચિત્ત થકી, નવિ ચિંતવીએ પ્રતિકૂળ'' આજ ભાવના રોમેરોમમાં વહે છે. મારા જીવનમાં જે કાંઈ સારું કે નરસું થાય તેમાં મારા કર્મો જ કારણ છે બીજા તો નિમિત્ત માત્ર છે આ વિચારણા ઉપશમ ભાવને પેદા કરનારી છે. કૂતરો માણસને કરડે, માણસ કૂતરાને ન કરડે. રાગ-દ્વેષાદિની પરિણતિના પરિણામને સમજી, તેનાથી દૂર થઈ, ઉપશમ રૂપી અમૃતમાં ઝીલનાર મહાત્મા આગળ સિંહ અને બકરી મજેથી રહે છે. અનેક હિંસક પશુઓ અને ક્રૂર એવા માનવીઓ પણ અહિંસક બની જાય છે વાઘ-સિંહ પણ ઘાસ ખાતા થાય છે. બોલવા કે વાતો કરવા માત્રથી ઉપશમ ભાવ પેદા ન થાય. તે માટે તો ઘણો ઘણો અભ્યાસ કરવો પડે. અનાદિકાળથી વળગેલા કુસંસ્કારોનો છેદ ઉડાવવો પડે, પરપરિણતિને ભજી ભજી મારી શું હાલત થઈ, મારા કેવા કેવા બેહાલ થયા તે આત્મસાત કરવું પડે.

પરપરિણતિની પરાધીનતાનું કારણ આ જીવની પ્રીતિ છે. જીવ સુખનો અર્થી અને દુ:ખનો દ્વેષી હોવા છતાં અને સુખને મેળવવા માટે તથા દુ:ખથી બચવા માટે તનતોડ મહેનત કરવા છતાં પણ ઈચ્છિત સુખ તો મળતું નથી અને અનપેક્ષિત દુ:ખના ડુંગરો ખડકાયા જ કરે તેનું કારણ વિચારીએ તો આશ્રવમાં આનંદ છે તે છે. આશ્રવની વાત કરવા છતાં પણ આશ્રવનું સાચું સ્વરૂપ ઓળખાતા નથી તેથી દુ:ખો અને દુર્ગતિના દરવાજા તરફ હડસાયા કરીએ છીએ.

જ્ઞાનિઓએ નવતત્ત્વમાં પાંચમું તત્ત્વ આશ્રવ કહ્યું અને બારભાવનામાં સાતમી ભાવના આશ્રવ ભાવના કહી. જેના દ્વારા શુભા શુભ કર્મો આત્મામાં પ્રવેશ કરે તેને આશ્રવ કહેવાય. નાવડીમાં પડેલું નાનું છિદ્ર નાવને સમુદ્ર-ના તળીયામાં ડૂબાડી દે તેમ હિંસાદિના કારણે ભારે બનેલો આપણો આત્મા સંસાર સમુદ્રમાં ડૂબી જાય છે.

''છિદ્ર સહિત નાવા જળે રે, બુડે નીર ભરાય,
જિમ હિંસાદિક આશ્રવે રે, પાવે પિંડ ભરાય.''

આશ્રવ તત્ત્વના બેંતાલીશ (૪૨) ભેદો છે. તેનો સમાવેશ ઈન્દ્રિય, કષાય, અવિરતિ, યોગ અને પચ્ચીશ પ્રકારની ક્રિયાઓમાં થાય છે. પાંચ ઈન્દ્રિયોના ત્રેવીશ વિષયો અને બસોને બાવન (૨૫૨) વિકારોમાં મદોન્મત્ત બનેલો માનવી એવાં એવાં અશુભ પાપકર્મો પાગલ થઈને બાંધે છે જેનું વર્ણન ન થાય.

સ્પર્શેન્દ્રિયના આઠ, રસનેન્દ્રિયના છ, ઘ્રાણેન્દ્રિયના બે, ચક્ષુરિન્દ્રિયના પાંચ અને શ્રવણેન્દ્રિયના બે એમ કુલ ત્રેવીશ વિષયો છે સચિત્ત, અચિત્ત અને મિશ્ર, તે પણ શુભ અને અશુભ, તેને પણ રાગ અને દ્વેષથી એમ કુલ (૩ X ૨ X ૨=૧૨) બારથી ગુણતાં તેના ૨૫૨ વિકારો થાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| સ્પર્શેન્દ્રિયના | ૮ X ૧૨ | = | ૯૬ | |
| રસનેન્દ્રિયના | ૬ X ૧૨ | = | ૭૨ | |
| ઘ્રાણેન્દ્રિયના | ૧૨ | = | ૧૨ | (એક જ ગણ્યો છે) |
| ચક્ષુરિન્દ્રિયના | ૫ X ૧૨ | = | ૬૦ | |
| શ્રવણેન્દ્રિયના | ૧૨ | = | ૧૨ | (એક જ ગણ્યો છે) |
| | | | ૨૫૨ થાય | |

કેટલાકના મતે

| | | | | |
|---|---|---|---|---|
| સ્પર્શેન્દ્રિયના | ૭ X ૧૨ | = | ૮૪ | (વિરોધી હોવાથી ૧ ગણ્યા) |
| રસનેન્દ્રિયના | ૫ X ૧૨ | = | ૬૦ | (પાંચમાં લવણનો સમાવેશ કર્યો) |
| ઘ્રાણેન્દ્રિયના | ૨ X ૧૨ | = | ૨૪ | |
| ચક્ષુરિન્દ્રિયના | ૫ X ૧૨ | = | ૬૦ | |
| શ્રવણેન્દ્રિયના | ૨ X ૧૨ | = | ૨૪ | |
| | | | ૨૫૨ | |

આમ પણ અપેક્ષાકૃત ગણત્રી કરેલી દેખાય છે.

ઈન્દ્રિયોના અનુકૂળના સુખ મેળવવા અને પ્રતિકૂળ દુ:ખોથી બચવા તે જીવ માયા-કપટ-પ્રપંચ આદિ કરે છે, ન મળે તો ક્રોધ પણ કરે, મળે તો છાતી કાઢીને આસમાનમાં ઉડે તેમ અભિમાન કરે અને મળેલાને સાચવવા-ભોગવવા લોભને આધીન બને. આમ ઈન્દ્રિયોની પરવશતા તેને જાણે-અજાણે કષાયનો શિકાર બનાવે છે. આ રીતે વિષયની પરાધીનતા અને કષાયની આધીનતાના ચક્રવ્યુહમાં અટવાયેલો જીવ મન-વચન-કાયાની શકિતનો એવો એવો ઉપયોગ કરે છે જેનું વર્ણન પણ ન થાય. આપણો આત્મા પણ આવી રીતે અવિરતિની શરણાગતિ સ્વીકારી, તેની ચરણચંપી કરી, ઈન્દ્રિય જન્ય અને કષાય જન્ય સુખોને મેળવવા હિંસા, ચોરી, જૂઠ, અબ્રહ્મ અને

પરિગ્રહ એ પાંચે અવ્રતોને મજેથી ખરડાયો છે પણ તેનુ હજી આપણને વાસ્તવિક ભાન પણ થયું નથી. આજે ભોગલંપટતા અને પરિગ્રહની અપરિમિત પરાકાષ્ઠા એ જે પરિસ્થિતિનું સર્જન કર્યું છે તેથી પર પરિણતિથી હું 'સ્વત્ત્વ' ભૂલી ગયો તેનો ખ્યાલ નથી.

મોહજન્ય પદાર્થોની તૃષ્ણાએ આજના જીવનમાંથી સુખ-શાંતિ-સંતોષ હણી લીધા છે અને અશાંતિ-અસંતોષની આગે હૈયા હોળી સળગાવી છે. ક્ષણ માત્ર સુખની મજા પાછળ પાગલ બનેલો અનંતકાળના દુઃખની સજાને ભૂલી ગયો છે. જ્ઞાનિઓ પોકારે છે કે-

*"ચતુર મ રાચજો રે વિરૂઆ વિષય વિલાસ*
*સુખ થોડા દુઃખ બહુલ જેહથી રે*
*લહીએ નરક નિવાસ; ચતુર મ રાચ જો રે."*

હે જીવ ! આ વિષય વિલાસના વિપાક અત્યંત દુરની અને દુઃખદાયી છે. આ વિષય વિલાસથી મળતાં સુખને જ્ઞાનિઓએ વિષ મિશ્રિત લાડુ સમાન કહ્યા છે. જે સ્વાદિષ્ટ લાડુ ખાતાં મીઠો મધુરો લાગે છે પણ પરિણામે રિબાઈ રિબાઈ ને મારે છે. અનેક ભવો સુધી તેના કટુ ફળ ભોગવવાં પડે છે. વિષ તો બહુ બહુ તો એક જ ભવના પ્રાણ લે છે પણ વિષયનું સ્મરણ પણ ભવો ભવોના પ્રાણ લેનારું કારમું છે.

માટે આત્મન્ ! આ બધું સમજી-વિચારી પરપરિણતિના પડછાયાથી બચવા આ આશ્રવનો ત્યાગ કર જ્ઞાનિઓએ આશ્રવ તત્ત્વને હેય કોટિનું કહ્યું છે, હેય એટલે ત્યાગ કરવા લાયક. આશ્રવની દોસ્તી દુર્ગતિનું દ્વાર છે. આશ્રવની દુશ્મની સદ્‌ગતિ-શાશ્વતપદનો માર્ગ છે.

આવા શ્રી જિનેશ્વરદેવ રૂપી સાચો દીપક પામ્યા પછી કોણ એવો રાભાગી હોય જે આશ્રવ સ્વરૂપ વિષય કષાયને કરે ? વિષયની સાથ રહેવા છતાં પણ તેની આસકિતથી બચવા જેવું છે. તેની આસકિત જ આત્મ ધનને લુંટનારી છે.

આજ એકાંતે નિશ્ચય ઉપર ચઢેલા આત્માઓ આશ્રવ સંવર બોલે છે પણ તે પોથી પંડિતો તેનો પરમાર્થ સમજતા નથી. નિશ્ચય દષ્ટિ હૃદયમાં રાખી વ્યવહાર દષ્ટિને જીવનમાં આચરવાની કહી છે. એકાંત જ મિથ્યાત્વ છે તે વાત તે ભૂલી જાય છે. શ્રી આચારાંગ સૂત્રકારે તો ત્યાં સુધી ફરમાવ્યું કે- યોગ્ય જીવો માટે આશ્રવની પ્રવૃત્તિ પણ સંવર રૂપ બને છે અને અયોગ્ય જીવો માટે સંવરની પ્રવૃત્તિ પણ આશ્રવરૂપ બને છે. જેમ કે આ શિયાળાની ઋતુમાં ચા ઠંડી ન થઈ જાય અને ફડફડતી ઉકળતી રહે તે માટે તેને ઢાંકી તે આશ્રવની ક્રિયા બને અને તેમાં કોઈ જીવ-જંતુ ન પડે, જયણાનું પાલન કરવા ઢાંકવી તો તે સંવરની ક્રિયા બને. (ક્રમશઃ)

અમદાવાદ : અત્રે શ્રીદાન સૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરમાં પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ.ની ૬૦ મી દીક્ષા તિથિ નિમિત્તે પોસ વદ ૫ના ચૈત્ય પરિપાટી, ગુણાનુવાદ, ગુરૂપૂજન, સંઘપૂજન, પૂ. આ. ભ. શ્રી તથા પૂ. આ. શ્રી વિજયગુણનશીલ સૂ. મ., પૂ. આ. શ્રી વિજય નરવાહન સૂ. મ. આદિની નિશ્રામાં યોજાયેલ.

## गृहस्थ अपने को सुधारें

आज गृहस्थ श्रावकाचार नहीं पढता। अपने गृहस्थ मर्यादा और आचरण को नहीं जानता है इसलिये गृहस्थ भ्रष्ट हो रहा है और साधु को भी भ्रष्ट कर रहा है। यदि सारे गृहस्थ आगम की आज्ञा मानने लग जायें, स्वाध्याय करें। सारे गृहस्थ आगम के अनुकूल चलने लग जायें। सारे गृहस्थ ये पहचानने लग जायें कि दान क्या चीज है तो साधु अपने आप ठीक हो जायेंगे। लेकिन गृहस्थ पहले भ्रष्ट होता है तब कहीं साधु होता है। गृहस्थ अपने आचरण को सुधारने पर ध्यान दें। साधुओ की निन्दा न करें। (ગુણ ભારતી)

## મનન મોતી

**સંગ્રાહિકા : સૌ. અનિતા આર. પટણી - માલેગાંવ**

- ❖ બારે પ્રકારનો તપ સાધુપણાને ઉજાળનાર છે અને સંયમને શણગારનાર છે.
- ❖ તપ વિનાનો જીવ એટલે દયાપાત્ર ! સંસારમાં ભટકનારો !
- ❖ વિદ્યાર્થીને રજા યાદ હોય તેમ ધર્મીને પર્વ-તિથિ યાદ હોય.
- ❖ રસની લાલસા આહાર સંજ્ઞાને પોષનાર છે, વેદને વધારનાર છે વિકારી બનાવનાર છે.
- ❖ સહન કરે તેનું નામ સાધુ !
- ❖ તત્ત્વની પરિણતિને આત્મ જ્ઞાન કરે તે તપસ્વી !
- ❖ મુનિ પણાનો અભ્યાસ કરે તે મૌની !
- ❖ જગતના ભાવોને યથાર્થ માને-જાણે તે મુનિ !
- ❖ આત્માનો જેમાં અધ્યાય-અધ્યયન વિચારણા તેનું નામ સ્વાધ્યાય !
- ❖ શરીનો પૂજારી એટલે આત્માનો વૈરી !
- ❖ શરીનો કસ કાઢવો તેમ જે માને તે ધર્મી !
- ❖ શરીરનો પૂજારી અને સહનશીલ તે બે નો સ્વપ્નમાં પણ સુમેળ પાણ જામે નહી.
- ❖ મૂર્ચ્છા એ ચિત્તને આકુલ વ્યાકુલ કરે છે આકુલ વ્યાકુલ બનેલાને પ્રશમ-પ્રશાંત સુખનો સ્વપ્ને પણ અનુભવ શે થાય !

# વાંકાનેરમાં ભવ્ય ઉપધાનતપ આરાધના

**વાંકાનેર** : અત્રે પૂજ્યપાદ સૂરિમંત્ર સમારાધક પૂ. આ. શ્રી વિજય ગુણશીલસૂરીશ્વરજી મ.સા., પૂ. મુ. શ્રી કુલશીલ વિ. મ., પૂ. મુ. શ્રી હર્ષશીલ વિ.મ. તથા પૂ.સા. શ્રી નિર્મલાશ્રીજી મ., પૂ. સા. શ્રી ઈન્દુરેખાશ્રીજી મ. આદિ શ્રમણીવૃંદની ઉપસ્થિતિમાં જેતપુર નિવાસી અ.સૌ. શ્રીમતી લાભકુંવરબેન જયંતીલાલ હીરાચંદ વસા પરિવાર તરફથી ઉપધાન તપની આરાધનાનું ભવ્ય આયોજન થયેલ. આસો સુદ ૧૪ તા. ૧૨-૧૦-૨૦૦૦ થી પ્રારંભાયેલ ઉપધાન તપની આરાધનામાં૧૦ વર્ષથી માંડીને ૮૦ વર્ષ સુધીના ૭૬ પુણ્યાત્માઓ જોડાયેલ જેમાં ૫૩ તપસ્વીઓ માળા પરિધાન કરનારા હતા.....! ઉપધાન તપની જગ્યા ખૂબ જ વિશાળ.. અને શાંત વાતાવરવાળી હતી. શ્રી વાંકાનેર જૈન સંઘના અગ્રગણ્ય શ્રી કે. ડી. મહેતા આદિ કાર્યકર્તાઓ તપસ્વીઓની સુંદર ભકિત કરી રહ્યા હતા.....! ઉપધાન તપની આરાધના દરમ્યાન પ્રતિદિન પરમાત્માને ભવ્ય અંગરચના અનેક સંઘપૂજનો થયેલા...! ઉપધાન તપની આરાધનાની પૂર્ણાહુતિ પ્રસંગે કા.વ. ૧૪ થી મહોત્સવનો મંગલ પ્રારંભ થયેલ. મા.સુ. ૧ના દિવસે માળારોપણની ઉછામણીનો પ્રસંગ અતિઉલ્લાસ પૂર્વક ઉજવાયેલ. નાનકડા સંઘમાં પણ જે ઉત્સાહભેર ઉછામણીઓ બોલાયેલ તે આશ્ચર્યજનક હતી...! તપસ્વીઓના બહુમાનની ઉછામણી પણ સુંદર બોલાયેલ મા.સુ. પ્રથમ ૨ના શ્રી પંચ કલ્યાણક પૂજા ઉલ્લાસભેર ભણાવાયેલ. મા.સુ.દ્વિતીય ૨ ના સવારે ઉપધાનતપના તપસ્વીઓના પૌષધની પૂર્ણાહુતિ થતી હતી. એક તરફ તપસ્વીઓના સ્વજનો હર્ષભેર...ઢોલ..નગારા..આદિ લઈને તપસ્વીઓને ઘેર લઈ જવા આવેલ..તો બીજી તરફ તપસ્વીઓની આંખોમાથી અશ્રુધારા વહી રહી હતી. ૪૭/૪૭ દિવસ કયાં પસાર થઈ ગયા...! એજ આશ્ચર્ય હતુ....! આટલા દિવસોમાં એક પણ તપસ્વીને શારિરીક-માનસિક સાંયોગિક કોઈ પણ તકલીફ થયેલ નહીં....! તેજ દિવસ વિજયમુહૂર્તે શ્રી સિધ્ધચક્ર મહાપૂજન-માતુશ્રી હીરાબેન હાકેમચંદ જુઠાભાઈ શાહ પરિવાર તરફથી ભણાવાયેલ મા.સુ.૩ ના પૂ.સા. શ્રી સિધ્ધાંતરત્નાશ્રીજી મ., પૂ.સા. શ્રી મધુરાગિરીશ્રીજી મ., પૂ.સા.શ્રી જિતકર્માશ્રીજી મ.ના ઉત્તરાધ્યયની સૂત્રના યોગની પૂર્ણાહુતિ પ્રસંગે તેમના સંસારી સ્વજનો શ્રી તિલકચંદ જસાજી પરિવાર, શ્રી સેવંતીલાલ માણેકલાલ દોશી તથા શ્રી રમણીકલાલ નરપતલાલ વડેચા તરફથી બૃહદ્અષ્ટોત્તરી સ્નાત્ર ઉલ્લાસભેર ભણાવાયેલ આયોજકોએ પ્રત્યેક પૂજામાં -ચાંદીના સિક્કા મુકીને પરમાત્મા ભકિત કરેલ મા.સુ.૪ તા. ૩૦-૧૧ અને મા.સુ.૫ તા.૧/૧૨ આ બંન્ને દિવસોનો વાંકાનેર સંઘના ઈતિહાસમાં વર્ષોસુધી ચિરસ્મરણીય બની જશે. મા.સુ. ૪ ના માળા રોપણનો ભવ્યાતિભવ્ય વરઘોડો જેની અંદર ૬૦થી વધારે શણગારાયેલ વાહનો અશ્વો ગજરાજ, અમદાવાદનું સુપ્રસિધ્ધ મિલન બેન્ડ આદિ બેન્ડો વિશાલ સાજન, માજન, પરમાત્માનો ભવ્ય રથ..અને સૌથી છેલ્લે મુઠ્ઠીધાર અનુકંપાદાન વરસાવતી અનુકંપા ગાડી..! સવારે ૯.૦૦ કલાકે પ્રારંભાયેલ રથયાત્રા છેક ૧ વાગ્યે ફરી ઉપધાનગર આવેલ, માર્ગમાં અનેક સ્થાનોએ કમાનો નંખાયેલ...! સ્થાને - સ્થાને વરઘોડાના દર્શન માટે માનવ મહેરામણ ઉભરાતો ! વાંકાનેરની અઢારે આલમની પ્રજા વરઘોડાના દર્શન કરીને ધન્ય બની ગઈ ? બધાના મુખમાંથી એક જ શબ્દ સરતો ૧૦૦ વર્ષના ઈતિહાસમાં વાંકાનેરમાં આવો વરઘોડો નિહાળ્યો નથી. તે જ દિવસે સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. બપોરે ૩-૦૦ કલાકે તપસ્વીઓનું શાનદાર બહુમાન થયેલ પ્રત્યેક તપસ્વીઓને આયોજક જેંતીભાઈ તરફથી સોનાની વીંટી સંઘ તરફથી ૨ ગ્રામની સોનાની ગીની તથા બીજી પણ અનેક પ્રભાવનાઓ થયેલ મા.સુ.૫ના દિવસે સવારે ૮.૦૦ કલાકે પાંજરાપોળમાં બંધાયેલ વિશાલ સમિયાણામાં માળારોપણની મંગલક્રિયાનો પ્રારંભ થયેલ. પ્રથમ માળા પરિધાપન કરનારા તપસ્વી અ.સૌ. મીનાબેન ધીરેનભાઈ મહેતાના પરિવારના આગ્રહથી ગુજરાતના રાજ્યપાલ શ્રી સુંદરસિંહ ભંડારી વિધાનસભા અધ્યક્ષ ધીરૂભાઈ શાહ, શ્રી પ્રવિણભાઈ માણીયાર શ્રી પ્રફુલ દોશી, વાંકાનેરના યુવરાજ તથા નગરપાલિકાના અધ્યક્ષ તેમજ વિખ્યાત જાદુગર શ્રી કે. લાલ આદિ અનેક આગેવાનો આવેલા. બધા તપસ્વીઓના દર્શન કરી ધન્ય બન્યા ! પૂજ્યશ્રીએ આજના પ્રવચનમાં ખાસ અહિંસા ધર્મ ઉપર ભાર મુકતા, જીવરક્ષા અને જીવદયાની તાતી આવશ્યકતા જણાવતાં થોડીજ મિનીટોમાં વાંકાનેર પાંજરાપોળ માટે વિશાળ જીવદયાનું ભંડોળ થઈ ગયું ! બરોબર ૧૦.૨૦.કલાકે પ્રથમ માળ પરિધાપન થયેલ-ત્યાર બાદ પ્રત્યેક તપસ્વીઓને માળા પરિધાપન કાર્યક્રમ આગળ વધેલ અનેક તપસ્વીઓને પૂ.આચાર્ય ભગવંતે સ્વયં માળા પહેરાવેલ. બરોબર વિજયમુહૂર્તે કાર્યક્રમનું સમાપન થયેલ. મુંબઈ, કલકતા, અમદાવાદ, વડોદરા, જામનગર, રાજકોટ અને આજુબાજુના અનેક ગામોમાંથી માનવ મહેરામણ ઉમટી પડેલ તે દિવસે સમગ્ર સંઘની નવકારશી શ્રી લલિતાબેન શાંતિલાલ લાધાભાઈ પરિવાર તરફથી થયેલ. મહોત્સવમાં વિધિવિધાન માટે મુકેશભાઈ વઢવાણ, રોહિતભાઈ અમદાવાદ, સંજયભાઈ આદિ પધારેલ. વિખ્યાત સંગીતકાર મુકેશભાઈ નાયકે પરમાત્મભકિતની અનેરી રમઝટ મચાવેલ આયોજક પરિવારની ઉદારતા વાંકાનેર સંઘના કાર્યકર્તાઓનો અથાગ પ્રયત્ન આદિના કારણે ઉપધાન તપ વર્ષો સુધી ચિર:સ્મરણીય બની રહેશે...

પજ્યશ્રીજી અત્રેથી માગસર સુદ ૧૩ ના અમદાવાદ તરફ વિહાર કરી ગયેલ છે.

❖ ❖ ❖

# સમાચાર સાર

**મુંબઈ મલાડ.માર્વે રોડ** - અત્રે પૂ.આ. શ્રી વિજય ગુણયશ સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય કીર્તિ યશ સૂરીશ્વરજી મ. ની નિશ્રામા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શિખરબંધી મંદિર માટે અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ માગશર સુદ ૭ થી માગશર સુદ ૧૨ સુધી અષ્ટોત્તરી સ્નાત્ર અદિ તથા પંચકલ્યાણક મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયા.

**વડોદરા** - ડેરા પોળમાં પૂ. આ. શ્રી ચિદાનંદ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી કિર્તીસેન સૂ. મ. ની નિશ્રામા અંગુઠાણવાળા મુમુક્ષુ હેમંતકુમાર ચંદુલાલની દીક્ષા નિમિત્તે મહોત્સવ ઠાઠથી માગશર સુદ ૫ થી ૭ સુધી ઉજવાયો.

**બોરીવલી વેસ્ટ** - નીલકંઠનગરમાં શ્રી મહેન્દ્રભાઈ સાકરચંદ મહેતા તરફથી કલાત્મક જિનાલયમાં શ્રી વાસુ પૂજ્ય સ્થાપના ૧૧ ઈંચ ધાતુમય પ્રતિમાનો પ્રવેશ તથા પ્રતિષ્ઠા માગશર સુદ ૧૦ને પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂ.મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂ.મ. આદિ પધારશે. તેમના સંસારી પક્ષે દાદા પૂ. આ. શ્રી વિજય ભદ્રંકર સૂરીશ્વરજી મ. તથા સંસારી પક્ષે બેન પૂ. આ. શ્રી નિરુપમાશ્રીજી મ. ની પ્રેરણાથી ઉત્સાહ વધ્યો છે.

**નવાડીસા :** પૂ. આ. શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ઉપધાન તપ માળારોપણ નિમિત્તે પંચાહ્નિકા જિન ભક્તિ મહોત્સવ યોજાયો માગશર સુદ ૯ ભવ્ય વરઘોડો મા. સુ ૧૦ માળારોપણ થયા.

અત્રેથી મહાવીર યુવા સંગઠન તરફથી ડીસાથી રામસણ તીર્થ છ'રી પાલક સંઘનું મા.સુ. ૧૩ના પ્રયાણ થયું. માગશર સુદ ૧૫ ને માળારોપણ થયું.

**ફલોધિ તીર્થ :** અત્રે પોષ દશમના અઠમ અને મેળાનું ભવ્ય આયોજન થયું.

**કુલ :** અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પોષ વદ ૧૦ થી મહા સુદ ૫ શ્રી મુનિસુવ્રત સ્વામિ આદિ જિન બિંબોની અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન થયેલ.

**બોરસદ** - અત્રે શ્રી પૂ. આ. શ્રી વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં મહા સુદ દ્વિ. ૭ તા. ૧-૨-૨૦૦૧ ના માતર તીર્થનો છ'રી પાલક સંઘ ભરતભાઈ કેશવલાલ વાસણાવાળા તરફથી નીકળી મહા સુદ ૧૧ના તીર્થમાળા.

**બગવાડા (વાપી)** મલાડ મુંબઈ નિવાસી શ્રી જેવતલાલ મણિલાલ મહેતા તથા શ્રીમતી હીરાલક્ષ્મીબેન જેવતલાલના જીવીત મહોત્સવ સ્વરૂપ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તથા શ્રી અષ્ટોત્તર સ્નાત્ર આદિ ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ પોષ સુદ ૧ થી ૩ ભવ્ય રીતે પૂ. ગણિવર્ય શ્રી જયદર્શન વિજયજી મ.ની નિશ્રામાં ઉજવાયો તેમના જીવનના અનેક સુકૃતોની અનુમોદનાર્થે આયોજન કરવામાં આવ્યું હતું.

**ગૌહરબાગ-બીલીમોરા**-અત્રે નૂતન જિનાલયમાં પરમાત્માનો શુભ પ્રવેશ માગશર સુદ ૫ના પૂ. આ. શ્રી વિજય કુલચંદ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં થયો હતો. શ્રી ધીરેન્દ્ર કામદારે એક પાત્રીય સંવાદ કરેલ. પૂ. આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજીને શ્રધ્ધાંજલી તેમજ ગુણાનુવાદ થયું હતું મહા સુદ ૬ થી ૧૦ દિવસ ભવ્ય અંજન શલાકા મહોત્સવનું આયોજન થયું છે.

**રાજસ્થાનમાં શાસન પ્રભાવના**

પરમપૂજ્ય સુવિશાલ-ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ.સા. ના સમુદાયવર્તી અને એમના અખંડ આજ્ઞાપાલક પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજયકમલરત્નસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય-પ્રશિષ્યરત્નો પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શન રત્નસૂરીશ્વરજી મ.સા., પ. પૂ. મુનિરાજશ્રી ભાવેશરત્ન વિજયજી મ., મુનિરાજશ્રી પ્રશમરત્નવિજયજી મ., પ. પૂ. રત્નેશરત્ન વિજયજી મ. આદિ દિલ્લીથી વિહાર કરી હરિયાણા રાજ્યમાં પધારેલ. ત્યાંના સ્થાનકવાસી, તેરાપંથી જૈનોએ કહ્યું કે મંદિરમાર્ગી સાધુઓ અમોએ કદી જોયા જ નથી. ઘણા ગામોમાં તો ત્યાંના તેરાપંથી જૈનોએ પૂછેલ કે 'નમો અરિહંતાણં' બોલો 'નમો અરિહંતાણં' બોલિયે ત્યારે માનતાં કે આ જૈન સાધુઓ છે. હરિયાણા પ્રાંત પછી રાજસ્થાનમાં ચુરૂ જિલ્લામાં રાજગઢ વગેરેમાં શ્રાવકોએ સન્માન કરેલ. સામે લેવા આવેલ વ્યાખ્યાન વગેરહ થયેલ અને બીકાનેરમાં હનુમાનચંદજી કિપલાણી સંઘના અધ્યક્ષ વગેરએ પધારી ગુરૂદેવનું સન્માન કરેલ. આચાર્યશ્રી પોતે પૂ.આચાર્ય દેવશ્રી પ. વિજયવલ્ભસૂરીશ્વરવજી મ. ના સમુદાયના ગચ્છાધિપતિ પ.પૂ. આ. દે. શ્રીમદ્ વિજય ઈન્દ્ર દેવ સૂરીશ્વરજી મ.સા. પાસે અધ્યક્ષ આદિ સાથે પધારી વિનંતિ કરેલ કે આપ બીકાનેર શ્રીસંઘને ફરમાવો કે તમો સ્વપ્નાની બોલી સાધારણમાં

લઈ જાઓ છો એમાં મારી સંમતિ નથી. તો આ સાંભળી આચાર્યશ્રી ગચ્છાધિપતિ મૌન થયા કોઈ બોલ્યાં નહી. બીજા સાધુઓ જોડે થોડી વાત કરી નાના આચાર્યશ્રી કોચરની દાદાવાડીમાં જ્યાં ઉતર્યા હતા ત્યાં પધાર્યા ત્યાર પછી બીકાનેર વિહાર વખતે સંઘ મૂકવા આવેલ ચર્તુવિધ સંઘે વિદાય આપેલ અને ઠેઠ દાદાવાડી સુધી ચતુર્વિધ સંઘ મૂકવા આવેલ. ત્યાં ખરતરગચ્છ સંઘે પણ માંગલિક સાંભળેલ ત્યાર પછી આચાર્યશ્રી વિહાર કરી માગસર વદ ૭ દિ. ૧૭-૨-૨૦૦૦ રવિવારને નાગોર પધારેલ ત્યાં વાજતે ગાજતે સામૈયું થયેલ વ્યાખ્યાન પછી પ્રભાવના આદિ થયેલ હીરચંદજી લોઢિયા આદિ સંઘે રોકાવાની વિનંતિ કરેલ. ગુરૂદેવ પોષ દશમી નાગોર કરી આગલ જોધપુર તરફ વિહાર કરશે. ગુરૂદેવ ૩૧ વર્ષ પછી નાગોર પધારેલ ગુરૂદેવનું દીક્ષા પછી પ્રથમ ચાતુમાસ નાગોર થયેલ.

**વલસાડ :** જૈન શ્વે. મૂ. પૂ. સંઘના ઉપક્રમે શ્રી કોઠારી ઉપાશ્રયમાં વલસાડની બધીજ પાઠશાળાઓના બાલક બાલિકાઓની સામાયિક આયોજન આચાર્ય દેવશ્રી ધર્મસૂરીશ્વરજી મ.ના પટ્ટધર પૂ. આચાર્ય ભગવતશ્રી પદમાનંદસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કરવામાં આવેલ જે કાર્યક્રમનું સંચાલન શ્રી નરેન્દ્ર કામદાર ગઢડાવાળાએ કર્યુ હતુ.

જુદી જુદી પાઠશાળાઓના ૨૨૫ બાળકોની વિધિપૂર્વકની સમજાણ સાથેની આ ધર્મક્રિયા નિહાળી અમોને ગૌરવ થયું છે. બાળકોને ધર્મના પંથે દોરી જવા માટે સામાયિક સાધના એક ઉત્તમ માધ્યમ છે. જેમનું મન સતત બીજાના કલ્યાણની ભાવનામાં રમતું રહે અને સ્વની ચિંતા છોડીને પરકલ્યાણની ભાવના જાગૃત થાય તેનું નામજ સામાયિક છે. પૂજ્યશ્રીએ બાળકોમાં આધ્યાત્મિક સંસ્કારોનું અવશ્ય ચીંતન કરવા માતા પિતાઓને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સંઘના અગ્રણીઓ શ્રીયુત રમેશભાઈ વીરચંદ શાહ, શ્રી યશવંતભાઈ કાપડીયા, શ્રી વિનેસભાઈ મહાવીર ટુલ્સવાળા તથા શ્રી કીરીટભાઈ યુ. કો. બેન્કવાળા, શ્રી કિશોરભાઈ અભિનંદનવાળા તથા શ્રી નવીનભાઈ માંગલિક વાળાના શુભ હસ્તે કુ. પારુલ લોદરીયા, પૂર્વી ગિરીશભાઈ, જૈનમ્ અશ્વીનકુમાર રાંકા, જીજ્ઞા વિનોદભાઈ, સચીન સતિષભાઈ શાહ, વિ. બાળકોને પ્રભાવના તથા ઈનામો આપવામાં આવ્યા હતા. કુમાર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ મુંબઈવાળા તરફથી બાળકોનું સંઘ પૂજન થયેલ. ત્યારબાદ બાળકોએ ચૈત્ય પરિપાટીરુપે શ્રી મહાવીર સ્વામી જિનાલયે જઈને દર્શન તથા ચૈત્ય વંદન કરેલ.

## કોકણ પ્રદેશમાં સુંદર શાસન પ્રભાવના

ગોડવાડના ગૌરવ પૂજ્ય ગણિવર્ય શ્રી રત્નસેન વિજયજી મ.સા. આદિ ઠાણા ત્રણ, ચિંચવડ સ્ટે. પૂનામાં યાદગાર ચાતુર્માસ પૂર્ણ કરી ત્યાંથી ત્રણ દિવસનો પાર્શ્વ પ્રજ્ઞાલય સુધી પદ યાત્રા સંઘમાં નિશ્રાપ્રદાન કરી કોકણ પ્રદેશ તરફ વિહાર લંબાવેલ.

કોકણ પ્રદેશમાં રોહામા છ દિવસની સ્થિરતા કરેલ. તે દરમ્યાન નૂતન શિખરબદ્ધ જિનાલયનાં ખનનવિધિ, શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન ધાર્મિક પાઠશાલાની સ્થાપના, સામુદાયિક અષ્ટપ્રકારી પૂજા, સામુદાયિક એકાસના, રત્નાકર પચ્ચીસીના માધ્યેમ આત્મ-સંવેદન અને દરરોજ પૂજ્ય ગણિવર્યશ્રીના અત્યંત પ્રભાવક પ્રેરણાદાયી પ્રવચનો થયેલ. રેવદંડામાં પોષદશમીની આરાધના નિમિત્તે ૩૫ સામુદાયિક અઠ્ઠમ થયેલ દરેક તપસ્વીઓને ૧૩૦ રૂા. ની પ્રભાવના થયેલ સામુદાયિક અષ્ટ પ્રકારી પૂજા, શત્રુંજયની ભાવ યાત્રા, નૂતન ધાર્મિક પાઠશાલાની સ્થાપના આદિ કાર્યક્રમો સુંદર થયેલ. દરરોજ પૂજ્ય ગણિવર્યશ્રીના પ્રભાવક પ્રવચન થયેલ.

રેવદંડાથી અલિબાગ, પોયનાડ પેન પનવેલ શિરવાણે થઈ તા. ૭ જાન્યુઆરીના રોજ પૂજ્ય ગણિવર્યશ્રી ચેંબૂર-મુંબઈ પધારેલ ત્યાંથી પૂજ્યશ્રી સ્વાગત સહ શાંતનગર માહિમ પૂર્વ પધારેલ ત્યાં પણ સામુદાયિક અષ્ટ પ્રકારી પૂજા, વૃત્તિ સંક્ષેપના સામુદાયિક એકાસના તથા માહિમથી દાદર શાંતિનાથ જિનાલય ચૈત્યપરિપાટીનું આયોજન થયેલ.

તા. ૧૮ થી ૨૯ સુધી કુર્લામાં વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી ગુણયશ સૂરીશ્વરજી મ. સા. તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી કીર્તિયશ સૂરીશ્વરજી મ.સા.ની તારક નિશ્રામાં આયોજિત અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહી પૂજ્ય ગણિવર્યશ્રી આદિ દહીસર પધારેલ.

મહા સુદી ૧૩ તા. ૬ ફેબ્રુઆરીના દિવસે પૂજ્ય ગણિવર્ય શ્રી સંયમ જીવનના ૨૪ વર્ષ પૂર્ણ કરી ૨૫માં વર્ષમાં પ્રવેશ કરશે: તે દિવસે પૂજ્ય ગણિવર્યશ્રી દ્વારા આલેખિત ૮૨મું પુસ્તક આહાર ક્યોં ઔર કૈસે ? હિન્દી પુસ્તકનું ભવ્ય વિમોચન થશે. અને તે જ દિવસે પૂજ્ય ગણિવર્યશ્રીના આગામી ચાતુર્માસ 'ભાયંદર'ની 'જય' બોલાવવામાં આવશે.

# ભૂકંપ ભયંકર ઉપદ્રવ તે માટે સહાય

તા. ૨૬-૧-૨૦૦૧ ના કચ્છ સૌરાષ્ટ્ર ગુજરાતમાં ભૂકંપનો ભારે ઉપદ્રવ થયો. અમદાવાદ અને કચ્છમાં તેનો કાળોકેર વર્તાયો અને તેથી તેના સમાચારો જાણીને ઠેર ઠેરથી સહાયો ભોજન,અનાજ, દવાઓ અને બીજી સામગ્રી પહોંચતી થઈ અને ભુજ, અંજાર, ભચાઉ,રાપર પાદર બની ગયા. અમદાવાદમાં સેંકડો ટાવરો અને મકાનો ભારે આતંકમાં પડી ગયાં. કચ્છનાં અનેક તાલુકાઓના ગામો ધારાસયી બની ગયા. અનેક શહેરાનો મકાનો પણ પડી ગયા ચિરાડ પડી ગઈ. અને તે સાથે મોરબી, બાલંભા, જોડીયા વિસ્તારના શહેરો અને ગામડાઓ ખૂબ પાદર જેવા બની ગયા. કચ્છ-ગુજરાત સૌરાષ્ટ્રમાં ઘણાં જૈન મંદિરો પણ પડી ગયા છે. કેટલાક મંદિરોને ભારે નુકશાન થયું છે. સંખ્યાબંધ ગામોમાં ઉપાશ્રય અને શ્રાવકોના મકાન પણ પડી ગયા છે.



આ સ્થિતિમાં તાત્કાલિક દવાઓ, ખોરાક અને ઠંડીમાં રક્ષણ માટે ધાબડા સ્વેટર અને તંબૂ માટે પ્લાસ્ટીક વિ. પહોંચડવાની જરૂર રહે. તે માટે અનેક જગ્યાએથી ધડાધડ સહાયનો ધોધ વહી રહ્યો છે અને ભાવિકો જાતે સામગ્રી લઈને વહેંચવા જાય છે. રાપરની બેને વાત કરી કચ્છમાં ભૂજ, રાપર, ભચાઉ,અંજારમાં જૈનોની મોટી ખૂવારી થઈ ગઈ છે. ગામડામાં બે ઘર બનીને પીડાઈ રહ્યા છે.

આમ જિનમંદિરો,ઉપાશ્રયો અને શ્રાવકોને ભારે તકલીફ થઈ છે.

ધોધમાર સહાય ચાલુ છે. અને સરકાર દ્વારા કાટમાળ ખસેડવા અંદર બચી ગયેલાને બહાર કાઢવા વિ. પ્રયત્ન ચાલુ છે. મૃતકોનો હિસાબ નથી તેટલા નીકળ્યા છે અને મોટા પ્રમાણમાં દબાઈ ગયા છે.



મુખ્ય મંત્રીના કહેવા મુજબ બાર જિલ્લામાં આ ભૂકંપની અસર થઈ છે.

૪-૮ દિવસમાં ભોજન, તંબૂની વ્યવસ્થા થઈ જવામાં છે અને પછીના વસવાટ માટે પણ પ્રયત્નો ચાલુ છે.

જૈનો હંમેશા આપત્તિમાં આગળ પડીને સહાય કરે છે

અને તે રોજ અનેક જગ્યાએથી જૈનો પણ ઠેરઠેર સહાય કરી રહ્યા છે.



હવે વિશેષમાં જૈનોએ કર્તવ્ય કરવાની ફરજ છે. જ્યાં જિન મંદિર પડી ગયા છે ત્યાં અને ખંડિત થયા છે ત્યાં પોતાની શકિત અને સંઘમાં દેવદ્રવ્યની શક્તિનો ઉપયોગ કરવાનો છે. ખાસ કરીને જીલ્લાના સંઘોએ જે તે જિલ્લામાં કે તાલુકામાંથી માહિતી મેળવી અને તે માટે કાર્ય કરવું જોઇએ. અને તેજ રીતે ઉપાશ્રયોનો પણ ઉદ્ધાર કરવા પ્રયત્ન કરવો જોઇએ.

જૈન શ્રાવકો મોટે ભાગે રાહત લેવા જાય નહિ અને તેમાં ઉત્સાહ પણ ન બતાવે. તેથી તેમના ઘરો અને દુકાનો જે નાશ પામે છે તેમાં સહાયક બનવા જે તે વિસ્તારના મુખ્ય સંઘોએ પ્રયત્ન શીલ બનવું જોઇએ.

કચ્છના ભૂજ, ભચાઉ, અંજાર, રાપર તાલુકાઓના મોટા ભાગના જિન મંદિરો પડી ગયા છે. સૌરાષ્ટ્રમાં પણ પુષ્કળ મંદિરોને નુકશાન થયું છે. સમાચાર મુજબ વાંકાનેરના બે મંદિરો, હળવદનું એક મંદિર, માળીયા (મોરબી) મૂળી વિ. ના મંદિરો પડી ગયા છે.

જ્યાં જ્યાં મૂર્તિઓ રાખવાની વ્યવસ્થા હોય ત્યાં દેરાસરમાંથી ખસેડી ઉપાશ્રય આદિમા પધરાવી છે અને જ્યાં સગવડ ન હોય ત્યાં બીજે લઇ જવાની વ્યવસ્થા કરે છે.

શ્રી શંખેશ્વર મહા તીર્થમાં શ્રી હાલારી ધર્મશાળા પંચાસર રોડ, ફોન : (૦૨૭૩૩) ૭૩૩૧૦ પણ મૂર્તિઓ રાખવાની વ્યવસ્થા થઇ છે. તો જે સ્થળે મૂર્તિ સાચવવા વ્યવસ્થા ન હોય તેઓને આ સ્થળે મૂર્તિ પહોંચાડવી અને તે સુરક્ષિત રાખવા વ્યવસ્થિત પૂજા પણ થશે.

ધરતીકંપે વિનાશ વેરી દીધો છે. જેથી જેની જેવી શક્તિ હોય તે રીતે ભક્તિ, પરોપકાર અને અનુકંપા જે શક્ય હોય તે કરવા ઉજમાળ બનવું જોઇએ એજ.

જિનમંદિરો ઉપાશ્રયો તથા શ્રાવકોને જે ધરતીકંપની અસર થઇ છે તે જાણી શકાય અને તેમાં ઉપયોગી થઇ શકાય તે માહિતી જે તે સંઘો કે કાર્યકરો મોકલશે. જે શ્રી જૈન શાસન તથા શ્રી મહાવીર શાસનમાં પ્રગટ થશે. તે માહિતી મોકલવાનું સરનામું.

**શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ**
શ્રુત જ્ઞાન ભવન, ૪૫- દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) ફોન : ૭૭૦૯૬૩.

## ભૂકંપ માટે હાલારીઓ દ્વારા તત્કાળ સહાય

થાનગઢ - શ્રી રામજીભાઇ લખમણભાઇ મારૂ દ્વારા યુવાનો ને તૈયાર કરીને મુંબઇના ભાવિક આદીની સહાયથી તાત્કાલિક ટ્રકો ભરીને મોરબી વિસ્તારના ગામડાઓ ધરાસયી બન્યા છે. તેમને અનાજ, સુખડી, ગાંઠીયા, ચા, ખાંડ, બિસ્કીટ વિગેરે પહોંચાડવામાં આવ્યાં.

તેવી રીતે શંખેશ્વર હાલારી ધર્મશાળામાંથી રકમ અત્રે આવતાં ટેમ્પા ભરીને સામગ્રીનું ફરી ફરીને ગામડાઓમાં વિતરણ કર્યુ.

શંખેશ્વર-હાલારી ધર્મશાળામાં પૂ. શ્રી એ આ વાત રજુ કરતાં ભાવિકોએ સારી રકમ એકત્ર કરીને સંસ્થાના કાર્ય કર્તાઓ ટ્રક ભરીને જાતે કચ્છના ગામડાઓમાં શ્રી વીરચંદભાઇ, શ્રી ચુનીભાઇ આદિ જાતે વિતરણ કરી આવ્યા.

ભીવંડી-અત્રેથી શ્રી હા. વી. ઓસવાળ સેવાદળ ભીવંડીથી ૪૦ યુવાનો સાથે મોટી ટ્રક લઇને શ્રી રમેશભાઇ રાયચંદ ગડાની આગેવાની નીચે અનાજ, દવા, બિસ્કીટ અને બીજી પુષ્કળ વસ્તુઓ સામગ્રી સાથે ગયા અને ઘણા યુવાનો સાથે હોવાથી રાપર તાલુકાના ગામડાઓમાં વ્યવસ્થિત વિતરણ કર્યું છે. સાથે ભીવંડીના અજન્ટા કંપાઉંડના કાઉન્સેલર શ્રી મુકુંદ માળી પણ સાથે હતા. કચ્છમાં કામ પતાવી મોરબી જોડીયા બાલંભા વિસ્તારમાં ગામડાઓમાં વિતરણ કરવાનું રાખ્યું છે.

सकलवांदिडत दातारं मोक्षेदातारं विघ्नविनेतारं श्री नेमिनाथजिनेश्वरं नमामः
परमोफस्यश्री आत्म - कमल - वीर - दान - प्रेम - रामचन्द्र - मुक्तिचन्द्र - महोदय -
जयकुंजरं - मुक्तिप्रभसूरि - सद्गुरुभ्यो नमः

**दक्षिणना गिरनारशा श्री गोकाक नगरनी धन्यधरा परः**

# अंजनशलाका - प्रतिष्ठा - महामहोत्सव

यदुकुळतिलक **देवाधिदेव श्री नेमिनाथ स्वामीना भव्य प्राचिन ४५"** प्रतिमानी नवनिर्मित जिनप्रासादमां प्रतिष्ठा अने **श्री वासुपूज्य स्वामी** आदि नूतन जिनबिंबोनी अंजनशलाका ना भव्य महोत्सवमां भारतभरना श्री संघोने सादर निमंत्रण साथे पोताना नूतन जिनबिंबोनी अंजनशलाका माटे पधराववा सबहुमान विनंति छे ।

*** धर्म प्रभावक साम्राज्य ***

जैन शासनना ज्योतिर्धर सकल संघ हितचिंतक महाराष्ट्र देशोद्धारक
संघ स्थवीर परमाराध्यपाद परमगुरुदेव
आचार्यदेवेश **श्रीमद विजय रामचन्द्रसूरीश्वरजी महाराजा** साहेब

*** पावन निश्रा ***

पूज्यपाद प्रसिद्ध प्रवचनकार आचार्यदेव श्रीमद
**विजय श्रेयांसप्रभसूरीश्वरजी महाराजा**

*** मंगल प्रसंग ***

वैक्रमीय संवत् २०५७ चैत्र कृष्णा १३ थी वैशाख सुद ७
शनिवार थी सोमवार ता. २१-४-२००१ थी ३०-४-२००१

*** नम्र सूचन ***

अंजनशलाकामां पधारववाना प्रतिमाजी
चैत्र वद १० ता. १८ अेप्रिल २००१ सुधीमां पधरावी
जवा अने वैशाख सुद १० सुधीमां बहुमान पूर्वक
आपना स्थाने पधाराववा लई जवा विनंती ।

*** निमंत्रक ***

**श्री नेमिनाथ जैन श्वे. मू. संघ - गोकाक (कर्णाटक) - ५९१३०७.**
टेलीफोन : C/o. शा. पुनमचंद नवाजी - २५१४६ - २६७४६

પૂજ્યશ્રી કહેતા હતા કે-　　શ્રી ગુણદર્શી

# પરિમલ

**- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.**

- સંસાર પ્રત્યે રોષવાળા અને મોક્ષ પ્રત્યે ગાઢરાગવાળા બન્યા સિવાય, પારમાર્થિક સત્ય હાથમાં આવે જ નહિ ! અર્થ અને કામના જે રસિયા છે, અર્થ અને કામના જે ઉપાદેયભાવે અર્થી છે, અર્થ અને કામમાં જેઓ કલ્યાણ માને છે, અર્થ અને કામને માટે જેઓ ધર્મને નેવે મૂકે છે, દુનિયાદારીને સાચવવા તથા વધારવાને માટે જે જેઓ ઉત્સુક છે અને જેઓ ફૂરસદ મળી તો જે મળ્યા તે દેવની અને જે મળ્યા તે ગુરૂની મનફાવતી રીતિએ સેવા કરી જવાથી વધુ કશું કરવાને તૈયાર નથી તેઓ સત્યની ગવેષણા કરી શકે નહિ. સત્યની ગવેષણા કરવી હોય તો પુદ્‌ગલ તરફથી દ્રષ્ટિ પાછી ફરવી જોઈએ અને આત્માના હિત તરફ દ્રષ્ટિ ચોંટવી જોઈએ. આત્માનું કલ્યાણ સાધવું છે, એ ધ્યેય બની જવું જોઈએ અને એ માટે મોક્ષના અર્થી બનવું જોઈએ.
- શ્રી સંઘની વૈયાવચ્ચ એટલે શ્રી સંઘને ભગવાનના સન્માર્ગમાં સ્થિર રાખવો તે !
- સદ્‌વિચારમાં એ સામર્થ્ય છે કે, સુખ આવે તો રંગાઈ ન જાય અને દુઃખ આવે તો ગભરાઈ ન જાય.
- સ્નેહી-સંબંધી તો તેનું નામ કે કોઈ સ્નેહીની સ્થિતિ પલટાય - ખરાબ - નબળી થાય તો તેની વધુ ખબર-અંતર રાખે તેનું નામ સ્નેહી !
- જે કથાનુયોગ જીવને ધર્મ પમાડે, ધર્મમાં સ્થિર કરે અને ધર્મ આચરતો બનાવે તેનું નામ ધર્મકથાનુયોગ કહેવાય !
- આપણે સારા થવું છે. ખરાબની વચ્ચેય સારા રહેવું છે. સારા થવાની મહેનત કરવી છે- આ જિનવાણી શ્રવણનું ફળ છે.
- સંસાર એટલે પાપ કરાવનાર ! ધર્મ એટલે પાપથી છોડાવનાર !
- શ્રાવક એટલે પહેલા નંબરનો સજ્જન !
- શ્રાવક એટલે અધર્મ રૂપ સંસારને છોડવા માટે તરફડીયા મારનારો જીવ ! એકાંતે કલ્યાણરૂપ ધર્મ જે સાધુપણું છે તે લેવા માટે પ્રયત્નશીલ હોય તે !
- જૈન એટલે શ્રી જિનેશ્વરદેવનો સેવક, - પૂજક ! સુસાધનો સેવક ! અને ધર્મ માટે તલસતો જીવ !
- આપણા પુણ્યે આપણને એવી સારી સામગ્રી મળી છે કે આપણે ધારીએ તો સંસારને મુઠ્ઠીમાં રાખી દઈએ. સંસારને કહીએ કે તારી સાથે રહીને પણ તને તો પીસવાના જ છીએ. કલાબાજના હાથમાં આવેલો ફણીધર પણ કેવો કાયર થઈ જાય છે ! તે ... ને ય આને હું કરૂં તેમ થાય નહિ. તેમ સમકિતી ... રૂપી ફણીધરને હાથમાં રાખી ધાર્યું કરાવનારો ...
- જ્ઞાન દ્રષ્ટિ પેદા કરવા હૈયાને કોતરવું પડશે ... પની ... હૈયું બદલાશે નહિ ! ... ય તે
- ઓછું સમજે તે ચાલે પણ ઊંધું સમજે તે ન ચાલે ... સન
- સંસાર એટલે ઉપાધિનું ઘર ! મોક્ષ એટલે ... વાનું અવસ્થા ! સંસાર એટલે મેલાપણું ! ... ચોકખાપણું ! જીવવા માટે કોઈ ચીજ વસ્તુ ... નહિ તેનું નામ મોક્ષ !
- 'હું મેલો છું અને બધી જરૂરીયાત તે પાપ છે' આ વાત ન બેસે તો આ સંસાર છોડવા જેવો અને મોક્ષ મેળવવા જેવો લાગે નહિ.
- સંસારમાં ફાવવું એટલે વિષય - કષાયની ઈચ્છામાં આનંદ થવો.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 15/2/2001

5400

# જૈન શાસન

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

## સર્વથા કર્મબંધનો અભાવ ક્યારે ?

साहीणभोगचाई, अवि
महती निज्जरा उ एयस्स ।
सुहुमो वि कम्मबंधो, न
होंति तु नियत्तभावस्स ॥
(શ્રી વ્યવહાર ભાષ્ય ગા. ૧૨૯૭)

જે પોતાને સ્વાધીન ભોગોનો ત્યાગ કરે છે તેને મહાન નિર્જરા થાય છે. જે નિવૃત્તિમાં રહેતા હોય છે તેને અલ્પ પણ કર્મબંધ થતો નથી.

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

અઠવાડિક

વર્ષ ૧૩ | અંક ૨૫

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

॥ સર્વ વાંછિત મોક્ષ ફળ પ્રદાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રીમદ્ વિજય દાન - પ્રેમ - રામચંદ્રસૂરીશ્વરેભ્યો નમઃ ॥

## જૈન શાસનના જ્યોતિર્ધર, સુવિશુદ્ધ મોક્ષમાર્ગ પ્રરૂપક, સુવિશાળ તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

# રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના

## પાર્થિવ દેહના અંતિમ સંસ્કારથી પવિત્ર બનેલ પુણ્યધરા

# રામનગર - સાબરમતીના આંગણે

## નવનિર્મિત ચતુર્માળીય સંગેમરમરી જિનમંદિર-ગુરૂમંદિર રૂપ

# સ્મૃતિ મંદિરની પુણ્યપ્રતિષ્ઠા નિમિત્તે

# જિનમૂર્તિ અને ગુરૂમૂર્તિ ભરાવવાની ઉછામણીઓ

*સ્વ. પૂજ્યપાદશ્રીજીનાં ભવ્ય દિવ્ય જીવનને અનુરૂપ વિશ્વમાં અદ્વિતીયકોટિનું સ્મારક સાબરમતી ખાતે ઝડપભેર નિર્માણશીલ છે. જેની અંજનશલાકા - પ્રતિષ્ઠાનો શાસનપ્રભાવક મહામહોત્સવ નિકટ ભવિષ્યમાં ઉજવવા અમારા મનોરથ છે. તેને અનુરૂપ મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના પંચધાતુમય સુવર્ણ મઢ્યા સપરિકર ૫૫ ઈંચના પ્રતિમાજીને તેમજ પૂજ્ય ગુરૂદેવશ્રીજીના વ્યાખ્યાનપીઠ સહ ૫૫ ઈંચના સંગેમરમરી પ્રતિમાજીને ભરાવવાનો લાભ ઉછામણીઓ દ્વારા અપાશે.*

*પરમ ગુરૂદેવના પટ્ટધરરત્ન સુવિશાળ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ* **શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા***ના પાવન સાન્નિધ્યમાં રતલામ મુકામે* **વિ. સં. ૨૦૫૭ કાર્તિક વદ ૬ શુક્રવાર તા. ૧૭-૧૧-૨૦૦૦***ના સવારે ઉછામણીનો મંગલ પ્રારંભ થયો હતો. તેઓ શ્રીમદ્‌ની રૂડાથી* **મહા વદ ૧૧ રવિવાર તા. ૧૮-૨-૨૦૦૧***ના સવારે ૯-૧૫ કલાકે સ્વ. પૂજ્યપાદશ્રીજીના શિષ્ય - પ્રશિષ્યરત્નો પ્રશાંતમૂર્તિ પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ, પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજય કનકશેખરસૂરીશ્વરજી મહારાજ, વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજ અને પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં જિનમૂર્તિ - ગુરૂમૂર્તિ ભરાવવા આદિના આદેશો અપાશે.*

*આ મંગલ પ્રસંગે ભારતભરના દરેક સંઘો તથા ગુરૂભક્તોને પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.*

*લિ.*

***પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ***

**● ઊછામણી સ્થળ ●**

શેઠ મોતીશા લાલબાગ ઉપાશ્રય
૨૧૨-એલ, પાંજરાપોળ કમ્પાઉન્ડ, મુંબઈ-૪.


**※ સંપર્ક ※**

૧૦૫, અમન ચેમ્બર્સ, ૧૧૩, મામા પરમાણંદ માર્ગ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફેક્સ : ૩૬૭૩૩૩૩ E-mail:smarak@vsnl.net

| | | | |
|---|---|---|---|
| ભરતભાઈ કસ્તુરચંદ શાહ | - | અમદાવાદ | ✆ : (ઘર) (૦૭૯) ૬૫૮ ૨૪૫૩, ૬૫૮ ૯૫૮૦ |
| બાબુભાઈ દીઓરા | - | મુંબઈ | ✆ : (પેઢી) (૦૨૨) ૩૬૪૨૯૧૭, (ઘર) ૮૮૩૫૬૫૫ |

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवा[illegible] च

# જૈન શાસન

(અઠવાડિક)

તંત્રીઓ :
[illegible]

Received 15/2/2001

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ મહા વદ ૬ મંગળવાર તા. ૧૩-૨-૨૦૦૧ (અંક : ૨[illegible]/૨૫

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૬[illegible]૦૦

## રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.

પ્રવચન બીજું

*(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રિય ઉજવણી પ્રસંગનું છે પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી [illegible] ઉજવણીને લાગુ પડે છે. - સંપાદક)*

**પોષ સુદ -૧, મંગળવાર તા. ૨૫-૧૨-૭૩**

**સ્થળ : [illegible]વણલાલ અબજીભાઈ જૈન પૌષધશાળા, માટુંગા**

આજે શાસનના મહત્વના કામ ઘણાં છે અત્યારે શાસનના કામ એવા છે કે હજારો લાખોનો કાંઈ હિસાબ નથી. બધા જો બળવાન બની જાય તો બધાને હંફાવી શકીએ.

આજે પેપરો પણ વેપારી છે. આપણો અવાજ કયાં પહોંચે ? આપણો અવાજ જગતમાં પહોંચાડવો હોય, બધી ભાષાના પેપરોમાં જગતને જે આપણે કહેવુ છે તે કહેવું હોય તો તમે શું ધારો છો ? આપણે કેટલા પૈસા જોઈએ ? લાખથી થાય એવુ છે ? બે લાખ, પાંચ લાખ, દસ લાખથી પણ ચાલે એવું છે ? મને લાગે છે કે એનાથી પણ વધારે જોઈએ, ૫૦ લાખ પણ જોઇએ. મુંબઈ જેવા શહેરમાં એવા સુખી માણસો વસે છે કે ૫૦ લાખ કાંઈ હિસાબમાં નથી. સરકારના ૫૦ લાખથી આગેવાન ગણાતા શ્રીમંતો ખુશ થઇ ગયા છે તેઓએ આપણા જૈન સમાજને નવું જોવરાવ્યું છે. જો તમો બધા સમજુ અને તૈયાર થઈ જાઓ તો ચાર મહિનામાં જંગ મચાવીએ અને એ બધાને નીચે ઉતારીને નમાવીએ પણ તે માટે પૈસા જોઈએ ને ? તો જ સાચો અવાજ બધે જાય ને ?

આજે તો સામાન્ય વિરોધ કરવો હોય તો પણ [illegible] પાડે છે. જેટલા સુખી માણસ હોય તે બધા કાર્યકરોને આવીને કહી જાય કે મારી આટલી શકિત છે જ્યારે [illegible] જરૂર હોય ત્યારે મને બોલાવજો. તો બધાને ખબર પડે કે આપણી આટલી તાકાત છે !

આજે જે બની રહ્યું છે, જે બનવાનું છે એનાથી શું નુકશાન થવાનું છે તેની કલ્પના નથી. ધર્મનો [illegible] કરવાની પોલીશી ચાલી રહી છે. તમે ન સમજતા હો તો અમારા પર વિશ્વાસ રાખો. આજે ધર્મી [illegible] નમાલા પાકયા છે. તેઓ પેલા આગેવાન ગણાતા શેઠિયાઓની આંખે ન ચઢાય તેની ચિંતામાં છે. જો વ્યકિતગત કહેવાનું શરૂ થશે તો તમે બેસી નહિ શકો, પછી દોડવું પડશે. જેનાથી પૈસાનું કામ થઈ શકે તેવું હશે તેને પૈસાનું કામ કહેવું પડશે; જેની પાસેથી કાયાનું કામ લઈ શકાય એવું હશે તેને એ રીતે કહેવું પડશે; જેની પાસેથી મન દ્વારા કામ લઈ શકાશે તો તેને [illegible] પ્રમાણે કહેવું પડશે.

આ બધા આપણને ગાંડા માને છે. સંકુચિત દ્રષ્ટિવાળા છે, વિશાલ દ્રષ્ટિવાળા નથી એમ કહે [illegible] શું ભગવાન મહાવીરનું નામ દુનિયામાં ગાજતું થતું હોય તો અમે આડે આવીએ તેવા છીએ [illegible] ભગવાન મહાવીર તમને જ વહાલા છે અને [illegible] ને નથી ? શું ભગવાન મહાવીર તમારે મન વધારે છે અને અમારે મન ઓછા છે ? પણ અહિંયા નામના

અને કીર્તિ પાછળ પડેલા લોકો શું કહે છે તે હવે જોવાય નહિ.

તમે ડાહ્યા થઈ જાવ તો આજે મુંબઈ બસ છે. બધાને નીચે ઉતરવું પડે. નુકશાન કેટલું થવાનું છે તેની ખબર છે ? જાહેરાત મુજબ કેટલાંક યુરોપિયન લોકો સાધુના વેશમાં પ્લેનમાં અને ગાડીમાં અહીં આવવાના છે તે બધા આલીશાન હોટલમાં ઉતરવાના છે. તેઓ માંસ ખાશે અને મદિરા પાન કરશે. કોઈને સાત દિવસની દીક્ષા આપશે, કોઈને સત્તર દિવસની અને કોઈને સત્તાવન દિવસની દીક્ષા આપશે. જગતમાં એમ જાહેર થશે કે સાધુથી આ બધું થઈ શકે છે. તે માટે તો આ પરોપકારીઓએ ચિત્રભાનુને પ્લેનમાં ત્યાં મોકલી આપ્યા હતા તે તમારા પરોપકાર માટે નથી ગયા. આ બધી પોલીશી છે. તમે ડાહ્યા થઈ તૈયાર થઈ જાઓ તો ચાર છ મહિનામાં જંગ જમાવી દઈએ.

આજે બધા પેપરો કેવા થઈ ગયા છે ? તમે તો વેપારી લોક.... જાહેર ખબરના કેટલા પૈસા...! હવે તો ૨૦% સરચાર્જ આવ્યો. પૈસા વિના એકપણ પેપર આપણી વાતો જાહેર ખબર રૂપે પણ ન લે. ! તેમાંય મુખપૃષ્ઠ પર આપવું હોય તો કેટલા પૈસા જોઈએ ? ૫ - ૧૦ પેપરોમાં જાુદી જાુદી ભાષામાં આપવું હોય તો કેટલા પૈસા જોઈએ ? સાથે દરેક ભાષાના જાણકાર માણસો જોઈએ, તેનો બરાબર અનુવાદ કરનારા પણ જોઈએ. તે લોકોનો માસિક પગાર પણ કેવો હોય...? તે બધા માટે પૈસા વગર ચાલે ? એવા હોશિયાર, ભાષાના જાણકાર મહિને ૧૦૦૦ પણ માંગે.

લોકોમાં હો... હો... મચે, ઘાંધલ શરૂ થઈ છે તો તમે બધા જાગો તેવા છો.

તમે બધા ભેગા થઈને ૨-૫-૧૦ લાખ વિરોધની સહીઓ કરીને મોકલી આપો તો આ બધા કાલે ઉભા રહી જાય ! સમજીને વિરોધ કરવા માટે સહી કરવાની છે. પછી જે કોઈ તરફેણ કરનારા છે તે લોકોની વાતમાં સહી ન થાય.

કામ તો શાસનના ઘણા છે જે કાંઈ મંદિરો અને ઉપાશ્રયોમાં બની રહ્યું છે તે રોકવા ઘણું કરવાનું છે.

ભૂત પીપળો છોડે, બધાને કનડે પણ પોતાના વસવાના સ્થાનને ન કનડે. આપણે આ બધા મંદિર અને ઉપાશ્રય જે ઊંચા તરવાના સાધન છે તેમાં કોઈ સંસારના કામ પેસી ન જાય તેની કાળજી રાખવાની છે. આટલું કરીએ તો ય બેડો પાર થઈ જાય. બધું ઘણું ઘણું કરવાનું છે. તેમાંય શરીર, પૈસા અને બુદ્ધિનું કામ છે ! અમે લોકો બહુ વિચાર કરીને શરૂ કરવાના છીએ, શરૂ કર્યા પછી અમે અમારૂં જેટલું બળ હશે તે તેમાં ખર્ચીને કાર્ય કરવાના છીએ.

''વિશ્વધર્મ પરિષદમાંથી જૈન ધર્મ નાબુદ થઈ ગયો કેમ કે તેની વસ્તી કેટલી ? ૩૦ - ૪૦ લાખ... ? તે તો મામૂલી છે ! એટલે ખ્યાલ રાખજો કે હવે આજે વસ્તીના આધારે ધર્મ મપાવાનો છે. એક દિવસ વિશ્વધર્મ તરીકે 'ઈસાઈ' ધર્મ મનાવાનો છે પછી તમે ધર્મ સીધી રીતે નહિ કરી શકો. પછી આ મંદિરો તેઓ નહિ રહેવા દે.'' તમે અઘોરીની જેમ ઉંઘો ! ત્રહેર કરો ! તમારા પૈસા બેંકમાં રહી જશે અને તમારે ચાલ્યા જવું પડશે !

તમે બરાબર જાગૃત થઈ જાઓ તો જે લોકો સ્વચ્છંદપણે પોતાને જે યોગ્ય લાગે તેમ, શાસ્ત્રની આજ્ઞા વિરૂદ્ધ જઈ આગેવાન બની ગમે તેની પાસે ગમે તેવા કામ કરાવવા ગયા છે તેને ખબર પડે કે પાછળ જૈન સંઘ બેઠો છે, તે ધારે તો અમારૂં કાંઈ પકડી લેશે. અમે ખોટું કરીશું તો અમને નીચે ઉતારી દેશે. પણ એ બધાને ખબર છે કે આ તો નમાલા છે.

આગળના વેપારીઓએ બાદશાહને નમાવ્યા છે. બાદશાહને તેને ત્યાં જવું હોય તો પહેલાથી ખબર આપવી પડતી. આજે વેપારી સો રૂપિયા ઓફીસરને આપે ત્યારે કામ થાય છે.

'તમારામાં નિર્બળતા ઘણી આવી ગયા છે. તેથી નિર્બળતાને ધર્મના કાર્યોમાંથઈ ખંખેરી નાંખ. ! અમારે તમને ઘણું કહેવાનું છે પણ કોને કહીએ...! આ તો વચમાં ધર્મની વાતમાં જેટલું સમષ્ટિગત કહેવાય તેટલું કહી દઈએ છીએ. જૈન શાસનની છાયા જેને પડી હોય તેને પુન્યથી મળેલ બધી ચીજ ફેંકી દેવા જેવી લાગે. તમને તે લાગી છે ? ફેંકવા માટે મહેનત ચાલુ છે ? આપણી પાસે સામગ્રી હોય તો તેને ધર્મના કામ માટે ગણી ગણીને અપાય કે ખોબે ખોબે અપાય ? આજે પ્રભાવનાઓ કેમ અપાય છે ? ખોબે ખોબે ? મોટાને ચાર અને નાના છોકરાને બે આપે તેમાંની જાત છે. આજે નાના છોકરાને ચોરી કરતાં શીખવું હોય તો આ

પ્રભાવના અ.પવાની રીતે. આજે પ્રભાવના કરનારો પણ એવા જ માણસોને પ્રભાવના આપવા માટે ઉભા રાખે કે જે આવું સારી રીતે કરતો હોય. બસ્સોનું કામ હોય અને પોતી બસ્સોમાં પતાવે તો તેની પીઠ થાબડે.

ભગવાનની વાણી સાંભળવા આવે તેની ભકિત કરવી છે એવી ઉદારતા કયાં છે આજે ? જો તમે એ ઉદારતા શીખી ગયા હોત તો શાસનના કામમાં કેવા ઉદાર બની ગયા હોત...!

આજે પૈસા વગર કામ થાય એવું નથી બધા પૈસાના ભિખારી બની ગયા છે. જો જૈન સમાજના ચારે ફીરકાના આગેવાનો સમજૂ હોત તો આ સરકારના ૫૧ લાખમાં રાજી થાત ? તે તો સરકારને કહી દેત કે આ ૫૧ લાખ તો અમારા સંઘ માટે શાકભાજી છે ! આ ઘોર હિંસા અમારા આર્યદેશમાં પ્રવર્તી રહી છે જો તમે ભગવાન મહાવીરનો નિર્વાણ કલ્યાણક મહોત્સવ કરવા બેઠા છો તો બાર મહિના માટે હિંસા બંધ કરી દો. બધા કતલખાનાઓને તાળાં દઈ દો. એમ કરતાં બાર મહિનામાં લોકો ટેવાઈ જાય અને લોકોને ગમી જાય તો કાયમ માટે ઘોર હિંસાને ફેંકી દેજો. પણ આ બધું કોણ વિચારે. આજે તો કતલખાના વેપાર માટે બની ગયા છે. પરદેશ નિકાશ કરી તેનાથી હુંડિયામણની કમાણી કરવી છે. ભૂતકાળમાં કોઈ સરકાર આવી ઘોર હિંસક પાકી નથી હજારો અને લાખો જીવોનો નાશ કરનારી આજની સરકાર અહિંસા મૂર્તિ ભગવાન મહાવીરના નિર્વાણ કલ્યાણકની ઉજવણી કરશે ?

આજની સરકાર ભગવાન મહાવીરને જગતના ઉદ્ધારક તરીકે માને છે ? ભગવાન મહાવીર એટલે ? તે તો કહેશે કે જેમ દેશમાં ફલાણા થઈ ગયા ઢીંકણા થઈ ગયા ટાગોર થઈ ગયા એવા ભગવાન મહાવીર થઈ ગયા છે. ભગવાન મહાવીર એટલે અમુક થઈ ગયા તેવા, એવું એ કહે તો આપણે એ વાત સ્વીકારીએ ?

આપણે તો એમ કહેવું છે કે અમારા ભગવાન કોઈ નેતા ન હતા, દેશના કોઈ મોટા માણસ ન હતા પણ તે સાચા ય જગતના ઉદ્ધારક હતા. તેમણે રાજને પાપ કહ્યું છે અને રાજગાદી પર બેસનારા જો તેને સારી માને તો તેઓ મહાપાપી છે એમ કહી ગયા છે. આવું જે ન માને તે ભગવાન મહાવીરનું નામ લઈ શકે ?

આજે તો આગેવાનો સામે ચાલીને સરકાર પાસે આજીજી કરી આવ્યા છે. તેમના કામમાં સહી કરી આવ્યા છે. તમારે સમજુ થવાનું છે. જે કોઈ વિરોધ થોડા ઘણાં પણ કરી રહ્યા હોય... ના ... થોડા નહિ વિરોધ કરનારા ઘણા છે. સંઘમાં વિરોધ ઘણાનો છે. તેઓએ ડાહ્યા બનવું પડશે. જે કોઈ વિરોધ કરે છે તે કાંઈ પાગલ નથી. તેમને ભગવાન મહાવીર ઓછા વહાલાં છે તેમ નથી, તેમને (આપણે) તો આપણા ભગવાન દુનિયાને ભગવાન તરીકે આપવા છે. આ ભગવાન બધાને ગમી જાય તેવું નથી. ભગવાન ગમી જાય અને ભગવાનને માને તેને તો ભગવાન ઘર છોડવાનું કહે, મોજશોખ છોડવાનું કહે, સુખ છોડવાનું કહે તે બધું માનવું પડે ને ? ભગવાનને માનનાર મોજથી ટી. વી. ઘરમાં ઘાલે ? આગળ તો ભગવાનને માનનાર મુંબઈ શહેરમાં વસવા કે આવવા રાજી ન હતો. આજે તો તમે બધા અહીં આવી વસ્યા એટલે અમારે પણ મુંબઈ આવવું પડે છે. તમે બધા વિરોધની જડ સમજી જાઓ. સાચા વિરોધની વિરોધ કરવાની વાત આવતી હોય તો સમજીને બોલો. સમજ્યા વગર બોલવું નહિ, સમજવા માટે તમારે બધા ઊંડાણમાં ઉતરવું પડે.

આપણા ભગવાન મહાવીર અનંતા તીર્થંકરો પૈકીમાંના એક છે. જગતમાં તીર્થંકર અજોડ છે. તેમની સરખામણી તીર્થંકર સાથે જ થાય, બીજા સાથે ન જ થાય. તેમ ભગવાનનો મોક્ષમાર્ગ અજોડ છે. એટલે બીજા કોઈ માર્ગની સરખામણી તે મોક્ષમાર્ગ સાથે થઈ શકે નહિ. આ આપણે સમજવું પડશે. આ ખુરશી પર બેસેલાં જે છે તેમાં કોઈ, શિકારી, કોઈ માંસાહારી, કોઈ વ્યભિચારી, કોઈ સાતે ય વ્યસનમાં પુરા એવા છે એ આપણા ભગવાન માટે શું શું બોલશે ? તેમને વિપરીત બોલતા રોકવાની કોઈની તાકાત છે ? વડાપ્રધાન બોલશે, રાષ્ટ્રપતિ બોલશે, કોઈ કોઈ પ્રાંતોના મુખ્ય પ્રધાન બોલશે તેઓના ભાષણો પેપરોમાં મુખપૃષ્ઠ ઉપર મોટા અક્ષરે છપાશે. તમે સાંભળી નહિ શકો. તમારે ઘરના ખૂણામાં બેસીને રોવું પડશે. પણ રોશે કોણ ? જેના હૈયે ભગવાન વસ્યા હશે તે. પણ આ બધા તો તેમાં તાલી પાડશે.

'નુકશાન નાનું નથી ઘણું મોટું છે. પણ તમે બધા જો બરાબર સાવધ થઈ જાઓ તો મને ખાત્રી છે, મને પૂરેપૂરો વિશ્વાસ છે કે આ સરકાર જે રીતે કરાવવા માંગે છે અને આપણા આગેવાનો જે રીતે કરવા માંગે છે તે

હરગીજ નહિ થાય.' જરૂર પડે તો અમે દિલ્હી જવા તૈયાર છીએ. તમારી જરૂર પડશે તો તમને દિલ્હી મોકલશું.

તમે સમજુ બનો તો મુંબઈને કલંક નહિ લાગે. અમદાવાદને તો કલંક લગાડયું છે. આજે અમદાવાદમાં જે બની રહ્યું છે તે બહુ ભયંકર બની રહ્યું છે. અમદાવાદ પરવશ બન્યુ છે. એક વાણીયાને તાબે ભિન્ન ભિન્ન શેઠીયાઓ થયા છે, અમદાવાદને ગુલામ બનાવ્યું છે. તેની સામે આખો સાધુ સંઘ એક હોત તો અમદાવાદમા એક સાધુને રહેવા ન દેત. આવું અમદાવાદ અમારે જોઈતું નથી.

આ બધું કામ કર્યા વિના હવે ચાલે એવું નથી. અમે રાહ જોઈને બોલીએ છીએ. રાહ જોયા વિના બોલતા નથી. અહીના માલદારો જાગી ઉઠે તો બીજા જાગી ઉઠવાની તૈયારીમાં છે. આ મુંબઈ જાગી જાય તો કામ થઈ જાય તેવું છે. જાગો ! જાગ્યા વિના ચાલશે નહિ.

''ભગવાન મહાવીરનો સીનેમા ઉતરવાનો છે. 'कुंडलपूरके राजकुमार' નામે ! તેમાં ભગવાન મહાવીર તરીકેનું પાત્ર એક એકટર (સંજીવકુમાર ?) બનવાનો છે ' તે બધું તમારાથી સહન થશે ને ? તમે આવી ભૂલ ન કરતા.

નહેરૂજી જીવતા હતા ત્યારે ગાંધીજીની ફિલ્મ ઉતરવાની વાત આવી ત્યારે તેમને કહેલ કે કોઈ બીજો માણસ અમારા ગાંધી તરીકે આવે તે મને પસંદ નથી. બુદ્ધની પણ ફીલ્મ ન ઉતરવા દીધી. જાપાન અને ચીને ઘણો વિરોધ કરેલો. મહમદના એકવાળે જગતમાં કેવી હોહા મચાવી હતી તેની ખબર છે ને ?

ઘણો વિરોધ વિદ્યમાન છે. તમે બધા ઘોરીની નિદ્રામાં પડયા છો તો તમો જાગી જાઓ એ જ મારી તમને બધાને સલાહ છે.

આવો ધર્મ સામગ્રી સંપન્ન મનુષ્ય જન્મ મલ્યો છે તે શું મેળવવા મલ્યો છે ? ઘરમાં રહેવા માટે નહિ, પૈસામાં મહાલવા માટે નહિ, મોજશોખમાં રાચવા માટે નહિ, સુખ ભોગવવા માટે નહિ પણ સદ્ગુરૂના મુખેથી ભગવાનના શાસનને સાંભળવા માટે. તે સાંભળવાનું એટલા માટે કે ધર્મ જાણવો છે. ધર્મ પણ એટલા માટે જાણવાનો છે કે ઝટ આ સંસારથી છૂટી જવાય અને મુકિતની વહેલામાં વહેલી પ્રાપ્તિ થઈ જાય. તમે આ માટે બરાબર ધર્મનું શ્રાવણ કરો, સંભળાયેલું બરાબર સમજાય નહિ ત્યાં સુધી હૈયાને ચેન ન પડે. તેનું બરાબર ચિંતન મનન કરી હૈયામાં ધર્મ સ્થિર કરો. તો પછી મને લાગે છે કે સમકિત તમારા બાપનું છે. સમકિત કોઈના પાસે ભીખ માંગીને લેવાનું નથી. એ સમકિત પ્રગટ થાય તો શકિત હશે તો દેશવિરતિ વિના ચેન નહિ પડે અને વધુ શકિત હશે તો સર્વવિરતિ વિના ચેન નહિ પડે.

આ રીતે જો તમે ધર્મને પામી જાઓ તો તમારો આલોક સુંદર થઈ જશે, મરણ સમાધિપૂર્વક થશે, પરલોકમાં સુંદરમાં સુંદર સદ્ગતિની પ્રાપ્તિ સુલભ થઈ જશે અને તમારી મુકિત નજીક થશે. આવી દશાને તમે સૌ જલ્દીથી પામો તે જ શુભેચ્છા સાથે પુરૂં કરૂં છું.

## મનન મોતી

**સંગ્રાહિકા :**
**સૌ. અનિતા આર. શાહ**
**માલેગાંવ**

■ આપણે ભગવાનની આજ્ઞા મુજબ શુદ્ધ ધર્મ કરીને મોક્ષને માટે મહેનત કરવી છે કે સુખને માટે ધર્મ કરીને સંસારને શણગારવો છે !

■ અલંકાર એ શરીરનો શણગાર - ભૂષણ છે શીલ - સદાચાર એ જ આત્માનો સાચો શણગાર-ભૂષણ છે.

■ આત્મગુણ લક્ષ્મીના પ્રેમી જીવો ધર્મ માટે યોગ્ય કહેવાય.

■ પૈસા - ટકા બાહ્ય સુખ સામગ્રીના પ્રેમી બનેલા સંસારનું કાયમી ગુલામી ખત લખી આપનાર છે.

■ સાધુપણામાં વસ્ત્ર -પાત્રાદિ પરતી મમતા સાધુપણાને સળગાવી મૂકનાર છે.

■ સાધુવેષનો મહિમા પણ જાતવાન આત્માને માટે છે. કજાતો તો તેને પણ લજવનારા છે.

■ સાધુવેષ તો પૂજનીક છે તેમ સાધુતા પણ એટલી બલ્કે અધિક પૂજનીક છે.

■ આત્મ રમણતામાં સાધક વસ્તુ સંગ છે. જેમાં રાગાદિને પરવંશ બનેલા જીવો આસકિતને અનુભવે છે તેને સંગ કહેવાય છે. આ સંગ એ જ આત્મગુણથી પતિત કરનાર છે

■ વ્રત એ પાપના હેતુના ત્યાગ માટે છે, પાપના હેતુઓ દુનિયામાં કોઈ હોય તો તે રાગ અને દ્વેષ છે. એને સ્ત્રીઓ સિવાય સ્વરૂપને એનો ત્યાગ કરનારા જ સાધુપણાનું જીવન સુંદર પાલન કરી શકે છે.

# ❄ ❄ ❄ સંબંધની ગરીમા જાળવો ❄ ❄ ❄

- સૌ. રેખાબેન શાહ - અમરાવતી.

કર્માધીન આ સંસાર છે. કર્મના કારણે જીવને જન્મ - મરણના ફેરા થયા કરે છે. કર્મજન્ય સંબંધો પણ બંધાય છે અને મૂકાય છે. સંગ એ આત્માની વિરૂપ અવસ્થા છે, સહજ સિદ્ધ સ્વાભાવિક અવસ્થા નથી. નિઃસંગતા એ જ આત્માની સ્વરૂપ અવસ્થા છે. તે અવસ્થાને પામવા સંગ માત્રનો ત્યાગ કરવાનો છે. વાત બોલવી સહેલી છે, બે હોઠ ભેગા કરવાથી ઉચ્ચારણ થઈ જાય પણ અમલમાં લાવવી અઘરી છે. કર્મ છે ત્યાં સુધી સંગ થવાનો છે. માટે જ્ઞાનિઓ પોકારીને કહે છે કે નિઃસંગપણું પામવા કર્મના સંગથી છૂટવા, સાધુ-સજ્જન પુરૂષોનો સંગ કરો. સાધુપુરૂષો સંગથી બચાવવા સંજીવની સમાન છે. સાધુપુરૂષોનો સંગ પણ ગમે છે કેટલો ? કંઈક સ્વાર્થ સધાતો હોય તો હજી ગમે પણ પરમાર્થની વાત કરે તો આપણા કામના નહિ.

કર્મજન્ય સંબંધોમાં પણ આજે કલંકની કાલીમા લાગી રહી છે. સંબંધમાં ગૌરવની ગરીમા દેખાવી જોઈએ તેના બદલે સ્વાર્થતા - સંકુચિતતા ડોકીયાં કરી રહી છે. આનું કારણ પૂછતાં મારા પૂ. ગુરૂદેવે મને જણાવ્યું કે જ્ઞાનિઓએ આપણને બધા ખૂલાસા આપ્યા છે. આપણે ત્યાં પાંડવોની કથા પ્રસિદ્ધ છે. હાલ તેમના પ્રતિબોધ માટે પાંડુદેવે આવી કરેલા ઉપાયની માત્ર પ્રાસંગિક વાત વિચારવી છે. પાંચે પાંડવોને નવું આશ્ચર્ય કહે તો દિવ્ય ઘોડો ભેટમાં આપું. પાંચે ભિન્ન ભિન્ન દિશામાં ક્ષણ માત્રમાં બાર યોજન જઈ આશ્ચર્ય જોઈને આવ્યા તેમાં સૌથી નાનો ભાઈ નકુલ જે દિશામાં ગયેલો ત્યાં તેને એક હ્રદ જોયેલો ત્યાં ત્રણ ત્રણ ઘડા ઉપર નીચે ગોઠવેલા હતા. પહેલા ઘડાનું પાણી બીજા ઘડામાં ન જતા સીધું ત્રીજા જ ઘડામાં જતું હતું. આ આશ્ચર્ય જોઈ ત્યાંની પનિહારીઓને તેનું અજાયબ કારણ પૂછતાં એક જવાબ સાંભળવા મલ્યો કે- આ હ્રદનો આ પ્રભાવ છે તે જાણીએ છીએ. પછી અંતે પાંડુ દેવે પ્રગટ થઈ પાંચે આશ્ચર્યોનું કારણ બતાવેલ તેમાં આ કલિકાલનો પ્રભાવ વિશેષ જણાવેલ. તેમાં તેઓએ જણાવેલ કે આ કલિકાલમાં તેમાંય પાંચમાં આરામાં પોતાના ગણાતા સગા - સ્નેહી - સ્વજનો સાથે સુમેળ, મનમેળ અલ્પ જોવા મળશે અને પારકા ગણાતા મિત્ર આદિ પરજનો સાથે પરસ્પર સુમેળ, મનમેળ વધારે જોવા મળશે. જે વાત આજે અક્ષરશઃ પ્રત્યક્ષ દેખાઈ રહી છે. આપણે આપણી જાતને બચાવી, સંબંધની ગરિમા જાળવી અંતે કર્મજન્ય સંબંધ માત્રથી મૂકાવું છે.

કર્મજન્ય સંબંધને વર્તમાનની વ્યાખ્યામાં વિચારીએ તો લોહીની સગાઈના અને લાગણીના એમ બે પ્રકારના સંબંધો કહી શકાય. દરેક માણસને હુંફની ભુખ અને તરસ હોય છે. કોઈ પ્રેમથી આવકાર આપે તે બધાને ગમે છે બીજાની પાસે પ્રેમની અપેક્ષા રાખનારો પોતે પ્રેમ આપવામાં કેમ ઊનો ઉતરે છે તે સમજાતું નથી. સ્નેહી - સંબંધી અને સ્વજનોનો લોહીની સગાઈના પછી માતૃપક્ષ કે પિતૃપક્ષ હોય તેમાં સમાવેશ થાય છે. જ્યારે સખ્યપણું, આત્મીયતાની ભાવનાથી ભીંજાયેલા અને સ્વયં સ્વીકૃત કરેલા સંબંધોને લાગણીના કહી શકાય. આપણે આપત્તિમાં હોઈએ તે વખતે કરેલી મદદ, આપેલો સહયોગ આગળ વધવા પકડેલો હાથ, બતાવેલી કેડી, નિસ્વાર્થપણાની બતાવેલી લાગણી એમ આભાર, ઉપકાર, સહયોગ પ્રદાન આદિ વિવિધ રૂપે લાગણીના સંબંધો આકાર લે છે. લાગણીના સંબંધની સુવાંળપ અને મીઠાશ આપણને સહુને ઘણી ગમે છે. પરંતુ જો તે જ લાગણીમાં અધિકાર પ્રિયતા, જોહુકમી, આજ્ઞાપાલકતા, તાબેદારીતા, અહંકારપણું ભળે તો સૌની લાગણી ઘવાય છે. જે મીઠાશના મૂળ હતા તેને કડવાશને પેદા કરી.

જ્યારે લોહીના સંબંધોમાં કે સ્વજનપણામાં અધિકારપણાથી અળગું રહેવું અશકય બને છે. તેમાંથી અપેક્ષા જન્મે છે. અપેક્ષા સંતોષાવી જ જોઈએ તે ભાવના પ્રબળ બને છે. બધા જ મને અનુકૂળ રહે, મને ગમતું કરે, હું કહું તેમ જ કરે, તેમાં જરાપણ વાંધો વચકો કે વિરોધ ન કરે આવી આગ્રહભરી આકાંક્ષા આકાર લે છે. તે જો પૂરી ન થાય તો પોતાનો અહં અને મમ ઘવાય છે. અધિકારપણાનો નશો એ સંબંધના ગૌરવના ચીંથરેહાલ ઉડાડનાર છે. પણ તેમાંથી જન્મેલું અભિમાન તેને આંધળો બનાવે છે. તેમાંથી જન્મેલી

પ્રબળ મહત્વકાંક્ષા અને ક્રોધ એ ભૂલાવે છે, ન બોલવાનું પણ બોલાવે છે. ''આટલું આટલું કરવા છતાં, તમારી ખાતર જાત ઘસવા છતાં તમને કાંઈ જ કિંમત નથી સંબંધની શાન સાચવતા પણ આવડતું નથી.'' આવી જૂની ઘસાયેલી ચવાયેલી એકની એક રેકર્ડ વગાડી સંબંધને ખતમ કરવા આક્રમક, અવિચારી અને એક તરફી પગલાં લેતાં પણ તે અચકાતા નથી. તેથી તેવા સંબંધમાં આગ્રહ - દુરાગ્રહ - કદાગ્રહ - હઠાગ્રહ - જીદ - મમતની માત્રા એટલી બધી જોવાય છે કે જેના વિના ચાલતું પણ ન હતું તેનું નામ દેતાં પણ મોં કટું બને છે. પછી નિર્જીવ પૂતલા જેવો બધો રૂક્ષ વ્યવહાર દેખાય છે, ડગલેને પગલે વાદ - વિવાદ - વિખવાદ - વિષાદની વાદળી વરસ્યા કરે છે. સમજ કે અણસમજ ગમે તે હો પણ આજે લોહીની સગાઈના સંબંધમાં અધિકારપણાને જાણતા કે અજાણતા તાબે થવાય છે, તેને જ મહત્ત્વ અપાય છે. તેથી જ પોતાના પ્રિય કુટુંબી - સંબંધીની પણ નાનકડી ભૂલ, ક્ષતિ, વ્યવહારચૂક, સંબંધીની અપેક્ષા - અનુકૂળતા કે જરૂરિયાતને સંતોષવાની અક્ષમતા કે નિષ્ફળતા અક્ષમ્ય અપરાધ ગણાય છે. રાઈને પહાડ જેવું સ્વરૂપ અપાય છે. વાતનું વતેસર કરાય છે, હસવામાંથી ખસવું થાય છે. પોતાનો જ કક્કો ખરો કરવાની જીદે - મમતે ચઢી સંબંધનો ભાંગીને ભુક્કો થાય તેવી પરિસ્થિતિ સર્જાય છે. 'મન, મોતીને કાચ, તૂટયાં સંધાતા નથી' તેવી કહેતીનો આશરો લઈ સ્વાર્થતાને આગળ કરી, સંબંધને નામશેષ પણ કરાય છે. નહિ તો સંસારમાં સપ્તવેદીના ફેરા ફરનારા, સમાજની સાક્ષીએ લગ્નના પવિત્ર બંધનથી બંધાનારા, છૂટાછેડા સુધી પહોંચે તો તેનું કારણ મનોવૈજ્ઞાનિકોને પણ આજ આપવું પડશે કે બન્નેને પોતાનો ઈગો નડયો. અહં ટકરાયું, જીદ -મમત જીત્યા. ખરેખર જો સંબંધની પવિત્રતા, ગરીમા, ગૌરવ સમજ્યાં હોત અને કર્મજન્ય સંગનું નિવારણ કરવા વિષનું મારણ વિષ, અગ્નિનું મારણ અગ્નિ તેમ નિસ્વાર્થ સંગ એ સંગનું મારણ જરૂર બનત. પણ સ્વાર્થી પાસે આવી અપેક્ષા પણ અનપેક્ષિત છે.

જ્યારે લાગણીના સાચા સંબંધમાં પરમાર્થવૃત્તિ, પવિત્રતાનો સ્ત્રોત વહેતો હોય છે. લેવા કરતાં આપવાની ભાવના સહજ હોય છે. નિસ્વાર્થપણે સાચવવાની વૃત્તિ હોય છે. તેમાં સદ્‌ભાવ જન્યતા હોય છે, પરસ્પરનું કરી છૂટવાનું મન હોય છે, સ્વભાવની સમાનતા, સમજણની સમાનતા, ત્યાગ - સમર્પણ - સહિષ્ણુતાની સમાનતા હોય છે, આભાર, ઉપકાર અને અણીના અવસરે કરેલી મદદની કદરદાની ઝળહળતી હોય છે, આત્મીયતા, હુંફ અને હૈયાનું દુઃખ - વેદના ઠાલવવાની અનુકૂળતા સહજ બને છે, વિશ્વાસ - વફાદારીના સ્મરણોની સુમધુરતાથી સંબંધની સરિતા અસ્ખલિત વહ્યા કરે છે. આનું એક જ કારણ છે. આમાં અધિકારજન્ય અપેક્ષા નથી. અપેક્ષા રૂપી રાહુથી આ સુમધુર સૌમ્ય સંબંધરૂપી ચંદ્ર ગ્રસિત થયો નથી તેથી તેની ઉજ્વલ પ્રભા પૂર્ણિમાની ચાંદનીની જેમ સદૈવ ખીલી ઊઠે છે. જ સંબંધમાં અધિકારતા અને અપેક્ષા મુખ્ય બને છે તે સંબંધમાં સહજ ઉષ્મા કરતાં સ્વાર્થ પ્રધાન બને છે. લાભ ખાતર લોટનારા લોકો જ સંબંધને દૂષિત કરે છે અને પાછા પોતાને વ્યવહારજ્ઞ જણાવે છે. આનું જ નામ કલિકાલનો પ્રભાવ ! સાચા સંબંધમાં મોજમજા - ભોગ કરતાં પણ ત્યાગ - સમર્પણ - વિશ્વાસ - વફાદારીનું વાવેતર વધારે હોય છે. જે સંબંધમાં વાવવા કરતાં લણવાની ગણતરી જ કરાતી હોય ત્યાં સંબંધની શાન પ્રગટતી નથી. તેવા લોકો તો સાચા સંબંધનો ઉપયોગ પણ માત્ર પોતાની જ પ્રગતિ માટે મહત્ત્વાકાંક્ષા માટે પગથિયા તરીકે કરે છે. અને સ્વાર્થ સિદ્ધ થતા સંબંધનો દ્રોહ કરે છે. સંબંધીને એક રમકડું માને છે. મનફાવે તેમ નચાવવું પછી તરછોડી દેવું.

સંબંધની આન - શાન - ગરીમા - ગૌરવ જાળવવા સંબંધ બાંધો હળવે પણ જીરવવો અને જાળવવો તો ખરા દિલથી. આત્મહિતૈષી આત્મા જ આવું અસિધારાવ્રત સમ કામ કરી શકે. સંબંધને લીલોછમ રાખી, કર્મ જન્ય સંગને તોડી શકે. સંબંધીની અવિદ્યમાનતામાં પણ તેના સ્મરણને સૌ વાગોળે. ભલે તમારા આંસુ કદાચ કોઈ ન લુછે પણ તમે સૌ સંબંધીના આંસુ લુછજો તો સંબંધની ગરીમા જળવાશે. આત્મામાં એવું સાચું સત્ત્વ - શૌર્ય પ્રગટશે જે આત્માને કાલાંતરે પણ નિઃસંગતાને અપાવશે. આપણે તો નિઃસંગતાને પેદા કરવા મોહ - મમતને મારવા છે. મારા તારક પૂ. ગુરૂદેવે મને કહેલું કે- સંબંધીના શરીરની કે સુખની નહિ પણ તેના આત્માના હિતની ચિંતા કરે તે સાચો સંબંધી - કુટુંબી. તેવો જ આત્મા કુટુંબનું સાચું પાલન પોષણ કરે. મોહમગ્ન આત્મા તો કુટુંબનું પાલન કરી પણ સત્યાનાશ કાઢે. માટે આપણે સૌ આત્માના હિતના સાચા સંબંધી બની સંબંધની શાન જાળવીએ. આજ્ઞા વિરૂદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના.

# પ્રવચન - છેતાલીશમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

સં. ૨૦૪૩, ભાદરવા સુદિ- ૧૪, રવિવાર તા. ૬-૯-૧૯૮
ચંદનબાળા જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦ ૦૦

ગતાંકથી ચાલુ......

આપણે કેવા છીએ તે નક્કી કરવું છે. ભવ્ય છીએ? ભવ્ય છીએ તો લઘુકર્મી છીએ? સાધુપણું લેવાની ઈચ્છા થાય છે? સાધુ થયેલાને પણ આગળને આગળ વધવાનું મન થાય છે ખરૂ? સાધુ થયેલાને પણ ખાવા - પીવાદિમાં મઝા આવતી હોય, માન - પાનાદિ ગમતા હોય તો તે બધા પણ ભારેકર્મી પણ હોય, દુર્ભવ્ય પણ હોય અને અભવ્ય પણ હોય. અભવ્ય આદિ પોતાનો સ્વાર્થ સાધવા પણ સાધુ થાય. મોક્ષે જનાર જીવને ય ટક્કર મારે તેવું સાધુપણું પણ પાળે. તે છતાં પણ ધર્મ પામે જ નહિ. આથી મોક્ષે જવા માટે જ જેઓ સાધુપણું પાળતા હોય તે બધા ડાહ્યા જીવો કહેવાય. 'આ વિષય - કષાયાદિ પ્રમાદો જ્યાં સુધી મને નડશે ત્યાં સુધી મારું ય ઠેકાણું નહિ પડે' આવું જેને થાય તે ય સારો કહેવાય. સંસારની જ બધી અનુકૂળતા કરી આપે તે ગુરુ પણ દુર્ગતિમાં મોકલનારો છે.

જૈન મા - બાપ એવા હોવા જોઈએ જે પોતાના સંતાનોને સાધુપણું અપાવે અને સાધુઓના સાધુપણાની પણ ચિંતા કરે. તમારા મા-બાપ તમારા આત્માની જ ચિંતા કરે છે કે તમારા શરીરની જ ચિંતા કરે છે? તમે પણ તમારાં સંતાનોના આત્માની ચિંતા કરો છો કે શરીરની ચિંતા કરો છો? તમારા મા - બાપે તમને સાધુ થવાની વાત કરી છે.?

પ્ર. - સાધુપણાની વાત આપ જ કરો છો.

ઉ. - જૈન સાધુ તમારા ઘર માંડવાની વાત કરે ખરા? સંસારમાં મઝેથી લહેર કરે તેને સારા માને? કરોડપતિ આદમી પણ મંદિરે આવતો ન હોય, સાધુ પાસે ય જતો ન હોય તેને ય કેવો માને? તેવાને 'તમે બહુ સારા છો, તમારા ઘરે ધર્મ છે' તેમ કહે?

સાધુપણું તે જ ધર્મ છે. સાધુપણું કયારે આવે? દુનિયાનું મારલું સુખ છોડી દે અને કોઈ તે સુખ આપવા આવે તો ય લે નહિ અને ભવિષ્યમાં આવું સુખ મલજો તેમ ઈચ્છા પણ કરે નહિ અને દુઃખ મઝેથી વેઠે તેનામાં સાધુપણું આવે. સંસારનું સુખ ભૂંડું લાગે અને દુઃખ સારું લાગે તેને સાધુપણું અપાય. સંસારનું સુખ સારું લાગે તેને સાધુપણું આપે તો તે ફજેતી કર્યા વિના રહે નહિ.

જૈન જ મોક્ષે જાય તેનો અર્થ શો સમજો છો? શ્રી જિનેશ્વરદેવનો ભગત તે જૈન કહેવાય. તે જૈન સંસારના સુખનો વિરાગી હોય અને પાપના પ્રતાપે દુઃખ આવે તો તે દુઃખમાં સમાધિવાળો હોય દુનિયાના સુખને દુઃખ કર્મને ભોગવે તેનું નામ જૈન. આ દુનિયાના સુખની ઈચ્છા પાપના ઉદયવાળાને થાય. કયા પાપનો ઉદય કહેવાય? અવિરતિ નામના પાપનો ઉદય કહેવાય. આવું સમજનારા તમે તમારાં સંતાનોને અવિરતિવાળા બનાવવા માગો છો કે વિરતિવાળા બનાવવા માગો છો?

હવે આ ગ્રન્થકાર પરમર્ષિ શ્રી સૂયગડાંગ સૂત્રની સાક્ષી આપી સમજાવે છે કે - મા - બાપ, ભાઈ - ભાર્યા - ભગિની આદિ બધા ભયરૂપ છે. આ આખો સંસાર ભયરૂપ છે. સંસારના સંબંધી તમને કેવા બનાવવા ઈચ્છે છે? તમારા મા - બાપે તમે સાધુ બનો તેમ કહ્યું છે? સાધુ ન થવાય તો શ્રાવક બનો, સમકિત પામો તેમ પણ કહ્યું છે? તમે પણ તમારાં સંતાનોને શું કહો છો? શું ભણાવો છો? નવતત્ત્વાદિ ભણેલા કેટલા મળે? નવતત્ત્વાદિ ભણેલા પણ આ સંસારને આશ્રવ માને કે સંવર માને? આશ્રવ સંસારમાં રખડાવે કે મોક્ષે મોકલે? તમારાં સંતાન સંસારમાં રહે તે તમને ગમે કે સાધુ થાય તે ગમે? મારે ઘેર જન્મેલાં સંતાન સાધુ થઈને વહેલા મોક્ષે જાય તેવી પણ તમને ઈચ્છા થાય છે ખરી? તમને બધાને પણ મોક્ષની ઈચ્છા થઈ છે ખરી?

ધર્મ સાંભળવા આવેલા ઘર - પેઢી, પૈસા - ટકાદિ આખા સંસારથી કંટાળેલા હોવા જોઈએ. 'હજી અમને આવો કંટાળો નથી આવતો પણ આવો કંટાળો આવે તો સારું'તે માટે પણ અહીં ધર્મ સાંભળવા - સમજવા આવતા હો તો ય હું રાજીનો રેડ થાઉં. વર્ષોથી વ્યાખ્યાન રોજ સાંભળે, તેને ય પૂછીએ કે- રોજ વ્યાખ્યાનમાં કેમ આવ છો તો તેનો ય જવાબ સાચો નથી આપતા. વ્યાખ્યાનમાં તો તત્ત્વ ભગવાને કહેલાં સમજાવું છું. તત્ત્વમાં તો આખો સંસાર ભૂંડો કહ્યો છે. દુનિયાનું સુખ પણ ભૂંડામાં ભૂંડું કહ્યું છે તે માનો છો? દુનિયાનું સુખ મઝેથી સચી - માચીને ભોગવે તે દુર્ગતિમાં જાય. આ વાત કહી કહીને થાક્યા પણ હૈયાથી કેટલા માને છે? સાધુ પણ જો આ વાત નહિ માને તો તે પણ દુર્ગતિમાં જ જવાના છે.

માતા - પિતા - ભાઈ - ભાર્યા - ભગિની આદિ બધા મોટેભાગે સંસારના જ પ્રેમી હોય છે. તમે બધા સંસારમાં જ રમો તેમ ઈચ્છતા હોય છે માટે જ તે બધા સંબંધી ભયરૂપ છે. આવો ભય જેને લાગે તેનું ઠેકાણું પડે. તે મા - બાપાદિથી ડરે.

શ્રી આર્યરક્ષિતની વાત ઘણીવાર કરી છે. તમે તેની માને ઓળખો છો ? તેનું આખું કુટુંબ મિથ્યાદ્રષ્ટિ છે તે એક જ સમ્યગ્દ્રષ્ટિ છે. તેનો દિકરો આર્યરક્ષિત નાની વયમાં ચૌદ વિદ્યાનો પારગામી થઈને ગામમાં આવ્યો છે. તેનું ખુદ રાજાએ સન્માન કર્યું છે, અને હાથી ઉપર બેસાડીને મોટો પ્રવેશ મહોત્સવ કરાવ્યો છે. તે વખતે આખું ગામ તેની સામે આવ્યું છે માત્ર એક તેની મા જ આવી નથી. તેથી તે માને નહિ જોવાથી વિહ્વલ થઈ ગયો છે. માને મળવા અધીરો થઈ ગયો છે. તે બધો પ્રસંગ પતાવી જલ્દી જલ્દી ઘેર આવે છે તે વખતે મા સામાયિક લઈને બેઠી હોય છે. આ માના પગમાં પડીને કહે છે કે- માતાજી ! આખું ગામ આજે આવ્યું અને તને આવવાનું મન પણ કેમ ન થયું ? ત્યારે તેની માએ કહ્યું કે- ગામ તારી મા નથી, હું તારી મા છું. ત્યારે તેણે પૂછયું કે- મા ! હું ચૌદ વિદ્યા ભણીને આવ્યો તેનો તને આનંદ નથી આવતો ? ત્યારે તેની માએ કહ્યું કે- નરકાદિ દુર્ગતિમાં લઈ જાય. સંસાર વધારે તેવી વિદ્યા ભણીને આવ્યો તેનો આનંદ કઈ રીતે થાય ? દ્વાદશાંગી ભણીને આવ્યો હોત તો આનંદ થાત. તેણે આ નામ જ પહેલી વાર સાંભળ્યું અને મનમાં નક્કી કર્યું કે માને ખુશ કરવા મારે દ્વાદશાંગી પણ ભણવી.

તમે બધાએ મોક્ષનું નામ કેટલીવાર સાંભળ્યું છે ? મોક્ષ બધા દર્શનકારો માને છે ભલે સ્વરૂપમાં ભેદ હોય. છતાં પણ મોક્ષ માટે ધર્મ કરનારા થોડા જ જીવો મળવાના. તમને સંસાર ગમે છે કે મોક્ષ ગમે છે ?

સભા : બન્ને ગમે છે.

ઉ. - ખોટું બોલો છો.

તમને દરિદ્રતા ગમતી જ નથી, શ્રીમંતાઈ જ ગમે છે. તમે તેટલા પૈસા મળે તો ય હાશ થતું નથી. અને ધર્મની બાબતમાં થોડો કરો તોય ઘણો કર્યો તેમ માનો છો. આજે જે એમ કહે કે - અમે શકિત મુજબ ધર્મ કરીએ છીએ તો તે મોટેભાગે જૂઠ્ઠા છે. તમે બધા જો શકિત મુજબ ધર્મ કરતા હોત તો દુનિયામાં જૈનધર્મની વાહ વાહ થઈ હોત ! જૈન ધર્મિને જોઈને લોક કહેત કે- ધર્મ તો આ જ ! તેની પાસે પૈસા હોય ને દુનિયાને જરૂર પડે તો વરસાવ્યા વિના રહે નહિ.

આજે તો ઘણા ભાગ્યશાલી એવા પાકયા છે કે - પૈસાનું દાન કરવું પડે તેમ હોય તો ઉપાશ્રયે આવે નહિ. ઘણા સુખી અહીં કેમ નથી આવતા ? વારંવાર ટીપ આવે એટલે નામ પ્રમાણે આપવું પડે, ન આપે તો નાક કપાય. એટલે આવે જ નહિ. આજે તો ઘણા અમારા કાનમાં આવીને કહી જાય છે કે- બહુ ટીપ કરાવશો નહિ, નહિ તો અહીં આવતા બંધ થઈ જઈશું. આવી સલાહ આપનારા પણ છે. અમે તે લોકોની વાત માનતા નથી તે જુદી વાત. બાકી આજે ઘણા સાધુ અને ગૃહસ્થોને સારો 'મેળ' છે.

શ્રી સૂયગડાંગ સૂત્રની સાક્ષી આપતાં ફરમાવે છે કે- આખો સંસાર ભયરૂપ છે. સંસારનું સુખ મહાભયરૂપ છે. સંતાનોને દુનિયામાં સુખી અને સંપત્તિવાળા બનાવવાની ઈચ્છાવાળા જે માતા - પિતાદિ સ્નેહ - સંબંધી હોય તે બધા સંસારમાં રખડાવનાર છે માટે ભયરૂપ છે. તેનો જેને ભય લાગે તેનું કલ્યાણ થાય. તમને તમારા મા - બાપોએ શા માટે ભણાવ્યા છે ? ઘર ચલાવવા કે ધર્મ કરવા ? તમને શરીરનો પ્રેમ વધારે છે કે આત્માનો પ્રેમ વધારે છે ? તમારા દીકરાઓને માત્ર સંસારનું જ જ્ઞાન આપો છો કે આત્મજ્ઞાન પણ આપો છો ? તમારે સંતાનોને કયાં મોકલવા છે ? તમારે તો પ્રામાણિકપણે કહેવું જોઈએ કે - અમે તો અમારે કયાં જવાનું છે તેનો ય વિચાર નથી કર્યો તો સંતાનોનો તો કયા કરીએ ! રોજ વ્યાખ્યાન સાંભળનારા પણ પોતે સંસારની ચિંતા કરે, સંતાનોને પણ સંસારમાં જ જોડે તે બધા મહામિથ્યાદ્રષ્ટિ જ કહેવાય ! આ ઓઘો ય દુનિયાની મોજમઝાદિ માટે લે તો તેય મિથ્યાદ્રષ્ટિ જ કહેવાય.

શ્રાવકપણ સંસારમાં મોજમઝાદિ કરે તો મરીને કયાં જાય ? સંસારની મોજમઝાદિ તે પાપ છે તેમ લાગે છે ? ખાવા - પિવાદિની મઝા, પૈસા - ટકા તે બધુ પાપ છે તેમ લાગે છે ? તમે લોકો તો ચારે બાજુથી પાપમાં ઘેરાયેલા છો ? ઘર - પેઢી, પૈસો - ટકો દુર્ગતિમાં જ લઈ જનારો છે. મા - બાપાદિ પણ દુર્ગતિમાં લઈ જનાર છે. તમારા મા - બાપાદિને તમે કમાવ નહિ તેનું દુઃખ થાય કે તમે ધર્મ ન કરો તેનું દુઃખ થાય ? જે છોકરો શ્રાવકપણાની બધી ક્રિયા ન કરે તેનું કમાયેલું ખાવું નહિ તેવો પણ નિયમ કરવો છે ?

ક્રમશઃ

# આણંદ શહેરમાં ઐતિહાસિક ચાતુર્માસ

આણંદ શહેરના નાનકડા જૈન સંઘ જૈન શાસનના જગપ્રસિધ્ધ જ્યો તિર્ધર પૂજ્યપાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા. નાં પ્રવચન પ્રભાવક શિષ્યો પૂજ્ય મુનિપ્રવર શ્રી મોક્ષરતિવિજયજી મ., પૂ. મુનિપ્રવર શ્રી તત્વદર્શન વિજયજી મ. ની પુણ્ય પ્રેરક નિશ્રા પામીને ઇતિહાસ સર્જક ચાતુર્માસ પર્વ ઉજવ્યું, માણ્યું.

વિશાલગચ્છાધિપતિ પૂજ્યપાદ આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞાશિષપૂર્વક સં. ૨૦૫૬ અ. સુ. છઠના મંગલદિને ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારથી આરાધનાનો મા હોલ સર્જાવા માંડયો. દશવિધયતિ, ધર્મતપ, સાંકળી અટ્ઠમ આદિ તપશ્ચર્યાઓ શરૂ થઇ. સાથે સાથે ધર્મનો મર્મ સમજાવતી વિચારીય પ્રવચન શ્રેણીના મંડાણ થયા પર્યુષણ પર્વની પહેલા ૭ ને પછી કુલ આઠ રવિવાર સુધી મુખ્યત્વે ત્રણ વિષયોનું સતત ત્રણ કલાક સુધી વિવેચન થયું હતુ. (૧) અપુનર્બંધકનાં લક્ષણો (૨) જિનપૂજા (૩) પ્રશ્નોતરી......

અ.વ. ૧૪ પૂજ્યપાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. ની દશમી સ્વર્ગારોહણતિથિ પ્રસંગે શ્રી શાંતિસ્નાત્ર સહ ત્રિદિવસીય મહોત્સવનું ભવ્ય આયોજન થયું હતું. વિવિધ તપસ્યાઓ પ્રવચનો અને પ્રતિક્રમણોથી પર્યુષણ પર્વને વધાવાયું શ્રી વીર જન્મવાંચનના પાવન દિને આણંદ શહેરથી સૌ પ્રથમવાર શ્રી શત્રુંજય મહાતીર્થ છ'રી પાલક યાત્રાસંઘનું આયોજન જાહેર થતાંવેંત ટપોટપ સંઘપતિઓનાં નામ લખાઇ ગયાં નિર્ધારીત આયોજન પૂર્ણ થઇ જતાં સંવત્સરીના મંગલદિને શ્રી ઉપધાનતપની યોજના શ્રી સંઘસમક્ષ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનુભાઇ વાડીલાલ શાહે રજૂ કરી જોત જોતામાં ઉપધાનની જય બોલાઇ ગઇ. ફરી એકવાર શ્રી સંઘમાં આરાધનાનું મોજું ફરી વળ્યું.

✓ શ્રી ઉપધાનતપના મુખ્ય આયોજક તરીકે શ્રી ચીમનલાલ દલસુખભાઇ શાહ પાદરાવાળા અને શ્રી પ્રભાવતીબેન અંબાલાલ વોરા વઢવાણવાળા બે પરિવારોએ સંયુક્ત લાભ લીધો. આયોજક તરીકે શ્રી માણેકબેન વાડીલાલ શાહ અને એક સદ્ગૃહસ્થે લાભ લીધો. તથા સહઆયોજક તરીકે શ્રી વીરબાળાબેન હસમુખભાઇ શાહ, શ્રી ધીરજલાલ જગજીવનદાસ શાહ, શ્રી કાંતીલાલ જગજીવનદાસ શાહ, શ્રી પદ્માબેન નવીનચંદ્ર શ્રોફ અને શ્રી કોકીલાબેન અચરતલાલ શાહે લાભ લીધો.

*** પ્રસ્તુત છે ઉપધાનની અનુમોદનીય ઝલક ***

(૧) ૯૦ આરાધકોએ ગૃહવાસનો ત્યાગ કરીને સાધુ જેવું જીવન ઉત્સાહપૂર્વક વિતાવ્યું.

(૨) ૧૫ વર્ષથી નીચેના ૨૫ જેટલા બાલક-બાલિકાઓએ સ્ફુર્તિપૂર્વક ઉપધાનમાં તપ જપ આદર્યા સૌની શાતા-પ્રસન્નતા જોઇને ભાવિકોએ આશ્ચર્ય આનંદ અનુભવ્યા.

(૩) રંગરાગ છોડાવીને તપત્યાગમાં પોતાના નાના બાળકોને જોડનારા ધન્ય માતાપિતાની જેમ પોતાના દોઢ મહિનાના, ત્રણ-ચાર વર્ષના, સંતાનોને ઘેર મૂકીને ઉપધાનમાં જોડાનારા અતિધન્ય માતાપિતા પણ સારી સંખ્યામાં હતાં.

(૪) ઉપધાન દરમ્યાન પ્રવચનો-વાચનાઓમાં વિવિધ વિષયોની સાથે સાથે અષ્ટપ્રવચન માતા, પૌષધવ્રતની પ્રતિજ્ઞા, પૌષધ-ઉપધાનની ક્રિયાઓનો સુત્રોનો અને પ્રતિક્રમણનો પરિચય, ભવાલોચના અને અનુવ્રતોની સમજણ આપવામાં આવી હતી. પરીણામે ઉપધાનના તપસ્વીઓએ ઉપરાંત અન્ય આરાધકોએ પણ વ્રતો ઉચ્ચાર્યા, ભવાલોચના લીધી અને ભવોભવના અશુભ પુદ્ગલોને વોસિરાવ્યા.....

શ્રાવિકાવર્ગને પૂ. સા. શ્રી સૂર્યમાલાશ્રીજીના શિષ્યા પૂ. સા. શ્રી સ્મિતપ્રજ્ઞાશ્રીજીના શિષ્યા પૂ. સા. શ્રી નિર્મલદર્શનાશ્રીજી આદિએ સુંદર આરાધના કરાવી.

(૫) ૬૫ તપસ્વીઓનો મોક્ષમાલાનો પ્રભાવક વરઘોડો તા. ૩૦-૧૧-૨૦૦૦ ગુરુવારે આણંદ શહેરના રાજમાર્ગો ઉપર દબદબાભેર નીકળ્યો હતો. ત્રણ રથ, ત્રણ હાથી, સંખ્યાબંધ શણગારેલાં વાહનો, ૨૦ ઘોડાબગી, ખંભાતના ધમાકેદાર ઢોલીઓ, વીરમગામના ઢોલ શરણાઇ, અમદાવાદનું મિલન બેન્ડ, આણંદનું બેન્ડ વિશાળ સાજન માજન સાથે નીકળેલો તપસ્વીઓનો વરઘોડો આણંદના જૈન જગતના ઇતિહાસમાં યાદગાર સંભારણું બની ગયો.

(૬) બપોરે શાંતિસ્નાત્રનું મંત્રમય અનુસ્ઠાન છઠ્ઠી માળનો લાભ લેનાર ગુજરાતના રિટાયર્ડ ફોરેસ્ટ ઓફીસર વડોદરા નિવાસી અનંતરાય શિવલાલ કપાસી તરફથી હતું. અને સાંજે હજાર દિવડાઓ, હજારો ફુલડાંઓ, જડતરની અંગરચનાઓ, આકર્ષક રંગોળીઓ અને ભક્તિ ભાવનાથી ઝળહળતી, ઝગમગતી, મધમધતી અને રણઝણતી મહાપૂજાના દર્શનનો અણમોલ

લહાવો લઈને હજારો ભાવિકો ધન્ય બન્યા, દિવ્ય શૃંગારસજ્જ શ્રી શંખેશ્વરનાથપ્રભુનાં દર્શન કરીને સૌએ આંખોને ઠારી અંતરને અજવાળ્યું અને આત્માને પાવન બનાવ્યો.

(૭) તા. ૧-૧૨-૨૦૦૦ સવારે ૮-૩૦ વાગે પાયોનીયર હાઈસ્કૂલના વિશાળ પટાંગણમાં બાંધવામાં આવેલા વિશાળ શમિયાણામાં ઊંચા સ્ટેજ ઉપર હજારો ભાવિકોની હર્ષસભર ઉપસ્થિતિમાં મોક્ષમાલા રોપણ વિધિ સાનન્દ સંપન્ન થઈ હતી.

(૮) પહેલી માળનો ચઢાવો શ્રી ચીમનલાલ દલસુખભાઈ પાદરાવાળા પરિવારે લઈને શ્રી નીતીનકુમાર હસમુખલાલને પૂજ્ય મુનિવરોના વરદ હસ્તે મોક્ષમાલા પહેરાવી ત્યારે જૈન શાસનના જય જયકારથી ગગન ગુંજી ઊઠ્યું હતું.

(૯) બીજી માળનો ચઢાવો શ્રી મનુભાઈ વાડીલાલ શાહે લઈને પુત્રવધૂ શર્મિષ્ઠા કેતનકુમારને પૂજ્ય મુનિવરોના હસ્તે મોક્ષમાલા પહેરાવી.

(૧૦) ત્રીજી માળનો ચઢાવો શ્રી નવિનચંદ્ર ચંપકલાલ શ્રોફ પરિવારે લઈને પદ્માબેન નવિનચંદ્રને મોક્ષમાલા પહેરાવી.

(૧૧) ચોથી માળનો ચઢાવો શ્રી સૌભાગ્યચંદ્ર કાંતીલાલ શાહે લઈને પૂજ્ય મુનિવરોના વરદ હસ્તે મોક્ષમાલા પહેરી.

(૧૨) પાંચમી માળાનો ચઢાવો શ્રી રાજેન્દ્રભાઈ મોહનલાલ વાલવોડવાળાએ લઈને પૂજ્ય મુનિવરોના વરદ હસ્તે અંજનાબેન રાજેન્દ્રભાઈને મોક્ષમાલા પહેરાવી.

(૧૩) ઉત્સાહ ભર્યા વાતાવરણ વચ્ચે ૬૦ જેટલી મોક્ષમાલા પૂજ્ય મુનિવરોએ પહેરાવી.

(૧૪) બન્ને દિવસ બપોરે સકલસંઘનું ૫૦૦૦ ભાવિકોનું બેસાડીને વિધિપૂર્વક સ્વામીવાત્સલ્ય થયું હતું.

(૧૫) તપસ્વીઓને ૧૦૦૦ રૂપિયાથી વધારે વસ્તુઓ અને રોકડાની પ્રભાવના થઈ હતી.

(૧૬) આઠમી માળ પહેરનાર વડોદરા નિવાસી રાણીબેન શાંતિલાલજી બદોરાએ ચઢાવો લઈને પૂજ્યોનું ગુરુ પૂજન કર્યું હતું.

(૧૭) રાજ્યકક્ષાના મંત્રીશ્રી દિલીપભાઈ પટેલ સંસદસભ્ય શ્રી દીપકભાઈ સાથી અને આણંદ નગરપાલિકા પ્રમુખ શ્રી બિપીનભાઈ વકીલ ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્યશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

(૧૮) અવિસ્મરણીય સંસ્મરણો સાથે ઉપધાન તપ અને અષ્ટાહ્નિક જિન ભક્તિ મહોત્સવનું સમાપન થયું હતું.

(૧૯) પો. સુ. પ્ર. ૪ તા. ૨૯-૧૨-૨૦૦૦ શુક્રવારે શ્રી સંઘ આયોજિત શ્રી સિદ્ધગિરિરાજ મહાતીર્થનો છ'રી પાલક યાત્રા સંઘ આણંદ શહેરથી સૌ પ્રથમવાર નીકળેલ.

## પ્રભુ પ્રાર્થના

**- સૌ. અનિતા પટણી.**

❋ ધરતી અને આકાશ જેવી પ્રીત છે ભગવાન-ભકતની દુનિયા નહિ સમજી શકે, ભકત ઉરની લાગણી.

❋ હે વિભુ તારી કરૂણા નજરનો મુજને સહારો મળે તો બસ ભટકું ભવોદધિમાં આમ-તેમ, મુક્તિનો કિનારો મળે તો બસ.

❋ હે તારક કિરતાર! કરૂણામય કથા છે મારી વેદનામય વ્યથા છે મારી સંસાર સાગરમાં ગમના વમળ ઉઠે છે હૈયે દર્દના વમળથી છૂટકારો મળે તેવી કરૂણા કરજે સુખ એવું ના મળો જે ભૂલાવે તને દુઃખ એવું ના મળો જે ગુમાવે તને નાવ તો જૂઓ નથી મઝધારમાં, નથી કિનારા પર નથી ડૂબી શકતો નથી તરી શકતો એવા મૂંઝારા પર હે કિરતાર! મને સાચો રાહ બતાવી દે મને મુક્તિનો માર્ગ બતાવી દે.

## શેરમાંથી સવા શેર માટે લુચ્ચાઈ ન કરો

બે ગામડિયા શહેરમાં આવ્યા, ત્યાં તેમની નજર એક હોટલના બોર્ડ ઉપર પડી. તેમાં લખ્યું હતું, "જમો, જમો, પૈસાની ચિંતા કરશો નહિ, બિલ તમારા છોકરાના છોકરા આવીને ભરી જશે."

બંને ગામડિયા હોટલમાં ગયા અને પેટ ભરીને જમી લીધું. જમીને બહાર નીકળતા હતા ત્યાં જ શેઠે બંનેને બૂમ પાડીને બોલાવ્યા. "અલ્યા એ બિલ તો ભરતા જાઓ."

બંને જણાએ બોર્ડ દેખાડ્યું અને કહ્યું "અમારા છોકરાના છોકરા બિલ ભરશે."

શેઠ કહે "હું તમારા પૈસા ક્યાં માંગુ છું આ તો તમારા બાપના બાપા અહીં આવીને જમી ગયા હતા તેમના પૈસા તો તમે ચૂકવો."

○ સૌજન્ય નિરંજન

**બોધકથા**

# શીલ સુંદરીનો શીલ શણગાર

- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

મહાપુણ્યોદયે આવી સુંદર ધર્મ સામગ્રી સંપન્ન મનુષ્યભવ મલ્યો. સંયમ અને સદાચારની સુવાસ મનુષ્યને મહામાનવ બનાવી ખુદ ભગવાન બનાવે છે. સુકુલ એ સદાચારની ઉત્પત્તિ ભૂમિ કહેવાય છે. પણ આજે સદાચારના સ્વાગત અને દુરાચારને દેશવટો દેવાના બદલે સદાચારને દેશવટો અને દુરાચારનું સ્વાગત કરાય છે. સદાચારની સરગમની સુરાવલિ સહજ સાંભળવા મલતી ત્યાં આજે ચોતરફ દુરાચારનું સામ્રાજ્ય દેખાય છે. સંયમ, શીલ અને સદાચાર જીવનનો પ્રાણ હતો. તેના રક્ષણ ખાતર પ્રાણાર્પણ સહજ હતું. સુખ-સાહ્યબીનો ત્યાગ, કાયાનો પણ ત્યાગ કરવામાં ગૌરવ મનાતું. ત્યાં આજે સદાચારના પાઠ પણ સ્વપ્ન સમ બન્યા છે. સદાચારના આભૂષણભૂત જૈન કુળોની આવી હાલત જોઈ ઘણું દુ:ખ થાય છે.

આજે શણગાર બધાને ગમે છે પણ સાચો શણગાર શોધ્યો જડતો નથી. સાવ દુષ્કાળ નથી હજી વિરલા જીવો છે. પણ વર્તમાનના વાતાવરણે મોટા ભાગને સાચા શણગારથી દૂર રાખ્યા છે. સ્ત્રી અને શણગાર એક બીજાના પૂરક શબ્દો છે. સ્ત્રી જ્યારે સાચો શણગાર સજે છે ત્યારે દેવેન્દ્રોને પણ પૂજ્ય બને છે. સંયમ, શીલ, સદાચાર એ જ સાચો શણગાર છે. આવા પુણ્યાત્માઓનું નામસ્મરણ પણ આત્માને આનંદિત કરે છે. માટે જ પ્રાત: કાલના પ્રતિક્રમણમાં 'ભરહેસર'ની સજ્ઝાયમાં આવા સો મહાપુરૂષોનું પુણ્ય નામસ્મરણ કરી તેમના જેવા સંયમ-શીલ-સદાચારની માગણી કરીએ છીએ. તેમાં બાવન મહાપુરૂષો અને અડતાલીસ મહાસતીઓને યાદ કરીએ છીએ.

શીલની સુવાસ એ જ મનુષ્ય જીવનનો સાચો શણગાર છે. આજે શૃંગારની વ્યાખ્યા બદલાઈ ગઈ. આજે શૃંગારના સાધનો વધી ગયા છે, કલા પણ વધી છે. કુરૂપને સુરૂપ બનાવવાની પ્લાસ્ટીક સર્જરીની વિદ્યા વિદ્યમાન છે છતાં પણ ગાલ ઉપર સહજ જે લાલી-ગુલાબી જોઈએ, મુખ ઉપર જે તેજ-પ્રભા - કાંતિ જોઈએ, ચાલમાં જે નિર્ભીકતા અને ખુમારી જોઈએ, જીવનમાં વિવેકપૂર્વકની મર્યાદા જોઈએ તે આજે લગભગ દેખાતા નથી. આજના મોજ શોખના સાધનો એ જીવનનું સાચું સત-સત્ત્વ જ હણી લીધું છે. આજે બાહ્ય શૃંગારના સાધનો હોવા છતાં આંતર ગુણ વૈભવનો અભાવ છે. તેનું કારણ જીવનમાં શીલ-સદાચાર-સંયમ પર સાચો પ્રેમ નથી. ધર્માત્મા પછી તે પુરૂષ હોય કે સ્ત્રી પણ બાહ્ય શૃંગારને મહત્તા નથી આપતો પણ આંતર ગુણ વૈભવથી પોતાને અલંકૃત માને છે.

આજે મસ્તકના વાળ આધુનિક હેરસ્ટાઈલ - ડાઈથી શણગાર્યા હશે, મુખ ઉપર મોંઘેરો મેકઅપ હશે, કપડા પણ લેટેસ્ટ ફેશનના હશે, અત્તર પણ પરદેશી મોંઘાદાટ હશે, હાથ-પગમાં મેંદીની સુંદર સજાવટ હશે પણ આ બધામાં પ્રાણપૂરક તત્ત્વનો અભાવ હોવાથી અંતે બધું ઝાંખુ અને પ્રાણહીન લાગે છે. કારણ શીલની સાચી સંપત્તિ નથી. આપણે ત્યાં સ્ત્રી - પુરુષ બન્નેની શીલસંપન્નતા વખાણી છે. તેમાં ય સ્ત્રીને મોહકતાદિના કારણે વિશેષ સાવધ રહી શીલ સંપત્તિને જાળવવાનું કહ્યું છે. તેથી જ ધર્મી સ્ત્રીઓ શીલને જ સાચું આભુષણ માને છે અને તેને ઉજાળવા હંમેશા સજ્જ હોય છે. શીલ જેવું બીજું શ્રેષ્ઠ રત્ન માનતી નથી. તેમાં મલીનતા-ડાઘ ન લાગે તેની કાળજી રાખે છે. તેની ખાતર પ્રાણ ન્યારા કરતાં અચકાતી નથી. આવી જ એક પવિત્ર નારી શીલસુંદરીની જીવન કથાથી આપણા જીવનની વ્યથાને દૂર કરી સાચા શૃંગારને સજીએ.

વિજય વર્ધન નામની નગરીમાં વસ્તુપાલ નામે ધનાવહ શ્રેષ્ઠી હતો અને તેને શીલ સંપન્ન એવી સુમાલા નામની પતિવ્રતા પત્ની હતી. રૂપ-શીલ અને તત્ત્વજ્ઞા-ધર્મજ્ઞા એવી શીલ સુંદરી નામની પુત્રી હતી. રૂપ એ જ્વાલા પણ બને જ્યોતિ પણ બને. રૂપવાન જો સદાચારી હોય તો તે પણ કલ્પવૃક્ષ જેવો ગણાય છે. રૂપ એ ધર્મરત્ન પ્રાપ્તિનો એક ગુણ પણ કહેવાયો છે. રૂપ એ દેખાડાની સસ્તી બજારૂ ચીજ નથી એ તો આત્માનું સાચું સૌંદર્ય છે. આ કન્યા જેમ જેમ મોટી થાય છે તેમ તેમ રૂપ અને જ્ઞાનમાં પણ અજોડ - બેજોડ બને છે. સ્ત્રીઓની ચોસઠ કલાની પારગતા બનવા સાથે ધર્મકલા જ તેના જીવનનો પ્રાણ હતી. જ્ઞાનિઓ કહે છે કે, ધર્મકલા વિનાની બધી જ કલા અધ્યાત્મ પ્રાણને લુંટનારી છે. ધર્મકલા જ જીવનના રૂપાદિ ગુણોને સાચું સૌંદર્ય બક્ષે છે. બાહ્ય રૂપમાં પાગલ બનેલા પતંગિયાની જેમ પ્રાણ ગુમાવે છે. આજે રૂપની સ્પર્ધાઓ યોજાય છે. ખરેખર અધ:પાત ક્યાં સુધી થયું છે !! આજે પેકીંગ આકર્ષક અને માલ ! પેકીંગમાં મુંઝાયેલા-લોભાયેલા પછી પસ્તાવો કરે છે. ઠોકર ખાવા છતાં

ય પાછા હતા તેવા ને તેવા- ! જેમ દીકરી ધર્મી છે તેમ માતા-પિતા પણ ધર્મી છે. તેથી પોતાની દીકરીને સદાચારી-વ્રતધારી એવા શ્રાવક-પુત્રને આપવા માગે છે. ધર્મી માતા પિતા પોતાના સંતાનને સંયમના સાજ સજાવવા ઇચ્છે પણ કર્મ સંયોગે તેવો ઉત્સાહ ન જાગે અને જીવન અધ:પાતની ખાઇમાં દુરાચારના માર્ગે ગબડી ન પડે માટે લગ્ન પણ કરાવે. માતા-પિતાએ શ્રાવકના ગુણોથી યુક્ત એવા સમુદ્ર નામના શ્રાવક પુત્ર સાથે શીલ સુંદરના લગ્ન કરાવ્યા.

અજ્ઞાન અને મોહાધીન જીવોની મોટામાં મોટી નબળાઇ હોય તો પ્રાપ્તિના આનંદ કરતાં અપ્રાપ્તિની ઝંખના અને અસંતોષ દુ:ખીને દુ:ખી કરે છે. તેના કારણે ખોટી આશામાં ઝૂર્યા કરે છે. આ શીલસુંદરીના લગ્ન થવાથી તેને ઇચ્છનારા ઘણા યુવાનો નિરાશ થઇ ગયા. તેમાં બે બ્રાહ્મણ પુત્ર અને બે વણિક પુત્ર આ ચાર જીગરજાન મિત્ર હતા. સમાન રૂપ-રંગ, વય-સ્વભાવ-ચિત્તવાળા હતા. આ હવે પરસ્ત્રી બનવા છતાં પણ કોઇપણ રીતે તેને જ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા હતા.

અનાદિકાળથી જીવ વાસનાના વળગાણમાં જકડાયો છે. અજ્ઞાની-રાગી-મોહમદિરાના જામ પીને જીવ વાસનામાં પાગલ બની ઇન્દ્રિયોનો એવો ગુલામ બન્યો છે જેનું વર્ણન ન થાય. પછી જે જે કુચેષ્ટા કુવિકલ્પ-કામજનક વાતો કરે છે જે લખતાં લેખિની પણ લાજે. આજે ચોમેર વાસનાનો દાવાનલ પ્રગટ્યો છે, વાસનાનું સામ્રાજ્ય ચોમેર વ્યાપ્યું છે. રંગ-રાગ, મોજ-મજા, વિલાસનાં સાધનો વિકારને બહેકાવે છે. સમજુ - શાણા જીવને બચવું ઘણું મુશ્કેલ છે. છતાં પણ વિવેકી જીવો તેનાથી અળગા રહ્યા છે - રહે છે. વાસનાના તાંડવનૃત્યે વિવેક - મર્યાદા - લજ્જાની પાળો ભાંગી નાખી છે. વાનરની જાત હોય, દારૂનું આકંઠ પાન કર્યું હોય પાછો વીંછીએ ચરકો ભર્યો હોય પછી શું હાલત થાય તેના કરતાં વધારે વિકરાલ હાલત આ વાસના ગ્રસ્તે કરી - કરાવી છે.

વાસના રૂપી ભોરીંગથી ડંખાયેલા, મોહથી મૂર્ચ્છિત બનેલા વિવેક - લજ્જા - મર્યાદાથી મૂકાયેલા આ ચારે મિત્રો યેનકેન પ્રકારેણ આ મહાસતી શીલ સુંદરીને પોતાની બનાવવા, તેની એક મીઠી નજરનો જામ પીવા, હંમેશા છાકટા બની, નીત નવી નવી વેષભૂષા ધારણ કરી, શીલ સુંદરીના આવાસની સામે આવી કામ જનક ચેષ્ટાઓ, હાવભાવ અને વિદુષકને શરમાવે તેવા ચેન-ચાળા કરવા લાગ્યા. અવિવેક, અભિમાન, કામ જ્વર યુવાનીને દિવાની નહિ પણ અશિષ્ટ, નિંદન ય બનાવે છે. જ્ઞાનિઓ કહે છે કે, યુવાનીનો સદુપયોગ સ્વર્ગની સીડી બનાવી પરમપદને પમાડે છે અને યુવાનીનો દુરૂપયોગ દુર્ગતિનો દરવાજો બતાવી અધ:પાત કરાવે છે.

સામાન્યજન પણ શરમાય તેવી કુચેષ્ટાઓ જોઇ વિવેકી ધર્મજ્ઞા એવી આ શીલસુંદરી વિચારે છે કે - '' ખરેખર મોહની રાજધાની, કામની પ્રિય સખી એવી આ વાસનાને ધિક્કાર હો ! વાસનાવશ પડેલા જીવો સારાસારનો વિવેક વિસરી જાય છે. તળાવ, સરોવર નિર્મલ જલથી ભરેલા હોવા છતાં પણ કાગડો ખાબોચિયા કે પાણી ભરીને જતી પનિહારીના ઘડામાં જ ચાંચ મારી પોતાની ધિઠાઇ બતાવે છે. તેમ નીચ પુરૂષ પોતાની સ્ત્રી હોવા છતાં ય પરસ્ત્રીમાં જ લંપટ બને છે. આવા અશિષ્ટ જન અવિવેકીનું મોં જોવું તે પણ પાપ જ કહેવાય. જન્માંધ તો વિચારો જન્મથી આંધળો છે, ઘુવડ દિવસે જોતો નથી પણ કામાંધ તો દિવસ અને રાત્રિના જોતો જ નથી. કામના જેવો બીજો એક પણ અંધાપો નથી. જે આત્માના નિર્મલ વિવેક ચક્ષુને બીડી દે છે. આવા લોકોને ધિક્કાર થાવ.'' આવો વિચાર કરી મહાસતીએ પોતાના જ આવાસના ઝરૂખામાં બેઠવાનું - ઊભા રહેવાનું પણ બંધ કર્યું. ખરેખર ધર્મકળા જેમના હૈયામાં પરિણમ પામી હોય ને આત્મા કેવા વિવેકી હોય છે, તેમની મતિ કેવી નિર્મલ-માર્ગસ્થ હોય છે. બીજા તો અજ્ઞાની, કર્મપરવશ જીવો સમજવાના નથી પણ મારા નિમિત્તે બીજાને કર્મ બંધ થાય, બીજાનું બગડે તો મારે તેનાથી દૂર રહેવું હિતાવહ છે. સાચી ભાવદયા જ આનું નામ છે. ડાહ્યો જીવ શાનમાં સમજી જાય અને મૂરખ ભાનમાં પણ ન સમજે. આ જોવા છતાંય તે ચારેની આંખ ન ઉઘડી.

ખરેખર વાસના ગ્રસ્ત જીવોની હાલત દયનીય બને છે. પોતાની ભૂલનો વિચાર કર્યા વિના ઇચ્છિત વસ્તુ કે વ્યક્તિનો મેળવવા જે કરવું પડે તે કરવા તૈયાર થાય છે. 'હાર્યો જુગારી બમણું રમે' તે ન્યાયે આને મેળવવા બીજો ઉપાય વિચારે છે. ઝેરના પારખા ન કરાય તેમ સતીત્વ સાથે ખેલાય નહિ પણ કામાંધ જીવો આવો વિચાર કરી શકતા નથી. મહાસતીને મેળવવા આ ચારે એ એક પરિવ્રાજિકોને સાધી.

આજે પણ દુનિયામાં સ્ત્રી જ, સ્ત્રીની પહેલી દુશ્મન દેખાય છે. પરિવ્રાજિકા અને સતીના સતની સાથે અડપલા કરે ખરી ? સતી સ્ત્રીઓ જ સતી માર્ગના ચઢાણ સમજી શકે, અસતી અને કુલટાઓને સતીત્વનું સોહામણું સ્વપ્ન પણ ન આવે. વેશ્યા

અને સતીત્વનો પ્રેમ ! ન ભૂતો ન ભવિષ્યતિ પરિવ્રાજિકાઆને સમજાવવા આવી તો આ સમજી ગઇ કે આ ચારેની દૂતી બની આ આવી લાગે છે. સતીત્વનો પ્રેમ માણસના પગલા ઉપરથી પરખ કરાવી દે. તેથી આનું સન્માન પણ કરતી નથી તો પણ માન ન માન મૈં તેરા મહેમાનની જેમ કહે છે કે - ''જીવદયા પાલક એવી તારે કોઇપણ જીવને દુઃખી ન કરવો. કોઇનું દુઃખ દૂર કરવું. તમારે ત્યાં જીવદયાનું જે સ્વરૂપ છે તેની જ્ઞાતા તું કેમ આવું કરે છે ? આ ચારે દુઃખિયાના દુઃખને દૂર કર.''

ત્યારે સમયજ્ઞા એવી શીલ સુંદરીએ બહુ જ શાંતિથી કહ્યું કે - ''હે ભદ્રે ! હે પરિવ્રાજિકે ! આ તું કહે છે ? આ તો મહાપાપ છે. કુલીન સ્ત્રીઓને તો આ કરવા યોગ્ય જ નથી. આવી વાત પણ સંભળાય નહિ. આ ધર્મ વિરુદ્ધ વાત કરતાં તને પણ લાજ - શરમ નથી આવતી ? વ્રત અંગીકાર કરનારી એવી તારા માટે આવી પાપકારી વાત કહેવી તે પણ મહા પાપ છે. સ્ત્રી, સ્ત્રીની સખી હોય કે દુશ્મન ? સતીના ધર્મને સમજનારી આવી સલાહ આપે ખરું ! જે પ્રાણી ભલે પોતે પાપ ન સેવે પણ બીજાને પાપ સેવવાની સલાહ આપે છે. પાપની બુદ્ધિ આપે છે તે સ્વ અને પર બન્નેના આત્માનું અહિત કરે છે, બન્નેને દુર્ગતિના ખાડામાં નાંખે છે.'' સતીના ધર્મજનક વચનોનું તેજ આ પરિવ્રાજિકા સહી શકે નહિ. પોતે જ ભયભીત થઇ ત્યાંથી પલાયન થઇ આ ચારેની પાસે આવી કહેવા લાગી કે-''તમારે જો તમારું હિત કરવું હોય તો આની આશા મૂકી દો. આ મહાસતી છે. જો રૂઠશે અને શાપ આપશે તો તમારું - મારું સૌનું સત્યાનાશ નીકળી જશે. માટે હજી જો સારી રીતના જીવવા ઇચ્છતા હો તો આ માર્ગ ભૂલી જાવ.'' તેના વચનનું તેજ હું પણ ખમી શકી નથી તો સતનું તેજ તો કેવું હશે.''

જીવા ગ્રહોમાં કદાગ્રહ અને દુરાગ્રહ બહુ જ ખરાબ છે. તેમાં પણ કામગ્રહ ભળે પછી તો પૂછવું જ શું ? આથી ખોટા દુરાગ્રહથી પાછા હઠવાના બદલે આ ચારે એ કોઇપણ રીતે શીલ સુંદરીને પોતાની કરવાનો નિર્ણય કર્યો. મોહ - મમત - જીદ કેવી અનર્થકારી છે તે સમજાય તેમ છે. મમતે ચઢેલા 'હું મરું તો મરું પણ તને રાંડ કરું' જેવી વૃત્તિને રાખે છે. કામરાગની દુરંતીના જ્ઞાનિએ એ અમથી નથી ગાઇ. તેથી જ મોહ, મસ્ત બનીને ફરે છે. છેલ્લા પાટલે બેસી નિર્લજ્જ થયેલા આ ચારે એ એક સિદ્ધ યોગીને સાધ્યો. તેણે પણ આ કામ કરી આપવાની બાંહેધરી લીધી. સારી પણ ચીજ અપાત્રમાં પડે તો સ્વ-પર ઉભયને હાનિકર્તા બને છે.

મેલી વિદ્યાના સાધક તે યોગીના જણાવ્યા પ્રમાણેના દિવસે ચારે શ્મશાન ભૂમિમાં આવ્યા. મધ્યરાત્રિમાં વિદ્યાની સિદ્ધિ માટે યોગીએ જરૂરી વિધિ કરી અને સિદ્ધ વિદ્યાની દેવીને આહ્વાન આપી બોલાવી. યોગીના મંત્રથી વશ થઇને આવેલી દેવીએ આગમનનું કારણ પૂછતાં તે યોગીએ કહ્યું કે- આ બાજુના નગરમાં શીલ સુંદરી નામની અદ્‌ભૂત સ્વરૂપવાન સ્ત્રી છે તેને અહીં લઇ આવો.

તે સિદ્ધ યોગીની આજ્ઞાથી મંત્રબળથી વશ થયેલી દેવીએ, પોતાની દૈવી શક્તિથી સ્વસ્થાને પોષધમાં રહેલી તે શીલસુંદરીને સિધ્ધપુરૂષની સામે તો મૂકી. પણ શીલસુંદરીના તપ-શીલના તેજને ખુદ આ દેવી પણ સહી શકતી નથી. ખરેખર શીલ વ્રતનો કેવો અપૂર્વ અચિંત્ય પ્રભાવ છે કે મનુષ્યના તેજને આવા દેવ-દેવી પણ સહી શકતા નથી. તેથી આ શીલ સુંદરીના શીલવ્રતથી પ્રભાવિત થયેલી દેવી કોપાયમાન થઇ સિદ્ધયોગીને કહે છે કે- '' હે પાપી ! તેં મને કેવા નિંદનીય કાર્ય કરવાની ફરજ પાડી છે. પણ હવેથી હું તારી આજ્ઞા માનીશ નહિ. તારા આ પાપના માઠાં ફળ તું ભોગવ જે.'' આવું કહી તે પોતાના સ્થાને ચાલી જાય છે.

તે પછી તે સિદ્ધ યોગી ચારે યુવાન મિત્રોને બોલાવી પૂછે છે કે- તમારા હૃદયમાં વસેલી આજ સ્ત્રી છે ને ? ત્યારે તેણીને જોઇ આનંદિત થયેલા તે ચારે એકી અવાજે કહે છે કે- ''હા.. હા.. અમારી ઇચ્છિત આ જ શીલ સુંદરી છે.''

આમ કહી તે ચારે જેટલામાં શીલ સુંદરીને પકડવા તેની પાસે દોડે છે તેટલામાં તેણીની નજીક જતાં જ ચારે સ્થંભી ગયા. નથી હાલી-ચાલી શકતા કે નથી બોલી શકતા. સતી સ્ત્રીઓના શીલનો આ અદ્‌ભૂત પ્રભાવ છે.

ચારેની આવી હાલત જોઇ તે સિદ્ધ યોગી એકદમ ભયભીત પામ્યો. થરથર ધ્રૂજતો, કાયાથી કંપતો મહા સતીનું શરણ સ્વીકારી તેના પગમાં પડી, વિનમ્ર ભાવે પોતાના અપરાધની સાચા ભાવે ક્ષમાપના માગતા કહે છે કે- ''હે ભગવતિ ! હે દેવી ! હે મહાસતી ! હે યોગિની ! હું તમારા આવા પ્રભાવથી અજ્ઞાત હતો તેથી મેં આ લોકોની લાલચમાં આવી આવું દુષ્ટ કાર્ય કર્યું છે. હું મારા ગુનાની માફી માગું છું એટલું જ નહિ ભવિષ્યમાં હવે ક્યારે ય આવું કાર્ય કરીશ નહિ. દીન એવા મને ક્ષમા કરો. અભયદાન આપો.'' તે આવી પ્રાર્થના કરે છે અને પ્રભાત થાય છે. 'વાયરે વાત ફેલાય'ની જેમ જોત જોતામાં નગરમાં વાત ફેલાઇ જાય છે.

રાજા અને નગરજનો તે સ્થળે આવે છે અને સ્થિર યુવાનોને જોઈ રાજા પ્રધાનને બનાવની તપાસ કરવા કહે છે. પ્રધાને વારંવાર વાત પૂછવા છતાં ય સ્થંભિત યુવાનો કાંઈ બોલી શકતા નથી.

તે પછી પ્રધાને શીલ સુંદરીને પૂછયું તે વિનમ્ર અને લજ્જાથી નમ્ર બની વિનય પૂર્વક કહે છે કે- હું પણ કાંઈ જ જાણતી નથી. રાજા સહિત લોકોનું આશ્ચર્ય વધે છે. તે વખતે તે સિદ્ધ યોગી રાજાના પગમાં પડી અભયદાનની યાચના કરે છે. રાજા પણ તેણે અભયદાન આપે છે અને યથાર્થ બનેલી બધી વાત કરે છે. દેવીએ પણ તે ચારે યુવાનોને સ્તંભની વિદ્યાથી મુક્ત કર્યા તેમણે ગુનો કબૂલ કર્યો. તેથી આવા અન્યાયથી ગુસ્સે થયેલા રાજાએ તે બધાને દેશનિકાલ કર્યા અને શીલ સુંદરીને નમસ્કાર કરે છે.

આ સમાચાર જાણી તેના પિતા વસ્તુપાલ શ્રેષ્ઠી આવે છે, રાજા તેમને કહે છે કે- ધન્ય છે તમને કે તમારે ત્યાં આવું સતીરત્ન પાક્યું છે. શ્રેષ્ઠી પણ વિનયપૂર્વક કહે છે કે- 'રાજન્ ! ધન્ય છે આપને. આપના રાજ્યમાં આવું સતીરત્ન વસે છે.'' રાજા પણ શીલસુંદરીને વસ્ત્રાલંકારથી સન્માન - બહુમાન કરી, મોટા આડંબર પૂર્વક નગરમાં પ્રવેશ કરાવે છે. સતીના સતીધર્મનો, શીલધર્મનો, સદાચાર-સંયમનો નગરમાં જય જયવાર ફેલાયો. તે પછી આરાધના કરી તે શીલસુંદરી દેવલોકને પામ્યા અને પરંપરાએ પરમપદને પણ પામશે.

આપણે સૌ વાચકો આવા અણમોલ આભૂષણ શીલરત્નને મન-વચન-કાયાની નિર્મલ પવિત્રતાથી ધારણ કરી અંતર ગુણ વૈભવના સાચા સ્વામી બની પરંપરાએ શિવ સુંદરીના સ્વામી બનીએ તે જ મંગલ કામના. ■

## ૨૪ તીર્થંકરોના પૂર્વ ભવના ગુરૂઓના નામ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | વજ્રસેન | ૯. | સર્વજ્ઞાનન્દકર | ૧૭. | સંવર |
| ૨. | અરિદમન | ૧૦. | સાર્થક | ૧૮. | સાધુ સંવર |
| ૩. | સ્વયંપ્રભ | ૧૧. | વજ્રદત્ત | ૧૯. | વરધર્મ |
| ૪. | વિમલવાહન | ૧૨. | વજ્રનાભ | ૨૦. | સુનન્દ |
| ૫. | વીર સીમંધર ગુરૂ | ૧૩. | સર્વસુગુપ્ત | ૨૧. | નન્દ |
| ૬. | મહાત્મા પિહિતા સ્ત્રવ | ૧૪. | ચિત્તરક્ષ | ૨૨. | વ્યતીતશોક |
| ૭. | અરિદમન | ૧૫. | વિમલવાહન | ૨૩. | ડામર મુનિ |
| ૮. | યુગંધર મુનિ | ૧૬. | ધનરથ | ૨૪. | પોટ્ટિલ |

પ્રષેક - રૂષિદતા - જાનુ જે. નહાર, વાપી.

## પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.

શંખેશ્વરમાં હાલ સ્થિરતા છે.

નૂતન દીક્ષિતો ૩ બાલ મુનિઓ અને એક સાધ્વીજીને ૮ પાછલા જોગ ચાલે છે.

મહા વદ ૭ બુધવાર તા. ૧૪-૨-૨૦૦૧ ના વડી દીક્ષા છે. તે નિમિત્તે મહા વદ -૫ -૬ -૭ ત્રણ દિવસ જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ છે.

પત્ર વ્યવહાર : C/o. હાલારી જૈન ધર્મશાળા, પંચાસર રોડ, શંખેશ્વર. ફોન : ૭૭૩૧૦.

# ૫૬૦ વર્ષ પ્રાચીન શ્રી અજિતનાથ દાદાની તારક છત્રછાયામાં મુંબઈ - મલાડ - (ઈસ્ટ) રત્નપુરીમાં ધર્મપ્રભાવક ચાતુર્માસ

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર સ્વ. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પ્રભાવક પટ્ટાલંકાર સુપ્રસિદ્ધ વકતા 'કલ્યાણ' માસિકના પ્રેરણાસ્રોત સ્વ. પૂ. આ. શ્રી વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના અંતેવાસી પ્રશિષ્ય પૂ. મુ. શ્રી શાંતિભદ્રવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી યશકીર્તિવિજયજી મ. તેમજ પૂ. સા. શ્રી દર્શન-કીર્તિપ્રભા - હેમપ્રભા - જયરેખાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી પુણ્યરેખાશ્રીજી મ. આદિ ઠાણા - ૪ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાનુસાર અ.સુ. ૧૧ ના ચાતુર્માસાર્થે પધાર્યા ત્યારે પૂજ્યોના આગમનને વધાવવા આ વર્ષે મેઘરાજા સજ્જ બન્યા હતા. પૂ. શ્રીને મલાડમાં આવીને મુશળધાર વરસવાનું એલાન આપતું સ્વાગત પણ મેઘરાજાએ કર્યું. વિજય મુહૂર્તમાં ઉપાશ્રયે પ્રવેશીને માંગલિક તેમજ ટૂંક ઉદ્દબોધન કરેલ. એ વખતે શ્રીફળ તથા ૨ રૂા. પ્રભાવના સમયાનુરૂપ થયેલ. આ મંગળ પ્રવેશ નિમિત્તે શ્રીફળ પ્રભાવના તેમજ ૧૦ રૂા. સંઘપૂજન ચોમાસી ચૌદશના થયેલ. સાંકળી અઠ્ઠમની શુભ શરૂઆત થઈ. દરેકનું ૧૦૧ રૂા. થી બહુમાન થતું. અ. વ. ૫ થી સામુદાયિક શ્રીવીર ગણધર તપની શરૂઆત થઈ. જેમાં ૧૧ છઠ્ઠ અને ૧૧ બિયાસણા અત્તરવાયણા-પારણા સહિત કરવાયા. અલગ - અલગ પુણ્યાત્માઓએ રૂા. ૭-૭ હજારના ખર્ચમાં સાંજના બિયાસણા સામુદાયિક કરાવવાનો લાભ લીધો. કુલ ૬૬ પુણ્યશાળીઓ જોડાયા હતા. દરેકને ૧૧૫ રૂા. ની પ્રભાવના થઈ. તેમજ પર્યુષણ બાદ દરેકને રતલામ-નાગેશ્વર - ઉજ્જૈન વગેરે તીર્થોની યાત્રા કરાવાઈ હતી. ચોમાસી ચૌદશથી પૂ.શ્રીના પ્રવચનો રામલીલા મેદાનના હોલમા શરૂ થયા. અ.વ. ૬ ના વ્યાખ્યાનમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તેમજ શ્રી સુકૃત સાગર ગ્રંથ વાંચનનો શુભારંભ થયો. એના દરેક ચડાવા સુંદર થયા. ભાવિકો પ્રવચનમાં સારી સંખ્યામાં લાભ લેતા હતા. અ. વ. ૧૪ના ગચ્છાધિપતિ સ્વ. પૂ.આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ૯ મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે શ્રી શાંતિસ્નાત્ર સહિત ત્રિદિવસીય ઉત્સવનું આયોજન થયેલ. અ. વ. ૧૧ ના કુંભસ્થાપના, પાટલા પૂજન, વ. ૧૨ ના પૂજા અને વ. ૧૩ ના શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું. શાંતિસ્નાત્ર વગેરે શ્રી રોહિતકુમાર જમનાદાસ પરિવાર તરફથી ભણાવાયેલ. એ દિવસે વ્યાખ્યાન બાદ ચતુર્વિધ શ્રી સંઘ વાજતે-ગાજતે એમના બેનના ત્યાં ૫૦૦ આયંબિલ નિમિત્તે પધારેલ. સંઘપૂજનાદિ થયેલ. વ. ૧૪ ના સવારે ભવ્ય ગુણાનુવાદ સભા થઈ. ગુરુ સ્તુતિ, ગુરુ વિરહગીત, અન્ય વકતવ્યો અને પ્રાંતે પૂજ્યશ્રીએ ગુણાનુવાદ કરેલ. ૫ રૂા. સંઘપૂજન થયેલ. ગુરુપૂજન ચડાવો તથા જીવદયાનું કાર્ય થયેલ. સામુદાયિક ૧૫૦ આયંબિલ થયેલ. આ લાભ શ્રી છોટાલાલ જગજીવનદાસ સંઘવી પરિવારે લીધેલ. મલાડના સમગ્ર જિનમંદિરોમાં તેમજ રત્નપુરીમાં તો લાખેણી-મનોહર અંગ રચના રચાયેલ. પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વ નજીક આવતાં સૌને આરાધના કરવાનો ખૂબ ઉલ્લાસ પ્રગટેલ. શ્રા. વ. ૫ ના તપસ્વી સમ્રાટ સ્વ. પૂ. આ. શ્રી રાજતિલક સૂ. મ. ની બીજી સ્વર્ગતિથિ નિમિત્તે ગુણાનુવાદ ૭ રૂા. સંઘપૂજન તેમજ પરમાત્માને અંગરચના થયેલ. વ. ૭ ના આગમ દિવાકર સ્વ. પૂ. આ. શ્રી માનતુંગ સૂ. મ. ની ૧૨ મી સ્વર્ગતિથિ નિમિત્તે ગુણાનુવાદ તથા ૨ રૂા. સંઘપૂજન શ્રી મુગટભાઈ જેચંદભાઈ વઢવાણવાળા તરફથી થયેલ. તેમના સુપુત્ર પંકજભાઈએ પર્યુષણામાં ચોવિહાર અઠ્ઠાઈ કરેલ. શ્રી સંઘમાં પર્યુષણ પર્વને અનુલક્ષી ૧૬-૮-૫૦૦ આયંબિલ - નવકાર તપ - અક્ષયનિધિ તપ આદિમાં ૭૫ ભાઈ-બહેનો જોડાયા હતા.

પર્વાધિરાજની મંગલ પધરામણી થતાં પાંચ કર્ત્તવ્યો તેમજ વાર્ષિક ૧૧ કર્ત્તવ્યો પર પૂ. શ્રીના મનનીય પ્રવચનો થયા. શ્રી કલ્પસૂત્ર આદિના ચડાવા ખૂબ સુંદર થયા. વાર્ષિક સાધારણ ખર્ચ માટે આનીઓ પણ સારા પ્રમાણમાં નોંધાઈ. જીવદયાની પણ સુંદર ટીપ થઈ. પરમાત્માની ભવ્યાતિભવ્ય મહાપૂજા જેવી અંગરચનાઓ આઠે દિવસ રચાઈ હતી. કલ્પસૂત્ર ઘરે પધરાવવાનો લાભ હાથીની અંબાડી પર વર્ષીદાન દેતાં દેતાં ચતુર્વિધ શ્રી સંઘ સાથે વાજતે-ગાજતે ભાભર તીર્થ નિવાસી શ્રી હાલચંદ મણીલાલ સંઘવી પરિવારે લીધેલ. રાત્રિજગો કરેલ. વ. ૦)) ના શ્રી કલ્પસૂત્ર વાંચનનો શુભારંભ થયેલ. બીજું અને

પાંચમું વ્યાખ્યાન પૂ. મુ. શ્રી શાંતિભદ્ર વિ. મ. કરેલ. બાકીના બધા વ્યાખ્યાનો પૂ. મુ. શ્રી યશકીર્તિ મ. કરેલ. વ. ૦)) ના શ્રીયુત કેસરીચંદભાઈ લાલુભાઈ ઝવેરીના સુપુત્ર હર્ષદભાઈના ૬૮ ઉપવાસ નિમિત્તે પૂંજાણું તેમજ વ્યાખ્યાનમાં શ્રીફળની પ્રભાવના થયેલ. તેમજ મદ્રાસવાળા અંબિકાબેન તરફથી સંઘપૂજન થયેલ. પ્રવચનોમાં ૧૨-૧૨ાા - ૧ વાગ્યા સુધી પણ લોકોની હાજરી સારી રહેતી..શ્રી વીર જન્મ વાંચન દિને શ્રી ત્રિશલા માતાના ૧૪ સ્વપ્નોના ચડાવા તેમજ ભગવાનના ઘોડીયા પારણા આદિ સર્વ ચડાવા આ વર્ષે કલ્પનાતીત થયા. એ દિવસે બપોરેથી સંઘ સ્વામીવાત્સલ્ય શ્રીયુત કેસરીચંદ લાલુભાઈ ઝવેરી પરિવાર તરફથી થયેલ. જેમાં બે હજાર પુણ્યશાળીઓએ લાભ આપેલ. બારસા સૂત્ર આદિના ચડાવા સુંદર થયેલ. ભા.સુ. ૧૨ ના નીકળનાર રથયાત્રાના ચડાવા તેમજ આસો માસનો સાહિત્યસમ્રાટ સ્વ. પૂ. આ. શ્રી કનકચન્દ્ર સૂ. મ. ની ૧૮ મી સ્વર્ગારોહણ તિથિ તથા ચાતુર્માસ-પર્યુષણાદિ આરાધના પ્રસંગે મહોત્સવના આયોજનની મંગળ જાહેરાત સંવત્સરી દિને થયેલ. પૂ. શ્રીના શ્રીમુખે શ્રી બારસા સૂત્રનું શ્રવણ તેમજ સંવત્સરી પ્રતિક્રમણની મંગળ આરાધના ઉલ્લાસભેર થઈ હતી. નવજીવન સ્કૂલના બીજા માળે વિશાળ હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. બહેનોનું પ્રતિક્રમણ રામલીલા મેદાનના હોલમાં તથા રત્નપુરી એ વીંગમાં થયેલ. બે હજાર ભાઈ-બહેનોએ સંવત્સરી પ્રતિક્રમણનો લાભ લીધેલ. શ્રીફળની પ્રભાવના થયેલ. ભા.સુ. ૫ ના સવારે સામુદાયિક પારણા થયેલ. અને બપોરે શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય શ્રીમતી મકુબેન બાબુલાલ માણીલાલ સંઘવી તથા ભુરાલાલ કાળીદાસ ફોફાણી પરિવાર તરફથી થયેલ. જેમાં ૧૮૦૦ ભાવિકોએ લાભ લીધેલ.

સવારે ૧૦ કલાકે હસ્તિનીબેન હસ્તિમલજીના ક્ષીરસમુદ્ર તપ નિમિત્તે તથા ભા.સુ. ૬ ના ધારિણીબેન આશિષભાઈ માણીયારના ૧૬ ઉપવાસ નિમિત્તે ચતુર્વિધ શ્રી સંઘ સાથે વાજતે-ગાજતે તેમના નિવાસસ્થાનોએ પધાર્યા હતા. અને માંગલિક શ્રવણાદિ તેમજ પ્રભાવનાઓ થયેલ.

ભા. સુ. ૮ ના સ્વ. પૂ. આ. શ્રી કનકચન્દ્ર સૂ. મ. ના પટ્ટશિષ્ય સ્વ. પૂ. ઉપા. શ્રી મહિમા વિ. ગણિવરની ૧૧ મી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે સામુદાયિક ગણધર યુગપ્રધાન દેવવંદન કરાવાયેલ. ૧૦ રૂા. પ્રભાવના થયેલ. તેમજ પરમાત્માને ભવ્ય અંગરચના રચાયેલ. ભા.સુ. ૧૧ ના જગદ્ગુરુ પૂ. આ. શ્રી હીર સૂ. મ. ની ૪૦૪ મી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે વ્યાખ્યાનમાં ગુણાનુવાદ તેમજ વસંતભાઈ રાધનપુરવાળા તરફથી સંઘપૂજન થયેલ. અવાર-નવાર વ્યાખ્યાનમાં સંઘપૂજનો થતા. ભા. સુ. ૧૨ ના સવારે વાજતે-ગાજતે મલાડ - ઈસ્ટના જિનમંદિરની ચૈત્ય પરિપાટી નીકળેલ. ત્યારબાદ સર્વેની નવકારશી ભક્તિ થયેલ. એ જ દિવસે સવારે ૯ વાગે શ્રીવીશ સ્થાનક મહાપૂજન ભાભર તીર્થ નિવાસી શ્રીમતી ભુરીબેન દલસુખભાઈ માણીયારના આત્મશ્રેયાર્થે તથા તેમના પરિવારમાં પાંચ અઠ્ઠાઈ હસમુખભાઈ, વૈભવ (ઉં. ૧૨ વર્ષ), ઋદ્ધિ (૧૪ વર્ષ), વિધિ (૧૨ વર્ષ), બિન્દુ (૧૭ વર્ષ) ની અઠ્ઠાઈ અનુમોદનાર્થે ભણાવવામાં આવ્યું. આમંત્રિત ૫૦૦ ભાવિકોની સુંદર સાધર્મિક ભક્તિ કરવામાં આવી. જીવદયાની ટીપ પણ સુંદર થઈ બપોરે શ્રી સંઘના ઉપક્રમે ભવ્યાતિભવ્ય રથયાત્રાનો વરઘોડો ચડેલ ઈન્દ્રધ્વજ - ડોલી શણગારેલી બગીઓ - અશ્વો - ૧૪ સ્વપ્ન તથા ભગવાનનું પારણું ઊંટગાડામાં ગોઠવવામાં આવેલ. છોડો સાથે ૪૫ આગમ ટ્રકમાં ગોઠવાયેલ. બેન્ડ - પ્રભુજીનો રથ-વિશાળ સાજન મહાજન સૌનું ધ્યાન ખેંચતો હતો. વરઘોડો ઉતર્યા બાદ પ્રભુજીના પોંખણાના ચડાવા સુંદર થયા. પૂ. શ્રી નું માંગલિક અને પ્રાસંગિક પ્રવચન થયેલ. લાડુની પ્રભાવના થઈ હતી. ભા. વ. ૪ ના બોરીવલીથી પૂ. આ. શ્રી રાજશેખર સૂ. મ. હાલા રીઓના બહુમાન પ્રસંગે સૌ પ્રથમ સુંદરબાગ અને ત્યારબાદ રત્નપુરી પધાર્યા હતા. તેમજ ગોરેગામ - શ્રીનગરથી પૂ. મુ. શ્રી જિનદર્શન વિ. મ. ચૈત્યપરિપાટી સાથે પધારેલ. સૌની નવકારશી ભક્તિ થયેલ. ભા.વ. ૧૪ ના સ્વ. પૂ. આ. શ્રી સિદ્ધિસૂરિ દાદાની ૪૦ મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે વ્યાખ્યાનમાં ગુણાનુવાદ તથા ભવ્ય આંગી રચાયેલ. તેમજ પૂ. મુ. શ્રી યશકીર્તિ વિ. મ. ના સંસારીપક્ષે માતૃશ્રી ગંગાબેન શાંતિલાલ શાહની આજરોજ બીજી પુણ્યતિથિ નિમિત્તે પ્રભુજીને ભવ્ય અંગરચના રચાયેલ. આ. સુ. ૮ થી આસો માસની શાશ્વતી ઓળીનો પ્રારંભ થયેલ ૧૪૧ આરાધકોએ આરાધના કરેલ. ઓળી કરાવવાનો તથા પારણાનો લાભ શ્રી હિંમતલાલ જગજીવદાસ ફોફાણી લુદ્રાવાળા તથા શ્રીમતી મંગળાબેન રતિલાલ દોશી પરિવારે લીધો હતો. દરેક આરાધકોને ૭૦ રૂા. એક થેલો, સાકરનો પડો અને શ્રીફળની પ્રભાવના અપાયેલ. તિથિના દિવસોમાં ૨૦૦-૨૫૦ આયંબિલો થતા હતા. આ જ મંગળ દિવસો દરમ્યાન શ્રી આચાર્યપદ આરાધનાના મંગળકારી દિવસો સાહિત્યસમ્રાટ સ્વ. પૂ. આ. શ્રી

વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ૧૮ મી સ્વર્ગારોહણ તિથિ આવતી હોઇ, આસો સુદ દ્વિ ૯ શનિવારથી આસો વદ ૨ રવિવાર સુધી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા શ્રી શાંતિસ્નાત્ર સહિત ભવ્યાતિભવ્ય નવાહ્નિકા મહોત્સવ પૂજ્યશ્રીના ૫૬ વર્ષના નિર્મળ સંયમ જીવનની અનુમોદનાર્થે તથા ચાતુર્માસ-પર્યુષણ આદિ આરાધનાઓની અનુમોદનાર્થે પ્રારંભાયો હતો. જેમાં આ.સુ.દ્વિ. ૯ ના પૂ. શ્રી ની સ્વર્ગતિથિનો મંગળ દિવસ હતો. મહોત્સવનો મંગળ પ્રારંભ સવારે દેરાસરજીમાં ચોઘડીયા - શરણાઇ વાદન તેમજ બહેનોના મંગળ પ્રભાતીયાથી શરૂ થયો. સવારે ૯-૧૫ કલાકે રામલીલા મેદાનના હોલમાં ગુણાનુવાદ સભા શરૂ થઇ. જેની પૂર્ણાહુતિ ૧૨ વાગે થઇ હતી. ગુરુ ગુણ ગીતો, વકતવ્યો તેમજ પૂ. મુ. શ્રી આત્મરતિ વિ. મ. અને છેલ્લે પૂ. મુ. શ્રી યશકીર્તિ વિ. મ. એ. પૂ. ગુરુદેવના ગુણાનુવાદ કરેલ. આ પ્રસંગે ૨૦ રૂા. સંઘપૂજન તેમજ સાટાની પ્રભાવના થઇ હતી. પૂજ્યોના ગુરુપૂજનનો ચડાવો સ્વ. શ્રીમતી ગંગાબેન શાંતિલાલ શાહ પરિવારે લઇ પૂજ્યોનું ગુરુપૂજન કર્યું હતું. બપોરે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી કેશવજી રવજી છેડા મલાડવાળા તરફથી ભણાયું હતું. આમાં લગભગ ૧૨૫ આસપાસ સાધર્મિકોની ભક્તિ કરેલ. પૂજનમાં ૫ રૂા. ની પ્રભાવના થઇ હતી. વિધિવિધાન શ્રી રમણીકભાઇ ભાભરવાળાએ કરાવેલ. સંગીતકાર શ્રી દિલીપ શર્મા એન્ડ પાર્ટી આવેલ. પરમાત્માને લાખેણી અંગરચના રચાઇ હતી. ગુણાનુવાદ સમયે મુંબઇ તેમજ પરામાંથી ભાવિકો આવેલ. મુંબઇમાં પણ લાલબાગ- ચંદનબાળા - બોરીવલી વિ. માં ગુણાનુવાદ- સંઘપૂજનો થયા હતા. બોરીવલી ચાતુર્માસ બિરાજતા સ્વ. પૂ. શ્રી ના બહેન મહારાજ અઢીસો શ્રમણીવૃંદ નાયક પ્રવર્તિની સ્વ. પૂ. સા. શ્રી દર્શનશ્રીજી મ. ના પ્રશિષ્યા પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મહારાજે સ્વ. પૂજ્યશ્રીના હસ્તે દીક્ષાદાન આદિ અગણિત ઉપકારો નિમિત્તે આરાધેલ વર્ધમાન તપની ૧૦૯ મી ઓળી આ.સુ. દ્વિ ૯ ના પૂર્ણ થઇ રહી હતી. એથી સુ. ૧૦ ના તપ પૂર્ણાહુતિના પ્રસંગે મલાડથી બન્ને પૂજ્યશ્રીને બોરીવલી પધારવાનું થયેલ. માર્ગમાં કાંદીવલી (વેસ્ટ) દહાણુકરવાડીના શ્રી સંઘે પૂ. શ્રી ની નિશ્રામાં બોરીવલી સુધીની ચૈત્યપરિપાટીનું મંગળ આયોજન કરેલ. એ મુજબ પૂજ્યશ્રી કાંદીવલી પધારતાં સ્વાગત કરવામાં આવેલ. જિનાલયે દર્શનાદિ કરી મંડપમાં માંગલિક શ્રવણ કરાવેલ. અને તુર્ત જ ચૈત્યપરિપાટીનું પ્રયાણ થયેલ. માર્ગમાં બે દેરાસરોએ દર્શન કરી બોરીવલી પધાર્યા હતા.

જિનાલયે દર્શન- ચૈત્યવંદનાદિ કરી અત્રે ચાતુર્માસ બિરાજમાન વિદ્વદ્વર્ય પૂ. આ. શ્રી રાજશેખર સૂ. મ. ને ચતુર્વિધ શ્રી સંઘે વંદન કરી માંગલિક શ્રવણ કરેલ. ત્યારબાદ સંઘની નવકારશી ભક્તિ થયેલ. પૂ. આ. ભ. ના આદેશથી પૂ. મુ. શ્રી યશકીર્તિ વિ. મ. સવા કલાક પ્રવચન ફરમાવેલ. પ્રાંતે પૂ. આ. ભ. પધારતાં ડોકટરો - તપસ્વીઓ આદિના બહુમાન સોનાની ચેન-રોકડા રૂા. તેમજ બહુમાન પત્ર અર્પણ કરવા દ્વારા થયેલ. ૨૩ રૂા.નું સંઘપૂજન થયેલ. અત્રે ચાલતા પંચાહ્નિક મહોત્સવના આજે છેલ્લા દિવસે બપોરે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયું હતું. સાંજે પૂજ્યશ્રીઓ મલાડ પધારી ગયા હતા. મલાડમાં પણ ચાલુ મહોત્સવના ત્રીજા દિવસે ૧૮ અભિષેક અને સવારે બોરીવલીથી પૂ. આ. શ્રી રાજશેખર સૂ. મ. ના આદેશથી પધારેલ પૂ. મુ. શ્રી હર્ષશેખર વિ. મ. નું મંગળ પ્રવચન થયું હતું. અઢાર અભિષેક શ્રી રત્નપુરીના આરાધકો તરફથી થયા હતા. વિધિવિધાન શ્રી રમણીકભાઇએ કરાવેલ. સંગીતકાર શ્રી હસમુખભાઇ ધામી પધારેલ. આ.સુ. ૧૧ ના શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા ભાભર તીર્થ નિવાસી શ્રીમતી મફુબેન બાબુલાલ મણીલાલ સંઘવી મલાડવાળા તરફથી સંગીતકાર શ્રી મેઘકુમાર ઝવેરીએ ખૂબ જ ભાવવાહી રીતે ભણાવેલ. સુ. ૧૨ ના શ્રી અંતરાયકર્મ નિવારણ પૂજા શ્રીમતી ભચીબેન રવજી છેડા પરિવાર મલાડવાળા તરફથી સંગીતકાર શ્રી બંસીભાઇ ખંભાતવાળાએ ભણાવેલ. સુ. ૧૩ ના શ્રી સમ્યગ્જ્ઞાનપદ આરાધનાના મંગળ દિવસે શ્રી ૪૫ આગમ પૂજા ખીમત નિવાસી શ્રી ચીમનલાલ કરસનદાસ શાહ પરિવાર તરફથી સંગીતકાર શ્રી કુમારપાળ ઝવેરીએ ભણાવેલ. સુ. ૧૪ ના શુભમુહૂર્તે શ્રી કુંભસ્થાપના કેશવજી રવજી છેડા મલાડવાળા તરફથી થયેલ. તેમજ શ્રી વીશસ્થાપક પૂજા પૂ. સા. શ્રી પુણ્યરેખાશ્રીજી મ. ના સંસારી સ્વજનો અને અંજાર નિવાસી ભદ્રાબેન મનહરલાલ સંઘવી કાંદીવલીવાળા તરફથી સંગીતકાર શ્રી સતીષભાઇએ ભણાવેલ. સુ. ૧૫ ના શ્રી નવાણું પ્રકારી પૂજા ખીમત નિવાસી શ્રીમતી ન્હાલીબેન કાંતિલાલ જેજાણી પરિવાર મલાડવાળા તરફથી સંગીતકાર શ્રી બંસીભાઇ ખંભાતવાળાએ ભણાવેલ. વ. ૧ ના શ્રી નવગ્રહાદિ પાટલા પૂજન તથા શ્રી સત્તરભેદી પૂજા શ્રી કેશવજી રવજી છેડા મલાડવાળા તરફથી શ્રી દક્ષેશભાઇ ચોકસી ખંભાતવાળાએ વિધિ અને સંગીત સાથે ભણાવેલ વ. ૨ ના સવારે શ્રી શાંતિસ્નાત્ર શ્રીમતી લક્ષ્મીબેન કેશવજી રવજી છેડા પરિવાર મલાડવાળા તરફથી ભણાવવામાં

આવેલ આમંત્રિત લગભગ ૪૦૦ ભાવિકોની સાધર્મિક ભક્તિ કરેલ. પૂજનમાં લાડુની પ્રભાવના થયેલ. વિધિ અને સંગીતમાં દક્ષેશભાઈએ ભક્તિરંગ જમાવેલ. પરમાત્માને લાખેણી અંગરચના રચાયેલ. નવે દિવસ પૂજા આદિમાં ૨ રૂા. વગેરેની પ્રભાવના થતી. પરમાત્માને મનોહર અંગરચના રચાતી. ફળ - નૈવદ્યની આકર્ષક ગોઠવણો થતી. રોજ ચોઘડીયા વાગતા અને પ્રભાતીયા ગવાતા. એમાં પણ રોજ પ્રભાવના થતી. પૂજ્યશ્રીના નવપદ વિષયક તેમજ સ્વ. ગુરુદેવના ગુણાનુવાદ સ્વરૂપે પ્રવચનો થતા. એ સમયે સ્વ. પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. રચિત પૂ. આ. શ્રી કનકચન્દ્ર સૂ. મ. ના જીવન-કવનનો રાસ સંગીત સાથે ગવાતો. એ સાંભળતાં ભાવિકોની આંખો અચૂક અશ્રુભીની બની જતી. મહોત્સવ પ્રસંગે નિમંત્રણ પાઠવતી આકર્ષક પત્રિકા ઠેર-ઠેર મોકલવામાં આવી હતી. આ રીતે રત્નપુરીના આંગણા યાદગાર બની રહેતો આ મહોત્સવ સ્વ. પૂ. શ્રીના ૫૬ વર્ષના નિર્મળ સંયમ જીવનની અનુમોદના કરતો પૂર્ણ થતાં એક સંભારણું બની ગયો હતો. દિવાળી પર્વ પ્રસંગે છઠ્ઠ તપની આરાધના અત્તરવાયણા-પારણા સહિત કરાવવાનો લાભ શ્રી છોટાલાલ જગજીવનદાસ સંઘવી તથા એક સદ્‌ગૃહસ્થ તરફથી લેવાયો છે. સ્વ. સાહિત્ય સમ્રાટશ્રીની પુણ્યતિથિ પ્રસંગે અમદાવાદ સમાધિભૂમિ પાલડી-રંગસાગરમાં ગુણાનુવાદ, શ્રી શાંતિસ્નાત્ર - શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય સહિત ત્રિદિવસીય ઉત્સવ, પાટણમાં શ્રી શાંતિસ્નાત્ર - ગુણાનુવાદ સહિત ત્રણ દિવસનો ઉત્સવ આ સિવાય રતલામ - નાસિક - અમદાવાદ, લક્ષ્મીવર્ધક - મુંબઈ વગેરે અનેક સ્થળોએ ગુણાનુવાદ - આંગી આદિ થયા હતા.

# જ્ઞાન ગુણ ગંગા

—પ્રજ્ઞાંગ

## ❋ 'શાસ્ત્ર' શબ્દનો પરમાર્થ

શ્રી પૂર્વધર મહાત્માઓ વડે 'શાસ્' ધાતુનો અર્થ 'અનુશાસન' કરાયો છે અને 'ત્રૈઙ્' ધાતુને બધા શબ્દ વેત્તાઓએ 'પાલન' અર્થમાં સુનિશ્ચિત કર્યો છે. તેથી જ

જે કારણથી રાગ—દ્વેષથી વ્યાપ્ત ચિત્તવાળા જીવોને સદ્ધર્મમાં અનુશાસિત કરે છે- જોડે છે, અને દુઃખથી સારી રીતે બચાવે છે તેથી તેને સજ્જન પુરૂષો વડે 'શાસ્ત્ર' કહેવાય છે. અને આવું શાસ્ત્ર શ્રી સર્વજ્ઞ ભગવંતોનું જ શાસ્ત્ર શ્રેયસ્કર છે. કેમ કે કહ્યું છે કે

અનુશાસન કરવાના સામર્થ્યથી તથા નિર્દોષ રક્ષણ કરવાના બળથી યુક્ત હોવાના કારણે તેને શાસ્ત્ર કહેવાય છે અને તેવું શાસ્ત્ર શ્રી સર્વજ્ઞ ભગવાનનું વચન જ છે. (શ્રી પ્રશમરતિ શ્લો. ૧૮૬-૧૮૭-૧૮૮ નો ભાવાર્થ)

## ❋ ઈચ્છા મૂર્છા૦ આદિ

ઈચ્છા - પ્રાપ્ત નહિ થયેલા કોઈપણ પદાર્થની પ્રાર્થના.

મૂર્છા - ચોરાઈ ગયેલા, હરણ થયેલા, નાશ પામેલા પદાર્થોનો શોક.

ગૃદ્ધિ - વિદ્યમાન પદાર્થની મમતા-મૂર્છા કે આસક્તિ.

કાંક્ષા - નહિ મળેલા વિવિધ પદાર્થોની પ્રાર્થના.

(શ્રી પક્ખી સૂત્રના આધારે)

## ❋ પ્રાણ - ભૂત - જીવ અને સત્ત્વના અર્થ અંગે

**પ્રાણ:** એટલે બેઈન્દ્રિય - તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય સર્વે જીવો.

**ભૂત :** એટલે સઘળા ય વનસ્પતિ કાયના જીવો.

**જીવ :** એટલે સઘળા ય પંચેન્દ્રિય જીવો.

**સત્ત્વ :** એટલે સઘળાય પૃથ્વીકાયાદિ જીવો. અથવા શ્રી પાક્ષિકસૂત્રની વૃત્તિમાં

**પ્રાણ :** એટલે દશવિધ પ્રાણોને ધારણ કરનારા પંચેન્દ્રિય જીવો.

**ભૂત :** એટલે થયા છે, થાય છે અને થશે તે ત્રિકાલવર્તી પૃથ્વી આદિ પાંચે પ્રકારના જીવો.

**જીવ :** એટલે નિરૂપક્રમ આયુષ્યથી જીવનારા-દેવો, નારકો, શલાકાપુરૂષો, અસંખ્યાત વર્ષના આયુષવાળાં તિર્યંચ, મનુષ્ય, યુગલિકો તથા ચરમશરીરી મનુષ્યો. અને

**સત્ત્વ :** એટલે લોકના ઉપકાર પૂરતું જ જેમનું સત્ત્વ છે તેવા વિકલ પ્રાણવાળા, સોપક્રમ આયુષ્યવાળા તિર્યંચ, મનુષ્ય અને વિકલેન્દ્રિય જીવો. - આવો પણ અર્થ કરેલો છે.

## ❋ સિદ્ધ પરમાત્માના ૩૧ ગુણો

પાંચ સંસ્થાન (ગોળ, ચોરસ), શુક્લાદિ પાંચ વર્ણ, સુરભી-દુરભી બે ગંધ, મધુરાદિ પાંચ રસ, ગુરૂ-લઘુ આદિ આઠ સ્પર્શ પુરૂષ-સ્ત્રી અને નપુંસક એમ ત્રણ વેદનો અભાવ તે અઠ્ઠાવીસ તથા અશરીરીપણું, અસંગપણું અને જન્મરહિતપણું એમ એકત્રીશ ગુણ. અથવા **પાંચ** પ્રકારનું જ્ઞાનાવરણીય, **નવ** પ્રકારનું દર્શનાવરણીય, **બે** પ્રકારે વેદનીય, દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય એમ **બે** પ્રકારે મોહનીય, **ચાર** પ્રકારનું આયુષ્ય, શુભ અને અશુભ એમ **બે** પ્રકારે નામ કર્મ, **બે** પ્રકારે ગોત્ર કર્મ અને **પાંચ** પ્રકારે અંતરાય એમ કુલ **૩૧** પ્રકારનાં કર્મના ક્ષય થવા રૂપ **એકત્રીશ** પણ સિદ્ધના ગુણો જાણવા.

# જો જો ! ખાદીવાદીઓની ફસામણમાં ફસાતા

**લે. મુક્તિપંથપથિક**

सुक्ष्म बुद्धया सदा ज्ञेयो धर्मो धर्मार्थिभि र्नैरैः
अन्यथा धर्मबद्धयैव धर्मविधानः प्रसज्यते

૧૪૪૪ ગ્રન્થોના રચયિતા સૂરિપુરન્દર પૂ. આ. ભ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા અષ્ટક પ્રકરણ ગ્રન્થમાં બુધ્ધયષ્ટક નામના અષ્ટકનાં પ્રથમ શ્લોકમાં ફરમાવે છે કે ધર્મ કરવાના અર્થી માનવોએ ધર્મને સૂક્ષ્મબુદ્ધિથી સમજવો જોઇએ. કહેવાનુ તાત્પર્ય એ છે કે જેણે જીવન માં ધર્મ કરવો છે ધર્મ કરીને સમ્યગ્દર્શન - દેશવિરતિ - સર્વવિરતિ આદિના ધર્મને પ્રાપ્ત કરીને આત્મશ્રેય સાધવું છે યાવત્ સંસારનો અંત કરીને સિદ્ધિપદને પામવું છે એ પુણ્યાત્માએ ધર્મને સૂક્ષ્મ બુદ્ધિથી સમજવો પડશે. સ્થુલબુદ્ધિ વાળા રહીને ધર્મ કરવામાં આવશે તો પોતે એમ માનશે કે હું ધર્મ કરી રહ્યો છુ પણ એ વખતે એવુ પણ બનશે કે પોતાના હાથે જ પોતાના ધર્મનો વિનાશ થશે અને પોતે બીજાઓના ધર્મનો પણ નાશ કરનારો બનશે.

આ શ્રી હરિભદ્ર સૂ. મ. જે આ વાત કરી છે તેને દરેક ધર્મના અર્થી પુણ્યાત્માએ ધ્યાનમાં લેવાની અનિવાર્ય આવશ્યકતા છે.

સૂક્ષ્મબુદ્ધિની પ્રાપ્તિ કેવલ શાસ્ત્રો વાંચી જવાથી કે ભણી જવાથી થતી નથી. પરન્તુ ગીતાર્થ ગુરૂભગવન્તો પાસે શાસ્ત્રોની દરેક વાતોના ઐદંપર્યાર્થ-તાત્પર્ય સુધીનો અર્થ સમજવામાં આવે તોજ સૂક્ષ્મ બુદ્ધિ પ્રાપ્ત થાય છે એટલા માટે જ શાસ્ત્રકારો ફરમાવે છે કે શ્રુતજ્ઞાન-ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન એ ત્રણે દ્વારા શાસ્ત્રો સમજવા જોઇએ અને તોજ શાસ્ત્રોનો સાચો અર્થ હાથમાં આવે છે. નહિતર શાસ્ત્રોના અર્થ કરવામાં ઘણી ઘણી ભ્રમણાઓ ઉભી થવાની અને એ ભ્રમણાઓના આધારે ઉન્માર્ગ પ્રરૂપણાઓ અને પ્રવૃત્તિઓ ચાલી પડવાની.

આજે સંખ્યાબંધ આગમાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરનારા કેટલાકો શ્રુતજ્ઞાન-ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન સુધી પહોંચીને આગમાદિ શાસ્ત્રોના અર્થો નહિ સમજેલાઓ હોવાના કારણે શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણાઓ અને પ્રવૃત્તિઓ જૈન શાસનમાં અને સંઘમાં ચાલી રહી છે તો પછી જેઓએ શાસ્ત્રો વાંચ્યા જ નથી અથવા તો ગીતાર્થ ગુરૂગમનું અવલંબન લીધા વિના પોતાની મેળે જ શાસ્ત્રો વાંચી લીધા છે એઓ દ્વારા શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણાઓ અને પ્રવૃત્તિઓ પાળે એમાં કાંઇજ નવાઇ નથી. અને એના કારણે જ આજે જૈન શાસનમાં ડહોલામણ - વિવાદો અને વિખવાદો થઇ રહ્યા છે.

શાસ્ત્રો સંસ્કારિત સૂક્ષ્મબુદ્ધિ વગરનાઓ ગીતાર્થ-જ્ઞાની-વ્યાખ્યાતા કે વિદ્વાન તરીકે પંકતા હોવા છતા એમને સસૂત્ર - ઉત્સૂત્ર - હેય - ઉપાદેય કરણીય - અકરણીય - ઉપદેશ - અનુપદેશ તથા હિંસા - અહિંસા વગેરેની વ્યવસ્થિત જાણકારી ન હોવાના કારણે શાસ્ત્ર અને સાધુ આદિની મર્યાદા બહારની ઉન્માર્ગ પ્રવૃત્તિઓ ધમધોકાર ચાલી રહી છે.

આવી જ એક વર્તમાનમાં હિંસા અને અહિંસાના વિષયમાં નજીકના જ ભૂતકાલથી ઉન્માર્ગ પ્રવર્તન શરૂ થયું છે અને ચાલી રહ્યું છે. ખાદીવાદીઓનો એક વર્ગ ધીરેધીરે ઉભો થઇ રહ્યો છે. ખાદીવાદના પ્રણેતા અને તેના વર્ગમાં એવી એવી ભ્રમણા થઇ ગઇ છે કે ખાદીનુ કપડું પહેરવામાં અલ્પ હિંસાનો દોષ લાગે છે જ્યારે મીલ-કારખાનાદિના કપડા પહેરવામાં અધિક હિંસાનો દોષ લાગે છે માટે સાધુઓએ અલ્પ હિંસાનો દોષ લાગે એવા ખાદીના જ કપડા પહેરવા જોઇએ મીલના કપડા નહી પહેરવા જોઇએ.

માટે જ ખાદીવાદના પ્રણેતા મહાત્માઓ સાધુઓને મીલના કપડા ઉતરાવી-ખાદીના કપડા પહેરાવવાની પ્રવૃત્તિ ચાલુ કરી દીધી છે અને દીક્ષાના પ્રારંભથી જ દીક્ષાર્થી મુમુક્ષુ ને દીક્ષા લેતી વખતે ખાદીના કપડાજ પહેરાવે છે.

મીલના કપડા વગેરે મીલના મોટા મોટા યંત્રો દ્વારા બનતા હોવાથી મીલના કપડા બનતા હોય ત્યારે જીવોની ઘોર હિંસા, થતી હોય છે. જ્યારે ખાદીના કપડા ચરખાદિના યંત્રોથી બનતા હોવાના કારણે ખાદીના કપડા બનાવવામાં અલ્પ જીવોની હિંસા થાય છે. માટે સાધુઓએ ખાદીના જ કપડા પહેરવા જોઇએ મીલના કપડા નહીં જ પહેરવા જોઇએ. એવી ખાદીવાદીઓને એક મોટામા મોટી મતિભ્રમણા થઇ ગઇ છે. અને ખરેખર એ ભ્રમણા ભ્રમણા જ છે એમની એ માન્યતા શાસ્ત્ર સમ્મત નથી અને યુક્તિ સંગત પણ નથી.

મીલમાં બનતા કાપડાદિમાં જીવોની હિંસા ઘણી થાય છે અને ચરખાદિથી બનતા કાપડાદિમાં ઓછી હિંસા થાય છે. એ વાત નિશ્ચિત છે. છતા સાધુ મીલના કપડા વાપરે તો તેને ઘોર જીવ હિંસા લાગે અને ખાદીના કપડા પહેરે તો અલ્પ જીવ હિંસા લાગે માટે સાધુએ મીલના કપડાને બદલે ખાદીના કપડા જ વાપરવા જોઈએ આવી જે માન્યતા કેટલાક સાધુઓમાં વર્તી રહી છે તે તેમની પોતાની મનઘડત કલ્પનામાંથી ઉભી થયેલી છે એ એમની માન્યતા શાસ્ત્રસમ્મત નથી અને યુક્તિ સંગત પણ નથી.

શાસ્ત્રમાં કોઈ ઠેકાણે મીલનું કપડુ ન વાપરવું અને ખાદીનુ જ કપડુ વાપરવું કે અલ્પહિંસા વાળું કપડુ વાપરવું અને વધારે હિંસાવાળુ કપડું ન વાપરવું એવું જણાવ્યું નથી. દુનિયામાં જે કોઈ ચીજો બનતી હોય છે એમાં કોઈક ચીજના ઉત્પાદનમાં જીવોની વધારે હિંસા થતી હોય છે. કોઈ ચીજના ઉત્પાદનમાં ઓછી હિંસા થતી હોય છે કોઈ પણ ચીજનું મૂલ ઉત્પાદન તો કર્માદાનના આરંભ સમારંભથી જ થતા હોય છે. એમાં પણ કોઈકમાં ઓછી જીવહિંસા થતી હોય છે અને કોઈકમાં વધુ જીવ હિંસા પણ થતી હોય છે. સાધુ સંયમને ઉપયોગી કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરતો હોય તો તેને તે વસ્તુના ઉત્પાદનમાં થયેલી હિંસાનો દોષ લાગે છે. એવું કોઈ શાસ્ત્રમાં જણાવવામાં આવ્યું નથી. માત્ર કપડા વગેરે વસ્તું શાસ્ત્રમાં બતાવેલ આધાકર્મી આદિ જે બેતાલીસ દોષ બતાવવામાં આવ્યા છે તે બેતાલીસ દોષ વગરના નિર્દોષ હોવા જોઈએ બેતાલીશ દોષ વગરના કપડા વગેરે વસ્તું વાપરવામાં સાધુને જીવહિંસાનો જરા પણ દોષ લાગતો નથી. ચાહે તે કપડાદિ વસ્તુઓ મીલની બનાવેલી હોય કે ચરખા આદિથી બનાવેલી હોય.

૪૨ દોષમાંથી કોઈ પણ દોષવાળી કપડા આદિ વસ્તુ વાપરે તો સાધુને ઓછા વત્તા અંશે દોષ લાગેજ છે. તેમજ મારે અમુક મીલનું જ કપડું જોઈએ કે મારે ચરખાદિથી બનાવેલ ખાદીનું જ કપડું જોઈએ એવી અપેક્ષા રાખીને કપડાદિ વહોરીને વાપરે કે આગ્રહ રાખે તો યથાયોગ્ય અલ્પ યા વધુ હિંસાનો દોષ લાગેજ. તે સીવાય ૪૨ દોષ રહિત સંયમને અનુરૂપ કોઈ પણ કપડાદિ વસ્તુ સાધુ વાપરે તો તેને હિંસાનો જરા પણ દોષ લાગતો નથી અને જો હિંસાનો દોષ લાગતો જ હોય તો મીલના કપડા વાપરવાથી હિંસાનો દોષ લાગવાના કારણે સાધુનું "સર્વથી હિંસા વિરતિનુ પહેલું મહાવ્રત" ભાંગે તેમા ખાદીના કપડા વાપરવામાં પણ ચરખાદિ યાંત્રિક સાધનોથી બનતા હોવાથી તેમાં થયેલ હિંસાનો દોષ લાગવાથી પ્રથમ મહાવ્રતનો ભંગ થાય જ.

જૈન શાસનમાં એવુ નથી કે ઘણી જીવહિંસામાં પ્રથમ મહાવ્રતનો ભંગ થાય. અને અલ્પહિંસામાં પ્રથમ મહાવ્રતનો ભંગ ન થાય. અનેક જીવોની હિંસામાં પ્રથમ મહાવ્રતનો ભંગ થાય તેમ એક જીવની હિંસા કરવામાં પણ ભંગ થાય જ !

મીલના કે ચરખાદિથી બનાવેલ કપડાદિ વાપરવામાં ૪૨ દોષથી રહિત નિર્દોષ હોવા છતા થોડી યા ઘણી જીવહિંસાનો દોષ લાગતો હોય તો ૪૨ દોષથી રહિત નિર્દોષ આહાર પાણી વગેરે વહોરે ને વાપરે ત્યારે આહારાદિ બનાવવા માટે રસોઈ વગેરે કરતા જે છટ્કાયના જીવોની હિંસા થઈ તે બધી હિંસાનો દોષ સાધુ ને લાગવાનો. આપત્તિ આવશે પરન્તુ એવું નથી નિર્દોષ આહાર પાણી વાપરે એમાં આહાર આદિના ઉત્પાદનમાં થતી હિંસાનો જરા પણ દોષ લાગતો નથી. અને જો હિંસાનો દોષ લાગતો હોય તો તે આહારાદિના અનાજનુ ખેતરમાં ઉત્પાદન થયું તેમાં પણ થયેલી છ એ કાયના જીવોની હિંસાનો દોષ લાગશે એ અનાજ પણ જે બીયારણના અનાજથી ખેતરાદિમાં ઉત્પન્ન થયુ તેમાં થયેલ હિંસાનો દોષ પણ લાગશે. આ રીતે તો પરંપરા એ અવિરત થતી જીવ હિંસાના ઢગલા બંધ દોષો લાગશે. દીક્ષા આપશો ને દીક્ષાર્થીની ઉત્પત્તિના કારણરૂપ મૈથુનનં દોષ પણ દીક્ષા દેનારને લાગશે. એ રીતે કપડા વગેરેમાં પણ જે કપાસાદિ વસ્તુઓ વપરાઈ એ કપાસાદિનુ ઉત્પાદન ખેતર આદિમાં થયું તેમાં પણ થયેલા. જીવોની હિંસાનો દોષ લાગશે. એ કપાસના કપાસીયાનું ઉત્પાદન બીજા કપાસીયાના બીયારણથી થયું તેની ઉત્પત્તિમાં પણ જે ખેતરાદિમાં જીવ હિંસા થઈ તેનો દોષ પણ લાગશે. આ રીતે કપડાદિનાં ઉપકરણોમાં પણ અવિરત પારંપરિક ભૂતકાલિનાં થયેલા જીવ હિંસાના ઢગલા બંધ દોષો લાગશે.

એવી રીતે જે નિર્દોષ ઉપાશ્રય-વસતિમાં સાધુ રહેશે તેને પણ બનાવવાદિમાં જે જીવોની હિંસા થઈ તેનો દોષ પણ સાધુને લાગશે તેમજ તે ઉપાશ્રયાદિ બનાવવામાં ઈંટ વગેરે જો મટીરીયલ લાગ્યું તે ઈંટ વગેરે બનાવવામાં જે નિંભાડાદિમાં જીવો ની હિંસા થઈ તેનો પણ દોષ લાગશે. આમાં પણ આવી અવિરત ભૂતકાલિન હિંસાના દોષોની પરંપરા ચાલશે. ઢગલા બંધ હિંસાના દોષો આ રીતે લાગતા હોય તો સાધુ ક્યારે પણ કેવલજ્ઞાન નહી પામે અને મોક્ષે જઈ શકાશે જ નહી તેમજ નિર્દોષ આહાર પાણી વગેરે વાપરનારા કેવલી ભગવન્તો અને તીર્થંકર ભગવન્તોને પણ હિંસાનો દોષ લાગવાની આપત્તિ આવશે. પરંતુ નિર્દોષ આહારાદિ વાપરનાર તીર્થંકર-કેવલીભગવન્તોને અલ્પ કે અધિક

હિંસાનો જરા પણ દોષ લાગતો નથી. તેવી રીતે નિર્દોષ આહારાદિ- ઉપધિવસતિ આદિ વાપરનાર સાધુઓને પણ અલ્પ કે અધિક જીવ હિંસાનો કોઈ દોષ લાગતો નથી.

વર્ષો પહેલા પણ ખાદીવાદીઓનો વર્ગ ઉભો થયો હતો ખાદીવાદમાં ઘણાં ગૃહસ્થો અને કેટલાક સુધારક આચાર્ય આદિ સાધુઓ ફસાયા હતા. મીલના કપડા વાપરવામાં ઘણી જીવહિંસાનો દોષ લાગે છે. ખાદી વાપરવામાં ખાસ જીવ હિંસાનો દોષ લાગતો નથી. એવું માનીને ખાદી પહેરવાના આગ્રહી બન્યા હતા અને વાપરતા હતા.

શાસ્ત્રના સત્યોને સૂક્ષ્મ બુદ્ધિથી સમજનારા જૈન શાસનના મોટા ભાગના આચાર્યાદિ સાધુ ભગવન્તો એ મીલના કપડા કરતા ખાદી પહેરવામાં અલ્પ હિંસાનો દોષ લાગે છે એમ માનીને ખાદી પહેરવાનું અપનાવ્યું ન હતું. ખાદી જ વાપરવી જોઈએ એવો આગ્રહ કે કદાગ્રહ એમનામાં ન હતો. ખાદી જ વાપરવી જોઈએ એવો પ્રચાર પણ કરતા ન હતા. જે વખતે જે કપડુ નિર્દોષ ને સંયમને ઉપયોગી હોય તેનો ઉપયોગ કરી લેતા હતા.

પૂ. આ. દે. શ્રી રામચંદ્ર સૂ. મ. તથા અન્ય આચાર્યો વગેરેએ જોર શોરથી વિરોધ કરી કરીને ખાદીવાદને નેસ્ત નાબુદ કરી નાખ્યો હતો અને ખાદીવાદીઓના વર્ગને વેરણ છેરણ કરી નાખ્યો હતો. સત્ય સમજવાના કારણે ઘણા ખાદીવાદીઓ ખાદીવાદની ફસામણમાંથી નીકલી ગયા હતા.

ચોમાસામાં અલસીયા ઉત્પન્ન થાય તેમ હમણા હમણા પાછો ખાદીવાદીઓનો વર્ગ જૈન શાસનમાં ઉભો થયો છે જે ખરેખર જૈન શાસનમાં મોટો વિવાદ જગાડી, ખાદી વાપરનારા સાધુઓ જ સાધુ છે મીલના કપડા વાપરનારા સાધુઓ સાધુ ન કહેવાય. એથી સંઘમાં બુદ્ધિ ભેદ કરનારો નિવડવાનો છે જે જૈન શાસન માટે ખૂબ જ ખતરનાક છે.

માટે જૈન શાસનના સાધુઓ એ શાસ્ત્રીય વાતોને સૂક્ષ્મ બુદ્ધિથી સમજવાની આવશ્યકતા છે અને મીલના કે ખાદીના કપડા વાપરવાના આગ્રહી ન બનતા જે નિર્દોષ અને સંયમને ઉપયોગી હોય તેવા જ કપડા વાપરવાના ઉદ્દેશ્ય વાળા બનવું જોઈએ. જેથી ખાદીવાદનો ઝંડો લઈને ફરનારા ખાદીવાદી સાધુઓના "અલ્પહિંસાવાળી હોવાથી સાધુએ ખાદી જ વાપરવી જોઈએ" એવી મિથ્યા માન્યતામાં ફસાવવાનું ન થાય.

સાધુઓને દોષનું કારણ ઉત્પત્તિ નથી પણ અનુમતિ છે. શાસ્ત્રની સત્ય વાતોને સમજી ખાદીવાદીઓ પણ ખાદીવાદની ફસામણમાંથી બહાર નીકળી શાસ્ત્રના સત્ય માર્ગે આવે અને બીજાઓ પણ ખાદીવાદમાં ફસાય નહીં અને શાસ્ત્રના સત્ય માર્ગમાં સ્થિર બને એજ એક શુભેચ્છા.

## નવનાત વણિક એસોસીએશન ઓફ યુકે દ્વારા રૂા. ૩૦ લાખ ૮૮ હજારના દાનની ફાળવણી

રાજકોટ : રાજકોટ મહાજન પાંજરાપોળના પ્રમુખ મુળચંદભાઈ મહેતા (એમ.ડી.મહેતા) જણાવે છે કે, નવનાત વણિક એસોસીએશન ઓફ યુ.કે.ના સભ્યો જીવદયા અને માનવ રાહત અર્થે ફાળો નોંધાવે છે. નવનાત જીવદયા ફંડમાંથી રૂા. ૩૦,૮૮,૦૦૦ ની ફાળવણી તાજેતરમાં કરાઈ છે. જેમાંથી ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છની સંસ્થાઓને રૂા. ૨૮,૧૮,૦૦૦ અને રૂા. ૨,૭૦,૦૦૦ અન્ય સેવાકીય સંસ્થાઓને અપાયો છે. દર વર્ષે પર્યુષણ પર્વ પ્રસંગે જીવદયા-અનુકંપા અર્થે સભ્યો ફાળો નોંધાવે છે એક લાખ રાજકોટ મહાજન પાંજરાપોળને એક લાખ બોટાદ સર્વોદય ટ્રસ્ટ, પંચાસી હજાર મોરબી વૃદ્ધાશ્રમ સાંઈઠ હજાર કાઠિયાવાડ નિરાશ્રીત બાલાશ્રમ, તેમજ સોસાયટી ફોર મેન્ટલી રીટાર્ડેડ વિકાસ વિદ્યાલય અને આર. એમ. આઈ. હોસ્પિટલ ચીક્રોદ્રા દરેકને રૂા. પચાસ હજાર, ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિને એંસી હજાર, અંધ-અપંગ માનવ કલ્યાણ ટ્રસ્ટને પાંસઠ હજાર, ભાવનગર વૃદ્ધાશ્રમને પીસ્તાલીસ હજાર ભુજ પાંજરાપોળને સીતેર હજાર, જામનગર પાંજરાપોળને સાંઈઠ હજાર, અંજાર પાંજરાપોળને પંચાવન હજાર અને દ્વારકા, પોરબંદર, વઢવાણ, અમરેલી, ભાણવડ, થાન, ધોરાજી, મોરબી, જૂનાગઢ, મોટા વડાલા, જેતપુર, મારૂતીધામ, ડીસા, સાવરકુંડલા દરેક પાંજરાપોળને રૂા. વીસ હજાર, ધારી તથા ચોટીલા પાંજરાપોળને રૂા. પચીસ-પચીસ હજાર, બોટાદ, ગોંડલ, વાંકાનેર, કાલાવડ, ધ્રોળ, ઉપલેટા, કેશોદ, ચુડા, વીંછિયા, વેરાવળ, માંગરોળ, મહુવા, પાળિયાદ દરેક સંસ્થાઓને રૂા. પંદર હજારનું દાન મોકલી આપવામાં આવેલ છે. કુલ ૮૯ જેટલી સેવાકીય સંસ્થાઓને કુલ રૂા. ત્રીસ લાખ અઠ્ઠાસી હજાર ફાળવવામાં આવેલ છે.

— ફૂલછાબ (તા. ૭-૧-૨૦૦૧)

લેખાંક ૨

# આતમ પરિણતિ આદરી, પરપરિણતિ પીલો

પૂ. મુનિશ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

સુખની લાલચ અને દુઃખની કાયરતાથી જીવની સાચી વિવેક શક્તિ નાશ પામે છે. મોહથી ઘેરાયલો જીવ સાચું વિચારી શકતો નથી. તેથી દુઃખ ઉપર અણગમો અને સુખ ઇન્દ્રિય - કષાયજન્ય સુખ-ઉપર અતિ પ્રીતિ-આસક્તિ જાગે છે. તેથી જે જે કામો પ્રવૃત્તિ કરે છે તેથી દુઃખ, દુઃખ અને દુઃખ જ પામે છે અને સુખ તો સ્વપ્ન પણ સિદ્ધ થતું નથી. આ રાગ-દ્વેષની પરિણતિ એ જ કર્મબંધનું અને પરંપરાએ સંસારનું, સંસારનાં દુઃખોનું કારણ બને છે.

ઇન્દ્રિયોની આધીનતા અને તેમાંથી જન્મતા કષાયોની પરાધીનતા જીવને અજ્ઞાની બનાવે છે. સારી વિચાર શક્તિ કુંઠીત કરી નાખે છે. તેથી જ આપણને ઇન્દ્રિયજન્ય વિષય સુખો અતિ અતિ વહાલા, પ્રાણ પ્યારા લાગે છે. મીઠા મધ જેવાં લાગતા આ વિષય સુખો વિરસ પરિણામી છે તે પણ વિચારી શકતા નથી. દુનિયાની ફેક્ટરીનાં રો મટીરીયલ્સ-કાચો માલ જોવો ન ગમે પણ તેનું પ્રોડક્શન-ઉત્પાદન આંખે ઊડીને વળગે. જ્યારે આપણાં શરીરને આપેલો સારામાં સારો સુગંધી રસવાળો ખોરાક અને તેનું પરિણામ રોજ જોવા છતાં પણ આપણી આંખ ઉઘડતી નથી. શરીર પરનો મોહ એવો જ રહે છે. ઇન્દ્રિયજન્ય સુખો માત્ર આ જ ભવમાં મલ્યા એવું ઓછું છે ? અનાદિથી સંસારમાં પરિભ્રમણ કરતાં એવા આપણા સૌના આત્માઓ અનંતીવાર ઇન્દ્રિયજન્ય સુખો ભોગવ્યા પણ આપણને તૃપ્તિ જ ન થઈ. જાણે પહેલી વાર જ જોયા મલ્યા ન હોય તેવી આપણી દશા છે. વળી આ ભવમાં જે મલ્યા છે તેનાં કરતાં પણ સુંદર-મનોહર-દિવ્ય સુખ રાજા-મહારાજા કે દેવાદિના ભવોમાં પણ આપણે ભોગવ્યા છતાં પણ આપણો આત્મા હજી પણ તે વિષયસુખોથી ન તો વિરામ પામ્યો કે ન તો વિષયોના વિષચક્ર કોઠામાંથી બહાર નીકળી તેના વિપાકને સમજ્યો.

કર્મજન્ય જીવ કર્મની પરવશતાથી જે જે ગતિમાં ગયો ત્યાં તે તે ભવને અનુરૂપ ઇન્દ્રિયોની પ્રાપ્તિ થઈ. એકેન્દ્રિયથી પંચેન્દ્રિ સુધીના ભવોમાં ભમ્યો છે. ભમી રહ્યો છે. પુણ્યોદયના કારણે જેમ જેમ તેનો વિકાસ થાય છે, ઇન્દ્રિયોનો ક્ષયોપશમ સુંદર મળે છે તેમ તેમ તેની ઇન્દ્રિયજન્ય સુખોની લાલસા પણ ભવ ભવતર બનતી જાય છે.

હાથી જેવું વિરાટ કાય, મહાપરાક્રમી પ્રાણી પણ એક માત્ર સ્પર્શેન્દ્રિયની લાલસાની નબળી કડીથી, હાથણીના ચિત્રથી-દેખાવથી કે હાથણીના મુત્રથી ગંધથી આકર્ષઈને બંધન ગ્રસ્ત બને છે. હે જીવ સ્પર્શેન્દ્રિયને વશ પડેલો તું તારી જાતનો વિચાર કર. દુનિયાને ધ્રુજાવનાર, બળવાનમાં બળવાન, ગમે તેવા ઘાને સામી છાતીએ ઝીલનાર એવા પણ પરાક્રમી યોદ્ધાઓ-પુરૂષો, માત્ર સ્પર્શેન્દ્રિયની પરવશતાથી નિર્બળ બની જાય છે. સુકોમલ-આકર્ષક સ્ત્રી સ્પર્શની ઇચ્છાથી વિવશ-પરાજિત બની જાય છે. પોતાના અંતઃપુરમાં અનેક આકર્ષક રૂપરમણીઓ હોવાં છતાં એક માત્ર મહાસતી સીતાદેવીના સહવાસની ઇચ્છાથી પ્રતિવાસુદેવ રાવણની શી ગતિ થઈ તેનો તું વિચાર કર !

રસનેન્દ્રિયની ગુલામીએ તો જે કારમા ઉત્પાત મચાવ્યા છે, જે રીતના ઉપર ચઢેલાને નીચે પટક્યા છે તેનું વર્ણન કલમમાં પણ શક્ય નથી. માછલા અને ઉંદર આદિ જે રીતના બંધનગ્રસ્ત બની મરણને શરણ બને છે તેનો વિચાર કર. સોદાસ રાજાનો વિચાર કર. શાસ્ત્ર પ્રસિદ્ધ અંડ ગોલીક મનુષ્યોનો વિચાર કર. રસનેન્દ્રિયની લાલસા-આધીનતાએ આજે ઉત્તમ કુળોમાં પણ ભક્ષ્યાભક્ષ્યનો, પેયાપેયનો વિવેક ભૂલાવ્યો. આત્માએ આજ સુધી કેટલું ખાધું-પીધું છતાંય તૃપ્તિ ન થઈ. મહાન શાસન રક્ષક અને પ્રભાવક શ્રી મંગુ આચાર્ય આની આધીનતાએ જ હીન યક્ષ યોનિમાં ગયા તેનું રસપાન કરાવનારા પણ વિચારે ખરા કે-હું રસનેન્દ્રિયોનો ગુલામ છું. કે તેને મેં જીતી લીધી છે ! ઇન્દ્રિયોની પરવશતાએ આપણને અનંતાકાલચક્રમાં રખડાવ્યા છતાં હજી આપણો આત્મા જાગ્યો છે કે મસ્ત મોહનિદ્રામાં બેફિકરો બન્યા છે? જાગૃત તો તે કહેવાય જે બીજાને પડતા-લપસતા જોઈ પોતે સાવધ બની જાય અને બીજાને પણ સાવધ બનાવે. કોણ શું કરે છે તેના બદલે આપણે આપણી જાતનો વિચાર કરવો છે કે 'મારે શું કરવું છે?' કોઈપણ રીતે મારે મારી જાતને બચાવવી છે અને આ ઇન્દ્રિયોની રાક્ષસી નાગચુડ પક્કડમાંથી મુક્ત તો થવું જ છે આ મારો નિર્ધાર છે. તો પણ ઇન્દ્રિયો સામે લડવાનું કાંઈ બળ-શૌર્ય પેદા થશે.

ઘ્રાણેન્દ્રિયમાં લુબ્ધ-આસક્ત બનેલો મુક્ત ગગનવિહારી ભ્રમર કમળ આદિની સુગંધમાં ભાન ભૂલી અંતે મરણને પામે છે. જીવ તું આવો સુગંધમાં આસક્ત નથી ને ? ગંધપ્રિયકુમારને વિચાર કે પરિણામ શું આવ્યું ! સુબંધુ મંત્રીનો વિચાર કર કે આની આસક્તિના કારણે જીવનભર મુનિ જેવું જીવન જીવવું પડ્યું ! આવી અશરણ અવસ્થા આપણે પણ ભોગવી છે. મરણને પણ

પામ્યાં છતાંય આસક્તિ જતી નથી.

ચક્ષુરિન્દ્રિયની ગુલામીની સજા ઘણીવાર ભોગવી છતાંય હજી રૂપની આસક્તિ મરતી નથી. રૂપની પાછળ લંપટ બનેલાંઓએ જે ખાના ખરાબી સર્જી છે તેનાથી ઈતિહાસ પણ કલંકિત બન્યો છે. રૂપના પિપાસુઓ એવા હવસખોર બને છે કે રૂપ જોતાં જ પતંગિયાની જેમ પોતાની જાતને પણ હોમી દેતા અચકાતા નથી. આજે આવી રૂપની સ્પર્ધાઓ, ફેશન પરેડો યોજાય છે ખરેખર બેશરમી અને બેમર્યાદાની જાણે હોડ ! દીપકની જ્યોતમાં મોહ પામેલો-આકર્ષક બનેલો પતંગિયો પ્રાણ ગુમાવે છે. આવી કારમી ગુલામી નજરે જોવાં છતાં પણ રૂપમાં પાગલ બનેલા કરૂણ કહાની સર્જે છે. રૂપમાં મૂંઝાયેલા શ્રી ઈલાચીકુમારને વિચાર કે ઉત્તમ જાત-કુલ ભૂલી શું કર્યું ! તે તો તેમનું ભાવિ ભદ્રંકર-સુંદર તો જાગ્યા અને કામ સાધી ગયા તે અલગ વાત ! રૂપમાં દિવાના બનેલા આજે ઉત્તમકુલ જાતિના સુસંસ્કારોનું છડેચોક વસ્ત્રાહરણ કરી છે ચીંથરેહાલ કર્યા છે. તેવા નગ્ન નાચનું કારમું તાંડવનૃત્ય ચાલવા છતાંય પેટનું પાણી હલતું નથી તે નવાઈ છે. તેના દુર્દાન્ત પરિણામો નજરે જોવા છતાં પણ હજી તેનાથી પાછા ફરવાનું મન થતું નથી. વિવેકહીનતાનું આ કારમું પરિણામ છે.

શ્રોત્રેન્દ્રિયની પરવશતા અને ગુલામોથી સર્પ-હરણિયા આદિ કાયમનું ગુલામીખત અને અંતે મરણનો સંગીતના રસમાં સ્વીકાર કરે છે. શ્રોત્રેન્દ્રિયમાં આસક્ત બનેલા શય્યાપાલકનો જે કરૂણ અંજામ ત્રિપૃષ્ઠ વાસુદેવે કર્યો તેનો વિચાર કર. આની આધીનતાએ આજે લાજ-શરમ-મર્યાદાને નેવે મૂકાવી, બીભત્સતા અને અશ્લીલતાને આઝાદી અપાવી.

એક એક ઈન્દ્રિયની આધીનતા અને પરાધીનતાના કટુ ભયાનક વિપાકોની જાણાવતી અનેક કથાઓ શાસ્ત્રોમાં નોંધાયેલી છે. તે વાંચતા-વંચાવતા પણ જો આપણું હૈયું ન કંપે તો આપણું શું થશે ? જ્ઞાનિઓ તો કહે છે કે પુણ્યયોગે પ્રાપ્ત ઈન્દ્રિયોનો જો સદુપયોગ ન કરાય અને માત્ર દુરૂપયોગ જ કરાય, વિષયરસમાં આસક્ત બનાય તો ભવાંતરમાં તે તે ઈન્દ્રિયની પ્રાપ્તિ-ક્ષયોપશમ પણ સુદુર્લભ કહ્યો છે. આ બધું વાંચતા લખતા વિચારતા આંખ અશ્રુભીની અને હૈયું રડવું જોઈએ કે મારા આત્માએ પણ અજ્ઞાન મોહાધીન અવસ્થામાં આ બધી અવસ્થા પ્રાપ્ત કરી છે. હવે કાંઈ જ સમજ જાગી છે તો ઈન્દ્રિયોનો ગુલામ ન બન પણ ઈન્દ્રિયોને ગુલામ બનાવ. જ્ઞાનિઓએ આ ઈન્દ્રિયોને મોહની દૂતી કહી છે. ઈન્દ્રિયોની ગુલામી તે દુર્ગતિનો રસ્તો કહ્યો છે, ઈન્દ્રિયોની આધીનતાને સદ્ગતિનો માર્ગ કહ્યો છે.

કહ્યું છે કે "મૃગ પતંગ અલિ માછલો,
કરિ એક વિષય પ્રપંચ,
દુઃખીયા તે કિમ સુખ લહે રે.
જસ પરવશ એહ પંચો રે."

આત્મન્ ! તું વિચાર કે એક ઈન્દ્રિયની ગુલામી મોતને આમંત્રણ આપે છે તો પાંચેનો ગુલામ બન્યો છે તો શું હાલત થશે ? સુખી કેમ થશે ? ઈન્દ્રિયોની ગુલામી સુખનો માર્ગ નથી પણ દુઃખનો કાંટાળો તાજ છે. સુખ ઈન્દ્રિયોની આધીનતામાં છે જે માગે તે આપવામાં નથી. પણ ઈન્દ્રિયોનો જય કરવામાં છે. જિતેન્દ્રિય આત્મા જ સાચા સુખનો ભોક્તા બને છે.

કામભોગમાં સુખ નથી, સુખ તો કામવિજેતા બનવામાં છે. જે વાત જગતના ચોગાનમાં શ્રી સ્થૂલિભદ્રજીએ, શ્રી સુદર્શન શ્રેષ્ઠીએ, વિજય શેઠ-વિજયા શેઠાણીએ, શ્રી વજ્રસ્વામિજીએ પૂરવાર કરી બતાવી.

આહાર સંજ્ઞાને પોષવામાં સુખ નથી પણ અણાહારી પદની પ્રાપ્તિમાં સાચું સુખ છે. આહાર સંજ્ઞાને જીતવામાં સાચું સુખ છે. જે શ્રી કુરગડુ મુનિએ સિદ્ધ કરી બતાવ્યું. આહાર એ તો આત્માની વિકૃતિ છે, અણાહારિતા જ પ્રકૃતિ છે. પૂર્વકારોએ પણ ગાયું કે- " આહારે વેદ વધે, વેદે વધે વિકાર".

સુગંધમાં સુખ કે દુર્ગંધમાં દુઃખ નથી. સાચું સુખ તો તે બન્નેને જીતવામાં છે. આત્માનો મૂળ સ્વભાવ નિર્ગંધપણું છે. આત્મ સ્વભાવને પેદા કરવામાં જ સાચું સુખ છે.

સુરૂપ તે સુખનો સુવર્ણકાળ અને કુરૂપ તે દુઃખના દરિયો તેવું નથી. આ તો મોહે પેદા કરેલો ભ્રમ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ જોવામાં, તે પેદા કરવામાં જ સાચું સુખ છે. હું સિદ્ધ સ્વરૂપી છું." આ પળે પળે યાદ હોય તે કર્મજન્ય સુરૂપ દુરૂપમાં મૂંઝાય નહિ.

સારું કે નરસું સાંભળવાથી થતી સુખ-દુઃખની લાગણી તે તો કેવળ ભ્રમ છે. આત્મલીનતા અને વીતરાગતાદિ ભાવોને સાંભળીને તે મેળવવામાં સાચું સુખ છે.

ઈન્દ્રિયોની આધીનતા અને વિષયોની વિષમતા જાણાવવા મહાપુરૂષોએ બાકી રાખ્યું નથી.

પૂ. શ્રી જીવવિજયજી મહારાજે પણ આ વાત સુંદર પદ્યોમાં આપણને સમજાવી છે કે-

"અગ્નિ જો તૃપ્તિ ઈંધણે, નદીએ જલધિ પૂરાય મે
તો વિષય સુખ ભોગથી, જીવ એ તૃપ્તિ થાય મે....૧
ભવ ભવ ભમતાં જીવડે, જેહ આરોગ્યા ધાન મે
તે સવિ એકઠાં જો કરે, તો સવિ ગિરિવર માન મે...૨

વિષય સુખ પરલોક મેં, ભોગવિયા ઇણ જીવ મે
તો પણ તૃપ્ત જ નવિ થયો, કાળ અસંખ્ય અતીવ મે...૩
ચતુરા સમજો સુંદરી, મુંઝો મત વિષયને કાજ મે
સંસાર અટવી ઉતરી, લહીએ શિવપુર રાજ મે ....૪
કિંપાક ફલ અતિ મધુર છે, ખાધે છંડે પ્રાણ મે
તેમ વિષય સુખ જાણજો, એહવી જિનજીની વાણ મે...૫

જ્ઞાનિઓએ આપણા ભલા માટે કહેવામાં કશું જ બાકી નથી રાખ્યું. પણ આપણે સમજણ મેળવવામાં, જ્ઞાનિએ જણાવેલા માર્ગને સમજી તે પ્રમાણે ચાલવામાં ખામી રાખી છે. ફરી ફરીને પાછા અવળા માર્ગે ચઢી જઇએ છીએ.

માટે હે આત્મન ! તું હવે માર્ગ ભૂલીશ નહિ. સન્માર્ગમાં સ્થિર બનજે. ઉન્માર્ગનો ત્યાગ કરજે. પળે પળે જાગૃતિ રાખજે. આત્મ સ્વરૂપ અને આત્માની અનંતી ગુણ સમૃદ્ધિને સમજી તેને મેળવવા માટે જ મળેલી સઘળી શક્તિ, ક્ષયોપશમ સદુપયોગ કરજે. તો જ પાપી એવી પરપરિણતિના પંજામાંથી મુક્ત થઇશ અને આત્મ પરિણતિ પ્રાપ્ત થશે.

બહુ જ શાંતચિત્તે વાંચી વિચારી આત્મ સ્વરૂપને પામવા પરપરિણતિથી છૂટવા પ્રયત્નશીલ બનીએ સ્વયં સ્વરૂપી બનીએ તેવું સૌભાગ્ય પામીએ તે જ હાર્દિક મંગલ મનોકામના.

## સમાચાર સાર

### વલસાડમાં દીક્ષાના દાનેશ્વરીના દીક્ષા દિન નિમિત્તે યોજાઇ ગઇ ગુણાનુવાદ સભા

ગત. પો. સુ. ૧૩ + ૧૪, સોમ, ૮-૧-૨૦૦૧ ના પુન્યદિને જિનશાસનના જ્યોતિર્ધર, સંયમધર્મની નવક્રાન્તિના ભેખધારી પૂજ્યપાદ આ. ભ. વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના ૮૮ માં દિક્ષા દિન નિમિત્તે એક શ્રદ્ધાંજલી સભાનું આયોજન થયું.

પૂજ્ય મુનિરાજ શ્રી ભવ્યવર્ધન વિ. મ. ની નિશ્રામાં યોજાયેલી ઉક્ત સભામાં પૂ. મુ. હિતવર્ધન વિ. મ. એ જૈન શાસનના સૌભાગ્ય નાયકને શબ્દ ચિત્રમાં ચિત્રિત કરવાનો પુરુષાર્થ કર્યો તો.

તેઓએ જણાવ્યું ''જૈન શાસનની કાયાપલટ કરી નાંખવા માટે કટિબદ્ધ બનેલા પૂજ્યશ્રીએ સંયમ ધર્મના પુનરુત્થાનને પોતાની નીતિ બનાવી તી. સંયમ ધર્મનો વ્યાપ વધારીને તે દ્વારા જૈનશાસનના દેદાર પલટાવી નાખવાનું તેમનું ગણિત પૂર્ણ સફળતા પામીને રહ્યું.''

પ્રસ્તુત પ્રસંગ પૂજ્યશ્રીને ગીતાંજલી પણ અપાઇ. પ્રભાવના પણ થઇ.

આ સિવાય પણ, વલસાડના સંઘમાં મુનિવરોએ દસ દિવસની સ્થિરતા કરી જાહેર-પ્રવચન, શિશુસામાયિક જેવા માધ્યમો દ્વારા ઉલટ જગવી દીધો.

❀❀❀❀❀ ❀❀❀❀❀

**ઘાટકોપર** (સંઘાણી એસ્ટેટ) પૂ. આ. શ્રી વિજય પ્રીય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં મુમુક્ષુ રાહુલકુમારની દીક્ષા મહાવદ-૪ ના થઇ. પૂ. આ. શ્રી વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મ. ના પરિચયથી વૈરાગી બન્યા છે.

**મુધોળ** (કર્ણાટક) - અત્રે. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિન મંદિરના સુવર્ણ મહોત્સવ નિમિત્તે પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિજયજી મ. આદિઠાણા ૩ ની નિશ્રામાં બૃહત્સ્નાત્ર સહિત મહોત્સવ પોષ વદ ૧૪ તા. ૨૩-૧-૨૦૦૧ થી મહા સુદ ૨ મંગળવાર સુધી ભવ્ય રીતે ઉજવાયો.

❀ **નવુ સરનામું** ❀

**લંડન શ્રી મહાવીર શાસનના તંત્રી**
તથા મહાવીર શાસન, જૈન શાસન,
જૈન બાલ શાસનના પ્રતિનિધિ
**SHAH RATILAL D. GUDHKA**
No. 16, WINCH.FIELD CLOSE
KENTON. HA3 - ODT
MIDDLE SEX. (UK)

**• સુવાક્ય •**

તમે તમારી ખામીઓ પર વિશ્વાસ કરીને જિંદગી પસાર કરશો તો તમારી ખામીઓ ક્યારેય પણ સુધારી નહિ શકો
આ દુનિયા તે નબળા, અભાવમાં રહેતા તથા તુચ્છ માણસો માટે રહેવા લાયક નથી હોતો.

# ગુરુ ગુણ ગીત

■ સાખી ■

કલિયુગની અંધારી નિશીથે, સંયમની દીપીકા પ્રગટી... (૨)
દર્શનથી જ સ ભવ્ય હૃદયમાં, આનન્દની છોળો ઉમટી... (૨) ..........
નામ - કામ અભિરામ 'રામ' જસ, શકિત - ભકિત અવિરામ મહાન... (૨)
સંયમની ભિક્ષા હું ચાચું, દે જોને હે ગુરૂ ભગવાન્... (૨) ..........૨

■ ગીત ■

તર્જ (અય મેરે વતન કે લોગો)

દીક્ષાના હે દાનેશ્વર... શ્રી રામચન્દ્ર સૂરીશ્વર !
પ્રેમે તમે પુનઃ પધારો... ભારતની આ અવનિપર... દીક્ષાના... ..........૧

વિઘ્નોના પવને ઘૂઘવતા ગન્ધારી સાગર તટ પર,
પગરણ તેં પાડ્યા ગુરૂવર ! સંકટમાં સંયમ પથ પર;
આપદના ઘેરા ઓળા, ઉતર્યા તુજ શિર જીવનભર... દીક્ષાના... ..........૨

દીક્ષા વિરોધે જ્યારે, આંધીનું સ્વરૂપ લીધું તું,
શાસનની સીમ પર જ્યારે, કોઈ જવાર' ગગને ચઢયુ તું,
વિરતિનો વિજયધ્વજ ઝાલી, ત્યારે તે જગ ઝૂકવ્યુ તુ... દીક્ષાના..........૩

ફૂંકાયા દશે દિશાએ, છો વિરોધના વંટોળા...
ભકતોના કે દુશ્મનના, ઉભર્યા છે 'ટોળેટોળા'...
તુજ મનના મેરૂ પહાડે, પણ કમ્પ નહિ રે લગારે... દીક્ષાના..........૪

સાગરના તળ શરમાવે, મનનાં ભરી એવી શાંતિ...
સિંહણના સાદ સુણાવે, વાણીમાં એવી ક્રાન્તિ...
'વિપપાત' કરી જીવનભર, દીધી જગને વિશ્રાન્તિ... દીક્ષાના..........૫

'પડકારોના પવનોથી, હાંફે નહી એવી હસ્તી'
'દુઃખોના ડુંગર નીચે, પણ મુખ પર મોંઘી મસ્તી...
શાસનનો તું અધિનેતા, દીક્ષા નવયુગનો પ્રણેતા.. દીક્ષાના ..........૬

લાખ્ખોના હૃદય શિખર પર, જન મનનાં સિંહાસન પર...
યુગોથી તુંતો પ્રતિષ્ઠ્યો, ભારતની આ અવનની પર...
દુઝતી દળદળતી આંખો, મંડાણી તુજ મંઝિલ પર... દીક્ષાના..........૭

અહિતોને ઉત્સૂત્રોના આફત, ને ઉન્માર્ગોના...
કટકોને ઝીંપ્યા સમરમાં, હાર્યો ના જીવનભરમાં...
ભક્તોની હે જગમાતા ! હરજે અમનની અશાતા... દીક્ષાના..........૮

આસુંન કળશે પખાળુ ગુરૂ ! આવો મન મન્દિરીયે...!
પાંપણના પુષ્પે વધાવું ગુરૂ ! આવો, અમ અન્તરિયે !
દીક્ષાર્ન ભિક્ષા દેવા, અવતરજો અહિ તત ખેવા... દીક્ષાના..........૯

દીક્ષાન હે દાનેશ્વર ! શ્રીરામચન્દ્ર સૂરીશ્વર
પ્રેમે તમે પુનઃ પધારો ભારતની આ અવની પર... દીક્ષાના ..........૧૦

- મુ. હિતવર્ધન વિજય

શ્રી ગુણદર્શી

# પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- સંસાર પ્રત્યે રોષવાળા અને મોક્ષ પ્રત્યે ગાઢ-રાગવાળા બન્યા સિવાય, પારમાર્થિક સત્ય હાથમાં આવે જ નહિ ! અર્થ અને કામના જે રસિયા છે, અર્થ અને કામના જે ઉપાદેયભાવે અર્થી છે, અર્થ અને કામમાં જેઓ કલ્યાણ માને છે, અર્થ અને કામને માટે જેઓ ધર્મને નેવે મૂકે છે, દુનિયાદારીને સાચવવા તથા વધારવાને માટે જ જેઓ ઉત્સુક છે અને જેઓ ફૂરસદ મળે તો જે મળ્યા તે દેવની અને જે મળ્યા તે ગુરૂની મનફાવતી રીતિએ સેવા કરી જવાથી વધુ કશું કરવાને તૈયાર નથી તેઓ સત્યની ગવેષણા કરી શકે નહિ. સત્યની ગવેષણા કરવી હોય તો પુદ્ગલ તરફથી દ્રષ્ટિ પાછી ફરવી જોઈએ અને આત્માના હિત તરફ દ્રષ્ટિ ચોંટવી જોઈએ. આત્માનું કલ્યાણ સાધવું છે, એ ધ્યેય બની જવું જોઈએ અને એ માટે મોક્ષના અર્થી બનવું જોઈએ.
- શ્રી સંઘની વૈયાવચ્ચ એટલે શ્રી સંઘને ભગવાનના સન્માર્ગમાં સ્થિર રાખવો તે !
- સદ્‌વિચારમાં એ સામર્થ્ય છે કે, સુખ આવે તો રંગાઈ ન જાય અને દુઃખ આવે તો ગભરાઈ ન જાય.
- સ્નેહી - સંબંધી તો તેનું નામ કે કોઈ સ્નેહીની સ્થિતિ પલટાય - ખરાબ - નબળી થાય તો તેની વધુ ખબર અંતર રાખે તેનું નામ સ્નેહી !
- જે કથાનુયોગ જીવને ધર્મ પમાડે, ધર્મમાં સ્થિર કરે અને ધર્મ આચરતો બનાવે તેનું નામ ધર્મકથાનુંયોગ કહેવાય !
- આપણે સારા થવું છે. ખરાબની વચ્ચેય સારા રહેવું છે. સારા થવાની મહેનત કરવી છે- આ જિનવાણી શ્રવણનું ફળ છે.
- સંસાર એટલે પાપ કરાવનાર ! ધર્મ એટલે પાપથી છોડાવનાર !
- શ્રાવક એટલે પહેલા નંબરનો ... !
- શ્રાવક એટલે અધર્મ રૂપ સંસારને છોડવા માટે તરફડીયા મારનારો જીવ ! એકાંતે કલ્યાણરૂપ ધર્મ જે સાધુપણું છે તે લેવા માટે પ્રયત્નશીલ હોય તે !
- જૈન એટલે શ્રી જિનેશ્વરદેવનો સેવક - પૂજક ! સુસાધુનો સેવક ! અને ધર્મ માટે તલસતો જીવ !
- આપણા પુણ્યે આપણને એવી સારી સામગ્રી મલી છે કે આપણે ધારીએ તો સંસારને મુઠ્ઠીમાં રાખી દઈએ. સંસારને કહીએ કે તારી સાથે રહીને પણ તને તો પીસવાના જ છીએ. કલાબાજના હાથમ. આવેલો ફણીધર પણ કેવો કાયર થઈ જાય છે ! તે ફણીધરને ય આને હું કરૂં તેમ થાય નહિ. તેમ સમકિતી એટલે સંસાર રૂપી ફણીધરને હાથમાં રાખી ધાર્યું કરાવનારો જીવ !
- જ્ઞાન દ્રષ્ટિ પેદા કરવા હૈયાને કોતરવું પડશે. તે વિના હૈયું બદલાશે નહિ !
- ઓછું સમજે તે ચાલે પણ ઊંધુ સમજે તે ન ચાલે.
- સંસાર એટલે ઉપાધિનું ઘર ! મોક્ષ એટલે નિરૂપાધિ અવસ્થા ! સંસાર એટલે મેલાપણું ! મોક્ષ એટલે ચોકખાપણું જીવવા માટે ચીજ - વસ્તુની જરૂર તેનું નામ સંસાર ! જીવવા માટે કોઈ ચીજ - વસ્તુની જરૂર નહિ તેનું નામ મોક્ષ !
- 'હું મેલો છું અને બધી જરૂરિયાત તે પાપ છે' આ વાત ન બેસે તો આ સંસાર છોડવા જેવો અને મોક્ષ મેળવવા જેવો લાગે નહિ.
- સંસારમાં ફાવવું એટલે વિષય - કષાયની ઈચ્છામાં આનંદ થવો.
- શાસ્ત્ર તો અમારો આરિસો છે. તમારા આરિસામાં મોઢું દેખાય. અમારા આરિસામાં હૈયું દેખાય.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.